

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

દ્રવ્યાનુયોગ પરામર્શ - પંન્યાસ યશોવિજય


દેહ-ઈન્દ્રિય-મનથી ન્યારો એવો હું જ્ઞાયક માત્ર છું. સહુનો જ્ઞાતા છું...
અપ્રતિપાતી ગ્યાનગુણ, મહાનિસીથહ સાખિ ।। (રાસ : ૧૫/૧-૬)
જ્ઞાન, તે સમ્યગ્દર્શન સહિત જ આવઈ. (સ્વોપજ્ઞ ટબો)


પરમ
જ્યોતિમાં
મિલન
જ્ઞાન જ મારું સ્વરૂપ... જ્ઞાન જ મારું સ્વરૂપ... જ્ઞાન જ મારું સ્વરૂપ...
ન રાગ, ન દ્વેષ... ન રાગ, ન દ્વેષ...
આત્માના અનુપમ સાક્ષાત્કારપૂર્વકનું દ્રવ્યાનુયોગનું જ્ઞાન
મોક્ષે પહોંચાડીને જ રહે છે!
જ્ઞાયકસ્વભાવની ભાવના કરતો સાધક શીઘ્રતયા
પરમતત્ત્વમાં વિલીન થાય છે. અહીં જ અભેદની અનુભૂતિ થાય છે.
આ જ તો છે સમાપત્તિ!



પરમ પૂજ્ય સકલ સંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

# समर्पणम्

त्वदीयं तुभ्यं समर्पयामि

दुष्टमततमोभानु-
वाग्विभूत्या प्रभास्वरम्।
भुवनभानुसूरीशम्,
भीमे भावाद्भजे भवे।।६।।

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ વેઠ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ શ્રીઆદિનાથાય નમઃ ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

પંન્યાસ યશોવિજય રચિત
દ્રવ્યાનુયોગપરામર્શ-દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા-કર્ણિકાસુવાસથી વિભૂષિત
**મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત**
**સ્વોપજ્ઞટબાર્થ યુક્ત**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૬

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• દ્રવ્યાનુયોગપરામર્શાદિકાર + ગુર્જરવિવેચનકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર
**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજના શિષ્યાણુ
પંન્યાસ યશોવિજય

• પ્રકાશક •

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* ગ્રન્થનું નામ : દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

* મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર : મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.

* દ્રવ્યાનુયોગપરામર્શ : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા : સ્વોપજ્ઞ ટબાર્થ અનુસારી વિસ્તૃત સંસ્કૃતવ્યાખ્યા

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ / કર્ણિકાસુવાસ : ગુર્જર વિવેચન

* સંશોધક : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ

* આવૃત્તિ : પ્રથમ * કુલ ભાગ : સાત

* મૂલ્ય : સંપૂર્ણ સેટના રૂા.૫૦૦૦/-

* પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* પ્રાપ્તિ સ્થાન : (૧) પ્રકાશક

(૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) શ્રી સતીષભાઈ બી. શાહ
૫, મૌલિક ફ્લેટ્સ, ઓપેરા ફ્લેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) ડૉ. હેમન્તભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

## ક્યાં શું નિહાળશો ?

પૃષ્ઠ


❖ પ્રકાશકીય નિવેદન ........ 6

❖ શ્રુત અનુમોદના ........ 7

❖ પ્રસ્તાવના :
પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીમહાબોધિવિજયજી** મ.સા. ........ 8-15

❖ છઠ્ઠા ભાગની વિષયમાર્ગદર્શિકા ........ 16-32

❖ ઢાળ-૧૩ ........ ૧૯૬૧ - ૨૧૧૦

❖ ઢાળ-૧૪ ........ ૨૧૧૧ - ૨૨૪૪

❖ ઢાળ-૧૫ ........ ૨૨૪૫ - ૨૩૫૨

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ** વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત વિસ્તૃત નૂતન રચના વગેરેને ૭ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, સર્વે જિજ્ઞાસુ યોગ્ય જીવોને બોધ સુગમ બની રહે તે માટે ૭ વર્ષથી અધિક સમયનો પરિશ્રમ લઈ આ પ્રમાણે ગ્રંથનું આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) તથા સ્વોપજ્ઞ ટબાને અનુસરતી દ્રવ્યાનુયોગ-પરામર્શકર્ણિકા નામની સંસ્કૃત વ્યાખ્યા. (૫) કર્ણિકા સુવાસ નામક ગુજરાતી વિવેચન (આધ્યાત્મિક ઉપનય વગેરે સહિત).

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

**✍ શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ - ૧ થી ૭

* સંપૂર્ણ લાભાર્થી *

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ સાતેય પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

# * પ્રસ્તાવના *

✍...... **પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીમહાબોધિવિજયજી મ.સા.**

એક પ્રશ્ન થાય છે.

કેવળજ્ઞાન થયા પછી પ્રથમ દેશના આપતા પૂર્વે પરમાત્મા
કયા કયા વાક્યોનો પ્રયોગ કરતા હશે ?

કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં મહોપાધ્યાય શ્રી**વિનયવિજયજી** મહારાજ પરમાત્મા મહાવીરદેવને કેવલજ્ઞાન થયા પછી શાસનસ્થાપનાનો પ્રસંગ વર્ણવે છે.

૪૪૦૦ બ્રાહ્મણોએ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમાં મુખ્ય ૧૧ બ્રાહ્મણોને (ઈન્દ્રભૂતિ આદિને) ત્રિપદી આપવાપૂર્વક ૧૧ અંગ અને ૧૪ પૂર્વની રચના કરાવી-ગણધરપદે સ્થાપિત કર્યા. આમ દ્વાદશાંગીની રચના થયા બાદ ભગવાન દ્વાદશાંગીની તેઓને અનુજ્ઞા આપે છે. શક્ર મહારાજા દિવ્ય વજ્રમય થાળને દિવ્ય ચૂર્ણથી ભરી પ્રભુની પાસે ઉભા રહે છે. પ્રભુ રત્નમયસિંહાસન ઉપરથી ઉભા થઈ મુઠ્ઠી ભરીને ચૂર્ણ લ્યે છે. ગૌતમાદિ ૧૧ ગણધરો નતમસ્તકે ક્રમશઃ ઉભા રહે છે. તેમના મસ્તક પર પ્રભુ વાસનિક્ષેપ કરે છે. દેવો પણ વાજિંત્રનાદ, ગીતો વગેરે બંધ કરી મૌનપણે સાંભળે છે.

ભગવાન બોલે છે !

**गोयमस्स दव्व-गुण-पज्जवेहिं तित्थं अणुजाणामि।**

ગૌતમને દ્રવ્ય-ગુણ-પર્યાયથી હું તીર્થની અનુજ્ઞા આપું છું.

પ્રભુના મુખકમલમાંથી વહેતી સુગંધ સમી આ શબ્દાવલિ છે.. દ્રવ્ય/ગુણ/પર્યાય. શબ્દો એકના એક છે. સંદર્ભે સંદર્ભે એની અર્થછાયા બદલાતી રહે છે. તીર્થની અનુજ્ઞા પ્રદાન કરતી વખતે પ્રભુએ પ્રરૂપેલા દ્રવ્ય, ગુણ, પર્યાય શબ્દોની અર્થછાયા ખૂબ જ વિશાળ ફલકમાં પથરાયેલી છે. જેની ચર્ચાને અહીં અવકાશ નથી.

પ્રસ્તુતમાં સામાન્યથી દ્રવ્યાદિની વ્યાખ્યા જાણીએ.

દ્રવ્ય કોને કહેવાય ?

**તત્ત્વાર્થસૂત્રકાર** કહે છે :

**गुण-पर्यायवद् द्रव्यम्।**

ગુણ અને પર્યાયથી યુક્ત હોય તે દ્રવ્ય.

તો ગુણ-પર્યાય કોને કહેવાય ?

**પ્રમાણનયતત્ત્વાલોકકાર શ્રીવાદિદેવસૂરિ** મહારાજ આની સરસ વ્યાખ્યા આપે છે :

**गुणः सहभावी धर्मो। यथाऽऽत्मनि विज्ञान-व्यक्तिशक्त्यादिः।**

દ્રવ્યની સાથે રહેવાનો જેનો ધર્મ છે તે ગુણ. દા.ત. આત્મદ્રવ્યમાં સદૈવ સાથે રહેતા જ્ઞાનાદિ.

**पर्यायस्तु क्रमभावी। यथा तत्रैव सुख-दुःखादिः।**

જે દ્રવ્યમાં સ્થિર ન રહેતા બદલાતા રહે તે પર્યાય. જેમ કે... આત્માના સુખ-દુઃખ વગેરે.

દ્રવ્ય/ગુણ/પર્યાયની આ સામાન્ય વ્યાખ્યા થઈ. વિસ્તારથી દ્રવ્યાદિની વ્યાખ્યા જાણવા માટે પહેલી જ નજરે ઉડીને આંખે વળગે એવી કોઈ ગુજરાતી કૃતિ હોય તો તે છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ. તથા એક સંસ્કૃત કૃતિ છે. તેનું નામ **દ્રવ્યાલંકાર** છે. જેની રચના કલિકાલસર્વજ્ઞ ભગવંતના શિષ્ય પૂ. આ. **શ્રીરામચન્દ્ર** સૂ.મ. તથા શ્રી**ગુણચન્દ્રગણી**એ કરી છે.

પરંતુ કમનસીબે આ ગ્રન્થ અધૂરો-અપૂર્ણ મળે છે. આવા સમયે દ્રવ્યાદિને જાણવા માટેનું વર્તમાનમાં એક જ સાધન હાથવગું છે.. જે છે.. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**. જેના રચયિતા છે ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ.**

સામાન્યથી દ્રવ્યાનુયોગ જેવા ગંભીર વિષયો સંસ્કૃત જેવી પ્રૌઢ અને વિદ્વદ્ભોગ્ય ભાષામાં રચાતા હોય છે. જ્યારે, મહાપુરુષના કથા-પ્રબંધો ગુર્જરગિરામાં રાસ સ્વરૂપે લખાતા હોય છે. ઉપાધ્યાયજી મહારાજે કમાલ કરી. કહેવાય છે ને.. 'કહ્યું કથે તે કવિ શાનો ?' તેમ 'કર્યું કરે તે ઉપાધ્યાયજી શાના ?' આમ પણ ઉપાધ્યાયજી મહારાજ कुछ हटके કરનારા છે. એમના **જ્ઞાનસાર** આદિ ગ્રંથોનું જેમણે ગહન-દોહન કર્યું હશે, તેઓને આ વાત તરત જણાઈ આવશે.

જનરલી, સંસ્કૃત/ પ્રાકૃત ગ્રંથો ઉપર વિદ્વાનો નાની મોટી ટીકા-વૃત્તિની રચના કરતા હોય છે. વધુ લોકભોગ્ય બનાવવા તે ગ્રંથના ગુજરાતી આદિ ભાષામાં ભાવાનુવાદો કે વિવેચનો લખતા હોય છે... પણ અહીં ઊલટું જ થયું છે. મૂળ ગ્રંથ ગુર્જરગિરામાં.. અને તેની વિવેચના સંસ્કૃત ભાષામાં.

સમસ્ત ગ્રન્થને અને ગ્રંથના પદાર્થોને સંસ્કૃતમાં ઢાળવાનો-વિવેચવાનો પ્રશસ્ત પુરુષાર્થ કર્યો છે. ઉપાધ્યાયજી મહારાજના આજન્મ ચાહક ગણિવર્ય શ્રીયશોવિજયજીએ... ગણીશ્રીએ નહિ-નહિ તો ઉપાધ્યાયજી મહારાજના સાત - આઠ ગ્રંથો ઉપર પોતાની કલમ ચલાવી છે. અને હજી તો કેટલાય ગ્રંથો વેઈટિંગ લિસ્ટમાં છે.

ગણીશ્રીનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અદ્ભુત છે. નવ્યન્યાયના વિષમ અને વિશદ દરિયાને ઉલેચવાનો ધરખમ પુરુષાર્થ કર્યો છે. તેમજ આગમગ્રંથોના અને પ્રકરણગ્રંથોના ગિરિરાજ પર આરોહણ કરવા ભારે જહેમત એમણે ઉઠાવી છે. એમના વિવેચનગ્રન્થોની એક આગવી વિશેષતા છે.... જે પદાર્થ પર તેઓ કલમ ચલાવતા હોય એને પુષ્ટ કરવા જૈન-જૈનેતર ગ્રન્થોમાં જ્યાં પણ એ પદાર્થને લગતી ચર્ચા હોય તેના રેફરન્સ-અવતરણો ગ્રન્થના નામ સાથે એમની વિવેચનામાં ઉતરી આવે છે. વાંચતી વખતે એવો ભાસ થાય કે - ગ્રંથરૂપી રાજધાની એક્સપ્રેસમાં બેઠા છીએ અને ફુલસ્પીડમાં આવતા એક પછી એક સ્ટેશનોની જેમ એક પછી એક ગ્રન્થોના/શાસ્ત્રોના સાક્ષીપાઠો આવે રાખે છે. પ્રસ્તુત ગ્રન્થમાં પણ અવસરે અવસરે ગણીશ્રીના આવા તીવ્ર ક્ષયોપશમના ચમકારા જોવા મળે છે.

આટલું પ્રાથમિક વિચારી લીધા પછી હવે પ્રસ્તુત ગ્રન્થના સેટિંગને સમજી લઈએ. સંપૂર્ણ ગ્રન્થ સાત વિભાગમાં વહેંચાયેલો છે. દરેક વિભાગમાં નીચે મુજબનું ક્રમશઃ આયોજન છે.

૧. સહુ પ્રથમ મહોપાધ્યાયજી રચિત દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની ગાથા આવે છે.

૨. એની નીચે મહો. રચિત ટબો (સ્વોપજ્ઞ) છે.
૩. ત્યાર બાદ ગણિવર્યશ્રી દ્વારા રચિત મૂળ રાસની ગાથાનું સંસ્કૃત શ્લોકમાં રૂપાંતરણ છે. જેનું નામ છે દ્રવ્યાનુયોગ-પરામર્શ.
૪. એ પછી આવે છે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા. જે દ્રવ્યાનુયોગ-પરામર્શની ટીકા સ્વરૂપ છે. વળી સ્વોપજ્ઞ છે.
૫. ત્યાર બાદ આવે છે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસરૂપ ગુજરાતી વિવેચન.
૬. દરેક ગાથાનું ગુજરાતી વિવેચન પૂર્ણ થયા બાદ છેલ્લે... દરેક ગાથાનો આધ્યાત્મિક ઉપનય સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં મૂકાયો છે.

પ્રથમ એકથી પાંચ ભાગમાં એકથી બાર ઢાળ માટે પ્રસ્તાવનામાં સમીક્ષા થઈ ગઈ હોવાથી પ્રસ્તુત છઠ્ઠા ભાગમાં તેરમી, ચૌદમી, પંદરમી ઢાળ છે. એ ત્રણ ઢાળને જરા ઉડતી નજરે જોઈ લઈએ.

દ્રવ્યની વાત વિસ્તારથી આગલી ઢાળોમાં થઈ ગઈ છે. **તેરમી** ઢાળમાં ગુણની વાત કરી છે. ગુણના નવ પ્રકારના સ્વભાવ તેના ભેદ અને પ્રભેદની સાથે અહીં વર્ણવાયા છે.

એક મજાની ચર્ચા છેડાઈ છે ગાથા નં. ૮ માં. આત્મા અમૂર્ત હોવા છતાં અસદ્ભૂતવ્યવહારનયથી આત્મા મૂર્તસ્વભાવવાળો પણ કહેવાય. એવો લોકવ્યવહાર પણ જણાય છે. દા.ત. બે ભગવાન લાલવર્ણવાળા છે. બે શ્યામવર્ણવાળા છે વગેરે. અહીં જોવા જઈએ તો ભગવાન લાલ/પીળા નથી...(કારણ કે આત્માને કોઈ વર્ણ નથી હોતો) પણ ભગવાનનું શરીર તે તે વર્ણવાળું છે. તેમ છતાં 'ભગવાન અમુક વર્ણવાળા છે' - એમ બોલાય છે.

મૂળકાર આટલી વાત ટબામાં કરીને અટકી ગયા. કર્ણિકાકાર આ ચર્ચાને આગળ લંબાવે છે. તીર્થંકરના અતિશયો અને તીર્થંકરના શરીરને લગતી કરાતી સ્તુતિ વ્યવહારથી તીર્થંકરની સ્તુતિ કહેવાય. નિશ્ચયથી ન કહેવાય. સમયસારનો સાક્ષીપાઠ આપીને આ વાતને વધુ મજબૂત કરી છે. 'કેવલજ્ઞાની ભગવંતના પુદ્ગલમય શરીરની સ્તુતિ (અને વંદન) કરીને મહાત્મા માને છે કે મેં ખરેખર કેવલજ્ઞાની ભગવાનની સ્તુતિ અને વંદન કર્યા. પરંતુ આ વાત નિશ્ચયનયના મત મુજબ યુક્તિસંગત થતી નથી. કારણ કે શરીરના લાલ, પીળા વગેરે વર્ણ, આકાર વગેરે શરીરના જ ગુણધર્મો છે. કેવલજ્ઞાનીના ગુણધર્મો નથી. તેથી જે કેવલજ્ઞાનીના ગુણોની સ્તુતિ કરે છે તે જ પરમાર્થથી કેવલજ્ઞાનીની સ્તુતિ કરે છે.'

આ ચર્ચાનો આટલો સાર કાઢી શકાય.. જે બાળ જીવો છે તેને આકર્ષવા માટે પ્રભુનો દેહ, પ્રભુના અતિશયો, પ્રભુ પ્રતિમાની ઊંચાઈ, પ્રતિમાની અંગરચના મહત્ત્વના છે. જ્યારે જેઓ પંડિત છે, પ્રબુદ્ધ છે એના માટે ભગવાનની પ્રતિમા નાની હોય કે મોટી, શ્યામ હોય કે શ્વેત, ધાતુની હોય કે પાષાણની... બધું જ સમાન છે. કારણ કે એની દૃષ્ટિ પ્રતિમા સુધી નહિ પણ પરમાત્મા સુધી પહોંચેલી હોય છે. અર્થાત્ એને દરેક પ્રતિમામાં સાક્ષાત્ પરમાત્માના દર્શન થાય છે. અને એ પરમાત્મામાં રહેલા વીતરાગતા, નિર્વિકારિતા, નિષ્કષાયતા, અસંગતાદિ ગુણો તો બધામાં સમાનપણે જ રહેલા છે.

આવી જ એક ચર્ચા છે ગાથા નં. ૯ માં. અસદ્ભૂત વ્યવહારનયથી અમૂર્ત એવા આત્માને જો

મૂર્ત કહી શકાય, અચેતન એવા દેહમાં પણ ચેતનાનો ઉપચાર થઈ શકે. તો પછી મૂર્ત એવા પુદ્ગલોમાં અમૂર્ત એવા આત્માના સંયોગે અમૂર્તત્વનો ઉપચાર કેમ ન થાય ?

સામાન્યથી એવું માનવાનું મન થઈ જાય.. જો અમૂર્ત એવો આત્મા પણ મૂર્ત એવા પુદ્ગલના સંબંધથી મૂર્ત ગણાતો હોય તો અમૂર્ત એવા આત્માના સંયોગે મૂર્ત એવા પુદ્ગલોમાં અમૂર્તત્વનો ઉપચાર કરવામાં કાંઈ ખોટું નથી.

**ઉપાધ્યાયજી મહારાજ** એક માર્મિક અને તાર્કિક પંક્તિ આપીને આ ચર્ચાનો સમુચ્છેદ કરે છે. પંક્તિ મજાની છે... 'જેહ સ્વભાવ વ્યવહારિઇં, તે ઉપચરિઇં, પણિ સર્વ ધર્મનો ઉપચાર ન હોઈ.'

કર્ણિકાસુવાસકાર આની સુંદર વિવેચના કરે છે.. શરીરને અરૂપી-અમૂર્ત માનવામાં શાસ્ત્ર તેમજ લોકવ્યવહારનો પણ બાધ છે. કારણ કે કોઈ પણ માણસ આપણા શરીર વગેરેનો અમૂર્ત તરીકે વ્યવહાર કરતો નથી. તથા કોઈને પણ આપણા શરીરની અમૂર્તરૂપે પ્રતીતિ પણ થતી નથી. બે દ્રવ્યોનો એક બીજામાં અનુવેધ થવા છતાં-એકબીજામાં ભળી જવા છતાં વ્યવહાર કરવા યોગ્ય એવા જ સ્વભાવનો ઉપચાર થાય છે. પણ બધા સ્વભાવનો ઉપચાર થતો નથી. એટલે કે શરીર અને આત્મા એકબીજા સાથે એકમેક થવા છતાં શરીરમાં આત્મગત ચૈતન્યસ્વભાવનો ઉપચાર થાય છે. પણ અમૂર્તત્વ સ્વભાવનો ઉપચાર થતો નથી. કેમ કે પરસ્પર અનુગમસ્વરૂપ પરિણામના આધારે ઉપચાર કરવા યોગ્ય સ્વભાવ ચૈતન્ય છે, અમૂર્તત્વ નથી.

એવી જ રીતે નિમિત્ત હોય ત્યાં આરોપ થાય એવી દલીલ કોઈ કરે તો એને પણ ઉદયનાચાર્યકૃત **કિરણાવલી**નો ન્યાય આપીને રદિયો આપી દેવાયો છે.

આમ, જેમ પુદ્ગલમાં અમૂર્તત્વનો ઉપચાર થાય તેમ આત્મામાં પણ પુદ્ગલના સંયોગે જડતાના ઉપચારની વાત પણ કરી શકાય તેમ છે. પરંતુ આ વાત ગ્રંથકારે નથી કરી. કારણ સીધું છે. જે દલીલ પુદ્ગલમાં અમૂર્તત્વના ઉપચારના ખંડન માટે વપરાઈ છે, એ જ દલીલ અહીં પણ કામ લાગે તેમ છે.

હવે **ચૌદમી** ઢાળનું વિહંગાવલોકન કરીએ.

દ્રવ્ય-ગુણની વિસ્તારથી વાત કર્યા પછી હવે પર્યાયની વાત શરૂ થાય છે. પર્યાયના મુખ્ય બે પ્રકાર - (૧) વ્યંજનપર્યાય. (૨) અર્થપર્યાય. આ બંનેની સામાન્ય વ્યાખ્યા કર્યા બાદ કર્ણિકાકાર પર્યાયની વ્યાખ્યાને અર્વાચીન/પ્રાચીન ગ્રંથોના રેફરન્સ આપીને સરસ રીતે લંબાવે છે, છેલ્લે મજાનો આધ્યાત્મિક ઉપનય આપે છે. ઉપનય એમના જ શબ્દોમાં.. 'વ્યંજનપર્યાયનું શબ્દ દ્વારા પ્રતિપાદન થઈ શકતું હોવાથી તેને સ્થૂલ લોકો પકડી શકે છે. તેથી આપણા વ્યંજનપર્યાયોથી આપણે ખૂબ સાવધ રહેવા જેવું છે. 'મેં સિદ્ધિતપ-વરસીતપ-શ્રેણિતપ કર્યો, મેં પાંચસો ગ્રંથ વાંચ્યા, મેં ઉપધાન કર્યા. મેં નવ્વાણું યાત્રા કરી' (હજી આ યાદી આગળ લંબાવી શકાય.. મેં વર્ધમાનતપની ૧૦૦ ઓળી કરી, મેં ૫૦ ગ્રન્થો લખ્યા, મેં ૨૦૦ પુસ્તક લખ્યા, મેં લાખો-કરોડોનું દાન કર્યું, હું સારો પ્રવચનકાર છું... વગેરે) ઈત્યાદિ રૂપે આપણા વ્યંજનપર્યાયોનું નિરૂપણ કરવા જતાં અભિમાનના શિખરે પહોંચી જવાની ઘણી બધી સંભાવના છે. જ્યારે બીજાના આવા પ્રકારના વ્યંજનપર્યાયોનું જાહેરમાં નિવેદન કરવાથી નમ્રતા ગુણની

પ્રાપ્તિ, સ્થિરીકરણ, વાત્સલ્ય, ઉપબૃંહણા, ગુણાનુરાગ આદિની પ્રાપ્તિ થવાની સંભાવના છે. તેથી આપણા પ્રશસ્ત વ્યંજનપર્યાયોને સદા માટે છૂપાવવા દ્વારા ગંભીરતા કેળવવી અને બીજાના પ્રશસ્ત વ્યંજનપર્યાયોને પ્રગટ કરવાની ઉદારતા કેળવવી.'

ગાથા ૧૪ સુધી પર્યાયના બે પ્રકારની વિસ્તૃત ચર્ચા કર્યા પછી ગાથા ૧૫-૧૬ માં બીજી રીતે પર્યાયના ૪ પ્રકાર બતાવે છે, જે દિગંબરીય દેવસેનજીએ સ્વરચિત આલાપપદ્ધતિમાં જણાવ્યા છે. તે આ પ્રમાણે છે. (૧) સજાતીયદ્રવ્યપર્યાય. (૨) વિજાતીયદ્રવ્યપર્યાય. (૩) સ્વભાવગુણપર્યાય. (૪) વિભાવગુણપર્યાય. ચારેયના દૃષ્ટાંતો આપ્યા છે. દ્વ્યણુક-ત્ર્યણુકાદિ પુદ્ગલ દ્રવ્યના સજાતીયદ્રવ્યપર્યાય છે. જ્યારે મનુષ્ય વગેરે આત્માના વિજાતીયદ્રવ્યપર્યાય કહેવાય. મનુષ્ય વગેરે પર્યાયો રૂપી હોવાથી આત્માના વિજાતીયપર્યાય છે. તથા મનુષ્ય જીવંત હોવાથી પુદ્ગલનો વિજાતીયપર્યાય છે. કર્મક્ષયથી કેવલજ્ઞાન થતું હોઈ તે સ્વભાવગુણપર્યાય છે. જ્યારે મતિજ્ઞાનાદિ તે તે આવારક કર્મને પરાધીન હોઈ વિભાવગુણપર્યાય છે.

આ ચાર પ્રકાર બતાવ્યા પછી ઉપાધ્યાય મહારાજ જણાવે છે - આ પણ પ્રાયઃ સમજવું. કારણ કે પરમાણુ એ પણ એક પર્યાય છે. જેનો આ ચારમાંથી કોઈમાં સમાવેશ થતો નથી. પાછલા બે પર્યાયો ગુણપર્યાય હોઇ તેમાં સમાવાની શક્યતા જ નથી. તથા સજાતીય કે વિજાતીય દ્રવ્ય-પર્યાયમાં પણ તેનો સમાવેશ થાય તેમ નથી.

કર્ણિકાકાર આ પદાર્થને સરસ રીતે ખોલે છે.

**પૂર્વપક્ષ** : 'પરમાણુ પર્યાયાત્મક છે' એ વાત જ ખોટી છે.

**ઉત્તરપક્ષ** : પરમાણુ વિભાગજાત પર્યાયસ્વરૂપ છે. એ વાત સમ્મતિતર્ક જેવા શાસ્ત્રમાં બતાવેલ છે. તે આ રીતે : બે અણુનો સંયોગ થાય તેને દ્વ્યણુક કહેવાય. આ દ્વ્યણુકનો વિભાગ થતા એટલે કે એમાં રહેલા બે અણુ છૂટા પડી જતાં અણુ ઉત્પન્ન થાય છે. આથી આ છૂટો પડેલો પરમાણુ વિભાગજાત પર્યાય કહેવાય.

ગાથા ૧૭ માં **ઉપાધ્યાયજી મહારાજ** જરા અલગ જ રીતે પેશ થાય છે. ૧૫-૧૬ મી ગાથામાં જે ઉપાધ્યાય મહારાજે દિગંબરીય **દેવસેનજી**ને આગળ કર્યા એ જ ઉપાધ્યાયજી ૧૭ મી ગાથામાં દેવસેનજીનો ઉધડો લઈ નાંખે છે. એ પણ સખત શબ્દોમાં..

**'સ્યૂં જાણઇ મનમાંહિ તે દેવસેન મહંત'**

એ દેવસેન પોતાના મનમાં શું સમજે છે ?

ટબામાં વળી આથી વધુ કડક ભાષા વાપરી છે.

'દ્રવ્યપર્યાય-ગુણપર્યાય ઈત્યાદિક કહતો **નયચક્રકર્તા** દિગંબર **દેવસેન** મનમાંહિ સ્યું જાણઇ છઈ ? અર્થાત્ કાંઈ જાણતો નથી, પૂર્વાપરવિરુદ્ધભાષણથી.'

વાત એમ છે.. પ્રાચીન દિગંબરીય વ્યાખ્યા મુજબ દ્રવ્યના વિકારને જ પર્યાય તરીકે બતાવેલ છે. નહિ કે ગુણના વિકાર તરીકે. જ્યારે દેવસેનજી એ ગુણનો વિકાર પર્યાય કહ્યો... તો હવે તેમના મત

મુજબ દ્રવ્યના પર્યાય નહિ ઘટે. કારણ કે ગુણના વિકાર ગુણમાં રહે, દ્રવ્યમાં ન રહે. આમ દેવસેનજીની વાત પ્રાચીન દિગંબરીય વ્યાખ્યા સાથે મેળ ન ખાતી હોવાથી-વિરોધી હોવાથી દ્રવ્યના જ પર્યાય માનવા વ્યાજબી છે, ગુણના પર્યાય માનવાની વાત શાસ્ત્રબાહ્ય છે, તથા પ્રાચીન પરંપરાથી પણ બાહ્ય છે.

હવે બીજી વાત. આમ એક બાજુ ગુણનો વિકાર પર્યાય કહ્યા પછી દેવસેનજી પાછા પર્યાયના ભેદ બતાવતી વખતે બે પ્રકાર પાડે છે - (૧) દ્રવ્યપર્યાય, (૨) ગુણપર્યાય. અહીં દ્રવ્યપર્યાયનો ભેદ કહીને દેવસેનજી પોતાની જ વાતને પૂર્વાપર વિરુદ્ધ કરી રહ્યા છે. પછી ઉપાધ્યાયજી મહારાજ ખંડન કર્યા વિના રહી શકે ખરા ?

ઉપાધ્યાયજી મહારાજની અજબ-ગજબની પ્રતિભા છે. જ્યાં માર્ગસ્થ વાત દેખાય ત્યાં ચાહે સ્વદર્શન હોય કે પરદર્શન... પૂરા આદરથી એ વાતને તેઓ સ્વીકારે છે. પણ જ્યાં માર્ગથી વિરુદ્ધ પ્રરૂપણા થતી હોય તે પછી સ્વગચ્છીય હોય, પરગચ્છીય હોય, અન્ય ફીરકાના હોય કે અન્ય દર્શનના હોય.. કોઈની પણ સાડાબારી તેઓશ્રીએ રાખી નથી, કોઈનીય શેહ-શરમમાં તેઓ તણાયા નથી. રોકડું પરખાવી દેતા એમને વાર નથી લાગી.

અંતમાં બે ગાથામાં ઉપસંહાર કરીને આ ઢાળ પૂર્ણ કરવામાં આવી છે.

**પંદરમી** ઢાળ બે વિભાગમાં વહેંચાયેલી છે.

પ્રથમવિભાગની પહેલી ગાથા વાંચતા જ **યોગશાસ્ત્ર** (કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ** રચિત) નો પ્રથમ શ્લોક યાદ આવી જાય.

**श्रुताम्भोधेरधिगम्य, सम्प्रदायाच्च सद्गुरोः।**
**स्वसंवेदनतश्चापि, योगशास्त्रं विरच्यते।। (यो.शा. १/१)**

બીજી ગાથામાં **ષોડશક**માં કહેલા બાલાદિ ત્રણની વ્યાખ્યા કરીને ટબામાં ઉપાધ્યાયજી મહારાજ પંડિતજનની વ્યાખ્યાને વધુ ખોલે છે. તે એમના જ શબ્દોમાં...

'એહ દ્રવ્યાનુયોગમાંહિ જે રંગ ધરઈ, તેહ જ પંડિત કહિઈ' આમ કહીને દ્રવ્યાનુયોગનું ખૂબ જ મહત્ત્વ બતાવી રહ્યા છે.

ત્રીજી, ચોથી, પાંચમી ગાથામાં ક્રિયા કરતાં જ્ઞાનનું કેટલું બધું મહત્ત્વ છે ? એ વાત વ્યવસ્થિત રીતે સમજાવી છે.

છઠ્ઠી ગાથામાં તો કમાલ કરી છે.. **મહાનિશીથ**ની સાક્ષી આપીને વૈયાવચ્ચની જેમ જ્ઞાન ગુણને પણ અપ્રતિપાતી જણાવ્યો છે.

એક વખત તો એવો પ્રશ્ન થાય કે શાસ્ત્રોમાં... **'सव्वं किर पडिवाइ, वेयावच्चं अपडिवाइ'** કહેવા દ્વારા વૈયાવચ્ચને અપ્રતિપાતી ગુણ જણાવેલ છે. જ્યારે અહીં જ્ઞાન ગુણને પણ અપ્રતિપાતી જણાવેલ છે. આ વાત કઈ રીતે ઘટાવવી ?

કર્ણિકાકાર સાક્ષીપાઠો આપીને સરસ રીતે આ વાત ઘટાવી આપે છે.

**વ્યવહારસૂત્રભાષ્ય**માં વૈયાવચ્ચના ત્રણ પ્રકાર બતાવ્યા છે. અનુશાસ્તિ, ઉપાલંભ અને ઉપગ્રહ.

'રોજ દશને પ્રતિબોધ ન કરું ત્યાં સુધી અન્ન-પાણી ગ્રહણ ન કરવા' - આવી પ્રતિજ્ઞા કરવા દ્વારા નંદીષેણે પોતાનું અનુશાસન કર્યું. તેથી **અનુશાસ્તિસ્વરૂપ** વૈયાવચ્ચ ગુણ એમનામાં સમર્થ હતો. તેમજ પોતાનું ચારિત્રથી પતન થતાં રોજ પોતાની જાતને **ઉપાલંભ** = ઠપકો આપતા હતા. એટલે **ઉપાલંભસ્વરૂપ** વૈયાવચ્ચ ગુણ પણ એમનામાં હતો. તથા નંદીષેણ રોજ ૧૦ આત્માને પ્રતિબોધ કરતા હતા. માટે **ઉપગ્રહસ્વરૂપ** વૈયાવચ્ચ ગુણ પણ સ્વાભાવિક હતો.

આમ નંદીષેણમુનિનું (મુનિપણાનું) દસપૂર્વસંબંધી સમ્યગ્જ્ઞાન ઉપરોક્ત ત્રણ પ્રકારની અપ્રતિપાતી વૈયાવચ્ચને લાવનાર હોવાથી તેનું જ્ઞાન પણ અપ્રતિપાતી બનવાની યોગ્યતા ધરાવે છે.

અલબત્ત, ઉપાધ્યાયજી મહારાજ આવો કોઈ આયાસ કરતા નથી... એટલે કે 'જ્ઞાન વૈયાવૃત્ય-સંપાદક હોઈ અપ્રતિપાતી છે' એમ ન કહેતા મહાનિશીથસૂત્રની સાક્ષીએ જ્ઞાનને સ્વતંત્રતયા અપ્રતિપાતી ગુણ તરીકે જણાવે છે.

આ વાતને મજબૂત કરવા એક સિદ્ધાંત બતાવે છે કે... જ્યાં સમ્યગ્જ્ઞાન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. એક વાર સમ્યગ્દર્શન આવ્યા પછી ચાલ્યું જાય.. તો પણ એક કોડાકોડીસાગરોપમથી વધુ કર્મબંધ જીવ નથી કરતો.

આમાં જે તથ્ય છૂપાયેલ છે, તેને કર્ણિકાકાર ખોલે છે... એક વખત સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયા પછી સ્વરૂપથી નાશ પામે (મિથ્યાત્વે ચાલ્યા જવાથી). તો પણ સંસ્કારરૂપે તે આત્મામાં હાજર જ રહે છે. અને તથાવિધ સંસ્કાર દ્વારા દીર્ઘસ્થિતિવાળા કર્મબંધને અટકાવવા સ્વરૂપ પોતાનું કાર્ય તે સમ્યગ્જ્ઞાન કરે જ છે. જો આવું નહિ માનીએ તો સમ્યગ્જ્ઞાનથી ભ્રષ્ટ થયેલ જીવ ૭૦ કોડાકોડીસાગરોપમપ્રમાણ સ્થિતિવાળા કર્મને ક્યારેક બાંધી દેશે તેવું માનવાની આપત્તિ આવશે.

સાતમી ગાથામાં તો જ્ઞાનનો ગજબ મહિમા કર્યો છે... જે જ્ઞાની છે (ગીતાર્થ છે), દ્રવ્યાદિચતુષ્કનો જાણકાર છે.. તે કેવલી સમાન છે (યાદ રહે, ઉપાધ્યાય **શ્રીમાનવિજયજી** મહારાજે **ધર્મસંગ્રહ**ની પ્રશસ્તિમાં **મહોપાધ્યાયશ્રી**ને શ્રુતકેવલી તરીકે બિરદાવ્યા છે.)

અને છેલ્લી ગાથામાં જ્ઞાનને અલગ અનેક ઉપમાઓ આપીને ૧૫મી ઢાળનો પ્રથમ વિભાગ પૂરો કર્યો છે.

૧૫મી ઢાળના બીજા વિભાગમાં પણ આ જ જ્ઞાનના અઢળક ગુણલા ગાયા છે. બીજી ગાથામાં એમ જણાવ્યું છે.. નિરુપક્રમ કર્મના ઉદયથી જેઓ જ્ઞાન/ક્રિયાથી રહિત છે.. પણ જ્ઞાની ગુરુના ચરણકમલને જેઓ સેવે છે, તેઓ પણ માર્ગસ્થ છે. આનો આધ્યાત્મિક ઉપનય વાંચવાથી આ વાત વ્યવસ્થિત સમજાય તેમ છે.

આગળની ગાથાઓમાં અજ્ઞાની જીવોનું સ્વરૂપ વિગતે સમજાવ્યું છે, તેમજ અજ્ઞાની માણસ ગમે તેટલી ક્રિયા કરે તો પણ તેમનામાં અને જન્માંધ વ્યક્તિમાં કોઈ ફરક નથી. વળી આવા જીવો માયાવી અને જૂઠાબોલા કેવી રીતે હોય છે ? તેની પણ વાત વ્યવસ્થિત રીતે રજૂ કરી છે. અંતમાં શ્રાવકના જીવનમાં જ્ઞાન મુખ્ય છે, જ્યારે સાધુજીવનમાં જ્ઞાન અને ક્રિયા બંને મુખ્ય છે - એમ જણાવીને પંદરમી ઢાળ પૂરી કરી છે.

ઉપાધ્યાયજી મહારાજની ગુર્જરકૃતિઓમાં આ કૃતિ મૂર્ધન્યસ્થાને છે-રહેશે. એમાં કોઈ બેમત નથી. દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયને ગુર્જરગિરામાં ઢાળીને ઉપાધ્યાયજી મહારાજે પ્રાકૃતજનને પણ આ પદાર્થો સુલભ અને સહજ બનાવી દીધા છે. શ્રીસંઘ-એમાં પણ શ્રમણસંઘ ક્યારેય ઉપાધ્યાયજી મહારાજના ઉપકારને વિસરી નહિ શકે.

દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની આ કૃતિ ઉપર આજ સુધીમાં પ્રાયઃ ત્રણથી ચાર નાના-મોટા વિવેચનો થયા છે. અર્વાચીન વિવેચનોમાં ગણી શ્રીયશોવિજયજીનું પ્રસ્તુત વિવેચન (ટીકા/અનુવાદ) આગવું એટલા માટે છે કે બીજા બધા વિવેચનો ગુજરાતીમાં છે, જ્યારે આ વિવેચન સંસ્કૃભાષામાં રચાયેલ છે. તેમજ અનેક સાક્ષીગ્રંથોના પાઠો વગેરે આપીને આ વિવેચનાને સમૃદ્ધ કરવાનો યશસ્વી પ્રયત્ન કર્યો છે.

વાચકો આ ગ્રન્થના અધ્યયન દ્વારા એના પદાર્થોને આત્મસાત્ કરી નિજ સમ્યગ્દર્શનને નિર્મળ બનાવે - પરંપરાએ ચારિત્રાદિ પામીને મુક્તિપદને પ્રાપ્ત કરે એવી મનોકામના સહ.

પોષદશમી,
પાર્શ્વજન્મકલ્યાણક,
તા. ૨૬-૧૨-૨૦૦૫,
અણસ્તુતીર્થ (જિ. વડોદરા).

# વિષયમાર્ગદર્શિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **शाखा - १३ :** | |
| **स्वभावनययोजना** | **१९६१-२११०** |
| ટૂંકસાર (શાખા - ૧૩) | १९६२ |
| नयसापेक्षः स्वभावाधिगमः | १९६३ |
| અસ્તિ-નાસ્તિસ્વભાવગ્રાહક નયનો વિચાર | १९६३ |
| द्रव्यार्थिकनवमभेदानुसन्धानम् | १९६४ |
| અસ્તિ-નાસ્તિસ્વભાવબીજનું પ્રકાશન | १९६४ |
| ब्रह्मसूत्रशाङ्करभाष्यनिराकरणम् | १९६५ |
| શંકરાચાર્યનો અનેકાંતમાં આક્ષેપ | १९६५ |
| શંકરાચાર્યના આક્ષેપનું નિરાકરણ | १९६५ |
| वस्तुत्वस्वरूपप्रकाशनम् | १९६६ |
| સદસદાત્મક સર્વવસ્તુ | १९६६ |
| દ્રવ્યમાં મૂઢ સર્વત્ર મૂઢ | १९६६ |
| સાપેક્ષ નય-પ્રમાણથી વસ્તુતત્ત્વસિદ્ધિ | १९६६ |
| अस्तिस्वभावः नयद्वयविषयः | १९६७ |
| અસ્તિસ્વભાવ બે નયનો વિષય | १९६७ |
| વસ્તુસ્વરૂપજ્ઞાનમાં વૈવિધ્ય | १९६७ |
| स्वास्तित्व-नास्तित्वविचारः | १९६८ |
| આપણા અસ્તિત્વને ઓળખીએ | १९६८ |
| सदसत्स्वभावं स्वात्मद्रव्यं ध्येयम् | १९६९ |
| આજ્ઞાવિચય ધર્મધ્યાનને પામીએ | १९६९ |
| द्रव्यार्थिकद्वितीयभेदाद्यनुसन्धानम् | १९७० |
| નિત્યાનિત્યસ્વભાવગ્રાહક નયનો વિચાર | १९७० |
| द्रव्य-पर्यायरूपत्वाद् वस्तु नित्यानित्यम् | १९७१ |
| નયભેદથી પદાર્થ ત્રિતયાત્મક | १९७१ |
| ફક્ત એક અંશના સ્વીકારમાં મિથ્યાત્વ | १९७१ |
| शुद्धनयत आत्मस्वरूपविमर्शः | १९७२ |
| નિત્યસ્વભાવનો મહિમા પ્રગટાવીએ | १९७२ |
| नित्यानित्यस्वभावोपयोगदर्शनम् | १९७३ |
| શુદ્ધ ચૈતન્યઘનસ્વભાવમાં રાગ ન પ્રવેશે | १९७३ |
| નિત્ય-અનિત્યસ્વભાવનો વ્યવહારમાં ઉપયોગ | १९७३ |
| शुद्धात्मस्वरूपप्रद्योतनम् | १९७४ |
| भेदकल्पनानिरपेक्षद्रव्यार्थिकानुसन्धानम् | १९७५ |
| એક-અનેકસ્વભાવગ્રાહક નયની વિચારણા | १९७५ |
| અન્વયગ્રાહક દ્રવ્યાર્થિકનયનો નિર્દેશ | १९७५ |
| अन्वयद्रव्यार्थिकप्रवृत्तिविचारः | १९७६ |
| દેશાન્વય અને કાલાન્વયની વિચારણા | १९७६ |
| અનેકસ્વભાવવાળી વસ્તુમાં એકસ્વભાવની વિચારણા | १९७६ |
| अनेकस्वभावमिथ्यात्वविमर्शः | १९७७ |
| દ્રવ્યાર્થિકનયની વિચારણા નિર્વિકલ્પદશાને પ્રગટાવે | १९७७ |
| स्वद्रव्य-गुण-पर्यायैक्यभानोपदेशः | १९७८ |
| सद्भूतव्यवहाराद्युपयोगः | १९७९ |
| ભેદસ્વભાવગ્રાહક નયનો નિર્દેશ | १९७९ |
| અભેદસ્વભાવગ્રાહક નયનો ઉલ્લેખ | १९७९ |
| गुण-पर्यायेभ्यो द्रव्यस्य भिन्नाऽभिन्नता | १९८० |
| લઘીયસ્ત્રયકારિકાની સ્પષ્ટતા | १९८० |
| दर्शनान्तरेऽवयवाऽवयविनोः भिन्नाभिन्नता | १९८१ |
| ભેદકલ્પનાશૂન્યશુદ્ધદ્રવ્યાર્થિક એટલે નિશ્ચયનય | १९८१ |
| અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : શાસ્ત્રદીપિકા | १९८१ |
| विषयान्तर्निगीर्णतामीमांसा | १९८२ |
| એકસ્વભાવભાનની પદ્ધતિ | १९८२ |
| અભેદસ્વભાવભાનની પ્રક્રિયા | १९८२ |
| शाब्दिकवृत्तिद्वयप्रज्ञापना | १९८३ |
| એકસ્વભાવ - અભેદસ્વભાવની પ્રતીતિનો વિચાર | १९८३ |
| શબ્દશક્તિનો પરિચય | १९८३ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| લક્ષણાનું નિરૂપણ : નૈયાયિક આદિની દષ્ટિએ | ૧૯૮૩ |
| **लक्षणास्वरूपविद्योतनम्** | ૧૯૮૪ |
| લક્ષણા વૃત્તિ : જાનકીનાથની દષ્ટિમાં | ૧૯૮૪ |
| લક્ષણા : કુમારિલભટ્ટની દષ્ટિમાં | ૧૯૮૪ |
| ત્રણ હેતુથી થતી લક્ષણા - વૈયાકરણમત | ૧૯૮૪ |
| **जहदजहत्स्वार्थलक्षणोपदर्शनम्** | ૧૯૮૫ |
| 'गौः वाहीकः' સ્થળે સંમતિવ્યાખ્યાકારનો અભિપ્રાય | ૧૯૮૫ |
| ગૌણી લક્ષણા અને શુદ્ધ લક્ષણાની વિચારણા | ૧૯૮૫ |
| **गौणी वृत्तिः - तन्त्रवार्त्तिकादौ** | ૧૯૮૬ |
| ત્રીજી શબ્દવૃત્તિ ગૌણી - મીમાંસક | ૧૯૮૬ |
| **'गौर्वाहीकः' वाक्यविमर्शः** | ૧૯૮૭ |
| ગૌણપદ લક્ષક છે - નવ્યનૈયાયિક | ૧૯૮૭ |
| ગૌણી પણ શબ્દશક્તિ છે - મુકુંદ શર્મા | ૧૯૮૭ |
| ગૌણી લક્ષણા અંગે આલંકારિક મત | ૧૯૮૭ |
| **सारोपा साध्यवसाना च लक्षणा** | ૧૯૮૮ |
| સારોપા લક્ષણામાં નિગરણ વિચાર | ૧૯૮૮ |
| **दण्डि-विद्याभूषण-जगन्नाथादिमतप्रकाशनम्** | ૧૯૮૯ |
| બે પ્રકારે વિષયનું નિગરણ | ૧૯૮૯ |
| દંડી કવિના મતનો નિર્દેશ | ૧૯૮૯ |
| જગન્નાથ પંડિતના મતનું પ્રદર્શન | ૧૯૮૯ |
| **काव्यप्रकाशवृत्त्यादिसंवादः** | ૧૯૯૦ |
| મમ્મટમતપ્રદર્શન | ૧૯૯૦ |
| સિદ્ધિચન્દ્રજી ઉપાધ્યાયનો મત | ૧૯૯૦ |
| **नानालक्षणादृष्टान्तप्रदर्शनम्** | ૧૯૯૧ |
| ગૌણી-શુદ્ધ સારોપા-સાધ્યવસાનિકા લક્ષણામાં તફાવત | ૧૯૯૧ |
| કાવ્યપ્રદીપકારમતની વિચારણા | ૧૯૯૧ |
| **गोविन्दमतविद्योतनम्** | ૧૯૯૨ |
| સાધ્યવસાના લક્ષણાનું ઉદાહરણ | ૧૯૯૨ |
| સારોપા લક્ષણાનું ઉદાહરણ | ૧૯૯૨ |
| **स्वभावभेदानुसरणबीजद्योतनम्** | ૧૯૯૩ |
| વિશ્વનાથ-મમ્મટ મત પ્રદર્શન | ૧૯૯૩ |
| **निरूढलक्षणामीमांसा** | ૧૯૯૪ |
| ગૌણી = નિરૂઢલક્ષણા, પ્રયોજનવતી = શુદ્ધલક્ષણા | ૧૯૯૪ |
| પ્રયોજનનિરપેક્ષ-સાપેક્ષ લક્ષણાની વિચારણા | ૧૯૯૪ |
| **शेषाचार्यमतप्रकाशनम्** | ૧૯૯૫ |
| એકસ્વભાવભિન્ન અભેદસ્વભાવની સિદ્ધિ | ૧૯૯૫ |
| એકસ્વભાવ અને અભેદસ્વભાવ જુદા જુદા છે | ૧૯૯૫ |
| **प्रयोजनसापेक्ष-निरपेक्षलक्षणाविमर्शः** | ૧૯૯૬ |
| પ્રયોજનવતી લક્ષણા સ્વભાવભેદ-સાધક નથી | ૧૯૯૬ |
| ગૌણી લક્ષણા નિરૂઢ લક્ષણા છે - પરિભાષેન્દુશેખર | ૧૯૯૬ |
| **प्रयोजनवती लक्षणा न स्वतन्त्रार्थसाधिका** | ૧૯૯૭ |
| લક્ષણાનો આધ્યાત્મિક ઉપયોગ કરીએ | ૧૯૯૭ |
| **पर्वतिथिदिने शाकादित्यागबोधः** | ૧૯૯૮ |
| **परमभावग्राहकनयोपयोगः** | ૧૯૯૯ |
| ભવ્ય-અભવ્યપરિણામગ્રાહક નયનો વિચાર | ૧૯૯૯ |
| **भव्याभव्यस्वभावग्राहकनयविचारः** | ૨૦૦૦ |
| ભવ્યત્વ સ્વભાવસાપેક્ષ છે | ૨૦૦૦ |
| **अभव्यत्वस्वभावमीमांसा** | ૨૦૦૧ |
| પરમસ્વભાવગ્રાહક નયની વિચારણા | ૨૦૦૧ |
| **चेतनस्वभावग्राहकनयविचारः** | ૨૦૦૨ |
| વિશેષસ્વભાવગ્રાહક નયની વિચારણા | ૨૦૦૨ |
| ચૈતન્યસ્વભાવ કર્મવશ પ્રતિરુદ્ધ | ૨૦૦૨ |
| **अध्याससप्तकोच्छेदोपदेशः** | ૨૦૦૩ |
| સાત પ્રકારના અધ્યાસમાંથી છૂટકારો | ૨૦૦૩ |
| શુદ્ધ ચેતનસ્વભાવને અનુભવીએ | ૨૦૦૩ |
| **अज्ञस्य बन्धदशाव्यग्रत्वम्** | ૨૦૦૪ |
| **असद्भूतव्यवहाराद्यनुसन्धानम्** | ૨૦૦૫ |
| કર્મ-નોકર્મમાં ચેતનસ્વભાવ | ૨૦૦૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આત્મધર્મ શરીરમાં માન્ય | ૨૦૦૫ |
| 'શરીરં જાનાતી'તિ વ્યવહારવિચારઃ | ૨૦૦૬ |
| શરીરમાં ઉપચારથી ચેતનસ્વભાવ | ૨૦૦૬ |
| કર્મ પણ ચેતન ! | ૨૦૦૬ |
| જીવ-કર્મણોઃ કથઞ્ચિદભેદઃ | ૨૦૦૭ |
| 'કિનારો પડવાને ઇચ્છે છે' - વાક્યવિચાર | ૨૦૦૭ |
| અચેતનસ્વભાવગ્રાહક નયનો વિચાર | ૨૦૦૭ |
| પરમભાવગ્રાહકનયોપયોજનમ્ | ૨૦૦૮ |
| કર્મ-નોકર્મમાં અચેતનસ્વભાવ | ૨૦૦૮ |
| છંદભંગ દોષ | ૨૦૦૮ |
| અસદ્ભૂતવ્યવહારનયોપયોગોપદર્શનમ્ | ૨૦૦૯ |
| શરીરની ચેતનતા જાણીને જીવન કેળવીએ | ૨૦૦૯ |
| કર્માદિમાં ભેદજ્ઞાન વિના આત્મજ્ઞાનનો અસંભવ | ૨૦૦૯ |
| ભેદજ્ઞાનસૌલભ્યોપાયોપદર્શનમ્ | ૨૦૧૦ |
| ભેદજ્ઞાનના ઉપાયને અપનાવીએ | ૨૦૧૦ |
| કર્મચેતના-કર્મફલચેતનાને છોડી જ્ઞાનચેતનામાં લીન બનીએ | ૨૦૧૦ |
| 'જીવઃ અચેતનઃ' - ઇતિ વ્યવહારપરામર્શઃ | ૨૦૧૧ |
| જીવમાં પણ અચેતનસ્વભાવ ! | ૨૦૧૧ |
| વિશેષણસાફલ્ય વિમર્શ | ૨૦૧૧ |
| વિશેષણસાફલ્યવિચારઃ નાનાતન્ત્રાનુસારેણ | ૨૦૧૨ |
| જીવમાં અચેતનસ્વભાવનું સમર્થન | ૨૦૧૨ |
| 'મામ્ અહં ન જાનામી'ત્યત્ર મીમાંસા | ૨૦૧૩ |
| ભાવાત્મક અજ્ઞાન : વેદાન્તી | ૨૦૧૩ |
| જીવમાં અચેતનસ્વભાવ સ્વીકારો : જૈન | ૨૦૧૩ |
| 'તત્ત્વપ્રદીપિકા' કારના અને 'વેદાન્તસાર' કારના મતની વિચારણા | ૨૦૧૩ |
| ચિત્સુખાચાર્ય-સદાનન્દમતનિરાકરણમ્ | ૨૦૧૪ |
| વેદાન્તમત સમાલોચના | ૨૦૧૪ |
| ભાવાત્મક અજ્ઞાન-જ્ઞાનસ્વભાવ પરસ્પરવિરુદ્ધ | ૨૦૧૪ |
| ઉચિતવ્યવહારઃ સપ્રયોજનત્વવ્યાપ્તઃ | ૨૦૧૫ |
| આત્મામાં સામાન્યતઃ ચેતનવ્યવહાર | ૨૦૧૫ |
| અંતરંગસ્વભાવ અને પ્રવૃત્તિનિમિત્ત વ્યવહારનિયામક | ૨૦૧૫ |
| અન્તરઙ્ગસ્વભાવાદ્યનુસારેણ વ્યવહારઃ | ૨૦૧૬ |
| કર્મ-નોકર્મમાં મૂર્તસ્વભાવ : દિગંબર | ૨૦૧૬ |
| આત્માના અચૈતન્યસ્વભાવને હટાવીએ | ૨૦૧૬ |
| અનવધાનતાપરિત્યાગોપદેશઃ | ૨૦૧૭ |
| ભેદજ્ઞાનને ઉજાગર કરીએ | ૨૦૧૭ |
| દેહક્રિયાદિકર્તૃત્વ-કારકત્વભાવત્યાગોપાયદર્શનમ્ | ૨૦૧૮ |
| સાક્ષીભાવને અપનાવીએ | ૨૦૧૮ |
| કર્મસહકૃત દેહક્રિયામાં હરખ-શોકને છોડીએ | ૨૦૧૮ |
| સ્વાઽભિન્નષટ્કારકસઙ્ગતિસન્દર્શનમ્ | ૨૦૧૯ |
| દેહક્રિયામાં કરણ-કરાવણ-અનુમોદન તજીએ | ૨૦૧૯ |
| પૌદ્ગલિક ભાવોનો ત્રિવિધ સંબંધ છોડીએ | ૨૦૧૯ |
| જ્ઞાતા-દૃષ્ટાભાવની સાધનાનો ચિતાર | ૨૦૧૯ |
| વિરક્ત-પ્રશાન્તપરિણત્યા ક્રિયા સમ્પાદનીયા | ૨૦૨૦ |
| જડતાને હટાવીએ | ૨૦૨૦ |
| તીર્થઙ્કરવર્ણવ્યવહારવિમર્શઃ | ૨૦૨૧ |
| જીવનો મૂર્તસ્વભાવ | ૨૦૨૧ |
| સંસારિજીવઃ ભાવુકઃ | ૨૦૨૨ |
| સંસારી જીવ મૂર્ત છે | ૨૦૨૨ |
| પરિણમન દ્રવ્યને તન્મય બનાવે | ૨૦૨૨ |
| પરમભાવગ્રાહકનયોપયોગઃ | ૨૦૨૩ |
| વ્યવહારથી આત્મા પૌદ્ગલિક સુખનો ભોક્તા | ૨૦૨૩ |
| આત્માને મૂર્ત માનવો તે ભ્રમ : નિશ્ચયનય | ૨૦૨૩ |
| તીર્થંકરની વ્યવહાર-નિશ્ચયમાન્ય સ્તુતિનો પરિચય | ૨૦૨૩ |
| સમયસારાદિસંવાદઃ | ૨૦૨૪ |
| તીર્થંકરદેહની સ્તુતિ એ તીર્થંકરસ્તુતિ નથી | ૨૦૨૪ |
| હેતુત્રયાઽધીનમ્ ઉપચારસ્ય ન્યાય્યત્વમ્ | ૨૦૨૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉપચાર અનુચિત નથી | ૨૦૨૫ |
| પુદ્ગલભિન્નદ્રવ્ય અમૂર્ત છે | ૨૦૨૫ |
| जिनमतं सर्वनयसमूहात्मकम् | २०२६ |
| શ્વેતાંબર-દિગંબરશાસ્ત્ર સમન્વય | ૨૦૨૬ |
| છંદભંગ દોષ | ૨૦૨૬ |
| વ્યવહાર, વ્યવહાર-નિશ્ચય અને નિશ્ચયમાં ઠરીએ | ૨૦૨૬ |
| व्यावहारिकसाधनायाम् इतिकर्तव्यता नास्ति | २०२७ |
| उपचारनियमनविमर्शः | २०२८ |
| પુદ્ગલમાં ઔપચારિક પણ અમૂર્તતા નથી : દિગંબર | ૨૦૨૮ |
| શરીરમાં અમૂર્ત દ્રવ્યની અસર નથી : દિગંબર | ૨૦૨૮ |
| देहादौ अमूर्तत्वापादनम् | २०२९ |
| पुद्गलपर्याय अमूर्तस्वभावप्रयुक्त नथी | ૨૦૨૯ |
| સંસારી જીવમાં મૂર્તતા જ છે | ૨૦૨૯ |
| अस्मदीयदेहादौ अमूर्त्तत्वोपचाराऽभावः | २०३० |
| આપણા શરીરાદિમાં અમૂર્તતાનો આક્ષેપ | ૨૦૩૦ |
| વ્યવહારયોગ્ય સ્વભાવોનો જ ઉપચાર થાય | ૨૦૩૦ |
| आरोपे प्रसिद्धे सति निमित्तानुसरणम् | २०३१ |
| નિમિત્ત હોવા માત્રથી આરોપ ન થાય | ૨૦૩૧ |
| निष्प्रयोजनारोपाऽनङ्गीकारः | २०३२ |
| ઉપચાર નિયમન વિચાર | ૨૦૩૨ |
| કર્મબંધજનક - પરપીડાકારક ઉપચારને છોડીએ | ૨૦૩૨ |
| कर्कशपरिणामस्य त्याज्यता | २०३३ |
| સ્વપરિણામની કર્કશતા ત્યાજ્ય | ૨૦૩૩ |
| ...તો મિથ્યાત્વ-કષાય-વિષય ટળે | ૨૦૩૩ |
| चित्तवृत्तिप्रवाहविश्रान्तिः कर्तव्या | २०३४ |
| मिथःसम्बद्धार्थविभजनविमर्शः | २०३५ |
| અત્યંત સંબદ્ધ પદાર્થનું વિભાજન ન થાય : સંમતિકાર | ૨૦૩૫ |
| सम्मतितर्कवृत्तिसंवादः | २०३६ |
| સંસારી જીવ અને કર્મ વચ્ચે અવિભક્ત વ્યવહાર | ૨૦૩૬ |
| सम्मतितर्कवृत्तिपाठपरामर्शः | २०३७ |
| અંત્યવિશેષપર્યાયપર્યન્ત વ્યવહાર વિચાર | ૨૦૩૭ |
| સંમતિતર્કવ્યાખ્યાગત પાઠની વિચારણા | ૨૦૩૭ |
| मिथोऽनुगतार्थविभजनविचारः | २०३८ |
| અન્ત્ય વિશેષપર્યાયની ઓળખાણ | ૨૦૩૮ |
| यावत्पदार्थप्रकाशनम् | २०३९ |
| યાવત્ શબ્દ મર્યાદાવાચક | ૨૦૩૯ |
| नव्यन्यायपरिभाषया सम्मतितर्कपदार्थपरामर्शः | २०४० |
| નવ્યન્યાયપરિભાષા મુજબ અર્થઘટન | ૨૦૪૦ |
| चरमविशेषधर्मपुरस्कारेण मिश्रार्थविभागः | २०४१ |
| દૃષ્ટાંત દ્વારા નવ્યન્યાયની પરિભાષાનું સ્પષ્ટીકરણ | ૨૦૪૧ |
| अन्त्यविशेषस्य व्यावर्त्तकता | २०४२ |
| મિશ્રદ્રવ્યમાં એકતરનિષેધ અસંગતતાની વિચારણા | ૨૦૪૨ |
| अभिभवनैयत्यनिरूपणम् | २०४३ |
| દેહમાં ચૈતન્યઉપચાર વ્યાજબી | ૨૦૪૩ |
| ચરમ વિશેષપર્યાય અનિયત | ૨૦૪૩ |
| पुद्गलनिमित्तं जीवपरिणमनम् | २०४४ |
| નિશ્ચય-વ્યવહારસમન્વયનું દિગ્દર્શન | ૨૦૪૪ |
| असद्भूतव्यवहारोपदेशः | २०४५ |
| અસદ્ભૂત નય કોમળ પરિણતિને પ્રગટાવે | ૨૦૪૫ |
| सिद्धसुखसिद्धिः | २०४६ |
| आत्मनि मूर्त्तत्वोपचाराऽऽशङ्का | २०४७ |
| આત્મદ્રવ્યમાં મૂર્ત્તત્વના ઉપચાર વિશેની આશંકા | ૨૦૪૭ |
| अन्त्यविशेषधर्मोपचारो न युक्तः | २०४८ |
| પ્રગટ મૂર્તતા હોય ત્યાં અમૂર્તવ્યવહારનો નિષેધ | ૨૦૪૮ |
| अमूर्त्तताभिभवविमर्शः | २०४९ |
| અમૂર્તતા તિરોહિત હોય ત્યાં અનન્ત્ય મૂર્ત્તતા | ૨૦૪૯ |
| જીવ-દેહ એકમેક : ભગવતીસૂત્રવ્યાખ્યા | ૨૦૪૯ |
| पुद्गलमूर्त्ततानभिभवः | २०५० |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આગમ અને વ્યવહાર મુજબ વ્યવસ્થા સ્વીકાર્ય | ૨૦૫૦ |
| નિશ્ચયથી સંસારીમાં રૂપાદિ ગેરહાજર | ૨૦૫૦ |
| व्यवहाराभासित्वाद्युच्छेदहेतूपदर्शनम् | ૨૦૫૧ |
| આપણી અમૂર્ત્તતાને પ્રગટાવીએ | ૨૦૫૧ |
| मौलिकाऽमूर्त्तत्वाऽऽविर्भावोपायप्रदर्शनम् | ૨૦૫૨ |
| પરમાણુમાત્ર પણ મારું દ્રવ્ય નથી | ૨૦૫૨ |
| सिद्धगुणसम्पत्सन्दर्शनम् | ૨૦૫૩ |
| देवसेनस्य पुद्गले एकविंशतिधर्मापलापापत्तिः | ૨૦૫૪ |
| દિગંબર મત સમીક્ષા | ૨૦૫૪ |
| युगपदेकत्र मूर्त्तत्वाऽमूर्त्तत्वसमावेशः | ૨૦૫૫ |
| પરમાણુમાં અમૂર્ત્તતાનો સ્વીકાર જરૂરી | ૨૦૫૫ |
| પરમાણુમાં અમૂર્ત્તસ્વભાવ તાત્ત્વિકવ્યવહારમાન્ય | ૨૦૫૫ |
| उपचरितस्वभावविमर्शः | ૨૦૫૬ |
| પુદ્ગલાણુમાં ગૌણ અમૂર્ત્તતા | ૨૦૫૬ |
| देवसेन-शुभचन्द्रमतसमीक्षा | ૨૦૫૭ |
| દેવસેનવચનમાં વદતો વ્યાઘાત | ૨૦૫૭ |
| શુભચંદ્રમતનિરાસ | ૨૦૫૭ |
| देवसेन-शुभचन्द्रमतमीमांसा | ૨૦૫૮ |
| પરમાણુ અમૂર્ત્ત પણ છે | ૨૦૫૮ |
| परमाणुस्वरूपप्रकाशनम् | ૨૦૫૯ |
| પુદ્ગલ પરમાણુમાં નૈશ્ચયિક મૂર્ત્તતા | ૨૦૫૯ |
| પરમાણુલક્ષણપ્રદર્શન | ૨૦૫૯ |
| तात्त्विकव्यवहारेण कार्मणकायः अरूपी | ૨૦૬૦ |
| સૂક્ષ્મસ્કંધોમાં પણ અમૂર્ત્તત્વ અવ્યાહત | ૨૦૬૦ |
| પ્રમાણ-નય મર્યાદાથી વિપરીત સ્વીકાર મિથ્યાત્વજનક | ૨૦૬૦ |
| आध्यात्मिकसमन्वयदृष्टिः ग्राह्या | ૨૦૬૧ |
| સ્યાદ્વાદને જીવનમાં લાગુ પાડીએ | ૨૦૬૧ |
| नानानयानुसारेण एकप्रदेशत्वप्रतिपादनम् | ૨૦૬૨ |
| અણુમાં એકપ્રદેશસ્વભાવ | ૨૦૬૨ |
| તત્ત્વાર્થભાષ્ય સંદર્ભ વિચાર | ૨૦૬૨ |
| ધર્માસ્તિકાય વગેરેમાં પણ એકપ્રદેશસ્વભાવ | ૨૦૬૨ |
| एकप्रदेशस्वभावयोजनम् | ૨૦૬૩ |
| આત્માની એકપ્રદેશતાને ઓળખીએ | ૨૦૬૩ |
| सिद्धस्वरूपवर्णनम् | ૨૦૬૪ |
| આત્માને સ્થિર કરીએ | ૨૦૬૪ |
| अस्तिकायतानियामकोपदर्शनम् | ૨૦૬૫ |
| સ્કંધ દ્રવ્યમાં અનુપચરિત અનેકપ્રદેશતા | ૨૦૬૫ |
| परमाणौ कायत्वसिद्धिः | ૨૦૬૬ |
| પરમાણુમાં આરોપિત અનેકપ્રદેશતા | ૨૦૬૬ |
| પરમાણુ 'કાય' પણ છે : બૃહદ્દ્રવ્યસંગ્રહ | ૨૦૬૬ |
| કાલાણુમાં સ્નિગ્ધ-રૂક્ષપરિણામ નથી | ૨૦૬૬ |
| कालाणूनामनेकप्रदेशत्वविरहः | ૨૦૬૭ |
| ભેદકલ્પનાસાપેક્ષનયગ્રાહ્ય અનેકપ્રદેશતા | ૨૦૬૭ |
| આપણે કાલાણુ જેવા બનીએ | ૨૦૬૭ |
| स्निग्ध-रूक्षपरिणामापादानम् आवश्यकम् | ૨૦૬૮ |
| ઉત્સુકતા છોડીએ, જ્ઞાનજ્યોત પ્રગટાવીએ | ૨૦૬૮ |
| प्रबुद्धः अन्तः तुष्यति | ૨૦૬૯ |
| विभावादिस्वभावग्राहकनयोपदर्शनम् | ૨૦૭૦ |
| વિભાવસ્વભાવગ્રાહક નયનો વિચાર | ૨૦૭૦ |
| विभावाऽशुद्धस्वभावभेदविमर्शः | ૨૦૭૧ |
| રાગાદિમિશ્ર ચેતના : વિભાવસ્વભાવ | ૨૦૭૧ |
| शुद्धनयप्रज्ञापना | ૨૦૭૨ |
| શુદ્ધ-અશુદ્ધસ્વભાવગ્રાહક નયનો ઉલ્લેખ | ૨૦૭૨ |
| निश्चय-व्यवहारनयव्याख्योपदर्शनम् | ૨૦૭૩ |
| આલાપપદ્ધતિનો સંવાદ | ૨૦૭૩ |
| અશુદ્ધ-શુદ્ધનયમતે આત્મસ્વરૂપવિમર્શ | ૨૦૭૩ |
| શુદ્ધ-અશુદ્ધસ્વભાવ નિશ્ચય-વ્યવહારવિષય | ૨૦૭૩ |
| संसारिजीवाऽभिव्यक्तिः विविधा | ૨૦૭૪ |
| આત્મા રાગાદિનો કર્તા લાગે છે, છે નહિ | ૨૦૭૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| राग-ज्ञानयोः प्रतिभास्यप्रतिभासकसम्बन्धः | ૨૦૭૫ |
| શુદ્ધોપયોગને પ્રગટાવીએ | ૨૦૭૫ |
| मोहक्षोभविहीन आत्मपरिणामो धर्मः | ૨૦૭૬ |
| एकान्तोच्छेदः नययोजनप्रयोजनम् | ૨૦૭૭ |
| ઉપચરિતસ્વભાવગ્રાહક નયનો નિર્દેશ | ૨૦૭૭ |
| निरपेक्षानेकान्तस्यापि त्याज्यता | ૨૦૭૮ |
| નયયોજનાનું પ્રયોજન | ૨૦૭૮ |
| चिन्ता-भावनाज्ञानादिकम् अभ्यसनीयम् | ૨૦૭૯ |
| માત્ર શબ્દાર્થજ્ઞાનમાં ન અટવાઈએ | ૨૦૭૯ |
| તદ્દવૃત્તિ-તાદાત્મ્યપરિણતિને પ્રગટાવીએ | ૨૦૭૯ |
| पदार्थवैशद्यापेक्षया परिणतिवैशद्येऽधिकं यतनीयम् | ૨૦૮૦ |
| ચિત્તપરિણતિને નિર્મળ કરીએ | ૨૦૮૦ |
| अनुपचरितस्वभावो गुण एव | ૨૦૮૧ |
| અવ્યયાર્થને સમજીએ | ૨૦૮૧ |
| उपचरितस्वभावाः पर्यायात्मकाः | ૨૦૮૨ |
| દેવસેનમતસમીક્ષા | ૨૦૮૨ |
| ઉપચરિત સ્વભાવ પર્યાયાત્મક | ૨૦૮૨ |
| पर्यायाणां द्रव्य-गुणाश्रितत्वम् | ૨૦૮૩ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયના લક્ષણની વિચારણા | ૨૦૮૩ |
| गुणनिष्ठपर्यायविमर्शः | ૨૦૮૪ |
| ગુણમાં પણ પર્યાયો હોય છે ! | ૨૦૮૪ |
| પ્રતિક્ષણ વસ્તુપરિવર્તનનું અનુમાન | ૨૦૮૪ |
| एकगुणकालत्वादयः पर्यायाः | ૨૦૮૫ |
| પર્યાય ગુણાશ્રિત - અનુયોગદ્વાર | ૨૦૮૫ |
| એકઅંશયુક્ત વર્ણાદિ પર્યાયસ્વરૂપ | ૨૦૮૫ |
| पर्यायत्रैविध्यपरामर्शः | ૨૦૮૬ |
| ગુણ-પર્યાયનો અભેદ પારમાર્થિક | ૨૦૮૬ |
| देवसेनमतसमीक्षा | ૨૦૮૭ |
| અનુપચરિત-ઉપચરિતસ્વભાવ ગુણ-પર્યાય સ્વરૂપ | ૨૦૮૭ |
| સ્વભાવનો ગુણ-પર્યાયમાં સમાવેશ યોગ્ય | ૨૦૮૭ |
| દેવસેનમતમાં સપ્તભંગીવ્યવસ્થાનો ભંગ | ૨૦૮૭ |
| सप्तभङ्गीप्रक्रियाप्रकाशनम् | ૨૦૮૮ |
| દેવસેનમતમાં સપ્તભંગીપ્રક્રિયાભંગ | ૨૦૮૮ |
| देवसेनसम्मतसामान्यस्वभावविभागमीमांसा | ૨૦૮૯ |
| સ્વતંત્ર અસ્તિ-નાસ્તિસ્વભાવની આપત્તિ | ૨૦૮૯ |
| गुड-शुण्ठीन्यायविमर्शः | ૨૦૯૦ |
| અતિરિક્ત નિત્યાનિત્યાદિ પાંચ સામાન્યસ્વભાવની આપત્તિ | ૨૦૯૦ |
| દેવસેનદર્શિત સામાન્યસ્વભાવવિભાગ ન્યૂનતાગ્રસ્ત | ૨૦૯૦ |
| एकविंशतिसामान्यस्वभावाऽऽपादनम् | ૨૦૯૧ |
| અપરમસ્વભાવ તથા પરમાપરમસ્વભાવનું આપાદન | ૨૦૯૧ |
| देवसेनसम्मतविशेषस्वभावविभागमीमांसा | ૨૦૯૨ |
| ૨૧ સામાન્યસ્વભાવનું કોષ્ઠક | ૨૦૯૨ |
| દેવસેનદર્શિત વિશેષસ્વભાવવિભાગ પણ ન્યૂનતાગ્રસ્ત | ૨૦૯૨ |
| असद्भूतव्यवहारविषयविमर्शः | ૨૦૯૩ |
| આલાપપદ્ધતિ ગ્રંથની સમીક્ષા | ૨૦૯૩ |
| तात्त्विकव्यवहारनयमतद्योतनम् | ૨૦૯૪ |
| દ્રવ્યસ્વભાવપ્રકાશ ગ્રંથની સમાલોચના | ૨૦૯૪ |
| તાત્ત્વિકવ્યવહારથી સંસારી જીવ મૂર્ત-અચેતનસ્વભાવવિશિષ્ટ | ૨૦૯૪ |
| मूर्त्ततादिकालावच्छेदेनाऽपि जीवे अमूर्त्ततादव्याघातः | ૨૦૯૫ |
| તાત્ત્વિક વ્યવહારનયની ઓળખાણ | ૨૦૯૫ |
| प्रदेशत्वं न साधारणगुणः | ૨૦૯૬ |
| દેવસેનસંમત સાધારણગુણવિભાગ અનુચિત | ૨૦૯૬ |
| પ્રદેશત્વ પણ સામાન્ય ગુણ નથી | ૨૦૯૬ |
| चैतन्य-मूर्त्तत्वयोः विशेषगुणत्वमेव | ૨૦૯૭ |
| દેવસેનમાન્ય સામાન્ય-વિશેષગુણવિભાગ અયોગ્ય | ૨૦૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દેવસેન દિગંબરસંપ્રદાયબાહ્ય | ૨૦૯૭ |
| सामान्य-विशेषगुणस्वरूपद्योतनम् | ૨૦૯૮ |
| સામાન્ય-વિશેષગુણનું લક્ષણ | ૨૦૯૮ |
| દેવસેનનો આક્ષેપ | ૨૦૯૮ |
| દેવસેનમતમાં નવી સમસ્યા | ૨૦૯૮ |
| त्रिविधः गुणविभागः समीचीनः | ૨૦૯૯ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નયો દ્વારા નિત્યાનિત્યત્વવિચારણા | ૨૦૯૯ |
| षड्द्रव्यगुणविमर्शः | ૨૧૦૦ |
| उत्सेक-शोकौ परिहार्यौ | ૨૧૦૧ |
| ગુણને પ્રગટ કરો, ઉપચાર ઉપર મદાર ન બાંધો | ૨૧૦૧ |
| પાંચ ભ્રાન્ત સંબંધોને વિદાય આપીએ | ૨૧૦૧ |
| रागादेः कर्मोपादानकत्वम् | ૨૧૦૨ |
| ....તો મિથ્યાત્વાદિ મૂળમાંથી ઉખડે | ૨૧૦૨ |
| आत्म-रागयोः ज्ञातृ-ज्ञेयसम्बन्धोऽपि त्याज्यः | ૨૧૦૩ |
| નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધને પણ પરિહરીએ | ૨૧૦૩ |
| મિથ્યાત્વાદિને અવસ્તુ બનાવી તેનાથી મુક્ત બનીએ | ૨૧૦૩ |
| द्रव्यान्तरसङ्क्रमोऽसम्मतः | ૨૧૦૪ |
| कर्मपरिणामानाम् अवस्तुत्वापादनम् | ૨૧૦૫ |
| ભાવસંસાર મિથ્યા | ૨૧૦૫ |
| मिथ्यात्वाद्युच्छेदोपायनिर्देशः | ૨૧૦૬ |
| परकीयमपि सद्वचनं ग्राह्यम् | ૨૧૦૭ |
| ગુણ-સ્વભાવપ્રકારપ્રતિપાદનનો ઉપસંહાર | ૨૧૦૭ |
| જિનશાસનની સેવા માટે જરૂરી ગુણોનો નિર્દેશ | ૨૧૦૭ |
| माध्यस्थ्यं सद्गुणप्रवाहबीजम् | ૨૧૦૮ |
| શાખા - ૧૩ - અનુપ્રેક્ષા | ૨૧૦૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **शाखा - १४ : पर्यायप्रतिपादनम्** | **२१११-२१५४** |
| ટૂંકસાર (શાખા - ૧૪) | ૨૧૧૨ |
| पर्यायगोचरपर्यायनामप्रतिपादनम् | ૨૧૧૩ |
| પર્યાયના સમાનાર્થક શબ્દોનું નિરૂપણ | ૨૧૧૩ |
| सदागमाः समादरणीयाः | ૨૧૧૪ |
| પર્યાયના પ્રકારોનું પ્રતિપાદન | ૨૧૧૪ |
| आगमपरिणतिप्रादुर्भावोपायोपदर्शनम् | ૨૧૧૫ |
| આગમપરિણતિને પ્રગટાવવાના ઉપાય | ૨૧૧૫ |
| व्यञ्जनपर्यायः स्थूलः, अर्थपर्यायः सूक्ष्मः | ૨૧૧૬ |
| વ્યંજનપર્યાયનું નિરૂપણ | ૨૧૧૬ |
| દિગંબર દૃષ્ટિએ વ્યંજનપર્યાય | ૨૧૧૬ |
| त्रिकालस्पर्शी व्यञ्जनपर्यायः क्षणिकश्चार्थपर्यायः | ૨૧૧૭ |
| અર્થપર્યાયની પ્રરૂપણા | ૨૧૧૭ |
| તિર્યક્ સામાન્ય વ્યંજનપર્યાયસ્વરૂપ | ૨૧૧૭ |
| तिर्यक्सामान्यं व्यञ्जनपर्यायः | ૨૧૧૮ |
| રત્નપ્રભસૂરિમતપ્રદર્શન | ૨૧૧૮ |
| व्यञ्जनव्याख्यानम् | ૨૧૧૯ |
| સપ્તભંગીનયપ્રદીપ ગ્રંથનો સંવાદ | ૨૧૧૯ |
| તિર્યક્ સામાન્ય સ્થૂલપર્યાય | ૨૧૧૯ |
| હર્ષવર્ધનઉપાધ્યાય મતનું વિજ્ઞાપન | ૨૧૧૯ |
| સામાન્ય = વ્યંજનપર્યાય, વિશેષ = અર્થપર્યાય | ૨૧૧૯ |
| व्यञ्जनपर्यायेभ्यः अर्थपर्यायाः अनन्तगुणाः | ૨૧૨૦ |
| અભિલાપ્યભાવ = વ્યંજનપર્યાય : શ્રીહેમચન્દ્રસૂરિ | ૨૧૨૦ |
| પર્યાયશબ્દવાચ્ય અર્થપરિણામ = વ્યંજનપર્યાય - હેમચન્દ્રસૂરિજી | ૨૧૨૦ |
| वचनार्थपर्यायविमर्शः | ૨૧૨૧ |
| અર્થસ્વરૂપ અર્થપર્યાય, શબ્દસ્વરૂપ વ્યંજનપર્યાય | ૨૧૨૧ |
| પૂર્ણઅર્થવાચક વ્યંજનપર્યાય, વસ્તુ-અંશવાચક અર્થપર્યાય | ૨૧૨૧ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અર્થનામવાચક વ્યંજનપર્યાય, અર્થભેદ અર્થપર્યાય | ૨૧૨૧ |
| व्यञ्जनाऽर्थपर्यायवैविध्यम् | ૨૧૨૨ |
| વ્યંજનપર્યાયની પાંચ વ્યાખ્યા, અર્થપર્યાયની ચાર વ્યાખ્યા | ૨૧૨૨ |
| મતિજ્ઞાનાદિ વ્યંજનપર્યાય, અવગ્રહાદિ અર્થપર્યાય | ૨૧૨૨ |
| अर्थव्यञ्जनपर्याया नयस्वरूपाः | ૨૧૨૩ |
| વ્યંજનપર્યાયની ચાર વિશેષતા | ૨૧૨૩ |
| વ્યંજન-અર્થપર્યાય : સંમતિતર્કવૃત્તિદર્પણમાં | ૨૧૨૩ |
| व्यञ्जनपर्यायोऽविकल्पकत्वनिबन्धनः, अर्थपर्यायोऽन्यथा | ૨૧૨૪ |
| વ્યંજનપર્યાય પણ પદાર્થપરિણામસ્વરૂપ | ૨૧૨૪ |
| पुरुषे एकाऽनेकरूपताविमर्शः | ૨૧૨૫ |
| પુરુષ સવિકલ્પ-નિર્વિકલ્પ | ૨૧૨૫ |
| વ્યંજનપર્યાય અર્થાન્તરસ્વરૂપ | ૨૧૨૫ |
| શબ્દનય = વ્યંજનપર્યાય | ૨૧૨૫ |
| अस्तित्वद्वैविध्यविचारः | ૨૧૨૬ |
| જ્ઞાનવિષય વ્યંજનપર્યાય, દર્શનવિષય અર્થપર્યાય | ૨૧૨૬ |
| સાદશ્યાસ્તિત્વ = વ્યંજનપર્યાય, સ્વરૂપાસ્તિત્વ = અર્થપર્યાય | ૨૧૨૬ |
| સ્વરૂપાસ્તિત્વ - સાદશ્યાસ્તિત્વને ઓળખીએ | ૨૧૨૬ |
| અર્થક્રિયાકારિત્વસૂચિત વ્યંજનપર્યાય | ૨૧૨૬ |
| शुद्धात्मद्रव्यदृष्टिप्रादुर्भावपरामर्शः | ૨૧૨૭ |
| વ્યંજનપર્યાય-અર્થપર્યાય અંગે દિગંબરમત | ૨૧૨૭ |
| જયસેનાચાર્યમતપ્રદર્શન | ૨૧૨૭ |
| વ્યંજન-અર્થપર્યાય વિશે પ્રવચનસારવૃત્તિસંવાદ | ૨૧૨૭ |
| વ્યંજનપર્યાયનો ઉપયોગ અને સાવધાની | ૨૧૨૭ |
| गम्भीरतोदारतोपायद्योतनम् | ૨૧૨૮ |
| अष्टविधपर्यायनिर्देशः | ૨૧૨૯ |
| પર્યાયના આઠ ભેદની ઓળખ | ૨૧૨૯ |
| શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનું નિરૂપણ | ૨૧૨૯ |
| सिद्धेषु द्रव्यविभावव्यञ्जनपर्यायाऽभावः | ૨૧૩૦ |
| सिद्धपर्यायस्वरूपोपदर्शनम् | ૨૧૩૧ |
| સિદ્ધ ભગવંત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત | ૨૧૩૧ |
| कर्मशून्यात्मप्रदेशस्थिरता शुद्धात्मद्रव्यव्यञ्जनपर्यायः | ૨૧૩૨ |
| શુદ્ધ આત્મદ્રવ્યના વ્યંજનપર્યાય | ૨૧૩૨ |
| ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના શુદ્ધ વ્યંજનપર્યાય | ૨૧૩૨ |
| સ્વભાવપર્યાય શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયના સૂચક | ૨૧૩૨ |
| मौलध्येयं न विस्मर्तव्यम् | ૨૧૩૩ |
| શુદ્ધાત્મદ્રવ્યવ્યંજનપર્યાય પ્રાદુર્ભાવ : ચરમ-પરમ લક્ષ્ય | ૨૧૩૩ |
| जीवद्रव्याऽशुद्धव्यञ्जनपर्यायवैविध्यम् | ૨૧૩૪ |
| અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયની પ્રરૂપણા | ૨૧૩૪ |
| શરીરાકાર જીવપ્રદેશપરિણામ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૩૪ |
| अशुद्धजीवद्रव्यव्यञ्जनपर्यायप्रतिपादनम् | ૨૧૩૫ |
| આત્માના આઠ પ્રકાર | ૨૧૩૫ |
| પ્રશમરતિસંદર્ભની સ્પષ્ટતા | ૨૧૩૫ |
| सिद्धेषु चारित्र-वीर्याभावप्रतिपादनम् | ૨૧૩૬ |
| સિદ્ધો ચારિત્રશૂન્ય-વીર્યશૂન્ય : ભગવતીસૂત્ર | ૨૧૩૬ |
| જીવના શુદ્ધ ગુણવ્યંજનપર્યાયનું પ્રકાશન | ૨૧૩૬ |
| कार्यशुद्ध-कारणशुद्धगुणव्यञ्जनपर्यायप्रज्ञापना | ૨૧૩૭ |
| સ્વભાવપર્યાયના બે ભેદને સમજીએ | ૨૧૩૭ |
| शुद्धगुणव्यञ्जनपर्यायप्रज्ञापना | ૨૧૩૮ |
| પુદ્ગલના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય | ૨૧૩૮ |
| અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયનું પ્રતિપાદન | ૨૧૩૮ |
| સ્વાભાવિક જ્ઞાનનો વિકાર મતિજ્ઞાનાદિ | ૨૧૩૮ |
| व्यञ्जनपर्यायचतुर्भङ्गी | ૨૧૩૯ |
| સ્વભાવ-વિભાવ પર્યાયની વિચારણા | ૨૧૩૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| अशुद्धद्रव्यव्यञ्जनपर्यायोच्छेदोपायोपदर्शनम् | ૨૧૪૦ |
| સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ | ૨૧૪૦ |
| જીવના ચાર પર્યાયનો અતિદેશ | ૨૧૪૦ |
| વ્યંજનપર્યાયસૂચિત સાધનામાર્ગની સમજણ | ૨૧૪૦ |
| चित्तस्थैर्योपायदर्शनम् | ૨૧૪૧ |
| शुद्धद्रव्यव्यञ्जनपर्यायस्थैर्यं परमप्रयोजनम् | ૨૧૪૨ |
| ગુણવ્યંજનપર્યાયને શુદ્ધ કરીએ | ૨૧૪૨ |
| શુદ્ધસ્વરૂપદર્શનથી શુદ્ધસ્વરૂપ પ્રગટે | ૨૧૪૨ |
| सर्वत्र समदृष्टिः सिद्धिसाधनम् | ૨૧૪૩ |
| पञ्चम-षष्ठपर्यायप्ररूपणा | ૨૧૪૪ |
| શુદ્ધ દ્રવ્યાર્થપર્યાયનું લક્ષણ | ૨૧૪૪ |
| અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાયનું નિરૂપણ | ૨૧૪૪ |
| पञ्चम-षष्ठपर्यायपार्थक्यबीजद्योतनम् | ૨૧૪૫ |
| પાંચમા અને છઠ્ઠા પર્યાય વચ્ચે તફાવત | ૨૧૪૫ |
| દ્રવ્યાર્થપર્યાયની પ્રેરણા ઝીલીએ | ૨૧૪૫ |
| व्यञ्जनपर्यायो दीर्घकालव्यापी | ૨૧૪૬ |
| મનુષ્યપર્યાય જન્મ-મરણપર્યન્ત એક છે | ૨૧૪૬ |
| जीवे इवान्यत्राऽपि अशुद्धार्थपर्यायाः | ૨૧૪૭ |
| શુદ્ધ-અશુદ્ધ અર્થપર્યાય વચ્ચે તફાવત | ૨૧૪૭ |
| અશુદ્ધ અર્થપર્યાયની વ્યાપકતા | ૨૧૪૭ |
| अभिधान-प्रत्यय-व्यवहाराणां वस्तुसाधकत्वम् | ૨૧૪૮ |
| સંમતિવ્યાખ્યાકારમતપ્રદર્શન | ૨૧૪૮ |
| વિધેયાત્મક-નિષેધાત્મક પ્રતીતિની વિચારણા | ૨૧૪૮ |
| शब्दपर्यायोऽर्थधर्मः | ૨૧૪૯ |
| નામ-નામીનો અભેદ : નામનય | ૨૧૪૯ |
| વ્યંજનપર્યાય પણ વસ્તુનિષ્ઠ | ૨૧૪૯ |
| पुरुषस्य एकानेकरूपता | ૨૧૫૦ |
| અર્થપર્યાય પણ અલ્પકાલસ્થાયી | ૨૧૫૦ |
| અર્થપર્યાયો અશુદ્ધ પણ હોય | ૨૧૫૦ |
| व्यञ्जनार्थपर्यायमीमांसा | ૨૧૫૧ |
| લેશ્યાસ્થાનમાં અશુદ્ધ અર્થપર્યાય | ૨૧૫૧ |
| વિભિન્ન વ્યંજન-અર્થપર્યાયથી સદ્-અસત્ ત્રિલક્ષણ જગત | ૨૧૫૧ |
| निश्चयतो बालादयो न जीवपर्यायाः | ૨૧૫૨ |
| બન્ને પ્રકારના સંસારી પર્યાયને હટાવીએ | ૨૧૫૨ |
| शुद्धव्यञ्जनाऽर्थपर्यायाः प्रादुर्भावनीयाः | ૨૧૫૩ |
| સ્વાનુભૂતિ માટે વ્યવહારદૃષ્ટિ ત્યાજ્ય | ૨૧૫૩ |
| બાલાદિ પર્યાયો શરીરના જ છે | ૨૧૫૩ |
| षट्स्थानपतितवृद्धि-हानिविमर्शः | ૨૧૫૪ |
| અગુરુલઘુપર્યાયના બાર ભેદ | ૨૧૫૪ |
| शुद्धगुणार्थपर्याये प्रमेयकेन्द्रितनिश्चयनयाभिगमः | ૨૧૫૫ |
| ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિનો વિચાર | ૨૧૫૫ |
| शुद्धगुणार्थपर्याये आध्यात्मिकनिश्चयनयाभिप्रायः | ૨૧૫૬ |
| સ્વભાવપર્યાયનો અતિદેશ | ૨૧૫૬ |
| પ્રમેયકેન્દ્રિત નિશ્ચનયનો વિમર્શ | ૨૧૫૬ |
| આધ્યાત્મિક નયથી સ્વભાવપર્યાયની વ્યાખ્યા | ૨૧૫૬ |
| प्रथमाऽप्रथमादिसमयभेदप्रयुक्तार्थभेदः | ૨૧૫૭ |
| કેવલજ્ઞાનમાં પણ અર્થપર્યાય છે | ૨૧૫૭ |
| प्रथमाऽप्रथमादिसमयभेदप्रयुक्तार्थपर्यायभेदः | ૨૧૫૮ |
| અશુદ્ધ ગુણાર્થપર્યાયનું નિરૂપણ | ૨૧૫૮ |
| સૂક્ષ્મસંપરાય સંયમના અર્થપર્યાય | ૨૧૫૮ |
| सूक्ष्मसंपरायोपशान्तकषायवीतरागदर्शनादिभेदः | ૨૧૫૯ |
| ઉપશાંતકષાય વીતરાગદર્શનના અર્થપર્યાય | ૨૧૫૯ |
| गुणार्थपर्यायगतशुद्धत्वाऽशुद्धत्वस्वरूपप्रज्ञापना | ૨૧૬૦ |
| શુદ્ધ-અશુદ્ધ ગુણઅર્થપર્યાયની વ્યવસ્થા | ૨૧૬૦ |
| अशुद्धार्थपर्याया देवसेनसम्मताः | ૨૧૬૧ |
| વિભાવ અર્થપર્યાયના છ ભેદ | ૨૧૬૧ |
| सम्पूर्णद्रव्यस्वरूपाऽऽवेदनम् | ૨૧૬૨ |
| સર્વપર્યાયપ્રમાણ પ્રત્યેક દ્રવ્ય | ૨૧૬૨ |
| કાળતત્ત્વનો ભય છોડો, સાવધાન બનો | ૨૧૬૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **स्वेच्छया कुकर्माद्यधीनता नोपादेया** | २१६३ |
| **परमाणुः शुद्धपुद्गलव्यञ्जनपर्यायः** | २१६४ |
| શુદ્ધ પુદ્ગલદ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૬૪ |
| અશુદ્ધ પુદ્ગલદ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૬૪ |
| **परमाणुगुणाः शुद्धपुद्गलगुणव्यञ्जनपर्यायाः** | २१६५ |
| સ્વભાવ-વિભાવ પુદ્ગલ | ૨૧૬૫ |
| પુદ્ગલના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય | ૨૧૬૫ |
| પુદ્ગલના અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય | ૨૧૬૫ |
| **स्वभाव-विभावव्यञ्जनपर्यायप्रतिपादनम्** | २१६६ |
| અન્ય પરિભાષાનો પરિચય | ૨૧૬૬ |
| સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ | ૨૧૬૬ |
| **पुद्गलादौ अर्थपर्यायप्रकाशनम्** | २१६७ |
| ચતુર્વિધ પુદ્ગલપર્યાયનો અતિદેશ | ૨૧૬૭ |
| પુદ્ગલમાં અને તેના ગુણમાં અર્થપર્યાય | ૨૧૬૭ |
| **पुद्गल-तद्गुणपर्यायनिमित्तकः प्रत्याघातः त्याज्यः** | २१६८ |
| પર્યાયપરિવર્તનનિમિત્તક આઘાત-પ્રત્યાઘાતને છોડો | ૨૧૬૮ |
| **दिगम्बरमतनिरासः** | २१६९ |
| ધર્માસ્તિકાય વગેરેમાં પણ અર્થપર્યાય | ૨૧૬૯ |
| **धर्मादौ शुद्धार्थपर्यायप्रकाशनम्** | २१७० |
| શૃંગગ્રાહિકા ન્યાયની સમજણ | ૨૧૭૦ |
| ધર્મદ્રવ્ય વગેરેમાં સોપાધિક અર્થપર્યાય | ૨૧૭૦ |
| **धर्मादिद्रव्येषु अर्थपर्यायत्वेनाऽनित्यत्वस्थापनम्** | २१७१ |
| બ્રહ્મદેવ-પદ્મપ્રભ સાથે દિગંબરદેશીયને વિરોધ | ૨૧૭૧ |
| દિગંબરદેશીયને વિદ્યાનંદસ્વામીની સાથે વિરોધ | ૨૧૭૧ |
| **हर्ष-शोकत्यागेन असङ्गता प्राप्तव्या** | २१७२ |
| ધર્માસ્તિકાયાદિમાં માત્ર અર્થપર્યાય : જયસેનાચાર્ય | ૨૧૭૨ |
| ધર્માસ્તિકાય વગેરેમાં ચારેય પર્યાયો રહે | ૨૧૭૨ |
| ધર્માસ્તિકાયાદિથી બોધપાઠ લઈએ | ૨૧૭૨ |
| **परसन्मुखचित्तवृत्तिः त्याज्या** | २१७३ |
| કર્મના કાર્યક્ષેત્રમાંથી બહાર નીકળી જઈએ | ૨૧૭૩ |
| સાધકને ભોગસુખો મૃગજળતુલ્ય લાગવા જોઈએ | ૨૧૭૩ |
| **आन्तरज्ञानज्योतिः परमं तत्त्वम्** | २१७४ |
| જ્ઞાનજ્યોત સિવાય બધું ઉપદ્રવસ્વરૂપ | ૨૧૭૪ |
| નિજશુદ્ધચૈતન્યસ્વભાવમાં વિશ્રાન્તિ કરીએ | ૨૧૭૪ |
| **सिद्धस्वरूपद्योतनम्** | २१७५ |
| **दिगम्बरमतनिराकरणम्** | २१७६ |
| ધર્માસ્તિકાયાદિમાં પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૭૬ |
| **धर्मादौ अशुद्धव्यञ्जनपर्यायस्थापनम्** | २१७७ |
| **ब्रह्मदेवमतसमालोचना** | २१७८ |
| ધર્માસ્તિકાયાદિના શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૭૮ |
| ઘટાકાશાદિ વિભાવપર્યાયો પણ વાસ્તવિક | ૨૧૭૮ |
| પંચાસ્તિકાયસંગ્રહની સ્પષ્ટતા | ૨૧૭૮ |
| **कुन्दकुन्दस्वामिमतमीमांसा** | २१७९ |
| નિયમસારમીમાંસા | ૨૧૭૯ |
| દ્રવ્યસ્વભાવપ્રકાશની સમીક્ષા | ૨૧૭૯ |
| **अमृतचन्द्रमतसमीक्षा** | २१८० |
| પંચાસ્તિકાયસંગ્રહવૃત્તિ અંગે મીમાંસા | ૨૧૮૦ |
| નિયમસાર સમીક્ષા | ૨૧૮૦ |
| **धमास्तिकायादिवद् असङ्गतया भाव्यम्** | २१८१ |
| ધર્માદિ દ્રવ્યમાં શુદ્ધ-અશુદ્ધ વ્યંજનપર્યાય | ૨૧૮૧ |
| ધર્મદ્રવ્યનો ઉપદેશ | ૨૧૮૧ |
| **अन्तर्मुखोपयोगेन इष्टाऽनिष्ट-विकल्पाऽनुत्थानम्** | २१८२ |
| આપણા ઉપયોગને અને પરિણતિને અસંગ બનાવીએ | ૨૧૮૨ |
| **अनाश्रवदशातः केवलज्ञानलाभः** | २१८३ |
| અસંગદશાથી કેવળજ્ઞાન | ૨૧૮૩ |
| **धर्मादिद्रव्येऽशुद्धव्यञ्जनपर्यायसमर्थनम्** | २१८४ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સંયોગ પણ પર્યાય છે | ૨૧૮૪ |
| पर्याये नित्यत्व-ममत्वादिबुद्धिः दुःखकारणम् | ૨૧૮૫ |
| સંયોગ દુઃખનિમિત્ત | ૨૧૮૫ |
| निजपरमानन्दाऽऽस्वादनोपायोपदर्शनम् | ૨૧૮૬ |
| चकारार्थपरामर्शः | ૨૧૮૭ |
| પર્યાયના લક્ષણનો વિચાર | ૨૧૮૭ |
| सामान्यपरिणतिरूपम् एकत्वम् | ૨૧૮૮ |
| એકત્વ અને સંખ્યાના અર્થમાં ભેદ | ૨૧૮૮ |
| ઉત્તરાધ્યયનસૂત્રવિમર્શ | ૨૧૮૮ |
| पृथक्त्व-सङ्ख्यादिस्वरूपदर्शनम् | ૨૧૮૯ |
| અનુગત પ્રતીતિનું અસાધારણ કારણ પર્યાયવિશેષ | ૨૧૮૯ |
| धर्मादिद्रव्येऽशुद्धव्यञ्जनपर्यायसिद्धिः | ૨૧૯૦ |
| સંયોગ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય | ૨૧૯૦ |
| ગુણનો પર્યાયમાં અંતર્ભાવ | ૨૧૯૦ |
| विंशतिविधपरिणामप्रकाशनम् | ૨૧૯૧ |
| જીવાજીવપરિણામસ્વરૂપ પર્યાયની વિચારણા | ૨૧૯૧ |
| अपूर्वगुणसर्जनमिह कर्तव्यम् | ૨૧૯૨ |
| સંખ્યાપૂરક બનવાનું નથી | ૨૧૯૨ |
| उपचरिताऽशुद्धपर्यायस्वरूपविमर्शः | ૨૧૯૩ |
| ધર્માસ્તિકાયના અશુદ્ધ પર્યાય નથી : દિગંબર | ૨૧૯૩ |
| द्रव्यस्वरूपं परदर्शनदर्पणे | ૨૧૯૪ |
| ધર્માસ્તિકાયમાં અશુદ્ધ પર્યાય છે : શ્વેતાંબર | ૨૧૯૪ |
| દ્રવ્ય અન્યથા બનતું નથી : વ્યાસ | ૨૧૯૪ |
| अशुद्धपर्यायव्यवहारनियामकविचारः | ૨૧૯૫ |
| ધર્માદિદ્રવ્યમાં ઉપચરિતપર્યાય નથી | ૨૧૯૫ |
| આત્મા અનાત્મા બનતો નથી | ૨૧૯૫ |
| शास्त्रज्ञानादपि आत्मज्ञानेऽधिकं यतनीयम् | ૨૧૯૬ |
| શુદ્ધાત્મદ્રવ્યાદિરમણતા જ ઉપાદેય છે | ૨૧૯૬ |
| પરને જાણવા-જોવા-ભોગવવાની મિથ્યામતિ છોડીએ | ૨૧૯૬ |
| आत्मानन्दस्वभावविचारः | ૨૧૯૭ |
| આત્માના આનંદસ્વભાવને ઓળખીએ | ૨૧૯૭ |
| अशुद्धद्रव्यव्यञ्जनपर्यायमीमांसा | ૨૧૯૮ |
| અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાયની વિચારણા | ૨૧૯૮ |
| धर्मादिद्रव्ये शुद्धाशुद्धपर्यायसिद्धिः | ૨૧૯૯ |
| ધર્માસ્તિકાયાદિમાં શુદ્ધ-અશુદ્ધવ્યંજન-પર્યાય નિરાબાધ | ૨૧૯૯ |
| नियमसारवृत्तिसमालोचना | ૨૨૦૦ |
| ધર્મદ્રવ્યના સ્વ-પરપર્યાયમાં એકતાની આપત્તિ | ૨૨૦૦ |
| सम्यगनेकान्त उपादेयः | ૨૨૦૧ |
| અનેકાન્તવાદની સમજણ | ૨૨૦૧ |
| સંકર-વ્યતિકરની સ્પષ્ટતા | ૨૨૦૧ |
| શાસ્ત્રાનુસારી વિવક્ષા ઉપયોગી | ૨૨૦૧ |
| अनुकूलतावादः त्याज्यः | ૨૨૦૨ |
| સગવડવાદ છોડો, સ્યાદ્વાદ પકડો | ૨૨૦૨ |
| કુટિલ નહિ, કમળ જેવા કોમળ બનો | ૨૨૦૨ |
| अर्हद्भक्तिनाम्ना मोहाधीनता न पोषणीया | ૨૨૦૩ |
| प्रकारान्तरेण पर्यायचतुष्कोपदर्शनम् | ૨૨૦૪ |
| બીજી રીતે ચાર પર્યાય | ૨૨૦૪ |
| પર્યાયની વ્યુત્પત્તિને સમજીએ | ૨૨૦૪ |
| उत्पाद-व्ययोपेक्षणेन ध्रौव्यावलोकनम् | ૨૨૦૫ |
| જો જો, શુદ્ધ આત્મદ્રવ્ય નજરમાંથી છૂટી ન જાય | ૨૨૦૫ |
| સ્વસન્મુખ રહી સ્વાનુભૂતિ પ્રગટાવીએ | ૨૨૦૫ |
| स्वसन्मुखतायाः प्रकृष्टात्मशुद्धिजनकता | ૨૨૦૬ |
| पर्यायसाजात्यनियामकतत्त्वविचारः | ૨૨૦૭ |
| પુદ્ગલના સજાતીય દ્રવ્યપર્યાયની વિચારણા | ૨૨૦૭ |
| આત્માના વિજાતીય દ્રવ્યપર્યાય | ૨૨૦૭ |
| असमानजातीयपर्यायस्य विभावपर्यायता | ૨૨૦૮ |
| સમાન-અસમાનજાતીય પર્યાયની વિચારણા | ૨૨૦૮ |
| સિદ્ધસંસ્થાન - સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય | ૨૨૦૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| द्रव्यपर्याय-गुणपर्यायप्रतिपादनम् | ૨૨૦૯ |
| સ્વભાવગુણપર્યાયની સમજણ | ૨૨૦૯ |
| વિભાવગુણપર્યાયની ઓળખાણ | ૨૨૦૯ |
| પ્રવચનસારવ્યાખ્યામાં ચાર પર્યાયની પ્રરૂપણા | ૨૨૦૯ |
| देवसेनमतसमीक्षा | ૨૨૧૦ |
| પરમાણુપર્યાયનો અસમાવેશ | ૨૨૧૦ |
| सम्मतितर्कसंवादः | ૨૨૧૧ |
| શુભચંદ્રમતની સમીક્ષા | ૨૨૧૧ |
| પરમાણુ વિભાગજાત પર્યાય છે | ૨૨૧૧ |
| नूतनः चतुर्विधपर्यायविभागोऽनुचितः | ૨૨૧૨ |
| પરમાણુપર્યાયના અસમાવેશથી અપસિદ્ધાન્ત દોષ | ૨૨૧૨ |
| પરમાણુ = સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય : બ્રહ્મદેવ | ૨૨૧૨ |
| देवसेनमतसमालोचना | ૨૨૧૩ |
| પરમાણુ = શુદ્ધ પુદ્ગલપર્યાય : પદ્મપ્રભ | ૨૨૧૩ |
| દેવસેનને અપસિદ્ધાંત દોષ | ૨૨૧૩ |
| पुद्गलपरमाणुः सूक्ष्मपर्यायः | ૨૨૧૪ |
| સૂક્ષ્મ-બાદર પર્યાય : શુભચંદ્ર | ૨૨૧૪ |
| પરમાણુનો પર્યાયમાં સમાવેશ | ૨૨૧૪ |
| सजातीयद्रव्यव्यञ्जनपर्यायप्ररूपणा | ૨૨૧૫ |
| અન્ય પરિભાષાથી મૂળગ્રંથની સંગતિ | ૨૨૧૫ |
| नयचक्रसारकारमतविद्योतनम् | ૨૨૧૬ |
| છ પ્રકારના પર્યાય : શ્રીદેવચન્દ્રજી | ૨૨૧૬ |
| परं ब्रह्म नैव साक्षात्कृतम् | ૨૨૧૭ |
| સ્વભાવગુણપર્યાયને પ્રગટાવીએ | ૨૨૧૭ |
| निजशुद्धस्वभावगुणपर्यायप्रकटनं परमप्रयोजनम् | ૨૨૧૮ |
| લિપિમય-વાઙ્મય-મનોમય દૃષ્ટિથી આત્માનુભવ ન થાય | ૨૨૧૮ |
| મતિજ્ઞાન વિભાવ છે, વિરુદ્ધભાવ નથી | ૨૨૧૮ |
| अमलनिजात्मद्रव्याऽनुभूतिः कार्या | ૨૨૧૯ |
| સિદ્ધસ્વરૂપને પ્રગટાવીએ | ૨૨૧૯ |
| देवसेनमतसमीक्षा | ૨૨૨૦ |
| ગુણવિકારસ્વરૂપ પર્યાયની મીમાંસા | ૨૨૨૦ |
| वचनं श्रुतमाख्याति | ૨૨૨૧ |
| દ્રવ્યના જ વિવિધ પર્યાયો હોય | ૨૨૨૧ |
| માઈલ્લધવલમતની સમીક્ષા | ૨૨૨૧ |
| द्रव्यविकारः पर्यायः | ૨૨૨૨ |
| પર્યાય દ્વિવિધ - ભગવતીસૂત્ર | ૨૨૨૨ |
| नियमसारगाथाविचारः | ૨૨૨૩ |
| કાર્તિકેયઅનુપ્રેક્ષાવૃત્તિની સમાલોચના | ૨૨૨૩ |
| પર્યાય ગુણવિકારાત્મક નથી | ૨૨૨૩ |
| સ્વભાવ-વિભાવપર્યાયની વ્યાખ્યા સમજીએ | ૨૨૨૩ |
| स्वभाव-विभावगुणप्रज्ञापना | ૨૨૨૪ |
| જીવ-પુદ્ગલના સ્વભાવ-વિભાવપર્યાયમાં દેવસેનલક્ષણની અવ્યાપ્તિ | ૨૨૨૪ |
| पुनरुक्तिदोषनिराकरणम् | ૨૨૨૫ |
| પુનરુક્તિદોષ અવિદ્યમાન | ૨૨૨૫ |
| પદ્મપ્રભ સાથે દેવસેનને વિરોધ | ૨૨૨૫ |
| કેવલજ્ઞાનાદિ સ્વભાવગુણવ્યંજનપર્યાય નથી | ૨૨૨૫ |
| गुणः सामान्यात्मकः पर्यायश्च विशेषात्मकः | ૨૨૨૬ |
| સામાન્યનો પર્યાય વિશેષ ન બને | ૨૨૨૬ |
| गुणानां पर्यायान्तर्भूतत्वम् | ૨૨૨૭ |
| ગુણ-પર્યાયવ્યવહારની સ્પષ્ટતા | ૨૨૨૭ |
| કેવલજ્ઞાનાદિ આત્મદ્રવ્યના સ્વભાવપર્યાય | ૨૨૨૭ |
| ગુણસાપેક્ષ પર્યાય પણ દ્રવ્યવૃત્તિ હોવાથી દ્રવ્યપર્યાય | ૨૨૨૭ |
| पर्यायाऽतिरिक्तो गुणो नास्ति | ૨૨૨૮ |
| ગુણ પર્યાય સ્વરૂપ છે | ૨૨૨૮ |
| દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ : શ્રીહરિભદ્રસૂરિજી | ૨૨૨૮ |
| દ્રવ્ય-પર્યાયવ્યવસ્થા નિર્દોષ : શ્રીસિદ્ધસેનદિવાકરજી | ૨૨૨૮ |
| वर्णादि-ज्ञानादीनां पर्यायरूपता | ૨૨૨૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણો પર્યાયાત્મક છે | ૨૨૨૯ |
| દેવસેનમતમાં અપસિદ્ધાંત દોષ | ૨૨૨૯ |
| देवसेनस्य अपसिद्धान्तदोषः | ૨૨૩૦ |
| દિગંબરમતે ગુણનો પર્યાયમાં અંતર્ભાવ | ૨૨૩૦ |
| ગુણ-પર્યાય વચ્ચે અભેદ | ૨૨૩૦ |
| द्रव्य-पर्यायस्वभावं वस्तु | ૨૨૩૧ |
| ગુણ પર્યાયભિન્ન નથી | ૨૨૩૧ |
| ગુણનો પર્યાયમાં અંતર્ભાવ | ૨૨૩૧ |
| विकृतिः नैव द्रव्यप्रकृतिः | ૨૨૩૨ |
| ગુણવિકાર પર્યાય નથી | ૨૨૩૨ |
| વિકૃતિ કદાપિ પ્રકૃતિ ન બને | ૨૨૩૨ |
| પર્યાય ઉપર નહિ, દ્રવ્ય ઉપર ભાર આપો | ૨૨૩૨ |
| अज्ञाऽऽत्मज्ञलोकव्यवहारविमर्शः | ૨૨૩૩ |
| રાગાદિ આત્માનો વિભાવ પણ નથી જ | ૨૨૩૩ |
| ક્રિયાયોગીનો મોક્ષમાર્ગે વિકાસ | ૨૨૩૩ |
| निजात्मस्वभावदृष्टिः उपादेया | ૨૨૩૪ |
| જ્ઞાનયોગની અભિરુચિને ઓળખીએ | ૨૨૩૪ |
| જ્ઞાનમાં અનેકાંત, દૃષ્ટિમાં સમ્યગ્ એકાંત | ૨૨૩૪ |
| द्रव्य-गुणादिपरीक्षोपसंहारः | ૨૨૩૫ |
| તુચ્છ બુદ્ધિવાળાની ઉપેક્ષા કરો | ૨૨૩૫ |
| गुणादिगोचरप्रमाणमतोपदर्शनम् | ૨૨૩૬ |
| જિનવચનરક્ષા : પરમ કર્તવ્ય | ૨૨૩૬ |
| ભિન્ન જણાતા ગુણ-પર્યાય સ્વદ્રવ્યથી અભિન્ન | ૨૨૩૬ |
| व्यवहार-निश्चयमतानुसारेण पर्यायविभागप्रकाशनम् | ૨૨૩૭ |
| પર્યાયો વ્યવહારથી ૩૦, નિશ્ચયથી ૨૮ | ૨૨૩૭ |
| અમૂર્ત દ્રવ્યના તમામ પર્યાયો અગુરુલઘુ : શ્વેતાંબર | ૨૨૩૭ |
| द्रव्य-पर्याययोः वास्तवोऽभेदः अस्वाभाविको भेदः | ૨૨૩૮ |
| દ્રવ્યાભિન્ન પર્યાયથી અભિન્ન ગુણ પણ દ્રવ્યાત્મક | ૨૨૩૮ |
| जिनवचनरक्षादिप्रभावप्ररूपणम् | ૨૨૩૯ |
| શક્તિના દુર્વ્યયથી બચીએ | ૨૨૩૯ |
| नय-निक्षेप-प्रमाणैः तत्त्वविभावना | ૨૨૪૦ |
| માત્ર નામ-વેશથી કામ ન થાય | ૨૨૪૦ |
| नयादिभावनया तत्त्वोपलब्धिः | ૨૨૪૧ |
| તત્ત્વવિચારણાથી યશ નહિ, સુયશ મેળવો | ૨૨૪૧ |
| मोहक्षयजसुखदो द्रव्यानुयोगपरामर्शः | ૨૨૪૨ |
| શાખા - ૧૪ - અનુપ્રેક્ષા | ૨૨૪૩ |


**शाखा - १५ : ज्ञानमाहात्म्यम् २२४५-२३५२**


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ટૂંકસાર (શાખા - ૧૫) | ૨૨૪૬ |
| द्रव्यानुयोगप्ररूपणबीजोपदर्शनम् | ૨૨૪૭ |
| પંદરમી શાખાની પૂર્વભૂમિકા | ૨૨૪૭ |
| ગ્રંથરચનાના ત્રણ મુખ્ય પરિબળ | ૨૨૪૭ |
| द्रव्यानुयोगमाहात्म्यद्योतनम् | ૨૨૪૮ |
| દ્રવ્યાનુયોગ એ જ મોક્ષસુખનો આસ્વાદ | ૨૨૪૮ |
| નયબોધ વિના સમ્યગ્દર્શન દુર્લભ | ૨૨૪૮ |
| मुक्तिलाभक्रमप्रकाशनम् | ૨૨૪૯ |
| દ્રવ્યાનુયોગ એ જ ઉપદ્રવવિયોગ | ૨૨૪૯ |
| स्थानाङ्गसूत्रसंवादः | ૨૨૫૦ |
| દશ પ્રકારના દ્રવ્યાનુયોગ | ૨૨૫૦ |
| દ્રવ્યાનુયોગની વ્યાખ્યા | ૨૨૫૦ |
| આગમનો સાર દ્રવ્યાનુયોગ | ૨૨૫૦ |
| अवञ्चकयोगस्वरूपद्योतनम् | ૨૨૫૧ |
| સદ્ગુરુસાન્નિધ્યમાં ગ્રંથિભેદ કરીએ | ૨૨૫૧ |
| निजपरमात्मपदप्रादुर्भावः प्रणिधातव्यः | ૨૨૫૨ |
| નવ પ્રકારે અંતરંગ પુરુષાર્થ કરીએ | ૨૨૫૨ |
| દેહાદિભિન્ન સ્વરૂપે આત્માને અનુભવીએ | ૨૨૫૨ |
| अग्रेतनगुणस्थानयोग-क्षेमादिकृते यतितव्यम् | ૨૨૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| बुधजनस्वरूपोपदर्शनम् | २२५४ |
| ત્રણ પ્રકારના શ્રોતાનો પરિચય | ૨૨૫૪ |
| षोडशकसंवादः | २२५५ |
| બાલ જીવની ઓળખ | ૨૨૫૫ |
| વિશુદ્ધ પરિણતિ એ તાત્ત્વિક ધર્મ | ૨૨૫૫ |
| विशुद्धात्मपरिणतिः धर्मः | २२५६ |
| મોક્ષસુખ શ્રેષ્ઠ | ૨૨૫૬ |
| क्रियायोगस्य खद्योततुल्यता | २२५७ |
| જ્ઞાન સૂર્ય છે | ૨૨૫૭ |
| बाह्यक्रियामात्रसन्तुष्टिः त्याज्या | २२५८ |
| સમાધિ જ્ઞાનસાધ્ય | ૨૨૫૮ |
| મિથ્યા સંતોષ છોડીએ | ૨૨૫૮ |
| निजवीतरागचैतन्यस्वभावमाहात्म्यं प्रादुर्भावनीयम् | २२५९ |
| બહિર્મુખતાની સખેદ નોંધ લઈએ | ૨૨૫૯ |
| योगदृष्टिसमुच्चयसन्दर्भः | २२६० |
| ક્રિયાને તાત્ત્વિક પક્ષપાતથી વણી લઈએ | ૨૨૬૦ |
| ज्ञानयोगस्वरूपप्रकाशनम् | २२६१ |
| જ્ઞાનયોગ મોક્ષપ્રસાધક | ૨૨૬૧ |
| ज्ञानमार्गपक्षपातः कर्तव्यः | २२६२ |
| આત્મજ્ઞાન એ જ મુખ્ય મોક્ષહેતુ | ૨૨૬૨ |
| आन्तर उद्यमः कर्तव्यः | २२६३ |
| કલિકાલની બલિહારી ! | ૨૨૬૩ |
| નિજસ્વભાવનો મહિમા પ્રગટાવીએ | ૨૨૬૩ |
| निजशुद्धस्वभावे उपयोगलीनता सम्पादनीया | २२६४ |
| શાશ્વત શાંતિને પ્રગટાવીએ | ૨૨૬૪ |
| क्रियातो ज्ञानाधिक्यम् | २२६५ |
| કર્મનાશના બે ભેદ | ૨૨૬૫ |
| प्रणिधानादिशून्यक्रियावैफल्यम् | २२६६ |
| કર્મનાશ પણ કર્મવર્ધક બને ! | ૨૨૬૬ |
| અપથ્યભોજનજન્ય ક્ષુધાશમન ઈચ્છનીય નથી | ૨૨૬૬ |
| ज्ञानकृतकर्मनाशः निर्बीजः | २२६७ |
| સમ્યક્ જ્ઞાનની નિશાની | ૨૨૬૭ |
| જ્ઞાન પૂર્ણતયા કર્મનાશક | ૨૨૬૭ |
| क्लेशक्षये परदर्शनसम्मतिः | २२६८ |
| ૧૧ પ્રકારના જ્ઞાનનો નિર્દેશ | ૨૨૬૮ |
| ઐકાંતિક - આત્યંતિક કલ્યાણની સમજણ | ૨૨૬૮ |
| દેડકાની રાખ અને ચૂર્ણનું ઉદાહરણ | ૨૨૬૮ |
| उपदेशरहस्यादिसन्दर्भः | २२६९ |
| જ્ઞાનજન્ય કર્મનાશ સ્થાયી હોય | ૨૨૬૯ |
| भावनाज्ञान-स्पर्शज्ञानादिसमुपलब्धिकृते यतितव्यम् | २२७० |
| કર્મવર્ધક કર્મનિર્જરાની નિશાનીઓ | ૨૨૭૦ |
| अप्रतिपातिज्ञानगुणमीमांसा | २२७१ |
| અકરણનિયમની ઓળખાણ | ૨૨૭૧ |
| सम्यक्त्वभ्रष्टजीवकर्मबन्धविमर्शः | २२७२ |
| योगबिन्दुसंवाद | २२७३ |
| ગ્રંથિભેદ પછી કાયમી કર્મબંધસ્થિતિનો વિચાર | ૨૨૭૩ |
| भिन्नग्रन्थिकोत्कृष्टस्थितिबन्धविचारः | २२७४ |
| સમકિતપતિત અંતઃકોટાકોટીસાગરોપમથી વધુ કર્મ ન બાંધે | ૨૨૭૪ |
| સ્વરૂપતઃ નષ્ટ જ્ઞાન સંસ્કાર દ્વારા હાજર | ૨૨૭૪ |
| नष्टमपि सज्ज्ञानं संस्कारद्वारा सत् | २२७५ |
| સમ્યગ્જ્ઞાન અપ્રતિપાતી | ૨૨૭૫ |
| नयादियोजनया ज्ञानाद् मोहोच्छेदः | २२७६ |
| મોહનાશક હોવાથી જ્ઞાન અપ્રતિપાતી | ૨૨૭૬ |
| त्रिविधवैयावृत्त्यविमर्शः | २२७७ |
| જ્ઞાની જીવ સંસારમાં ભટકે નહિ | ૨૨૭૭ |
| ત્રિવિધ વૈયાવચ્ચની સમજણ | ૨૨૭૭ |
| नन्दिषेणाधिकारविमर्शः | २२७८ |
| अप्रतिपातिगुणोपलब्धये यतितव्यम् | २२७९ |
| અપ્રતિપાતી ગુણને મેળવીએ | ૨૨૭૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| રાગ-દ્વેષ-મોહશૂન્ય બનીએ | ૨૨૭૯ |
| बृहत्कल्पभाष्यसंवादः | ૨૨૮૦ |
| શુષ્ક ક્રિયા કરતાં જ્ઞાન ચઢે | ૨૨૮૦ |
| ગીતાર્થ પણ કેવલજ્ઞાની | ૨૨૮૦ |
| केवलि-गीतार्थयोः तुल्यत्वविचारः | ૨૨૮૧ |
| ज्ञानोत्कर्षसिद्धिः | ૨૨૮૨ |
| જ્ઞાની બનવાની પાત્રતા કેળવીએ | ૨૨૮૨ |
| ज्ञानं प्रधान आत्मगुणः | ૨૨૮૩ |
| જ્ઞાન ભવસાગરમાં નૌકા | ૨૨૮૩ |
| સાકાર ઉપયોગમાં લબ્ધિની ઉત્પત્તિ | ૨૨૮૩ |
| पञ्चविधमिथ्यात्वत्यागोपदेशः | ૨૨૮૪ |
| જ્ઞાન મહાપ્રકાશ | ૨૨૮૪ |
| क्रियातो ज्ञानं बलाधिकम् | ૨૨૮૫ |
| જ્ઞાનપૂત ક્રિયા સુવર્ણઘટસમાન | ૨૨૮૫ |
| मिथ्याज्ञाने मोक्षहेतुतावच्छेदक-ज्ञानत्वविरहः | ૨૨૮૬ |
| અંતરંગ હોવાથી જ્ઞાન બળવાન | ૨૨૮૬ |
| અજ્ઞાનત્વની ઓળખ | ૨૨૮૬ |
| ભાવનાજ્ઞાની પરહિત જ કરે | ૨૨૮૬ |
| पराऽहितनिमित्ततया न भाव्यम् | ૨૨૮૭ |
| માત્ર દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન નહિ, દ્રવ્યદૃષ્ટિને મેળવીએ | ૨૨૮૭ |
| साधनामार्गे प्रथमगुणप्रज्ञापना | ૨૨૮૮ |
| વ્યક્ત મિથ્યાત્વને ઓળખીએ | ૨૨૮૮ |
| तात्त्विकगुणस्थानकविमर्शः | ૨૨૮૯ |
| મિથ્યાત્વને મૂળમાંથી કાઢવાના સાધનોને પકડીએ | ૨૨૮૯ |
| घोरमिथ्यात्वोन्मूलन प्रक्रियाप्रदर्शनम् | ૨૨૯૦ |
| ज्ञान-क्रियान्वितश्रमणाः सिंहाश्वसमाः | ૨૨૯૧ |
| જિનશાસનની ઉપાસના કરો | ૨૨૯૧ |
| સિંહ અને અશ્વ જેવા સાધકો | ૨૨૯૧ |
| स्वतन्त्रे ज्ञान-क्रियासमुच्चयद्योतनम् | ૨૨૯૨ |
| જ્ઞાન-ક્રિયાસમુચ્ચય સંપૂર્ણ મોક્ષમાર્ગ | ૨૨૯૨ |
| परतन्त्रे ज्ञान-क्रियासमुच्चयप्रकाशनम् | ૨૨૯૩ |
| જ્ઞાન-ક્રિયાસમુચ્ચય અન્યદર્શનમાં પણ સંમત | ૨૨૯૩ |
| પૂર્ણપણે મુનિગુણપ્રશંસા અશક્ય | ૨૨૯૩ |
| गुणोपार्जनोपायोपदर्शनम् | ૨૨૯૪ |
| ગંભીરતા-ઉદારતા કેળવીએ | ૨૨૯૪ |
| જ્ઞાન-ક્રિયાસંપન્નની પ્રશંસા કરીએ | ૨૨૯૪ |
| द्विविधो मोक्षमार्गी | ૨૨૯૫ |
| જ્ઞાન-ક્રિયારહિત ગુરુભક્ત પણ મોક્ષમાર્ગસ્થ | ૨૨૯૫ |
| स्वभूमिकौचित्यतो मोक्षमार्गसेवनम् | ૨૨૯૬ |
| મોક્ષમાર્ગ ભૂમિકા મુજબ હોય | ૨૨૯૬ |
| असमर्थदीक्षासमर्थनम् | ૨૨૯૭ |
| બે પ્રકારે જ વિહાર માન્ય | ૨૨૯૭ |
| .... તો જ્ઞાન-ક્રિયામાં ખામીવાળાનું પણ જીવન સફળ | ૨૨૯૭ |
| सिद्धाः सर्वकालसन्तृप्ताः | ૨૨૯૮ |
| अज्ञान-मायान्विता मोक्षमार्गबाह्याः | ૨૨૯૯ |
| ઉન્માર્ગગામી જીવોની ઓળખ | ૨૨૯૯ |
| माया त्याज्या | ૨૩૦૦ |
| આજ્ઞાનિરપેક્ષ ભાવશુદ્ધિથી આત્મશુદ્ધિ ન થાય | ૨૩૦૦ |
| आत्महितगोचरमीमांसा कर्तव्या | ૨૩૦૧ |
| માયાવી સાધક અનન્તકાળ ભટકશે | ૨૩૦૧ |
| આત્મહિતનો વિચાર કરીએ | ૨૩૦૧ |
| निश्चयाभासनिरूपणम् | ૨૩૦૨ |
| ક્રિયાયોગત્યાગી મોક્ષમાર્ગબાહ્ય | ૨૩૦૨ |
| સાચા જ્ઞાની સત્ક્રિયાને ન છોડે | ૨૩૦૨ |
| खलोऽन्यदोषदर्शी | ૨૩૦૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાધ્વાભાસની ઓળખાણ | ૨૩૦૩ |
| પરદોષને મોટા કરે તે કપટી | ૨૩૦૩ |
| पापश्रमणव्याख्या | ૨૩૦૪ |
| ગુરુનિંદક સાધુ પાપશ્રમણ | ૨૩૦૪ |
| नवविधप्रत्यनीकपरामर्शः | ૨૩૦૫ |
| કિલ્બિષિકભાવનાનો ચિતાર | ૨૩૦૫ |
| વિવિધ પ્રત્યનીકોને પિછાણીએ | ૨૩૦૫ |
| गुरुनिन्दकोऽनन्तभवभ्रमणकारी | ૨૩૦૬ |
| આત્મવિડંબક ન બનીએ | ૨૩૦૬ |
| જ્ઞાનીની નજરમાં નીચા ન ઉતરીએ | ૨૩૦૬ |
| बकसाधुवर्णनम् | ૨૩૦૭ |
| બહિર્મુખી સાધુનો પરિચય | ૨૩૦૭ |
| સહવાસી જ સહવાસીને ઓળખે | ૨૩૦૭ |
| पम्पासरोवरबकवार्त्ता | ૨૩૦૮ |
| પાપશ્રમણની નિશાની | ૨૩૦૮ |
| जनमनोरञ्जनं नात्महितकारि | ૨૩૦૯ |
| લોકરંજનનો આશય ઘાતક | ૨૩૦૯ |
| परभावौदासीन्येन निजशान्तिप्रादुर्भावः | ૨૩૧૦ |
| સાચી શાંતિને મેળવવાનો ઉપાય | ૨૩૧૦ |
| अन्धवृन्दपतितद्योतनम् | ૨૩૧૧ |
| ... તો ઉગ્ર સંયમચર્યા પણ નિષ્ફળ બને | ૨૩૧૧ |
| अगीतार्थसंसर्गः त्याज्यः | ૨૩૧૨ |
| અગીતાર્થ નાયક બનવા માટે અયોગ્ય | ૨૩૧૨ |
| अज्ञानकष्टादिकं त्याज्यम् | ૨૩૧૩ |
| અગીતાર્થનિશ્રિત ભવમાં ભટકે | ૨૩૧૩ |
| मिथ्यादृशो निदानकारकत्वसम्भवः | ૨૩૧૪ |
| મિથ્યાત્વીના બ્રહ્મચર્યાદિ પ્રશંસનીય નથી - મહાનિશીથ | ૨૩૧૪ |
| मूढाः स्वदोषाऽप्रेक्षिणः | ૨૩૧૫ |
| લોકરંજનના આશયવાળા જીવો મૂઢ છે | ૨૩૧૫ |
| गर्वलक्षणविद्योतनम् | ૨૩૧૬ |
| ગર્વને ઓળખીને છોડીએ | ૨૩૧૬ |
| ગુરુપ્રતિકૂળ શિષ્યને ઓળખીએ | ૨૩૧૬ |
| માયાશલ્ય પરિહરીએ | ૨૩૧૬ |
| तुच्छाशयवन्तः कपटपरायणाः | ૨૩૧૭ |
| સ્વલક્ષ વિના જ્ઞાન સમ્યગ્ બને નહિ | ૨૩૧૭ |
| परद्रव्यादिरुचिः सन्त्याज्या | ૨૩૧૮ |
| જો જો, પરદ્રવ્યની રુચિ જાગે નહિ | ૨૩૧૮ |
| गुणज्ञा गुणिनिन्दकवर्जिनः | ૨૩૧૯ |
| ગુણાનુવાદ પણ દોષરૂપે પરિણમે | ૨૩૧૯ |
| कपटतो गुणानुवादकरणं त्याज्यम् | ૨૩૨૦ |
| પ્રચ્છન્ન માયાને છોડીએ | ૨૩૨૦ |
| સિદ્ધસ્વરૂપનું સૌંદર્ય | ૨૩૨૦ |
| जिनशासनमहाधनद्योतनम् | ૨૩૨૧ |
| જિનશાસનની ત્રણ મૂડી | ૨૩૨૧ |
| अगीतार्थ-कुशीलादयः त्याज्याः | ૨૩૨૨ |
| જૈનેતર દર્શનની ત્રણ ખામી | ૨૩૨૨ |
| કુશીલસંગને છોડીએ | ૨૩૨૨ |
| गच्छाचारप्रकीर्णकसंवादः | ૨૩૨૩ |
| अगीतार्था मोक्षमार्गविघ्नकराः | ૨૩૨૪ |
| ત્યાજ્ય સાધુના સ્વરૂપનું વર્ણન | ૨૩૨૪ |
| આપણા પરમાત્મસ્વરૂપનું ધ્યાન ધરીએ | ૨૩૨૪ |
| प्रतिमाऽऽलम्बनतो निजपरमात्मस्वरूपं ध्यातव्यम् | ૨૩૨૫ |
| કુશીલાદિ સાધુ લૂંટારા જેવા છે | ૨૩૨૫ |
| कुशीलादयः न तिरस्कार्याः | ૨૩૨૬ |
| કુશીલ સાધુની નિંદા ન કરીએ | ૨૩૨૬ |
| गीतार्थानाम् आज्ञा अविचारणीया | ૨૩૨૭ |
| ઝેર પણ અમૃત બને | ૨૩૨૭ |
| अगीतार्थाज्ञातोऽमृतं न पेयम् | ૨૩૨૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અમૃત પણ ઝેર બને | ૨૩૨૮ |
| आत्मादितत्त्वज्ञानपक्षो ग्राह्यः | ૨૩૨૯ |
| પ્રથમ જ્ઞાન પછી અહિંસા | ૨૩૨૯ |
| જ્ઞાનીની પાપપ્રવૃત્તિ નીરસ હોય | ૨૩૨૯ |
| ज्ञानी न लिप्यते | ૨૩૩૦ |
| કર્મગ્રસ્ત પણ જ્ઞાની રાગને છોડે | ૨૩૩૦ |
| आत्मज्ञानी रागत्यागी | ૨૩૩૧ |
| જ્ઞાની અસત્ પક્ષપાત ન કરે | ૨૩૩૧ |
| સમકિતીની પ્રવૃત્તિ નિર્જરાજનક | ૨૩૩૧ |
| औदासीन्यस्वरूपप्रकाशनम् | ૨૩૩૨ |
| चरण-करणहीनस्य ज्ञानपक्षादरः | ૨૩૩૩ |
| જ્ઞાનપક્ષમુખ્યતા સાપેક્ષભાવે માન્ય | ૨૩૩૩ |
| इच्छायोगिनो विकलो योगः | ૨૩૩૪ |
| ઈચ્છાયોગથી ભવસાગરનિસ્તાર | ૨૩૩૪ |
| ઈચ્છાયોગનું નિરૂપણ | ૨૩૩૪ |
| साधुद्वेषिण उभयभ्रष्टता | ૨૩૩૫ |
| સંવિગ્નપાક્ષિક જ્ઞાનયોગને મુખ્ય બનાવે | ૨૩૩૫ |
| शुद्धमार्गोपबृंहणादितः कर्मनिर्जरा | ૨૩૩૬ |
| સમ્યક્ પ્રરૂપણાથી સુલભબોધિ બનાય | ૨૩૩૬ |
| કમ સે કમ સંવિગ્નપાક્ષિક તો બનીએ | ૨૩૩૬ |
| निरन्तरं निजात्मद्रव्यं निरीक्षणीयम् | ૨૩૩૭ |
| જ્ઞાનયોગપ્રાધાન્યને પાંચ પ્રકારે સમજીએ | ૨૩૩૭ |
| सिद्धत्वनिरुक्तिः | ૨૩૩૮ |
| ભાવભાસનની આવશ્યકતા | ૨૩૩૮ |
| જ્ઞાનયોગની મુખ્યતાથી સિદ્ધસુખ સમીપ | ૨૩૩૮ |
| ज्ञानप्राधान्यपक्षेऽपि क्रियाऽऽदरः | ૨૩૩૯ |
| જ્ઞાનમુખ્યતાની ભૂમિકા | ૨૩૩૯ |
| શ્રાવકને જ્ઞાનયોગની મુખ્યતા | ૨૩૩૯ |
| જ્ઞાની ક્રિયાને આદરે | ૨૩૩૯ |
| श्रमणे दर्शन-चारित्रपक्षः | ૨૩૪૦ |
| ભાવમુનિ જ્ઞાન-ક્રિયાઉભયને મુખ્ય કરે | ૨૩૪૦ |
| દર્શન-ચારિત્રપક્ષની મુખ્યતા —અંગે વિચારણા | ૨૩૪૦ |
| आवश्यकनिर्युक्तिसंवादः | ૨૩૪૧ |
| कर्मनाशोपायोपदर्शनम् | ૨૩૪૨ |
| ઔત્સર્ગિક-આપવાદિક મોક્ષમાર્ગનો વિચાર | ૨૩૪૨ |
| ज्ञानमेव परं मोक्षकारणम् | ૨૩૪૩ |
| મોક્ષમાર્ગે જ્ઞાન મુખ્ય : શ્રીહરિભદ્રસૂરિજી | ૨૩૪૩ |
| वैशेषिक-न्यायादिदर्शनेषु ज्ञानसाध्यो मोक्षः | ૨૩૪૪ |
| જૈનેતર દર્શનમાં પણ જ્ઞાનની મુખ્યતા | ૨૩૪૪ |
| उपनिषद्-गीता-स्मृति-पुराणादिषु ज्ञानप्राधान्यम् | ૨૩૪૫ |
| वेदान्त-मीमांसक-साङ्ख्यादिदर्शनेषु ज्ञानमुख्यता | ૨૩૪૬ |
| बौद्धादिदर्शने ज्ञानं मोक्षमुख्यहेतुः | ૨૩૪૭ |
| બહુશ્રુતોના સ્થાનમાં ધનિક ન પહોંચે | ૨૩૪૭ |
| तत्त्वसंवेदनज्ञानं निर्ग्रन्थस्यैव | ૨૩૪૮ |
| ક્રિયાની ઉપેક્ષાથી તત્ત્વસંવેદન જ્ઞાન ન મળે | ૨૩૪૮ |
| ક્રિયાયુક્ત જ્ઞાની યશસ્વી બને | ૨૩૪૮ |
| હેતુ-સ્વરૂપ-અનુબંધશુદ્ધ તત્ત્વજ્ઞાન જ પારમાર્થિક નિશ્ચય | ૨૩૪૮ |
| निश्चयस्वरूपोपदर्शनम् | ૨૩૪૯ |
| નયમાં મોક્ષહેતુતા | ૨૩૪૯ |
| જ્ઞાનને આચારમાં વણીએ | ૨૩૪૯ |
| मिथ्याज्ञानपरिणमनविमर्शः | ૨૩૫૦ |
| મોક્ષગામી મહાત્માની મુલાકાત | ૨૩૫૦ |
| શાખા - ૧૫ - અનુપ્રેક્ષા | ૨૩૫૧ |



સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના
સ્વભાવમાં નયયોજના

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
## ઢાળ-૧૩

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१३

स्वभावनययोजना

# शाखा - १३ : स्वभावनययोजना


अस्ति-नास्तिस्वभावग्राहकनयविचारः (१३/१)
नित्यानित्यस्वभावग्राहकनयविमर्शः (१३/२)
एकाऽनेकस्वभावग्राहकनयविचारणम् (१३/३)
देशान्वय-कालान्वयपरामर्शः (१३/३)
भेदाऽभेदस्वभावग्राहकनयनिर्देशः (१३/४)
शक्ति-लक्षणाप्ररूपणम् (१३/४)
सभेद-प्रतिभेदलक्षणानिरूपणम्, तेषां च भेददर्शनम् (१३/४)
एकस्वभावाऽभेदस्वभावयोः न समानस्वरूपता (१३/४)
भव्याऽभव्यस्वभावग्राहकनयविचारः (१३/५)
कर्म-नोकर्मणोः चेतनाऽचेतनस्वभावता (१३/६)
शरीरे चेतनस्वभावः (१३/६)
आत्मनि अचेतनस्वभावः (१३/७)
जीवस्य मूर्त्तत्वम् (१३/८)
व्यवहार-निश्चयाभ्यां तीर्थङ्करस्तुतिः (१३/८)
पुद्गले औपचारिकामूर्त्तताशङ्कानिराकरणम् (१३/९)
उपचारस्य द्रव्यादिसापेक्षता (१३/९)
परस्परसमनुगतपदार्थानां विभाजनाऽभावः (१३/१०)
शरीरे अमूर्त्तत्वोपचाराऽसम्भवः (१३/११)
परोक्षपरमाणौ अमूर्त्तत्वस्वीकारः दिगम्बरमतनिरासश्च (१३/१२)
धर्मादौ एकप्रदेशस्वभावसमर्थनम् (१३/१३)
नयद्वारेण अनेकप्रदेशस्वभावविचारणा (१३/१४)
विभावस्वभावग्राहकनयनिर्देशः (१३/१५)
उपचरितस्वभावग्राहकनयनिर्देशः (१३/१६)
दिगम्बरमतसमीक्षा द्रव्यादिलक्षणविचारणा च (१३/१७)
गुण-स्वभावप्रकारप्रतिपादनोपसंहारः (१३/१८)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૩ :

૧૧ મી અને ૧૨ મી શાખામાં બતાવેલ સ્વભાવોની નયો દ્વારા જાણકારી અહીં અપાય છે.

સ્વદ્રવ્યાદિગ્રાહક નયથી દ્રવ્યનો અસ્તિસ્વભાવ છે. પરદ્રવ્યાદિગ્રાહક નયથી નાસ્તિસ્વભાવ છે. જીવે ગુણાત્મક અસ્તિસ્વભાવને પકડવો, દોષાત્મક નાસ્તિસ્વભાવને છોડવો.(૧૩/૧)

પર્યાયાર્થિકનય અનિત્યસ્વભાવને પકડે છે. તથા દ્રવ્યાસ્તિકનય નિત્યસ્વભાવને પકડે છે. પુણ્યોદયમાં અનિત્યસ્વભાવને યાદ કરી નમ્ર બનવું. પાપોદયમાં જીવલેણ રોગાદિથી મૃત્યુની સંભાવના હોય ત્યારે આત્માના નિત્યસ્વભાવને પકડી નિર્ભયતા કેળવવી.(૧૩/૨)

ભેદકલ્પનાનિરપેક્ષ નય એકસ્વભાવને તથા અન્વયદ્રવ્યાર્થિક નય અનેકસ્વભાવને સ્વીકારે છે. આ બન્ને નયના સહકારથી નિર્વિકલ્પદશા ઝડપથી પ્રગટે. (૧૩/૩)

ગુણ-ગુણીમાં સદ્ભૂતવ્યવહાર નયથી ભેદસ્વભાવ છે તથા ભેદકલ્પનાનિરપેક્ષ નયથી અભેદસ્વભાવ છે. તે જાણી પોતાના પ્રગટ ગુણોને ટકાવવા તથા બીજાના ગુણમય આત્માને નિહાળવો. (૧૩/૪)

પરમભાવગ્રાહક નય ભવ્યસ્વભાવને અને અભવ્યસ્વભાવને જણાવે છે. શુદ્ધાશુદ્ધ પરમભાવગ્રાહક નય આત્મામાં ચૈતન્યસ્વભાવ માને છે. (૧૩/૫)

કર્મ-નોકર્મમાં અસદ્ભૂતવ્યવહારથી ચેતનસ્વભાવ તથા પરમભાવગ્રાહક નયથી અચેતનસ્વભાવ છે. તે જાણીને બીજાને કાયિક દુઃખ ન દેવું તથા સ્વયં કાયકષ્ટને પ્રેમથી સહી લેવા. (૧૩/૬)

અસદ્ભૂતવ્યવહારથી જીવમાં અચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયથી કર્મમાં અને નોકર્મમાં મૂર્તસ્વભાવ છે. (૧૩/૭)

અસદ્ભૂતવ્યવહારથી જીવમાં મૂર્તસ્વભાવ છે. મતલબ કે આપણો રૂપાળો કે કાળો ચહેરો આપણો પારમાર્થિક સ્વભાવ નથી. પરમભાવગ્રાહક નયના મતે પુદ્ગલભિન્ન દ્રવ્ય અમૂર્ત જ છે. (૧૩/૮)

પુદ્ગલમાં ઉપચારથી પણ અમૂર્તતા નથી. તથાવ્યવહારયોગ્ય સ્વભાવનો જ ઉપચાર થાય. (૧૩/૯)

'દૂધ અને પાણીની જેમ અત્યંત સંકળાયેલ પદાર્થો સ્વતંત્ર રૂપે ન બોલવા' - એવું **સમ્મતિતર્ક** જણાવે છે. તેથી દેહધારી જીવને મારપીટ ન કરતાં તેના પ્રત્યે કોમળતા કેળવવી. (૧૩/૧૦)

પ્રગટ મૂર્તતા અમૂર્તતાનો વિરોધ કરે છે. તેથી પરમાર્થતઃ અમૂર્ત એવા આત્માએ સ્વવિરોધી મૂર્તતાથી છૂટવા ગંભીરતાથી સક્રિય બનવું. (૧૩/૧૧)

અસદ્ભૂતવ્યવહારનયથી પરોક્ષ પરમાણુમાં અમૂર્ત સ્વભાવ માનવો. (૧૩/૧૨)

કાલાણુમાં અને પુદ્ગલમાં એકપ્રદેશસ્વભાવ છે. તે સિવાય ચાર દ્રવ્યોમાં એકપ્રદેશસ્વભાવને ભેદકલ્પનાનિરપેક્ષ એવા દ્રવ્યાર્થિકનયથી જાણવો. (૧૩/૧૩)

ભેદસાપેક્ષનયથી અણુ સિવાય સર્વ દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ છે. પુદ્ગલ પરમાણુમાં અનેક-પ્રદેશસ્વભાવ આરોપથી છે. કાલાણુમાં તે નથી. (૧૩/૧૪)

વસ્તુમાં શુદ્ધનયથી શુદ્ધસ્વભાવ છે તથા અશુદ્ધનયથી અશુદ્ધસ્વભાવ છે. (૧૩/૧૫)

અસદ્ભૂતવ્યવહાર નયને જ ઉપચરિતસ્વભાવ માન્ય છે. (૧૩/૧૬)

અનુપચરિતસ્વભાવ ગુણ છે. ઉપચરિતસ્વભાવ પરમાર્થથી પર્યાયાત્મક છે. ઉપચરિતસ્વભાવ અનિત્ય છે. માટે આપણી પ્રશંસામાં ફૂલાવું નહિ. આપણી ટીકામાં ખળભળવું નહિ.(૧૩/૧૭)

## ઢાળ - ૧૩

(રાગ ધોરણી - નયરી અયોધ્યા વતી રે - ♦એ દેશી.)

*હવઈ ●સામાન્યસ્વભાવનો અધિગમ નયઈં કરી દેખાડઇં છઇં -*

**સ્વદ્રવ્યાદિકગ્રાહકઈં રે, અસ્તિસ્વભાવ વખાણિઓ;**
**પરદ્રવ્યાદિકગ્રાહકઈં રે, નાસ્તિસ્વભાવ મનિ આણિઓ રે. ॥૧૩/૧॥ (૨૦૯)**
**ચતુર વિચારિઈં. એ આંકણી.**

**અસ્તિસ્વભાવ** દ્રવ્યનો છઈ, તે **સ્વદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈં ***વખાણીઈં ૧.**

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - १३**

साम्प्रतं दर्शितस्वभावाधिगमं नयैः प्रदर्शयति – '**स्वे**'ति।

**स्वद्रव्यादिग्रहे ख्याता द्रव्यस्याऽस्तिस्वभावता।**
**परद्रव्यादिबोधे तु नास्तिस्वभावता मता।।१३/१।।**
**रे चतुर ! विचिन्त्येदम्, हृदि धारय धारय।। ध्रुवपदम्।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्वद्रव्यादिग्रहे द्रव्यस्य अस्तिस्वभावता ख्याता। परद्रव्यादिबोधे तु (द्रव्यस्य) नास्तिस्वभावता मता।।१३/१।। रे चतुर ! इदं विचिन्त्य हृदि धारय धारय।। ध्रुवपदम्।।

**द्रव्यस्य अस्तिस्वभावता** स्वकीयगुण-पर्यायानुविद्धा, [1]"सव्वेसिं अत्थित्तं णिय-णियगुण-पज्जएहि संजुत्तं" (द्र.स्व.प्र.१४७) इति द्रव्यस्वभावप्रकाशवचनात्। सा हि पूर्वोक्तानां (शाखा-१२) नित्यादि-

---

❋ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❋

**અવતરણિકા** :- ૧૧ મી અને ૧૨ મી શાખામાં બતાવેલા સ્વભાવોની વિવિધ નયો દ્વારા જાણકારી આપવાનું કાર્ય ગ્રંથકારશ્રી કરે છે :-

### ✠ અસ્તિ-નાસ્તિસ્વભાવગ્રાહક નયનો વિચાર ✠

**શ્લોકાર્થ** :- સ્વદ્રવ્ય વગેરેના ગ્રાહક નયમાં દ્રવ્યનો અસ્તિસ્વભાવ પ્રસિદ્ધ છે. પરદ્રવ્યાદિગ્રાહક નયમાં તો નાસ્તિસ્વભાવ સંમત છે. (૧૩/૧)

હે ચતુર નર ! આ સ્વભાવતત્ત્વ વિચારીને હૃદયમાં ધારણ કરો, ધારણ કરો. (**ધ્રુવપદ**)

**ભાવાર્થ** :- દ્રવ્યનો અસ્તિસ્વભાવ તો સ્વકીયગુણ-પર્યાયથી અનુવિદ્ધ છે. કારણ કે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "દરેક દ્રવ્યનું અસ્તિત્વ પોત-પોતાના ગુણ-પર્યાયોથી સંયુક્ત છે, અનુવિદ્ધ છે."

---

♦ કો.(૧૧)માં 'પુણ્ય પ્રસંસીઈં' એ દેશી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.+શાં.માં નથી. ● પુસ્તકોમાં 'સામાન્ય' પદ નથી. કો.(૧૧)માં છે. ❋ પુસ્તકોમાં 'વખાણાઈં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

1. सर्वेषाम् अस्तित्वं निज-निजगुण-पर्यायैः संयुक्तम्।

**નાસ્તિસ્વભાવ** છઈ, તે **પરદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈ ***મનમાં આણીઈ*** ૨. **उक्तं च** -
"**सर्वमस्ति स्वरूपेण, पररूपेण नास्ति च**।" (**जै.स्या.मु.१/२७**)

सामान्यस्वभावानां चेतनादिविशेषस्वभावानां च प्रयोजिका **स्वद्रव्यादिग्रहे** = स्वकीयद्रव्य-क्षेत्रादिग्राहके द्रव्यार्थिकनये **ख्याता** = प्रसिद्धा। पूर्वोक्तः(५/१७) द्रव्यार्थिकनयाऽष्टमभेदोऽत्राऽनुसन्धेयः। पुन-रुक्तिभयान्नेह पुनः तन्यते।

**परद्रव्यादिबोधे** = परकीयद्रव्य-क्षेत्रादिग्राहके द्रव्यार्थिकनये **तु द्रव्यस्य नास्तिस्वभावता मता** = सम्मता। तुः भेदार्थे, विशेषार्थे इति यावत्। तदुक्तं **विश्वलोचने** "तु पादपूरणे भेदावधारण-समुच्चये" (वि.लो.अव्यय.२४) इति। पूर्वोक्तः (५/१८) द्रव्यार्थिकनयनवमभेदोऽत्राऽनुसन्धेयः। उक्तञ्च "सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च। अन्यथा सर्वसत्त्वं स्यात्, स्वरूपस्याऽप्यसम्भवः।।" (जै.स्या.मु.१/२७) इति **यशस्वत्सागरेण जैनस्याद्वादमुक्तावल्याम्**। **स्याद्वादरत्नाकरे** (१/१६-पृ.२०२), **प्रमाणमीमांसावृत्तौ** (१/१/१६), **स्याद्वादमञ्जर्यां** (का.१४), **स्याद्वादकल्पलतायां** (८/१०) चाऽपि समुद्धृतेयं कारिकेत्यवधेयम्। "द्रव्य-क्षेत्र -काल-भावैः स्वैः स्वत्वमपरैः परम्" (स्या.क.२६) इति **स्याद्वादकलिकायां राजशेखरसूरयः**।

परमार्थतः स्वद्रव्य-क्षेत्र-काल-भावैः वस्तुनोऽर्थक्रियाकारित्वेन अस्तिस्वभावः स्वद्रव्यादिग्राहक-

પ્રસ્તુત અસ્તિસ્વભાવ પૂર્વે બારમી શાખામાં જણાવેલ નિત્ય-અનિત્યાદિ સામાન્યસ્વભાવો અને ચેતન -અચેતનાદિ દશ વિશેષસ્વભાવો પ્રત્યે પ્રયોજક છે. તે અસ્તિસ્વભાવ સ્વકીય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયમાં પ્રસિદ્ધ છે. પૂર્વે પાંચમી શાખાના સત્તરમા શ્લોકમાં જણાવેલ દ્રવ્યાર્થિકનયના આઠમા ભેદનું અહીં અનુસંધાન કરવું. પુનરુક્તિ દોષના લીધે અહીં ફરીથી તેનું વિવરણ કરવામાં નથી આવતું.

(पर.) તથા પરકીય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયમાં તો દ્રવ્યનો નાસ્તિસ્વભાવ માન્ય છે. 'तु' = 'તો' શબ્દ ભેદ = વિશેષ = પૂર્વ કરતાં તફાવત જણાવવાના અર્થમાં સમજવો. **વિશ્વલોચનકોશ**માં જણાવેલ છે કે "પાદપૂર્તિ, ભેદ = વિશેષ, અવધારણ તથા સમુચ્ચય અર્થમાં 'तु' વપરાય છે." પૂર્વે પાંચમી શાખાના અઢારમા શ્લોકમાં જણાવેલ દ્રવ્યાર્થિકનયના નવમા ભેદનું અહીં અનુસંધાન કરવું. **જૈનસ્યાદ્વાદમુક્તાવલીમાં યશસ્વત્સાગરે** જણાવેલ છે કે 'દરેક વસ્તુ સ્વરૂપથી છે અને પરરૂપથી નથી. અન્યથા પદાર્થ સર્વસ્વરૂપે વિદ્યમાન થાય અથવા નિજસ્વરૂપે પણ પદાર્થનો ઉચ્છેદ થાય.' **સ્યાદ્વાદરત્નાકર, પ્રમાણમીમાંસાવૃત્તિ, સ્યાદ્વાદમંજરી** તથા **સ્યાદ્વાદકલ્પલતા**માં પણ આ કારિકા ઉદ્ધૃત કરેલ છે. તેનો ખ્યાલ રાખવો. 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સ્વત્વ = સત્ત્વ = અસ્તિત્વ તથા પારકા દ્રવ્યાદિથી અસત્ત્વ' - આમ **સ્યાદ્વાદકલિકામાં રાજશેખરસૂરિજી**એ પણ જણાવેલ છે.

### અસ્તિ-નાસ્તિસ્વભાવબીજનું પ્રકાશન

(परमा.) પરમાર્થથી તો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ અર્થક્રિયાકારી છે. તેથી સ્વદ્રવ્યાદિગ્રાહક

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯) +આ.(૧)માં છે.

द्रव्यार्थिकनयेन कक्षीक्रियते, परद्रव्य-क्षेत्र-काल-भावैः चार्थक्रियाकारित्वाभावेन नास्तिस्वभावः परद्रव्यादिग्राहकद्रव्यार्थिकनयेन अभ्युपगम्यत इति यावत् तात्पर्यमत्र बोध्यम्। प्रकृते "यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत्। यच्च नार्थक्रियाकारि तदेव परतोऽप्यसत्।।" (त.नि.प्रा.उद्धृत-पृ.७०२) इत्येवमुद्धरणरूपेण **तत्त्वनिर्णयप्रासादे विजयानन्दसूरिभिः** यदुक्तं तदनुसन्धेयम्।

***यत्तु*** "नैकस्मिन्नसम्भवाद्" (ब्र.सू.२/३३) इति **ब्रह्मसूत्रस्य शाङ्करभाष्ये** "जीवादिषु पदार्थेषु एकस्मिन् धर्मिणि सत्त्वाऽसत्त्वयोः विरुद्धयोः धर्मयोः असम्भवात्, सत्त्वे चैकस्मिन् धर्मेऽसत्त्वस्य धर्मान्तरस्य असम्भवात्, असत्त्वे चैवं सत्त्वस्य असम्भवाद् असङ्गतमिदम् आर्हतं मतम्" (ब्र.सू.अ.२/सू.३३ शा.भा.पृ.५६०) इत्युक्तम्,

***तत्तु*** अपेक्षाभेदेन विरोधपरिहारात् प्रत्याख्यातम्। पूर्वोक्तं (४/२-८) युक्तिवृन्दमत्र स्मर्तव्यम्।

---

દ્રવ્યાર્થિકનય વસ્તુમાં અસ્તિસ્વભાવને સ્વીકારે છે. તથા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ અર્થક્રિયાકારી નથી. તેથી પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય વસ્તુમાં નાસ્તિસ્વભાવ માને છે - ત્યાં સુધી ગ્રંથકારનું તાત્પર્ય સમજવું. **તત્ત્વનિર્ણયપ્રાસાદ** ગ્રંથમાં **વિજયાનંદસૂરિજી**એ (= **આત્મારામજી** મહારાજે) એક કારિકા ઉદ્ધૃત કરેલી છે. તે પ્રસ્તુતમાં ઉપયોગી હોવાથી તેનું અહીં અનુસંધાન કરવું. તેનો અર્થ એવો છે કે 'જે અર્થક્રિયાકારી હોય, તે જ પરમાર્થથી સત્ (= અસ્તિસ્વભાવવાળું) હોય છે. જે અર્થક્રિયાકારી નથી હોતું, તે પરતઃ અસત્ (= નાસ્તિસ્વભાવયુક્ત) જ હોય છે.' આ કારિકા વસ્તુમાં અર્થક્રિયાકારિત્વના લીધે જ અસ્તિત્વને તથા અર્થક્રિયાશૂન્યતાના કારણે જ નાસ્તિત્વને જણાવે છે.

### શંકરાચાર્યનો અનેકાંતમાં આક્ષેપ

(यत्तु.) **બ્રહ્મસૂત્ર**માં 'એક વસ્તુમાં બે વિરુદ્ધધર્મો ન હોય. કારણ કે તેનો અસંભવ છે' - આવા અભિપ્રાયથી 'नैकस्मिन्नसम्भवात्' - આવું જણાવેલ છે. તેના ઉપર આદ્ય **શંકરાચાર્યે શાંકરભાષ્ય** બનાવેલ છે. તેમાં તેમણે જણાવેલ છે કે "જીવ વગેરે પદાર્થોમાં કોઈ પણ એક ધર્મીમાં = વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ નામના પરસ્પરવિરુદ્ધ ગુણધર્મો સંભવતા નથી. જો સત્ત્વ નામનો એક ગુણધર્મ વસ્તુમાં રહે તો અસત્ત્વ નામનો બીજો ગુણધર્મ ત્યાં રહી ન શકે. તથા જો અસત્ત્વ ત્યાં હોય તો સત્ત્વનો ત્યાં અસંભવ હોય. તેથી આ આર્હતમત = જિનેશ્વરમત અસંગત છે."

### શંકરાચાર્યના આક્ષેપનું નિરાકરણ

(तत्तु.) **શંકરાચાર્યે** અનેકાન્તવાદમાં જે ઉપરોક્ત આક્ષેપ કરેલ છે, તે વ્યાજબી નથી. આનું કારણ એ છે કે અમે જૈનો એક જ વસ્તુમાં એક જ અપેક્ષાએ સત્ત્વ-અસત્ત્વ = અસ્તિ-નાસ્તિસ્વભાવ માનતા જ નથી. તથા જુદી-જુદી અપેક્ષાએ એક વસ્તુમાં તે બન્નેનો સમાવેશ કરવામાં કોઈ વિરોધ આવતો નથી. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી જ્યાં અસ્તિસ્વભાવ રહે છે, ત્યાં પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી નાસ્તિસ્વભાવને માનવામાં પૂર્વે જણાવ્યા મુજબ વિરોધનો પરિહાર થઈ જાય છે. માટે શંકરાચાર્યનો ઉપરોક્ત આક્ષેપ નિરાધાર છે. પૂર્વે ચોથી શાખાના ૨ થી ૮ શ્લોક સુધીમાં વિરોધપરિહાર માટે જે યુક્તિઓ બતાવેલી છે, તેનું પણ અહીં વિજ્ઞ વાચકવર્ગે અનુસંધાન કરવું.

▸અહો ! તુમ્હે **ચતુર** મનુષ્યો ઈમ સમજીની લીયોજી.◂ *હે વિચક્ષણ નર ! તત્ત્વબુદ્ધિ નર ! સ્વભાવાદિ **વિચારિઈ** જોઈ.* ॥૧૩/૧॥

तदुक्तं श्री**शीलाङ्काचार्येणा**ऽपि **सूत्रकृताङ्गसूत्रव्याख्या**यां "स्वद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया सर्वपदार्थानां विद्यमानत्वात् परद्रव्यादिभिस्तु न विद्यन्ते, सदसदात्मकत्वाद् वस्तुनः। तदुक्तं "स्व-परसत्ताव्युदासोपादानाऽऽपाद्यं हि वस्तुनो वस्तुत्वम्" (♦**अनेकान्तजयपताकाव्याख्यायाम्** उद्धृतम् इदं वाक्यं श्री**मल्लवादि**कृतायां **सम्मतितर्कवृत्तौ** वर्तमानतया निर्दिष्टम्-पृ.५८) इति" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.२८/पृ.३८३) इति।

प्रकृते इदमप्यवधेयं यदुत स्वद्रव्यादिचतुष्टयग्राहकद्रव्यार्थिकनयगोचरः अस्तिस्वभावः परद्रव्यादि-चतुष्कग्राहकद्रव्यार्थिकनयविषयीभूतनास्तिस्वभावापेक्ष एव, न तु निरपेक्षः। एवं नास्तिस्वभावोऽपि तादृशास्तिस्वभावापेक्ष एव। एवमनभ्युपगमे सर्वत्र मौढ्यम् आपद्येत। इदमेवाभिप्रेत्य **द्रव्यस्वभावप्रकाशे** [1]"अत्थित्तं णो मण्णदि णत्थिसहावस्स जो हु सावेक्खं। णत्थि वि य तह, दव्वे मूढो, मूढो हु सव्वत्थ।।" (द्र.स्व.प्र.३०४) इत्युक्तम्।

इत्थं स्यात्पदान्वितनयनिवहेनैव मिथोविरुद्धनानास्वभावशालिवस्तुसिद्धिः परमार्थतः सम्भवति,

### ❖ સદસદાત્મક સર્વવસ્તુ ❖

(**तदु.**) શ્રી**શીલાંકાચાર્યજી**એ પણ **સૂત્રકૃતાંગસૂત્રવ્યાખ્યા**માં અનાચારશ્રુત અધ્યયનનું વિવરણ કરતાં જણાવેલ છે કે "સર્વ પદાર્થો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વિદ્યમાન હોવાથી પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવ વડે તે વિદ્યમાન નથી. કેમ કે વસ્તુ સદ્-અસદ્ઉભયસ્વભાવવાળી = અસ્તિ-નાસ્તિઉભયસ્વભાવવાળી હોય છે. અન્યત્ર પણ જણાવેલ છે કે 'નિજસત્તાનું ગ્રહણ અને પરસત્તાનું નિરાકરણ - આ બન્ને દ્વારા વસ્તુમાં વસ્તુત્વ પ્રાપ્ત થાય છે' - તેમ જાણવું."

### ❂ દ્રવ્યમાં મૂઢ સર્વત્ર મૂઢ ❂

(**प्रकृते.**) પ્રસ્તુતમાં એ પણ ધ્યાનમાં રાખવું કે સ્વદ્રવ્યાદિચતુષ્કગ્રાહી દ્રવ્યાર્થિકનયનો વિષય બનનાર અસ્તિસ્વભાવ એ પરદ્રવ્યાદિચતુષ્કગ્રાહક દ્રવ્યાર્થિકનયનો વિષય બનનારા નાસ્તિસ્વભાવને સાપેક્ષ જ છે, નિરપેક્ષ નથી જ. તથા નાસ્તિસ્વભાવ પણ તથાવિધ અસ્તિસ્વભાવને સાપેક્ષ જ છે. જો આવું માનવામાં ન આવે તો જીવ સર્વત્ર મૂઢતાને જ પામે. આ જ અભિપ્રાયથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "જે વ્યક્તિ દ્રવ્યમાં રહેનાર અસ્તિત્વને નાસ્તિસ્વભાવસાપેક્ષ ન માને તથા નાસ્તિત્વને અસ્તિસ્વભાવસાપેક્ષ ન માને તે વ્યક્તિ દ્રવ્યને વિશે મૂઢ છે. તથા જે દ્રવ્યને વિશે મૂઢ હોય તે સર્વત્ર મૂઢ જ હોય."

### ❋ સાપેક્ષ નય-પ્રમાણથી વસ્તુતત્ત્વસિદ્ધિ ❋

(**इत्थं.**) આ રીતે 'સ્યાત્' પદથી યુક્ત એવા નયસમૂહથી જ પરસ્પરવિરુદ્ધ અનેકસ્વભાવોથી યુક્ત

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + કો.(૯) + આ.(૧)માં છે. ♦ "उक्तञ्च वादिमुख्येन मल्लवादिना सम्मतौ 'स्व-परे'ति" एवम् **अनेकान्तजयपताकावृत्तौ** प्रकृतपद्यकर्तृनिर्देशः वर्त्तते। मल्लवादिकृतसम्मतिवृत्तिसत्कमिदं पद्यमिति भावः।

1. अस्तित्वं नो मन्यते नास्तिस्वभावस्य यो हि सापेक्षम्। नास्ति(त्वम्) अपि च तथा, द्रव्ये मूढः, मूढो हि सर्वत्र।।

नान्यथा। प्रकृते [1]"सियजुत्तो णयणिवहो, दव्वसहावं भणेइ इह तत्थं। सुणय-पमाणा जुत्ती ण हु जुत्ति-विवज्जियं तच्चं।।" (द्र.स्व.प्र.२६१) इति **द्रव्यस्वभावप्रकाशोक्तिः** अनुसन्धेया।

***एतेन*** "स्वद्रव्यादिग्राहकेण अस्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः" (आ.प.पृ.१५, का.अ.२६१ वृ.पृ.१८५) इति **आलापपद्धति**वचनं **कार्त्तिकेयानुप्रेक्षावृत्ति**वचनञ्च ***व्याख्यातम्***। अस्तिस्वभावः परमस्वभावतया बोध्यः। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [2]"सव्वाण सहावाणं अत्थित्तं मुणसु परमसब्भावं। अत्थिसहावा सव्वे अत्थित्तं सव्वभावगयं।।" (द्र.स्व.प्र.२४८) इति।

प्रकृते "स्वरूप-पररूपाभ्यां नित्यं सदसदात्मके। वस्तुनि ज्ञायते कैश्चिद् रूपं किञ्चित् कदाचन।।" (मी.श्लो.वा.अभाववाद/का.१२) इति **मीमांसाश्लोकवार्त्तिक**कारिका पूर्वोक्ता (४/९) स्मर्तव्या।

रे **चतुर** ! नर ! नयानुसारेण **विचिन्त्य इदं** = स्वभाववस्तु **हृदि** = स्वान्तःकरणे अविच्युति-स्मृति-वासनात्मकधारणाज्ञानेन **धारय धारय**।। *ध्रुवपदव्याख्यानम्*।।

---

વસ્તુની સિદ્ધિ પરમાર્થથી સંભવે છે. બીજી કોઈ રીતે તાત્ત્વિક વસ્તુસ્વભાવની સિદ્ધિ કે તાત્ત્વિક-સ્વભાવવિશિષ્ટ વસ્તુની સિદ્ધિ સંભવતી નથી. પ્રસ્તુતમાં **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથની એક ઉક્તિ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "**स्यात्** શબ્દથી યુક્ત નયસમૂહ દ્રવ્યના યથાર્થ સ્વભાવને કહે છે. સમ્યક્ નય અને પ્રમાણ એ યુક્તિ કહેવાય છે. જે યુક્તિશૂન્ય હોય છે તે અતત્ત્વ = મિથ્યા કહેવાય."

## ❈ અસ્તિસ્વભાવ બે નયનો વિષય ❈

(एतेन.) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ તથા **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં **શુભચંદ્રજી**એ જણાવેલ છે કે 'સ્વકીયદ્રવ્યાદિગ્રાહક નયથી દ્રવ્યમાં અસ્તિસ્વભાવ છે તથા પરદ્રવ્યાદિગ્રાહક નયથી નાસ્તિસ્વભાવ છે.' આની પણ સ્પષ્ટતા ઉપર મુજબ થઈ જાય છે. અસ્તિસ્વભાવ એ પરમસ્વભાવ છે. તેથી તો **માઈલ્લધવલે** **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સર્વ સ્વભાવોમાં અસ્તિસ્વભાવને પરમસ્વભાવ જાણવો. સર્વ પદાર્થ અસ્તિસ્વભાવવાળા છે. અસ્તિસ્વભાવ સમસ્ત પદાર્થોમાં રહેલો છે.' આમ અસ્તિસ્વભાવ એ સ્વદ્રવ્યાદિગ્રાહક નયનો અને પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે - તેમ સિદ્ધ થાય છે.

## ❈ વસ્તુસ્વરૂપજ્ઞાનમાં વૈવિધ્ય ❈

(प्रकृ.) પ્રસ્તુતમાં પૂર્વે ચોથી શાખાના નવમા શ્લોકની વ્યાખ્યામાં દર્શાવેલ **મીમાંસાશ્લોકવાર્તિક**ની એક કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "સ્વરૂપ અને પરરૂપ - આ બન્નેની અપેક્ષાએ હંમેશા સત્-અસત્સ્વભાવયુક્ત વસ્તુમાં કોઈક જ સ્વરૂપ ક્યારેક કોઈ વ્યક્તિ દ્વારા જણાય છે." મતલબ કે સ્વરૂપની અપેક્ષાએ = સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી સત્ સ્વભાવ = અસ્તિસ્વભાવ તથા પરરૂપની અપેક્ષાએ = પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી અસત્ સ્વભાવ = નાસ્તિસ્વભાવ વસ્તુમાં જણાય છે- આ દિશામાં ઉપરોક્ત કારિકા અંગુલિનિર્દેશ કરે છે.

(रे.) હે ચતુર નર ! નય મુજબ આ સ્વભાવપદાર્થને સ્વચિત્તમાં અવિચ્યુતિ-સ્મૃતિ-સંસ્કારાત્મક ધારણાજ્ઞાનથી ધારણ કરો, ધારણ કરો. (**ધ્રુવપદવ્યાખ્યા**)

---

1. स्याद्युक्तो नयनिवहो द्रव्यस्वभावं भणति इह तथ्यम्। सुनय-प्रमाणा युक्तिः, न हि युक्तिविवर्जितं तत्त्वम्।।
2. सर्वेषां स्वभावानाम् अस्तित्वं जानीहि परमस्वभावम्। अस्तिस्वभावाः सर्वेऽस्तित्वं सर्वभावगतम्।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) 'शुद्धचैतन्याऽखण्डपिण्डात्मकैकस्वद्रव्यरूपेणैव अस्मि, औदारिक-तैजस-कार्मणादिशरीर-श्वासोच्छ्वास-भाषा-मनःप्रभृतिपुद्गलद्रव्य-धर्मास्तिकायादिपरद्रव्यस्वरूपेण च नास्मि। (२) निजाऽसङ्ख्येयात्मप्रदेशलक्षणे स्वक्षेत्रेऽस्मि, लोक-नगर-वसति-संस्तारक-गगनादिलक्षणे च परक्षेत्रे नास्मि। (३) प्रवर्त्तमाननिजशुद्धवर्त्तनालक्षणे स्वकालेऽस्मि, अतीताऽनागत-परकीयवर्त्तना-लक्षणे च परकाले नास्मि। (४) अविचलसमता-शाश्वतशान्ति-सहजसमाधि-परमानन्दाऽनन्तशक्ति-प्रकृष्टशुद्धिसमनुविद्धेन अक्रियाऽखण्डाऽतीन्द्रिय-निर्विकल्प-निस्तरङ्ग-निरावरण-केवलस्वप्रकाशमयाऽपरोक्षाऽन्याऽनपेक्षशुद्धोपयोगलक्षणनिजस्वभावेन अस्मि, गमनाऽऽगमन-भोजन-भाषण-शयनाऽऽसनादिक्रिया-रागादिविभावपरिणाम-विकल्प-वितर्काऽन्तर्जल्प-गारवत्रिक-संज्ञाचतुष्क-विकथाचतुष्क-कषायचतुष्क-वेदत्रिक-लेश्याषट्क-मिथ्यात्वाऽज्ञानाऽसंयमाऽसिद्धत्वादिलक्षणौदयिकभाव-वक्ष्यमाण(१४/४)विभाव-गुणव्यञ्जनपर्यायात्मकमतिज्ञानादिलक्षणक्षायोपशमिकभावस्वरूपपरभावेन च नास्मी'त्यवसाय स्वकीयद्रव्य

## ❈ આપણા અસ્તિત્વને ઓળખીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- '(૧) શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડસ્વરૂપ એક નિજદ્રવ્યસ્વરૂપે જ હું છું. ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણાદિશરીર, શ્વાસોચ્છ્વાસ, ભાષાદ્રવ્ય, મનોદ્રવ્ય વગેરે પુદ્ગલદ્રવ્ય તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો તો પર દ્રવ્ય છે. તે સ્વરૂપે મારું અસ્તિત્વ નથી. (૨) પોતાના અસંખ્ય આત્મપ્રદેશસ્વરૂપ સ્વક્ષેત્રમાં હું વસું છું. લોક (= ચૌદ રાજલોકસ્વરૂપ વિશ્વ), નગર, વસતિ (= મકાન કે ઉપાશ્રયાદિ), સંથારો (પથારી), આકાશ વગેરે તો મારા માટે પરક્ષેત્ર છે. તેમાં હું રહેતો નથી. (૩) પ્રવર્તતી પોતીકી શુદ્ધવર્ત્તના સ્વરૂપ સ્વકાળે હું છું. અતીત, અનાગત કે પરકીય વર્તનાસ્વરૂપ પરકાળે મારું અસ્તિત્વ નથી. (૪) શુદ્ધ ઉપયોગ સ્વરૂપ નિજસ્વભાવરૂપે હું છું. એ શુદ્ધ ઉપયોગ અક્રિય (બાહ્યક્રિયાશૂન્ય), અખંડ, અતીન્દ્રિય, નિર્વિકલ્પ, નિસ્તરંગ, નિરાવરણ, કેવળ સ્વપ્રકાશમય, અપરોક્ષ અને અન્યથી (= ઈન્દ્રિય -મન વગેરેથી) નિરપેક્ષ છે. તેમજ અવિચલ સમતા, શાશ્વત શાંતિ, સહજ સમાધિ, પરમ આનંદ, અનંત શક્તિ અને પ્રકૃષ્ટ શુદ્ધિથી તે શુદ્ધોપયોગ સારી રીતે વણાઈ ગયેલ છે, એકમેક બની ચૂકેલ છે. આવા શુદ્ધોપયોગાત્મક નિજ સ્વભાવે જ હું વર્તું છું. પરંતુ ગમન-આગમન, ભોજન, ભાષણ, શયન (નિદ્રા), આસન (= બેસવું) વગેરે ક્રિયા તો પરભાવ છે. તે સ્વરૂપે મારું અસ્તિત્વ નથી. તે જ રીતે રાગાદિ વિભાવ પરિણામ, વિકલ્પ, વિતર્ક, અન્તર્જલ્પ (મનમાં થતો બબડાટ), રસ-ઋદ્ધિ-શાતા ગારવ, આહાર-ભય-મૈથુન -પરિગ્રહ સંજ્ઞા, સ્ત્રી-ભોજન-દેશ-રાજકથાસ્વરૂપ ચાર વિકથા, ક્રોધાદિ ચાર કષાય, સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ, કૃષ્ણાદિ છ લેશ્યા, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ વગેરે સ્વરૂપ ઔદયિકભાવરૂપે પણ મારું અસ્તિત્વ નથી. તે ઔદયિક ભાવ મારા માટે પરભાવ જ છે. તે જ રીતે મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિક ભાવસ્વરૂપે પણ મારું અસ્તિત્વ નથી. કેમ કે મતિજ્ઞાનાદિ પરિણામો પણ વિભાવગુણ વ્યંજનપર્યાય જ છે. [આ વાત આગળ (૧૪/૪) જણાવવામાં આવશે.] આથી તે સ્વભાવે હું નથી રહેતો. જ્ઞાનમાં જે પરપ્રતિભાસ થાય છે, તે પણ ઉપચરિત છે, વાસ્તવિક નહિ. [આ વાત પૂર્વે (૧૨/૧૦) જણાવેલ જ છે.] તો પછી પરપ્રતિભાસ -વિષયપ્રતિભાસ જ જેમાં સામાન્યથી મુખ્યપણે છવાયેલ હોય તેવા વિભાવગુણવ્યંજનપર્યાય સ્વરૂપ મતિ

-क्षेत्र-काल-भावापेक्षस्य अस्मदीयाऽस्तित्वस्वभावस्य अपरोक्षानुभूतिकृते नाभिकमले हृत्पद्मे वा असङ्ग-भावतः स्वोपयोगं स्थिरीकृत्य स्वपरिणामवैशारद्यं यतनया सम्पादनीयम्। तथा 'परकीयद्रव्याद्यपेक्षया अस्मदीयम् अस्तित्वं नास्ति, न वा परकीयद्रव्यादिषु स्वास्तित्वं वर्तते' इति विज्ञाय निरुक्तपरकीय-द्रव्य-क्षेत्रादिषु मध्यस्थता धार्या। तन्निमित्तः क्षोभः न कार्यः।

अस्ति-नास्तिस्वभावानुविद्धं निजात्मतत्त्वं सर्वदा ध्येयम्। इदमेवाभिप्रेत्य **बृहन्नयचक्रे माइल्लधवलेन** [1]"अत्थित्ताइसहावा सामण्ण-विसेससंठिया जत्थ। अवरुप्परमविरुद्धा तं णियतच्चं हवे परमं।।" (बृ.न.च.३५८) इत्युक्तम्। इत्थञ्च प्रकृते स्व-परद्रव्यादिचतुष्टयग्राहकद्रव्यार्थिकनयद्वयग्राह्याभ्याम् अस्ति-नास्तिस्वभावाभ्यां युक्ते आत्मादिद्रव्ये पौनःपुन्येन एकाग्रप्रत्ययाभ्यासः आज्ञाविचयाभिधानं धर्मध्यानं जनयति, "स्वरूप-पररूपाभ्यां सदसद्रूपशालिषु। यः स्थिरप्रत्ययो ध्यानं तदाज्ञाविचयाह्वयम्।।" (त्रि.श.पु.२/३/४४९) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्रे श्रीहेमचन्द्राचार्य**वचनात्। ततश्च [2]"अतुलमणन्नसरिसयं निव्वाणं निव्वुई परं सोक्खं" (वि.आ.भा.३१८५) इति **विशेषावश्यकभाष्योक्तं** निर्वाणं प्रत्यासन्नतरं स्यात्।।१३/१।।

-श्रुतादि तरीके हुं कई रीते परिणमी जाउं ? तेथी ते स्वरूपे हुं नथी ज' - आवुं हृदयस्पर्शी रीते જાણીને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસાપેક્ષપણે આપણા અસ્તિત્વને અપરોક્ષપણે અનુભવવા માટે નાભિકમળમાં કે હૃદયકમળમાં અસંગભાવે ઉપયોગને કેન્દ્રિત કરી સ્વ-ભાવને = પોતાના પરિણામને ધવલ બનાવવા પ્રયત્નશીલ રહેવું. તથા 'પરકીય દ્રવ્યાદિની અપેક્ષાએ આપણું અસ્તિત્વ નથી, પરકીય દ્રવ્યાદિમાં આપણું અસ્તિત્વ નથી' - આવું જાણી હમણાં બતાવેલ પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રત્યે મધ્યસ્થતાને ધારણ કરવી. પરકીય દ્રવ્યાદિમાં થતાં ફેરફારના નિમિત્તે કોઈ આંતરિક ખળભળાટ ઉભા થઈ ન જાય તેની કાળજી રાખવી.

## આજ્ઞાવિચય ધર્મધ્યાનને પામીએ

(**अस्ति.**) અસ્તિસ્વભાવથી અને નાસ્તિસ્વભાવથી વણાયેલ એવા પોતાના આત્મતત્ત્વનું જ સર્વદા ધ્યાન ધરવું જોઈએ. આ જ અભિપ્રાયથી **બૃહદ્નયચક્ર**માં **માઈલ્લધવલજી**એ જણાવેલ છે કે 'સામાન્યરૂપે અને વિશેષરૂપે અસ્તિત્વાદિ સ્વભાવો જ્યાં પરસ્પર અવિરુદ્ધ બનીને રહેલા છે, તે પરમ નિજતત્ત્વ = આત્મતત્ત્વ છે.' આ રીતે પ્રસ્તુતમાં જિનાજ્ઞા મુજબ સ્વદ્રવ્યાદિચતુષ્કગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય એવા અસ્તિસ્વભાવથી યુક્ત તથા પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય એવા નાસ્તિસ્વભાવથી યુક્ત એવા આત્માદિ દ્રવ્યને વિશે વારંવાર જિનાજ્ઞાનુસાર એકાગ્રપણે પ્રતીતિ કરવાનો અભ્યાસ કરવાથી આજ્ઞાવિચય નામનું ધર્મધ્યાન પ્રગટ થાય છે. કારણ કે કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે **ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર**માં **શ્રીઅજિતનાથ** ભગવંતની દેશનાના અવસરે જણાવેલ છે કે 'સ્વરૂપની અપેક્ષાએ સત્સ્વભાવથી યુક્ત તથા પરરૂપની દૃષ્ટિએ અસત્સ્વભાવથી યુક્ત એવા દ્રવ્યોને વિશે જે સ્થિર પ્રત્યય = પ્રતીતિ છે તે આજ્ઞાવિચય નામનું ધ્યાન છે.' આવા ધર્મધ્યાનને પામવાની અહીં આડકતરી રીતે સૂચના પ્રાપ્ત થાય છે. તેનાથી **વિશેષાવશ્યકભાષ્ય**માં બતાવેલ નિર્વાણ ખૂબ નજીક આવે છે. ત્યાં જણાવેલ છે કે 'અતુલ, અજોડ, પરમ શાંતિ (= નિર્વૃત્તિ) અને સર્વોત્કૃષ્ટ સુખ એ જ નિર્વાણ છે.(૧૩/૧)

1. अस्तित्वादिस्वभावाः सामान्य-विशेषसंस्थिता यत्र। अपराऽपरमविरुद्धाः तद् निजतत्त्वं भवेत् परमम्।।
2. अतुलमनन्यसदृशकं निर्वाणं निवृत्तिः परं सौख्यम्।

**ઉત્પાદ-વ્યયગૌણતા રે, ♦સત્તાગ્રાહક નિત્યો;⁸**
**કોઈક પર્યાયાર્થિકઈ રે, જાણો સ્વભાવ અનિત્યો રે ॥૧૩/૨॥ (૨૧૦) ચતુર.**

ઉત્પાદ-વ્યયગૌણત્વઈ **સત્તાગ્રાહક** દ્રવ્યાર્થિકનયઈં **નિત્યસ્વભાવ** કહિઈ ૩.

---

अस्तित्व-नास्तित्वग्राहकनयनिरूपणानन्तरं नित्यत्वाऽनित्यत्वस्वभावग्राहकनयदर्शनायाह – '**उत्पादे**'ति।

**उत्पाद-व्ययगौणत्वे सत्ताग्रहे च नित्यता।**
**उत्पाद-व्ययमुख्यत्वे पर्यायार्थादनित्यता।।१३/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – उत्पाद-व्ययगौणत्वे सत्ताग्रहे च नित्यता (उच्यते)। उत्पाद-व्ययमुख्यत्वे पर्यायार्थाद् अनित्यता (ज्ञायते)।।१३/२।।

**उत्पाद-व्ययगौणत्वे** = उत्पत्ति-क्षयोपसर्जनभावे सति **सत्ताग्रहे च** = त्रिकालाऽनुगतसत्ता-मुख्यत्वग्राहकद्रव्यार्थिकनयमते पुनः द्रव्यस्य **नित्यता** = नित्यस्वभाव उच्यते। चकारोऽत्र समुच्चयार्थे बोध्यः, "चः पादपूरणे पक्षान्तरे चाऽपि समुच्चये" (वि.लो.अव्यय.१२) इति पूर्वोक्ते (५/६) **विश्वलोचने धरसेन**वचनात्। पूर्वोक्तः (५/११) द्रव्यार्थिकनयद्वितीयभेदोऽत्राऽनुसन्धेयः। पौनरुक्त्यदोषभयान्नेह विव्रियते तत्स्वरूपम्। प्रकृते "आभिमुख्येन ग्रहणं = मुख्यत्वम्, तद्विपरीतत्वम् उपसर्जनत्वम्" (म.स्या.रह.का.९/पृ.५६) इति मध्यमपरिमाण**स्याद्वादरहस्य**वचनमप्यनुसन्धेयम्।

---

**અવતરણિકા** :- અસ્તિસ્વભાવગ્રાહક અને નાસ્તિસ્વભાવગ્રાહક નયનું નિરૂપણ કર્યા બાદ ગ્રંથકારશ્રી નિત્યસ્વભાવગ્રાહક અને અનિત્યસ્વભાવગ્રાહક નયને દેખાડવા માટે કહે છે કે :-

### ❀ નિત્યાનિત્યસ્વભાવગ્રાહક નયનો વિચાર ❀

**શ્લોકાર્થ** :- ઉત્પાદ-વ્યયને ગૌણ કરવામાં આવે અને સત્તાનું ગ્રહણ કરવામાં આવે તો (દ્રવ્યાર્થિકનયથી) દ્રવ્યમાં નિત્યતા કહેવાય છે. તથા ઉત્પાદ-વ્યયને મુખ્ય કરવામાં આવે તો પર્યાયાર્થિકનયથી અનિત્યતા જણાય છે. (૧૩/૨)

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યમાં રહેલ ઉત્પત્તિને અને વિનાશને ગૌણ કરવામાં આવે તથા ત્રિકાલ અનુગત એવી સત્તાને મુખ્ય કરવામાં આવે તો સત્તાગ્રાહક નયના મત મુજબ દ્રવ્યમાં નિત્યસ્વભાવ કહેવાય છે. અહીં 'च' શબ્દ સમુચ્ચય = સંગ્રહ અર્થમાં છે. કેમ કે **ધરસેન**જીએ **વિશ્વલોચનકોશ**માં જણાવેલ છે કે "પાદપૂર્તિ, અન્ય પક્ષ = વિકલ્પ અને વળી સમુચ્ચય અર્થમાં 'च' વપરાય છે." પૂર્વે (૫/૬) આ સંદર્ભ જણાવેલ હતો. પૂર્વે (૫/૧૧) દ્રવ્યાર્થિકનયનો જે બીજો ભેદ જણાવેલ છે, તેનું અહીં અનુસંધાન કરવું. પુનરુક્તિ દોષના ભયથી અહીં તેના સ્વરૂપનું ફરીથી વિવેચન કરવામાં નથી આવતું. "અભિમુખરૂપે ધર્મનું ગ્રહણ = જ્ઞાન કરવું તે મુખ્યતા તથા અનભિમુખરૂપે ધર્મનું જ્ઞાન કરવું તે ધર્મગત ગૌણતા" - આ પ્રમાણે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય**ના વચનનું અહીં અનુસંધાન કરવું.

---

♦ પુસ્તકોમાં 'ગ્રાહકિ' પાઠ. આ.(૧)+કો.(૪+૬)નો પાઠ લીધો છે. 8. પુસ્તકોમાં 'નિત્ય' પાઠ. મો(૧)નો પાઠ લીધેલ છે.

**કોઈક પર્યાયાર્થિક** નય ઉત્પાદ-વ્યયગ્રાહક હોઈ,તેણઈ કરી **અનિત્યસ્વભાવ જાણો ૪.** ॥૧૩/૨॥

**उत्पाद-व्ययमुख्यत्वे** = जन्मोच्छेदप्राधान्ये अर्पिते सति **पर्यायार्थात्** = पर्यायार्थिकनयमाश्रित्य द्रव्यस्य **अनित्यता** = अनित्यस्वभावो ज्ञायते। पूर्वोक्तः (६/३-४) पर्यायार्थनयतृतीयभेदोऽत्राऽनुसन्धेयः। एतन्नयमनुसृत्य **कार्त्तिकेयाऽनुप्रेक्षायां** [1]"जं किंचि वि उप्पण्णं तस्स विणासो हवेइ णियमेण' (का.अ.४) इत्युक्तम्।

तदुक्तं **देवसेनेन आलापपद्धतौ शुभचन्द्रेण च कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** "उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकेण नित्यस्वभावः। केनचित् पर्यायार्थिकेन अनित्यस्वभावः" (आ.प.पृ.१५, का.अ.२६१ वृ.पृ.१८५) इति। 'केनचित् पर्यायार्थिकेन' इति 'पर्यायार्थिकनयतृतीयभेदेन' इत्यर्थः बोध्यः।

***एतेन*** "उत्पद्यन्ते विपद्यन्ते पदार्थाः पर्ययात्मना। ध्रुवा द्रव्यात्मना सर्वे बहिरन्तश्च सर्वदा।।" (दाना.अवसर-५/२३) इति **दानादिप्रकरणे सूराचार्य**वचनं ***व्याख्यातम्,*** 'पर्ययात्मना' = अनित्यशुद्धपर्यायार्थिकनयगोचरतया, 'द्रव्यात्मना' = सत्ताग्राहकद्रव्यार्थिकनयविषयतया इत्यर्थात्।

वस्तुतो वस्तुनो न केवलं नित्यत्वम् अनित्यत्वं वा किन्तूभयात्मकत्वमेव। तदुक्तम् **अनेकान्तवादप्रवेशे अनेकान्तजयपताकायां** च **श्रीहरिभद्रसूरिभिः** "नित्यानित्यत्वञ्च वस्तुनो द्रव्य-पर्यायोभयरूपत्वात्, अनुवृत्त

(**उत्पाद.**) ઉત્પાદ-વ્યયને મુખ્ય સ્વરૂપે વિવક્ષિત કરવામાં આવે તો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્યમાં અનિત્યસ્વભાવ જણાય છે. પૂર્વે છઠ્ઠી શાખાના ત્રીજા-ચોથા શ્લોકમાં જણાવેલ પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદનું અહીં અનુસંધાન કરવું. આ નયને આશ્રયીને દિગંબર **સ્વામીકુમારે કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે કોઈ પણ વસ્તુ ઉત્પન્ન થાય છે, તેનો વિનાશ અવશ્ય થાય છે.'

(**तदुक्तं.**) તેથી **દેવસેનજીએ આલાપપદ્ધતિ**માં તથા **શુભચંદ્રજીએ કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'ઉત્પાદને અને વ્યયને ગૌણ કરીને સત્તાની મુખ્યતાથી વસ્તુને ગ્રહણ કરનાર નયની અપેક્ષાએ દ્રવ્યમાં નિત્યસ્વભાવ છે. પર્યાયને ગ્રહણ કરનાર કોઈક પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્યમાં અનિત્યસ્વભાવ છે.' 'કોઈક પર્યાયાર્થિકનયથી' - આમ અહીં કહેલ છે, તેનાથી પર્યાયાર્થિકનો ત્રીજો ભેદ લેવો.

### નયભેદથી પદાર્થ ત્રિતયાત્મક

(**एतेन.**) **દાનાદિપ્રકરણ**માં **સૂરાચાર્યજી**એ જણાવેલ છે કે 'સર્વદા બહાર અને અંદર સર્વ પદાર્થો પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તથા દ્રવ્યરૂપે ધ્રુવ રહે છે.' અમે ઉપર જે વાત જણાવી તે મુજબ સૂરાચાર્યજીના વચનનું અર્થઘટન એવું થશે કે - અનિત્યશુદ્ધપર્યાયાર્થિક નયના વિષયરૂપે સર્વ પદાર્થોના ઉત્પાદ-વ્યય થાય છે તથા સત્તાગ્રાહકદ્રવ્યાર્થિકનયના વિષયરૂપે સર્વે પદાર્થો ધ્રુવ છે.

### ❖ ફક્ત એક અંશના સ્વીકારમાં મિથ્યાત્વ ❖

(**वस्तु.**) વાસ્તવમાં તો વસ્તુમાં માત્ર નિત્યતા નથી કે માત્ર અનિત્યતા નથી. પરંતુ પ્રત્યેક વસ્તુ નિત્યાનિત્યઉભયાત્મક જ છે. તેથી જ તો **શ્રીહરિભદ્રસૂરિજી**એ **અનેકાંતવાદપ્રવેશ**માં તથા **અનેકાન્તજયપતાકા**માં જણાવેલ છે કે "દ્રવ્ય-પર્યાયોભયાત્મક હોવાથી તથા અનુવૃત્ત-વ્યાવૃત્તાકારરૂપે સ્વસંવેદનગ્રાહ્ય હોવાથી

1. यत् किञ्चिदपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।

-व्यावृत्ताकारसंवेदनग्राह्यत्वात् प्रत्यक्षसिद्धमेव" (अ.या.प्र.पृ.४३, अ.ज.प.परिच्छेद - २/पृ.११३) इति पूर्वोक्तम् (११/८) अत्रानुसन्धेयम्। अत एव तत्र नयविशेषेण केवलैकतरा-ऽभ्युपगमे मिथ्यात्वापत्तिः बोध्या। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"पज्जयनयमयमिणं जं सव्वं विगम-संभवसहावं। दव्वट्ठियस्स निच्चं एगयरमयं च मिच्छत्तं।।" (वि.आ.भा.२४१५), [2]"जमणंतपज्जयमयं वत्थुं भुवणं व चित्तपरिणामं। ठिइ-विभव-भंगरूवं निच्चाऽनिच्चाइ तोऽभिमयं।।" (वि.आ.भा.२४१६) इत्यादि।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - आत्मद्रव्यरूपेण यथा स्वस्य नित्यत्वं तथा असङ्ख्येयात्मप्रदेश-लक्षणस्वक्षेत्ररूपेण अपि नित्यत्वम्। त्रैकालिकत्वात् स्वस्य अप्रत्याख्येयमेव निजकालसापेक्षं नित्यत्वम्। देहेन्द्रियान्तःकरण-निमित्तद्वय-कर्म-काल-नियतिप्रभृतिसाचिव्येन देहेन्द्रिय-मनः-कर्मसु गमनागमन-भाषण-भोजनादिक्रिया-तर्क-वितर्क-विकल्प-विभावपरिणामादिप्रादुर्भावकालेऽपि शुद्धनयमते आत्मन आश्रव-बन्ध-संवर-निर्जरादिपरिणामतो नित्यनिवृत्तत्वाद् असङ्गाऽक्रियाऽविक्रियाऽनाकाराऽबन्धाऽनाबाधा-

---

વસ્તુમાં નિત્યાનિત્યત્વ પ્રત્યક્ષસિદ્ધ જ છે." આ સંદર્ભ પૂર્વે (૧૧/૮) વિસ્તારથી જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. આશય એ છે કે વસ્તુનો દ્રવ્યાત્મક અંશ અનુગતાકારસ્વરૂપે દ્રવ્યાર્થસંવેદનગ્રાહ્ય હોવાથી નિત્યત્વશાલી છે. તો વસ્તુનો પર્યાયાત્મક અંશ વ્યાવૃત્તાકારરૂપે પર્યાયાર્થસંવેદનગોચર બનવાથી અનિત્ય છે. તેથી જ દ્રવ્યાર્થ-પર્યાયાર્થ આ બે નયમાંથી એક જ નયના મતથી વસ્તુમાં એક જ અંશ માનવામાં આવે તો મિથ્યાત્વ આવી પડે - તેમ સમજવું. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'પર્યાયનયનો મત એવો છે કે દરેક પદાર્થ ઉત્પાદ-વિનાશસ્વભાવયુક્ત છે. દ્રવ્યાર્થિકના મતે બધું નિત્ય છે. જો બેમાંથી એક જ નયને માનો તો મિથ્યાત્વ લાગે. કેમ કે વસ્તુ અનંતપર્યાયમય છે. જગતની જેમ વિવિધપરિણામયુક્ત સર્વ વસ્તુ છે. સ્થિતિ-ઉત્પત્તિ-વિનાશસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ નિત્યાનિત્યાદિસ્વરૂપ અભિમત છે.'

### ❋ નિત્યસ્વભાવનો મહિમા પ્રગટાવીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મદ્રવ્યરૂપે જેમ પોતે નિત્ય છે તેમ અસંખ્યાત્મપ્રદેશસ્વરૂપ સ્વક્ષેત્રરૂપે પણ પોતે નિત્ય જ છે. આત્મા પોતે ત્રૈકાલિક હોવાથી નિજકાળસાપેક્ષ નિત્યત્વનો પણ પોતાનામાં અપલાપ થઈ ન શકે. તેમજ નિજ શુદ્ધસ્વભાવરૂપે પણ આત્મા નિત્ય જ છે. તે આ રીતે સમજવું :- (૧) શરીર, ઈન્દ્રિય, અંતઃકરણ, વિજાતીય વ્યક્તિ વગેરે બાહ્ય નિમિત્ત, (૨) સંસ્કારસ્વરૂપ આંતરિકનિમિત્ત, (૩) કર્મ, (૪) કાળ, (૫) નિયતિ વગેરે પરિબળોના સહારે શરીર, ઈન્દ્રિય, મન અને કર્મમાં ગમન-આગમન-ભાષણ-ભોજન વગેરે ક્રિયાઓ, તર્ક, વિતર્ક, વિકલ્પ અને રાગાદિ વિભાવ પરિણામો ઉત્પન્ન થાય છે. પરંતુ તે સમયે પણ શુદ્ધનયની દૃષ્ટિએ તો આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપે જ રહેલો હોય છે. કારણ કે શુદ્ધનયમતે આત્મા આશ્રવ, બંધ, સંવર, નિર્જરા વગેરે પરિણામથી નિત્યનિવૃત્ત છે. આશ્રવાદિ પરિણામો કર્મપુદ્ગલના છે. શુદ્ધનયની દૃષ્ટિએ આત્માને તેની સાથે કોઈ લેવા-દેવા નથી.

---

1. पर्ययनयमतमिदं यत् सर्वं विगम-सम्भवस्वभावम्। द्रव्यार्थिकस्य नित्यमेकतरमतञ्च मिथ्यात्वम्।।
2. यदनन्तपर्ययमयं वस्तु भुवनमिव चित्रपरिणामम्। स्थिति-विभव-भङ्गरूपं नित्याऽनित्यादि ततोऽभिमतम्।।

ऽचलाऽनन्याऽनुपमाऽनावरणाऽनुपाधिकाऽकलङ्काऽभ्रान्ताऽनाकुलाऽतीन्द्रियाऽपरोक्षाऽन्यानपेक्ष-शुद्धचैतन्यलक्षणेन निजस्वभावेनाऽपि नित्यत्वमेव।

शुद्धचैतन्यघनस्वभावे रागादिपरिणामा नैव प्रविशन्ति, प्रविशन्त एव प्रणश्यन्ति विशुद्धचैतन्य-घनस्वभावप्रभावेण, वनमिव हिमवर्षासम्पर्केण। एतादृशस्वद्रव्य-क्षेत्र-काल-भावसापेक्षः स्वस्य नित्यस्वभावः दृढतया श्रद्धेयः समादरणीयश्च। तत आत्मध्रौव्यमहिमाऽऽविर्भावे चोपयोगस्य अन्तर्मुखतासम्पत्त्या शुद्धपर्यायाः शीघ्रं प्रादुर्भवन्ति।

व्याधि-जरा-मरण-भयावहपरिस्थित्याद्यवसरे ध्रौव्यग्राहकद्रव्यार्थिकनयं प्रधानीकृत्य, आत्मनो नित्यस्वभावं पुरस्कृत्य निश्चलतया, निर्भयतया निश्चिन्ततया च भाव्यम्। तथा अनुकूलपरिस्थिति-

---

આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. શુદ્ધ ચૈતન્ય કાયમ અસંગ છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો સંગ - સંપર્ક નિર્મળ ચેતનામાં નથી. તે તો સદા અક્રિય છે, નિષ્ક્રિય છે. શુદ્ધ ચૈતન્યમાં કદાપિ વિક્રિયા થતી નથી. તે હંમેશા નિરાકાર છે. તે ક્યારેય બંધાતું નથી. બંધદશારહિત તે શુદ્ધચૈતન્ય છે. સદૈવ અનાબાધ = પીડાશૂન્ય અને અચલ છે. શુદ્ધચૈતન્ય ક્યારેય અન્ય સ્વરૂપે પરિણમતું નથી. તે અનુપમ છે. પ્રતિક્ષણ તે નિરાવરણ છે. તે ક્યારેય પણ આવરાતું નથી. કારણ કે તે કર્મની ઉપાધિ વગરનું છે. તેમાં કોઈ કલંક-દોષ નથી. તે ભ્રાન્તિશૂન્ય છે. તેમાં રાગ-દ્વેષની આકુળતા-વ્યાકુળતા હોતી નથી. તે સદા નિરાકુળ છે. નિર્મળ ચેતના અતીન્દ્રિય છે, છતાં પરોક્ષ નથી. તે પ્રત્યક્ષ હોવા છતાં ઈન્દ્રિયાદિને આધીન નથી. આવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજસ્વભાવથી આત્મા ક્યારેય ચલાયમાન થતો ન હોવાથી તે સ્વરૂપે આત્મા નિત્ય જ છે.

### ❯ શુદ્ધ ચૈતન્યઘનસ્વભાવમાં રાગ ન પ્રવેશે ❯

(શુદ્ધ.) શુદ્ધચૈતન્યઘનસ્વભાવમાં રાગાદિ પરિણામો કદાપિ પ્રવેશતા નથી. જો તેમાં રાગાદિ પરિણામો પ્રવેશ કરે તો પ્રવેશ કરતાવેંત તેઓ સમૂળગા નાશ પામી જાય છે. જેમ જંગલમાં હિમનો વરસાદ થાય તો જંગલ બળી જાય તેમ શુદ્ધચૈતન્યઘનસ્વભાવનો સંપર્ક થતાંવેંત તેના પ્રભાવથી જ રાગાદિપરિણામો મૂળમાંથી સળગી જાય છે. મતલબ કે શુદ્ધચૈતન્યઘનસ્વભાવ એ હિમ જેવી શીતળ આગ છે. આવો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સાપેક્ષ એવો પોતાનો જે નિત્યસ્વભાવ છે, તેની અત્યંત દૃઢતાથી શ્રદ્ધા કરવી. તેમ જ તેનો અત્યંત આદર કરવો. તેનાથી આત્માના ધ્રૌવ્યનો મહિમા પ્રગટે છે. તેની સાથે જ ઉપયોગ બહારમાં રુચિપૂર્વક ભટકવાનું છોડી દે છે. ત્યારે ઉપયોગ અંદરમાં વળે છે. ઉપયોગ સમજણપૂર્વક અંતર્મુખ થતાં જ શુદ્ધ પર્યાયો ઝડપથી પ્રગટે છે.

### ❁ નિત્ય-અનિત્યસ્વભાવનો વ્યવહારમાં ઉપયોગ ❁

(વ્યા.) તેમજ રોગ, ઘડપણ, મોત, ભયાનક પરિસ્થિતિ વગેરે અવસરે સત્તાગ્રાહક = ધ્રૌવ્યગ્રાહી દ્રવ્યાર્થિકનયને મુખ્ય બનાવીને આત્માના નિત્યસ્વભાવને આગળ કરીને નિશ્ચલ, નિર્ભય તથા નિશ્ચિંત બનવું. તથા અનુકૂળતા, આરોગ્ય, આદેયનામકર્મોદય, આબાદી, આબરૂ વગેરે પરિસ્થિતિમાં, પુણ્યોદયની

स्वास्थ्याऽऽदेयनामकर्मोदयाऽभ्युदय-यशःकीर्त्त्याद्यवसरे पुण्योदयपराकाष्ठायां पर्यायार्थिकनयसम्मताऽनित्यस्वभावं चेतसिकृत्य नम्रतया मृदुतया च भाव्यम्। इत्थञ्च व्याध्यादिप्रतिकूलतायां स्वस्य नित्यस्वभावं पुण्योदयाद्यनुकूलतायाञ्च आरोग्याऽभ्युदयादीनाम् अनित्यस्वभावं विमृश्य मध्यस्थतया विरक्ततया च भाव्यम्। तत एव "गुणत्रयविनिर्मुक्तो गन्ध-स्पर्शविवर्जितः। अच्छेद्यश्चाप्यभेद्यश्च निर्लेपो निर्मलः प्रभुः।।" (यो.प्र.३०) इति **योगप्रदीप**दर्शितं शाश्वतं शुद्धात्मस्वरूपं जवात् प्रादुर्भवेत् ।।१३/२।।

---

પરાકાષ્ઠામાં પર્યાયાર્થિકનયસંમત નિજ અનિત્યસ્વભાવને દૃષ્ટિમાં કેન્દ્રસ્થાને સ્થાપિત કરી નમ્રતા-લઘુતા -મૃદુતા ધારણ કરવી. ટૂંકમાં, રોગ વગેરે પ્રતિકૂળતામાં આત્માનો નિત્યસ્વભાવ અને પુણ્યોદય વગેરે અનુકૂળતામાં આરોગ્ય, અભ્યુદય વગેરેનો અનિત્યસ્વભાવ વિચારી મધ્યસ્થ બનવું, વિરક્ત રહેવું. આ રીતે વર્તવાથી જ **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ શાશ્વત શુદ્ધાત્મસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ પ્રભુ સત્ત્વ-રજસ્-તમોગુણશૂન્ય છે, ગન્ધ-સ્પર્શવર્જિત છે, અચ્છેદ્ય, અભેદ્ય, નિર્લેપ અને નિર્મલ છે.' (૧૩/૨)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના બીજાની હાય લે છે.**
  **ઉપાસના બીજાની દુવા લે છે,**
  **બીજાને હાશકારો આપે છે.**
- **બુદ્ધિ બીજાના સારા સમાચારમાં શંકા કરે છે;**
  **નબળી વાતને સહર્ષ સ્વીકારે છે.**
- **શ્રદ્ધા બીજાના નબળા સમાચારમાં શંકા કરે છે,**
  **સારા સમાચારને સહર્ષ સ્વીકારે છે.**
- **સત્તા, સંપત્તિ, સૌંદર્ય,**
  **સ્વાસ્થ્યને વાસના વળગે છે.**
  **સમાધિ, સદુપયોગ, સદ્ગુણ,**
  **સ્વસ્થતાને ઉપાસના ઝંખે છે.**
- **વાસનામાં બહિર્યાત્રા છે, પદાર્થયાત્રા છે.**
  **ઉપાસનામાં અન્તર્યાત્રા છે, પરમાત્મયાત્રા છે.**

**ભેદકલ્પનારહિતથી રે, ધારો એક સ્વભાવ;**
**અન્વયદ્રવ્યાર્થિકનયઈં રે, અનેક દ્રવ્ય સ્વભાવ♦ રે ॥૧૩/૩॥ (૨૧૧) ચતુર.**

(**ભેદકલ્પનારહિતથી**=) ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયઈં (**દ્રવ્ય**) **એકસ્વભાવ** જાણો (=**ધારો**) ૫. **અન્વયદ્રવ્યાર્થિકનયઈં** (**દ્રવ્ય**) **અનેકસ્વભાવ** *કહીએ* ૬.

पञ्चम-षष्ठसामान्यस्वभावग्राहकनयप्रदर्शनायोपक्रमते – '**भेदे**'ति ।

**भेदकल्पनया शून्ये धारयैकस्वभावताम् ।**
**नैको वस्तुस्वभावस्त्वन्वयद्रव्यार्थिके नये।।१३/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भेदकल्पनया शून्ये एकस्वभावतां धारय। अन्वयद्रव्यार्थिके नये तु नैको वस्तुस्वभावः (वर्तते)।।१३/३।।

**भेदकल्पनया शून्ये** = द्रव्यगतभिन्नत्वगोचरकल्पनानिरपेक्षे पूर्वोक्ते (५/१२) शुद्धद्रव्यार्थिकनये द्रव्यस्य **एकस्वभावतां धारय** = गृहाण।

**अन्वयद्रव्यार्थिके** पूर्वं (५/१६) व्याख्यातलक्षणे **नये तु नैको वस्तुस्वभावः** = एकस्य वस्तुनोऽप्यनेकस्वभावो ज्ञेयः। तथाहि – एकस्य वस्तुनः स्वद्रव्य-गुण-पर्यायेष्वन्वयदर्शनात् स्वद्रव्यादि-रूपेण वस्त्वस्तित्वग्रहणादन्वयद्रव्यार्थिकनयमतानुसारेणानेकस्वभावः समाम्नातः।

तदुक्तम् **आलापपद्धतौ देवसेनेन कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ च शुभचन्द्रेण** "भेदकल्पनानिरपेक्षेण एकस्वभावः।

---

**અવતરણિકા** :- પાંચમા અને છઠ્ઠા સામાન્યસ્વભાવના ગ્રાહક નયને જણાવવા માટે ગ્રંથકારશ્રી કમર કસે છે :-

## ❀ એક-અનેકસ્વભાવગ્રાહક નયની વિચારણા ❀

**શ્લોકાર્થ** :- ભેદકલ્પનારહિત નયના મતે વસ્તુમાં એકસ્વભાવને ધારો. અન્વયદ્રવ્યાર્થિક નયના મતે તો વસ્તુમાં અનેકસ્વભાવ જાણવો. (૧૩/૩)

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યમાં રહેલ ભેદને પોતાનો વિષય બનાવનારી કલ્પનાથી નિરપેક્ષ એવા શુદ્ધદ્રવ્યાર્થિક-નયનું વર્ણન પૂર્વે પાંચમી શાખાના બારમા શ્લોકમાં કરેલ છે. તે નયના મતે વસ્તુમાં એકસ્વભાવને ધારો.

(**अन्वय.**) પૂર્વે પાંચમી શાખાના સોળમા શ્લોકમાં અન્વયદ્રવ્યાર્થિકનયની સમજણ આપેલી છે. તેના મતે એક વસ્તુનો પણ અનેક સ્વભાવ જાણવો. તે આ રીતે - એક જ વસ્તુનો સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયોમાં અન્વય જોવા મળે છે. તેથી સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપે વસ્તુનું અસ્તિત્વ અન્વયદ્રવ્યાર્થિકનય ગ્રહણ કરે છે. તેથી અન્વયદ્રવ્યાર્થિકનયના મત મુજબ એક વસ્તુના પણ અનેકસ્વભાવ સંમત છે.

## ❀ અન્વયગ્રાહક દ્રવ્યાર્થિકનયનો નિર્દેશ ❀

(**तदुक्तम्.**) તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં **શુભચન્દ્રજી**એ

---

♦ પુસ્તકોમાં 'સ્વભાવો' પાઠ. કો.(૧૦)+સિ.નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં છે.

**कालान्वये सत्ताग्राहको देशान्वये चान्वयग्राहको नयः प्रवर्त्तते ॥१३/३॥**

अन्वयद्रव्यार्थिकेन एकस्याऽपि अनेकस्वभावत्वम्" (आ.प.पृ.१५, का.अ.२६१/वृ.पृ.१८५) इति।

***अथ*** नित्यस्वभावस्य सत्ताग्राहकद्रव्यार्थिकनयविषयत्वम् अनेकस्वभावस्य चान्वयद्रव्यार्थिकनयगोचरत्वमिति कोऽनयोः विशेषः इति ***चेत्*** ?

***उच्यते,*** कालान्वये ध्रौव्यापराभिधानसत्ताग्राहकः द्रव्यार्थिकनयः देशान्वये च अन्वयग्राहको द्रव्यार्थिकनयः प्रवर्तते। विभिन्नक्षणेषु अनुगतवस्तुबोधः कालान्वय उच्यते। विभिन्नस्वद्रव्य-गुण-पर्यायेषु कथञ्चिद् अतिरिक्ताऽनुगतवस्तुबोधश्च देशान्वयः कथ्यते। नित्यस्वभावभाने कालान्वयस्याऽपेक्षितत्वात् कालान्वये चाभिप्रेते सति सत्ताग्राहकद्रव्यार्थिकनयप्रवृत्तिः उचिता। तथाहि – एकमेव मृद्द्रव्यं कालान्तरे मृत्पिण्ड-घट-कपालादिपर्यायरूपेण परिणमति। नानापर्यायोत्पाद-व्ययेषु सत्स्वपि सर्वावस्थासु 'तदेवेदं मृद्द्रव्यमि'ति सर्वैरेव अविगानेन प्रत्यभिज्ञायते। इत्थं कालान्वयेऽभिप्रेते सति ध्रौव्यग्राहकद्रव्यार्थिकः प्रवर्तते।

नानास्वद्रव्य-गुण-पर्यायसापेक्षे देशान्वयेऽभिप्रेते सति तु अन्वयद्रव्यार्थिकनयप्रवृत्तिः न्याय्यैव,

---

જણાવેલ છે કે 'ભેદકલ્પનાથી નિરપેક્ષ એવા નયની દૃષ્ટિએ દ્રવ્યનો એકસ્વભાવ છે. અન્વયગ્રાહી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ વસ્તુ એક હોવા છતાં અનેકસ્વભાવવાળી છે.'

**શંકા** :- (अथ.) દ્રવ્યમાં રહેલ નિત્યસ્વભાવ એ સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયનો વિષય છે. તથા દ્રવ્યનો અનેકસ્વભાવ એ અન્વયદ્રવ્યાર્થિક નયનો વિષય છે. તો આ બેમાં ફરક શું છે ?

### ❀ દેશાન્વય અને કાલાન્વયની વિચારણા ❀

**સમાધાન** :- (उच्यते.) સાંભળો. સત્તાનું બીજું નામ ધ્રૌવ્ય છે. તેથી જો કાલનો દ્રવ્યમાં અન્વય અથવા કાલ વડે દ્રવ્યનો અન્વય અભિપ્રેત હોય, 'દ્રવ્ય ત્રિકાલધ્રુવ છે' - આવું ભાન કરવું અભિમત હોય તો સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનય પ્રવર્તે છે. જુદા-જુદા કાળમાં અનુગત વસ્તુનો બોધ કરવો તે કાલાન્વય કહેવાય. દેશાન્વય અભિપ્રેત હોય તો અન્વયદ્રવ્યાર્થિક નય = અન્વયગ્રાહક દ્રવ્યાર્થિકનય પ્રવર્તે છે. વિભિન્ન દેશોમાં = જુદા-જુદા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયોમાં કથંચિત્ અતિરિક્ત અનુગત વસ્તુનો બોધ કરવો (= વસ્તુનો અનુગમ કરવો) તે દેશાન્વય કહેવાય. નિત્યસ્વભાવના ભાનમાં કાલાન્વય અપેક્ષિત હોવાથી જ્યારે કાલાન્વય અભિપ્રેત હોય ત્યારે સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયની પ્રવૃત્તિ ઉચિત છે. તે આ રીતે સમજવું - એક જ માટીદ્રવ્ય કાળક્રમે મૃત્પિંડ, ઘડો, ઠીકરા, ઠીકરી વગેરે પર્યાયસ્વરૂપે પરિણમે છે. વિવિધ પર્યાયના ઉત્પાદ-વ્યય થવા છતાં પણ તે તમામ અવસ્થામાં બધા જ લોકોને એવી પ્રતીતિ = પ્રત્યભિજ્ઞા નિર્વિવાદરૂપે થાય છે કે 'આ તે જ મૃદ્દ્રવ્ય છે.' આ રીતે કાલાન્વય અભિપ્રેત હોય તો સત્તાગ્રાહક = ધ્રૌવ્યગ્રાહક દ્રવ્યાર્થિકનય પ્રવર્ત્તે છે.

### ✤ અનેકસ્વભાવવાળી વસ્તુમાં એકસ્વભાવની વિચારણા ✤

(नाना.) તથા અનેક સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને સાપેક્ષ દેશાન્વય અભિપ્રેત હોય તો અન્વયદ્રવ્યાર્થિકનયની પ્રવૃત્તિ ન્યાયસંગત જ છે. કારણ કે એક જ વસ્તુના અનેકસ્વભાવ હોય તો વસ્તુગત એકત્વના બોધ

एकस्यैवाऽनेकस्वभावे सति एकत्वभानं प्रति विभिन्नद्रव्य-गुणादिषु पदार्थानुगमलक्षणस्य देशान्वयस्यापेक्षितत्वात्। न हि अनेकस्वभावशालिनो वस्तुन एकत्वम् अन्वयद्रव्यार्थिकनयाद् विना ग्रहीतुं शक्यते। तथाहि – वस्तुत्वावच्छिन्नस्य स्वद्रव्य-गुण-पर्यायात्मकतया स्वद्रव्यादौ तदस्तित्वं वर्तते। अत एव 'मृण्मयं नीलं नवीनं घटवस्तु' इत्येवं यथाक्रमं स्वद्रव्य-गुण-पर्यायरूपेण एकमेव वस्तु अनेकस्वभावतया ज्ञायते। इत्थं सर्वत्र एकस्मिन्नेव हि वस्तुनि तस्य अनेकस्वभावग्रहणपरतया अनेकस्वभावोपेतेषु स्वद्रव्य-गुण-पर्यायलक्षणेषु एकवस्त्वन्वयेऽभिप्रेते सति पूर्वोक्तः (५/१६) अन्वयद्रव्यार्थिकः प्रवर्तते, तस्य तथास्वभावत्वाद् इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथा मृत्तिकायाः श्याम-रक्तादिगुणमुखेन मृत्पिण्ड-स्थास-कोश-कुसूल-शिवक-कपाल-घटादिपर्यायद्वारा चानुभूयमानत्वे अन्वयद्रव्यार्थिकदृष्ट्या अनेकस्वभावः सत्यार्थतया भासते तथाऽपि सर्वगुण-पर्यायेषु अस्खलन्तम् एकं मृत्तिकाद्रव्यस्वभावम् उपेत्य मृत्तिकाया

---

પ્રત્યે દેશાન્વય = વિભિન્ન દ્રવ્ય-ગુણાદિમાં વસ્તુનો અનુગમ અપેક્ષિત છે. અનેકસ્વભાવવાળી એક જ વસ્તુમાં એકત્વનું ભાન ક્યારેય પણ અન્વયદ્રવ્યાર્થિક નય વિના શક્ય જ નથી. તે આ રીતે – પ્રત્યેક વસ્તુ સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક હોવાથી સ્વદ્રવ્યમાં, સ્વગુણમાં અને સ્વપર્યાયમાં તેનું અસ્તિત્વ રહેલું છે. તેથી જ સ્વદ્રવ્યસ્વરૂપે, સ્વગુણસ્વરૂપે તથા સ્વપર્યાયસ્વરૂપે એક જ વસ્તુનું જ્ઞાન લોકોને થાય છે. તે આ પ્રમાણે - 'આ મૃણ્મય નીલ નૂતન ઘટવસ્તુ છે' - આ પ્રમાણે લોકોને પ્રતીતિ થાય છે. 'મૃણ્મય ઘટ' અહીં ઘટ સ્વદ્રવ્યાત્મક જણાય છે. 'નીલ ઘટ' - આ પ્રતીતિમાં ઘટ સ્વગુણસ્વરૂપે સિદ્ધ થાય છે. 'નૂતન ઘટ' - અહીં ઘડો સ્વપર્યાયરૂપે નિશ્ચિત થાય છે. મતલબ કે એક જ વસ્તુ અનેકસ્વભાવરૂપે અન્વયદ્રવ્યાર્થિક દ્વારા જણાય છે. આ રીતે સર્વત્ર એક જ વસ્તુમાં અનેક સ્વભાવનું ગ્રહણ (= જ્ઞાન) કરવામાં અન્વયદ્રવ્યાર્થિક નય તત્પર હોવાથી અનેકસ્વભાવયુક્ત સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ વિભિન્ન દેશોમાં એક વસ્તુનો અન્વય = દેશાન્વય અભિપ્રેત હોય તો પૂર્વે (૫/૧૬) જણાવેલ અન્વયદ્રવ્યાર્થિક નય પ્રવર્તે છે. કારણ કે અન્વયદ્રવ્યાર્થિક નય અનેકસ્વભાવવાળી વસ્તુમાં એકત્વનું ભાન કરાવીને વસ્તુના અનેકસ્વભાવને જણાવવાના સ્વભાવને ધારણ કરે છે. 'માટીનો લાલ વર્ણ, માટીનો કાળો વર્ણ, માટીનું કોડિયું, માટીનું ઠીકરું, માટીનો ઘડો...' ઇત્યાદિ સ્વરૂપે અન્વયદ્રવ્યાર્થિક નય માટીનો સર્વત્ર અનુગમ કરીને એક જ માટીમાં જુદા-જુદા સ્વભાવને દેખાડે છે. તથા જુદા-જુદા વિવક્ષિત ગુણ-પર્યાયોમાં દ્રવ્યની એકતાને તે જણાવે છે. આ રીતે અહીં ઊંડાણથી વિચારવું.

### ❋ દ્રવ્યાર્થિકનયની વિચારણા નિર્વિકલ્પદશાને પ્રગટાવે ❋

**આધ્યાત્મિક ઉપનય** :- માટીનો શ્યામ-રક્ત વગેરે ગુણો દ્વારા અનુભવ થાય ત્યારે માટીમાં અનેકસ્વભાવ જણાય છે. તથા મૃત્પિંડ, સ્થાસ, કોશ, કુશૂલ, શિવક, કપાલ, ઘટ વગેરે પર્યાયો દ્વારા માટીનો અનુભવ થાય ત્યારે પણ અન્વયદ્રવ્યાર્થિકની દૃષ્ટિએ માટીમાં અનેકસ્વભાવ જણાય છે. અન્વયદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આ અનેકસ્વભાવ સત્યસ્વરૂપે જણાય છે. તેમ છતાં ઉપરોક્ત સર્વ ગુણ-પર્યાયોમાં વણાયેલ

अनुभवे अनेकस्वभावः मिथ्यैव भासते भेदकल्पनाशून्यद्रव्यार्थिकदृष्ट्या। तथा आत्मनो मत्यादिज्ञान-क्षायोपशमिकादिदर्शन-सामायिकादिचारित्रप्रमुखगुणरूपेण नृ-नाकिप्रभृतिपर्यायस्वरूपेण चानुभूयमानत्वे अन्वयद्रव्यार्थिकनयाभिप्रायेण अनेकस्वभावः भूतार्थतया आभासते तथापि सर्वगुण-पर्यायेषु अस्खलन्तम् एकम् आत्मद्रव्यस्वभावम् उपेत्य आत्मनोऽनुभवे अनेकस्वभावो मृषैव निश्चीयते भेदनिरपेक्ष-द्रव्यार्थिकेन। अतो ध्यानौपयिकविशुद्धचित्तैकाग्र्योपलब्धये भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयदृष्टिः उपादेया आत्मार्थिभिः निजभूमिकौचित्येन। इत्थं सर्वत्र सर्वदा सर्वथा आत्मनिष्ठैकस्वभावग्राहकभेदकल्पना-निरपेक्षद्रव्यार्थिकनयदार्ढ्ये सङ्कल्प-विकल्पदशा हीयते। अन्वयद्रव्यार्थिकनयभावनास्थैर्ये तु नानानिजगुण-पर्यायेषु स्वद्रव्यैक्यभानं दर्शितरीत्या सुलभं भवति। इत्थमुभयनयसाचिव्येन निर्विकल्पदशाऽऽरोहण-सौभाग्यं शीघ्रं सम्पद्यते इत्युपदेशः लभ्योऽत्र। इत्थमेव [1]"अच्छेज्जा अब्भेज्जा अव्वत्ता अक्खरा निरालंबा। परमप्पाणो सिद्धा अणायसिद्धा य ते सव्वे।।" (आ.प.२५१६/पृ.२२३ + कु.मा.१८/३३२) इति **आराधनापताकायां कुवलयमालायां** चोक्तं सिद्धस्वरूपं तूर्णमाविर्भवेत्।।१३/३।।

અસ્ખલિત (= અખંડ) એવા માટીના એકસ્વભાવની નજીક જઈને અનુભવ કરવામાં આવે તો ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ માટીનો અનેકસ્વભાવ મિથ્યા જ જણાય છે. તે જ રીતે મતિ વગેરે જ્ઞાન, ક્ષાયોપશમિક વગેરે દર્શન, સામાયિકાદિ ચારિત્ર વગેરે ગુણસ્વરૂપે તથા મનુષ્ય, દેવ વગેરે પર્યાયસ્વરૂપે અનુભવવામાં આવે તો આત્માનો અનેકસ્વભાવ જણાય છે. અન્વયદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તે સત્યરૂપે જણાય છે. તો પણ સર્વ ગુણ-પર્યાયોમાં વણાયેલા અસ્ખલિત (= અખંડ) એવા આત્મદ્રવ્યના એકસ્વભાવની નજીક જઈને અનુભવ કરવામાં આવે તો આત્માનો અનેકસ્વભાવ મિથ્યા જ છે - તેવો નિશ્ચય ભેદનિરપેક્ષદ્રવ્યાર્થિકનયથી થાય છે. તેથી ધ્યાનને સાધવામાં મુખ્ય કારણ બનનારી વિશુદ્ધ ચિત્તની એકાગ્રતાને મેળવવા માટે આત્માર્થી સાધકોએ પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિને = રુચિને = શ્રદ્ધાને સ્વીકારવી જોઈએ. આમ સર્વત્ર, સર્વદા, સર્વ પ્રકારે આત્મનિષ્ઠ એકસ્વભાવને ગ્રહણ કરાવનાર ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનય દૃઢ થાય તો જીવની સંકલ્પ-વિકલ્પદશા ટળે. તથા અન્વયદ્રવ્યાર્થિકની ભાવના સ્થિર થાય તો 'જુદા-જુદા પ્રકારના પોતાના ગુણ-પર્યાયમાં સ્વાત્મદ્રવ્ય તો એક જ છે' - તેવું ભાન દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં બતાવ્યા મુજબ સરળતાથી થાય. આમ બન્ને નયના સહકારથી નિર્વિકલ્પદશા ઉપર આરૂઢ થવાનું સૌભાગ્ય વહેલું પ્રગટે. આ હિતશિક્ષા અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે જ **આરાધનાપતાકા પયન્નામાં** તથા **કુવલયમાળામાં** દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'તે સર્વે સિદ્ધ પરમાત્માઓ અછેદ્ય, અભેદ્ય, અવ્યક્ત (ચર્મચક્ષુઅગ્રાહ્ય સૂક્ષ્મ), અક્ષર = અવિનાશી, નિરાલંબન અને લોકોથી અજ્ઞાત એવા સિદ્ધો હોય છે.' (૧૩/૩)

1. अच्छेद्या अभेद्या अव्यक्ता अक्षरा निरालम्बाः। परमात्मानः सिद्धाः अज्ञातसिद्धाश्च ते सर्वे।।

**સદ્ભૂતવ્યવહારથી રે, ગુણ-ગુણ્યાદિકભેદ;**
**ભેદકલ્પનારહિતથી રે, જાણો તાસ અભેદો રે ॥૧૩/૪॥ (૨૧૧) ચતુર.**

સદ્ભૂતવ્યવહારનયથી ગુણ-ગુણી, (આદિક=) પર્યાય-પર્યાયીનો ભેદસ્વભાવ ૭.
ભેદકલ્પનારહિત શુદ્ધદ્રવ્યાર્થિકનયથી (તાસ) અભેદ સ્વભાવ (જાણો) ૮.

---

सप्तमाऽष्टमसामान्यस्वभावग्राहकनयोपदर्शनायाऽऽचष्टे – '**सदि**'ति ।

**सद्भूतव्यवहारेण गुण-गुण्यादिभेदता।**
**भेदकल्पनया शून्ये गुण-गुण्याद्यभेदता।।१३/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सद्भूतव्यवहारेण गुण-गुण्यादिभेदता। भेदकल्पनया शून्ये गुण-गुण्याद्यभेदता (उच्यते)।।१३/४।।

पूर्वोक्तेन (८/३) **सद्भूतव्यवहारेण** = सद्भूतव्यवहारनयेन **गुण-गुण्यादिभेदता** = गुण-गुणिनोः, पर्याय-पर्यायिणोः, कारक-कारकिणोः, स्वभाव-स्वभाविनोः च भेदस्वभावः ज्ञेयः।

**भेदकल्पनया शून्ये** = पूर्वोक्ते (५/१२) भेदग्रहशून्ये शुद्धद्रव्यार्थिकनये पुनः **गुण-गुण्याद्यभेदता** = गुण-गुणिनोः, पर्याय-पर्यायिणोः, कारक-कारकिणोः, स्वभाव-स्वभाविनोः चाऽभेदस्वभावः उच्यते। इत्थञ्च [1]"गुण-पज्जयदो दव्वं दव्वादो ण गुण-पज्जया भिण्णा। जम्हा तम्हा भणियं दव्वं गुण-पज्जयमणण्णं।।" (द्र.स्व.प्र.४२) इति **द्रव्यस्वभावप्रकाश**वचनमपि भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयानुसारेण ज्ञेयम्।

---

**અવતરણિકા** :- સાતમા અને આઠમા સામાન્યસ્વભાવને ગ્રહણ કરનાર નયને દેખાડવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**શ્લોકાર્થ** :- સદ્ભૂત વ્યવહારનયથી ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ જાણવો. ભેદકલ્પનાનિરપેક્ષ નયના મતે તો ગુણ-ગુણી વગેરેમાં અભેદસ્વભાવ કહેવાય છે. (૧૩/૪)

### ભેદસ્વભાવગ્રાહક નયનો નિર્દેશ

**વ્યાખ્યાર્થ** :- પૂર્વે આઠમી શાખાના ત્રીજા શ્લોકમાં સદ્ભૂત વ્યવહારનયને જણાવી ગયેલ છીએ. તે સદ્ભૂત વ્યવહારનયના અભિપ્રાય મુજબ ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, કારક-કારકીમાં અને સ્વભાવ-સ્વભાવીમાં ભેદસ્વભાવ જાણવો.

### અભેદસ્વભાવગ્રાહક નયનો ઉલ્લેખ

(**भेद.**) પાંચમી શાખાના આઠમા શ્લોકમાં વિસ્તૃત રીતે જણાવેલ ભેદગ્રહશૂન્ય = ભેદકલ્પનાનિરપેક્ષ એવા શુદ્ધદ્રવ્યાર્થિકનયના મતે તો ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, કારક-કારકીમાં અને સ્વભાવ-સ્વભાવીમાં અભેદસ્વભાવ કહેવાય છે. આ રીતે વિચાર કરવામાં આવે તો "ગુણ-પર્યાયથી દ્રવ્ય ભિન્ન નથી. દ્રવ્યથી ગુણ-પર્યાય ભિન્ન નથી. તેથી ગુણ-પર્યાયથી દ્રવ્ય અભિન્ન કહેવાયેલ છે" - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથનું કથન ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સમજવું.

---

1. गुण-पर्ययतो द्रव्यं द्रव्यतो न गुण-पर्यया भिन्नाः। यस्मात् तस्माद् भणितं द्रव्यं गुण-पर्यायाभ्यामनन्यत्।।

**पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामिना** [1]"पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि। दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति।। [2]दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि। अव्वदिरित्तो भावो दव्व-गुणाणं हवदि तम्हा।।" (प.स.१२,१३) इति एवं द्रव्य-पर्यायाणां द्रव्य-गुणानां च अभेदः निर्दिष्टः। **प्रवचनसारे** [3]"परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं। तम्हा गुण-पज्जाया भणिया पुण दव्वमेव त्ति।।" (प्र.सा.१०४) इति एवं गुण-पर्यायाः एतन्नयानुसारेण द्रव्यतया निर्दिष्टाः।

***एतेन*** "भेदाभेदात्मके ज्ञेये भेदाऽभेदाभिसन्धयः। ये तेऽपेक्षानपेक्षाभ्यां लक्ष्यन्ते नय-दुर्नयाः।।" (ल.त्र. ३०) इति **लघीयस्त्रयकारिका** ***व्याख्याता,*** भेदापेक्षाभिसन्धिपदेन सद्भूतव्यवहारस्य अभेदापेक्षाभिसन्धिपदेन च भेदकल्पनाशून्यशुद्धद्रव्यार्थिकनयस्य सूचनात्।

तदुक्तम् **आलापपद्धतौ देवसेनेन कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च **शुभचन्द्रेण** "सद्भूतव्यवहारेण गुण-गुण्यादिभिः भेदस्वभावः। भेदकल्पनानिरपेक्षेण गुण-गुण्यादिभिः अभेदस्वभावः" (आ.प.पृ.१५, का.अ.२६१ वृ.पृ.१८५)।

प्रकृते भेदकल्पनानिरपेक्षः द्रव्यार्थिकनय इव पूर्वोक्तः (८/१) आध्यात्मिकः निश्चयनयोऽपि

---

**(पञ्चा.) પંચાસ્તિકાયસંગ્રહ** ગ્રંથમાં **કુંદકુંદસ્વામીએ** દ્રવ્ય-પર્યાય વચ્ચે અને દ્રવ્ય-ગુણ વચ્ચે અભેદ બતાવતાં જણાવેલ છે કે 'પર્યાયોથી રહિત દ્રવ્ય અને દ્રવ્યરહિત પર્યાયો હોતાં નથી. બંનેનો અનન્યભાવ મહર્ષિઓ બતાવે છે. તેમજ દ્રવ્ય વિના ગુણો હોતા નથી. ગુણો વિના દ્રવ્ય હોતું નથી. તેથી દ્રવ્ય અને ગુણો વચ્ચે અવ્યતિરિક્તભાવ છે.' **પ્રવચનસાર**માં ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ગુણ-પર્યાયોને દ્રવ્ય તરીકે જણાવ્યા છે. તે આ પ્રમાણે "સત્તાની અપેક્ષાએ અવિશિષ્ટ એવું દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરસ્વરૂપે (પર્યાયથી પર્યાયાન્તરસ્વરૂપે) પરિણમે છે. દ્રવ્યસત્તા ગુણ-પર્યાયસત્તાથી અવિશિષ્ટ = સમાન જ રહે છે. તેથી ગુણ અને પર્યાયોને દ્રવ્ય જ કહેવામાં આવેલ છે."

### લઘીયસ્ત્રયકારિકાની સ્પષ્ટતા

**(एते.) લઘીયસ્ત્રય** ગ્રંથમાં **અકલંકસ્વામીએ** આ અંગે જણાવેલ છે કે "જ્ઞેય પદાર્થ ભેદાભેદાત્મક છે. જે ભેદઅભિપ્રાય કે અભેદઅભિપ્રાય સાપેક્ષપણે જ્ઞેયને વિશે પ્રવર્તે છે તે નય તરીકે ઓળખાય છે. તથા નિરપેક્ષપણે પ્રવર્તે છે, તે દુર્નય તરીકે ઓળખાય છે." અહીં 'સાપેક્ષપણે ભેદઅભિપ્રાય' કહેવા દ્વારા સદ્ભૂતવ્યવહારનયનું સૂચન થાય છે. તથા 'સાપેક્ષપણે અભેદઅભિપ્રાય' શબ્દથી ભેદ-કલ્પનાશૂન્યશુદ્ધદ્રવ્યાર્થિકનયનું સૂચન થાય છે.

**(तदुक्त.) આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજીએ** તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યામાં શુભચન્દ્રજીએ** જણાવેલ છે કે 'સદ્ભૂત વ્યવહારનયથી ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ છે. તથા ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનયથી તો ગુણ-ગુણી વગેરેમાં અભેદસ્વભાવ છે.'

**(प्रकृते.)** પ્રસ્તુતમાં ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની જેમ પૂર્વોક્ત (૮/૧) આધ્યાત્મિક નિશ્ચયનય

---

1. पर्यवियुतं द्रव्यं द्रव्यवियुक्ताश्च पर्यया न सन्ति। द्वयोः अनन्यभूतं भावं श्रमणाः प्ररूपयन्ति।।
2. द्रव्येण विना न गुणा गुणैः द्रव्यं विना न सम्भवति। अव्यतिरिक्तः भावः द्रव्य-गुणानां भवति तस्मात्।।
3. परिणमति स्वयं द्रव्यं गुणतः च गुणान्तरं सदविशिष्टम्। तस्माद् गुण-पर्यायाः भणिताः पुनः द्रव्यम् एव इति।।

गुण-गुण्याद्यभेदग्राहको बोध्यः। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** "[1]जो सियभेदुवयारं धम्माणं कुणइ एगवत्थुस्स। सो ववहारो भणियो विवरीओ णिच्छयो होइ।।" (द्र.स्व. प्र.२६४) इति।

***एतेन*** "भेदज्ञानात् प्रतीयन्ते यथा भेदाः परिस्फुटम्। तथैवाऽभेदविज्ञानादभेदस्य व्यवस्थितिः।।" (न्या.वा.२/३४) इति पूर्वोक्ता (४/२) **न्यायावतारसूत्रवार्त्तिक**कारिका ***व्याख्याता,*** भेदज्ञानपदेन सद्भूतव्यवहार-नयस्य अभेदविज्ञानपदेन च भेदकल्पनानिरपेक्ष-शुद्धद्रव्यार्थिकलक्षणनिश्चयस्य ग्रहणेन तदुपपत्तेः।

प्रकृते "वयं तु भिन्नाऽभिन्नत्वम्। न हि तन्तुभ्यः शिरःपाण्यादिभ्यो वा अवयवेभ्यः निष्कृष्टः पटो देवदत्तो वा प्रतीयते। तन्तु-पाण्यादयः अवयवा एव पटाद्यात्मना प्रतीयन्ते। विद्यते च 'देवदत्ते हस्तः शिरः' इत्यादिः कियान् अपि भेदावभासः इत्युपपन्नम् उभयात्मकत्वम्। तस्माद् अवयवानामेव अवस्थान्तरम् अवयवी, न द्रव्यान्तरम्। ते एव हि संयोगविशेषवशाद् एकद्रव्यतामापद्यन्ते, तदात्मना च महत्त्वं पटजातिं च बिभ्रतः

---

પણ ગુણ-ગુણી વગેરેમાં અભેદનો ગ્રાહક સમજવો. તેથી જ તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "એક વસ્તુના ગુણધર્મોમાં જે કથંચિત્ ભેદનો ઉપચાર કરે તે વ્યવહારનય કહેવાયેલ છે. તથા તેનાથી વિપરીત હોય તે નિશ્ચયનય બને છે." વિપરીત એટલે ધર્મ-ધર્મી વચ્ચે અભેદગ્રાહી - એમ સમજવું.

### ❋ ભેદકલ્પનાશૂન્યશુદ્ધદ્રવ્યાર્થિક એટલે નિશ્ચયનય ❋

**(एतेन.) શ્રીશાંતિસૂરિજીએ ન્યાયાવતારસૂત્રવાર્ત્તિક**માં જણાવેલ છે કે 'જેમ ભેદજ્ઞાનથી સ્પષ્ટપણે ભેદો જણાય છે તેમ અભેદવિજ્ઞાનથી અભેદની બુદ્ધિની વ્યવસ્થા જાણવી.' આ સંદર્ભ પૂર્વે (૪/૨) દર્શાવેલ છે. આ બાબતની સંગતિ ઉપર જણાવ્યા મુજબ સમજવી. અર્થાત્ 'ભેદજ્ઞાન' શબ્દથી સદ્ભૂતવ્યવહારનય સમજવો. તથા 'અભેદવિજ્ઞાન' શબ્દથી ભેદકલ્પનાશૂન્યશુદ્ધદ્રવ્યાર્થિકસ્વરૂપ નિશ્ચયનય સમજવો. તે રીતે અર્થઘટન કરવાથી ન્યાયાવતારસૂત્રવાર્ત્તિકકારિકા બરાબર સ્પષ્ટ થઈ જાય છે.

### ❋ અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : શાસ્ત્રદીપિકા ❋

**(प्रकृ.)** પ્રસ્તુતમાં મીમાંસાદર્શનના **શાસ્ત્રદીપિકા** ગ્રંથનો પ્રબંધ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં **પાર્થસારથિમિશ્રે** અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદની સિદ્ધિ કરવા માટે જણાવેલ છે કે "અમે તો અવયવ -અવયવીમાં ભેદાભેદને માનીએ છીએ. તે બન્ને વચ્ચે અભેદ હોવાનું કારણ એ છે કે તંતુ વગેરે અવયવોમાંથી છૂટો પાડીને પટ દેખાતો નથી તથા માથું, હાથ, પગ વગેરે અવયવોમાંથી અલગ કરીને દેવદત્તશરીર જણાતું નથી. તંતુ વગેરે અવયવો જ પટસ્વરૂપે જણાય છે. હાથ-પગ વગેરે અવયવો જ દેવદત્તશરીરસ્વરૂપે જણાય છે. તથા અવયવ-અવયવી વચ્ચે ભેદ પણ છે. તેથી જ 'દેવદત્તનો હાથ, દેવદત્તનું માથું' વગેરે સ્વરૂપે આંશિક ભેદજ્ઞાન પણ થાય છે. તેથી 'ભેદાભેદાત્મક અવયવ-અવયવી છે' - આ બાબત સંગત થાય છે. તેથી અવયવોની જ વિશેષ પ્રકારની અવસ્થા એ અવયવી છે. પરંતુ અવયવોથી ભિન્ન અવયવી નથી. ખરેખર અવયવો જ વિશેષ પ્રકારના સંયોગના લીધે એકદ્રવ્યપણાને પ્રાપ્ત કરે છે. તથા એકદ્રવ્યસ્વરૂપે મહત્પરિમાણને અને પટત્વજાતિને ધારણ કરતા તંતુ વગેરે અવયવો

---

1. यः स्याद्भेदोपचारं धर्म्माणां करोति एकवस्तुनः। स व्यवहारो भणितो विपरीतो निश्चयो भवति।।

**यत्र कल्प्यमानस्यान्तर्निगीर्णत्वेन ग्रहः, तत्रैकस्वभावः, यथा – 'घटोऽयम्' इति।**
**यत्र विषय-विषयिणोर्वैविक्त्येन ग्रहः, तत्राभेदस्वभावः, यथा – 'नीलो घटः' इति।**

पटबुद्ध्या गृह्यन्ते। तेन पटात्मना तेषाम् एकत्वम् अवयवात्मना तु नानात्वमुपपन्नम्" (शा.दी.१/१/५/पृ.१०६) इति **शास्त्रदीपिकाप्रबन्धो**ऽपि अवयवाऽवयविनोः भेदाभेदसाधकतयाऽनुसन्धेयः इत्यवधेयम्।

***ननु*** एवम् एकस्वभावाऽभेदस्वभावयोरैक्याद् न पार्थक्येन-तन्निर्देशोऽर्हतीति ***चेत्*** ?

***न***, तयोः सर्वथैक्यविरहात्। तथाहि – यत्र 'घटोऽयम्' इत्यादौ घटत्वेन कल्प्यमानस्य पुरोवर्त्तिनीलादिपदार्थस्य इदंपदेन उल्लिख्यमानतया तदीयनीलत्वाद्यसाधारणधर्माणां तिरोधानाद् = अधःकरणाद् = अन्तर्निगीर्णत्वाद् भेदेनाऽग्रहः, तत्र एकस्वभावो भवति। अत्र हि नीलादिविषयाणां घटवैविक्त्येनाऽग्रहाद् एकस्वभावो ज्ञायते।

यत्र च विषय-विषयिणोः मिथो वैविक्त्येन = स्वातन्त्र्येण ग्रहः, तत्र तु अभेदस्वभावो भवति, यथा – 'नीलो घट' इति। अत्र हि नील-घटयोः भिन्नप्रवृत्तिनिमित्तकपदवाच्यतयोपस्थितेः मिथोऽन्त-

(જ) પટ તરીકે ઓળખાય છે. તેથી તંતુ વગેરે અવયવો પટસ્વરૂપે એક છે અને અવયવસ્વરૂપે તો અનેક છે. આથી અવયવો અને અવયવી એક-અનેકાત્મક હોવાની વાત યુક્તિસંગત છે."

**દલીલ** :- (ननु.) ભાગ્યશાળી ! આ રીતે તો એવું ફલિત થાય છે કે એકસ્વભાવ અને અભેદસ્વભાવ એક જ છે. તેથી સામાન્યસ્વભાવવિભાગમાં તે બન્નેનો અલગ નિર્દેશ કરવો વ્યાજબી નથી.

## ✡ એકસ્વભાવભાનની પદ્ધતિ ✡

**સમાધાન** :- (न, तयोः.) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે એકસ્વભાવ અને અભેદસ્વભાવ સર્વથા એક નથી. તે આ રીતે - 'આ ઘડો છે' - વગેરે સ્થળે ઘટત્વસ્વરૂપે કલ્પના કરાતો જે પુરોવર્તી નીલાદિપદાર્થ છે, તેનો 'इदं' (આ) તરીકે ઉલ્લેખ થાય છે. તેથી તેના નીલત્વ વગેરે અસાધારણ ગુણધર્મો ઘટ દ્વારા અંદરમાં ગળી જવાના (= સમાવેશ થવાના) લીધે સ્વતંત્રરૂપે ઉપસ્થિત થયા વિના જણાય છે. તેથી આવા સ્થળે એકસ્વભાવ હોય છે. નીલાદિ વિષયોથી ભિન્નસ્વરૂપે ઘડાનું જ્ઞાન થતું ન હોવાથી એકસ્વભાવ જણાય છે.

**સ્પષ્ટતા** :- રૂપ, રસ, ગંધ વગેરે ગુણધર્મો 'घटोऽयम्' - આવી પ્રતીતિમાં જણાતા નથી પણ તેની કલ્પના = આરોપ ઘડામાં કરવામાં આવે છે. તેથી ઘટ આરોપ્યમાણ = વિષયી બને છે. તથા રૂપ-રસ-ગંધ વગેરે કલ્પ્યમાન = આરોપવિષય બને છે. વિષયી દ્વારા વિષયનું ગળી જવું, પોતાનામાં સમાવી દેવું તે પ્રક્રિયા નિગરણ કહેવાય. તે વિષય-વિષયીમાં અનેકતાનું ભાન થવામાં પ્રતિબંધક છે. તેથી અહીં ઘટ અને રૂપ-રસ-ગંધાદિમાં એકસ્વભાવ ભાસે છે.

## ❖ અભેદસ્વભાવભાનની પ્રક્રિયા ❖

(**यत्र च.**) તથા જે સ્થળે વિષય અને વિષયીનું પરસ્પર સ્વતંત્રસ્વરૂપે ભાન થતું હોય તે સ્થળે તો અભેદસ્વભાવ હોય છે. જેમ કે 'નીલ ઘડો છે' - આ સ્થળે નીલ અને ઘટ - આ બન્ને પદાર્થની ઉપસ્થિતિ નીલત્વ અને ઘટત્વ સ્વરૂપ અલગ-અલગ પ્રવૃત્તિનિમિત્તવાળા નીલપદના અને ઘટપદના વિષય

भूतत्वेनाऽग्रहाद् एकस्वभावो न ज्ञायते किन्तु विषय-विषयिस्वातन्त्र्योपस्थापकशाब्दसामानाधिकरण्यबलेन पूर्वोक्तः (११/१०) अविभक्तप्रदेशवृत्तित्वलक्षणः अभेदस्वभावो ज्ञायते।

इदञ्चात्रावधेयम् – शब्दस्य तावद् अर्थप्रकाशिका द्वयी वृत्तिः – (१) शक्तिः (२) लक्षणा च। शक्तिश्च 'अस्मात् पदाद् अयमर्थो बोद्धव्य' इतीश्वरेच्छारूपा इति प्राञ्चो नैयायिकाः। नव्यास्तु 'लाघवात्, आधुनिकनाम्नि तदभावाच्च इच्छैव शक्तिः' इत्याहुः ।

"लक्षणा च शक्यसम्बन्धः" (कारि.८२) इति **कारिकावल्यां विश्वनाथः**। **रसगङ्गाधरे जगन्नाथो**ऽपि "शक्यसम्बन्धो लक्षणा" (र.ग.आनन-२ पृ.१८४) इत्याह।

(= અભિધેય = વાચ્ય અર્થ) તરીકે થાય છે. તેથી નીલપદાર્થ અને ઘટપદાર્થ એક-બીજામાં અંતર્ભૂત થયા હોય તે રીતે ભાસતા ન હોવાથી ઉપરોક્ત સ્થળે તે બન્નેનો એકસ્વભાવ જણાતો નથી. પરંતુ વિષય અને વિષયી બન્ને પદાર્થની સ્વતંત્રરૂપે ઉપસ્થિતિ = બુદ્ધિ કરાવનાર સમાનવિભક્તિકત્વસ્વરૂપ શાબ્દિક સામાનાધિકરણ્યના બળથી પૂર્વે (૧૧/૧૦) જણાવેલ અવિભક્તપ્રદેશવૃત્તિત્વસ્વરૂપ અભેદસ્વભાવ નીલપદાર્થ અને ઘટપદાર્થ વચ્ચે જણાય છે.

### ✻ એકસ્વભાવ - અભેદસ્વભાવની પ્રતીતિનો વિચાર ✻

**સ્પષ્ટતા** :- 'नीलो घटः' વાક્યમાં નીલપદાર્થનું નીલત્વસ્વરૂપે અને ઘટપદાર્થનું ઘટત્વસ્વરૂપે ભાન થાય છે. સ્વતંત્રરૂપે બન્નેનું ભાન થવાથી બન્ને વચ્ચે એકસ્વભાવનું ભાન થતું નથી. જો તે બન્નેનો એકસ્વભાવ હોય તો જુદા-જુદા સ્વરૂપે તેનું ભાન ન થાય. તેથી ત્યાં એકસ્વભાવનું ભાન થતું નથી પરંતુ અભેદસ્વભાવનું ભાન થાય છે. કારણ કે ઘટપદ અને નીલપદ વચ્ચે પ્રથમાન્તવિભક્તિકત્વસ્વરૂપ શબ્દસ્થલીય સામાનાધિકરણ્ય રહેલું છે, કે જે બન્ને પદાર્થને સ્વતન્ત્રરૂપે ઉપસ્થિત કરે છે.

### ✻ શબ્દશક્તિનો પરિચય ✻

(**इदञ्चा.**) અહીં એક બાબત ધ્યાનમાં રાખવી કે શબ્દની બે પ્રકારની અર્થબોધક વૃત્તિ હોય છે. (૧) શક્તિ નામની વૃત્તિ અને (૨) લક્ષણા નામની વૃત્તિ. 'આ શબ્દથી આ અર્થનો બોધ કરવો' - આ પ્રમાણે ઈશ્વરની ઈચ્છા સ્વરૂપ શક્તિ છે. આ પ્રમાણે પ્રાચીન નૈયાયિકો કહે છે. નવ્ય નૈયાયિકો તો કહે છે કે - 'ઈચ્છા એ જ શક્તિ છે.' કારણ કે (૧) 'ઈશ્વરની ઈચ્છા શક્તિ છે' - એવું કહેવામાં ગૌરવ છે. તથા (૨) તેવું માનવાથી આધુનિક સાંકેતિક શબ્દમાં શક્તિ રહી નહિ શકે. તેથી આ બન્ને દોષના નિવારણ માટે 'ઈચ્છા એ જ શક્તિ છે' - આ પ્રમાણે નવ્ય નૈયાયિકો કહે છે.

### ❯ લક્ષણાનું નિરૂપણ : નૈયાયિક આદિની દૃષ્ટિએ ❯

("**लक्षणा.**) 'શક્યનો સંબંધ એ લક્ષણા છે' આ પ્રમાણે **કારિકાવલી** ગ્રંથમાં **વિશ્વનાથ પંચાનન ભટ્ટ** કહે છે. **રસગંગાધર** ગ્રંથમાં **જગન્નાથ** કવિએ પણ લક્ષણાનું આવું જ સ્વરૂપ જણાવેલ છે.

**સ્પષ્ટતા** :- 'गंगायां घोषः' સ્થળમાં વિશિષ્ટજળપ્રવાહસ્વરૂપ ગંગાપદાર્થમાં ઘોષપદાર્થનો અન્વય બાધિત હોવાથી તથા તાત્પર્ય પણ બાધિત હોવાથી શક્યાર્થસંબદ્ધ તીરને 'ગંગા' પદ જણાવે છે. તેથી શક્યાર્થસંબંધ એ લક્ષણા છે. ગંગાતીરમાં ગંગાપદાર્થનો સંબંધ એ જ 'ગંગા' પદની લક્ષણા સમજવી.

"सादृश्यात्मकः शक्यसम्बन्धः, यथा – गौर्वाहीकः" (न्या.सि.म.४/पृ.१०) इति **न्यायसिद्धान्तमञ्जर्यां जानकीनाथभट्टाचार्यः**। वाहीकदेशोत्पन्ने मनुष्ये वाहीकपदशक्यार्थे वर्तमानो जडत्व-मन्दत्वादिलक्षण-गोसादृश्यात्मकः गोपदशक्यार्थसम्बन्धः एव गोपदलक्षणेति तदाशयः।

**तन्त्रवार्तिके कुमारिलभट्टस्तु** "अभिधेयाऽविनाभूते प्रतीतिर्लक्षणोच्यते" (त.वा.१/४/२३ पृ.३१८) इत्याह।

अत्र ***वैयाकरणा*** वदन्ति – तात्पर्यानुपपत्तिज्ञानपूर्वकं शक्यत्वेन गृहीतार्थसम्बन्धज्ञाने उद्बुद्ध-शक्तिजन्यसंस्कारतो बोधः लक्षणा। रूढि-प्रयोजनान्यतरदपि तत्कारणम् अनुभवबलात्। 'कुशल' इत्यत्र रूढिः। एवं 'गङ्गायां घोषः' इत्यत्र पावनत्व-शैत्यादिप्रतीतिः प्रयोजनम्। 'गङ्गातीरे घोषः'

---

આ પ્રમાણે **વિશ્વનાથભટ્ટ**નો અને **જગન્નાથ** કવિનો આશય છે.

### ❋ લક્ષણા વૃત્તિ : જાનકીનાથની દૃષ્ટિમાં ❋

(**"सादृश्या.**) **ન્યાયસિદ્ધાન્તમંજરી** ગ્રંથમાં **જાનકીનાથ ભટ્ટાચાર્ય** થોડાક પરિષ્કાર સાથે લક્ષણાની ઓળખાણ કરાવતા જણાવે છે કે "સાદશ્યાત્મક શક્યાર્થસંબંધ એ જ લક્ષણા છે. જેમ કે 'गौः वाहीकः' આવો વાક્યપ્રયોગ." આવા સ્થળે વાહીકદેશમાં ઉત્પન્ન થયેલો માણસ ઢોર જેવો જડ અને મંદબુદ્ધિવાળો હોવાથી જડત્વ, મંદત્વ વગેરે સ્વરૂપ સાદશ્ય એ જ ઢોર અને વાહીક વચ્ચે સંબંધ છે. વાહીકપદાર્થમાં = શક્યાર્થમાં = વાહીકદેશોત્પન્ન મનુષ્યમાં ગોસાદશ્યસ્વરૂપ = ઢોરસાદશ્યાત્મક શક્યાર્થસંબંધ = ગોપદશક્યાર્થસંબંધ રહે છે. તે જ 'ગો'પદની લક્ષણા છે. આ પ્રમાણે તેમનું મંતવ્ય છે.

### ❋ લક્ષણા : કુમારિલભટ્ટની દૃષ્ટિમાં ❋

(**तन्त्र.**) **તન્ત્રવાર્તિક** ગ્રંથમાં **કુમારિલભટ્ટ** નામના મીમાંસકમૂર્ધન્ય લક્ષણાનો પરિચય આપતાં જણાવે છે કે 'અભિધેયાર્થથી = વાચ્યાર્થથી = શક્યાર્થથી અવિનાભૂત = સાક્ષાત્ સંબદ્ધ એવા અર્થને વિશે જે પ્રતીતિ થાય તે લક્ષણા કહેવાય છે.'

**સ્પષ્ટતા** :- 'गंगायां घोषः' - સ્થળે વિશિષ્ટ જલપ્રવાહાત્મક શક્યાર્થથી સંબદ્ધ એવા ગંગાતીર અર્થની 'ગંગા' પદથી જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિ એ જ 'ગંગા' પદની લક્ષણા સમજવી. આ પ્રમાણે **કુમારિલભટ્ટ**નો અભિપ્રાય છે. (૧) **મુક્તાવલીકાર**ના તથા **રસગંગાધર**ના મતે શક્યસંબંધ = લક્ષણા. (૨) **ન્યાયસિદ્ધાન્તમંજરીકાર**ના મત મુજબ શક્યાર્થનો સાદશ્યસંબંધ = લક્ષણા. તથા (૩) **તન્ત્રવાર્તિકકાર**ના મત અનુસાર સાક્ષાત્ શક્યાર્થસંબદ્ધગોચર પ્રતીતિ એટલે લક્ષણા.

### ❋ ત્રણ હેતુથી થતી લક્ષણા - વૈયાકરણમત ❋

(**अत्र.**) પ્રસ્તુતમાં લક્ષણાની વિચારણા ચાલી રહી છે. તે અંગે વૈયાકરણો એમ કહે છે કે મુખ્યાર્થમાં તાત્પર્યની અનુપપત્તિનું ભાન = મુખ્યાર્થબાધજ્ઞાન થવા પૂર્વક, શક્ય તરીકે જે અર્થનું ભાન થયું હોય તેના સંબંધના જ્ઞાનથી પ્રગટ થયેલા શક્તિજન્ય સંસ્કારના લીધે જે બોધ થાય તે લક્ષણા કહેવાય. રૂઢિ અથવા પ્રયોજન - આ બેમાંથી એક કારણે લક્ષણા પ્રવર્તે છે. કેમ કે તેવા પ્રકારનો શબ્દશાસ્ત્રવેત્તાઓનો અનુભવ છે. 'કુશલ' શબ્દની હોશીયાર અર્થમાં લક્ષણા થાય છે. તેમાં રૂઢિ કારણ છે. 'ગંગામાં ઘોષ છે' - આવા સ્થળે પાવનત્વ, શૈત્ય વગેરેની ઘોષમાં પ્રતીતિ કરાવવી એ પ્રયોજન છે. તેથી ત્યાં ગંગાપદની

इति वाक्यात् तथाविधपावनत्वादिकं न प्रतीयते। एवञ्च (१) मुख्यार्थबाधः, (२) शक्यार्थसम्बन्धः, (३) रूढि-प्रयोजनान्यतरच्चेति लक्षणाहेतुत्रयं बोध्यम्। "सा (लक्षणा) द्विविधा गौणी शुद्धा च। तत्र स्वनिरूपितसादृश्याधिकरणत्वसम्बन्धेन शक्यसम्बन्ध्यर्थप्रतिपादिका गौणी, तदतिरिक्तसम्बन्धेन तत्प्रतिपादिका शुद्धा। प्रकारान्तरेणाऽपि सा (शुद्धा) द्विविधा अजहत्स्वार्था जहत्स्वार्था च" (वै.सि.ल.म. लक्षणानिरूपणे पृ.१२३) इत्यादिकं व्यक्तीकृतं **नागेशभट्टेन वैयाकरणसिद्धान्तलघुमञ्जूषायाम्**।

"वाहीके 'गौः इव अयम्' न तु 'गौः एव' सास्नाद्यभावात्, स्खलति प्रत्यय इति गौणः" (स.त.भाग-५/का.३/गा.४९/पृ.६७४) इति **सम्मतितर्कवृत्ति**वचनमप्यत्रानुसन्धेयम्।

ततश्च 'गौः वाहीकः' इत्यादौ गौणी लक्षणा, गोपदार्थनिरूपितसादृश्याधिकरणत्वसम्बन्धेन गोशक्यार्थसम्बन्धिनो वाहीकस्य प्रतिपादनात्। 'गङ्गायां घोषः' इत्यादौ शुद्धा लक्षणा, स्वसंयोगसम्बन्धेन

---

ગંગાતીરમાં લક્ષણા થાય છે. 'ગંગામાં ઘોષ છે' - આવું બોલવાના બદલે 'ગંગાના કિનારે ઘોષ છે' - આવું બોલવામાં આવે તો શ્રોતાને ઘોષમાં તથાવિધ પવિત્રતા, ઠંડક વગેરેનો બોધ થતો નથી. માટે ત્યાં પ્રસિદ્ધ લક્ષણા જરૂરી છે. આ રીતે (૧) મુખ્યાર્થનો બાધ, (૨) શક્યાર્થનો સંબંધ અને (૩) રૂઢિ કે પ્રયોજન - આમ લક્ષણાના કુલ ત્રણ હેતુ જાણવા. "તે લક્ષણા બે પ્રકારની છે - (૧) ગૌણી લક્ષણા અને (૨) શુદ્ધ લક્ષણા. આ બન્ને લક્ષણામાંથી ગૌણી લક્ષણા તેને કહેવાય છે કે જે સ્વનિરૂપિતસાદશ્ય-અધિકરણતા સંબંધથી શક્યસંબંધી એવા અર્થનું પ્રતિપાદન કરે. તથા સાદશ્યઅધિકરણતા સિવાયના સંબંધથી શક્યાર્થસંબંધી અર્થનું પ્રતિપાદન કરે તે શુદ્ધ લક્ષણા જાણવી. બીજી રીતે પણ તે શુદ્ધ લક્ષણાના બે પ્રકાર છે. (૧) અજહત્સ્વાર્થલક્ષણા અને (૨) જહત્સ્વાર્થલક્ષણા. આ પ્રમાણે **નાગેશભટ્ટે વૈયાકરણ-સિદ્ધાન્તલઘુમંજૂષા** ગ્રંથમાં લક્ષણાનિરૂપણમાં જણાવેલ છે.

### 'गौः वाहीकः' સ્થળે સંમતિવ્યાખ્યાકારનો અભિપ્રાય

(**"वा.**) "વાહીકમાં 'આ બળદ (ઢોર) જેવો છે' - આવી પ્રતીતિ થાય છે. પરંતુ 'આ બળદ જ છે' - આવી પ્રતીતિ થતી નથી. કારણ કે વાહીકદેશોત્પન્ન માણસમાં સાસ્નાદિ ગેરહાજર છે. માટે તે વાહીકને ઉદ્દેશીને 'આ બળદ છે' - એવું કહેવામાં આવે તો પ્રતીતિ કાંઈક સ્ખલિત થાય છે. તેથી તે પ્રતીતિ ગૌણ (ગૌણીલક્ષણાવાળી) છે" - આમ **સમ્મતિતર્કવ્યાખ્યા**માં જણાવેલ છે. તેનું પણ અહીં અનુસંધાન કરવું.

### ગૌણી લક્ષણા અને શુદ્ધ લક્ષણાની વિચારણા

(**ततश्च.**) તેથી 'गौः वाहीकः' - આ સ્થળે જે લક્ષણા થાય છે તે ગૌણી લક્ષણા સમજવી. કારણ કે અહીં 'ગો'પદાર્થથી નિરૂપિત સાદશ્યનું અધિકરણ વાહીક બનતો હોવાથી સ્વનિરૂપિતસાદશ્યાધિ-કરણત્વસંબંધથી 'ગો'પદાર્થસંબંધી વાહીકનું અહીં પ્રતિપાદન થાય છે. 'गंगायां घोषः' - સ્થળમાં સાદશ્ય-અધિકરણતાસંબંધથી 'ગંગા' પદ ગંગાતીરનું પ્રતિપાદન નથી કરતું પણ તેનાથી અતિરિક્ત સ્વસંયોગ સંબંધથી (ગંગાપદશક્યવિશિષ્ટજલપ્રવાહસંયોગ નામના સંબંધથી) ગંગાપદ ગંગાતીરનું પ્રતિપાદન કરે છે. તેથી તે શુદ્ધલક્ષણા કહેવાય. 'गंगायां घोषः' - સ્થળે 'ગંગા' પદની કિનારામાં લક્ષણા થાય છે. તે જહત્સ્વાર્થા

गङ्गापदशक्यार्थसम्बन्धिनः तीरस्य प्रतिपादनात्। इयमेव जहत्स्वार्था शुद्धलक्षणा बोध्या, गङ्गापदशक्यार्थत्यागेन तीरे एव घोषस्य अन्वयात्। 'काकेभ्यो दधि रक्ष्यताम्' इत्यादौ चाऽजहत्स्वार्था शुद्धलक्षणा ज्ञेया, दध्युपघातकत्वसम्बन्धेन काकपदशक्यार्थस्य काकस्य काकपदशक्यार्थसम्बन्धिनां च बिडालादीनां प्रतिपादनादिति भावनीयम्।

वैयाकरणमतानुसारतः कोष्ठकरूपेण शब्दवृत्तिः सोदाहरणम् उपदर्श्यते। तथाहि –




"लक्ष्यमाणगुणैर्योगाद् वृत्तेरिष्टा तु गौणता" (त.वा.अध्याय-१/पाद-४/२२/पृ.३१८ + भा.प्र.६/३८४/पृ.१६६) इति तु **तन्त्रवार्तिके कुमारिलभट्टः भावप्रकाशने** च **शारदातनयः**। 'गौः वाहीक' इत्यत्र वाहीके लक्ष्यमाणगोनिष्ठजडता-मन्दतादिगुणसम्बन्धाद् लक्षणाभिन्ना तृतीया गौणी शब्दवृत्तिः अभीष्टेति तदाशयः।

---

શુદ્ધલક્ષણા જાણવી. કારણ કે 'ગંગા' પદના શક્યાર્થ વિશિષ્ટજલપ્રવાહને છોડીને અહીં કિનારામાં જ ઘોષનો અન્વય માન્ય છે. તથા 'काकेभ्यो दधि रक्ष्यताम्' - સ્થળે અજહત્સ્વાર્થા શુદ્ધલક્ષણા જાણવી. માત્ર કાગડાથી દહીંનું રક્ષણ અહીં અભિપ્રેત નથી. પરંતુ કાગડાની જેમ દહીંનાશક બિલાડા, કૂતરા, ગાય વગેરે પ્રાણીઓથી પણ દહીંની રક્ષા કરવી ત્યાં અભિપ્રેત છે. તેથી ત્યાં 'काक' શબ્દના શક્યાર્થને છોડ્યા વિના દહીંનાશક બિલાડા વગેરેનું 'काक' શબ્દથી સાદૃશ્યઅધિકરણતાસંબંધભિન્ન દહીંનાશકત્વસંબંધથી ભાન થાય છે. તેથી આ અજહત્સ્વાર્થા શુદ્ધલક્ષણા જાણવી. આ રીતે પ્રસ્તુતમાં વિચારણા કરવી.

**(वैया.)** પ્રસ્તુતમાં વૈયાકરણમત મુજબ, કોષ્ઠકરૂપે ઉદાહરણપૂર્વક શબ્દવૃત્તિનું ચિત્ર દ્રવ્યાનુયોગપરામર્શ-કર્ણિકામાં જણાવેલ છે. તે અત્યંત સ્પષ્ટ હોવાથી કર્ણિકાસુવાસમાં તેનો ફરીથી નિર્દેશ કરેલ નથી.

### ⊛ ત્રીજી શબ્દવૃત્તિ ગૌણી - મીમાંસક ⊛

**("लक्ष्य.) તન્ત્રવાર્તિક** ગ્રંથમાં **કુમારિલભટ્ટ** તથા **ભાવપ્રકાશન**માં **શારદાતનય** જણાવે છે કે 'સાદૃશ્યાધિકરણત્વ સંબંધથી જે શક્યાર્થ બને, તેની જોડેના લક્ષ્યમાણ = સૂચિત કરાતા ગુણોના સંબંધથી શબ્દવૃત્તિ ગૌણ બને તેવું અભીષ્ટ છે.' 'गौः वाहीकः' - સ્થળમાં બળદમાં રહેલા જડતા-મંદતાદિ લક્ષ્યમાણ ગુણોનો વાહીકદેશીય માણસમાં સંબંધ કરવાથી લક્ષણાભિન્ન ગૌણી નામની ત્રીજી શબ્દવૃત્તિ અભીષ્ટ છે. આ પ્રમાણે અહીં આશય જાણવો.

नैयायिकमते गौणीं वृत्तिं दधत् पदं लक्षकमेव, लक्षणातः तस्या अनतिरेकात्। इदमेवाभिप्रेत्य **जगदीशेन शब्दशक्तिप्रकाशिकायां** "गौर्वाहीकः – इत्यादौ तु शक्यार्थ-सदृशत्वावच्छिन्नबोधकतया गौणं गवादिपदं गोसदृशादौ लक्षकमेवाऽस्तु, न तु ततो लक्षकाद् भिद्यते" (श.श.प्र.पृ.२४) इति।

**निरुक्तविवृत्तिटिप्पनके** "द्वे अभिधानशक्ती गौणी मुख्या च। तत्र गौणी गुणसाम्याद् अन्यत्राऽपि वर्त्तते, यथा 'गौर्वाहीक' इति। जाड्यादिगुणसाम्याद् 'गौः' इत्येषा अत्र वाहीके ग्रामीणेऽप्राप्तप्रज्ञे वर्तते" (नि.वृ. अ.७/पा.४/खं.१८/पृ.३७०) इत्युक्तं **मुकुन्दशर्मणा**।

आलङ्कारिकास्तु इत्थं व्याचक्षते – गौणी वृत्तिरपि लक्षणैव। सादृश्यसम्बन्धाद् गौणी लक्षणा 'गौर्वाहीक' इत्यादौ मता। तदुक्तं **साहित्यदर्पणस्वोपज्ञवृत्तौ विश्वनाथेन** "गोशब्दो मुख्यया वृत्त्या वाहीकशब्देन सहान्वयमलभमानः अज्ञत्वादिसाधर्म्यसम्बन्धाद् वाहीकार्थं लक्षयति। वाहीकस्याऽज्ञत्वाद्यतिशयबोधनं प्रयोजनम्।

---

### ☫ ગૌણપદ લક્ષક છે - નવ્યનૈયાયિક ☫

**(नैया.)** નૈયાયિકના મતે તો ગૌણી વૃત્તિને ધારણ કરતું પદ લક્ષક જ છે. કારણ કે લક્ષણા કરતાં ગૌણી વૃત્તિ ભિન્ન નથી. આ જ અભિપ્રાયથી **શબ્દશક્તિપ્રકાશિકા** ગ્રંથમાં નવ્યનૈયાયિકમૂર્ધન્ય **જગદીશ** તર્કાલંકારે જણાવેલ છે કે "વાહીક દેશમાં ઉત્પન્ન થયેલ માણસને બળદ કહેવામાં આવે ત્યારે 'गो' પદ બળદ સ્વરૂપ સ્વશક્યાર્થના સદૃશ મંદબુદ્ધિવાળા પદાર્થનું બોધક હોવાથી ગૌણ બને છે. તે 'गो' પદ સ્વશક્યાર્થનું બોધક બનવાના બદલે સ્વશક્યાર્થસદૃશ અર્થનો બોધ કરાવવાના લીધે તે 'गो' પદ લક્ષણાથી જ અર્થબોધ કરાવે છે. તેથી તેને લક્ષક જ કહેવાય. લક્ષણાજન્ય શાબ્દબોધ કરાવવાથી તે 'गो' પદ લક્ષકથી ભિન્ન નથી."

### ❋ ગૌણી પણ શબ્દશક્તિ છે - મુકુંદ શર્મા ❋

**(निरु.)** **યાસ્કનિરુક્તવિવૃત્તિ**ના **ટિપ્પણ**માં **મુકુંદ શર્મા** નામના વિદ્વાને આ અંગે એક સરસ વાત કરી છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "શબ્દની બે અર્થપ્રતિપાદક શક્તિ હોય છે. (૧) ગૌણી અર્થપ્રતિપાદક શક્તિ અને (૨) મુખ્ય અર્થપ્રતિપાદક શક્તિ. અભિધેયાર્થના ગુણની સમાનતાના લીધે અન્ય અર્થમાં પણ શબ્દની શક્તિ વિષયતા સંબંધથી કે પ્રતિપાદ્યતાસંબંધથી રહે તે ગૌણી શક્તિ કહેવાય. જેમ કે 'गौः वाहीकः'। બળદ અર્થમાં રહેલ જડતા વગેરે ગુણના સામ્યથી વાહીકમાં = પ્રજ્ઞાશૂન્ય ગામડીયા માણસમાં 'આ બળદ (ઢોર) છે' - આ પ્રમાણે જે શબ્દપ્રયોગ થાય છે તે ગૌણી શબ્દશક્તિનું ઉદાહરણ સમજવું."

### ❀ ગૌણી લક્ષણા અંગે આલંકારિક મત ❀

**(आल.)** અલંકારશાસ્ત્રવિશારદો તો ગૌણી વૃત્તિને પણ એક પ્રકારની લક્ષણા જ કહે છે. સાદૃશ્યસંબંધથી જ્યાં પ્રતીતિ થાય ત્યાં ગૌણી લક્ષણા માન્ય છે. જેમ કે 'गौः वाहीकः' - ઇત્યાદિ સ્થલમાં ગોસદૃશ વાહીકની પ્રતીતિ થવાથી ગૌણી લક્ષણા પ્રવર્તે. આ અંગે **સાહિત્યદર્પણ**ની **સ્વોપજ્ઞવૃત્તિ**માં **વિશ્વનાથ કવિ**એ જણાવેલ છે કે "પ્રસ્તુતમાં 'गो' શબ્દ મુખ્યવૃત્તિથી (નૈયાયિકમતાનુસાર શક્તિથી, આલંકારિકદર્શનાનુસાર અભિધાથી) વાહીકશબ્દની સાથે અન્વયને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી અનભિજ્ઞત્વાદિસ્વરૂપ સાધર્મ્યસંબંધથી 'गो' શબ્દ ગોસદૃશત્વસ્વરૂપે વાહીક અર્થને લક્ષિત કરે છે = લક્ષણા દ્વારા જણાવે છે. વાહીકગત

इयञ्च गुणयोगाद् गौणीत्युच्यते" (सा.द.२/९ वृ.पृ.५८) इति। इयं चोपचारमिश्रेत्यप्यभिधीयते। सादृश्येतरसम्बन्धाज्जायमाना शुद्धा लक्षणा 'गङ्गायां घोषः' इत्यादौ। इदमेवाभिप्रेत्योक्तम् **अभिधावृत्तिमातृकायां मुकुलभट्टेन** "शुद्धोपचारमिश्रत्वाल्लक्षणा द्विविधा मता" (अ.वृ.मा. २) इति। गौण्याः शुद्धायाश्च प्रत्येकं सारोपा साध्यवसाना च इति द्वौ भेदौ। प्रकृते कोष्ठकरूपेण आलङ्कारिकमतानुसारतो लक्षणा दर्श्यते।

**लक्षणा वृत्तिः (आलङ्कारिकमते)**

- **गौणी लक्षणा**
  - **सारोपा**
  - **साध्यवसाना**
- **शुद्धलक्षणा**
  - **सारोपा**
  - **साध्यवसाना**

तदुभयलक्षणं तु **विश्वनाथकविना** "विषयस्याऽनिगीर्णस्याऽन्यतादात्म्यप्रतीतिकृत्। सारोपा स्याद्, निगीर्णस्य मता साध्यवसानिका।।" (सा.द.२/१३) इत्येवं **साहित्यदर्पणे** दर्शितम्। "अनिगीर्णस्य = अनाच्छादितस्य अर्थात् स्ववाचकनामपदेन उक्तस्य" (सा.द.२/१३ वि.पृ.४२) इति **विज्ञप्रियाऽऽख्यायां साहित्यदर्पणवृत्तौ महेश्वरः**। तथाहि – 'माणवकः सिंह' इत्यत्र सारोपा लक्षणा, माणवकस्याऽत्राऽनि-

---

અજ્ઞત્વાદિ વિશેષતાને જણાવવી તે અહીં પ્રયોજન છે. અજ્ઞત્વાદિ ગુણના યોગથી આ લક્ષણા ગૌણી કહેવાય છે." ગૌણી લક્ષણાને ઉપચારમિશ્ર લક્ષણા પણ કહેવાય છે. તથા સાદશ્યભિન્ન સંબંધથી થતી લક્ષણા શુદ્ધલક્ષણા કહેવાય છે. જેમ કે 'गङ्गायां घोषः' - વગેરે સ્થળમાં સાદશ્યભિન્ન સામીપ્યસંબંધથી કે સંયોગસંબંધથી ગંગાપદ દ્વારા ગંગાતીરની પ્રતીતિ થવાથી શુદ્ધ લક્ષણા માન્ય છે. આ જ અભિપ્રાયથી **મુકુલભટ્ટે અભિધાવૃત્તિમાતૃકા** ગ્રંથમાં જણાવેલ છે કે "શુદ્ધ અને ઉપચારમિશ્ર (ગૌણી) હોવાથી લક્ષણા બે પ્રકારની હોય છે." વળી, અલંકારશાસ્ત્રવિશારદો ગૌણી લક્ષણા અને શુદ્ધ લક્ષણા - આ બન્ને પ્રકારની લક્ષણાના સારોપા અને સાધ્યવસાના એમ બે-બે ભેદ માને છે. આલંકારિક વિદ્વાનોના મત મુજબ અહીં લક્ષણાનું વર્ગીકરણ દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં કોષ્ઠકસ્વરૂપે જણાવેલ છે. તે ચિત્ર અતિસ્પષ્ટ હોવાથી કર્ણિકાસુવાસમાં પુનઃ તે ચિત્રનો નિર્દેશ કરવામાં નથી આવતો.

## ❀ સારોપા લક્ષણામાં નિગરણ વિચાર ❀

**(तदुभय.)** સારોપા લક્ષણાનું અને સાધ્યવસાના લક્ષણાનું લક્ષણ તો **વિશ્વનાથ કવિએ સાહિત્યદર્પણ** ગ્રંથમાં આ મુજબ જણાવેલ છે. 'વિષયી દ્વારા નિગરણ ન કરાયેલા (= ગળી ન જવાતા = અનિગીર્ણ) વિષયની અન્ય પદાર્થની = વિષયીની સાથે તાદાત્મ્યપ્રતીતિ કરાવે તે લક્ષણા સારોપા લક્ષણા કહેવાય છે. તથા વિષયી દ્વારા નિગરણ કરાતા (= ગળી જવાતા) વિષયની વિષયી સાથે તાદાત્મ્યપ્રતીતિ કરાવે તે લક્ષણા સાધ્યવસાના કે સાધ્યાવસાનિકા લક્ષણા કહેવાય છે.' **મહેશ્વર** પંડિતે **સાહિત્યદર્પણ** ગ્રંથની **વિજ્ઞપ્રિયા** નામની વ્યાખ્યા રચેલ છે. તેમાં તેમણે 'અનિગીર્ણ' વિષયની સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે "જે વિષય આચ્છાદિત ન હોય, ઢંકાયેલ ન હોય તે અનિગીર્ણ કહેવાય. અર્થાત્ સ્વવાચક 'નામ' પદથી જેને જણાવેલ હોય તે વિષય અનિગીર્ણ = નિગરણશૂન્ય કહેવાય." તે આ રીતે સમજવું.

गीर्णत्वात्। माणवके गच्छति सति 'सिंहो गच्छति' इत्युक्तौ साध्यवसाना बोध्या, आरोप्यमाणेन विषयिणा विषयस्य माणवकस्य निगीर्णत्वादिति।

विषयस्य निगीर्णत्वं कथं भवति? इति शङ्कायाः समाधानं तु "निगरणञ्च प्रस्तुतस्य क्वचिदनुपादाने क्वचिदुपात्तस्याऽपि अधःकरणेन भवति" (का.दी.८/पृ.१४७) इत्येवं **काव्यदीपिकायां कान्तिचन्द्रभट्टः** दर्शितवान्।

तदुक्तं **दण्डिकृतस्य काव्यादर्शस्य प्रभावृत्तौ विद्याभूषणेन** अपि उद्धरणरूपेण "विषयस्यानुपादानेऽप्युपादाने च सूरयः। अधःकरणमात्रेण निगीर्णत्वं प्रचक्षते।।" (२/२२१ वृ.पृ.२२६) इति।

प्रकृतलक्षणाद्वितयलक्षणनिरूपणावसरे **जगन्नाथ**पण्डितेन **रसगङ्गाधरे** "विषय-विषयिणोः पृथङ्नि-

---

માણવક નામનો પુરુષ પરાક્રમી હોવાના લીધે 'માણવક સિંહ છે' - આવું કથન કરવામાં આવે તો સારોપા લક્ષણા સમજવી. કારણ કે 'માણવક' અહીં અનિગીર્ણ છે. જ્યારે તે જ માણવક જતો હોય ત્યારે 'સિંહ જાય છે' - આવું કહેવામાં આવે તો સાધ્યવસાના લક્ષણા સમજવી. કારણ કે આરોપ્યમાણ એવા વિષયી = સિંહ દ્વારા આરોપવિષયભૂત માણવક નિગીર્ણ છે, ગળી જવાયેલ છે.

### ❋ બે પ્રકારે વિષયનું નિગરણ ❋

**(विषय.) કાન્તિચન્દ્ર ભટ્ટ** નામના વિદ્વાને **કાવ્યદીપિકા** ગ્રંથની રચના કરી છે. તેમાં તેમણે "વિષયનું 'નિગરણ' કઈ રીતે થાય ?" આવી શંકાનું સમાધાન આ રીતે દર્શાવેલ છે કે 'કોઈ પણ વિષયનું નિગરણ (= ગળી જવાનું કે ગૌણ કરવાનું કાર્ય) બે રીતે થાય છે. (૧) ક્યારેક પ્રસ્તુત વિષયનું શબ્દતઃ ગ્રહણ ન કરવામાં આવે તો વિષયનું વિષયી વડે નિગરણ થાય છે. (દા.ત. માણવકને ઉદ્દેશીને 'सिंहो गच्छति' - આવું કથન). તથા (૨) ક્યારેક વિષયનું શબ્દતઃ ગ્રહણ કરવામાં આવે તેમ છતાં પણ તેને નીચો કરવા દ્વારા (= ગૌણ કરવા દ્વારા કે તેની ઉપેક્ષા કરવા દ્વારા) તેનું નિગરણ થાય છે.' (દા.ત. માણવકને ઉદ્દેશીને 'सिंहोऽयं गच्छति' - આવું કથન.)

### ❋ દંડી કવિના મતનો નિર્દેશ ❋

**(तदुक्तं.) દંડી** કવિએ રચેલ **કાવ્યાદર્શ**ની **પ્રભા** વૃત્તિમાં **વિદ્યાભૂષણ**જીએ પણ ઉદ્ધરણરૂપે જણાવેલ છે કે "વિષયનું શબ્દતઃ ગ્રહણ ન કરવામાં આવે તો વિષયમાં નિગીર્ણતા આવે. અથવા વિષયનો શબ્દતઃ ઉલ્લેખ કરવામાં આવે તેમ છતાં પણ તેને ગૌણ કરવા માત્રથી તે વિષયમાં નિગીર્ણતા આવે. આ પ્રમાણે અલંકારશાસ્ત્રના આચાર્યો કહે છે."

**સ્પષ્ટતા** :- વિષયનો શબ્દતઃ જ્યાં ઉલ્લેખ કરવામાં આવેલ હોય તથા તેને ગૌણ કરવામાં આવેલ ન હોય તો સારોપા લક્ષણા કહેવાય. જેમ કે 'गौः वाहीकः' આવા સ્થળે વિષયસ્વરૂપ વાહીકનો શબ્દતઃ ઉલ્લેખ થયેલ છે તથા તેને મુખ્ય કરવામાં આવેલ છે. તેથી ઉપરોક્ત વાક્યમાં સારોપા લક્ષણા માન્ય છે - તેમ સમજવું. વધુ સ્પષ્ટતા આગળ થતી જશે.

### ❋ જગન્નાથ પંડિતના મતનું પ્રદર્શન ❋

**(प्रकृत.)** પ્રસ્તુત સારોપા અને સાધ્યવસાના લક્ષણાનું લક્ષણ બતાવવાના અવસરે **જગન્નાથ** પંડિતે

र्दिष्टयोरभेद आरोपः। अपृथङ्निर्दिष्टे विषये विषय्यभेदोऽध्यवसानम्। तत्राद्येन सहिता सारोपा, द्वितीयेन तु साध्यवसाना" (र.ग. आनन - २ पृ.१८७) इत्युक्तम्।

**मम्मटेन काव्यप्रकाशवृत्तौ** "आरोप्यमाणः आरोपविषयश्च यत्र अनपह्नुतभेदौ सामानाधिकरण्येन निर्दिश्येते सा लक्षणा सारोपा। विषयिणा = आरोप्यमाणेन अन्तःकृते = निगीर्णे अन्यस्मिन् आरोपविषये सति साध्यवसाना स्याद्" (का.प्र.उल्लास-२/कारिका-१०/सूत्र.१०-११ वृ.पृ.५१) इति प्रतिपादितम्।

**काव्यप्रकाशखण्डने सिद्धिचन्द्रगणिवरेण** तु "यत्र विषयी विषयश्च अनपह्नुतवैधर्म्यौ सामानाधिकरण्येन निर्दिश्येते सा सारोपा। विषयिणा आरोप्यमाणेन अन्यस्मिन् आरोपविषये अन्तःकृते विषयनिष्ठाऽसाधारणधर्मग्रहं विना तादात्म्येन प्रत्यायिते सा लक्षणा साध्यवसानिका। यत्र विषयोऽसाधारणधर्मेण नोच्यते, विषयी एव उच्यते परस्परं च तादात्म्याध्यासः" (का.प्र.ख.२/१०-११) इत्येवं स्पष्टतरमुक्तम्।

---

**રસગંગાધર** ગ્રંથમાં જણાવેલ છે કે 'વિષય અને વિષયીનો અલગ-અલગ નિર્દેશ કરવામાં આવેલ હોય અને તે બન્નેનો અભેદ દર્શાવેલ હોય તે આરોપ સમજવો. તે આરોપ સહિત લક્ષણા સારોપા લક્ષણા કહેવાય. તથા વિષયનો વિષયી કરતાં અલગ નિર્દેશ કરેલ ન હોય અને વિષયનો વિષયી સાથે અભેદ દર્શાવાય તે અધ્યવસાન કહેવાય. તેવા અધ્યવસાનવાળી લક્ષણા સાધ્યવસાના લક્ષણા જાણવી.'

### ❀ મમ્મટમતપ્રદર્શન ❀

**(मम्मटे.) મમ્મટ** કવિએ **કાવ્યપ્રકાશ સ્વોપજ્ઞવૃત્તિ**માં જણાવેલ છે કે 'આરોપ્યમાણ = વિષયી ('गौः') અને આરોપવિષય (વાહીક) - આ બન્નેમાં રહેલા ભેદનો જ્યાં અપલાપ કરવામાં ન આવે અને સામાનાધિકરણ્યથી = સમાનવિભક્તિવાળા પદથી તે બન્નેનો જ્યાં નિર્દેશ કરવામાં આવે તે લક્ષણા (દા.ત. 'गौः वाहीकः' વગેરે) સારોપા લક્ષણા સમજવી. તથા આરોપ્યમાણ = વિષયી વડે આરોપવિષયનું નિગરણ કરવામાં આવે તો (દા.ત. 'गौः अयम्' ઈત્યાદિ) સાધ્યવસાના લક્ષણા થાય.'

### ❀ સિદ્ધિચન્દ્રજી ઉપાધ્યાયનો મત ❀

**(काव्य.)** અકબર બાદશાહ દ્વારા શત્રુંજયની યાત્રાનો કર (Tax) માફ કરાવવો, જીવદયાના ફરમાનો બહાર પડાવવા વગેરે અનેક સુકૃત કરનાર એવા ઉપાધ્યાય શ્રી**ભાનુચન્દ્રવિજય** ગણિવરના શિષ્યરત્ન ઉપાધ્યાય શ્રી**સિદ્ધિચન્દ્રગણિવરે મમ્મટ** કવિએ રચેલ **કાવ્યપ્રકાશ** ગ્રંથમાં રહેલી ત્રુટિનું પરિમાર્જન **'કાવ્યપ્રકાશખંડન'** ગ્રંથમાં કરેલ છે. ત્યાં તેઓશ્રીએ પ્રસ્તુત વિષયનું વધુ સ્પષ્ટ નિરૂપણ કરતાં જણાવેલ છે કે 'જ્યાં વિષયી અને વિષય - આ બન્નેમાં રહેલ વૈધર્મ્યનો અપલાપ કર્યા વિના સામાનાધિકરણ્યથી = સામાનાધિકરણ્યવાળા પદથી = સમાનવિભક્તિવાળા પદથી તે બન્નેનો નિર્દેશ કરવામાં આવે તે સારોપા લક્ષણા સમજવી. (દા.ત. 'गौः वाहीकः') તથા આરોપ્યમાણ વિષયી (દા.ત. 'गौः') દ્વારા આરોપવિષય (દા.ત. વાહીક) પોતાની અંદર સમાવી દેવામાં આવે અને આરોપવિષયગત વાહીકત્વાદિ અસાધારણ ગુણધર્મના ભાન વિના જ વિષયી સાથે તાદાત્મ્યરૂપે આરોપવિષયનું જ્યાં જ્ઞાન કરાવવામાં આવે તે સાધ્યવસાનિકા લક્ષણા કહેવાય છે. કહેવાનો મતલબ એ છે કે (૧) જ્યાં વાહીકત્વાદિ અસાધારણધર્મરૂપે વિષયનું પ્રતિપાદન કરવામાં નથી આવતું. (૨) ફક્ત જ્યાં શબ્દતઃ વિષયી (= આરોપ્યમાણ 'गौः' વગેરે) જ કહેવામાં આવે છે. તથા (૩) જ્યાં વિષય-વિષયીનો પરસ્પર તાદાત્મ્ય

तत्र गौण्या भेदद्वयस्योदाहरणे यथाक्रमं 'गौर्वाहीकः', 'गौरयम्' इति। शुद्धायां तु भेदद्वयस्योदाहरणे यथाक्रमम् 'आयुर्घृतम्', 'आयुरिदम्' इति।

"विषयी = आरोप्यमाणो गवादिः, विषय आरोपस्य वाहीकादिश्च यत्र अनपह्नुतभेदौ सामानाधि-

---

અધ્યાસ થાય છે તે લક્ષણા (દા.ત. 'गौः अयम्') સાધ્યવસાના લક્ષણા કહેવાય છે."

**(तत्र.)** ત્યાં ગૌણી લક્ષણાના 'સારોપા' ભેદનું ઉદાહરણ 'गौः वाहीकः' - આ પ્રમાણે જણાવેલ છે. તથા ગૌણી લક્ષણાના 'સાધ્યવસાનિકા' ભેદનું ઉદાહરણ 'गौः अयम्' - આ પ્રમાણે દર્શાવેલ છે. તેમજ શુદ્ધ લક્ષણાના 'સારોપા' ભેદનું ઉદાહરણ 'आयुः घृतम्' - આ પ્રમાણે બતાવેલ છે. તથા શુદ્ધ લક્ષણાના 'સાધ્યવસાનિકા' ભેદનું ઉદાહરણ 'आयुः इदम्' - આ પ્રમાણે બતાવેલ છે.

### ❋ ગૌણી-શુદ્ધ સારોપા-સાધ્યવસાનિકા લક્ષણામાં તફાવત ❋

**સ્પષ્ટતા** :- (૧) ગૌણી લક્ષણામાં સાદૃશ્યઅધિકરણત્વસંબંધથી અભેદભાન થાય છે. તથા સારોપા ગૌણી લક્ષણામાં સમાનવિભક્તિવાળા પદ દ્વારા વિષય-વિષયીનો સ્વતંત્ર ઉલ્લેખ થવો જરૂરી છે. તેથી તેનું ઉદાહરણ થશે 'गौः वाहीकः'. અહીં સમાનવિભક્તિવાળા 'गौः' પદ અને 'वाहीकः' પદથી સ્વતંત્ર રીતે ઉપસ્થિત થયેલા 'गो' પદાર્થ અને 'वाहीक' પદાર્થનું સાદૃશ્યઅધિકરણત્વસંબંધથી અભેદભાન થાય છે. તેથી અહીં સારોપા ગૌણી લક્ષણા મનાય છે.

(૨) સાધ્યવસાનિકા ગૌણી લક્ષણામાં વિષયનો = ઉદ્દેશ્યનો શબ્દતઃ ઉલ્લેખ અભિપ્રેત નથી. આથી 'गौः अयम्' આ સ્થળે સાધ્યવસાનિકા ગૌણી લક્ષણા પ્રવર્તશે. અહીં વાહીકનો 'વાહીક' શબ્દથી ઉલ્લેખ થવાના બદલે 'अयम्' શબ્દથી ઉલ્લેખ થયેલ છે. **(i)** અસાધારણધર્મથી વાહીકદેશીય માણસનું = આરોપવિષયનું પ્રતિપાદન અહીં થયેલ નથી. **(ii)** ફક્ત વિષયી = આરોપ્યમાણ ગાય (કે બળદ કે ઢોર) જ શબ્દતઃ જણાવવામાં આવેલ છે. તથા **(iii)** વિષય-વિષયીનો પરસ્પર તાદાત્મ્યઅધ્યાસ અહીં ભાસે છે. તેથી અહીં 'સાધ્યવસાનિકા લક્ષણા' નું લક્ષણ સંગત થાય છે. અહીં 'ગો'પદાર્થનિરૂપિત સાદૃશ્ય-અધિકરણત્વસંબંધથી ગર્ભિત તાદાત્મ્ય ભાસતું હોવાથી ગૌણી લક્ષણાનું લક્ષણ પણ સંગત થાય છે.

(૩) સારોપા શુદ્ધલક્ષણાનું ઉદાહરણ છે 'आयुः घृतम्'. ઘી દીર્ઘાયુપણાનું કારણ હોવાથી અહીં ઘીને જ આયુષ્ય તરીકે જણાવેલ છે. અહીં સાદૃશ્યઅધિકરણતાથી ભિન્ન કારણતાસંબંધથી ઘી અને આયુષ્ય વચ્ચે અભેદપ્રતીતિ થાય છે. તેથી શુદ્ધ લક્ષણાનું લક્ષણ સંગત થાય છે. સમાનવિભક્તિવાળા પદથી વિષય અને વિષયીનો સ્વતંત્રપણે ઉલ્લેખ થયો છે. તેથી સારોપા લક્ષણાનું પણ લક્ષણ રહે છે.

(૪) સાધ્યવસાનિકા શુદ્ધલક્ષણાનું ઉદાહરણ 'आयुः इदम्' છે. અહીં **(i)** ઘૃતત્વરૂપે ઘીનો ઉલ્લેખ થવાના બદલે 'इदन्त्व' રૂપ સાધારણધર્મથી જ ઘીનો ઉલ્લેખ થયો છે. તથા **(ii)** વિષયીનો = આયુષ્યનો જ ફક્ત શબ્દતઃ નિર્દેશ કરવામાં આવેલ છે. તેમજ **(iii)** વિષય-વિષયી વચ્ચેનો તાદાત્મ્યઅધ્યાસ અહીં જણાય છે. તેથી સાધ્યવસાનિકા લક્ષણાનું લક્ષણ અહીં સંગત થાય છે.

### ❋ કાવ્યપ્રદીપકારમતની વિચારણા ❋

**("विषयी.)** **કાવ્યપ્રકાશ** ઉપર ગોવિંદ કવિએ **'કાવ્યપ્રદીપ'** નામનું વિવરણ રચેલ છે. ત્યાં તેમણે ઉપરોક્ત વિષયની સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે "વિષયી એટલે આરોપ્યમાણ ગાય-બળદ વગેરે.

करण्येनोक्तौ = शब्दप्रतिपाद्यौ सा लक्षणा सारोपा, विषय-विषयिणोः भेदेन उपन्यासस्य अत्र आरोपपदार्थत्त्वात्। ........विषयिमात्रं यत्र निर्दिश्यते, न तु विषयोऽपि सा साध्यवसाना। विषयिणा विषयतिरोभावस्याऽत्र अध्यवसानपदार्थत्वाद्" (का.प्रदी.२/६) इत्यादिकं **गोविन्दप्रणीते काव्यप्रकाशविवरणे काव्यप्रदीपे** अनुसन्धेयम्।

प्रकृते 'गौरयमि'त्यत्र साध्यवसाना लक्षणा, आरोप्यमाणेन = विषयिणा = गवा कल्प्यमानस्य = आरोपविषयस्य = वाहीकस्य असाधारणधर्माणां तिरोधानाद् = अधःकरणाद् = निगरणात्, इदन्त्वेन उक्तस्य वाहीकस्य वाहीकत्वाद्यसाधारणरूपेण अनुपन्यासात्, विषयिणो गव एव कण्ठत उक्तेः, गो-वाहीकयोः मिथः तादात्म्याध्यासप्रतिभासाच्च। तदिदमभिप्रेत्योक्तं **भावप्रकाशने शारदातनयेन** "अन्तःकृते निगीर्णेऽस्मिन्नारोपविषये सति। एषा साध्यवसानात्मा लक्षणेति विभाव्यते।।" (भा.प्र.६/३६८) इति। इयञ्च गौणी लक्षणा ज्ञेया, सादृश्याधिकरणत्वसम्बन्धेन शक्यसम्बद्धार्थप्रतिपादनादित्यवधेयम्।

'गौः वाहीकः' इत्यत्र च गौणी सारोपा लक्षणा स्वीक्रियते, असाधारणरूपेण प्रतिपादितत्वेन

---

તથા આરોપનો વિષય બને છે વાહીક વગેરે. વિષયી અને વિષય વચ્ચે રહેલા ભેદનો અપલાપ કર્યા વિના શાબ્દિક સામાનાધિકરણ્યથી = સમાનવિભક્તિવાળા શબ્દથી તે બન્નેનું પ્રતિપાદન કરવું અભિપ્રેત હોય ત્યાં સારોપા લક્ષણા કહેવાય છે. (જેમ કે 'गौः वाहीकः' સ્થળ.) અહીં વિષય અને વિષયીનો સ્વતન્ત્રરૂપે જે નિર્દેશ છે, તે જ આરોપ સમજવો. તથા જ્યાં ફક્ત વિષયીનો જ ઉલ્લેખ કરવામાં આવે, પરંતુ વિષયનો ઉલ્લેખ ન થાય તો તે સાધ્યવસાના લક્ષણા કહેવાય છે. (દા.ત. 'गौः अयम्') અહીં વિષયી = ગાય-બળદ દ્વારા વિષયનો = વાહીકનો તિરોભાવ થવો તે જ અધ્યવસાન તરીકે જાણવો." આ રીતે કાવ્યપ્રદીપકારના ઉપરોક્ત મંતવ્યનું અહીં અનુસંધાન કરવું.

### ❁ સાધ્યવસાના લક્ષણાનું ઉદાહરણ ❁

**(प्रकृते.)** ઉપરોક્ત નિરૂપણ દ્વારા પ્રસ્તુતમાં એવું સિદ્ધ થાય છે કે 'गौः अयम्' સ્થળમાં સાધ્યવસાના લક્ષણા અભિપ્રેત છે. કારણ કે અહીં આરોપ્યમાણ = વિષયી 'गौः' દ્વારા કલ્પ્યમાન = આરોપવિષયભૂત વાહીકના અસાધારણ ધર્મોનું તિરોધાન થાય છે, નિગરણ થાય છે. આમ વાહીક વિષય ગૌણ બનવાથી, અસાધારણ વાહીકત્વાદિધર્મરૂપે તેનો નિર્દેશ ન થવાથી, ઈદન્ત્વસ્વરૂપ સાધારણધર્મરૂપે તેનો ઉલ્લેખ થવાથી, ફક્ત વિષયી એવા ગોપદાર્થનો જ શબ્દતઃ ઉલ્લેખ થવાથી તથા ગો-વાહીકનો પરસ્પર તાદાત્મ્યઅધ્યાસ ભાસવાથી અહીં સાધ્યવસાના લક્ષણા માન્ય છે. આ જ અભિપ્રાયથી **શારદાતનયે ભાવપ્રકાશન**માં જણાવેલ છે કે 'વિષયી દ્વારા આરોપવિષયનું નિગરણ = અંતર્ધાન થાય તો એ સાધ્યવસાના લક્ષણા છે - એવી વિભાવના કરવી.' 'गौः अयम्' - આ લક્ષણા ગૌણી લક્ષણા છે. કારણ કે અહીં 'गौः' પદાર્થ અને વાહીક પદાર્થ વચ્ચે સાદૃશ્ય હોવાથી સાદૃશ્યાધિકરણતાથી સાદૃશ્યાધિકરણત્વ સંબંધનું અહીં ભાન થાય છે. આમ સાદૃશ્યાધિકરણત્વથી અતિરિક્ત સંબંધથી શક્યાર્થસંબદ્ધ અર્થનું પ્રતિપાદન ન થવાથી 'गौः अयम्' - સ્થળમાં ગૌણી સાધ્યવસાના લક્ષણા માન્ય છે. આ વાત ખ્યાલમાં રાખવી.

### ❁ સારોપા લક્ષણાનું ઉદાહરણ ❁

('गौः.) તથા 'गौः वाहीकः' આ સ્થળમાં ગૌણી સારોપા લક્ષણા સ્વીકારવામાં આવે છે. કારણ

**सारोपा-साध्यवसानयोर्निरूढत्वार्थमयं प्रकारभेदः ८।**

विषयस्य वाहीकस्य विषयिणा गवा अनिगीर्णतया गोतादात्म्यप्रतीतेः। विषयी गौः विषयश्च वाहीकः अनपह्नुतवैधर्म्यौ शाब्दसामानाधिकरण्येनाऽत्र निर्दिश्येते इति गौणी सारोपा लक्षणाऽभिप्रेतेति भावः। ततश्च पूर्वत्र एकस्वभावः उत्तरत्र चाऽभेदस्वभावो ज्ञायते।

***ननु*** किमर्थमयं प्रकारभेदोऽनुसृतः ? प्रकृते स्वभावभेदोपदर्शनप्रयोजनं न ज्ञायते इति ***चेत्*** ?

***श्रुणु,*** सारोपा-साध्यवसानयोः निरूढत्वार्थमयं प्रकारभेदः अनुसृतः अस्माभिः। अयमत्राशयः - लक्षणा रूढितः प्रयोजनतो वा प्रवर्तते। तदुक्तं **साहित्यदर्पणे** "मुख्यार्थबाधे तद्युक्तो ययाऽन्योऽर्थः प्रतीयते। रूढेः प्रयोजनाद् वाऽसौ लक्षणा शक्तिरर्पिता।।" (सा.द.परि.२/श्लो.१३) इति पूर्वोक्त(५/१)रीत्या भावनीयम्। ***एतेन*** "मुख्यार्थबाधे तद्योगे रूढितोऽथ प्रयोजनात्। अन्योऽर्थो लक्ष्यते यत् सा लक्षणाऽऽरोपिता क्रिया।।" (का.प्र.उल्लास २/११, भा.प्र.६/३४७) इति **काव्यप्रकाशे मम्मट**वचनं **भावप्रकाशने** च **शारदातनय**वचनं ***व्याख्यातम्*** ।

કે વિષયી એવા ગોપદાર્થ વડે વિષય = વાહીક નિગીર્ણ = ગૌણ = તિરોહિત = અધઃકૃત કે અંતઃકૃત થતો નથી. કારણ કે અહીં વાહીકત્વસ્વરૂપ અસાધારણધર્મરૂપે વાહીકપદાર્થનું પ્રતિપાદન થાય છે, ઈદન્ત્વસ્વરૂપ સાધારણધર્મરૂપે નહિ. આ રીતે અહીં ગો-વાહીકનું તાદાત્મ્ય ભાસે છે. વિષયી ગો અને વિષય વાહીક - આ બન્ને વચ્ચે રહેલ વૈધર્મ્યનો અપલાપ કર્યા વિના શાબ્દિક સામાનાધિકરણ્યથી = સમાનવિભક્તિવાળા પદથી અહીં વાહીકપદાર્થનો અને ગોપદાર્થનો નિર્દેશ થાય છે. તેથી 'गौः वाहीकः' - સ્થળમાં ગૌણી સારોપા લક્ષણા અભિપ્રેત છે. આ પ્રમાણે આશય છે. તેથી ગૌણી સાધ્યવસાના લક્ષણાવાળા 'गौः अयम्' - આ સ્થળમાં એકસ્વભાવ જણાય છે. તથા ગૌણી સારોપા લક્ષણાવાળા 'गौः वाहीकः' - સ્થળમાં અભેદસ્વભાવ જણાય છે. આમ એકસ્વભાવ અને અભેદસ્વભાવ જુદા નિશ્ચિત થાય છે.

**શંકા** :- (ननु.) આપ શા માટે અહીં એકસ્વભાવ અને અભેદસ્વભાવ - એમ સામાન્યસ્વભાવના બે પ્રકારને અનુસરો છો ? તથા આ બન્ને સ્વભાવને અલગ બતાવવાનું પ્રયોજન શું છે ? તે સમજાતું નથી.

### ❈ વિશ્વનાથ - મમ્મટ મત પ્રદર્શન ❈

**સમાધાન** :- (श्रुणु.) ભાગ્યશાળી ! સાંભળો. સારોપા લક્ષણા અને સાધ્યવસાના લક્ષણા - આ બન્નેમાં નિરૂઢત્વનું સંપાદન કરવા માટે સામાન્યસ્વભાવસંબંધી પ્રસ્તુત પ્રકારભેદનું અમે અનુસરણ કરેલ છે. અહીં કહેવાનો આશય આ મુજબ છે કે લક્ષણાની પ્રવૃત્તિ બે પ્રકારે થાય છે. રૂઢિથી અથવા પ્રયોજનથી. **સાહિત્યદર્પણ ગ્રંથમાં વિશ્વનાથકવિ**એ જણાવેલ છે કે 'શક્તિ દ્વારા શબ્દ જે અર્થ જણાવે તે મુખ્ય અર્થ કહેવાય. જ્યારે શબ્દનો મુખ્યાર્થ = શક્યાર્થ બાધિત થતો હોય ત્યારે તેનાથી યુક્ત બીજો અર્થ જેના દ્વારા રૂઢિથી કે પ્રયોજનથી જણાવાય તે લક્ષણા કહેવાય છે. તે લક્ષણા શબ્દમાં અર્પિત = આરોપિત શક્તિ જાણવી.' પૂર્વે (૫/૧) દર્શાવેલ પદ્ધતિ મુજબ આ સંદર્ભની ઊંડાણથી વિભાવના કરવી. આ જ રીતે **કાવ્યપ્રકાશ**માં **મમ્મટકવિએ** તથા **ભાવપ્રકાશનમાં શારદાતનયે** પણ જણાવેલ છે કે 'મુખ્યાર્થનો બાધ હોય ત્યારે તેનાથી યુક્ત બીજો પદાર્થ જેના દ્વારા રૂઢિથી કે પ્રયોજનથી પ્રતીત

रूढितः प्रवर्त्तमाना गौणी निरूढा वाऽप्युच्यते। प्रयोजनतश्च प्रवर्त्तमाना प्रयोजनवती शुद्धा वाऽप्युच्यते। प्रत्येकं सारोपा-साध्यवसानालक्षणौ भेदौ वर्त्तेते। तदिदमभिप्रेत्योक्तम् **अच्युतराजेन साहित्यसारे** सोदाहरणम् "गौणी प्रयोजनवती सारोपा 'चन्द्र आननम्'। 'गौर्वाहीक' इति ज्ञेया रूपकालङ्कृतौ हिता।। सैव साध्यवसाना तु 'गौरेवायमि'ति स्फुटा। 'चन्द्र एवेदमि'त्यादौ रूपकातिशयोक्तिकृत्।। प्रयोजनवती शुद्धा सारोपा'ऽऽयुर्घृतं' त्विति। सैव साध्यवसाना चेदा'ऽऽयुरेवेदमि'त्यपि।।" (सा.सा.ऐरावतरत्न द्वितीय) इति।

"लक्षणा पुनः द्विविधा – प्रयोजननिरपेक्षा प्रयोजनसापेक्षा चेति। तत्र आद्या यथा – 'मार्गाः चलन्ति' इति। इयं प्रयोजनाऽभावेऽपि प्रवर्तमानत्वाद् 'रूढलक्षणा' इत्युच्यते। द्वितीया यथा – 'गङ्गायां घोषः' इति।

---

થાય તેને લક્ષણા કહેવાય. તે લક્ષણા આરોપિત (=કૃત્રિમ) શબ્દક્રિયાસ્વરૂપ છે.' **મમ્મટ** કવિના તથા **શારદાતનય**ના પ્રસ્તુત વચનની પણ છણાવટ ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે.

## ❉ ગૌણી = નિરૂઢલક્ષણા, પ્રયોજનવતી = શુદ્ધલક્ષણા ❉

(**रूढि.**) જે લક્ષણા રૂઢિથી પ્રવર્ત્તે છે તે ગૌણી લક્ષણા કે નિરૂઢલક્ષણા પણ કહેવાય છે. તથા પ્રયોજનથી પ્રવર્ત્તતી લક્ષણા પ્રયોજનવતી કે શુદ્ધલક્ષણા પણ કહેવાય છે. તે બન્નેના સારોપા અને સાધ્યવસાના લક્ષણા - એવા બે ભેદ છે. તેથી કુલ ચાર ભેદ થશે. આ જ બાબતને ઉદાહરણપૂર્વક **સાહિત્યસાર** ગ્રંથમાં **અચ્યુતરાજે** આ મુજબ જણાવેલ છે કે "લક્ષણાના બે પ્રકાર છે - ગૌણી તથા પ્રયોજનવતી. (૧) 'મુખ ચન્દ્ર છે', 'વાહીક ઢોર છે' - આ ગૌણી સારોપા લક્ષણા સમજવી. રૂપક અલંકારમાં આ લક્ષણા હિતકારિણી છે. (૨) 'આ ઢોર જ છે', 'આ ચન્દ્ર જ છે' - આ ગૌણી સાધ્યવસાના લક્ષણા સમજવી. આ લક્ષણા સ્પષ્ટપણે રૂપક અલંકારમાં અતિશય = જીવંતતા લાવે છે. (૩) પ્રયોજનવતી = શુદ્ધ સારોપા લક્ષણા તો 'ઘી આયુષ્ય છે' - અહીં જાણવી. (૪) તથા જો 'આ આયુષ્ય જ છે' - આમ બોલવામાં આવે તો પ્રયોજનવતી = શુદ્ધ સાધ્યવસાના લક્ષણા સમજવી."

## ❁ પ્રયોજનનિરપેક્ષ-સાપેક્ષ લક્ષણાની વિચારણા ❁

(**"लक्षणा.**) **પ્રમાણચંદ્રિકા** ગ્રંથમાં **શેષાચાર્ય** પ્રસ્તુત બાબતમાં એવું જણાવે છે કે "વળી, લક્ષણાના બે પ્રકાર છે. (૧) પ્રયોજનનિરપેક્ષ અને (૨) પ્રયોજનસાપેક્ષ. તે બે લક્ષણામાં પહેલી પ્રયોજનનિરપેક્ષ લક્ષણાનું ઉદાહરણ આ પ્રમાણે છે. દા.ત. 'રસ્તાઓ ચાલે છે'- આવું વચન પ્રયોજનનિરપેક્ષ લક્ષણાને બતાવે છે. વાસ્તવમાં રસ્તાઓ ચાલતા નથી. પરંતુ રસ્તા ઉપર રહેલા માણસો ચાલે છે. તેમ છતાં માણસ અને માર્ગ વચ્ચે અભેદ ઉપચાર કરીને 'રસ્તાઓ ચાલે છે' - આવું કહેવામાં આવે છે. આવું બોલવાની પાછળ વક્તાનું કોઈ વિશેષ પ્રકારનું પ્રયોજન નથી. તેમ છતાં વગર પ્રયોજને આવી લક્ષણાવાળા = ઉપચારવાળા વાક્યોનો પ્રયોગ વ્યવહારમાં પ્રવર્ત્તે છે. તેથી આ પ્રયોજનનિરપેક્ષ લક્ષણા **'રૂઢ લક્ષણા'** પણ કહેવાય છે. તથા બીજી પ્રયોજનસાપેક્ષ લક્ષણાનું ઉદાહરણ આ પ્રમાણે છે. દા.ત. 'गंगायां घोषः' ગંગા નદીમાં આભીરપલ્લી (= ઘોષ) આવેલ નથી. પરંતુ ગંગાતટ ઉપર આભીરપલ્લી આવેલ છે. તેમ છતાં 'ગંગાની બાજુમાં હોવાથી તે આભીરપલ્લી પવિત્ર છે, ઠંડકવાળી છે' - આવો શ્રોતાને બોધ ઉત્પન્ન કરાવવાના પ્રયોજનથી 'तटे घोषः' - આવું બોલવાના બદલે 'गंगायां घोषः' - આવું બોલવામાં

इयञ्च पावित्र्यादिप्रयोजनापेक्षया प्रवर्तमानत्वात् 'केवललक्षणा' इत्युच्यते" (प्र.च.४/पृ.४०) इति **प्रमाणचन्द्रिकायां शेषाचार्यः** ।

ततश्चैकस्वभावाऽभेदस्वभावयोः अतिरिक्तत्वं निरूढलक्षणाविषयतोपपत्तये आवश्यकम् । अभेदस्वभावे सारोपाया एकस्वभावे च साध्यवसानाया निरूढलक्षणात्वोपपत्त्यर्थमेवाऽयं सामान्यस्वभावगतः एकाऽभेदलक्षणः प्रकारभेदः अस्माभिः इह अनुसृतः, निरूढलक्षणाया अनादितात्पर्यविषयीभूताऽर्थनिष्ठत्वात् । न हि साम्प्रतकालीनयादृच्छिकप्रयोजनमनुसृत्य निरूढलक्षणा प्रवर्त्तते । ततश्चाऽनादितात्पर्यानुसारेण 'गौः अयम्' इत्यत्र साध्यवसानाभिधानया निरूढलक्षणया एकस्वभावः सिध्यति । 'गौर्वाहीक' इत्यत्र च सारोपाख्यया तया तदतिरिक्तः अभेदस्वभावः सिध्यति ।

यदि चैकस्वभावाऽभेदस्वभावयोः पार्थक्यं न स्यात्, तर्हि सारोपाया अभेदस्वभावे साध्यवसानायाश्चैकस्वभावे स्वातन्त्र्येण प्रसिद्धं निरूढत्वं सङ्गतं न स्यादिति सारोपा-साध्यवसानयोः पार्थक्येण निरूढलक्षणात्वोपपत्तिकृते एकस्वभावाऽभेदस्वभावयोः भेदः अनादितात्पर्यानुसारेण कक्षीकर्तव्य एवेति ।

---

આવે છે. આમ શ્રોતાને આભીરપલ્લીમાં પાવિત્ર્ય, શૈત્ય વગેરેનું નિવેદન કરવાના પ્રયોજનની અપેક્ષાથી તેવા પ્રકારનો વાક્યપ્રયોગ પ્રવર્તે છે. તેથી પ્રયોજનસાપેક્ષ લક્ષણા '**કેવલ લક્ષણા**' પણ કહેવાય છે."

### ❧ એકસ્વભાવભિન્ન અભેદસ્વભાવની સિદ્ધિ ❧

(**तत.**) તેથી 'એકસ્વભાવ અને અભેદસ્વભાવ - તે બન્ને સ્વભાવ નિરૂઢલક્ષણાનો વિષય છે' - આવું સિદ્ધ કરવા માટે 'તે બન્ને એક નથી પણ જુદા જુદા છે' આવું માનવું જરૂરી છે. આમ અભેદસ્વભાવમાં સારોપા લક્ષણાને અને એકસ્વભાવમાં સાધ્યવસાના લક્ષણાને નિરૂઢલક્ષણા તરીકે સિદ્ધ કરવા માટે જ અમે અહીં સામાન્યસ્વભાવમાં એકસ્વભાવ અને અભેદસ્વભાવ એમ જુદા-જુદા પ્રકારે પ્રતિપાદન કરેલ છે. કારણ કે નિરૂઢલક્ષણા તો અનાદિતાત્પર્યવિષયીભૂત અર્થમાં રહેલ છે. આજ-કાલથી કોઈએ તેવા પ્રકારનો નવો વાક્યપ્રયોગ શરૂ નથી કર્યો. પણ અનાદિ કાળથી તેવા વાક્યપ્રયોગો ચાલી આવે છે. વર્તમાનકાલીન વાક્યપ્રયોગ કરનારાઓની ઈચ્છાને કે પ્રયોજનને અનુસરીને તેવા વાક્યપ્રયોગો થતા નથી. તેથી અનાદિકાલીન તાત્પર્ય મુજબ 'गौः अयम्' - સ્થળમાં સાધ્યવસાના નામની નિરૂઢલક્ષણા દ્વારા એકસ્વભાવની સિદ્ધિ થાય છે. તથા 'गौः वाहीकः' - સ્થળમાં સારોપા નામની નિરૂઢલક્ષણા દ્વારા એકસ્વભાવથી અતિરિક્ત એવા અભેદસ્વભાવની સિદ્ધિ થાય છે.

### ❃ એકસ્વભાવ અને અભેદસ્વભાવ જુદા જુદા છે ❃

(**यदि.**) જો એકસ્વભાવ અને અભેદસ્વભાવ જુદા-જુદા ન હોય તો સારોપા લક્ષણા અભેદસ્વભાવમાં અને સાધ્યવસાના લક્ષણા એકસ્વભાવમાં સ્વતન્ત્રપણે-પૃથક્સ્વરૂપે નિરૂઢ બની ન શકે. તેથી સારોપા અને સાધ્યવસાના બન્ને લક્ષણાને સ્વતન્ત્રરૂપે નિરૂઢલક્ષણા માનવા માટે અનાદિતાત્પર્ય મુજબ એકસ્વભાવમાં અને અભેદસ્વભાવમાં ભેદ માનવો જરૂરી છે.

**प्रयोजनवत्यौ तु ते यदृच्छानिमित्तकत्वेन न स्वभावभेदसाधके इति परमार्थः ॥१३/४॥**

***ननु*** भवता सारोपा-साध्यवसानयोः निरूढलक्षणात्वसम्पादनार्थमेव सामान्यस्वभावगतः प्रकारभेदः कस्माद् अनुस्रियते ? सारोपा-साध्यवसानयोः प्रयोजनवतीत्वोपपत्तिकृते कथमयं प्रकारभेदः नाऽनुस्रियते ? इति ***चेत्*** ?

अवहितमनसा श्रुणु – प्रयोजननिरपेक्षा हि रूढलक्षणा, निरूढलक्षणा, प्रयोजनशून्या इत्यपि कथ्यते। प्रयोजनसापेक्षा तु केवललक्षणा, सप्रयोजना, प्रयोजनवती, यादृच्छिकी लक्षणा इत्यपि कथ्यते। प्रयोजनवत्यौ तु सारोपा-साध्यवसाने लक्षणे न स्वभावभेदसाधिके, यदृच्छानिमित्तकत्वात्। ततश्च एकस्वभावाऽभेदस्वभावयोः पार्थक्यं नैव सिध्येत्। न हि यादृच्छिकी प्रवृत्तिः व्यवहृतिर्वा स्वतन्त्रार्थसाधिका भवति, सर्वदा सर्वत्र सर्वेषां यादृच्छिकप्रवृत्त्यादौ ऐकरूप्याऽयोगात्।

***यच्च*** **परिभाषेन्दुशेखरे नागेशभट्टेन** "गुणाद् आगतो गौणः। यथा गोशब्दस्य जाड्यादिगुणनिमित्तः

**प्रश्न** :- (ननु.) તમે સારોપા અને સાધ્યવસાના - આ બન્નેને નિરૂઢલક્ષણા બનાવવા માટે જ સામાન્યસ્વભાવમાં પ્રસ્તુત પ્રકારભેદનું અનુસરણ શા માટે કરો છો ? સારોપા અને સાધ્યવસાના લક્ષણાને પ્રયોજનવતી લક્ષણા બનાવવા માટે કેમ પ્રકારભેદનું અનુસરણ નથી કરતા ?

### ❀ પ્રયોજનવતી લક્ષણા સ્વભાવભેદસાધક નથી ❀

**પ્રત્યુત્તર** :- (अव.) ભાગ્યશાળી ! સાવધાન થઈને સાંભળો. પ્રયોજનનિરપેક્ષ લક્ષણા પ્રસ્તુતમાં 'રૂઢલક્ષણા', 'નિરૂઢલક્ષણા' કે 'પ્રયોજનશૂન્ય લક્ષણા' આ પ્રમાણે પણ કહેવાય છે. પ્રયોજનસાપેક્ષ લક્ષણા તો 'કેવલલક્ષણા', 'સપ્રયોજના લક્ષણા', 'પ્રયોજનવતી લક્ષણા' કે 'યાદચ્છિકી લક્ષણા' આ પ્રમાણે પણ કહેવાય છે. પૂર્વે જણાવેલી સારોપા અને સાધ્યવસાના લક્ષણા એ બન્નેને જો પ્રયોજનવતી લક્ષણા બનાવવાનો પ્રયાસ કરવામાં આવે તો તેનાથી સ્વભાવભેદ સિદ્ધ થઈ શકતો નથી. કારણ કે તે યદચ્છાનિમિત્તક = યાદચ્છિકી = સ્વેચ્છાધીન છે. તેથી પ્રયોજનવતી યાદચ્છિક લક્ષણા દ્વારા એકસ્વભાવ અને અભેદસ્વભાવ વચ્ચે જુદાપણું સિદ્ધ થઈ શકતું નથી. કારણ કે યાદચ્છિક = સ્વૈચ્છિક = સ્વેચ્છાધીન એવી પ્રવૃત્તિ કે વ્યવહાર કોઈ સ્વતંત્ર પદાર્થને સિદ્ધ કરવા માટે સમર્થ નથી. સ્વૈચ્છિક પ્રવૃત્તિ બધાની બધે જ સ્થળે સર્વદા એકસરખી હોતી પણ નથી. તેથી તેના દ્વારા કોઈ ચોક્કસ વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી.

### ✡ ગૌણી લક્ષણા નિરૂઢ લક્ષણા છે - પરિભાષેન્દુશેખર ✡

**(यच्च.)** સ્વતંત્ર વિષયની સિદ્ધિ માટે પ્રયોજનવતી નહિ પણ નિરૂઢ લક્ષણા જ ઉપયોગી બની શકે. આ વાત જણાવી. હવે 'गौर्वाहीक' સ્થળે પ્રયોજનવતી નહિ પણ નિરૂઢલક્ષણા જ અભિપ્રેત છે - આ બાબતની સિદ્ધિ માટે **પરિભાષેન્દુશેખર** અને તેની **વાક્યાર્થચન્દ્રિકા** નામની વ્યાખ્યા ઉપયોગી છે. તથા તેના માધ્યમથી 'ઉપરોક્ત સ્થળે નિરૂઢ લક્ષણા હોવાથી સ્વતંત્રવિષયસાધકતા રહેલી છે' - તેવું આપમેળે સિદ્ધ થઈ જશે. આ બાબત નિમ્નોક્ત રીતે સમજવી. **નાગેશભટ્ટ** નામના વૈયાકરણે **પરિભાષેન્દુશેખર** ગ્રંથમાં જણાવેલ છે કે 'વિષયીગત ગુણના નિમિત્તે ઉપસ્થિત થયેલો અર્થ ગૌણીલક્ષણાનો

अर्थः वाहीकः" (प.शे.पृ.६०) इत्युक्त्या गोपदार्थगतजाड्यादिगुणारोपप्रयुक्तसादृश्याऽऽख्यसम्बन्धप्रयोज्याऽऽरोपविषयीभूततत्तद्धर्मप्रकारकप्रतीतौ विषयविधया वाहिकपदार्थस्य प्रसिद्धत्वम् अनादितात्पर्यविषयत्वे सति अर्थान्तरप्रतीतिनिरपेक्षप्रतीतिविषयत्वादुपदर्शितमिति (वा.च.पृ.६०) तद्व्याख्यायां **वाक्यार्थचन्द्रिकायां हरिशास्त्रिणा** ***व्याख्यातम्,***

***ततो***ऽपि 'गौर्वाहीक' इत्याकारा सारोपा 'गौः अयम्' इत्याकारा च साध्यवसाना गौणी लक्षणा अनादितात्पर्यविषयीभूतार्थनिष्ठतया निरूढत्वाऽऽक्रान्ता सती स्वतन्त्रविषयसाधनाय प्रत्यला, न तु प्रयोजनवतीत्वाऽऽक्रान्ता सती इति सिध्यतीति सूक्ष्मेक्षिकया भावनीयं तर्क-व्याकरणाऽलङ्कारशास्त्रमर्मवेदिभिः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – शक्ति-लक्षणास्वरूपं विज्ञाय (१) 'युष्माकं दोषान् द्वेषदृष्ट्या

---

વિષય = ગૌણ કહેવાય. જેમ કે જડતા વગેરે ગુણધર્મના નિમિત્તે 'गो' શબ્દના અર્થ તરીકે ઉપસ્થિત થયેલ વાહીક એ ગૌણ = ગૌણલક્ષણાવિષયભૂત કહેવાય.' નાગેશના આશયને સ્પષ્ટ કરતાં પરિભાષેન્દુશેખરની **વાક્યાર્થચન્દ્રિકા** નામની વ્યાખ્યામાં શ્રી**હરિશાસ્ત્રી**એ જણાવેલ છે કે "ઉપરોક્ત કથન દ્વારા નાગેશભટ્ટ એવું જણાવે છે કે 'गौः अयम्' ઈત્યાદિ સ્થળે ગાય વિષયી છે તથા 'अयं' પદાર્થ વાહીક વિષય છે. વિષયીમાં રહેલ જડતા, બુદ્ધિમંદતા વગેરે ગુણનો આરોપ વિષયમાં થાય છે. આ આરોપ દ્વારા સાદશ્ય નામનો સંબંધ વિષય-વિષયી વચ્ચે પ્રયોજાય છે. આરોપપ્રયુક્ત સાદશ્ય સંબંધ દ્વારા થતા આરોપનો વિષય બને છે જડતા, બુદ્ધિમંદતા વગેરે ગુણો. તે જડતા વગેરે ગુણધર્મોનું વિશેષણ તરીકે અવગાહન કરનારી તે પ્રતીતિનો વિશેષ્ય તરીકે વિષય બને છે વાહીક પદાર્થ. તે વાહીક અર્થ ગૌણીલક્ષણાજન્ય પ્રતીતિમાં વિષય તરીકે પ્રસિદ્ધ હોવાનું કારણ એ છે કે તે અનાદિકાલીન તાત્પર્યનો વિષય બનવાની સાથે-સાથે અન્ય અર્થથી (=વ્યક્તિગત પ્રયોજનથી) નિરપેક્ષ એવી પ્રતીતિનો પણ વિષય બને છે."

(**ततो.**) શ્રી**હરિશાસ્ત્રી**ના વિવરણના આધારે પણ સિદ્ધ થાય છે કે 'गौः वाहीकः' - આવી સારોપા નામની ગૌણી લક્ષણા અને 'गौः अयम्' - આવી સાધ્યવસાના નામની ગૌણી લક્ષણા - આ બન્ને અનાદિતાત્પર્યવિષયીભૂત અર્થમાં રહેનારી હોવાથી નિરૂઢલક્ષણા સ્વરૂપ બને છે. તેથી જ તે પોતાનો સ્વતંત્ર વિષય સિદ્ધ કરવા માટે સમર્થ છે. તે બન્ને લક્ષણા પ્રયોજનવતી સ્વરૂપ નથી. કેમ કે અનાદિતાત્પર્યવિષયીભૂત અર્થનું તે અવગાહન કરનારી છે. પ્રયોજનવતી લક્ષણા બનીને તે પોતાનો સ્વતંત્ર વિષય સિદ્ધ ન કરી શકે. આ પ્રમાણે તર્કશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રના મર્મને જાણનાર વિદ્વાન પુરુષે વિશેષ પ્રકારે ઊંડાણથી વિચારવું. એક વખત વાંચવાથી આ વિષય જલ્દીથી પકડાય તેમ નથી. તેના ઉપર એકાગ્ર ચિત્તે, સૂક્ષ્મ દૃષ્ટિએ, ઊંડાણથી ઊહાપોહ કરવાની આવશ્યકતા છે. આવું જણાવવા માટે 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં 'भावनीयम्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

### ❈ લક્ષણાનો આધ્યાત્મિક ઉપયોગ કરીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- અહીં ટબામાં તથા પરામર્શકર્ણિકામાં દર્શાવેલ શક્તિ અને લક્ષણાનું સ્વરૂપ જાણીને (૧) 'તમે તમારા દોષને લાલ આંખથી જુઓ' - આવા શાસ્ત્રવચનથી જે શાબ્દબોધ ઉત્પન્ન

पश्यत' इति शास्त्रवचनतः शक्त्या शाब्दबोधो जनयितव्यः, न तु लक्षणया। प्रकृते जहल्लक्षणया परकीयदोषदर्शने आध्यात्मिकी हानिः प्रसज्येत। यद्वा स्वारसिकलक्षणया विरुद्धलक्षणया वा दोषपदेन गुणबोधे आध्यात्मिकविकासः अवरुध्येत। (२) 'पर्वतिथिदिने वनस्पतिकायः त्याज्यः' इति शास्त्रवचनतः अजहल्लक्षणया शाब्दबोधः कार्यः यदुत 'पर्वतिथौ महानसे वनस्पतिकायः शाक-पत्र-फलादिलक्षणः आहारसंज्ञानियन्त्रणेन मोक्तव्यः, माया-लोभादिनिग्रहेण आपणे ग्राहको मोक्तव्यः, गृहे अपराधी पुत्रादिकः क्रोधनियमनेन मोक्तव्यः, रात्रौ अब्रह्मनिवृत्त्या पत्नी मोक्तव्या' इति। इत्थमात्मश्रेयः शीघ्रं सम्पद्येत। एवमन्यत्रापि स्वयमूहनीयम्। तादृशबोधबलेन च [1]"अतुलसुहसागरगया अव्वाबाहं अणोवमं पत्ता। सव्वमणागयमद्धं चिट्ठंति सुही सुहं पत्ता।।" (औ.सू.४४/गाथा.२२) इति **औपपातिकसूत्र**दर्शितं सिद्धस्वरूपं रयात् प्रादुर्भवेत्।।१३/४।।

---

થાય છે તે શબ્દશક્તિ દ્વારા થવો જોઈએ, લક્ષણા દ્વારા નહિ. આપણા દોષ જોવાના બદલે, જહત્સ્વાર્થલક્ષણા સ્વીકારીને, કેવળ બીજાના દોષને લાલ આંખથી જોવા બેસીએ તો અધ્યાત્મજગતમાં દેવાળું નીકળી જાય. અથવા 'દોષ' શબ્દની ગુણમાં સ્વારસિકલક્ષણા કે વિરુદ્ધલક્ષણા કરીને આપણા ગુણને જ જોયે રાખીએ તો પણ આપણો આધ્યાત્મિક વિકાસ અટકી પડે. (૨) 'પર્વતિથિના દિવસે લીલોતરી છોડજો' - આ શાસ્ત્રવચનથી જે શાબ્દબોધ કરીએ તે શક્તિ દ્વારા નહિ પણ અજહત્સ્વાર્થલક્ષણા દ્વારા કરીએ કે 'પર્વતિથિના દિવસે આહારસંજ્ઞા ઉપર પોતાનો અંકુશ રાખીને રસોડામાં લીલોતરી-પાકાફળોને છોડીએ, દુકાને માયા-લોભ વગેરેનો નિગ્રહ કરીને ઘરાકને છોડીએ. ગુસ્સા ઉપર નિયમન કરીને, ભૂલ કરતા પુત્રને કમ સે કમ ઘરમાં તો છોડીએ = માફ કરીએ. રાત્રે અબ્રહ્મની નિવૃત્તિ કરીને, પત્નીને છોડીએ...' આ પ્રમાણે શાબ્દબોધ થાય તો કલ્યાણ જલ્દી થાય. આ પ્રમાણે બીજા શાસ્ત્રીયવચનોમાં અને વ્યવહારોમાં પણ સ્વયં વિચારી લેવું. તથાવિધ બોધના બળથી સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. **ઔપપાતિકસૂત્ર**માં સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે "અતુલ સુખના મહાસાગરમાં ડૂબેલા, અવ્યાબાધ = પીડારહિત અનુપમ સ્વરૂપને પામેલા, સુખને પામેલા સિદ્ધાત્માઓ તમામ ભવિષ્યકાળ સુધી સુખી રહે છે." (૧૩/૪)

લખી રાખો ડાયરીમાં.....

- **શક્તિનું અતિક્રમણ કરીને પણ વાસના ઉન્માર્ગે દોડે છે.**
  **શક્તિનું અતિક્રમણ કરીને પણ ઉપાસના સન્માર્ગે દોડે છે.**

---

1. अतुलसुखसागरगता अव्याबाधम् अनुपमं प्राप्ताः। सर्वाम् अनागताम् अद्धां तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः।।

**[६]પરમભાવગ્રાહક નયઈં રે, ભવ્ય-અભવ્ય પરિણામ;**
**શુદ્ધ-અશુદ્ધહ તેહથી રે, ચેતન આત્મારામો રે ॥૧૩/૫॥ ચતુર.**

**ભવ્ય** સ્વભાવ **અનઈં અભવ્ય** સ્વભાવ એ ૨ (**પરિણામ**=) સ્વભાવ♦ **પરમભાવગ્રાહક નયઈં** જાણવા.

अवशिष्टसामान्यस्वभावग्राहकनयप्रदर्शनायोपक्रमते – '**भव्ये**'ति।

**भव्याऽभव्यत्वमाख्यातं परमभावबोधके।**
**शुद्धाऽशुद्धतया तस्मात् चैतन्यमात्मसम्मतम्।।१३/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – परमभावबोधके भव्याऽभव्यत्वम् आख्यातम्। चैतन्यं शुद्धाऽशुद्धतया तस्माद् आत्मसम्मतम्।।१३/५।।

**भव्याऽभव्यत्वं** = भव्यत्वम् अभव्यत्वं च **परमभावबोधके** = परमभावग्राहकनये पूर्वोक्ते (५/१९) **आख्यातं** = कथितम्। भव्यस्वभावोऽभव्यस्वभावश्च प्रधानस्वभावत्वात् परमभावग्राहकनयविषयीभूत इत्यर्थः। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "परमभावग्राहकेण भव्याऽभव्यपारिणामिकस्वभावः" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८५) इति। अयमाशयः – प्रतिद्रव्यं भव्यस्वभावोऽभव्यस्वभावश्च स्तः। तत्प्रभावेणैव प्रतिद्रव्यं प्रातिस्विकः परिणामो वर्तते। परिणामस्वरूपञ्च **विजयानन्दसूरिभिः तत्त्वनिर्णयप्रासादे** उद्धरणरूपेण "सर्वथा न गमो यस्मात् सर्वथा न च आगमः। परिणामः प्रमासिद्ध इष्टश्च खलु पण्डितैः।।" (त.नि.प्रा.स्तम्भ ३६/पृ.७१२) इत्येवमावेदितम्। विस्तरतो

**અવતરણિકા** :- બાકી રહેલા સામાન્યસ્વભાવના ગ્રાહક નયોને જણાવવા માટે ગ્રંથકારશ્રી તૈયારી કરે છે :-

**શ્લોકાર્થ** :- પરમભાવગ્રાહકનયમાં ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ જણાવેલ છે. ચૈતન્યસ્વભાવ શુદ્ધ-અશુદ્ધરૂપ પરમભાવગ્રાહકનયથી આત્મામાં માન્ય છે. (૧૩/૫)

**❋ ભવ્ય-અભવ્યપરિણામગ્રાહક નયનો વિચાર ❋**

**વ્યાખ્યાર્થ** :- પૂર્વે પાંચમી શાખાના ૧૯ મા શ્લોકમાં દ્રવ્યાર્થિકનયના દશમા ભેદસ્વરૂપે પરમભાવ-ગ્રાહક નય જણાવેલ હતો. તે પરમભાવગ્રાહક નયના મતે ભવ્યત્વ = ભવ્યસ્વભાવ અને અભવ્યત્વ = અભવ્યસ્વભાવ કહેવાયેલ છે. અર્થાત્ ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ એ દ્રવ્યના પ્રધાન સ્વભાવ હોવાથી પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયના વિષય છે. તેથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યામાં** પણ જણાવેલ છે કે 'પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ભવ્ય-અભવ્ય નામનો પારિણામિક સ્વભાવ જણાય છે.' અહીં આશય એ છે કે દરેક દ્રવ્યમાં ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ હોય છે. આ બે સ્વભાવના પ્રભાવથી જ દરેક દ્રવ્યમાં ચોક્કસ પ્રકારનો પરિણામ થાય છે. **વિજયાનંદસૂરિજીએ તત્ત્વનિર્ણયપ્રાસાદ** ગ્રંથમાં ઉદ્ધૃત કરેલી કારિકામાં પરિણામનું સ્વરૂપ આ મુજબ જણાવેલ છે કે 'જેમાંથી સર્વથા ગમન ન થાય કે (જેમાં) સર્વથા આગમન ન થાય, તે પરિણામ પ્રમાણસિદ્ધ છે તથા પંડિતોને

[६] મો.(૨)માં 'કર્મભાવ' અશુદ્ધ પાઠ. ♦ પુસ્તકોમાં 'સ્વભાવ' પદ નથી. આ.(૧)માં છે.

ભવ્યતા સ્વભાવનિરૂપિત છઈ. અભવ્યતા ઉત્પન્न સ્વભાવની તથા પરભાવની સાધારણ છઈ.

नयभेदेन तल्लक्षणञ्च पूर्वोक्तं (९/२४) स्मर्तव्यमत्र। प्रकृतमुच्यते। तथाहि – जीवस्य निजक्रमिकपर्यायरूपेण परिणमनम् अजीवत्वादिना चाऽपरिणमनम्, अजीवस्य च निजक्रमिकपर्यायरूपेण परिणमनं जीवत्वादिना चाऽपरिणमनम्। इत्थञ्च प्रातिस्विकनिजपर्यायरूपेण परिणमनं तयोः भव्याभव्यस्वभावसम्पाद्यम्। अतः प्रतिद्रव्यं भव्याभव्यस्वभावौ मुख्यौ। प्रधानद्रव्यस्वभावत्वेन तौ परमभावग्राहकनयविषयतया समाम्नातौ।

***अथ*** यथा स्वद्रव्य-क्षेत्रादिग्राहकद्रव्यार्थिकनयेन अस्तिस्वभावो गृह्यते परद्रव्य-क्षेत्रादिग्राहकद्रव्यार्थिकनयेन च नास्तिस्वभावो गृह्यते इत्युक्तं पूर्वं (१३/१) तथा स्वद्रव्य-क्षेत्रादिग्राहकद्रव्यार्थिकनयेन भव्यत्वं परद्रव्य-क्षेत्रादिग्राहकद्रव्यार्थिकनयेन चाऽभव्यत्वं कथं न गृह्यते ? स्वद्रव्य-क्षेत्रादितया परिणमनस्यैव भव्यस्वभावसम्पादितत्वात्, परद्रव्य-क्षेत्रादितया चाऽपरिणमनस्यैव अभव्यस्वभावसम्पादितत्वात्। अतः तद्ग्रहार्थं परमभावग्राहकनयपर्यन्तधावनमनतिप्रयोजनम् इति ***चेत्*** ?

***उच्यते***, भव्यत्वं हि स्वद्रव्याश्रितक्रमिकविशेषान्तराविर्भावाभिव्यङ्ग्यतया केवलस्वकीयभावनिरूपितं भवति, स्वाभाविकं भवति, सहजं भवति; न त्वस्तिस्वभाववत् स्वद्रव्यादिचतुष्टयनिरूपितं

માન્ય છે.' દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી પરિણામનું સ્વરૂપ પૂર્વે નવમી શાખાના ચોવીસમા શ્લોકની વ્યાખ્યામાં વિસ્તારથી જણાવેલ છે. તેને અહીં યાદ કરવું. હવે પ્રસ્તુત વાત કરીએ. તે આ મુજબ - જીવ પોતાના ક્રમિક પર્યાયરૂપે પરિણમે છે, અજીવસ્વરૂપે પરિણમતો નથી. તથા અજીવ પોતાના ક્રમિક પર્યાયરૂપે પરિણમે છે, જીવસ્વરૂપે નહિ. આમ પ્રત્યેક દ્રવ્યનું ચોક્કસ પ્રકારના નિજપર્યાય સ્વરૂપે પરિણમન એ ભવ્ય-અભવ્યસ્વભાવનો પ્રભાવ છે. તેથી જ ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ એ દરેક દ્રવ્યના મુખ્ય સ્વભાવ છે, પરમ સ્વભાવ છે, પ્રધાન સ્વભાવ છે. દ્રવ્યના પ્રધાનસ્વભાવ હોવાના લીધે તે બન્ને સ્વભાવ પરમભાવગ્રાહક નયના વિષય તરીકે માન્ય છે. આ પ્રમાણે દિગંબર આમ્નાય છે.

**શંકા** :- (अथ.) સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિના ગ્રાહક એવા દ્રવ્યાર્થિકનયથી વસ્તુનો અસ્તિસ્વભાવ ગ્રહણ કરાય છે. તથા પરદ્રવ્ય-ક્ષેત્રાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી વસ્તુનો નાસ્તિસ્વભાવ ગ્રહણ કરાય છે. આ વાત જેમ તમે પૂર્વે આ જ શાખાના પ્રથમ શ્લોકમાં જણાવી તેમ સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ભવ્યસ્વભાવ અને પરદ્રવ્ય-ક્ષેત્રાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી અભવ્યસ્વભાવ કેમ ગ્રહણ નથી થતો ? કારણ કે વસ્તુનું સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિ સ્વરૂપે જે પરિણમન થાય છે, તે જ ભવ્યસ્વભાવથી સિદ્ધ થાય છે. તથા વસ્તુનું પરદ્રવ્ય -ક્ષેત્રાદિસ્વરૂપે પરિણમન નથી થતું તે જ અભવ્યસ્વભાવનો પ્રભાવ છે. તેથી તેના જ્ઞાન માટે પરમભાવગ્રાહક નય સુધી જવાની જરૂર કેમ ઉભી થઈ ? તેમાં કોઈ પ્રયોજન જણાતું નથી.

### ભવ્યત્વ સ્વભાવસાપેક્ષ છે

**સમાધાન** :- (उच्य.) ભાગ્યશાળી ! સાંભળો. ભવ્યત્વપરિણામ સ્વદ્રવ્યના ક્રમિક વિભિન્ન વિશેષ પર્યાયના આવિર્ભાવથી અભિવ્યંગ્ય છે. ભવ્યત્વ ફક્ત સ્વકીયભાવથી નિરૂપિત હોય છે, સ્વાભાવિક હોય

તે માટઈં ઈહાં અસ્તિ-નાસ્તિસ્વભાવની પરિઈં સ્વ✡-પરદ્રવ્યાદિગ્રાહક નય ૨ પ્રવૃત્તિ ન હોઈ.

भवति। अतोऽस्तिस्वभावे इव भव्यस्वभावे न स्वद्रव्य-क्षेत्रादिग्राहकद्रव्यार्थिकनयप्रवृत्तिः। अतः स परमभावग्राहकनयग्राह्यः। अभव्यत्वञ्च उत्पन्नस्वकीयभाव-परभावसाधारणम्, उत्पन्नस्य स्वकीयभावस्य पुनः तेनैव स्वरूपेण अनुत्पादात्, परभावरूपेण च कस्यचिदप्यनुत्पादात्। न हि स्वस्मिन् = मृद्द्रव्ये यो घटादिः भावः उत्पन्नः स एव पुनः सामग्र्यन्तरयोगेऽपि तेनैव रूपेण उत्पद्यते, न वा अनुत्पन्नो घटादिः भावो तन्त्वादिद्रव्यान्तरयोगेऽपि पटत्वादिरूपेण परभावेन उत्पद्यते जातुचित्। इदञ्चाभव्यस्वभावविजृम्भितम्। इत्थं मृद्द्रव्ये उत्पन्नघटादिस्वकीयभावापेक्षया पटादिपरभावापेक्षया चैवाऽभव्यस्वभावो वर्तते। अत एवाऽभव्यस्वभाव उत्पन्नस्वकीयभाव-परभावनिरूपितः, न तु नास्ति-स्वभाववत् परद्रव्य-क्षेत्रादिचतुष्कनिरूपितः। अतो न नास्तिस्वभावे इव अभव्यस्वभावे परद्रव्यादि-ग्राहकद्रव्यार्थिकनयप्रवृत्तिरित्यवधेयम्।

उपलक्षणात् पूर्वोक्तः (११/१२) स्वलक्षणीभूतः परमस्वभावोऽपि परमभावग्राहकनयग्राह्य

છે, સહજ હોય છે, સહસિદ્ધ હોય છે. અસ્તિસ્વભાવ જેમ સ્વદ્રવ્યાદિચતુષ્કથી નિરૂપિત હોય છે, સ્વદ્રવ્યાદિને સાપેક્ષ હોય છે, તેમ ભવ્યત્વ સ્વદ્રવ્યાદિચતુષ્કથી નિરૂપિત નથી હોતું. તેથી સ્વદ્રવ્ય -સ્વક્ષેત્ર વગેરેના બોધક દ્રવ્યાર્થિકનયની પ્રવૃત્તિ જેમ અસ્તિસ્વભાવમાં થાય છે તેમ ભવ્યત્વમાં = ભવ્યસ્વભાવમાં થતી નથી. તેથી ભવ્યસ્વભાવ પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી જ ગ્રાહ્ય છે. અભવ્યત્વપરિણામ તો ઉત્પન્નસ્વકીયભાવમાં અને પરભાવમાં સાધારણ = અનુગત છે. કારણ કે ઉત્પન્ન થયેલા ભાવની ફરીથી તે જ સ્વરૂપે ઉત્પત્તિ થતી નથી. તેથી ઉત્પન્ન સ્વભાવરૂપે પદાર્થમાં અભવ્યત્વ હોય છે. તથા કોઈ પણ પદાર્થની પરભાવસ્વરૂપે ઉત્પત્તિ થતી નથી. તેથી અભવ્યસ્વભાવ પરભાવસાપેક્ષ પણ છે. ખરેખર, માટીસ્વરૂપ સ્વદ્રવ્યમાં એક વાર જે ઘટાદિ ભાવ પદાર્થ ઉત્પન્ન થઈ ચૂકેલ છે તે જ ઘટાદિભાવ બીજી વાર દંડ-ચક્ર વગેરે સામગ્રી મળે તો પણ ફરીથી તે જ સ્વરૂપે ઉત્પન્ન થતા નથી. તેથી ઉત્પન્ન થયેલ પોતાના ભાવાત્મક પદાર્થમાં તે જ સ્વરૂપે પુનઃ ઉત્પન્ન થવાની યોગ્યતા ન હોવાથી અભવ્યસ્વભાવ હોય છે. તથા ઉત્પન્ન ન થયેલ ઘટાદિ ભાવ પદાર્થ તંતુ વગેરે અન્ય દ્રવ્યનો યોગ થવા છતાં પણ પરસ્વરૂપે = પટાદિસ્વરૂપે ક્યારેય પણ ઉત્પન્ન થતા નથી. આ તેના તથાવિધ અભવ્યસ્વભાવનો મહિમા છે. આમ ઉત્પન્ન થયેલ સ્વકીય ઘટાદિસ્વરૂપ ભાવાત્મક પદાર્થની અપેક્ષાએ તથા પટાદિ પરભાવની અપેક્ષાએ જ માટીદ્રવ્યમાં અભવ્યસ્વભાવ રહેલો છે. તે જ કારણથી અભવ્યસ્વભાવ એ ઉત્પન્ન થયેલ સ્વકીય ભાવ પદાર્થથી અને પરભાવથી જ નિરૂપિત હોય છે. નાસ્તિસ્વભાવની જેમ અભવ્યસ્વભાવ પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-પરભાવથી નિરૂપિત નથી. તે કારણથી નાસ્તિસ્વભાવની જેમ અભવ્યસ્વભાવને વિશે પરદ્રવ્યાદિગ્રાહક નયની પ્રવૃત્તિ થતી નથી. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

### પરમસ્વભાવગ્રાહક નયની વિચારણા

(उपल.) પરમભાવગ્રાહક નય ભવ્ય-અભવ્યસ્વભાવને ગ્રહણ કરે છે. આ વાત ઉપલક્ષણ તરીકે

✡ આ.(૧)માં 'સ્વ-પરભાવગ્રા...' પાઠ.

**શુદ્ધાશુદ્ધપણઈં** ♦સંબદ્ધ જે પરમભાવગ્રાહક નય (**તેહથી**=) તેણઈં કરી **આત્મારામનઈં ચેતન** સ્વભાવ કહિઈં. ॥૧૩/૫॥

---

इत्यवधेयम् ।

एकादश सामान्यस्वभावाः केन केन नयेन गृह्यन्ते ? इत्युक्तम् । साम्प्रतं विशेषस्वभाव-ग्राहकनयप्रदर्शनावसरः । तमेवोपदर्शयन्नाह – '**शुद्धे**'ति ।

तत्र **चैतन्यम्** आद्यविशेषस्वभावरूपं **शुद्धाशुद्धतया तस्मात्** = परमभावग्राहकनयाद् **आत्मसम्मतम्** = आत्मनि सम्मतम् । शुद्धाशुद्धत्वसम्बद्धपरमभावग्राहकनयाभिप्रायानुसारत आत्मनः चेतनस्वभाव इत्यर्थः । तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "शुद्धाऽशुद्धपरमभावग्राहकेण चेतनस्वभावो जीवस्य" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८५) इति । शुद्धपरमभावग्राहकनयः सिद्धात्मनि चेतनस्वभावमुररी-कुरुते अशुद्धपरमभावग्राहकनयश्च संसारिणि आत्मनीति विशेषः ।

शुद्धाऽशुद्धपरमभावग्राहकनयस्तु 'संसारिणि आत्मनि शक्तिरूपेण सन्नपि चैतन्यस्वभावः कर्मच्छन्नतया कार्त्स्न्येन शुद्धरूपेण कार्यं न करोती'ति कक्षीकरोति । तददमभिप्रेत्य **अमितगतिना योगसारप्राभृते**

---

સમજવી. તેથી ફક્ત ઉપરોક્ત બે જ સ્વભાવ તેનો વિષય છે - એવું નથી. પરંતુ ૧૧ મી શાખાના ૧૨ મા શ્લોકમાં જણાવેલ સ્વલક્ષણીભૂત અગિયારમો પરમસ્વભાવ પણ પરમભાવગ્રાહક નયનો વિષય છે. આ વાત પણ ખ્યાલમાં રાખવી.

**(एका.)** આ રીતે કયા કયા નયથી ૧૧ સામાન્યસ્વભાવનું ગ્રહણ થાય છે ? આ વાત કહેવાઈ ગઈ. હવે ૧૨ મી શાખામાં જણાવેલ દસ વિશેષસ્વભાવને ગ્રહણ કરનારા નયોને બતાવવાનો અવસર ઉપસ્થિત થયો છે. તેથી ગ્રંથકારશ્રી તેને જ બતાવે છે.

## ✡ વિશેષસ્વભાવગ્રાહક નયની વિચારણા ✡

**(तत्र.)** દસ પ્રકારના વિશેષસ્વભાવમાં સૌપ્રથમ 'ચૈતન્ય' નામનો વિશેષસ્વભાવ છે. આ વાત ૧૨ મી શાખાના પ્રારંભમાં જણાવેલ છે. 'આત્મામાં ચૈતન્ય રહે છે' - એવું શુદ્ધ-અશુદ્ધ પરમભાવગ્રાહકનયથી માન્ય છે. મતલબ કે શુદ્ધત્વ અને અશુદ્ધત્વ સાથે સંકળાયેલ પરમભાવને ગ્રહણ કરનાર નયના મત મુજબ 'આત્માનો ચેતનસ્વભાવ છે.' તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'શુદ્ધ અને અશુદ્ધ પરમભાવના ગ્રાહક નયથી જીવનો ચેતનસ્વભાવ છે.' સિદ્ધ આત્મામાં શુદ્ધપરમભાવગ્રાહક નય ચેતનસ્વભાવને સ્વીકારે છે. જ્યારે અશુદ્ધપરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય સંસારી જીવમાં ચૈતન્યને માને છે. આટલો તે બન્નેમાં તફાવત છે.

## ❖ ચૈતન્યસ્વભાવ કર્મવશ પ્રતિરુદ્ધ ❖

**(शुद्धा.)** જ્યારે શુદ્ધાશુદ્ધપરમગ્રાહકનય તો એવું સ્વીકારે છે કે સંસારી આત્મામાં ચૈતન્યસ્વભાવ શક્તિરૂપે વિદ્યમાન છે. તેમ છતાં તે કર્મથી ઢંકાયેલ હોવાથી સંપૂર્ણરૂપે અને શુદ્ધસ્વરૂપે પોતાના કાર્યને

---

♦ 'સંમુગ્ધ' આ પ્રમાણે લા.(૨)+પુસ્તકોમાં પાઠ છે.

"चैतन्यमात्मनो रूपं तच्च ज्ञानमयं विदुः। प्रतिबन्धकसामर्थ्यान्न स्वकार्ये प्रवर्त्तते।।" (यो.सा.प्रा.७/१०) इति प्रोक्तमित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – साम्प्रतम् अस्माकम् अशुद्धपरमभावग्राहकद्रव्यार्थिकनयतः चेतनस्वभाववत्त्वम्। जिनशासन-सद्गुरु-जिनवाणीश्रवण-श्रद्धान-साधनादिद्वारा देहाध्यासेन्द्रियाध्यास-मनोऽध्यास-नामाध्यास-रूपाध्यास-रागादिविभावपरिणामाध्यास-विकल्पाध्यासाद्युच्छेदतः सिद्धस्वरूपाविर्भावे शुद्धपरमभावग्राहकद्रव्यार्थिकनयदृष्ट्या चेतनस्वभावः सम्पद्येत।

तत्सम्पादनाऽनुभवादिकरणमेवाऽस्माकं मुख्यं लक्ष्यम्। तच्च कर्मजनितोपाधिशून्यशुद्धात्मनि दृष्टि-रुचि-समादरादिन्यासेन सम्पद्येत। तदुक्तं **भावप्राभृते कुन्दकुन्दस्वामिना** [1]"सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं" (भा.प्रा.७७) इति। तच्च न विस्मर्तव्यम्, अन्यथा कर्मपुद्गलादिपरद्रव्याश्रितरागादि-

કરતો નથી. આ જ અભિપ્રાયથી **અમિતગતિ** નામના દિગંબરાચાર્યે **યોગસારપ્રાભૃત**માં જણાવેલ છે કે "આત્માનું સ્વરૂપ ચૈતન્ય છે. 'તે જ્ઞાનમય છે' - એમ શાસ્ત્રકારો જાણે છે. પ્રતિબંધકીભૂત કર્મના સામર્થ્યથી તે પોતાના કાર્યમાં પ્રવર્તતું નથી."

## ❖ સાત પ્રકારના અધ્યાસમાંથી છૂટકારો ❖

**આધ્યાત્મિક ઉપનય** :- વર્તમાનમાં આપણે અશુદ્ધ પરમભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયથી ચેતનસ્વભાવને ધરાવીએ છીએ. જિનશાસન, સદ્ગુરુ, જિનવાણીશ્રવણ, શ્રદ્ધા, સાધના વગેરેના માધ્યમથી આપણે (૧) દેહાધ્યાસ = દેહમાં તાદાત્મ્યબુદ્ધિ અને તેના લીધે દેહક્રિયામાં આવતી તન્મયતા, (૨) ઈન્દ્રિયાધ્યાસ = રુચિપૂર્વક રૂપ-રસાદિનો ભોગવટો કરવાની ઈન્દ્રિયોની નિરંતર સર્વત્ર ચપળતા, (૩) મનઅધ્યાસ = અતીતની સ્મૃતિ, અનાગતની કલ્પના વગેરેમાં સ્વરસથી તણાયે રાખવાની મનની કુટેવ, (૪) નામાધ્યાસ = પોતાની નામનાની તીવ્ર કામના, (૫) રૂપાધ્યાસ = પોતાના ફોટા વગેરે પ્રસિદ્ધ કરવાની ઘેલછા-મહત્ત્વાકાંક્ષા-તલપ-તૃષ્ણા, (૬) રાગાદિ વિભાવપરિણામોનો અધ્યાસ = રાગાદિમાં એકત્વબુદ્ધિ-તદ્રૂપતા-તદાકારતા-તલ્લીનતા, (૭) વિકલ્પાધ્યાસ = મનમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પમાં તન્મયતા-એકાકારતા-એકરસતા વગેરેનો ઉચ્છેદ કરવો જોઈએ. કારણ કે તે સાતેય બાબતો સદંતર દેહાતીત, ઈન્દ્રિયાતીત, મનાતીત, અનામી, અરૂપી, વીતરાગી, વિકલ્પશૂન્ય એવા આપણા આત્માનું ભાન ભૂલાવે છે. તેથી તે સાતેયને ઝડપથી મૂળમાંથી ઉખેડીને જો આપણે સિદ્ધસ્વરૂપી બનીએ તો શુદ્ધપરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આપણામાં ચેતનસ્વભાવ આવે.

## ❖ શુદ્ધ ચેતનસ્વભાવને અનુભવીએ ❖

**(તત્સ.)** શુદ્ધ પરમભાવને ગ્રહણ કરનારા દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ ચેતનસ્વભાવ ધારણ કરવો, અનુભવવો - એ જ આપણું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. કર્મજન્ય સર્વ ઉપાધિઓથી રહિત શુદ્ધ આત્મદ્રવ્ય પ્રત્યે દૃષ્ટિ, રુચિ, સુંદર આદર, બહુમાન આદિને સ્થાપવાથી તે ધ્યેય હાંસલ થાય છે. તેથી જ **કુંદકુંદસ્વામીએ ભાવપ્રાભૃત** ગ્રંથમાં જણાવેલ છે કે 'આત્મા શુદ્ધ સ્વભાવવાળો છે. તથા તે શુદ્ધ આત્માને

1. शुद्धः शुद्धस्वभावः आत्मा आत्मनि स च ज्ञातव्यः।

भावगोचरस्वत्व-स्वामित्व-कर्तृत्व-भोक्तृत्वादिकाल्पनिकपरिणामतोऽज्ञस्य बन्धदशाव्यग्रता न दुर्लभा। तदुक्तम् **अध्यात्मसारे** "पराऽऽश्रितानां भावानां कर्तृत्वाद्यभिमानतः। कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते।।" (अ.सा.१८/१०९) इति शुद्धचेतनस्वभावे निमज्जनीयमित्युपदेशः। तदनुसरणतश्च "निष्ठापिताऽष्टकर्माणः सम्प्राप्ताः परमं पदम्। लोकाग्रसंस्थास्ते सिद्धाः" (अभ.च.१२/६७४) इति **श्रीअभयकुमारचरित्रे** उपाध्याय**श्रीचन्द्रतिलकैः** दर्शिता सिद्धदशा प्रत्यासन्नतरा स्यात्।।१३/५।।

---

આત્મામાં જ જાણવો જોઈએ.' આ બાબતને ભૂલવી નહીં. બાકી કર્મપુદ્ગલો વગેરે પરદ્રવ્યોને આશ્રયીને રહેલા રાગાદિ પરિણામોને વિશે પોતાપણાની બુદ્ધિ, માલિકીપણાની પરિણતિ, કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ કાલ્પનિક પરિણામના લીધે અજ્ઞાની જીવને કર્મબંધદશાની વ્યગ્રતા દુર્લભ ન રહે. અર્થાત્ તેવી દશામાં અજ્ઞાની કર્મબંધના વમળમાં જ અટવાય. તેથી જ તો **અધ્યાત્મસાર** ગ્રંથમાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'પર દ્રવ્યોમાં રહેલા ભાવોનો હું કર્તા છું, ભોક્તા છું - આવા અભિમાનના લીધે અજ્ઞાની જીવ કર્મથી બંધાય છે. આત્મજ્ઞાની તો (તેવું અભિમાન ન કરવાથી કર્મ દ્વારા) લેપાતા નથી.' તેથી શુદ્ધ ચેતનસ્વભાવમાં જ ડૂબી જવા જેવું છે. આ ધ્યેય કદાપિ ખસી ન જાય તેની કાળજી રાખવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા મળે છે. તે હિતશિક્ષાને અનુસરવાથી શ્રી**અભયકુમારચરિત્ર**માં દર્શાવેલ સિદ્ધદશા અત્યંત નજીક આવે છે. ત્યાં શ્રી**ચન્દ્રતિલક** ઉપાધ્યાયજીએ જણાવેલ છે કે 'આઠ કર્મનો ક્ષય કરીને લોકાગ્ર ભાગમાં રહેલા તે સિદ્ધ ભગવંતોએ પરમ પદને સંપ્રાપ્ત કરેલ છે. (૧૩/૫)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના સ્વગુણદર્શન કરીને અહંકાર પેદા કરે છે.**
  **ઉપાસના સ્વદોષદર્શન કરીને નમ્રતા પ્રગટાવે છે.**
- **બુદ્ધિ બીજાની સારી વાતની રજૂઆત નબળી કરે છે.**
  **શ્રદ્ધા બીજાની સારી વાતની રજૂઆત જોરદાર કરે છે.**
- **કાયાથી પાપની પ્રવૃત્તિ, વાણીથી પાપપ્રશંસા, મનથી પાપપક્ષપાત બુદ્ધિને વળગેલ છે.**
  **કાયાથી ધર્મપ્રવૃત્તિ, વાણીથી ધર્મપ્રશંસા, મનથી ધર્મપક્ષપાત શ્રદ્ધાને વરેલ છે.**
- **સાધના જંગલની કેડી સમાન છે.**
  **ઉપાસના ભવાટવીમાં ભોમિયા સમાન છે.**

**અસદ્ભૂત વ્યવહારથી રે, ચેતન કર્મ નોકર્મ;**
**પરમભાવગ્રાહક નયઈં રે, તેહ અચેતનધર્મ[§] રે ॥૧૩/૬॥ (૨૧૪) ચતુર.**

**અસદ્ભૂત** વ્યવહારનયથી **કર્મ** = જ્ઞાનાવરણાદિક, **નોકર્મ** = મન-વચન-કાયા પણિ **ચેતન** કહિઈં ♦ચેતનસંયોગકૃત પર્યાય તિહાં છઈ, તે માટઈં.

---

नयान्तरेण चैतन्यस्वभावमाह – '**अभूते**'ति।

**अभूतव्यवहारेण, कर्म-नोकर्मचेतना।**
**कर्म-नोकर्मणोर्जाड्यम्, परमभावबोधके।।१३/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अभूतव्यवहारेण कर्म-नोकर्मचेतना (इष्यते)। परमभावबोधके कर्म-नोकर्मणोः जाड्यम् (इष्यते)।।१३/६।।

**अभूतव्यवहारेण** = अष्टमशाखोपदर्शिता(८/३)ऽसद्भूतव्यवहारनयमतानुसारेण **कर्म-नोकर्मचेतना** = ज्ञानावरणीयादीनां कर्मणां मनो-वाक्-कायेन्द्रियादीनाञ्च नोकर्मणां चेतनस्वभाव इष्यते, चेतन-संयोगकृतपर्यायाणां तत्र सत्त्वात्, तदर्पणायां कर्म-नोकर्मणां चेतनस्वभावव्यवहारस्य न्याय्यत्वात्।

इदमेवाऽभिप्रेत्य [1]"अण्णोण्णाणुगयाणं 'इमं व तं व'त्ति विभयणमजुत्तं। जह खीर-पाणियाणं..." (स.त.१/४७) इति **सम्मतितर्क**वचनात् "संसारिणो जीवस्य शरीरेण सहाऽभेद एव व्यवह्रियते। अतो

---

**અવતરણિકા** :- બીજા નયની અપેક્ષાએ આત્માના ચૈતન્યસ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારથી કર્મમાં અને નોકર્મમાં ચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે તો કર્મમાં અને નોકર્મમાં (= શરીરાદિમાં) અચેતનસ્વભાવ છે. (૧૩/૬)

### ✻ કર્મ-નોકર્મમાં ચેતનસ્વભાવ ✻

**વ્યાખ્યાર્થ** :- પૂર્વે આઠમી શાખાના ત્રીજા શ્લોકમાં અસદ્ભૂત વ્યવહારનયની ઓળખાણ કરાવેલી હતી. તેના મત મુજબ જ્ઞાનાવરણીય વગેરે કર્મમાં અને મન-વચન-કાયા-ઈન્દ્રિયઆદિસ્વરૂપ નોકર્મમાં ચેતનસ્વભાવ માન્ય છે. કારણ કે ચેતન એવા આત્મદ્રવ્યના સંયોગથી નિષ્પન્ન પર્યાયો કર્મ-નોકર્મમાં વિદ્યમાન હોય છે. તેથી ચેતનકૃત પર્યાયની મુખ્યતા કરવામાં આવે તો કર્મમાં અને નોકર્મમાં ચેતનસ્વભાવનો વ્યવહાર કરવો વ્યાજબી જ છે.

### ⊛ આત્મધર્મ શરીરમાં માન્ય ⊛

(इद.) આ જ અભિપ્રાયથી **સમ્મતિતર્ક**માં "દૂધ અને પાણીની જેમ એકબીજામાં ભળી ગયેલા પદાર્થોમાં 'આ આ જ છે' કે 'આ તે જ છે' - આમ વિભાગ કરવો યોગ્ય નથી" - આવું જણાવેલ છે. તથા **સિદ્ધસેન દિવાકરજી**ના આ વચનને અનુસરીને જ મલધારી શ્રી**હેમચંદ્રસૂરિજી**એ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે "સંસારી જીવનો શરીરની સાથે અભેદ જ વ્યવહાર કરવા યોગ્ય છે. તેથી જીવમાં

---

§ પુસ્તકોમાં 'ધર્મો' પાઠ. કો.(૪)નો પાઠ લીધેલ છે. ♦ આ.(૧)માં 'કર્મને ચેતન...' પાઠ.

1. अन्योऽन्याऽनुगतानाम् 'इदं वा तद् वा' इति विभजनमयुक्तम्। यथा क्षीर-पानीययो...।

**"इदं शरीरमावश्यकं जानाति – इत्यादिव्यवहारोऽत एव भवति, 'घृतं दहति' इतिवत्"।**

जीवस्य परिणामिकारणत्वे शरीरस्यापि तद् विवक्ष्यते" (वि.आ.भा.४५ वृ.) इति श्री**हेमचन्द्रसूरिभिः विशेषावश्यकभाष्यवृत्तौ** उक्तम्। अत एव **अनुयोगद्वारसूत्रादि**दर्शितरीत्या 'इदं शरीरम् आवश्यकं जानाति' इत्यादिः व्यवहारो भवति, 'घृतं दहती'ति लोकप्रसिद्धव्यवहारवत्।

एतदर्थसमर्थनरूपेणोक्तं **भगवतीसूत्रे**ऽपि [1]"सचित्ते वि काए" (भ.सू.१३/७/४९५) इति। कायस्य "जीवदवस्थायां चैतन्यसमन्वितत्वाद्" (भ.सू.१३/७/४९५/वृ.पृ.६२३) इति **तद्वृत्तौ श्रीअभयदेवसूरयः**।

***एतेन*** शरीरस्य जडत्वेन ज्ञानाश्रयत्वं नैव सम्भवति इति ***प्रत्युक्तम्,***

परमार्थतो घृतस्याऽदाहकत्वेऽपि उष्णतासहितस्य तस्य उपचारेण दाहकत्ववत् शरीरस्य जडत्वेऽपि चेतनसहचरितस्य तस्यैवोपचारेण ज्ञायकत्वेऽबाधात्।

***यच्च*** "जीवः करोति कर्माणि यद्युपादानभावतः। चेतनत्वं तदा नूनं कर्मणो वार्यते कथम् ?।।" (यो.सा.प्रा.२/२८) इति **योगसारप्राभृते अमितगतिना** आपादितं *तद्* असद्भूतव्यवहाराऽभिधानाऽऽध्यात्मिकनयाऽभिप्रायत इष्टापत्तिरूपतयैव बोध्यम्, तन्नये कर्मणोऽपि चेतनत्वात्।

જે કાર્યની પરિણામિકારણતા હોય તે પરિણામિકારણતાની શરીરમાં પણ વિવક્ષા શાસ્ત્રકારો દ્વારા થાય છે." આ જ કારણથી 'આ શરીર આવશ્યકને જાણે છે' – ઈત્યાદિ વ્યવહાર, **અનુયોગદ્વારસૂત્ર** વગેરેમાં બતાવેલ પદ્ધતિ મુજબ થાય છે. ગરમ ઘી પડવાથી બળતરા થાય ત્યારે 'ઘી બાળે છે' - એવો લોકપ્રસિદ્ધ વ્યવહાર જેમ અસદ્ભૂત વ્યવહારનયથી થાય છે, તેમ ઉપરોક્ત વ્યવહાર થઈ શકે છે.

(एत.) શ્રી**ભગવતીસૂત્ર**માં પણ આ બાબતનું સમર્થન કરતાં જણાવેલ છે કે 'કાયા સચિત્ત પણ છે.' 'કારણ કે કાયા જીવંત દશામાં ચૈતન્યયુક્ત હોય છે.' આ મુજબ તેની **વ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિ**એ જણાવેલ છે.

**શંકા** :- (एतेन.) શરીર તો જડ હોવાથી જ્ઞાનનો આશ્રય ન જ બની શકે ને ?

### ❀ શરીરમાં ઉપચારથી ચેતનસ્વભાવ ❀

**સમાધાન** :- **(परमा.)** ના, તમારી વાત બરાબર નથી. કારણ કે ઉપર જણાવેલ 'ઘી બાળે છે' - એવા લોકપ્રસિદ્ધ વ્યવહારની પ્રામાણિકતા દ્વારા જ તેનું નિરાકરણ થઈ જાય છે. જેમ પરમાર્થથી ઘીમાં બાળવાનો સ્વભાવ નથી તેમ છતાં 'અતિઉષ્ણસ્પર્શવાળું ઘી બાળે છે' - તેવું ઉપચારથી કહેવાય છે. તેમ શરીર પરમાર્થથી જડ હોવા છતાં પણ 'આત્મસંયુક્ત શરીર જાણે છે' - તેવું ઉપચારથી માનવામાં કે તેવો ઔપચારિક વ્યવહાર કરવામાં કોઈ બાધ (દોષ) નથી.

### ❀ કર્મ પણ ચેતન ! ❀

(यच्च.) 'જીવ જો ઉપાદાનભાવથી કર્મોનો કર્તા હોય તો ચોક્કસ કર્મ પણ ચેતન બની જશે. કર્મમાં ચેતનતાનું નિવારણ ત્યારે કઈ રીતે થઈ શકશે ?' આ પ્રમાણે **યોગસારપ્રાભૃત**માં **અમિતગતિ** દિગંબરાચાર્યે જે આપાદન કરેલ છે, તે અસદ્ભૂત વ્યવહાર નામના આધ્યાત્મિકનયના (૮/૩) અભિપ્રાયથી

1. सचित्तः अपि कायः।

**પરમભાવગ્રાહક નયઈં** તેહ કર્મ-નોકર્મને (**અચેતનધર્મો=**) અચેતનસ્વભાવ કહિઈં, જિમ ઘૃત અનુષ્ણ સ્વભાવ *છઈ. ઈતિ પરમાર્થ.* ॥૧૩/૬॥

***न चैवं*** चेतनाऽचेतनविशेषोच्छेद आपद्येत इति ***शङ्कनीयम्,***

जीव-कर्मणोः कथञ्चिदभेदाऽभ्युपगमेन तदनवकाशादिति।

"कूलं पिपतिषतीति अचेतनेऽपि कूले चेतनवदुपचारो दृश्यते" (पा.म.भा.४/३/८६) इति **पातञ्जल-महाभाष्य**वचनम् अपि असद्भूतव्यवहारनयानुसारेण उपपादनीयम्, परप्रेरितत्वाऽभावलक्षणस्य जीवसादृश्यस्य कूले सत्त्वादिति दिक्। उक्तः प्रथमविशेषस्वभावग्राहकनयः।

द्वितीयविशेषस्वभावग्राहकनयं प्रतिपादयति – **कर्म-नोकर्मणोः** = ज्ञानावरणीयादिकर्म-देहेन्द्रियादि-नोकर्मणोः **जाड्यम्** = अचेतनस्वभावः **परमभावबोधके** = परमभावग्राहकनयमते, तप्तस्यापि घृतस्या-

તો ઈષ્ટાપત્તિસ્વરૂપે જ જાણવું. કારણ કે તેના મતે કર્મ પણ ચેતન છે.

**શંકા** :- (न.) કર્મને ચેતન માનવામાં આવે તો ચેતન-જડ વચ્ચે ભેદ ઉચ્છેદ પામશે.

**સમાધાન** :- (जीव.) અસદ્ભૂતવ્યવહારનયની દૃષ્ટિએ જીવ તથા કર્મ વચ્ચે જે અભેદ માનવામાં આવે છે, તે સર્વથા નહિ પણ કથંચિત્ છે. કારણ કે પ્રસ્તુતમાં તે નય છે, સુનય છે, દુર્નય નથી. તેથી તે બન્ને વચ્ચે રહેલા ભેદનો ઉચ્છેદ થવાની સમસ્યાને અહીં અવકાશ નહિ રહે.

### ✻ 'કિનારો પડવાને ઇચ્છે છે' - વાક્યવિચાર ✻

("कूलं.) **પાતંજલ વૈયાકરણ મહાભાષ્ય**માં જે જણાવેલ છે કે 'કિનારો પડવા ઈચ્છે છે - આ પ્રમાણે જડ એવા પણ કિનારામાં ચેતનની જેમ ઉપચાર દેખાય છે' - તેની સંગતિ પણ અસદ્ભૂતવ્યવહારનય મુજબ કરવી. કારણ કે જીવ જેમ બીજાની પ્રેરણા વગર હલન-ચલન-પતનાદિ ક્રિયાને કરે છે, તેમ પ્રસ્તુતમાં નદીનો કિનારો (ભેખડ) બીજાની પ્રેરણા વગર પડવા તૈયાર હોવાથી પરપ્રેરિતત્વાભાવસ્વરૂપ જીવસાદૃશ્ય કિનારામાં વિદ્યમાન છે. તેથી 'જડ પ્રશિથિલ કિનારો જીવની જેમ બીજાની પ્રેરણા વિના જ પડવાને સ્વયં તૈયાર છે' - આવા તાત્પર્યથી 'કિનારો પડવાને ઈચ્છે છે' - આમ ઉપર જણાવેલ છે. ઈચ્છા જીવધર્મ છે, જડધર્મ નહિ. તેમ છતાં ઉપરોક્ત જીવસાદૃશ્યથી જડ કિનારો પતનઅભિલાષાયુક્ત જણાવાયેલ છે. અસદ્ભૂતવ્યવહારનયને માન્ય એવો આ અતિસ્થૂલ ઉપચાર છે. અહીં જે કહેવાયેલ છે, તે દિશાસૂચનમાત્ર છે. તે મુજબ આગળ વિચારવાની સૂચના આપવા માટે પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. આ રીતે ચૈતન્ય નામના પ્રથમ વિશેષસ્વભાવનો ગ્રાહક નય અહીં દર્શાવેલ છે.

### ❀ અચેતનસ્વભાવગ્રાહક નયનો વિચાર ❀

(**द्वितीय.**) બીજા વિશેષસ્વભાવને ગ્રહણ કરનાર નયને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ વડે જણાવે છે કે જ્ઞાનાવરણ વગેરે કર્મનો અને શરીર-ઈન્દ્રિય વગેરે નોકર્મનો જડસ્વભાવ તો પરમભાવગ્રાહક નયના મતમાં પ્રસિદ્ધ છે. જેમ અત્યંત તપાવેલા પણ ઘીનો અનુષ્ણસ્વભાવ જ આ નયને માન્ય છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ऽनुष्णस्वभाववत्। तथाहि – उपचाराऽग्राहकतया परमभावग्राहकनयमते औपचारिकः, औपाधिकः, सांयोगिको वा गुणधर्मो नास्ति। अतः तन्नये तप्तस्यापि घृतस्य यथा अनुष्णस्वभावः तथा जीवसंलग्नयोरपि कर्म-नोकर्मणोः अचेतनस्वभावः एव। परमभावग्राहकद्रव्यार्थिकाऽपराभिधानस्य निश्चयनयस्य मते सर्वद्रव्याणि असङ्कीर्णस्वभावानि। न हि एकद्रव्यम् अपरद्रव्यस्वभावसाध्यं कार्यं जातुचित् सम्पादयति। 'न हि श्यामाकबीजं परिकर्मसहस्रेणाऽपि कलमाऽङ्कुराय कल्पते' इति न्यायोऽपि एतन्नयमतानुकूल एवेत्यवधेयम्।

तदुक्तं **देवसेनेन आलापपद्धतौ शुभचन्द्रेण** च **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** उभयनयमतसङ्ग्रहाय "असद्भूत-व्यवहारेण कर्म-नोकर्मणोरपि चेतनस्वभावः। परमभावग्राहकेण कर्म-नोकर्मणोरचेतनस्वभावः" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८६) इति। अत एव **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को। ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।" (स.स.२७) इत्युक्तम्।

अत्र **द्रव्यानुयोगतर्कणायाम्** "असद्भूतव्यवहाराद्" (द्रव्या.त.१३/६) इत्यादिना दर्शिते श्लोके छन्दोभङ्गो वर्त्तते इत्यवधेयम्।

---

તે આ રીતે સમજવું. દા.ત. ઘીનો મૂળભૂત સ્વભાવ અનુષ્ણ છે. અગ્નિના સંયોગથી ઘીમાં ઉષ્ણતા આવે છે. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય ઉપચારને ગ્રહણ કરતો નથી. તેથી ઔપાધિક-ઔપચારિક -સાંયોગિક સ્વભાવ તેને માન્ય નથી. તેથી પરમભાવગ્રાહક નયના મતે તપાવેલા પણ ઘીનો સ્વભાવ અનુષ્ણ જ છે. તેમ જીવસંલગ્ન એવા પણ કર્મ-નોકર્મમાં પરમભાવગ્રાહક નયના મતે અચેતનસ્વભાવ જ છે. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયનું બીજું નામ નિશ્ચયનય છે. તેના મતે સર્વ દ્રવ્યોના સ્વભાવ અસંકીર્ણ છે. ક્યારેય પણ એક દ્રવ્યના સ્વભાવથી સાધી શકાય તેવા કાર્યને અન્ય દ્રવ્ય ઉત્પન્ન કરતું નથી. 'શ્યામાક નામના હલકા ચોખાનું બીજ, હજારો પરિકર્મ કરવામાં આવે તો પણ, કલમ નામના ઉત્તમ ચોખાના અંકુરાને ઉત્પન્ન કરવા માટે સમર્થ બનતું નથી' - આ ન્યાયે કર્મ કદાપિ ચેતનસ્વભાવસાધ્ય કાર્યને કરી ન શકે. આ ન્યાય પ્રસ્તુત નયને અનુકૂળ જ છે. આ વાત ખ્યાલમાં રાખવી.

### ❖ કર્મ-નોકર્મમાં અચેતનસ્વભાવ ❖

(**तदुक्तं**.) ઉપરોક્ત બન્ને નયના મતનો સંગ્રહ કરવા માટે **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **શુભચન્દ્રજી**એ **કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'અસદ્ભૂત વ્યવહારનયથી કર્મમાં અને નોકર્મમાં પણ ચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી તો કર્મમાં અને નોકર્મમાં અચેતનસ્વભાવ છે.' આથી જ **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જીવ અને શરીર એક છે - આમ ખરેખર વ્યવહારનય બોલે છે. તથા નિશ્ચયનયના મતે તો ક્યારેય પણ જીવ અને દેહ (= નોકર્મ) એક પદાર્થ નથી.'

### ❖ છંદભંગ દોષ ❖

(**अत्र**.) પ્રસ્તુત સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા**માં શ્રી**ભોજકવિ**એ 'असद्भूतव्यवहारात्' ઈત્યાદિ સ્વરૂપે જે શ્લોક દર્શાવેલ છે તેમાં છંદભંગ થાય છે - આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

---

1. व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खलु एकः। न तु निश्चयस्य जीवो देहश्च कदाऽप्येकार्थः।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'देहेन्द्रियादिनोकर्मणः अपि असद्भूतव्यवहारनयतः चैतन्यम्' इत्यवगम्य अस्मन्निमित्तं परेषां देहेन्द्रियादिपीडा-हान्यादिकं न स्यात् तथा यतितव्यम्। तच्च अस्मदीयं कर्तव्यम्। तथाहि – (१) कदलीफलमुपभुज्य पथि तत्त्वक्प्रक्षेपणेन पादप्रस्खलनतः कस्यचिद् अस्थिभङ्गः न स्यात् तथा यतितव्यम्। (२) उपवातायनं स्थित्वा तत्र तमःसम्पादनतः पुस्तक-प्रतादिवाचकनयनेन्द्रियाऽपटुता न स्यात् तथाऽवधानं कार्यम्। (३) कोलाहलादिना परेषां ध्यान-स्वाध्यायादिविक्षेपतः मानसखेदोत्पादनद्वारा मनोयोगहानिः न स्यात् तथा यतनीयम्। एतादृशो हितोपदेशः असद्भूतव्यवहारनयतोऽत्र सम्प्राप्यः।

स्वात्मसंलग्नद्रव्यकर्म-भावकर्म-नोकर्मसु तु अहन्त्व-ममत्वबुद्धिः दूरतः सन्त्याज्यैव, अन्यथा स्वात्मनोऽप्रतिबुद्धत्वमापद्येत। तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं। जा एसा खलु बुद्धी अपडिबुद्धो हवदि ताव।।" (स.सा.१९) इति।

---

## ❋ શરીરની ચેતનતા જાણીને જીવન કેળવીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'શરીર, ઈન્દ્રિય વગેરે નોકર્મ પણ અસદ્ભૂત વ્યવહારનયથી ચેતન છે' - આવું જાણીને કોઈને પણ આપણા નિમિત્તે શારીરિક પીડા ન પહોંચે કે કોઈની ઈન્દ્રિયને હાનિ ન પહોંચે તેની કાળજી રાખવી તે આપણી ફરજ છે. (૧) કેળું ખાઈને ખુલ્લા રસ્તા ઉપર કેળાની છાલ નાખવાની આપણી બેદરકારીથી પગ લપસી પડવાના લીધે કોઈનું હાડકું ભાંગી ન જાય.

(૨) હવા ખાવા માટે બારી પાસે ઊભા રહેવાથી, ત્યાં બેસીને પુસ્તક-પ્રત વગેરે વાંચનારને અંધારું પાડવા દ્વારા તેની આંખ નબળી પડી ન જાય.

(૩) મોટેથી અવાજ કરવા દ્વારા કોઈને ધ્યાન-સ્વાધ્યાયાદિમાં વિક્ષેપ પાડી તેમને માનસિક ખેદ પહોંચાડી તેના મનોયોગની હાનિ ન થાય...ઈત્યાદિ કાળજી દરેક સાધકે રાખવી જોઈએ. આવો હિતોપદેશ અહીં અસદ્ભૂત વ્યવહારનય દ્વારા આપણે મેળવવા જેવો છે.

## ✡ કર્માદિમાં ભેદજ્ઞાન વિના આત્મજ્ઞાનનો અસંભવ ✡

**(સ્વા.)** અસદ્ભૂત વ્યવહારનયનો ઉપયોગ કઈ રીતે કરવો ? તે જણાવ્યું. પરંતુ પોતાના આત્માને લાગેલા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમાં તો 'હું' પણાની અને 'મારા' પણાની બુદ્ધિ દૂરથી જ છોડવા જેવી છે. જો તેવી બુદ્ધિને છોડવામાં ન આવે તો પોતાનો આત્મા પ્રતિબોધ પામતો નથી. તેથી જ તો **સમયસારમાં કુંદકુંદસ્વામીએ** જણાવેલ છે કે "કર્મમાં અને નોકર્મમાં 'હું' આવી બુદ્ધિ તથા હું એટલે કર્મ અને નોકર્મ - આવી બુદ્ધિ જ્યાં સુધી હોય છે. ત્યાં સુધી ખરેખર આત્મા પ્રતિબોધને પામેલો નથી બનતો." મતલબ એ થયો કે કર્મ-નોકર્મમાં સ્વભેદવિજ્ઞાન વિના આત્મજ્ઞાન સંભવિત નથી.

---

1. कर्मणि नोकर्मणि चाऽहमित्यहकं च कर्म नोकर्म। यावदेषा खलु बुद्धिरप्रतिबुद्धो भवति तावत्।।

परमभावग्राहकनयतः कर्म-नोकर्मादिपरद्रव्याणां जडत्वं स्वात्मद्रव्यान्यत्वं च विज्ञातुं [1]"जं णिय-दव्वहँ भिण्णु जडु तं परदव्वु वियाणि" (प.प्र.११३) इत्यादि**परमात्मप्रकाश**वचनानि सन्ततं स्मर्तव्यानि। ततश्च कायकष्टादिप्रसङ्गे भेदज्ञानं सुलभं स्यात्।

स्वत्व-स्वामित्व-कर्तृत्व-भोक्तृत्वाद्यध्यवसायो रागादिविभावपरिणामलक्षणभावकर्मगोचरः कर्मचेतना-विधया मनो-वाक्-कायादिगोचरश्च कर्मफलचेतनाविधया विज्ञेयः। रागादिशून्य-मनोऽतीत-वचनातीत-कायातीताऽज्ञानाद्यपेत-परमानन्दमय-स्वप्रकाशस्वरूपात्मस्वभावगोचरो हि स ज्ञानचेतनाविधया अवसेयः। आद्यद्वयपरित्यागेन तृतीयविश्रान्तितः [2]"सासयसोक्खो तओ मोक्खो" (प.व.१०६६) इति **पञ्चवस्तुक**दर्शितो मोक्षः सुलभः स्यादित्यवधेयम्।।१३/६।।

## ❀ ભેદજ્ઞાનના ઉપાયને અપનાવીએ ❀

**(पर.)** તથા 'પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી કર્મ, નોકર્મ વગેરે પરદ્રવ્યો જડ છે અને આપણા આત્મદ્રવ્યથી ભિન્ન છે' - આવું વિશેષ રીતે જાણવા માટે 'આપણા આત્મદ્રવ્યથી જે ભિન્ન (=વિજાતીય) છે, તે પરદ્રવ્યને જડ તરીકે જાણવા'- ઈત્યાદિ **પરમાત્મપ્રકાશ** ગ્રંથના વચનોને સતત યાદ કરવા, વાગોળવા, હૃદયમાં ઘૂંટવા. તેનાથી કાયકષ્ટાદિને સહન કરવાના પ્રસંગમાં ભેદજ્ઞાન સુલભ બને.

## ✡ કર્મચેતના-કર્મફલચેતનાને છોડી જ્ઞાનચેતનામાં લીન બનીએ ✡

**(स्व.)** અહીં અસદ્ભૂતવ્યવહારથી કર્મ-નોકર્મને ચેતન જણાવેલ છે. તે બાબતમાં હજુ ઊંડાણથી વિચારીએ તો કહી શકાય કે (૧) રાગાદિ વિભાવપરિણામસ્વરૂપ ભાવકર્મમાં પોતાપણાની = હુંપણાની બુદ્ધિ, મારાપણાનો અધ્યવસાય, કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ જાગે તે કર્મચેતના તરીકે સમજવી. 'હું જ રાગ છું. રાગ મારો પરિણામ છે. રાગ મારું કાર્ય છે. હું રાગાદિનો ભોક્તા છું' - આ પ્રમાણે જે અધ્યવસાય થાય, તે કર્મચેતના તરીકે જ્ઞાતવ્ય છે. તથા (૨) મન, વચન, કાયા વગેરેમાં જે સ્વત્વબુદ્ધિ વગેરે થાય, તે કર્મફલચેતનાસ્વરૂપે જાણવી. મતલબ કે 'હું જ શરીર છું. હું મનનો માલિક છું. વચનનો કર્તા છું. દેહાદિનો ભોક્તા છું' - આવો અધ્યવસાય 'કર્મફલચેતના' તરીકે જાણવો. તેમજ (૩) રાગાદિરહિત, મન-વચન-કાયાથી શૂન્ય, અજ્ઞાનાદિમુક્ત એવા પરમાનંદમય સ્વપ્રકાશસ્વરૂપ આત્મસ્વભાવને વિશે જ હુંપણાની બુદ્ધિ, મારાપણાની બુદ્ધિ, કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ એ 'જ્ઞાનચેતના' તરીકે જાણવી. કર્મચેતના અને કર્મફલચેતના હેય છે, ત્યાજ્ય છે. તેને છોડીને જ્ઞાનચેતનામાં જ સાધકે વિશ્રાન્તિ કરવી. 'હું શુદ્ધચૈતન્યસ્વરૂપ છું, રાગાદિસ્વરૂપ નથી. હું શુદ્ધ ચૈતન્યનો સ્વામી છું, રાગાદિનો કે દેહાદિનો નહિ. મારે રાગાદિ કે વિકલ્પાદિ કરવાના નથી. મારે તો મારા અંતરંગ ભૂલાયેલા શુદ્ધ ચૈતન્યને જ પરિપૂર્ણપણે પ્રગટ કરવાનું છે. એમાં જ મારું તાત્ત્વિક કલ્યાણ છે. જડ-નશ્વર-અશુદ્ધ-અશુચિ-પૌદ્ગલિક એવા રાગાદિ-વિકલ્પાદિ-આહારાદિ કે સ્વ-પરદેહાદિનો ભોગવટો મને શોભે નહિ. મારે તો મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે પ્રગટ કરીને મારો નિર્દોષ આનંદ, મારી આંતરિક શાંતિ, પરમ સમાધિ જ મારા માટે માણવા યોગ્ય છે'- આ રીતે કર્મચેતના-કર્મફલચેતનાનો ત્યાગ કરી જ્ઞાનચેતનામાં જ સ્વત્વ-સ્વામિત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વબુદ્ધિ કરીને જ્ઞાનચેતનામાં જ વિશ્રાન્તિ કરવાથી મોક્ષ સુલભ બને. **પંચવસ્તુક** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ મોક્ષને શાશ્વતસુખસ્વરૂપ બતાવેલ છે. વિજ્ઞ વાચકવર્ગે આ વાતને ખ્યાલમાં રાખવી. (૧૩/૬)

1. यद् निजद्रव्याद् भिन्नं जडं तत् परद्रव्यं जानीहि। 2. शाश्वतसौख्यः सकः मोक्षः।

**અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ અચેતનધર્મ;**
**પરમભાવગ્રાહક નયઈં રે, મૂરત♦ કર્મ-નોકર્મ✿ રે ॥૧૩/૭॥ (૨૧૫) ચતુર.**

અસદ્ભૂત વ્યવહારનયથી જીવ (અચેતનધર્મ=) અચેતનસ્વભાવ કહિઈં. अत एव "जडोऽयम्, अचेतनोऽयम्" ઇત્યાદિ વ્યવહાર છઈ.

---

नयान्तरेणाऽचेतनस्वभावमाह – '**अभूते**'ति।

**अभूतव्यवहारेण जीवेऽचेतनधर्मता।**
**कर्म-नोकर्ममूर्त्तत्वं परमभावबोधके।।१३/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अभूतव्यवहारेण जीवे अचेतनधर्मता (भवति)। परमभावबोधके कर्म-नोकर्ममूर्त्तत्वं (सङ्गच्छते)।।१३/७।।

**अभूतव्यवहारेण** = असद्भूतव्यवहारनयाभिप्रायेण अज्ञानदशायां जडकर्माणि आत्मसात् कुर्वाणे **जीवे** संसारिणि **अचेतनधर्मता** = अचेतनस्वभावो भवति। इदमेवाभिप्रेत्य **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो। अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।' (स.सा. ९२) इत्युक्तम्। अत एव 'जडोऽयम्', 'अचेतनोऽयम्', 'अज्ञोऽयमि'त्यादिः व्यवहारो भवति।

असद्भूतव्यवहारेण संसारिजीवस्य जडकर्मसमनुविद्धत्वेन अचेतनत्वविशेषणसम्भवात्, 'संसारी'ति-विशेषणानुपादाने तु सिद्धात्मनि तद्व्यभिचाराद् विशेषणसाफल्यमत्र बोध्यम्।

---

**અવતરણિકા** :- પરમભાવગ્રાહક નયથી અચેતનસ્વભાવ કર્મ-નોકર્મમાં જણાવ્યો. હવે અન્ય નયથી જીવમાં અચેતનસ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારથી જીવમાં અચેતનસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે કર્મમાં અને નોકર્મમાં મૂર્ત્તસ્વભાવ છે. (૧૩/૭)

### ❀ જીવમાં પણ અચેતનસ્વભાવ ! ❀

**વ્યાખ્યાર્થ** :- અસદ્ભૂત વ્યવહારનયના અભિપ્રાયથી અજ્ઞાનદશામાં જડ કર્મોને આત્મસાત્ કરતા સંસારી જીવમાં અચેતનસ્વભાવ હોય છે. આ જ અભિપ્રાયથી **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જે પરને પોતાના સ્વરૂપે કરે છે તથા પોતાને પણ પરસ્વરૂપે કરે છે, તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા બને છે.' આ જ કારણથી 'આ જડ છે', 'આ અચેતન છે', 'આ અજ્ઞ છે' - ઈત્યાદિ વ્યવહાર થાય છે.

### ✻ વિશેષણસાફલ્ય વિમર્શ ✻

(अस.) સંસારી જીવ જડકર્મથી વ્યાપ્ત = અત્યંત એકમેક બની ચૂકેલ હોવાથી અસદ્ભૂતવ્યવહારનયથી તેમાં અચેતનત્વ વિશેષણ સંભવે છે. તેમજ જો 'સંસારી' આવું જીવનું વિશેષણ ન લગાડો તો સિદ્ધ

---

♦ કો.(૩)માં 'મૂર્તિ... નોકર્મો' પાઠ. ✿ કો.(૪+૫+૬+૮)માં 'નોકર્મો' પાઠ.

1. परम् आत्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् सः। अज्ञानमयो जीवः कर्मणां कारको भवति।।

तदुक्तं **कुमारिलभट्टेन तन्त्रवार्त्तिके** "सम्भव-व्यभिचाराभ्यां स्याद् विशेषणमर्थवत्। न शैत्येन न चौष्ण्येन वह्निः क्वापि विशिष्यते।।" (त.वा.१/३/१८ पृ.२०८) इति। तदुक्तं **बृहदारण्यकवार्त्तिके**ऽपि "सम्भव-व्यभिचाराभ्यां विशेषण-विशेष्ययोः। दृष्टं विशेषणं लोके यथेहाऽपि तथेक्ष्यताम्।।" (बृ.आ.वा.पृ.२०१२) इति। **हेतुबिन्दुटीकायाम्** अपि "सम्भवे व्यभिचारे च विशेषणं युक्तम्" (हे.बि.टी. पृ.६१) इति उक्तम्।

***यच्च*** **योगसारप्राभृते अमितगतिना** "यद्युपादानभावेन विधत्ते कर्म चेतनम्। अचेतनत्वमेतस्य तदा केन निषिध्यते ?।।' (यो.सा.प्रा.२/२९) इत्यापादितं ***तद्*** असद्भूतव्यवहारनयाभिप्रायत इष्टापत्तिरूपतया बोध्यम्, तन्नये जडकर्मप्रतिरुद्धस्वभावतया संसारिणि कथञ्चित् जडत्वस्य सम्मतत्वात्। संसारिणः आत्मनः सर्वथा चेतनस्वभावत्वे 'मामहं न जाने' इति प्रतीत्यनुपपत्तेः।

---

જીવમાં અચેતનત્વનો વિસંવાદ = વ્યભિચાર જોવા મળે છે. તેથી 'સંસારી જીવ અચેતન છે' - ઈત્યાદિ સ્થળે વિશેષણ સાર્થક બને છે. કારણ કે સંભવ અને વ્યભિચાર - આ બેના લીધે જ વિશેષણમાં સફળતા આવે છે.

(**तदु.**) આ અંગે મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટે તન્ત્રવાર્ત્તિક**માં જણાવેલ છે કે 'વિશેષણનો વિશેષ્યમાં સંભવ હોય તથા ક્યારેક વિશેષ્યમાં જો વિશેષણનો વ્યભિચાર = વિસંવાદ = અભાવ આવતો હોય તો વિશેષણ સાર્થક બને છે. ક્યારેય પણ અગ્નિને ઠંડી કે ગરમી સ્વરૂપ વિશેષણોથી નવાજવામાં આવતો નથી.' કારણ કે ક્યારેય પણ અગ્નિમાં ઠંડકનો સંભવ જ નથી. તથા ગરમી વગરનો અગ્નિ કદાપિ હોતો નથી. તેથી 'ગરમ અગ્નિ' આવું બોલવાથી વિશેષણ દ્વારા કોઈની બાદબાકી થતી નથી. તેથી તેવા સ્થળે વપરાતું વિશેષણ માત્ર સ્વરૂપદર્શક બને છે, વ્યાવર્ત્તક નહિ. તેવું વિશેષણ સફળ ન હોવાથી જરૂરી નથી. **બૃહદારણ્યકવાર્ત્તિક**માં પણ જણાવેલ છે કે '(૧) વિશેષણનો વિશેષ્યમાં સંભવ હોય તથા (૨) વિશેષ્યમાં ક્વચિત્ વિશેષણનો વ્યભિચાર આવતો હોય તો જેમ લોકમાં ('આ છોકરો હોશિયાર છે' - ઈત્યાદિરૂપે) વિશેષણ વપરાતું હોય તેવું જોવા મળે છે. તેમ અહીં દાર્શનિક જગતમાં (શાસ્ત્રમાં) પણ તમારે જોવું.' **હેતુબિંદુવ્યાખ્યા**માં પણ દર્શાવેલ છે કે 'વિશેષ્યમાં વિશેષણનો સંભવ હોય તથા ક્વચિત્ વિસંવાદ આવતો હોય તો વિશેષણ વાપરવું યોગ્ય છે.' ઉપરોક્ત ત્રણેય શાસ્ત્રપાઠના આધારે 'સંસારી જીવ અચેતન છે' - આવો વિશેષણગર્ભિત પ્રયોગ સાર્થક છે - તેમ ફલિત થાય છે.

### ❃ જીવમાં અચેતનસ્વભાવનું સમર્થન ❃

(**यच्च.**) 'જો કર્મ પોતાના ઉપાદાનભાવરૂપે ચેતનાનું નિર્માણ કરે તો ચેતનમાં અચેતનપણાની આપત્તિનું નિવારણ કોણ કરી શકશે ?' - આ મુજબ દિગંબરાચાર્ય **અમિતગતિ**એ **યોગસારપ્રાભૃત**માં જે આપાદન કરેલ છે, તે અસદ્ભૂત વ્યવહારનયના અભિપ્રાયથી ઈષ્ટાપત્તિસ્વરૂપે જાણવું. કેમ કે સંસારી જીવનો ચેતનસ્વભાવ તો જડ એવા કર્મોથી પ્રતિબદ્ધ = રૂંધાયેલ છે. તેથી સંસારીમાં કથંચિત્ જડત્વ અસદ્ભૂત વ્યવહારનયને માન્ય છે. જો સંસારી આત્મામાં સર્વથા ચેતનસ્વભાવ રહેલો હોય તો 'હું મને જાણતો નથી' - આવી પ્રતીતિ જ અસંગત થઈ જાય. પ્રસ્તુત પ્રતીતિ જ સિદ્ધ કરે છે કે સંસારી જીવમાં કથંચિત્ અચેતનસ્વભાવ છે જ. આ મુજબ અસદ્ભૂત વ્યવહારનયનો અભિપ્રાય છે.

***एतेन*** **'मां न जानामि' इति प्रतीत्या विलक्षणाज्ञानसिद्धिर्वेदान्तिनाम्** ***अपास्ता,***
**असद्भूतव्यवहारनयग्राह्येणाचेतनस्वभावेनैव तदुपपत्तेः।**

***एतेन*** 'माम् अहं न जानामि' इति प्रतीत्या पारमार्थिकज्ञानभिन्नस्य तन्नाश्यस्य मिथ्याज्ञान-लक्षणस्य व्यावहारिकादिज्ञानस्वरूपस्य भावात्मकस्य अनाद्यनिर्वचनीयाऽविद्या-मायादिशब्दवाच्यस्य अज्ञानस्य सिद्धिः वेदान्तिसम्मता ***अपास्ता,***

असद्भूतव्यवहारनयग्राह्येण अचेतनस्वभावेनैव तदुपपत्तेः।

***अनेन*** "अनादि भावरूपं यद् विज्ञानेन विलीयते। तदज्ञानमिति प्राज्ञा लक्षणं सम्प्रचक्षते।।" (त.प्र.१/९/पृ.९७) इति **तत्त्वप्रदीपिकायां चित्सुखाचार्य**वचनम्, "अज्ञानं तु सदसद्भ्यामनिर्वचनीयं त्रिगुणात्मकं

### ❀ ભાવાત્મક અજ્ઞાન : વેદાન્તી ❀

**વેદાંતી** :- (एतेन.) 'હું મને જાણતો નથી' — ઈત્યાદિ સ્વરૂપે જે પ્રતીતિ લોકોને થાય છે, તે પ્રતીતિ દ્વારા તો ભાવાત્મક અજ્ઞાનની સિદ્ધિ થાય છે. કેમ કે તે પ્રતીતિનું અર્થઘટન આ પ્રમાણે થાય છે કે - 'मद्विषयकाऽज्ञानवान् अहम्।' આ અજ્ઞાન પારમાર્થિક જ્ઞાનથી ભિન્ન છે. તે એક પ્રકારનો ભાવાત્મક અનુભવ જ છે. પારમાર્થિક જ્ઞાન દ્વારા તેનો નાશ થાય છે. 'अहं ब्रह्माऽस्मि', 'सर्वं खलु इदं ब्रह्म' - આવું જ્ઞાન એ પારમાર્થિક જ્ઞાન છે. ઉપરોક્ત મિથ્યાજ્ઞાનાત્મક અજ્ઞાન પ્રસ્તુત પારમાર્થિક જ્ઞાન દ્વારા નાશ પામે છે. તે અજ્ઞાન વ્યાવહારિક આદિ જ્ઞાન સ્વરૂપ છે. અનાદિકાલીન અનિર્વચનીય અવિદ્યા, માયા વગેરે શબ્દથી તે જણાવાય છે. આ રીતે ભાવાત્મક અજ્ઞાનની અમારા મત મુજબ સિદ્ધિ થાય છે. આવું અમને સંમત છે.

### ✡ જીવમાં અચેતનસ્વભાવ સ્વીકારો : જૈન ✡

**જૈન** :- (असद्.) 'माम् अहं न जानामि'- આવી પ્રતીતિની સંગતિ આત્માના અચેતનસ્વભાવથી જ થઈ શકે છે. અસદ્ભૂત વ્યવહારનય દ્વારા ગ્રહણ કરવા યોગ્ય અચેતનસ્વભાવ આત્મામાં માનવામાં ન આવે તો 'હું મને જાણતો નથી' - આવી પ્રતીતિ કદાપિ કોઈને પણ થઈ ન શકે. કેમ કે ચેતન સ્વભાવ તો જાણકારીને સૂચવે છે. આત્મા એકાંતે ચેતનસ્વભાવને જ ધારણ કરતો હોય તો 'હું મને નથી જાણતો' - આવી જડતા = અચેતનતા = અચેતનસ્વભાવ આત્મામાં કઈ રીતે સંભવી શકે ? તેથી અસદ્ભૂત વ્યવહારથી વ્યવહાર કરવા યોગ્ય અચેતનસ્વભાવ આત્મામાં માનવો જરૂરી છે. તેના દ્વારા જ 'હું મને જાણતો નથી' - એવી પ્રતીતિની સંગતિ થઈ જવાથી તેના નિમિત્તે ભાવાત્મક અજ્ઞાનની સિદ્ધિ કરવાની કોઈ જરૂર નથી.

### ❖ 'તત્ત્વપ્રદીપિકાકાર'ના અને 'વેદાન્તસારકાર'ના મતની વિચારણા ❖

(अनेन.) **તત્ત્વપ્રદીપિકા** નામના ગ્રંથમાં **ચિત્સુખ** નામના વેદાંતી આચાર્ય એવું જણાવે છે કે 'વિજ્ઞાન દ્વારા અનાદિકાલીન ભાવસ્વરૂપ જે પદાર્થ વિલય પામે છે તે જ પદાર્થ અજ્ઞાન છે - આ પ્રમાણે પ્રાજ્ઞ પુરુષો અજ્ઞાનનું લક્ષણ જણાવે છે.' તેમજ **સદાનંદ** નામના વેદાન્તી **વેદાન્તસાર**માં એવું જણાવે છે કે "અજ્ઞાન સત્ નથી કે અસત્ નથી. જો અજ્ઞાન સત્ હોય તો બ્રહ્મસાક્ષાત્કારથી તેનો નાશ થઈ

ज्ञानविरोधि भावरूपं यत्किञ्चिदिति वदन्ति, 'अहमज्ञ' इत्याद्यनुभवाद्" (वे.सा.१०/पृ.२८) इति **वेदान्तसारे** **सदानन्दवचनञ्च** ***निराकृतम्,***

एकस्मिन् आत्मनि वेदान्तिस्वीकृतस्य भावात्मकज्ञानाऽज्ञानोभयरूपत्वस्य विरोधग्रस्तत्वाच्च।

***यद्यपि*** "अहं मां न जानामीति प्रतीत्या ज्ञानाऽज्ञानोभयस्वभावत्वम् आत्मनि भाट्टैः विरुद्धम् आपाद्यमानं 'न जानामी'त्यस्य विशेषज्ञानाऽभावपरतया नैयायिकैः निरस्यते" (न्या.ख.खा.भाग-२/पृ.५५३) इत्युक्त्या **न्यायखण्डखाद्ये यशोविजयवाचकैः** सामान्यज्ञान-विशेषगोचरज्ञानाऽभावयोः अविरोधो दर्शितः ***तथापि***

---

ન શકે તથા જો તે અસત્ જ હોય તો તેની પ્રતીતિ જ થઈ ન શકે. આમ સત્સ્વરૂપે કે અસત્સ્વરૂપે અજ્ઞાનને જણાવી શકાતું ન હોવાથી તે અનિર્વચનીય છે. છતાં તે વંધ્યાપુત્રની જેમ તુચ્છ નથી પરંતુ સત્ત્વ-રજસ્-તમોગુણાત્મક છે. જ્ઞાનથી (બ્રહ્મસાક્ષાત્કારથી) તેનો નાશ થાય છે. 'इदम् इत्थम्' - આ પ્રકારે તેને બતાવી શકાતું નથી. માટે અજ્ઞાન 'यत् किञ्चित्' - આ મુજબ કહેવાય છે. 'કાંઈક છે' આટલું જ તેના માટે કહી શકાય છે. 'હું અજ્ઞ છું', 'હું મને જાણતો નથી' ઈત્યાદિ અનુભવના કારણે અજ્ઞાનનો (= અવિદ્યાનો = માયાનો) સ્વીકાર કરવો જરૂરી છે. મતલબ કે જેમ નૈયાયિકમતે જ્ઞાનાભાવસ્વરૂપ અજ્ઞાન માન્ય છે, તેમ વેદાન્તી માનતા નથી. કારણ કે વેદાન્તમતે જ્ઞાનસામાન્યાભાવ આત્મામાં રહેતો જ નથી. 'હું મને જાણતો નથી' - આ પણ એક પ્રકારનું જ્ઞાન જ છે ને ! આમ વેદાન્તિમતે 'न जानामि' અંશ દ્વારા અજ્ઞાન ભાવાત્મક-ત્રિગુણાત્મક જ છે."

## ✻ વેદાન્તમત સમાલોચના ✻

(एक.) આ બન્ને વેદાન્તીના વચન પણ અમારા પૂર્વોક્ત કથન દ્વારા નિરસ્ત થઈ જાય છે. કારણ કે આત્મામાં અસદ્ભૂત વ્યવહારનયથી અચેતનસ્વભાવનો સ્વીકાર કરવાથી જ 'હું મને જાણતો નથી' - એવી પ્રતીતિ સંગત થઈ શકે છે. તો પછી શા માટે ભાવાત્મક અજ્ઞાન નામના ગુણધર્મનો આત્મામાં સ્વીકાર કરવો ? તથા એક જ આત્માને ભાવાત્મક જ્ઞાન - ભાવાત્મક અજ્ઞાન ઉભયસ્વરૂપ માનવામાં એકાંતવાદી વેદાન્તીને વિરોધ દોષ પણ લાગુ પડશે. વેદાન્તમતે ગુણ-ગુણીનો અભેદ હોવાથી આત્મા = બ્રહ્મ જ્ઞાનાત્મક છે. તથા વેદાન્તમતે અજ્ઞાન પણ ભાવાત્મક = ગુણાત્મક છે. માટે તેમણે આત્માને અજ્ઞાનસ્વરૂપ પણ માનવો પડશે. આમ એક જ આત્માને જ્ઞાનાજ્ઞાનાત્મક માનવામાં વિરોધ સ્પષ્ટ છે.

## ✻ ભાવાત્મક અજ્ઞાન-જ્ઞાનસ્વભાવ પરસ્પરવિરુદ્ધ ✻

(यद्यपि.) જો કે આ અંગે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ ન્યાયખંડખાદ્ય**માં જણાવેલ છે કે "હું મને જાણતો નથી - આ પ્રતીતિ દ્વારા આત્મામાં જ્ઞાનાજ્ઞાનઉભયસ્વભાવ માનવામાં આવશે તો વિરોધ આવશે - આવું **કુમારિલભટ્ટ**ના અનુયાયીઓએ વેદાન્તી સામે આપાદન કરેલ છે. આ વિરોધઆપાદનનું નિરાકરણ નૈયાયિકોએ આ પ્રમાણે કરેલ છે કે 'જ્ઞાનસ્વભાવી આત્મામાં સામાન્યવિષયક જ્ઞાન અને વિશેષવિષયક જ્ઞાનનો અભાવ - એમ બન્નેને માનવામાં વિરોધ નથી. 'न जानामि' નું વિશ્લેષણ વિશેષજ્ઞાનાભાવ કરીને ઉપરોક્ત અર્થઘટન કરી શકાય છે.' આથી આત્માને જ્ઞાનાજ્ઞાનોભયસ્વભાવી માની શકાય છે." આમ મહોપાધ્યાયજીએ સામાન્યગોચર જ્ઞાન અને વિશેષવિષયકજ્ઞાનાભાવ વચ્ચે અવિરોધ જણાવેલ છે. તો પણ

व्याप्यवृत्त्योः भावात्मकयोः विरुद्धयोः ज्ञानाऽज्ञानस्वभावयोः एकत्र आत्मनि समावेशे एकान्तवादिवेदान्तिमते विरोधस्य दुर्वारत्वमेव। ततश्चात्मनि असद्भूतव्यवहारेण अचैतन्यस्वभावः परमभावग्राहकनयेन च चैतन्यस्वभावः अभ्युपगन्तव्यः। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "जीवस्यापि असद्भूतव्यवहारेण अचेतनस्वभावः" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८६) इति।

***न चैवं*** सति 'चेतनोऽचेतनः' इति व्यवहारस्य प्रत्ययस्य च सार्वलौकिकत्वं, सार्वत्रिकत्वं सार्वदिकत्वञ्च स्यात्, अबाधितार्थकत्वादिति ***वाच्यम्,***

'आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमस्तीत्यारोपः प्रवर्तते' (१३/९) इति वक्ष्यमाणन्यायेन उपचरितव्यवहारस्य सप्रयोजनत्वव्याप्ततया सर्वदा सर्वत्र आपादनाऽयोगात्।

किञ्च, चेतनस्वभावस्य अन्तरङ्गत्वात् प्रवृत्तिनिमित्तत्वाच्चाऽऽत्मनि सामान्यतः चैतन्यव्यवहार-

---

વ્યાપ્યવૃત્તિ તથા પરસ્પરવિરુદ્ધ એવા ભાવાત્મક જ્ઞાન અને અજ્ઞાન - બન્નેનો એક જ આત્મામાં સ્વીકાર કરવામાં આવે તો એકાન્તવાદી વેદાન્તીના મતમાં વિરોધ દુર્વાર જ બનશે. તેથી આ વિરોધને હટાવવા અજ્ઞાનને ભાવાત્મક માનવાના બદલે આત્મામાં અસદ્ભૂત વ્યવહારનયથી અચૈતન્યસ્વભાવ તથા પરમભાવગ્રાહક નયથી ચૈતન્યસ્વભાવ માનવો એ જ વ્યાજબી છે. તેથી જ **આલાપપદ્ધતિ**માં તથા **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'જીવમાં પણ અસદ્ભૂત વ્યવહારનયથી અચેતનસ્વભાવ છે.'

**શંકા** :- (न चै.) જો ચેતનમાં અચેતનસ્વભાવ માનવામાં આવે તો 'ચેતન અચેતન છે'- આવો વ્યવહાર અને આવી પ્રતીતિ સર્વ લોકોને, સર્વ આત્મામાં, સર્વત્ર, સર્વદા થવાની આપત્તિ આવશે. કારણ કે તમે ચેતન દ્રવ્યમાં પણ અચેતનસ્વભાવનો સ્વીકાર કરો જ છો. તે મુજબ તો ઉપરોક્ત પ્રતીતિનો અને વ્યવહારનો વિષય તો અબાધિત જ બનશે.

### ❋ આત્મામાં સામાન્યતઃ ચેતનવ્યવહાર ❋

**સમાધાન** :- ('आरोपे.) તમારી ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. કારણ કે દાર્શનિક જગતમાં એક ન્યાય = નિયમ એવો પ્રસિદ્ધ છે કે - આરોપ થતો હોય ત્યાં નિમિત્તને શોધવું જોઈએ. પરંતુ નિમિત્ત જાણવા-જોવા મળે એટલે વગર પ્રયોજને આરોપ કરવા બેસી ન જવાય. આ નિયમની વિસ્તૃત છણાવટ આ જ શાખાના નવમા શ્લોકમાં કરવામાં આવશે. આ નિયમ મુજબ ઉપચરિતવ્યવહાર અવશ્ય સપ્રયોજન જ હોય છે. વિના પ્રયોજને ઉપચાર પ્રવર્તતો નથી. માટે નિમિત્તમાત્રથી સર્વત્ર, સર્વદા ઉપચારનું આપાદન કરી ન શકાય. તેથી સર્વ આત્મામાં સર્વ સ્થાને, સર્વદા, અચેતનસ્વભાવનો નિષ્પ્રયોજન ઉપચાર કરી ન શકાય.

### ✡ અંતરંગસ્વભાવ અને પ્રવૃત્તિનિમિત્ત વ્યવહારનિયામક ✡

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે આત્મામાં અસદ્ભૂત વ્યવહારનયથી જે અચેતનસ્વભાવ માન્ય છે તે બહિરંગ છે. જ્યારે પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી માન્ય ચેતન સ્વભાવ એ આત્માનો અંતરંગ સ્વભાવ છે. વળી, ચેતનસ્વભાવ 'ચેતન' પદનું પ્રવૃત્તિનિમિત્ત છે. અચેતનસ્વભાવ 'ચેતન' પદનું પ્રવૃત્તિનિમિત્ત નથી. આ બે કારણસર આત્મામાં સામાન્યથી ચેતન તરીકેનો વ્યવહાર કરવો એ જ અમને માન્ય છે. સાર્વલૌકિક વ્યવહાર અને પ્રતીતિ તો (૧) અંતરંગ સ્વભાવ અને (૨) પ્રવૃત્તિનિમિત્ત

**પરમભાવગ્રાહક નયઈં કર્મ-નોકર્મનઈં મૂર્ત્તસ્વભાવ** કહિઈં. *ઈમ ગુણવંત સમજી લીયો.* ॥૧૩/૭॥

स्यैवाऽभीष्टत्वाच्च। तदुक्तं **कैयटेन** अपि **पतञ्जलिकृतवैयाकरणमहाभाष्यस्य प्रदीपे** विवरणे "यद्यपि द्रव्ये तत्र बहवो गुणाः सन्ति तथापि अन्तरङ्गत्वात् प्रवृत्तिनिमित्तगुणप्रकर्षाश्रयः प्रत्ययः" (वै.म.भा.५/३/५५ प्र.वृ.) इति। उक्तः द्वितीयस्य विशेषस्वभावस्य पूर्वं व्याख्यातस्य (१२/२) ग्राहको नयः।

साम्प्रतं तृतीयस्य विशेषस्वभावस्य पूर्वं (१२/३) व्याख्यातस्य ग्राहकं नयमाह – **कर्म-नोकर्ममूर्त्तत्वं** = ज्ञानावरणीयादिकर्म-देहेन्द्रियादिनोकर्मणोः मूर्त्तस्वभावः **परमभावबोधके** = परमभावग्राहकनयमते सङ्गच्छते। तदुक्तं **देवसेनेन आलापपद्धतौ शुभचन्द्रेण** च **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** "परमभावग्राहकेण कर्म-नोकर्मणोः मूर्त्तस्वभावः" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८६) इति।

इह **द्रव्यानुयोगतर्कणायाम्** "असद्भूतव्यवहारे" (द्र.त.१३/७) इत्यादिना दर्शिते श्लोके छन्दोभङ्गो वर्त्तत इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अनेकशः सम्भाषणादिप्रवृत्तिमध्ये शिरःकण्डूयन-मक्षिका-

---

- આ બન્નેના આધારે જ થાય છે. આ વાત માત્ર અમને જ માન્ય છે - એવું નથી. અન્ય દર્શનના વિદ્વાનોને પણ આ વાત માન્ય છે. તેથી જ **પતંજલિ** મહર્ષિએ બનાવેલ **વૈયાકરણ મહાભાષ્ય** ઉપર **પ્રદીપ** નામની વ્યાખ્યામાં **કૈયટ** નામના વૈયાકરણે પણ જણાવેલ છે કે 'જો કે તે દ્રવ્યમાં ઘણા બધા ગુણો હોય છે. છતાં પણ લોકોને પ્રવૃત્તિનિમિત્તભૂત ગુણપ્રકર્ષના આધારે જ પ્રતીતિ થાય છે. કેમ કે પ્રવૃત્તિનિમિત્તભૂત ગુણો અંતરંગ હોય છે.' આ રીતે અચૈતન્ય નામના બીજા વિશેષસ્વભાવને ગ્રહણ કરનાર નય અહીં જણાવાયેલ છે. પૂર્વે બારમી શાખાના બીજા શ્લોકમાં પ્રસ્તુત અચૈતન્યસ્વભાવની વ્યાખ્યા થઈ ચૂકેલ છે. આ વાત વિજ્ઞ વાચકોને બરાબર ધ્યાનમાં હશે.

### ❀ કર્મ-નોકર્મમાં મૂર્તસ્વભાવ : દિગંબર ❀

(**साम्प्रतं.**) પૂર્વે બારમી શાખાના ત્રીજા શ્લોકમાં મૂર્ત્તત્વ નામના તૃતીય વિશેષસ્વભાવની છણાવટ થઈ ચૂકેલ છે. તે મૂર્ત્તસ્વભાવને માનનાર નયને હવે ગ્રંથકારશ્રી જણાવે છે કે જ્ઞાનાવરણીય વગેરે કર્મમાં તથા શરીર-ઈન્દ્રિય વગેરે નોકર્મમાં પરમભાવગ્રાહક નયના મત મુજબ મૂર્ત્તસ્વભાવ સંગત થાય છે. **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **શુભચન્દ્રજીએ કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'પરમભાવગ્રાહક નયથી કર્મમાં અને નોકર્મમાં મૂર્ત્તસ્વભાવ છે.'

(**इह.**) પ્રસ્તુત સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા**માં 'असद्भूतव्यवहारे' ઈત્યાદિ સ્વરૂપે જે શ્લોક શ્રી**ભોજકવિ**એ દર્શાવેલ છે, તેમાં છંદભંગ છે - આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❯ આત્માના અચૈતન્યસ્વભાવને હટાવીએ ❯

**આધ્યાત્મિક ઉપનય** :- ઘણી વાર કોઈની સાથે વાતચીત કરતાં કરતાં માણસ વચ્ચે વચ્ચે માથું ખંજવાળવાનું કામ, માખી-મચ્છરને ઉડાડવાનું કામ, હાથ-પગને હલાવવાનું કામ, નજરને અન્યત્ર

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

द्युत्सारण-करचरणादिसञ्चालन-दृष्टिसञ्चारणाद्यनेकक्रियाः कुर्वन्नपि नरः न ताः प्रति उपयुङ्क्ते। उपयोगशून्यतया दर्शितानेकक्रियाकरणत इदं सिध्यति यदुत आत्मनि जडता = उपयोगशून्यता = अचेतनता अपि विद्यते। एतादृशजडतापरिहारे उपयोगपूर्वं सकलक्रियाकरणे एव साधकः मोक्षमार्गे तत्त्वतः अभिसर्पति।

अत एव **सूत्रकृताङ्गे** द्वितीयश्रुतस्कन्धे [1]"आउत्तं गच्छमाणस्स, आउत्तं चिट्ठमाणस्स, आउत्तं णिसीयमाणस्स, आउत्तं तुयट्टमाणस्स, आउत्तं भुंजमाणस्स, आउत्तं भासमाणस्स, आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गिण्हमाणस्स वा णिक्खिवमाणस्स वा... जाव चक्खुपम्हणिवायमवि..." (सूत्र.२/२/२९ भाग-२/ पृ.३१६) इत्याद्युक्तम्।

(१) भेदज्ञानाभ्यासदशायां 'शरीरयन्त्रमिदं चलति। अहं तत् चालयामि। अमूर्त्तोऽहं तु नैव चलामि। शरीरमिदं भुङ्क्ते। अहं तद् भोजयामि। अहं तु अनाहारस्वभावत्वान्नैव भुञ्जे' इत्यादिरूपेण स्वस्य क्रियाकर्तृत्वपरिणतिः त्याज्या शरीरस्य च प्रयोज्यकर्तृत्वपरिणतिः विलोकनीया।

---

ફેલાવવાનું કામ... વગેરે અનેક કામો કરતો રહે છે. તેમ છતાં તે તે ક્રિયાની તે નોંધ પણ લેતો નથી. તેના ઉપયોગની બહાર ઉપરોક્ત રીતે અનેક ક્રિયાઓ તેના જ દ્વારા થતી હોય છે. આનાથી ફલિત થાય છે કે આત્મામાં જડતા = ઉપયોગશૂન્યતા = અચેતનતા = અચેતનસ્વભાવ પણ રહેલ છે. આવી જડતા જ્યારે દૂર થાય, પોતાની નાનામાં નાની પણ પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક અને ચીવટપૂર્વક થાય, તો જ સાધક તાત્ત્વિક રીતે મોક્ષમાર્ગે આગળ વધી શકે.

(अत.) આ જ કારણસર **સૂયગડાંગસૂત્ર**ના બીજા શ્રુતસ્કંધમાં ક્રિયાસ્થાન નામના બીજા અધ્યયનમાં જણાવેલ છે કે "સાધુ ઉપયોગપૂર્વક જ ચાલે, ઊભો રહે, બેસે, પડખું બદલે, ગોચરી વાપરે, બોલે તથા ઉપયોગસહિત જ વસ્ત્ર, પાત્ર, કામળી, રજોહરણ (દંડાસણ) લે અથવા મૂકે. યાવત્ આંખની પાંપણનો પલકારો પણ ઉપયોગયુક્ત જ હોય."

### ❀ ભેદજ્ઞાનને ઉજાગર કરીએ ❀

(૧) શરીર અને આત્મા વચ્ચે ભેદજ્ઞાનનો પ્રાથમિક અભ્યાસ ચાલતો હોય તેવી દશામાં પોતાની કર્તૃત્વપરિણતિ છોડવા માટે સાધકે ધીરજપૂર્વક એમ વિચારવું કે 'આ શરીરસ્વરૂપ યંત્ર ચાલે છે. ચેતન એવો હું તો ફક્ત તેને ચલાવું છું. હું તો દેહભિન્ન અમૂર્ત્ત છું. તેથી હું તો નથી જ ચાલતો.' એ જ રીતે 'આ દેહ ભોજન કરે છે. હું તો ફક્ત તેને જમાડું છું. પરંતુ હું જમતો નથી. કારણ કે હું તો અણાહારી જ છું. સદાનો ઉપવાસી એવો હું ભૂખ્યા શરીરને જમાડું છું.' આમ હલન-ચલન -ભોજન વગેરે ક્રિયાના મુખ્ય કર્તૃત્વની પરિણતિને આપણામાંથી કાઢવી અને શરીરમાં મુખ્યકર્તૃત્વની (= પ્રયોજ્યકર્તૃત્વની) પરિણતિને વિવેકદૃષ્ટિપૂર્વક હંમેશા સર્વત્ર જોવી.

---

1. उपयुक्तं गच्छतः, उपयुक्तं तिष्ठतः, उपयुक्तं निषीदतः, उपयुक्तं त्वक्वर्तनां कुर्वाणस्य, उपयुक्तं भुञ्जानस्य, उपयुक्तं भाषमाणस्य, उपयुक्तं वस्त्रं पतद्ग्रहं कम्बलं पादपुञ्छनकं गृह्णतो वा निक्षिपतो वा...यावत् चक्षुःपक्ष्मनिपातमपि (उपयुक्तं कुर्वतः)...।

(२) भेदज्ञानपरिपाकावस्थायां च 'कर्माद्यधीना मदीया चेतना देहचालन-भोजनादिक्रियायां व्यापिपर्त्ति। कर्मोदयः तां तत्र बलात्कारेण प्रेरयति। नाऽहं तत्र प्रेरकः' इत्यादिभावनया निर्वेदगर्भया स्वस्य क्रियाकारकत्वपरिणतिः त्याज्या, कर्मणि क्रियाकारकत्वपरिणतिः शरीरे च क्रियाकर्तृत्वपरिणतिः बोध्या। 'सर्वद्रव्याणां स्वपरिणामकर्तृत्वमि'ति जगत्तत्त्वं पश्यतः परपरिणामसाक्षित्वमेवाऽवशिष्यते। तदुक्तं **ज्ञानसारे** "स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः। कर्तृत्वं नाऽन्यभावानां साक्षित्वमवशिष्यते।" (ज्ञा.सा.२/३) इति।

(३) कर्तृत्व-भोक्तृत्वभावशून्यसाक्षिभावभूमिकायां 'शरीरं स्वयमेव चोरिकया मदीयचेतनोपष्टम्भेन चलन-भोजनादिक्रियायां व्याप्रियते कर्म-काल-नियति-स्वभावादिसहायतः। तत्र मे का रतिः शोको वा ? अहं तु तत्र असङ्गभावेन केवलः साक्ष्येव' इत्यादिभावनया संवेगगर्भया स्वस्य क्रियानुमोदन-परिणतिः त्याज्या, शरीरस्य क्रियाकर्तृत्वपरिणतिः कर्मादेश्च सहायकत्त्वेन क्रियाकारकत्वपरिणतिः अवसेया। वचन-मनःक्रियासु अपि एवं विभावनीयम्।

## ❖ સાક્ષીભાવને અપનાવીએ ❖

(૨) ભેદજ્ઞાન જ્યારે પરિપક્વ બની જાય તેવી દશામાં હજુ સૂક્ષ્મ બુદ્ધિથી એમ વિચારવું કે 'કર્માધીન બનેલી મારી ચેતના શરીરને ચલાવવું, જમાડવું વગેરે ક્રિયાઓમાં જોડે છે. તે ક્રિયાઓમાં શરીરને કર્મોદય બળાત્કારથી = પરાણે પ્રેરે છે. પરંતુ હું તેમાં પ્રેરકબળ નથી, પ્રેરક કર્તા નથી, પ્રયોજકકર્તા નથી.' આ મુજબ નિર્વેદગર્ભિત ભાવનાથી દેહ પાસે ક્રિયા કરાવવાની પોતાની પરિણતિને છોડવી. તથા દેહમાં ક્રિયાનો કર્તૃત્વપરિણામ અને કર્મમાં ક્રિયાકારકત્વપરિણામ (= શરીર પાસે ક્રિયા કરાવવાનો પરિણામ) છે - તેમ સમજવું. 'દરેક દ્રવ્યો પોત-પોતાના પરિણામના જ કર્તા છે' - આ પ્રમાણે જગતનું સ્વરૂપ જોતા એવા સાધકને હલન-ચલન-ભોજનાદિ પરપરિણામનું માત્ર સાક્ષિત્વ જ બાકી રહે છે. અર્થાત્ તે માત્ર સાક્ષી જ છે, કર્તા નથી. તેથી તો **જ્ઞાનસારમાં મહોપાધ્યાયજી**એ કહેલ છે કે 'જે સહજાનંદમાં મગ્ન છે અને જગતનું તત્ત્વ જુએ છે તેવા યોગીને પરપરિણામોનું કર્તૃત્વ નથી. માત્ર સાક્ષીપણું બાકી રહે છે.' 'મેં આ પરપરિણામ કર્યો કે કરાવ્યો' - તેવો અહંકાર તે યોગીને સ્પર્શતો નથી.

## કર્મસહકૃત દેહક્રિયામાં હરખ-શોકને છોડીએ

(૩) જ્યારે કર્તૃત્વ-ભોક્તૃત્વપરિણતિ ન હોય, માત્ર સાક્ષીભાવની ભૂમિકા પ્રગટે ત્યારે આત્માર્થી સાધક સંવેગગર્ભિત ભાવનાથી એમ સમજે છે કે 'મારી ચેતનાની ચોરી કરીને તેના ટેકાથી શરીર પોતે જ, જાતે જ ચાલવાની-જમવાની વગેરે ક્રિયાઓ કરે છે. તેમાં કર્મ, કાળ, નિયતિ, સ્વભાવ વગેરે પરિબળો શરીરને સહાય કરે છે. કર્માદિસહકૃત દેહક્રિયામાં મારે શું હરખ કે શોક કરવાનો ? હું તો તેમાં અસંગ ભાવથી માત્ર સાક્ષી જ છું. દેહક્રિયાનો નિર્લેપ સાક્ષીમાત્ર છું' - આ રીતે દેહક્રિયાની અનુમોદનાની પરિણતિને પણ છોડવી. તથા ચલન-ભોજનાદિ ક્રિયાનો કર્તૃત્વપરિણામ = મુખ્યકર્તૃત્વપરિણામ શરીરમાં છે અને સહાયક પરિબળ સ્વરૂપે તે ક્રિયાને કરાવવાની પરિણતિ કર્મ-કાળ વગેરેમાં છે - આમ સમજવું. દેહક્રિયાની જેમ વચનક્રિયામાં અને મનની ક્રિયામાં સમજી લેવું.

इत्थं पौनःपुन्येन एतादृशभावपरिशीलनतः पौद्गलिकभावगोचराणां कर्तृत्व-कारयितृत्वाऽनुमन्तृत्व-भावानां परित्यागतः अलिप्तदशाऽसङ्गदशाऽबन्धदशाप्रादुर्भावः प्रत्यासन्नतरः स्यात्।

प्रकृते "नाऽहं पुद्गलभावानां कर्ता कारयिताऽपि न। नाऽनुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ?।।" (ज्ञा.सा.११/२) इति **ज्ञानसारकारिका** विभावनीया।

(४) ज्ञातृ-दृष्टृभावपरिणतौ समुपलब्धायां तु 'शाश्वतशान्तसुधारसमये मत्स्वरूपचित्स्वभावे स्थित्वा स्वदृष्टि-ज्ञप्ति-रमणतानुभवानां कर्ता अहं निजशुद्धस्वभावाय समर्पितसर्वस्वः मदीयाऽतीन्द्रियाऽमूर्त्त-शुद्धस्वभावाभ्यां प्रसूतं ममैव परमानन्दरसं निष्कृत्रिमं शुद्धोपयोगेन पायं पायं सन्तृप्तोऽस्मी'ति

---

### ❀ દેહક્રિયામાં કરણ-કરાવણ-અનુમોદન તજીએ ❀

**સ્પષ્ટતા** :- અહીં (૧) માં શરીર મુખ્યકર્તા (= પ્રયોજયકર્તા) છે તથા આત્મા કારક = કરાવનાર = પ્રયોજકકર્તા છે, કરનાર નહિ. (૨) માં આત્મા કરનાર નથી કે કરાવનાર નથી. શરીર કરનાર છે. કર્મ કરાવનાર છે. આત્મા ફક્ત અનુમોદક છે. (૩) માં આત્મા નથી કરનાર, નથી કરાવનાર કે નથી અનુમોદના કરનાર. શરીર સ્વયં કરનાર છે. કર્માદિ કરાવનાર નથી. પણ સહાયક-અનુમોદક-શુભેચ્છકના સ્થાનમાં છે. આટલો તફાવત અહીં ત્રણેય વિકલ્પમાં ગંભીરતાથી સમજવો.

### ✡ પૌદ્ગલિક ભાવોનો ત્રિવિધ સંબંધ છોડીએ ✡

(**इत्थं.**) આ રીતે વારંવાર ઉપરોક્ત ભાવોનું પરિશીલન-અનુશાસન-પુનરાવર્તન-દૃઢીકરણ કરવાથી પૌદ્ગલિક ભાવોને વિશે કરણ-કરાવણ-અનુમોદન પરિણતિનો પૂરેપૂરો ત્યાગ થાય છે. તેના લીધે ખૂબ નિકટના કાળમાં અલિપ્તદશા, અસંગદશા, અબંધદશા પ્રગટ થાય છે.

(**प्रकृ.**) પ્રસ્તુત બાબતમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **જ્ઞાનસાર** પ્રકરણમાં જણાવેલ છે કે 'હું પુદ્ગલભાવોનો કર્તા નથી. કરાવનાર નથી, અનુમોદક નથી - આ પ્રમાણે આત્મસ્વરૂપની સમજણવાળો સાધક કઈ રીતે લેપાય ?' આ બાબતની અહીં ઊંડાણથી વિભાવના કરવી.

### ❀ જ્ઞાતા-દૃષ્ટાભાવની સાધનાનો ચિતાર ❀

(૪) જ્યારે ભેદજ્ઞાનની અને સાક્ષીભાવની પરિણતિને આત્મસાત્ કરીને સાધક જ્ઞાતા-દૃષ્ટાભાવની પરિણતિને પ્રગટ કરે, ત્યારે તેણે પોતાનાથી અભિન્ન છ કારકનો સમન્વય કરવામાં ડૂબી જવાનું હોય છે. તે આ રીતે - 'શાશ્વત શાન્તસુધારસમય અને મારાથી અભિન્ન એવા ચેતનસ્વભાવમાં (= અધિકરણ કારક) રહીને, પોતાનું જ દર્શન અને સંવેદન તથા પોતાની જ રમણતા અને અનુભૂતિ - આવા સ્વપરિણામોને પ્રગટ કરનાર એવો હું (= કર્તા કારક) મારા શુદ્ધ સ્વભાવને (= સંપ્રદાન કારક) દર્શન-જ્ઞાન-સ્વરૂપરમણતા આદિ સ્વરૂપ મારું સર્વસ્વ સોંપીને, મારા અતીન્દ્રિય એવા અમૂર્તસ્વભાવમાંથી અને શુદ્ધસ્વભાવમાંથી (= અપાદાન કારક) પ્રગટેલા મારા જ અકૃત્રિમ = સ્વાભાવિક એવા પરમાનંદરસને (= કર્મ કારક) શુદ્ધ ઉપયોગ વડે (= કરણ કારક) વારંવાર પી-પીને સમ્યક્ પ્રકારે તૃપ્ત થયેલો છું.' અહીં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ - આ છએ કારક આત્માથી અભિન્ન જ છે. ટૂંકમાં આશય એ છે કે 'હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને

स्वाऽभिन्नषट्कारकसङ्गतौ निमज्जनीयम्। **विशेषावश्यकभाष्य**(२११२-२११८)-**ज्ञानसारस्वोपज्ञस्तबक**(१५/७)-**समयसार**(२९७)-**पञ्चास्तिकायसङ्ग्रह**(१६२)प्रभृतिग्रन्थान्तरेभ्यः अन्यरूपेणाऽपि स्वाऽभिन्नषट्कारकभावसङ्गतिः कार्या। देहात्मभेदविज्ञान-साक्षिभाव-ज्ञातृदृष्टृभावाद्यभ्यासकृते च अस्मत्कृतः भारतीयराष्ट्रभाषा-गुर्जरभाषाद्वितयनिबद्धः विस्तृतः **संवेदनप्रबन्धो** विभावनीयः। एतादृशाऽभ्यन्तराऽपवर्गमार्गं निर्भ्रान्तचेतसा निश्चित्य गौण-मुख्यभावेन वर्त्तमानस्वभूमिकौचित्यतः इमे चतुर्विधा भावा आत्मसात् कर्तव्याः।

इत्थञ्च विरक्त-प्रशान्तपरिणत्या सोपयोगं विहितक्रियासम्पादनेन असद्भूतव्यवहारनयसम्मत-जडतानिराकरणे एव आत्मार्थी तात्त्विकमात्मश्रेयः आसादयतीत्युपदेशोऽत्र ग्राह्यः। ततश्च "सर्वद्वन्द्वविमुक्तानां सिद्धानामेव तात्त्विकम्। संसिद्धसर्वकार्याणां निर्द्वन्द्वं वर्त्तते सुखम्।।" (वै.क.ल. ९/२४४) इति **वैराग्यकल्पलतायां यशोविजयवाचकेन्द्रव्यावर्णितं** सिद्धसुखं स्वयमेव उपतिष्ठते ।।१३/७।।

---

જ અનુભવું છું' - આ રીતે પોતાનાથી અભિન્ન છ કારકભાવની સંગતિ/સમન્વય કરવામાં જ્ઞાતા-દૃષ્ટાભાવ-પરિણતિવાળા સાધકો લીન બનતા હોય છે. **વિશેષાવશ્યકભાષ્ય, જ્ઞાનસાર સ્વોપજ્ઞટબો, સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ** વગેરે અન્ય ગ્રંથોના આધારે બીજી રીતે પણ પોતાનાથી અભિન્ન છ કારકભાવની સંગતિ કરવી. તથા (૧) દેહ-આત્મભેદવિજ્ઞાન, (૨) સાક્ષીભાવ અને (૩) જ્ઞાતા-દૃષ્ટાભાવ - આ ત્રણેય બાબતોનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે ભારતની રાષ્ટ્રભાષામાં (= હિન્દી ભાષામાં) તથા ગુજરાતી ભાષામાં અમે રચેલ **'સંવેદનની સરગમ'** - (= સંવેદનપ્રબંધ) પુસ્તકની (પૃ.૬૧ થી ૧૦૦ તથા પૃ. ૨૦૩ થી ૨૭૨) વિભાવના કરવી. પ્રસ્તુતમાં જે અભ્યન્તર મોક્ષમાર્ગ બતાવેલ છે, તેનો નિર્ભ્રાન્ત ચિત્તથી નિશ્ચય કરીને, પોતાની વર્તમાન ભૂમિકા મુજબ ગૌણ-મુખ્યભાવે ઉપરોક્ત ચારેય પ્રકારના ભાવોને સમ્યક્ પ્રકારે આત્મસાત્ કરવા જરૂરી છે.

### ❀ જડતાને હટાવીએ ❀

**(इत्थञ्च.)** આમ વિરક્ત અને શાંત પરિણતિથી ઉપરોક્ત ચાર પ્રકારના ઉપયોગપૂર્વક શાસ્ત્રાનુસારે સર્વ ક્રિયા કરવા દ્વારા અસદ્ભૂત વ્યવહારનયથી માન્ય એવી જડતાનું આત્મામાંથી નિવારણ કરવામાં આવે તો જ સાધક તાત્ત્વિક આત્મકલ્યાણને સાધી શકે. આવા પ્રકારનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા આપણે મેળવવા જેવો છે. તે રીતે જીવન જીવવાના પ્રભાવે **વૈરાગ્યકલ્પલતા**માં વર્ણવેલ મોક્ષસુખ જાતે જ હાજર થાય છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સિદ્ધસુખને વર્ણવતાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો રતિ-અરતિ વગેરે તમામ દ્વન્દ્વોમાંથી છૂટી ગયેલા છે. તેઓના સર્વ કાર્યો સમ્યક્ રીતે સિદ્ધ થઈ ચૂકેલા છે. તેથી તે સિદ્ધાત્માઓ પાસે જ તાત્ત્વિક નિર્દ્વન્દ્વ સુખ વિદ્યમાન છે.(૧૩/૭)

**અસદ્ભૂત વ્યવહારથી રે, જીવ મૂર્ત્ત પણિ હોઈ;**
**પરમનયઈં પુદ્ગલ વિના રે, દ્રવ્ય અમૂર્ત્ત તૂં જોઈ♦ રે ॥૧૩/૮॥ (૨૧૬) ચતુર.**

**અસદ્ભૂત વ્યવહારનયથી જીવનઈં મૂર્ત્તસ્વભાવ પણિ** (હોઈ+) કહિઈં. **अत एव "अयमात्मा दृश्यते, अमुमात्मानं पश्यामि"** એ વ્યવહાર છઈ.એ સ્વભાવઈં જ *જિનના ૫ વર્ણ કહીએ.* **"रक्तौ च पद्मप्रभ -वासुपूज्यौ"** (અભિધાનચિંતામણિ-પ્રથમ કાંડ-૧/શ્લોક-૪૯) ઈત્યાદિ વચન છઈ.

मूर्त्तत्वग्राहकनयान्तरमाह – '**अभूते**'ति।

**अभूतव्यवहारेण जीवे मूर्त्तस्वभावता।**
**अमूर्त्तः पुद्गलाऽन्यो हि, परमभावबोधके।।१३/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अभूतव्यवहारेण जीवे मूर्त्तस्वभावता (उच्यते)। परमभावबोधके पुद्गलाऽन्यः अमूर्त्तः हि।।१३/८।।

**अभूतव्यवहारेण** = पूर्वोक्तेन(८/६-७) अनुपचरिताऽसद्भूतव्यवहारेण **जीवे** संसारिणि **मूर्त्तस्वभावता** अपि उच्यते। इदमेवाभिप्रेत्य **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया" (स.सा.५६) इत्युक्तम्। अत एव 'अयम् आत्मा दृश्यते', 'अमुम् आत्मानं पश्यामि' इत्यादिः प्रसिद्धः व्यवहारोऽपि सङ्गच्छते। असद्भूतव्यवहारनयग्राह्यमूर्त्तस्वभावमाश्रित्य एव "रक्तौ च पद्मप्रभ -वासुपूज्यौ, शुक्लौ तु चन्द्रप्रभ-पुष्पदन्तौ। कृष्णौ पुनर्नेमि-मुनी विनीलौ श्रीमल्लि-पार्श्वौ कनकत्विषोऽन्ये।।"

**અવતરણિકા** :- મૂર્ત્તસ્વભાવને ગ્રહણ કરનાર અન્ય નયને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારનયથી જીવમાં મૂર્ત્તસ્વભાવ છે. પરમભાવગ્રાહક નયના મતે પુદ્ગલભિન્ન દ્રવ્ય અમૂર્ત્ત જ છે. (૧૩/૮)

**❈ જીવનો મૂર્ત્તસ્વભાવ ❈**

**વ્યાખ્યાર્થ** :- પૂર્વે (૮/૬-૭) જણાવેલ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી સંસારી જીવમાં મૂર્ત્તસ્વભાવ પણ કહેવાય છે. મૂર્ત્તસ્વભાવ એટલે રૂપી સ્વભાવ. આ જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામીએ સમયસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'વ્યવહારથી જીવને આ વર્ણાદિ ભાવો હોય છે.' મતલબ કે અહીં 'વ્યવહાર' શબ્દથી અસદ્ભૂત વ્યવહારનય સમજવાનો છે. આત્મામાં મૂર્ત્તસ્વભાવ હોવાના કારણે જ 'આ આત્મા દેખાય છે', 'આ આત્માને હું જોઉં છું' - વગેરે વ્યવહાર પણ સંગત થાય છે. જો આત્મામાં મૂર્ત્તતા ન હોય તો તે દેખાય કઈ રીતે? તેથી ઉપરોક્ત પ્રસિદ્ધ વ્યવહારના આધારે આત્મામાં મૂર્ત્તતા પણ સિદ્ધ થાય છે. અસદ્ભૂત વ્યવહાર નય દ્વારા ગ્રહણ કરવા યોગ્ય મૂર્ત્તસ્વભાવને આશ્રયીને જ 'પદ્મપ્રભસ્વામી અને વાસુપૂજ્યસ્વામી રક્તવર્ણવાળા છે. ચંદ્રપ્રભસ્વામી અને સુવિધિનાથ ભગવાન તો શ્વેતવર્ણવાળા છે. નેમિનાથ અને મુનિસુવ્રતસ્વામી શ્યામવર્ણવાળા છે. શ્રીમલ્લિનાથ અને શ્રીપાર્શ્વનાથ

♦ પુસ્તકોમાં 'જોયો' પાઠ. સં.(૧)નો પાઠ લીધેલ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. 1. व्यवहारेण तु एते जीवस्य भवन्ति वर्णाद्याः।

(अभि.चि.१/४९) इति **अभिधानचिन्तामणि**वचनं प्रवृत्तमिति मन्तव्यम्। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "जीवस्यापि असद्भूतव्यवहारेण मूर्त्तस्वभावः" (आ.प.पृ.१५, का.अ.गा.२६१/वृ.पृ.१८६) इति। **आवश्यकनिर्युक्ति**दर्शिततरीत्या (गा.१११५) जीवस्य भावुकद्रव्यत्वेन स्वकर्मविपाकोदयप्राप्त-शरीरादिसम्पर्के तन्मयत्वादत्र मूर्त्ततोक्तेत्यवधेयम्।

असद्भूतव्यवहारनयापेक्षयैव संसारिजीवः अष्टकर्मपुद्गलसङ्घातोपगूढत्वात् सशरीरत्वाच्च मूर्त्त एव। अत एव असद्भूतव्यवहारेण जीवः पुण्य-पापरूपोऽपि भवतीत्युच्यते। तदिदमभिप्रेत्य **योगीन्द्रदेवेन परमात्मप्रकाशे** [1]"एहु व्यवहारें जीवडउ हेउ लहेविणु कम्मु। बहुविहभावें परिणमइ तेण जि धम्मु अहम्मु।।" (प.प्र.६०) इत्युक्तम्।

तदुक्तं **प्रवचनसारे कुन्दकुन्दस्वामि**ना अपि [2]"परिणमदि जेण दव्वं तक्कालं तम्मयं ति पण्णत्तं" (प्र.सा.१/८) इति पूर्वोक्तम् (३/२ + ५/१३) अनुसन्धेयमत्र। तदुक्तं **तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्येण**ाऽपि

---

ભગવાન નીલવર્ણવાળા છે. બાકીના સોળ તીર્થંકરો સુવર્ણવર્ણવાળા છે' - આ પ્રમાણે **અભિધાનચિંતામણિ** ગ્રંથનું વચન પ્રવર્તેલ છે તેમ માનવું. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે 'જીવમાં પણ અસદ્ભૂત વ્યવહારનયથી મૂર્ત્તસ્વભાવ છે.' **આવશ્યક નિર્યુક્તિ** ગ્રંથમાં **ભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ પદ્ધતિ મુજબ જીવ ભાવુક દ્રવ્ય છે. જે જે દ્રવ્યના સંપર્કમાં જીવ આવતો જાય છે, તેનાથી તે ભાવિત થતો જાય છે. તેથી પોતાના કર્મના વિપાકોદયથી પ્રાપ્ત થયેલ મૂર્ત્ત એવા શરીર વગેરેના સંપર્કમાં આવવાથી જીવ તન્મય = શરીરમય, ઈન્દ્રિયમય, કર્મમય બનતો જાય છે. પરમાર્થથી અમૂર્ત્ત એવા જીવમાં પણ દેહાદિના સંપર્કથી દેહમયતા વગેરે આવવાના કારણે 'જીવ મૂર્ત્ત છે' - આ પ્રમાણે અહીં જણાવેલ છે. આ વાતને વાચકવર્ગે ખાસ ખ્યાલમાં રાખવી.

## ❀ સંસારી જીવ મૂર્ત્ત છે ❀

(**अस.**) અસદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ જ તે સંસારી જીવ આઠ પ્રકારના કર્મપુદ્ગલોના સમૂહથી વ્યાપ્ત હોવાથી અને શરીરયુક્ત હોવાથી મૂર્ત્ત જ છે. તેથી જ 'જીવ પુણ્ય-પાપસ્વરૂપ થાય છે' - આવું વ્યવહારથી કહેવાય છે. આ જ અભિપ્રાયથી **યોગીન્દ્રદેવ** નામના દિગંબરે **પરમાત્મપ્રકાશ**માં જણાવેલ છે કે 'આ જીવ કર્મસ્વરૂપ કારણને પામીને અનેકવિધ ભાવથી પરિણમે છે. તેથી જ વ્યવહારથી જીવ ધર્મ-અધર્મસ્વરૂપ બને છે.'

## ❋ પરિણમન દ્રવ્યને તન્મય બનાવે ❋

(**तदुक्तं.**) **પ્રવચનસાર**માં દિગંબર આચાર્ય **કુંદકુંદસ્વામી** પણ જણાવે છે કે 'જે દ્રવ્ય જ્યારે જેનાથી પરિણમે છે, તે દ્રવ્ય ત્યારે તન્મય બની જાય છે - આ પ્રમાણે શાસ્ત્રકાર ભગવંતોએ જણાવેલ છે.' આ સંદર્ભ પૂર્વે (૩/૨ + ૫/૧૩) દર્શાવેલ છે. **તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંક** નામના દિગંબર આચાર્ય

---

1. एष व्यवहारेण जीवः हेतुं लब्ध्वा कर्म। बहुविधभावेन परिणमति तेन एव धर्मः अधर्मः।।

2. परिणमति येन द्रव्यं तत्कालं तन्मयम् इति प्रज्ञप्तम्।

"पुद्गलद्रव्यशक्तिविशेषवशीकृत आत्मा तद्रञ्जनः सन् तन्निमित्तं यं यं परिणाममास्कन्दति यदा, तदा तन्मयत्वात् तल्लक्षण एव भवति" (त.रा.वा.२/७/२३) इति।

अतः असद्भूतव्यवहारेण एव पौद्गलिकं सुखादिकम् आत्मा उपभुङ्क्ते, न परमभावग्राहकलक्षणनिश्चयतः। इदमेवाऽभिप्रेत्य **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण** [1]"ववहारा सुह-दुक्खं पुग्गलकम्मफलं पभुंजेदि। आदा, णिच्छयणयदो चेदणभावो खु आदस्स।।" (बृ.द्र.स.९) इत्युक्तम्।

वस्तुतस्त्वात्मनि वर्णादिमत्त्वं नास्त्येव। अत 'आत्मा मूर्त्त' इति ज्ञानं भ्रम एव निश्चयतः। इदमेवाऽभिप्रेत्योक्तम् **अध्यात्मसारे यशोविजयवाचकेन्द्रैः** "उष्णस्याऽग्नेर्यथा योगाद् 'घृतमुष्णमि'ति भ्रमः। तथा मूर्त्ताऽङ्गसम्बन्धाद् 'आत्मा मूर्त्त' इति भ्रमः।। न रूपं न रसो गन्धो न न स्पर्शो न चाऽऽकृतिः। यस्य धर्मो न शब्दो वा तस्य का नाम मूर्त्तता ?।। दृशाऽदृश्यं हृदाऽग्राह्यं वाचामपि न गोचरः। स्वप्रकाशं हि यद्रूपं तस्य का नाम मूर्त्तता ?।।" (अ.सा.१८/३६-३७-३८) इत्यादि पूर्वोक्तं (१२/४) स्मर्तव्यमत्र।

अत एव तीर्थकरदेहस्तुति-वन्दनादिकरणे नैव तीर्थकरस्तुति-वन्दनादिलाभः शुद्धनिश्चयतः

---

પણ જણાવે છે કે 'સંસારી આત્મા પુદ્ગલદ્રવ્યની વિશેષ પ્રકારની શક્તિને વશ થયેલ છે. તેથી સંસારી આત્મા પુદ્ગલદ્રવ્યથી રંગાઈ જાય છે. આ પુદ્ગલરંગને ધારણ કરતો આત્મા તેના નિમિત્તે જે જે પરિણામને જ્યારે પ્રાપ્ત કરે છે ત્યારે સંસારી જીવ તન્મય બની જાય છે. તેથી ત્યારે તે જીવ તત્સ્વરૂપ જ બને છે.'

## ❀ વ્યવહારથી આત્મા પૌદ્ગલિક સુખનો ભોક્તા ❀

(अतः.) આથી આત્મા અસદ્ભૂતવ્યવહારથી જ પૌદ્ગલિક સુખ વગેરેને ભોગવે છે. પરમભાવગ્રાહકસ્વરૂપ નિશ્ચયથી પૌદ્ગલિક સુખાદિનો ભોક્તા આત્મા નથી. નિશ્ચયથી તો આત્મા જ્ઞાયકસ્વભાવ - ચેતનસ્વભાવ છે. આ જ અભિપ્રાયથી **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં **નેમિચંદ્રજી** જણાવે છે કે 'પુદ્ગલકર્મના ફલભૂત સુખ-દુઃખને વ્યવહારથી આત્મા ભોગવે છે. નિશ્ચયનયથી તો આત્માનો ચેતનસ્વભાવ છે.'

## ❀ આત્માને મૂર્ત્ત માનવો તે ભ્રમ : નિશ્ચયનય ❀

(**वस्तु.**) વાસ્તવમાં તો આત્મામાં વર્ણ, ગંધ વગેરે નથી જ. તેથી જ 'આત્મા મૂર્ત્ત છે' - આવી બુદ્ધિ નિશ્ચયથી ભ્રમ જ છે. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "ઉષ્ણ અગ્નિનો સંયોગ થવાથી જેમ 'ઘી ગરમ છે' - આવો ભ્રમ થાય છે, તેમ મૂર્ત્ત શરીરનો સંયોગ થવાથી 'આત્મા મૂર્ત્ત છે' - આવો ભ્રમ થાય છે. જેમાં રૂપ ન હોય, રસ ન હોય, ગંધ ન હોય, સ્પર્શ ન હોય, સ્વતંત્ર-સ્વાભાવિક પોતાનું નિયત સંસ્થાન ન હોય, પુણ્યાદિ ધર્મ ન હોય કે શબ્દ ન હોય તેવા આત્મામાં મૂર્ત્તતા કેવી ? જે ચક્ષુથી જોઈ ન શકાય, મનથી સ્પષ્ટપણે જાણી ન શકાય અને વાણીનો પણ જે વિષય ન બને તેવું જેનું સ્વરૂપ સ્વપ્રકાશાત્મક હોય તે આત્મામાં મૂર્ત્તતા કેવી ?" અર્થાત્ ન જ હોય. આ સંદર્ભ પૂર્વે (૧૨/૪) જણાવેલ. તેને અહીં યાદ કરવો.

## ❀ તીર્થંકરની વ્યવહાર-નિશ્ચયમાન્ય સ્તુતિનો પરિચય ❀

(अत.) વાસ્તવમાં આત્મામાં વર્ણ-ગંધ વગેરે નથી. આ જ કારણથી તીર્થંકર ભગવંતોના શરીરની

---

1. व्यवहारात् सुख-दुःखं पुद्गलकर्मफलं प्रभुङ्क्ते। आत्मा, निश्चयनयतः चेतनभावः खलु आत्मनः।।

समाम्नातः। तदिदमभिप्रेत्योक्तं पूर्वोक्त(१३/६)रीत्या **समयसारे** [1]"ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को। ण दु णिच्छयस्स जीवो देहो य कदा पि एक्कट्ठो।। [2]इदमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी। मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।। [3]तं णिच्छये ण जुज्जदि, ण सरीरगुणा हि होंति केवलिणो। केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि।।"(स.सा.२७,२८,२९) इति। तदुक्तम् **अध्यात्मसारे**ऽपि "शरीर-रूप-लावण्य-वप्र-च्छत्र-ध्वजादिभिः। वर्णितैर्वीतरागस्य वास्तवी नोपवर्णना।। व्यवहारस्तुतिः सेयं वीतरागात्मवर्तिनाम्। ज्ञानादीनां गुणानां तु वर्णना निश्चयस्तुतिः।।" (अ.सा.१८/१२४-१२५) इत्यादि।

સ્તુતિ-વંદના વગેરે કરવામાં આવે તો તીર્થંકર ભગવંતની સ્તુતિ-વંદના વગેરેનો લાભ શુદ્ધ નિશ્ચયનયથી માન્ય નથી જ. આ જ અભિપ્રાયથી **સમયસાર** ગ્રંથમાં જણાવેલ છે કે "વ્યવહાર નય કહે છે કે જીવ અને શરીર ખરેખર એક = અભિન્ન છે. પરંતુ નિશ્ચયથી 'જીવ' અને 'શરીર' શબ્દનો અર્થ ક્યારે પણ એક નથી. જીવ કરતાં શરીર ભિન્ન છે. કારણ કે શરીર પુદ્ગલમય છે, પુદ્ગલનિર્મિત છે. જ્યારે જીવ પુદ્ગલનિર્મિત નથી. તેથી કેવલજ્ઞાની ભગવંતના પુદ્ગલમય શરીરની સ્તુતિ (અને વંદન) કરીને મહાત્મા માને છે કે 'મેં ખરેખર કેવલજ્ઞાની ભગવાનની સ્તુતિ કરી અને વંદન કર્યા.' પરંતુ આ વાત નિશ્ચયનયના મત મુજબ યુક્તિસંગત થતી નથી. કારણ કે શરીરના લાલ-પીળા વગેરે વર્ણ, આકાર વગેરે તો શરીરના જ ગુણધર્મો છે, કેવલજ્ઞાનીના ગુણધર્મો નથી. તેથી જે કેવલજ્ઞાનીના ગુણોની સ્તુતિ કરે છે, તે જ પરમાર્થથી કેવલજ્ઞાનીની સ્તુતિ કરે છે." પૂર્વે (૧૩/૬) દર્શાવેલ પદ્ધતિ મુજબ આ બાબત વિચારવી. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ **અધ્યાત્મસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'વીતરાગના શરીર, રૂપ, લાવણ્ય, કિલ્લો (ત્રણ ગઢ), ત્રણ છત્ર, ઈન્દ્રધ્વજા વગેરેનું વર્ણન કરવામાં આવે તો વીતરાગની વાસ્તવિક સ્તુતિ થતી નથી. આ વીતરાગની વ્યવહારસ્તુતિ છે. વીતરાગની નિશ્ચયસ્તુતિ તો એ છે કે વીતરાગ આત્મામાં રહેલા જ્ઞાનાદિ ગુણોની સ્તુતિ કરવી.'

## ❀ તીર્થંકરદેહની સ્તુતિ એ તીર્થંકરસ્તુતિ નથી ❀

[redacted] :- ભગવાનના શરીરના રૂપનું વર્ણન, બાહ્ય અતિશયોનું વર્ણન, વાણીના પાંત્રીસ ગુણોનું વર્ણન - આ વ્યવહારનયથી ભગવાનની સ્તુતિ કહેવાય છે. જેમ કે –

**'ના રોગ ના પ્રસ્વેદ ના મલ કોઈ તુજ તનને નડે...'**

**'દુર્ગંધ કે બિભત્સતા તુજ માંસ-શોણિતમાં નહિ..'**

**'આહાર ને નીહાર માનવ કોઈ જોઈ ના શકે...'** ઈત્યાદિ રૂપે **અતિશયવંદનાવલી**માં ભગવાનના જે બાહ્ય અતિશયોનું વર્ણન છે, તે વ્યવહારનયથી અરિહંતની સ્તુતિ સમજવી.

**'રૂપ તારું એવું અદ્ભુત પલક વિણ જોયા કરું...'**

આ બધી વ્યવહારનયથી અરિહંતની સ્તુતિ સમજવી. નિશ્ચયનયથી આ સ્તુતિ પ્રભુના શરીરની સ્તુતિ છે, પ્રભુની સ્તુતિ નથી. કારણ કે તેમાં વીતરાગતા, નિર્વિકારિતા વગેરે આત્મગુણોની પ્રશંસા

1. व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः। न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः।।
2. इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः। मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।।
3. तन्निश्चये न युज्यते, न शरीरगुणा हि भवन्ति केवलिनः। केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।।

પરમભાવગ્રાહક **નયઈં પુદ્ગલ** દ્રવ્ય **વિના**[§], બીજા સર્વ♦ **દ્રવ્યનઈં અમૂર્ત્તસ્વભાવ** (તૂં જોઈ +) કહિયઈં.॥૧૩/૮॥

मुख्यार्थबाधेऽपि भक्त्यादिप्रयोजनतः अन्योऽन्यानुगमलक्षणनिमित्तमाश्रित्य जिनेश्वरस्य तदीयदेहे उपचारस्य न्याय्यत्वं भावनीयम् । तदुक्तं **प्रमाणमीमांसायां श्रीहेमचन्द्राचार्येण** "मुख्यार्थबाधे प्रयोजने निमित्ते चोपचारः प्रवर्त्तते" (प्र.मी.२/१/२) इति ।

चतुर्थविशेषस्वभावग्राहकनयमावेदयति – **परमभावबोधके** = परमभावग्राहकद्रव्यार्थिकनये **पुद्गलान्यः** = पुद्गलद्रव्यान्यः धर्मास्तिकायादिः **अमूर्त्तः** = अमूर्त्तस्वभावशाली **हि** = एव कथितः। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "परमभावग्राहकेण पुद्गलं विहाय इतरेषाम् (द्रव्याणाम्) अमूर्त्त-स्वभावः" (आ.प.पृ.१५, का.अ.२६१/वृ..पृ.१८६) इति ।

કરવામાં નથી આવતી. નિશ્ચયનયથી તો નિષ્કષાયતા, વીતરાગતા, અસંગતા વગેરે પ્રભુગુણોની સ્તુતિ એ પ્રભુની સ્તુતિ છે. જેમ કે -

**'જેના ગુણોના સિંધુના બે બિંદુ પણ જાણું નહિ...'**

**'નિઃસંગતા વિહંગશી જેનો અમૂલખ ગુણ છે...'**

**'જે પૂર્ણ કેવળજ્ઞાન લોકાલોકને અજવાળતું...'**

ઉપરોક્ત સ્તુતિમાં પ્રભુના આત્મગુણોની સ્તવના કરવામાં આવેલ છે. તેથી તે પ્રભુની નૈશ્ચયિક સ્તુતિ કહેવાય. પોતાની ભૂમિકાને ખ્યાલમાં રાખીને અરિહંતની સ્તુતિ-સ્તવના આત્માર્થીએ કરવાની છે.

### ❖ ઉપચાર અનુચિત નથી ❖

**(मुख्या.)** 'જિનેશ્વર' શબ્દનો મુખ્ય અર્થ જિનેશ્વરના દેહમાં બાધિત છે - આવી નિશ્ચયનયની વાત સાચી છે. તેમ છતાં પણ જિનભક્તિ વગેરેના આશયથી પ્રભુશરીરની સ્તુતિ કરવામાં આવે છે. આ ઉમદા પ્રયોજન હાજર હોવા ઉપરાંત જિનદેહ અને જિનેશ્વર વચ્ચે પરસ્પર અનુગમ સ્વરૂપ નિમિત્ત પણ હાજર છે. આ બે કારણસર પ્રસ્તુત ઉપચાર = વ્યાવહારિક સ્તુતિ યોગ્ય છે - તેમ વિચારવું. તેથી જ તો **પ્રમાણમીમાંસા** ગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'મુખ્ય અર્થ બાધિત હોય, પ્રયોજન તથા નિમિત્ત હાજર હોય તો ઉપચાર પ્રવર્ત્તે છે.' તેથી નિશ્ચયનયનું મંતવ્ય **સાંભળીને**, વ્યવહારનયની અપેક્ષાએ જીવોએ કરેલી જિનદેહસ્તુતિને સર્વથા મિથ્યા ન સમજવી.

### ❀ પુદ્ગલભિન્નદ્રવ્ય અમૂર્ત્ત છે ❀

**(चतुर्थ.)** બારમી શાખામાં બતાવેલ અમૂર્ત્તત્વ નામના ચોથા વિશેષસ્વભાવને ગ્રહણ કરનાર નયને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા જણાવે છે. પરમભાવને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયના મતે પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો અમૂર્ત્ત સ્વભાવ જ કહેવાય છે. તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં દિગંબર **શુભચંદ્રજી**એ જણાવેલ છે કે 'પરમભાવગ્રાહક નયથી પુદ્ગલ સિવાયના અન્ય દ્રવ્યોનો અમૂર્ત્તસ્વભાવ છે.'

§ લી.(૩)માં 'વિના એવં એ બે પ્રકારે બીજા' પાઠ. ♦ આ.(૧)માં 'પ નઈં' પાઠ.

"जीवः तावत् शक्तिरूपेण शुद्धद्रव्यार्थिकनयेन अमूर्त्ताऽतीन्द्रियज्ञान-सुखस्वभावः" (प्र.सा.५५, ज.वृ.पृ.९५) इति **प्रवचनसारवृत्तौ जयसेनः**। तथापि कर्मबन्धबलेन व्यवहाराद् मूर्त्तत्वमात्मनोऽभ्युपगम्यते। इदमेवाभिप्रेत्य **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण** [1]"वण्ण रस पंच, गंधा दो, फासा अट्ठ णिच्छया जीवे। णो संति अमुत्ति तदो, ववहारा मुत्ति बंधादो।।" (बृ.द्र.स.७) इत्युक्तम्। अत्र "ववहारा मुत्ति = अनुपचरिताऽसद्भूत-व्यवहारान्मूर्त्त" (बृ.द्र.स.७/वृ.पृ.२३) इति **ब्रह्मदेवेन तद्वृत्तौ** व्याख्यातम्।

**धर्मोपदेशमालास्वोपज्ञवृत्तौ** "मूर्त्तो ह्येष अमूर्त्तश्च" (धर्मो.मा.७०/२०/वृ.पृ.२४३) इति **जयसिंहसूरि**वचनम् आत्मनि यथाक्रमम् अनुपचरिताऽसद्भूतव्यवहार-परमभावग्राहकद्रव्यार्थिकनयाऽपेक्षया योजनीयं स्वतन्त्र -समानतन्त्रसमन्वयकामिभिः, "सर्वनयसमूहात्मकत्वाद् जिनमतस्य" (वि.आ.भा.गा.६० वृ.) इति **विशेषावश्यक-भाष्यमलधारवृत्ति**वचनात्।

अत्राऽपि **द्रव्यानुयोगतर्कणायाम्** "असद्भूतव्यवहारे" (द्र.त.१३/८) इत्यादिना दर्शिते श्लोके छन्दो-भङ्गो वर्त्तत इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्तोत्र-स्तुत्यादिना प्राथमिकभूमिकागतजीवानुग्रहाय मूर्त्तस्वभावं

---

(**"जीवः.**) 'પુદ્ગલ સિવાયના દ્રવ્યોમાં સૌપ્રથમ જીવદ્રવ્ય શક્તિસ્વરૂપે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી અમૂર્ત્ત -અતીન્દ્રિયજ્ઞાન-સુખસ્વભાવવાળો છે' - આ પ્રમાણે **પ્રવચનસારવૃત્તિ**માં દિગંબર **જયસેનાચાર્ય** કહે છે. તો પણ કર્મબંધસ્વરૂપ ફળના બળથી વ્યવહારદષ્ટિએ આત્મામાં મૂર્ત્તત્વ માનવામાં આવે છે. આ જ અભિપ્રાયથી **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં **નેમિચંદ્રાચાર્ય**જીએ જણાવેલ છે કે 'પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ નિશ્ચયથી જીવમાં નથી. તેથી જીવ અમૂર્ત્ત છે. કર્મબંધ થતો હોવાથી વ્યવહારથી જીવ મૂર્ત્ત છે.' અહીં વ્યાખ્યાકાર **બ્રહ્મદેવ** 'વ્યવહાર = અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર' - એમ જણાવે છે.

### ✡ શ્વેતાંબર-દિગંબરશાસ્ત્ર સમન્વય ✡

(**धर्मो.**) 'આ જીવ મૂર્ત્ત અને અમૂર્ત્ત છે' - આ પ્રમાણે **ધર્મોપદેશમાલાની સ્વોપજ્ઞવૃત્તિ**માં **શ્રીજયસિંહસૂરિ** મહારાજે જે જણાવેલ છે, તેનું અર્થઘટન આ પ્રમાણે કરવું કે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ આત્મા મૂર્ત્ત છે તથા પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા અમૂર્ત્ત છે. આ પ્રમાણે સ્વતંત્ર = શ્વેતાંબરજૈનદર્શન તથા સમાનતંત્ર = દિગંબરજૈનસંપ્રદાય - આ બંનેનો સમન્વય કરવાની કામનાવાળા આત્માર્થી જીવોએ ઉપર પ્રમાણે યોજના કરવી. કારણ કે 'જિનમત તો સર્વનયોના સમૂહસ્વરૂપ છે' - આ મુજબ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં મલધારી **શ્રીહેમચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે. સર્વ નયોના સમન્વય વિના પૂર્ણ જિનમતનો બોધ જ થતો નથી.

### ❋ છંદભંગ દોષ ❋

(**अत्रा.**) અહીં પણ **દ્રવ્યાનુયોગતર્કણા**માં 'असद्भूतव्यवहारे' ઈત્યાદિરૂપે દેખાડેલ શ્લોકમાં છંદભંગ છે.

### ☫ વ્યવહાર, વ્યવહાર-નિશ્ચય અને નિશ્ચયમાં ઠરીએ ☫

**આધ્યાત્મિક ઉપનય** :- અહીં ટબાના આધારે એવું સૂચિત થાય છે કે પ્રભુના સ્તવન, સ્તોત્રપાઠ,

---

1. वर्णाः रसाः पञ्च, गन्धौ द्वौ, स्पर्शा अष्टौ निश्चयात् जीवे। नो सन्ति अमूर्त्तिः ततः, व्यवहाराद् मूर्त्तिः बन्धतः।।

चेतसिकृत्य जिनेश्वरबाह्यातिशय-वाणीगुणादिगर्भस्तोत्रादिकं व्यवहारनयतः शास्त्रकारैः अकारि। व्यावहारिकस्तवनादौ नेतिकर्तव्यता पर्यवस्यति, नैश्चयिकवीतरागतादिगुणस्तवनादिकमद्याऽपि मम कर्तव्यमित्यवधानकृते 'व्यवहारनयाभिप्रेतमिदं स्तोत्रादिकम्' इत्यवधातव्यं स्तोत्रपाठाद्यवसरे प्राज्ञैः स्वचेतसि। एवं स्वभूमिकानुसारेण प्राज्ञैः प्रभुदेहगुणाद्यनुविद्धात्मगुणसंस्तवगर्भस्तोत्रादिकं पठितव्यम्। परमाऽऽध्यात्मिकभूमिकोपलब्धौ च प्रशान्तचित्तेन केवलवीतरागता-परमनिर्विकारिता-निष्कषायता-निःसङ्गता-निर्मलता-निरालम्बनता-निरुपमता-निर्बन्धदशाद्यात्मगुणगर्भं जिनेश्वरस्तोत्रादिकं तत्तद्गुणोपलब्ध्याशयतः पठनीयम्, यतो द्वौ अपि नयौ विभिन्नभूमिकोचिततत्त्वप्रकाशकारिणौ। तदुक्तं **नमस्कारमाहात्म्ये सिद्धसेनसूरिणा** "निश्चय-व्यवहारौ द्वौ सूर्याचन्द्रमसाविव। इहाऽमुत्र दिवा-रात्रौ सदोद्योताय जाग्रतः।।" (न.मा.२/११) इति। निरन्तरम् आदरपूर्वम् इत्थमर्हद्विशिष्ट-विशुद्धगुणगोचरतात्त्विकरुचिं सम्पाद्य, तत्प्राप्तिसङ्कल्पं दृढीकृत्य, तथाविधगुणप्रापकसाधनापराकाष्ठया सर्वसद्गुणसिद्धिशिखराऽऽरोहणं द्रुतं कार्यम्। ततश्च [1]"अणंतुत्तमसोक्खमोक्खं" (म.नि.१/१११-पृ.१२) इत्येवं **महानिशीथोक्तं** मोक्षं द्रुतं लभते सर्वसद्गुणसिद्धिशिखराऽऽरूढ इत्यवधेयम्।।१३/८।।

---

સ્તુતિ વગેરે બોલતી વખતે નીચલી ભૂમિકાવાળા જીવોને લાભ થાય, પ્રાથમિક કક્ષાના ભક્તોનો પ્રભુભક્તિમાં ઉલ્લાસ-ઉમંગ વધે માટે શાસ્ત્રકાર ભગવંતોએ પ્રભુના મૂર્તસ્વભાવને મનમાં રાખીને બાહ્ય અતિશય, વાણીના પાંત્રીશ ગુણો વગેરેનું વર્ણન સ્તવન, સ્તોત્ર વગેરેમાં કરેલ છે. 'શ્રીજિનેશ્વર ભગવંતની વ્યાવહારિક સ્તવનામાં મારી ઈતિકર્તવ્યતા સમાયેલી નથી. હજુ મારે નિશ્ચયનયસંમત પ્રભુવર્તી વીતરાગતાદિ ગુણોની સ્તવના કરવાની બાકી છે' - ઈત્યાદિ બાબત ખ્યાલમાં રહે તે માટે વ્યવહારનયસંમત તે તે સ્તુતિ, સ્તવન વગેરે બોલતી વખતે પ્રાજ્ઞ જીવોએ 'આ પ્રભુની વ્યવહારનયસંમત સ્તુતિ છે' - આવો આંતરિક ખ્યાલ રાખવો જરૂરી છે. તથા પોતાની ભૂમિકા મુજબ પ્રભુના દેહગુણોની સાથે આત્મગુણોની પ્રશંસાથી ગર્ભિત સ્તુતિ, સ્તવન વગેરે બોલવા જોઈએ. આ રીતે વ્યવહાર-નિશ્ચયનો સમન્વય કરવો. તથા પોતાની ભૂમિકા વિશિષ્ટ રીતે આધ્યાત્મિક ઊંચાઈને પ્રાપ્ત કરે ત્યારે પ્રશાંત ચિત્તે કેવલ વીતરાગતા, પરમ નિર્વિકારિતા, નિષ્કષાયતા, નિઃસંગતા, નિર્મલતા, નિરાલંબનતા, નિરુપમતા (= ઉપમાઅતીતતા), નિર્બંધદશા વગેરે આત્મગુણોથી ગર્ભિત એવી પ્રભુસ્તવના તે તે ગુણોની પ્રાપ્તિના આશયથી કરવી જોઈએ. કારણ કે બેય નય અલગ-અલગ ભૂમિકાને યોગ્ય એવા તત્ત્વને પ્રકાશે છે. તેથી જ **નમસ્કારમાહાત્મ્ય**માં શ્રી**સિદ્ધસેનસૂરિ**જીએ જણાવેલ છે કે 'સૂર્ય અને ચંદ્ર જેમ દિવસ-રાત પ્રકાશ પાથરવા જાગતા છે, તેમ નિશ્ચય અને વ્યવહાર બન્ને નય આ લોકમાં અને પરલોકમાં પ્રકાશ પાથરવા સદા જાગતા રહે છે.' નિરંતર અહોભાવપૂર્વક આ રીતે પ્રભુના વિશિષ્ટ અને વિશુદ્ધ ગુણોની તાત્ત્વિક રુચિ કેળવી, તેની પ્રાપ્તિના સંકલ્પને દૃઢ બનાવી, તથાવિધ ગુણપ્રાપ્તિની સાધનાને જ્વલંત બનાવી સર્વગુણસિદ્ધિના શિખરે વહેલી તકે આરૂઢ થવું જોઈએ. સર્વસદ્ગુણસિદ્ધિના શિખરે આરૂઢ થયેલ સાધક ત્યાર બાદ **મહાનિશીથ**માં જણાવેલ અનંત અને ઉત્તમ એવા સુખવાળા મોક્ષને મેળવે છે. આ બાબત ખ્યાલમાં રાખવી. (૧૩/૮)

---

1. अनन्तोत्तमसौख्यमोक्षम्।

**ઉપચારિઈં પણિ પુદ્ગલિં રે, નહીં અમૂર્ત્તસ્વભાવ;**
**ઉપચરિઈં અનુગમવશિં રે, વ્યવહારિઈં જેહ♦ ભાવો રે ॥૧૩/૯॥ (૨૧૭) ચતુર.**

ચેતનસંયોગઈં દેહાદિકનઈં વિષઈં જિમ ચેતનત્વ ✡પર્યાય ઉપચરિયઈં છઈં, તિમ અમૂર્ત્તત્વ ઉપચરતા નથી. તે માટઈં (**ઉપચારિઈં** =) અસદ્ભૂત વ્યવહારથી **પણિ પુદ્ગલનઈં અમૂર્ત્તસ્વભાવ** (**નહીં** =) ન કહિઈં.

"પ્રત્યાસત્તિદોષઈં અમૂર્ત્તત્વ તિહાં કિમ ન ઉપચરિ ?" તે ♦ઊપરિ કહઈ છઈ –

उक्तमेव दृढयति – '**उपचारादि**'ति।

**उपचारादपि स्यान्न पुद्गले जात्वमूर्त्तता।**
**सम्बन्धादुपचर्यन्ते भावा हि व्यावहारिकाः।।१३/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – उपचारादपि पुद्गले जातु अमूर्त्तता न स्यात्। सम्बन्धाद् व्यावहारिकाः हि भावाः उपचर्यन्ते।।१३/९।।

**उपचारादपि पुद्गले** = पुद्गलत्वावच्छिन्ने **जातु** = कदाचिद् अपि **अमूर्त्तता** = अमूर्त्तस्वभावो **न** = नैव **स्यात्**। तदुक्तम् **आलापपद्धतौ** "पुद्गलस्योपचारादपि नास्ति अमूर्त्तत्वम्" (आ.प.पृ.१५) इति।

***एतेन*** परमार्थतः अचेतनेऽपि देहे यथा चेतनद्रव्यसंयोगात् चेतनस्वभाव उपचर्यते तथा परमार्थतो मूर्त्तेऽपि परमाण्वादिपुद्गले अमूर्त्तधर्मास्तिकायादिद्रव्यसंयोगाद् अमूर्त्तस्वभाव उपचर्यताम् असद्भूतव्यवहारनयानुसारेणेति ***निरस्तम्,***

चेतनद्रव्यसंयोगकृतपर्यायसत्त्वेऽपि अमूर्त्तधर्मास्तिकायादिसंयोगकृतपर्यायविरहादेव पुद्गल-

**અવતરણિકા** :- ઉપર જણાવેલી વાતને જ ગ્રંથકારશ્રી દૃઢ કરે છે :-

**❀ પુદ્ગલમાં ઔપચારિક પણ અમૂર્તતા નથી : દિગંબર ❀**

**શ્લોકાર્થ** :- ઉપચારથી પણ પુદ્ગલ દ્રવ્યમાં ક્યારેય અમૂર્ત્તતા ન હોય. સંબંધવિશેષથી વ્યવહારને યોગ્ય એવા જ સ્વભાવોનો ઉપચાર થાય છે. (૧૩/૯)

**વ્યાખ્યાર્થ** :- ઉપચારથી પણ એકેય પુદ્ગલમાં ક્યારેય પણ અમૂર્ત્તસ્વભાવ નથી જ હોતો. તેથી જ **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'પુદ્ગલમાં ઉપચારથી પણ અમૂર્ત્તત્વ નથી.'

**શંકા** :- (एतेन.) જેમ શરીર પરમાર્થથી અચેતન હોવા છતાં પણ ચેતનદ્રવ્યના સંયોગથી શરીરમાં ચેતનસ્વભાવનો ઉપચાર થાય છે તેમ પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્ય પરમાર્થથી મૂર્ત = રૂપી હોવા છતાં પણ અમૂર્ત્ત એવા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના સંયોગથી અમૂર્ત્તસ્વભાવનો ઉપચાર અસદ્ભૂત વ્યવહાર નયના મત મુજબ થઈ શકે ને ? પુદ્ગલમાં ઔપચારિક અમૂર્ત્તતા માનવામાં શું વાંધો ?

**❀ શરીરમાં અમૂર્ત દ્રવ્યની અસર નથી : દિગંબર ❀**

**સમાધાન** :- (**चेतन.**) ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે શરીર પરમાર્થથી

♦ મ.માં 'જે' પાઠ. કો.(૩+૮)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'પર્યાય' પદ નથી. કો.(૯)+સિ.માં છે. ♦ શાં.માં 'ઉચાર' પાઠ.

द्रव्येऽमूर्त्तत्वोपचाराऽयोगात्।

***न चा***त्मनोऽमूर्त्तत्वेन चेतनद्रव्यसंयोगकृतपर्यायसत्त्वेऽमूर्त्तात्मद्रव्यसंयोगकृतपर्यायसत्त्वं देहादिपुद्ग-लेषु नैव विरुध्यते इति ***वाच्यम्,***

पुद्गलत्वावच्छिन्ने चेतनद्रव्यसंयोगजनिताः ये पर्यायाः सन्ति तेषु चैतन्यप्रयुक्तत्वसत्त्वेऽपि अमूर्त्तत्वप्रयुक्तत्वविरहात्, अन्यथा देहादौ चैतन्यवद् अमूर्त्तत्वस्यापि स्वारसिकलौकिकव्यवहार आपद्येत।

किञ्च, संसारिदशायामात्मन्यपि असद्भूतव्यवहारेण मूर्त्तत्वमेवाऽस्ति, न त्वमूर्त्तत्वमिति देहादिपुद्गलपर्यायाणां चैतन्यप्रयुक्तत्वेऽपि अमूर्त्तत्वप्रयुक्तत्वाऽसम्भव एव। देहादिपुद्गलानां तदानीं

---

જડ હોવા છતાં પણ ચેતનદ્રવ્યના સંયોગથી શરીરમાં અમુક પ્રકારના પર્યાયો ઉત્પન્ન થાય છે. તેથી તે પર્યાયના લીધે શરીરમાં અસદ્ભૂત વ્યવહારનયથી ચેતનસ્વભાવનો ઉપચાર થઈ શકે છે. શરીરાત્મક પુદ્ગલદ્રવ્યમાં ચેતનદ્રવ્યસંયોગજનિત અમુક પ્રકારના પર્યાય હોવા છતાં પણ અમૂર્ત્ત એવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના સંયોગથી નિષ્પન્ન તથાવિધ પર્યાયો રહેતા નથી. તેથી પુદ્ગલ દ્રવ્યમાં અમૂર્ત્તત્વનો ઉપચાર થઈ શકતો નથી. માટે અસદ્ભૂત વ્યવહારનયના મત મુજબ પણ પુદ્ગલદ્રવ્યમાં ઔપચારિક અમૂર્ત્તત્વ માની શકાતું નથી.

**શંકા** :- **(न चा.)** ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની જેમ આત્મદ્રવ્ય પણ અમૂર્ત્ત જ છે. આત્મદ્રવ્યનો તો પુદ્ગલદ્રવ્યને સંયોગ થઈ શકે છે. તથા આત્મદ્રવ્યના સંયોગથી નિષ્પન્ન પર્યાયો પણ પુદ્ગલદ્રવ્યમાં રહે જ છે. આ વાત તમને પણ માન્ય છે. તેથી અમૂર્ત્ત આત્મદ્રવ્યના સંયોગથી નિષ્પન્ન પર્યાયો દેહાદિ પુદ્ગલદ્રવ્યમાં રહી શકે છે. આવું માનવામાં આગમવિરોધ વગેરે કોઈ દોષ આવતા નથી. તેથી અમૂર્ત્ત આત્મદ્રવ્યના સંયોગથી નિષ્પન્ન પર્યાયના નિમિત્તે પુદ્ગલદ્રવ્યમાં અસદ્ભૂત વ્યવહારનયના મત મુજબ ઔપચારિક અમૂર્ત્તતા માનવામાં શું વાંધો ?

### પુદ્ગલપર્યાય અમૂર્ત્તસ્વભાવપ્રયુક્ત નથી

**સમાધાન** :- **(पुद्गल.)** તમારી વાત કંઈક અંશે સાચી છે. તેમ છતાં પણ પુદ્ગલ દ્રવ્યમાં અમૂર્ત્તતાનો ઉપચાર થઈ શકે તેમ નથી. આનું કારણ એ છે કે કોઈ પણ પુદ્ગલમાં ચેતનદ્રવ્યના સંયોગથી નિષ્પન્ન થયેલા જે જે પર્યાયો રહેલા હોય છે, તે તે પર્યાયોમાં ચૈતન્યપ્રયુક્તત્વ હોવા છતાં પણ અમૂર્ત્તત્વપ્રયુક્તત્વ રહેતું નથી. અર્થાત્ આત્મસંયોગજન્ય પુદ્ગલપર્યાયો ચેતનસ્વભાવપ્રયુક્ત હોવા છતાં પણ અમૂર્ત્તસ્વભાવપ્રયુક્ત નથી. તેથી શરીરાત્મક પુદ્ગલદ્રવ્યમાં ચેતનસ્વભાવનો ઉપચાર થઈ શકે છે, પણ અમૂર્ત્તસ્વભાવનો ઉપચાર થઈ શકતો નથી. જો પુદ્ગલપર્યાયોમાં ચૈતન્યપ્રયુક્તત્વની જેમ અમૂર્ત્તત્વપ્રયુક્તત્વ પણ હોય તો દેહાદિમાં ચૈતન્યની જેમ અમૂર્ત્તત્વનો પણ સ્વારસિક લૌકિક વ્યવહાર થવાની આપત્તિ આવશે. પરંતુ આ વાત તો પ્રત્યક્ષ પ્રમાણથી જ વિરુદ્ધ છે. તેથી પુદ્ગલ દ્રવ્યમાં ઔપચારિક પણ અમૂર્ત્તત્વ માનવું વ્યાજબી નથી.

### સંસારી જીવમાં મૂર્ત્તતા જ છે

**(किञ्च.)** વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે સંસારીદશામાં આત્મામાં પણ અસદ્ભૂત વ્યવહાર નયથી મૂર્ત્તત્વ જ છે, અમૂર્ત્તત્વ નથી. તેથી જ દેહાદિ પુદ્ગલપર્યાયો ચૈતન્યપ્રયુક્ત હોવા છતાં પણ અમૂર્ત્તત્વપ્રયુક્ત તો ન જ સંભવે. ક્યાંય પણ ઔપચારિક અમૂર્ત્તત્વ જોવા નથી જ મળતું. વળી, ત્રીજી

चक्षुर्ग्राह्यत्वेनाऽमूर्त्तत्वप्रत्ययबाधादपि पुद्गलद्रव्येऽसद्भूतव्यवहारनयादपि अमूर्त्तस्वभावो नोच्यते लोके। ततश्चाऽमूर्त्तस्वभावप्रयुक्तः कोऽपि पुद्गलपर्यायो नास्तीति मन्तव्यम्। अन्यथा देहादौ सर्वदैवाऽमूर्त्तत्वं व्यवह्रियेत सर्वत्राऽविगानेन।

***एतेन*** अमूर्त्तात्मद्रव्यसंयोगविशेषलक्षणप्रत्यासत्तिवशादेव मिथ्यात्वादिदोषात् चैतन्यमिव अस्मदीय-देहादिपुद्गलेष्वेवाऽमूर्त्तत्वमुपचर्यतामिति ***निरस्तम्,***

शास्त्र-लोकबाधात्। न हि केनाऽपि अस्मदीयं शरीरादि अमूर्त्तत्वेन व्यवह्रियते प्रतीयते वा, रूपाद्युपलब्धेः। प्रकृते "मूर्त्तस्य भावो मूर्त्तत्वं रूपादिमत्त्वम्, अमूर्त्तस्य भावोऽमूर्त्तत्वं रूपादिरहितत्वम्"

---

મહત્ત્વની વાત એ છે કે દેહાદિ પુદ્ગલોમાં અમૂર્ત્ત એવા આત્માદિદ્રવ્યનો સંયોગ હોય ત્યારે તે દેહાદિ પુદ્ગલો ચક્ષુગ્રાહ્ય જ છે. અમૂર્ત્તસંયુક્ત દેહાદિ પુદ્ગલોનું આંખ દ્વારા જ્ઞાન થતું હોવાના કારણે તેમાં અમૂર્ત્તત્વની ઔપચારિક પ્રતીતિ બાધિત થઈ જાય છે. તેથી પુદ્ગલ દ્રવ્યમાં અસદ્ભૂત વ્યવહારનયથી પણ લોકો અમૂર્ત્તસ્વભાવ કહેતા નથી. આમ 'અમૂર્ત્તસ્વભાવપ્રયુક્ત કોઈ પણ પુદ્ગલપર્યાય નથી' - તેવું માનવું જોઈએ. જો કોઈ દેહાદિ પુદ્ગલપર્યાયો આત્મદ્રવ્યના અમૂર્ત્તસ્વભાવથી પ્રયુક્ત હોય તો અમૂર્તસ્વભાવપ્રયુક્ત પર્યાયો દેહાદિમાં હાજર હોવાથી દેહાદિમાં સર્વદા અમૂર્ત્તત્વનો વ્યવહાર નિર્વિવાદરૂપે થવાની આપત્તિ આવશે. પરંતુ આવું તો કોઈને પણ માન્ય નથી. તેથી પુદ્ગલમાં ઔપચારિક અમૂર્ત્તતા માનવી વ્યાજબી નથી.

### ❈ આપણા શરીરાદિમાં અમૂર્ત્તતાનો આક્ષેપ ❈

**શંકા** :- (एतेन.) પુદ્ગલમાત્રમાં ધર્માસ્તિકાય વગેરે અમૂર્ત્ત દ્રવ્યોનો સંયોગ રહેલો છે - એ તમારી વાત સાચી છે. પરંતુ શરીર વગેરેના પુદ્ગલોમાં જેવા પ્રકારનો આત્મસંયોગ રહેલો છે તેવા પ્રકારનો ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો સંયોગ કોઈ પણ પુદ્ગલદ્રવ્યમાં રહેતો નથી. આત્મા જે રીતે દેહાદિ પુદ્ગલો સાથે એકમેક થયેલો છે તે રીતે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો શરીર સાથે એકમેક થયેલા નથી. તેથી અમૂર્ત્ત આત્મદ્રવ્યના વિશેષ પ્રકારના સંયોગસ્વરૂપ સંબંધના નિમિત્તે મિથ્યાત્વાદિ દોષના કારણે ચૈતન્યનો જેમ દેહાદિ પુદ્ગલોમાં ઉપચાર થાય છે, તેમ આપણા દેહાદિ પુદ્ગલોમાં જ અમૂર્ત્તદ્રવ્યનો પણ અસદ્ભૂત વ્યવહારનયથી ઉપચાર થવો જોઈએ. તેથી ઘટ-પટાદિમાં અમૂર્ત્તપણાનો ઔપચારિક વ્યવહાર થવાની આપત્તિને અવકાશ રહેશે નહિ. ફક્ત આપણા શરીર વગેરેમાં જ અમૂર્ત્તતાનો ઔપચારિક વ્યવહાર થશે.

### ❖ વ્યવહારયોગ્ય સ્વભાવોનો જ ઉપચાર થાય ❖

**સમાધાન** :- (शास्त्र.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે શરીરને અરૂપી માનવામાં શાસ્ત્રનો બાધ છે તથા લોકવ્યવહારનો પણ બાધ છે. કોઈ પણ માણસ મિથ્યાત્વાદિ દોષના લીધે જેમ શરીર વગેરેનો ચેતન તરીકે વ્યવહાર કરે છે, તેમ શરીરનો અમૂર્ત્ત તરીકે વ્યવહાર કરતો નથી. તથા કોઈને પણ આપણા શરીરની અમૂર્ત્તરૂપે પ્રતીતિ પણ થતી નથી. કારણ કે તેમાં રૂપ વગેરે ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુતમાં **આલાપપદ્ધતિ**ની પૂર્વોક્ત (૧૧/૨) એક વાત અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'મૂર્ત્તનો

♦**અનુગમવશિં** એક સંબંધ ●જોડતા દોષઇં⁸ **જેહ સ્વભાવ વ્યવહારિઈં** તે **ઉપચરિઈં** પણિ સર્વ ધર્મનો ઉપચાર ન હોઈ.

**तथा च 'आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमस्तीत्यारोपः' इति न्यायोऽत्राऽऽश्रयणीयः, इति भावः ॥१३/९॥**

(आ.प.पृ.१९) इति पूर्वोक्तम् (११/२) **आलापपद्धतिवचनमनुसन्धेयम्**। तथा च शरीरादौ रूपाद्युपलब्धेः कथममूर्त्तत्वव्यवहारः स्यात् ? **सम्बन्धाद्** = अन्योन्यानुगमपरिणामवशाद् **व्यावहारिकाः** = व्यवहारयोग्या **हि** = एव **भावाः** = स्वभावा **उपचर्यन्ते**, न तु सर्वे एव।

***अनेन*** अन्योन्यानुगमपरिणामवशाद् मिथ्यात्वादिदोषतः यथा देहादौ आत्मगतं चैतन्यमुपचर्यते तथा अमूर्त्तत्वमुपचर्यताम्, उपचारनिमित्ताऽविशेषाद् इति ***निराकृतम्,***

"आरोपे सति निमित्ताऽनुसरणात्, न तु निमित्तमस्तीति आरोपः" (किर.पृ.१११ सादृश्या.) इति **किरणावल्याम् उदयनोक्तस्य** न्यायस्याऽत्र जागरूकत्वात्।

---

ભાવ = પરિણામ તે મૂર્ત્તતા. આ મૂર્ત્તતા રૂપાદિમત્ત્વસ્વરૂપ છે. તથા અમૂર્ત્ત દ્રવ્યનો ભાવ = પરિણામ એટલે અમૂર્ત્તતા. રૂપાદિશૂન્યતા એટલે અમૂર્ત્તતા.' તેથી શરીરમાં રૂપ-રસાદિ જણાવાથી તે કઈ રીતે અમૂર્ત્ત તરીકે વ્યવહાર્ય બને ? દ્રવ્યનો પરસ્પર = એકબીજામાં અનુગમ = અનુવેધ (= એકમેકપણું) થવા સ્વરૂપ પરિણામના લીધે વ્યવહાર કરવા યોગ્ય એવા જ સ્વભાવનો ઉપચાર થાય. બધા જ સ્વભાવોનો ઉપચાર ન થાય. તેથી શરીર અને આત્મા એકબીજા સાથે એકમેક થવા છતાં શરીરમાં આત્મગત ચૈતન્યસ્વભાવનો ઉપચાર થાય છે. પણ અમૂર્ત્તત્વસ્વભાવનો ઉપચાર થતો નથી. કેમ કે પરસ્પરઅનુગમસ્વરૂપ પરિણામના આધારે ઉપચાર કરવા યોગ્ય સ્વભાવ ચૈતન્ય છે, અમૂર્ત્તત્વ નથી.

**શંકા** :- (अनेन.) અન્યોન્ય અનુગમસ્વરૂપ પરિણામના આધારે મિથ્યાત્વાદિ દોષના લીધે જેમ શરીર વગેરેમાં આત્મગત ચૈતન્યનો ઉપચાર થાય છે, તેમ આત્મગત અમૂર્ત્તત્વનો પણ ઉપચાર ભલે ને થાય ! કારણ કે ઉપચારમાં નિમિત્ત બનનાર અન્યોન્ય અનુગમસ્વરૂપ નિમિત્ત તો સમાન જ છે. ઉપચારનિમિત્તમાં કોઈ વિશેષતા ન હોવાથી એક સ્વભાવનો ઉપચાર થાય અને બીજા સ્વભાવનો ઉપચાર ન થાય - આવું શા માટે ?

### ક્ર નિમિત્ત હોવા માત્રથી આરોપ ન થાય ક્ર

**સમાધાન** :- ("आरोपे.) તમારી દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે 'એક વસ્તુનો બીજી વસ્તુમાં ઉપચાર થતો હોય તો ત્યાં કોઈક નિમિત્ત હોવું જોઈએ. કોઈક નિમિત્તને અનુસરીને તેવા પ્રકારનો આરોપ પ્રસિદ્ધ થયેલ હોવો જોઈએ. આ પ્રમાણે માનીને વિદ્વાનો પ્રસિદ્ધ ઉપચારસ્થલમાં નિમિત્તને શોધી કાઢે છે. પરંતુ આરોપનું નિમિત્ત હોય એટલા માત્રથી શિષ્ટ લોકો આરોપ કરવા માંડતા નથી' - આ પ્રમાણે પ્રાચીન નૈયાયિક **ઉદયનાચાર્યે કિરણાવલી** ગ્રંથમાં જણાવેલ છે. ઉદયનાચાર્યપ્રદર્શિત નિયમ

---

♦ મો.(૨)માં 'અનુગમ્યવૃત્ત્ય' - અશુદ્ધ પાઠ. ● સિ.+શાં.માં 'સંબંધ જોડતાં' પાઠ. તથા મ.માં 'સબંધ દોષઈં' પાઠ. ⁸ શાં.માં 'દોષઇ' પાઠ નથી. લી.(૨+૩+૪)માં છે. ✻ પુસ્તકોમાં '**त्तमुररीकृत्या...**' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

"सिद्धे व्यवहारे निमित्तानुसरणात्। न च स्वेच्छाकल्पितेन निमित्तेन लोकव्यवहारनियमनम्, अव्यवस्थया लोकव्यवहारविप्लवप्रसङ्गाद्" (न्या.कु.४/१ वृ.पृ.२२५) इति **न्यायकुसुमाञ्जलिस्वोपज्ञवृत्तौ उदयनो**क्तिः अपि अत्र न विस्मर्तव्या। न हि परस्परानुवेधलक्षणम् उपचारनिमित्तम् अवलम्ब्य केनाऽपि विज्ञेन शरीरादौ चैतन्यवद् अमूर्त्तत्वम् उपचर्यते, निष्प्रयोजनत्वात्। प्रयोजनविरहे तूपचारप्रवृत्त्ययोगात्। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "मुख्याऽभावे सति प्रयोजने निमित्ते चोपचारः प्रवर्त्तते। न चैवमुपचारे किञ्चित् प्रयोजनमस्ति" (वि.आ.भा. २८१ वृ.) इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – उदात्तप्रयोजनसत्त्वे कञ्चिद् निमित्तविशेषमाश्रित्य शिष्टाः एकद्रव्यगुणम् अपरद्रव्ये उपचरन्ति, न तु उपचारनिमित्तास्तित्वमात्रेण। न हि मुखगतकृष्णतिलोपलम्भमात्रेण 'तव मुखं शशिवद् भासते' इत्युपचर्य परकीयमुखं कलङ्कितमिति ज्ञापयन्ति शिष्टाः। न ह्यनुपयोगतः घट-कुड्याद्यास्फालनमात्रेण 'अन्धोऽयमि'त्युपचरन्ति वृद्धाः।

---

જીવતો જાગતો હોવાથી અહીં પણ લાગુ પડે છે.

## ✡ ઉપચારનિયમન વિચાર ✡

("**सिद्धे.**) તે જ રીતે **ઉદયનાચાર્યે ન્યાયકુસુમાંજલિસ્વોપજ્ઞવૃત્તિ**માં જે જણાવેલ છે, તે પણ અહીં ભૂલવા જેવું નથી. ત્યાં જણાવેલ છે કે 'વ્યવહાર પ્રસિદ્ધ હોય તો જ નિમિત્તનું અનુસરણ કરવામાં આવે. પરંતુ પોતાની ઈચ્છાથી કલ્પેલા નિમિત્તથી લોકવ્યવહારનું નિયમન કરવું યોગ્ય નથી. કારણ કે તેમ કરવામાં કોઈ જાતની વ્યવસ્થા = મર્યાદા જ ન રહેવાના કારણે પ્રસિદ્ધ લોકવ્યવહારનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે.' આ બન્ને કથનના આધારે પ્રસ્તુતમાં કહેવાનો આશય એ છે કે શરીર વગેરેમાં આત્મગત ચૈતન્યનો ઉપચાર શિષ્ટ લોકો કરે છે. તેથી પ્રસિદ્ધિ પ્રમાણે ઉપચારનું કોઈક નિમિત્ત હોવું જોઈએ. તે નિમિત્ત શરીરનો અને આત્માનો પરસ્પર અનુવેધ જ છે. આવું શાસ્ત્રજ્ઞ પુરુષોએ શોધી કાઢેલ છે. જેમ ઉપચારનું નિમિત્ત હાજર હોવાથી શરીરમાં આત્મગત ચૈતન્યનો ઉપચાર થાય છે તેમ શરીરમાં આત્મગત અમૂર્ત્તત્વનો પણ ઉપચાર શિષ્ટ લોકો શરૂ કરતા નથી. કારણ કે તેઓએ તેવો ઉપચાર કરવામાં કોઈ પ્રયોજન જોયું નથી. તથા પ્રયોજન વિના તો ઉપચારની પ્રવૃત્તિ કરી જ ન શકાય. તેથી તો **વિશેષાવશ્યકભાષ્ય-મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે "મુખ્ય પદાર્થ ગેરહાજર હોય ત્યારે પ્રયોજન અને નિમિત્ત વિદ્યમાન હોય તો ઉપચાર પ્રવર્ત્તે છે. શરીરાદિમાં અમૂર્ત્તતા વગેરેનો ઉપચાર કરવામાં તો કોઈ પ્રયોજન જ નથી." તેથી શરીરાદિમાં અમૂર્ત્તતાદિનો ઉપચાર કરવો યોગ્ય નથી. આ બાબતની વિદ્વાનોએ વિભાવના કરવી.

## ❋ કર્મબંધજનક - પરપીડાકારક ઉપચારને છોડીએ ❋

**આધ્યાત્મિક ઉપનય**:- ટબા મુજબ અહીં એવું ફલિત થાય છે કે કોઈક ઉમદા પ્રયોજન હાજર હોય ત્યારે શિષ્ટ પુરુષો કોઈક નિમિત્ત વિશેષને આશ્રયીને એક વસ્તુના ગુણધર્મનો બીજી વસ્તુમાં આરોપ કરે છે. પરંતુ ઉપચારનિમિત્ત હાજર હોવા માત્રથી શિષ્ટ પુરુષો કાંઈ ઉપચાર કરતા નથી. દા.ત. કોઈકના મોઢા ઉપર કાળો તલ કે ડાઘ જોઈને 'તમારું મોઢું ચંદ્ર જેવું લાગે છે' - આવો ઉપચાર કરીને 'સામેની વ્યક્તિનું મોઢું કલંકિત છે' - તેવું શિષ્ટ પુરુષો જણાવતા નથી. કોઈક માણસ અનુપયોગથી

***यदि*** च [1]"तेणं चोरेत्ति नो वए" (द.वै.७/१२) इत्युक्त्या **दशवैकालिके** स्तेनस्याऽपि स्तेनतया व्यवहार्यता नाऽभिप्रेता, तथाव्यवहारेण स्वपरिणामकर्कशत्व-परपीडाद्यापत्तेः ***तर्हि*** अनन्धस्य अन्धत्वारोपेण स्वपरिणामकार्कश्याद्यापादनं कस्य आत्मार्थिनः अभिमतं स्यात् ? ततश्च कञ्चिदपि निमित्तविशेषमवलम्ब्य प्रयोजनविशेषोपस्थितौ औपचारिकवाक्यप्रयोगकरणे दर्शितावधानपरायणतया भाव्यम्। यथाकथञ्चिदुपचारकरणे विभावदशा वर्धेत। तादृशाऽसद्भूतव्यवहारनयज्ञानं हि मत्यान्ध्यतया मतम्। यथोक्तं **ज्ञानसारे** "स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते। ध्यान्ध्यमात्रमतस्त्वन्यद्" (ज्ञा. सा.५/३) इति भावनीयम्।

तथा प्रयोजनविशेषे सति चेतनसंयोगविशेषवशाद् देहादौ चेतनत्वोपचारेऽपि तदीयाऽचेतनत्वं न विस्मर्तव्यम्, अन्यथा मिथ्यात्वदार्ढ्यं न दुर्लभम्। स्वं विस्मृत्य परजिज्ञासा मिथ्यात्वं वर्धयति। परचिकीर्षा हि कषायम् उपोद्बलयति। परबुभुक्षा च विषयतृष्णां जनयति। एतत्त्रितयबलेन च

ઘડો, દીવાલ કે ખુરશી વગેરે સાથે અથડાઈ જાય એટલા માત્રથી 'આ આંધળો છે' - આવો આરોપ ડાહ્યા માણસો કરતા નથી.

### ❖ સ્વપરિણામની કર્કશતા ત્યાજ્ય ❖

**(यदि.)** કાણાને પણ કાણો કહેવાની કે ચોરને પણ ચોર કહેવાની **દશવૈકાલિક**શાસ્ત્રકાર ના પાડે છે. કારણ કે તેવું બોલવામાં આપણા પરિણામ કઠોર થાય છે તથા બીજાને દુઃખ થાય છે. જો ઉપર મુજબ શાસ્ત્રકાર જણાવતા હોય તો પછી જે માણસ વાસ્તવમાં અંધ ન હોય તેનામાં અંધ તરીકેનો આરોપ કરીને પોતાના પરિણામને કઠોર બનાવવાની ભૂલ કોઈ પણ આત્માર્થી જીવ કઈ રીતે કરી શકે ? તેવું તેને કઈ રીતે પસંદ હોય ? તેથી કોઈ પણ વિશેષ પ્રકારના નિમિત્તનું અવલંબન કરીને વિશેષ પ્રકારનું પ્રયોજન ઉપસ્થિત થતાં ઔપચારિક ભાષાનો પ્રયોગ કરતી વખતે ઉપરોક્ત સાવધાની પ્રત્યેક આત્માર્થી જીવે ખાસ કેળવવા જેવી છે. આડેધડ ઉપચાર કરવામાં આવે તો વિભાવદશા જ વધે. વિભાવદશાવર્ધક બને તેવું અસદ્ભૂતવ્યવહારનયગોચર જ્ઞાન એ તો બુદ્ધિના અંધાપા સ્વરૂપે જ માન્ય છે. આ અંગે **જ્ઞાનસાર**ની વાત વાગોળવા જેવી છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'આત્મસ્વભાવની જેનાથી પ્રાપ્તિ થાય તેવા સંસ્કારનું (= તેવી પરિણતિનું) કારણ બને તેવું જ્ઞાન માન્ય છે. એ સિવાયનું બીજું જ્ઞાન તો મતિનો અંધાપો જ છે.'

### ❁ ...તો મિથ્યાત્વ-કષાય-વિષય ટળે ❁

**(तथा.)** તેમજ વિશેષ પ્રકારનું પ્રયોજન ઉપસ્થિત થતાં, ચેતનદ્રવ્યના વિલક્ષણ સંયોગના લીધે, શરીરાદિમાં ચેતનત્વનો આરોપ-ઉપચાર-વ્યવહાર કરવો પડે ત્યારે પણ 'શરીર પરમાર્થથી અચેતન છે' - આ વાત ભૂલાવી ના જોઈએ. બાકી મિથ્યાત્વને દૃઢ થતાં વાર ન લાગે. ખરેખર પોતાની જાતને વીસરીને પરને જાણવાની ઈચ્છા મિથ્યાત્વને વધારે છે. પરને કરવાની ઈચ્છા કષાયનું જ પોષણ કરે છે. પરને માણવાની અભિલાષા (= ભોગવવાની રુચિ) વિષયતૃષ્ણાને પેદા કરે છે. આ ત્રણેયના બળથી

1. स्तेनं चौर इति नो वदेत्।

संसाराभिवृद्धिः, एतत्त्रितयविजयेन चापवर्गमार्गगतिः। ततश्च मुमुक्षुणा परजिज्ञासा-चिकीर्षा -बुभुक्षागोचरचित्तवृत्तिप्रवाहविश्रान्तिः कर्तव्या। इत्थं बहिर्मुखता-कर्तृत्व-भोक्तृत्वपरिणतिविलयेन मिथ्यात्व -कषाय-विषयतृष्णोच्छेदतः [1]"अरूविणो जीवघणा, नाण-दंसणसण्णिया। अतुलं सुहं संपत्ता, उवमा जस्स नत्थि उ।।" (उत्त. ३६/६६) इति **उत्तराध्ययनसूत्रोक्तं** सिद्धसुखं सुलभं स्यात्।।१३/९।।

તો સંસાર વધે છે. તથા આ ત્રણેયને જીતવાથી મોક્ષમાર્ગમાં ગતિ-પ્રગતિ થાય છે. તેથી કર્મથી મુક્ત થવાની ઈચ્છાવાળા જીવે પરતત્ત્વને જાણવાની, કરવાની, ભોગવવાની ઈચ્છાસંબંધી પોતાની ચિત્તવૃત્તિના પ્રવાહને વિશ્રાંતિ આપવી જોઈએ, વિદાય આપવી જોઈએ. આ રીતે પરને જાણવાની ઉત્કંઠા રવાના થવાથી બહિર્મુખતાની પરિણતિ ટળે તથા તેના લીધે મિથ્યાત્વનો ઉચ્છેદ થાય. પરને કરવાની ઈચ્છા જવાથી કર્તૃત્વપરિણામ વિદાય લે અને તેથી કષાય ટળે. તેમજ પરને ભોગવવાની અભિલાષા નિવૃત્ત થવાના લીધે ભોક્તૃત્વપરિણતિનો વિલય થાય છે અને તેનાથી વિષયતૃષ્ણાનો ઉચ્છેદ થાય છે. તેના બળથી સિદ્ધસુખ સુલભ બને. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં સિદ્ધાત્માનું સુખ જણાવતા કહેલ છે કે 'અરૂપી, નક્કરઆત્મપ્રદેશવાળા, જ્ઞાન-દર્શનઉપયોગવાળા સિદ્ધાત્માઓ એવા અતુલ સુખને પામેલા છે કે જેની ઉપમા નથી.' (૧૩/૯)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસના એક જાતના માનસિક ભારબોજ છે.**
  **ઉપાસના ભારવિહીન ગુણસમૃદ્ધ હળવાશ છે.**
- **વાસનાને જગતસુધારણામાં રસ છે.**
  **ઉપાસનાને જાતસુધારણામાં રસ છે.**
- **વાસના દુઃખનો સામનો કરવા સજ્જ છે.**
  **ઉપાસના દુઃખનો સ્વીકાર કરવા તત્પર છે.**
- **વાસનાને શોધમાં તાલાવેલી છે.**
  **ઉપાસનાને બોધમાં રુચિ છે.**
- **વાસનાનું આપઘાતી વલણ છે.**
  **ઉપાસનાનું વલણ અમરજીવનને સન્મુખ છે.**
- **પેટવિદ્યાથી અને પૈસાવિદ્યાથી વાસના ખુશ થાય છે.**
  **પરલોકવિદ્યાથી અને પરમાત્મવિદ્યાથી ઉપાસના તૃપ્ત છે.**

1. अरूपिणो जीवघनाः, ज्ञान-दर्शनसंज्ञिताः। अतुलं सुखं सम्प्राप्ताः, उपमा यस्य (येषां) नास्ति तु।।

**એ ભાવિં સંમતિ ભણિઉં રે, અનુગત અર્થ અસેસ;**

**જલ-પય જિમ નવિ વિભજિઈ રે, યાવત્ અંત્ય વિસેસો રે ॥૧૩/૧૦॥ (૨૧૮) ચતુર.**

**એ ભાવિં** = એ અભિપ્રાયઈ, **સમ્મતિ**ગ્રંથમાંહિં (**ભણિઉં**=) કહિઉં છઇં, જે **અનુગત** અત્યંત સંબદ્ધ, **અશેષ** કહિતાં સર્વ, **અર્થ જલ-પય જિમ** = ખીર-નીર♦ પરિં, **વિભજિઈ નહીં** = પૃથક્ કરિઈં નહીં. કિહાં તાંઇ ? (**યાવત્**) **અંત્ય વિશેષઈ** = અંત્ય વિશેષતાંઇ✡ શુદ્ધ પુદ્ગલ-જીવ લક્ષણઈ વિભજિયઈ.

प्रकृते प्राचां सम्मतिमावेदयति – '**इत्येवमि**'ति।

**इत्येवं सम्मतावुक्तमर्थो ह्यनुगतोऽखिलः।**

**विभाज्यो न पयोऽम्भोवद् यावदन्त्यविशेषताम्।।१३/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इत्येवं सम्मतौ उक्तं (यदुत) पयोऽम्भोवद् अखिलः हि अनुगतः अर्थः अन्त्यविशेषतां यावद् न विभाज्यः।।१३/१०।।

**इत्येवं** = दर्शिताऽभिप्रायेण **सम्मतौ** = **सम्मतितर्क**ग्रन्थे **सिद्धसेनदिवाकरसूरि**भिः **उक्तं** यदुत **अखिलः** = सर्वः देहात्मादिः **अर्थः** = पदार्थः **अनुगतः** = अत्यन्तसम्बद्धः **पयोऽम्भोवत्** = क्षीर-नीरवद् **न हि** = नैव **विभाज्यः** = पृथक्कार्यः। 'हि' प्रकृतेऽवधारणार्थे "हि विशेषेऽवधारणे। हि पादपूरणे हेतौ" (वि.लो. अव्ययवर्ग-८४) इति **विश्वलोचने धरसेन**वचनात् प्रदर्शितः।

***अथ*** परमार्थतो मिथो विभिन्नोऽपि देहात्मादिपदार्थः कियावद् नैव पृथक् कार्यः ?

***उच्यते***, **अन्त्यविशेषतां** = पुद्गल-जीवशुद्धलक्षणात्मकाऽन्त्यविशेषस्वभावं **यावत्**। अनुगत-

**અવતરણિકા** :- પ્રસ્તુતમાં પ્રાચીન શાસ્ત્રકારોની સંમતિને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**❋ અત્યંત સંબદ્ધ પદાર્થનું વિભાજન ન થાય : સંમતિકાર ❋**

**શ્લોકાર્થ** :- આ અભિપ્રાયથી **સંમતિતર્ક**માં જણાવેલ છે કે 'દૂધ અને પાણીની જેમ તમામ અનુગત અર્થનો અંતિમ વિશેષસ્વભાવ ન આવે, ન જણાય ત્યાં સુધી તેનું વિભાજન ન જ કરવું. (૧૩/૧૦)

**વ્યાખ્યાર્થ** :- ઉપર જણાવેલ અભિપ્રાયથી **સંમતિતર્ક** નામના ગ્રંથમાં **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજે જણાવેલ છે કે દૂધ અને પાણી જેમ એકબીજાની સાથે અત્યંત સંકળાયેલા છે, તેમ જે પદાર્થો એકબીજા સાથે અત્યંત સંકળાયેલા હોય તે તમામ પદાર્થને પરસ્પર વિભક્તસ્વરૂપે ન જ જણાવવા. મૂળ શ્લોકમાં રહેલ જે 'हि' શબ્દ અવધારણ = જકાર અર્થમાં અહીં બતાવેલ છે, તે '(૧) વિશેષ, (૨) અવધારણ, (૩) પાદપૂર્તિ, (૪) હેતુ - આ અર્થમાં 'हि' શબ્દ વપરાય છે' - આ મુજબ **વિશ્વલોચનકોશ**કાર **ધરસેન**જીના વચનને અનુસરીને બતાવેલ છે.

**શંકા** :- (अथ.) પરમાર્થથી દેહ, આત્મા વગેરે જુદા હોવા છતાં એકબીજાથી પૃથક્ સ્વરૂપે તેઓનો વ્યવહાર ક્યાં સુધી ન કરવો ?

**સમાધાન** :- (उच्य.) દેહાદિસ્વરૂપ પુદ્ગલ, આત્મા વગેરેના જ્યાં સુધી ગ્રહણ-ઉપયોગાદિ શુદ્ધલક્ષણ

♦ આ.(૧)માં 'દૂધ પાણી' પાઠ. ✡ પુસ્તકોમાં 'વિશેષઈ' પાઠ. કો.(૯)+આ.(૧)નો પાઠ લીધો છે.

**यथा - "औदारिकादिवर्गणानिष्पन्नाच्छरीरादेर्ज्ञानघनाऽसंख्येयप्रदेश आत्मा भिन्नः" इति। अत्र गाथा - [1]अण्णोण्णाणुगयाणं 'इमं व तं व' त्ति विभयणमजुत्तं। जह दुद्ध-पाणियाणं जावंत विसेसपज्जाया।। (स.त.१.४७) इति ॥१३/१०॥**

पदार्थभेदः अन्त्यविशेषात् पूर्वं न कार्यः, अन्त्यविशेषधर्मोपलब्धौ तु कार्य इति भावः। यथा 'जीवच्छरीरात् संसारी सत्त्वः भिन्नः' इति देहिनमुद्दिश्य व्यवहारो न युज्यते, पुद्गलात्मनोरन्त्यविशेषानुल्लेखात्। अन्त्यविशेषोपलब्धौ तु 'अनन्तपरमाणुघटितौदारिकादिवर्गणानिष्पन्नात् शरीरादेः ज्ञानघनाऽसङ्ख्येयप्रदेशः आत्मा भिन्नः' इति आत्मानम् उद्दिश्य व्यवहरणं युज्यते।

तदुक्तं **सम्मतितर्के** [1]"अण्णोण्णाणुगयाणं 'इमं व तं व'त्ति विभयणमजुत्तं। जह दुद्ध-पाणियाणं जावंत विसेसपज्जाया।।" (स.त.१/४७) इति पूर्वोक्तम् (१३/६) अत्रानुसन्धेयम्। **अभयदेवसूरिकृतव्याख्या** तु एवम् "अन्योऽन्याऽनुगतयोः = परस्परा-ऽनुप्रविष्टयोः आत्म-कर्मणोः 'इदं वा तद् वा' इति 'इदं कर्म, अयम्

સ્વરૂપ અંતિમ વિશેષસ્વભાવ ન આવે, ન જણાય ત્યાં સુધી તેઓને એકબીજાથી જુદા ન જ પાડવા. અંત્ય વિશેષસ્વભાવ મળે તો દરેક પદાર્થને જુદા પાડવા. અંતિમ વિશેષ વડે શરીર અને આત્મા બન્ને ભિન્ન છે - તેવો વ્યવહાર થઈ શકે છે. 'જીવંત શરીરથી સંસારી જીવ જુદો છે' - આવો વ્યવહાર દેહધારી જીવને ઉદ્દેશીને થઈ ન શકે. કેમ કે ત્યાં પુદ્ગલના અને આત્માના અન્ત્યવિશેષનો ઉલ્લેખ થયેલો નથી. જો અંત્યવિશેષનો ઉલ્લેખ થાય તો વિભક્તવ્યવહાર થઈ શકે છે. જેમ કે 'ઔદારિક આદિ વર્ગણાથી નિષ્પન્ન થયેલ શરીર વગેરેથી આત્મા ભિન્ન છે. કારણ કે આત્મા જ્ઞાનઘન છે, જ્ઞાનથી ઠસોઠસ ભરેલ છે. તથા આત્માના પ્રદેશો = અવયવો અસંખ્ય છે. જ્યારે શરીર પરમાર્થથી જ્ઞાનશૂન્ય છે તથા અનંત પરમાણુઓથી = અવયવોથી નિષ્પન્ન થયેલ છે' - આ પ્રમાણે દેહધારી આત્માને ઉદ્દેશીને વ્યવહાર કરવો એ વ્યાજબી છે. કારણ કે ઉપરોક્ત વ્યવહારમાં આત્મા અને શરીરના અંત્ય વિશેષ બતાવાયા છે. આમ અંતિમ = ચરમ વિશેષ લક્ષણો વડે બે પદાર્થમાં ભેદ દર્શાવી શકાય છે.

### ❀ સંસારી જીવ અને કર્મ વચ્ચે અવિભક્ત વ્યવહાર ❀

(तदुक्तं.) **સંમતિતર્ક**માં જણાવેલ છે કે "પરસ્પર અનુગત પદાર્થમાં 'આ તે જ છે' અથવા 'આ આ જ છે' - આ પ્રમાણે એકબીજાને છૂટા પાડવાનું કાર્ય વ્યાજબી નથી. જેમ કે દૂધ અને પાણીને કોઈ એક ચોક્કસ સ્વરૂપે જણાવવાનું કાર્ય વ્યાજબી નથી. અંતિમ વિશેષપર્યાય પૂર્વે સુધી તેને છૂટા પાડી ન શકાય. (અંત્ય વિશેષની અપેક્ષાએ ભેદ કરી શકાય.)" પૂર્વે (૧૩/૬) આ સંદર્ભ દર્શાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. **અભયદેવસૂરિજી**એ તેની વ્યાખ્યામાં જણાવેલ છે કે "આત્મા અને કર્મ એકબીજામાં વર્તમાન કાળે અત્યંત ભળી ચૂકેલા છે. તેથી કર્મયુક્ત આત્માની અંદર 'આ કર્મ જ છે' અથવા 'આ આત્મા જ છે' - આવો વ્યવહાર કરવો વ્યાજબી નથી. અથવા 'આ કર્મ છે', 'આ આત્મા છે' - આ રીતે વ્યવહાર કરવા દ્વારા સંસારી આત્માને અને કર્મને એકબીજાથી જુદા પાડવા તે વ્યાજબી નથી. કારણ કે આવું વિભાજન = પૃથક્કરણ કરવાનું આપણી પાસે કોઈ પ્રમાણ નથી. તેથી તેવું પૃથક્કરણ અશક્ય

1. अन्योन्यानुगतयोः 'इदं वा तद् वा' इति विभजनम् अयुक्तम्। यथा दुग्ध-पानीययोः, यावन्तः विशेषपर्यायाः (? यावद् अन्त्यविशेषपर्यायान्)।।

आत्मा' इति यद् विभजनं = पृथक्करणं तद् अयुक्तम् = अघटमानकम्, प्रमाणाऽभावेन कर्तुमशक्यत्वात्, यथा दुग्ध-पानीययोः परस्परप्रदेशानुप्रविष्टयोः।

किंपरिमाणो(णामो?)ऽयमविभागः जीव-कर्मप्रदेशयोः ? इति।

आह – यावन्तो विशेषपर्यायाः तावान्। अतः परम् अवस्तुत्वप्रसक्तेः, अन्त्यविशेषपर्यन्तत्वात् सर्वविशेषाणाम्, 'अन्त्य' इति विशेषणान्यथाऽनुपपत्तेः" (स.त.१/४७ वृ.भाग-३, पृष्ठ-४५२) इति। ततश्च जीवच्छरीरेऽनुपचरिताऽसद्भूतव्यवहारनयेन अमूर्त्तता अन्त्यविशेषलक्षणतया व्यावर्तकत्वाद् नैवोपचर्यते तन्न्याय्यमेवेत्यवसीयते।

प्रकृते "जावंत विसेसपज्जाया" (स.त.१/४७) इति विभक्तनिर्देशमङ्गीकृत्य **श्रीअभयदेवसूरिभिः** "यावन्तो विशेषपर्यायाः" (स.त.१/४७/वृ.) इति यदुदलेखि तत्र स्थाने "जावंतविसेसपज्जाया" (स.त. १/४७) इति अविभक्तनिर्देशमङ्गीकृत्य "यावद् अन्त्यविशेषपर्यायान्' इति अर्थघटनं सङ्गच्छतेतराम्,

---

છે. દૂધમાં પાણી નાખવામાં આવે ત્યારે દૂધના અને પાણીના પુદ્ગલો એકબીજામાં ભળી જાય છે. તેથી ત્યારે જેમ 'આ દૂધ જ છે' અથવા 'આ પાણી જ છે' અથવા 'આ દૂધ છે અને તે પાણી છે' - તેવું પૃથક્કરણ કરી શકાતું નથી, તેમ સંસારદશામાં આત્માનો અને કર્મનો વિભક્ત વ્યવહાર કરી શકાતો નથી. તેથી સંસારી જીવનો અને કર્મપુદ્ગલોનો પરસ્પર અવિભક્ત વ્યવહાર જ વ્યાજબી છે.

**શંકા** :- (किं.) ક્યાં સુધી સંસારી જીવનો અને કર્મ પુદ્ગલોનો પ્રસ્તુત અવિભક્ત વ્યવહાર થાય ?

## ❀ અંત્યવિશેષપર્યાયપર્યન્ત વ્યવહાર વિચાર ❀

**સમાધાન** :- (आह.) જેટલા અવાન્તર વિશેષપર્યાયો હોય ત્યાં સુધી અવિભક્ત વ્યવહાર કરવો. મતલબ કે ચરમ વિશેષપર્યાયની અપેક્ષાએ પદાર્થોમાં વિભક્ત વ્યવહાર કરવો. ત્યાર બાદ પદાર્થોમાં પૃથક્કરણ = વિભાજન જો ન કરવામાં આવે તો વસ્તુ અવસ્તુ બનવાની આપત્તિ આવે. કારણ કે સર્વ વિશેષપર્યાયોના છેડે અન્ત્ય વિશેષ = ભેદક પર્યાય આવે છે. અંત્ય વિશેષપર્યાય બાદ બીજા કોઈ પણ વિશેષપર્યાય = ભેદકસ્વભાવ હોતા નથી. કારણ કે અંત્ય વિશેષપર્યાય પછી પણ બીજા વિશેષપર્યાયનો સ્વીકાર કરવામાં આવે તો તે અંત્ય વિશેષપર્યાયનું 'અંત્ય' એવું વિશેષણ અસંગત થવાની આપત્તિ આવે." આ પ્રમાણે **અભયદેવસૂરિ** મહારાજે જણાવેલ છે. આમ અંત્યવિશેષ વ્યાવર્તક બને છે. આથી અંત્યવિશેષનો ઉપચાર ન થાય. અમૂર્ત્તતા એ અંત્યવિશેષસ્વરૂપ વ્યાવર્તકધર્મ હોવાથી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય જીવતા માણસના શરીરમાં અમૂર્ત્તતાનો ઉપચાર નથી કરતો. તે વાત વ્યાજબી જ છે. એવું જણાવવાનું પ્રસ્તુતમાં તાત્પર્ય જણાય છે.

## ❀ સંમતિતર્કવ્યાખ્યાગત પાઠની વિચારણા ❀

**(प्रकृते.)** **સમ્મતિતર્ક**ની પ્રસ્તુત ગાથાની વ્યાખ્યામાં શ્રી**અભયદેવસૂરિ**જીએ 'यावन्तो विशेषपर्यायाः' - આવો જે ઉલ્લેખ કર્યો છે, તેના સ્થાને 'यावद् अन्त्यविशेषपर्यायान्' - આ મુજબ અર્થઘટન કરવું વધુ યોગ્ય છે. તેથી 'जावंत विसेसपज्जाया' - આમ છૂટક નિર્દેશ કરવાના બદલે 'जावंतविसेसपज्जाया' આવો સમાસગર્ભિત નિર્દેશ માન્ય કરવામાં આવે તો અમે ઉપર જણાવેલ સંસ્કૃત પાઠ પ્રાપ્ત થઈ શકે. તેમજ તે મુજબનું અર્થઘટન પણ સંગત થઈ શકે. કારણ કે 'જેટલા પ્રમાણમાં વિશેષપર્યાયો હોય ફક્ત

यतः न केवलं विशेषपर्यायप्रमाणकं विभजनम् अयुक्तम् किन्तु सकलसामान्यपर्यायाऽचरमविशेषपर्यायपरिमाणकमेव विभजनम् अयुक्तम्। 'यावद् अन्त्यविशेषपर्ययान्' इति पाठाऽङ्गीकारे "तावान्" (स.त.१/४७ वृ.) इति अध्याहृतपाठाऽऽवश्यकताऽपि नास्ति, तं विनैव कृत्स्नगाथार्थगोचरनिराकाङ्क्षाऽर्थबोधोपपत्तेरिति भावनीयम्।

तदुक्तम् **अध्यात्मसारे**ऽपि "अन्योऽन्याऽनुगतानां का 'तदेतदि'ति वा भिदा ?। यावच्चरमपर्यायं यथा पानीय-दुग्धयोः।।" (अ.सा.१८/११७) इति। मिथोयुक्तपदार्थानाम् असङ्क्रमः ज्ञानादिस्वलक्षणात्मकाऽन्त्यविशेषपर्यायपुरस्कारेण समर्थितः **ज्ञानसारस्वोपज्ञस्तबके** (१४/७) **यशोविजयवाचकेन्द्रैः** [1]"अण्णोण्णाणुगयाणं..." (स.त.१/४७) इत्यादि**सम्मतितर्क**गाथाऽवलम्बनत इत्यवधेयम्।

***अथ*** कोऽयम् अन्त्यविशेषः ? इति ***चेत्*** ?

अत्र [2]"इय सामन्न-विसेसावेक्खा जावंतिमो भेओ" (वि.आ.भा.२८४) इति **विशेषावश्यकभाष्य**गाथा-

---

તેટલા જ પ્રમાણમાં અન્યોન્યાનુગત પદાર્થોનું વિભજન અયુક્ત છે' - આ મુજબ પદાર્થ માન્ય નથી. હકીકત એ છે કે 'અસ્તિત્વ-પ્રમેયત્વાદિ તમામ સામાન્યપર્યાયો અને દ્રવ્યત્વાદિ તમામ અચરમ વિશેષપર્યાયો જેટલી સંખ્યામાં (પ્રમાણમાં) હોય, તેટલી સંખ્યામાં પરસ્પરમીલિત પદાર્થોનું વિભજન અયુક્ત છે.' વાસ્તવમાં 'અંત્ય વિશેષપર્યાયો સુધી પરસ્પરમીલિત પદાર્થોનું વિભજન યુક્ત નથી' - આવો અર્થ ત્યાં અભિપ્રેત છે. તેથી 'यावद् अन्त्यविशेषपर्यायान्' - આવો પાઠ **સંમતિવ્યાખ્યા**માં ઉપરોક્ત સ્થળે હોય તેવું સંભવે છે. તથા આવો વ્યાખ્યાપાઠ સ્વીકારવાનો બીજો ફાયદો એ છે કે 'तावान्' - આ મુજબ અધ્યાહૃત પાઠને ઉમેરવાની આવશ્યકતા પણ નહિ રહે. તેના વિના જ સમ્મતિતર્કની પ્રસ્તુત સમગ્ર ગાથાનો અર્થબોધ નિરાકાંક્ષપણે સંપન્ન થઈ જશે. આ રીતે અહીં વિદ્વાનોએ ઊંડાણથી વિભાવના કરવી.

(तदु.) **અધ્યાત્મસાર**માં પણ જણાવેલ છે કે "ચરમ પર્યાય (= વિશેષ) સુધી (= પહેલાં), દૂધ અને પાણીની જેમ અન્યોન્ય અનુગત પદાર્થોમાં 'તે કે આ' આવો ભેદ ક્યાંથી સંભવે ?" તે જ રીતે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જ [1]'अण्णोण्णाणुगयाणं..' આ **સમ્મતિતર્ક**ગાથાનું આલંબન લઈને **જ્ઞાનસાર** પ્રકરણના વિદ્યાઅષ્ટકના (૧૪/૭) સ્વોપજ્ઞ **ટબા**માં પરસ્પર મળેલા જીવ-પુદ્ગલાદિ પદાર્થોમાં અસંક્રમનું = વિભિન્નતાનું = વિભાગનું સમર્થન જ્ઞાનાદિ સ્વલક્ષણાત્મક અંત્ય વિશેષપર્યાયને આગળ કરીને જ કરેલ છે. મતલબ કે ત્યાં પણ તેઓશ્રીએ 'यावन्तो विशेषपर्यायाः' આવું અર્થઘટન કરવાના બદલે 'यावद् अन्त्यविशेषपर्यायान्' આ મુજબ સંમતિતર્કગાથાનું વિશ્લેષણ કરીને જ ત્યાં અસંક્રમનું = વિભાગનું સમર્થન કરેલ છે. આ બાબતને વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

**પ્રશ્ન** :- (अथ.) આ અન્ત્યવિશેષ શું છે ?

## ✥ અન્ત્ય વિશેષપર્યાયની ઓળખાણ ✥

**જવાબ** :- (अत्र.) તમારા પ્રશ્નનો જવાબ **વિશેષાવશ્યકભાષ્ય**ની [2]'इय सामन्न-विसेसावेक्खा जावंतिमो भेओ' - આ ગાથાના (૨૮૪) ઉત્તરાર્ધની **વ્યાખ્યા**માં મલધારી **હેમચન્દ્રસૂરિજી** આ મુજબ જણાવે છે

---

1. अन्योऽन्यानुगतानाम्....। 2. इति सामान्य-विशेषापेक्षा यावदन्तिमो भेदः।

शकलस्य **वृत्तौ** "यस्माच्च विशेषात् परतो वस्तुनोऽन्ये विशेषा न सम्भवन्ति, सोऽन्त्यः।

अथवा सम्भवत्सु अपि अन्यविशेषेषु यतो विशेषात् परतः प्रमातुः तज्जिज्ञासा निवर्त्तते सोऽन्त्यः। तम् अन्त्यं विशेषं यावद्" (वि.आ.भा.२८४ म.वृ.पृ.८४) इति श्री**हेमचन्द्रसूरयः** प्राहुः।

ततश्च प्रमेयत्व-सत्त्व-द्रव्यत्वाऽऽत्मत्व-ज्ञान-केवलज्ञानाऽयोगिकेवलज्ञान-सिद्धकेवलज्ञान-प्रथमसमय-सिद्धकेवलज्ञानादीनाम् उत्तरोत्तरविशेषधर्माणाम् अनन्तानाम् आत्मनि सत्त्वेऽपि चैत्रस्य ज्ञानलक्षणव्यावर्त्तकधर्मोपलम्भोत्तरं तदन्यविशेषपर्यायगोचरजिज्ञासाविरहे तं प्रति ज्ञानमेव अन्त्यविशेषपर्यायविधया बोद्धव्यम्। तत्पुरस्कारेण आत्म-कर्मणोः अन्योऽन्यानुगतयोः विभजने स विभागो युक्तः। किन्तु अन्त्यविशेषपर्यायं यावद् विभक्तव्यवहारोऽन्योऽन्यानुगतानां न युक्त इत्याशयः **सम्मतितर्ककृताम्।**

'अन्त्यविशेषपर्यायान् यावद् विभजनम् अयुक्तम्' इत्यत्र यावत्पदं मर्यादाऽर्थकम्। ततश्च

---

કે "જે વિશેષ પર્યાય પછી વસ્તુના અન્ય વિશેષ ગુણધર્મો ન સંભવે તે અન્ત્યવિશેષ કહેવાય."

**શંકા** :- વસ્તુમાં તો ઉત્તરોત્તર નવા નવા અનન્તા વિશેષ ગુણધર્મો સંભવે છે. તે બધાનું છદ્મસ્થ જીવને સ્પષ્ટપણે જ્ઞાન કેવી રીતે થશે ? અને તો પછી વિભક્તવ્યવહાર ક્યારે યોગ્ય ગણાશે ?

**સમાધાન** :- (**अथवा.**) તમારી વાત સાચી છે. તેથી જ **હેમચંદ્રસૂરિજી**એ ત્યાં 'અથવા' કહીને અન્ત્ય વિશેષપર્યાયની બીજી ઓળખ આપી છે કે "વસ્તુમાં રહેલા અમુક વિશેષ ગુણધર્મનું ભાન કર્યા બાદ ઉત્તરોત્તર અન્ય વિશેષ ગુણધર્મોનો વસ્તુમાં સંભવ હોવા છતાં પણ વિશેષજ્ઞ પુરુષને નવા-નવા વિશેષ ગુણધર્મની જિજ્ઞાસા ઊભી ન થાય તો તે જ્ઞાત વિશેષધર્મ તે પુરુષ માટે અંત્ય વિશેષ ગુણધર્મ સમજવાનો."

(**ततश्च.**) તેથી શ્રી**હેમચંદ્રસૂરિજી** મહારાજે કરેલી વ્યવસ્થા મુજબ, વિચારીએ તો આત્મા વગેરેમાં પ્રમેયત્વથી માંડીને સત્ત્વ, દ્રવ્યત્વ, આત્મત્વ, જ્ઞાન, કેવલજ્ઞાન, અયોગીકેવલજ્ઞાન, સિદ્ધકેવલજ્ઞાન, પ્રથમસમયસિદ્ધ કેવલજ્ઞાન.... વગેરે ઉત્તરોત્તર વધુને વધુ સૂક્ષ્મબુદ્ધિગમ્ય એવા અનંતા વિશેષ ગુણધર્મો = અન્યવ્યાવર્ત્તકપર્યાયો રહેલા છે. પ્રસ્તુતમાં પ્રમેયત્વ અભાવમાં પણ રહે છે. પરંતુ ત્યાં સત્ત્વ = ભાવત્વ નથી રહેતું. તથા સત્ત્વ ગુણમાં પણ રહે છે. પરંતુ ત્યાં દ્રવ્યત્વ નથી રહેતું. આમ પ્રમેયત્વની અપેક્ષાએ સત્ત્વ વગેરે ઉત્તરોત્તર ગુણધર્મો વિશેષપર્યાય સ્વરૂપ છે. છદ્મસ્થ જીવને બધા જ વિશેષપર્યાયોનું જ્ઞાન થતું નથી. પણ કર્મ અને આત્મા વચ્ચે ભેદરેખા પાડનાર તરીકે આત્મગત જ્ઞાન નામના વિશેષ ધર્મનું ચૈત્રને જ્ઞાન થયા બાદ ચૈત્રને આત્મગત અન્ય વિશેષ ગુણધર્મની જિજ્ઞાસા જો ઊભી ન થાય તો ચૈત્ર માટે તે 'જ્ઞાન' જ અંત્ય વિશેષપર્યાય કહેવાશે. તથા તેનો ઉલ્લેખ કરવાપૂર્વક પરસ્પરમીલિત આત્મા અને કર્મ વચ્ચે ભેદ જણાવવામાં આવે તો તે વિભાગ યોગ્ય છે. પરંતુ અચરમ વિશેષપર્યાય સુધી જે વિભક્તવ્યવહાર અન્યોન્ય અનુગત એવા પદાર્થોમાં કરવામાં આવે તો તે યોગ્ય નથી. આ પ્રમાણે **સમ્મતિતર્કકાર શ્રીસિદ્ધસેનદિવાકરજી**નો પ્રસ્તુતમાં આશય જણાય છે.

### ❋ યાવત્ શબ્દ મર્યાદાવાચક ❋

(**'अन्त्य.**) 'अन्त्यविशेषपर्यायान् यावद् विभजनम् अयुक्तम्' આ વાક્યમાં જે 'यावत्' શબ્દ લખેલ છે તેનો અર્થ મર્યાદા છે, અભિવિધિ નથી. દ્વિતીયાવિભક્તિવાળા પદથી જેનો ઉલ્લેખ થાય તેની બાદબાકી

अन्योऽन्यानुगतपदार्थप्रतियोगिकविभक्तव्यवहारः चरमविशेषपर्यायात् पूर्वं न युक्तः, चरमविशेषपर्याये उल्लिख्यमाने तु युक्त इति तदर्थः। यथा 'कार्त्तिकपूर्णिमां यावत् साधुविहारोऽयुक्त' इत्यत्र 'कार्त्तिकपूर्णिमापूर्विलदिनेषु चातुर्मास्यां साधुविहारो न युक्तः कार्त्तिकराकायाञ्च युक्त' इति प्रतीयते, तथाऽत्र प्रत्येतव्यम्।

नव्यन्यायपरिभाषयाऽयमेवार्थः लेशतो विव्रियते – अन्त्यविशेषपर्यायस्य योग्यत्वाऽभावमर्यादात्वं प्रतीयते। तच्चाऽनन्त्यविशेषपर्यायव्यापकयोग्यत्वाभावाऽनधिकरणत्वमेव। यावत्पदेन च व्यापकता-सम्बन्धेन अन्त्यविशेषपर्यायाऽनधिकरणत्वे सति अनन्त्यविशेषपर्यायव्यापकत्वं योग्यत्वाऽभावे प्रत्याय्यते। तत्र च द्वितीयार्थः अवधिमत्त्वम् अनन्त्यविशेषपर्यायान्वयि। मर्यादाभूतान्त्यविशेषपर्यायः प्रकृते अनन्त्यविशेषपर्यायनिष्ठावधिमत्त्वनिरूपकत्वेन प्रतीयते। तावतैव अन्त्यविशेषपर्यायनिष्ठं मर्यादात्वं लभ्यते। अतः अन्त्यविशेषपर्यायनिरूपितावधिमदनन्त्यविशेषपर्यायभानं सुलभम्। योग्यताऽभावान्वयि

કરવી અભિપ્રેત હોય તો 'મર્યાદા' અર્થ કહેવાય તથા તેનો સંગ્રહ કરવો અભિપ્રેત હોય તો અભિવિધિ અર્થ કહેવાય. ન્યાયનો અભ્યાસ કરનારા વિદ્યાર્થી માટે આ બાબત સુજ્ઞેય છે. તેથી પ્રસ્તુતમાં અર્થ એવો થશે કે પરસ્પર અનુવિદ્ધ એવા પદાર્થોમાં જે વિભક્ત વ્યવહાર = ભેદવ્યવહાર થાય છે તે અન્ત્ય વિશેષપર્યાયના ઉલ્લેખની પૂર્વે યોગ્ય નથી અને અન્ત્ય વિશેષપર્યાયનો ઉલ્લેખ કરવામાં આવે તો તે ભેદવ્યવહાર યોગ્ય છે. જેમ 'કાર્ત્તિક પૂનમ સુધી સાધુ ભગવંતનો વિહાર યોગ્ય નથી' - આ સ્થળે શ્રોતાને એવો બોધ થાય છે કે 'કાર્ત્તિક પૂનમના પૂર્વ દિવસોમાં ચોમાસાની અંદર સાધુ વિહાર કરે તે યોગ્ય નથી, કાર્ત્તિક પૂનમના દિવસે સાધુ વિહાર કરે તે યોગ્ય છે', તેમ પ્રસ્તુતમાં સમજવું.

### ❊ નવ્યન્યાયપરિભાષા મુજબ અર્થઘટન ❊

**(नव्य.)** નવ્યન્યાયની પરિભાષા મુજબ આ જ અર્થનું આંશિક વિવરણ કરીએ તો એમ કહી શકાય કે 'यावत्' શબ્દનો શક્યાર્થ છે મર્યાદા તથા શક્યતાઅવચ્છેદક છે મર્યાદાત્વ. તે અન્ત્યવિશેષપર્યાયમાં જણાય છે. મર્યાદા વિભક્તવ્યવહારગત યોગ્યતાઅભાવની છે. વિભક્તવ્યવહારનિષ્ઠ યોગ્યત્વાભાવથી નિરૂપિત જે મર્યાદાત્વ અંત્યવિશેષપર્યાયમાં જણાય છે તે અચરમવિશેષપર્યાયવ્યાપક યોગ્યત્વાભાવની અનધિકરણતાસ્વરૂપ જ છે. જે જે વિભક્તવ્યવહારમાં અચરમ વિશેષધર્મનો ઉલ્લેખ હોય તે તે વ્યવહારમાં યોગ્યત્વાભાવ જ હોય છે. તથા તે યોગ્યત્વાભાવની અનધિકરણતા અંત્યવિશેષપર્યાયમાં રહે છે. તે અનધિકરણતા એ જ પ્રસ્તુત મર્યાદાત્વ છે. તથા 'यावत्' પદ દ્વારા યોગ્યત્વાભાવમાં વ્યાપકતાસંબંધથી અંત્ય વિશેષપર્યાયની અનધિકરણતા અને અચરમ વિશેષપર્યાયની વ્યાપકતા જણાવાય છે. મતલબ કે યોગ્યત્વાભાવ વ્યાપકતાસંબંધથી ચરમ વિશેષપર્યાયનું અધિકરણ નથી બનતું અને અચરમ વિશેષપર્યાયનું વ્યાપક બને છે. આવી અનધિકરણતાવિશિષ્ટ વ્યાપકતાનું યોગ્યત્વાભાવમાં 'यावत्' શબ્દથી ભાન કરાવવામાં આવે છે. ઉપરોક્ત સ્થળે 'अन्त्यविशेषपर्यायं' પદમાં લાગેલી દ્વિતીયા વિભક્તિનો અર્થ છે અવધિમત્ત્વ. તથા તેનો અન્વય અચરમ વિશેષપર્યાયમાં થાય છે. તેમજ મર્યાદાભૂત અંત્યવિશેષપર્યાય પ્રસ્તુતમાં અનન્ત્ય વિશેષપર્યાયમાં રહેલ અવધિમત્ત્વના નિરૂપક તરીકે પ્રતીત થાય છે. તેટલા માત્રથી જ અન્ત્ય વિશેષપર્યાયમાં

अनन्त्यविशेषपर्यायस्य व्यापकत्वं यावत्पदेन प्रतीयत इति तु पूर्वमेवोक्तम्। तथा चान्त्यविशेषपर्यायनिरूपिताऽवधिमदनन्त्यविशेषपर्यायव्यापकताविशिष्टयोग्यत्वाभावाश्रयः परस्परानुविद्धपदार्थप्रतियोगिकविभक्तव्यवहार इत्यर्थः।

यथा 'कार्त्तिकपूर्णिमां यावत् साधुविहारोऽयुक्तः' इत्यत्र कार्त्तिकपूर्णिमायाः साधुविहारयोग्यत्वाभावमर्यादारूपतया 'कार्त्तिकराकानिरूपितावधिमत्कार्त्तिकराकापूर्विलदिनव्यापकयोग्यत्वाभावाश्रयः साधुविहारः' इति शाब्दबोधः जायते तथा प्रकृते कार्त्तिकपूर्णिमास्थानीया अन्त्यविशेषपर्यायाः, कार्त्तिकपूर्णिमापूर्विलदिनसमाः अनन्त्यविशेषपर्यायाः साधुविहारतुल्यञ्च मिश्रितपदार्थविभजनमिति योजनीयम्।

મર્યાદાત્વનો લાભ થશે. આથી 'અન્ત્યવિશેષપર્યાયનિરૂપિતઅવધિમદ્ અનન્ત્યવિશેષપર્યાય' - આવું ભાન થઈ શકે છે. તથા 'યાવત્' શબ્દ દ્વારા ઉપરોક્ત સ્થળે યોગ્યત્વાભાવમાં અંત્યવિશેષપર્યાયની અવ્યાપકતાની (= વ્યાપકતાસંબંધથી અંત્યવિશેષપર્યાયની અનધિકરણતાની) અને અનન્ત્યવિશેષપર્યાયની વ્યાપકતાની પ્રતીતિ થાય છે. તેથી તેનો અન્વય યોગ્યત્વઅભાવમાં થાય છે - આ વાત પણ આપણે સમજી ગયા છીએ. તેથી ઉપરોક્ત આખા વાક્ય દ્વારા શાબ્દબોધ એવો થશે કે 'અંત્યવિશેષપર્યાયથી નિરૂપિત એવી અવધિથી યુક્ત એવા અચરમ વિશેષપર્યાયની વ્યાપકતાથી વિશિષ્ટ એવા યોગ્યત્વાભાવનો આશ્રય પરસ્પર અનુવિદ્ધ પદાર્થનો વિભક્તવ્યવહાર = ભેદવ્યવહાર = વિભાગ બને છે.'

### ❖ દૃષ્ટાંત દ્વારા નવ્યન્યાયની પરિભાષાનું સ્પષ્ટીકરણ ❖

(**યથા**.) 'કાર્ત્તિક પૂનમ સુધી સાધુવિહાર અયોગ્ય છે' - આ વાક્યમાં કાર્ત્તિક પૂનમ એ સાધુવિહારમાં રહેલ યોગ્યત્વના અભાવની મર્યાદાસ્વરૂપ છે. તેથી આ વાક્યને સાંભળવાથી શ્રોતાને એવો શાબ્દ બોધ થાય છે કે 'કાર્ત્તિક પૂનમ પહેલાના જે જે દિવસો છે, તે તમામ દિવસો સાધુવિહાર માટે અયોગ્ય છે.' તેથી સાધુવિહારઅનુયોગિક યોગ્યત્વાભાવમાં કાર્ત્તિક પૂનમની પૂર્વના સર્વ દિવસોની વ્યાપકતા શ્રોતાને જણાશે. તથા 'કાર્ત્તિક પૂનમનો દિવસ સાધુના વિહાર માટે યોગ્ય છે'- એવું પણ શ્રોતાને જણાય છે. અર્થાત્ સંયમીવિહારઅનુયોગિક યોગ્યત્વાભાવમાં કાર્ત્તિક પૂનમની વ્યાપકતા નથી (= અવ્યાપકતા છે). મતલબ કે વ્યાપકતાસંબંધથી કાર્ત્તિક પૂનમનું અધિકરણ તાદશયોગ્યત્વાભાવ બનતું નથી. તેથી તાદશયોગ્યત્વાભાવમાં વ્યાપકતાસંસર્ગથી કાર્ત્તિક પૂનમની અનધિકરણતા અને કાર્ત્તિક પૂનમના પૂર્વદિવસોની વ્યાપકતા શ્રોતાને 'यावत्' = 'સુધી' શબ્દ દ્વારા જણાય છે. 'શ્રાવણ સુદ-૧, શ્રાવણ વદ-૫, ભાદરવા સુદ-૧૦, આસો સુદ-૧૨, કાર્ત્તિક સુદ-૧૩... આવા દિવસો ક્યાં સુધીના લેવાના ?' આ પ્રશ્નનો જવાબ છે કાર્ત્તિક પૂનમ પહેલાના તમામ દિવસો લેવાના. મતલબ કે કાર્ત્તિક પૂનમની અવધિવાળા જે જે દિવસો છે, તે તમામનું વ્યાપક તાદશયોગ્યત્વાભાવ છે. તેથી ઉપરોક્ત સ્થળે સંપૂર્ણ શાબ્દબોધ એવો થશે કે 'કાર્ત્તિકપૂનમનિરૂપિત અવધિવાળા કાર્ત્તિક પૂનમની પૂર્વના દિવસોનો વ્યાપક જે યોગ્યત્વાભાવ છે, તેનો આશ્રય સાધુવિહાર છે.' ઉપરોક્ત સ્થળે જે પ્રકારે શાબ્દબોધ થાય છે, તે જ પ્રકારે 'અત્યંતવિશેષપર્યાયો સુધી મિશ્રિતપદાર્થવિભાગ અયોગ્ય છે' - આ સ્થળે પણ શાબ્દબોધ થશે. ફક્ત ત્યાં (૧) કાર્ત્તિક પૂનમના સ્થાને અંત્યવિશેષપર્યાયો લેવા, (૨) કાર્ત્તિકપૂનમની પૂર્વના દિવસોના સ્થાનમાં

नव्यन्यायवेत्तॄणां प्रमोदार्थं बौद्धिकव्यायामार्थं चाऽयमस्मत्परिश्रमलेशः।

ततश्चान्त्यविशेषपर्यायोल्लेखं विना परस्परानुगतयोः आत्म-कर्मणोः, क्षीर-नीरयोः अयोगोलक-दहनयोश्च अन्यव्यावृत्त्या अपरविधानं न युज्यते। तत्र 'अयं देहधारी संसारी जीवः', 'इदं नीरान्वितं क्षीरम्', 'अयम् अग्निमयोऽयस्पिण्डः' इत्येवं सामान्यतः परस्पराऽविभक्तोभयद्रव्यव्यवहारो युज्यते। तत्र चरमविशेषधर्मानुल्लेखेन 'देहात् पृथक् संसारी जीवः', 'नीरपतितं क्षीरं नीरभिन्नम्' इत्यादिः विभक्तव्यवहारो न युज्यते, तत्र व्यवहारे योग्यताव्यापकान्त्यविशेषस्याऽभावात्। तत्र स्थले 'ज्ञानाऽपेक्षया संसारी आत्मा देहादतिरिच्यते' इत्यादिः विभक्तव्यवहारस्तु युज्यते, अन्त्यविशेषधर्मोल्लेखात्, तस्य च व्यावर्त्तकत्वात्। ज्ञानाऽमूर्त्ततादीनां जीवान्त्यविशेषधर्माणां व्यावर्तकतया पुद्गलेऽसद्भूतव्यवहारत उपचारो नार्हतीति तात्पर्यम्।

***ननु*** अमूर्त्तत्वस्य अन्त्यविशेषपर्यायत्वेन जीव-पुद्गलविभाजकत्वाद् देहादौ उपचाराऽनभ्युपगमे तुल्यन्यायेन चैतन्यस्यापि चरमविशेषपर्यायतयैव शरीरादावुपचारः पूर्वोक्तः (१३/६) न सङ्गच्छेत,

---

અચરમવિશેષપર્યાયો ગોઠવવા. તથા (૩) સાધુવિહારના સ્થળે મિશ્રિતપદાર્થવિભાગને ગોઠવવો. આ રીતે વિજ્ઞ વાચકવર્ગે યોજના કરવી. નવ્યન્યાયવેત્તાઓના વિનોદ માટે તથા બૌદ્ધિક વ્યાયામ માટે આ રીતે અહીં અમે નવ્યન્યાયની પરિભાષામાં સંમતિતર્કગાથાર્થની છણાવટ કરવાની થોડી મહેનત કરેલ છે.

## મિશ્રદ્રવ્યમાં એકતરનિષેધ અસંગતતાની વિચારણા

(**તત.**) ઉપરોક્ત રીતે અર્થઘટન કરવાથી અંત્ય વિશેષપર્યાયનો ઉલ્લેખ કર્યા વિના પરસ્પરમીલિત અનેક પદાર્થમાં વિભક્તવ્યવહાર = વ્યાવૃત્તિવ્યવહાર = ભેદવિધાયક વ્યવહાર અયોગ્ય = અનુચિત કહેવાશે. આશય એ છે કે એકબીજામાં અત્યંત ભળી ગયેલા આત્મા અને કર્મ, દૂધ અને પાણી, લોખંડ અને અગ્નિ વગેરેમાં એકની બાદબાકી કરીને બીજાનું વિધાન કરવું અસંગત છે. તેવી અવસ્થામાં ક્રમશઃ 'આ દેહધારી સંસારી જીવ છે', 'આ પાણીવાળું દૂધ છે', 'આ અગ્નિમય લોહપિંડ છે' - આ પ્રમાણે બન્ને દ્રવ્યોનો સામાન્યસ્વરૂપે પરસ્પર અવિભક્ત વ્યવહાર કરવો તે જ વ્યાજબી છે. તેવી અવસ્થામાં અંત્ય વિશેષ ગુણધર્મનો ઉલ્લેખ કર્યા વિના 'દેહથી સંસારી આત્મા જુદો છે', 'પાણીમાં ભળી ગયેલું દૂધ પાણીથી ભિન્ન છે' - ઈત્યાદિ વિભક્ત વ્યવહાર યોગ્ય નથી. કારણ કે વિભક્તવ્યવહારગત યોગ્યતાનું વ્યાપક અંત્યવિશેષ તે વ્યવહારમાં ગેરહાજર છે. વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય પણ ન જ હોય ને ! 'જ્ઞાનની દૃષ્ટિએ આત્મા દેહથી અલગ છે' ઈત્યાદિ સ્વરૂપે જો તે સ્થળમાં વિભક્ત વ્યવહાર કરવો હોય તો થઈ શકે છે. કારણ કે ઉપરોક્ત વ્યવહારમાં અંત્યવિશેષ ગુણધર્મનો ઉલ્લેખ થયેલો છે. તથા એ અંત્ય વિશેષ વ્યાવર્તક છે. જ્ઞાન, અમૂર્ત્તત્વ વગેરે જીવના અંતિમ વિશેષ ધર્મ હોવાના લીધે વ્યાવર્તક છે. તેથી પુદ્ગલમાં જ્ઞાન કે અમૂર્ત્તત્વ વગેરેનો ઉપચાર અસદ્ભૂત વ્યવહારથી થઈ ન શકે - તેવું અહીં તાત્પર્ય છે.

**આક્ષેપ** :- (**નનુ.**) અમૂર્ત્તત્વ અંત્યવિશેષપર્યાય હોવાથી તે જીવ-પુદ્ગલવિભાજક બનવાના લીધે જો તેનો શરીરાદિમાં ઉપચાર તમે માનતા ન હો તો ચૈતન્ય પણ ચરમ વિશેષપર્યાયસ્વરૂપ થવાના લીધે જ જીવ-પુદ્ગલવિભાજક બનશે. તેથી પૂર્વે (૧૩/૬) તમે શરીરાદિમાં ચૈતન્યનો (જ્ઞાનનો) જે

आत्मानुगमेन शरीरादिगताऽचैतन्याभिभवात् चैतन्यस्य तत्रोपचारकक्षीकारे देहादिमूर्त्तत्वाऽभिभवाद् अमूर्त्तत्वस्याऽपि तत्रोपचारस्य न्याय्यत्वात्, मिथ आत्म-देहाद्यनुगमस्याऽविशेषादिति ***चेत्*** ?

***मैवम्,*** अन्योऽन्याऽनुगमाऽविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचिद् अभिभूयते इति यथागम-व्यवहारम् आश्रयणीयत्वादिति वक्ष्यते (१३/११)। अयमत्राशयः – चैतन्यस्य भानं व्यवहरणञ्च देहादौ शिष्टैरङ्गीक्रियते। ततश्च चैतन्यस्य अचेतनदेहादौ भानात् साधारणत्वम्। तथा च न तस्य अन्त्यविशेषपर्यायत्वम्। अमूर्त्तत्वन्तु न तथा, तथाविधाऽऽगमव्यवहाराऽभावात्।

***अथ*** चैतन्यस्य देहात्मविभाजकतया अन्त्यविशेषपर्यायत्वम् अनपलीयम् इति ***चेत्***?

***सत्यम्,*** तथापि पूर्वोक्त(१३/१०)**विशेषावश्यकभाष्यमलधारवृत्त्य**नुसारेण (वि.आ.भा.२८४ वृ.)

---

ઉપચાર જણાવેલ હતો, તે સંગત થઈ નહિ શકે. કેમ કે અમૂર્તત્વ અને ચૈતન્ય - બન્નેયમાં ચરમવિશેષ-પર્યાયરૂપતા અને જીવ-પુદ્ગલવિભાજકતા હોવાની યુક્તિ તો સમાન જ છે. જીવ અને શરીર પરસ્પરમિલિત હોવાના લીધે શરીરગત અચૈતન્યનો અભિભવ થવાથી જો ચૈતન્યનો ત્યાં ઉપચાર થતો હોય તો તુલ્ય યુક્તિથી શરીરવર્તી મૂર્ત્તતાનો પણ અભિભવ થશે અને શરીરમાં અમૂર્ત્તત્વનો પણ ઉપચાર થવો જ જોઈએ. આત્મા અને દેહાદિનો પરસ્પર અનુગમ તો બન્ને આરોપસ્થળે સમાન જ છે ને !

### ❉ દેહમાં ચૈતન્યઉપચાર વ્યાજબી ❉

**નિરાકરણ** :- (**मैवम्**.) ના, તમારો આ આક્ષેપ વ્યાજબી નથી. કારણ કે આત્મા અને દેહાદિ વચ્ચે પરસ્પર અનુગમ (= સંમિશ્રણ) એકસરખું હોવા છતાં પણ ક્યાંક જ, કોઈક ગુણધર્મ, કોઈક દ્રવ્યથી અભિભૂત થાય છે - આ પ્રમાણે આગમ અને પ્રસિદ્ધ વ્યવહાર મુજબ માનવું જરૂરી છે. આ બાબત આગળ (૧૩/૧૧) જણાવવામાં આવશે. અહીં આશય એ છે કે દેહાદિમાં ચૈતન્યનું ભાન અને વ્યવહાર શિષ્ટ પુરુષોને માન્ય છે. તેથી અચેતન દેહાદિમાં ચૈતન્યનું ભાન થવાથી ચૈતન્ય એ આત્મા-દેહાદિનો સાધારણ ગુણ છે. તેથી તે અંત્ય વિશેષપર્યાયસ્વરૂપ ન બને. અર્થાત્ અચરમ વિશેષપર્યાયરૂપ હોવાથી ચૈતન્યનો દેહાદિમાં ઉપચાર થાય છે, તે વ્યાજબી જ છે. પરંતુ અમૂર્ત્તત્વનું તો દેહાદિમાં કોઈને ભાન પણ થતું નથી અને શિષ્ટ પુરુષો તેવો વ્યવહાર પણ કરતા નથી. આગમ પણ દેહાદિમાં અમૂર્ત્તતાને જણાવતું નથી. તેથી તે આત્મા-દેહાદિમાં સાધારણ નથી પણ અસાધારણ = ચરમવિશેષપર્યાયાત્મક છે. તેથી અમૂર્ત્તત્વનો ઉપચાર દેહાદિમાં થઈ ન જ શકે.

**જિજ્ઞાસા** :- (**अथ**.) આ જ શ્લોકની-વ્યાખ્યામાં ચૈતન્યને = જ્ઞાનને દેહ તથા આત્મા વચ્ચે વિભાગ પાડનાર જણાવેલ છે. તેથી તેને તો અંત્ય વિશેષપર્યાય તરીકે જ માનવું પડશે. તેનો અપલાપ ન થઈ શકે. તો પછી કઈ રીતે અચેતન દેહાદિમાં ચૈતન્યનો ઉપચાર થઈ શકશે ? વિભાજક-વ્યાવર્ત્તક ગુણધર્મનો અન્યત્ર ઉપચાર ન થાય - આવું આ જ શ્લોકની વ્યાખ્યામાં જણાવેલ છે.

### ❀ ચરમ વિશેષપર્યાય અનિયત ❀

**શમન** :- (**सत्यम्**.) ભાગ્યશાળી ! તમારી વાત સાચી છે કે ચૈતન્ય એ અંત્ય વિશેષપર્યાય છે. પરંતુ આ જ શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે જણાવેલ **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ** મુજબ વિશેષપર્યાયમાં

विशेषपर्यायगतस्य चरमत्वस्य ज्ञातृज्ञानसापेक्षत्वान्न चैतन्यस्य सर्वथा सर्वदा अन्त्यविशेषपर्यायत्वम्, तदग्रेऽपि विचक्षणानां विशेषोपलब्धेः। न हि ज्ञानापेक्षया विशेषपर्यायरूपाणां केवलज्ञान-सयोगिकेवलज्ञानाऽयोगिकेवलज्ञान-सिद्धकेवलज्ञान-प्रथमाऽप्रथमसमयसिद्धकेवलज्ञानादीनाम् आगमसिद्धानां पूर्वोक्तानां (२/१०, ४/३, ९/१५ + १७, ११/९) वक्ष्यमाणानाञ्च (१४/७ ) तज्ज्ञैः अपलापः कर्तुं युज्यते। किन्तु तज्ज्ञानाऽभावे चैतन्यस्य अन्त्यविशेषपर्यायविधया व्यवहारः समाम्नातः। तदनुरोधेन प्रकृतप्रबन्धे चैतन्यं चरमविशेषपर्यायतया देहात्मविभाजकतया चोक्तमिति विभावनीयं विज्ञैः।

इदञ्चात्रावधेयम् – पूर्वोक्त(५/१९)परमभावग्राहकद्रव्यार्थिकलक्षणशुद्धनिश्चयनयतो निजस्वभावसमवस्थितयोरपि संसारिजीव-कर्मणोः अन्योऽन्याऽनुगततया पूर्वोक्तोपचरिताऽनुपचरितसद्भूतव्यवहार-संश्लेषिताऽसंश्लेषिताऽसद्भूतव्यवहारनयाऽभिप्रायतो (८/३-७) द्रव्य-क्षेत्र-काल-भाव-भवानुसारेण परस्परनिमित्तं नानाविधपरिणमनमपि सम्पद्यत एव। तदिदमभिप्रेत्य **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति। पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ।।" (स.सा.८०)

જે અંત્યપણું છે, તે જ્ઞાતાના જ્ઞાનને સાપેક્ષ છે. તેથી ચૈતન્ય સર્વથા કાયમ અંત્ય વિશેષપર્યાયસ્વરૂપ નથી. જ્ઞાન-ચૈતન્યના વિશેષસ્વરૂપની જિજ્ઞાસા થતાં વિચક્ષણ પુરુષોને તેની ઉપલબ્ધિ થાય જ છે. જ્ઞાનની અપેક્ષાએ વિશેષપર્યાયસ્વરૂપ કેવળજ્ઞાન, સયોગી કેવળજ્ઞાન, અયોગી કેવળજ્ઞાન, સિદ્ધ કેવળજ્ઞાન, પ્રથમસમયવિશિષ્ટ સિદ્ધકેવળજ્ઞાન, અપ્રથમસમયવિશિષ્ટ કેવળજ્ઞાન વગેરે પૂર્વે (૨/૧૦, ૪/૩, ૯/૧૫ + ૧૭, ૧૧/૯) જણાવેલ જ છે તથા આગળ (૧૪/૭) જણાવાશે. તે આગમમાં પ્રસિદ્ધ જ છે. તેથી તેનો અપલાપ તેના જાણકાર વિદ્વાનો કરી ના શકે. તેથી જ્ઞાન = ચૈતન્ય સર્વથા ચરમ વિશેષપર્યાયસ્વરૂપ નથી. પરંતુ કેવળજ્ઞાનાદિ ઉપરોક્ત આગળ-આગળના વિશેષપર્યાયોનો બોધ ન થાય કે તેની જિજ્ઞાસા ન થાય તો ચૈતન્યનો ચરમ વિશેષપર્યાય તરીકે વ્યવહાર શાસ્ત્રકારોને સંમત છે. તે મુજબ પ્રસ્તુત પ્રબંધમાં ચૈતન્યને ચરમ વિશેષપર્યાયસ્વરૂપે તથા દેહ-આત્મવિભાજકસ્વરૂપે જણાવેલ છે. આ પ્રમાણે વિદ્વાનોએ વિભાવના કરવી.

### ❖ નિશ્ચય-વ્યવહારસમન્વયનું દિગ્દર્શન ❖

(इद.) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે પરમભાવગ્રાહક દશમા દ્રવ્યાર્થિકનય (૫/૧૯) સ્વરૂપ શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયથી તો સંસારી જીવ અને કર્મ - બન્ને પોતપોતાના સ્વભાવમાં જ સારી રીતે સ્થિર થયેલા છે. તેમ છતાં પણ તે બન્ને પરસ્પર અનુગત = અનુવિદ્ધ (= એકબીજામાં ભળી ગયેલ) હોવાથી પૂર્વે આઠમી શાખાના ત્રણથી સાત શ્લોકમાં જણાવેલ (૧) ઉપચરિત સદ્ભૂતવ્યવહાર, (૨) અનુપચરિત સદ્ભૂતવ્યવહાર, (૩) સંશ્લેષિત અસદ્ભૂતવ્યવહાર તથા (૪) અસંશ્લેષિત અસદ્ભૂતવ્યવહાર - આ ચારેય નયનો અભિપ્રાય એવો છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ અનુસારે સંસારી જીવ અને કર્મ પરસ્પરનિમિત્તે જુદા-જુદા પ્રકારે પરિણમે પણ છે જ. આ જ અભિપ્રાયથી **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જીવના પરિણામના કારણે પુદ્ગલો કર્મરૂપે પરિણમે છે. તે જ રીતે

1. जीवपरिणामहेतोः कर्मत्वं पुद्गलाः परिणमन्ति। पुद्गलकर्मनिमित्तं तथैव जीवोऽपि परिणमति।।

इत्युक्तम्। एतदनुसारेण **योगसारप्राभृते अमितगतिना**ऽपि "सरागं जीवमाश्रित्य कर्मत्वं यान्ति पुद्गलाः। कर्माण्याश्रित्य जीवोऽपि सरागत्वं प्रपद्यते।।" (यो.सा.प्रा.२/३१) इत्युक्तम्। यथोक्तं **यशोविजयवाचकैरपि अध्यात्मसारे** "लोहं स्वक्रिययाऽभ्येति भ्रामकोपलसन्निधौ। यथा कर्म तथा चित्रं रक्त-द्विष्टात्मसन्निधौ।।" (अ.सा.१८/११३) इति। गम्भीरबुद्ध्या भावनीयं तत्त्वमेतत् शुद्धनिश्चय-व्यवहारनयमतसमन्वयगोचरम् आगमानुसारेण आत्मार्थिबहुश्रुतैः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – परस्परानुगतयोः जीव-शरीरयोः विभक्तत्वं मत्वा जीवन्मनुष्य-देहमुद्दिश्य 'अयं जडः, एतत्कुट्टनेन नायं दुःखानुभवभाग् भवेद्' इति भणनेन तत्कुट्टनं नैवौचित्यमञ्चति, जीव-पुद्गलानाम् अन्योऽन्याऽनुविद्धतया जीवन्मनुष्यदेहे चैतन्यस्वभावस्यापि सत्त्वादित्यसद्भूतव्यवहारनयो ज्ञापयति। अयमुपदेशः मृदुपरिणति-जीवदया-यतनादिप्रादुर्भावसहायकारी। तद्बलेन च आत्मार्थी अपवर्गमार्गे द्रुतमभिसर्पति। स्वानुभूतिकृते च 'शाश्वतशान्तस्वरूपः, सहजसमाधिमयः, परमनिष्कषायः, परमनिर्विकारः, अमूर्त्तः, अनन्ताऽऽनन्दभुक्, स्वयंप्रकाशमयः,

---

જીવ પણ પુદ્ગલકર્મના નિમિત્તે (દેવ-મનુષ્યાદિ રૂપે) પરિણમે છે.' તેને અનુસરીને દિગંબરાચાર્ય **અમિતગતિ**એ પણ **યોગસારપ્રાભૃત**માં જણાવેલ છે કે 'રાગી જીવને આશ્રયીને પુદ્ગલો કર્મપણું પામે છે. તથા કર્મોને આશ્રયીને જીવ પણ રાગી બને છે.' **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે પણ **અધ્યાત્મસાર**માં દર્શાવેલ છે કે 'જેમ લોહચુંબકની પાસે લોખંડ પોતાની જાતે જ સક્રિય બનીને આવે છે તેમ રાગી-દ્વેષી આત્માની પાસે વિચિત્ર કર્મો સ્વયમેવ આવી પડે છે.' મતલબ કે કાર્મણવર્ગણાનું સંસારીનિમિત્તક વિવિધ કર્મસ્વરૂપે પરિણમન વાસ્તવિક જ છે. તથા સંસારી જીવની રાગાદિયુક્ત દશા પણ વાસ્તવિક જ છે. બાકી તો કાર્મણપુદ્ગલોનું કર્મરૂપે પરિણમન જ થઈ ન શકે. આ વ્યવહારનયનું મંતવ્ય છે. અહીં આત્માર્થી બહુશ્રુત પુરુષોએ ગંભીર બુદ્ધિથી, જિનાગમ મુજબ શુદ્ધ નિશ્ચય-વ્યવહારમતના સમન્વય અંગે વિભાવના કરવી.

## ❋ અસદ્ભૂત નય કોમળ પરિણતિને પ્રગટાવે ❋

**આધ્યાત્મિક ઉપનય** :- પરસ્પર અનુગત જીવ અને શરીરને વિભક્ત માની જીવતા માણસના શરીરને ઉદ્દેશીને 'આ તો જડ છે', 'આને મારો તો આને કાંઈ દુઃખનો અનુભવ થવાનો નથી' - આવું કહીને કોઈ માણસને માર-પીટ કરવી તે બિલકુલ વ્યાજબી નથી. કારણ કે જીવ અને દેહાદિપુદ્ગલો એકબીજામાં અનુગત હોવાથી જીવતા માણસના શરીરમાં ચૈતન્યસ્વભાવ પણ વિદ્યમાન છે. આ પ્રમાણે પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહારનય જણાવે છે. અસદ્ભૂત વ્યવહારનયનો આ ઉપદેશ કોમળ પરિણતિ, જીવદયા, જયણા વગેરેને પ્રગટાવવામાં સહાયક છે. તથા તે મૃદુપરિણતિ વગેરેના બળથી આત્માર્થી સાધક મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધે છે. તથા સ્વાનુભૂતિ કરવા માટે શુદ્ધ જીવને શરીર-ઈન્દ્રિય-મન વગેરેથી જુદો પાડવો. તે માટે વારંવાર એવી ભાવના ભાવવી કે 'હું કાયમ શાંત સ્વરૂપવાળો છું, સહજ સમાધિમય છું, પરમ નિષ્કષાય છું, પરમ નિર્વિકાર છું, અમૂર્ત્ત છું, અનંત આનંદનું વેદન કરનાર છું, સ્વયંપ્રકાશમય છું, અતીન્દ્રિય છું, દેહશૂન્ય છું, અપૌદ્ગલિક છું અને શુદ્ધ ચૈતન્યનો અખંડ

अतीन्द्रियः, विदेहः, अपौद्गलिकः, शुद्धचैतन्याऽखण्डपिण्डरूपोऽहम्' इति भावनया देहेन्द्रिय -मनःप्रभृतिभ्यः शुद्धजीवः पृथक् कार्यः। ततश्च [1]"जं नत्थि सव्वबाहाओ तस्स, सव्वं पि जाणइ जयं सो। जं चं निरुस्सुगभावो परमसुही तेण सुपसिद्धो।।" (आ.प.१५६, सं.र.शा.९७८२) इति **आराधनापताकायां संवेगरङ्गशालायां** चोक्तं परमसुखिसिद्धस्वरूपं द्रुतं प्रत्यासन्नतरं भवति।।१३/१०।।

पिंड छुं.' आवी भावना वारंवार शांत चित्ते करवाथी देहादिथी शुद्ध आत्मा छूटो पडतो जाय तथा तेना प्रभावे **आराधनापताका**मां तथा **संवेगरंगशाळा**मां दर्शावेल परमसुखी एवुं सिद्धस्वरूप खरेखर अत्यंत झडपथी खूब ज नजीक आवे छे. '(१) जे कारणे ते सिद्ध भगवानने तमाम पीडानो अभाव छे, (२) आखाय जगतने ते जाणे छे तथा (३) औत्सुक्य बिलकुल नथी. ते कारणे सिद्धात्मा परमसुखी तरीके सुप्रसिद्ध छे' - आ मुजब त्यां जणावेल छे. (१३/१०)

લખી રાખો ડાયરીમાં.....

- વાસના હોળીને દીવાળી માને છે.
  ઉપાસના હોળીને દીવાળી બનાવે છે.
- આંખનો અંધાપો વાસનાને ખૂંચે છે.
  આંખનો વિકાર ઉપાસનાને ડંખે છે.
- વાસના પૈસા માંગે છે.
  ઉપાસનાને પૈસા વગરના જીવનમાં રુચિ છે.
- વાસના બહારથી પોતાને સાફ કરવા રાજી છે.
  ઉપાસના અંતઃકરણથી બીજાને માફ કરવા તત્પર છે.
- વાસનાનું ચાલકબળ બાહ્ય લાભ છે.
  ઉપાસનાનું ચાલકબળ આંતરિક ગુણલાભ છે.
- કટુ અનુભવની લાત ખાધા પછી પણ વાસના સુધરતી નથી.
  આત્માનુભવીના સૂચનમાત્રથી ઉપાસના જાતને સુધારવા તૈયાર છે.

1. यद् न सन्ति सर्वबाधाः तस्य सर्वमपि जानाति जगत् सः। यच्च निरुत्सुकभावः परमसुखी तेन सुप्रसिद्धः।।

ઇમ કહતાં "મૂર્ત્તતા જો પુદ્ગલદ્રવ્યવિભાજક અંત્ય વિશેષ છઈ, તો તેહનો ઉપચાર આત્મદ્રવ્યઈં કિમ હોઈ ? અનઈં જો તે અંત્ય♦ વિશેષ નહીં, તો અન્યોન્યાનુગમઈં અમૂર્ત્તતાનો ઉપચાર પુદ્ગલદ્રવ્યઈં કિમ ન હોઈ ?" એહવી શંકા કોઈકનઈં હોઇ છઈ, તે ટાલવાનઈં કહઈ છઈ -

---

नन्वेवं 'चरमविशेषोपलब्धेः प्राग् मिथोऽनुगतपदार्थेष्वविभक्तव्यवहारः, अन्त्यविशेषोपदर्शने च विभक्तव्यवहारः। तथा चाऽमूर्त्तत्वस्य अन्त्यविशेषपर्यायत्वेन देहात्मविभाजकत्वान्न तदुपचारः देहादिपुद्गले' इति व्यवस्थाऽऽश्रयणे तु मूर्त्तत्वस्य पुद्गलद्रव्यविभाजकान्त्यविशेषस्वरूपत्वे भेदकत्वात् तदुपचार आत्मद्रव्ये कथं स्यात् ? तथा चासद्भूतव्यवहारेण पूर्वं (१३/८) 'जीवो मूर्त्तस्वभाव' इत्युक्तमनुपपन्नं भवेत्। मूर्त्तत्वस्य पुद्गलद्रव्यविभाजकान्त्यविशेषाऽन्यत्वे तु तुल्ययुक्त्या अमूर्त्तत्वस्यापि अनन्त्यविशेष-पर्यायरूपताप्राप्त्या जीव-पुद्गलद्रव्याणाम् अन्योन्याऽनुगमेन जीवगताऽमूर्त्तत्वस्य उपचारः कथं न देहादिपुद्गलद्रव्येषु भवति ? इत्याशङ्कामपाकर्तुमाह – '**यत्रे**'ति।

---

## ❊ આત્મદ્રવ્યમાં મૂર્ત્તત્વના ઉપચાર વિશેની આશંકા ❊

[illegible] :- અહીં એવી શંકા થઈ શકે છે કે "પરસ્પર પ્રવિષ્ટ દ્રવ્યમાં અંત્ય વિશેષ ગુણધર્મની ઉપલબ્ધિની પૂર્વે દ્રવ્યનો વિભાગ = ભેદવ્યવહાર જો કરી શકાતો ન હોય તથા ચરમવિશેષપર્યાયને દેખાડવામાં આવે તો વિભક્તવ્યવહાર કરી શકાતો હોય તો અમૂર્ત્તત્વ અંત્યવિશેષપર્યાય હોવાના લીધે દેહ-આત્માનો વિભાજક ગુણધર્મ બનશે. તેથી અમૂર્ત્તત્વનો ઉપચાર દેહાદિના પુદ્ગલમાં નથી થતો. આ પ્રમાણે જો વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો મૂર્ત્તત્વ પણ પુદ્ગલદ્રવ્યવિભાજક અંત્ય વિશેષપર્યાય સ્વરૂપ હોવાથી તેનો આત્મદ્રવ્યમાં ઉપચાર કઈ રીતે થઈ શકે ? કારણ કે સંસારી અવસ્થામાં આત્મદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય એકબીજામાં ભળી ગયેલા હોવા છતાં પણ મૂર્ત્તત્વ તો અંત્ય વિશેષધર્માત્મક હોવાથી ભેદક જ બનશે, સંગ્રાહક નહિ. તેથી મૂર્ત્તત્વનો આત્મામાં ઉપચાર કઈ રીતે થઈ શકે ? તેથી પૂર્વે આ જ શાખાની આઠમી ગાથામાં અસદ્ભૂત વ્યવહારથી 'જીવ મૂર્ત્તસ્વભાવવાળો છે' - આ પ્રમાણે જે જણાવેલ હતું તે અસંગત થશે. મતલબ કે મૂર્ત્તપુદ્ગલ સાથે જીવનો અભેદ જણાવી નહિ શકાય. તથા મૂર્ત્તત્વને પુદ્ગલદ્રવ્યવિભાજક અંત્યવિશેષપર્યાય સ્વરૂપ માનવામાં ન આવે તો તુલ્ય યુક્તિથી એમ કહી શકાય કે અમૂર્ત્તત્વ પણ અંત્યવિશેષપર્યાયાત્મક નથી. તેવું માન્ય કરવામાં આવે તો જીવનો અને પુદ્ગલદ્રવ્યનો એકબીજામાં પ્રવેશ થયેલો હોવાથી પુદ્ગલદ્રવ્યમાં રહેલ મૂર્ત્તત્વનો ઉપચાર જેમ જીવમાં થાય છે તેમ જીવદ્રવ્યમાં રહેલ અમૂર્ત્તત્વનો ઉપચાર પુદ્ગલદ્રવ્યમાં કેમ ન થાય ? કહેવાનો મતલબ એ છે કે પરસ્પર અનુગત દ્રવ્યમાં એકતર વિભક્ત વ્યવહાર થઈ ન શકે. તેથી મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વ જો અંત્ય વિશેષપર્યાય સ્વરૂપ ના હોય તો સંસારી જીવમાં પુદ્ગલદ્રવ્યગત મૂર્ત્તસ્વભાવનો જેમ ઉપચાર થાય છે, તેમ જીવતા શરીરમાં આત્મગત અમૂર્ત્તસ્વભાવનો પણ ઉપચાર થવો જ જોઈએ." પ્રસ્તુત શંકાનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

---

♦ પુસ્તકોમાં 'અંત્ય' પદ નથી. કો.(૯) + લી.(૨+૪) + આ.(૧)માં છે.

**અનભિભૂત જિહાં મૂર્ત્તતા રે, અમૂર્ત્તતા તિહાં નાહિં;**
**જિહાં અભિભૂત અમૂર્ત્તતા રે, મૂર્તિ[8] અનંત્ય તે માહિં રે ॥૧૩/૧૧॥ (૨૧૯) ચતુર.**

જિહાં પુદ્ગલદ્રવ્યનઈ **મૂર્ત્તતા** (**અનભિભૂત**=) અભિભૂત નથી, કિંતુ ઉદ્ભૂત છઈ, **તિહાં અમૂર્ત્તતા** સ્વભાવ (**નાહિં**=) ન હોઈ. તે માટઈ અમૂર્ત્તતા અપુદ્ગલ દ્રવ્યનો અંત્ય વિશેષ.

**यत्राऽतिरोहिता मूर्त्तिरमूर्त्तता न तत्र तु।**
**यत्र तिरोहिताऽमूर्त्तिः तत्रैवाऽनन्त्यमूर्त्तता।।१३/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यत्र मूर्त्तिः अतिरोहिता तत्र न तु अमूर्त्तता (उच्यते)। यत्र अमूर्त्तिः तिरोहिता तत्रैव अनन्त्यमूर्त्तता (बोध्या)।।१३/११।।

**यत्र** = घटादौ पुद्गलद्रव्ये **मूर्त्तिः** = मूर्त्तता **अतिरोहिता** = अनभिभूता = उद्भूता इति यावत् तेन कारणेन **तत्र** = उद्भूतमूर्त्तत्वान्वितपुद्गले **न तु** = नैव **अमूर्त्तता** = अमूर्त्तस्वभावः उपचारेणाऽपि उच्यते। अतः अमूर्त्तत्वस्य अपुद्गलद्रव्यान्त्यविशेषरूपता सिध्यति। अन्त्यविशेषश्च भेदकत्वाद् नान्यत्र उपचर्यते। अतः आत्मादिद्रव्यगतम् अमूर्त्तत्वम् अन्योऽन्याऽनुगमेऽपि न पुद्गले उपचर्यते। तेन 'वर्णादिमत्त्वेन पुद्गला मूर्त्ताः, वर्णादिशून्यानि अपुद्गलद्रव्याणि अमूर्त्ताणि' इति विभक्तव्यवहारो युज्यते। प्रकृते "तुर्विशेषेऽवधारणे" (म.को.९७८) इति पूर्वोक्ताद् (७/७) **मङ्खकोश**वचनात् तुः अवधारणाऽर्थे प्रयुक्तः।

### ❀ પ્રગટ મૂર્ત્તતા હોય ત્યાં અમૂર્ત્તવ્યવહારનો નિષેધ ❀

**શ્લોકાર્થ** :- જ્યાં મૂર્ત્તતા પ્રગટ હોય ત્યાં અમૂર્ત્તતા કહેવાતી નથી. જ્યાં અમૂર્ત્તતા ઢંકાયેલી હોય ત્યાં જ અનંત્ય = અચરમ મૂર્ત્તતા કહેવાય છે. (૧૩/૧૧)

**વ્યાખ્યાર્થ** :- ઘટાદિ પુદ્ગલદ્રવ્યમાં મૂર્ત્તતા = મૂર્ત્તસ્વભાવ ઢંકાયેલ નથી હોતો. અર્થાત્ અન્ય દ્રવ્યથી પરાભવ પામેલ નથી હોતો. એટલે કે પ્રગટ હોય છે. તેથી નિયમ એવો છે કે જે દ્રવ્યમાં મૂર્ત્તસ્વભાવ પ્રગટ જ હોય તો તે કારણે તે દ્રવ્યમાં અમૂર્ત્તસ્વભાવ નથી જ કહેવાતો. પુદ્ગલદ્રવ્યમાં મૂર્ત્તતા ઉદ્ભૂત = પ્રગટ હોય છે. તેથી પુદ્ગલમાં અમૂર્ત્તસ્વભાવ ઉપચારથી પણ કહી શકાતો નથી જ. તેથી 'અમૂર્ત્તત્વ એ પુદ્ગલથી ભિન્ન દ્રવ્યનો અંત્ય વિશેષ ગુણધર્મ છે' - તેવું સિદ્ધ થાય છે. તથા ભેદક = વ્યાવર્તક હોવાના લીધે અંત્ય વિશેષગુણધર્મનો અન્ય દ્રવ્યમાં ઉપચાર થઈ શકતો નથી. તેથી આત્મા વગેરે દ્રવ્યમાં રહેલ અમૂર્ત્તસ્વભાવનો શરીરાત્મક પુદ્ગલદ્રવ્યમાં ઉપચાર થતો નથી, ભલે ને શરીર અને આત્માનો એકબીજામાં પ્રવેશ થતો હોય. તેથી 'વર્ણાદિયુક્ત હોવાથી પુદ્ગલો મૂર્ત્ત છે. વર્ણાદિશૂન્ય હોવાથી અપુદ્ગલદ્રવ્યો અમૂર્ત્ત છે' - આવો વિભક્તવ્યવહાર સંગત થઈ શકે છે. અહીં "(૧) વિશેષ = તફાવત, (૨) અવધારણ = જકાર અર્થમાં 'तु' અવ્યય જાણવો' - આ પ્રમાણે પૂર્વોક્ત (૭/૭) **મંખકોશ**વચનના આધારે મૂળ શ્લોકમાં રહેલ 'तु' શબ્દ જકાર અર્થમાં અહીં જણાવેલ છે.

[8] લી.(૧+૩)માં 'મૂર્ત્ત અનંત' પાઠ.

અનઇં **જિહાં** આત્મદ્રવ્યનઇં કર્મદોષઇં[8] **અમૂર્ત્તતા અભિભૂત**[*] છઇં, (**તે માહિં**=) તિહાં [♦]**મૂર્ત્તતા** [✿]**અનંત્ય** અનુગમજનિત સાધારણ ધર્મરૂપ હોઈ.

---

तथा **यत्र** = आत्मद्रव्ये **अमूर्त्तिः** = अमूर्त्तता कर्मदोषेण **तिरोहिता** = अभिभूता **तत्रैव** = संसारिणि एव आत्मनि **अनन्त्यमूर्त्तता** = अनन्त्या पौद्‌गलिकी मूर्त्तता। अतः सा मूर्त्तता अन्योऽन्यानुगमजनितसाधारणधर्मात्मिका बोध्या। तथा च पुद्‌गल-जीवसाधारणत्वेन मूर्त्तत्वस्य अन्त्यविशेषपर्यायाऽन्यत्वाद् न विभाजकत्वम्। अतः संसारिदशायां जीवे पौद्‌गलिकीं मूर्त्तता-मुपचर्य 'जीवो मूर्त्त' इत्युच्यते, न तु 'जीवसमनुगताः पुद्‌गला अमूर्त्ता' इति व्यवह्रियते, पुद्‌गलगत-मूर्त्ततायाः अनभिभवादिति।

यद्यपि **भगवतीसूत्रवृत्तौ** श्री**अभयदेवसूरि**भिः "कार्मणकायस्य संसार्यात्मनश्च परस्पराऽव्यभिचरितत्वेन एकस्वरूपत्वाद्" (भ.सू.१३/७/४९४/वृ.पृ.६२३) इत्येवम् अन्यमतेन उभयोः एकरूपतोपदर्शिता तथापि संसार्यात्मनः मूर्त्तत्वं वक्तुं युज्यते, न तु कार्मणकाये संसार्यात्मगतम् अमूर्त्तत्वमिति ध्येयम्।

---

### ❀ અમૂર્તતા તિરોહિત હોય ત્યાં અનન્ત્ય મૂર્તતા ❀

(**तथा.**) જે દ્રવ્યમાં અમૂર્ત્તતા તિરોહિત = ઢંકાયેલી હોય, તે જ દ્રવ્યમાં પૌદ્‌ગલિકી મૂર્ત્તતા અનંત્ય (= અંત્ય વિશેષ ધર્મથી ભિન્ન) સમજવી. આત્મદ્રવ્યમાં કર્મના દોષથી અમૂર્ત્તસ્વભાવ પરાભવ પામે છે, ઢંકાઈ જાય છે. તેથી સંસારી આત્મામાં જ પૌદ્‌ગલિકી મૂર્ત્તતા અંત્ય વિશેષપર્યાય સ્વરૂપ નહિ બને. તેથી ત્યાં તે મૂર્ત્તતા પરસ્પર અનુગમથી ઉત્પન્ન થનાર સાધારણધર્મ સ્વરૂપ સમજવી. આમ મૂર્ત્તતા પુદ્‌ગલ-જીવમાં સાધારણ હોવાથી અંત્ય વિશેષપર્યાયસ્વરૂપ નથી. આ કારણસર મૂર્ત્તતા વિભાજકગુણધર્મ નથી. તેથી સંસારી દશામાં પૌદગલિકી મૂર્ત્તતાનો જીવમાં ઉપચાર કરીને 'જીવ મૂર્ત્ત છે' - આ પ્રમાણે કહેવાય છે. પરંતુ 'જીવના સંબંધમાં આવેલા પુદ્‌ગલો અમૂર્ત્ત છે' - તેવું કહેવામાં નથી આવતું. કારણ કે પુદ્‌ગલદ્રવ્યમાં રહેલી મૂર્ત્તતાનો અભિભવ = તિરોભાવ થતો નથી.

[redacted] :- મૂર્ત્તતા અંત્ય વિશેષ ગુણધર્મ સ્વરૂપ ન હોવાથી તેનો સંસારી જીવમાં ઉપચાર થાય છે. અમૂર્ત્તતા અંત્ય વિશેષ પર્યાય સ્વરૂપ હોવાથી તેનો જીવતા માણસના શરીરમાં ઉપચાર થતો નથી.

### ✂ જીવ-દેહ એકમેક : ભગવતીસૂત્રવ્યાખ્યા ✂

(**यद्यपि.**) **ભગવતીસૂત્રવૃત્તિ**માં શ્રીઅભયદેવસૂરિજીએ અન્ય વિદ્વાનોના મત મુજબ જણાવેલ છે કે 'કાર્મણશરીર અને સંસારી આત્મા એકબીજાને છોડીને રહેતા નથી. તેથી તે બન્ને એકસ્વરૂપ (= એકરૂપ = અભિન્ન) છે.' અહીં કાર્મણશરીર અને સંસારી આત્મા - આ બન્નેમાં યદ્યપિ એકરૂપતા દર્શાવેલી છે. છતાં પણ સંસારી આત્મામાં કાર્મણશરીરગત મૂર્ત્તત્વને જણાવવું યોગ્ય છે. પરંતુ કાર્મણશરીરમાં સંસારીજીવગત અમૂર્ત્તત્વને દર્શાવવું યોગ્ય નથી. આ વાતને ધ્યાનમાં લેવી.

---

8 B(૨)માં 'ન હોઈ' અશુદ્ધ પાઠ. * લી.(૩)માં 'અનભિભૂત' અશુદ્ધ પાઠ. ♦ B(૨)માં 'અમૂર્ત્તતા' અશુદ્ધ પાઠ.
✿ કો.(૯) + આ.(૧)માં 'અત્યંત' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે.

**तथा च – अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदभिभूयते[♦] इति यथागमव्यवहारमाश्रयणीयम् ॥१३/११॥**

तथा च अन्योऽन्याऽनुगमाऽविशेषेऽपि क्वचिदेव किञ्चिदेव केनचित् कथञ्चिदभिभूयते, न तु सर्वत्र सर्वं सर्वेण सर्वथा इति यथागमं यथाव्यवहारञ्च आश्रयणीयम्।

प्रकृते "संसारिणाम् असुमतां सदा तैजस-कार्मणशरीरसद्भावाद् आत्यन्तिकम् अमूर्त्तत्वं न भवति" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.१५/पृ.३७८) इति **सूत्रकृताङ्गसूत्रवृत्ति**वचनाद् आत्मनि एव अमूर्त्तत्वं कर्मदोषेण तिरोहितत्वादिरूपेण अभिभूयते, न तु पुद्गले मूर्त्तत्वं केनचिदपि दोषेण कथञ्चनाऽपि तिरोभवति। अतः अन्योऽन्यानुगमाऽविशेषेऽपि आत्मनि मूर्त्तत्वमुपचर्यते, आत्मगतस्य अमूर्त्तत्वस्याभिभूतत्वेन मूर्त्तत्वस्याऽनन्त्यविशेषरूपत्वात्; न तु पुद्गलेऽमूर्त्तत्वम्, पुद्गलगतस्य मूर्त्तत्वस्य अनभिभूतत्वेन अमूर्त्तत्वस्याऽत्राऽन्त्यविशेषरूपत्वादिति भावनीयमागमानुसारेण व्यवहारिभिः।

इदमप्यत्रावधातव्यं यदुत संसारदशायां व्यवहारतो जीव-शरीरयोः अनुगमेऽपि निश्चयनयाभि-

## આગમ અને વ્યવહાર મુજબ વ્યવસ્થા સ્વીકાર્ય

(**तथा च.**) ઉપરોક્ત રીતે વિચાર કરતાં ફલિત થાય છે કે એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં એકમેક થઈ જવાપણું એકસરખું હોવા છતાં પણ ક્યાંક જ, કોઈક જ ગુણધર્મ, કોઈક જ દ્રવ્યથી, કોઈક રીતે પરાભવ પામે છે. પરંતુ બધા જ દ્રવ્યમાં, બધા જ ગુણધર્મો, બધા જ દ્રવ્યથી, બધી રીતે પરાભવ પામતા નથી. આ પ્રમાણે આગમાનુસારે અને પ્રસિદ્ધ વ્યવહાર મુજબ માનવું જરૂરી છે.

(**प्रकृ.**) પ્રસ્તુતમાં 'સંસારી જીવોને હંમેશા તૈજસ-કાર્મણશરીર વિદ્યમાન હોવાથી આત્યન્તિક અમૂર્ત્તતા સંસારી જીવોમાં હોતી નથી' - આ પ્રમાણે **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રી**શીલાંકાચાર્ય**જીએ જે જણાવેલ છે, તેના આધારે એવું સમજવું કે આત્મામાં જ અમૂર્ત્તસ્વભાવ કર્મદ્રવ્યના દોષથી પરાભવ પામે છે. અહીં પરાભવ પામવાનો અર્થ 'કાયમ માટે રવાના થવું' - એવો ન સમજવો. પણ 'ઢંકાઈ જવું'- એવા અર્થ સમજવો. પુદ્ગલદ્રવ્યમાં તો કોઈ પણ દોષથી, કોઈ પણ દ્રવ્યથી, કોઈ પણ રીતે મૂર્ત્તતાનો તિરોભાવ થતો નથી. અર્થાત્ કોઈ પણ પુદ્ગલદ્રવ્યમાં રૂપાદિ ગુણધર્મનો નાશ થતો નથી. તેથી પરસ્પર અનુગમ જીવમાં અને પુદ્ગલદ્રવ્યમાં સમાન હોવા છતાં પણ આત્મામાં પુદ્ગલગત મૂર્ત્તત્વનો ઉપચાર થાય છે. કારણ કે આત્માનું પારમાર્થિક અમૂર્ત્તત્વ કર્મથી પરાભવ પામવાના લીધે ત્યાં મૂર્ત્તત્વ અનન્ત્યવિશેષગુણધર્મસ્વરૂપ છે. પરંતુ આપણા શરીરાદિ પુદ્ગલમાં આત્મગત અમૂર્ત્તત્વનો ઉપચાર થતો નથી. કારણ કે શરીરાદિ પુદ્ગલગત મૂર્ત્તત્વ તો કોઈનાથી પણ પરાભવ પામતું ન હોવાથી શરીરાદિ પુદ્ગલોમાં અમૂર્ત્તત્વ અંત્યવિશેષગુણધર્મસ્વરૂપ જ છે. આ પ્રમાણે આગમ અનુસારે વ્યવહાર કરનારા જીવોએ ઊંડાણથી વિચાર કરવો.

## ❀ નિશ્ચયથી સંસારીમાં રૂપાદિ ગેરહાજર ❀

(**इद.**) અહીં એ પણ ખ્યાલમાં રાખવું કે સંસારદશામાં જીવ અને શરીર વ્યવહારથી પરસ્પર

♦. મ.+શાં.માં '...दनुभूयते' ઈતિ અશુદ્ધ પાઠ.

प्रायेण आत्मगतोपयोगलक्षणान्त्यविशेषधर्मोल्लेखे शरीरगता रूपादयो धर्मा आत्मनि नोपचर्यन्ते न वा ते आत्मन इति व्यवह्रियन्ते। तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामि**ना [1]"एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो। ण य होंति तस्स ताणि हु उवओगगुणाधिगो जम्हा।।" (स.सा.५७) इति। 'एदेहिं = वर्णादिभिः'।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कर्मदोषाद् अस्मदीयं मौलिकम् अमूर्त्तत्वं साम्प्रतं पराहतम्। यथा यथा ज्ञानावरणीयादिद्रव्यकर्म-रागद्वेषादिभावकर्माणि हीयन्ते तथा तथा मौलिकाऽमूर्त्तत्वाऽऽविर्भावसम्भावना सम्प्रवर्धते। तदर्थं प्रथमं 'गेह-देह-स्नेहादयो मम' इति मिथ्यामतिः चित्तवृत्तिबहिर्मुखताऽऽपादकतया त्याज्या। 'ते हि परमार्थतः पुद्गलपरिणामा' इति मन्यमानस्य व्यवहाराभासित्वं प्रच्यवते। 'ते हि केवलं पुद्गलपरिणामा' इति मन्यमानस्य निश्चयाऽऽभासित्वं स्यादपि। 'रागादयो हि जीवस्य पराश्रिताः परिणामा' इति जानानस्य निश्चयाऽऽभासित्वं निरवकाशम्। 'ते व्यवहारतो जीवपरिणामत्वं बिभ्राणा अपि निश्चयतस्त्वजीवपरिणामत्वं बिभ्राणाः मया त्याज्या एव' इति प्रतिजानानस्य उभयाऽऽभासित्वाऽनाक्रान्ततया भेदविज्ञानोपलब्धौ अमूर्त्ताऽशरीर-वीतरागात्मस्वरूपगोचरः

મીલિત હોવા છતાં પણ નિશ્ચયનયના અભિપ્રાયથી આત્મવર્તી ઉપયોગસ્વરૂપ ચરમ વિશેષ = વ્યાવર્તક ગુણધર્મનો ઉલ્લેખ કરવામાં આવે તો દેહવર્તી રૂપાદિ ગુણધર્મોનો આત્મામાં ઉપચાર થતો નથી કે રૂપાદિ ગુણધર્મો આત્માના કહેવાતા નથી. તેથી જ **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ નિશ્ચયનયનો અભિપ્રાય જણાવતાં કહેલ છે કે 'જેમ દૂધ અને પાણી વચ્ચે એકક્ષેત્રાવગાહાત્મક સંયોગવિશેષ સંબંધ છે, તેમ વર્ણાદિ ભાવોની સાથે સંસારી આત્માનો વિશેષસંબંધ જાણવો. તથા તે વર્ણાદિ ભાવો જીવના નથી. કારણ કે જીવ ઉપયોગ ગુણ વડે અધિક છે. (જુદો જણાય છે.)' મતલબ કે વર્ણાદિ નિશ્ચયથી પુદ્ગલના છે, જીવના નહિ.

### આપણી અમૂર્તતાને પ્રગટાવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- હમણાં આપણામાં મૂર્તતા પ્રગટપણે પ્રતીયમાન છે. કર્મના દોષથી આપણી મૌલિક અમૂર્ત્તતા વર્તમાન કાળે પરાભવ પામી ચૂકેલ છે. જેમ જેમ જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવકર્મ રવાના થાય તેમ તેમ આત્માની મૌલિક અમૂર્ત્તતા પ્રગટ થવાની સંભાવના વધતી જાય. તે માટે સૌપ્રથમ 'ઘર, શરીર, સ્નેહરાગ વગેરે મારા છે' - આ પ્રમાણેની મિથ્યામતિ છોડવી જોઈએ. કેમ કે તે મિથ્યામતિ જ ચિત્તવૃત્તિને બહિર્મુખ કરે છે. 'ઘર, શરીર, રાગ વગેરે પરમાર્થથી પુદ્ગલના પરિણામ છે' - આવું માનનારા જીવમાંથી વ્યવહારાભાસીપણું રવાના થાય છે. 'ઘર, શરીર, રાગ વગેરે માત્ર પુદ્ગલના જ પરિણામ છે' - આવું માનનારો જીવ કદાચ નિશ્ચયાભાસી થાય પણ ખરો. પરંતુ 'રાગાદિ જીવના પરાશ્રિત પરિણામ છે' - આવું જાણનાર જીવ નિશ્ચયાભાસી બને તેવી શક્યતા નથી. તથા 'રાગ વગેરે વ્યવહારથી જીવના પરિણામ છે. છતાં પણ નિશ્ચયથી તો તે અજીવના જ પરિણામ છે. તેથી તે ત્યાજ્ય જ છે. મારે તેને છોડવા જ છે' - આવી પ્રતિજ્ઞા કરનારો સાધક

1. एतैश्चः सम्बन्धो यथैव क्षीरोदकं ज्ञातव्यः। न च भवन्ति तस्य तानि तूपयोगगुणाधिको यस्मात्।।

साक्षात्कारः प्रादुर्भवति। अमूर्त्तशुद्धात्मद्रव्यदृष्टिप्राबल्येऽभिनवकायेन्द्रिय-कर्मादिग्रहणपरम्पराविच्छेदतो मौलिकाऽमूर्त्तस्वभावप्रादुर्भाव आसन्नतरो विज्ञेयः। एवञ्च अनेकनयसमन्वयात्मकप्रमाणाद् उपादेयतत्त्व-ग्रहणेन सम्यगेकान्तपरतया भाव्यम्।

ततः परद्रव्यादिगोचरममत्वादिजनकाऽसद्भूतव्यवहारोपेक्षणतः अमूर्त्तात्मद्रव्याऽऽविर्भावार्थिना निर्भ्रान्ततया शुद्धनिश्चयः स्वभूमिकौचित्येन उपादेयः। तदर्थं [1]"ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था। जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।।" (स.सा.३२४) इति **समयसार**गाथा परिभावनीया। ततश्चाऽखिलद्रव्य-भावकर्मोच्छेदेन अस्मदीयं स्वाभाविकम् अमूर्त्तत्वम् आत्मसात् कार्यम्। तदर्थं निजाऽमूर्त्तस्वभाव उपादेयतया ज्ञातव्यः। इत्थमेव ज्ञानस्य सम्यक्त्वं स्यात्। इदमेवाऽऽस्माकीनं

---

વ્યવહારાભાસી કે નિશ્ચયાભાસી થતો નથી. તેથી તેવી પ્રતિજ્ઞાનું બળ વધતાં 'દેહ-ગેહ-નેહ વગેરેથી આત્મા જુદો જ છે' - આવી ભેદવિજ્ઞાનની પરિણતિ જીવંત બને છે. તેમ થતાં તે ભેદવિજ્ઞાની સાધકને અમૂર્ત્ત-અશરીરી-વીતરાગ એવા પોતાના આત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર પ્રગટે છે. એક વાર સમ્યક્ સ્વાનુભૂતિ થયા બાદ પોતાના અમૂર્ત્ત શુદ્ધ આત્મદ્રવ્યને જ જોવા-જાણવા-માણવા માટેની અભિલાષા દૃઢ થતી જાય છે. શુદ્ધ આત્મદ્રવ્યમાં અખંડ રમણતા કરવા માટે તીવ્ર તલસાટ અને તરવરાટ પ્રગટે છે. કર્મોદયજન્ય રાગાદિ પરિણામોની તદ્દન ઉપેક્ષા કરીને, તેને જરા પણ મહત્ત્વ આપ્યા વિના, શુદ્ધ આત્મદ્રવ્યમાં જ લીન થવાનો આસન્નમુક્તિગામી સાધક અભ્યાસ કરે છે. આ રીતે અમૂર્ત્ત શુદ્ધ આત્મદ્રવ્યસંબંધી દૃષ્ટિ પ્રબળ થતાં નવા-નવા શરીર-ઈન્દ્રિય-કર્મ વગેરેને ગ્રહણ કરવાની પરંપરાનો વિચ્છેદ થવાથી મૌલિક અમૂર્ત્ત આત્મસ્વભાવ નજીકના સમયમાં જ પ્રગટ થશે - તેમ સમજવું. આમ અનેકનય-સમન્વયસ્વરૂપ પ્રમાણમાંથી ઉપાદેય તત્ત્વને પકડવાનું છે. તેના દ્વારા સમ્યગ્ એકાન્તને સાધવામાં તત્પર થવાનું છે.

### પરમાણુમાત્ર પણ મારું દ્રવ્ય નથી

(ततः) તેથી પ્રસ્તુતમાં પરદ્રવ્યાદિવિષયક મમતા વગેરે ઉત્પન્ન કરનાર અસદ્ભૂતવ્યવહારની ઉપેક્ષા કરીને, અમૂર્ત્ત આત્મદ્રવ્યનો આવિર્ભાવ કરવાની કામનાવાળા સાધકે નિર્ભ્રાન્તપણે શુદ્ધનિશ્ચયનયને પોતાની ભૂમિકા અનુસાર પકડવો જોઈએ. તે માટે **સમયસાર**ની ૩૨૪ મી ગાથાની વારંવાર વિભાવના કરવી જરૂરી છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે કે "જેમણે પદાર્થનું સ્વરૂપ નથી જાણ્યું તેવા પુરુષો વ્યવહારનયની ભાષા મુજબ 'પરદ્રવ્ય મારું છે' - આમ બોલે છે. પરંતુ 'કોઈ પરમાણુમાત્ર પણ મારું દ્રવ્ય નથી' - એમ જ્ઞાનીઓ નિશ્ચયથી જાણે છે." આ ગાથાર્થની સાચી વિભાવનાથી તમામ દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો ઉચ્છેદ કરીને પોતાની મૌલિક અમૂર્ત્તતા વહેલી તકે હાંસલ કરવી. તે માટે પોતાના અમૂર્ત્તસ્વભાવને ઉપાદેય તરીકે જાણવો. ખાલી જાણવું તે ખરેખર જાણવું નથી. તેવી જાણકારી તો અભવ્ય પાસે પણ ઘણી હોય છે. પરંતુ ઉપાદેય તરીકે અમૂર્ત્ત આત્મસ્વભાવને જાણવો તે જ ખરેખર જાણવું છે. આ રીતે જાણવામાં આવે તો જ આપણું જ્ઞાન સમ્યક્ બની

---

1. व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणन्त्यविदितार्थाः। जानन्ति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किञ्चित्।।

विशिष्टं कर्तव्यमित्युपदेशः। ततश्च "ते ज्ञानावरणीयाद्यैर्मुक्ताः कर्मभिरष्टभिः। ज्ञान-दर्शन-चारित्राद्यनन्ताष्टकसंयुताः।।" (द्र.लो.प्र.२/७८) इति **द्रव्यलोकप्रकाशे विनयविजय**वाचकोक्तं सिद्धस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।१३/११।।

---

શકે. બાકી તો કોમ્પ્યુટરમાં ભેગી કરેલી માહિતી જેવી ભારબોજરૂપ જાણકારી બને. તેથી અમૂર્તસ્વભાવને ઉપાદેય તરીકે જાણીને તેને ઝડપથી આત્મસાત્ કરીએ, તે જ આપણું અંગત અને આત્મીય કર્તવ્ય છે. આ પ્રમાણેનો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રત્યેક આત્માર્થી સાધકે પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે ઉપદેશ મુજબ વર્તન કરવાથી **દ્રવ્યલોકપ્રકાશ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ થાય. ત્યાં **શ્રીવિનયવિજય** ઉપાધ્યાયે કહેલ છે કે 'તે સિદ્ધાત્માઓ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોથી મુક્ત હોય છે. તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર વગેરે આઠ ગુણોથી યુક્ત હોય છે.' (૧૩/૧૧)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિની દોડધામથી પાપની આબાદી અને પુણ્યની બરબાદી થાય છે.**

  **શ્રદ્ધાના પ્રયત્નથી પુણ્યની આબાદી અને પાપની બરબાદી થાય છે.**

- **કરણમાં (=ઈન્દ્રિયમાં) અને અધિકરણમાં વાસના ગૂંચવાય છે.**

  **અન્તઃકરણની પવિત્રતામાં ઉપાસના રમે છે.**

- **વાસનાનો અતિરેક રૌદ્રધ્યાનમાં તાણી જાય છે.**
  **ઉપાસનાનો ઉત્કર્ષ શુક્લધ્યાનમાં લઈ જાય છે.**

- **સુખની અલ્પતાથી વાસના વ્યથિત બને છે.**
  **સદ્ગુણની અલ્પતાથી ઉપાસના બેચેન બને છે.**

- **દુઃખભીતિમાં વાસના અટવાય છે.**
  **પ્રભુપ્રીતિમાં ઉપાસના મહાલે છે.**

**પુદ્ગલનઈં ❑ઈંકવીસમો રે, ઈમ તો ભાવ♦ વિલુત્ત;**

**તેણિ અસદ્ભૂતહ ✡નયઈં રે, પરોક્ષ અણુય♦ ★અમુત્તો રે ॥૧૩/૧૨॥ (૨૨૦) ચતુર.**

"ઉપચારઈં પણિ અમૂર્ત્તસ્વભાવ **પુદ્ગલનઈં** ન હોઈ" **ઈમ** કહતાં **તો એકવીસમો ભાવ** (**વિલુત્ત**=) લોપાઈ,● તિવારઈં एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः। *धर्मादीनां षोडश स्युः काले पञ्चदश

साम्प्रतं देवसेनमतं समीक्षते – 'अन्त्ये'ति।

**अन्त्यभावस्य लोपः स्यादेवमुक्तौ हि पुद्गले।**

**तेन नयादसद्भूतात् परोक्षाणावमूर्त्तता।।१३/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एवम् उक्तौ हि अन्त्यभावस्य पुद्गले लोपः स्यात्। तेन असद्भूताद् नयात् परोक्षाणौ अमूर्त्तता (स्वीकर्तव्या)।।१३/१२।।

**एवम्** = 'उपचारादपि पुद्गले अमूर्त्तस्वभावो न भवति' इति प्रकारेण **उक्तौ** = भणित्यां सत्यां **अन्त्यभावस्य** = एकविंशतितमस्य अमूर्त्तस्वभावस्य **पुद्गले लोपः हि** = अपलापः एव **स्यात्**। "हि हेताववधारणे" (अ.को.३/अव्यय-२५७ पृ.४४३) इति पूर्वोक्ताद् (३/२ + ६/१५) **अमरकोश**वचनादत्रावधारणे हि प्रयुक्तः। "एवं प्रकारोपमयोरङ्गीकारेऽवधारणे" (वि.लो.अव्यय-५३) इति पूर्वोक्ते (३/१४) **विश्वलोचने धरसेन**वचनाद् 'एवं'शब्दः प्रकृते प्रकारार्थे योजितः। प्रस्तुतमुच्यते –

**અવતરણિકા** :- હવે દેવસેનમતની સમીક્ષા કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❀ દિગંબર મત સમીક્ષા ❀

**શ્લોકાર્થ** :- આ રીતે કહેવામાં આવે તો અંત્ય સ્વભાવનો પુદ્ગલમાં લોપ થશે. તેથી અસદ્ભૂત વ્યવહાર નયથી પરોક્ષ પરમાણુમાં અમૂર્ત્તસ્વભાવને માનવો જોઈએ. (૧૩/૧૨)

**વ્યાખ્યાર્થ** :- 'ઉપચારથી પણ પુદ્ગલદ્રવ્યમાં અમૂર્ત્તસ્વભાવ નથી હોતો' - આ પ્રકારે **દેવસેન** દ્વારા કહેવામાં આવે તો અમૂર્ત્તત્વ નામના એકવીસમા સ્વભાવનો પુદ્ગલદ્રવ્યમાં અવશ્ય અપલાપ થવાની આપત્તિ આવશે. **અમરકોશ**માં હેતુ તથા અવધારણ અર્થમાં 'हि' શબ્દ જણાવેલ છે. આ સંદર્ભ પૂર્વે (૩/૨ + ૬/૧૫) દર્શાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં 'हि' શબ્દ અવધારણ = જકાર = અવશ્યભાવ અર્થમાં યોજેલ છે. તથા **વિશ્વલોચનકોશમાં ધરસેન**જીએ (૧) પ્રકાર, (૨) ઉપમા, (૩) અંગીકાર અને (૪) અવધારણ - આ ચાર અર્થમાં 'एवं' શબ્દ જણાવેલ છે. આ સંદર્ભ પૂર્વે (૩/૧૪) દર્શાવેલ છે. તેના આધારે અહીં પ્રકાર અર્થમાં 'एवं' શબ્દનો પ્રયોગ કરેલ છે. હવે મૂળ વાત ઉપર આવીએ. જો

❑ P(૨)માં 'ઈમ ઈક' પાઠ. લી.(૪)માં 'ઈમ કહી' પાઠ. ♦ કો.(૧)માં 'ભાખિ વિલ ત્તિ' પાઠ. ✡ કો.(૧)માં '...ભૂત તેહની રે' પાઠ. કો.(૫+૬+૮)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'અણુઅં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

★ મો.(૨)માં 'અતુત્તો' અશુદ્ધ પાઠ. ● પુસ્તકોમાં 'તિરવાઈં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

**स्मृताः।।*** (આલાપપદ્ધતિ-પૃ.૫) એ વચન વ્યાઘાતથી અપસિદ્ધાંત થાઈ. (**તેણિ**=) તે ટાલવાનઈ કાજિં **અસદ્ભૂત** વ્યવહાર**નયઈ પરોક્ષ** જે પુદ્ગલ (**અણુય**=) પરમાણુ છઈ, તેહનઈ ♦**અમૂર્ત્ત** કહિયઈ.

**व्यावहारिकप्रत्यक्षागोचरत्वममूर्त्तत्वं परमाणौ भाक्तं स्वीक्रियते इत्यर्थः ॥१३/१२॥**

ततश्च "एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः" (आ.प.पृ.५) इति **आलापपद्धति**वचनव्याघाताद् **देवसेनस्य** अपसिद्धान्तः प्रसज्येत। **तेन** = अपसिद्धान्तनिवारणोद्देशेन **असद्भूताद् नयाद्** = व्यवहारनयात् **परोक्षाणौ** = अतीन्द्रिये पुद्गलपरमाणौ **अमूर्त्तता** = अमूर्त्तस्वभावः अभ्युपगन्तुं युज्यते।

यथा **कुन्दकुन्दस्वामिना प्रवचनसारे** [1]"अपदेसो परमाणू" (प्र.सा.गा.१३७) इत्युक्तेऽपि **देवसेनेन आलापपद्धतौ** "स्वजात्यसद्भूतव्यवहारः, यथा 'परमाणुः बहुप्रदेशी'ति कथनम्" (आ.प.पृ.१०) इत्युक्तम्, तथैवाऽत्रापि पुद्गलाणोः निश्चयेन मूर्त्तत्वेऽपि व्यवहारेण अमूर्त्तत्वमिति देवसेनेनाऽवश्यम् अङ्गीकर्तव्यम्, युक्तेरुभयत्र तुल्यत्वात्।

वस्तुतः पुद्गलपरमाणौ तात्त्विकव्यवहारेणैव अमूर्त्तस्वभावः स्वकार्यकारितया कक्षीकर्त्तव्यः, न

ઉપચારથી પણ પુદ્ગલમાં અમૂર્ત્તસ્વભાવ ન માનો તો 'જીવમાં અને પુદ્ગલમાં એકવીસ સ્વભાવ માન્ય છે' - આ પ્રકારે **આલાપપદ્ધતિ** ગ્રંથના વચનનો વ્યાઘાત થવાના લીધે દેવસેનને અપસિદ્ધાંત નામનો દોષ લાગુ પડશે. આ અપસિદ્ધાંત દોષનું નિવારણ કરવાના ઉદ્દેશથી અસદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ જ અતીન્દ્રિય પુદ્ગલ પરમાણુમાં દેવસેનજીએ અમૂર્ત્તસ્વભાવનો સ્વીકાર કરવો વ્યાજબી જણાય છે.

[illegible] :- **આલાપપદ્ધતિ** અને **લઘુનયચક્ર** ગ્રંથમાં **દેવસેનજી**એ જીવમાં અને પુદ્ગલમાં એકવીસ સ્વભાવ દર્શાવેલ છે. તથા આલાપપદ્ધતિ ગ્રંથમાં દેવસેનજીએ પુદ્ગલમાં અમૂર્ત્તસ્વભાવનો તદ્દન નિષેધ પણ કરેલો છે. આ નિષેધના લીધે પુદ્ગલદ્રવ્યમાં એકવીસના બદલે વીસ સ્વભાવ સિદ્ધ થશે. એકવીસમા સ્વભાવનો લોપ થશે. તેથી દિગંબર દેવસેનજીને અપસિદ્ધાંત લાગુ પડશે. આ દોષમાંથી બચવા માટે દેવસેનજીએ પુદ્ગલ પરમાણુમાં ઔપચારિક અમૂર્ત્તપણું માનવું જોઈએ. તો જ તેનું નિવારણ થઈ શકે.

### ✿ પરમાણુમાં અમૂર્ત્તતાનો સ્વીકાર જરૂરી ✿

(**યથા.**) જેમ **કુંદકુંદસ્વામી**એ **પ્રવચનસાર**માં 'પરમાણુ અપ્રદેશ છે' - તેવું જણાવવા છતાં પણ **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ**માં "સ્વજાતિઅસદ્ભૂતવ્યવહાર તેને સમજવો, જેમ કે 'પરમાણુ બહુપ્રદેશી છે' - આવું કથન" - આમ જણાવેલ છે. બરાબર તે જ રીતે પ્રસ્તુતમાં પણ પુદ્ગલાણુ નિશ્ચયથી મૂર્ત્ત હોવા છતાં પણ 'વ્યવહારથી પરમાણુ અમૂર્ત્ત છે' - આમ **દેવસેનજી**એ કહેવું જોઈએ. કારણ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. પુદ્ગલપરમાણુમાં બહુપ્રદેશીસ્વભાવ માનવો અને અમૂર્ત્તસ્વભાવ ન માનવો - આમાં કોઈ તર્ક કે તથ્ય નથી જણાતું.

### ❯ પરમાણુમાં અમૂર્ત્તસ્વભાવ તાત્ત્વિકવ્યવહારમાન્ય ❯

(**વસ્તુ.**) વાસ્તવમાં તો પુદ્ગલ પરમાણુમાં તાત્ત્વિકવ્યવહારનયથી જ અમૂર્ત્તસ્વભાવને માનવો જોઈએ. કારણ કે તે પોતાનું કાર્ય કરે છે. અમૂર્ત્ત સ્વભાવના જ કારણે તો પુદ્ગલ પરમાણુ દેખાતો નથી.

♦ લી.(૧)માં 'અમૂર્ત્તત્વ' પાઠ. 1. अप्रदेशः परमाणुः।

त्वसद्भूतव्यवहारतः उपचारेण, अन्यथा कालत्रये जातुचिद् घटादेरिव तस्य चाक्षुषत्वापत्तेः। न ह्युपचरितः स्वभावः जातु प्रतियोगिनं स्वमुख्यकार्यकरणप्रवृत्तं प्रतिरुणद्धि, उपचरितत्वहानेः। न वोपचरितः स्वभावः स्वकार्यकरणक्षमः, तत एव। न हि चक्रवर्त्तित्वेनोपचरितः चरटः षट्खण्डसाम्राज्यं परमार्थतो लभते।

***न च*** रूपादिसन्निवेशवत्त्वलक्षणमूर्त्तत्वशालिनि परमाणौ कथममूर्त्तत्वं रूपादिसन्निवेशशून्यत्वलक्षणं सम्भवेदिति ***शङ्कनीयम्,***

पुद्गलाणौ व्यावहारिकप्रत्यक्षाऽगोचरत्वलक्षणस्य गौणस्य अमूर्त्तत्वस्य स्वीकारात्, मुख्यमूर्त्तत्व-गौणाऽमूर्त्तत्वयोः मिथोऽविरोधात्।

इदमत्राकूतम् – चक्षुरादीन्द्रियेण रूपिद्रव्यगोचरः ओघतः साक्षात्कारो जन्यते। अतो रूपिद्रव्यं मूर्त्ततया व्यवह्रियते। ऐन्द्रियकप्रत्यक्षाऽगोचरश्चौघतोऽमूर्त्ततया व्यवह्रियते। अत ऐन्द्रियकप्रत्यक्षा-

---

અસદ્ભૂતવ્યવહારની દૃષ્ટિએ ઉપચારમાત્રથી તેમાં અમૂર્તસ્વભાવને ન મનાય. કેમ કે ઔપચારિક વસ્તુ કદાપિ પોતાનું તથાવિધ મુખ્ય કાર્ય કરતી નથી. જો પુદ્ગલપરમાણુમાં અસદ્ભૂત વ્યવહારનયના અભિપ્રાયથી અમૂર્તસ્વભાવને ઉપચારથી માનવામાં આવે તો ત્રણ કાળમાં ક્યારેક તો ઘટ વગેરેની જેમ પરમાણુનું ચાક્ષુષ પ્રત્યક્ષ થવાની આપત્તિ આવશે. કારણ કે ઔપચારિક સ્વભાવ ક્યારેય પણ પોતાનો વિરોધી સ્વભાવ પોતાનું મુખ્ય કાર્ય કરવા માંડે તો તેને અટકાવતો નથી. બાકી તે ઉપચરિત સ્વભાવમાંથી ઉપચરિતપણું જ રવાના થઈ જાય. તથા ઉપચરિત સ્વભાવ કદાપિ પોતાનું કાર્ય કરવા માટે પણ સમર્થ બની શકતો નથી. બાકી તો તેને ઔપચારિક ન કહી શકાય. ચોરમાં ચક્રવર્તી તરીકેનો ઉપચાર કરવાથી ચોર છ ખંડના સામ્રાજ્યને પરમાર્થથી પ્રાપ્ત કરતો નથી.

[illegible] :- (न च.) પુદ્ગલ પરમાણુમાં રૂપાદિસંનિવેશ સ્વરૂપ મૂર્તતા વિદ્યમાન જ છે. તેથી પુદ્ગલ પરમાણુમાં અમૂર્તતા કઈ રીતે સંભવે ? કેમ કે અમૂર્તતા તો રૂપાદિસંનિવેશશૂન્યતા સ્વરૂપ છે. મતલબ કે રૂપી દ્રવ્યને અરૂપી કઈ રીતે કહી શકાય ? તેથી પુદ્ગલદ્રવ્યમાં અમૂર્તત્વનો તદ્દન નિષેધ કરવો તે જ વ્યાજબી છે.

## ❋ પુદ્ગલાણુમાં ગૌણ અમૂર્તતા ❋

**સમાધાન** :- (पुद्गला.) પુદ્ગલ પરમાણુનું આંખ વગેરે ઈન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ થતું નથી. તેથી વ્યાવહારિકપ્રત્યક્ષનિરૂપિત વિષયતા પુદ્ગલ પરમાણુમાં રહેતી નથી. વ્યાવહારિકપ્રત્યક્ષ-અવિષયત્વ એ એક પ્રકારનું અમૂર્તત્વ જ છે. તેને ગૌણ અમૂર્તત્વ પણ કહી શકાય. વ્યાવહારિક પ્રત્યક્ષની અવિષયતા સ્વરૂપ ગૌણ અમૂર્તત્વનો અમે પુદ્ગલ પરમાણુમાં સ્વીકાર કરીએ છીએ. તેથી રૂપાદિસંનિવેશસ્વરૂપ મુખ્ય મૂર્તત્વ અને વ્યાવહારિકપ્રત્યક્ષઅવિષયત્વ સ્વરૂપ ગૌણ અમૂર્તત્વ - આ બન્નેનો પુદ્ગલપરમાણુમાં સ્વીકાર કરી શકાય છે. કારણ કે તે બન્ને પરસ્પર વિરોધી નથી.

**(इदम.)** પ્રસ્તુતમાં આશય એ છે કે આંખ વગેરે ઈન્દ્રિય વડે રૂપી વસ્તુ સામાન્યથી જણાતી હોય છે. ઘટ, પટ વગેરે દ્રવ્ય રૂપી છે. તેનું ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષ થાય છે. તેથી તે મૂર્ત કહેવાય છે. જેનું

गोचरत्वं हि व्यावहारिकम् अमूर्त्तत्वम् उच्यते, न तु नैश्चयिकम्। पौद्गलिकपरमाण्वादेः ऐन्द्रियक-साक्षात्काराऽगोचरतया प्रकृतं यद् गौणम् अमूर्त्तत्वं विधीयते तस्य मूर्त्तत्वकार्यप्रतिरोधकतया तात्त्विकव्यवहारविषयत्वम्, न तु असद्भूतव्यवहारविषयत्वम्। इत्थञ्चैकत्र मुख्यमूर्त्तत्व-गौणाऽमूर्त्तत्वयोः युगपत् समावेशेन स्याद्वाद एव सर्वत्र जयति।

इदमत्राऽस्माकमाकूतम् – **आलापपद्धतौ** "पुद्गलस्योपचारादपि नास्ति अमूर्त्तत्वम्" (आ.प.पृ.१५) इति पूर्वमुक्त्वा तत्रैव पश्चाद् "अणोरमूर्त्तत्वाऽभावे पुद्गलस्यैकविंशतितमो भावो न स्यात्। परोक्षप्रमाणाऽपेक्षया असद्भूतव्यवहारेणाऽपि उपचारेण अमूर्त्तत्वं पुद्गलस्य" (आ.प.पृ.१६) इत्युक्त्या **देवसेनस्य** स्ववचनविरोधो ज्ञायते।

***एतेन*** "पुद्गलस्य तूपचारादपि नास्ति अमूर्त्तत्वम्" (का.अ.गा.२६१/वृ.पृ.१८६) इति **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्रेण** गड्डरिकाप्रवाहन्यायेन यदुक्तं तद् ***निरस्तम्,*** पुद्गलद्रव्ये एकविंशतितमभावाऽनुपपत्तेः, पुद्गलपरमाणौ व्यवहारेण अमूर्त्तत्वस्य इष्टत्वाच्च।

ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષ ન થાય તેનો અમૂર્ત્ત તરીકે વ્યવહાર સામાન્યતયા થતો હોય છે. તેથી ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષની અગોચરતા એ વ્યાવહારિક અમૂર્ત્તતા કહેવાય. આ અમૂર્ત્તતા ગૌણ છે, નૈશ્ચયિક નથી. ગૌણ અમૂર્ત્તતા પોતાના વિરોધી મૂર્ત્તસ્વભાવને પોતાનું કાર્ય કરવા દેતી નથી.તેથી જ ગૌણ અમૂર્ત્તતાના આશ્રયભૂત એવા પરમાણુનું ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષ થતું નથી. આમ વ્યાવહારિક પ્રત્યક્ષનો વિષય ન બનવાથી પરમાણુ વગેરેમાં પ્રસ્તુત જે ગૌણ અમૂર્ત્તતાનું વિધાન કરવામાં આવે છે. તે તાત્ત્વિક વ્યવહારનો વિષય છે, અસદ્ભૂતવ્યવહારનો વિષય નથી. આ રીતે એક જ ધર્મીમાં = પુદ્ગલપરમાણુ વગેરેમાં મુખ્ય મૂર્ત્તત્વ અને ગૌણ અમૂર્ત્તત્વનો એકી સાથે સમાવેશ સિદ્ધ થવાથી સર્વત્ર સ્યાદ્વાદનો જ વિજય થાય છે.

### ❀ દેવસેનવચનમાં વદતો વ્યાઘાત ❀

(**इद.**) પ્રસ્તુતમાં અમારો આશય એ છે કે **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પૃષ્ઠ નં.૧૫ ઉપર 'પુદ્ગલ દ્રવ્યમાં ઉપચારથી પણ અમૂર્ત્તત્વ નથી' - એમ જણાવેલ છે. તથા પૃષ્ઠ નં.૧૬માં ત્યાં જ **દેવસેનજી**એ જણાવેલ છે કે 'પુદ્ગલ અણુમાં અમૂર્ત્તત્વ માનવામાં ન આવે તો પુદ્ગલમાં અમૂર્ત્તત્વ નામનો એકવીસમો સ્વભાવ સંગત નહિ થઈ શકે. આમ પરોક્ષ પ્રમાણની અપેક્ષાએ અસદ્ભૂત વ્યવહારનયથી પણ પુદ્ગલદ્રવ્યમાં અમૂર્ત્તસ્વભાવને ઉપચારથી માનવો જોઈએ.' **દેવસેનજી**એ આમ પાછળથી પુદ્ગલમાં ઉપચારથી અમૂર્ત્તસ્વભાવનો સ્વીકાર કરેલ છે જ. આ રીતે એક જ ગ્રંથમાં એક જ પૃષ્ઠ આગળ-પાછળ કરતાં દેવસેનજીની ઉક્તિમાં વિરોધ જણાય છે.

### ❀ શુભચંદ્રમતનિરાસ ❀

(**एते.**) ગાડરિયાપ્રવાહન્યાયથી દેવસેનવચનને અનુસરીને **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં દિગંબર **શુભચન્દ્રજી**એ 'પુદ્ગલમાં તો ઉપચારથી પણ અમૂર્ત્તત્વ નથી' - આ પ્રમાણે જે જણાવેલ છે, તેનું નિરાકરણ ઉપર જણાવ્યા મુજબ થઈ જાય છે. કારણ કે જો પુદ્ગલમાં ઉપચારથી = વ્યવહારથી પણ અમૂર્ત્તત્વ ન માનો તો પુદ્ગલદ્રવ્યમાં એકવીસમો સ્વભાવ અસંગત થવાની આપત્તિ આવશે. તથા

यथा **पञ्चास्तिकायसङ्ग्रहवृत्तौ अमृतचन्द्रेण** आत्मानमधिकृत्य "व्यवहारेण कर्मभिः सह एकत्व-परिणामाद् मूर्त्तोऽपि निश्चयेन नीरूपस्वभावत्वान्न हि मूर्त्तः" (प.का.स.२७/वृ.पृ.५३) इत्युक्तम्, अग्रेऽपि तत्रैव तेनैव "अमूर्त्तः स्वरूपेण जीवः, पररूपाऽऽवेशाद् मूर्त्तोऽपि" (प.स.९७ वृ.पृ. १४२) इत्युक्तम्, यथा च "जीवद्रव्यं पुनः अनुपचरिताऽसद्भूतव्यवहारेण मूर्त्तम् अपि शुद्धनिश्चयनयेन अमूर्त्तम्" (बृ.द्र.स.गा.२७ चूलिका वृ.पृ.८६) इति **बृहद्द्रव्यसङ्ग्रहवृत्तौ ब्रह्मदेवेन** इत्युक्तम्, तथैव **देवसेनेन शुभचन्द्रेण** च 'पुद्गल-परमाणुः निश्चयेन वर्णादिमत्त्वाद् मूर्त्तोऽपि व्यवहारेण ऐन्द्रियकसाक्षात्कारऽगोचरत्वाद् अमूर्त्तोऽपि' इत्यभ्युपगन्तव्यमेव अकामेनापि, युक्तेरुभयत्र समानत्वात्, सम्प्रदायानुकूलत्वाच्च। [1]"जे खलु इंदियगेज्झा विसया जीवेहिं हुंति ते मुत्ता। सेसं हवदि अमुत्तं" (प.का.९९) इति पूर्वोक्त(११/२ + १२/३)-**पञ्चास्तिकायोक्त्यनुसारेण** इन्द्रियाऽग्राह्यतया परमाणोरमूर्त्तता दिगम्बरसम्प्रदायस्याऽपि अनुकूलैवेत्याशयः। [2]"मुत्ता इंदियगेज्झा" (प्र.सा. १३१) इति **प्रवचनसारवचन**मप्यत्र भावनीयम्।

વ્યવહારથી પુદ્ગલ પરમાણુમાં અમૂર્ત્તત્વ માન્ય પણ છે. તેથી શુભચંદ્રની વાત વ્યાજબી નથી.

### ❀ પરમાણુ અમૂર્ત પણ છે ❀

**(यथा.)** જે રીતે **પંચાસ્તિકાયસંગ્રહવ્યાખ્યા**માં દિગંબર **અમૃતચન્દ્રાચાર્યે** ૨૭ મી ગાથાનું વિવરણ કરતાં આત્માને ઉદ્દેશીને જણાવેલ છે કે "કર્મોની સાથે એકત્વપરિણામથી પરિણત થયેલ હોવાથી આત્મા વ્યવહારથી મૂર્ત્ત હોવા છતાં પણ નિશ્ચયથી આત્મા નીરૂપસ્વભાવવાળો હોવાથી મૂર્ત્ત નથી = અમૂર્ત્ત છે.' તેમજ આગળ પણ તે જ ગ્રંથની ૯૭ મી ગાથાની વ્યાખ્યામાં **અમૃતચંદ્રાચાર્યે** જણાવેલ છે કે 'જીવ સ્વરૂપથી અમૂર્ત્ત છે. તથા મૂર્ત્ત એવા પરદ્રવ્યના સ્વરૂપમાં પ્રવેશ કરવાના લીધે જીવ મૂર્ત્ત પણ છે.' તથા જે રીતે **બ્રહ્મદેવજીએ બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા**માં ચૂલિકાવિવરણમાં જણાવેલ છે કે 'વળી, જીવદ્રવ્ય અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી મૂર્ત્ત પણ છે તથા નિશ્ચયનયથી અમૂર્ત્ત છે.' બરાબર તે જ રીતે **દેવસેને** તથા તેના અનુયાયી **શુભચંદ્રજી**એ ઈચ્છા ન હોય તો પણ માનવું જ જોઈએ કે 'પુદ્ગલપરમાણુ વર્ણાદિયુક્ત હોવાથી નિશ્ચયથી મૂર્ત્ત હોવા છતાં પણ ઈન્દ્રિયજન્ય સાક્ષાત્કારનો વિષય ન બનવાના લીધે વ્યવહારથી અમૂર્ત્ત પણ છે.' આનું કારણ એ છે નિશ્ચય-વ્યવહારથી બે વિરુદ્ધ ગુણધર્મોનો સમાવેશ કરવાની યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. તથા દિગંબર-શ્વેતાંબર બન્ને સંપ્રદાયને ઉપરોક્ત વાત તથા યુક્તિ અનુકૂળ જ છે. 'જે વિષયો જીવો દ્વારા ઈન્દ્રિયગ્રાહ્ય હોય, તે મૂર્ત્ત હોય છે. તે સિવાયના પદાર્થો અમૂર્ત્ત કહેવાય' - આ મુજબ **પંચાસ્તિકાય**માં **કુંદકુંદસ્વામી**એ જે જણાવેલ છે, તદનુસાર ઈન્દ્રિયથી અગ્રાહ્ય હોવાના લીધે પરમાણુમાં અમૂર્ત્તતા દિગંબરસંપ્રદાયને પણ અનુકૂળ જ છે. આ મુજબ અહીં આશય રહેલો છે. આ સંદર્ભ પૂર્વે (૧૧/૨ + ૧૨/૩) પણ દર્શાવેલ છે. 'ઈન્દ્રિયગ્રાહ્ય વિષયો મૂર્ત્ત છે' - આ પ્રમાણે **પ્રવચનસાર**માં પણ **કુંદકુંદસ્વામી**એ જે જણાવેલ છે, તેના ઉપર પણ ઊહાપોહ કરવાથી ઈન્દ્રિયઅવિષય હોવાથી પરમાણુ અમૂર્ત્ત સિદ્ધ થાય છે.

1. ये खलु इन्द्रियग्राह्याः विषयाः जीवैः भवन्ति ते मूर्त्ताः। शेषं भवति अमूर्त्तम्। 2. मूर्त्ता इन्द्रियग्राह्याः।

इत्थञ्च पुद्गलाणौ व्यावहारिकः अमूर्त्तस्वभावः नैश्चयिकश्च मूर्त्तस्वभावः कक्षीकर्तव्य इति नः तात्पर्यम्।

***एतेन*** [1]"परमाणुपोग्गले णं भंते ! कतिवन्ने जाव कतिफासे पन्नत्ते ?, गोयमा ! एगवन्ने, एगगंधे, एगरसे, दुफासे पन्नत्ते" (भ.सू.श-१८, उ.६) इति **भगवतीसूत्र**वचनमपि ***व्याख्यातम्,***

तस्य पुद्गलपरमाणौ नैश्चयिकमूर्त्तत्वप्रतिपादनपरत्वात्।

अत एव **भगवतीसूत्रव्याख्या-तत्त्वार्थसिद्धसेनीयव्याख्याऽनेकान्तजयपताकादौ** समुद्धरणरूपेण "कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः। एकरस-गन्ध-वर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च।।" (भ.सू.१२/५/पृ.५७४, त.सि.वृ. समुद्धृतः ५/२५/वृ.३६५, अ.ज.प.भाग-२/अधिकार-५/पृ.२२) इत्युक्तावपि न काऽपि क्षतिः।

## पुद्गल परमाणुमां नैश्चयिक मूर्त्तता

**(इत्थ.)** ઉપરોક્ત વિચારવિમર્શથી ફલિત થાય છે કે પુદ્ગલ પરમાણુમાં તાત્ત્વિક વ્યવહારનયથી અમૂર્ત્ત સ્વભાવ છે તથા નિશ્ચયનયથી મૂર્ત્તસ્વભાવ = રૂપીસ્વભાવ છે. અમે શ્વેતાંબરો પુદ્ગલપરમાણુમાં જે અમૂર્ત્તસ્વભાવની વાત કરીએ છીએ તે અમૂર્ત્તસ્વભાવ વ્યાવહારિક છે, નૈશ્ચયિક નથી. નિશ્ચયથી તો પુદ્ગલપરમાણુમાં મૂર્ત્તત્વ જ રહેલ છે. આ પ્રમાણે અમારૂં શ્વેતાંબરોનું તાત્પર્ય છે.

**(एते.)** આ કથનથી **ભગવતીસૂત્ર**ના એક પ્રબંધની પણ સ્પષ્ટતા થઈ જાય છે. ભગવતીસૂત્રનો પ્રસ્તુતમાં ઉપયોગી પ્રબંધ પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ છે.

**પ્રશ્ન** :- 'હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલમાં કેટલા વર્ણ, કેટલી ગંધ, કેટલા રસ અને કેટલા સ્પર્શ દર્શાવાયેલ છે ?'

**પ્રત્યુત્તર** :- 'હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ દર્શાવાયેલ છે.'

**(तस्य.)** ઉપરોક્ત **ભગવતીસૂત્ર**પ્રબંધ પુદ્ગલ પરમાણુમાં નૈશ્ચયિક મૂર્ત્તત્વનું પ્રતિપાદન કરવામાં તત્પર છે. પરમાણુમાં વર્ણાદિસંનિવેશ સ્વરૂપ નૈશ્ચયિક મૂર્ત્તત્વ તો અમને માન્ય જ છે. તથા નૈશ્ચયિક મૂર્ત્તત્વ હોવા છતાં વ્યાવહારિક અમૂર્ત્તત્વનો તેમાં સ્વીકાર કરવામાં કોઈ વિરોધ પણ નથી આવતો. તેથી અમારી શ્વેતાંબરોની વાત અને ભગવતીસૂત્રના પ્રસ્તુત સંદર્ભ વચ્ચે કોઈ વિરોધ આવતો નથી.

## परमाणुलक्षणप्रदर्शन

**(अत एव.)** પુદ્ગલ પરમાણુમાં વ્યાવહારિક અમૂર્ત્તત્વ હોવા છતાં પણ રૂપાદિમત્ત્વસ્વરૂપ નૈશ્ચયિક મૂર્ત્તત્વ અમને શ્વેતાંબરોને માન્ય જ છે. આ જ કારણથી **ભગવતીસૂત્રવ્યાખ્યા, તત્ત્વાર્થસિદ્ધસેનીય વ્યાખ્યા અનેકાન્તજયપતાકા** વગેરેમાં જે એક શ્લોક ઉદ્ધૃત કરવામાં આવેલ છે, તેની સાથે પણ અમારે શ્વેતાંબરોને કોઈ વિરોધ આવતો નથી. તે શ્લોકનો અર્થ આ મુજબ છે. 'જે અંત્ય કારણ જ હોય, સૂક્ષ્મ અને નિત્ય હોય તે પરમાણુ હોય છે. તે પરમાણુમાં એક રસ, એક ગંધ, એક વર્ણ તથા બે સ્પર્શ હોય છે. ઘટ-પટાદિ કાર્ય દ્વારા તેના અંત્ય અવયવરૂપે પરમાણુની અનુમિતિ થાય છે.' અર્થાત્ પરમાણુનું

1. परमाणुपुद्गलः णं भदन्त ! कतिवर्णः.... यावत् कतिस्पर्शः प्रज्ञप्तः ? गौतम ! एकवर्णः, एकगन्धः, एकरसः, द्विस्पर्शः प्रज्ञप्तः।

**पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामिना** [1]"सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू। सो सस्सदो असद्दो एक्को अविभागी मुत्तिभवो।।" (प.स.७७) इत्येवं निश्चयतः परमाणुलक्षणमावेदितम्।

न केवलं परमाणौ किन्तु सूक्ष्मस्कन्धेषु अपि तात्त्विकव्यवहारनयेन अमूर्त्तत्वं सम्मतम्। अत एव **भगवतीसूत्रे** [2]"रूविं पि काये, अरूविं पि काए" (भ.सू.१३/७/४९५/पृ.६२२) इत्युक्तम्। **तद्वृत्तौ श्रीअभयदेवसूरिभिः** "अरूपी अपि कायः, कार्मणकायस्य अतिसूक्ष्मरूपित्वेन अरूपित्वविवक्षणाद्" (भ.सू.१३/७/४९५/वृ.पृ.६२३) इति यदुक्तं तत् तात्त्विकव्यवहारनयतो बोध्यम्।

***अनेन*** पूर्वं (१३/११) "कार्मणकाये संसार्यात्मगतम् अमूर्त्तत्वं वक्तुं नाऽर्हति" (द्र.प.१३/११) इति यदुक्तं तद् ***निरस्तम्,*** गौणाऽमूर्त्तत्वाऽबाधात्।

यदि च दर्शितप्रमाण-नयमर्यादानुसारेण द्रव्ये चैतन्याऽचैतन्य-मूर्त्तत्वाऽमूर्त्तत्वादिकं यथाऽर्हं नैव

---

આપણને સાક્ષાત્ પ્રત્યક્ષ થતું નથી. પરંતુ કાર્ય દ્વારા તેની અનુમિતિ જરૂર કરી શકીએ. ઉપરોક્ત શ્લોક અમારા મંતવ્યમાં ક્ષતિકારક નથી. કારણ કે ગૌણ-અમૂર્ત્તસ્વભાવવાળા પરમાણુમાં રૂપાદિમત્ત્વસ્વરૂપ નૈશ્ચયિક મૂર્ત્તત્વ અમને શ્વેતાંબરોને માન્ય જ છે.

(पञ्चा.) **પંચાસ્તિકાયસંગ્રહ**માં **કુંદકુંદસ્વામી**એ નિશ્ચયથી પરમાણુની વ્યાખ્યા જણાવતા કહેલ છે કે 'તમામ સ્કંધોનો જે અંતિમ અંશ છે તેને પરમાણુ જાણો. તે શાશ્વત, શબ્દભિન્ન, એક, અવિભાગી અને મૂર્ત્તસ્વરૂપે ઉત્પન્ન થનારો છે.'

### ❀ સૂક્ષ્મસ્કંધોમાં પણ અમૂર્ત્તત્વ અવ્યાહત ❀

(न केव.) માત્ર પરમાણુમાં જ તાત્ત્વિક વ્યવહારનયથી અમૂર્ત્તત્વ સંમત છે - તેવું નથી. પરંતુ સૂક્ષ્મ સ્કંધોમાં પણ તેના મતે અમૂર્ત્તત્વ માન્ય છે. તેથી જ **ભગવતીસૂત્ર**માં 'કાયા રૂપી પણ છે તથા કાયા અરૂપી પણ છે' - આમ જણાવેલ છે. તેની **વ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ જણાવેલ છે કે 'કાર્મણશરીર અત્યંત સૂક્ષ્મરૂપી હોવાથી તેની અરૂપી તરીકેની વિવક્ષા કરવાથી કાયા = કાર્મણ દેહ અરૂપી (= અમૂર્ત્ત) પણ છે.' અહીં કાર્મણશરીરને અરૂપી (= અમૂર્ત્ત) કહેલ છે, તે તાત્ત્વિક વ્યવહારનયની અપેક્ષાએ જાણવું.

(अनेन.) 'કાર્મણ શરીરમાં સંસારીજીવવર્તી અમૂર્ત્તત્વ કહેવું વ્યાજબી નથી' - આ મુજબ આગળ અગિયારમા શ્લોકમાં જે જણાવેલ હતું, તેનું પણ ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે કાર્મણશરીરમાં નૈશ્ચયિક મૂર્ત્તત્વ હોવા છતાં પણ વ્યાવહારિકપ્રત્યક્ષઅગોચરત્વ સ્વરૂપ ગૌણ અમૂર્ત્તત્વને બાધ નથી. તેથી તાત્ત્વિક વ્યવહારનયથી કાર્મણકાયામાં અમૂર્ત્તત્વને જણાવવું વ્યાજબી જ છે.

### ⁂ પ્રમાણ-નય મર્યાદાથી વિપરીત સ્વીકાર મિથ્યાત્વજનક ⁂

(यदि.) જો ઉપર જણાવેલ પ્રમાણ અને નય - આ બંનેની મર્યાદા મુજબ દ્રવ્યમાં ચૈતન્ય, અચૈતન્ય, મૂર્ત્તત્વ, અમૂર્ત્તત્વ વગેરેનો યથાયોગ્ય રીતે સ્વીકાર ન જ કરવામાં આવે તો વિપરીત આરોપના નિમિત્તે

---

1. सर्वेषां स्कन्धानां योऽन्त्यः तं विजानीहि परमाणुम्। स शाश्वतोऽशब्दः एकोऽविभागी मूर्त्तिभवः।।

2. रूपी अपि कायः, अरूपी अपि कायः।

अभ्युपगम्येत तदा विपरीताऽऽरोपनिमित्तकं मिथ्यात्वं नैव दुर्लभम्। प्रकृते [1]"दसविधे मिच्छत्ते पण्णत्ते, तं जहा – (१) अधम्मे धम्मसण्णा, (२) धम्मे अधम्मसण्णा, (३) उम्मग्गे मग्गसण्णा, (४) मग्गे उम्मग्गसण्णा, (५) अजीवेसु जीवसण्णा, (६) जीवेसु अजीवसण्णा, (७) असाधूसु साधुसण्णा, (८) साधूसु असाधुसण्णा, (९) अमुत्तेसु मुत्तसण्णा, (१०) मुत्तेसु अमुत्तसण्णा" (स्था.सू.१०/७३४) इति **स्थानाङ्गसूत्रं** समनुसन्धेयं नानानयाऽभिप्रायतात्पर्यान्वेषणकुशलैः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पुद्गलपरमाणौ नैश्चयिकं मूर्त्तत्वं व्यावहारिकञ्चाऽमूर्त्तत्वमिति समन्वयः स्याद्वादस्य सार्वत्रिकतामुपदर्शयति। प्रत्येकं शास्त्रवचन-व्यतिकर-स्वपरवचन-विचारादिषु सम्यगेकान्तपूर्वं स्याद्वादं वर्त्तमाननिजभूमिकाऽऽनुरूप्येण सम्प्रयुज्य सक्रिया आध्यात्मिकसमन्वयदृष्टिः प्रादुर्भावनीया। इत्थं जीवनसमाधि-स्वात्मविशुद्ध्युपलब्धिरत्रोपदिश्यते। प्रकृते "अनेकयत्नैर्विषयाभिलाषोद्भवं सुखं यल्लभते सरागः। समाधिशाली तदनन्तकोटिगुणं स्वभावाल्लभते प्रशान्तः।।" (वै.क.ल. १/१३१) इति **वैराग्यकल्पलता**दर्शितं समाधिसुखमनुसन्धेयम्।।१३/१२।।

મિથ્યાત્વ દુર્લભ ન જ બને. મતલબ કે ઉપર જણાવ્યા મુજબ ચૈતન્ય વગેરેનો સ્વીકાર ન કરવામાં આવે તો મિથ્યાત્વ અવશ્ય લાગુ પડે છે. પ્રસ્તુતમાં **સ્થાનાંગસૂત્ર** યાદ કરવા યોગ્ય છે. ત્યાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "મિથ્યાત્વ દશ પ્રકારે કહેવાયેલ છે. તે આ રીતે - (૧) અધર્મમાં ધર્મ તરીકેની સંજ્ઞા (= બુદ્ધિ, માન્યતા, વ્યવહાર), (૨) ધર્મમાં અધર્મસંજ્ઞા, (૩) ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા, (૪) માર્ગમાં ઉન્માર્ગની સંજ્ઞા, (૫) અજીવોમાં જીવસંજ્ઞા, (૬) જીવોમાં અજીવસંજ્ઞા, (૭) અસાધુઓમાં સાધુસંજ્ઞા, (૮) સાધુઓમાં અસાધુસંજ્ઞા, (૯) અમુક્ત (= કર્મયુક્ત) જીવોમાં મુક્તસંજ્ઞા, (૧૦) મુક્ત જીવોમાં અમુક્તસંજ્ઞા. [અથવા (૯) અમૂર્તમાં મૂર્તસંજ્ઞા, (૧૦) મૂર્તમાં અમૂર્તસંજ્ઞા.]" આ રીતે અનેકવિધ નયના અભિપ્રાયનું તાત્પર્ય શોધવામાં કુશળ એવા વિદ્વાનોએ ઉપરોક્ત વિવિધ મંતવ્યોને ખાસ ખ્યાલમાં રાખવા.

## ૐ સ્યાદ્વાદને જીવનમાં લાગુ પાડીએ ૐ

**આધ્યાત્મિક ઉપનય** :- પુદ્ગલ પરમાણુમાં નૈશ્ચયિક મૂર્તત્વનો અને વ્યાવહારિક અમૂર્તત્વનો સમન્વય કરીને સ્યાદ્વાદની સાર્વત્રિકતા તરફ ગ્રંથકારશ્રીએ ટબામાં અંગુલીનિર્દેશ કરેલ છે. સમ્યગ્ એકાન્તપૂર્વક સ્યાદ્વાદ પ્રગટે છે. તેવા સ્યાદ્વાદને શાસ્ત્રના પ્રત્યેક વચનમાં, જીવનની પ્રત્યેક ઘટનામાં, આપણા અને બીજાના પ્રત્યેક વાક્યમાં, આપણા પ્રત્યેક વિચારમાં આપણી વર્તમાન ભૂમિકા મુજબ લાગુ પાડીને સક્રિય એવી આધ્યાત્મિક સમન્વયદૃષ્ટિ પ્રગટાવવી. આ રીતે જીવનસમાધિને અને આત્મવિશુદ્ધિને આત્મસાત્ કરવાનો મંગલ સંદેશ અહીં પ્રાપ્ત થાય છે. પ્રસ્તુતમાં **વૈરાગ્યકલ્પલતા**માં દર્શાવેલ સમાધિસુખનું અનુસંધાન કરવું. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'ઢગલાબંધ પ્રયાસો કરવા દ્વારા રાગી જીવ વિષયતૃષ્ણાજન્ય જે સુખને મેળવે છે, તેનાથી અનંતકોટિગુણ અધિક સુખને સમાધિના ફુવારામાં સદા સ્નાન કરનારા પ્રશાંત યોગી સ્વાભાવિક રીતે સંપ્રાપ્ત કરી લે છે.' (૧૩/૧૨)

**1.** दशविधं मिथ्यात्वं प्रज्ञप्तम्, तद् यथा – (१) अधर्मे धर्मसंज्ञा, (२) धर्मे अधर्मसंज्ञा, (३) उन्मार्गे मार्गसंज्ञा, (४) मार्गे उन्मार्गसंज्ञा, (५) अजीवेषु जीवसंज्ञा, (६) जीवेषु अजीवसंज्ञा, (७) असाधुषु साधुसंज्ञा, (८) साधुषु असाधुसंज्ञा, (९) अमुक्तेषु मुक्तसंज्ञा, (१०) मुक्तेषु अमुक्तसंज्ञा [यद्वा (९) अमूर्त्तेषु मूर्त्तसंज्ञा, (१०) मूर्त्तेषु अमूर्त्तसंज्ञा ]।

**કાલ-પુદ્ગલાણુ તણો રે, એકપ્રદેશ સ્વભાવ;**
**પરમનયઈ પરદ્રવ્યનઈ રે, ભેદ♦કલ્પનાઅભાવો રે ॥૧૩/૧૩॥ (૨૨૧) ચતુર.**

(કાલ-પુદ્ગલાણુ તણો=) કાલાણુનઈં તથા પુદ્ગલાણુનઇં, ✡પરમભાવગ્રાહક **નયઈં એકપ્રદેશસ્વભાવ**

---

दिगम्बरप्रक्रियानुसारेणाऽवशिष्टस्वभावयोजनामुपदर्शयति – '**समये**'ति ।

**समय-पुद्गलाणूनामेकप्रदेशभावता ।**
**अन्यद्रव्येषु भेदोहशून्य-द्रव्यार्थतो हि सा ।।१३/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – समय-पुद्गलाणूनां एकप्रदेशभावता (अस्ति)। अन्यद्रव्येषु हि सा भेदोहशून्यद्रव्यार्थतः (ज्ञेया)।।१३/१३।।

**समय-पुद्गलाणूनां** = कालाणूनां स्वतन्त्राणाञ्च पुद्गलाणूनाम् **एकप्रदेशभावता** = एकप्रदेश-स्वभावता परमभावग्राहकनयेन उच्यते, द्रव्यात्मक-नानाप्रदेशशून्यत्वात् ।

***एतेन*** "अणूनां प्रदेशा न भवन्ति" (त.सू.५/११ भा.) इति **तत्त्वार्थभाष्ये उमास्वाति**वाचकवचनमपि ***व्याख्यातम्,*** श्वेताम्बरमतेऽपि स्वतन्त्रपुद्गलाणूनां नानाप्रदेशशून्यतया एकप्रदेशस्वभावान्वितत्वात् ।

**अन्यद्रव्येषु** = धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकाय-जीवास्तिकाय-द्व्यणुकादिपुद्गल-

---

**અવતરણિકા** :- દિગંબરપ્રક્રિયા મુજબ બાકીના સ્વભાવોના દ્રવ્યમાં સંયોજનને ગ્રંથકાર જણાવે છે :-

**❋ અણુમાં એકપ્રદેશસ્વભાવ ❋**

**શ્લોકાર્થ** :- કાલાણુમાં અને પુદ્ગલાણુમાં એકપ્રદેશસ્વભાવ રહેલ છે. તે સિવાયના દ્રવ્યોમાં ભેદકલ્પનાનિરપેક્ષ (શુદ્ધ) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એકપ્રદેશસ્વભાવ જાણવો. (૧૩/૧૩)

**વ્યાખ્યાર્થ** :- કાલાણુમાં અને સ્વતંત્ર પુદ્ગલ પરમાણુમાં પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી એકપ્રદેશ-સ્વભાવ કહેવાય. કાલાણુના અને પુદ્ગલાણુના દ્રવ્યાત્મક અનેક પ્રદેશો નથી. જે દ્રવ્યના તેવા અનેક અવયવો ન હોય તે પરમભાવગ્રાહકનયથી એકપ્રદેશસ્વભાવવાળું કહેવાય.

**❋ તત્ત્વાર્થભાષ્ય સંદર્ભ વિચાર ❋**

(**एतेन.**) **તત્ત્વાર્થભાષ્ય**માં વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'સ્વતંત્ર પુદ્ગલ પરમાણુમાં પ્રદેશો = અવયવો હોતા નથી.' આ વાતની પણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા સ્પષ્ટતા થઈ જાય છે. કહેવાનો મતલબ એ છે કે શ્વેતાંબર જૈન સંપ્રદાય મુજબ પણ પુદ્ગલ પરમાણુ અનેક અવયવોથી શૂન્ય હોવાથી એકપ્રદેશસ્વભાવવાળા સિદ્ધ થાય છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

**❋ ધર્માસ્તિકાય વગેરેમાં પણ એકપ્રદેશસ્વભાવ ❋**

(**अन्य.**) સમય અને પુદ્ગલાણુ સિવાયના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય

---

♦ મ.માં 'કલપના' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. કો.(૧)માં 'કલાય' પાઠ.

✡ શાં.+ધ.+મ.માં 'પરભાવ...' અશુદ્ધ પાઠ. સિ. + કો.(૯+૧૦+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે.

કહિયઈં. **પરદ્રવ્યનઈં** = એ ૨ ટાલી બીજાં દ્રવ્યનઈં **ભેદકલ્પના (અભાવો=) રહિત,** શુદ્ધ[♦] દ્રવ્યાર્થિકઈં એક પ્રદેશસ્વભાવ કહિઈં. ॥૧૩/૧૩॥

---

स्कन्धद्रव्येषु **हि सा** = एकप्रदेशस्वभावता **भेदोहशून्यद्रव्यार्थतः** = भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयतो ज्ञेया, तदभिप्रायेण तेषामखण्डत्वात्। "हि पादपूरणे हेतौ" (मे.को.एकाक्षरनाममाला-४२) इति **मेदिनीकोश**वचनादत्र पादपूर्त्तौ हिः बोध्यः।

***यद्यपि*** धर्मास्तिकायादिषु बहुप्रदेशाः सन्त्येव ***तथापि*** 'अयम् अवयवी, इमे तस्याऽवयवा' इति अवयवाऽवयविषु भेदकल्पनाऽनाधानाद् भेदकल्पनानिरपेक्षद्रव्यार्थिकनयानुसारेण तेषाम् एकप्रदेशस्वभावः। इदमेवाऽभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** "परमभावग्राहकेण काल-पुद्गलाणूनामेकप्रदेशस्वभावत्वम्। भेदकल्पनानिरपेक्षेण इतरेषां धर्माऽधर्माऽऽकाश-जीवानाम् अखण्डत्वाद् एकप्रदेशत्वम्" (आ.प.पृ.१६) इति। **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२६१) **शुभचन्द्र**स्याऽप्ययमेवाभिप्रायोऽत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – आत्मनोऽसङ्ख्येयप्रदेशात्मकत्वेऽपि भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयतः एकप्रदेशता ज्ञायते। इत्थं समग्रात्मद्रव्ये ऐक्याऽखण्डत्वदर्शनतः भेदस्वभावविकल्पा विलीयन्ते। ततश्चात्मा एकाऽखण्डाऽसङ्गनिजस्वभावस्थैर्येण ग्रन्थिभेद-क्षपकश्रेण्यादिकृतेऽमोघसामर्थ्यं प्रकटयति।

---

અને દ્વ્યણુક આદિ પુદ્ગલસ્કંધ દ્રવ્યોમાં ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એકપ્રદેશસ્વભાવ જાણવો. કારણ કે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય અખંડ છે. **મેદિનીકોશ**માં પાદપૂર્ત્તિ, હેતુ વગેરે અર્થમાં 'हि' શબ્દ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'हि' શબ્દ પાદપૂર્ત્તિ અર્થમાં જાણવો.

**(यद्य.)** યદ્યપિ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં અનેક પ્રદેશો રહેલા છે. છતાં 'આ એક અવયવી અને આ તેના અનેક અવયવો' - આમ અવયવ-અવયવીમાં ભેદબુદ્ધિને ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનય કરતો ન હોવાથી ધર્માસ્તિકાય આદિ એકપ્રદેશસ્વભાવવાળા છે. આ જ અભિપ્રાયથી **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'પરમભાવગ્રાહકનયથી કાલાણુ અને પુદ્ગલાણુ એકપ્રદેશસ્વભાવવાળા છે. ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનયથી ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશ અને જીવ અખંડ હોવાથી એકપ્રદેશસ્વભાવવાળા છે.' આ અંગે **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં **શુભચંદ્રજી**નો પણ આ જ અભિપ્રાય છે.

### ❊ આત્માની એકપ્રદેશતાને ઓળખીએ ❊

[illegible] :- આત્માના અસંખ્ય પ્રદેશ હોવા છતાં ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયનું આલંબન કરવામાં આવે તો આત્મામાં એકપ્રદેશતા જણાય છે. આ રીતે સમગ્ર આત્મામાં ઐક્યનું, અખંડતાનું દર્શન કરવાથી ભેદસ્વભાવના વિકલ્પો નષ્ટ થાય છે. તેથી આત્મા એક, અખંડ, અસંગ નિજસ્વભાવમાં સ્થિર બની ગ્રંથિભેદ અને ક્ષપકશ્રેણિ વગેરે માટે અમોઘ-પ્રબળ સામર્થ્ય પ્રગટાવે છે.

---

♦ લા.(૨)માં 'શુદ્ધપર્યાયા..' પાઠ.

इत्थं भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयावलम्बनतः आत्मा निजाऽखण्डाऽमलाऽन्यानपेक्षैकप्रदेशस्वभावे सुस्थिरो भवति। निजैकप्रदेशस्वभावे दृष्टिं स्थिरीकृत्य सानुबन्ध-सकाम-प्रबल-कर्मनिर्जरां सम्पाद्य केवलज्ञानश्रियञ्च सम्प्राप्य शीघ्रं "अवाग्गोचरमव्यक्तमनन्तं शब्दवर्जितम् । अजं जन्मभ्रमातीतं निर्विकल्पम्" (ज्ञाना.३१/३३) इति **ज्ञानार्णवे श्रीशुभचन्द्राचार्येण** वर्णितं सिद्धपदमासादनीयमिति शम्।।१३/१३।।

## ✻ આત્માને સ્થિર કરીએ ✻

(**इत्थं.**) આ રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના આલંબનથી આત્મા પોતાના અખંડ, અમલ, અન્યનિરપેક્ષ એકપ્રદેશસ્વભાવમાં સદા માટે સુસ્થિર બને છે. આમ ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના દૃષ્ટિકોણથી પોતાના એકપ્રદેશસ્વભાવ ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવાથી આત્મા સાનુબંધ-સકામ-પ્રબળ કર્મનિર્જરા કરી કેવલજ્ઞાન પામી શીઘ્રતયા **જ્ઞાનાર્ણવ** ગ્રંથમાં **શ્રીશુભચંદ્રાચાર્યે** વર્ણવેલ, (૧) શબ્દઅવિષયભૂત (૨) અવ્યક્ત (૩) અનંત (૪) શબ્દશૂન્ય (૫) અજન્મા (૬) જન્મભ્રમઅતીત (૭) નિર્વિકલ્પ એવા સિદ્ધપદને પ્રાપ્ત કરે - તેવી મંગલ કામના. આત્મા અજન્મા-અનાદિ હોવા છતાં સંસારી જીવોને અવાર-નવાર 'હું જન્મ્યો' - આવો ભ્રમ થતો હોય છે. આવા ભ્રમનો ભોગ સિદ્ધ ભગવાન બનતા નથી. તેથી **જ્ઞાનાર્ણવ**માં સિદ્ધ ભગવાનને 'જન્મભ્રમાતીત' જણાવેલ છે. 'હું જન્મ્યો' - એવા ભ્રમને પેલે પાર સિદ્ધ ભગવાન પહોંચી ગયા છે. (૧૩/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના સુખી હોવાનો દેખાવ ઉભો કરે છે.**

  **ઢગલાબંધ પ્રતિકૂળતામાં પણ ઉપાસના આનંદની અનુભૂતિ કરે છે.**

- **સાધનામાં દુઃખની દોસ્તી કેળવવી પડે.**
  **દા.ત. સૌભરી ઋષિ.**
  **ઉપાસનામાં દેવગુરુની શરણાગતિ લેવી પડે.**
  **દા.ત. ધર્મરુચિ અણગાર.**

- **બુદ્ધિ પ્રયોગશાળા રચે છે. કારણ કે તેને ખતરા અને અખતરા સાથે રમવું છે.**
  **શ્રદ્ધા મંદિરનું નિર્માણ કરે છે, કારણ કે તેને અરિહંતની સાથે રમવું છે.**

**ભેદકલ્પનાયુત નયઈં રે, અનેકપ્રદેશસ્વભાવ;**

**અણુ વિન પુદ્ગલ અણુતણો રે, ઉપચારઈં તેહ ભાવો રે ॥૧૩/૧૪॥ (૨૨૨) ચતુર.**

**ભેદકલ્પના**સાપેક્ષ (=**યુત**) અશુદ્ધદ્રવ્યાર્થિક **નયઈં**, **અણુ** કહતા પરમાણુ **વિના** સર્વ દ્રવ્યનઈં **અનેક પ્રદેશસ્વભાવ** કહિયઈં.

---

पूर्वोक्तस्य (१२/५) षष्ठविशेषस्वभावस्य ग्राहकं नयमुपदर्शयति – '**भेदे**'ति।

**भेदापेक्षनयेनैव नानाप्रदेशभावता।**

**विनाऽणोः, पुद्गलाणौ च साऽऽरोपात्, समये तु न।।१३/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भेदापेक्षनयेन एव अणोः विना नानाप्रदेशभावता (वर्तते)। पुद्गलाणौ च सा आरोपात् (कथ्यते)। समये तु सा न (उच्यते)।।१३/१४।।

**भेदापेक्षनयेन** = भेदकल्पनासापेक्षाऽशुद्धद्रव्यार्थिकनयेन **एव अणोः** = परमाणोः **विना** सर्वद्रव्येषु **नानाप्रदेशभावता** = अनेकप्रदेशस्वभावता उच्यते, तदभिप्रायेण तेषां सखण्डत्वात्, तस्याऽवयव-भेदग्रहणपरायणत्वात्। बहुप्रदेशस्वभावत्वादेव धर्मास्तिकायादीनां पञ्चानाम् अस्तिकायता उच्यते। धर्माधर्मजीवेषु असङ्ख्यप्रदेशता, आकाशेऽनन्तप्रदेशता पुद्गलस्कन्धेषु च सङ्ख्येयाऽसङ्ख्येयाऽनन्त-प्रदेशता ज्ञेया। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** "[1]पंचेव अत्थिकाया उवदिट्ठा बहुपदेसादो।। [2]जीवे धम्माधम्मे

---

**અવતરણિકા** :- પૂર્વે બારમી શાખાના પાંચમા શ્લોકમાં અનેકપ્રદેશત્વ નામનો છઠ્ઠો વિશેષસ્વભાવ દર્શાવેલ હતો. તેને ગ્રહણ કરનાર નયને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે :-

**શ્લોકાર્થ** :- ભેદસાપેક્ષનયથી જ અણુ વિના સર્વ દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ રહેલ છે. પુદ્ગલ પરમાણુમાં અનેકપ્રદેશસ્વભાવ આરોપથી છે. કાલાણુમાં તો (આરોપથી પણ) અનેકપ્રદેશસ્વભાવ નથી. (૧૩/૧૪)

### ❋ સ્કંધ દ્રવ્યમાં અનુપચરિત અનેકપ્રદેશતા ❋

**પરામર્શ** :- ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી પરમાણુ (પુદ્ગલાણુ અને કાલાણુ) વિના સર્વ દ્રવ્યોમાં અનેકપ્રદેશસ્વભાવ કહેવાય છે. કારણ કે ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી અણુ સિવાયના સર્વ દ્રવ્યો સખંડ છે. ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના અવયવોમાં રહેલ અનેકતા = ભેદ ઉપર પોતાની દૃષ્ટિને સ્થિર કરે છે. તેથી તેને તેમાં અનેકપ્રદેશતાનું દર્શન થાય છે. પ્રસ્તુત નય અવયવીના અવયવોમાં રહેલ ભેદનું જ્ઞાન કરવામાં તત્પર હોવાથી તેની દૃષ્ટિએ 'અણુ સિવાયના સર્વ દ્રવ્યો અનેકપ્રદેશસ્વભાવવાળા છે' - આવું જણાવવાનું અહીં તાત્પર્ય છે. અનેકપ્રદેશસ્વભાવ હોવાના લીધે જ ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને જીવ દ્રવ્યના અસંખ્ય પ્રદેશ છે. આકાશના અનંત પ્રદેશ છે.

---

1. पञ्चैवाऽस्तिकाया उपदिष्टा बहुप्रदेशतः।।

2. जीवे धर्माऽधर्मयोर्भवन्ति प्रदेशा हि सङ्ख्यापरिहीणाः। गगनेऽनन्ताऽनन्ताः त्रिविधाः पुनः पुद्गले ज्ञेयाः।।

અનઈં **પુદ્ગલ** (**અણુતણો**=) પરમાણુનઈં અનેક પ્રદેશ થાવાની યોગ્યતા છઈં, તે માટઈં **ઉપચારઈં** (**તેહ ભાવો** =) અનેકપ્રદેશસ્વભાવ કહિઈં. કાલાણુમાંહિં તે ઉપચારકારણ નથી.

---

पदेसा हुं संखपरिहीणा। गयणे णंताणंता तिविहा पुण पोग्गले णेया।।" (द्र.स्व.प्र.१४७/१४८) इति।

**पुद्गलाणौ च** = पुद्गलपरमाणौ पुनः **सा** = नानाप्रदेशस्वभावता **आरोपात्** = कारणे कार्योपचारात् कथ्यते, तस्य अनेकप्रदेशस्कन्धभवनयोग्यत्वात्। तदुक्तं **पञ्चास्तिकायसङ्ग्रहवृत्तौ अमृतचन्द्रेण** "निरवयवस्य अपि परमाणोः सावयवत्वशक्तिसद्भावात् कायत्वसिद्धिरनपवादा" (प.स.५/वृ.पृ.१४) इति। पूर्वं सप्तमशाखायां (७/१३) यः स्वजात्यसद्भूतव्यवहारो दर्शितः स इहाऽनुसन्धेयः।

**बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्रेण** [1]"एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि। बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हु।।" (बृ.द्र.स.२६) इति यदुक्तं तदपीहाऽनुयोज्यम्।

**समये** = कालाणौ, "तु स्याद् भेदेऽवधारणे" (अ.र.५/९५) इति पूर्वोक्ताद् (३/१५) **अभिधानरत्नमाला-**

---

તથા પુદ્ગલસ્કંધમાં સંખ્યાત-અસંખ્યાત-અનંત પ્રદેશ છે - આ મુજબ જાણવું. આ અંગે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'બહુપ્રદેશસ્વભાવના લીધે પાંચ દ્રવ્યો અસ્તિકાય કહેવાયેલ છે. જીવમાં, ધર્મદ્રવ્યમાં, અધર્મદ્રવ્યમાં અસંખ્યાત પ્રદેશ હોય છે. આકાશમાં અનંતાનંત પ્રદેશ છે. પુદ્ગલમાં સંખ્યાત, અસંખ્યાત, અનંત પ્રદેશ જાણવા.'

### ❁ પરમાણુમાં આરોપિત અનેકપ્રદેશતા ❁

(**पुद्गला.**) તથા પુદ્ગલ પરમાણુમાં પરમાર્થથી અનેકપ્રદેશસ્વભાવ ન હોવા છતાં પણ અનેકપ્રદેશ-સ્વભાવવાળા સ્કંધનું કારણ પરમાણુ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને સ્વતંત્ર પુદ્ગલ પરમાણુમાં ઔપચારિક અનેકપ્રદેશસ્વભાવ કહેવામાં આવે છે. યદ્યપિ પુદ્ગલ પરમાણુ સ્વતંત્ર અવસ્થામાં અનેક પ્રદેશને ધરાવતા નથી. પરંતુ કાલાંતરમાં તે જ પુદ્ગલ પરમાણુ દ્વયણુક, ત્ર્યણુક વગેરે સ્કંધરૂપે બનવાની યોગ્યતા ધરાવે છે. સ્કંધમાં તો અનેક પ્રદેશ હોય જ છે. આમ અનેકપ્રદેશવાળા સ્કંધ રૂપે પરિણમવાની યોગ્યતા હોવાથી સ્વતંત્ર પુદ્ગલ પરમાણુને ઉપચારથી અનેકપ્રદેશસ્વભાવવાળો કહેવો વ્યાજબી છે. તેથી જ **પંચાસ્તિકાયસંગ્રહવ્યાખ્યામાં અમૃતચંદ્ર** જણાવે છે કે 'પરમાણુ નિરવયવ હોવા છતાં પણ તેમાં સાવયવત્વશક્તિ રહેલી છે. તેથી પરમાણુમાં કાયત્વસિદ્ધિ નિરપવાદ = નિર્દોષ છે.' પૂર્વે (૭/૧૩) સ્વજાતિઅસદ્ભૂત વ્યવહારનયને દૃષ્ટાંતપૂર્વક જણાવેલ. તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

### ✻ પરમાણુ 'કાય' પણ છે : બૃહદ્દ્રવ્યસંગ્રહ ✻

(**बृह.**) **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં દિગંબર **નેમિચન્દ્રજી**એ એક ગાથા જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે "એકપ્રદેશી પણ પુદ્ગલપરમાણુ અનેકસ્કંધાત્મક બહુપ્રદેશના યોગથી બહુપ્રદેશી થાય છે. તે કારણે સર્વજ્ઞ ભગવંતો પરમાણુને ઉપચારથી = વ્યવહારનયથી 'કાય' કહે છે."

### ⊛ કાલાણુમાં સ્નિગ્ધ-રૂક્ષપરિણામ નથી ⊛

(**समये.**) કાલાણુની વાત તો તદ્દન નિરાળી છે. "ભેદ = વિશેષતા તથા અવધારણ અર્થમાં 'तु'

---

1. एकप्रदेशोऽपि अणुः नानास्कन्धप्रदेशतः भवति। बहुदेशः उपचारात् तेन च कायः भणन्ति सर्वज्ञाः।।

તે માટઈં તેહનઈં સર્વથા એ સ્વભાવ નહીં *ઈતિ રહસ્ય.* ॥૧૩/૧૪॥

वचनात् **तुः** विशेषद्योतने, स्निग्ध-रूक्षपरिणामविरहेण नानाप्रदेशस्कन्धभवनयोग्यताशून्यत्वात् **सा** नानाप्रदेशस्वभावता उपचारादपि **न** = नैव उच्यते। न हि उपचारनिमित्तशून्ये जातुचिदुपचारो भवति। ततश्च न वा भेदकल्पनासापेक्षाऽशुद्धद्रव्यार्थिकनयमतेन, न वा सद्भूताऽसद्भूतव्यवहारनयाभ्यां कालाणौ नानाप्रदेशस्वभावता उच्यते। अतः कालाणौ नानाप्रदेशस्वभावः सर्वथा नास्तीत्याशयः।

इदमेवाऽभिप्रेत्य **देवसेनेन आलापपद्धतौ शुभचन्द्रेण** च **कार्त्तिकेयाऽनुप्रेक्षावृत्तौ** "भेदकल्पनासापेक्षेण चतुर्णामपि नानाप्रदेशस्वभावत्वम्। पुद्गलाणोरुपचारतो नानाप्रदेशत्वम्। न च कालाणोः, स्निग्ध-रूक्षत्वाऽभावाद्" (आ.प.पृ.१६, का.अ.गा.२६१/वृ.पृ.१८६) इत्युक्तमित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'कालाणवः स्निग्ध-रूक्षत्वाभावान्न मिथो बध्यन्ते' इति

વપરાય" - આ મુજબ પૂર્વોક્ત (૩/૧૫) **અભિધાનરત્નમાલાકોશ**ના વચનથી અહીં મૂળશ્લોકમાં રહેલ 'तु' ને વિશેષતા અર્થમાં સમજવો. તેથી અર્થ એવો થશે કે અનેકપ્રદેશસ્વભાવ બાબતમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અને સ્વતંત્ર પુદ્ગલાણુ કરતાં કાલાણુ વિશેષતાને ધરાવે છે. કાલાણુઓ સ્વતંત્ર છે. કાલાણુમાં સ્નિગ્ધ કે રૂક્ષ પરિણામ ન હોવાના કારણે તમામ કાલાણુઓ સર્વદા સ્વતંત્ર જ રહેવાના છે. અનેકપ્રદેશાત્મક સ્કંધરૂપે પરિણમી જવાની યોગ્યતા કાલાણુમાં રહેતી નથી. કેમ કે તેમાં સ્નિગ્ધ કે રૂક્ષ પરિણામ નથી. આમ ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ કાળમાં કાલાણુઓ સ્વતંત્ર રહેતા હોવાથી તેમાં ઉપચારથી પણ અનેકપ્રદેશસ્વભાવ નથી જ કહેવાતો. ઉપચાર કરવાના નિમિત્તથી રહિત એવા પદાર્થમાં ક્યારેય પણ ઉપચાર થઈ શકતો નથી. નિમિત્ત વિના ઉપચાર કઈ રીતે પ્રવર્તે ? તેથી ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી કે સદ્ભૂત વ્યવહારનયથી કે અસદ્ભૂત વ્યવહારનયથી કાલાણુમાં અનેકપ્રદેશસ્વભાવ કહેવામાં નથી આવતો. આથી 'કાલાણુમાં અનેકપ્રદેશસ્વભાવ સર્વથા નથી જ રહેતો' - એવું જણાવવાનું અહીં તાત્પર્ય છે.

### ❖ ભેદકલ્પનાસાપેક્ષનયગ્રાહ્ય અનેકપ્રદેશતા ❖

**(इदमेवा.)** આ જ અભિપ્રાયથી **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **શુભચંદ્રજીએ કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'ભેદકલ્પનાસાપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ અને જીવ - આ ચારેય દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ રહેલો છે. પુદ્ગલ પરમાણુમાં ઉપચારથી અનેકપ્રદેશસ્વભાવ રહેલો છે. જ્યારે કાલાણુમાં કોઈ પણ રીતે અનેકપ્રદેશસ્વભાવ રહેતો નથી. કારણ કે કાલાણુમાં સ્નિગ્ધ પરિણામ અને રૂક્ષ પરિણામ નથી.' આ વાતને ખ્યાલમાં રાખવી.

### ❋ આપણે કાલાણુ જેવા બનીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'સ્નિગ્ધતા અને રૂક્ષતા ન હોવાના કારણે કાલાણુ એકબીજા સાથે બંધાતા નથી' - આ પ્રમાણે પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ દિગંબરીય સિદ્ધાન્તનું આધ્યાત્મિક અર્થઘટન બહુ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

दिगम्बरसिद्धान्त इत्थं योज्यः यदुत स्निग्धपरिणामः रागोपमः रूक्षपरिणामश्च द्वेषस्थानीयः। 'रागादिभावाः पुद्गलजातीयाः अचेतनाः, पुद्गलसम्बन्धेन जायमानत्वादि'ति भेदज्ञानावलम्बनेन निजवीतरागाऽसङ्गचैतन्यस्वभावप्रवेशे रागादयोऽवस्तुतामेवाऽऽपद्यन्ते। पूर्वं तु रागादयः परिणामाः कथञ्चिज्जीवस्य कथञ्चिच्च पुद्गलानाम् इति ज्ञातम्। इदानीं भेदविज्ञानावलम्बने तु अत्यन्तम् उपेक्षिताः त एव न सन्तीति कस्य ते वाच्याः ? इत्थं भेदविज्ञानितया राग-द्वेषशून्यो हि जीवो न जातुचित् केनचित् क्वचिद् बध्यते। सर्वद्रव्य-क्षेत्र-काल-भावप्रतिबन्धशून्यतया वीतरागो मित्र -शत्रुप्रभृतिभिर्न बध्यते, न वा तन्निमित्तकेन कर्मणा बध्यते।

राग-द्वेषशून्यो हि जीवो बहिः कौतुकव्यावृत्त्या अन्तर्ज्योतिराविर्भावेन बन्धदशां समुच्छिद्य, अबन्धदशां प्रादुर्भाव्य, प्राक्तनकर्माणि निर्जीर्य, अन्तः सन्तुष्य, सच्चिदानन्दघन-विशुद्ध-परिपूर्ण -शाश्वत-निजचैतन्यस्वभावनिमज्जनतः कैवल्यज्योतिः आविर्भाव्य, झटिति [1]"सासयसोक्खमणाबाहं, रोग -जर-मरणविरहियं। अदिट्ठदुक्ख-दारिद्दं, निच्चाणंदं सिवालयं।।" (म.नि.२/३/१२१/पृ.३४) इति **महानिशीथे**

સુંદર થઈ શકે તેમ છે. સ્નિગ્ધ પરિણામ રાગનું પ્રતીક છે અને રૂક્ષ પરિણામ દ્વેષનું પ્રતીક છે. રાગાદિ ભાવો પુદ્ગલના સંબંધે ઉત્પન્ન થાય છે. તેથી તે પુદ્ગલને સજાતીય છે. પુદ્ગલની નાતના હોવાથી જ રાગાદિ ભાવો જડ છે. તે આત્માની નાતના નથી' - આ પ્રમાણે વિચારવાથી 'રાગાદિ ભાવોથી આત્મા જુદો છે' - તેવો બોધ થાય છે. આ ભેદવિજ્ઞાનના આલંબનથી પોતાના મૂળભૂત વીતરાગી અસંગ ચૈતન્યસ્વભાવમાં ઘૂસી જતાં રાગાદિ સ્વયં અવસ્તુ થઈ જાય છે, મટી જાય છે. પૂર્વે તો રાગાદિ કથંચિત્ જીવના પરિણામ અને કથંચિત્ કર્મપુદ્ગલના પરિણામ તરીકે જણાતા હતા. પરંતુ અત્યારે ભેદવિજ્ઞાનનું આલંબન લેતાં તો અત્યંત ઉપેક્ષિત થયેલા તે રાગાદિ ભાવો જ ગેરહાજર થઈ ગયા. હવે તે છે જ નહિ તો તેને કોના કહેવા ? આમ ભેદવિજ્ઞાની બનવાના લીધે જે જીવ રાગ-દ્વેષપરિણામથી રહિત બને છે તે ક્યારેય, કદાપિ, કોઈથી પણ બંધાતો નથી. કહેવાનો મતલબ એ છે કે રાગ-દ્વેષરહિત આત્મા કોઈ પણ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અપ્રતિબદ્ધ-અનાસક્ત હોય છે. તેથી પોતાના પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર ભક્તોથી વીતરાગ ભગવાન બંધાતા નથી. તથા પોતાના પ્રત્યે દ્વેષ ધરાવનાર દુર્જનોથી પણ વીતરાગ ભગવાન બંધાતા નથી. તેમજ તેના નિમિત્તે વીતરાગ ભગવાન કર્મ દ્વારા પણ બંધાતા નથી.

### ❈ ઉત્સુકતા છોડીએ, જ્ઞાનજ્યોત પ્રગટાવીએ ❈

(राग.) રાગ-દ્વેષમુક્ત જીવ બાહ્ય ઉત્સુકતાને રવાના કરી, અંતરંગજ્ઞાનજ્યોતને પ્રગટાવી, બંધદશાને ક્ષીણ કરી, સદા માટે અબંધદશાને પ્રગટાવી, જૂના બાંધેલા કર્મની નિર્જરા કરી, અંતરમાં જ સંતુષ્ટ બની, સચ્ચિદાનંદઘન-વિશુદ્ધ-પરિપૂર્ણ-શાશ્વત-નિજચૈતન્યસ્વભાવમાં ગળાડૂબ થઈને કૈવલ્ય જ્યોત પ્રગટાવી, વહેલી તકે મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષનું સ્વરૂપ **મહાનિશીથસૂત્ર**માં આ પ્રમાણે વર્ણવેલ છે કે 'શિવાલય = સિદ્ધાલય (૧) શાશ્વતસુખયુક્ત છે, (૨) પીડારહિત છે, (૩) રોગ-ઘડપણ-મોતથી શૂન્ય છે, (૪)

1. शाश्वतसौख्यमनाबाधम्, रोग-जरा-मरणविरहितम्। अदृष्टदुःख-दारिद्र्यं नित्यानन्दं शिवालयम्।।

व्यावर्णितां मुक्तिपदवीमासादयति। प्रकृते "बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे। तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः।।" (स.त.६०) इति **समाधितन्त्र**कारिका अनुसन्धेया ।।१३/१४।।

ત્યાં દુઃખ અને દારિદ્ર્ય દેખાતા નથી, (૫) ત્યાં નિત્ય આનંદ છે.' પ્રસ્તુતમાં **પૂજ્યપાદસ્વામી** દ્વારા રચિત **સમાધિતંત્ર**ની કારિકા અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'અંતરમાં જેની જ્ઞાનજ્યોત મોહથી ઢંકાયેલ છે, તે મૂઢ બહિરાત્મા બહારમાં શરીરાદિમાં ખુશ થાય છે. પરંતુ જેનો આત્મા પ્રબુદ્ધ થયેલો છે, તે બાહ્ય પદાર્થોના કૌતુકથી મુક્ત બનીને અંતરંગ આત્મસ્વરૂપમાં સંતુષ્ટ રહે છે.' (૧૩/૧૪)

**લખી રાખો ડાયરીમાં.....**

- **સાધનાની આધારશિલા છે પ્રયોગ.**
  **દા.ત. ગગનગામી નાગાર્જુન.**
  **ઉપાસનાની આધારશિલા છે યોગ.**
  **દા.ત. ધનપાલ કવિ.**
- **બુદ્ધિ પરદોષદર્શન કરીને બીજા પ્રત્યે દુર્ભાવ પેદા કરે છે.**
  **શ્રદ્ધા પરગુણદર્શન કરીને બીજા પ્રત્યે પ્રમોદભાવ પ્રગટાવે છે.**
- **વાસનાના ઉદ્રેકમાં ચારેબાજુ ઘોર અંધકાર હોય છે.**
  **ઉપાસનાની ચરમ સીમાએ ઉત્કૃષ્ટ જ્ઞાનપ્રકાશ હોય છે.**
- **ફેશન, વ્યસન, વ્યભિચાર, દુરાચાર તરફ વાસનાનું મોઢું છે.**
  **સાદગીપૂર્ણ મર્યાદાવર્તી ઉપાસના મુક્તિને સન્મુખ છે.**
- **પાપ બાંધવામાં બહાદૂર વાસના પાપના ફળને ભોગવવામાં કાયર છે.**
  **પાપ બાંધવામાં કાયર ઉપાસના પાપના ફળને ભોગવવામાં બહાદૂર છે.**

**શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકઈ રે, જાણિ વિભાવસ્વભાવ;**
**શુદ્ધઈં શુદ્ધસ્વભાવ છઈં રે, અશુદ્ધઈં અશુદ્ધસ્વભાવો રે ॥૧૩/૧૫॥ (૨૨૩) ચતુર.**

શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકનયઈં સંમુગ્ધઈં વિભાવસ્વભાવ છઈ.

---

पूर्वं (१२/८) व्याख्यातस्य सप्तमस्य विशेषस्वभावस्य ग्राहकं नयमाचष्टे – '**शुद्धे**'ति।

**शुद्धाऽशुद्धनयाद् विद्धि हि विभावस्वभावताम्।**
**शुद्धे शुद्धस्वभावोऽस्त्यशुद्धेऽशुद्धस्वभावता।।१३/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – शुद्धाऽशुद्धनयाद् हि विभावस्वभावतां विद्धि। शुद्धे शुद्धस्वभावः अस्ति। अशुद्धे अशुद्धस्वभावता (अस्ति)।।१३/१५।।

**शुद्धाऽशुद्धनयात्** = शुद्धाऽशुद्धद्रव्यार्थिकनयाद् **हि** = एव सम्मुग्धतया **विभावस्वभावतां विद्धि**। शुद्धस्वभावं विना विभावस्वभावाऽनाविर्भावात् तद्ग्राहकद्रव्यार्थिके शुद्धत्वमावश्यकम्, स्वरूपतश्च तस्याऽशुद्धतया तद्ग्राहकद्रव्यार्थिकेऽशुद्धत्वमप्यावश्यकमिति शुद्धाऽशुद्धद्रव्यार्थिकग्राह्यता तस्मिन्नित्याशयः।

***न चै***वमशुद्धस्वभावस्यापि शुद्धाऽशुद्धनयग्राह्यत्वं स्यादिति ***शङ्कनीयम्,***

अशुद्धस्वभावस्य कात्स्न्येन उपाधिजनितत्वेन अशुद्धैकनयग्राह्यत्वात्, नृ-नारकादिलक्षणस्य स्व

---

**અવતરણિકા** :- પૂર્વે બારમી શાખાના આઠમા શ્લોકમાં વિભાવ નામનો સાતમો વિશેષસ્વભાવ જણાવેલ છે. તે વિભાવસ્વભાવને ગ્રહણ કરનાર નયને ગ્રંથકારશ્રી અહીં જણાવે છે :-

**શ્લોકાર્થ** :- શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી વિભાવસ્વભાવને તમે જાણો. શુદ્ધનયમાં શુદ્ધસ્વભાવ માન્ય છે તથા અશુદ્ધનયમાં અશુદ્ધસ્વભાવ માન્ય છે. (૧૩/૧૫)

## ✿ વિભાવસ્વભાવગ્રાહક નયનો વિચાર ✿

**વ્યાખ્યાર્થ** :- શુદ્ધ અને અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જ સંમુગ્ધપણે વિભાવસ્વભાવને તમે જાણો. શુદ્ધસ્વભાવ વિના વિભાવસ્વભાવ પ્રગટ થઈ શકતો નથી. તેથી તેને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયમાં શુદ્ધત્વ હોવું જરૂરી છે. તથા વિભાવસ્વભાવ સ્વરૂપથી અશુદ્ધ હોવાથી તેને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયમાં અશુદ્ધપણું પણ હોવું જરૂરી છે. તેથી વિભાવસ્વભાવ એ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય છે - આવી વાત સંગત થાય છે. આ પ્રમાણે અહીં આશય છે.

**શંકા** :- (न चै.) જો વિભાવસ્વભાવ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય હોય તો અશુદ્ધસ્વભાવ પણ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય બનવાની આપત્તિ આવશે. વિભાવસ્વભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયમાં શુદ્ધાશુદ્ધપણું હોય તો અશુદ્ધસ્વભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયમાં શુદ્ધાશુદ્ધપણું હોવામાં શું વાંધો ?

**સમાધાન** :- (अशुद्ध.) તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે અશુદ્ધસ્વભાવ અને વિભાવસ્વભાવ - આ બન્નેના સ્વરૂપમાં તફાવત છે. અશુદ્ધસ્વભાવ સંપૂર્ણતયા ઉપાધિજન્ય હોવાથી માત્ર અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય છે. જ્યારે મનુષ્ય, નારક વગેરે સ્વરૂપ વિભાવસ્વભાવ તો સ્વ

**શુદ્ધ** દ્રવ્યાર્થિકનયઈં **શુદ્ધસ્વભાવ, અશુદ્ધ** દ્રવ્યાર્થિકનયઈં **અશુદ્ધસ્વભાવ** (**જાણિ**=) જાણવો. *ઈતિ પરમાર્થ ચતુર નર સમજવઉ.* ॥૧૩/૧૫॥

-परापेक्षस्य विभावस्वभावस्य तु उपाधिसापेक्षत्वेऽपि शुद्धद्रव्यसम्बन्धितया शुद्धाशुद्धद्रव्यार्थिकनयग्राह्यत्वं सङ्गच्छते।

***न च*** मीलितोभयनयग्राह्यतया विभावस्वभावस्य प्रमाणगोचरत्वमेव स्यादिति ***शङ्कनीयम्***,

प्रागुक्तरीत्या (७/८) नृ-नारकादेः आत्मद्रव्याऽसमानजातीयद्रव्यपर्यायतया विभावस्वभावत्वेऽपि आत्ममात्रनिष्ठतया प्रमाणाऽसम्मतत्वात्। अतः नृ-नारकादेः आत्मद्रव्यविभावस्वभावत्वं शुद्धाऽशुद्ध-द्रव्यार्थिकाभ्याम् ऋजुदृष्टिलक्षणया सम्मुग्धतया समाम्नातमिति सम्मुग्धपदोपादानाद् बहुश्रुतैः समाधेयम्।

वस्तुतस्तु राग-द्वेषाद्यनुविद्धचेतनालक्षणस्य विभावस्वभावस्य शुद्धाऽशुद्धद्रव्यार्थिकनयग्राह्यत्वम् अवसेयम्, राग-द्वेषादिपरिणामस्य पौद्गलिकत्वेन आत्मनि अशुद्धत्वात्, चेतनायाश्च शुद्धत्वात्। चेतनाया गुणत्वेऽपि राग-द्वेषाद्यनुविद्धायाः तस्याः स्वभावविधया द्रव्याऽभिन्नत्वविवक्षया द्रव्यार्थिक-नयग्राह्यत्वाऽभिप्रायात् सम्मुग्धपदोपादानमिति प्रकारान्तरेण विभावनीयम्।

-પરસાપેક્ષ છે. મતલબ કે વિભાવસ્વભાવ ઉપાધિસાપેક્ષ હોવા છતાં પણ શુદ્ધદ્રવ્યસંબંધી છે. કેમ કે મનુષ્ય, નારક વગેરે પર્યાયો આત્માના કહેવાય છે, કર્મના નહિ. કર્મ વગેરે ઉપાધિને સાપેક્ષ હોવા છતાં આ રીતે વિભાવસ્વભાવ શુદ્ધદ્રવ્યસંબંધી હોવાથી તે શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે.

[illegible] :- (न च.) શુદ્ધ-અશુદ્ધ બન્ને દ્રવ્યાર્થિકનય ભેગા થઈને વિભાવસ્વભાવને ગ્રહણ કરે છે. તેથી વિભાવસ્વભાવ પ્રમાણનો જ વિષય બની જશે. કારણ કે બે વિરુદ્ધનય મળીને વિષયને પકડે તો તે પદાર્થ પ્રમાણનો જ વિષય બને, નયનો વિષય નહિ.

[illegible] :- (प्रागु.) પૂર્વે (૭/૮) જણાવ્યા મુજબ, મનુષ્ય-નરકાદિ આત્મદ્રવ્યના અસમાનજાતીય દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી તે વિભાવસ્વભાવ બને છે. પણ આત્માના વિજાતીયદ્રવ્યપર્યાય હોવાથી માત્ર આત્મામાં જ તે નર-નારકાદિ પર્યાય રહે - તેમ પ્રમાણને માન્ય નથી. તેથી મનુષ્ય-નરકાદિ આત્મદ્રવ્યના વિભાવસ્વભાવ તરીકે શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયને ઋજુદષ્ટિથી = ઉપલકદષ્ટિથી = સંમુગ્ધપણે માન્ય છે. ગ્રંથકારશ્રીએ 'સંમુગ્ધ' પદનું ગ્રહણ કરેલ હોવાથી ઉપરોક્ત રીતે બહુશ્રુત પુરુષોએ સમાધાન કરવું.

### ❈ રાગાદિમિશ્ર ચેતના : વિભાવસ્વભાવ ❈

(वस्तु.) વાસ્તવમાં તો રાગ-દ્વેષાદિ પરિણામોથી વણાયેલી ચેતના એ જ અહીં વિભાવસ્વભાવ તરીકે ગ્રાહ્ય છે - તેમ સમજવું. રાગ-દ્વેષાદિ પરિણામ પૌદ્ગલિક છે, કર્મપુદ્ગલોના છે, આત્માના નથી. તેથી આત્મામાં તે ઔપચારિક છે, આરોપિત છે, અશુદ્ધ છે તથા ચેતનાપરિણામ શુદ્ધ છે. તેથી રાગાદિમિશ્રિત ચેતનાને શુદ્ધઅશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ગ્રાહ્ય સમજવી. આમ તો ચેતના ગુણ છે, દ્રવ્ય નથી. તેથી તેમાં દ્રવ્યાર્થિકનયની વિષયતા સામાન્યથી ન આવે. પરંતુ રાગાદિમિશ્રિત તે જ ચેતનાને અહીં 'વિભાવસ્વભાવ' તરીકે જણાવેલ છે. તથા સ્વભાવ તો દ્રવ્યથી અભિન્ન હોય છે - આ વિવક્ષાથી તેમાં

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

अष्टमविशेषस्वभावग्राहकनयोपदर्शनार्थं प्रक्रमते – **शुद्धे** = शुद्धद्रव्यार्थिकनये हि **शुद्धस्वभावः** = शुद्धज्ञायकस्वभावः सम्मतः **अस्ति**। या खलु अबद्ध-स्पृष्टत्वेन अनन्यत्वेन नियतत्वेन अविशेषत्वेन असंयुक्तत्वेन चात्मनः अनुभूतिः स शुद्धद्रव्यार्थिकनय इति प्रकृते विज्ञेयम्। तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"जो पस्सदि अप्पाणं अबद्ध-पुट्ठं अणण्णयं णियदं। अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।" (स.सा.१४) इति। विभावस्वभावलीनत्वे कर्मबन्धं व्यवहारनयतो ज्ञात्वा स्वात्मा शुद्धस्वभावे मुमुक्षुणा स्थाप्य इत्यत्राशयः।

***एतेन*** [2]"विब्भावादो बंधो मोक्खो सब्भावभावणालीणो। तं खु णएणं णच्चा पच्छा आराहओ जोई।।" (द्र.स्व.प्र.९३) इति **द्रव्यस्वभावप्रकाशवचनं *व्याख्यातम्,*** स्वभावपदस्य शुद्धस्वभावपरत्वादिति भावनीयम्।

नवमविशेषस्वभावग्राहकनयं प्रदर्शयति – **अशुद्धे** = अशुद्धद्रव्यार्थिकनये पदार्थस्य **अशुद्ध-**

---

દ્રવ્યાર્થિકનયગ્રાહ્યતા સમજવી. આવો અહીં અભિપ્રાય હોવાથી 'સંમુગ્ધ' પદને ગ્રહણ કરેલ છે. આમ બીજા પ્રકારે અહીં વિભાવના કરવી.

### ✿ શુદ્ધ-અશુદ્ધસ્વભાવગ્રાહક નયનો ઉલ્લેખ ✿

**(अष्टम.)** શુદ્ધસ્વભાવ નામના આઠમા વિશેષસ્વભાવને ગ્રહણ કરનાર નયને જણાવવા માટે ગ્રંથકારશ્રી કમર કસે છે. શુદ્ધસ્વભાવ = શુદ્ધજ્ઞાયકસ્વભાવ તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં જ સંમત છે. પ્રસ્તુતમાં શુદ્ધદ્રવ્યાર્થિકનય શુદ્ધ આત્માની અનુભૂતિસ્વરૂપ સમજવો. મતલબ કે (૧) અબદ્ધ-અસ્પૃષ્ટત્વરૂપે, (૨) અનન્યત્વરૂપે, (૩) નિયતત્વસ્વરૂપે, (૪) અવિશેષપણે અને (૫) અસંયુક્ત તરીકે આત્માની જે અનુભૂતિ થાય, તે જ અહીં શુદ્ધદ્રવ્યાર્થિકનય તરીકે માન્ય છે. આ અંગે **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જે આત્માને અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત જુએ છે (અનુભવે છે) તેને શુદ્ધનય જાણવો.' આશય એ છે કે 'મૂળભૂતસ્વભાવે આત્મા (૧) કદાપિ કર્મથી બંધાતો નથી, પરદ્રવ્યથી સ્પર્શાતો નથી, (૨) નારકાદિ ગતિમાં પણ અન્યપણું પામતો નથી. (૩) વૃદ્ધિ-હાનિપર્યાયોથી પણ અનિયતપણું ધારણ કરતો નથી. (૪) જ્ઞાન-દર્શન આદિ ગુણોથી વિશેષતાને = ભિન્નતાને = તફાવતને પ્રાપ્ત નથી કરતો, (૫) મોહ સાથે સંયુક્તપણાને પામતો નથી'- આવી દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ-અનુભૂતિ તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય તરીકે સમજવી. તેની અપેક્ષાએ આત્મા શુદ્ધજ્ઞાયકસ્વભાવ છે. સાતમા વિભાવસ્વભાવમાં લીન થવામાં આવે તો કર્મબંધ થાય છે - આ મુજબ વ્યવહારનયાનુસારે જાણીને મુમુક્ષુએ પોતાના આત્માને શુદ્ધસ્વભાવમાં સ્થાપવો જોઈએ. વિભાવસ્વભાવને અને શુદ્ધસ્વભાવને જણાવવાની પાછળ આ આશય રહેલો છે.

**(एतेन.)** "વિભાવથી બંધ થાય છે. સ્વભાવભાવનાલીન થવાથી મોક્ષ થાય છે. નય દ્વારા આ જાણીને પછી યોગી આરાધક બને છે" - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથના વચનની પણ ઉપરોક્ત નિરૂપણથી સ્પષ્ટતા થઈ જાય છે. કેમ કે 'સ્વભાવ' શબ્દનો ત્યાં શુદ્ધસ્વભાવ અર્થ અભિપ્રેત છે. મતલબ કે 'શુદ્ધસ્વભાવની ભાવનામાં લીન બનવાથી આત્મા મુક્ત થાય છે' - એમ વિભાવના કરવી.

**(नव.)** નવમા વિશેષસ્વભાવને ગ્રહણ કરનાર નયને ગ્રંથકારશ્રી શ્લોકના ચોથા પાદ દ્વારા દર્શાવે

---

1. यः पश्यति आत्मानम् अबद्ध-स्पृष्टमनन्यकं नियतम्। अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि।।

2. विभावाद् बन्धो मोक्षः सद्भावभावनालीनः। तं खलु नयेन ज्ञात्वा पश्चादाराधको योगी।।

**स्वभावता** सम्मता अस्ति।

तदुक्तं **देवसेनेन आलापपद्धतौ शुभचन्द्रेण** च **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** "शुद्धाऽशुद्धद्रव्यार्थिकेन विभावस्वभावत्वम्। शुद्धद्रव्यार्थिकेन शुद्धस्वभावः। अशुद्धद्रव्यार्थिकेन अशुद्धस्वभावः" (आ.प.पृ.१६, का.अ.गा.२६१/वृ.पृ.१८७) इति।

अशुद्धद्रव्यार्थिकसम्मताऽशुद्धस्वभाववशेन आश्रव-संवर-बन्ध-मोक्षादिव्यवस्था प्रसिद्धा। शुद्धद्रव्यार्थिकसम्मतशुद्धस्वभावमाहात्म्यमेतद् यदुत आत्मा भवे शिवे च समः परमार्थतो न बध्यते, न वा मुच्यते। इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** आत्मनिश्चयाधिकारे "अशुद्धनयतश्चैवं संवराऽऽश्रवसङ्कथा। संसारिणां च सिद्धानां न शुद्धनयतो भिदा।।" (अ.सा.१८/१५४), "अशुद्धनयतो ह्यात्मा बद्धो मुक्त इति स्थितिः। न शुद्धनयतस्त्वेष बध्यते, नाऽपि मुच्यते।।" (अ.सा.१८/१८९) इत्युक्तमिति भावनीयम्।

यद्वा निश्चयेन आत्मनि शुद्धस्वभावः, व्यवहारेण चाऽशुद्धस्वभावः बोध्यः। तदुक्तं **प्रवचनसारवृत्तौ अमृतचन्द्राचार्येण** "शुद्धद्रव्यनिरूपणात्मको निश्चयनयः। ...अशुद्धद्रव्यनिरूपणात्मको व्यवहारनयः" (प्र.सा.२/

---

છે. પદાર્થનો અશુદ્ધસ્વભાવ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં સંમત છે.

### ✡ આલાપપદ્ધતિનો સંવાદ ✡

(तदुक्तं.) **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **શુભચન્દ્રજીએ કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'શુદ્ધ અને અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી વિભાવસ્વભાવ માન્ય છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યનો શુદ્ધસ્વભાવ સંમત છે અને અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યનો અશુદ્ધસ્વભાવ સંમત છે.'

### અશુદ્ધ-શુદ્ધનયમતે આત્મસ્વરૂપ વિમર્શ

(अशुद्ध.) અશુદ્ધદ્રવ્યાર્થિકનયને સંમત એવા અશુદ્ધસ્વભાવના લીધે 'હિંસાદિથી આશ્રવ થાય, અહિંસાથી સંવર થાય. વિરાધનાદિથી આત્મા બંધાય છે. સાધનાથી આત્મા મુક્ત થાય છે' - ઈત્યાદિ વ્યવસ્થા પ્રસિદ્ધ છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયને માન્ય એવા શુદ્ધ આત્મસ્વભાવનો મહિમા એવો છે કે આત્મા સંસારમાં અને સિદ્ધદશામાં સમાન જ છે. તે પરમાર્થથી બંધાતો નથી કે છૂટતો નથી. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે જણાવેલ છે કે "અશુદ્ધનયથી આ પ્રમાણે સંવર અને આશ્રવ તત્ત્વની વાત સમજવી. શુદ્ધનયથી તો સંસારી જીવોમાં અને સિદ્ધ ભગવંતોમાં કોઈ ભેદ -તફાવત નથી. તેમજ અશુદ્ધનયથી 'આ આત્મા કર્મથી બંધાયેલ છે અને મુક્ત છે' - આવી વ્યવસ્થા છે. શુદ્ધનયથી તો આ આત્મા નથી તો કર્મથી બંધાતો કે નથી કર્મથી છૂટતો." શુદ્ધનયથી આત્મા સદા શુદ્ધ જ છે. આ પ્રમાણે ઊંડાણથી વિભાવના કરવી.

### ❖ શુદ્ધ-અશુદ્ધસ્વભાવ નિશ્ચય-વ્યવહારવિષય ❖

(यद्वा.) અથવા તો એમ પણ કહી શકાય કે નિશ્ચયથી આત્મામાં શુદ્ધસ્વભાવ તથા વ્યવહારથી અશુદ્ધસ્વભાવ જાણવો. તેથી તો **પ્રવચનસાર** ગ્રંથની વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજી**એ જણાવેલ છે કે "નિશ્ચયનય શુદ્ધદ્રવ્યનિરૂપણસ્વરૂપ છે. વ્યવહારનય અશુદ્ધદ્રવ્યનિરૂપણસ્વરૂપ છે." પૂર્વે (૮/૨૩)

९७) इति पूर्वोक्तं (८/२३) स्मर्तव्यमत्र। निश्चयत आत्मनः शुद्धस्वभावेऽपि कर्माऽनुविद्धतायां विभावादिनानारूपेण व्यवहारतः स ज्ञायते। तदुक्तम् **अकलङ्कस्वामिना लघीयस्त्रये** "मलविद्धमणेः व्यक्तिर्यथाऽनेकप्रकारतः। कर्मविद्धात्मविज्ञप्तिस्तथाऽनेकप्रकारतः।।" (ल.त्र.५७) इति पूर्वोक्त(८/२)रीत्या भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अयमात्मा गाढमिथ्यात्वाऽनुविद्धेन अज्ञानेन स्व-परयोः भेदाऽनवगमे सति एकत्वाध्यवसायात् परं स्वत्वेन मन्यमानः स्वं च परत्वेन मन्यमानः स्वयमज्ञानमयीभूतः रागादिभावकर्मणः कर्ता प्रतिभाति। तथाहि - शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव तथाविधानुभवसम्पादनसमर्थाया राग-द्वेष-सुख-दुःखादिरूपायाः पुद्गलपरिणामावस्थायाः पुद्गलाद् अभिन्नत्वेन आत्मनः सकाशाद् नित्यमेव अत्यन्तभिन्नायाः तन्निमित्ततथाविधानुभवस्य च आत्मनोऽभिन्नत्वेन पुद्गलात् सदैवाऽत्यन्तभिन्नस्य यथार्थतया ज्ञानविरहेण स्व-परयोः भेदानवबोधे सति एकत्वाऽध्यवसायाद् राग-द्वेष-सुख-दुःखादिरूपेण आत्मानं परिणममानं

---

આ સંદર્ભ આપેલ છે. તેને અહીં યાદ કરવો. શુદ્ધદ્રવ્યનું નિરૂપણ એટલે આત્મદ્રવ્યના શુદ્ધસ્વભાવનું નિરૂપણ અને આત્મદ્રવ્યના અશુદ્ધસ્વભાવનું નિરૂપણ એટલે અશુદ્ધદ્રવ્યનિરૂપણ. નિશ્ચયથી આત્માનો શુદ્ધસ્વભાવ હોવા છતાં પણ જ્યાં સુધી આત્મા કર્મની સાથે એકમેક થયેલ છે, કર્મથી ખરડાયેલ છે ત્યાં સુધી વિભાવાદિ અનેકસ્વરૂપે વ્યવહારથી આત્મા જણાય છે. **અકલંકસ્વામીએ લઘીયસ્ત્રય**માં જણાવેલ છે કે 'જેમ મેલથી વ્યાપ્ત મણિની અભિવ્યક્તિ અનેક પ્રકારે થાય છે, તેમ કર્મથી વ્યાપ્ત આત્માનું ભાન અનેક પ્રકારે થાય છે.' પૂર્વે (૮/૨) દર્શાવેલ પદ્ધતિ મુજબ અહીં વિભાવના કરવી.

### * આત્મા રાગાદિનો કર્તા લાગે છે, છે નહિ *

[redacted] :- આ આત્મા ગાઢ મિથ્યાત્વથી વણાયેલા એવા અજ્ઞાનથી પોતાનો અને પારકાનો ભેદ પારખી શકતો નથી. તેવી અવસ્થામાં એકપણાના = તાદાત્મ્યના અધ્યાસના લીધે પારકાને (= રાગાદિને) પોતાના સ્વરૂપે માનતો અને પોતાને પારકાસ્વરૂપે માનતો જીવ વિભાવસ્વભાવવશ સ્વયં અજ્ઞાનમય બની જાય છે. તેથી ત્યારે તે રાગાદિ ભાવકર્મનો કર્તા હોય તેવો પ્રતિભાસ થાય છે. આ બાબતની વિસ્તારથી સ્પષ્ટતા આમ સમજવી કે **જેમ** ઠંડક અને ગરમીનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણસ્વરૂપ પુદ્ગલના પરિણામની જે અવસ્થા છે, તે પુદ્ગલથી અભિન્ન હોવાથી આત્મા કરતાં સદાય અત્યંત ભિન્ન છે, તથા તેના નિમિત્તે થતો તેવા પ્રકારનો અનુભવ એ આત્માથી અભિન્ન હોવાથી પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે, **તેમ** તેવો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિસ્વરૂપ પુદ્ગલપરિણામની જે દશા છે, તે (કર્મ) પુદ્ગલથી અભિન્ન હોવાના લીધે આત્માથી કાયમ તદ્દન જુદી છે તથા તેના નિમિત્તે થતો તથાવિધ અનુભવ એ આત્માથી અભિન્ન હોવાના લીધે પુદ્ગલથી હંમેશા અત્યંત અલગ છે. તેમ છતાં તેવા પ્રકારની સાચી સમજણ ન હોવાથી 'તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ મારાથી સાવ જુદા છે. હું તો તેનો અનુભવ કરનાર છું' - આ રીતે સ્વ-પરનો ભેદ આત્મા જાણતો નથી. તેથી ત્યારે તે અજ્ઞાની જીવ કર્મના ગુણધર્મસ્વરૂપ રાગ-દ્વેષાદિમાં એકતાનો = અભિન્નતાનો અધ્યાસ (= આરોપ) કરે છે. તેના લીધે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે પોતે પરિણમેલો હોય-પરિણમતો હોય તેમ

मन्यमानः स्वयम् अज्ञानीभूतः 'एषोऽहं रज्ये, द्वेष्मी'त्यादिरीत्या राग-द्वेषादिभावकर्मणः कर्ता प्रतिभातीति शुद्धाऽशुद्धद्रव्यार्थिकनयमतम्। न ह्ययमात्मा अज्ञानदशायामपि शीतोष्णरूपेण इव राग-द्वेष-सुख-दुःखादिरूपेण परिणमितुं शक्यः, तस्य नित्यम् अत्यन्तं शुद्धत्वादिति तदभिप्रायः।

एतत्सर्वमवगम्य स्व-परयोः भेदज्ञानबलेन एकत्वानध्यवसायाद् अज्ञानात्मना मनागपि अपरिणममानः आत्मार्थी स्वयं ज्ञानमयीभूतः रागादिभावकर्मोदयकाले 'एषोऽहं जानाम्येव केवलम्। रज्यन्ते तु कर्मपुद्गलाः। मयि रागादिप्रतिभासकं ज्ञानं जातम्। मदीयचेतनासहकारेण कर्मपुद्गलेषु पुद्गलकर्तृकः रागादिः जायते। अहं तु केवलं तत्प्रतिभासवान्। रागादेः ज्ञानात्मकस्य च मम कर्मकर्तृभाव -भोग्यभोक्तृभाव-स्वस्वामिभावप्रभृतिसम्बन्धः नास्ति किन्तु प्रतिभास्य-प्रतिभासकभाव एव अस्ति।

માનતો સ્વયમેવ અજ્ઞાનમય બને છે. તેથી ત્યારે 'આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું' - ઈત્યાદિ રીતે પોતાને રાગી-દ્વેષી વગેરે સ્વરૂપે માનતો રાગ-દ્વેષાદિ ભાવકર્મનો કર્તા પ્રતિભાસે છે. પરંતુ રાગાદિનો વાસ્તવમાં કર્તા બનતો નથી. આ મુજબ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો મત છે. 'આત્મા રાગાદિકર્તા બનતો નથી' - આ શુદ્ધ દ્રવ્યાર્થિકનો અભિપ્રાય છે. તથા 'રાગાદિનો કર્તા હોય તેવું લાગે છે' - આ અભિપ્રાય અશુદ્ધદ્રવ્યાર્થિકનો છે. પરંતુ હકીકત એ છે કે આ આત્મા જેમ શીત-ઉષ્ણસ્પર્શસ્વરૂપ પુદ્ગલપરિણામરૂપે કદાપિ પરિણમતો નથી, તેમ અજ્ઞાનદશામાં પણ આ આત્માને વાસ્તવમાં રાગ-દ્વેષ-સુખ-દુઃખ વગેરે સ્વરૂપે પરિણમાવવો શક્ય જ નથી. કેમ કે તે હંમેશા અત્યન્ત શુદ્ધ જ છે. આ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય છે.

### ❋ શુદ્ધોપયોગને પ્રગટાવીએ ❋

(एत.) ઉપરની તમામ બાબતને જાણીને સ્વ-પરનું તાત્ત્વિક ભેદવિજ્ઞાન મેળવવું. 'મોહનીય કર્મનો પરિણામ રાગ-દ્વેષ છે. તથા વેદનીયકર્મનો પરિણામ સુખ-દુઃખ છે. આઠેય કર્મ પૌદ્ગલિક છે. તેથી રાગાદિ એ પુદ્ગલપરિણામસ્વરૂપ જ છે, આત્મપરિણામસ્વરૂપ નથી જ. રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પૌદ્ગલિક કર્મના ઉદયનો સ્વાદ છે. આ મારો (= આત્માનો) સ્વાદ નથી' - આ મુજબ ભેદજ્ઞાનના બળથી સાધક રાગાદિના પ્રતિભાસમાં એકત્વબુદ્ધિ = તાદાત્મ્યબુદ્ધિ કરવાના બદલે ફક્ત જ્ઞેયપણાની જ બુદ્ધિને કરે છે. 'મારા અનુભવમાં રાગાદિનો પ્રતિભાસ થાય છે. પણ તે મારું સ્વરૂપ નથી. હું તો માત્ર જ્ઞાનસ્વરૂપ છું' - આ મુજબ આત્માર્થી સાધક જરાય અજ્ઞાનરૂપે પરિણમતો નથી. પરંતુ સ્વયં જ્ઞાનમય બની જાય છે. તેથી રાગાદિભાવકર્મના ઉદય કાળે તે સ્પષ્ટપણે અનુભવે છે કે "આ હું આત્મા રાગાદિને ફક્ત જાણું જ છું. રાગને તો પુદ્ગલકર્મ કરે છે. મારામાં રાગાદિનો પ્રતિભાસ કરનારું જ્ઞાન પ્રગટ થાય છે. તથા કર્મપુદ્ગલોમાં મારી ચેતનાનો સહારો લઈને રાગ વગેરે પ્રગટ થાય છે. પુદ્ગલકર્મમાં પુદ્ગલકર્તૃક રાગાદિનો ઉદય થાય છે. પણ તેનો હું માત્ર જ્ઞાતા જ છું. મારા જ્ઞાનમાં રાગાદિનો માત્ર પ્રતિભાસ થાય છે. રાગ અને જ્ઞાનાત્મક એવા મારા વચ્ચે કર્મ-કર્તૃભાવ સંબંધ કે ભોગ્ય-ભોક્તૃભાવ સંબંધ કે સ્વ-સ્વામિત્વભાવ વગેરે સંબંધ વિદ્યમાન નથી. મતલબ કે 'રાગાદિ કાર્ય (= કર્મ) અને જ્ઞાનસ્વરૂપ હું (કે જ્ઞાન) રાગાદિનો કર્તા' - એવું નથી. 'રાગાદિ ભોગ્ય અને જ્ઞાનસ્વરૂપી હું (કે જ્ઞાન) તેનો ભોક્તા' - એવો પણ સંબંધ નથી. તેમ જ 'રાગાદિ મારી મૂડી અને જ્ઞાનસ્વરૂપી હું (કે જ્ઞાન) તેનો માલિક' - તેવો સંબંધ પણ ત્યાં સંભવતો નથી. પણ રાગાદિ અને જ્ઞાન વચ્ચે માત્ર

ज्ञानस्य मम चाऽपृथक्त्वेन ज्ञेय-ज्ञायकभावोऽस्ति' - इत्यादिमन्थनपद्धत्या रागादिप्रतिभासोपसर्जनीभावेन स्वप्रतिभासस्य उपयोगरूपतासम्पादनतः ज्ञानविरोधिनः रागादिभावकर्मणः अकर्तृत्वेन आत्मा ग्रन्थि-भेदोत्तरकालीने सम्यग्ज्ञाने प्रतिभाति।

अतः विभावाऽशुद्धस्वभावपरित्यागेन शुद्धात्मस्वभावाऽऽविर्भावाय स्व-परभेदविज्ञानबलाद् आत्मार्थिना राग-द्वेषादिपरिणामेषु एकत्वाध्यवसायं विमुच्य, विराधनां विराधकभावांश्च परित्यज्य, शक्त्यनिगूहनेन तपस्त्यागादिबहिरङ्गसाधनां समभ्यस्य विधि-यतनादिना पञ्चाचारपालनपरायणतया अपि भाव्यम्। इत्थं परमोच्चाऽऽध्यात्मिकरोहणाऽचलाऽऽरोहणतः [1]"मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो" (भा.प्रा.८३) इति **भावप्राभृत**दर्शितभावचारित्रधर्मदशाऽऽविर्भावाय समादरेण यतनीयमित्युपदेशः। ततश्च "कर्मक्लेशविमोक्षाच्च मोक्षे सुखमनुत्तमम्" (त.सू.का.२७) इति **तत्त्वार्थसूत्रकारिको**क्तं मोक्षसुखं सुलभं स्यात्।।१३/१५।।

પ્રતિભાસ્ય-પ્રતિભાસકભાવ જ સંબંધ છે. રાગાદિ પ્રતિભાસ્ય છે. જ્ઞાનસ્વરૂપી હું અતન્મયભાવે તેનો પ્રતિભાસક છું. જ્ઞેયના લક્ષ વગર, જ્ઞેયમાં પ્રવિષ્ટ થયા વિના, જ્ઞેયની પાસે ગયા વિના, જ્ઞેયથી અત્યંત ઉદાસીનભાવે રહીને, સ્વસન્મુખ રહેતાં-રહેતાં જ જ્ઞાનદર્પણમાં પ્રતિબિંબિત રાગાદિસ્વરૂપ કે લોકાલોકસ્વરૂપ એવા જ્ઞેય પરપદાર્થનો જ્ઞાનસ્વરૂપી એવો હું પ્રતિભાસક છું. જ્ઞાન અને મારા વચ્ચે અપૃથક્ સ્વરૂપે જ્ઞેય-જ્ઞાયકભાવ સંબંધ રહેલો છે. મતલબ કે મારા માટે જ્ઞેય ફક્ત જ્ઞાન જ છે, ઘટાદિ કે રાગાદિ નહિ. હું જ્ઞાનથી અપૃથક્ બનીને જ્ઞાનનો જ્ઞાયક = જ્ઞાતા છું. જ્ઞાન અને મારા વચ્ચે જુદાપણું (= પાર્થક્ય) નથી. હું આત્મસ્વરૂપ નિર્મળ જ્ઞાનનું તન્મયપણે અખંડ વેદન કરવામાં લીન છું, કર્મપુદ્ગલોથી રચાયેલા રાગાદિનો પ્રતિભાસ મારા જ્ઞાનમાં થાય તો ભલે થાય. મારે તેની નોંધ લેવાની કે તેને મહત્ત્વ આપવાની શી જરૂર ? એ ભલે એના સ્વરૂપમાં રહે. હું તો મારા ચૈતન્યસ્વરૂપમાં જ રહું" - આવી મંથનપદ્ધતિથી રાગાદિનો પ્રતિભાસ ગૌણ થઈ જાય છે અને સ્વનો પ્રતિભાસ એ ઉપયોગાત્મક થતાં 'જ્ઞાનવિરોધી એવા રાગાદિ ભાવકર્મનો કર્તા હું નથી' - તેવું ગ્રન્થિભેદોત્તરકાલીન સમ્યગ્જ્ઞાનમાં પ્રતિભાસે છે.

(अतः) તેથી વિભાવસ્વભાવને અને અશુદ્ધસ્વભાવને રવાના કરી આત્માના શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા માટે સ્વ-પરમાં ભેદની જીવંત પ્રતીતિના બળથી આત્માર્થી સાધકે રાગ-દ્વેષાદિ પરિણામોમાં એકપણાના = સ્વઅભિન્નપણાના અધ્યાસને કાઢી, વિરાધનાને અને વિરાધક ભાવોને રવાના કરીને, શક્તિ છૂપાવ્યા વિના તપ-ત્યાગ આદિ બાહ્ય સાધનામાં ઉજમાળ બની, વિધિપૂર્વક અને જયણાપૂર્વક બાહ્ય આચારોના પાલનમાં કટિબદ્ધ પણ બનવું. આ રીતે ક્રમબદ્ધ પોતાની સાધકદશા ઉચ્ચતમ બને તેવી રીતે પરમોચ્ચ આધ્યાત્મિક રોહણાચલનું આરોહણ કરીને 'મોહક્ષોભવિહીન આત્મપરિણામ એ ધર્મ છે' - આ પ્રમાણે **ભાવપ્રાભૃતમાં કુંદકુંદસ્વામી**એ જણાવેલ ભાવચારિત્રધર્મદશાને પ્રગટ કરવા માટે સતત આદરભાવે જાગૃતિ કેળવવી જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તેનાથી **તત્ત્વાર્થસૂત્રકારિકા**માં વર્ણવેલ મોક્ષસુખ સુલભ બને. ત્યાં મોક્ષસુખને દર્શાવતા શ્રી**ઉમાસ્વાતિવાચકે** કહેલ છે કે 'કર્મ અને ક્લેશ - બન્નેમાંથી કાયમી છૂટકારો થવાના લીધે મોક્ષમાં સર્વોત્તમ સુખ છે.' (૧૩/૧૫)

1. मोहक्षोभविहीनः परिणाम आत्मनो धर्मः।

**◆અસદ્ભૂત વ્યવહારથી રે, છઈ ઉપચરિતસ્વભાવ;**
**એ સ્વભાવ નયયોજના રે, કીજઈ મનિ ધરિ ભાવ[‡] રે ॥૧૩/૧૬॥ (૨૨૪) ચતુર.**

**અસદ્ભૂત વ્યવહારનયથી ઉપચરિતસ્વભાવ (છઈ). એ ભાવ (મનિ=) ચિત્તમાંહિં ધરી સ્વભાવ નયયોજના કીજઈ.** *એ ભાવ ચિત્તમાંહિ **ધરી મન** ભાવનસહિત **કીજે.*** ॥૧૩/૧૬॥

पूर्वं (१२/१०) व्याख्यातस्य दशमस्य विशेषस्वभावस्य ग्राहकं नयमुपदर्शयति – '**अभूते**'ति।

**अभूतव्यवहाराद्ध्युपचरितस्वभावता।**
**कुर्वेनं हृदि धृत्वा हि, स्वभावनययोजनम्।।१३/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अभूतव्यवहाराद् हि उपचरितस्वभावता (सम्मता)। एनं हृदि धृत्वा हि स्वभावयोजनं कुरु।।१३/१६।।

**अभूतव्यवहाराद्** = असद्भूतव्यवहारनयाद् **हि** = एव वस्तुन **उपचरितस्वभावता** सम्मता। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "असद्भूतव्यवहारेण उपचरितस्वभावः" (आ.प.पृ.१६, का.अ.गा.२६१/वृ.पृ.१८७) इति।

**एनं** = दर्शितदिगम्बरसम्मतस्वभावप्रकारकदम्बकं **हृदि** = स्वचित्ते आगमादिप्रमाणतो **धृत्वा** = स्थापयित्वा तदनन्तरम् एकान्तवादनाशार्थं **हि** = एव **स्वभावनययोजनं** = निरुक्तस्वभावेषु नयानां योजनं **कुरु**, अन्यथाऽनेकान्तवादप्रतिपत्तिरेव न स्यात्। "हि हेताववधारणे" (अने.स. परिशिष्ट-२३) इति **अनेकार्थसङ्ग्रहे श्रीहेमचन्द्राचार्य**वचनादत्र हिः अवधारणार्थे योजितः। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे**

**અવતરણિકા** :- પૂર્વે (૧૨/૧૦) જણાવેલ ઉપચરિતસ્વભાવના ગ્રાહક નયને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારનયથી જ ઉપચરિતસ્વભાવ સંમત છે. આ સ્વભાવસમૂહને હૃદયમાં ધારણ કરીને જ પ્રસ્તુત સ્વભાવોમાં નયોની યોજનાને તમે કરો. (૧૩/૧૬)

**❀ ઉપચરિતસ્વભાવગ્રાહક નયનો નિર્દેશ ❀**

**વ્યાખ્યાર્થ** :- અસદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ જ વસ્તુમાં ઉપચરિતસ્વભાવ સંમત છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે 'અસદ્ભૂત વ્યવહારનયથી વસ્તુનો ઉપચરિતસ્વભાવ માન્ય છે.'

(एनं.) અહીં દર્શાવેલ દિગંબરસંમત સ્વભાવોના વિવિધ પ્રકારોના સમૂહને પોતાના ચિત્તમાં આગમાદિ પ્રમાણથી બરાબર ધારણ કરીને પછી એકાન્તવાદના નાશ માટે જ પ્રસ્તુત પ્રદર્શિત સ્વભાવોમાં નયોની યોજનાને તમે કરો. કારણ કે નયયોજના વિના વસ્તુગત સ્વભાવોને વિશે અનેકાન્તવાદની સમજણ જ મળી ન શકે. શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ **અનેકાર્થસંગ્રહ**માં "હેતુ તથા અવધારણ અર્થમાં 'हि' શબ્દ વપરાય છે" - આમ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'हि' શબ્દ અવધારણ = જકાર અર્થમાં

◆ મો.(૨)માં 'અદ્ભૂત' અશુદ્ધ પાઠ. ‡ પુસ્તકોમાં 'ભાવો' પાઠ. કો.(૧)નો પાઠ લીધેલ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

"[1]णाणासहावभरियं वत्थुं गहिऊण तं पमाणेण। एयंतणासणट्ठं पच्छा णयजुंजणं कुणह।। [2]जम्हा णएण विणा होइ ण णरस्स सियवायपडिवत्ती। तम्हा सो बोहव्वो एयंतं हंतुकामेण।।" (द्र.स्व.प्र.१७२/१७४) इति।

इदमप्यत्रावधेयं यदुत निरपेक्षैकान्तवद् निरपेक्षानेकान्ततोऽपि न नानास्वभावशालिद्रव्यसिद्धिः पारमार्थिकी, किन्तु सापेक्षानेकान्तत एव। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [3]"एयंते णिरवेक्खे णो सिज्झइ विविहभावगं दव्वं। तं तहेव अणेयंते इदि बुज्झए सिय अणेयंतं।।" (द्र.स्व.प्र.२६९) इति। इत्थञ्च स्यात्पदाङ्कितं सम्यग् नययोजनं भावचित्ते धृत्वा निजम् अन्तःकरणम् अनित्यादिद्वादशभावना-ध्यानगोचरचतुर्विधभावना-मैत्र्यादिभावनाचतुष्टय-महाव्रतगोचरपञ्चविंशतिभावनाऽऽन्वितं कुरु।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रस्तुतनययोजना विद्वत्ताप्राप्ति-प्रदर्शन-स्वप्रसिद्धिकृते नेहोपदर्शिता किन्तु एकान्तवादमिथ्यावासनाविमुक्तिपूर्वं रत्नत्रयगोचरभावना-गुर्वादिगोचरसद्भावना-संवेदना-संवेग-वैराग्य-समर्पण-शरणागतिप्रभृतिभावसुवासितान्तःकरणसम्पादनायैव। इत्थं सर्वशास्त्रवचनानि आध्यात्मिकदिशा उपयुज्य निजात्मपरिणतिं विशदीकृत्य आत्मविशुद्धिशिखराऽऽरोहणं कार्यम्, इतरथा व्याकरण

---

યોજેલ છે. હવે મૂળ વિષય ઉપર આવી જઈએ. **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "અનેક સ્વભાવોથી પરિપૂર્ણ વસ્તુને પ્રમાણથી જાણીને ત્યાર બાદ એકાન્તના નાશ માટે નયયોજના કરવી જોઈએ. કારણ કે નય વિના મનુષ્યને સ્યાદ્વાદનો બોધ થઈ શકતો નથી. તેથી એકાન્તનો વિરોધ કરવાની કામનાવાળા સાધકે નયને જાણવા જોઈએ."

(इद.) અહીં બીજી પણ એક બાબત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે નિરપેક્ષ એકાન્તની જેમ નિરપેક્ષ અનેકાન્તથી પણ વિવિધસ્વભાવવાળી વસ્તુની સિદ્ધિ પારમાર્થિક નથી હોતી પરંતુ સાપેક્ષ અનેકાન્તથી જ અનેકસ્વભાવવાળી વસ્તુની તાત્ત્વિક સિદ્ધિ થાય છે. તેથી જ તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'નિરપેક્ષ એકાન્તવાદમાં અનેકસ્વભાવયુક્ત દ્રવ્યની સિદ્ધિ થતી નથી. તે જ રીતે નિરપેક્ષ અનેકાન્તવાદમાં પણ તત્ત્વનિશ્ચય થતો નથી. તેથી કથંચિત્ = સાપેક્ષ અનેકાન્તવાદને જાણવો જોઈએ.' આ રીતે 'स्यात्'પદગર્ભિત સમ્યક્ નયયોજનાને ભાવચિત્તમાં ધારણ કરીને પોતાના અંતઃકરણને અનિત્યાદિ બાર ભાવના, ધ્યાનસંબંધી વૈરાગ્યાદિ ચાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, મહાવ્રત સંબંધી પચ્ચીસ ભાવનાથી યુક્ત કરો.

### ❯ નયયોજનાનું પ્રયોજન ❯

**આધ્યાત્મિક ઉપનય** :- સામાન્ય-વિશેષ સ્વભાવોમાં પ્રસ્તુત નયયોજના ફક્ત વિદ્વત્તાની પ્રાપ્તિ માટે કે વિદ્વત્તાના પ્રદર્શન માટે નથી. તથા પોતાની પ્રસિદ્ધિ માટે પણ આ નયયોજના અહીં બતાવવામાં આવેલ નથી. પરંતુ પોતાના ભાવમનને એકાન્તવાદની મિથ્યા વાસનાથી મુક્ત કરી તેને ભાવના, સદ્ભાવના, સંવેદના, સંવેગ-વૈરાગ્યભાવ, સમર્પણભાવ, શરણાગતિનો ભાવ આદિથી વાસિત કરવા માટે એકવીસ સ્વભાવ સંબંધી નયયોજનાને દર્શાવેલ છે. આ રીતે શાસ્ત્રના પ્રત્યેક વચનોનો આધ્યાત્મિક ઉપયોગ કરી પોતાની આત્મપરિણતિને ઉજ્જવળ બનાવી આત્મવિશુદ્ધિના શિખરે આરૂઢ થવું જોઈએ. બાકી વ્યાકરણ-ન્યાય

---

1. नानास्वभावभृतं वस्तु गृहीत्वा तत् प्रमाणेन। एकान्तनाशनार्थं पश्चाद् नययोजनं कुरुत।।
2. यस्माद् नयेन विना भवति न नरस्य स्याद्वादप्रतिपत्तिः तस्मात् स बोद्धव्य एकान्तं हन्तुकामेन।।
3. एकान्ते निरपेक्षे न सिद्ध्यति विविधभावकं द्रव्यम्। तत् तथैवानेकान्तादिति बुध्यस्व स्यादनेकान्तम्।।

-न्यायादिसाध्यपदार्थान्वेषणपरायणत्वे वाच्य-वाचकभावसम्बन्धव्यग्रतया केवलं **षोडशकोक्त**(१०/१२-१३) श्रुतसीमवर्तित्वमेव प्रसज्येत। ततश्च कदाग्रह-व्यामोह-महत्त्वाकाङ्क्षाद्यावर्त्तनिमग्नता न दुर्लभा।

अतः शास्त्रगोचरं वाच्य-वाचकभावसम्बन्धमतिक्रम्य, 'कथं वीतरागतां मदीय आत्मा लभेत ?' - इत्येवम् आत्मतत्त्वगोचरं चिन्ताज्ञानम् अनुशील्य, शास्त्रकृत्तात्पर्यार्थान्वेषणेन तन्मयभावतः सर्वत्र सर्वदा तद्वृत्तिता समभ्यसनीया। तदुत्तरञ्चोपशम-विवेकदृष्टि-संवर-भावनाज्ञान-वैराग्याऽन्तर्मुखता-चित्तनैर्मल्य-ध्यानाभ्यासादिबलेन तात्पर्यार्थतादात्म्यपरिणतिः लभ्या। अत्रायमस्मत्कृतः श्लोकः –

वाच्य-वाचकतां हित्वा, तद्वृत्तितः तदात्मताम्।
लब्ध्वा ध्यानादियोगेन, योगी शिवत्वमाप्नुयात्।।१।।

---

વગેરેથી જ સાધી શકાય તેવા પદાર્થોની તપાસ કરવામાં ગળાડૂબ થવામાં આવે તો શાસ્ત્રવચનો અને વ્યાકરણ-ન્યાયાદિસાધ્ય પદાર્થ વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ સિદ્ધ કરવામાં જ વ્યગ્ર થવાય. તથા તેવી વ્યગ્રતાથી તો શ્રી**હરિભદ્રસૂરિજી**એ **ષોડશક** પ્રકરણમાં દર્શાવેલ શ્રુતજ્ઞાનના સીમાડામાં જ સાધક અટવાય. તેવા સંયોગમાં શ્રુતજ્ઞાન પછી થનારા ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન સુધી સાધક પહોંચી શકતો જ નથી. તેથી તેવી પરિસ્થિતિમાં કદાગ્રહ, વ્યામોહ, મહત્ત્વાકાંક્ષા વગેરે આવર્તમાં (= વમળમાં) ડૂબવાનું દુર્લભ નથી રહેતું.

### ❀ માત્ર શબ્દાર્થજ્ઞાનમાં ન અટવાઈએ ❀

(अतः.) તેથી શાસ્ત્રસંબંધી વાચ્ય-વાચકભાવ સંબંધના સીમાડાને ઓળંગીને ચિંતાજ્ઞાનનું પરિશીલન કરવું. 'મારો આત્મા કઈ રીતે વીતરાગતાને મેળવશે ? મારો આત્મા શુદ્ધસ્વરૂપે ક્યારે અનુભવાશે ?' - આ પ્રમાણે આત્મતત્ત્વસંબંધી ચિંતાજ્ઞાનનું પરિશીલન કરીને શાસ્ત્રકારના તાત્પર્યને = આશયને પકડી, તેના વિષયને શોધીને તેમાં જ તન્મય બનવું, ઓતપ્રોત થવું. આ રીતે તન્મય બનીને સર્વત્ર, સર્વદા તેમાં જ રહેવાનો અભ્યાસ સમ્યક્ રીતે કરવો. આ રીતે તદ્વૃત્તિતાનો = શાસ્ત્રતાત્પર્યાર્થવૃત્તિતાનો સમ્યગ્ અભ્યાસ કરીને (૧) ઉપશમભાવ, (૨) વિવેકદષ્ટિ (= 'દેહ-ઇન્દ્રિય-મન-વિષય-વિકલ્પ-વિકારાદિથી આત્મા અત્યંત જુદો છે' - આવી ભેદવિજ્ઞાનની શ્રદ્ધા), (૩) સંવર (= પાપવૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ), (૪) ભાવનાજ્ઞાન, (૫) વૈરાગ્ય, (૬) અંતર્મુખતા, (૭) અંતઃકરણની નિર્મળતા, (૮) ધ્યાનનો અભ્યાસ વગેરેને પરિપક્વ કરવા. તેના બળથી જ તાત્પર્યાર્થ સાથે તાદાત્મ્યપરિણતિ મેળવી શકાય. સર્વ શાસ્ત્રનો તાત્પર્યાર્થ = ઐદંપર્યાર્થ શુદ્ધાત્મતત્ત્વ છે. ઉપરોક્ત આઠ પરિબળોના પ્રભાવે શુદ્ધાત્મતત્ત્વ સાથે તાદાત્મ્યપરિણતિ સધાય છે, અનુભવાય છે. તે જ આપણું પરમ પ્રયોજન છે. આ અંગે અમે શ્લોક બનાવેલ છે. તેનો અર્થ નીચે મુજબ છે:

### ✡ તદ્વૃત્તિ-તાદાત્મ્યપરિણતિને પ્રગટાવીએ ✡

(वा.) 'વાચ્ય-વાચકભાવને છોડીને, તદ્વૃત્તિ = તાત્પર્યાર્થવૃત્તિતા = ઐદંપર્યાર્થનિષ્ઠતા પછી ધ્યાનાદિયોગ વડે તદાત્મતાને = તાદાત્મ્યને = તાત્પર્યાર્થતાદાત્મ્યપરિણતિને મેળવીને યોગી પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.' અહીં આશય એટલો જ છે કે ન્યાય, વ્યાકરણ, યુક્તિ, દૃષ્ટાંત વગેરે દ્વારા જે પદાર્થ જણાય, તેમાં જ અટવાઈ જવાના બદલે, તેમાં અટકવાના બદલે, તેનાથી આગળ વધી, શાસ્ત્રકારોના આશયને

शास्त्र-तदर्थविचारव्यग्रतां परित्यज्य शास्त्रतात्पर्यार्थानुसारेण निजपरिणतिः निर्मातव्या। शास्त्रीय-पदार्थविशदीकरणाऽपेक्षया निजपरिणतिविशदीकरणेऽधिकं यतनीयम्। ततश्च "क्षीणार्थो विगतकर्मा सिद्धाऽनन्तचतुष्टयः। सर्वक्लेशविनिर्मुक्तः केवलज्ञान-दर्शनः।।" (मु.सु.च.८/३७०) इत्येवं **श्रीमुनिसुव्रतस्वामि-चरिते श्रीविनयचन्द्रसूरि**दर्शितं सिद्धस्वरूपम् अञ्जसा प्रत्यासन्नतरं स्यादित्यवधेयम्।।१३/१६।।

પકડી, તે મુજબના ઐદંપર્યાર્થમાં ચિત્તવૃત્તિને રમતી કરવી.

### ✡ ચિત્તપરિણતિને નિર્મળ કરીએ ✡

(शा.) શાસ્ત્રવિચારમાં કે શાસ્ત્રાર્થવિચારમાં અટકવાનું નથી. પરંતુ શાસ્ત્રના તાત્પર્યાર્થ અનુસારે આપણી પરિણતિને ઘડવાની છે. શાસ્ત્રીય પદાર્થને મગજમાં ચોકખા કરવા ઉપર જેટલો ભાર આપીએ તેના કરતાં અનેકગણો વધુ ભાર આપણી પરિણતિને નિર્મળ કરવા માટે આપવાનો છે. નિજ પરિણતિને નિર્મળ કરવાનો સૌથી વધુ પ્રયત્ન કરવાથી શ્રી**મુનિસુવ્રતસ્વામીચરિત**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ જ ઝડપથી નજીક આવે. ત્યાં શ્રી**વિનયચંદ્રસૂરિ**જીએ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે '(૧) કૃતાર્થ, (૨) કર્મશૂન્ય, (૩) અનંતજ્ઞાનાદિચતુષ્ટયયુક્ત, (૪) સર્વક્લેશથી વિનિર્મુક્ત અને (૫) કેવલજ્ઞાન -કેવલદર્શનવાળા મુક્તાત્મા હોય છે. (૧૩/૧૬)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાનો મિજાજ તરંગી, તોફાની, વ્યસની છે.**
  **ઉપાસનાની પ્રકૃતિ નિસ્તરંગ, શાંત અને સહજ છે.**
- **કટુ અનુભવની લાત ખાધા પછી પણ બુદ્ધિ સુધરતી નથી.**
  **અનુભવજ્ઞાનીના સૂચનમાત્રથી શ્રદ્ધા સુધરવા તૈયાર છે.**
- **બુદ્ધિ બીજાની નબળી વાતની રજૂઆત જોરદાર કરે છે.**
  **શ્રદ્ધાને બીજાની નબળી વાતની રજૂઆતમાં કોઈ રસ નથી.**
- **વાસનાને દેહનિરીક્ષણની અભિલાષા છે.**
  **ઉપાસનાને આત્મસંશોધનની ઝંખના છે,**
  **પરમાત્મદર્શનની તમન્ના છે.**

એ **દિગંબર**પ્રક્રિયા કિહાં કિહાં સ્વસમયઈં પણિ ઉપસ્કૃત કરી છઇં. એહમાંહિં ચિંત્ય છઇ, તે દેખાડઇં છઈં –

**અનુપચરિત નિજ ભાવ જે રે, તે તો ગુણ કહવાય;**
**ઈક દ્રવ્યાશ્રિત ગુણ કહિયા રે, ઉભયાશ્રિત ♦પર્યાય રે ॥૧૩/૧૭॥ (૨૨૫) ચતુર.**

સ્વભાવ તે ગુણ-પર્યાયથી ભિન્ન ન ✡વિવખિઈં, જે♦ માટઈં જે **અનુપચરિત (નિજ) ભાવ તે (તો)**

---

सेयं दिगम्बरदेवसेनदर्शितस्वभावप्रकारादिप्रक्रिया क्वचित् क्वचित् तत्त्वसाङ्गत्यकृते श्वेताम्बर-सिद्धान्तप्रक्रिययाऽपि उपस्कृता। तथापि तत्र यत् चिन्त्यं तद् दर्शयति – '**अनुपचरित**' इति।

**अनुपचरितो भावो हि गुण उच्यते, गुणाः।**
**एकद्रव्याऽऽश्रिता उक्ताः, पर्यायास्तूभयाश्रिताः।।१३/१७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (यः) अनुपचरितः भावः उच्यते (सः) गुणो हि (भवति)। गुणाः एकद्रव्याश्रिताः, पर्यायाः तु उभयाश्रिताः उक्ताः।।१३/१७।।

अत्र हिः अवधारणार्थे दृश्यः, **एकाक्षरनाममालायां** "हि हेतौ पादपूर्तौ च विशेषे चावधारणे" (एका.ना.४६) इति पूर्वोक्तात् (११/१) **सुधाकलशमुनि**वचनात्। तुशब्दश्च पूर्वनिवृत्तौ बोध्यः, "तु स्यात् पूर्वनिवृत्तौ च पूर्वस्मादवधारणे" (एका.ना.२३) इति **एकाक्षरनाममालायां सुधाकलशमुनि**वचनात्।

---

[illegible] :- દિગંબર **દેવસેન**જીએ દર્શાવેલ સ્વભાવના સામાન્ય-વિશેષ વગેરે મુખ્ય પ્રકાર, તથા તેના અવાંતર પ્રકાર તેમજ નયયોજના વગેરે પ્રક્રિયાને અહીં અમે જણાવેલ છે. તથા ક્યાંક ક્યાંક તત્ત્વસંગતિ માટે શ્વેતાંબર સંપ્રદાયના સિદ્ધાંતની પ્રક્રિયાથી પણ દિગંબરપ્રક્રિયાને પુષ્ટ કરેલ છે. તેમ છતાં પણ પ્રસ્તુત પ્રક્રિયામાં જે બાબત વિચારણીય છે, તેને ગ્રંથકારશ્રી દેખાડે છે :-

[illegible] :- અનુપચરિત ભાવ સ્વભાવ કહેવાય છે, તે ગુણ જ છે. તેથી ગુણો એક દ્રવ્યમાં આશ્રિત કહેવાયેલ છે. પર્યાયો તો ઉભયાશ્રિત કહેવાયેલા છે. (૧૩/૧૭)

### ❋ અવ્યયાર્થને સમજીએ ❋

[illegible] :- "(૧) હેતુ, (૨) પાદપૂર્તિ, (૩) વિશેષ અને (૪) અવધારણ = જકાર - આટલા અર્થમાં 'हि' અવ્યય વપરાય" - આ મુજબ મલધારી **રાજશેખરસૂરિ**જીના શિષ્ય મુનિ **સુધાકલશ**જીએ **એકાક્ષરનામમાલા**માં જણાવેલ છે. આ સંદર્ભ પૂર્વે (૧૧/૧) દર્શાવેલ હતો. તેને અનુસરીને પ્રસ્તુતમાં મૂળ શ્લોકમાં દર્શાવેલ 'हि' શબ્દને અવધારણ અર્થમાં સમજવો. તેમજ "પૂર્વનિવૃત્તિ અને પૂર્વની અપેક્ષાએ અવધારણ - આ અર્થમાં 'तु' વપરાય" - આ પ્રમાણે **સુધાકલશ મુનિ**એ **એકાક્ષરનામમાલા**માં દર્શાવેલ છે. તેને અનુસરીને મૂળ શ્લોકમાં રહેલ 'तु' શબ્દને અહીં પૂર્વનિવૃત્તિ (પૂર્વોક્ત ગુણની બાદબાકી) કરવાના અર્થમાં સમજવો. આ મુજબ જ અહીં વ્યાખ્યાર્થમાં અર્થઘટન કરવામાં આવશે.

---

♦ પુસ્તકોમાં 'પજ્જાયો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ ન વિવખિઈં = વિવક્ષા ન કરીએ. ♦ કો.(૭)માં 'તે માટિં' પાઠ.

ગુણ જ (કહવાય). ઉપચરિત તે પર્યાય જ. **अत एव** •**कारणात्** એક❖દ્રવ્યાશ્રિત ગુણ કહ્યા*, ઉભયાશ્રિત પર્યાય કહિયા.

वस्तुतः स्वभावा गुण-पर्यायेभ्यः भिन्ना न विवक्षणीयाः, यतः यः यः **अनुपचरितः** = निरुपचरितः **भावः** स्वभावविधया **देवसेनेन उच्यते** स तु **गुणो हि** = एव भवति, द्रव्यप्रकृतिरूपत्वात्। यथा आत्मनि चैतन्यम्। अत एव गुण-स्वभावशब्दयोः एकार्थता **पञ्चाध्यायीप्रकरणे** "शक्तिर्लक्ष्म -विशेषो धर्मो रूपं गुणः स्वभावश्च। प्रकृतिः शीलं चाऽऽकृतिरेकार्थवाचका अमी शब्दाः।।" (पञ्चा.१/४८) इत्येवम् उपदर्शिता **राजमल्लेन** दिगम्बरेण। ततश्च देवसेनस्याऽपसिद्धान्तः। निरुपचरितस्वभाव -गुणयोः ऐक्यम् अस्माकम् अपि सम्मतम्। अत एव ज्ञान-चैतन्यस्वभावयोरभेदो **योगबिन्दौ श्रीहरिभद्रसूरिभिः** "चैतन्यमात्मनो रूपं न च तज्ज्ञानतः पृथक्" (यो.बि.४२८) इत्युक्त्या दर्शितः। एवमन्यानुपचरितस्वभाव -गुणेषु स्वयमूहनीयम्।

ये चोपचरिताः स्वभावाः **देवसेनेन** उच्यन्ते, ते तु पर्याया एव। यथा देहादौ चैतन्यम्। अत एव '**गुणाः एकद्रव्याश्रिताः, पर्यायाः तु उभयाश्रिताः** = द्रव्य-गुणोभयाश्रिता **उक्ताः**।

## ❯ देवसेनमतसमीक्षा ❯

**(वस्तु.)** દિગંબર **દેવસેનજી**એ બતાવેલ સ્વભાવ આદિની પ્રક્રિયામાં જે બાબત વિચારણીય છે તે બાબત આ રીતે સમજવી. દેવસેનજીએ જે સ્વભાવ બતાવેલ છે, તે વાસ્તવમાં ગુણ અને પર્યાયથી જુદા છે - તેવી વિવક્ષા કરવી યોગ્ય નથી. કારણ કે દેવસેનજી જે જે અનુપચરિત ભાવને સ્વભાવ કહે છે, તે તો ગુણ જ છે. કારણ કે તે દ્રવ્યની પ્રકૃતિસ્વરૂપ છે. દા.ત. આત્મામાં ચૈતન્યસ્વભાવ અનુપચરિત હોવાથી ગુણ જ કહેવાય. તેથી જ 'ગુણ' શબ્દ અને 'સ્વભાવ' શબ્દ એકાર્થક = સમાનાર્થક તરીકે **પંચાધ્યાયી પ્રકરણ**માં દિગંબર **રાજમલ્લે** જણાવેલ છે. ત્યાં જણાવેલ છે કે '(૧) શક્તિ, (૨) લક્ષ્મ, (૩) વિશેષ, (૪) ધર્મ, (૫) રૂપ = સ્વરૂપ,(૬) ગુણ, (૭) સ્વભાવ, (૮) પ્રકૃતિ અને (૯) શીલ - આ નવ શબ્દો એક જ અર્થના વાચક (પર્યાયવાચી) છે.' તેથી ગુણભિન્ન સ્વભાવને દર્શાવનાર દેવસેનને અપસિદ્ધાંત દોષ લાગુ પડે છે. નિરુપચરિત સ્વભાવ અને ગુણ વચ્ચે અભેદ અમને શ્વેતાંબરોને પણ માન્ય જ છે. તેથી જ જ્ઞાન અને ચૈતન્યસ્વભાવ વચ્ચે અભેદ **યોગબિંદુ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'ચૈતન્ય આત્માનું સ્વરૂપ = સ્વભાવ છે. તથા તે જ્ઞાનથી અલગ નથી.' આ રીતે અન્ય નિરુપચરિત સ્વભાવ અને ગુણો અંગે વાચકોએ સ્વયં વિચારવું.

## ❀ ઉપચરિત સ્વભાવ પર્યાયાત્મક ❀

**(ये.)** તથા દેવસેનજી જેને ઉપચરિત સ્વભાવ કહે છે, તે તો પર્યાય જ છે. દા.ત. શરીરાદિમાં ઉપચાર કરાતો ચૈતન્યસ્વભાવ પર્યાય જ કહેવાય. જ્યારે આત્મામાં રહેલું ચૈતન્ય નિરુપચરિત હોવાથી ગુણમાં સમાઈ જાય. નિરુપચરિતસ્વભાવ ગુણાત્મક હોવાના લીધે જ શાસ્ત્રમાં ગુણોને એક દ્રવ્યમાં આશ્રિત કહેલા છે. ઉપચરિતસ્વભાવ પર્યાયાત્મક હોવાના કારણે જ 'પર્યાયો દ્રવ્ય અને ગુણ ઉભયમાં રહેલા

• ફક્ત લા.(૨)માં '**कारणात्**' પાઠ છે. ❖ કો.(૧૦+૧૧)માં 'એક' શબ્દ નથી. * પુસ્તકોમાં 'કહ્યા' નથી. આ.(૧)માં છે.

**तथोक्तम्** *उत्तराध्ययनेषु* –

[1]**"गुणाणमासओ दव्वं एगदव्वस्सिआ गुणा। लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे।।"** (उत्त.२८/६)

यथोक्तम् **उत्तराध्ययनसूत्रे** मोक्षमार्गरत्यध्ययने [1]"गुणाणं आसओ दव्वं, एगदव्वस्सिआ गुणा। लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे।।" (उत्त.२८/६) इति। **भावविजयवाचक**कृता **तद्वृत्ति**स्त्वेवम् "गुणानामाश्रयो द्रव्यम्। ***अनेन*** रूपादय एव वस्तु न तद्व्यतिरिक्तमन्यदस्तीति सुगतमत***मपास्तम्***। तथा एकस्मिन् द्रव्ये आधारभूते आश्रिताः = स्थिता = एकद्रव्याश्रिता गुणाः।

***एतेन*** तु ये द्रव्यमेवेच्छन्ति न तद्व्यतिरिक्तान् रूपादीन् तन्मत***मवमतम्***। लक्षणं पर्यवाणां तु = पुनः उभयोर्द्वयोः प्रक्रमाद् द्रव्य-गुणयोराश्रिताः भवेत्ति = भवेयुः।" (उत्त.२८/६, व्याख्या) इति। ततश्चैकद्रव्याश्रितत्वेन अनुपचरितभावात्मकानां स्वभावानां गुणरूपता, उभयाश्रितत्वेन चोपचरितभावात्मकानां स्वभावानां पर्यायरूपता सिध्यतीति भावः।

છે' - આ પ્રમાણે શાસ્ત્રમાં જણાવેલ છે.

### ❁ દ્રવ્ય-ગુણ-પર્યાયના લક્ષણની વિચારણા ❁

(**यथोक्तं.**) **ઉત્તરાધ્યયનસૂત્ર**ના **મોક્ષમાર્ગરતિ** નામના '૨૮' મા અધ્યયનમાં ઉપરોક્ત વાત સુંદર રીતે જણાવેલ છે. ત્યાં કહેલ છે કે 'ગુણોનો આશ્રય દ્રવ્ય કહેવાય છે. ગુણો એક દ્રવ્યમાં આશ્રિત છે. દ્રવ્ય અને ગુણ ઉભયમાં આશ્રિતપણું એ તો પર્યાયનું લક્ષણ થાય છે.' ઉપાધ્યાય શ્રી**ભાવવિજયજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **વ્યાખ્યા** કરેલી છે. પ્રસ્તુત ગાથાની વ્યાખ્યામાં તેઓશ્રીએ એવું જણાવેલ છે કે "ગુણોનો આશ્રય હોય તે દ્રવ્ય કહેવાય છે. ગુણાશ્રયત્વને દ્રવ્યનું લક્ષણ કહેવાથી બૌદ્ધ મતનું નિરાકરણ થઈ જાય છે. બૌદ્ધ લોકો એમ કહે છે કે 'રૂપ-રસ-ગંધ વગેરે વિશેષ ધર્મો એ જ તાત્ત્વિક વસ્તુ છે. તેનાથી ભિન્ન કોઈ દ્રવ્ય નામની વસ્તુ નથી.' પરંતુ આ વાત વ્યાજબી નથી. કેમ કે ફક્ત 'રૂપ-રસ વગેરે વિશેષધર્મો એ જ વિશ્વમાં વસ્તુ છે' - એવું નથી. પરંતુ રૂપ-રસાદિનો આશ્રય પણ વિશ્વમાં વિદ્યમાન છે અને તે જ દ્રવ્ય છે. (જો દ્રવ્ય નામની વસ્તુ ન હોય તો નિરાધાર એવા રૂપ-રસ વગેરે ક્યાં રહે ? તેથી રૂપ -રસાદિના આધાર સ્વરૂપે દ્રવ્યનો સ્વીકાર કરવો પણ જરૂરી છે. વાદિવેતાલ **શાંતિસૂરિજી** બૌદ્ધદર્શનના ઉપરોક્ત મંતવ્યનું નિરાકરણ કરવા માટે એમ કહે છે કે 'પર્યાયની ઉત્પત્તિ અને નાશ થવા છતાં પણ દ્રવ્યની ઉત્પત્તિ કે નાશ થતા નથી. તેથી પર્યાય અને દ્રવ્ય સર્વથા એક નથી પણ ભિન્ન છે. તથા બન્ને પારમાર્થિક છે.') તથા આધારભૂત એક દ્રવ્યમાં રહેલી વસ્તુ ગુણ કહેવાય છે.

(**एते.**) એકદ્રવ્યાશ્રિતત્વને ગુણનું લક્ષણ કહેવા દ્વારા એકાંતદ્રવ્યવાદીના મતનું નિરાકરણ થઈ જાય છે. એકાંતદ્રવ્યવાદીઓ ફક્ત દ્રવ્યનો જ સ્વીકાર કરે છે. દ્રવ્યથી ભિન્ન એવા રૂપ-રસ વગેરે ગુણધર્મોનો તેઓ સ્વીકાર કરતાં નથી. તેમના મતનું ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે જેમ દ્રવ્ય વાસ્તવિક ચીજ છે તેમ દ્રવ્યમાં રહેનાર ગુણ પણ વાસ્તવિક જ વસ્તુ છે. પર્યાયનું લક્ષણ તો ઉભયાશ્રિતપણું છે. પ્રસ્તુતમાં 'ઉભય' શબ્દથી દ્રવ્ય અને ગુણ પકડવા. તેથી અર્થ એવો પ્રાપ્ત થશે કે - દ્રવ્ય અને ગુણ આ બન્નેમાં જે રહે તે પર્યાય કહેવાય છે." આ રીતે ઉપાધ્યાય શ્રી**ભાવવિજયજી** મહારાજે દ્રવ્ય-ગુણ-પર્યાયના

1. गुणानामाश्रयो द्रव्यम्, एकद्रव्याश्रिता गुणाः। लक्षणं पर्यवाणां तु उभयोः आश्रिता भवेयुः।।

***न च*** गुणाश्रितत्वं पर्यायाणामसिद्धमिति ***शङ्कनीयम्,***

यतो "गुणेष्वपि नव-पुराणादिपर्यायाः प्रत्यक्षप्रतीता एव कियत्कालभाविनः। प्रतिसमयभाविनस्तु पुराणत्वाद्यन्यथानुपपत्तेरवसीयन्ते। ततश्च द्रव्य-गुण-पर्यायात्मकमेकं शबलमणिवत् चित्रपतङ्गादिवद् वा वस्तु इति स्थितम्" (उत्त.२८/६ शा.वृ.) इति **उत्तराध्ययनबृहद्वृत्तौ श्रीशान्तिसूरयः**।

---

જે લક્ષણ બતાવેલ છે તેનાથી સિદ્ધ થાય છે કે એકદ્રવ્યાશ્રિત હોવાથી અનુપચરિતભાવસ્વરૂપ સ્વભાવ એ ગુણ છે અને ઉભયાશ્રિત હોવાથી ઉપચરિતભાવસ્વરૂપ સ્વભાવ એ પર્યાય છે.

**શંકા** :- (न च.) 'પર્યાયો દ્રવ્યમાં રહે છે' - આ વાત સમજી શકાય છે. પરંતુ 'પર્યાયો ગુણમાં પણ રહે છે' - આ વાત પ્રમાણસિદ્ધ જણાતી નથી. ગુણના પર્યાયો કઈ રીતે હોય ?

### ❀ ગુણમાં પણ પર્યાયો હોય છે ! ❀

**સમાધાન** :- (**यतो.**) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે "ગુણોમાં પણ પર્યાયની પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતીતિ થાય છે. 'આ રૂપ નવું છે,' 'પેલું રૂપ જૂનું છે', 'આ ફૂલની ગંધ તાજી છે', 'પેલા ફૂલની સુવાસ જૂની છે' - ઈત્યાદિ રૂપે રૂપ વગેરે ગુણોમાં પણ નવીનત્વ, પ્રાચીનત્વ વગેરે પર્યાયો પ્રત્યક્ષ પ્રમાણથી સર્વ લોકોમાં પ્રસિદ્ધ જ છે. ગુણમાં રહેનારા નવીનત્વ, પુરાણત્વ વગેરે પ્રત્યક્ષસિદ્ધ પર્યાય કેટલાક કાળ સુધી ટકતા હોય છે. (અર્થાત્ તે યાવદ્દ્રવ્યભાવી નથી કે યાવદ્ગુણભાવી નથી. તેથી તે ગુણાત્મક નથી પણ ગુણભિન્ન પર્યાયાત્મક છે. તથા 'અમુક કાળ સુધી ટકનારા તે પર્યાયો ગુણમાં પણ રહે છે' - તેવું ઉપરોક્ત પ્રત્યક્ષ પ્રતીતિ દ્વારા સિદ્ધ થાય છે. આમ 'બે-પાંચ મહિના સુધી કે બે-પાંચ દિવસ સુધી કે બે-પાંચ કલાક સુધી ગુણમાં રહેનારા પર્યાયો પ્રત્યક્ષપ્રમાણગમ્ય છે' - તેવું સિદ્ધ થાય છે.) પ્રત્યેક સમયે ઉત્પન્ન થનારા ગુણનિષ્ઠ ક્ષણિક પર્યાયોનું આપણને પ્રત્યક્ષ પ્રમાણથી ભાન ભલે થતું ન હોય. પરંતુ અમુક કાળ પછી ગુણમાં જે પુરાણત્વ વગેરે પર્યાયની પ્રતીતિ થાય છે તે પ્રતીતિ જો પ્રતિક્ષણ ગુણમાં તે તે પર્યાયો ઉત્પન્ન ન થાય તો અસંગત બની જાય. આમ ગુણનિષ્ઠ પુરાણત્વ વગેરે પર્યાયોની અન્યથા અનુપપત્તિ હોવાના લીધે પ્રતિસમયભાવી ક્ષણભંગુર પર્યાયોની પ્રતીતિ = અનુમિતિ થઈ શકે છે. તેથી વિવિધ વર્ણવાળા એક મણિની જેમ અથવા વિવિધ વર્ણવાળા એક પતંગિયા વગેરેની જેમ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ એક જ છે, અલગ-અલગ નથી. (મતલબ કે ઘટ-પટ-મઠની જેમ દ્રવ્ય -ગુણ-પર્યાય ત્રણ અલગ-અલગ વસ્તુ નથી પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમય એક અખંડ વસ્તુ છે. પ્રત્યેક વસ્તુ આવી છે.)" આ પ્રમાણે **શ્રીશાંતિસૂરિજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **બૃહદ્વૃત્તિ**માં જણાવેલ છે.

### ❈ પ્રતિક્ષણ વસ્તુપરિવર્તનનું અનુમાન ❈

**સ્પષ્ટતા** :- કોઈ પણ વસ્તુ એકાએક જૂની થઈ નથી જતી. પરંતુ પ્રત્યેક સમયે તેમાં કંઈક ને કંઈક પરિવર્તન થતું જાય તો જ અમુક સમય પછી 'આ વસ્તુ જૂની થઈ ગઈ છે' - આવી પ્રતીતિ લોકોને થઈ શકે. આ પ્રતિક્ષણ પરિવર્તન એટલે પ્રતિક્ષણ પર્યાયનો ઉત્પાદ અને વ્યય. દ્રવ્યની જેમ ગુણોમાં પણ જૂનાપણાની પ્રતીતિ થાય જ છે. તેથી ગુણમાં પ્રતિક્ષણ પર્યાયના ઉત્પાદ-વ્યયનો સ્વીકાર ન કરવામાં આવે તો (= અન્યથા) કાળક્રમે ગુણમાં જૂનાપણાની પ્રતીતિ અસંગત (= અનુપપન્ન) બની જાય. આમ અન્યથા અનુપપત્તિ દ્વારા ગુણનિષ્ઠ પ્રતિક્ષણભાવી પર્યાયની અનુમિતિ થઈ શકે છે.

पर्यायस्य गुणाश्रितत्वमभ्युपगम्यैव **अनुयोगद्वारसूत्रे** [1]"पज्जवनामे अणेगविहे पण्णत्ते। तं जहा – एगगुणकालए, दुगुणकालए... जाव अणंतगुणकालए। एगगुणनीलए, दुगुणनीलए... जाव अणंतगुणनीलए। एवं लोहिय-हालिद्द-सुक्किला वि भाणियव्वा..." (अनु.सू.२२५) इत्याद्युक्तम्।

***यद्यपि*** सदैव द्रव्यसहवर्तित्वाद् वर्ण-गन्ध-रसादयः सामान्येन गुणा उच्यन्ते ***तथापि*** वस्तुतो द्रव्यवृत्तीनां वर्णादीनाम् एकगुणकालत्वाद्यनतिरिक्तत्वमेव। तेषाञ्च द्विगुणकालत्वाद्यवस्थाव्यावृत्ततया क्रमवर्त्तित्वाद् द्रव्यपर्यायत्वमनपलपनीयमेव। इदमेवाऽभिप्रेत्य **अनुयोगद्वारसूत्रवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "सदैव सहवर्तित्वाद्वर्ण-गन्ध-रसादयः सामान्येन गुणा उच्यन्ते। न हि मूर्त्ते वस्तुनि वर्णादिमात्रं कदाचिदपि व्यवच्छिद्यते, एकगुणकालत्वादयस्तु द्विगुणकालत्वाद्यवस्थातो निवर्तन्त एवेति। अतः क्रमवृत्तित्वात् पर्यायाः"

---

અનુમાનપ્રયોગ આ રીતે સમજવો. 'गुणाः (= पक्षः) प्रतिसमयभाविपर्यायवन्तः, कालान्तरे पुराणत्वादि-प्रतीत्यन्यथाऽनुपपत्तेः।' આમ ગુણમાં અમુક કાળ સુધી રહેનારા સ્થૂલ પર્યાયોનું પ્રત્યક્ષ પ્રમાણથી ભાન થાય છે અને ગુણમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય પામતા સૂક્ષ્મ પર્યાયોનું અનુમાન પ્રમાણ દ્વારા ભાન થાય છે. આથી પર્યાયોમાં ગુણાશ્રિતત્વ પણ પ્રમાણસિદ્ધ છે. આવું **શ્રીશાંતિસૂરિજી**નું તાત્પર્ય છે.

### ❀ પર્યાય ગુણાશ્રિત - અનુયોગદ્વાર ❀

**(पर्या.)** 'પર્યાય ગુણાશ્રિત છે' - તેવું માનીને જ **અનુયોગદ્વાર**માં કહેલ છે કે "પર્યાયનામ અનેક પ્રકારે કહેવાયેલ છે. તે આ રીતે - એક અંશવાળો કાળો વર્ણ, બે અંશવાળો કાળો વર્ણ... યાવત્ અનંત અંશવાળો કાળો વર્ણ. એક અંશવાળો નીલવર્ણ, બે અંશવાળો નીલવર્ણ... યાવત્ અનંતઅંશયુક્ત નીલવર્ણ. આ જ રીતે લોહિતવર્ણ, હરિદ્રવર્ણ (પીતરૂપ), શ્વેતરૂપમાં પણ કહેવું..." અહીં એક અંશ, બે અંશ વગેરે પર્યાયો વર્ણાદિ ગુણના બતાવેલ હોવાથી પર્યાયમાં ગુણાશ્રિતપણું સિદ્ધ થાય છે.

### ❀ એકઅંશયુક્ત વર્ણાદિ પર્યાયસ્વરૂપ ❀

**(यद्यपि.)** જો કે વર્ણ-ગંધ-રસ વગેરે સદા માટે દ્રવ્યની સાથે જ રહેવાના લીધે સામાન્યથી 'ગુણ' શબ્દથી વ્યવહાર્ય બને છે. છતાં વાસ્તવમાં તો એક અંશવાળો કાળો વર્ણ વગેરેથી દ્રવ્યગત વર્ણાદિ અભિન્ન જ છે. તથા એક અંશવાળા કાળા વર્ણ વગેરે તો બે અંશયુક્ત કાળા વર્ણ વગેરે અવસ્થાથી વ્યાવૃત્ત = ભિન્નકાલીન હોવાથી ક્રમવર્ત્તી છે. મતલબ કે જે કાળો વર્ણ જ્યારે એક અંશયુક્ત હોય છે, ત્યારે જ તે બે અંશયુક્ત - ત્રણ અંશયુક્ત નથી હોતો. શ્યામાદિ વર્ણની એકઅંશવાળી, બે અંશવાળી વગેરે અવસ્થાઓ ભિન્નકાલીન છે. તે કારણે એકઅંશયુક્ત શ્યામવર્ણ, બે અંશયુક્ત શ્યામવર્ણ વગેરે પણ ક્રમવર્ત્તી છે. **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ આ જ અભિપ્રાયથી જણાવેલ છે કે "કાયમ દ્રવ્યની સાથે જ રહેનાર હોવાથી વર્ણ, ગંધ, રસ વગેરે સામાન્યથી 'ગુણ' કહેવાય છે. મૂર્ત્તદ્રવ્યમાંથી ક્યારેય પણ તમામ વર્ણાદિ રવાના થતા નથી. જ્યારે એકગુણકાલત્વ વગેરે તો દ્વિગુણકાલત્વ વગેરે અવસ્થાથી વ્યાવૃત્ત થાય જ છે. જ્યારે દ્રવ્યમાં દ્વિગુણશ્યામવર્ણત્વાદિ હોય ત્યારે એકગુણકાલત્વાદિ

---

1. पर्यायनाम अनेकविधं प्रज्ञप्तम्। तद्यथा – एकगुणकालकः, द्विगुणकालकः... यावद् अनन्तगुणकालकः। एकगुणनीलकः, द्विगुणनीलकः... यावद् अनन्तगुणनीलकः। एवं लोहित-हारिद्र-शुक्ला अपि भणितव्याः.....।

(अनु.द्वा.सू.२२५, वृ.पृ.१५३) इत्युक्तम्। **विशेषावश्यकभाष्यवृत्तौ** अपि "परमाणौ तावद् एकगुणकालत्वादयोऽनन्ता वर्ण-गन्ध-रसादिकाः स्वपर्यायाः" (वि.आ.भा.३२० म.वृ. पृ.९५) इत्येवं **श्रीहेमचन्द्रसूरिभिः** स्पष्टमेवैकगुणकालत्वादीनां पर्यायरूपतोक्ता। ततश्च पुद्गलवर्त्तिनः पर्यायाः (१) सामान्येन वर्ण-गन्धादयः, (२) विशेषेण कृष्ण-रक्तादि-सुरभि-दुरभिप्रभृतयः, (३) अवान्तरविशेषेण चैकगुणकृष्णत्व-द्विगुणकृष्णत्वादिकृष्णतर-कृष्णतमप्रमुखा इति परमार्थोऽत्र फलितः।

***यद्यपि*** वस्तुगत्या पूर्वोक्तरीत्या (२/११-१२-१३) अपि गुण-पर्याययोरपार्थक्यमेव। यथोक्तम् **आचाराङ्गनिर्युक्तिवृत्तौ शीलाङ्काचार्यैः** "गुण-पर्याययोः नयवादान्तरेण अभेदाऽभ्युपगमाद्" (आ.२/१/नि.१८१ वृ.) इति। तदुक्तं **प्रज्ञापनासूत्रवृत्तौ श्रीमलयगिरिसूरिभिरपि** "पर्यायाः गुणाः विशेषाः धर्माः इत्यनर्थान्तरम्" (प्र.सू. ५/१०४/वृ.पृ.१७९) इति। ***तथापि*** भेदग्राहकनयापेक्षयाऽत्र तयोः पार्थक्यमुपदर्शितम्। भेदग्राहिसूक्ष्मेक्षिकया तु नवत्वविशिष्टगुणात् पुराणत्वविशिष्टः गुणो भिद्यत एवेति कादाचित्कतया गुणस्यापि परमार्थतः पर्यायरूपतैव न तु पर्यायविशिष्टरूपतेति द्रव्य-पर्यायात्मकमेव सर्वं वस्तु सिध्यति।

---

અવસ્થા હોતી નથી. આમ ક્રમવર્તી હોવાથી એકગુણકાલત્વ, દ્વિગુણકાલત્વ વગેરે પર્યાયસ્વરૂપ જ છે." તેથી એકઅંશયુક્ત શ્યામરૂપ વગેરેને પર્યાય માન્યા વિના છૂટકો જ નથી. **વિશેષાવશ્યકભાષ્યની વ્યાખ્યા**માં પણ શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ 'પરમાણુમાં એકગુણકાલત્વ વગેરે અનંતા વર્ણ-ગંધ-રસાદિ સ્વપર્યાયો હોય છે.' આવું કહેવા દ્વારા એકગુણકાલત્વ વગેરેને સ્પષ્ટપણે પર્યાય તરીકે જ જણાવેલ છે. તેથી એકગુણકાલત્વ, દ્વિગુણકાલત્વ વગેરે જુદા-જુદા પર્યાય જ છે - તેમ નક્કી થાય છે. ઉપરોક્ત પ્રબંધોને વિચારતાં એવું ફલિત થાય છે કે પુદ્ગલમાં રહેનારા પર્યાયો (૧) સામાન્યથી વર્ણ, ગંધ વગેરે છે અને (૨) વિશેષરૂપે કૃષ્ણ, રક્ત વગેરે વર્ણો, સુગંધ, દુર્ગંધ વગેરે છે. તથા (૩) અવાંતર વિશેષરૂપે પર્યાયો તો એકગુણકૃષ્ણત્વ, દ્વિગુણકૃષ્ણત્વ વગેરે તથા કૃષ્ણતર, કૃષ્ણતમ વગેરે સમજવા. આ અહીં પરમાર્થ છે.

### ✻ ગુણ-પર્યાયનો અભેદ પારમાર્થિક ✻

**(यद्यपि.)** જો કે પૂર્વે (૨/૧૧-૧૨-૧૩) જણાવ્યા મુજબ પણ વાસ્તવમાં તો ગુણ અને પર્યાય એક જ છે. **આચારાંગનિર્યુક્તિવ્યાખ્યા**માં શ્રી**શીલાંકાચાર્ય**એ જણાવેલ છે કે 'નયવિશેષના અભિપ્રાયથી ગુણ-પર્યાય વચ્ચે અભેદ માન્ય છે.' તેમજ શ્રી**મલયગિરિસૂરિ**જીએ પણ **પન્નવણાસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ છે કે "(૧) પર્યાય, (૨) ગુણ, (૩) વિશેષ, (૪) ધર્મ (ગુણધર્મ) - આ શબ્દોના અર્થમાં કોઈ ભેદ નથી." તેમ છતાં ભેદગ્રાહકનયની અપેક્ષાએ પ્રસ્તુતમાં **ઉત્તરાધ્યયનબૃહદ્વૃત્તિ**માં ગુણ અને પર્યાય વચ્ચે ભિન્નતા દર્શાવેલી છે. ભેદગ્રાહકનયની સૂક્ષ્મ દૃષ્ટિથી તો ગુણ જેમ પર્યાયથી ભિન્ન સિદ્ધ થાય છે તેમ નવીનત્વવિશિષ્ટ ગુણથી પણ પ્રાચીનત્વવિશિષ્ટ ગુણ ભિન્ન જ સિદ્ધ થાય છે. મતલબ કે સૂક્ષ્મભેદગ્રાહકનયની દૃષ્ટિએ તો ગુણ પ્રતિક્ષણ બદલાય છે. આમ ગુણ પણ પર્યાયની જેમ ક્ષણભંગુર છે. તથા ક્ષણિકત્વ તો ખાસ કરીને પર્યાયની આગવી ઓળખ છે. તેથી પરમાર્થથી ગુણ પણ પર્યાયવિશિષ્ટ નહિ પરંતુ પર્યાયાત્મક જ સિદ્ધ થાય છે. તેથી બધી જ વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક જ સિદ્ધ થાય છે. આથી પૂર્વે જણાવેલ ગુણ-પર્યાયનો પારમાર્થિક અભેદ અબાધિત જ રહેશે.

प्रकृते तूपदर्शितोत्तराध्ययनसूत्रानुसारेण द्रव्यस्य यावतां निरुपचरितभावात्मकस्वभावानां यावद्द्रव्यभावितया गुणेषु एवान्तर्भावाद् उपचरितभावात्मकस्वभावानाञ्च कादाचित्कतया पर्यायेष्वेवान्तःप्रवेशान्न स्वतन्त्रैकविंशतिस्वभावकल्पनं **देवसेनस्य** युज्यत इत्यभिप्रायः।

स्वभावस्य सर्वथा गुण-पर्यायाऽतिरिक्तत्वे तु 'गुण-पर्याय-स्वभाववद् द्रव्यम्' इति द्रव्यलक्षणं स्यात्, न तु पूर्वोक्त(२/१ + १२, ९/२८, १०/१ + १३)रीत्या "गुण-पर्यायवद् द्रव्यम्" (त.सू.५/३७) इति **तत्त्वार्थसूत्र**दर्शितम्। इदमेवाऽभिप्रेत्य **यशोविजयवाचकेन्द्रैः सप्तभङ्गीनयप्रदीपे** "स्वभावा अपि गुण-पर्याययोः अन्तर्भूता एव द्रष्टव्याः, अन्यथा द्रव्यलक्षणे तेषामपि ग्रहणम् अभविष्यद्" (स.भ.न.प्र.पृ.२२) इत्येवमुक्तमिति ध्येयम्।

***यच्च*** "गुणः = स्वभावः, यथा उपयोगस्वभावो जीवः" (सम. सू.२१७ वृ.) इति **समवायाङ्गसूत्रवृत्तौ अभयदेवसूरि**वचनं पूर्वं (२/२) दर्शितम्, ***तदपि*** यावद्द्रव्यभावित्वेन गुण-निरुपचरितस्वभावयोः ऐक्यमाह।

किञ्च, **आलापपद्धतौ देवसेनेन** "स्वद्रव्यादिग्राहकेण अस्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः"

---

### अनुपचरित-उपचरितस्वभाव गुण-पर्याय स्वरूप

**(प्रकृ.)** પ્રસ્તુતમાં તો ઉપર જણાવેલ **ઉત્તરાધ્યયનસૂત્ર** મુજબ એવું ફલિત થાય છે કે દ્રવ્યના જેટલા પણ નિરુપચરિતભાવસ્વરૂપ સ્વભાવો છે, તે તમામનો ગુણોમાં અંતર્ભાવ થઈ શકે છે. કારણ કે અનુપચરિતભાવસ્વરૂપ સ્વભાવો યાવદ્દ્રવ્યભાવી છે. તથા દ્રવ્યના જેટલા પણ ઉપચરિતભાવસ્વરૂપ સ્વભાવો છે, તે તમામનો પર્યાયમાં જ અંતર્ભાવ થઈ શકે છે. કારણ કે તમામ ઉપચરિતભાવસ્વરૂપ સ્વભાવો કાદાચિત્ક છે. તેથી દિગંબર **દેવસેનજી**એ સ્વતંત્ર = ગુણ-પર્યાયથી ભિન્ન એવા એકવીસ પ્રકારના સ્વભાવની જે કલ્પના કરેલી છે, તે યુક્તિસંગત નથી - તેવું જણાવવાનો અહીં અભિપ્રાય છે.

### સ્વભાવનો ગુણ-પર્યાયમાં સમાવેશ યોગ્ય

**(स्व.)** જો સ્વભાવ ગુણ-પર્યાયથી સર્વથા ભિન્ન હોય તો દ્રવ્યનું લક્ષણ 'ગુણ-પર્યાય-સ્વભાવયુક્ત હોય તે દ્રવ્ય' - આવું બને. પરંતુ પૂર્વે (૨/૧+૧૨, ૯/૨૮, ૧૦/૧+૧૩) જણાવ્યા મુજબ **તત્ત્વાર્થસૂત્ર**માં બતાવેલ 'गुण-पर्यायवद् द्रव्यम्' - આ મુજબનું દ્રવ્યલક્ષણ બની નહિ શકે. પણ તે જ સાચું દ્રવ્યલક્ષણ છે. તેથી સ્વભાવનો ગુણ-પર્યાયમાં અંતર્ભાવ માનવો યોગ્ય છે. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **સપ્તભંગીનયપ્રદીપ**માં જણાવેલ છે કે 'સ્વભાવો પણ ગુણ-પર્યાયમાં અન્તર્ભાવ પામેલા જ જાણવા. બાકી તો દ્રવ્યલક્ષણમાં **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે તેનું પણ ગ્રહણ કર્યું હોત.'

**(यच्च.)** **સમવાયાંગસૂત્રવૃત્તિ**માં શ્રી**અભયદેવસૂરિજી**નું જે કથન પૂર્વે (૨/૨) જણાવેલ છે કે 'ગુણ એટલે સ્વભાવ. જેમ કે ઉપયોગગુણવાળો = ઉપયોગસ્વભાવવાળો જીવ છે' - તે પણ 'યાવદ્દ્રવ્યભાવી હોવાથી ગુણ અને નિરુપચરિતસ્વભાવ એક છે' - તેમ જણાવે છે.

### દેવસેનમતમાં સપ્તભંગીવ્યવસ્થાનો ભંગ

**(किञ्च.)** વળી, **દેવસેન**ની બીજી વાત પણ વ્યાજબી નથી. તે આ મુજબ - **આલાપપદ્ધતિ**માં તેમણે જણાવેલ છે કે "સ્વદ્રવ્યાદિગ્રાહક નયથી વસ્તુનો 'અસ્તિ'સ્વભાવ છે. તથા પરદ્રવ્યાદિગ્રાહક નયથી

"यदि च 'स्वद्रव्यादिग्राहकेणास्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः' इत्यभ्युपगम्यते, तदोभयोरपि द्रव्यार्थिकविषयत्वात् सप्तभङ्ग्यामाद्य-द्वितीययोः❒ भङ्गयोर्द्रव्यार्थिक-पर्यायार्थिकाश्रयणप्रक्रिया⁸ भज्येत" इत्याद्यत्र बहु विचारणीयम् ॥१३/१७॥

---

(आ.प.पृ.१५) इति यदुक्तं (शाखा-१३/१) तदपि न युज्यते, यतः स्वद्रव्यादिग्राहक-परद्रव्यादिग्राहकयोः देवसेनमते द्रव्यार्थिकत्वाद् अस्ति-नास्तिस्वभावयोः केवलद्रव्यार्थिकनयविषयत्वमापद्येत।

***न चा***स्त्वेवम्, का नः क्षतिः ? इति ***वाच्यम्,***

अस्तित्व-नास्तित्वयोः केवलद्रव्यार्थिकनयगोचरत्वे अस्तित्व-नास्तित्वविषयिण्यां सप्तभङ्ग्यां 'सर्व-मस्ति स्वद्रव्य-क्षेत्रादिना, सर्वं नास्ति परद्रव्य-क्षेत्रादिना' इत्येवंलक्षणयोः आद्य-द्वितीययोः भङ्गयोः क्रमशः द्रव्यार्थिक-पर्यायार्थिकनयाऽऽश्रयणप्रक्रिया पूर्वोक्ता (४/१४) भज्येत।

अयमत्राऽऽशयः – नयः स्वाभिधेये प्रवर्त्तमानो मिथोविरुद्धनययुगलसमुत्थविधि-निषेधाभ्यां कृत्वा

---

વસ્તુનો 'નાસ્તિ'સ્વભાવ છે." દેવસેનજીની આ વાત પ્રસ્તુત તેરમી શાખાના પ્રથમ શ્લોકમાં જણાવી ગયેલ છીએ. દેવસેનજીની આ વાત પણ યુક્તિસંગત ન હોવાનું કારણ એ છે કે સ્વદ્રવ્યાદિગ્રાહક નય અને પરદ્રવ્યાદિગ્રાહક નય દેવસેનમતે દ્રવ્યાર્થિકનય છે. તેથી સ્વદ્રવ્યાદિગ્રાહક નયથી 'અસ્તિ'સ્વભાવનું ગ્રહણ થતું હોવાથી જેમ 'અસ્તિ'સ્વભાવ ફક્ત દ્રવ્યાર્થિકનયનો જ વિષય બને છે, તેમ પરદ્રવ્યાદિગ્રાહક નયથી **'नास्ति'** સ્વભાવનું ગ્રહણ થતું હોય તો 'નાસ્તિ'સ્વભાવ પણ ફક્ત દ્રવ્યાર્થિકનયનો જ વિષય બની જશે.

**શંકા** :- (न चा.) વસ્તુનો 'અસ્તિ'સ્વભાવ અને 'નાસ્તિ'સ્વભાવ ફક્ત દ્રવ્યાર્થિકનયનો જ વિષય બને તો ભલે તેમ બનતું. તમને તેમાં શું વાંધો છે ? તેવું માનવામાં અમને કયો દોષ નડશે ?

**સમાધાન** :- (अस्तित्व.) જો વસ્તુનો 'અસ્તિ'સ્વભાવ અને 'નાસ્તિ'સ્વભાવ ફક્ત દ્રવ્યાર્થિકનયનો જ વિષય હોય તો વસ્તુના અસ્તિત્વ-નાસ્તિત્વગુણધર્મસંબંધી સપ્તભંગીની શાસ્ત્રપ્રસિદ્ધ વ્યવસ્થા ભાંગી પડશે. તે આ રીતે — અસ્તિત્વ-નાસ્તિત્વગોચર સપ્તભંગીનો પ્રથમ પ્રકાર છે - 'सर्वम् अस्ति स्वद्रव्य-क्षेत्रादिना।' સપ્તભંગીનો આ પ્રથમ ભાંગો દ્રવ્યાર્થિકનયને આશ્રયીને પ્રવર્તે છે. તથા પ્રસ્તુત સપ્તભંગીનો બીજો ભાંગો છે - 'सर्वं नास्ति परद्रव्य-क्षेत्रादिना.' આ બીજો ભાંગો પર્યાયાર્થિકનયને આશ્રયીને પ્રવર્તે છે. આ વાત પૂર્વે (૪/૧૪) સપ્તભંગીના નિરૂપણમાં આપણે વિચારી ગયેલ છીએ. મતલબ કે "વસ્તુનો 'નાસ્તિ'સ્વભાવ કેવલ દ્રવ્યાર્થિકનયનો વિષય છે" - આવું દેવસેનજીનું કથન "વસ્તુનો 'નાસ્તિ'સ્વભાવ પર્યાયાર્થિકનયનો વિષય છે" - આવી શાસ્ત્રપ્રસિદ્ધ વ્યવસ્થાનો ઉચ્છેદ કરનાર છે. તેથી પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી વસ્તુના 'નાસ્તિ'સ્વભાવનું ગ્રહણ કરવાની **દેવસેનજી**ની માન્યતા વ્યાજબી નથી.

### ❈ દેવસેનમતમાં સપ્તભંગીપ્રક્રિયાભંગ ❈

(अय.) અહીં આશય એ છે કે પોતાના વિષયમાં નય જ્યારે પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પરસ્પર વિરુદ્ધ નયયુગલથી ઉત્પન્ન થયેલા વિધિ અને નિષેધ દ્વારા સપ્તભંગીને તે અનુસરે છે. પરસ્પર અવિરુદ્ધ

---

❒ શાં.માં '...**ययोगङ्ग**...' અશુદ્ધ પાઠ. ⁸ પુસ્તકોમાં '...**श्रयणे प्रक्रिया**' પાઠ. કો.(૯)નો પાઠ ગ્રહણ કરેલ છે.

सप्तभङ्गीम् अनुसरति, न तु मिथोऽविरुद्धनययुग्मसमुत्थविधि-प्रतिषेधाभ्याम्। तदिदमभिप्रेत्य **प्रमाणनयतत्त्वालोकाऽलङ्कारसूत्रे श्रीवादिदेवसूरिभिः** "नयवाक्यं स्वविषये प्रवर्त्तमानं विधि-प्रतिषेधाभ्यां सप्तभङ्गीम् अनुव्रजति" (प्र.न.त.७/५३) इत्युक्तम्। अतः अस्ति-नास्तिस्वभावगोचरसप्तभङ्ग्यां प्रथमभङ्गे द्रव्यार्थिकनयप्रवेशे द्वितीयभङ्गे तद्विरुद्धपर्यायार्थिकनयप्रवेश आवश्यकः इति प्रसिद्धा सप्तभङ्गीप्रक्रिया। **देवसेने**नाऽत्र प्रथम-द्वितीयभङ्गयोः द्रव्यार्थिकगोचरत्वाऽभ्युपगमाद् दर्शितप्रक्रिया भज्यते इति स्ववधाय कृत्योत्थापनन्यायं देवसेनः अनुसरति।

एवं सप्तभङ्ग्याम् अपि प्रथम-द्वितीयभङ्गविषयीभूतयोः अस्ति-नास्तिस्वभावयोः निवेशे तदतिरिक्तस्य जात्यन्तरात्मकस्य अस्ति-नास्तिस्वभावस्य चतुर्थभङ्गविषयविधया क्रमिकस्व-परद्रव्याद्यर्पणालब्धात्मलाभस्य अवश्याऽङ्गीकर्तव्यतापत्तिः उतथ्यानुजेनाऽपि निवारयितुम् अशक्यैव। प्रत्येकघकार-टकारवर्णापेक्षया घटपदस्य स्वातन्त्र्यमिव प्रत्येकाऽस्ति-नास्तिस्वभावद्वितयाऽपेक्षया मिथोऽनुविद्धाऽस्ति-नास्तिस्वभावस्य स्वातन्त्र्यम् अनाविलमेव। तदुक्तं **श्रीलब्धिसूरिणा तत्त्वन्यायविभाकरे** "क्रमाऽर्पितसत्त्वाऽसत्त्वरूपो धर्मः कथञ्चित्सत्त्वाद्यपेक्षया भिन्नः प्रत्येकघकारादिवर्णापेक्षया घटपदवद्"

---

એવા નયયુગલથી ઉપસ્થાપિત કરેલા વિધિ-નિષેધ દ્વારા સપ્તભંગીની પ્રવૃત્તિ થતી નથી. આ અભિપ્રાયથી **શ્રીવાદિદેવસૂરિ** મહારાજે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર**માં જણાવેલ છે કે 'પોતાના વિષયમાં પ્રવર્તમાન નયવાક્ય વિધિ-પ્રતિષેધ દ્વારા સપ્તભંગીને અનુસરે છે.' તેથી અસ્તિ-નાસ્તિસ્વભાવગોચર સપ્તભંગીમાં જો પ્રથમ ભાંગામાં દ્રવ્યાર્થિકનયનો પ્રવેશ કરવામાં આવે તો તેનાથી વિરુદ્ધ એવા પર્યાયાર્થિકનયનો બીજા ભાંગામાં પ્રવેશ કરાવવો જરૂરી છે. આ પ્રમાણે સપ્તભંગીની પ્રક્રિયા પ્રસિદ્ધ છે. પરંતુ દેવસેનજીએ તો અસ્તિ-નાસ્તિસ્વભાવવિષયક સપ્તભંગીમાં પ્રથમ અને દ્વિતીય - એમ બંને ભાંગાને દ્રવ્યાર્થિકનયના જ વિષય માનેલા છે. તેથી સપ્તભંગીસ્થલીય ઉપરોક્ત પ્રક્રિયા ભાંગી પડે છે. આ દોષ દેવસેનમતમાં દુર્વાર છે. તેથી 'રાક્ષસીને જગાડવાનું પોતાના વધ માટે થાય' - આ દૃષ્ટાન્તને દેવસેન અનુસરે છે.

### સ્વતંત્ર અસ્તિ-નાસ્તિસ્વભાવની આપત્તિ

**(एवं.)** વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે અસ્તિ-નાસ્તિસ્વભાવગોચર સપ્તભંગીમાં પણ પ્રથમ ભંગના વિષય તરીકે અસ્તિસ્વભાવનો અને બીજા ભંગના વિષય સ્વરૂપે નાસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં આવે તો જ્યારે સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિની અને પરદ્રવ્ય-ક્ષેત્રાદિની ક્રમિક અર્પણા કરવામાં આવે ત્યારે ચોથા ભાંગાના વિષય તરીકે ઉપરોક્ત બે સ્વભાવથી ભિન્ન જાત્યન્તરસ્વરૂપ અસ્તિ-નાસ્તિસ્વભાવનો અવશ્ય સ્વીકાર કરવાની જે આપત્તિ દેવસેનમતમાં આવશે, તેનું નિવારણ કરવું તો બૃહસ્પતિ (= ઉતથ્યાનુજ) માટે પણ અશક્ય જ હશે. જેમ ઘ અને ટ આ બે વર્ણ કરતાં 'ઘટ' પદ સ્વતંત્ર = ભિન્ન છે, તેમ અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવ - આ બંને છૂટા-છૂટા સ્વભાવ કરતાં પરસ્પર અનુવિદ્ધ અસ્તિ-નાસ્તિસ્વભાવ સ્વતંત્ર જ છે. આ મુજબ માનવામાં કોઈ પણ દોષ નથી જ આવતો. તેથી જ તો **શ્રીલબ્ધિસૂરિજી**એ **તત્ત્વન્યાયવિભાકર** ગ્રંથમાં દર્શાવેલ છે કે "સપ્તભંગીના પ્રથમ ભાંગામાં રહેલ કથંચિત્ સત્ત્વ = સ્વદ્રવ્યાદિસાપેક્ષ સત્ત્વ અને દ્વિતીય ભાંગામાં રહેલ કથંચિત્ અસત્ત્વ = પરદ્રવ્યાદિ-

(त.न्या.वि.पृ.८१) इति। न चाऽतिरिक्ताऽस्ति-नास्तिस्वभाव एकादशसामान्यस्वभावमध्ये **देवसेनेन** दर्शित इति देवसेनदर्शितः सामान्यस्वभावविभागः न्यूनताग्रस्तः।

एवमेव सप्तभङ्ग्यां चतुर्थभङ्गविषयविधया कथञ्चिन्नित्याऽनित्यस्वभावाभ्याम् अतिरिक्तस्य क्रमार्पितनित्याऽनुविद्धाऽनित्यस्वभावस्य, कथञ्चिदेकाऽनेकस्वभावभ्यां भिन्नस्य एकस्वभावव्यामिश्रिता-ऽनेकस्वभावस्य, भेदाऽभेदस्वभावाभ्यां व्यतिरिक्तस्य भेदसमनुविद्धाऽभेदस्वभावस्य, भव्याऽभव्यस्वभावाभ्यां च गुड-शुण्ठीन्यायेन स्वतन्त्रस्य भव्यस्वभावव्याविद्धाऽभव्यस्वभावस्याऽपि कक्षीकर्तव्यतापत्तिः बृहस्पतिनाऽपि वारयितुम् अनर्हैव।

किञ्च, पूर्वं (११/५-१२) ये अस्तित्व-नास्तित्वादय एकादश सामान्यस्वभावाः दर्शिताः तत्र वक्तव्याऽवक्तव्यस्वभावाऽप्रदर्शनेनाऽपि न्यूनताऽऽपत्तिः दुर्वारैव **देवसेनस्य**। प्रतिवस्तु वक्तव्यत्वाऽभावे

---

સાપેક્ષ નાસ્તિત્વ આ બન્ને કરતાં સ્વદ્રવ્યાદિ-પરદ્રવ્યાદિની ક્રમિક વિવક્ષાથી પ્રાપ્ત થયેલ સત્ત્વાસત્ત્વસ્વરૂપ ત્રીજો ગુણધર્મ સ્વતંત્ર છે. જેમ એકલા 'ઘ' વર્ણ અને 'ટ' વર્ણ કરતાં 'ઘટ' પદ સ્વતંત્ર છે, તેમ ઉપરોક્ત બાબત સમજવી." પરંતુ અતિરિક્ત અસ્તિ-નાસ્તિસ્વભાવને અગિયાર સામાન્યસ્વભાવમાં દેવસેને જણાવેલ નથી. તેથી દેવસેનદર્શિત સામાન્યસ્વભાવવિભાગ ન્યૂનતા દોષથી ગ્રસ્ત બનશે.

## ❋ અતિરિક્ત નિત્યાનિત્યાદિ પાંચ સામાન્યસ્વભાવની આપત્તિ ❋

(**एव.**) આ જ રીતે નિત્યાનિત્યસપ્તભંગીમાં કથંચિત્ નિત્યસ્વભાવ (પ્રથમ ભંગ) અને કથંચિત્ અનિત્યસ્વભાવ (દ્વિતીય ભંગ) કરતાં ભિન્ન એવા એક નિત્યાનિત્યસ્વભાવને પણ દ્રવ્ય-પર્યાયની ક્રમિક અર્પણાથી ફલિત ચોથા ભાંગાના વિષય સ્વરૂપે અવશ્ય સ્વીકારવો જ પડશે. તથા એકાનેકસપ્તભંગીમાં કથંચિત્ એકસ્વભાવ (પ્રથમ ભંગ) અને કથંચિત્ અનેકસ્વભાવ (દ્વિતીય ભંગ) કરતાં ભિન્ન એવા એકાનેકસ્વભાવને ચોથા ભાંગાના વિષય તરીકે સ્વીકારવો પડશે. તે જ રીતે ભેદાભેદસપ્તભંગીમાં ભેદસ્વભાવ (પ્રથમ ભંગ) અને અભેદ સ્વભાવ (દ્વિતીય ભંગ) કરતાં ભિન્ન એવા એક ભેદાભેદસ્વભાવને ચોથા ભાંગાના વિષય તરીકે દેવસેનજીએ અવશ્ય માનવો જ પડશે. તથા આ જ પ્રમાણે ભવ્યાભવ્યસ્વભાવગોચર સપ્તભંગીમાં ભવ્યસ્વભાવ (પ્રથમ ભંગ) અને અભવ્યસ્વભાવ (દ્વિતીય ભંગ) કરતાં સ્વતંત્ર એવા એક ભવ્યાભવ્યસ્વભાવનો ચોથા ભાંગાના વિષય તરીકે અંગીકાર અવશ્ય કરવો પડશે. જેમ ગોળ અને સૂંઠ કરતાં તે બન્નેનું મિશ્રણ કરવાથી બનતી ગોળી જુદી જ છે, જેમ એકલી સાકરગત સ્નિગ્ધતા અને મરચામાં રહેલી ઉષ્ણતા કરતાં દાડમમાં રહેલી સ્નિગ્ધતામિશ્રિત ઉષ્ણતા જાત્યન્તરસ્થાનીય જુદી જ છે. તેમ ઉપરોક્ત સ્થળે જાત્યન્તરસ્વરૂપ અતિરિક્ત અસ્તિ-નાસ્તિસ્વભાવ, નિત્યાનિત્યસ્વભાવ વગેરેમાં સમજી લેવું.આ અતિરિક્ત પાંચ સામાન્યસ્વભાવને સ્વીકારવાની આપત્તિ દેવસેનમતમાં દુર્વાર જ છે. બૃહસ્પતિ પણ તેનું નિવારણ કરવા માટે સમર્થ નથી.

## ❋ દેવસેનદર્શિત સામાન્યસ્વભાવવિભાગ ન્યૂનતાગ્રસ્ત ❋

(**किञ्च.**) વળી, પૂર્વે અગિયારમી શાખામાં (શ્લોક ૫ થી ૧૨) જે અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે અગિયાર સામાન્યસ્વભાવ દેવસેનજીએ દર્શાવેલા હતા તેમાં પણ વક્તવ્યસ્વભાવ, અવક્તવ્યસ્વભાવ ન દર્શાવવાથી

द्रव्याणां श्रुताऽग्राह्यता आपद्येत। अवक्तव्यत्वविरहे तु युगपत्स्व-परद्रव्य-क्षेत्राद्युभयार्पणायाम् अपि सर्वासु सप्तभङ्गीषु तृतीयभङ्गे वक्तव्यत्वापत्तेः, अनन्ताऽनभिलाप्यभावानाम् अपि वक्तव्यत्वापत्तेश्च। वक्तव्याऽवक्तव्यसप्तभङ्ग्यां चतुर्थभङ्गविधया क्रमिकस्व-परवाचकशब्दार्पणालब्धात्मलाभस्य वक्तव्याऽवक्तव्यस्वभावस्य निरुक्तरीत्या कथञ्चिद्वक्तव्याऽवक्तव्यस्वभावाभ्याम् अतिरिक्तस्याऽपि स्वीकार आवश्यक एव।

एवमसाधारणगुणप्रयोजकपरमस्वभावप्रतिपक्षविधया अपरमस्वभावोऽपि साधारणगुणप्रयोजकोऽप्रत्याख्येयः **देवसेनेन**। वस्तुगतपरमाऽपरमस्वभावगोचरसप्तभङ्ग्यां चतुर्थभङ्गविधया च परमाऽपरमस्वभावाभ्यां भिन्नस्य जात्यन्तरात्मकस्य परमाऽपरमस्वभावस्याऽप्यनपलपनीयत्वमेव। ततश्चैकविंशतिः सामान्यस्वभावा देवसेनेन वाच्याः, न तु एकादश। ततश्च सामान्यस्वभावविभागप्रदर्शनं न्यूनतादोषग्रस्तं देवसेनमते। तदनुपगमे मिथ्यात्वमपरिहार्यं **देवसेनस्य**। तदुक्तं **विशेषावश्यकभाष्ये**

---

દેવસેનજીને ન્યૂનતા દોષ દુર્વાર બનશે. દરેક વસ્તુમાં આ બન્ને પ્રકારના સ્વભાવ અવશ્ય રહે છે. તેથી સામાન્યસ્વભાવવિભાગમાં તેનો નિર્દેશ કરવો જરૂરી છે. જો દરેક વસ્તુમાં વક્તવ્યસ્વભાવ માનવામાં ન આવે તો શ્રુતજ્ઞાન દ્વારા તેનું જ્ઞાન ન થઈ શકે. તથા જો લેશતઃ પણ અવક્તવ્યસ્વભાવ ન જ હોય તો, સત્ત્વાસત્ત્વગોચર સપ્તભંગી લો કે ભેદાભેદવિષયક સપ્તભંગી લો કે નિત્યાનિત્યસ્વભાવની સપ્તભંગી લો, તમામ સપ્તભંગીના ત્રીજા ભાંગામાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ તથા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ - આ બન્નેની યુગપત્ વિવક્ષા કરવા છતાં પણ વક્તવ્યને માનવાની આપત્તિ આવશે. તથા અનભિલાપ્ય અનંતા ભાવોને પણ વક્તવ્ય-વાચ્ય-અભિલાપ્ય માનવાની સમસ્યા દેવસેનને દુર્વાર થશે. વળી, કથંચિત્ વક્તવ્યસ્વભાવ (પ્રથમ ભંગ) અને કથંચિત્ અવક્તવ્યસ્વભાવ (દ્વિતીય ભંગ) કરતાં, પૂર્વે જણાવેલી રીત મુજબ, અતિરિક્ત એવા વક્તવ્યાવક્તવ્યસ્વભાવને પણ સ્વવાચક-પરવાચક શબ્દની ક્રમિક વિવક્ષા કરવાથી વક્તવ્યાવક્તવ્યગોચર સપ્તભંગીના ચોથા ભાંગાના વિષય તરીકે અવશ્ય સ્વીકારવો પડશે જ.

### ❋ અપરમસ્વભાવ તથા પરમાપરમસ્વભાવનું આપાદન ❋

(एव.) આ જ રીતે અસાધારણ એવા ચૈતન્યાદિ ગુણોના પ્રયોજક તરીકે જેમ દેવસેનજીએ અગિયારમો પરમસ્વભાવ (જુઓ શાખા-૧૧, શ્લોક ૧૨) દર્શાવેલો છે, તેમ સાધારણ ગુણોના પ્રયોજક તરીકે અપરમસ્વભાવને પણ તેણે સ્વીકારવો જ પડશે. પરમસ્વભાવના પ્રતિપક્ષરૂપે અપરમસ્વભાવનો અપલાપ દેવસેન કરી શકે તેમ નથી. વળી, વસ્તુગત પરમ-અપરમસ્વભાવવિષયક સપ્તભંગીમાં પરમસ્વભાવ (પ્રથમ ભંગ) અને અપરમસ્વભાવ (બીજો ભાંગો) કરતાં અતિરિક્ત એવા જાત્યન્તરસ્વરૂપ કે જાત્યન્તરસ્થાનીય વિલક્ષણ પરમાપરમસ્વભાવનો પણ ચોથા ભાંગાના વિષય તરીકે દેવસેનજી અપલાપ કરી શકે તેમ નથી. તેથી દેવસેનજીએ સામાન્યસ્વભાવ અગિયાર નહિ પણ એકવીશ કહેવા પડશે. આ કારણસર દેવસેનપ્રદર્શિત સામાન્યસ્વભાવવિભાગપ્રદર્શન પણ ન્યૂનતાદોષથી કલંકિત છે. તથા તે સ્વભાવોને દેવસેન ન સ્વીકારે તો તેને મિથ્યાત્વ દોષ વળગી પડશે. **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ કહેલ છે કે 'એક પણ દ્રવ્યને કે પર્યાયને ન માનો તો મિથ્યાત્વ લાગે.'

[1]"एगं पि असद्दहओ जं दव्वं पज्जवं व मिच्छत्तं।।" (वि.आ.भा.२७५२) इति।

अपि च, पूर्वं द्वादशशाखायां ये चैतन्यादयो दश विशेषस्वभावा दर्शिताः तत्राऽपि विभाव-स्वभावप्रतिपक्षतया स्वभावस्वभावोऽपि दर्शनीयः स्यात्। तस्य शुद्धस्वभावान्तर्भावे विभावस्वभावस्य अशुद्धस्वभावान्तर्भावोऽप्रत्याख्येय एव, युक्तेरुभयत्र तुल्यत्वात्।

किञ्च, उपचरितस्वभावप्रतिद्वन्द्वितया अनुपचरितस्वभावाऽप्रदर्शनाद् विशेषस्वभावविभागप्रदर्शनमपि देवसेनमते न्यूनताग्रस्तम्। एवमेव सक्रियताऽक्रियता-भावुकत्वाऽभावुकत्व-भोक्तृत्वाऽभोक्तृत्व-कर्तृत्वा-ऽकर्तृत्व-ग्राहकत्वाऽग्राहकत्व-ग्राह्यत्वाऽग्राह्यत्व-विभुत्वाऽविभुत्वादिविशेषस्वभावाऽप्रदर्शनेन न्यूनता

## ૨૧ સામાન્યસ્વભાવનું કોષ્ટક

**સ્પષ્ટતા** :- દેવસેનમતમાં અગિયારના બદલે જે એકવીશ સામાન્યસ્વભાવને માનવાની આપત્તિ અહીં દર્શાવેલી છે, તેના નામ નીચે મુજબ સમજવા.

| | | |
|---|---|---|
| (૧) અસ્તિસ્વભાવ | (૨) નાસ્તિસ્વભાવ | (૩) અસ્તિ-નાસ્તિસ્વભાવ |
| (૪) નિત્યસ્વભાવ | (૫) અનિત્યસ્વભાવ | (૬) નિત્યાનિત્યસ્વભાવ |
| (૭) એકસ્વભાવ | (૮) અનેકસ્વભાવ | (૯) એકાનેકસ્વભાવ |
| (૧૦) ભેદસ્વભાવ | (૧૧) અભેદસ્વભાવ | (૧૨) ભેદાભેદસ્વભાવ |
| (૧૩) ભવ્યસ્વભાવ | (૧૪) અભવ્યસ્વભાવ | (૧૫) ભવ્યાભવ્યસ્વભાવ |
| (૧૬) પરમસ્વભાવ | (૧૭) અપરમસ્વભાવ | (૧૮) પરમાપરમસ્વભાવ |
| (૧૯) વક્તવ્યસ્વભાવ | (૨૦) અવક્તવ્યસ્વભાવ | (૨૧) વક્તવ્યાવક્તવ્યસ્વભાવ |

## દેવસેનદર્શિત વિશેષસ્વભાવવિભાગ પણ ન્યૂનતાગ્રસ્ત

(**अपि.**) વળી, બારમી શાખામાં **દેવસેનજી**એ ચેતનસ્વભાવ-અચેતનસ્વભાવ વગેરે જે દશ વિશેષસ્વભાવોને જણાવેલા છે તેમાં પણ દેવસેનજીને ન્યૂનતા દોષ લાગુ પડશે. કારણ કે દશ પ્રકારના વિશેષસ્વભાવમાં સાતમા નંબરે જે વિભાવસ્વભાવ (જુઓ-૧૨/૮) દેવસેનજીએ દર્શાવેલ છે, તેના પ્રતિપક્ષસ્વરૂપે સ્વભાવસ્વભાવ પણ તેમણે બતાવવો જોઈએ. જો સ્વભાવસ્વભાવનો પૂર્વોક્ત (૧૨/૯) શુદ્ધસ્વભાવમાં દેવસેનજી અંતર્ભાવ કરતા હોય તો વિભાવસ્વભાવનો પણ અશુદ્ધસ્વભાવમાં સમાવેશ થઈ જશે. કેમ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. તેથી વિશેષસ્વભાવ કાં તો ૧૧ થશે કાં તો ૯ થશે.

(**किञ्च.**) વળી, વિશેષસ્વભાવવિભાગમાં દશમા નંબરે દર્શાવેલ ઉપચરિત સ્વભાવના (જુઓ ૧૨/૧૦) પ્રતિપક્ષ તરીકે અનુપચરિતસ્વભાવ ન દેખાડવાના લીધે તેમાં પણ ન્યૂનતાદોષ દેવસેનમતમાં દુર્વાર બનશે. એ જ રીતે (૧) સક્રિયતાસ્વભાવ, (૨) નિષ્ક્રિયતાસ્વભાવ, (૩) ભાવુકત્વસ્વભાવ, (૪) અભાવુકત્વસ્વભાવ, (૫) ભોક્તૃત્વસ્વભાવ, (૬) અભોક્તૃત્વસ્વભાવ, (૭) કર્તૃત્વસ્વભાવ, (૮) અકર્તૃત્વસ્વભાવ, (૯) ગ્રાહકત્વ સ્વભાવ, (૧૦) અગ્રાહકત્વસ્વભાવ, (૧૧) ગ્રાહ્યત્વસ્વભાવ (૧૨) અગ્રાહ્યત્વસ્વભાવ, (૧૩) વિભુત્વસ્વભાવ, (૧૪) અવિભુત્વસ્વભાવ વગેરે વિશેષ સ્વભાવોને પણ

1. एकमप्यश्रद्दधतो यद् द्रव्यं पर्यवं वा मिथ्यात्वम्।

अपरिहार्या।

***यच्च*** पूर्वोक्त(१३/६)रीत्या **आलापपद्धतौ देवसेनेन** "असद्भूतव्यवहारेण कर्म-नोकर्मणोरपि चेतनस्वभावः।... जीवस्याऽपि असद्भूतव्यवहारेण अचेतनस्वभावः। .... जीवस्याऽपि असद्भूतव्यवहारेण मूर्त्तस्वभावः" (आ.प.पृ.१५) इत्युक्तम्, ***तदप्यसत्,*** शरीरादौ चेतनस्वभावस्य उपचरितत्वे कण्टकादिना देह-पीडानुत्पादापत्तेः, संसारिणि जीवे अचेतनस्वभावस्यापि उपचारमात्रत्वे कर्म-नोकर्मद्रव्योपश्लेषजनित-चैतन्यविकृत्यनुपपत्तेः, संसारिणि जीवे मूर्त्तस्वभावस्य केवलम् उपचरितत्वे गगनवत् शरीरेन्द्रियादिसम्बन्धविशेषविरहेण संसारानुपपत्तेः। न ह्यसद्भूतव्यवहारेण तस्मिन् विद्यमानः गुणादिः तस्मिन् उच्यते किन्तु अन्यत्र। यथोक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"अन्नेसिं अन्नगुणो भणइ असब्भूय" (न.च.५०/द्र.स्व.प्र.२२२) इति पूर्वोक्तम् (७/५) अत्रानुसन्धेयम्। न ह्यन्यदीयगुण-स्वभावादिः

---

દેવસેનજીએ દર્શાવેલા નથી.તેથી વિશેષસ્વભાવવિભાગમાં પણ ન્યૂનતા દોષ અપરિહાર્ય જ બનશે. ૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૪ નંબરવાળા સ્વભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનકવાળા છદ્મસ્થ જીવોમાં હોય છે. ૧, ૪, ૫, ૭, ૯, ૧૧ નંબરના સ્વભાવ તેરમા ગુણસ્થાનકે હોય છે. કેવલીસમુદ્ઘાત સમયે ૧૩ મો સ્વભાવ પ્રગટે છે. ૧૪ મા ગુણસ્થાનકે ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪ નંબરના સ્વભાવ છે. ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યમાં પણ ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૩ નંબરના સ્વભાવ છે. પુદ્ગલમાં જુદી -જુદી અવસ્થામાં જુદા-જુદા સ્વભાવ કાર્ય કરતા હોય છે.

## ✡ આલાપપદ્ધતિ ગ્રંથની સમીક્ષા ✡

**(યચ્ચ.)** તથા પૂર્વે (૧૩/૬) દર્શાવ્યા મુજબ **આલાપપદ્ધતિમાં દેવસેનજીએ** 'અસદ્ભૂતવ્યવહારથી કર્મમાં અને નોકર્મમાં (= શરીર-ઈન્દ્રિયાદિમાં) ચેતનસ્વભાવ છે... જીવમાં પણ અસદ્ભૂતવ્યવહારથી અચેતનસ્વભાવ છે... જીવમાં પણ અસદ્ભૂતવ્યવહારથી મૂર્ત્તસ્વભાવ છે' - આ મુજબ જે જણાવેલ છે, તે પણ ખોટી વાત છે. કારણ કે શરીર વગેરેમાં જો ચેતનસ્વભાવને ઔપચારિક માનવામાં આવે તો કાંટા વગેરેથી દેહમાં પીડા ઉત્પન્ન થઈ નહિ શકે. ઔપચારિક = આરોપિત = કાલ્પનિક ચેતનસ્વભાવ પોતાનું કામ કઈ રીતે કરી શકે? તથા સંસારી જીવમાં અચેતનસ્વભાવ પણ માત્ર ઉપચારથી જ માન્ય હોય તો કર્મ-નોકર્મદ્રવ્યના ઉપશ્લેષથી = સંબંધવિશેષથી ઉત્પન્ન થતી ચૈતન્યગત વિકૃતિ પણ અસંગત બની જશે. તથા સંસારી જીવમાં મૂર્ત્તસ્વભાવ પણ જો માત્ર ઔપચારિક જ હોય તો જેમ ગગનમાં મૂર્ત્તત્વનો ઉપચાર કરવામાં આવે તો પણ ગગનમાં શરીર-ઈન્દ્રિય વગેરેનો સંબંધવિશેષ થઈ શકતો નથી, તેમ સંસારી જીવમાં પણ દેહેન્દ્રિયાદિનો વિશિષ્ટ સંબંધ નહિ થઈ શકે. તેથી સંસારી જીવનો સંસાર = ભવાન્તરગમન જ અસંગત બની જશે. કારણ કે અસદ્ભૂત વ્યવહાર તો તે દ્રવ્યમાં વિદ્યમાન ગુણાદિને તે દ્રવ્યમાં જણાવતો નથી પણ અન્ય દ્રવ્યમાં જણાવે છે. આ જ વાતને જણાવતા **દેવસેનજીએ નયચક્રમાં** અને **માઈલ્લ ધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં દર્શાવેલ છે કે 'બીજાના ગુણોને અસદ્ભૂત વ્યવહાર અન્યત્ર જણાવે છે.' પૂર્વે (૭/૫) આ સંદર્ભ જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. ખરેખર

---

1. अन्येषाम् अन्यगुणं भणति असद्भूतः।

परस्मिन् स्वकार्यकरणक्षमः भवति जातुचित्। ततश्चोपदर्शितापत्तेः दुर्वारत्वमेव देवसेनमते।

***एतेन*** [1]"जो हु अमुत्तो भणिओ जीवसहावो जिणेहिं परमत्थो। उवचरियसहावादो अचेयमाणो मुत्तिसंजुत्तो।।" (द्र.स्व.प्र.१२०) इति **द्रव्यस्वभावप्रकाशे माइल्लधवलोक्ते**रुत्तरार्धोऽपि पूर्वोक्तः (१२/३) ***प्रत्याख्यातः***, उपचरितधर्मस्य स्वकार्याऽकरणात्। न हि गोत्वेन उपचरितः षण्ढः पयसा पात्रीं प्रपूरयति। न वा उपचारमात्रदर्शितः स्वभावः वस्तुतः वस्तुधर्मो भवितुमर्हति। 'अन्यवेश्मस्थिताद् धूमान्न वेश्मान्तरमग्निमद् भवती'ति न्यायः प्रकृते लब्धावसरः। अतः शरीरादौ चेतनस्वभावस्य संसारिजीवे चाऽचेतनमूर्त्तस्वभावयोः व्यवहारेण तात्त्विकत्वमेवाऽभ्युपगन्तव्यम्।

***एतावता*** "इष्यते एव संसार्यात्मनो मूर्त्तत्वमपि" (वि.आ.भा.१००५ वृ.) इति पूर्वोक्तं (१२/३) **विशेषावश्यकभाष्यमलधारवृत्तिवचनमपि** ***व्याख्यातम्,*** पूर्वोक्त(८/२१)तत्त्वौपयिकव्यवहारनयाभिप्रायेण

---

ક્યારેય પણ એક દ્રવ્યના ગુણ, સ્વભાવ વગેરે અન્ય દ્રવ્યમાં પોતાનું કાર્ય કરવા માટે સમર્થ બનતા નથી. તેથી શરીરાદિમાં ચેતનસ્વભાવને તથા સંસારી જીવમાં અચેતન-મૂર્ત્તસ્વભાવને ઔપચારિક માનવામાં ઉપર જણાવેલ સમસ્યાઓ દેવસેનમતમાં દુર્વાર જ બનશે.

## ❀ દ્રવ્યસ્વભાવપ્રકાશ ગ્રંથની સમાલોચના ❀

(एते.) **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં કહેલ છે કે '(૧) જિનેશ્વરોએ જીવનો જે અમૂર્ત્તસ્વભાવ જણાવેલ છે, તે પારમાર્થિક છે. (૨) ઉપચરિતસ્વભાવથી જીવ અચેતનસ્વભાવવાળો અને મૂર્ત્તસ્વભાવયુક્ત છે.' આ સંદર્ભ પૂર્વે (૧૨/૩) દર્શાવેલ હતો. તેમાંથી જે બીજી વાત છે, તેનું નિરાકરણ અમે ઉપર જે વાત જણાવી તેનાથી થઈ જાય છે. કારણ કે ઉપચાર કરાયેલ ધર્મ પોતાનું કાર્ય કરી શકતો નથી. સાંઢમાં ગાયનો ઉપચાર કરવામાં આવે તેટલા માત્રથી તે સાંઢ દૂધથી વાસણ ભરી દેતો નથી. ખરેખર, માત્ર આરોપ કરીને દર્શાવેલ સ્વભાવ વાસ્તવમાં વસ્તુનો ગુણધર્મ બની શકતો નથી. તેથી જીવમાં અચેતનસ્વભાવ અને મૂર્ત્તસ્વભાવ ઔપચારિક હોય તો ઉપર જણાવ્યા મુજબ આત્માની અંદર ચૈતન્યની વિકૃતિ અને ભવભ્રમણ-દેહધારણાદિ અસંગત બની જશે. 'એકના ઘરમાં ધૂમાડો હોય તેનાથી બીજાનું ઘર અગ્નિવાળું થઈ ન જાય' - આ ન્યાય પ્રસ્તુતમાં લાગુ પડે છે. મતલબ કે આત્મામાં ચેતનસ્વભાવ માનો અને શરીરાદિમાં તેને ન માનો તો કાંટો વાગવાથી દેહાદિમાં પીડા થવી ન જોઈએ. આ કારણસર શરીર વગેરેમાં ચેતનસ્વભાવને વ્યવહારથી તાત્ત્વિક જ માનવો જોઈએ. તથા સંસારી જીવમાં અચેતનસ્વભાવને અને મૂર્ત્તસ્વભાવને પણ વ્યવહારથી તાત્ત્વિક જ સ્વીકારવો જોઈએ.

## ❀ તાત્ત્વિકવ્યવહારથી સંસારી જીવ મૂર્ત-અચેતનસ્વભાવવિશિષ્ટ ❀

(एताव.) પૂર્વે (૧૨/૩) દર્શાવેલ **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં જે જણાવેલ છે કે 'સંસારી આત્મામાં મૂર્ત્તત્વ પણ માન્ય જ છે' - તેની પણ સ્પષ્ટતા અમારા કથન દ્વારા થઈ જાય છે. કારણ કે તત્ત્વપ્રાપ્તિમાં ઉપાયભૂત પૂર્વોક્ત (૮/૨૧) વ્યવહારના અભિપ્રાયથી સંસારી આત્મામાં મૂર્ત્તસ્વભાવ અને અચેતનસ્વભાવ માન્ય છે. આ તાત્ત્વિક વ્યવહારનયના મત મુજબ કર્મપુદ્ગલવશ આત્મામાં

---

1. यः खलु अमूर्त्तो भणितो जीवस्वभावो जिनैः परमार्थः। उपचरितस्वभावाद् अचेतनो मूर्त्तिसंयुक्तः।।

संसार्यात्मनि मूर्त्तत्वाऽचैतन्ययोः इष्टत्वात्, तन्मते कर्मपुद्गलवशेन आत्मनि पौद्गलिक-परिणामोत्पादाभ्युपगमात्। तदुक्तं **प्रज्ञापनावृत्तौ** उद्धरणरूपेण [1]"जीवपरिणामहेउं कम्मत्ता पुग्गला परिणमंति। पुग्गलकम्मनिमित्तं जीवो वि तहेव परिणमइ।।" (प्रज्ञापनावृत्तौ - प.२३/सू.२८८ पृ.४५५) इति। पूर्वं (१३/१०) दर्शिता **समयसार**गाथाऽत्र स्मर्तव्या।

***यदपि*** संसारिजीवमुद्दिश्य "स हि अष्टकर्मपुद्गलसङ्घातोपगूढत्वात्, सशरीरत्वाच्च कथञ्चिन्मूर्त्तत्वादिधर्मयुक्त एव" (वि.आ.भा.१५७० मल.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** उक्तम्, ***तदपि*** परमार्थतः तात्त्विकव्यवहारनयमाश्रित्य सङ्गच्छते। विद्यमानप्रकटधर्मप्रतिपादकत्वात् तत्त्वौपयिकत्वाच्च तात्त्विकत्वम्, परद्रव्यपरिणतिसमनुविद्धधर्मप्रतिपादकत्वाच्च व्यवहारत्वम् एतन्नयस्य बोध्यम्। तदुक्तं **प्रवचनसारवृत्तौ अमृतचन्द्रेण** "अशुद्धद्रव्यनिरूपणात्मको व्यवहारनय" (प्र.सा.२/९७ वृ.) इति। संसारिणि मूर्त्तत्वादेरौपचारिकत्वमनेनाऽपाकृतं द्रष्टव्यम्। तात्त्विकव्यवहारसम्मतमूर्त्ताऽचेतनस्वभावकालेऽपि संसारिणि नैश्चयिकाऽमूर्त्त-चेतनस्वभावौ नैव निवर्त्तेते इत्यवधेयम्।

---

પૌદ્ગલિક પરિણામની ઉત્પત્તિ સ્વીકારવામાં આવેલ છે. આ અંગે **પ્રજ્ઞાપનાવ્યાખ્યા**માં શ્રી**મલયગિરિસૂરિજી**એ ઉદ્ધૃત કરેલ ગાથા સુંદર પ્રકાશ પાડે છે. ત્યાં જણાવેલ છે કે "જીવના પરિણામના કારણે કાર્મણવર્ગણાના પુદ્ગલો કર્મસ્વરૂપે પરિણમી જાય છે, આત્મા સાથે એકમેક બની જાય છે. તે જ રીતે શરીરાદિ પુદ્ગલોના અને કર્મના નિમિત્તે જીવ પણ પૌદ્ગલિકભાવ સ્વરૂપે-રાગાદિ ભાવકર્મસ્વરૂપે પરિણમી જાય છે." મતલબ કે સંસારી જીવમાં મૂર્તસ્વભાવ તથા અચેતનસ્વભાવ પણ વ્યવહારથી તાત્ત્વિક જ છે, ઔપચારિક કે કાલ્પનિક નથી. પહેલા (૧૩/૧૦) બતાવેલી **સમયસાર**ની ગાથા અહીં યાદ કરવી.

### ❈ તાત્ત્વિક વ્યવહારનયની ઓળખાણ ❈

(યદ.) **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં સંસારી જીવને ઉદ્દેશીને "તે અષ્ટવિધ કર્મપુદ્ગલોના સમૂહથી અનુવિદ્ધ હોવાથી તથા દેહધારી હોવાથી કથંચિત્ મૂર્ત્તત્વાદિ ગુણધર્મથી યુક્ત જ છે" - આ પ્રમાણે જે કથન કરેલ છે, તે પણ પરમાર્થથી તો તાત્ત્વિક વ્યવહારનયને આશ્રયીને જ સંગત થઈ શકે છે. સંસારી જીવમાં મૂર્ત્તત્વાદિનું પ્રતિપાદન કરનાર પ્રસ્તુત નય તાત્ત્વિક હોવાનું કારણ એ છે કે તે વિદ્યમાન અને પ્રગટ થયેલા ગુણધર્મનું નિરૂપણ કરે છે. તેમજ તત્ત્વપ્રાપ્તિમાં તે ઉપાયભૂત છે. તથા તે વ્યવહારનય હોવાનું કારણ એ છે કે તે પરદ્રવ્યની પરિણતિથી એકમેક બનેલા ગુણધર્મનું પ્રતિપાદન કરે છે. 'અશુદ્ધ દ્રવ્યનું નિરૂપણ કરે તે વ્યવહારનય કહેવાય' - આ મુજબ **પ્રવચનસારવ્યાખ્યા**માં **અમૃતચન્દ્રાચાર્યે** જણાવેલ છે. પરદ્રવ્યપરિણતિથી ન રંગાયેલા પ્રગટ વિદ્યમાન ધર્મનું કે શુદ્ધ દ્રવ્યનું જો તે પ્રતિપાદન કરે તો તે નિશ્ચયનય બની જાય. આવું તો પ્રસ્તુત નય કરતો નથી. તેથી તે તાત્ત્વિક = તત્ત્વૌપયિક વ્યવહારનય છે - એમ જાણવું. તેથી સંસારી જીવમાં મૂર્ત્તત્વાદિ કલ્પિત = આરોપિત = ઔપચારિક = કથનમાત્ર તો નથી જ - તેવું આનાથી સિદ્ધ થાય છે. તથા જ્યારે સંસારી જીવમાં તાત્ત્વિકવ્યવહારનયસંમત મૂર્ત્તસ્વભાવ અને અચેતનસ્વભાવ હાજર હોય છે ત્યારે પણ નિશ્ચયનયસંમત અમૂર્ત્તસ્વભાવ અને

---

1. जीवपरिणामहेतोः कर्मतया पुद्गलाः परिणमन्ति। पुद्गलकर्मनिमित्तं जीवोऽपि तथैव परिणमति।।

***अनेन*** [1]"एइंदियादिदेहा जीवा व्यवहारदो हु जिणदिट्ठा" (न.च.६५ + द्र.स्व.प्र.२३६) इति **नयचक्र-द्रव्यस्वभावप्रकाशो**क्तिरपि पूर्वोक्ता (७/६) ***व्याख्याता***, व्यवहारपदस्य तात्त्विकव्यवहारपरत्वे समीचीनत्वात्, असद्भूतव्यवहारपरत्वे चाऽसमीचीनत्वात्। अनया रीत्या पूर्वं सप्तम्यां शाखायां (७/५-११) येऽसद्भूतव्यवहारस्य नवविधाः त्रिविधाश्च भेदा दर्शिताः, तेषु यथासम्भवम् आगमानुसारेण तात्त्विकव्यवहारनयः स्वयम् अनुयोज्यः।

किञ्च, पूर्वम् एकादशशाखायां (११/१) साधारणगुणदशकमध्ये अगुरुलघुत्वगुणो **देवसेनेन** दर्शितः सोऽपि न युज्यते, तस्य मूर्त्तबादरस्कन्धद्रव्येषु विरहात्। तदुक्तं **नन्दीसूत्रचूर्णौ जिनदासगणि**महत्तरैः [2]"अमुत्तदव्वेसु अगुरुलहू" (न.सू.७४/चू.पृ.५२) इति। ततश्च सामान्य-विशेषगुणकदम्बकमध्ये एव तन्निर्देशोऽर्हति।

एवञ्च प्रदेशत्वमपि पूर्वोक्तं (११/२) न सामान्यगुणतया वक्तुं युज्यते, धर्मास्तिकाया-ऽधर्मास्तिकाय-गगन-जीव-द्व्यणुकादिपुद्गलस्कन्धद्रव्येषु असत्त्वात्। ततश्च सामान्य-विशेषगुणवृन्दमध्ये

ચેતનસ્વભાવ સંસારી જીવમાંથી રવાના થતા નથી જ. આ વાત પણ અહીં ખાસ ધ્યાનમાં રાખવી.

(अनेन.) **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રન્થમાં 'એકેન્દ્રિયાદિ જીવોના શરીર પણ વ્યવહારથી જીવ છે - એવું શ્રીજિનેશ્વરોએ જોયેલું છે ' - આ પ્રમાણે પૂર્વે (૭/૬) જે જણાવેલ છે, તેની પણ સ્પષ્ટતા ઉપરોક્ત છણાવટથી થઈ જાય છે. મતલબ કે ત્યાં 'વ્યવહાર' શબ્દ જો તાત્ત્વિક વ્યવહારને જણાવવામાં તત્પર હોય તો તે વાતને સાચી સમજવી. તથા જો અસદ્ભૂત વ્યવહારને દર્શાવવાની ઈચ્છાથી ત્યાં 'વ્યવહાર' શબ્દ વપરાતો હોય તો તે શબ્દપ્રયોગને મિથ્યા સમજવો. આ રીતે પૂર્વે સાતમી શાખામાં અસદ્ભૂતવ્યવહારના જે નવ (૭/૬-૧૧) અને ત્રણ (૭/૧૨-૧૫) પ્રકારો જણાવેલા, તેમાં યથાસંભવ આગમાનુસારે વિજ્ઞ વાચકવર્ગે સ્વયં તાત્ત્વિકવ્યવહારનયને જોડવો અને તે મુજબ પદાર્થવિચારણા કરવી.

### ❋ દેવસેનસંમત સાધારણગુણવિભાગ અનુચિત ❋

(किञ्च.) વળી, અગિયારમી શાખાના પ્રથમ શ્લોકમાં જે દશ સાધારણ ગુણો બતાવેલ છે, તેમાં અગુરુલઘુત્વગુણ પણ **દેવસેનજી**ને સંમત છે. આ વાત પણ યુક્તિસંગત નથી. કારણ કે મૂર્ત્ત બાદર સ્કંધદ્રવ્યોમાં તો અગુરુલઘુત્વ ગુણ રહેતો નથી. **નંદીસૂત્રચૂર્ણિ**માં **શ્રીજિનદાસગણિમહત્તરે** જણાવેલ છે કે 'અમૂર્ત્ત દ્રવ્યોમાં જ અગુરુલઘુત્વ રહે છે.' તેથી સામાન્ય-વિશેષગુણસમૂહમાં જ તેનો નિર્દેશ થવો વ્યાજબી છે.

### ❋ પ્રદેશત્વ પણ સામાન્ય ગુણ નથી ❋

(एव.) એ જ રીતે વિચાર કરવામાં આવે તો પૂર્વે અગિયારમી શાખાના બીજા શ્લોકમાં જણાવેલ પ્રદેશત્વ પણ સાધારણગુણ = સામાન્યગુણ તરીકે કહેવા યોગ્ય નથી. કારણ કે સામાન્યગુણ તો તમામ દ્રવ્યમાં વિદ્યમાન હોય. જ્યારે પ્રદેશત્વગુણ તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, દ્વ્યણુકાદિ પુદ્ગલસ્કંધ દ્રવ્યોમાં વિદ્યમાન નથી. તેથી સામાન્યગુણવિભાગમાં નહિ પણ સામાન્ય-વિશેષગુણવિભાગમાં

1. एकेन्द्रियादिदेहा जीवा व्यवहारतः खलु जिनदृष्टाः। 2. अमूर्त्तद्रव्येषु अगुरुलघुः।

एव तन्निवेशोऽर्हति। इदमेवाऽभिप्रेत्य **ब्रह्मदेवेन परमात्मप्रकाशवृत्तौ** "प्रदेशत्वं पुनः कालद्रव्यं प्रति पुद्गलपरमाणुद्रव्यं च प्रति असाधारणम्, शेषद्रव्यं प्रति साधारणम्" (प.प्र.५८/वृ.पृ.१०३) इत्युक्तम्। साधारणमिति व्यतिरेकमुखेन बोध्यम्। ततश्च देवसेनस्य प्रकृतेऽपि अपसिद्धान्तो दुर्निवार एव।

एवं तत्रैव (११/३) सामान्य-विशेषगुणषोडशकमध्ये चैतन्य-मूर्त्तत्वयोः प्रवेशोऽपि नैव युज्यते, निश्चयतः चैतन्यस्य जीवद्रव्यं विहाय अन्यत्राऽयोगात्, मूर्त्तत्वस्य च पुद्गलद्रव्यं विहाय इतरत्राऽसत्त्वात्। ततश्च चैतन्य-मूर्त्तत्वयोः विशेषगुणत्वमेव युज्यते।

किञ्च, **प्रवचनसारवृत्तौ** "अस्तित्वम्, नास्तित्वम्, एकत्वम्, अन्यत्वम्, द्रव्यत्वम्, पर्यायत्वम्, सर्वगतत्वम्, असर्वगतत्वम्, सप्रदेशत्वम्, अप्रदेशत्वम्, मूर्त्तत्वम्, अमूर्त्तत्वम्, सक्रियत्वम्, अक्रियत्वम्, चेतनत्वम्, अचेतनत्वम्, कर्तृत्वम्, अकर्तृत्वम्, भोक्तृत्वम्, अभोक्तृत्वम्, अगुरुलघुत्वं च इत्यादयः सामान्यगुणाः" (प्र.सा.९५ वृ.पृ.१७१) इति एवम् **अमृतचन्द्र**प्रदर्शितसामान्यगुणविभागः अपि पूर्वोक्तः (११/४) **देवसेनेन** न अवधारितः।

---

જ પ્રદેશત્વનો પ્રવેશ થવો વ્યાજબી છે. આ જ અભિપ્રાયથી દિગંબર **યોગીન્દ્રદેવરચિત પરમાત્મપ્રકાશ** ગ્રંથની વ્યાખ્યામાં દિગંબર **બ્રહ્મદેવે** જણાવેલ છે કે "વળી, પ્રદેશત્વ કાલદ્રવ્ય પ્રત્યે તથા પુદ્ગલપરમાણુદ્રવ્ય પ્રત્યે અસાધારણગુણ છે તથા બાકીના દ્રવ્યો પ્રત્યે વ્યતિરેકમુખે સાધારણ છે." મતલબ કે દિગંબરસંમત કાલાણુ દ્રવ્યમાં તથા પુદ્ગલાણુ દ્રવ્યમાં જ પ્રદેશત્વ રહે છે, અન્ય દ્રવ્યમાં નહિ. આમ પ્રદેશત્વ એ કાલાણુનું તથા પુદ્ગલાણુનું સાધર્મ્ય હોવાથી અને અન્યદ્રવ્યનું વૈધર્મ્ય હોવાથી સામાન્ય-વિશેષગુણ તરીકે જ પ્રદેશત્વ સિદ્ધ થાય છે. તેથી પ્રદેશત્વને સામાન્યગુણ તરીકે દેવસેને જણાવેલ છે, તે તેમના જ પૂર્વજોના કથનથી = સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. તેથી પ્રસ્તુતમાં પણ દેવસેનને અપસિદ્ધાન્ત દોષ દુર્વાર જ બનીને રહેશે.

### ❀ દેવસેનમાન્ય સામાન્ય-વિશેષગુણવિભાગ અયોગ્ય ❀

(एवं.) આ જ રીતે તે જ અગિયારમી શાખાના ત્રીજા શ્લોકમાં જણાવ્યા મુજબ સોળ સામાન્ય -વિશેષગુણના વિભાગમાં જે ચૈતન્ય અને મૂર્ત્તત્વ ગુણનો પ્રવેશ દેવસેનસંમત છે, તે પણ વ્યાજબી નથી. કારણ કે નિશ્ચયથી ચૈતન્યગુણ માત્ર જીવમાં જ મળે છે. જીવને છોડીને બીજા કોઈ પણ દ્રવ્યમાં ચૈતન્ય હાજર નથી. તથા મૂર્ત્તત્વ તો પુદ્ગલદ્રવ્યને છોડીને અન્ય દ્રવ્યમાં નિશ્ચયથી હોતું જ નથી. તેથી ચૈતન્ય અને મૂર્ત્તત્વ - આ બન્નેને વિશેષગુણ તરીકે જ માનવા વ્યાજબી છે.

### ❋ દેવસેન દિગંબરસંપ્રદાયબાહ્ય ❋

(किञ्च.) વળી, **પ્રવચનસારવ્યાખ્યામાં** દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજીએ** સામાન્યગુણનો વિભાગ આ મુજબ જણાવેલ છે કે '(૧) અસ્તિત્વ, (૨) નાસ્તિત્વ, (૩) એકત્વ, (૪) અન્યત્વ, (૫) દ્રવ્યત્વ, (૬) પર્યાયત્વ, (૭) સર્વગતત્વ, (૮) અસર્વગતત્વ, (૯) સપ્રદેશત્વ, (૧૦) અપ્રદેશત્વ, (૧૧) મૂર્ત્તત્વ, (૧૨) અમૂર્ત્તત્વ, (૧૩) સક્રિયત્વ, (૧૪) અક્રિયત્વ, (૧૫) ચેતનત્વ, (૧૬) અચેતનત્વ, (૧૭) કર્તૃત્વ, (૧૮) અકર્તૃત્વ, (૧૯) ભોક્તૃત્વ, (૨૦), અભોક્તૃત્વ અને (૨૧) અગુરુલઘુત્વ વગેરે સામાન્યગુણો છે.' પૂર્વે (૧૧/૪) આ સંદર્ભ જણાવેલ છે. દેવસેને આ સામાન્યગુણવિભાગને

ततश्च देवसेनस्य दिगम्बरसम्प्रदायबहिर्भूतत्वम् अपि अप्रत्याख्येयम्।

वस्तुतो द्रव्यत्वाऽवच्छिन्ननिष्ठात्यन्ताभावाऽप्रतियोगिगुणस्यैव सामान्यगुणकदम्बके प्रवेशौचित्यात्, अस्तित्व-वस्तुत्वादिवत्। निश्चयतो द्रव्यविभाजकविभिन्नधर्माश्रयवृत्तिगुणस्यैव सामान्य-विशेषगुणवृन्दमध्ये निवेशौचित्यात्, अचैतन्यादिवत्। निश्चयतो द्रव्यविभाजककेवलैकधर्मावच्छिन्नवृत्तिगुणस्य तु विशेषगुण-समूहे समावेशौचित्यात्, चैतन्यादिवत्।

स्वाश्रये सजातीयापेक्षया अनुगतबुद्धिजनकत्वेन विजातीयापेक्षया च व्यावृत्तिबुद्धिजनकत्वेन सामान्य-विशेषगुणत्वविवक्षायां तु विशेषगुणविधया सम्मतानामपि वर्ण-गन्धादीनां तत्त्वं प्रसज्येत।

પણ લક્ષમાં રાખેલ નથી. તેથી દેવસેન દિગંબરસંપ્રદાયબાહ્યત્વ નામનું કલંક પણ અટકાવી શકશે નહિ.

### ❋ સામાન્ય-વિશેષગુણનું લક્ષણ ❋

(वस्तु.) વાસ્તવમાં તો (૧) સર્વ દ્રવ્યમાં જેનો અભાવ કદાપિ ન હોય તેવા ગુણનો જ સામાન્યગુણસમૂહમાં પ્રવેશ કરવો યોગ્ય છે. જેમ કે અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે. (૨) દ્રવ્યવિભાજક જુદા-જુદા ગુણધર્મોના આશ્રયમાં નિશ્ચયથી રહેનારા ગુણનો જ સામાન્ય-વિશેષ ગુણોના સમૂહમાં પ્રવેશ કરવો ઉચિત છે. દા.ત. દ્રવ્યવિભાજક ધર્મત્વ, અધર્મત્વ, આકાશત્વ, પુદ્ગલત્વ - આ ચાર ગુણધર્મોના આશ્રયભૂત ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને પુદ્ગલ દ્રવ્યમાં રહેવાના લીધે અચૈતન્ય વગેરેને સામાન્યવિશેષગુણ તરીકે સમજી શકાય. (૩) દ્રવ્યવિભાજક માત્ર એક જ ગુણધર્મના તમામ આશ્રયમાં નિશ્ચયથી જે ગુણ રહે તેનો તો વિશેષગુણવૃંદમાં જ નિવેશ થવો વ્યાજબી છે. જેમ કે ચૈતન્ય, મૂર્ત્તત્વ વગેરે ગુણો. ચૈતન્ય તો દ્રવ્યવિભાજક એક જ જીવત્વ ગુણધર્મના આશ્રયમાં રહે છે. તેમજ મૂર્ત્તત્વ પણ દ્રવ્યવિભાજક એક જ પુદ્ગલત્વના આશ્રયમાં રહે છે. તેથી ચૈતન્ય-મૂર્ત્તત્વ સામાન્ય-વિશેષગુણાત્મક બની ના શકે.

### ❖ દેવસેનનો આક્ષેપ ❖

**આક્ષેપ** :- ચૈતન્ય અને મૂર્ત્તત્વ ગુણ માત્ર એક જીવ કે એક પુદ્ગલ દ્રવ્યમાં રહેતા નથી. પરંતુ અનંતા જીવોમાં ચૈતન્ય રહે છે. તથા અનંતા પુદ્ગલોમાં મૂર્ત્તત્વ રહે છે. તેથી સજાતીય દ્રવ્યોની અપેક્ષાએ તે સ્વાશ્રયમાં અનુગતબુદ્ધિજનક હોવાથી સામાન્યગુણાત્મક પણ છે તથા વિજાતીયદ્રવ્યોની અપેક્ષાએ તે સ્વાશ્રયમાં વ્યાવૃત્તિબુદ્ધિના જનક હોવાથી વિશેષગુણાત્મક પણ છે. આ કારણે ચૈતન્ય અને મૂર્ત્તત્વ ગુણનો સામાન્ય-વિશેષગુણવિભાગમાં જ પ્રવેશ થાય તે વ્યાજબી છે, વિશેષગુણવિભાગમાં નહીં.

### ❋ દેવસેનમતમાં નવી સમસ્યા ❋

**નિરાકરણ** :- (स्वा.) સજાતીય દ્રવ્યની અપેક્ષાએ સ્વાશ્રયમાં અનુગતબુદ્ધિજનક હોવાથી તથા વિજાતીય દ્રવ્યની અપેક્ષાએ સ્વાશ્રયમાં વ્યાવૃત્તિબુદ્ધિજનક હોવાથી જો ચૈતન્યાદિને સામાન્ય-વિશેષગુણ તરીકે માનવા હોય તો વિશેષ ગુણ તરીકે દેવસેનસંમત એવા વર્ણ-ગંધ વગેરે પણ સામાન્ય-વિશેષગુણ બની જવાની સમસ્યા દેવસેનમતમાં ઊભી થશે. કારણ કે વર્ણાદિના આશ્રય અનેક હોવાથી વર્ણાદિ ગુણો પોતાના આશ્રયમાં સજાતીય પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ 'આ પુદ્ગલ છે, આ પુદ્ગલ છે' - આવી અનુગત બુદ્ધિને

ततश्चाऽसाधारणाः निश्चयेन चैतन्य-मूर्त्तत्वादयः, साधारणाऽसाधारणाः अमूर्त्तत्वाऽचैतन्यादयः साधारणाश्च सत्त्व-प्रमेयत्वादय इत्येवमेव त्रिविधस्य गुणविभागस्य समीचीनत्वम्। ततश्च "जीवो ज्ञान-दर्शन-वीर्य-सुखैरसाधारणैः अमूर्त्तत्वासङ्ख्यातप्रदेशत्व-सूक्ष्मत्वैः साधारणाऽसाधारणैः सत्त्व-प्रमेयत्वाऽगुरुलघुत्व-धर्मित्व-गुणित्वादिभिः साधारणैः अनेकान्तः" (ल.प्र.प्रवचनप्रवेश- १२/वृ.पृ.२१) इति **लघीयस्त्रयस्वोपज्ञवृत्तौ अकलङ्कस्वामि**ना यदुक्तं तेन सममपि विरोधो देवसेनस्य दुर्वारः इत्याद्यत्र बहु विचारणीयम्।

अचेतनत्वाऽमूर्त्तत्वादीनाम् अनुपचरितत्वेन द्रव्यसहभावित्वेन च गुणेषु अन्तर्भावं विचिन्त्य एव षड्द्रव्य-तदीयगुण-पर्यायाणां नयमतभेदेन नित्याऽनित्यत्ववर्णनाऽवसरे **षड्द्रव्यविचारे बुद्धिसागरसूरिभिः** "निश्चयनयतः षड् द्रव्याणि नित्यानि चाऽनित्यानि च। व्यवहारतस्तु धर्मादयः चत्वारः नित्याः जीव-पुद्गलाश्चाऽनित्याः।

(१) निश्चयतो धर्मास्तिकायस्य अमूर्त्तत्वाऽचेतनत्वाऽक्रियत्व-गतिसहायकत्वलक्षणाः चत्वारो गुणाः

---

ઉત્પન્ન કરે છે તથા વિજાતીય જીવાદિ દ્રવ્યોની અપેક્ષાએ પોતાના આશ્રયમાં વર્ણાદિ ગુણો 'આ જીવ નથી, આ જીવ નથી' - આવી વ્યાવૃત્તિ બુદ્ધિને ઊભી કરે છે. તેથી અનુગત-વ્યાવૃત્તબુદ્ધિજનક ગુણોને સામાન્ય-વિશેષગુણ ન કહેવાય. પરંતુ ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યવિભાજક વિભિન્નધર્માશ્રયમાં જે ગુણો રહેતા હોય તેને જ સામાન્ય-વિશેષગુણ કહેવા વ્યાજબી છે. તેથી ચૈતન્ય-મૂર્ત્તત્વ વગેરે નિશ્ચયથી અસાધારણગુણો, અમૂર્ત્તત્વ-અચૈતન્ય વગેરે સાધારણાસાધારણગુણો અને સત્ત્વ-પ્રમેયત્વાદિ સાધારણગુણો - આ જ પ્રમાણે ગુણોનો વિભાગ કરવો વ્યાજબી છે. જો આ મુજબ દેવસેન ન માને તો **અકલંકસ્વામી**ના વચન સાથે દેવસેનને વિરોધ આવશે. તેમણે **લઘીયસ્રય સ્વોપજ્ઞવૃત્તિ**માં જણાવેલ છે કે 'જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ - આ અસાધારણગુણોથી તથા અમૂર્ત્તત્વ, અસંખ્યાતપ્રદેશત્વ, સૂક્ષ્મત્વ વગેરે સાધારણાસાધારણ ગુણોથી અને સત્ત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, ધર્મિત્વ, ગુણિત્વ વગેરે સાધારણગુણોથી જીવ યુક્ત છે - આ કથન અનેકાન્ત છે.' તેથી ચૈતન્ય, મૂર્ત્તત્વ ગુણનો સામાન્ય-વિશેષગુણવિભાગમાં પ્રવેશ કરાવવામાં આવે તો દેવસેનને ઉપરોક્ત **અકલંક**વચન સાથે વિરોધ પણ દુર્વાર બનશે. આવા પ્રકારની અહીં ઘણી બધી બાબતો વિચારણીય છે.

### ❀ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નયો દ્વારા નિત્યાનિત્યત્વવિચારણા ❀

**(अचे.)** અચેતનત્વ, અમૂર્ત્તત્વ વગેરે પરિણામો અનુપચરિત હોવાથી તેમ જ દ્રવ્યસહભાવી હોવાથી ગુણોમાં અંતર્ભાવ પામે છે. તેને સ્વતંત્ર સ્વભાવ માનવાની જરૂરત નથી. આ પ્રમાણે વિચારીને જ છ દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયો - આ પદાર્થોમાં અલગ-અલગ નયના અભિપ્રાયથી નિત્યત્વ-અનિત્યત્વનું વર્ણન કરવાના અવસરે **ષડ્દ્રવ્યવિચાર** ગ્રંથમાં શ્રી**બુદ્ધિસાગરસૂરિ** મહારાજે આ પ્રમાણે જણાવેલ છે કે "નિશ્ચયનયથી (= દ્રવ્યાર્થિકનયાત્મક નિશ્ચયનયથી) છએ દ્રવ્ય નિત્ય છે અને નિશ્ચયનયથી (= શુદ્ધપર્યાયાર્થિકનયસ્વરૂપ નિશ્ચયનયથી) છએ દ્રવ્ય અનિત્ય છે. (અથવા નિશ્ચયથી = પ્રમાણથી સર્વ દ્રવ્યો નિત્યાનિત્ય છે.) તથા (લોકવ્યવહારાનુપાતી) વ્યવહારનયથી તો ચાર દ્રવ્ય નિત્ય જાણવા અને બે દ્રવ્ય અનિત્ય જાણવા.

(૧) ધર્માસ્તિકાયના અરૂપી, અચેતન, અક્રિય અને ચલનસહાય - એ ચાર ગુણ અને પર્યાયમાં

स्कन्धपर्यायश्चेत्येवं पञ्च नित्याः, देश-प्रदेशाऽगुरुलघुलक्षणाश्च त्रयः पर्यायाः अनित्या ज्ञेयाः।

(२) अधर्मास्तिकायस्य अमूर्त्तत्वाऽचेतनत्वाऽक्रियत्व-स्थितिसहायकत्वलक्षणाः चत्वारो गुणाः स्कन्ध-पर्यायश्चेत्येवं पञ्च नित्याः, देश-प्रदेशाऽगुरुलघुलक्षणाश्च त्रयः पर्याया अनित्या विज्ञेयाः।

(३) आकाशास्तिकायस्य अमूर्त्तत्वाऽचेतनत्वाऽक्रियत्वाऽवगाहनालक्षणाः चत्वारो गुणाः स्कन्धपर्याय-श्चेत्येवं पञ्च नित्याः, देश-प्रदेशाऽगुरुलघुलक्षणाश्च त्रयः पर्याया अनित्या अवसेयाः।

(४) कालस्य अमूर्त्तत्वाऽचेतनत्वाऽक्रियत्व-वर्त्तनालक्षणाः चत्वारो गुणा नित्याः, अतीताऽनागत -वर्त्तमानाऽगुरुलघुलक्षणाश्च चत्वारः पर्याया अनित्या बोध्याः।

(५) पुद्गलस्य मूर्त्तत्वाऽचेतनत्व-सक्रियत्व-पूरणगलनलक्षणाः चत्वारो गुणा नित्याः, वर्ण-गन्ध-रस -स्पर्शाऽगुरुलघुलक्षणाश्च पञ्च पर्याया अनित्या मन्तव्याः।

(६) जीवद्रव्यस्य ज्ञान-दर्शन-चारित्र-वीर्यलक्षणाः चत्वारो गुणाः, अव्याबाधाऽमूर्त्तत्वाऽनवगाहनलक्षणाश्च त्रयः पर्याया इत्येवं सप्त नित्याः, अगुरुलघुश्चैक एव पर्यायः अनित्यः" (ष.द्र.वि.पृ.१०-११) इत्याद्युक्तम्। **आगमसारे** (आ.सा.पृ.८) वाचक**देवचन्द्रा**भिप्रायोऽपि एवमेव। "इह काले गुण-पर्यायचतुष्कप्रतिपादनम् उपचारतो बोध्यम्" (आ.सा.पृ.१२) इति **आगमसारे देवचन्द्र**वाचकाः। ततश्च गुणाद्यतिरिक्तैकविंशति-सामान्य-विशेषस्वभावगोचरा देवसेनकल्पना नैव युज्यत इति दिक्।

---

એક સ્કંધ - એ પાંચ નિત્ય જાણવા. તથા દેશ, પ્રદેશ અને અગુરુલઘુ એ ત્રણ પર્યાય અનિત્ય જાણવા.

(૨) અધર્માસ્તિકાયના પણ અરૂપી, અચેતન, અક્રિય અને સ્થિતિસહાય એ ચાર ગુણ તથા પર્યાયમાં સ્કંધ - એ પાંચ નિત્ય જાણવા. તથા દેશ, પ્રદેશ અને અગુરુલઘુ - એ ત્રણ પર્યાય અનિત્ય જાણવા.

(૩) આકાશાસ્તિકાયના અરૂપી, અચેતન, અક્રિય અને ચોથો અવગાહના - એ ચાર ગુણ તથા પર્યાયમાં સ્કંધ - એ પાંચ નિત્ય જાણવા. તથા દેશ, પ્રદેશ અને અગુરુલઘુ એ ત્રણ પર્યાય અનિત્ય જાણવા.

(૪) કાળદ્રવ્યના અરૂપી, અચેતન, અક્રિય અને વર્તના - એ ચાર ગુણ નિત્ય જાણવા. તથા અતીત, અનાગત, વર્તમાન તથા અગુરુલઘુ એ ચાર પર્યાય અનિત્ય જાણવા.

(૫) પુદ્ગલદ્રવ્યના રૂપી, અચેતન, સક્રિય, પૂરણ-ગલન (મિલન-વિખરણ) - એ ચાર ગુણ નિત્ય જાણવા. તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, અગુરુલઘુ સહિત - એ પાંચ પર્યાય અનિત્ય જાણવા.

(૬) જીવદ્રવ્યના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય - એ ચાર ગુણ અને અવ્યાબાધ, અમૂર્ત, અનવગાહ એ ત્રણ પર્યાય - એમ સાત નિત્ય જાણવા. એક અગુરુલઘુ પર્યાય અનિત્ય જાણવો." **આગમસાર**માં વાચક **દેવચન્દ્રજી**નો અભિપ્રાય પણ આ મુજબ જ છે. તદુપરાંત, 'અહીં કાલમાં ચાર ગુણ અને ચાર પર્યાય દેખાડેલ છે, તે ઉપચારથી જાણવું' - આમ વાચક **દેવચન્દ્રજી**એ **આગમસાર**માં દર્શાવેલ છે. **ષડ્દ્રવ્યવિચાર** અને **આગમસાર** - આ બન્ને ગ્રન્થના સંદર્ભમાં આપણે જોઈ શકીએ છીએ કે અમૂર્ત્તત્વ, અચેતનત્વ વગેરેનો ત્યાં સ્વભાવ તરીકે નહિ પણ ગુણ તરીકે જ ઉલ્લેખ કરેલ છે. તેથી ૧૧ સામાન્ય સ્વભાવ અને ૧૦ વિશેષસ્વભાવ - એમ કુલ ૨૧ સ્વભાવની દેવસેનકૃત કલ્પના જરાય વ્યાજબી નથી. આમ સિદ્ધ થાય છે. આ સમીક્ષા દિગ્દર્શનમાત્ર છે. હજુ આ અંગે ઘણો ઊહાપોહ થઈ શકે તેમ છે. આ બાબતને જણાવવા **પરામર્શકર્ણિકાવ્યાખ્યા**માં 'दिक्' શબ્દનો પ્રયોગ થયેલ છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अनुपचरितस्वभावस्य गुणरूपतया सदैव स्वसन्निहितत्वात् तदावरणापाकरणे निरन्तरं सोत्साहं यतितव्यम्। ततश्च ध्रुवं तदाविर्भावनम्। उपचरितस्वभावस्य च पर्यायरूपतया विनश्वरत्वात् परैः अस्मान् उद्दिश्य 'विक्रमापेक्षया सिंहोऽयम्, शैत्यविवक्षणेन जलसमोऽयम्, सहिष्णुत्वविवक्षया वज्रोऽयम्' इत्यादिरूपेण उपचारकरणे तन्निर्भरतया न भाव्यम्, उपचरितस्वभावस्य विनाशित्वात्। ततश्चैतादृशप्रशंसाश्रवणेन न मदः कार्यः। एवमेवाऽस्मान् उद्दिश्य 'भीरुत्वात् शशोऽयम्, क्षुधालुत्वात् शूकरोऽयम्, शठत्वात् शृगालोऽयम्' इत्यादिरूपेण उपचारकरणे हतोत्साहतया नैव भाव्यम्, अपि तु तदा अप्रशस्तोपचरितस्वभावस्य नाश्यत्वं चेतसिकृत्य तदुच्छेदपरतया भाव्यम्।

'कामरागादेः आत्मनि अप्रशस्तोपचरितस्वभावता बोध्या, शुद्धात्मद्रव्य-सङ्ख्यातीतात्मप्रदेशात्मकक्षेत्र-शुद्धात्मवर्तनापर्यायलक्षणकाल-शुद्धोपयोगस्वरूपभावात्मकचतुष्टयेऽव्यापनात्। आत्मद्रव्यविजातीयत्वान्नाऽऽत्मद्रव्यविशेषावस्थारूपताऽपि रागादेः युज्यते। अतो रागादिकम् अनात्मद्रव्यांश-

### ✡ ગુણને પ્રગટ કરો, ઉપચાર ઉપર મદાર ન બાંધો ✡

**આધ્યાત્મિક ઉપનય** :- અનુપચરિત સ્વભાવ ગુણસ્વરૂપ છે. તેથી તે સદૈવ આપણી પાસે જ છે. પરંતુ આપણા શુદ્ધ ચૈતન્યસ્વભાવ વગેરે ગુણો આવરાયેલા છે. કેવલજ્ઞાનીના તે ગુણો પ્રગટ છે. તેથી તેના આવરણોને દૂર કરવા માટે નિરંતર ઉત્સાહપૂર્વક આપણે પ્રયત્ન કરવો જોઈએ. તેનાથી તે ગુણો અવશ્ય પ્રગટ થાય. તથા આપણો ઉપચરિતસ્વભાવ પરમાર્થથી પર્યાયાત્મક હોવાથી પરિવર્તનશીલ છે, નાશવંત છે. તેથી કોઈ આપણને 'આ પરાક્રમની દૃષ્ટિએ સિંહ જેવા છે, શીતળતાની દૃષ્ટિએ પાણી જેવા છે, સહનશીલતાની દૃષ્ટિએ વજ્ર જેવા છે' - ઈત્યાદિ કહે તેના ઉપર આપણે મદાર બાંધવાની જરૂર નથી. કારણ કે આપણો તે ઉપચરિતસ્વભાવ કાયમ ટકે તેની કોઈ બાંહેધરી તેના કથનથી આપણને મળતી નથી. તેથી તેવી આપણી પ્રશંસા સાંભળીને over confidence માં આવીને આપણે છકી જવાની જરૂર નથી. તથા કોઈ આપણને ઉદ્દેશીને એમ કહે કે 'આ સસલા જેવો બીકણ છે, ભૂંડ જેવો ખાઉધરો છે, શિયાળ જેવો લુચ્ચો છે'- તો તેનાથી હતાશાની ઊંડી ખાઈમાં ફેંકાઈને inferiority complex નો શિકાર બનવાની જરૂર નથી. પરંતુ તેવા અવસરે 'આપણો તે અપ્રશસ્ત ઉપચરિત સ્વભાવ પણ નાશવંત છે' - આ બાબતને ખ્યાલમાં રાખી એવા અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવના છેદ માટે આપણે સદા સજ્જ રહેવું જોઈએ.

### ❀ પાંચ ભ્રાન્ત સંબંધોને વિદાય આપીએ ❀

(**'काम.**) "કામરાગ વગેરેને આત્મામાં અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવ તરીકે જાણવા. કારણ કે શુદ્ધ આત્મદ્રવ્ય, અસંખ્યઆત્મપ્રદેશાત્મક ક્ષેત્ર, શુદ્ધાત્મવર્તનાપર્યાયસ્વરૂપ કાળ કે શુદ્ધોપયોગસ્વરૂપ ભાવ - આ મુજબ આત્માના સ્વચતુષ્ટયમાં તે વ્યાપતા નથી. તે ચારેયમાં ચેતના-ઉપયોગ જ વ્યાપીને રહેલ છે, રાગાદિ નહિ. વળી, રાગાદિ તો આત્મદ્રવ્યથી વિજાતીય પરિણામ છે. તે આત્મદ્રવ્યની સાથે મેળ ન પડે તેવો પરિણામ છે. આત્મદ્રવ્ય સાથે અણમળતો ભાવ હોવાથી તે રાગાદિ આત્મદ્રવ્યની વિશેષ અવસ્થા સ્વરૂપ પણ ઘટી ન શકે. માટે રાગાદિ (૧) અનાત્મદ્રવ્યના અંશસ્વરૂપ જ છે. (૨) રાગાદિનું

रूपमेव, अनात्मद्रव्योपादानकमेव, कर्म-काल-नियतिप्रभृतिजन्यमेव, पुद्गलव्याप्यमेव, कर्मपुद्गलनिष्ठमेव च' इति भावनया आत्मद्रव्य-रागाद्योः (१) अनादिरूढः भ्रान्तः स्व-स्वामिभावसम्बन्धः, (२) उपादानोपादेयभावसम्बन्धः, (३) कर्तृ-कर्मभावसम्बन्धः, (४) व्याप्य-व्यापकभावसम्बन्धः, (५) भोक्तृ-भोग्यभावसम्बन्धश्च प्रच्यवन्ते।

केवलं निमित्त-नैमित्तकभावसम्बन्ध एव छद्मस्थदशायां दशमगुणस्थानकं यावत् तयोः विद्यते,

---

ઉપાદાનકારણ અનાત્મદ્રવ્ય જ છે. (૩) કર્મ, કાળ, નિયતિ વગેરેના કારણે જ રાગાદિ ઉત્પન્ન થાય છે. (૪) તથા પુદ્ગલદ્રવ્યને વ્યાપીને રાગાદિ પરિણામો રહેલા છે. રાગાદિ કર્મપુદ્ગલના જ વ્યાપ્ય છે. તથા રાગાદિ પરિણામો કર્મપુદ્ગલદ્રવ્યમાં જ રહેલા છે, આત્મામાં નહિ." આ પ્રમાણેની ભાવના કરવાથી આત્મદ્રવ્ય અને રાગાદિ વચ્ચે પાંચ પ્રકારના ભ્રાન્ત સંબંધો ખતમ થાય છે. તે આ રીતે -

(૧) 'રાગાદિ એ અનાત્મદ્રવ્યના અંશરૂપ છે'- તેવું જાણવાથી તેમાં પોતાપણાનો ભાવ, મમત્વબુદ્ધિ ખલાસ થાય છે. 'હું રાગાદિનો માલિક છું'- તેવી બુદ્ધિ નાશ પામે છે. તેથી આત્મદ્રવ્ય અને રાગાદિ પરિણામ વચ્ચેનો અનાદિકાલીન ભ્રાન્ત સ્વ-સ્વામિભાવ સંબંધ નષ્ટ થાય છે.

(૨) 'રાગાદિનું ઉપાદાનકારણ અનાત્મદ્રવ્ય-કર્મપુદ્ગલ જ છે' - તેમ અંદરથી સ્વીકારવાથી આત્મા અને રાગાદિ વચ્ચે જે અનાદિકાળથી ઉપાદાન-ઉપાદેયભાવ સંબંધ ભાસતો હતો, તે રવાના થાય છે. 'આત્મા રાગાદિનું ઉપાદાનકારણ નથી. તથા રાગાદિ આત્માનું ઉપાદેય = કાર્ય નથી' - આવી સમજણ અંદરમાં સ્પષ્ટ થવાથી રાગાદિ પરિણામોમાં એકત્વબુદ્ધિ થતી અટકે છે.

(૩) 'કર્મ, કાળ વગેરે જ રાગાદિને જન્માવે છે' - તેવું અંદરમાં યથાર્થપણે ભાન થવાથી આત્મા અને રાગાદિ વચ્ચે જે કર્તા-કર્મભાવ સંબંધ અનાદિકાલીન ભ્રાન્તિથી ભાસતો હતો, તે વિદાય લે છે. આત્મા રાગાદિનો કર્તા બનતો નથી. તથા આત્માનું કર્મ (= વ્યાપ્ય = કર્તૃવ્યાપ્યકર્મ) રાગ વગેરે નથી થતા. તેથી જેમ કુંભાર પટને નથી કરતો, તેમ આત્મા રાગને નથી કરતો.

(૪) 'રાગાદિ પરિણામો પુદ્ગલના વ્યાપ્ય છે' - તેમ પ્રતીત થવાથી આત્મા અને રાગાદિ વચ્ચે અનાદિકાલીન ભ્રાન્ત વ્યાપ્ય-વ્યાપકભાવ પણ રવાના થાય છે. મતલબ કે 'રાગાદિ પરિણામ જ્યાં હોય ત્યાં ચૈતન્ય ન હોય પણ જડતા જ હોય. રાગાદિ પરિણામનો આશ્રય ચેતન ના હોય પણ અચેતન = જડ દ્રવ્ય જ હોય' - આવું અંદરમાં સ્વાભાવિકપણે અનુભવાય છે.

(૫) તથા 'રાગાદિ પરિણામો આત્મામાં નહિ પણ કર્મપુદ્ગલોમાં જ રહેલા હોવાથી આત્મા તેનો ભોગવટો પણ કઈ રીતે કરે ? પોતાની પાસે જે ચીજ હોય તેનો જ ભોગવટો થાય. જે ચીજ પોતાની ન હોય, પોતાની પાસે ન હોય તેનો ભોગવટો પોતે કઈ રીતે કરી શકે ?' આવી વિભાવનાથી આત્મા રાગાદિનો ભોક્તા બનતો નથી અને રાગાદિ આત્માના ભોગ્ય બનતા નથી. ભ્રમથી પણ રાગાદિની મીઠાશ અનુભવવામાં સાધક અટવાતો નથી. આમ તે બન્ને વચ્ચેનો ભોક્તા-ભોગ્યભાવ નામનો ભ્રાન્ત -કાલ્પનિક-આરોપિત સંબંધ પણ ઉચ્છેદ પામે છે.

### ✡ ....તો મિથ્યાત્વાદિ મૂળમાંથી ઉખડે ✡

(केव.) આત્મા અને રાગાદિ પરિણામ વચ્ચે ફક્ત નિમિત્ત-નૈમિત્તિક ભાવ નામનો જ સંબંધ હોય

तदानीं कर्माधीनात्मचेतनालक्षणं निमित्तमाश्रित्य कर्मपुद्गलोपादानकस्य रागादेः जायमानत्वात्। 'रागादयो जीवपरिणामा' इत्यभ्युपगमे तु तयोः निमित्त-नैमित्तिकभावसम्बन्धं विमुच्य उपादानोपादेयभावसम्बन्धं भ्रान्त्या जीवः कक्षीकरोति मिथ्यात्वञ्च निबिडं करोति। अतः मिथ्योत्वोच्छेदकृते उपर्युक्तभावनया अनादिकालीनभ्रान्तपञ्चविधसम्बन्धा निर्मूलम् उच्छेदनीयाः।

शुद्धचैतन्यस्वरूपनिमज्जनतश्च तयोः निमित्त-नैमित्तकभावसम्बन्धोऽपि त्याज्य एव सम्पूर्णवीतराग-स्वरूपकामिभिः। केवलं ज्ञातृ-ज्ञेयभावसम्बन्धः स्थाप्यः। ततश्च न रागादिनिमित्तकः कर्मबन्धः।

अग्रेतनदशायाञ्च मिथ्यात्व-रागादिपरिणामानाम् अवस्तुत्वाऽऽपादनेन तैः सार्धम् आत्मनो ज्ञातृ-ज्ञेयभावसम्बन्धमपि त्याजयित्वा मिथ्यात्व-रागादिपरिणामशून्यता सम्पादनीया। तथाहि - यथा सेटिका-कुड्यसंयोगजं श्वैत्यं (१) न जातुचित् सेटिकास्वरूपम्, कुड्ये श्वैत्यप्रतीत्यनुपपत्तेः,

---

છે. તથા તે સંબંધ પણ છદ્મસ્થદશામાં દશમા ગુણસ્થાનક સુધી જ વર્તે છે. કારણ કે ત્યારે કર્માધીન ચેતનાસ્વરૂપ નિમિત્તને પામીને કર્મપુદ્ગલસ્વરૂપ ઉપાદાનમાંથી રાગાદિ જન્મે છે. પરંતુ 'રાગાદિ પરિણામો જીવના છે' - આવું જો જીવ માને તો આત્મા અને રાગાદિ વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ સંબંધ છોડીને ત્યાં ઉપાદાન-ઉપાદેયભાવ નામના સંબંધને ભ્રાન્તિથી સ્વીકારી લે છે અને મિથ્યાત્વને વધુ ગાઢ કરે છે. તેથી મિથ્યાત્વના ઉચ્છેદ માટે ઉપરોક્ત ભાવના દ્વારા અનાદિકાલીન પૂર્વોક્ત પાંચેય ભ્રાન્ત સંબંધોને મૂળમાંથી ઉખેડી નાંખવા. તો જ મિથ્યાત્વ મૂળમાંથી ઉખડી શકે.

### ❊ નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધને પણ પરિહરીએ ❊

(शुद्ध.) તથા આત્મા અને રાગાદિ વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધ પણ પરમાર્થથી તો છોડવા યોગ્ય જ છે. બાકી તો પૂર્ણ વીતરાગદશા ન જ પ્રગટી શકે. તેથી સંપૂર્ણ ક્ષાયિક વીતરાગદશાને પ્રગટાવવાની કામનાવાળા સાધકે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ડૂબીને આત્મા અને રાગાદિ વચ્ચે જે અનાદિકાલીન નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધ છે, તેને છોડી જ દેવો. તેથી રાગાદિને માત્ર જાણવાનું જ કામ કરવું. આમ નિમિત્ત-નૈમિત્તિકભાવ સંબંધને છોડી જ્ઞાતૃ-જ્ઞેયભાવ સંબંધ આત્મા અને રાગાદિ વચ્ચે રાખવો. રાગાદિનો આશ્રય ન કરવો. પ્રશસ્ત રાગાદિ ઉપર પણ મદાર ન બાંધવો. તો જ રાગાદિનિમિત્તક કર્મબંધ અટકે.

### ❊ મિથ્યાત્વાદિને અવસ્તુ બનાવી તેનાથી મુક્ત બનીએ ❊

(अग्रे.) આગળ ઉચ્ચતમ આધ્યાત્મિકદશામાં તો મિથ્યાત્વ, રાગાદિ પરિણામોને અવસ્તુ = અસત્ બનાવી તેઓની સાથે આત્માના જ્ઞાતૃ-જ્ઞેયભાવ નામના સંબંધને પણ છોડાવીને આપણા આત્મામાં પ્રતીત થતા મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને કાયમી ધોરણે રવાના કરવા. મિથ્યાત્વાદિને અવસ્તુ = અસત્ તરીકે સમજવા-સ્વીકારવા માટે આ મુજબ વિચારણા કરવી કે :-

(૧) જેમ ખડી = ચૂનો અને દીવાલ - આ બન્નેના સંયોગથી જે સફેદાઈ ઉત્પન્ન થાય છે, તે ખડીસ્વરૂપ નથી. કારણ કે જો તે સફેદાઈ માત્ર ખડીસ્વરૂપ જ હોય તો દીવાલમાં સફેદાઈની પ્રતીતિ થઈ ન શકે. દીવાલમાં તેની પ્રતીતિ અસંગત જ બની જાય. કેમ કે દીવાલ અને ખડી બન્ને જુદા જ છે.

(२) न वा कुड्यस्वरूपम्, तादृशसंयोगपूर्वमपि कुड्ये श्वैत्यप्रतीत्यापत्तेः, (३) न वोभयस्वरूपम्, एकद्रव्यस्य द्रव्यान्तरसङ्क्रमापत्तेरिति भ्रान्तिगोचरस्य कुड्ये प्रतीयमानस्य तस्य अवस्तुत्वमेव,

तथेहापि कर्म-जीवसंयोगजाः कर्मोदयोपहिताः मिथ्यात्व-रागादिपरिणामाः (१) न कर्मस्वरूपाः, जीवे मिथ्यादृष्टित्व-रागित्वादिप्रतीत्यनुपपत्तेः, (२) न वा जीवस्वरूपाः, मुक्तात्मन्यपि मिथ्यादृष्टित्व-रागित्वाद्यापत्तेः, जीवस्वरूपस्य तदानीमपि अप्रच्यवात्, (३) न वोभयस्वरूपाः, द्रव्यान्तरसङ्क्रमस्य विप्रतिषिद्धत्वादिति भ्रान्तिगोचरणाम् आत्मनि प्रतीयमानानां तेषामवस्तुत्वमेव प्रत्येयं **महोपाध्याय-**

(૨) તે સફેદાઈ ભીંતસ્વરૂપ પણ નથી. કારણ કે ખડી-દીવાલસંયોગપૂર્વે પણ દીવાલ તો હાજર જ હતી. તેથી જો તે સફેદાઈ દીવાલસ્વરૂપ હોય તો તથાવિધ સંયોગની પૂર્વે પણ દીવાલમાં સફેદાઈની પ્રતીતિ થવાની સમસ્યા સર્જાશે.

(૩) ખડી અને દીવાલ ઉભયસ્વરૂપે તે સફેદાઈને માની ન શકાય. બાકી તો ખડી દીવાલસ્વરૂપ બની જાય અથવા દીવાલ ખડીસ્વરૂપ બની જાય - આવી સમસ્યા સર્જાશે. કેમ કે સફેદાઈ જો ઉભયસ્વરૂપ હોય તો સફેદાઈ દીવાલથી અને ખડીથી અભિન્ન બનવાથી દીવાલ અભિન્ન સફેદાઈથી અભિન્ન ખડી થતાં દીવાલ અભિન્ન ખડી થવાની વાત ન્યાયપ્રાપ્ત છે. આવું માનવાથી એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં સંક્રમણ થતાં કાં દીવાલનો કાં ખડીનો ઉચ્છેદ થશે. પરંતુ આવું તો કોઈને પણ માન્ય નથી જ. આમ સફેદાઈ નથી તો ખડીસ્વરૂપ કે નથી તો દીવાલસ્વરૂપ કે નથી તો ઉભયસ્વરૂપ. તેથી દીવાલમાં પ્રતીત થતી તે સફેદાઈ ભ્રાન્તિનો જ વિષય હોવાથી અવસ્તુ = અસત્ = મિથ્યા જ છે.

(તથે.) તેમ પ્રસ્તુતમાં પણ કહી શકાય છે કે :-

(૧) કર્મ અને જીવ - બન્નેના સંયોગથી ઉત્પન્ન થતા અને કર્મના ઉદયથી આવી પડતા મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામો કર્મસ્વરૂપ નથી. કારણ કે જો તે કર્મસ્વરૂપ હોય તો જીવમાં મિથ્યાદષ્ટિપણાની કે રાગીપણાની જે પ્રતીતિ થાય છે, તે અસંગત બની જાય. જો તે પરિણામો કર્મસ્વરૂપ હોય તો 'કર્મ મિથ્યાદષ્ટિ છે, કર્મ રાગી છે'- તેવી પ્રતીતિ થવી જોઈએ. તેવું તો લોકોમાં જણાતું નથી. તેથી તે પરિણામોને કર્મસ્વરૂપે માની ન શકાય.

(૨) તથા તે પરિણામોને જીવસ્વરૂપ પણ માની ન શકાય. કારણ કે જો મિથ્યાત્વાદિ જીવસ્વરૂપ હોય તો તો મુક્ત આત્મામાં પણ મિથ્યાદષ્ટિપણાની કે રાગીપણાની આપત્તિ આવીને ઊભી રહેશે. કેમ કે મોક્ષમાં પણ જીવનું સ્વરૂપ તો હાજર જ છે. મોક્ષમાં જૈનમતે જીવનું સ્વરૂપ નાશ ન પામતું હોવાથી જીવસ્વરૂપ મિથ્યાત્વાદિ પરિણામોને મુક્તાત્મામાં પણ માનવાની સમસ્યાને નકારી શકાશે નહિ.

(૩) તેમજ 'મિથ્યાત્વ વગેરે પરિણામો કર્મ-જીવઉભયસ્વરૂપ છે' - તેવું પણ માની ન શકાય. કારણ કે ઉપર જણાવ્યું તેમ તેવી પરિસ્થિતિમાં કાં તો કર્મ જીવસ્વરૂપ બની જશે કાં તો જીવ કર્મસ્વરૂપ બની જશે. આવું માનતાં તો કર્મનો કે જીવનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. માટે જ જિનાગમમાં એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે સંક્રમણ = પરિણમન થવાનો નિષેધ કરેલો છે. આમ આત્મામાં જે મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોની પ્રતીતિ થાય છે, તે પરિણામો નથી તો કર્મસ્વરૂપ, નથી તો જીવસ્વરૂપ કે નથી તો કર્મ-જીવઉભયસ્વરૂપ. આથી આત્મામાં જણાતા તે મિથ્યાત્વાદિ પરિણામો મૃગજળની જેમ

**श्रीयशोविजय**कृतसार्धशतत्रयगाथाप्रमाण-सिद्धान्तविचाररहस्यगर्भित-**श्रीसीमन्धरजिनस्तवना**नुसारेण (सी. जि.स्त.१६/३)।

तदुक्तम् **अध्यात्मसारे**ऽपि "श्वेतद्रव्यकृतं श्वैत्यं भित्तिभागे यथा द्वयोः। भात्यनन्तर्भवच्छून्यं प्रपञ्चोऽपि तथेक्ष्यताम्।।" (अ.सा.१८/२७) इति। इत्थं मिथ्यात्व-रागादीनामवस्तुत्वाऽऽपादनेन तैः सार्धम् आत्मनः पारमार्थिकज्ञातृ-ज्ञेयभावसम्बन्धोन्मूलनतः मिथ्यात्व-रागादिपरिणामोच्छेदः सुकरः। तत्प्रभावतश्च [1]"तत्थ

ભ્રાન્તિનો જ વિષય હોવાથી અવસ્તુ = અસત્ = મિથ્યા જ છે. આ પ્રમાણે પ્રતીતિ-શ્રદ્ધા કરવી. આ વાત માત્ર કલ્પનાસ્વરૂપ નથી. પણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સાડા ત્રણસો ગાથા પ્રમાણ સિદ્ધાન્તવિચારરહસ્ય ગર્ભિત જે શ્રી**સીમંધરજિનસ્તવન** રચેલ છે, તેમાં પણ આ વાત નિમ્નોક્ત શબ્દોમાં જણાવી છે કે-

**"ભાવ સંયોગજા કર્મઉદયાગતા,**
**કર્મ નવિ જીવ નવિ મૂલ તે નવિ છતાં;**
**ખડીયથી ભિત્તિમાં જિમ હોએ શ્વેતતા,**
**ભિત્તિ નવિ ખડીય નવિ તેહ ભ્રમસંગતા."** (૧૬/૩)

ઉપરોક્ત ગાથા મુજબ મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામો મિથ્યા છે - તે વાતની શ્રદ્ધા-પ્રતીતિ કરવી. આ રીતે 'મિથ્યાત્વ, રાગ આદિ ભાવો અસત્ છે' - તેવું પ્રતીત કરીને તેઓની સાથે આત્માનો જ્ઞાતૃ -જ્ઞેયભાવ સંબંધ પણ મૂળમાંથી ઉખેડી નાંખવો. જે વસ્તુ વિદ્યમાન જ ન હોય તો આત્મા તેનો જ્ઞાતા કેવી રીતે ? તથા તે આત્માના જ્ઞેય કઈ રીતે ? આમ મિથ્યાત્વ, રાગ વગેરે ભાવો મિથ્યા જ છે.

### ❖ ભાવસંસાર મિથ્યા ❖

**(તદુ.) અધ્યાત્મસાર** ગ્રંથમાં પણ **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'શ્વેતદ્રવ્ય ખડી-ચૂનો વગેરેથી દીવાલના આગળના ભાગમાં સફેદાઈ કરેલી હોય તે સફેદાઈનો શ્વેતદ્રવ્યમાં કે દીવાલમાં અંતર્ભાવ થતો નથી. જે પરિણામનો કોઈ સ્વીકાર ન કરે તે પરિણામ મિથ્યા જ હોય, શૂન્ય જ હોય, અસત્ જ હોય. જે રીતે દીવાલમાં જણાતી સફેદાઈ પરમાર્થથી મિથ્યા છે, તેમ કર્મપ્રપંચસ્વરૂપ મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને પણ પરમાર્થથી મિથ્યાસ્વરૂપે જ જોવા.' મતલબ કે ઉપરોક્ત ભાવના દ્વારા અંદરમાં મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોને જાણવા-માણવા ખોટી થવાનું નથી. આમ આત્મા અને મિથ્યાત્વ-રાગાદિ પરિણામો વચ્ચે (૧) સ્વ-સ્વામિભાવ સંબંધ, (૨) ઉપાદાન-ઉપાદેયભાવ સંબંધ, (૩) કર્તા-કર્મભાવ સંબંધ, (૪) વ્યાપ્ય-વ્યાપકભાવ સંબંધ, (૫) ભોક્તા-ભોગ્યભાવ સંબંધ, (૬) નિમિત્ત -નૈમિત્તિક ભાવ સંબંધ અને (૭) જ્ઞાતા-જ્ઞેયભાવ સંબંધ - આ તમામ સંબંધોને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવાથી આપણા આત્મામાંથી મિથ્યાત્વ, રાગ વગેરે પરિણામોનો ઉચ્છેદ કરવો સરળ બને. આ જ આશયથી અહીં આ વાત વિસ્તારથી જણાવેલ છે. આ રીતે મિથ્યાત્વ, રાગ વગેરે સ્વરૂપ અપ્રશસ્ત ઉપચરિતસ્વભાવનો ઉચ્છેદ થવાના પ્રભાવે **તીર્થોદ્ગાલિપ્રકીર્ણક**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ

1. तत्रापि च ते अवेदा अवेदना निर्ममाः निःसङ्गाश्च। संयोगविप्रमुक्ताः अप्रदेशा नित्यम् एकसंस्थानाः।।

वि य ते अवेदा अवेयणा निम्ममा निसंगा य। संजोगविप्पमुक्का अपएसा निच्च एगसंठाणा।।" (ती.प्र.१२५४) इति **तीर्थोद्गालिप्रकीर्णकदर्शितं** सिद्धस्वरूपं तरसा प्रादुर्भवति।।१३/१७।।

---

થાય છે. ત્યાં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરવાના અવસરે જણાવેલ છે કે 'સિદ્ધશિલામાં પણ તે સિદ્ધાત્માઓ વેદરહિત, વેદનાશૂન્ય, નિર્મમ, નિઃસંગ, સંયોગથી વિપ્રમુક્ત, ચંચલપ્રદેશશૂન્ય તથા કાયમ એક જ સંસ્થાનવાળા હોય છે.' (૧૩/૧૭)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાના ઉદ્રેકમાં ચારેબાજુ ઘોર અંધકાર હોય છે.**
  **ઉપાસનાની ચરમ સીમાએ ઉત્કૃષ્ટ જ્ઞાનપ્રકાશ હોય છે.**
- **સાધના બહારનું પરિવર્તન કરે છે.**
  **ઉપાસના આંતરિક પરિવર્તન કરે છે.**
- **વાસના નિર્વાહલક્ષી અને નિર્માણલક્ષી છે.**
  **ઉપાસના સદા નિર્વાણલક્ષી છે.**
- **વાસનામાં પૂનમની બીજી જ ક્ષણે અમાસ હોય છે.**
  **ઉપાસનામાં સદા બહાર શરદપૂનમની શીતળ-ચમકતી ચાંદની ચોમેર રેલાય છે.**
- **વાસના જંગલ તરફની આંધળી દોટ છે.**
  **ઉપાસના ઉપવન તરફનું મંગલ પ્રયાણ છે.**
- **પ્રાપ્તની ભૂમિકાએ સાધના અટકે છે.**
  **ઉપાસના વ્યાપ્તની ભૂમિકાએ પહોંચે છે.**
- **સાધનામાર્ગનો મુસાફર પ્રભુથી વિભક્ત હોઈ શકે.**
  **દા.ત. સુકુમાલિકા સાધ્વી.**
  **ઉપાસનામાર્ગનો યાત્રી પ્રભુથી વિભક્ત ન જ હોય.**
  **દા.ત. પેથડશા.**

**♦સ્વભાવભેદ⁸સહિત કહિયા રે, ઈમ એ ગુણહ પ્રકાર;**
**હવઈ ભેદ✡ ♦પર્યાયના રે, સુણિઈ સુજસ ભંડાર□ રે ॥૧૩/૧૮॥ (૨૨૬) ચ.**

ઈમ એ સ્વભાવભેદસહિત (ગુણહ=) ગુણના પ્રકાર કહિયા. હવઈ પર્યાયના ભેદ (સુણિઈ=) સાંભલો. સુયશના ભંડાર એહવા શ્રોતા પુરુષો. ॥૧૩/૧૮॥

---

प्रकृतम् उपसंहरति – 'गुणे'ति।

**गुणभेदाः स्वभावस्य भेदैस्सहाऽत्र दर्शिताः।**
**साम्प्रतं श्रुणु पर्याय-विभेदान् सुयशोनिधे ! ।।१३/१८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्वभावस्य भेदैः सह अत्र गुणभेदाः दर्शिताः। सुयशोनिधे ! साम्प्रतं पर्यायविभेदान् श्रुणु।।१३/१८।।

**स्वभावस्य भेदैः** = भेद-प्रभेदैः **सह** एवम् **अत्र गुणभेदाः** = गुणप्रकाराः **देवसेन**प्रक्रियानुसारेण क्वचिच्च स्वप्रक्रियया उपोद्बलेन **दर्शिताः** = व्याख्याताः लेशतः समालोचिताश्च।

हे **सुयशोनिधे** ! श्रोतः ! **साम्प्रतं पर्यायविभेदान्** = पर्यायप्रकारान् **श्रुणु** दत्तावधानतया।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अन्यदर्शन-सम्प्रदायमतनिरूपणाऽवसरे तत्खण्डनमात्राभिप्रायमपाकृत्य अन्यदीयसत्योक्तिसमर्थनमपि अस्मदीयदर्शन-सम्प्रदायानुसारेण निष्कपटतया उदारचित्तेन कार्यम्। इत्थमेव मध्यस्थता-गुणग्राहिता-निष्कपटता-मृदुता-सम्यग्दर्शनादिसद्गुणयोग-क्षेम-वृद्धि-शुद्धिसम्भवात्।

---

**અવતરણિકા** :- પ્રસ્તુત બાબતનો ઉપસંહાર ગ્રંથકારશ્રી અઢારમા શ્લોક દ્વારા કરે છે :-

### ❖ ગુણ-સ્વભાવપ્રકારપ્રતિપાદનનો ઉપસંહાર ❖

**શ્લોકાર્થ** :- સ્વભાવના ભેદની સાથે અહીં ગુણના ભેદો દેખાડાયેલા છે. હે સુયશોનિધિ વાચકો ! હવે તમે પર્યાયના ભેદોને સાંભળો. (૧૩/૧૮)

**વ્યાખ્યાર્થ** :- સ્વભાવના ભેદ અને પ્રભેદની સાથે આ પ્રમાણે અહીં ગુણના પ્રકારોનું વર્ણન દિગંબર **દેવસેનજી**ની પ્રક્રિયા મુજબ કરવામાં આવેલ છે. તથા ક્યાંક અમારા શ્વેતાંબર સંપ્રદાયની પ્રક્રિયાથી તેનું સમર્થન કરીને પણ અહીં તેને અમે સમજાવેલ છે. તથા આંશિક રીતે તેની સમાલોચના પણ કરેલ છે. હે સુયશોનિધિ શ્રોતાઓ ! હવે તમે સાવધાનીથી પર્યાયના પ્રકારોને સાંભળો.

### ✵ જિનશાસનની સેવા માટે જરૂરી ગુણોનો નિર્દેશ ✵

**આધ્યાત્મિક ઉપનય** :- અન્ય દર્શનીના કે અન્ય સમ્પ્રદાયના મતનું નિરૂપણ કરતી વખતે માત્ર તેના મતનું આંખ મીંચીને ખંડન કરવાનો જ અભિપ્રાય રાખવાના બદલે તેમાં જે જે બાબતો સાચી હોય તેનું આપણા દર્શનની-સંપ્રદાયની પ્રક્રિયા મુજબ પ્રામાણિકપણે સમર્થન કરવાની ઉદારતા આપણે

---

♦ કો.(૧૧)માં 'ભેદ ભાવ' પાઠ. ⁸ મો.(૨)માં 'સ્વહિત' પાઠ. ✡ પુસ્તકોમાં 'ભેય' પાઠ. કો.(૬)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'પજ્જાય' પાઠ. કો.(૯)માં 'પજ્જાયતણા' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે. □ પુસ્તકોમાં 'ભંડારો' પાઠ. કો.(૪)નો પાઠ લીધેલ છે.

एवमेव अस्मदीयशिष्टता-सभ्यता-विश्वसनीयताऽऽदरणीयतादिकमन्यचेतोनिहितं स्यात्। श्रीजिनागम-प्रणालिकाविपरीतपदार्थप्रज्ञापनोपलब्धौ तु मध्यस्थतया हितबुद्ध्या निर्भीकतया च तत्समालोचनमपि अर्हति। साम्प्रतं श्रीजिनशासनसेवा-रक्षा-प्रभावनादिकृते एतादृशगुणकदम्बकः विशेषत आवश्यक इत्यवधेयमत्र। तादृशगुणगणबलेन "मुक्ता एकस्वभावाः स्युर्जन्मादिक्लेशवर्जिताः। अनन्तदर्शन-ज्ञान-वीर्याऽऽनन्द-मयाश्च ते।।" (त्रि.श.पु.४/४/२२५) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्र**वर्णितं सिद्धस्वरूपं प्रत्यासन्नं स्यात् ।।१३/१८।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ त्रयोदशशाखायां **स्वभावनययोजना**ख्यः त्रयोदशः अधिकारः।।१३।।

---

અવશ્ય કેળવવી જોઈએ. તો જ આપણામાં મધ્યસ્થતા, ગુણગ્રાહિતા, ખેલદિલી, નિખાલસતા, કોમળતા, સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણો આવે, ટકે, વધે અને શુદ્ધ બને. તથા તેવું બને તો જ આપણી શિષ્ટતા, સભ્યતા, વિશ્વસનીયતા, આદરણીયતા આપણા પ્રતિસ્પર્ધી કે પ્રતિપક્ષી માણસના મનમાં ટકી શકે. તથા શ્રીજિનાગમની પવિત્ર પ્રણાલિકાથી વિરુદ્ધ પદાર્થપ્રરૂપણા જાણવા - જોવા મળે તો મધ્યસ્થતાથી, હિતબુદ્ધિથી અને નિર્ભયતાથી તેની સમાલોચના કરવી પણ જરૂરી છે. આ કાળમાં શ્રીજિનશાસનની સેવા-રક્ષા-પ્રભાવના વગેરે કરવા માટે આ બધા ગુણો હોવા અત્યંત જરૂરી અને વિશેષતઃ ઈચ્છનીય છે. આટલો બોધપાઠ આપણે સૌએ આ શ્લોકની પરામર્શકર્ણિકાવ્યાખ્યા દ્વારા લેવા જેવો છે. તથાવિધ ગુણસમુદાયના બળથી **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે 'તે કર્મમુક્ત જીવોનો એકસ્વભાવ હોય છે. જન્માદિ ક્લેશથી તેઓ રહિત હોય છે. તથા તેઓ અનન્ત દર્શન-જ્ઞાન-શક્તિ-આનંદમય હોય છે.' (૧૩/૧૮)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજયગણી** દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (***દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ***અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'સ્વભાવનયયોજના'*** નામનો તેરમો અધિકાર પૂર્ણ થયો.

**તેરમી શાખા સમાપ્ત**

## ❁ શાખા - ૧૩ અનુપ્રેક્ષા ❁

### પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

૧. એકસ્વભાવને અને અભેદસ્વભાવને એક માની શકાય ?
૨. પ્રયોજનસાપેક્ષ-નિરપેક્ષ લક્ષણાનું સ્વરૂપ, ઉપયોગ અને દૃષ્ટાંત રજૂ કરો.
૩. શરીરમાં ઉપચારથી ચૈતન્ય માની શકાય તો અમૂર્ત્તતા કેમ ન માની શકાય ?
૪. અગિયાર સામાન્ય સ્વભાવ કયા છે ? તથા તે પ્રત્યેક કયા નયને સંમત છે ?
૫. પુદ્ગલાણુમાં મૂર્ત્તતા વિશે સ્યાદ્વાદનો મત જણાવી દેવસેનજીને આવતી વદતો વ્યાઘાત આપત્તિ રજૂ કરો.
૬. લક્ષણા વિશે ટૂંકમાં વિવિધ વિદ્વાનોના મત રજૂ કરો.
૭. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપ જણાવી પરસ્પર અંતર્ભાવ વિશે છણાવટ કરો.
૮. દસ વિશેષ સ્વભાવ કયા છે ? તેને કયા નય ગ્રહણ કરે છે ?
૯. ગૌણી, શુદ્ધ, સારોપા અને સાધ્યવસાનિકા લક્ષણાનું સ્વરૂપ દૃષ્ટાંત દ્વારા સમજાવો.

### પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.

૧. ભેદકલ્પનાનિરપેક્ષ નય એટલે શું ?
૨. પુદ્ગલાણુમાં પ્રત્યક્ષનિરૂપિત વિષયતા માની શકાય ખરી ? શા માટે ?
૩. ભવ્ય-અભવ્ય સ્વભાવના જ્ઞાન માટે પરમભાવગ્રાહકનયની જરૂર કેમ પડી ?
૪. અમૂર્ત્તતા તિરોહિત હોય ત્યાં મૂર્ત્તતા અનન્ત્ય માનવી પડે - સમજાવો.
૫. વ્યવહારનયથી અને નિશ્ચયનયથી થતી તીર્થંકરસંબંધી સ્તુતિ કેવી હોય ?
૬. ચિત્સુખના શબ્દોમાં 'અજ્ઞાન' નું લક્ષણ જણાવો.
૭. એક પુદ્ગલાણુમાં કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય ?
૮. દેહધારી આત્માને 'જ્ઞાનયજ્ઞ' કહી ન શકાય - શાસ્ત્રના આધારે સમજાવો.
૯. અમૂર્ત્તત્વપ્રયુક્તત્વ એટલે શું ?
૧૦. દેશાન્વય અને કાલાન્વય ઉપર પ્રકાશ પાથરો.

### પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.

૧. સંસારી આત્મામાં મૂર્ત્તતા અન્ત્ય વિશેષ પર્યાયસ્વરૂપ નહિ બને.
૨. શરીર-ઇન્દ્રિય વગેરે કર્મમાં પરમભાવગ્રાહક નયના મતે મૂર્ત્તસ્વભાવ સંગત થાય છે.
૩. 'વૈયાકરણ ભાષ્ય' ઉપર 'પ્રદીપ' નામની વ્યાખ્યા રચાયેલ છે.
૪. ઉપચરિતસ્વભાવ સદ્ભૂત વ્યવહારનયથી જ માન્ય છે.
૫. સદ્ભૂત વ્યવહારનયથી ગુણ-પર્યાયમાં ભેદસ્વભાવ જાણવો.

૬. ધર્મદ્રવ્યમાં ઔપચારિક મૂર્ત્તતા છે.
૭. આરોપના નિમિત્તને અનુસરીને વસ્તુમાં આરોપ થઈ શકે.
૮. પર્યાયમાં ગુણ હોય છે.
૯. વાસુપૂજ્ય સ્વામી ભગવાન શ્વેત વર્ણવાળા હતા.
૧૦. 'હું મને જાણતો નથી' - આવી પ્રતીતિ અભાવાત્મક જ્ઞાનને સૂચવે છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. મમ્મટ કવિ | (૧) આઠમો દ્રવ્યાર્થિકનય |
| ૨. પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય | (૨) અભેદસ્વભાવ |
| ૩. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય | (૩) કાવ્યપ્રદીપ |
| ૪. આ ઘડો છે | (૪) નિત્યતા |
| ૫. ગોવિંદ | (૫) સાધ્યવસાના લક્ષણા |
| ૬. ઉત્પાદની ગૌણતા | (૬) સાહિત્યદર્પણ |
| ૭. લાલ ઘડો છે | (૭) નવમો દ્રવ્યાર્થિકનય |
| ૮. વિશ્વનાથ કવિ | (૮) સારોપા લક્ષણા |
| ૯. તીર્થઙ્કરોઽયં | (૯) એકસ્વભાવ |
| ૧૦. પ્રથમઃ તીર્થઙ્કરઃ | (૧૦) કાવ્યપ્રકાશ |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ----- માં સ્નિગ્ધ-રૂક્ષ પરિણામ નથી. (ધર્માસ્તિકાય, આકાશ, કાલ)
૨. ----- સ્વભાવ વિના વિભાવસ્વભાવ પ્રગટ થઈ શકતો નથી. (શુદ્ધ, અશુદ્ધ, ઉભય)
૩. દરેક વસ્તુ ---- થી છે, ---- થી નથી. (સ્વસ્વરૂપ, પરસ્વરૂપ, સર્વસ્વરૂપ)
૪. 'પેલુ રૂપ જૂનું છે' આ વાક્ય ---- ની સિદ્ધિ કરે છે. (દ્રવ્ય, ગુણ, પર્યાય)
૫. વિભાવસ્વભાવ ----- દ્રવ્યાર્થિકનયથી માન્ય છે. (શુદ્ધ, અશુદ્ધ, ઉભય)
૬. પુદ્ગલાણુમાં રૂપાદિમત્ત્વસ્વરૂપ ---- મૂર્ત્તત્વ છે. (વ્યાવહારિક, નૈશ્ચયિક, દ્રવ્યાર્થિક)
૭. 'બ્રહ્માઽહં' આ ---- જ્ઞાન છે. (ભ્રાન્ત, ભાવાત્મક, પારમાર્થિક)
૮. કાલાણુ ---- ની અપેક્ષાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. (ભૂતકાળ, ભવિષ્યકાળ, સર્વકાળ)
૯. ભેદકલ્પનાસાપેક્ષનયથી પરમાણુમાં અનેક પ્રદેશ સ્વભાવ ---- છે. (સ્વાભાવિક, આરોપિત, ભ્રાન્ત)

**નોંધ** :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.



દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
ઢાળ-૧૪
द्रव्यानुयोगपरामर्शः शाखा-१४
पर्यायप्रतिपादनम्
વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૪

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१४

पर्यायप्रतिपादनम्

# शाखा - १४ : पर्यायप्रतिपादनम्

पर्यायप्रकारदर्शनम् (१४/१)

व्यञ्जनादिपर्यायस्वरूपप्रदर्शनम् (१४/२)

व्यञ्जनादिपर्यायभेदोपदर्शनम् (१४/३)

शुद्धद्रव्यव्यञ्जनपर्यायनिरूपणम् (१४/३)

अशुद्धद्रव्यव्यञ्जनपर्यायनिरूपणम् (१४/४)

शुद्धाऽशुद्धगुणव्यञ्जनपर्यायप्रतिपादनम् (१४/४)

शुद्धाऽशुद्धद्रव्यार्थपर्यायनिरूपणम् (१४/५)

ऋजुसूत्रनयस्यापि अशुद्धाऽर्थपर्यायः अभिमतः (१४/६)

दीर्घाऽल्पकालस्थायित्वस्य द्वयोः पर्याययोः सङ्गतिः (१४/६)

द्वादशविधाः अगुरुलघुपर्यायाः (१४/७)

षड्विधः विभावाऽर्थपर्यायः (१४/७)

पुद्गल-तद्गुणेषु अर्थ-व्यञ्जनपर्यायप्रदर्शनम् (१४/८)

धर्मादिषु अर्थपर्यायविचारणा (१४/९)

धर्मादिषु अशुद्धद्रव्यव्यञ्जनपर्यायविचारणा (१४/१०)

संयोगादिषु पर्यायत्वसिद्धिः (१४/११-१२)

धर्मास्तिकायेऽपि अशुद्धपर्यायस्य विद्यमानता (१४/१३)

अशुद्धद्रव्यव्यञ्जनपर्यायविचारणा (१४/१४)

देवसेनप्ररूपितपर्यायचतुर्विधता तदुदाहरणदर्शनम् च (१४/१५-१६)

'गुणविकाराः पर्यायाः' इति मतनिराकरणम् (१४/१७)

द्रव्य-गुण-पर्यायपरीक्षोपसंहारः (१४/१८)

द्रव्यानुयोगपरामर्शतो यशःसुखसम्पल्लाभः (१४/१९)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૪ :

અહીં પર્યાયોના મુખ્યપણે બે પ્રકાર જણાવેલ છે - વ્યંજનપર્યાય અને અર્થપર્યાય. (૧૪/૧)

ત્રણે કાળને સ્પર્શનાર સ્થૂલ પર્યાય તે વ્યંજનપર્યાય. ઘટ વગેરેમાં રહેલ સૂક્ષ્મ અને વર્તમાનકાલીન પર્યાય તે અર્થપર્યાય. શબ્દથી વ્યક્ત થતા પર્યાય તે વ્યંજનપર્યાય. તે સિવાયના કેવલીએ જોયેલા પર્યાય તે અર્થપર્યાય. શબ્દવાચ્ય ઊર્ધ્વતાસામાન્યને તથા તિર્યક્સામાન્યને વ્યંજનપર્યાયરૂપે જાણવા. (૧૪/૨)

વ્યંજનપર્યાયમાં દ્રવ્યથી અને ગુણથી બે ભેદ પડે. તે બન્નેના શુદ્ધ અને અશુદ્ધ - એમ બે ભેદ પડે. આમ કુલ ચાર ભેદ પડે. અર્થપર્યાયમાં પણ તે જ રીતે ચાર ભેદ પડે. પ્રત્યેક સાધનાનું ચરમ ધ્યેય પોતાના શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયને પ્રગટાવવાનું છે. (૧૪/૩)

અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયમાં દેવ, મનુષ્ય વગેરે પ્રકારો સમજવા. કેવળજ્ઞાન શુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. મતિજ્ઞાન અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. (૧૪/૪)

ઋજુસૂત્રનયના મતે આત્માદિ દ્રવ્યની વર્તમાન ક્ષણ એ શુદ્ધ દ્રવ્યાર્થપર્યાય છે. આત્માદિ દ્રવ્યની વર્તમાનક્ષણસંતતિ એ અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાય છે. (૧૪/૫)

'પુરુષ' શબ્દ વ્યંજનપર્યાયને સૂચવે છે. 'બાલ, યુવાન' વગેરે અલ્પકાલીન અવસ્થા અર્થપર્યાયને સૂચવે છે. અશુદ્ધ ઋજુસૂત્રનય જે બાલપર્યાયને માને છે, તે અનેકક્ષણવિષયક છે. (૧૪/૬)

અગુરુલઘુપર્યાય ષડ્ગુણ વૃદ્ધિ-હાનિથી સૂક્ષ્મસ્વરૂપે મળે છે. તથા કેવળજ્ઞાનમાં ક્ષણભેદથી વિવિધ અર્થપર્યાય રહેલા છે. આથી કેવળજ્ઞાનમાં પણ શુદ્ધ-અશુદ્ધ ગુણઅર્થપર્યાય માની શકાય. (૧૪/૭)

પુદ્ગલને આશ્રયીને વિચારીએ તો અણુ = શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને દ્વયણુક = અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. પુદ્ગલના ગુણ = ગુણવ્યંજનપર્યાય - એમ સમજવું. અણુના ગુણ = શુદ્ધ ગુણવ્યંજનપર્યાય અને દ્વયણુકના ગુણ = અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય જાણવા. (૧૪/૮)

કેવળજ્ઞાનની જેમ ધર્માસ્તિકાય વગેરેમાં પણ ક્ષણિક એવા સૂક્ષ્મ અર્થપર્યાય રહે છે. (૧૪/૯)

ધર્માસ્તિકાયની આકૃતિ = શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને ધર્માસ્તિકાયનો જીવાદિ સાથે સંયોગ = અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય - એમ જાણવું. (૧૪/૧૦)

આકૃતિની જેમ એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગ પણ પર્યાય છે.(૧૪/૧૧-૧૨)

ધર્માસ્તિકાયમાં થતો પરદ્રવ્યનો સંયોગ અને આત્માનો મનુષ્યપર્યાય એ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય આત્માદિ દ્રવ્યનો સર્વથા નાશ કરી શકતા નથી. તેથી આત્માએ તમામ અવસ્થામાં દ્વેષાદિથી મુક્ત રહેવું. (૧૪/૧૩) ચેતન કે જડ દ્રવ્ય જ્યારે બીજા દ્રવ્યની અપેક્ષા રાખે ત્યારે તેમાં અશુદ્ધતા આવે છે. તેથી આપણે પુદ્ગલથી નિરપેક્ષ બનવા પ્રયત્ન કરવો. (૧૪/૧૪)

અન્ય રીતે સજાતીયદ્રવ્યપર્યાય, વિજાતીયદ્રવ્યપર્યાય, સ્વભાવગુણપર્યાય અને વિભાવગુણપર્યાય - એમ ચાર પ્રકારે પર્યાય બતાવેલ છે. દ્વયણુક, મનુષ્યપર્યાય, કેવળજ્ઞાન, મતિજ્ઞાન - આ તેના ક્રમશઃ ઉદાહરણ છે. તેમાંથી આપણે સ્વભાવગુણપર્યાય તરફ આપણી દૃષ્ટિ રાખવી.(૧૪/૧૫-૧૬)

પર્યાય દ્રવ્યનો વિકાર છે. 'તે ગુણનો વિકાર છે' - આ દેવસેનવચન ઉત્સૂત્ર છે. (૧૪/૧૭-૧૯)

ઢાળ - ૧૪

(રાગ મલ્હાર - મારગ વહિ રે ઉતાવળો - એ દેશી. મૂ૦ છોડી સીમંધરસ્વામીઆ. એ દેશી પા૦)

**સુણો ભેદ ♦પર્યાયના, તે દોઈ પ્રકાર;**
**વ્યંજન અર્થ વિભેદથી, ✿સંખેપઈ સાર ॥૧૪/૧॥ (૨૨૭)**
**શ્રી જિનવાણી આદરો. (આંકણી)**

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - १४ (आर्याच्छन्दः)

प्रतिज्ञानुसारेण अवसरसङ्गतिप्राप्तं पर्यायं तत्त्व-भेद-पर्यायैः व्याचष्टे – '**श्रुणुत**' इति।

**श्रुणुत पर्यायभेदान्, ते द्विधा सन्ति समासतः सिद्धान्ते।**
**व्यञ्जनार्थविभेदेन, समाद्रियध्वं हि जिनागमम्॥१४/१॥**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पर्यायभेदान् श्रुणुत। ते व्यञ्जनार्थविभेदेन सिद्धान्ते समासतः द्विधा सन्ति। (अतः) जिनागमं हि समाद्रियध्वम्॥१४/१॥

परस्परव्यावृत्तिलक्षणाः पर्यायाः। तदुक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "भेदात्मकाः पर्यायाः" (सि.वि.१०/१) इति। सूचि-कटाहन्यायेन अधुना पर्यायसमानार्थकाः शब्दाः दर्श्यन्ते। तथाहि – "पर्यायः, पर्यवः, धर्मः, विशेषः, अवस्था, भेदः, भावः, अंशः – इत्यादयः समानार्थकाः शब्दाः" **विशेषावश्यक-**

❋ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ** ❋

[illegible] :- તેરમી શાખાના છેલ્લા શ્લોકમાં કરેલી પ્રતિજ્ઞા મુજબ ગ્રંથકારશ્રી ચૌદમી શાખામાં અવસરસંગતિને પામેલા પર્યાયને તત્ત્વ = લક્ષણ, પ્રકાર અને પર્યાયવાચી નામ દ્વારા જણાવે છે :-

[illegible] :- તમે પર્યાયના ભેદોને સાંભળો. વ્યંજનપર્યાયના અને અર્થપર્યાયના ભેદથી તે પર્યાયો સિદ્ધાંતમાં સંક્ષેપથી બે પ્રકારે દર્શાવેલ છે. તમે જિનાગમને જ સારી રીતે આદરો. (૧૪/૧)

卐 **પર્યાયના સમાનાર્થક શબ્દોનું નિરૂપણ** 卐

[illegible] :- પરસ્પરવ્યાવૃત્તિ એ પર્યાયનું લક્ષણ છે. **અકલંકસ્વામીએ સિદ્ધિવિનિશ્ચય**માં જણાવેલ છે કે 'પર્યાય ભેદસ્વરૂપ છે.' તત્ત્વ-ભેદ-પર્યાય ક્રમથી પદાર્થનિરૂપણ થાય - આવો નિયમ હોવાથી પર્યાયનું તત્ત્વ = સ્વરૂપ જણાવ્યા બાદ હવે પર્યાયના ભેદ જણાવવાનો અવસર છે. પરંતુ તેમાં ઘણું કહેવાનું હોવાથી હમણાં સૂચિ-કટાહન્યાયથી પર્યાયના સમાનાર્થક શબ્દ દેખાડાય છે. પર્યાયના સમાનાર્થક શબ્દો નીચે મુજબ જાણવા. '(૧) પર્યાય, (૨) પર્યવ, (૩) પર્યય, (૪) ધર્મ, (૫) વિશેષ, (૬) અવસ્થા, (૭) ભેદ, (૮) ભાવ, (૯) અંશ વગેરે શબ્દો એક જ અર્થને જણાવનારા છે' - તેમ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ દર્શાવેલ છે. દિગંબરીય **પંચાધ્યાયીપ્રકરણ**માં પર્યાયના

♦ પુસ્તકોમાં 'પજ્જાયના' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✿ કો.(૧)માં 'સદા કાલિ સંખેય...' પાઠ.

***अधुना क्रमागतपर्यायलक्षणं वक्ष्यामः इति न्यायात्.**[ß] હવેં **પર્યાયના ભેદ** કહે છે, તે ભવિ પ્રાણી ! **(સુણો=)** સાંભળો.* **તે** પર્યાય સંક્ષેપઈ **૨ પ્રકારઈ (સાર)** હોઈ. એક **વ્યંજન** પર્યાય બીજો **અર્થ** પર્યાય એ **(વિભેદથી)** ૨ ભેદ જાણવો. **સંક્ષેપઈ** કહ્યા.♦ ▸**શ્રી જિન** વીતરાગની **વાણી** ભાવસ્યું **આદરો.**◂ □॥૧૪/૧॥

**भाष्यवृत्तौ** (वि.आ.भा.गा.५५ + ८३ + ५४४ वृ.) श्री**हेमचन्द्रसूरि**भिः दर्शिताः, **पञ्चाध्यायीप्रकरणे** च "अपि चांशः पर्यायो भागो हारो विधा प्रकारश्च। भेदश्छेदो भङ्गः शब्दाश्चैकार्थवाचका एते।।" (पञ्चा.१/६०) इत्युक्ताः। तेऽत्र पूर्वोक्ताः (२/२) इह स्मर्याः। समानार्थकपदैः ज्ञातैः अन्यस्थानेषु अन्यनामश्रवणतः श्रोतृणां व्यामोहो न भवति, नानादेशजशिष्याणाञ्च सुखेनैवार्थप्रतिपत्तिर्भवति। यदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"अव्वामोहाइनिमित्तमाह पज्जायनामाइं" (वि.आ.भा.८७१) इति।

हे कल्याणकामिनः ! साम्प्रतं **पर्यायभेदान् श्रुणुत**। **ते** पर्यायाः **सिद्धान्ते** = जिनागमे **समासतः** = सङ्क्षेपमाश्रित्य **व्यञ्जनार्थविभेदेन द्विधा** = द्विप्रकाराः प्रदर्शिताः **सन्ति**। व्यञ्जनपर्यायः अर्थपर्यायश्चेत्येवं प्रकारद्वितयं पर्यायसत्कं जिनागमे निर्दिष्टमिति **जिनागमं हि** = एव सम्यक् श्रुत्वा **समाद्रियध्वम्**। "हिः स्याद्धेत्ववधारणे" (ए.को.३६) इति **एकाक्षरकोषे पुरुषोत्तमदेव**वचनादत्रावधारणार्थे हिः योजितः।

સમાનાર્થક શબ્દો આ પ્રમાણે જણાવેલા છે કે "(૧) અંશ, (૨) પર્યાય, (૩) ભાગ, (૪) હાર, (૫) વિધા, (૬) પ્રકાર, (૭) ભેદ, (૮) છેદ, (૯) ભંગ - આ શબ્દો ખરેખર એકાર્થવાચક છે." આ ગ્રંથમાં પૂર્વે (૨/૨) પણ તેને જણાવેલ છે. અહીં તેને યાદ કરવા. પર્યાયવાચી = સમાનાર્થક. અલગ-અલગ નામો જાણેલા હોય તો જુદા-જુદા સ્થાને જુદા-જુદા નામો સાંભળવાથી વાચકવર્ગને વ્યામોહ નથી થતો તથા જુદા-જુદા દેશમાં ઉત્પન્ન થયેલા શિષ્યોને સુખેથી અર્થબોધ થાય છે. તે માટે પણ સમાનાર્થક શબ્દો શાસ્ત્રમાં જણાવાય છે. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'વ્યામોહ ન થાય તેવા કારણસર ગ્રંથકાર એકાર્થવાચક પદોને જણાવે છે.'

## ❋ પર્યાયના પ્રકારોનું પ્રતિપાદન ❋

(हे.) હે કલ્યાણકામી ઉત્તમ જીવો ! હવે તમે પર્યાયના પ્રકારોને સાંભળો. શ્રીજિનાગમમાં સંક્ષેપની અપેક્ષાએ તે પર્યાયો વ્યંજનના અને અર્થના ભેદથી બે પ્રકારે બતાવેલ છે - વ્યંજનપર્યાય અને અર્થપર્યાય. આ રીતે પર્યાયસંબંધી પ્રકારયુગલ = ભેદયુગ્મ જે શ્રીજિનાગમમાં દર્શાવેલ છે તે જિનાગમને જ તમે સારી રીતે સાંભળીને સાચી રીતે આદરો. "હેતુ તથા અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આ મુજબ **એકાક્ષરકોષમાં પુરુષોત્તમદેવે** જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલો 'हि' અવ્યય અવધારણ અર્થમાં યોજેલ છે.

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પા.(૧)માં છે. ß 'इति न्यायाद्' इति पाठः निरुपयोगी। ♦ લા.(૨)માં 'શ્રી જિનવાણી ભવિક નર તુમ્હે આદર કરઓ.' પાઠ. □ શ્રી વીતરાગવાણી ધારો. ભા૦ હે ભવિક પ્રાણી શ્રી વીતરાગ કથિત વચન સમ્યગ્ પ્રકારે કરીને સાંભળીને આદરો. પાલિ૦ ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

1. अव्यामोहादिनिमित्तमाह पर्यायनामानि।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) सैद्धान्तिकतत्त्वनिरूपणं सर्वदा शास्त्रानुसारेणैव कर्तव्यम्। तत्कृते (२) शास्त्राणि स्वभ्यस्यानि। (३) शास्त्राणि तदुपदेशकञ्च प्रति सम्यग् आदरः कार्यः। इत्थमागमः सकलसम्यग्ज्ञानं चात्मनि तत्त्वतः परिणमतः। आगमपरिणतिप्रादुर्भावोपायोऽयमात्मार्थिनाऽवधेयः। तत एव "अनन्तमपरायत्तमनाबाधमनुत्तरम्। अनौपम्यं सुखं तत्र तस्य स्वाभाविकं सदा।।" (न.त.सं. १०८) इति **नवतत्त्वसंवेदने अम्बप्रसादवर्णितं** सिद्धसुखं सुलभं स्यात्।।१४/१।।

## ❋ આગમપરિણતિને પ્રગટાવવાના ઉપાય ❋

[redacted] :- (૧) સૈદ્ધાંતિક બાબતોનું નિરૂપણ હંમેશા શાસ્ત્રાનુસારે જ કરવું જોઈએ. તે માટે (૨) શાસ્ત્રોને સારી રીતે ભણવા જોઈએ તથા (૩) શાસ્ત્રો પ્રત્યે અને શાસ્ત્રના ઉપદેશક પ્રત્યે સાચો આદરભાવ કેળવવો જોઈએ. આ ત્રણેય બાબતની કાયમ પૂરતી કાળજી રાખવામાં આવે તો જ આગમનું અને સમ્યગ્જ્ઞાનનું આપણામાં તાત્ત્વિક પરિણમન થાય. આગમપરિણતિનો ઉઘાડ કરવા માટેની આ ચાવી પ્રત્યેક આત્માર્થી જીવે ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. તેનાથી જ **નવતત્ત્વસંવેદન**માં દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય. ત્યાં શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદજી**એ જણાવેલ છે કે "તે સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંતનું સુખ (૧) અનન્ત, (૨) સ્વાધીન, (૩) પીડારહિત, (૪) સર્વશ્રેષ્ઠ, (૫) નિરુપમ, (૬) સ્વાભાવિક તથા (૭) સદા રહેનારું હોય છે." (૧૪/૧)

**લખી રાખો ડાયરીમાં.....**

- સાધનામાં જગતનો વિયોગ મહત્ત્વનું પરિબળ છે.
  દા.ત. કુલવાલક મુનિ.
  ઉપાસનામાં જગતનું વિસ્મરણ મહત્ત્વનું પરિબળ છે.
  દા.ત. નરસિંહ મહેતા.
- વાસના બજારુ ચીજ છે; વાસનાપૂર્તિના સાધન પણ બજારુ બની શકે છે.
  ગુપ્ત અને ગહન ઉપાસનાના કદી ક્યાંય બજાર હોતા નથી.
- સાધના દુઃખ વેઠીને પણ પાપને છોડી પુણ્યને પકડે છે.
  ઉપાસના દોષને છોડી ગુણને આત્મસાત્ કરે છે.
- વાસના આત્માને મલિન કરે છે.
  ઉપાસના આત્માને ઉજ્જવળ કરે છે.

**[§]અનુગતકાલકલિત[□] કહિયો, વ્યંજનપર્યાય;**

**વર્ત્તમાન સૂક્ષ્મ[♦] તિહાં, અત્થહ પજ્જાય ॥૧૪/૨॥ (૨૨૮) શ્રી જિન.**

જે જેહનો ત્રિકાલસ્પર્શી (=**અનુગતકાલકલિત**) પર્યાય, તે તેહનો **વ્યંજનપર્યાય કહિઈં**, જિમ ઘટાદિકનઈં મૃદાદિ પર્યાય.

---

तौ एव निरूपयति – '**नाने**'ति।

**नानाकालानुगतः व्यञ्जनाभिधानपर्यायः।**

**तत्र ह्यर्थपर्ययः सूक्ष्मो वर्त्तमानश्चोक्तः।।१४/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – व्यञ्जनाभिधानपर्यायः नानाकालानुगतः। तत्र (यः) सूक्ष्मः वर्त्तमानश्च (पर्यायः सः) हि अर्थपर्ययः उक्तः।।१४/२।।

यो यस्य **नानाकालानुगतः** = त्रिकालस्पर्शी स्थूलश्च पर्यायः स तस्य **व्यञ्जनाभिधानपर्यायः** = व्यञ्जनपर्यायः = शब्दपर्यायः कथ्यते, नानाक्षणवर्त्तित्वेन शाब्दिकसङ्केताश्रयतया शब्दविषयत्वात्। यथा घटादेः मृन्मयत्व-पार्थिवत्वादिपर्यायः अतीताऽनागतवर्त्तमानकालानुगततया व्यञ्जनपर्याय उच्यते।

**नियमसारवृत्तौ** तु "व्यज्यते = प्रकटीक्रियते अनेन इति व्यञ्जनपर्यायः। कुतः ? लोचनगोचरत्वात्, पटादिवत्। अथवा सादि-सनिधनमूर्त्तविजातीयविभावस्वभावत्वात्, दृश्यमानविनाशस्वरूपत्वाद्" (नि.सा.१५ वृ.पृ.३७) इति **पद्मप्रभः**।

---

[illegible] :- વ્યંજનપર્યાયનું અને અર્થપર્યાયનું જ ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં નિરૂપણ કરે છે.

[illegible] :- 'વ્યંજન' નામનો પર્યાય અનેક કાળમાં અનુગત છે. તથા ત્યાં સૂક્ષ્મ અને વર્તમાનકાલીન પર્યાય અર્થપર્યાય કહેવાયેલ છે. (૧૪/૨)

**❋ વ્યંજનપર્યાયનું નિરૂપણ ❋**

[illegible] :- જે પદાર્થમાં વર્તમાન, ભૂત અને ભવિષ્ય - આમ ત્રણેય કાળને સ્પર્શનારો અને સ્થૂલ એવો જે પર્યાય હોય તે પર્યાય તે પદાર્થનો વ્યંજનપર્યાય કહેવાય છે. 'વ્યંજન' પદનો અર્થ થાય છે 'શબ્દ'. તેથી વ્યંજનપર્યાય શબ્દપર્યાય તરીકે પણ કહેવાય છે. ત્રિકાલાનુગત પર્યાયમાં શાબ્દિક સંકેત થઈ શકતો હોવાથી તે શબ્દનો વિષય બની શકે છે. તેથી તે શબ્દપર્યાય = વ્યંજનપર્યાય કહેવાય છે. જેમ કે ઘટ વગેરેનો મૃન્મયત્વ, પાર્થિવત્વ વગેરે પર્યાય વ્યંજનપર્યાય કહેવાય છે. કારણ કે તે અતીત, અનાગત અને વર્ત્તમાન - એમ ત્રણેય કાળમાં અનુગત છે.

**❋ દિગંબર દૃષ્ટિએ વ્યંજનપર્યાય ❋**

**(निय.) નિયમસારવૃત્તિ**માં દિગંબર **પદ્મપ્રભજી** તો વ્યંજનપર્યાયની ઓળખ આપતાં જણાવે છે કે 'વસ્તુ જેનાથી વ્યક્ત થાય = પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે ? પટાદિની માફક ચક્ષુગોચર હોવાથી અથવા સાદિ-સાંત મૂર્ત્ત વિજાતીયસ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો

---

§ પ.માં 'અનુમત' અશુદ્ધ પાઠ. □ મો.(૨)માં 'કલિત' પાઠ નથી. ♦ પુસ્તકોમાં 'સૂષિમ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

(**તિહાં**=) તેહમાં **સૂક્ષ્મ વર્ત્તમાન** કાલવર્ત્તી **અર્થપર્યાય**.
જિમ ઘટનઈં તત્તત્ક્ષણવર્ત્તી પર્યાય. ॥૧૪/૨॥

---

**तत्र** घटादौ यः **सूक्ष्मः वर्त्तमानश्च** = वर्त्तमानसमयवर्त्ती पुनः पर्यायः स **हि** = एव **अर्थपर्ययः** = अर्थपर्यायः **उक्तः** = कथितः, शब्दाऽविषयत्वे सति अर्थनिष्ठत्वात्। "हिर्हेतावधारणे" (ल.ना.को. १६०) इति **लघुतमनामकोशे आनन्दसागरसूरि**वचनानुसारेणात्र अवधारणार्थे हिः प्रायोजि। ***न चार्थ***-पर्यायाणाम् अर्थपर्यायशब्दगोचरत्वेनाऽसिद्धमिदमिति ***शङ्कनीयम्***, तेषाम् अर्थपर्यायशब्दगोचरत्वेऽपि, क्षणिकत्वेन प्रातिस्विकशाब्दिकसङ्केताऽनाश्रयतया विशिष्य शब्दाऽविषयत्वात्, यथा घटादौ तत्तत्समयवर्त्ती पर्यायः।

**द्वादशारनयचक्रटिप्पणे** "पर्यायो द्विविधः – (१) व्यञ्जनपर्यायः (२) अर्थपर्यायश्चेति। यस्य त्रिकाल-

---

હોવાથી પ્રગટ થાય છે.' દા.ત. મનુષ્યદશા એ આત્માનો વ્યંજનપર્યાય છે. કારણ કે તે સાદિ-સાંત છે, મૂર્ત્ત છે, આત્માનો વિજાતીયપર્યાય છે તથા કર્મપુદ્ગલદ્રવ્યપ્રેરિત હોવાથી વિભાવસ્વભાવાત્મક છે.

**❀ અર્થપર્યાયની પ્રરૂપણા ❀**

(**तत्र.**) તે ઘટ વગેરેમાં જે પર્યાય સૂક્ષ્મ હોય અને કેવળ વર્ત્તમાનસમયવર્તી હોય તે પર્યાય જ અર્થપર્યાય કહેવાય છે. કારણ કે તે શબ્દનો વિષય નથી બનતા અને અર્થમાં રહે છે. **લઘુતમનામકોશ**માં **આનંદસાગરસૂરિજી**એ હેતુ અને અવધારણ - આ બે અર્થમાં 'हि' નો પ્રયોગ માન્ય કરેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'हि' અવધારણ = જકાર અર્થમાં પ્રયોજેલ છે. હવે મૂળ વાત પર આવીએ. જો કે "અર્થપર્યાયો એ 'અર્થપર્યાય' એવા શબ્દનો વિષય હોવાથી આ કથન અસિદ્ધ છે" - આવી શંકા કોઈને થઈ શકે છે. પણ તે શંકા વ્યાજબી નથી. કેમ કે તે અર્થપર્યાયો 'અર્થપર્યાય' શબ્દનો વિષય બનવા છતાં પણ ક્ષણિક હોવાથી તેમાં વિશેષ પ્રકારનો = દરેકમાં જુદા-જુદા પ્રકારનો શાબ્દિક સંકેત થઈ શકતો નથી. તેથી તે વિશેષરૂપે શબ્દનો વિષય બનતા નથી. જેમ કે ઘટ વગેરેમાં તે તે સમયે રહેનારો પર્યાય.

[illegible] :- જે પર્યાય દીર્ઘકાળ રહેનારો હોય, તેમાં શબ્દનો સંકેત કરવો શક્ય છે. તેથી શબ્દ દ્વારા તેનું નિરૂપણ થઈ શકે છે. આમ અનેકક્ષણવર્તી પર્યાય શબ્દગમ્ય હોવાથી શબ્દપર્યાય = વ્યંજનપર્યાય કહેવાય છે. પરંતુ જે પર્યાય ક્ષણિક હોય તેમાં શબ્દનો સંકેત કરવો શક્ય નથી. કારણ કે તે ક્ષણિક પર્યાયની ઉત્પત્તિ પછી તેને ઉદ્દેશીને શાબ્દિક સંકેત કરવામાં આવે તે સમયે તે વિનાશ પામી ચૂકેલો હોય છે. તેથી તેનું શબ્દ દ્વારા નિરૂપણ થવું શક્ય નથી. શબ્દગમ્ય ન હોવા છતાં તે ક્ષણિક પર્યાય અર્થમાં રહેતો હોવાથી અર્થપર્યાય કહેવાય છે. જો કે 'અર્થપર્યાય' નામના શબ્દનો તેને વિશે શાબ્દિક સંકેત થઈ શકે છે. પરંતુ જુદા જુદા અર્થપર્યાયમાં તેના અલગ-અલગ વિશેષ સ્વરૂપને દર્શાવનાર ચોક્કસ પ્રકારનો (= પ્રાતિસ્વિક) સંકેત થઈ શકતો નથી. પ્રાતિસ્વિક સંકેતનો આશ્રય ન હોવાથી અર્થપર્યાય વિશેષરૂપે શબ્દનો વિષય બનતા નથી. તેથી તે શબ્દપર્યાય નહિ પણ અર્થપર્યાય કહેવાય છે.

**❀ તિર્યક્ સામાન્ય વ્યંજનપર્યાયસ્વરૂપ ❀**

(**द्वादशार.**) **દ્વાદશારનયચક્રટિપ્પણ**માં **શ્રીલબ્ધિસૂરિજી** મહારાજે પર્યાયને વિશે બહુ સુંદર મજાની

स्पर्शनः पर्यायः स व्यञ्जनपर्यायः, यथा घटादीनां मृदादिपर्यायो व्यञ्जनपर्यायः मृन्मयः सुवर्णादिधातुमयो वा। घटः कालत्रयेऽपि मृदादिपर्यायत्वं व्यञ्जयति। सूक्ष्मः वर्त्तमानकालवर्ती अर्थपर्यायः, यथा घटादेः तत्तत्क्षणवर्त्ती पर्यायः" (द्वा.न.च.अर.१/भाग-२/पृष्ठ-७) इत्येवं **श्रीलब्धिसूरिभिः** उक्तम्। ***एतावता*** पूर्वं द्वितीयशाखायां (२/५) व्यावर्णितस्य तिर्यक्सामान्यस्य व्यञ्जनपर्यायरूपतैव ***सूचिता,*** नानाक्षणव्यापित्वे सति शब्दवाच्यस्थूलपर्यायत्वात्। कालत्रयव्यापित्वेऽपि देशान्वयप्राधान्यविवक्षणाद् भिन्नप्रदेशिषु मार्त्तादिव्यक्तिषु पूर्वोक्तरीत्या (२/५) एकाकारप्रतीतिजनकत्वेन मृन्मयत्व-पार्थिवत्वादीनां तिर्यक्सामान्यत्वं शब्दवाच्यत्वेन च व्यञ्जनपर्यायत्वमनाविलम्। व्यञ्जनपर्यायगतकालान्तरस्थायित्वसिद्धिकृतेऽत्र कालत्रयनिर्देशो ज्ञेयः।

तदुक्तं **रत्नाकरावतारिकायां श्रीरत्नप्रभसूरिभिः** "तिर्यक्सामान्यं तु प्रतिव्यक्ति सदृशपरिणामलक्षणं व्यञ्जनपर्याय एव, स्थूलाः कालान्तरस्थायिनः शब्दानां सङ्केतविषया व्यञ्जनपर्यायाः"(रत्ना.अ.७/६) इति।

---

વાત કરેલી છે. તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે કે 'પર્યાયના બે પ્રકાર છે. વ્યંજનપર્યાય અને અર્થપર્યાય. જે પદાર્થનો જે પર્યાય ત્રિકાલસ્પર્શી હોય તે પર્યાય વ્યંજનપર્યાય કહેવાય છે. જેમ કે ઘટાદિ દ્રવ્યનો માટી (=માર્ત્તત્વ) વગેરે પર્યાય તે વ્યંજનપર્યાય કહેવાય. ઘડો જેમ માટીમાંથી બને છે તેમ સુવર્ણ, ચાંદી વગેરે ધાતુમાંથી પણ બને છે. તેથી ઘટ વગેરેનો મૃન્મય પર્યાય કે સુવર્ણાદિધાતુમય પર્યાય તે વ્યંજનપર્યાય કહેવાય. ઘટ વર્તમાન, ભૂત અને ભવિષ્ય - એમ ત્રણેય કાળમાં મૃદાદિપર્યાયપણાને વ્યક્ત કરે છે. (તેથી તે મૃન્મય આદિ પર્યાય વ્યંજનપર્યાય કહેવાય છે.) જે પર્યાય સૂક્ષ્મ હોય અને વર્તમાન કાળમાં રહેનારો હોય તે અર્થપર્યાય કહેવાય છે. જેમ કે ઘટ વગેરેનો તે તે ક્ષણવર્તી પર્યાય અર્થપર્યાય કહેવાય છે.' આવું કહેવા દ્વારા **શ્રીલબ્ધિસૂરિજી** મહારાજે 'તિર્યક્સામાન્ય એ વ્યંજનપર્યાયસ્વરૂપ જ છે' એવું સૂચિત કરેલ છે. કારણ કે તિર્યક્સામાન્ય અનેક ક્ષણમાં વ્યાપીને રહેલ છે અને તે શબ્દવાચ્ય છે, સ્થૂલ પર્યાય છે. મૃન્મયત્વ વગેરે પર્યાય ત્રણેય કાળમાં રહેવા છતાં પણ અહીં તેમાં દેશાન્વયની મુખ્યતા વિવક્ષિત છે. તેથી જુદા-જુદા પ્રદેશોમાં (અવયવોમાં) રહેલ માર્ત્ત વસ્તુઓમાં, પૂર્વે (૨/૫) જણાવ્યા મુજબ એકાકારતાની પ્રતીતિ કરાવવાના લીધે મૃન્મયત્વ, પાર્થિવત્વ વગેરે તિર્યક્સામાન્યરૂપે નિરાબાધપણે સિદ્ધ થાય છે. તથા શબ્દવાચ્ય હોવાના લીધે વ્યંજનપર્યાયરૂપે નિરાબાધપણે સિદ્ધ થાય છે. વ્યંજનપર્યાય કાલાન્તરસ્થાયી હોય છે. વ્યંજનપર્યાય તરીકે વિવક્ષિત મૃન્મયત્વ વગેરેમાં કાલાન્તરસ્થાયિત્વની સિદ્ધિ માટે **દ્વાદશારનયચક્રટિપ્પણ**માં કાલત્રયનો નિર્દેશ કર્યો છે - તેમ જાણવું.

### ❀ રત્નપ્રભસૂરિમતપ્રદર્શન ❀

**(તદુ.) રત્નાકરઅવતારિકા**માં **શ્રીરત્નપ્રભસૂરિજી** મહારાજે પણ જણાવેલ છે કે 'તિર્યક્ સામાન્ય તો પ્રત્યેક વ્યક્તિમાં સમાન પરિણામ સ્વરૂપ છે. આવું તિર્યક્સામાન્ય એ વ્યંજનપર્યાય જ છે. કારણ કે જે પર્યાયો સ્થૂલ હોય, કાલાંતરમાં રહેનારા હોય, તેમાં શબ્દનો સંકેત થઈ શકતો હોવાથી તે પર્યાયો વ્યંજનપર્યાય કહેવાય છે.'

एतदनुवादरूपेण **यशोविजयवाचकवरेण्यै**रपि "तिर्यक्सामान्यं तु प्रतिव्यक्ति सादृश्यपरिणतिलक्षणं व्यञ्जनपर्याय एव, 'स्थूलाः कालान्तरस्थायिनः शब्दानां सङ्केतविषयाः = व्यञ्जनपर्याया' इति प्रावचनिकप्रसिद्धेः" (स.न.प्र.पृ.४८) इत्युक्तं **सप्तभङ्गीनयप्रदीपे**। शब्दसङ्केतगोचरीभूतम् ऊर्ध्वतासामान्यमपि व्यञ्जनपर्याय एवेति ध्येयम्।

**अध्यात्मबिन्दुस्वोपज्ञवृत्तौ हर्षवर्धनोपाध्यायेन** "अर्थपर्यायो नाम भूतत्व-भविष्यत्त्वसंस्पर्शरहितशुद्धवर्त्तमानकालाऽवच्छिन्नं वस्तुस्वरूपम् तदेतद् ऋजुसूत्रविषयमामनन्ति। व्यञ्जनं = व्यक्तिः = प्रवृत्ति-निवृत्तिनिबन्धनयत्किञ्चिदर्थक्रियाकारित्वम्। तेन उपलक्षितः पर्यायः = व्यञ्जनपर्यायः" (अ.बि.१/२१ वृ.) इति व्याख्यातम्।

अनुगतबुद्धिजनकत्वात् सामान्यलक्षणा व्यञ्जनपर्यायाः व्यावृत्तिबुद्धिजनकत्वाद् विशेषलक्षणाश्चार्थपर्याया इत्यपि परिभाषान्तरं बोध्यमत्र।

---

### ❀ સપ્તભંગીનયપ્રદીપ ગ્રંથનો સંવાદ ❀

(एत.) રત્નાકરઅવતારિકા ગ્રંથના પ્રસ્તુત સંદર્ભના અનુવાદરૂપે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ **સપ્તભંગી નયપ્રદીપ** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "તિર્યક્સામાન્ય તો દરેક વ્યક્તિમાં સાદૃશ્ય પરિણતિ સ્વરૂપ છે. તે વ્યંજનપર્યાય જ છે. કારણ કે 'જે પર્યાયો સ્થૂલ હોય, કાલાંતરમાં રહેનારા હોય અને શબ્દના સંકેતનો વિષય બનતા હોય તે વ્યંજનપર્યાય કહેવાય છે' - આ પ્રમાણે જૈન શાસનમાં પ્રસિદ્ધ છે." શબ્દસંકેતવિષયભૂત ઊર્ધ્વતાસામાન્ય પણ વ્યંજનપર્યાય જ છે. આ વાત ખ્યાલમાં રાખવી.

### ❁ તિર્યક્ સામાન્ય સ્થૂલપર્યાય ❁

**સ્પષ્ટતા** :- વ્યંજનપર્યાયો વસ્તુના સ્થૂલ પર્યાય છે. કારણ કે તે કાલાંતરમાં રહેનારા છે. તેથી જ તે શબ્દના સંકેતનો વિષય બને છે. તેથી જ તે શબ્દપર્યાય = વ્યંજનપર્યાય કહેવાય છે. અનેક ઘડામાં કંબુગ્રીવાદિમત્ત્વાદિ સ્વરૂપ સમાન પરિણતિ એ જ તિર્યક્ સામાન્ય. તથા આ તિર્યક્સામાન્ય સ્થૂલ પર્યાય છે. કારણ કે તે દીર્ઘ કાળ સુધી રહેનાર છે. તેથી જ શાબ્દિક સંકેતનો વિષય તિર્યક્ સામાન્ય બની શકે છે. તેથી તે વ્યંજનપર્યાય સ્વરૂપ જાણવો. આ પ્રમાણે શ્રી**રત્નપ્રભસૂરિજી** મહારાજાનું અને **મહોપાધ્યાયજી** મહારાજાનું પ્રસ્તુતમાં તાત્પર્ય જણાય છે.

### ❈ હર્ષવર્ધનઉપાધ્યાય મતનું વિજ્ઞાપન ❈

(अध्या.) **અધ્યાત્મબિંદુ** ગ્રંથની સ્વોપજ્ઞ **વ્યાખ્યામાં** શ્રી**હર્ષવર્ધન** ઉપાધ્યાયજીએ આ અંગે એમ જણાવેલ છે કે "ભૂતકાલીનત્વ-ભવિષ્યકાલીનત્વના સંસ્પર્શથી શૂન્ય શુદ્ધ વર્ત્તમાનકાળથી અવચ્છિન્ન એવું જે વસ્તુનું સ્વરૂપ છે, તેનું જ નામ અર્થપર્યાય છે. પ્રસ્તુત અર્થપર્યાયને શાસ્ત્રકારો ઋજુસૂત્રનયનો વિષય માને છે. તથા વ્યંજન = વ્યક્તિ. મતલબ કે પ્રવૃત્તિ-નિવૃત્તિમાં કારણ બને તેવા પ્રકારનું પ્રતિનિયત અર્થક્રિયાકારિત્વ તે વ્યંજન છે. તેનાથી સૂચિત થયેલો પર્યાય વ્યંજનપર્યાય કહેવાય છે."

### ❁ સામાન્ય = વ્યંજનપર્યાય, વિશેષ = અર્થપર્યાય ❁

(अनु.) 'વ્યંજનપર્યાય અનુગતબુદ્ધિના જનક છે. તેથી તે સામાન્યપદાર્થસ્વરૂપ છે. તથા અર્થપર્યાયો

"अर्थपर्यायः सूक्ष्मः प्रतिक्षणध्वंसी उत्पाद-व्ययलक्षणः" (का.अ.गा.२७४/वृ.पृ.१९७) इति **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्रः**।

**विशेषावश्यकभाष्यवृत्तौ मलधारिश्रीहेमचन्द्रसूरिभिस्तु** – "प्रज्ञाप्यन्ते = प्ररूप्यन्ते इति प्रज्ञापनीयाः वचनपर्यायत्वेन श्रुतज्ञानगोचरा इत्यर्थः। के ? भावा ऊर्ध्वाऽधस्तिर्यग्लोकान्तर्निविष्टभू-भवन-विमान-ग्रह -नक्षत्र-तारकाऽर्केन्द्वादयः ते सर्वेऽपि मिलिताः। किम् ? इत्याह -अनन्ततमे एव भागे वर्त्तन्ते। केषाम् ? अत्राह – अनभिलाप्यानाम् अर्थपर्यायत्वेन अवचनगोचरापन्नानाम्" (वि.आ.भा.१४१ वृ.) इत्युक्त्या अभिलाप्यभावानां व्यञ्जनपर्यायत्वम् अनभिलाप्यभावानाञ्चार्थपर्यायत्वमावेदितम्।

अग्रे च तत्रैव तैरेव "इन्द्रो दुश्च्यवनो हरिः – इत्यादि(पर्याय)शब्दैः येऽभिलप्यन्ते ते सर्वेऽपि शब्दपर्यायाः। ये त्वभिलपितुं न शक्यन्ते श्रुतज्ञानविषयत्वाऽतिक्रान्ताः केवलज्ञानादिविषयाः तेऽर्थपर्यायाः" (वि.आ.भा.२१८० मल.हे.वृ.) इत्युक्त्या पर्यायशब्दवाच्यस्य अर्थपरिणामस्य व्यञ्जनपर्यायत्वमुक्तम्।

---

વ્યાવૃત્તિબુદ્ધિના = ભેદબુદ્ધિના જનક છે. તેથી અર્થપર્યાયો વિશેષપદાર્થસ્વરૂપ છે.' આ અન્ય પરિભાષા પણ ખ્યાલમાં રાખવી.

("अर्थ.) **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં દિગંબર **શુભચંદ્રજી**એ 'સૂક્ષ્મ, પ્રતિક્ષણધ્વંસી, ઉત્પાદ-વ્યયરૂપ અર્થપર્યાય છે' - આમ જણાવેલ છે.

### ❈ અભિલાપ્યભાવ = વ્યંજનપર્યાય : શ્રીહેમચન્દ્રસૂરિ ❈

(विशेषा.) **વિશેષાવશ્યકભાષ્ય**ની **વૃત્તિ**માં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિજી** મહારાજે તો પ્રસ્તુત વિષયમાં વિશેષ પ્રકાશ પાથરેલ છે. તેઓશ્રીએ ત્યાં એવું જણાવેલ છે કે "જે ભાવોની પ્રરૂપણા થઈ શકે તે પ્રજ્ઞાપનીય ભાવો કહેવાય છે. મતલબ કે વચનપર્યાયરૂપે = વ્યંજનપર્યાયરૂપે શ્રુતજ્ઞાનનો વિષય બને તે પ્રજ્ઞાપનીય કહેવાય. ઊર્ધ્વલોક, અધોલોક, તિર્યક્લોક - આ ત્રણેય લોકમાં રહેલ પૃથ્વી, ભવન, વિમાન, ગ્રહ, નક્ષત્ર, તારા, સૂર્ય, ચન્દ્ર વગેરે જેટલા પણ પ્રજ્ઞાપનીય ભાવો = વ્યંજનપર્યાયો છે, તે બધાય ભેગા કરવામાં આવે તો અનભિલાપ્ય ભાવોના અનન્તમા એક ભાગમાં જ તે સમાઈ જાય. અર્થાત્ અભિલાપ્ય ભાવો કરતાં અનભિલાપ્ય ભાવો અનંતગુણ અધિક છે. અર્થપર્યાયસ્વરૂપ હોવાના કારણે અનભિલાપ્ય ભાવો શબ્દનો વિષય બનતા નથી." આવું કહેવા દ્વારા મલધારી **હેમચન્દ્રસૂરિજી**એ 'અભિલાપ્ય ભાવો વ્યંજનપર્યાય છે તથા અનભિલાપ્ય ભાવો અર્થપર્યાય છે' - આવું સૂચિત કરેલ છે.

### ❀ પર્યાયશબ્દવાચ્ય અર્થપરિણામ = વ્યંજનપર્યાય - હેમચન્દ્રસૂરિજી ❀

(अग्रे.) તથા તે જ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં આગળ ઉપર તેઓશ્રીએ જ જણાવેલ છે કે 'ઈન્દ્ર, દુશ્ચ્યવન, હરિ, શક્ર, પુરંદર વગેરે પર્યાયશબ્દો દ્વારા જે પર્યાયનું પ્રતિપાદન થઈ શકે છે તે બધાય પર્યાય શબ્દપર્યાય = વ્યંજનપર્યાય જાણવા. પરંતુ જે પર્યાયનું શબ્દ દ્વારા પ્રતિપાદન કરવું શક્ય નથી તેવા પર્યાયો શ્રુતજ્ઞાનની વિષયતાને ઓળંગી જાય છે. તેમ છતાં તે પર્યાયો કેવળજ્ઞાનાદિના વિષય બનતા હોય છે. આવા પર્યાય અર્થપર્યાય રૂપે જાણવા.' આવું કહેવા દ્વારા તેઓશ્રીએ પર્યાયશબ્દવાચ્ય જે અર્થપરિણતિ હોય તે વ્યંજનપર્યાય કહેવાય' - આમ જણાવેલ છે તે ખ્યાલમાં રાખવું.

अथैकस्मिन् वस्तुनि प्रवर्तमानाः शब्दरूपाः पर्यायाः = व्यञ्जनपर्यायाः, अर्थरूपाश्च अर्थपर्याया इत्यपि परिभाषान्तरमस्ति। तदुक्तं **विशेषावश्यकभाष्यव्याख्यायां श्रीहेमचन्द्रसूरिभिरेव** "वस्तुनो घटादेः मृन्मयत्व-पृथुबुध्नत्व-वृत्तत्व-कुण्डलायतग्रीवायुक्तत्वादयः अर्थरूपाः पर्यायाः = अर्थपर्याया अनन्ता भवन्ति। घट-कुट-कुम्भ-कलशादयः तु वचनरूपाः पर्यायाः = वचनपर्यायाः। तेऽपि अनन्ता भवन्ति" (वि.आ.भा.३१६ वृ.पृ.१५८) इति।

अथवा कृत्स्नार्थप्रतिपादकशब्दा व्यञ्जनपर्यायाः, वस्त्वेकदेशवाचकशब्दा अर्थपर्यायाः इत्यपि परिभाषान्तरमस्ति। तदुक्तं तैरेव तत्रैवाग्रे "ये शब्दाः किल सर्वं वस्तु सम्पूर्णं प्रतिपादयन्ति ते वचनरूपा वस्तुनः पर्याया वचनपर्याया उच्यन्ते। ये तु तदेकदेशमभिदधति तेऽथैकदेशप्रतिपादकाः पर्यायाः अर्थपर्याया उच्यन्ते" (वि.आ.भा.३९८ मल.वृ.पृ.१९३) इति।

यद्वा 'इदं काञ्चनमि'त्यादिरूपेण भाष्यमाणाः अर्थनामवाचका ये शब्दाः ते व्यञ्जनपर्यायाः, काञ्चनाद्यर्थस्य भेदाः काञ्चनाद्यर्थस्वरूपा कटक-केयूर-कङ्कण-कुण्डल-कटिमेखला-कन्दुक-करभूषण

---

### अर्थस्वरूप अर्थपर्याय, शબ્દસ્વરૂપ વ્યંજનપર્યાય

**(अथै.)** વ્યંજનપર્યાય અને અર્થપર્યાય અંગે એક નવી પરિભાષા પણ છે. શબ્દસ્વરૂપ પર્યાય તે વ્યંજનપર્યાય તથા અર્થસ્વરૂપ પર્યાય તે અર્થપર્યાય. આ પરિભાષાને અનુસરીને **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "ઘટ વગેરે વસ્તુમાં રહેલ મૃન્મયત્વ (= મૃદ્રૂપતા), પૃથુબુધ્નત્વ, ગોળ આકાર, કુંડલતુલ્ય દીર્ઘ ગ્રીવાયુક્તત્વ (કંઠયુક્તત્વ) વગેરે અર્થસ્વરૂપ પર્યાયો તે અર્થપર્યાય કહેવાય. તે અનન્તા હોય છે. તથા ઘટને વિશે પ્રવૃત્ત થતા ઘટ, કુટ, કુંભ, કળશ વગેરે શબ્દસ્વરૂપ પર્યાયો તે જ વચનપર્યાય (= વ્યંજનપર્યાય) કહેવાય. તે પણ પ્રત્યેક ઘટ વગેરે વસ્તુમાં અનંત છે." આ નવી પરિભાષાને પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### * પૂર્ણઅર્થવાચક વ્યંજનપર્યાય, વસ્તુઅંશવાચક અર્થપર્યાય *

**(अथवा.)** અથવા એમ પણ કહી શકાય કે સંપૂર્ણ અર્થના પ્રતિપાદક જે શબ્દો હોય તે વ્યંજનપર્યાય. તથા વસ્તુના એક અંશના વાચક જે શબ્દો હોય તે અર્થપર્યાય. મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ જ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં આગળ જણાવેલ છે કે "જે શબ્દો વાસ્તવમાં સંપૂર્ણ વસ્તુનું પ્રતિપાદન કરે તે શબ્દસ્વરૂપ એવા વસ્તુપર્યાયો વચનપર્યાય = વ્યંજનપર્યાય કહેવાય છે. તથા જે શબ્દો વસ્તુના એક અંશનું (= ભેદનું = પ્રકારનું) નિરૂપણ કરે તે પર્યાય અર્થપર્યાય કહેવાય છે."

### અર્થનામવાચક વ્યંજનપર્યાય, અર્થભેદ અર્થપર્યાય

**(यद्वा.)** અથવા તો એમ પણ કહી શકાય કે 'આ સુવર્ણ છે' - ઈત્યાદિરૂપે વસ્તુના નામને જણાવનારા જે શબ્દો છે, તે વ્યંજનપર્યાય કહેવાય. તથા સુવર્ણ વગેરે વસ્તુની જે જે વિશેષ અવસ્થા છે, તે અર્થપર્યાય કહેવાય. જેમ કે સોનામાંથી જ કટક (કડું), કેયૂર (બાજુબંધ), કંકણ, કુંડલ, કંદોરો, દડો, હાથમાં પહેરવાની વીંટી, કાનના બુટિયા વગેરે જે જે વસ્તુઓ બને છે, તે તે સુવર્ણદ્રવ્યના અર્થપર્યાય કહેવાય. તે અર્થપર્યાયો સુવર્ણદ્રવ્યસ્વરૂપ જ હોય છે, તેનાથી ભિન્ન નહિ. આ બાબત નવા વિકલ્પને દેખાડતી

-कर्णपूरादयः अर्थपर्यायाः। तदुक्तं तैरेव तत्रैवाग्रे कल्पान्तरप्रदर्शनावसरे "अथवा सर्वेषामपि वस्तूनामभिलापवाचकाः शब्दा वचनरूपापन्ना वचनपर्यायाः। ये तु तेषामेव वाचकशब्दानामभिधेयार्थस्याऽऽत्मभूता भेदाः, यथा कनकस्य कटक-केयूरादयः, ते सर्वेऽप्यर्थपर्याया भण्यन्ते" (वि.आ.भा.३९८ मल.वृ.पृ.१९३) इति।

इत्थञ्च तैः यथाक्रमम् (१) अभिलाप्यभावानां श्रुतज्ञानगोचराणां व्यञ्जनपर्यायत्वम्, (२) पर्यायशब्दवाच्यार्थपरिणामस्य व्यञ्जनपर्यायत्वम्, (३) समानार्थकशब्दपरिणामस्य व्यञ्जनपर्यायत्वम्, (४) सम्पूर्णार्थप्रतिपादकशब्दस्य वस्तुपर्यायात्मकस्य व्यञ्जनपर्यायत्वम्, (५) अर्थाभिधानवाचकशब्दस्य च व्यञ्जनपर्यायत्वं तथा (१) अनभिलाप्यभावानाम् अर्थपर्यायत्वम्, (२) अर्थपरिणतीनाम् अर्थपर्यायत्वम्, (३) वस्त्वेकदेशप्रतिपादकशब्दानाम् अर्थपर्यायत्वम्, (४) वाच्यार्थप्रकाराणाञ्चार्थपर्यायत्वमावेदितम्। सम्भवन्तीह एकस्याऽपि व्याख्यातुः एकस्मिन्नेव व्याख्याग्रन्थे विवक्षाभेदेन नानाव्याख्यानानि। जयति अत्र अनेकान्तकण्ठीरवः।

**विशेषावश्यकभाष्ये** [1]"मइ-पन्नाऽऽभिणिबोहिय-बुद्धीओ होंति वयणपज्जाया। जा उग्गहाइसण्णा ते सव्वे अत्थपज्जाया।।" (वि.आ.भा.३९८) इत्युक्तमित्यवधेयम्।

---

વખતે મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં આ પ્રમાણે જણાવેલ છે કે "અથવા તમામ વસ્તુઓના નામને જણાવનારા જે શબ્દો વચનસ્વરૂપને પામેલા હોય (અર્થાત્ બોલાઈ રહેલા હોય) તે વચનપર્યાય = વ્યંજનપર્યાય કહેવાય. તથા તે જ અર્થપ્રતિપાદક શબ્દોના વાચ્યાર્થની જે વાચ્યાર્થસ્વરૂપ જુદી-જુદી અવસ્થા હોય તે તમામ અર્થપર્યાય કહેવાય છે. જેમ કે સુવર્ણદ્રવ્યના કટક, કેયૂર વગેરે ભેદો તેના અર્થપર્યાય તરીકે કહી શકાય."

### ❊ વ્યંજનપર્યાયની પાંચ વ્યાખ્યા, અર્થપર્યાયની ચાર વ્યાખ્યા ❊

**(इत्थ.)** આ રીતે મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ ઉપર જણાવેલ સંદર્ભના ક્રમ મુજબ વ્યંજનપર્યાયની જુદી-જુદી પાંચ વ્યાખ્યા અને અર્થપર્યાયની ચાર વ્યાખ્યા જણાવી છે. સંક્ષેપથી તેનો નિર્દેશ આ પ્રમાણે છે. (૧) શ્રુતજ્ઞાનવિષયભૂત અભિલાપ્યભાવો વ્યંજનપર્યાય છે. (૨) પર્યાયશબ્દવાચ્ય અર્થપરિણતિ એ વ્યંજનપર્યાય છે. (૩) એક જ વસ્તુમાં પ્રવર્તતા પર્યાયવાચી શબ્દોની શબ્દસ્વરૂપ પરિણતિ એ વ્યંજનપર્યાય છે. (૪) સંપૂર્ણ અર્થને જણાવનારા વસ્તુપર્યાયસ્વરૂપ શબ્દો એ વ્યંજન પર્યાય છે. (૫) વસ્તુના નામને જણાવનારા પદો વ્યંજનપર્યાયસ્વરૂપ છે. તથા (૧) અનભિલાપ્યભાવો એ અર્થપર્યાય છે. (૨) અર્થસ્વરૂપ પરિણામો એ અર્થપર્યાય છે. (૩) પદાર્થના એક અંશના પ્રતિપાદક શબ્દો એ અર્થપર્યાય છે. (૪) પદાર્થના પ્રકારો એ અર્થપર્યાય છે. એક જ વ્યાખ્યાકાર મહર્ષિ એક જ વ્યાખ્યાગ્રંથમાં જુદી-જુદી વિવક્ષાથી અલગ-અલગ વ્યાખ્યાઓ દર્શાવે તે સ્યાદ્વાદમાં સંભવે છે. પ્રસ્તુતમાં અનેકાન્તવાદસ્વરૂપ સિંહ જય પામે છે.

### ❀ મતિજ્ઞાનાદિ વ્યંજનપર્યાય, અવગ્રહાદિ અર્થપર્યાય ❀

**(विशे.)** **વિશેષાવશ્યકભાષ્ય**માં વ્યંજનપર્યાય અને અર્થપર્યાય વિશે શ્રી**જિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જણાવેલ છે કે "મતિ, પ્રજ્ઞા, આભિનિબોધિક, બુદ્ધિ - આ ચાર વચનપર્યાય = વ્યંજનપર્યાય થાય

---

1. मति-प्रज्ञाऽऽभिनिबोधिक-बुद्धयो भवन्ति वचनपर्यायाः। या अवग्रहादिसंज्ञाः ते सर्वेऽर्थपर्यायाः।।

अन्यत्र च "स्थूलो व्यञ्जनपर्यायो वागगम्यो नश्वरः स्थिरः। सूक्ष्मः प्रतिक्षणध्वंसी पर्यायश्चार्थगोचरः।।" ( ) इत्युक्तम्। नश्वरत्वेऽपि स्थिरत्वं व्यञ्जनपर्याये किञ्चित्कालस्थायित्वबोधनायोक्तम्। अत एव विशिष्य शब्दगोचरत्वं तस्य सम्भवति। अर्थपर्यायस्तु क्षणिकत्वान्न तथा।

यद्वा द्रव्यार्थिकनयतो व्यञ्जनपर्यायस्य नित्यत्वं पर्यायार्थिकनयतश्चाऽनित्यत्वम् अवसेयम्। तदिदमभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"अभिलप्पा वि य अत्था सव्वे दव्वट्ठियाए जं निच्चा। पज्जायेणाऽनिच्चा तेण क्खरा अक्खरा चेव।।" (वि.आ.भा.४५८) इत्युक्तमिति भावनीयम्।

**श्रीअभयदेवसूरयस्तु** [2]"एगदवियम्मि..." (स.त.१/३१) इति पूर्वोक्तायाः (९/२४) **सम्मतितर्क**गाथाया **वादमहार्णववृत्तौ** "एकस्मिन् जीवादिद्रव्ये अर्थपर्यायाः = अर्थग्राहकाः सङ्ग्रह-व्यवहारर्जुसूत्राख्याः, तद्ग्राह्या वा

---

છે. જ્યારે અવગ્રહ, ઈહા વગેરે નામના જે મતિજ્ઞાનાંશો છે, તે સર્વે અર્થપર્યાય છે."

### ❋ વ્યંજનપર્યાયની ચાર વિશેષતા ❋

**(अन्य.)** અન્ય ગ્રંથમાં વ્યંજનપર્યાય-અર્થપર્યાયની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "જે પર્યાય (૧) સ્થૂલ હોય, (૨) શબ્દગમ્ય હોય, (૩) નાશવંત હોય અને (૪) સ્થિર હોય તે વ્યંજનપર્યાય કહેવાય. તથા જે પર્યાય (૧) સૂક્ષ્મ હોય, (૨) પ્રતિક્ષણ નાશ પામતા હોય તે અર્થસંબંધી પર્યાય = અર્થપર્યાય કહેવાય." અહીં 'વ્યંજનપર્યાય નાશવંત હોવા ઉપરાંત સ્થિર છે' - આવું કહેવા દ્વારા તે અલ્પકાળ સ્થાયી છે પણ ક્ષણિક નથી. તેવું જણાવેલ છે. થોડો સમય રહેતા હોવાથી વ્યંજનપર્યાય વિશેષ પ્રકારે વાણીનો વિષય બને છે. 'આ ઘટ છે, આ પટ છે.'... ઈત્યાદિ વિશેષ પ્રકારના વ્યવહારનો વિષય જે રીતે વ્યંજનપર્યાય બને છે, તે રીતે અર્થપર્યાયને વિશે વિશેષ પ્રકારે વ્યવહાર = શબ્દપ્રયોગ સંભવતો નથી. કારણ કે અર્થપર્યાય ક્ષણભંગુર છે. તેને આપણે 'અર્થપર્યાય' આ શબ્દથી જ ઓળખી શકીએ છીએ. તેને વિશે જુદા-જુદા પ્રાતિસ્વિક શબ્દોનો પ્રયોગ કરી શકાતો નથી.

**(यद्वा.)** અથવા તો એમ પણ કહી શકાય કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વ્યંજનપર્યાય નિત્ય છે તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વ્યંજનપર્યાય અનિત્ય = અસ્થિર = નશ્વર છે. આ જ બાબત જણાવવાના અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "ઘટ-પટ-આકાશ વગેરે તમામ અભિલાપ્યભાવો જે કારણે દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે, તે કારણે અભિલાપ્ય અર્થ = વ્યંજનપર્યાય અક્ષર (=અવિનાશી) છે. તથા જે કારણે સર્વ અભિલાપ્ય પદાર્થો પર્યાયાર્થિકનયથી અનિત્ય છે, તે કારણે અક્ષર = અક્ષરપર્યાયો = વ્યંજનપર્યાયો ક્ષર (= નશ્વર) જ છે." આ બાબતમાં વિજ્ઞ વાચકવર્ગે ઊંડાણથી વિભાવના કરવી.

### ❀ વ્યંજન-અર્થપર્યાય : સંમતિતર્કવૃત્તિદર્પણમાં ❀

**(श्रीअभ.)** **સંમતિતર્ક**ની **વાદમહાર્ણવ** નામની **વૃત્તિ**માં તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરિ** મહારાજે તો પ્રસ્તુત બાબતમાં જુદા જ પ્રકારનો પ્રકાશ પાથરેલો છે. તેઓશ્રીએ પૂર્વોક્ત (૯/૨૪) "एगदवियम्मि....." (સં.ત.૧/૩૧) આ પ્રમાણે **સંમતિતર્ક**ની ગાથાની **વાદમહાર્ણવ** વ્યાખ્યામાં જણાવેલ છે કે "એક જીવાદિ દ્રવ્યમાં સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર નામના જે અર્થગ્રાહક ત્રણ નયો પ્રવર્તે છે, તે અર્થપર્યાય છે.

---

1. अभिलाप्या अपि चाऽर्थाः सर्वे द्रव्यार्थितया यद् नित्याः। पर्यायेणाऽनित्याः तेन क्षरा अक्षराः चैव।। 2. एकद्रव्ये...।

अर्थभेदाः, वचनपर्यायाः = शब्दनयाः शब्द-समभिरूढैवम्भूताः तत्परिच्छेद्या वस्त्वंशा वा" (स.त.१/३१ वृ.पृ.४३०) इति; [1]"पुरिसम्मि पुरिससद्दो" (स.त.१/३२) इति पूर्वोक्तायाः (४/५) **सम्मतितर्क**गाथायाश्च वृत्तौ "अथवा अर्थ-व्यञ्जनपर्यायैः शक्ति-व्यक्तिरूपैर-नन्तैरनुगतोऽर्थः सविकल्पः निर्विकल्पश्च प्रत्यक्षतोऽवगतः। इदानीं पुरुषदृष्टान्तद्वारेण व्यञ्जनपर्यायं तदविकल्पकत्वनिबन्धनम्, अर्थपर्यायञ्च तत्सविकल्पकत्वनिमित्तमाह....... पुरुषवस्तुनि पुरुषध्वनिः व्यञ्जन-पर्यायः। शेषो बालादिधर्मकलापः अर्थपर्यायः" (स.त.१/३२ वृ.पृ.४३१) इति प्राहुः।

***अथ*** पुरुषध्वनेः व्यञ्जनपर्यायत्वे सः अर्थधर्मः न स्याद् इति ***चेत्*** ?

***न***, कल्पान्तरे **सम्मतितर्कवृत्तौ** अर्थपरिणामरूपस्याऽपि व्यञ्जनपर्यायस्य इष्टत्वात्। तदुक्तं [2]"पुरिसम्मि पुरिससद्दो" (स.त.१/३२) इति **सम्मतितर्क**गाथायाः **वृत्तौ** अग्रे "नामनयाभिप्रायाद् नाम -नामवतोः अभेदात् 'पुरुष'शब्दः एव पुरुषार्थस्य व्यञ्जनपर्यायः। यद् वा 'पुरुष' इति शब्दः वाचकः यस्य अर्थगततद्वाच्यधर्मस्य असौ पुरुषशब्दः। सः च अभिधेयपरिणामरूपः व्यञ्जनपर्यायः कथं नाऽर्थधर्मः ? स

---

અથવા સંગ્રહાદિ ત્રણ નયથી ગ્રાહ્ય એવા અર્થવિશેષોને અર્થપર્યાય જાણવા. તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નામના જે ત્રણ વ્યંજનનયો = શબ્દનયો છે, તે વચનપર્યાય = વ્યંજનપર્યાય સમજવા. અથવા શબ્દાદિ ત્રણ દ્વારા વસ્તુના જે અંશોનો નિશ્ચય થાય તે વ્યંજનપર્યાય તરીકે માન્ય બને." આ પ્રમાણે બન્ને પર્યાયની બે વ્યાખ્યાઓ જણાવી છે. તથા "पुरिसम्मि पुरिससद्दो...." (સં.ત.૧/૩૨) ઈત્યાદિ પૂર્વોક્ત (૪/૫) સંમતિતર્કગાથાની વ્યાખ્યામાં તેઓશ્રીએ 'अथवा' કહીને અર્થપર્યાયની અને વ્યંજનપર્યાયની અલગ ઓળખાણ આપતાં ત્યાં જણાવેલ છે કે "અર્થપર્યાય શક્તિરૂપે (= યોગ્યતારૂપે) હોય છે અને વ્યંજનપર્યાય વ્યક્તિરૂપે (= અભિવ્યક્તિરૂપે = પ્રગટસ્વરૂપે) હોય છે. આવા અનંતા અર્થપર્યાયથી અને વ્યંજનપર્યાયથી પદાર્થ યુક્ત હોય છે. આવો પદાર્થ સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારે પ્રત્યક્ષ પ્રમાણથી જાણેલો છે. વ્યંજનપર્યાય અર્થગત નિર્વિકલ્પકત્વનું (= સામાન્યરૂપતાનું) કારણ છે. જ્યારે અર્થપર્યાય તો પદાર્થગત સવિકલ્પકત્વનું (= વિશેષરૂપતાનું) નિમિત્ત બને છે. માણસના દૃષ્ટાન્ત દ્વારા ગ્રંથકારશ્રી હવે આ બાબતને જણાવે છે... માણસ સ્વરૂપ વસ્તુમાં પ્રયોજાયેલો 'માણસ' એવો શબ્દ એ વ્યંજનપર્યાય જાણવો. તે સિવાયના બાલ-યુવાન આદિ ગુણધર્મોનો સમૂહ પુરુષગત અર્થપર્યાય છે."

**શંકા** :- (अथ.) 'પુરુષ'શબ્દ એ જ જો વ્યંજનપર્યાય હોય તો વ્યંજનપર્યાય અર્થધર્મ નહિ બની શકે.

### ❖ વ્યંજનપર્યાય પણ પદાર્થપરિણામસ્વરૂપ ❖

**સમાધાન** :- (न.) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે **સંમતિતર્કવ્યાખ્યા**માં અન્ય કલ્પ = વિકલ્પ જણાવવાના અવસરે દર્શાવેલ છે કે પદાર્થના પરિણામ સ્વરૂપે પણ વ્યંજનપર્યાય ઈષ્ટ છે. **સંમતિતર્કવૃત્તિ** (૧/૩૨)માં આગળ શ્રી**અભયદેવસૂરિ**એ જણાવેલ છે કે 'નામનયના અભિપ્રાયથી નામ અને નામી વચ્ચે અભેદ હોવાથી 'પુરુષ'શબ્દ એ જ પુરુષ નામના પદાર્થનો વ્યંજનપર્યાય છે. અથવા તો 'પુરુષ'શબ્દથી વાચ્ય અર્થગત ગુણધર્મનો વાચક 'પુરુષ'શબ્દ બનવાના લીધે પદાર્થગત 'પુરુષ'શબ્દવાચ્ય ગુણધર્મ (=પુરુષત્વ) એ જ 'પુરુષ'શબ્દ છે. (બહુવ્રીહિ સમાસથી આ અર્થ મળે છે.) તથા તે પદાર્થના

---

1-2. पुरुषे पुरुषशब्दः।

च व्यञ्जनपर्यायः पुरुषोत्पत्तेः आरभ्य आ पुरुषविनाशाद् भवति इति जन्मादिमरणसमयपर्यन्त उक्तः। तस्य तु बालादयः पर्यायियोगा बहुविकल्पाः तस्य पुरुषाभिधेयपरिणामवतः बाल-कुमारादयः तत्र उपलभ्यमानाः अर्थपर्यायाः भवन्ति अनन्तरूपाः। एवं च पुरुषः व्यञ्जनपर्यायेण एकः, बालादिभिः तु अर्थपर्यायैः अनेकः" (स.त.१/३२ वृ.पृ.४४०) इति एवम् उक्तम्।

[1]"वंजणपज्जायस्स उ पुरिसो" (स.त.१/३४) इति **सम्मतितर्क**गाथायाः **वृत्तौ** "शब्दपर्यायेण अविकल्पः पुरुषः बालादिना तु अर्थपर्यायेण सविकल्पः" (स.त.१/३४, वृ.पृ.४४०) इति एवम् उक्तम्।

[2]"अत्थंतरभूएहि य" (स.त.१/३६) इति **सम्मतितर्क**गाथायाः **वृत्तौ** "यद्वा व्यञ्जनपर्यायः अर्थान्तरभूतः तदतद्विषयत्वात् तस्य। घटोऽर्थपर्यायः तु अन्यत्र अवृत्तेः निजः" (स.त.१/३६, वृ.पृ.४४५) इति एवं दर्शितम्।

**तत्त्वार्थसिद्धसेनीयवृत्तौ** "अनेकैकशब्दवाच्यार्थाऽवलम्बिनश्च शब्दप्रधाना अर्थोपसर्जनाः शब्दनयाः प्रदीपवदर्थस्य प्रतिभासकाः व्यञ्जनपर्यायसंज्ञकाः" (त.सू.५/३१ सि.वृ.) इत्युक्तम्।

---

પરિણામસ્વરૂપ છે. તેથી વ્યંજનપર્યાય શા માટે પદાર્થનો ગુણધર્મ ન બને ? તથા તે પુરુષવ્યંજનપર્યાય પુરુષની ઉત્પત્તિથી માંડીને પુરુષનો વિનાશ થાય ત્યાં સુધી હોય છે. તેથી જન્મથી માંડીને મરણ સમય સુધી વ્યાપીને રહેનારો પુરુષવ્યંજનપર્યાય કહેવાયેલ છે. તથા તે પુરુષના બાલ, યુવાન વગેરે પર્યાયના યોગો અનેકવિધ વિકલ્પવાળા છે. 'પુરુષ'શબ્દથી વાચ્ય એવા પરિણામને ધારણ કરનાર માણસની બાલ, કુમાર વગેરે અવસ્થાઓ અર્થપર્યાય કહેવાય છે. માણસમાં જણાતાં તે અર્થપર્યાયો અનંતસ્વરૂપવાળાં હોય છે. આ રીતે વ્યંજનપર્યાયથી માણસ એક છે તથા બાલ, યુવાન વગેરે અર્થપર્યાયોથી તો માણસ અનેક સ્વરૂપ છે.

### પુરુષ સવિકલ્પ-નિર્વિકલ્પ

("वं.) **સંમતિતર્ક**ના પ્રથમ કાંડની ચોત્રીસમી ગાથાની વ્યાખ્યામાં જણાવેલ છે કે 'શબ્દપર્યાયથી = વ્યંજનપર્યાયથી પુરુષ અવિકલ્પ = નિર્વિકલ્પ છે. જ્યારે બાલ વગેરે અર્થપર્યાયથી તો પુરુષ સવિકલ્પ છે.'

### વ્યંજનપર્યાય અર્થાન્તરસ્વરૂપ

("अत्थं.) **સંમતિતર્ક**ના પ્રથમ કાંડની છત્રીસમી ગાથાની **વ્યાખ્યા**માં જણાવેલ છે કે 'અથવા વ્યંજનપર્યાય અર્થાન્તરભૂત છે. કારણ કે વ્યંજનપર્યાયનો વિષય तत् = શબ્દ અને अतत् = અર્થ છે. જ્યારે અર્થપર્યાય તો અર્થને છોડીને બીજે ક્યાંય ન રહેવાથી પોતાનો જ છે. જેમ કે ઘટપદાર્થ.'

### શબ્દનય = વ્યંજનપર્યાય

(तत्त्वा.) **તત્ત્વાર્થસૂત્ર**ની **સિદ્ધસેનીયવૃત્તિ**માં પણ જણાવેલ છે કે "શબ્દનયનું જ બીજું નામ વ્યંજનપર્યાય છે. શબ્દનય શબ્દને મુખ્ય કરે છે અને અર્થને ગૌણ કરે છે. તે અનેક શબ્દથી અને એક શબ્દથી પ્રતિપાદ્ય એવા અર્થનું આલંબન લે છે. તથા દીવાની જેમ અર્થનો પ્રકાશ કરે છે."

---

1. व्यञ्जनपर्यायस्य तु पुरुषः। 2. अर्थान्तरभूतैश्च।

प्रकृते व्यञ्जनपर्यायग्राहकस्य ज्ञानत्वम् अर्थपर्यायग्राहकस्य च दर्शनत्वमिति एकादशशाखोक्तरीत्या (११/१) **विशेषावश्यकभाष्यमलधारवृत्तिसन्दर्भानुसारेण** (वि.आ.भा.५३६ वृ.) अवधेयम्।

उत्पाद-व्यय-ध्रौव्यात्मकं "सत्त्वं सकलव्यक्त्यनुगतं व्यञ्जनपर्यायताम्, प्रतिव्यक्त्यनुगतञ्चाऽर्थपर्यायताम् आस्कन्दति। इदमेव सादृश्यास्तित्वं स्वरूपाऽस्तित्वमित्यपि गीयते" (स्या.क.७/२३/पृ.१५१) इति **स्याद्वादकल्पलतायां यशोविजयवाचकाः**।

**प्रवचनसारे** [1]"सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं। दव्वस्स सव्वकालं उप्पाद-व्यय-धुवत्तेहिं।।" (प्र.सा.९६) इत्येवं स्वरूपाऽस्तित्वम् अभिहितम्। सादृश्याऽस्तित्वं तु तत्र [2]"इह विविहलक्खणाणं लक्खणमेगं सदिति सव्वगयं। उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं।।" (प्र.सा.९७) इति एवम् उपदर्शितं **कुन्दकुन्दस्वामिना** इत्यवधेयम्।

**जैनतर्कभाषायां** "प्रवृत्ति-निवृत्तिनिबन्धनार्थक्रियाकारित्वोपलक्षितः व्यञ्जनपर्यायः। भूत-भविष्यत्त्वसंस्पर्शरहितं वर्त्तमानकालावच्छिन्नं वस्तुस्वरूपञ्च अर्थपर्यायः" (जै.त.भा.नयपरि. पृ.१८१) इत्युक्तं महोपाध्याय-

## ❀ જ્ઞાનવિષય વ્યંજનપર્યાય, દર્શનવિષય અર્થપર્યાય ❀

**(प्रकृ.)** પ્રસ્તુતમાં એક બાબત ખ્યાલમાં રાખવી કે પૂર્વે અગિયારમી શાખાના પ્રથમ શ્લોકમાં બતાવી ગયા તેમ **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**ના સંદર્ભ મુજબ વ્યંજનપર્યાયનું જે ગ્રહણ કરે, તે જ્ઞાન કહેવાય અને અર્થપર્યાયનું ગ્રહણ કરે, તેને દર્શન કહેવાય.

## ❀ સાદૃશ્યાસ્તિત્વ = વ્યંજનપર્યાય, સ્વરૂપાસ્તિત્વ = અર્થપર્યાય ❀

**(उत्पा.)** ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ સત્ત્વ સર્વ વ્યક્તિમાં અનુગત હોય તો વ્યંજનપર્યાય બને છે. તથા તે જ સત્ત્વ પ્રત્યેક વ્યક્તિમાં પૃથક્ પૃથક્ રહેલ હોય તો અર્થપર્યાય બને છે. આ વ્યંજનપર્યાયપણું એ જ સાદશ્યઅસ્તિત્વ પણ કહેવાય છે. તથા પ્રસ્તુત અર્થપર્યાયપણું એ જ સ્વરૂપઅસ્તિત્વ તરીકે પણ ઓળખાય છે - આ મુજબ **મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજા **સ્યાદ્વાદકલ્પલતા**માં જણાવે છે.

## ❀ સ્વરૂપાસ્તિત્વ - સાદૃશ્યાસ્તિત્વને ઓળખીએ ❀

**(प्रव.)** **પ્રવચનસાર**માં **કુંદકુંદસ્વામીએ** (૧) સ્વરૂપઅસ્તિત્વનું લક્ષણ આ પ્રમાણે દર્શાવેલ છે કે 'સર્વ કાળે ગુણો વડે, અનેકવિધ પોતાના પર્યાયો વડે તેમજ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ (= સદ્ભાવ) તે ખરેખર સ્વભાવ છે.' અર્થાત્ સ્વભાવાત્મક અસ્તિત્વ તે જ સ્વરૂપાસ્તિત્વ. તથા (૨) સાદશ્યાસ્તિત્વને ત્યાં આ પ્રમાણે જણાવેલ છે કે "ધર્મનો ખરેખર ઉપદેશ દેતા જિનવર વૃષભે આ વિશ્વમાં વિવિધલક્ષણવાળાં (= વિભિન્ન સ્વરૂપઅસ્તિત્વવાળાં) દ્રવ્યોનું 'સત્' એવું સર્વગત લક્ષણ (= સાદશ્યઅસ્તિત્વ) એક કહ્યું છે."

## ❀ અર્થક્રિયાકારિત્વસૂચિત વ્યંજનપર્યાય ❀

**(जैन.)** **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ જૈનતર્કભાષામાં જણાવેલ છે કે "પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં કારણભૂત એવા અર્થક્રિયાકારિત્વથી જણાયેલ વ્યંજનપર્યાય હોય છે. તથા અતીતત્વ-અનાગતત્વના

1. सद्भावः हि स्वभावः गुणैः स्वकपर्ययैः चित्रैः। द्रव्यस्य सर्वकालम् उत्पाद-व्यय-ध्रुवत्वैः।।
2. इह विविधलक्षणानां लक्षणम् एकं सद् इति सर्वगतम्। उपदिशता खलु धर्मं जिनवरवृषभेण प्रज्ञप्तम्।।

**यशोविजयगणिवरैः** ।

"दृश्याः स्थूला व्यञ्जनपर्यायाः। अदृश्याः सूक्ष्माः केवलागमगम्या अर्थपर्यायाः" (ल.त्र.ता.नयप्रवेश. श्लो-५) **लघीयस्त्रयतात्पर्यवृत्तिकारः** ।

"अर्थपर्यायाः सूक्ष्माः क्षणक्षयिणः तथा वाग्गोचराऽविषयाः। व्यञ्जनपर्यायाः पुनः स्थूलाः चिरकालस्थायिनो वाग्गोचराः छद्मस्थदृष्टिगोचराश्च भवन्ति" (पञ्चा.१६ वृ.) इति **पञ्चास्तिकायवृत्तौ जयसेनाचार्यः** ।

**प्रवचनसारवृत्तौ** तु **जयसेनाचार्यः** "परमौदारिकशरीराकारेण यदात्मप्रदेशानामवस्थानं स व्यञ्जनपर्यायः, अगुरुलघुकगुणषड्वृद्धिहानिरूपेण प्रतिक्षणं प्रवर्त्तमाना अर्थपर्यायाः" (प्र.सा.श्लो.८० + ६ अधिकश्लोक वृ.) इत्याह इति विभावनीयं स्वतन्त्र-समानतन्त्रसम्मतपदार्थसमन्वयकामिभिः अत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – व्यञ्जनपर्यायाणां शब्दप्रतिपाद्यत्वेन स्थूललोकग्राह्यत्वात् तेभ्यः सावधानतया भाव्यम्, यतः 'मया सिद्धितपः कृतम्, पञ्च शतानि शास्त्राणि पठितानि'

---

સંસ્પર્શથી રહિત વર્તમાનકાલવિશિષ્ટ એવું જે વસ્તુસ્વરૂપ હોય છે તે અર્થપર્યાય કહેવાય છે."

### વ્યંજનપર્યાય-અર્થપર્યાય અંગે દિગંબરમત

(**"दृश्याः.**) દિગંબર **લઘીયસ્રયતાત્પર્યવ્યાખ્યાકાર**શ્રી આ અંગે જણાવે છે કે 'દશ્ય એવા સ્થૂલ પર્યાયોને વ્યંજનપર્યાય સમજવા. તથા અદશ્ય અને સૂક્ષ્મ એવા જે પર્યાયો કેવલજ્ઞાન દ્વારા કે આગમ દ્વારા જાણી શકાય તેને અર્થપર્યાય તરીકે ઓળખવા.'

### ✡ જયસેનાચાર્યમતપ્રદર્શન ✡

(**"अर्थ.**) **કુંદકુંદસ્વામી**રચિત **પંચાસ્તિકાય** ગ્રંથની વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **જયસેન**જી જણાવે છે કે '(૧) અર્થપર્યાયો સૂક્ષ્મ હોય છે, ક્ષણભંગુર હોય છે તથા વાણીનો વિષય બનતા નથી. (૨) જ્યારે વ્યંજનપર્યાયો સ્થૂલ હોય છે, લાંબા સમય સુધી રહેતા હોય છે, વાણીનો વિષય બને છે તથા છદ્મસ્થ જીવોની દૃષ્ટિનો વિષય બનતા હોય છે.'

### ❈ વ્યંજન-અર્થપર્યાય વિશે પ્રવચનસારવૃત્તિસંવાદ ❈

(**प्रव.**) **પ્રવચનસારવ્યાખ્યા**માં તો દિગંબરાચાર્ય **જયસેનજી**એ એવું જણાવેલ છે કે 'પરમૌદારિક શરીર આકારે આત્મપ્રદેશોનું જે અવસ્થાન છે, તે વ્યંજનપર્યાય છે. તથા અગુરુલઘુ ગુણની છ પ્રકારની વૃદ્ધિરૂપે કે હાનિરૂપે પ્રતિક્ષણ પ્રવર્તમાન પર્યાયોને અર્થપર્યાયરૂપે સમજવા.' સ્વતંત્રસંમત = શ્વેતાંબરસંપ્રદાયને સંમત અને સમાનતંત્રસંમત = દિગંબરસંપ્રદાયને સંમત એવા પદાર્થોનો સમન્વય કરવાની કામનાવાળા વિદ્વાનોએ અહીં આ અંગે ઊંડાણથી વિભાવના કરવી.

### વ્યંજનપર્યાયનો ઉપયોગ અને સાવધાની

**આધ્યાત્મિક ઉપનય** :- વ્યંજનપર્યાયનું શબ્દ દ્વારા પ્રતિપાદન થઈ શકતું હોવાથી તેને સ્થૂલ લોકો પકડી શકે છે. તેથી આપણા વ્યંજનપર્યાયોથી આપણે ખૂબ સાવધ રહેવા જેવું છે. 'મેં સિદ્ધિતપ-વરસીતપ -શ્રેણિતપ કર્યો, મેં પાંચસો ગ્રંથ વાંચ્યાં, મેં ઉપધાન કર્યાં, મેં નવ્વાણુ યાત્રા કરી' ઈત્યાદિ રૂપે આપણા

इत्यादिरूपेण अस्मदीयव्यञ्जनपर्यायोपदर्शनेऽहङ्कारशिखराऽऽरोहणसम्भावना ह्यनिराकार्या। अन्यदीयैतादृशव्यञ्जनपर्यायप्रादुष्करणे तु नम्रता-स्थिरीकरण-वात्सल्योपबृंहणा-गुणानुरागादिप्राप्तिः सम्भाव्यते। ततश्चाऽस्मदीयप्रशस्तव्यञ्जनपर्यायविगोपनेन गम्भीरता परकीयप्रशस्तव्यञ्जनपर्यायप्रादुष्करणेन चोदारता साध्या। इत्थं स्वकीयप्रशस्तव्यञ्जनपर्यायगोचरराग-परकीयाऽप्रशस्तव्यञ्जनपर्यायगोचरद्वेषौ तत्प्रयुक्तौ च स्वाऽहङ्कार-परात्मद्वेषौ त्याज्यौ। एवञ्च पर्यायदृष्टिः शिथिलीभवति सहजमलप्राबल्यञ्च हीयते। ततश्च शुद्धात्मद्रव्यदृष्टिरुन्मीलति। ततश्च "सर्वकर्मोज्झितः सिद्धः सिद्धानन्तचतुष्टयः" (वै.क.ल. ७/४८३) इति **वैराग्यकल्पलता**दर्शितं सिद्धस्वरूपं प्रत्यासन्नं स्यात्।।१४/२।।

---

વ્યંજનપર્યાયોનું નિરૂપણ કરવા જતાં અભિમાનના શિખરે પહોંચી જવાની ઘણી બધી સંભાવના છે. જ્યારે બીજાના આવા પ્રકારના વ્યંજનપર્યાયોનું જાહેરમાં નિવેદન કરવાથી નમ્રતા ગુણની પ્રાપ્તિ, સ્થિરીકરણ, વાત્સલ્ય, ઉપબૃંહણા, ગુણાનુરાગ આદિની પ્રાપ્તિ થવાની સંભાવના છે. તેથી આપણા પ્રશસ્ત વ્યંજનપર્યાયોને સદા માટે છૂપાવવા દ્વારા ગંભીરતા કેળવવી અને બીજાના પ્રશસ્ત વ્યંજનપર્યાયોને પ્રગટ કરવાની ઉદારતા કેળવવી. આ રીતે પોતાના પ્રશસ્ત વ્યંજનપર્યાયોનો રાગ તથા બીજાના અપ્રશસ્ત વ્યંજનપર્યાયોનો દ્વેષ છોડવો. તથા તેવા રાગથી થનાર પોતાનો અહંકાર અને તેવા દ્વેષથી થનારો બીજા આત્માઓ પ્રત્યેનો દ્વેષ પણ ત્યજવો. આમ કરવાથી પર્યાયદૃષ્ટિ શિથિલ બને છે તથા સહજમલની તાકાત ઘટે છે. તેના લીધે શુદ્ધ આત્મદ્રવ્યસંબંધી દૃષ્ટિ-રુચિ-શ્રદ્ધા પ્રગટે છે, પ્રબળ બને છે. તેનાથી **વૈરાગ્યકલ્પલતા**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં સિદ્ધસ્વરૂપને વર્ણવતાં જણાવેલ છે કે 'સર્વ કર્મોથી શૂન્ય સિદ્ધ ભગવંત કેવલજ્ઞાનાદિ અનન્તચતુષ્ટયને ધારણ કરે છે.' (૧૪/૨)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના કાયાને ઘસવા રાજી છે. દા.ત. ઢંઢણ મુનિ.**
  **ઉપાસના મનને ઘસવા તત્પર છે. દા.ત. દૃઢપ્રહારી મુનિ.**

- **વાસનાને શરીરના મિલનની ઘેલછા હોય છે.**
  **ઉપાસનાને પ્રભુમિલનની ઝંખના હોય છે.**

- **વાસનામાં પ્રતિબદ્ધતા છે, પામર તત્ત્વની.**
  **ઉપાસનામાં પ્રતિબદ્ધતા છે, પરમ તત્ત્વની.**

- **વાસનાને જીતવામાં જ કેવળ રસ છે.**
  **છતાં અંતે બધું જ હારી જાય છે.**
  **હારવા તૈયાર ઉપાસના બધું જ જીતી જાય છે.**

**દ્રવ્ય ગુણઈં બિહું ભેદ તે, વલી શુદ્ધ અશુદ્ધ;**
**શુદ્ધ દ્રવ્ય વ્યંજન તિહાં, ચેતનનઈં સિદ્ધ ॥૧૪/૩॥ (૨૨૯) શ્રી જિન.**

તે પ્રત્યેકઈં (બિહું ભેદ=) ૨ પ્રકારઇં હુઈ. એક દ્રવ્યપર્યાય ૨ ગુણપર્યાય ઈમ ૨ ભેદથી. તે વલી શુદ્ધ પર્યાય♦ અશુદ્ધ પર્યાય♦ ભેદથી ૨ પ્રકારે હોઈ. તિહાં શુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય કહિઈં. ચેતન ✡દ્રવ્યનઈં

---

पुनः तौ विभजति – 'द्रव्ये'ति।

**द्रव्य-गुणविभेदात् तौ द्विधा पुनः शुद्धाऽशुद्धौ द्विधा।**
**चेतनस्य हि सिद्धता शुद्धद्रव्यव्यञ्जनं खलु।।१४/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्य-गुणविभेदात् पुनः तौ द्विधा। पुनः शुद्धाऽशुद्धौ (इति) द्विधा। चेतनस्य हि सिद्धता शुद्धद्रव्यव्यञ्जनं खलु।।१४/३।।

**पुनः तौ** व्यञ्जनाऽर्थपर्यायौ इह दिगम्बरमते **द्रव्य-गुणविभेदाद् द्विधा** ज्ञेयौ। ततश्च (१) द्रव्यव्यञ्जनपर्यायः, (२) गुणव्यञ्जनपर्यायः, (३) द्रव्यार्थपर्यायः, (४) गुणार्थपर्यायः इति चतुर्विधाः पर्याया भवन्ति। **पुनः** द्रव्य-गुणव्यञ्जनाऽर्थपर्यायौ **द्विधा, शुद्धाऽशुद्धौ** इति कृत्वा। ततश्च (१) शुद्धद्रव्यव्यञ्जनपर्यायः, (२) अशुद्धद्रव्यव्यञ्जनपर्यायः, (३) शुद्धगुणव्यञ्जनपर्यायः, (४) अशुद्धगुणव्यञ्जनपर्यायः, (५) शुद्धद्रव्यार्थपर्यायः, (६) अशुद्धद्रव्यार्थपर्यायः, (७) शुद्धगुणार्थपर्यायः, (८) अशुद्धगुणार्थपर्याय इत्येवं सर्वमीलनेन अष्टौ पर्याया भवन्ति।

इदानीं मुख्यतया दिगम्बरमतानुसारेण पर्यायाः प्रतिपाद्यन्ते। तथाहि – तत्र आद्यः **शुद्ध-**

---

અવતરણિકા :- ફરીથી ગ્રંથકારશ્રી વ્યંજનપર્યાયનો અને અર્થપર્યાયનો વિભાગ પાડે છે :-

શ્લોકાર્થ :- દ્રવ્ય અને ગુણ - આમ બે ભેદથી વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એમ બે પ્રકાર બન્નેના જાણવા. વળી, તે શુદ્ધરૂપે અને અશુદ્ધરૂપે બે પ્રકારે જાણવા. ચેતન દ્રવ્યનો સિદ્ધપર્યાય શુદ્ધવ્યંજનપર્યાયરૂપે જાણવો. (૧૪/૩)

### ✾ પર્યાયના આઠ ભેદની ઓળખ ✾

ટીકાર્થ :- વળી, તે વ્યંજનપર્યાય અને અર્થપર્યાય પ્રસ્તુતમાં દિગંબરમત મુજબ દ્રવ્ય અને ગુણ - આમ બે ભેદથી બે પ્રકારે જાણવા. તે આ રીતે - (૧) દ્રવ્યવ્યંજનપર્યાય, (૨) ગુણવ્યંજનપર્યાય, (૩) દ્રવ્યઅર્થપર્યાય, (૪) ગુણઅર્થપર્યાય. તેથી પર્યાયો ચાર પ્રકારના થશે. વળી, તે દ્રવ્ય-ગુણસંબંધી વ્યંજનપર્યાયના અને અર્થપર્યાયના શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપે બે ભેદ પડશે. તેથી પર્યાયના કુલ આઠ પ્રકાર થશે. તે આ પ્રમાણે - (૧) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય, (૨) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય, (૩) શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, (૪) અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય, (૫) શુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય, (૬) અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય, (૭) શુદ્ધ ગુણઅર્થપર્યાય, (૮) અશુદ્ધ ગુણઅર્થપર્યાય. આ રીતે બધા પર્યાયોને ભેગા કરવાથી પર્યાયો આઠ પ્રકારના થશે.

### ✡ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનું નિરૂપણ ✡

(इदा.) હવે મુખ્યતયા દિગંબરમત મુજબ પર્યાયોનું પ્રતિપાદન કરવામાં આવે છે. તે આ રીતે - ઉપરોક્ત

---

♦ 'પર્યાય' શબ્દ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ✡ પુસ્તકોમાં 'દ્રવ્યનેં' પાઠ. આ.(૧)માં પાઠ લીધો છે.

સિદ્ધપર્યાય *જાણવો, કેવલભાવથી.* ॥૧૪/૩॥

**द्रव्यव्यञ्जनं** = शुद्धद्रव्यशब्दपर्यायः **खलु चेतनस्य** = आत्मद्रव्यस्य **सिद्धता** = शुद्ध-स्थिर -स्वस्वभावस्थात्मप्रदेशतालक्षणः सिद्धपर्यायः **हि** = एव उच्यते, शब्दवाच्यत्वे सति केवलात्म-द्रव्यस्वभावरूपत्वात्। न हि सिद्धदशायां द्रव्यकर्म-भावकर्म-नोकर्मप्रचारः समस्ति, येनाऽऽत्मप्रदेश-कम्पनतोऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायता आपद्येत। न वा संसारिदशायां द्रव्यादिकर्मवियोगो विद्यते, येन तत्र शुद्धद्रव्यव्यञ्जनरूपता आपद्येत। ततश्च 'सिद्धपर्याय एव शुद्धात्मद्रव्यव्यञ्जनपर्यायः' इतिवत् 'सिद्धपर्यायः शुद्धात्मद्रव्यव्यञ्जनपर्याय एव' इत्यपि अवधारणम् आवृत्त्या कर्तव्यम्। 'खलु' शब्दोऽत्र वाक्यशोभायां बोध्यः "खलु स्याद् वाक्यभूषायां खलु वीप्सा-निषेधयोः। निश्चिते सान्त्वने मौने जिज्ञासादौ खलु स्मृतम्।।" (वि.लो.अव्यय-६९) इति पूर्वोक्ते (८/४) **विश्वलोचने धरसेन**वचनात्। "हि पादपूरणे हेतौ विशेषेऽप्यवधारणे" (ए.ना.मा.२२) इति **विश्वप्रकाशान्तर्गतैकाक्षरनाममालायां महेश्वर**वचनादत्रावधारणे

આઠ પર્યાયોમાંથી શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય નામનો પ્રથમ પર્યાય તે આત્મદ્રવ્યનો સિદ્ધપર્યાય જાણવો. સંસારીદશામાં જીવના આત્મપ્રદેશો ઉકળતા પાણીની જેમ સતત ઉપર-નીચે ફરતા જ હોય છે. જ્યારે સિદ્ધદશામાં આત્મપ્રદેશો શુદ્ધ અને સ્થિર બની પોતાના મૂળભૂત સ્વભાવમાં રહે છે. આમ આત્મપ્રદેશો શુદ્ધ-સ્થિર નિજસ્વભાવમાં રહે તે જ જીવની સિદ્ધદશા = સિદ્ધપર્યાય છે. તથા તે જ શુદ્ધ દ્રવ્યનો વ્યંજનપર્યાય છે. આત્મદ્રવ્યના સિદ્ધપર્યાયને શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાનું કારણ એ છે કે તે પર્યાય શબ્દ દ્વારા જણાવી શકાય છે. તેમજ તે પર્યાય કેવલ આત્મદ્રવ્યસ્વભાવ સ્વરૂપ જ છે. મતલબ એ છે કે સિદ્ધપણું એ આત્મગુણનો પર્યાય નથી પરંતુ આત્મદ્રવ્યનો પર્યાય છે. તેથી તે દ્રવ્યપર્યાય છે. તે શબ્દવાચ્ય હોવાથી વ્યંજનપર્યાય છે. એ કેવલ આત્મસ્વભાવસ્વરૂપ હોવાથી શુદ્ધ પર્યાય છે. આથી તેને અહીં શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જણાવેલ છે. સિદ્ધપર્યાય જ કેવલ આત્મદ્રવ્યસ્વભાવસ્વરૂપે નિશ્ચિત હોવાનું કારણ એ છે કે સિદ્ધદશામાં જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મનો, રાગ -દ્વેષાદિ ભાવકર્મનો અને શરીરાદિ નોકર્મનો ફેલાવો (=સંબંધ) હોતો નથી. તેથી આત્મપ્રદેશોનું કંપન-હલન -ચલન થવાથી ઉત્પન્ન થનારા એવા અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયને ઉત્પન્ન થવાની ત્યારે શક્યતા રહેતી નથી. સિદ્ધદશામાં કેવલ આત્મદ્રવ્ય જ હોય છે, શુદ્ધ આત્મદ્રવ્ય જ હોય છે. તથા સંસારી દશામાં દ્રવ્યકર્મ વગેરેનો વિયોગ હોતો નથી. તેથી સંસારીદશામાં શુદ્ધ આત્મદ્રવ્યવ્યંજનપર્યાયરૂપતાની આપત્તિને અવકાશ નથી. આથી અહીં (૧) 'સિદ્ધપર્યાય જ શુદ્ધાત્મદ્રવ્યવ્યંજનપર્યાય છે' - આવા અવધારણની જેમ (૨) 'સિદ્ધપર્યાય શુદ્ધ આત્મદ્રવ્યવ્યંજનપર્યાય જ છે' - આવું પણ અવધારણ, 'हि'શબ્દનું પુનરાવર્તન કરીને, કરવું જરૂરી છે. મૂળ શ્લોકમાં રહેલ 'खलु'શબ્દ વાક્યશોભા માટે વપરાયેલ છે. "(૧) વાક્યની શોભામાં, (૨) વીપ્સામાં, (૩) નિષેધસ્થળે, (૪) નિશ્ચિત બાબતમાં, (૫) સાંત્વન અંગે, (૬) મૌનને વિશે, (૭) જિજ્ઞાસા વગેરે અર્થમાં 'खलु'શબ્દ શાસ્ત્રકારોને સંમત છે" - આમ પૂર્વોક્ત(૮/૪) **વિશ્વલોચનકોશ** સંદર્ભમાં **ધરસેનજી**એ કહેલ છે, તેને અનુસરીને ઉપર અર્થ જણાવેલ છે. તથા "(૧) પાદપૂરણ, (૨) હેતુ, (૩) વિશેષ અને (૪) અવધારણ - અર્થમાં 'हि' વપરાય" - આમ **વિશ્વપ્રકાશકોશ** અંતર્ગત **એકાક્ષરનામમાલા**માં **મહેશ્વરકવિ**એ દર્શાવેલ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.

हिः प्रायोजि।

इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** [1]"गोयमा ! अहमेयं जाणामि.... जाव जन्नं तहागयस्स जीवस्स अरूवस्स अकम्मस्स अरागस्स अवेदस्स अमोहस्स अलेसस्स असरीरस्स ताओ सरीराओ विप्पमुक्कस्स णो एवं पन्नायति, तं जहा – कालत्ते वा जाव सुक्किल्लत्ते वा सुब्भिगंधत्ते वा दुब्भिगंधत्ते वा तित्ते वा जाव महुरत्ते वा कक्खडत्ते वा जाव लुक्खत्ते वा, से तेणट्ठेण जाव चिट्ठित्तए वा" (भ.सू.१७/२, सू.५९७) इत्युक्तम्।

---

તે પ્રમાણે અહીં મૂળશ્લોકમાં રહેલ 'हि' અવધારણ અર્થમાં પ્રયોજેલ છે.

## ❖ સિદ્ધ ભગવંત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત ❖

(**इदमे.**) 'સિદ્ધપર્યાય શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ છે' - આવું જણાવવાના અભિપ્રાયથી જ **ભગવતી સૂત્ર**માં શ્રમણ ભગવાન મહાવીરે ફરમાવેલ છે કે "હે ગૌતમ ! હું આ પ્રમાણે જાણું છું કે - તેવા પ્રકારની અવસ્થાને પામેલ (સિદ્ધદશાને પામેલ) જીવ અરૂપી હોય છે, કર્મરહિત હોય છે, રાગશૂન્ય હોય છે, વેદમુક્ત હોય છે (=સ્ત્રી-પુરૂષ-નપુંસક વેદથી રહિત હોય છે), મોહ વગરનો હોય છે, તેને કોઈ લેશ્યા કે કાયા હોતી નથી. ઔદારિક, તૈજસ, કાર્મણ વગેરે શરીરથી તે કાયમ માટે સંપૂર્ણતયા રહિત હોય છે. આવા સિદ્ધ જીવને ઉદ્દેશીને આવી પ્રરૂપણા થઈ શકતી નથી કે 'તેમાં કૃષ્ણ વર્ણથી માંડીને શ્વેત વર્ણ છે, સુગંધ કે દુર્ગંધ છે, તિક્ત રસ (= કટુ રસ) થી માંડીને મધુર રસ છે, કર્કશ સ્પર્શથી માંડીને રૂક્ષ સ્પર્શ છે.' તે કારણથી 'તે સિદ્ધ ભગવંત સાદિ અનંત કાળ સુધી સિદ્ધશિલામાં કેવળ સ્થિર રહે છે, શુદ્ધ આત્મસ્વભાવમાં રહે છે, હલનચલન કરતા નથી' - આ પ્રમાણે કહેવાય છે." **ભગવતીસૂત્ર**ના પ્રસ્તુત પ્રબંધને પણ વાચક વર્ગે અહીં ખ્યાલમાં રાખવો.

**સ્પષ્ટતા** :- સિદ્ધ ભગવાનને કૃષ્ણ-નીલ-રક્ત-પીત-શુક્લ વર્ણમાંથી એક પણ વર્ણ નથી હોતા. સુગંધ કે દુર્ગંધ, કોઈ પણ પ્રકારની ગંધ નથી હોતી. કડવો-તીખો-તૂરો-ખાટો-ખારો-મીઠો આ છ રસમાંથી એક પણ રસ નથી હોતો. કર્કશ-મૃદુ-લઘુ-ગુરુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ આ આઠ સ્પર્શમાંથી એક પણ સ્પર્શ નથી હોતો. આમ સિદ્ધ ભગવંત તમામ વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી રહિત છે. આ પ્રમાણે ભગવતી સૂત્રમાં જે જણાવેલ છે તેનાથી 'સિદ્ધ ભગવંત નોકર્મશૂન્ય છે' એવું સિદ્ધ થાય છે. સિદ્ધ ભગવંતમાં રાગ વગેરે નથી હોતા - આવું કહેવા દ્વારા 'સિદ્ધ ભગવંતમાં ભાવકર્મ નથી' તેવું **ભગવતીસૂત્ર**માં સૂચિત કરેલ છે. તથા સિદ્ધ ભગવંત કર્મશૂન્ય છે - આવું કહેવા દ્વારા સિદ્ધ ભગવંતમાં દ્રવ્યકર્મનો અભાવ દર્શાવેલ છે. આમ દ્રવ્યકર્મથી, ભાવકર્મથી અને નોકર્મથી રહિત સિદ્ધદશામાં પ્રગટ થનારો આત્મપ્રદેશસ્થિરતાસ્વરૂપ સિદ્ધપર્યાય કેવલ આત્મદ્રવ્યસ્વભાવરૂપ છે, શુદ્ધ આત્મદ્રવ્યદશા સ્વરૂપ છે. તેથી તે શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સિદ્ધ થાય છે.

---

1. गौतम ! अहम् एतद् जानामि... यावद् यद् णं तथागतस्य जीवस्य, अरूपस्य, अकर्मणः, अरागस्य, अवेदस्य, अमोहस्य, अलेश्यस्य, अशरीरस्य, तेभ्यः शरीरेभ्यः विप्रमुक्तस्य नो एवं प्रज्ञायते, तद् यथा – कालत्वं(= कृष्णत्वं) वा... यावद् शुक्लत्वं वा सुरभिगन्धत्वं वा दुरभिगन्धत्वं वा तिक्तत्वं वा... यावद् मधुरत्वं वा कर्कशत्वं वा... यावद् रूक्षत्वं वा, अथ – तेन अर्थेन... यावत् तिष्ठेद् वा।

***एतेन*** [1]"देहायारपएसा जे थक्का उहयकम्मणिम्मुक्का। जीवस्स णिच्चला खलु ते सुद्धा दव्वपज्जाया।।" (द्र.स्व.प्र.२४) इति **द्रव्यस्वभावप्रकाशकृद्**वचनमपि ***व्याख्यातम्,*** शुद्धद्रव्यपर्यायपदेन शुद्धद्रव्यव्यञ्जनपर्यायस्यैवाभिप्रेतत्वात्, द्रव्य-भावकर्मनिर्मुक्त-देहाकारस्थिराऽऽत्मप्रदेशानां शब्दवाच्यत्वात्, स्थूलत्वाच्च।

एवञ्च धर्मास्तिकायादीनामपि सर्वे प्रदेशाः निजस्वभावस्थिताः। तेषु स्व-स्वभावस्थप्रदेशता शुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपेण विज्ञेया, शब्दवाच्यत्वे सति अन्यानपेक्षत्वात्, सिद्धात्मप्रदेशवत्।

***एनेन*** [2]"दव्वाणं खु पएसा जे जे ससहावसंठिया लोए। ते ते पुण पज्जाया जाण तुमं दविणसब्भावं।।" (द्र.स्व.प्र.२०) इति **द्रव्यस्वभावप्रकाशकृदु**क्तिरपि ***व्याख्याता,*** द्रव्यस्वभावपर्यायपदेन शुद्धद्रव्यव्यञ्जनपर्यायनिर्देशादिति। ***अनेन*** "स्वभावव्यञ्जनपर्यायो जीवस्य सिद्धरूपः" (पञ्चा.१६ वृ.) इति **पञ्चास्तिकायजयसेनीयवृत्ति**वचनमपि ***व्याख्यातम्,*** स्वभावव्यञ्जनपर्यायपदस्य शुद्धद्रव्यव्यञ्जनपर्यायपरत्वात्।

### ❋ શુદ્ધ આત્મદ્રવ્યના વ્યંજનપર્યાય ❋

(**एतेन.**) "જીવના દ્રવ્ય-ભાવકર્મથી સંપૂર્ણપણે રહિત જે પ્રદેશો શરીરાકારરૂપે સ્થિર બનીને નિશ્ચલ છે તે ખરેખર શુદ્ધ દ્રવ્યપર્યાય છે" - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં **માઈલ્લધવલજી**એ જે જણાવેલ છે તેની પણ સ્પષ્ટતા અમારા ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કારણ કે ત્યાં 'શુદ્ધદ્રવ્યપર્યાય' શબ્દથી શુદ્ધદ્રવ્યના અર્થપર્યાય નહિ પણ વ્યંજનપર્યાય જ માઈલ્લધવલજીને અભિપ્રેત છે. કેમ કે દ્રવ્યકર્મ -ભાવકર્મશૂન્ય શરીરાકારે સ્થિર રહેલા આત્મપ્રદેશો શબ્દથી વાચ્ય છે, સ્થૂલ છે, કાલાન્તરસ્થાયી છે.

### ● ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના શુદ્ધ વ્યંજનપર્યાય ●

(**एवञ्च.**) આ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના સર્વ પ્રદેશો પોતપોતાના સ્વભાવરૂપે સ્થિર રહેલા છે. તેમાં નિજસ્વભાવસ્થિતપ્રદેશત્વ રહેલ છે. તેને પણ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જાણવો. આનું કારણ એ છે કે તે નિજસ્વભાવસ્થિતપ્રદેશતા સિદ્ધ ભગવંતના આત્મપ્રદેશની જેમ શબ્દવાચ્ય હોવા ઉપરાંત પરનિરપેક્ષ છે. શબ્દવાચ્ય હોવાથી તે વ્યંજનપર્યાયસ્વરૂપ છે. અન્યનિરપેક્ષ હોવાથી તે શુદ્ધ છે, સ્વાભાવિક છે. તથા ધર્માસ્તિકાયાદિપ્રદેશાત્મક દ્રવ્યના તે પર્યાય છે, ગુણના નહિ. તેથી તેમાં શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયતા સિદ્ધ થાય છે.

### ⁂ સ્વભાવપર્યાય શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયના સૂચક ⁂

(**एनेन.**) આવું કહેવાથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથની નિમ્નોક્ત ગાથાનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે. તે ગાથાનો અર્થ એવો છે કે "લોકમાં દ્રવ્યોના જે જે પ્રદેશો સ્વ-સ્વભાવમાં રહેલા હોય તેને તમે દ્રવ્યના સ્વભાવપર્યાય જાણો." અહીં 'દ્રવ્યના સ્વભાવપર્યાય' શબ્દ દ્વારા 'શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય' તરફ જ અંગુલિનિર્દેશ કરવામાં આવેલ છે. આવું કહેવા દ્વારા 'જીવનો સ્વભાવવ્યંજનપર્યાય સિદ્ધસ્વરૂપ છે' - આ પ્રમાણે **પંચાસ્તિકાય** ગ્રંથની **જયસેનીયવ્યાખ્યા**ની વાતનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે. કેમ કે ત્યાં "સ્વભાવવ્યંજનપર્યાય" શબ્દ શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયને જણાવવાની ઈચ્છાથી જ બોલવામાં આવેલ

1. देहाकारप्रदेशा ये स्थिरा उभयकर्मनिर्मुक्ताः। जीवस्य निश्चलाः खलु ते शुद्धा द्रव्यपर्यायाः।।
2. द्रव्याणां खलु प्रदेशा ये ये स्वस्वभावसंस्थिता लोके। तान् तान् पुनः पर्यायान् जानीहि त्वं द्रव्यस्वभावान्।।

यथोक्तं **बृहद्द्रव्यसङ्ग्रहवृत्तौ ब्रह्मदेवेन** "शुद्धजीवास्तिकाये सिद्धत्वलक्षणः शुद्धद्रव्यव्यञ्जनपर्यायः" (बृ.द्र.स. २४/वृ.पृ.७७) इति। उक्तः प्रथमः पर्यायः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्वकीयशुद्धद्रव्यव्यञ्जनपर्यायप्रादुष्करणमेव चरमं परमं च ध्येयम् आत्मार्थिनः। तपस्त्यागादिबाह्यसाधना-समितिगुप्तिगर्भोग्रसंयमचर्या-विशुद्धविधियतनापालन-चरणकरणसप्ततिकाऽऽचरणाद्यवसरे स्वकीयसिद्धदशालक्षणशुद्धद्रव्यव्यञ्जनपर्यायप्रकटीकरणलक्ष्यं न विस्मर्तव्यम्। स्वप्रशंसा-परनिंदा-साम्प्रदायिकाऽभिनिवेश-यशःकीर्तिकामना-बहिर्मुखता-महत्त्वाकाङ्क्षा-लोकरञ्जनादिकुतत्त्वप्रभावेन मौलं ध्येयं साधकैः विस्मर्यते। ततश्च आत्मार्थिना एतादृशकुतत्त्वानि द्रुतं परिहर्तव्यानि। एवमुपयोगशून्यताऽऽचारमालिन्याऽऽलस्य-प्रमाद-दुर्लक्ष्यताऽधैर्यादिकुटिलभावा अपि आत्मार्थिनं मौलध्येयाद् दूरं नयन्ति। ततश्च तेभ्योऽपि दूरीभूय आत्मार्थिना सिद्धदशाप्रकटीकरण-प्रणिधानं दृढतया कार्यम्। अन्तर्मुखीभूय विधि-यतनोपयोगाऽऽदरपूर्वं यथाशक्ति स्वभूमिकोचित-विशुद्धाऽऽचारपालनपरायणतया भाव्यमित्याऽऽध्यात्मिकोपदेशः। ततश्च [1]"सव्वण्णू सव्वदरिसी, निरुवमसुहसंगया य ते तत्थ। जम्माऽऽइदोसरहिया, चिट्ठंति सया वि भगवंतो।" (सं.र.शा.९७१२) इति **संवेगरङ्गशालायां श्रीजिनचन्द्रसूरि**प्रदर्शितं सिद्धसुखं प्रत्यासन्नतरं भवेत्।।१४/३।।

છે. **બૃહદ્દ્રવ્યસંગ્રહવૃત્તિ**માં **બ્રહ્મદેવજી**એ જણાવેલ છે કે 'શુદ્ધ જીવાસ્તિકાયમાં સિદ્ધત્વસ્વરૂપ શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય છે' – આ રીતે પર્યાયના પ્રથમ ભેદનું નિરૂપણ પૂર્ણ થયું.

**❯ શુદ્ધાત્મદ્રવ્યવ્યંજનપર્યાય પ્રાદુર્ભાવ : ચરમ-પરમ લક્ષ્ય ❯**

[redacted]:- પ્રત્યેક સાધકનું ચરમ અને પરમ ધ્યેય પોતાના શુદ્ધઆત્મદ્રવ્યવ્યંજનપર્યાયને પ્રગટાવવાનું છે. (૧) તપ-ત્યાગાદિ બાહ્ય ઉગ્રસાધના, (૨) સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વકની ઉગ્ર સંયમચર્યા, (૩) વિધિનું અને જયણાનું અણિશુદ્ધ પાલન, (૪) ચરણસિત્તરિનું અને કરણસિત્તરિનું વિશુદ્ધ આચરણ - આ ચારેય પ્રવૃત્તિમાં પોતાની સ્થિર સિદ્ધદશા સ્વરૂપ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને વહેલી તકે પ્રગટ કરવાનું મૂળભૂત લક્ષ્ય ચૂકાવું ન જોઈએ. આત્મપ્રશંસા, પરનિંદા, સાંપ્રદાયિક ઝનૂન, પ્રસિદ્ધિની ભૂખ, બહિર્મુખતા, મહત્ત્વાકાંક્ષા, લોકરંજન વગેરે મલિન તત્ત્વોના પ્રભાવે આ મૂળભૂત ધ્યેય સાધકો દ્વારા ચૂકી જવાય છે. તેથી આત્માર્થી સાધકે આ મલિન તત્ત્વોને ઝડપથી આત્મનિકાલ આપવો જોઈએ. તેમજ ઉપયોગશૂન્યતા, આચારમાં ધાલમેલ, આળસ, પ્રમાદ, બેદરકારી, અધીરાઈ વગેરે કુટિલ ભાવો પણ સાધકને મૂળભૂત ધ્યેયથી ઘણે દૂર લઈ જાય છે. તેથી આત્માર્થી સાધકે તેનાથી પણ સદૈવ દૂર રહી સિદ્ધદશાને પ્રગટાવવાના મૂળભૂત ધ્યેયનું પ્રણિધાન દૃઢ કરવું. અંતર્મુખ રહી વિધિ-જયણા-ઉપયોગ અને અહોભાવ પૂર્વક સ્વભૂમિકાયોગ્ય વિશુદ્ધ આચારનું શક્તિ છૂપાવ્યા વિના અણિશુદ્ધ પાલન કરવામાં તત્પર રહેવું જોઈએ. આવા પ્રકારનો આધ્યાત્મિક ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તે અણિશુદ્ધ પાલનના કારણે **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે છે. ત્યાં **શ્રીજિનચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંતો કાયમ સર્વજ્ઞ, સર્વદર્શી, નિરુપમસુખયુક્ત, જન્માદિદોષરહિતપણે રહે છે.' (૧૪/૩)

1. सर्वज्ञाः सर्वदर्शिनः, निरुपमसुखसङ्गताः च ते तत्र। जन्मादिदोषरहिताः, तिष्ठन्ति सदाऽपि भगवन्तः।।

**અશુદ્ધ ⧖દ્રવ્યવ્યંજન બહુ, મનુજાદિક ભેદ;**

**ગુણથી વ્યંજન ઈમ દ્વિધા, કેવલ ♦મતિ ભેદ ॥૧૪/૪॥ (૨૩૦) શ્રી જિન.**

**અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય (મનુજાદિક=)** મનુષ્ય, દેવ, નારક, તિર્યચાદિ✡ બહુ ભેદ જાણવા,જે માટઈ તે દ્રવ્યભેદ પુદ્ગલસંયોગજનિત છઈ.

अष्टसु पर्यायेषु मध्ये द्वितीय-तृतीय-चतुर्थपर्यायानाह –

**नरादिभेदाद् बहुः ह्यशुद्धद्रव्यव्यञ्जनपर्ययः।**

**शुद्धगुणव्यञ्जनं हि कैवल्यं मत्यादिरितरः।।१४/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नरादिभेदाद् अशुद्धद्रव्यव्यञ्जनपर्ययः बहुः हि। शुद्धगुणव्यञ्जनं हि कैवल्यम्। मत्यादिः इतरः (अस्ति)।।१४/४।।

**अशुद्धद्रव्यव्यञ्जनपर्यायः** = जीवद्रव्यस्याऽशुद्धव्यञ्जनपर्यायः **हि नरादिभेदाद्** = मनुष्य-देव-नारक-तिर्यक्-पुरुष-स्त्री-नपुंसकादिविशेषाद् **बहुः** = अनेकविधः ज्ञेयः, मनुष्य-देवादीनाम् आत्मद्रव्यभेदानां शब्दविषयत्वे सति द्रव्यकर्मादिसम्बन्धविशेषजनितत्वात्।

उपलक्षणात् चतुर्गतिकसंसारिणां वैक्रियौदारिकादिदेहाकारात्मप्रदेशपरिणामा विग्रहगत्यापन्नजीवानाञ्च कार्मणादिशरीराकारात्मप्रदेशपरिणामा जीवद्रव्याऽशुद्धव्यञ्जनपर्यायविधया ज्ञेयाः, दीर्घ-

**અવતરણિકા** :- પૂર્વે (૧૪/૩) દર્શાવેલ આઠ પર્યાયમાં અંતર્ગત પ્રથમ પર્યાયનું નિરૂપણ ત્રીજા શ્લોકના ઉત્તરાર્ધમાં કર્યા બાદ હવે બીજા-ત્રીજા-ચોથા પર્યાયનું નિરૂપણ થાય છે :-

**❋ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયની પ્રરૂપણા ❋**

**શ્લોકાર્થ** :- મનુષ્ય વગેરેના ભેદથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયના અનેક ભેદ છે. શુદ્ધ ગુણવ્યંજનપર્યાય કેવળજ્ઞાનાદિ છે. મતિજ્ઞાન વગેરે અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. (૧૪/૪)

**વ્યાખ્યાર્થ** :- મનુષ્ય, દેવ, નારક, તિર્યંચ, પુરુષ, સ્ત્રી, નપુંસક વગેરે ભેદથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય = જીવદ્રવ્યના અશુદ્ધ વ્યંજનપર્યાય અનેક પ્રકારના જાણવા. મનુષ્ય, દેવ વગેરે આત્મદ્રવ્યના જ ભેદ છે. માટે તે દ્રવ્યપર્યાય છે. આત્મદ્રવ્યના તે ભેદો = પ્રકારો શબ્દના વિષય હોવાથી વ્યંજનપર્યાયરૂપ છે. તથા આત્મદ્રવ્યના મનુષ્ય-દેવ આદિ પ્રકારો દ્રવ્યકર્મ વગેરેના વિશેષ પ્રકારના સંબંધથી ઉત્પન્ન થતા હોવાથી અશુદ્ધ પર્યાય સ્વરૂપ છે.

**☬ શરીરાકાર જીવપ્રદેશપરિણામ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય ☬**

(उपल.) અહીં જીવદ્રવ્યના જે અશુદ્ધ વ્યંજનપર્યાય જણાવેલ છે તે ઉપલક્ષણ છે. તેથી તે સિવાયના પણ તેના પ્રકારો સંભવે છે. તે આ રીતે - ચાર ગતિવાળા સંસારી જીવોના આત્મપ્રદેશોના વૈક્રિય-ઔદારિકાદિ દેહાકાર પરિણામ તથા વિગ્રહગતિમાં રહેલા જીવોના આત્મપ્રદેશોનો કાર્મણાદિ શરીરાકાર પરિણામ પણ અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સમજવા યોગ્ય છે. કારણ કે તે કર્મપુદ્ગલના સંયોગસ્વરૂપ

⧖ મો.(૨)માં 'દ્રવ્ય' પાઠ નથી. ♦ પુસ્તકોમાં 'મઈ' પાઠ. મો.(૨)માં 'ઈમ' અશુદ્ધ પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'તિર્યગાદિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

कालीनत्वे सति शब्दविषयत्वे च सति परनिमित्तजन्यत्वात्। इदमेवाऽभिप्रेत्य **माइल्लधवलेन द्रव्यस्वभावप्रकाशे** [1]"जं चदुगदिदेहीणं देहायारं पदेसपरिणामं। अह विग्गहगइजीवे तं दव्वविहावपज्जायं।।" (द्र.स्व.प्र.२२) इत्युक्तम्। विभावपदमत्र अशुद्धपरं ज्ञेयम्।

ये च पूर्वोक्ते (५/१३) **भगवतीसूत्र**प्रबन्धे [2]"अट्ठविहा आया पण्णत्ता। तं जहा – (१) दवियाया, (२) कसायाया, (३) योगाया, (४) उवओगाया, (५) णाणाया, (६) दंसणाया, (७) चरित्ताया, (८) वीरियाया" (भग.सू.श.१२, उ.१०, सू.४६७) इत्येवमष्टौ आत्मानो दर्शिताः, परिणाम-परिणामिनोः अभेदविवक्षया तत्र कषायात्मा योगात्मा च अशुद्धजीवद्रव्यव्यञ्जनपर्यायतया ज्ञेयः, शेषास्तु सिद्धदशायां शुद्धजीवद्रव्यव्यञ्जनपर्यायतया संसारिदशायां चाऽशुद्धजीवद्रव्यव्यञ्जनपर्यायतया विज्ञेयाः।

***यत्तु* प्रशमरतौ** "चारित्रं विरतानां तु सर्वसंसारिणां वीर्यम्" (प्र.र.२०१) इत्युक्त्या सिद्धदशायां चारित्रात्मनो वीर्यात्मनश्च निषेधनमुक्तम्, ***तत्तु*** क्षायोपशमिकचारित्र-वीर्याऽभावाऽपेक्षया बोध्यम्। आत्मप्रदेशस्थैर्यरूपम् आत्मस्वभावस्थैर्यरूपं वा नैश्चयिकं चारित्रं क्षायिकं च वीर्यं तु व्यावहारिकं

પરનિમિત્તથી જન્ય હોવાથી અશુદ્ધ છે. તથા દીર્ઘકાલીન, સ્થૂલ અને શબ્દવાચ્ય હોવાથી તે વ્યંજનપર્યાયસ્વરૂપ છે. આ જ અભિપ્રાયથી **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "ચાર ગતિમાં રહેલા જીવોના અને વિગ્રહગતિના જીવોના આત્મપ્રદેશોના જે શરીરાકાર પરિણામ છે, તે દ્રવ્યવિભાવપર્યાય (= અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય) છે." અહીં 'વિભાવ' શબ્દનો અર્થ 'અશુદ્ધ' સમજવો. તે રીતે અર્થઘટન કરવું.

### ❋ આત્માના આઠ પ્રકાર ❋

**(ये च.) ભગવતી સૂત્ર**માં આત્મદ્રવ્યના આઠ ભેદ બતાવેલા છે. ભગવતી સૂત્રનો તે પૂર્વોક્ત (૫/૧૩) પ્રબંધ આ મુજબ છે - "આઠ પ્રકારના આત્માની પ્રરૂપણા થાય છે. તે આ પ્રમાણે - (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા, (૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચારિત્રાત્મા, (૮) વીર્યાત્મા." ભગવતી સૂત્રમાં આ પ્રમાણે આત્માના જે આઠ ભેદ દર્શાવેલ છે તેમાં કષાયાત્મા અને યોગાત્મા - એ બન્નેને પરિણામ-પરિણામી વચ્ચે અભેદની વિવક્ષા કરીને અશુદ્ધ જીવદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જાણવા. આત્મદ્રવ્યના બાકીના છ ભેદો તો સિદ્ધદશામાં શુદ્ધ જીવદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જાણવા અને તે જ છ ભેદો સંસારી દશામાં અશુદ્ધ જીવદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જાણવા.

### ❋ પ્રશમરતિસંદર્ભની સ્પષ્ટતા ❋

**(यत्तु.) પ્રશમરતિ** ગ્રંથમાં **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે 'ચારિત્રાત્મા વિરતિધરોને જ હોય છે તથા સર્વ સંસારી જીવોને વીર્યાત્મા હોય છે' - આ પ્રમાણે કહેવા દ્વારા સિદ્ધદશામાં ચારિત્રાત્માનો અને વીર્યાત્માનો જે નિષેધ કરેલ છે, તે નિષેધ તો સિદ્ધ ભગવંતોમાં ક્ષાયોપશમિક ચારિત્ર અને ક્ષાયોપશમિક વીર્ય (= શક્તિ) ન હોવાની અપેક્ષાએ જાણવો. મતલબ કે 'સિદ્ધદશામાં ક્ષાયોપશમિક ચારિત્રાત્મા અને ક્ષાયોપશમિક વીર્યાત્મા નથી હોતો' - આ મુજબ જણાવવાનું તેઓશ્રીનું ત્યાં તાત્પર્ય જાણવું. બાકી

1. यः चतुर्गतिदेहिनां देहाकारः प्रदेशपरिणामः। अथ विग्रहगतिजीवे स द्रव्यविभावपर्यायः।। 2. अष्टविधः आत्मा प्रज्ञप्तः। तद् यथा – (१) द्रव्यात्मा, (२) कषायात्मा, (३) योगात्मा, (४) उपयोगात्मा, (५) ज्ञानात्मा, (६) दर्शनात्मा, (७) चारित्रात्मा, (८) वीर्यात्मा।

ઈમ (દ્વિધા ભેદ-) શુદ્ધ ગુણવ્યંજન પર્યાય કેવલજ્ઞાનાદિરૂપ.

तत्र समस्त्येवेति सिद्धदशायां षडपि आत्मान उक्तलक्षणा बोध्याः।

वस्तुतस्तु सिद्धे प्रत्युपेक्षणादिव्यापाररूपस्य (भ.सू.१२/१०/४६७ वृ.) व्यावहारिकचारित्रस्य नैश्चयिकवीर्यस्य चाऽभाव एव **भगवतीसूत्रे** अभिमतः। अत एव **भगवतीसूत्रे प्रज्ञापनासूत्रे** च [1]"णोसंजए णोअसंजए णोसंजयासंजए जीवे सिद्धे य" (भ.सू.१८/१/६१६ + प्र.२८/२/१८९३) इति, **भगवतीसूत्रे** च प्रथमे शतके [2]"सिद्धा णं अवीरिया" (भ.सू.१/८/७०/पृ.९४) इत्युक्तमिति ध्येयम्।

अशुद्धद्रव्यव्यञ्जनपर्याय एव विभावव्यञ्जनपर्यायतयाऽपि उच्यते। तदुक्तं **पञ्चास्तिकायजयसेनीयवृत्तौ** "विभावरूपाः व्यञ्जनपर्यायाः जीवस्य नर-नारकादयो भवन्ति" (पञ्चा.१६) इति। इत्थं द्वितीयः पर्यायभेदो दर्शितः।

साम्प्रतं तृतीयं पर्यायमाह – **शुद्धगुणव्यञ्जनं** = शुद्धगुणशब्दपर्यायो गुणानुयोगिक-दीर्घकालीन-शुद्धावस्थालक्षणो भवति। स **हि कैवल्यं** = केवलज्ञानादिरूपः, ज्ञानाद्यशुद्धिकारकद्रव्य-भावाऽऽ-

આત્મપ્રદેશસ્થિરતાસ્વરૂપ કે આત્મસ્વભાવસ્થિરતાસ્વરૂપ નૈશ્ચયિક ચારિત્ર તથા વ્યવહારનયસંમત (ફલાનુપધાયક) ક્ષાયિક વીર્ય તો સિદ્ધ ભગવંતોમાં હોય જ છે. તેથી સિદ્ધદશામાં કષાયાત્મા અને યોગાત્મા સિવાયના ઉપરોક્તસ્વરૂપવાળા કુલ છ આત્મા હોય છે - તેમ સમજવું.

### ❋ સિદ્ધો ચારિત્રશૂન્ય-વીર્યશૂન્ય : ભગવતીસૂત્ર ❋

**(वस्तु.)** વાસ્તવમાં તો સિદ્ધાત્મામાં પડિલેહણાદિ પ્રવૃત્તિસ્વરૂપ વ્યાવહારિકચારિત્રનો અને નૈશ્ચયિક (=ફલોપધાયક) વીર્યનો અભાવ જ ભગવતીસૂત્રમાં માન્ય છે. તેથી જ **ભગવતીસૂત્ર**માં તથા **પ્રજ્ઞાપનાસૂત્ર**માં જણાવેલ છે કે 'નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત પરિણામ જીવને અને સિદ્ધને હોય છે.' તથા **ભગવતીસૂત્ર**ના પ્રથમ શતકમાં 'સિદ્ધો વીર્યશૂન્ય હોય છે' - આમ કહેલ છે.

**(अशु.)** અહીં જણાવેલ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો જ વિભાવ વ્યંજનપર્યાય તરીકે પણ ઓળખાય છે. તેથી **પંચાસ્તિકાયની જયસેનીયવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'જીવદ્રવ્યના વિભાવસ્વરૂપે વ્યંજનપર્યયો નર-નારક વગેરે બને છે.' આ રીતે અહીં પર્યાયના બીજા ભેદને ગ્રંથકારશ્રીએ દર્શાવેલ છે.

### ❋ જીવના શુદ્ધ ગુણવ્યંજનપર્યાયનું પ્રકાશન ❋

**(साम्प्रतं.)** હવે ગ્રંથકારશ્રી શ્લોકના તૃતીય પાદ દ્વારા ત્રીજા પર્યાયનું નિરૂપણ કરે છે. ગુણોની દીર્ઘકાલીન શુદ્ધ અવસ્થા શુદ્ધગુણવ્યંજનપર્યાય તરીકે બને છે. દીર્ઘકાલીન હોવાથી આ શુદ્ધ ગુણપર્યાય શબ્દવાચ્ય બની શકે છે. તેથી તેનો અર્થપર્યાયના બદલે વ્યંજનપર્યાયના વિભાગમાં સમાવેશ કરવામાં આવેલ છે. ખરેખર તે શુદ્ધ ગુણવ્યંજનપર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ સ્વરૂપ છે. કારણ કે જ્ઞાન વગેરેને અશુદ્ધ કરનાર જ્ઞાનાવરણ વગેરે દ્રવ્યકર્મથી અને રાગાદિ ભાવકર્મથી તે રહિત છે. તેથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં **માઈલ્લધવલે** જણાવેલ છે કે 'જીવમાં જે દ્રવ્યકર્મથી અને ભાવકર્મથી રહિત

1. नोसंयतः नोऽसंयतः नोसंयतासंयतः जीवः सिद्धश्च। 2. सिद्धा णं अवीर्याः।

वरणरहितत्वात्। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [1]"णाणं दंसण सुह वीरियं च जं उहयकम्मपरिहीणं। तं सुद्धं जाण तुमं जीवे गुणपज्जयं सव्वं।।" (द्र.स्व.प्र.२५) इति पूर्वोक्तम् (८/२) अत्रानुसन्धेयम्। स च द्विधा – कारणशुद्धगुणव्यञ्जनपर्यायः कार्यशुद्धगुणव्यञ्जनपर्यायश्च।

इदमेवाऽभिप्रेत्य **नियमसारव्याख्यायां पद्मप्रभेण** "स्वभावपर्यायस्तावद् द्विप्रकारेणोच्यते – कारणशुद्ध-पर्याय कार्यशुद्धपर्यायश्च। (१) इह हि सहजशुद्धनिश्चयेन अनाद्यनिधनाऽमूर्त्ताऽतीन्द्रियस्वभावशुद्धसहजज्ञान-सहजदर्शन-सहजचारित्र-सहजपरमवीतरागसुखात्मकशुद्धान्तस्तत्त्वस्वरूपस्वभावानन्तचतुष्टयस्वरूपेण सहाऽञ्चि-तपञ्चमभावपरिणतिरेव कारणशुद्धपर्याय इत्यर्थः। (२) साद्यनिधनाऽमूर्त्ताऽतीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण केवलज्ञान-केवलदर्शन-केवलसुख-केवलशक्तियुक्तफलरूपाऽनन्तचतुष्टयेन सार्धं परमोत्कृष्टक्षायिकभावस्य शुद्ध-परिणतिरेव कार्यशुद्धपर्यायश्च" (नि.सा.१५ वृ.) इत्युक्तम्। अयमाशयः – सहजज्ञानादिस्वभावानन्तचतुष्टय-विशिष्टपरमपारिणामिकभावलक्षणकारणशुद्धपर्यायात् केवलज्ञानाद्यनन्तचतुष्टययुक्तपरमोत्कृष्टक्षायिक-परिणामलक्षणकार्यशुद्धपर्यायो जायते। अतः सहजज्ञानाद्यनुविद्धाऽनाद्यनन्तपरमपारिणामिकभावपरिणतेः कारणशुद्धगुणव्यञ्जनपर्यायत्वं केवलज्ञानाद्यनुविद्धशुद्धपूर्णक्षायिकपरिणतेश्च कार्यशुद्धगुणव्यञ्जन-पर्यायत्वमिति विभावनीयम् अनेकनयतात्पर्यार्थपर्यालोचनपरायणैः मनीषिभिः।

---

જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય ગુણ હોય છે તેને તમે જીવના શુદ્ધ ગુણપર્યાય જાણો.' પૂર્વે (૮/૨) આ સંદર્ભ દર્શાવેલ હતો. તેનું અહીં અનુસંધાન કરવું. તે શુદ્ધ ગુણવ્યંજનપર્યાયના બે ભેદ છે. કારણશુદ્ધ ગુણવ્યંજનપર્યાય અને કાર્યશુદ્ધ ગુણવ્યંજનપર્યાય.

## ⁂ સ્વભાવપર્યાયના બે ભેદને સમજીએ ⁂

(इद.) આ અભિપ્રાયથી જ **કુંદકુંદસ્વામી**એ રચેલ **નિયમસાર** ગ્રંથની વ્યાખ્યામાં દિગંબર મલધારી **પદ્મપ્રભજી**એ જણાવેલ છે કે "સ્વભાવપર્યાય સૌપ્રથમ બે પ્રકારે કહેવાય છે. કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. (૧) ખરેખર અહીં સહજશુદ્ધ નિશ્ચયનયથી અનાદિ-અનંત, અમૂર્ત્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા તથા (નિગોદાદિદશામાં પણ આઠ રુચકપ્રદેશમાં રહેલા) શુદ્ધ એવા સહજજ્ઞાન, સહજદર્શન, સહજ ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખાત્મક શુદ્ધ અન્તસ્તત્ત્વસ્વરૂપ જે સ્વભાવ અનન્તચતુષ્ટયસ્વરૂપ છે, તેની સાથે તન્મયરૂપે રહેવાવાળી જે પાંચમી પારિણામિક ભાવસ્વરૂપ પરિણતિ છે તે જ કારણશુદ્ધ (ગુણવ્યંજન) પર્યાય છે. તથા (૨) સાદિ-અનંત અમૂર્ત્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયથી કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલસુખ, કેવલશક્તિથી યુક્ત ફલસ્વરૂપ અનન્ત ચતુષ્ટયની સાથે રહેનારી જે પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ છે તે જ કાર્યશુદ્ધ (ગુણવ્યંજન) પર્યાય છે." એનો મતલબ એ છે કે સહજ જ્ઞાનાદિસ્વભાવ અનન્ત ચતુષ્ટયથી વિશિષ્ટ પરમપારિણામિક ભાવસ્વરૂપ કારણશુદ્ધ-પર્યાયમાંથી કેવલજ્ઞાનાદિ અનન્તચતુષ્ટયયુક્ત પરમોત્કૃષ્ટક્ષાયિકપરિણામસ્વરૂપ કાર્યશુદ્ધપર્યાય પ્રગટ થાય છે. તેથી સહજજ્ઞાનાદિચતુષ્કમય અનાદિ-અનંત પરમ પારિણામિક ભાવપરિણતિ અહીં કારણશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. તથા કેવલજ્ઞાનાદિમય શુદ્ધ પૂર્ણક્ષાયિકપરિણતિ એ કાર્યશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે.

---

1. ज्ञानं दर्शनं सुखं वीर्यं च यदुभयकर्मपरिहीनम्। तत् शुद्धं जानीहि त्वं जीवे गुणपर्यायं सर्वम्।।

અશુદ્ધગુણ વ્યંજનપર્યાય **મ**તિજ્ઞાનાદિરૂપ જાણવા. ॥૧૪/૪॥

पुद्गलद्रव्यशुद्धगुणव्यञ्जनपर्यायरूपता पुद्गलपरमाणुरूपादिचतुष्कावस्थायां विज्ञेया, अन्यनिरपेक्ष-दीर्घकालीन-शब्दवाच्य-गुणपर्यायत्वात्। ***एतेन*** [1]"रूव-रस-गंध-फासा जे थक्का तेसु अणुकदव्वेसु। ते चेव पोग्गलाणं सहावगुणपज्जया णेया।।" (द्र.स्व.प्र.३०) **द्रव्यस्वभावप्रकाशोक्तिः *व्याख्याता***, स्वभावगुणपर्यायपदेन शुद्धगुणव्यञ्जनपर्यायस्यैवाभिमतत्वात्। वक्ष्यमाणरीत्या (१४/८) पुद्गलपरमाणवः शुद्धद्रव्यव्यञ्जन-पर्यायरूपतया तत्स्थगुणानां नानावस्था इह शुद्धगुणव्यञ्जनपर्यायरूपतयोक्ता इति। उक्तस्तृतीयः।

चतुर्थमाह – **मत्यादिः** सप्तविध **इतरः** = अशुद्धगुणव्यञ्जनपर्यायः, ज्ञानावरणादिविपाकोदया-न्वितत्वात्। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [2]"मदि-सुद-ओही-मणपज्जयं च अण्णाण तिण्णि जे भणिया। एवं जीवस्स इमे विहावगुणपज्जया सव्वे।।" (द्र.स्व.प्र.२४) इति पूर्वोक्त(८/२)रीत्या विभावनीयम्।

इदमत्रावधेयम् – ज्ञानम् आत्मनः स्वभावगुणः। तस्य केवलज्ञानावस्था ज्ञानावरणक्षयसम्पाद्या

આ પ્રમાણે અનેક નયના તાત્પર્યાર્થની ઊંડી વિચારણા કરવામાં પરાયણ એવા પંડિતોએ જાણવું.

## ❋ પુદ્ગલના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય ❋

(**पुद्ग.**) પુદ્ગલ પરમાણુમાં જે રૂપ-રસ-ગંધ-સ્પર્શ ગુણ રહે છે, તેની અવસ્થા એ પુદ્ગલદ્રવ્યના શુદ્ધ ગુણના વ્યંજનપર્યાય તરીકે જાણવી. કારણ કે તે અન્યનિરપેક્ષ હોવાના કારણે શુદ્ધ છે. દીર્ઘકાલીન શબ્દપ્રતિપાદ્ય ગુણની અવસ્થાસ્વરૂપ હોવાથી વ્યંજનપર્યાયરૂપ છે. તેથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં "જે રૂપ, રસ, ગંધ, સ્પર્શ પુદ્ગલપરમાણુ દ્રવ્યમાં સ્થિર છે, તે જ પુદ્ગલના સ્વભાવગુણપર્યાય (= પુદ્ગલગુણના સ્વભાવપર્યાય) છે'' - આ પ્રમાણે જે જણાવેલ છે તેનું પણ અર્થઘટન ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કારણ કે 'સ્વભાવગુણપર્યાય' શબ્દથી ત્યાં શુદ્ધગુણવ્યંજનપર્યાય જ અભિપ્રેત છે. આ જ શાખાના આઠમા શ્લોકમાં જણાવવામાં આવશે તે રીતે પુદ્ગલપરમાણુઓ શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ છે. તે કારણે તેમાં રહેલા ગુણોની વિવિધ અવસ્થા એ શુદ્ધગુણવ્યંજનપર્યાય તરીકે અહીં જણાવેલ છે. આ મુજબ અહીં તાત્પર્ય સમજવું. આમ ત્રીજા પર્યાયનું નિરૂપણ પૂર્ણ થયું.

## ❋ અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયનું પ્રતિપાદન ❋

(**चतुर्थ.**) ગ્રંથકારશ્રી ચોથા પર્યાયનું નિરૂપણ કરે છે. મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે. કારણ કે જ્ઞાનાવરણ વગેરે કર્મનો વિપાક ઉદય પણ ત્યારે હાજર હોય છે. આ અંગે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યયજ્ઞાન તથા (૫) મતિઅજ્ઞાન, (૬) શ્રુતઅજ્ઞાન, (૭) વિભંગજ્ઞાન - આ જીવના વિભાવગુણપર્યાય (= અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય) છે." પૂર્વે (૮/૨) દર્શાવેલ પદ્ધતિ મુજબ આ સંદર્ભની ભાવના કરવી.

## ❋ સ્વાભાવિક જ્ઞાનનો વિકાર મતિજ્ઞાનાદિ ❋

(**इद.**) અહીં એક બાબત ધ્યાનમાં રાખવી કે જીવનો સ્વાભાવિક ગુણ જ્ઞાન છે. જ્ઞાનાવરણકર્મના

1. रूप-रस-गन्ध-स्पर्शा ये स्थिराः तेषु अणुकद्रव्येषु। ते चैव पुद्गलानां स्वभावगुणपर्यया ज्ञेयाः।।
2. मति-श्रुतावधि-मनःपर्यया चाऽज्ञानानि त्रीणि यानि भणितानि। एवं जीवस्येमे विभावगुणपर्यायाः सर्वे।।

शुद्धगुणव्यञ्जनपर्यायः, निरुपाधिकशब्दवाच्यगुणपर्यायत्वात्। ज्ञानावरणोदयावस्थायां स्वभावगुणलक्षणं ज्ञानं विकृतिमापद्य मतिज्ञानाद्यशुद्धोपयोगरूपेण परिणमति। अतः स्वभावज्ञानगुणविकारान्विता मतिज्ञानादयः अशुद्धगुणव्यञ्जनपर्यायत्वेन व्यवह्रियन्ते। यद्यपि मतिज्ञानादिचतुष्टयस्य न मत्यज्ञानादित्रिकवत् स्वरूपतः अशुद्धत्वम्, अन्यथा तत्र ज्ञानत्वानुपपत्तेः तथापि कार्त्स्न्येन शुद्धिविरहात्, मतिज्ञानावरणादिविपाकोदयाऽनुविद्धत्वाच्च तत्राऽशुद्धत्वोक्तिरवसेया। उक्तः चतुर्थः।

परिभाषान्तरेण शुद्धपर्यायाः स्वभावपर्याया इत्युच्यन्ते अशुद्धपर्यायाश्च विभावपर्याया इति। ***एतेन*** "(१) विभावद्रव्यव्यञ्जनपर्याया नर-नारकादिकाः। (२) विभावगुणव्यञ्जनपर्याया मत्यादयः। (३) स्वभावद्रव्यव्यञ्जनपर्यायाः चरमशरीरात् किञ्चिन्न्यूनसिद्धपर्यायाः। (४) स्वभावगुणव्यञ्जनपर्याया अनन्तचतुष्टयरूपा जीवस्य" (आ.प.पृ.४) इति **आलापपद्धतौ देवसेनोक्तिरपि व्याख्याता**।

---

ક્ષય દ્વારા જ્ઞાનની કૈવલ્ય અવસ્થા પ્રગટ થાય છે. આ કેવલજ્ઞાનાવસ્થા = કેવલજ્ઞાનસ્વરૂપ જ્ઞાનપર્યાય એ શુદ્ધગુણવ્યંજનપર્યાય છે. કેમ કે તે નિરુપાધિક અને શબ્દવાચ્ય એવા ગુણપર્યાયસ્વરૂપ છે. મતલબ કે નિરુપાધિક હોવાથી તે શુદ્ધ પર્યાય છે. શાબ્દિક સંકેતનો વિષય હોવાથી તે વ્યંજનપર્યાય છે. જ્ઞાનગુણની જ અવસ્થા હોવાથી તે ગુણપર્યાય છે. શુદ્ધપર્યાય, વ્યંજનપર્યાય અને ગુણપર્યાય - આ ત્રણ સ્વરૂપના લીધે સહજજ્ઞાનની કેવલજ્ઞાનદશા એ શુદ્ધગુણવ્યંજનપર્યાય કહેવાય છે. તથા જ્ઞાનાવરણ કર્મના ઉદયની અવસ્થામાં સ્વાભાવિકગુણસ્વરૂપ જ્ઞાન વિકૃતિને પામે છે. તથા વિકૃત થઈને તે મતિજ્ઞાન વગેરે અશુદ્ધ ઉપયોગસ્વરૂપે પરિણમે છે. આમ સ્વાભાવિક જ્ઞાન ગુણના વિકારથી યુક્ત બનવાના કારણે મતિજ્ઞાન વગેરેનો અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય તરીકે વ્યવહાર થાય છે. જો કે મતિઅજ્ઞાનાદિ ત્રણ જે રીતે સ્વરૂપથી અશુદ્ધ છે, તે રીતે મતિજ્ઞાનાદિ ચાર સ્વરૂપથી અશુદ્ધ નથી. બાકી તો તે ચારને જ્ઞાન કહેવું જ સંગત બની ન શકે. તો પણ કેવલજ્ઞાનની જેમ સંપૂર્ણ શુદ્ધિ ન હોવાથી તથા મતિજ્ઞાનાવરણાદિ કર્મના વિપાકોદયથી વણાયેલ હોવાના લીધે પ્રસ્તુતમાં મતિજ્ઞાનાદિમાં પણ અશુદ્ધિ કહેલી છે - તેમ જાણવું. આ રીતે ચોથા પર્યાયનું નિરૂપણ પૂર્ણ થાય છે.

## ❀ સ્વભાવ-વિભાવ પર્યાયની વિચારણા ❀

(परि.) બીજી પરિભાષા મુજબ શુદ્ધ પર્યાયો સ્વભાવપર્યાય કહેવાય છે અને અશુદ્ધ પર્યાયો વિભાવપર્યાય કહેવાય છે. પ્રસ્તુત નિરૂપણથી **આલાપપદ્ધતિ**ના એક સંદર્ભની પણ સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં **દેવસેનજી**એ જણાવેલ છે કે '(૧) મનુષ્ય, નારક વગેરે અવસ્થા વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય છે. (૨) મતિજ્ઞાન વગેરે વિભાવગુણવ્યંજનપર્યાય છે. (૩) પોતાના ચરમ શરીર કરતાં કંઈક ન્યૂન અવગાહનાવાળા સિદ્ધ ભગવંતના સંસ્થાનપર્યાયો સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય છે. (૪) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ અને અનંત આનંદ સ્વરૂપ અનંત ચતુષ્ટય એ જીવના સ્વભાવગુણવ્યંજનપર્યાય છે.' અહીં દેવસેનજીએ 'શુદ્ધ' શબ્દના સ્થાને 'સ્વભાવ' શબ્દનો અને 'અશુદ્ધ' શબ્દના સ્થાને 'વિભાવ' શબ્દનો પ્રયોગ કરેલ છે. આ રીતે ફક્ત શબ્દભેદ છે, અર્થમાં કોઈ ભેદ નથી.

एतदनुवादरूपेण **यशोविजयवाचकवरेण्यैरपि** **सप्तभङ्गीनयप्रदीपे** "पर्याया अपि स्वभाव-विभावाभ्यां द्रव्य-गुणाभ्यां च चतुर्भेदाः, तथाहि – (१) स्वभावद्रव्यव्यञ्जनपर्यायाश्चरमशरीरात् किञ्चिन्न्यूनसिद्धपर्यायाः, (२) स्वभावगुणव्यञ्जनपर्यायाः, यथा जीवस्य अनन्तचतुष्टयरूपाः, (३) विभावद्रव्यव्यञ्जनपर्यायाः गत्यादयः, (४) विभावगुणव्यञ्जनपर्यायाः मत्यादयः" (स.भ.न.प्र.पृ.४७) इत्युक्तमित्यवधेयम् ।

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (का.अ.२४२/वृ.पृ.१७३) **शुभचन्द्रेण** अपि एवमेव चतुर्विधाः जीवपर्याया दर्शिताः ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – निजाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायोच्छेदकृते देहाध्यासेन्द्रियाध्यासादित्यागेन कायस्थिरतेन्द्रियप्रत्याहार-प्रशस्तालम्बनोपरक्तान्तःकरणोपष्टम्भतो देहातीतेन्द्रियाऽतीत-मनोऽतीत-शब्दातीत-शाश्वतशान्तरसमय-शुद्धचैतन्यघननिजाऽमूर्त्ताऽऽत्मद्रव्यध्याने प्रतिदिनं दीर्घकालं लीनता सम्पादनीया ।

कर्म-प्रमादादिवशतः अन्तरा मनोबहिःक्षेपेण रागादिविभावपरिणाम-निरर्थकविकल्प-नानाविधा-

---

### ❀ સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ ❀

(एत.) દેવસેનજીની વચનશૈલીના અનુવાદરૂપે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ **સપ્તભંગી નયપ્રદીપ** નામના ગ્રંથમાં જણાવેલ છે કે 'સ્વભાવના અને વિભાવના ભેદથી તથા દ્રવ્યના અને ગુણના ભેદથી પર્યાયો પણ ચાર પ્રકારના થાય છે. તે આ પ્રમાણે (૧) ચરમશરીર કરતાં કંઈક ન્યૂન અવગાહનાવાળા સિદ્ધ દ્રવ્યના પર્યાયો સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય છે. (૨) જીવના અનંતચતુષ્ટય સ્વરૂપ સ્વભાવ ગુણવ્યંજનપર્યાયો જાણવા. (૩) મનુષ્યાદિ ગતિ વગેરે વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય સમજવા. (૪) મતિજ્ઞાન વગેરે વિભાવગુણવ્યંજનપર્યાય તરીકે ઓળખવા.' વાચકવર્ગે આ વાત પણ અહીં ખ્યાલમાં રાખવી.

### ❦ જીવના ચાર પર્યાયનો અતિદેશ ❦

**(कार्त्ति.)** **કાર્તિકેયાનુપ્રેક્ષા** ગ્રંથની ૨૪૨ મી ગાથાની **વ્યાખ્યા**માં દિગંબર **શુભચંદ્રજી**એ પણ આ જ પ્રમાણે જીવના ચાર પ્રકારના પર્યાયો દેખાડેલ છે. આ બાબત બહુશ્રુત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### ❀ વ્યંજનપર્યાયસૂચિત સાધનામાર્ગની સમજણ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- પોતાના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે પૂર્વે ૧૩/૫ માં વર્ણવેલ દેહાધ્યાસ-ઈન્દ્રિયાધ્યાસ વગેરે છોડવા જરૂરી છે. ત્યાર બાદ (૧) કાયાની સ્થિરતા કેળવી, (૨) પાંચેય ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી, (૩) પ્રતિમા-શાસ્ત્રવચન વગેરે પ્રશસ્ત આલંબનથી અંતઃકરણને ભાવિત કરવું. આ ત્રણેય બાબત ધ્યાનમાં સહાયક છે. તેથી તેની ઉચિત સહાય લઈને 'હું દેહાતીત છું, ઈન્દ્રિયાતીત છું, મનથી પણ અતીત (= મનનો અવિષય) છું, શબ્દનો પણ વિષય નથી. હું તો શાશ્વત શાંતરસમય, શુદ્ધ ચૈતન્યઘન અને અમૂર્ત્ત એવો આત્મા છું' - આ પ્રમાણેના આશયથી પોતાના આત્માનું ધ્યાન રોજે રોજ લાંબા સમય સુધી કરવું જોઈએ. આવા ધ્યાનમાં લીન થવું, ખોવાઈ જવું - એ પણ એટલું જ જરૂરી છે. મતલબ કે ધ્યાન ફક્ત શબ્દના સહારે, વિકલ્પના સહારે તરંગાત્મક થવું ન જોઈએ. પરંતુ અંતરના ઊંડાણથી થવું જોઈએ.

**(कर्म.)** તેમ છતાં કર્મવશ, પ્રમાદવશ કે અનાભોગવશ વચ્ચે-વચ્ચે મન બહારમાં જવાથી રાગાદિ

ऽऽकारादिप्रतिभासे तु "आत्मज्ञाने मुनिर्मग्नः सर्वं पुद्गलविभ्रमम्। महेन्द्रजालवद् वेत्ति, नैव तत्राऽनुरज्यते।।" (अ.उप.२/६) इति **अध्यात्मोपनिषत्**कारिकां निजचेतसिकृत्य स्वात्मा इत्थम् अनुशासितव्यो यदुत –

'अहं मूलस्वभावतो वीतरागोऽस्मि, शान्तिपिण्डोऽस्मि। न मे पौद्गलिकैः भवभ्रमणकारिभी रागादिभिः प्रयोजनं किञ्चित्। इन्द्रजालकल्पाः तुच्छाः सङ्कल्प-विकल्पादयस्तु कर्मजनिता ममाऽऽयुर्लुण्टकाश्च। तैः अलम्। मनश्चञ्चलतादिविधायिन्यः अन्तःप्रतिभासमाना विविधाकृतयोऽपि न मत्स्वरूपाः। अहं तु सदैव निराकारोऽस्मि, अमूर्त्तोऽस्मि, अतीन्द्रियोऽस्मि। अहं तु न एतदन्यतरस्य कर्ता भोक्ता वा। यस्मिन् ज्ञाने एतत्प्रतिभासः वर्त्तते तस्य निर्मलता, स्वप्रकाशरूपता निजस्वरूपता च मया ज्ञातव्या। तद् यतः आविर्भूतं स शुद्धचैतन्याऽखण्डपिण्डो मया द्रष्टव्यः, ज्ञातव्यः संवेदनीयश्च, यतः स एव मदीयं तात्त्विकं स्वरूपम्। अनादिकालतो मया निजशुद्धचित्स्वरूपमेव विस्मृतम्, अत्यन्तम् उपेक्षितञ्च। निजशुद्धचैतन्यस्वरूपप्रतिबिम्बिता रागादय एव मया रुचिपूर्वं दीर्घकालं

---

વિભાવપરિણામોનો પ્રતિભાસ થાય કે નકામા સંકલ્પ-વિકલ્પાદિનો પ્રતિભાસ થાય કે અલગ-અલગ આકારોનો આભાસ થાય તો **અધ્યાત્મઉપનિષત્**ના એક શ્લોકને પોતાના મનમાં સ્થાપિત કરવો. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'આત્માના જ્ઞાનમાં મગ્ન બનેલા મહાત્મા તમામ પ્રકારના પુદ્ગલવિભ્રમને મોટી માયાજાળ સમાન જુએ છે. તેથી તેમાં તે જરાય અનુરાગ કરતા નથી.'

('अहं.) આ બાબતને પોતાના ચિત્તમાં લક્ષરૂપે રાખીને પોતાના આત્માને આ રીતે સમજાવવો/ઘડવો કે - "હું મૂળભૂત સ્વભાવથી તો વીતરાગ છું, રાગાદિશૂન્ય જ છું. દ્વેષ-ક્રોધાદિ પણ મારું સ્વરૂપ નથી. હું તો શાન્તિનો પિંડ છું. રાગાદિ ભાવો તો પૌદ્ગલિક છે, ભવભ્રમણને કરાવનારા છે. મારે તેનું કશું કામ નથી. અંદરમાં જે સંકલ્પ-વિકલ્પાદિ વગર આમંત્રણે આવે છે, તે માયાજાળ જેવા છે. તે તુચ્છ છે. કર્મ તેને પેદા કરે છે. હું તેનો કર્તા નથી. તે મારા આયુષ્યને લૂંટનારા છે. મારે તેનું પણ કશું કામ નથી. તથા મનની ચંચળતા પેદા કરનારી જે જુદી-જુદી આકૃતિઓ - વર્ણાદિ અંદરમાં જણાય છે, તે પણ મારું સ્વરૂપ નથી. મારામાં કોઈ સ્વતંત્ર આકૃતિ નથી. હું તો નિરાકાર છું, અમૂર્ત્ત છું, અતીન્દ્રિય છું. તેથી રંગ-બેરંગી દૃશ્ય આકૃતિઓ કે વર્ણાદિ મારામાં કેવી રીતે સંભવે ? હું નથી રાગાદિનો કર્તા, નથી વિકલ્પાદિનો કર્તા કે નથી જુદી-જુદી દૃશ્યમાન આકૃતિઓનો કર્તા. તથા આ ત્રણમાંથી એકનો પણ ભોક્તા ય હું નથી જ. મારે તો આ રાગાદિ ત્રણેયનો પ્રતિભાસ જે જ્ઞાનમાં થાય છે, તે જ્ઞાનની નિર્મળતાને જાણવી છે. તે જ્ઞાનની સ્વપ્રકાશરૂપતાને જાણવી છે. 'જ્ઞેયાકારરૂપે રાગાદિ જેમાં પ્રતિબિંબિત થાય છે, તે જ્ઞાન મારું જ સ્વરૂપ છે' - આ હકીકત પણ મારે સમજવી છે. તથા તે જ્ઞાન જે શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડમાંથી પ્રગટેલ છે, તે શુદ્ધ ચૈતન્યનો અખંડ મૂળભૂત પિંડ પણ મારે જોવો છે, જાણવો છે, માણવો છે. કારણ કે તે શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ એ જ મારું તાત્ત્વિક સ્વરૂપ છે. અનાદિ કાળથી હું મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ ભૂલી ગયો તથા મેં તેની ઘોર ઉપેક્ષા કરી. મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પ્રતિબિંબિત થયેલા રાગાદિ ભાવોને જ મેં રુચિપૂર્વક દીર્ઘકાળ સુધી તન્મય બનીને જોયા. તેથી જ તેમાં મેં એકરૂપતાની બુદ્ધિ કરી. તાદાત્મ્યબુદ્ધિથી (= સ્વઅભિન્નપણાની બુદ્ધિથી) મેં રાગાદિને

यावत् तन्मयभावेन तादात्म्याऽध्यासतो विलोकिताः। अहो शास्त्राध्ययनव्यसनिनोऽपि मे मौर्ख्यम् ! उपयोगरूपेण शुद्धचैतन्यघनस्वरूपभ्रष्टोऽहम् अधुना परमशीतल-निजशुद्धचैतन्याऽखण्डपिण्डे प्रविशामि। अलं मम बहिर्भ्रमणेन भवभ्रमणापादकेन'। इत्थं पुनः देहाद्यतीताऽमूर्त्ताऽऽत्मद्रव्यध्याने लीनतया भाव्यम्। ततश्च नियमेन निजाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायपरम्पराविच्छेदो भविष्यतीति दृढतरं श्रद्धेयम्।

तथा निरन्तरं ज्ञानगर्भवैराग्योपशमभावबलेन स्वकीयात्मदशानिर्मलीकरणतः अशुद्धगुणव्यञ्जनपर्यायाः विशुध्यन्ति। भावकर्मोन्मूलनतः गुणव्यञ्जनपर्यायाऽशुद्धिः यदा कात्स्न्र्येन क्षीयते, तदा शुद्धगुणव्यञ्जनपर्यायाः प्रादुर्भवन्ति। ततश्च कालेन नोकर्मविच्छेदे अशुद्धद्रव्यव्यञ्जनपर्यायाः साकल्येन क्षीयन्ते आत्मा च स्वकीयशुद्धद्रव्यव्यञ्जनपर्यायेषु सदा स्थिरीभवति। इत्थं च साधकः सिद्धो भवति।

इदञ्चाऽत्राऽवधेयं यदुत - शुद्धाऽशुद्धद्रव्य-गुणव्यञ्जनपर्यायाः सम्यग् ज्ञातव्याः, येन पूर्णवस्तुस्वरूपावबोधादस्माकं ज्ञानं प्रमाणरूपतामास्कन्देत। किन्तु निजशुद्धद्रव्य-गुणव्यञ्जनपर्याया एव दृढतरम् उपादेयतया श्रद्धेयाः निरन्तरं ध्येयाश्च। तथा अन्यजीवद्रव्य-गुणानामपि केवलं शुद्धा एव व्यञ्जन-

---

માન્યા-માણ્યા. મારા સ્વરૂપે રાગાદિને જાણ્યા-જોયા. અહો ! મારી કેવી મૂર્ખતા ?! શાસ્ત્રોને ભણવાનું વ્યસન હોવા છતાં પરપરિણામને સ્વપરિણામ માનવાની મૂર્ખામી કરી બેઠો. લબ્ધિરૂપે/શક્તિસ્વરૂપે સદા શુદ્ધચૈતન્યઘન હોવા છતાં ઉપયોગરૂપે શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપથી ભ્રષ્ટ થયો. હવે હું મારા પરમશીતળ = પરમપ્રશાંતરસમય એવા શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડમાં પ્રવેશ કરું છું. બહાર ભટકવાથી તો ભવભ્રમણ પેદા થયું. હવે બહાર ભટકવાથી/ઉપયોગને બહાર ભટકાવવાથી સર્યું." આ રીતે ફરીથી દેહાદિશૂન્ય અમૂર્ત આત્મદ્રવ્યનું ધ્યાન કરવામાં લીન થવું. તેનાથી અવશ્ય ચારગતિ વગેરે સ્વરૂપ આપણા અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયના પ્રવાહનો ઉચ્છેદ થશે. આ બાબતની અત્યંત દૃઢપણે શ્રદ્ધા કરવી.

### ❀ ગુણવ્યંજનપર્યાયને શુદ્ધ કરીએ ❀

(तथा.) તેમજ સતત જ્ઞાનગર્ભિત વૈરાગ્યના અને ઉપશમભાવના બળથી પોતાની આત્મદશાને નિર્મળ કરવા દ્વારા અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય શુદ્ધ થાય છે. રાગાદિ ભાવકર્મને નિર્મૂળ કરવા દ્વારા અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયની અશુદ્ધિ જ્યારે સંપૂર્ણતયા ક્ષીણ થાય ત્યારે શુદ્ધ ગુણવ્યંજનપર્યાય પ્રગટ થાય. ત્યાર બાદ દેહાદિ નોકર્મનો કાળક્રમે વિચ્છેદ થતાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો સંપૂર્ણતયા ક્ષય થાય છે અને આત્મા પોતાના શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોમાં સદા માટે સ્થિર થાય છે. આમ સાધક સિદ્ધ બને છે.

### ❀ શુદ્ધસ્વરૂપદર્શનથી શુદ્ધસ્વરૂપ પ્રગટે ❀

(इद.) એક બાબત ખ્યાલમાં રાખવી કે અહીં શુદ્ધ-અશુદ્ધ બન્ને પ્રકારના જે દ્રવ્યવ્યંજનપર્યાય અને ગુણવ્યંજનપર્યાય દર્શાવેલ છે, તે તમામને સારી રીતે સમજવા-જાણવા. જેથી પરિપૂર્ણ વસ્તુસ્વરૂપનો બોધ થવાથી આપણું જ્ઞાન પ્રમાણ બને. પરંતુ ઉપાદેયપણે શ્રદ્ધા તો અત્યંત દૃઢતાથી પોતાના શુદ્ધ એવા દ્રવ્યવ્યંજનપર્યાયની અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયની જ કરવી. અશુદ્ધ પર્યાયની તેવી શ્રદ્ધા-રુચિ

पर्याया रुचिपूर्वं द्रष्टव्याः। ततश्च स्व-पराऽशुद्ध-द्रव्य-गुणव्यञ्जनपर्यायविलोकन-विभावनादि-गोचररुचिविलयेन स्वात्मा द्रुतं शुद्धद्रव्यादिरूपेण स्वयं परिणमति। 'शुद्धस्वरूपदर्शने शुद्धस्वरूपलाभः, अशुद्धस्वरूपदर्शने चाऽशुद्धस्वरूपाऽविच्छेद' इति न्यायोऽत्र लब्धप्रसरः। इदमेवाऽभिप्रेत्योक्तं **ज्ञानसारे** "अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत्। आत्माऽभेदेन यः पश्येदसौ मोक्षंगमी शमी।।" (ज्ञा.सा.६/२)। प्रकृते "विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि। शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः।।" (अ.सा. १५/४३ + भ.गी. ५/१८) इत्येवम् **अध्यात्मसारोद्धृता भगवद्गीताकारिका** अपि भावनीया।

एतादृशाऽभ्यन्तराऽपवर्गमार्गगमनप्रेरणाऽत्रोपलभ्यते। ततश्च "भवप्रपञ्चान्निर्मुक्ताः सर्वद्वन्द्वविवर्जिताः। स्थित्वा स्वाभाविके रूपे मोदन्ते मोक्षवर्त्तिनः।।" (उ.भ.क.प्रस्ताव-३/प्रान्ते-२३) इति **उपमितिभवप्रपञ्चायां कथायां सिद्धर्षिगणिव्यावर्णितं** सिद्धस्वरूपं सपदि प्रत्यासन्नं स्यात्।।१४/४।।

---

-લાગણી દૃઢ કરવાથી તે મૂળમાંથી ટળતા નથી. માટે ઉપરોક્ત શુદ્ધપર્યાયની જ દૃઢપણે શ્રદ્ધા કરવી તથા તેનું જ નિરંતર અંદરમાં ધ્યાન કરવું. તેમજ બીજા જીવોના પણ ફક્ત શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો અને શુદ્ધ ગુણવ્યંજનપર્યાયો જ રુચિપૂર્વક જોવા. અશુદ્ધપર્યાયની ઉપેક્ષા કરવી. આના કારણે પોતાના અને બીજાના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોને અને અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયોને જ જોવાની અને તેની જ ઊંડી વિચારણામાં ખોવાયેલા રહેવાની રુચિ રવાના થાય છે. તેના લીધે સાધક પોતે ઝડપથી શુદ્ધ દ્રવ્યાદિરૂપે પરિણમે છે. મતલબ કે સાધક શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયરૂપે પરિણમે છે તથા તેના ગુણો શુદ્ધ ગુણવ્યંજનપર્યાય સ્વરૂપે ઝડપથી પરિણમે છે. પોતાનું કે બીજાનું, દ્રવ્યનું કે ગુણનું શુદ્ધ સ્વરૂપ રુચિપૂર્વક જોવામાં આવે તો શુદ્ધસ્વરૂપનો લાભ થાય, દ્રવ્ય-ગુણનું શુદ્ધરૂપે પરિણમન થાય. તથા અશુદ્ધ સ્વરૂપ રુચિપૂર્વક જોવામાં આવે તો અશુદ્ધ સ્વરૂપનો વિચ્છેદ ક્યારેય ન થાય - આવો નિયમ અહીં પગપેસારો કરી રહ્યો છે. આ જ અભિપ્રાયથી **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે 'કર્મકૃત ભેદભાવને જે રુચિપૂર્વક જોતા નથી અને શુદ્ધચૈતન્ય અંશની અપેક્ષાએ જગતને (= જગતના સર્વ જીવોને) સમાન જુએ છે, પોતાનાથી અભિન્નપણે જુએ છે, તે ઉપશાંત યોગી મોક્ષગામી થાય છે.' પ્રસ્તુતમાં **ભગવદ્ગીતા**ની એક કારિકાની પણ ઊંડાણથી વિભાવના કરવી. તેનો અર્થ આ મુજબ છે કે 'વિદ્યા-વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ હોય કે ચંડાલ હોય, સામે ગાય હોય, હાથી હોય કે કૂતરો હોય - આ તમામને વિશે જે સમાન દૃષ્ટિવાળા હોય તે જ પંડિત છે.' આ કારિકા **અધ્યાત્મસાર**ના યોગઅધિકારમાં ઉદ્ધૃત કરેલ છે. તપ-ત્યાગ-લોચ-વિહારાદિ બાહ્ય સાધનામાર્ગ છે. સર્વ જીવોમાં સમદૃષ્ટિ-શુદ્ધદૃષ્ટિ તે આંતરિક સાધના માર્ગ છે.

**(एता.)** આ આંતરિક સાધનામાર્ગ ઉપર ચાલવાની પાવન પ્રેરણા અહીં પ્રાપ્ત થાય છે. તે સાધનામાર્ગ ઉપર ચાલવાથી **ઉપમિતિભવપ્રપંચા કથા**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી નજીક આવે. ત્યાં **શ્રીસિદ્ધર્ષિ ગણી**એ જણાવેલ છે કે 'મોક્ષમાં રહેલા જીવો સંસારના પ્રપંચમાંથી કાયમ મુક્ત થઈને સર્વ દ્વન્દ્વો(રતિ -અરતિ, સુખ-દુઃખ વગેરે)માંથી છૂટીને પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં રહીને સદા ખુશ રહે છે.' આવો મોક્ષ કદાપિ વિસરાય નહિ તે સાવધાની રાખવી. (૧૪/૪)

**ઋજુસૂત્રાદેશઈ કરી, ક્ષણપરિણત એહ;**
**કહો અર્થ ♦પર્યાય એ, અભ્યંતર જેહ ॥૧૪/૫॥ (૨૩૧) શ્રી જિન.**

ઈમ **ઋજુસૂત્રાદેશઈ ક્ષણપરિણત જે અભ્યંતર** પર્યાય, (**એહ**=) તે શુદ્ધાર્થપર્યાય. અનઈં જે જેહથી અલ્પકાલવર્ત્તી પર્યાય, (**એ**=) તે તેહથી અલ્પત્વવિવક્ષાઈં અશુદ્ધ **અર્થપર્યાય** (**કહો**=) કહવા. ॥૧૪/૫॥

पञ्चम-षष्ठौ शुद्धाऽशुद्धद्रव्यार्थपर्यायौ निरूपयति – '**ऋजुसूत्रे**'ति।

**ऋजुसूत्रनयादेशात् क्षण आन्तरः शुद्धोऽर्थपर्यायः।**
**स्वल्पकालवर्ती वै, ज्ञेयोऽशुद्धार्थपर्यायः।।१४/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ऋजुसूत्रनयादेशाद् आन्तरः क्षणः शुद्धः अर्थपर्यायः (उच्यते)। स्वल्पकालवर्ती (पर्यायः च) अशुद्धार्थपर्यायः ज्ञेयः।।१४/५।।

**ऋजुसूत्रनयादेशाद्** = ऋजुसूत्रनयाभिप्रायात् षष्ठशाखोपदर्शिताद् **आन्तरः** = अभ्यन्तरः स्वकीयः **क्षणः** = क्षणमात्रस्थितितया परिणतः **अर्थपर्यायः शुद्ध** उच्यते। ऋजुसूत्रस्य अतीताऽनागत-परकीयाऽग्राहकत्वात् स्वकीयो वर्त्तमान आत्मादिक्षणः प्रकृते शुद्धद्रव्यार्थपर्यायतया तन्नये सम्मतः।

यः पर्यायः यदपेक्षया **स्वल्पकालवर्ती** = नानाक्षणव्यापिस्वल्पकालानुगतः **वै** स्वकीयो वर्त्तमान आत्मादिक्षणसन्तानात्मकः, सोऽन्यापेक्षया **ऋजुसूत्रनयादेशाद् अशुद्धाऽर्थपर्यायः** = अशुद्धद्रव्यार्थपर्यायः

**અવતરણિકા** :- હવે અર્થપર્યાયનું નિરૂપણ કરવાનો અવસર ઉપસ્થિત છે. ગ્રંથકારશ્રી શુદ્ધ દ્રવ્ય-અર્થપર્યાય નામના પાંચમા ભેદનું તથા અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય નામના છઠ્ઠા ભેદનું નિરૂપણ કરે છે :-

**શ્લોકાર્થ** :- ઋજુસૂત્રનયના આદેશથી આંતરિક ક્ષણ શુદ્ધ અર્થપર્યાય જાણવો. તથા થોડોક સમય રહેનાર ક્ષણ અશુદ્ધ અર્થપર્યાય જાણવો. (૧૪/૫)

### ✤ શુદ્ધ દ્રવ્યાર્થપર્યાયનું લક્ષણ ✤

**વ્યાખ્યાર્થ** :- ઋજુસૂત્રનયના અભિપ્રાયથી પોતાનો આંતરિક જે પર્યાય ક્ષણમાત્રસ્થિતિરૂપે પરિણમેલો હોય તે શુદ્ધ અર્થપર્યાય કહેવાય છે. ઋજુસૂત્રનય ક્યારેય અતીત, અનાગત અને પરકીય વસ્તુનું ગ્રહણ કરતો નથી. કેવલ સ્વકીય અને વર્તમાન પર્યાયનું જ તે ગ્રહણ કરે છે. તેથી સ્વકીય વર્તમાનકાલીન આત્માદિક્ષણ પ્રસ્તુત ઋજુસૂત્રનયના મતે શુદ્ધ દ્રવ્યાર્થપર્યાય તરીકે માન્ય છે.

**સ્પષ્ટતા** :- પૂર્વે (૬/૧૩) ઋજુસૂત્રનયનું નિરૂપણ થઈ ચૂકેલ છે. પ્રસ્તુત પાંચમા પર્યાયને સારી રીતે સમજવા વાચકવર્ગ ફરીથી ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે. તત્ તત્ ક્ષણ રૂપે પરિણમેલું આપણું આત્મદ્રવ્ય તત્ તત્ ક્ષણે શુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય છે - આમ સૂક્ષ્મ ઋજુસૂત્રનયના આદેશથી સમજવું.

### ✽ અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાયનું નિરૂપણ ✽

(**यः**) જે (A) પર્યાય, અન્ય જે (B) પર્યાયની અપેક્ષાએ અલ્પકાલવર્તી હોય = અનેક ક્ષણોમાં વ્યાપ્ત એવા થોડાક સમય સુધી રહેનાર (અર્થાત્ એક ક્ષણના બદલે થોડીક વધારે ક્ષણ સુધી રહેનાર)

♦ પુસ્તકોમાં 'પજ્જાય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**ज्ञेयः**, तस्य सन्तानात्मकत्वे सति अन्यदीर्घकालीनपर्यायसन्तत्यपेक्षया स्वल्पकालवर्त्तित्वात्। अत्र 'वै'शब्दः पादपूर्त्तौ ज्ञातव्यः, "वै पादपूरणे सम्बोधनेऽप्यनुनये ध्रुवे" (वि.लो.अव्ययवर्ग-४८) इति **विश्वलोचने धरसेनाचार्योक्तेः**, "वै हेतौ पादपूरणे" (एका. ना.४०) इति **एकाक्षरनाममालायां सुधाकलशमुनि**वचनाच्च।

इह स्वात्मादिद्रव्यवर्त्तमानक्षणः शुद्धद्रव्यार्थपर्यायः तादृशक्षणसन्ततिश्चाऽशुद्धद्रव्यार्थपर्याय इति पञ्चम-षष्ठपर्याययोः विशेषो विज्ञेयः। सोदाहरणम् इदम् अग्रेतनश्लोके स्पष्टीभविष्यति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ऋजुसूत्रनयोपदर्शितशब्दाऽगोचरस्वकीयशुद्धाशुद्धाऽऽवश्यकाऽर्थपर्यायप्रादुर्भावेन निजशुद्धाऽऽत्मद्रव्ये सदा स्थिरता कार्या इति आध्यात्मिकी प्रेरणाऽत्र प्राप्तव्या। तदनुसरणेन च "यत्र दुःखेन सम्भिन्नं न च भ्रष्टमनन्तरम्। अभिलाषाऽपनीतं यत् तज्ज्ञेयं परमं पदम्।।" (अ.प्र.३२/२) इति **अष्टकप्रकरणोक्तं** परमपदं प्रत्यासन्नतरं भवेत्।।१४/५।।

એવી પોતાની આત્માદિક્ષણસંતતિ સ્વરૂપ હોય તે **(A)** અલ્પકાલીન ક્ષણસંતતિ, અન્ય **(B)** દીર્ઘકાલીન પર્યાયની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય તરીકે ઋજુસૂત્રનયના મતથી જ્ઞાતવ્ય છે. કારણ કે તે **(= A)** પર્યાય સન્તાનાત્મક (અનેકક્ષણવ્યાપી) છે અને અન્ય **(= B)** દીર્ઘકાલીન પર્યાયપ્રવાહની અપેક્ષાએ અલ્પકાલવર્તી છે. અલ્પકાલીન હોવાથી તે **(= A)** અર્થપર્યાય છે તથા સન્તાનાત્મક હોવાથી તે અર્થપર્યાય અશુદ્ધ છે. આમ ઋજુસૂત્રનયના મતે તે **(A)** અલ્પકાલીન ક્ષણસંતતિ પ્રસ્તુતમાં અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય તરીકે માન્ય બને છે. "(૧) પાદપૂર્ત્તિ, (૨) સંબોધન, (૩) અનુનય, (૪) ધ્રુવ અર્થમાં 'वै' શબ્દ જાણવો" - આ પ્રમાણે **વિશ્વલોચનકોશ**માં દિગંબરાચાર્ય **ધરસેન**જીએ જે જણાવેલ છે તે મુજબ, અહીં પાદપૂર્ત્તિ અર્થમાં 'वै' શબ્દ જાણવો. **એકાક્ષરનામમાલામાં સુધાકલશ** મુનિએ હેતુ અને પાદપૂર્ત્તિ અર્થમાં 'वै' જણાવેલ છે. તેનાથી પણ ઉપરોક્ત અર્થઘટનનું સમર્થન થાય છે.

### ✡ પાંચમા અને છઠ્ઠા પર્યાય વચ્ચે તફાવત ✡

(इह.) પ્રસ્તુતમાં પોતાના આત્માદિ દ્રવ્યની વર્તમાન ક્ષણ એટલે શુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય. તથા પોતાના આત્માદિ દ્રવ્યની વર્તમાન ક્ષણસંતતિ એટલે અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય. આટલો પાંચમા અને છઠ્ઠા પર્યાય વચ્ચે તફાવત જાણવો. આગળના શ્લોકમાં ઉદાહરણસહિત આ બન્ને પર્યાય કહેવાશે. તેથી એ બન્ને ત્યાં સ્પષ્ટ થઈ જશે.

### ❈ દ્રવ્યાર્થપર્યાયની પ્રેરણા ઝીલીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- ઋજુસૂત્રનયના મતે દર્શાવેલ શબ્દઅગોચર આપણા શુદ્ધ અને અશુદ્ધ જરૂરી અર્થપર્યાયને પ્રગટાવી નિજ શુદ્ધ આત્મદ્રવ્યમાં સદા માટે સ્થિર થવાની આધ્યાત્મિક પ્રેરણા અહીં પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે પ્રેરણાને અનુસરવાથી **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ પરમ પદ ખૂબ નજીક આવે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'જે સ્થાન દુઃખથી મિશ્રિત ન હોય, પછી ભ્રષ્ટ ન થાય, અભિલાષાશૂન્ય હોય તેને પરમ પદ જાણવું.' (૧૪/૫)

ઈહાં વૃદ્ધવચન સમ્મતિ દેખાડઈ છઈ –

**પુરુષશબ્દ જિમ પુરુષનઈ, વ્યંજન પર્યાય;**

**♦સંમતિગ્રંથઈ અર્થથી, બાલાદિ કહાય ॥૧૪/૬॥ (૨૩૨) શ્રી જિન.**

જિમ **પુરુષશબ્દ**વાચ્ય જે જન્માદિ મરણકાલપર્યંત એક અનુગત પર્યાય, તે **પુરુષનો વ્યંજન પર્યાય**, **સમ્મતિ ગ્રંથઈ** કહિઓ છઈ.

---

**ननु** स्वल्पकालवर्तिनामर्थपर्यायाणामशुद्धत्वं तदा सम्भवेत्, यदि अर्थपर्यायाः एकसमयाधिककालं यावत् स्थितिभाजः स्युः। परं सूक्ष्मत्वादर्थपर्यायाणां कथं स्थूलस्वल्पकालव्यापित्वं स्यात् ? इति ***चेत्*** ? ***मैवम्***, एकसमयाधिकसमयस्थायिपर्यायाणाम् अपि दीर्घतरकालीनव्यञ्जनपर्यायापेक्षया अर्थपर्यायत्वं सम्मतमेवेत्यत्र वृद्धवचनसम्मतिमाविष्करोति – '**पुरुषे**'ति।

**पुरुषव्यञ्जनवाच्यः यथा हि पुरुषे व्यञ्जनपर्यायः।**

**सम्मतौ प्रोक्तस्तथा बालादिस्त्वर्थपर्यायः।।१४/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा हि पुरुषव्यञ्जनवाच्यः पुरुषे व्यञ्जनपर्यायः तथा बालादिः तु अर्थपर्यायः सम्मतौ प्रोक्तः।।१४/६।।

**हिः** = यस्मात् कारणाद् **यथा** = येन प्रकारेण **पुरुषव्यञ्जनवाच्यः** = पुरुषशब्दवाच्यताऽऽलिङ्गितः जन्मादि-मरणकालपर्यन्तव्यापी एकोऽनुगतः **व्यञ्जनपर्यायः** = शब्दपर्यायः **पुरुषे** = पुरुषनिष्ठः **सम्मतौ** = **सम्मतितर्के सिद्धसेनदिवाकरसूरिवरेण प्रोक्तः** = स्पष्टतया कथितः, **तथा** =

---

**અવતરણિકા** :- 'થોડાક સમય સુધી રહેનારા અર્થપર્યાયો અશુદ્ધ ત્યારે સંભવી શકે કે જો અર્થપર્યાયો એક સમય કરતાં વધુ સમય સુધી સ્થિરતાને ધારણ કરતા હોય. પરંતુ આવું તો શક્ય નથી. કારણ કે અર્થપર્યાયો અત્યંત સૂક્ષ્મ છે. તેથી અનેકક્ષણઘટિત સ્થૂલ એવા થોડાક સમય સુધી ફેલાઈને તે અર્થપર્યાયો કઈ રીતે રહે ? મતલબ કે ઋજુસૂત્રનયના મતે શુદ્ધ અર્થપર્યાય સંભવે છે. પરંતુ અશુદ્ધ અર્થપર્યાય કઈ રીતે સંભવે ?' - આ પ્રમાણેની શંકા વાચકવર્ગને ઉપસ્થિત થાય તો તે ઉચિત નથી. કારણ કે એક સમય કરતાં વધુ સમય સુધી ટકનારા પર્યાયો પણ અતિદીર્ઘકાલીન વ્યંજનપર્યાયની અપેક્ષાએ અર્થપર્યાય તરીકે માન્ય જ છે. આ અંગે ગ્રંથકારશ્રી જ્ઞાનવૃદ્ધ પૂર્વાચાર્યના વચનની સંમતિને અહીં પ્રગટ કરે છે :-

**શ્લોકાર્થ** :- કારણ કે જેમ 'પુરુષ' શબ્દથી વાચ્ય પર્યાય પુરુષનિષ્ઠ વ્યંજનપર્યાય છે - આ પ્રમાણે **સંમતિતર્ક** ગ્રંથમાં જણાવેલ છે, તેમ બાલ વગેરે અવસ્થા અર્થપર્યાય તરીકે ત્યાં જણાવેલ છે. (૧૪/૬)

### ❀ મનુષ્યપર્યાય જન્મ-મરણપર્યન્ત એક છે ❀

**વ્યાખ્યાર્થ** :- જન્મથી માંડીને મરણકાળ સુધી ફેલાયેલો એક અનુગત એવો મનુષ્ય પર્યાય 'પુરુષ' શબ્દથી (= મનુષ્ય શબ્દથી) ઓળખાવાય છે. આ મનુષ્ય પર્યાય 'મનુષ્ય' શબ્દની વાચ્યતાથી યુક્ત હોવાથી વ્યંજનપર્યાય કહેવાય. આવું **સિદ્ધસેનદિવાકરસૂરિજી**એ **સંમતિતર્ક**માં અત્યંત સ્પષ્ટપણે જણાવેલ છે. જે રીતે

---

♦ મ.માં 'સમતિગ્રંથિ' પાઠ. સિ.+કો.(૯+૧૧) આ.(૧)નો પાઠ લીધો છે.

તથા (**બાલાદિ**=) બાલ-તરુણાદિપર્યાય તે (**અર્થથી પર્યાય**=) અર્થપર્યાય (**કહાય**=) કહિયા. તિમ સર્વત્ર ફેલાવીનઈ લેવું.

---

तेनैव प्रकारेण तत्रैव **बालादिः** = बाल-तरुण-वृद्धादिपर्यायः नानाक्षणघटितस्वल्पकालव्यापी **तु** एकोऽनुगतः द्रव्यगतः **अर्थपर्यायः प्रोक्तः**। तस्मात् कारणात् 'स्थूलकालस्थायी अर्थपर्यायः कथं सम्भवेत् ?' इति न शङ्कनीयम्, यतो न हि बाल-तरुणादिलक्षणोऽर्थपर्यायः समयमात्रस्थायी भवति, अपेक्षितदीर्घकालं यावत् तत्रैव पुरुषे 'बाल' इति अभिन्नशब्द-प्रतीति-व्यवहाराणामुपलब्धेः।

केवलमयमत्र विशेषो यदुत केवलैकसमयवर्ती अर्थपर्यायः शुद्धर्जुसूत्रनयविषयत्वात् शुद्धद्रव्यार्थपर्यायः, स्वल्पकालवर्ती चार्थपर्यायः अशुद्धर्जुसूत्रनयगोचरत्वाद् अशुद्धद्रव्याऽर्थपर्याय इति।

एवं सर्वत्रैव आकाशादौ वस्तुनि अर्थपर्यायः स्थूलकालव्यापितयाऽपि ग्राह्यः। ततश्चान्यत्राऽप्यशुद्धार्थपर्यायाः सम्भवन्तीति ध्येयम्।

---

મનુષ્યશબ્દવાચ્ય મનુષ્યનિષ્ઠ વ્યંજનપર્યાય સંમતિતર્કમાં જણાવેલ છે, તે જ રીતે ત્યાં જ બાલ-તરુણ-વૃદ્ધ વગેરે પર્યાયને દ્રવ્યવર્તી અર્થપર્યાય તરીકે જણાવેલ છે. જે કારણે બાલ-તરુણ વગેરે દશા અર્થપર્યાય સ્વરૂપે **સંમતિતર્ક**માં જણાવેલ છે, તે કારણે 'સ્થૂલકાલીન = અનેકક્ષણસ્થાયી અશુદ્ધ અર્થપર્યાય કઈ રીતે સંભવે ?' - આવી શંકા ન કરવી. કેમ કે આ બાલ-તરુણ વગેરે અવસ્થાઓ ફક્ત એક જ ક્ષણ પૂરતી નથી હોતી. પરંતુ તે અનેકક્ષણગર્ભિત થોડા સમય સુધી વ્યાપીને રહેનાર હોય છે. માણસ પ્રથમ ક્ષણે બાલ હોય, બીજી ક્ષણે તરુણ હોય, ત્રીજી ક્ષણે વૃદ્ધ હોય અને ચોથી જ ક્ષણે મૃત્યુ પામે આવો નિયમ વ્યવહારમાં જોવા મળતો નથી. તેથી બાલાદિ અર્થપર્યાય માત્ર ક્ષણવ્યાપી નથી પણ સ્થૂલકાલવ્યાપી છે. બાલ, તરુણ વગેરે પર્યાય માત્ર એક સમય રહેતો ન હોવાનું બીજું કારણ એ પણ છે કે વ્યવહારમાં અપેક્ષિત અમુક વર્ષો સુધી તે જ માણસમાં બાલ વગેરે એક જ શબ્દ ઉપલબ્ધ થાય છે. અમુક વરસો સુધી બાલ વગેરે રૂપે જ માણસની પ્રતીતિ થાય છે. અમુક વરસો સુધી માણસમાં બાલ વગેરે રૂપે જ વ્યવહાર ઉપલબ્ધ થાય છે. તેથી અશુદ્ધ અર્થપર્યાયનો અપલાપ કરી શકાય તેમ નથી.

### ❋ શુદ્ધ-અશુદ્ધ અર્થપર્યાય વચ્ચે તફાવત ❋

(**केव.**) અહીં શુદ્ધ અને અશુદ્ધ અર્થપર્યાયમાં તફાવત એ છે કે માત્ર એકસમયવર્તી અર્થપર્યાય એ 'શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય' કહેવાય. કારણ કે તે શુદ્ધ ઋજુસૂત્રનો વિષય છે. તથા જે અર્થપર્યાય એક ક્ષણ કરતાં થોડો વધુ સમય રહે, તે અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય કહેવાય. કારણ કે તે અશુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય છે.

### ⁂ અશુદ્ધ અર્થપર્યાયની વ્યાપકતા ⁂

(**एवं.**) મનુષ્યમાં બાલાદિ અવસ્થા સ્વરૂપ અર્થપર્યાય જેમ થોડાક સ્થૂલ કાળમાં વ્યાપીને રહે છે તેમ બધી જ વસ્તુમાં અર્થપર્યાય થોડાક સમય સુધી જ ફેલાઈને રહે તો તે પણ અશુદ્ધ અર્થપર્યાય તરીકે કલ્પી શકાય. તેથી આત્માની જેમ આકાશ વગેરેમાં પણ અશુદ્ધ અર્થપર્યાય સંભવી શકે. થોડા સમય માટે અમુક સ્થળે સ્થિર રહેલો ઘડો ફૂટી જાય ત્યારે આકાશમાં તે ઘટઅવગાહનાપર્યાય અશુદ્ધ અર્થપર્યાય તરીકે સમજી શકાય છે. આમ ધર્માસ્તિકાય વગેરેમાં પણ અશુદ્ધ અર્થપર્યાયને ધ્યાનમાં લેવા.

अत्र गाथा – [1]"**पुरिसम्मि पुरिससद्दो *जम्माई मरणकालपज्जंतो।**
**तस्स उ बालाइआ पज्जवभेया(? जोया) बहुविगप्पा***।।" (स.त.१.३२) ॥१४/६॥

तदुक्तं **सम्मतितर्के** [1]"पुरिसम्मि पुरिससद्दो जम्माई मरणकालपज्जन्तो। तस्स उ बालाइआ पज्जवजोया बहुविगप्पा।।" (स.त.१/३२) इति। श्री**अभयदेवसूरिकृततद्वृत्ति**लेशस्त्वेवम् – "अतीताऽनागत-वर्तमानाऽनन्तार्थ-व्यञ्जनपर्यायात्मके पुरुषवस्तुनि 'पुरुष' इति शब्दो यस्याऽसौ पुरुषशब्दः तद्वाच्याऽर्थः जन्मादिर्मरण(काल)-पर्यन्तः अभिन्न इत्यर्थः, 'पुरुष' इत्यभिन्नाऽभिधान-प्रत्यय-व्यवहारप्रवृत्तेः। तस्यैव बालादयः पर्याययोगाः = परिणतिसम्बन्धाः बहुविकल्पाः = अनेकभेदाः प्रतिक्षणसूक्ष्मपरिणामान्तर्भूताः भवन्ति, तत्रैव तथाव्यतिरेक-ज्ञानोत्पत्तेः।..........

## ❋ संमतिव्याख्याकारमतप्रदर्शन ❋

(तदुक्तं.) **सम्मतितर्क** પ્રકરણમાં આ બાબતને જણાવતા કહેલ છે કે "માણસમાં 'માણસ' શબ્દ જન્મથી માંડીને મરણકાળ સુધી પ્રવર્તે છે. માણસના બાલ વગેરે પર્યાયોના સંબંધમાં અનેક ભેદો પડે છે." વ્યાખ્યાકાર શ્રી**અભયદેવસૂરિ** મહારાજે પ્રસ્તુત સંમતિતર્કવચનની વિસ્તારથી છણાવટ કરેલ છે. તે વ્યાખ્યાનો ઉપયોગી અંશ પ્રસ્તુતમાં જણાવવામાં આવે છે. તે આ પ્રમાણે છે - "વિશ્વપ્રસિદ્ધ 'માણસ' નામની વસ્તુ અતીત, અનાગત અને વર્તમાનકાલીન અનંત અર્થપર્યાયસ્વરૂપ અને અનંત વ્યંજનપર્યાયસ્વરૂપ છે. આ 'માણસ' નામના પદાર્થમાં માણસ નામના શબ્દનો પ્રયોગ થાય છે. જન્મથી માંડીને મરણ સુધી માણસમાં 'માણસ' શબ્દનો પ્રયોગ થાય છે. અર્થાત્ 'માણસ' શબ્દથી ઓળખાતો પદાર્થ જન્મથી માંડીને મરણ સુધી એક જ છે. જન્મથી માંડીને મરણ સુધી 'માણસ' વસ્તુ એક જ હોવાનું કારણ એ છે કે જન્મથી માંડીને મરણ સુધી તેમાં 'માણસ' એવો એક જ શબ્દ પ્રયોજાય છે. જન્મથી માંડીને મરણ સુધી તેની માણસ તરીકે જ પ્રતીતિ થાય છે. તથા જન્મથી માંડીને મરણ સુધી તેમાં સર્વ લોકો માણસ તરીકેનો જ વ્યવહાર કરે છે. આમ અતીત, અનાગત, વર્તમાનકાલીન અનંત અર્થપર્યાય સ્વરૂપ અને અનંત વ્યંજનપર્યાય સ્વરૂપ માણસપદાર્થ એક જ છે, બદલાતો નથી, તેમાં તે ફેલાઈને રહે છે - એવું સિદ્ધ થાય છે. તે એક જ માણસમાં બાલ, તરુણ વગેરે વિવિધ પર્યાયપરિણતિઓનો કાલાંતરે સંબંધ થતો હોય છે. આ બાલાદિ પર્યાયના સંબંધો અનેકવિધ છે. માણસમાં (આત્મામાં) પ્રતિક્ષણ જે સૂક્ષ્મ પરિણામો ઉત્પન્ન થાય છે, તેમાં જ બાલાદિ પર્યાયના સંબંધનો અંતર્ભાવ થાય છે. કારણ કે તે જ માણસમાં તથાવિધ વ્યતિરેક જ્ઞાન = નિષેધાત્મક ભાન કાલાંતરમાં ઉત્પન્ન થાય છે."

## ❋ વિધેયાત્મક-નિષેધાત્મક પ્રતીતિની વિચારણા ❋

[illegible] :- જન્મથી માંડીને મરણ સુધી માણસને ઉદ્દેશીને 'આ માણસ છે', 'આ માણસ છે', 'આ માણસ છે' ... આ પ્રમાણે અન્વયજ્ઞાન = અનુગત બુદ્ધિ = વિધેયાત્મક પ્રતીતિ સૌ કોઈને નિર્વિવાદ રૂપે થાય છે. આમ દીર્ઘ કાળ સુધી 'માણસ' નામનો પદાર્થ સ્થાયી છે - તેવું સિદ્ધ થાય છે. પરંતુ જન્મથી માંડીને મરણ સુધી 'આ બાળ છે', 'આ બાળ છે', 'આ બાળ છે...'.. એવી અન્વયાત્મક બુદ્ધિ સૌને

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી. 1. पुरुषे पुरुषशब्दः जन्मादिर्मरणकालपर्यन्तः। तस्य तु बालादिकाः पर्याययोगा बहुविकल्पाः।।

अथवा पुरुषवस्तुनि पुरुषध्वनिः = व्यञ्जनपर्यायः। शेषो बालादिधर्मकलापोऽर्थपर्याय इति गाथासमुदायार्थः। ......तत्र नामनयाभिप्रायाद् नाम-नामवतोरभेदात् 'पुरुष'शब्द एव पुरुषार्थस्य व्यञ्जनपर्यायः। यद्वा 'पुरुष' इति शब्दो वाचको यस्य अर्थगततद्वाच्यधर्मस्य असौ पुरुषशब्दः। स चाऽभिधेयपरिणामरूपो व्यञ्जनपर्यायः कथं नाऽर्थधर्मः ?

---

થતી નથી. શરૂઆતના વરસોમાં 'આ બાલ છે, ઘરડો નથી' - આ રીતે પ્રતીતિ થાય છે. પછીના વરસોમાં 'આ તરુણ છે. હવે આ કાંઈ નાનું બાળક નથી' - આવી પ્રતીતિ થાય છે. થોડાક વરસો બાદ 'આ યુવાન છે, નાનું બચ્ચું નથી' - આવી પ્રતીતિ થાય છે. તથા પાછલી અવસ્થામાં 'હવે આ ઘરડો થઈ ગયો, પહેલાની જેમ યુવાન નથી' આવી પ્રતીતિ થાય છે. મતલબ કે પલટાતા કાળની સાથે 'આ ઘરડો નથી, આ બાળક નથી, આ યુવાન નથી...' ઈત્યાદિ રૂપે વિવિધ વ્યતિરેકબુદ્ધિ = નિષેધાત્મક પ્રતીતિ તે જ માણસને ઉદ્દેશીને થાય છે. તેથી માણસ તરીકેનો વ્યંજનપર્યાય દીર્ઘ કાળ સુધી વ્યાપ્ત હોવા છતાં બાલાદિ પર્યાય મનુષ્યપર્યાયની જેમ દીર્ઘકાળવ્યાપી નથી પરંતુ થોડા થોડા વરસો સુધી તે બાલાદિ પર્યાય વ્યાપીને રહે છે - તેવું ઉપરોક્ત વિચાર-વિમર્શ દ્વારા ફલિત થાય છે.....

### ❁ નામ-નામીનો અભેદ : નામનય ❁

(**अथवा.**) વ્યાખ્યાકાર **અભયદેવસૂરિજી** મહારાજ 'अथवा' શબ્દનો પ્રયોગ કરીને **સંમતિતર્ક** ગ્રંથની પ્રસ્તુત ગાથાની બીજી રીતે વ્યાખ્યા કરે છે. "પુરુષ પદાર્થમાં વપરાતો 'પુરુષ' શબ્દ એ વ્યંજનપર્યાય જાણવો. તથા બાકીના બાલ-તરુણ વગેરે ગુણધર્મોનો = અવસ્થાઓનો સમૂહ તે અર્થપર્યાય જાણવો. આ પ્રમાણે સંમતિતર્કની ગાથાનો સમુદાયાર્થ જાણવો. ગાથાના એક એક શબ્દ ઉપર ભાર આપીને છણાવટ કરવાના બદલે સમગ્રતયા ગાથાનું વિહંગાવલોકન કરવાથી જે અર્થ સમજાય તે અર્થ ગાથાનો સમુદાયાર્થ કહેવાય છે.... જૈનશાસનમાં અનેક પ્રકારના નયો બતાવેલા છે. તેમાંથી નામનયના અભિપ્રાયથી વિચારીએ તો પુરુષ એવો શબ્દ એ જ પુરુષ વસ્તુનો વ્યંજનપર્યાય છે. જે વસ્તુને વિશે શબ્દનો = નામનો પ્રયોગ થાય તે વસ્તુ નામી = નામવાળી કહેવાય. નામનયના અભિપ્રાયથી નામ અને નામી વચ્ચે અભેદ રહેલો છે. આ કારણસર 'પુરુષ' શબ્દનો = નામનો નામીમાં = પુરુષ વ્યક્તિમાં અભેદ માનીને 'પુરુષ' શબ્દને પુરુષવ્યક્તિના વ્યંજનપર્યાય તરીકે અહીં ઓળખાવેલ છે. અથવા તો 'पुरुषः शब्दः यस्य स पुरुषशब्दः' આ મુજબ બહુવ્રીહિ સમાસને અહીં સ્વીકારીને બીજી રીતે પણ વ્યાખ્યા કરી શકાય કે પુરુષવ્યક્તિમાં રહેલ જે ગુણધર્મ (= પરિણતિ) 'પુરુષ' શબ્દથી જણાવી શકાય, જે ગુણધર્મનો (= પ્રસ્તુતમાં માણસાઈ સ્વરૂપ પરિણતિનો) વાચક 'પુરુષ' કે 'માણસ' એવો શબ્દ છે તે ગુણધર્મ જ 'પુરુષ' શબ્દ તરીકે સમજવો. તેથી તે માણસાઈ વગેરે અર્થપરિણતિ સ્વરૂપ મનુષ્યધર્માત્મક વ્યંજનપર્યાય શા માટે અર્થનો = વસ્તુનો ધર્મ = પર્યાય ન બને ?

### ❁ વ્યંજનપર્યાય પણ વસ્તુનિષ્ઠ ❁

**સ્પષ્ટતા** :- માણસાઈ નામની મનુષ્યનિષ્ઠ પરિણતિને 'મનુષ્ય' શબ્દ જણાવે છે. તેથી 'માણસ શબ્દ' આવા શબ્દમાં બહુવ્રીહિ સમાસને સ્વીકારવાથી તેનો અર્થ થશે મનુષ્યપરિણતિ = માણસાઈ. આમ વ્યંજનપર્યાય પણ શબ્દવાચ્ય વસ્તુનો ધર્મ બનશે.

स च व्यञ्जनपर्यायः पुरुषोत्पत्तेः आरभ्य आ पुरुषविनाशाद् भवति इति जन्मादिर्मरणसमयपर्यन्त उक्तः। तस्य तु बालादयः पर्याययोगा बहुविकल्पाः = तस्य पुरुषाऽभिधेयपरिणामवतो बाल-कुमारादयः तत्रोपलभ्यमाना अर्थपर्याया भवन्ति अनन्तरूपाः। एवञ्च पुरुषो व्यञ्जनपर्यायेण एकः बालादिभिस्तु अर्थपर्यायैः अनेकः" (स.त.१/३२) इति। पूर्वं (४/५ + १४/२) लेशतो दर्शिताऽपीयं व्याख्या सोपयोगित्वादत्र विस्तरलेशेन दर्शिता। प्रयोजनभेदान्नाऽत्र पौनरुक्त्यं दोषतया ज्ञेयम्।

ततश्च अशुद्धद्रव्यव्यञ्जनपर्यायात्मकपुरुषापेक्षयाऽल्पकालवर्तित्वेन बाल-तरुणादीनाम् अर्थ-पर्यायत्वेऽपि स्वल्पकालस्थायिता अर्थपर्यायगताऽशुद्धत्वसाधिका सिद्धान्तसिद्धैवेति फलितमेतावता।

### ❖ અર્થપર્યાય પણ અલ્પકાલસ્થાયી ❖

**(स च.)** તથા તે વ્યંજનપર્યાય માણસની ઉત્પત્તિથી માંડીને માણસના વિનાશ સુધી સ્થિર રહે છે. તે કારણથી તે 'પુરુષ' શબ્દ = માણસાઈ = મનુષ્ય પરિણતિ = વ્યંજનપર્યાય = અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય જન્મથી માંડીને મરણસમય સુધી એક જ કહેવાયેલ છે. આવા વ્યંજનપર્યાયના બાલ વગેરે પર્યાયોના સંબંધો અનેક પ્રકારે પડે છે. 'અનેક પ્રકારે' એટલે અનંત રૂપે તેમ સમજવું. કારણ કે 'પુરુષ' શબ્દથી વાચ્ય (= જણાવાતી) પરિણતિને ધારણ કરનાર પુરુષવ્યક્તિના બાલ-કુમાર વગેરે વિકલ્પ રૂપે = ભેદ રૂપે = પ્રકાર રૂપે તે પર્યાયસંબંધો હોય છે. પ્રસ્તુત શાખાના પાંચમા શ્લોક મુજબ વિચારીએ તો, બાલ -કુમાર વગેરે અર્થપર્યાયસ્વરૂપ છે, કારણ કે તેઓ પુરુષ કરતાં અલ્પકાળવર્તી છે. બાલ-કુમાર આદિ અવસ્થાઓ પુરુષ કરતાં દીર્ઘકાળવર્તી નથી. તેથી તે બાલ-કુમાર વગેરે પર્યાયો વ્યંજનપર્યાયસ્વરૂપ નથી બનતા પરંતુ અર્થપર્યાયસ્વરૂપ બને છે. તત્ તત્ ક્ષણના ભેદથી સૂક્ષ્મરૂપે તે અર્થપર્યાયોના અનંત ભેદ છે. ક્ષણિક એવા શુદ્ધ અર્થપર્યાયની અપેક્ષાએ બાલાદિ પર્યાયોના સંબંધો અનેક વિકલ્પવાળા કહેવાય છે. આ રીતે વિચાર કરવાથી નિષ્કર્ષ એવો આવે છે કે વ્યંજનપર્યાયથી માણસ એક છે અને બાલ -તરુણ વગેરે (અશુદ્ધ) અર્થપર્યાયોથી માણસ અનેક છે.'' આ પ્રમાણે **સંમતિવ્યાખ્યાકાર શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે. પૂર્વે (૪/૫ + ૧૪/૨) પ્રસ્તુત સંમતિતર્કવૃત્તિ આંશિક રીતે જણાવેલ જ હતી. છતાં પણ અહીં ઉપયોગી હોવાથી થોડાક વિસ્તારથી જણાવેલ છે. મહોપાધ્યાયજીએ પણ પૂર્વે (૪/૫) અને અહીં સંમતિતર્કની પ્રસ્તુત ગાથા જુદા-જુદા પ્રયોજનથી જણાવી છે. માટે આ પુનરુક્તિને દોષરૂપ માનવી નહીં.

### ❋ અર્થપર્યાયો અશુદ્ધ પણ હોય ❋

**(ततश्च.)** તેથી સંમતિવ્યાખ્યાકારના ઉપરોક્ત વિચાર-વિમર્શથી એવું ફલિત થાય છે કે બાલ-તરુણ વગેરે અવસ્થાઓ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય સ્વરૂપ પુરુષ કરતાં અલ્પકાલવર્તી હોવાથી અર્થપર્યાયસ્વરૂપ છે. તેમ છતાં પણ બાલ-તરુણ વગેરે અર્થપર્યાયો માત્ર એક ક્ષણ નથી રહેતા પરંતુ અમુક વરસો સુધી રહે છે. આમ એક સમય કરતાં અધિક સમય સુધી રહેવાપણું અર્થપર્યાયમાં સિદ્ધ થાય છે. અર્થપર્યાયગત પ્રસ્તુત સ્વલ્પકાલસ્થાયિતા જૈન સિદ્ધાંતમાં પ્રસિદ્ધ જ છે. તથા આ અનેકક્ષણસ્થાયિતા અર્થપર્યાયને અશુદ્ધ તરીકે સાબિત કરવા માટે સમર્થ છે. તેથી અર્થપર્યાયના શુદ્ધ અને અશુદ્ધ એવા ભેદનો અપલાપ કરી શકાતો નથી.

"अशुद्धार्थपर्यायाः जीवस्य षट्स्थानगतकषायहानि-वृद्धितः विशुद्धिसङ्क्लेशरूपशुभाऽशुभलेश्यास्थानेषु ज्ञातव्याः" (पञ्चा.१६) इति **पञ्चास्तिकायवृत्तौ जयसेनाचार्यः**।

निरुक्तस्व-परापेक्षसदृश-विसदृशव्यञ्जनाऽर्थपर्यायैः अस्तित्व-नास्तित्वाभ्यां समनुविद्धं समुत्पादादि-त्रैलक्षण्यान्वितं वस्तुत्वाऽवच्छिन्नं समवसेयम्। तदिदमभिप्रेत्योक्तं **स्याद्वादकल्पलतायाम्** – "तत्र च पर-पर्यायैर्विसदृशैः पटत्वादिभिर्नास्ति घटद्रव्यम्, सदृशैस्तु सत्त्व-द्रव्यत्व-पृथिवीत्वादिभिः व्यञ्जनपर्यायैरस्त्येव, साधारणाऽसाधारणस्य सामान्य-विशेषरूपस्य वस्तुनो गुण-प्रधानभावेन सदादिशब्दवाच्यत्वात्। अर्थपर्यायैस्तु ऋजुसूत्राभिमतैः सदृशैरपि नास्ति, अन्योन्यव्यावृत्तस्वलक्षणग्राहकत्वात् तस्य। स्वपर्यायैरपि प्रत्युत्पन्नैः तत्समयेऽस्त्येव, विगत-भविष्यद्भिस्तु कथञ्चिदस्ति, कथञ्चिद् नास्ति, तत्काले तच्छक्त्या तस्यैकत्वात्,

### ⊛ લેશ્યાસ્થાનમાં અશુદ્ધ અર્થપર્યાય ⊛

("अशु.) **પંચાસ્તિકાયવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **જયસેનજી** એમ કહે છે કે 'અનંતભાગ-અસંખ્યભાગ -સંખ્યાતભાગ-સંખ્યાતગુણ-અસંખ્યાતગુણ-અનંતગુણ આ પ્રમાણે ષટ્સ્થાનસંબંધી કષાયની હાનિ થવાથી પ્રાપ્ત થનાર વિશુદ્ધિસ્વરૂપ શુભલેશ્યાના સ્થાનોમાં તથા ષટ્સ્થાનપતિત કષાયવૃદ્ધિ થવાથી પ્રાપ્ત થનાર સંક્લેશાત્મક અશુભલેશ્યાના સ્થાનોમાં જીવના અશુદ્ધ અર્થપર્યાયો જાણવા.' સમયમાત્રસ્થિતિક નહિ પણ અંતર્મુહૂર્તકાલીન સ્થિતિવાળા હોવાથી ઉપરોક્ત અર્થપર્યાયો અશુદ્ધ તરીકે અહીં દર્શાવેલ છે.

### ❉ વિભિન્ન વ્યંજન-અર્થપર્યાયથી સદ્-અસત્ ત્રિલક્ષણ જગત ❉

(**निरु.**) હમણાં આ શાખામાં જણાવી ગયેલા સ્વસાપેક્ષ અને પરસાપેક્ષ એવા સમાન અને અસમાન એવા વ્યંજનપર્યાયની અપેક્ષાએ તથા અર્થપર્યાયની અપેક્ષાએ અસ્તિત્વ અને નાસ્તિત્વ દ્વારા વણાયેલ પ્રત્યેક વસ્તુ સમુત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી અત્યંત મિશ્રિત થયેલ છે – તેમ સમજવું. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાના સાતમા સ્તબકમાં જણાવેલ છે કે "વસ્તુના આ ગુણધર્મોની બાબતમાં આ જાણવા યોગ્ય છે કે પદાર્થના જે વિસદશપર્યાય એટલે કે પરપર્યાય હોય છે, તે ધર્મોથી પદાર્થનું અસ્તિત્વ નથી હોતું. જેમ કે પટત્વાદિરૂપે ઘટદ્રવ્યનું અસ્તિત્વ નથી હોતું. પરંતુ જે સદશપર્યાય હોય એટલે કે વસ્તુમાં અનુવૃત્ત ધર્મ હોય, તે બધા ઘટના સ્વપર્યાય કહેવાય. જેમ કે ઘટદ્રવ્યમાં રહેલ સત્તા-દ્રવ્યત્વ-પૃથ્વીત્વ વગેરે. આ ધર્મોથી ઘટનું અસ્તિત્વ હોય છે. વસ્તુ સાધારણ-અસાધારણ અર્થાત્ સામાન્ય-વિશેષાત્મક હોય છે. વસ્તુમાં રહેલ આ સામાન્ય-વિશેષાત્મક રૂપોમાં ગૌણ-મુખ્યભાવની વિવક્ષાથી તે વસ્તુ સત્ વગેરે સામાન્યશબ્દથી અને ઘટ વગેરે વિશેષશબ્દથી વાચ્ય બને છે. ઋજુસૂત્રનય અનુસારે, સદશ (=સામાન્ય) અર્થપર્યાયોથી પણ વસ્તુનું અસ્તિત્વ નથી હોતું. કેમ કે તે નય પરસ્પરવ્યાવૃત્ત સ્વલક્ષણ વસ્તુનો ગ્રાહક છે. તથા ઋજુસૂત્રમતે સ્વકીય વિલક્ષણપર્યાયો = વિશેષપર્યાયો પણ જે વર્તમાનકાલીન હોય, તેનાથી જ વસ્તુનું અસ્તિત્વ હોય છે. તથા તે પર્યાયોથી વસ્તુનું અસ્તિત્વ હોય જ છે. પરંતુ પ્રસ્તુત ઋજુસૂત્ર સુનય હોવાથી નૈગમાદિનયને સાપેક્ષ છે. તેથી તેના મતે અતીત અને ભાવી સ્વપર્યાયોથી વસ્તુનું કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વ બન્ને હોય છે. કેમ કે વસ્તુ પોતાની શક્તિથી (= ઊર્ધ્વતાસામાન્યથી = પોતાના દ્રવ્યાંશરૂપથી) વર્તમાનકાળમાં, ભૂતકાળમાં અને ભાવિકાળમાં પણ એક હોય છે. તેથી વર્તમાન કાળે પણ ઊર્ધ્વતાસામાન્યશક્તિરૂપે અતીત – અનાગત સ્વપર્યાયોથી દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક તે વસ્તુ અભિન્ન

तद्रूपव्यक्त्या च भिन्नत्वादिति। प्रत्युत्पन्नैः अपि एकगुणकृष्णत्वादिभिरनैकगमैः भजनेति। एवं स्वतः परतो वाऽनुवृत्ति-व्यावृत्त्याद्यनेकशक्तियुक्तोत्पादादित्रैलक्षण्यलक्षणमनेकान्तात्मकं जगद् विभावनीयम्" (शा.वा.स. ७/१/पृष्ठ-२१) इति। उक्तौ पञ्चम-षष्ठौ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्मदीया बाल-तरुण-युवाद्यर्थपर्यायाः अस्मदीयां संसारिदशां ज्ञापयन्ति। मनुष्य-पशुप्रभृत्यवस्थानलक्षणा अस्मदीयव्यञ्जनपर्यायाः अपि अस्मदीयां संसारिदशां दर्शयन्ति व्यवहारतः। व्यवहारनयतो जीवपर्यायतया इमे उच्यन्ते तथापि न ते जीवस्य भवन्ति, न वा जीवः तन्मयो भवति परमार्थतः। तथाविधव्यवहारदृष्टिव्यग्रतया तादृशव्यवहारं सत्यापयन् 'बालादयः नश्वरस्य शरीरस्य पर्यायाः, न तु मम। अहं तु अमूर्त्तः, अतीन्द्रियः, असङ्गः, अनश्वरः, शुद्धचैतन्याऽखण्डपिण्डोऽस्मी'ति शुद्धनिश्चयगोचरश्रद्धादीपिकां विध्यापयति।

હોય છે. તથા તે તે કાળે વિદ્યમાન તે તે વ્યક્તિરૂપે (= ઘટત્વાદિસ્વરૂપે) તે વસ્તુ અતીત-અનાગત પર્યાયોથી ભિન્ન હોય છે. તેમજ વિદ્યમાન એવા પણ સ્વકીય અનેકવિધ એકગુણ-દ્વિગુણકૃષ્ણત્વ વગેરે ધર્મોથી વસ્તુની ભજના અર્થાત્ અનેકાંતરૂપતા હોય છે. અર્થાત્ વિદ્યમાન કૃષ્ણવર્ણ તમામસ્વરૂપે ઘટાદિમાં સત્ નથી. પરંતુ વિવક્ષિત વિદ્યમાન એકગુણકૃષ્ણત્વ વગેરે સ્વરૂપે જ શ્યામઘટાદિમાં તે સત્ છે. આવી ભજના = અનેકાન્તરૂપતા અહીં જાણવી. આ રીતે જગત સ્વતઃ અનુવૃત્તિ અને પરતઃ વ્યાવૃત્તિ વગેરે અનેક શક્તિઓથી યુક્ત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ લક્ષણત્રયથી આશ્લિષ્ટ અનેકાંતસ્વરૂપ છે." આ રીતે પાંચમા અને છઠ્ઠા પર્યાયનું નિરૂપણ પૂર્ણ થયું.

**સ્પષ્ટતા** :- અહીં સત્ત્વ-દ્રવ્યત્વ વગેરે ત્રિકાળવર્તી વસ્તુના સામાન્યધર્મોને વ્યંજનપર્યાય અને વસ્તુના વર્તમાનકાલમાત્રવૃત્તિરૂપને અર્થપર્યાય કહેવા પાછળનો આશય એવો જણાય છે કે જે સ્વરૂપ પ્રવૃત્તિ -નિવૃત્તિમાં ઉપયોગી હોય અર્થાત્ જે સ્વરૂપથી ભાવી વસ્તુમાં ઈષ્ટસાધનતાજ્ઞાનથી પ્રવૃત્તિ અને અનિષ્ટસાધનતાજ્ઞાનથી નિવૃત્તિ થાય છે, તે સ્વરૂપને વ્યંજનપર્યાય કહેવાય છે. કેમ કે તે કારણતા-અવચ્છેદકાદિ રૂપથી વસ્તુમાં ઈષ્ટાનિષ્ટ અર્થક્રિયાની યોગ્યતાની જ્ઞપ્તિ થાય છે. પરંતુ જે સ્વરૂપથી વસ્તુ અર્થક્રિયાની ઉપધાયક હોય છે, તે વસ્તુનું સ્વરૂપયોગ્યતાઆત્મક સામાન્યરૂપ ન બનતા તેનું વર્તમાનકાલમાત્રવૃત્તિ વિશેષરૂપ (=કુર્વદ્રૂપ) બને છે. તેને અર્થપર્યાય કહેવાય છે. આ રીતે 'અર્થપર્યાય' શબ્દનો 'વસ્તુમાં અર્થક્રિયાઉપધાયકતાનો પ્રયોજક પર્યાય' આવો અર્થ કરી શકાય છે.

## બન્ને પ્રકારના સંસારી પર્યાયને હટાવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા બાલ-તરુણ-યુવાન આદિ અર્થપર્યાયો આપણી સંસારી દશાને સૂચવે છે. તથા માણસ, પશુ વગેરે અવસ્થા સ્વરૂપ આપણા વ્યંજનપર્યાયો પણ વ્યવહારથી આપણી સંસારી દશાને સૂચવે છે. વ્યવહારનયથી આ અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો જીવના કહેવાય છે. પરંતુ તેટલા માત્રથી તે પર્યાયો પરમાર્થથી જીવના બની જતા નથી કે જીવ તે-તે પર્યાયમય પરમાર્થથી બની જતો નથી. 'આ જીવ બાળક છે, તે જીવ યુવાન છે' - ઈત્યાદિ વ્યવહારોમાં અજ્ઞાની જીવ ખોટી થાય છે. તેવી વ્યવહારદૃષ્ટિમાં વ્યગ્ર બનીને તેવા વ્યવહારોને સાચો ઠરાવવા જતાં પોતાની શુદ્ધનિશ્ચયસંબંધી શ્રદ્ધાની દીવડીને તે બૂઝાવી દે છે. 'બાલ, યુવાન વગેરે પર્યાયો નશ્વર એવા શરીરના છે. તે મારા પર્યાય નથી. હું તો અમૂર્ત્ત, અતીન્દ્રિય, અસંગ, અનશ્વર અને શુદ્ધચૈતન્યનો અખંડ પિંડ છું' - આવો

'बालादयः देहपुद्गलपर्याया' इत्यनङ्गीकारे तु तात्त्विको देहाद्यात्मभेदविज्ञानपरिणामः ग्रन्थिभेदश्च सुदुर्लभौ। निजशुद्धात्मद्रव्यस्वभावविनिश्चयः अशुद्धनिश्चयनयतोऽपि न सुलभः किमुत उपचार-बहुलव्यवहारनयतः? बाल-युवादिपर्यायलक्ष्यतश्च स्वानुभूतिः नैव जायते। अतो यथार्थनिजशुद्धात्म-द्रव्यस्वभावश्रद्धानाद्यर्थम्, ग्रन्थिभेदोत्तरकालीनाऽपरोक्षस्वानुभूत्यर्थम्, तादृशव्यञ्जनार्थपर्यायप्रवाहोच्छेदार्थञ्च तादृशव्यवहारदृष्टिः त्याज्यैव।

प्रकृते "न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा ?। नाऽहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले।।" (इष्टो. २९) इति **देवनन्दिकृतेष्टोपदेश**कारिका विभावनीया। इत्थं संसारिदशासूचकैतादृशव्यञ्ज-नार्थपर्यायोन्मूलनेन अस्मदीयसिद्ध-बुद्ध-मुक्तदशाज्ञापकशुद्धद्रव्यव्यञ्जनार्थपर्यायप्रकटीकरणे एव अस्मदीयं तात्त्विकं श्रेयः समाविष्टमिति। ततश्च "विशुद्धस्वरूपलाभः" (ध.बि.८/३८), "आत्यन्तिकी व्याबाधा-निवृत्तिः" (ध.बि.८/३९), "सा निरुपमं सुखम्" (ध.बि.८/४०) इत्यादिरूपेण **धर्मबिन्दौ हरिभद्रसूरि**दर्शितं सिद्धस्वरूपं न दुर्लभमित्यवधेयम्।।१४/६।।

---

તાત્ત્વિક શ્રદ્ધાનો સાચો દીપક તે વ્યવહારોની દૃઢ શ્રદ્ધા કરવા જતાં બૂઝાઈ જાય છે.

### ❀ સ્વાનુભૂતિ માટે વ્યવહારદૃષ્ટિ ત્યાજ્ય ❀

(**'बाला.**) 'બાલ, યુવાન વગેરે દેહપુદ્ગલના જ પર્યાયો છે' - આવો સ્વીકાર જો ન થાય તો 'શરીર અને આત્મા જુદા જ છે' - આવી તાત્ત્વિક ભેદવિજ્ઞાનપરિણતિ દુર્લભ બને. તેવા જીવને રાગાદિથી કે વિકલ્પાદિથી કે કર્માદિથી ભેદજ્ઞાન થાય નહિ. દેહ-રાગ-દ્વેષ-વિકલ્પ વગેરેથી પોતાના ઉપયોગને છૂટો પાડ્યા વિના તો ગ્રંથિભેદ અત્યંત દુર્લભ જ બની જાય છે. પોતાના શુદ્ધ આત્મદ્રવ્યના સ્વભાવનો યથાર્થ નિશ્ચય તો અશુદ્ધ નિશ્ચયનયથી પણ થતો નથી. તો પછી ઉપચારને જ ડગલે ને પગલે મુખ્ય કરનાર વ્યવહારનયથી તો તે સ્વભાવનો નિર્ણય ક્યાંથી થાય ? તથા બાલ, યુવાન આદિ પર્યાયોના લક્ષે આત્મજ્ઞાન પ્રગટ થતું નથી, અપરોક્ષ સ્વાનુભૂતિ થતી નથી જ. તેથી (૧) પોતાના શુદ્ધ આત્મદ્રવ્યના યથાર્થ સ્વભાવની શ્રદ્ધા-રુચિ-જાણકારી મેળવવા માટે તથા (૨) ગ્રંથિભેદ પછીના સમયે થનાર તાત્ત્વિક અપરોક્ષ સ્વાનુભવ = આત્મસાક્ષાત્કાર માટે (૩) તેમજ તથાવિધ અશુદ્ધ વ્યંજનપર્યાયના અને અર્થપર્યાયના પ્રવાહનો ઉચ્છેદ કરવા માટે તેવા વ્યવહારની દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ છોડવી જ જોઈએ.

### ❋ બાલાદિ પર્યાયો શરીરના જ છે ❋

(**प्रकृ.**) પ્રસ્તુતમાં "મારું મરણ નથી તો ડર ક્યાંથી ? મને રોગ નથી તો વ્યથા ક્યાંથી ? હું બાલ નથી કે વૃદ્ધ નથી કે યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ તો પુદ્ગલની છે" - આ મુજબ **દેવનંદીરચિત ઈષ્ટોપદેશ**ની કારિકાના અર્થની વિભાવના કરવી. આ રીતે આપણી સંસારી દશાને સૂચવનારા પ્રસ્તુત વ્યંજનપર્યાયનું અને અર્થપર્યાયનું ઉન્મૂલન કરીને આપણી સિદ્ધ-બુદ્ધ-મુક્તદશાને દર્શાવનારા શુદ્ધદ્રવ્યગોચર વ્યંજનપર્યાયને અને અર્થપર્યાયને પ્રગટ કરવામાં જ આપણું તાત્ત્વિક કલ્યાણ સમાયેલું છે. તે પ્રવૃત્તિથી **ધર્મબિંદુ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ દુર્લભ નથી - એ ખ્યાલમાં રાખવું. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ મોક્ષને દર્શાવતાં કહેલ છે કે 'ત્યારે વિશુદ્ધ આત્મસ્વરૂપનો લાભ થાય છે. દુઃખની અત્યંતનિવૃત્તિ થાય છે. તે નિરુપમ સુખરૂપ છે.' (૧૪/૬)

"કેવલજ્ઞાનાદિક શુદ્ધગુણવ્યંજન પર્યાય જ હોઈ, તિહાં અર્થ ♦પર્યાય નથી." એહવી કોઈક *દિક્પટાભાસ*ની શંકા ✡ટાલવાને કહિએ છઈં –

**ષડ્ગુણહાણી-વુદ્ધિથી, જિમ અગુરુલહુત્ત;**
**નવ નવ♦ તિમ ખિણભેદથી, કેવલપણિ વુત્ત ॥૧૪/૭॥ (૨૩૩) શ્રી જિન.**

ननु केवलज्ञानादिः शुद्धगुणव्यञ्जनपर्याय एव । शुद्धगुणव्यञ्जनपर्यायलक्षणे केवलज्ञानादौ अर्थपर्यायाः न सम्भवन्ति। तत्र तदसम्भवेन शुद्धगुणार्थपर्याया न स्वसत्तां बिभ्रतीति दिक्पटाभासशङ्काऽपनोदाय आह – '**षडि**'ति।

**षड्गुणहानि-वृद्धितो यथाऽगुरुलघुपर्याया हि सूक्ष्माः।**
**तथा क्षणभेदभिन्नाः केवलज्ञानेऽपि पर्ययाः।।१४/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा षड्गुणहानि-वृद्धितः अगुरुलघुपर्यायाः सूक्ष्मा हि तथा केवलज्ञानेऽपि क्षणभेदभिन्नाः सूक्ष्माः पर्यायाः।।१४/७।।

'यथा' 'तथा' अत्र साम्ये, "यथा तथैवैवं साम्ये" (अ.को.३/४-पृ.४४५) इति **अमरकोश**वचनात्। ततश्च **यथा भगवतीसूत्रे** (२/१/११२) पुद्गलपरमाणु-सूक्ष्मस्कन्धाऽमूर्त्तद्रव्यनिष्ठतया दर्शितस्य अगुरुलघुगुणस्य शुद्धा अर्थपर्यायाः = **अगुरुलघुपर्यायाः षड्गुणहानि-वृद्धितः** = अनन्तभागाऽसङ्ख्यातभाग-

**અવતરણિકા** :- "કેવળજ્ઞાન વગેરે શુદ્ધ ગુણવ્યંજનપર્યાય જ છે. શુદ્ધગુણવ્યંજનપર્યાયસ્વરૂપ કેવલજ્ઞાનાદિમાં અર્થપર્યાયો સંભવતા નથી. ત્યાં તે ન સંભવતા હોવાથી શુદ્ધગુણઅર્થપર્યાયો પોતાના અસ્તિત્વને ધારણ કરતા નથી. મતલબ કે કેવલજ્ઞાનાદિમાં શુદ્ધગુણઅર્થપર્યાયો છે જ નહિ" - આવી દિગંબરાભાસની શંકાને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**શ્લોકાર્થ** :- જેમ ષડ્ગુણ હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ અગુરુલઘુ પર્યાય સૂક્ષ્મ જ રહેલા છે, તેમ કેવલજ્ઞાનમાં પણ ક્ષણભેદથી વિભિન્ન પ્રકારના અર્થપર્યાય રહેલા છે. (૧૪/૭)

### ❋ અગુરુલઘુપર્યાયના બાર ભેદ ❋

**વ્યાખ્યાર્થ** :- "यथा, तथा, एव, एवं - શબ્દ સામ્ય અર્થમાં વપરાય" - આ પ્રમાણે **અમરકોશ**માં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ यथा, तथा શબ્દ દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક વચ્ચે સમાનતા જણાવવાના અર્થમાં છે. **ભગવતીસૂત્ર**માં બીજા શતકના પ્રથમ ઉદ્દેશમાં સ્વતંત્ર પુદ્ગલપરમાણુ, સૂક્ષ્મ સ્કંધ તથા અમૂર્ત્તદ્રવ્યમાં અગુરુલઘુ પર્યાયો જણાવેલા છે. તે અગુરુલઘુ પર્યાયોમાં ષડ્ગુણ વૃદ્ધિ અને હાનિ થાય છે. તે આ પ્રમાણે - (૧) અનંતભાગ હાનિ, (૨) અસંખ્યાતભાગ હાનિ, (૩) સંખ્યાતભાગ હાનિ, (૪) સંખ્યાતગુણ હાનિ, (૫) અસંખ્યાતગુણ હાનિ, (૬) અનંતગુણ હાનિ. તથા (૧) અનંતભાગ વૃદ્ધિ, (૨) અસંખ્યાતભાગ વૃદ્ધિ, (૩) સંખ્યાતભાગ વૃદ્ધિ, (૪) સંખ્યાતગુણ વૃદ્ધિ, (૫) અસંખ્યાતગુણ

♦ કો.(૧૧)માં 'પર્યાય જ નથી હુઈ' પાઠ છે. ✡ પુસ્તકોમાં 'ટાલઈ છઈં' પાઠ. આ.(૧)માં પાઠ લીધો છે.
♦ કો.(૪)માં 'પજ્જવ' પાઠ. કો.(૧)માં 'નવ નર' પાઠ.

"**षड्गुणहानि-वृद्धिलक्षणागुरुलघुपर्यायाः सूक्ष्मार्थपर्यायाः**" એ **જિમ** (**वुत्त** = **उक्तम्**) કહિઉં છઇં,

सङ्ख्यातभाग-सङ्ख्यातगुणाऽसङ्ख्यातगुणाऽनन्तगुणहानि-वृद्धिभ्यां **सूक्ष्मा** अनन्ताः अर्थपर्याया **हि** = एव उक्ताः। यथा च **देवसेनेन आलापपद्धतौ** "अगुरुलघुविकाराः स्वभावपर्यायास्ते द्वादशधा षड्वृद्धि-हानिरूपाः। अनन्तभागवृद्धिः, असङ्ख्यातभागवृद्धिः, सङ्ख्यातभागवृद्धिः, सङ्ख्यातगुणवृद्धिः, असङ्ख्यातगुणवृद्धिः, अनन्तगुणवृद्धिः इति षड्वृद्धिः। तथा अनन्तभागहानिः, असङ्ख्यातभागहानिः, सङ्ख्यातभागहानिः, सङ्ख्यातगुणहानिः, असङ्ख्यातगुणहानिः, अनन्तगुणहानिः इति षड्हानिः। एवं षड्वृद्धि-हानिरूपा द्वादश ज्ञेयाः" (आ.प.पृ.३) इत्येवं स्वभावपर्यायरूपेण द्वादशधा विभक्ता अगुरुलघुगुणस्य पर्याया स्वतः प्रतिक्षणं विवर्तमाना अर्थपर्याया एवोक्ताः प्रमेयकेन्द्रितशुद्धर्जुसूत्रनयलक्षणनिश्चयनयदृष्ट्या।

વૃદ્ધિ, (૬) અનંતગુણ વૃદ્ધિ. આ પ્રમાણે છ પ્રકારે હાનિ અને વૃદ્ધિ અગુરુલઘુ પર્યાયમાં દર્શાવેલ છે. પ્રસ્તુત ષટ્સ્થાનપતિત હાનિની અને વૃદ્ધિની અપેક્ષાએ અગુરુલઘુ પર્યાયો અત્યંત સૂક્ષ્મ બની જાય છે. તેથી તે અનંત બની જાય છે. આ અગુરુલઘુ પર્યાયો શબ્દનિષ્ઠ નથી પણ અર્થનિષ્ઠ છે. તેથી તે અર્થપર્યાય તરીકે જ શાસ્ત્રમાં જણાવેલ છે. **દેવસેનજી**એ પણ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અગુરુલઘુ નામના વિકારો સૂક્ષ્મદ્રવ્યમાં સ્વાભાવિક રીતે રહેલા હોય છે. તેથી તે સ્વભાવપર્યાય કહેવાય છે. તે છ પ્રકારની વૃદ્ધિ સ્વરૂપ અને છ પ્રકારની હાનિ સ્વરૂપ હોવાથી બાર પ્રકારના છે. વૃદ્ધિ-હાનિ આ પ્રકારે સમજવી - (૧) અનંતભાગ વૃદ્ધિ, (૨) અસંખ્યાતભાગ વૃદ્ધિ, (૩) સંખ્યાતભાગ વૃદ્ધિ, (૪) સંખ્યાતગુણ વૃદ્ધિ, (૫) અસંખ્યાતગુણ વૃદ્ધિ, (૬) અનંતગુણ વૃદ્ધિ. આ પ્રમાણે અગુરુલઘુ પર્યાયોની છ પ્રકારની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તથા હાનિ પણ છ પ્રકારે સમજવી. તે આ રીતે - (૧) અનંતભાગ હાનિ, (૨) અસંખ્યાતભાગ હાનિ, (૩) સંખ્યાતભાગ હાનિ, (૪) સંખ્યાતગુણ હાનિ, (૫) અસંખ્યાતગુણ હાનિ અને (૬) અનંતગુણ હાનિ. આ પ્રમાણે છ પ્રકારની હાનિ સ્વરૂપ અને છ પ્રકારની વૃદ્ધિ સ્વરૂપ અગુરુલઘુ પર્યાયો બાર પ્રકારે જાણવા.' આ પ્રમાણે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ અગુરુલઘુ પર્યાયનો સ્વભાવપર્યાયરૂપે બાર પ્રકારે વિભાગ પાડેલો છે. બાર પ્રકારના વિભાગમાં વહેંચાયેલા અગુરુલઘુ પર્યાયો પોતાની જાતે જ પ્રતિક્ષણ પરાવર્તન પામે છે. પ્રતિક્ષણ પલટાતા એવા અગુરુલઘુ પર્યાય અર્થપર્યાય તરીકે જ ત્યાં પ્રમેયકેન્દ્રિત શુદ્ધ ઋજુસૂત્રનયસ્વરૂપ નિશ્ચયનયની દૃષ્ટિએ જણાવેલા છે.

## ✡ ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિનો વિચાર ✡

**શંકા** :- એક અગુરુલઘુ ગુણના પર્યાય કરતાં બીજો અગુરુલઘુ ગુણનો પર્યાય શક્તિની અપેક્ષાએ બમણો મોટો હોય. અન્ય કોઈ અગુરુલઘુ ગુણના પર્યાય કરતાં તે દસગણો મોટો હોય, બીજા કોઈક અગુરુલઘુ ગુણના પર્યાય કરતાં તે સંખ્યાતગણો મોટો હોય, અસંખ્યાતગણો મોટો હોય, અનંતગુણ મોટો હોય - ઈત્યાદિ હકીકત આગમમાં વર્ણવેલ છે. આ વૃદ્ધિ અગુરુલઘુ ગુણના પર્યાયોની વૃદ્ધિરૂપ સમજવી. તથા હાનિ પણ અગુરુલઘુ ગુણના પર્યાયની હાનિરૂપ સમજવી. આમ એક પરમાણુમાં રહેલ અગુરુલઘુ

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्रेण** अपि "अगुरुलघुविकाराः स्वभावपर्यायाः। ते द्वादशधा" (का.अ. २४२/पृ.१७३) इत्याद्युक्तम्।

इदमेवाभिप्रेत्य **द्रव्यस्वभावप्रकाशे माइल्लधवलेन** अपि [1]"अगुरुलहुगाऽणंता समयं समयं समुब्भवा जे वि। दव्वाणं ते भणिया सहावगुणपज्जया जाण।।" (द्र.स्व.प्र.२१) इत्युक्तम्।

***यत्तु*** "स्वभावपर्यायो नाम समस्तद्रव्याणाम् आत्मीयाऽऽत्मीयाऽगुरुलघुगुणद्वारेण प्रतिसमयम् उदीयमानषट्स्थानपतितवृद्धि-हानिनानात्वाऽनुभूतिः" (प्र.सा.९३ व्या.) इति **प्रवचनसारतत्त्वप्रदीपिका**व्याख्याकृता **अमृतचन्द्रेण** उक्तं ***तत्तु*** आध्यात्मिकनिश्चयनयदृष्ट्या शुद्धगुणार्थपर्यायप्रतिपादनपरमिति विभावनीयम्।

ગુણના પર્યાય કરતાં અન્ય પરમાણુમાં રહેલ અગુરુલઘુ ગુણના પર્યાયોની વૃદ્ધિ અને હાનિ ઉપર મુજબ છ પ્રકારની હોય છે. સર્વ સૂક્ષ્મ-અમૂર્ત્ત દ્રવ્યોમાં રહેનારા તે પર્યાયો પ્રતિક્ષણ બદલાય છે. તેથી અગુરુલઘુ ગુણના પર્યાય અર્થપર્યાયસ્વરૂપ જ છે. અગુરુલઘુ પર્યાયો સંખ્યાની દૃષ્ટિએ અનંતા છે.

### ❊ સ્વભાવપર્યાયનો અતિદેશ ❊

(कार्त्ति.) **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં દિગંબર **શુભચન્દ્રજી**એ પણ "અગુરુલઘુવિકારો સ્વભાવપર્યાયાત્મક છે. તે બાર પ્રકારે છે' - ઈત્યાદિ બાબત વિસ્તારથી જણાવેલ છે.

### ❂ પ્રમેયકેન્દ્રિત નિશ્ચનયનો વિમર્શ ❂

(इदमे.) પ્રમેયકેન્દ્રિત નિશ્ચયનયની દૃષ્ટિએ શુદ્ધ ગુણના અર્થપર્યાયનું પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં **માઈલ્લધવલે** પણ જણાવેલ છે કે "દ્રવ્યોના અનન્ત અગુરુલઘુગુણ જે પ્રતિસમય પરિણમન કરે છે તેને પણ દ્રવ્યના સ્વભાવગુણપર્યાય કહેલા છે - તેમ જાણો." અહીં 'સ્વભાવગુણપર્યાય' શબ્દથી શુદ્ધગુણઅર્થપર્યાય જ અભિપ્રેત છે.

### ❊ આધ્યાત્મિક નયથી સ્વભાવપર્યાયની વ્યાખ્યા ❊

(यत्तु.) **પ્રવચનસાર** ગ્રન્થની **તત્ત્વપ્રદીપિકા** નામની વ્યાખ્યા કરનારા દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજી**એ જે જણાવેલ છે કે "સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના અગુરુલઘુ ગુણ દ્વારા પ્રતિસમય ઉત્પદ્યમાન ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિના તફાવતની અનુભૂતિ તે સ્વભાવપર્યાય કહેવાય", તે કથન 'આધ્યાત્મિક નિશ્ચયનયની દૃષ્ટિએ શુદ્ધગુણના અર્થપર્યાયનું પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી છે' - તેમ ઊંડાણથી વિચારવું. કહેવાનો આશય એ છે કે દેવસેનજી અને માઈલ્લધવલ્લ પ્રમેયકેન્દ્રિત શુદ્ધ ઋજુસૂત્રનયસ્વરૂપ નિશ્ચયનયની દૃષ્ટિએ શુદ્ધગુણઅર્થપર્યાયને જણાવતા હોવાથી તેઓએ પ્રતિક્ષણ પરિવર્તનશીલ અગુરુલઘુ ગુણને જ શુદ્ધ ગુણના અર્થપર્યાય તરીકે જણાવેલ છે. તે અગુરુલઘુ ગુણના અનુભવની કોઈ જ વાત તેઓએ કરી નથી. જ્યારે **અમૃતચન્દ્રજી** આધ્યાત્મિક નિશ્ચયનયની દૃષ્ટિથી શુદ્ધ ગુણઅર્થપર્યાયને 'સ્વભાવપર્યાય' શબ્દથી જણાવી રહેલા છે. તેથી તેમણે અગુરુલઘુ ગુણની વૃદ્ધિ-હાનિના તફાવતની અનુભૂતિને શુદ્ધ ગુણઅર્થપર્યાય તરીકે જણાવેલ છે. પ્રમેયકેન્દ્રિતનિશ્ચયનયની જેમ આધ્યાત્મિક નિશ્ચય કોઈ પણ પ્રમેયની પ્રરૂપણા કરીને અટકી જતો નથી પરંતુ તેની અનુભૂતિની દિશામાં જીવને દોરી જાય છે. આટલો બન્ને નયમાં ફરક

1. अगुरुलघुका अनन्ता समयं समयं समुद्भवाः। द्रव्याणं ते भणिताः स्वभावगुणपर्यया (इति) जानीहि।।

**તિમ ક્ષણભેદથી કેવલજ્ઞાનપર્યાય પણિ** (નવ નવ =) ભિન્ન ભિન્ન દેખાડયા છઈં, **"पढमसमय-सजोगिभवत्थकेवलनाणे *अपढमसमय-सजोगिभवत्थकेवलनाणे"** (स्था.२/१/६०, न.सू.८५) **इत्यादिवचनात्।**

**तथा केवलज्ञानेऽपि** = केवलज्ञानलक्षणशुद्धगुणेऽपि, 'अपि'शब्दः समुच्चयार्थः, "अपिः पदार्थ-सम्भावनाऽन्ववसर्ग-गर्हा-समुच्चयेषु" (पा.१/४/९५ महाभा.पृ.२९६) इति **पाणिनीयव्याकरणपातञ्जलमहाभाष्यवचना**नुसारेण बोध्यः, **क्षणभेदभिन्नाः** = समयभेदप्रयुक्तभेदभाजः **सूक्ष्माः पर्यायाः** = अर्थपर्यायाः प्रदर्शिताः, [1]"सयोगिभवत्थकेवलनाणे दुविहे पन्नत्ते, तं जहा – (१) पढमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव (२) अपढमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव। अहवा (१) चरिमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव (२) अचरमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव" (स्था.२/१/६०, न.सू.८५) इति **स्थानाङ्गसूत्र-नन्दिसूत्र**योः वचनात्। दर्शितश्चाऽयम् आलापकः पूर्वं चतुर्थ्यां शाखायां (४/३) सप्तदशदोषनिराकरणे विस्तरेण इति नेह पुनः प्रदर्श्यते। प्रतिक्षणं केवलज्ञानविवर्तनानभ्युपगमे निरुक्तभेदानुपपत्तेः इति भावः।

છે. આ રીતે વિચાર કરવાની વાચકવર્ગને સૂચના આપવા માટે પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં 'विभावनीयम्' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

### ❖ કેવલજ્ઞાનમાં પણ અર્થપર્યાય છે ❖

(**तथा.**) મૂળ શ્લોકમાં રહેલ 'अपि' શબ્દ અહીં અગુરુલઘુગુણના સમુચ્ચય = સંગ્રહ માટે છે. "પદાર્થ, સંભાવના, અનુ-અવસર્ગ, ગર્હા, સમુચ્ચય - આ અર્થોમાં 'अपि' શબ્દ વપરાય"- આ મુજબ **પાણિનીયવ્યાકરણપાતંજલમહાભાષ્ય**માં જણાવેલ છે. તેને અનુસરીને અહીં સમુચ્ચય અર્થમાં 'अपि' શબ્દને જણાવેલ છે. તેથી અહીં અર્થઘટન એવું થશે કે જેમ અગુરુલઘુ ગુણના ક્ષણભંગુર સૂક્ષ્મ પર્યાયો અર્થપર્યાયસ્વરૂપે **દેવસેનજી**એ જણાવેલ છે, તેમ કેવલજ્ઞાનસ્વરૂપ શુદ્ધ ગુણમાં પણ સમયભેદપ્રયુક્ત ભેદને ધારણ કરતા (= પ્રતિસમય બદલાતા) સૂક્ષ્મ એવા અર્થપર્યાયો શાસ્ત્રમાં જણાવેલ છે. અર્થાત્ કાળભેદ કેવલજ્ઞાનમાં કંઈક વિશેષતા લાવવા દ્વારા એક કેવળજ્ઞાનીના કેવલજ્ઞાનને અન્ય કેવલીના કેવલજ્ઞાન કરતાં જુદું પાડે છે. આવું માનવાનું કારણ **સ્થાનાંગસૂત્ર** અને **નંદીસૂત્ર** નામના બે આગમનું વચન છે. તે બન્ને ગ્રંથમાં જણાવેલ છે કે 'સયોગીભવસ્થકેવલજ્ઞાનના બે પ્રકાર કહેવાયેલા છે. તે આ રીતે - (૧) પ્રથમસમય સયોગીભવસ્થકેવલજ્ઞાન અને (૨) અપ્રથમસમય સયોગીભવસ્થકેવલજ્ઞાન અથવા (૧) ચરમસમય સયોગીભવસ્થકેવલજ્ઞાન અને (૨) અચરમસમય સયોગીભવસ્થકેવલજ્ઞાન.' પૂર્વે ચોથી શાખાના ત્રીજા શ્લોકમાં સત્તર દોષનું નિરાકરણ કરવાના અવસરે ઉપરોક્ત આલાવો વિસ્તારથી દર્શાવેલ છે. તેથી ફરીથી અહીં તેને અમે વિસ્તારથી જણાવતા નથી. પરંતુ મુખ્ય વાત એ છે કે પ્રથમ, અપ્રથમ અને ચરમ, અચરમ એવું સમયનું વિશેષણ લગાડીને ભવસ્થ સયોગી કેવલીના જ્ઞાનના જે બે ભેદ આગમમાં બતાવેલ છે તે પ્રતિક્ષણ તેમનું કેવલજ્ઞાન બદલાતું ન હોય તો અસંગત બની જાય. તેરમા

*...*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી. 1. सयोगिभवस्थकेवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्। तद् यथा - (१) प्रथमसमय-सयोगिभवस्थकेवलज्ञानं चैव, (२) अप्रथमसमय-सयोगिभवस्थकेवलज्ञानम्। अथवा (१) चरमसमय-सयोगिभवस्थकेवलज्ञानं चैव, (२) अचरमसमय-सयोगिभवस्थकेवलज्ञानं चैव।

તે માટઇં ઋજુસૂત્રાદેશઇં શુદ્ધગુણના પણિ અર્થપર્યાય માનવા.* ॥૧૪/૭॥

तस्माद् ऋजुसूत्रनयाऽऽदेशात् केवलज्ञानादेः शुद्धगुणस्याऽपि अर्थपर्याया अभ्युपगन्तव्या एव, तन्नये प्रतिसमयम् अर्थात्मकपर्यायभेदात्। तेषु क्षणमात्रस्थायिनः शुद्धगुणार्थपर्यायतया ज्ञेयाः।

केवलज्ञानादेरिव सम्यग्मत्यादेरपि प्रथमाऽप्रथम-चरमाऽचरमसमयभेदप्रयुक्तभेदभाजोऽर्थपर्याया अभ्युपगन्तव्याः एव। सूक्ष्मसम्परायसरागसंयम-बादरसम्परायसरागसंयमादेः प्रथमाऽप्रथमादिसमय-भेदप्रयुक्तभेदभाजः सूक्ष्मा अर्थपर्याया विज्ञेयाः।

सूक्ष्मसम्परायसंयमादीनामर्थपर्यायास्तु [1]"सुहुमसंपराय-सरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा – (१) पढमसमय

ગુણસ્થાનકે પ્રથમ સમયે જે કેવલજ્ઞાન હોય તે જ કેવલજ્ઞાન જો અપ્રથમ સમયે હોય તો સયોગી-ભવસ્થકેવલજ્ઞાનના પ્રથમ અને અપ્રથમ એવા બે ભેદ કઈ રીતે બતાવી શકાય ? તેરમા ગુણસ્થાનકના ચરમ સમયે અને અચરમ સમયે કેવલજ્ઞાનમાં કોઈ ભેદ પડતો ન હોય તો સયોગીભવસ્થકેવલજ્ઞાનના ચરમ અને અચરમ એવા બે ભેદ પણ કઈ રીતે પાડી શકાય ? કારણ કે સર્વથા તુલ્ય વસ્તુના ભેદ પાડી શકાતા નથી. આ રીતે સયોગી ભવસ્થ કેવલીના જ્ઞાનના બે ભેદ આગમમાં જે દર્શાવેલા છે, તેનાથી કેવલજ્ઞાન પણ પ્રતિક્ષણ બદલાતું રહે છે - આમ સિદ્ધ થાય છે.

**(तस्मा.)** તેથી કેવલજ્ઞાન વગેરે શુદ્ધ ગુણમાં પણ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી અર્થપર્યાયો માનવા જ પડશે. 'પ્રતિક્ષણ અર્થ = વસ્તુ બદલાય છે' તેમ ઋજુસૂત્રનય માને છે. તેથી અર્થાત્મક = વસ્તુસ્વરૂપ (દ્રવ્યાત્મક કે ગુણાત્મક) એવા પર્યાયો ઋજુસૂત્રનયના મતે પ્રતિસમય બદલાયે જ રાખે છે. તેમાં ઋજુસૂત્રનયને અભિપ્રેત કેવલજ્ઞાનાદિના જે ક્ષણમાત્રસ્થાયી પર્યાયો હોય, તે પર્યાયો શુદ્ધ ગુણના અર્થપર્યાયરૂપે માનવા.

### * અશુદ્ધ ગુણાર્થપર્યાયનું નિરૂપણ *

**(केवल.)** કેવલજ્ઞાન વગેરેની જેમ મતિજ્ઞાન વગેરેના પણ પ્રથમ, અપ્રથમ અને ચરમ, અચરમ એવા સમયના ભેદથી પ્રયુક્ત ભેદ માનવા પડશે. સમયના જુદા જુદા વિશેષણના લીધે મતિજ્ઞાન વગેરેમાં ભેદને પાડનારા અર્થપર્યાયો જ છે. તેથી મતિજ્ઞાન વગેરેમાં પણ કાલભેદપ્રયુક્ત ભેદને ધારણ કરનારા (= પ્રતિક્ષણ પલટાતા) અર્થપર્યાયો માનવા જ પડશે. સૂક્ષ્મસંપરાય સરાગસંયમ અને બાદરસંપરાય સરાગસંયમ વગેરેના પણ સૂક્ષ્મ અર્થપર્યાયો છે. તે સંયમ જે સમયે વિદ્યમાન હોય તે સમયના વિશેષણ રૂપે લાગતા પ્રથમ, અપ્રથમ વગેરે શબ્દોના લીધે તે સંયમના સ્વરૂપમાં પણ ભેદ પડે છે. કાલભેદપ્રયુક્ત વિશેષતાને ધારણ કરનારા સૂક્ષ્મ અર્થપર્યાયો જાણવા.

### * સૂક્ષ્મસંપરાય સંયમના અર્થપર્યાય *

**(सूक्ष्म.)** સૂક્ષ્મસંપરાય સંયમ વગેરેમાં અર્થપર્યાયનું પ્રતિપાદન એ અમારી મતિકલ્પના નથી. પરંતુ

*...*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી. 1. सूक्ष्मसम्पराय-सरागसंयमः द्विविधः प्रज्ञप्तः। तद् यथा - (१) प्रथमसमय-सूक्ष्मसम्पराय-सरागसंयमः चैव, (२) अप्रथमसमय-सूक्ष्मसम्पराय-सरागसंयमः चैव। अथवा (१) चरमसमय-सूक्ष्मसम्पराय-सरागसंयमः चैव, (२) अचरमसमय-सूक्ष्मसम्पराय-सरागसंयमः चैव।... बादरसम्पराय-सरागसंयमः द्विविधः प्रज्ञप्तः। तद् यथा - (१) प्रथमसमय-बादरसम्पराय-सरागसंयमः चैव, (२) अप्रथमसमय-बादरसम्पराय-सरागसंयमः चैव। अथवा (१) चरमसमय-बादरसम्पराय-सरागसंयमः चैव, (२) अचरमसमय-बादरसम्पराय-सरागसंयमः चैव।

-सुहुमसंपराय-सरागसंजमे चेव, (२) अपढमसमय-सुहुमसंपराय-सरागसंजमे चेव। अधवा (१) चरमसमय -सुहुमसंपराय-सरागसंजमे चेव, (२) अचरिमसमय-सुहुमसंपराय-सरागसंजमे चेव।.... बादरसंपराय-सरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा – (१) पढमसमय-बादरसंपराय-सरागसंजमे चेव, (२) अपढमसमय-बादरसंपराय -सरागसंजमे चेव। अहवा (१) चरिमसमय-बादरसंपराय-सरागसंजमे चेव, (२) अचरिमसमय-बादरसंपराय -सरागसंजमे चेव" (स्था.२/१/६२) इत्येवं **स्थानाङ्गसूत्र**वचनात् प्रसिद्धा एव।

उपशान्तकषायवीतरागदर्शनादीनामर्थपर्यायाश्च [1]"उवसंतकसायवीयरायदंसणाऽऽरिया दुविहा पन्नत्ता, तं जहा – (१) पढमसमय-उवसंतकसायवीयरायदंसणाऽऽरिया य, (२) अपढमसमय-उवसंतकसायवीयरायदंसणा-ऽऽरिया य। अधवा (१) चरिमसमय-उवसंतकसायवीयरायदंसणाऽऽरिया य, (२) अचरिमसमय-उवसंतकसाय-वीयरायदंसणाऽऽरिया य" (प्र.सू.१/सू.३६/१२८ गाथोत्तरम्/पृ.५६) इत्यादिरूपेण पूर्वोक्तात् (११/९) **प्रज्ञापनासूत्र**वचनात् प्रसिद्धा एव, धर्म-धर्मिणोरभेदेन तदुपपत्तेः।

***एतेन*** [2]"पढमसमयनियंठे, अपढमसमयनियंठे, चरमसमयनियंठे, अचरमसमयनियंठे"(भ.सू.२५/५/७५१/

---

શાસ્ત્રના વચનનો પણ આ પ્રતિપાદનને ટેકો મળે છે. **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે 'સૂક્ષ્મસંપરાય સરાગસંયમના બે પ્રકાર છે. તે આ રીતે - (૧) પ્રથમસમય સૂક્ષ્મસંપરાય સરાગસંયમ અને (૨) અપ્રથમસમય સૂક્ષ્મસંપરાય સરાગસંયમ. અથવા બીજી રીતે પણ તેના બે ભેદ પડી શકે છે. તે આ રીતે - (૧) ચરમસમય સૂક્ષ્મસંપરાય સરાગસંયમ તથા (૨) અચરમસમય સૂક્ષ્મસંપરાય સરાગસંયમ. બાદરસંપરાય સરાગસંયમના પણ બે પ્રકાર બતાવેલા છે. તે આ રીતે - (૧) પ્રથમસમય બાદરસંપરાય સરાગસંયમ અને (૨) અપ્રથમસમય બાદરસંપરાય સરાગસંયમ. અથવા બીજી રીતે પણ તેના બે ભેદ પડે છે. તે આ રીતે - (૧) ચરમસમય બાદરસંપરાય સરાગસંયમ અને (૨) અચરમસમય બાદરસંપરાય સરાગસંયમ' આ રીતે **સ્થાનાંગ** નામના મૂલ અંગસૂત્રના વચનથી સૂક્ષ્મસંપરાય સરાગસંયમના અને બાદરસંપરાય સરાગસંયમના અર્થપર્યાયો પ્રસિદ્ધ જ છે.

## ❖ ઉપશાંતકષાય વીતરાગદર્શનના અર્થપર્યાય ❖

(उप.) તથા ઉપશાંતકષાય વીતરાગદર્શન વગેરેના અર્થપર્યાયો તો **પ્રજ્ઞાપનાસૂત્ર**ના પૂર્વોક્ત (૧૧/૯) વચનથી પ્રસિદ્ધ જ છે. તે વચન આ મુજબ સમજવું - "ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય બે પ્રકારના કહેવાયેલ છે. તે આ રીતે - (૧) પ્રથમસમયવિશિષ્ટ ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય અને (૨) અપ્રથમ-સમયવિશિષ્ટ ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય. અથવા (૧) ચરમસમયવિશિષ્ટ ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય અને (૨) અચરમસમયવિશિષ્ટ ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય." અહીં વીતરાગદર્શન આર્ય એટલે વીતરાગદર્શનવાળા ૧૧ મા ગુણસ્થાનકે રહેલા સાધુ. ધર્મ-ધર્મી વચ્ચે અભેદ ઉપચાર કરવાથી ઉપશાંત કષાય વીતરાગસમ્યગ્દર્શનના પણ અર્થપર્યાય સંગત થાય છે.

(एते.) '(૧) પ્રથમસમયવિશિષ્ટ નિર્ગ્રન્થ, (૨) અપ્રથમસમયવર્તી નિર્ગ્રન્થ, (૩) ચરમસમયવૃત્તિ

---

1. उपशान्तकषायवीतरागदर्शनार्या द्विविधाः प्रज्ञप्ताः। तद् यथा – (१) प्रथमसमयोपशान्तकषायवीतरागदर्शनार्याः चैव, (२) अप्रथमसमयोपशान्तकषायवीतरागदर्शनार्याः चैव। अथवा (१) चरमसमयोपशान्तकषायवीतरागदर्शनार्याः चैव, (२) अचरमसमयोपशान्तकषायवीतरागदर्शनार्याश्चैव। 2. प्रथमसमयनिर्ग्रन्थः, अप्रथमसमयनिर्ग्रन्थः, चरमसमयनिर्ग्रन्थः, अचरमसमयनिर्ग्रन्थः।

पृ.८९०) इति **भगवतीसूत्रोक्तिः** अपि ***व्याख्याता***, अर्थपर्यायभेदे पर्याय-पर्यायिणोरभेदात् तदुपपत्तेः।

प्रकृते गुणार्थपर्यायेषु शुद्धत्वाऽशुद्धत्वव्यवस्था तु एवम् अवसेया - यथा पुरुषस्य व्यञ्जनपर्यायरूपता, बालादीनाम् अशुद्धार्थपर्यायरूपता, तत्तत्क्षणवर्तिबालादिपर्यायाणाञ्च शुद्धार्थपर्यायरूपता **सम्मतितर्कवृत्त्य**नुसारेण पूर्वम् (१४/२-६) उपदर्शिता, तथैवात्राऽपि केवलज्ञानादेः व्यञ्जनपर्यायरूपता, भवस्थ-सिद्धस्थकेवलज्ञानादेः अशुद्धार्थपर्यायरूपता, तत्तत्क्षणवर्तिकेवलज्ञानादेश्च शुद्धार्थपर्यायरूपता स्वीकार्या। एवमेव ज्ञान-संयमादीनां व्यञ्जनपर्यायरूपता, अप्रथमाऽचरममतिज्ञानादि-सूक्ष्मसंपराय-सरागसंयमादीनाम् अशुद्धार्थपर्यायरूपता प्रथमसमयविशिष्ट-चरमसमयविशिष्ट-तत्तत्क्षणविशिष्टमतिज्ञानादि-सूक्ष्मसंपरायसरागसंयमादीनाञ्च शुद्धार्थपर्यायरूपता अङ्गीकर्तव्या इति तावद् वयम् अवगच्छामः। अन्यथा वा बहुश्रुतैः योज्यम् आगम-तर्कानुसारेण।

इह कोष्ठकरूपेण अष्टधा जीवपर्यायाः प्रदर्श्यन्ते।

---

નિર્ગ્રન્થ, (૪) અચરમસમયવાળા નિર્ગ્રન્થ' - આ પ્રમાણે **ભગવતીસૂત્ર**માં જે નિર્ગ્રન્થભેદો જણાવેલ છે, તેની સંગતિ પણ ઉપર મુજબ થઈ જાય છે. કારણ કે અર્થપર્યાય અને તેનો આશ્રય - આ બન્ને વચ્ચે અભેદ હોવાથી અર્થપર્યાય બદલાતાં નિર્ગ્રન્થાત્મક અર્થપર્યાયી પણ બદલાય છે. તેથી ઉપરોક્ત નિર્ગ્રન્થભેદો સંગત થાય છે.

## ❋ શુદ્ધ-અશુદ્ધ ગુણઅર્થપર્યાયની વ્યવસ્થા ❋

(**प्रकृते.**) પ્રસ્તુતમાં ગુણઅર્થપર્યાયોમાં શુદ્ધપણાની અને અશુદ્ધપણાની વ્યવસ્થા આ પ્રમાણે સમજવી. '**(A)** પુરુષ એ વ્યંજનપર્યાય, **(B)** પુરુષની બાલ-યુવા વગેરે દશા એ અશુદ્ધ અર્થપર્યાય તથા **(C)** તે-તે ક્ષણમાં વર્તતી બાલાદિ અવસ્થા એ શુદ્ધ અર્થપર્યાય છે' - આ વાત પૂર્વે (૧૪/૨ + ૬) **સંમતિતર્કવૃત્તિ** મુજબ જે રીતે જણાવેલ છે, તે જ રીતે પ્રસ્તુતમાં પણ **(A)** કેવલજ્ઞાન વગેરે વ્યંજનપર્યાય, **(B)** ભવસ્થ કેવલજ્ઞાન અને સિદ્ધસ્થ કેવળજ્ઞાન વગેરે અશુદ્ધ અર્થપર્યાય તથા **(C)** તે-તે ક્ષણમાં રહેનારા તત્ તત્ ક્ષણવિશિષ્ટ કેવલજ્ઞાન વગેરે શુદ્ધ અર્થપર્યાય તરીકે સ્વીકારવા જરૂરી છે. એ જ રીતે **(A)** જ્ઞાન, સંયમ વગેરે વ્યંજનપર્યાય, **(B)** અપ્રથમસમયવિશિષ્ટ મતિજ્ઞાનાદિ તથા અચરમસમયવિશિષ્ટ મતિજ્ઞાનાદિ તેમજ અપ્રથમ કે અચરમ સમયથી યુક્ત સૂક્ષ્મસંપરાય સરાગસંયમ વગેરે અશુદ્ધ અર્થપર્યાય અને **(C)** પ્રથમસમયવિશિષ્ટ કે ચરમસમયવિશિષ્ટ કે તે-તે ક્ષણથી વિશિષ્ટ મતિજ્ઞાનાદિ તથા સૂક્ષ્મસંપરાય સરાગસંયમ વગેરે શુદ્ધ અર્થપર્યાય છે - આવું સ્વીકારવું જોઈએ. મતલબ કે અતિદીર્ઘકાલીન પર્યાય એ વ્યંજનપર્યાય. તેનાથી અલ્પતરકાલવર્તી તેના જ અવાન્તર પ્રકાર સ્વરૂપ પર્યાય તે અશુદ્ધ અર્થપર્યાય. તથા માત્ર એક જ ક્ષણ રહેનાર તે જ અવાન્તર પ્રકાર સ્વરૂપ પર્યાય તે શુદ્ધ અર્થપર્યાય - આવી પરિભાષા **સંમતિતર્કવૃત્તિ** (૧/૩૨) મુજબ સ્વીકારવી જરૂરી છે. આ મુજબ અમને (મુનિ યશોવિજય ગણીને) જણાય છે. બહુશ્રુત વિદ્વાન પુરુષો બીજી રીતે પણ આગમશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર અનુસારે અર્થસંગતિ કરી શકે છે.

(**इह.**) પ્રસ્તુતમાં જીવના આઠ પર્યાયો કોષ્ઠકરૂપે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જણાવેલ છે. કોષ્ઠક અત્યન્ત સ્પષ્ટ હોવાથી અહીં કર્ણિકાસુવાસમાં તેની ફરીથી છણાવટ કરવામાં આવતી નથી.




"विभावार्थपर्यायाः षट्धा मिथ्यात्व-कषाय-राग-द्वेष-पुण्य-पापरूपाऽध्यवसायाः" (आ.प.पृ.४) इति तु **आलापपद्धतेः** ***जयपुर***नगरस्थाऽऽमेरशास्त्रभाण्डागारसत्कहस्तप्रतौ पाठो लभ्यते इत्यशुद्धार्थपर्याया **देवसेन**सम्मता एव इत्यवधेयम्।

ततश्चात्राऽऽशाम्बरमतानुसारतः कोष्ठकरूपेण व्यञ्जनार्थपर्यायौ एवं बोध्यौ।

**आलापपद्धतिग्रन्थानुसारी**




## ● વિભાવ અર્થપર્યાયના છ ભેદ ●

(**"વિભા.**) **જયપુર** શહેરમાં રહેલ **'આમેર શાસ્ત્રભંડાર'**માં રહેલ **આલાપપદ્ધતિ** ગ્રંથની હસ્તપ્રતમાં અશુદ્ધ અર્થપર્યાયના નિરૂપણ અંગે એક મહત્ત્વપૂર્ણ પાઠ ઉપલબ્ધ થાય છે. તે આ પ્રમાણે છે - 'વિભાવ અર્થપર્યાયો છ પ્રકારે છે. (૧) મિથ્યાત્વ, (૨) કષાય, (૩) રાગ, (૪) દ્વેષ, (૫) પુણ્ય અને (૬) પાપ સ્વરૂપ અધ્યવસાય.' અહીં 'વિભાવ' શબ્દનો અર્થ 'અશુદ્ધ' કરવો. તેથી મિથ્યાત્વ વગેરે અશુદ્ધ અર્થપર્યાય તરીકે **દેવસેન**જીને માન્ય જ છે - તેમ સિદ્ધ થાય છે. આ વાત ધ્યાનમાં રાખવી.

(**તત.**) પ્રસ્તુતમાં દિગંબરમત મુજબ વ્યંજનપર્યાય અને અર્થપર્યાય કોષ્ઠકરૂપે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા

उक्तौ शुद्धगुणार्थपर्यायाऽशुद्धगुणार्थपर्यायनामानौ सप्तमाष्टमौ पर्यायौ।

इदञ्चात्रावधेयम् – प्रतिस्वम् अतीताऽनागत-वर्त्तमानशुद्धाऽशुद्धाऽखिलव्यञ्जनाऽर्थपर्यायप्रमाणं द्रव्यत्वाऽवच्छिन्नं वर्त्तते। तदुक्तं **सम्मतितर्के** [1]"एगदवियम्मि जे अत्थपज्जाया वयणपज्जवा या वि। तीयाऽणागयभूआ तावइयं हवइ दव्वं।।" (स.त.१/३१) इति पूर्वोक्तं (९/२४ + १४/२) स्मर्तव्यमत्र। एतदनुवादरूपेण **महोपाध्याययशोविजयगणिवरैरपि अध्यात्मसारे** "यावन्तः पर्यया वाचां यावन्तश्चाऽर्थपर्ययाः। साम्प्रताऽनागताऽतीताः तावद् द्रव्यं किलैककम्।।" (अ.सा.६/२३) इत्युक्तम्। पूर्वोक्ता (९/२४) **गोम्मटसार**गाथा अत्र स्मर्तव्या।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रथमाऽप्रथम-चरमाऽचरमसयोगिभवस्थकेवलज्ञानाऽयोगि-भवस्थकेवलज्ञान-सूक्ष्मसंपरायसरागसंयम-बादरसंपरायसरागसंयमादिशुद्धाऽशुद्धार्थपर्यायप्रज्ञापनात इदं बोध्यं यदुत – इह जगति प्रतिवस्तु कालप्रभावः व्यक्ताऽव्यक्तरूपेण स्थूल-सूक्ष्मस्वरूपेण च वर्तते एव। संसारिजीवो मुक्ताऽऽत्मा वा भवतु, मतिज्ञानं केवलज्ञानं वा भवतु, अर्थपर्यायो व्यञ्जनपर्यायो

વ્યાખ્યામાં જણાવેલ છે. કોષ્ઠક અત્યન્ત સ્પષ્ટ હોવાથી અહીં તેની છણાવટ કરવામાં આવતી નથી.

(उक्तौ.) આ રીતે સાતમો શુદ્ધ ગુણઅર્થપર્યાય અને આઠમો અશુદ્ધ ગુણઅર્થપર્યાય કહેવાઈ ગયો.

### ❋ સર્વપર્યાયપ્રમાણ પ્રત્યેક દ્રવ્ય ❋

(इद.) અહીં ખ્યાલમાં રાખવું કે પોત-પોતાના દ્રવ્યમાં રહેનારા અતીત-અનાગત-વર્તમાનકાલીન શુદ્ધ-અશુદ્ધ તમામ વ્યંજનપર્યાયો અને અર્થપર્યાયોના પ્રમાણ જેટલું પ્રત્યેક દ્રવ્ય હોય છે. તે અંગે પૂર્વોક્ત (૯/૨૪, ૧૪/૨) **સંમતિતર્ક**ગાથામાં જણાવેલ છે કે 'એક દ્રવ્યમાં જે અર્થપર્યાયો હોય છે તથા અતીત -અનાગતકાલીન જે વચનપર્યાયો = વ્યંજનપર્યાયો હોય છે તેટલું તે દ્રવ્ય હોય છે.' સંમતિતર્કગાથાના અનુવાદસ્વરૂપે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરે અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "વર્તમાન-ભવિષ્ય -ભૂતકાલીન જેટલા વચનપર્યાયો અને અર્થપર્યાયો એક આશ્રયમાં હોય, તેટલા પર્યાયપ્રમાણ એક-એક દ્રવ્ય વાસ્તવમાં હોય છે." વિવિધ વ્યંજનપર્યાય-અર્થપર્યાયના માધ્યમથી પ્રત્યેક દ્રવ્ય કેટલા પ્રમાણમાં રહેલું છે ? - આ અંગે જાણકારી મેળવવાની દિશામાં અહીં અંગુલિનિર્દેશ કરેલ છે. પૂર્વે (૯/૨૪) જણાવેલ **ગોમ્મટસાર**ની ગાથા પણ આ જ ભાવનું પ્રતિપાદન કરે છે. તેને અહીં યાદ કરવી.

### 卐 કાળતત્ત્વનો ભય છોડો, સાવધાન બનો 卐

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રથમસમયવિશિષ્ટ અને ચરમસમયવર્તી એવું સયોગી ભવસ્થ કેવળજ્ઞાન, અયોગી ભવસ્થ કેવળજ્ઞાન, સૂક્ષ્મસંપરાય સરાગસંયમ, બાદરસંપરાય સરાગસંયમ વગેરે સ્વરૂપ શુદ્ધ અર્થપર્યાય અને અપ્રથમસમયવિશિષ્ટ અને અચરમસમયવર્તી એવા સયોગી ભવસ્થ કેવળજ્ઞાન આદિ અશુદ્ધ અર્થપર્યાય વિશે અહીં પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જે પ્રરૂપણા કરવામાં આવેલ છે, તેનાથી અહીં એટલો બોધપાઠ લેવો કે કાળની અસર જગતના પ્રત્યેક પદાર્થ ઉપર વ્યક્ત-અવ્યક્ત રૂપે, સ્થૂલ-સૂક્ષ્મ સ્વરૂપે થતી જ હોય છે. સંસારી જીવ હોય કે મુક્તાત્મા, મતિજ્ઞાન હોય કે કેવલજ્ઞાન, અર્થપર્યાય હોય

1. एकद्रव्ये येऽर्थपर्याया वचनपर्यवाश्चाऽपि। अतीताऽनागतभूताः तावद् भवति द्रव्यम्।।

वा भवतु - अखिलद्रव्य-गुण-पर्यायेषु कालतत्त्वं अल्पांशे महदंशे वा स्वप्रभावम् अवश्यं दर्शयति। किन्तु इदं ज्ञात्वा कालाद् न भेतव्यम्, यतः निष्कपटं जिनाज्ञापालनतः सततं स्वकीयान्तरङ्गचित्तवृत्तीनां सौम्यत्व-स्वस्थत्व-स्वच्छत्वसम्पादने तु शुद्धद्रव्य-गुण-पर्यायान् मलिनरूपेण न जातुचित् कालतत्त्वं परिणामयति। कालैककृतं केवलज्ञानाद्यर्थपर्यायगतं तात्त्विकमपि पारिभाषिकं व्यावर्णितम् अशुद्धत्वं न नः हानिकरम्। न हि केवलः कालो जीवं जडतया, मुक्तात्मानं वा संसारितया, प्रकटं वा केवलज्ञानं मतिज्ञानतया, शुद्धैकात्मपर्यायं वा संसारितया परिणामयति जातुचित्।

किन्तूपयोगशून्यतायाम्, आभोगपूर्वम् अविध्ययतनासेवने, यथेच्छं कुकर्म-संस्काराधीनतायाम्, रुचिपूर्वं कुनिमित्तसेवायां वा कालः ज्ञानिनम् अज्ञानिरूपेण, भगवद्भक्तं वा भोगितया, साधुं वा संसारिरूपेण, आराधकं वा विराधकरूपेण द्रुतं परिणामयति। इत्थं विज्ञाय सावधानतया अवश्यं भाव्यम्। पञ्चमारकस्य, हुण्डकावसर्पिणीकालस्य एकविंशतितमख्रिस्ताब्दशतकस्य च विलासमय-विषमप्रभावाद् दूरेण वर्तितव्यम्। ततश्च "अनन्तानन्दसन्दोहपरिपूर्णा निरत्यया।। तस्यां न प्रभवन्त्येव संस्थितानामुपद्रवाः। जरा-रुजाद्याः सा यस्मात् सर्वोपद्रववर्जिता।।" (उ.भ.प्र.प्रस्ताव-४/भाग-२/पृ.१६७) इत्येवम् **उपमितिभवप्रपञ्चायां कथायां** व्यावर्णिता निर्वृतिनगरी प्रत्यासन्ना स्यात्।।१४/७।।

કે વ્યંજનપર્યાય - તમામ દ્રવ્ય-ગુણ-પર્યાય ઉપર કાળતત્ત્વની ઓછા-વત્તા અંશે અસર અવશ્ય થાય છે. પરંતુ આવું જાણીને આપણે કાળ તત્ત્વથી ગભરાઈ જવાની જરૂર નથી. કારણ કે જીવ જો પ્રામાણિકપણે જિનાજ્ઞાપાલન કરી પોતાની અંતરંગ ચિત્તવૃત્તિને સતત સૌમ્ય, સ્વસ્થ અને સ્વચ્છ બનાવે તો જીવના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનું મલિન-સંક્લિષ્ટ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમન કેવલ કાલતત્ત્વ કદાપિ કરી શકતું નથી. માત્ર કાળ દ્વારા કેવલજ્ઞાનાદિસંબંધી અર્થપર્યાયમાં દર્શાવેલ જે અશુદ્ધતાનું નિર્માણ થાય છે, તે વાસ્તવિક હોવા છતાં પણ પારિભાષિક છે. તેવી અશુદ્ધતા આપણને નુકસાનકારક નથી. તેથી તેનાથી ડરવાની જરૂર નથી. પણ ચેતનનું જડદ્રવ્યરૂપે પરિવર્તન કરવાનું કાર્ય, મુક્તાત્માને સંસારી બનાવવાનું કામ, પ્રગટ થયેલ કેવલજ્ઞાનને મતિજ્ઞાનરૂપે પરિણમાવવાનું કામ કે કેવળ શુદ્ધ આત્માના = મુક્તાત્માના પર્યાયને સંસારીપર્યાયરૂપે પલટાવવાનું કાર્ય કદાપિ કાળતત્ત્વ કરતું જ નથી.

**(कि.)** પરંતુ જીવ જાગૃત ન રહે, જાણી-જોઈને ઘાલમેલ કરે, સ્વેચ્છાથી કુકર્મને અને કુસંસ્કારને પરવશ થઈ જાય, ઈરાદાપૂર્વક કુનિમિત્તનું સેવન કરે તો સમ્યગ્ જ્ઞાનીને અજ્ઞાની રૂપે, ભગવદ્ભક્તને ભોગીરૂપે, સંયમીને સંસારી રૂપે, આરાધકને વિરાધકરૂપે પલટાવી દેતાં કાળતત્ત્વને વાર લાગતી નથી. આવું જાણીને સાવધ જરૂર રહેવું. પાંચમો આરો, હુંડા અવસર્પિણી કાળ, એકવીસમી સદીનું ભોગવિલાસમય વાતાવરણ વગેરેની ઝેરી અસર આપણને ન થાય તેની પૂરતી કાળજી લેવી. તેના લીધે **ઉપમિતિભવપ્રપંચા કથા**માં વર્ણવેલી નિર્વૃતિનગરી = મુક્તિપુરી નજીક આવે. ત્યાં **સિદ્ધર્ષિગણી**એ જણાવેલ છે કે 'અનન્ત આનંદરાશિથી પરિપૂર્ણ, અવિનાશી નિર્વૃત્તિનગરીમાં રહેલા જીવોને ઘડપણ, રોગ વગેરે ઉપદ્રવો જે કારણે નથી થતા, તે કારણે તે સર્વોપદ્રવશૂન્ય છે.' (૧૪/૭)

**શુદ્ધ દ્રવ્યવ્યંજન અણુ, પુદ્ગલપર્યાય;**
**અશુદ્ધ ♦દ્વ્યણુકાદિક ગુણા, નિજગુણપજ્જાય ॥૧૪/૮॥ (૨૩૪) શ્રી જિન.**

*પુદ્ગલ દ્રવ્યનો **શુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય અણુ** કહતા ♦પરમાણુ જાણવો. તે પરમાણુનો કદિઈં નાશ નથી, તેહ ભણી. **દ્વ્યણુકાદિક** દ્રવ્ય તે પુદ્ગલદ્રવ્યના ♣**અશુદ્ધવ્યંજનપર્યાય**, સંયોગજનિત છઈ તે માટઈં.

जीव-तद्गुणेषु अष्टविधा अपि पर्याया दर्शिताः। साम्प्रतं- पुद्गल-तद्गुणेषु तान् दर्शयति – '**अणु**'रिति।

**अणुः पुद्गलद्रव्ये शुद्धो द्रव्यव्यञ्जनपर्यायः।**
**अशुद्धो द्व्यणुकादिः गुणगा गुणव्यञ्जनभावाः।।१४/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पुद्गलद्रव्ये अणुः शुद्धो द्रव्यव्यञ्जनपर्यायः। द्व्यणुकादिः अशुद्धः (द्रव्यव्यञ्जनपर्यायः)। गुणव्यञ्जनभावाः (पुनः) गुणगाः।।१४/८।।

**पुद्गलद्रव्ये अणुः** = परमाणुः **शुद्धो द्रव्यव्यञ्जनपर्यायः**, परमाणोः ध्वंसाऽप्रतियोगित्वात्। [1]"अत्तादि अत्तमज्झं अत्तंतं णेव इंदियग्गेज्झं। अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि।।' (नि.सा.२६) इति एवं **कुन्दकुन्दस्वामिना नियमसारे** परमाणुस्वरूपविशेषद्योतनम् अकारि।

**अशुद्धः** = पुद्गलद्रव्यनिष्ठाऽशुद्धव्यञ्जनपर्यायः **द्व्यणुकादिः**, प्राथम्येन परमाणुसंयोगजनि-

**અવતરણિકા** :- જીવમાં અને જીવના ગુણમાં આઠેય પ્રકારના પર્યાયો દેખાડી દીધા. હવે ગ્રંથકારશ્રી પુદ્ગલમાં અને તેના ગુણોમાં પ્રસ્તુત પર્યાયોને દેખાડે છે :-

**શ્લોકાર્થ** :- પુદ્ગલ દ્રવ્યમાં અણુતા એ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. દ્વ્યણુકાદિ પરિણામ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. પુદ્ગલના ગુણમાં રહેલા પર્યાયોને ગુણવ્યંજનપર્યાયો જાણવા. (૧૪/૮)

### ❯ શુદ્ધ પુદ્ગલદ્રવ્યવ્યંજનપર્યાય ❯

**વ્યાખ્યાર્થ** :- પુદ્ગલદ્રવ્યમાં પરમાણુ એ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે. કારણ કે પરમાણુ કદાપિ ધ્વંસનો પ્રતિયોગી = સંબંધી બનતો નથી. અર્થાત્ પરમાણુનો કદી પણ નાશ ન થવાથી તે શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે માન્ય છે. **નિયમસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ પરમાણુના વિશેષ પ્રકારના સ્વરૂપને જણાવતાં કહેલ છે કે 'પોતે જ જેનો આદિ છે, પોતે જ જેનું મધ્ય છે અને પોતે જ જેનો અંત છે, જે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી અને જે અવિભાગી દ્રવ્ય છે, તેને પરમાણુ તરીકે જાણો.'

### ❈ અશુદ્ધ પુદ્ગલદ્રવ્યવ્યંજનપર્યાય ❈

(अशुद्धः.) દ્વ્યણુક વગેરે પર્યાયો એ પુદ્ગલ દ્રવ્યમાં રહેનારા અશુદ્ધ વ્યંજનપર્યાય તરીકે જાણવા. કારણ કે સૌપ્રથમ દ્વ્યણુકાદિનું અસ્તિત્વ પરમાણુના સંયોગથી ઉત્પન્ન થાય છે. સંયોગજન્ય હોવાથી

♦ પુસ્તકોમાં 'દ્વયકાદિક' ત્રુટક પાઠ. આ.(૧)+P(૩)+લી.(૧+૩)+કો.(૨+૮+૧૦+૧૧)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં '...માણુઓ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♣ મો.(૨) + લી.(૨+૩)માં 'શુદ્ધ' પાઠ.

1. आत्मादि आत्ममध्यम् आत्मान्तं नैवेन्द्रियग्राह्यम्। अविभागि यद् द्रव्यं परमाणुं तद् विजानीहि।।

ઈમ **ગુણ** કહતાં પુદ્ગલદ્રવ્યના ▸શુદ્ધ ગુણવ્યંજનપર્યાય **અશુદ્ધ** ગુણવ્યંજન**પર્યાય**◂ તે **નિજ**-નિજ ગુણાશ્રિત જાણવા. પરમાણુનો ગુણ **તે** શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, દ્વિપ્રદેશાદિકનો ●ગુણ તે અશુદ્ધગુણવ્યંજનપર્યાય કહિઈં.✱ ॥૧૪/૮॥

---

तत्वात्।

***एतेन*** "स्वभावपुद्गलः परमाणुः, विभावपुद्गलः स्कन्धः" (नि.सा.२० वृ.पृ.४८) इति **नियमसारवृत्तौ पद्मप्रभ**वचनं ***व्याख्यातम्***, प्रकारान्तरेण शुद्धाऽशुद्धपुद्गलद्रव्यव्यञ्जनपर्यायप्रदर्शनपरत्वात् तस्य।

**गुणव्यञ्जनभावाः** = प्रकृते पुद्गलगुणशब्दपर्यायाः पुनः **गुणगाः** = पुद्गलद्रव्यगुणगता विज्ञेयाः। ते द्वेधा भवन्ति – (१) पुद्गलद्रव्यशुद्धगुणव्यञ्जनपर्यायाः, (२) पुद्गलद्रव्याशुद्धगुण-व्यञ्जनपर्यायाश्चेति। तत्र पूर्वोक्ताः (१३/१२) ये परमाणुगुणाः वर्णादयः तत्पर्याया द्विगुणत्व-त्रिगुणत्वाद्यनन्तगुणत्वान्ताः पुद्गलद्रव्यशुद्धगुणव्यञ्जनपर्यायाः।

द्व्यणुकादिगुणपर्यायाश्च पुद्गलद्रव्याऽशुद्धगुणव्यञ्जनपर्याया इति। पुद्गल-तद्गुणानाश्रित्य

---

દ્વ્યણુક વગેરે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે શાસ્ત્રકારોને માન્ય છે.

### ❋ સ્વભાવ-વિભાવ પુદ્ગલ ❋

(**एतेन.**) 'પરમાણુ સ્વભાવપુદ્ગલ છે. સ્કંધ વિભાવપુદ્ગલ છે' - આ મુજબ **નિયમસારવ્યાખ્યા**માં દિગંબર **પદ્મપ્રભે** જે જણાવેલ છે, તેની છણાવટ પણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કેમ કે બીજી રીતે તે વચન શુદ્ધ-અશુદ્ધ પુદ્ગલદ્રવ્યવ્યંજનપર્યાયનું પ્રકાશન કરવામાં તત્પર છે.

### ❋ પુદ્ગલના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય ❋

(**गुण.**) શ્લોકના ચતુર્થ પાદમાં રહેલ 'ગુણ' શબ્દ પુદ્ગલગુણને સૂચવે છે. તેથી તેનું સ્પષ્ટ અર્થઘટન આ રીતે થશે - પુદ્ગલદ્રવ્યના ગુણમાં રહેલા પર્યાયોને પુદ્ગલગુણવ્યંજનપર્યાય તરીકે જાણવા. તેના બે પ્રકાર હોય છે. (૧) પુદ્ગલદ્રવ્યના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, (૨) પુદ્ગલદ્રવ્યના અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય. પૂર્વે તેરમી શાખાના બારમા શ્લોકમાં પરમાણુના વર્ણાદિ ગુણો જણાવેલા હતા. તે વર્ણાદિમાં રહેનારા એકગુણત્વ, દ્વિગુણત્વ...દસગુણત્વ... વગેરેથી માંડીને અનંતગુણત્વ સુધીના તમામ પર્યાયો તે પુદ્ગલ દ્રવ્યના શુદ્ધ ગુણવ્યંજનપર્યાય તરીકે જાણવા.

[redacted]:- એક પરમાણુના કૃષ્ણ વર્ણ કરતાં બીજા પરમાણુનો કૃષ્ણવર્ણ નામનો ગુણ બમણો કાળો હોય, અન્ય પરમાણુના કૃષ્ણવર્ણ કરતાં તે દસગણો કાળો હોય, અમુક પરમાણુના શ્યામ વર્ણ કરતાં તે અનંતગણો કાળો હોય - આવું પણ સંભવે છે. આ પ્રમાણે પરમાણુના વર્ણ-ગંધાદિ ગુણમાં જે દ્વિગુણત્વ, ત્રિગુણત્વ, અનંતગુણત્વ સુધીના પર્યાયો છે તે પુદ્ગલદ્રવ્યસંબંધી વર્ણાદિગત શુદ્ધગુણ-વ્યંજનપર્યાય તરીકે જાણવા.

### ❋ પુદ્ગલના અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય ❋

(**द्व्यणुका.**) દ્વ્યણુક વગેરે સ્કંધમાં રહેનારા ગુણોના જે પર્યાયો હોય છે તે પુદ્ગલ દ્રવ્યના અશુદ્ધ

---

● શાં.માં 'ગુણ' પદ નથી. મ.+સિ.+કો.(૯)માં છે. ✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી.

चतुर्विधा व्यञ्जनपर्यायाः दर्शिताः।

अत्राऽपि शुद्धव्यञ्जनपर्यायाः स्वभावव्यञ्जनपर्यायाः, अशुद्धव्यञ्जनपर्यायाश्च विभावव्यञ्जनपर्याया इति परिभाषान्तरं ज्ञेयम्। ***एतेन*** **आलापपद्धतौ देवसेन**स्य "(१) पुद्गलस्य तु द्व्यणुकादयो विभावद्रव्यव्यञ्जनपर्यायाः। (२) रसरसान्तर-गन्धगन्धान्तरादिविभावगुणव्यञ्जनपर्यायाः। (३) अविभागिपुद्गलपरमाणुः स्वभावद्रव्यव्यञ्जनपर्यायः। (४) वर्ण-गन्ध-रसैकैकमविरुद्धस्पर्शद्वयं स्वभावगुणव्यञ्जनपर्यायाः" (आ.प.पृ.४) इत्युक्तिः ***व्याख्याता,***

परमाणुगुणानाम् एकैकवर्णादीनां द्विगुणत्व-दशगुणत्वाद्यनन्तगुणत्वादिस्वपर्यायाऽभिन्नत्वविवक्षया स्वभावगुणव्यञ्जनपर्यायत्वोक्तेः।

एतदनुवादरूपेण **यशोविजयवाचक**शिरोमणिभिरपि "(१) पुद्गलस्याऽपि द्व्यणुकादयो विभावद्रव्य-

---

ગુણવ્યંજનપર્યાય તરીકે જાણવા. આ રીતે પુદ્ગલ અને તેના ગુણ - બન્નેની અપેક્ષાએ ચારેય પ્રકારના વ્યંજનપર્યાયો ગ્રંથકારશ્રીએ અહીં બતાવેલા છે.

### અન્ય પરિભાષાનો પરિચય

(**अत्रा.**) પૂર્વે ચોથા શ્લોકની વ્યાખ્યામાં જણાવ્યું તે મુજબ અહીં પણ 'શુદ્ધ વ્યંજનપર્યાય એ સ્વભાવવ્યંજનપર્યાય અને અશુદ્ધ વ્યંજનપર્યાય એ વિભાવવ્યંજનપર્યાય છે' - આ પ્રમાણે અન્ય પરિભાષા જાણવી. પ્રસ્તુત નિરૂપણથી **આલાપપદ્ધતિ** ગ્રંથના એક સંદર્ભની સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં **દેવસેનજી**એ જણાવેલ છે કે '(૧) દ્વ્યણુક વગેરે પુદ્ગલપર્યાયો તો વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય છે. તથા (૨) એક રસ કરતાં બીજા રસની તરતમતા, એક ગંધ કરતાં અન્ય ગંધની તરતમતા વગેરે વિભાવ-ગુણવ્યંજનપર્યાય છે. અથવા એક રસનું અન્ય રસ સ્વરૂપે રૂપાંતરણ, એક ગંધનું અન્ય ગંધરૂપે પરિણમન એ વિભાવગુણવ્યંજનપર્યાય છે. (૩) જેના કદાપિ બે ટુકડા થઈ ન શકે એવો અવિભાજ્ય પુદ્ગલ પરમાણુ એ સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય છે. (૪) એક વર્ણ, એક ગંધ, એક રસ અને પરસ્પર અવિરુદ્ધ બે સ્પર્શ - આ પ્રમાણે પરમાણુના ગુણો તે સ્વભાવ ગુણવ્યંજનપર્યાય તરીકે જાણવા.' આપણે જેને શુદ્ધ વ્યંજનપર્યાય તરીકે જણાવ્યા તેને **દેવસેનજી**એ સ્વભાવ વ્યંજનપર્યાય તરીકે જણાવ્યા છે. તથા આપણે જેને અશુદ્ધ વ્યંજનપર્યાય તરીકે જણાવેલ છે, તેનો નિર્દેશ **દેવસેનજી**એ વિભાવ વ્યંજનપર્યાય તરીકે કરેલ છે. આમ અહીં કેવળ શબ્દભેદ છે, પરમાર્થથી અર્થભેદ નથી.

(**परमा.**) વળી, બીજી મહત્ત્વની વાત એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે યદ્યપિ પરમાણુના કૃષ્ણાદિ વર્ણ વગેરેના પરસ્પરની અપેક્ષાએ દ્વિગુણત્વ, ત્રિગુણત્વ...દસગુણત્વ...યાવત્ અનંતગુણત્વ વગેરે પર્યાયો રહેલા છે. તેમ છતાં પણ અહીં દેવસેનજીએ પરમાણુમાં રહેલ એક વર્ણ, એક ગંધ વગેરે ગુણોમાં તેના પર્યાયના અભેદની વિવક્ષાથી પરમાણુના ગુણોને જ સ્વભાવ ગુણવ્યંજનપર્યાય તરીકે જણાવેલ છે.

### સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ

(**एत.**) **દેવસેનજી**ના વચનના અનુવાદરૂપે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ **સપ્તભંગી-**

व्यञ्जनपर्यायाः, (२) रसरसान्तर-गन्धगन्धान्तरादयो विभावगुणव्यञ्जनपर्यायाः, (३) अविभागिपुद्गलपरमाणवः स्वभावद्रव्यव्यञ्जनपर्यायाः, (४) वर्ण-गन्ध-रसैकैकाविरुद्धस्पर्शद्वये च स्वभावगुणव्यञ्जनपर्यायाः" (स.भ.न.प्र.पृ.४८) इत्येवं **सप्तभङ्गीनयप्रदीपे** उक्तमित्यवधेयम्।

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (का.अ.२४२/पृ.१७३) **शुभचन्द्रेण** अपि एवमेव चतुर्विधाः पुद्गलपर्याया दर्शिता इति ध्येयम्।

पुद्गल-तद्गुणेषु अर्थपर्यायास्तु सामर्थ्यगम्या इति इह मूलग्रन्थे नोक्ताः। तथापि विनेयविशेषाऽऽनुगुण्येन इह ते दर्श्यन्ते। तथाहि – (१) ऋजुसूत्रनयाऽऽदेशाद् अतीताऽनागत-परकीयपरित्यागेन वर्तमानः स्वकीयः परमाणुद्रव्यक्षणः पुद्गलद्रव्यस्य शुद्धद्रव्यार्थपर्यायः ज्ञेयः। (२) स्वल्पकालीना स्वपरमाणुक्षणसन्ततिः द्व्यणुकादिद्रव्यक्षणसन्ततिश्च पुद्गलद्रव्यस्य अशुद्धद्रव्यार्थपर्यायः विज्ञेयः। (३) परमाणुगुणक्षणः वर्तमानकालीनः पुद्गलापेक्षः शुद्धगुणार्थपर्यायः अवसेयः (४) स्वल्पकालीना परमाणुगुणक्षणसन्ततिः द्व्यणुकादिगुणक्षणसन्ततिश्च पुद्गलापेक्षः अशुद्धगुणार्थपर्यायः अवसातव्य

---

**નયપ્રદીપ** નામના ગ્રંથમાં નીચે મુજબ જણાવેલ છે. '(૧) પુદ્ગલ દ્રવ્યના પણ દ્વ્યણુક વગેરે વિભાવદ્રવ્ય-વ્યંજનપર્યાય જાણવા. (૨) એક રસ કરતાં બીજા રસની તરતમતા, એક ગંધ કરતાં અન્ય ગંધની તરતમતા અથવા એક રસનું બીજા રસ રૂપે પરિવર્તન, એક ગંધનું અન્ય ગંધ રૂપે પરિણમન વગેરે વિભાવ ગુણવ્યંજનપર્યાય જાણવા. (૩) અવિભાજ્ય = સૂક્ષ્મતમ સ્વતંત્ર પુદ્ગલપરમાણુઓ તે સ્વભાવદ્રવ્ય-વ્યંજનપર્યાય છે. (૪) પરમાણુમાં રહેલ એક વર્ણ, એક ગંધ, એક રસ અને પરસ્પર અવિરુદ્ધ બે સ્પર્શ તે સ્વભાવ ગુણવ્યંજનપર્યાય છે.' મહોપાધ્યાયજી મહારાજાના ઉપરોક્ત કથનને પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવું.

### ⁂ ચતુર્વિધ પુદ્ગલપર્યાયનો અતિદેશ ⁂

**(कार्त्ति.) સ્વામિકુમારરચિત કાર્ત્તિકેયાનુપ્રેક્ષા** ગ્રંથની ૨૪૨ મી ગાથાની વ્યાખ્યામાં દિગંબર **શુભચંદ્રજી**એ પણ આ જ રીતે પુદ્ગલના ચાર પર્યાયો દેખાડેલા છે. આ વાતને જિજ્ઞાસુ વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### પુદ્ગલમાં અને તેના ગુણમાં અર્થપર્યાય

**(पुद्गल.)** પુદ્ગલ અને તેના ગુણોને વિશે અર્થપર્યાયો પણ અવશ્ય રહેતા હોય છે. પરંતુ વિચક્ષણ વાચક તેને પોતાની કોઠાસૂઝથી ઓળખી શકે તેમ છે. તેથી અહીં મૂળ ગ્રંથમાં શ્લોકની અંદર તેનું નિરૂપણ કરવામાં આવેલ નથી. તેમ છતાં પણ અમુક પ્રકારના વિનયવંત વાચકો ઉપર અનુગ્રહ થાય તે આશયથી અહીં વ્યાખ્યામાં તેને દેખાડવામાં આવે છે. તે આ મુજબ જાણવા. (૧) અતીત, અનાગત અને પરકીય વસ્તુનો ત્યાગ કરીને વર્તમાનકાલીન સ્વકીય પરમાણુદ્રવ્યક્ષણ (= ક્ષણમાત્રસ્થિતિક પરમાણુ) તે ઋજુસૂત્ર નયના અભિપ્રાયથી પુદ્ગલદ્રવ્યનો શુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય જાણવો. (૨) સ્વકીય પરમાણુક્ષણની અને દ્વ્યણુકાદિદ્રવ્યક્ષણની સંતતિ અમુક કાળ સુધી ચાલે એ પુદ્ગલ દ્રવ્યનો અશુદ્ધ દ્રવ્યઅર્થપર્યાય જાણવો. (૩) વર્તમાનકાલીન પરમાણુગુણક્ષણ = ક્ષણિક પરમાણુગુણ તે પુદ્ગલની અપેક્ષાએ શુદ્ધ ગુણઅર્થપર્યાય જાણવો. (૪) અમુક કાળ સુધી ચાલે તેવા પ્રકારની પરમાણુગુણસ્વરૂપ ક્ષણોની (= ક્ષણભંગુર

इति पुद्गल-तद्गुणेषु चतुर्विधा अर्थपर्यायाः। पुद्गल-तद्गुणानाश्रित्य अष्टधा पर्याया व्याख्याताः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पुद्गल-तद्गुणानां ये चत्वारः व्यञ्जनपर्यायाः अर्थपर्यायाश्च दर्शिताः तेभ्यः स्वात्मा भिन्नः। आत्मनः तेषाञ्च न परमार्थतः स्थायी सम्बन्धः कश्चित्। ततश्च पुद्गल-तद्गुणवर्तिपर्यायपरिवर्तननिमित्तः कोऽपि प्रत्याघातः स्वात्मनि न स्यात् तथा यतितव्यम्। पत्नी-पुत्र-कुटुम्बाऽऽपण-गृह-वस्त्र-शरीरेन्द्रिय-मनः-सत्ता-सम्पत्-सौन्दर्य-स्वास्थ्यादिभ्योऽपि स्वात्मा परमार्थतः पृथक्। ततश्च तन्निमित्तकरत्यरतिविषमाऽऽवर्ते यथा स्वात्मा न लीयेत, न वा तन्निमित्तकरागादिना निजशुद्धात्मध्यानादिकं बाध्येत तथा कार्त्स्न्येन अवधातव्यमित्याध्यात्मिकी शिक्षा लभ्यतेऽत्र। तत्परिणमनतश्च [1]"देविंद-चक्कवट्टी इंदियसुक्खं च जं अणुहवंति। तत्तो अणंतगुणियं अव्वाबाहं सुहं तस्स।।" (आ.प.९५८, सं.र.शा.९७८४) इति **आराधनापताकायां संवेगरङ्गशालायाञ्चोक्तं** सिद्धसुखं सुलभं स्यात्।।१४/८।।

---

પરમાણુગુણોની) સંતતિ (= ધારા) અને દ્વ્યણુકાદિના ગુણોના ક્ષણોની (= ક્ષણભંગુર દ્વ્યણુકાદિના ગુણોની) સંતતિ (= પ્રવાહ) તે પુદ્ગલની અપેક્ષાએ અશુદ્ધગુણઅર્થપર્યાય જાણવો. આ પ્રમાણે પુદ્ગલમાં અને તેના ગુણોમાં ચાર પ્રકારના અર્થપર્યાય જાણવા. પૂર્વે આ અંગે ચાર વ્યંજનપર્યાયો જણાવેલા હતા. તેથી પુદ્ગલને અને તેના ગુણોને આશ્રયીને આ પ્રમાણે કુલ આઠ પ્રકારના પર્યાયની છણાવટ પૂર્ણ થઈ.

### ❀ પર્યાયપરિવર્તનનિમિત્તક આઘાત-પ્રત્યાઘાતને છોડો ❀

[redacted] :- પુદ્ગલ અને તેના ગુણને વિશે જે ચાર પ્રકારના વ્યંજનપર્યાય અને ચાર પ્રકારના અર્થપર્યાય ટબામાં તથા પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જણાવ્યા તેનાથી આપણો આત્મા તદ્દન ન્યારો છે. આત્માને અને તેને પરમાર્થથી કોઈ સ્થાયી સંબંધ નથી. તેથી પુદ્ગલમાં અને તેના ગુણોમાં થતી પર્યાયોની ઉથલ-પાથલ નિમિત્તે આપણા આત્મદ્રવ્યમાં કોઈ પણ પ્રકારનો આઘાત-પ્રત્યાઘાત ઉભો થઈ ન જાય, તેની પૂરતી કાળજી રાખવાની સૂચના આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. પત્ની, પુત્ર, પરિવાર, દુકાન, મકાન, વસ્ત્ર, શરીર, ઈન્દ્રિય, મન, સત્તા, સંપત્તિ, સૌંદર્ય, સ્વજન, સ્વાસ્થ્ય વગેરેથી પણ આપણો આત્મા પરમાર્થથી તદ્દન નિરાળો છે, ન્યારો છે. તેથી તેના નિમિત્તે રતિ-અરતિના વમળમાં આપણો આત્મા ફસાઈ ન જાય કે તેના નિમિત્તે થતા રાગાદિ દ્વારા પોતાના શુદ્ધાત્માનું ધ્યાન વગેરે બાધિત ન થાય, તેની પૂર્ણતયા તકેદારી રાખવાની આધ્યાત્મિક હિતશિક્ષા આ શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તે હિતશિક્ષાનું પરિણમન થવાથી **આરાધનાપતાકા પયન્નામાં** તથા **સંવેગરંગશાળામાં** દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય. ત્યાં જણાવેલ છે કે 'દેવેન્દ્ર અને ચક્રવર્તી જે ઈન્દ્રિયસુખને અનુભવે છે, તેના કરતાં અનંતગુણ અધિક અવ્યાબાધ = પીડારહિત સુખ સિદ્ધાત્મા પાસે હોય છે.' (૧૪/૮)

---

1. देवेन्द्र-चक्रवर्तिनः इन्द्रियसौख्यं च यद् अनुभवन्ति। ततोऽनन्तगुणितम् अव्याबाधं सुखं तस्य।।

"ધર્માસ્તિકાયાદિકના શુદ્ધદ્રવ્ય✿ વ્યંજનપર્યાય જ છઈ" - એહવો જેહ હઠ કરઈ છઈ, તેહનઈ કહિઈ -

**સૂક્ષ્મ અર્થપર્યાય તે, ધર્માદિક એમ;**

**નિજ-પર❈ પ્રત્યયથી લહો,♦ છાંડી હઠ પ્રેમ ॥૧૪/૯॥ (૨૩૫) શ્રી જિન.**

જે ઋજુસૂત્રાદેશઈ કરી (**સૂક્ષ્મ**=) ક્ષણપરિણતિરૂપ **અર્થપર્યાય** (તે) પણિ (**એમ**=) કેવલજ્ઞાનાદિકની પરિ (**નિજ-પર પ્રત્યયથી ધર્માદિક**માં લહો.) હઠ છાંડીનઈ તિહાં કિમ (**પ્રેમ** = પ્રેમથી) નથી માનતા ? ॥૧૪/૯॥

ये हि दिगम्बरा 'धर्मास्तिकायादिषु शुद्धद्रव्यव्यञ्जनपर्याया एव सन्ति, न त्वर्थपर्याया' इत्यभिनिविशन्ति तान् प्रति करुणया प्रोच्यते – '**सूक्ष्मम्**'ति।

**सूक्ष्ममर्थपर्यायं केवलवद् धर्माऽधर्मादिकेषु।**

**स्वाऽन्यप्रत्ययाद् विद्धि, निरस्य व्यञ्जनपर्ययहठम्।।१४/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – व्यञ्जनपर्ययहठं निरस्य केवलवद् धर्माऽधर्मादिकेषु सूक्ष्मम् अर्थपर्यायं स्वाऽन्यप्रत्ययाद् विद्धि।।१४/९।।

ऋजुसूत्रनयादेशात् **सूक्ष्मं** = क्षणपरिणतिरूपम् **अर्थपर्यायं केवलवत्** = केवलज्ञानादिषु इव **धर्माऽधर्मादिकेषु** = धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकाय-कालेषु अपि **स्वान्यप्रत्ययात्** = स्व-परनिमित्ताद् **विद्धि** = जानीहि। तथाहि – धर्मास्तिकायादिषु ये अगुरुलघुपरिणामादयः स्वत एव प्रतिक्षणं विपरिवर्तन्ते ते स्वप्रत्ययाद् अर्थपर्याया ज्ञेयाः। ते शुद्धाऽर्थपर्यायत्वेनावसेयाः, शृङ्गग्राहिकया

**અવતરણિકા** :- જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં આઠ આઠ પર્યાયનું નિરૂપણ પૂર્ણ થયું. હવે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના પર્યાયનું નિરૂપણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. અમુક દિગંબરો 'ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં ફક્ત શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો જ રહે છે પરંતુ અર્થપર્યાયો તેમાં રહેતા નથી' - આ પ્રમાણે ગાઢ કદાગ્રહને ધારણ કરે છે. તેમના પ્રત્યે કરુણાબુદ્ધિથી ગ્રંથકારશ્રી કહે છે :-

### ❁ ધર્માસ્તિકાય વગેરેમાં પણ અર્થપર્યાય ❁

**શ્લોકાર્થ** :- વ્યંજનપર્યાયની હઠને છોડીને તમે કેવલજ્ઞાનાદિની જેમ ધર્મ, અધર્મ વગેરે દ્રવ્યોમાં પણ સૂક્ષ્મ એવા અર્થપર્યાયને સ્વ-પરનિમિત્તે જાણો. (૧૪/૯)

**વ્યાખ્યાર્થ** :- કેવલજ્ઞાન વગેરેમાં જેમ ક્ષણપરિણતિ સ્વરૂપ સૂક્ષ્મ અર્થપર્યાય ઋજુસૂત્રનયના અભિપ્રાયથી રહે છે. તે જ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળમાં પણ ઋજુસૂત્ર નયના અભિપ્રાયથી ક્ષણમાત્રસ્થિતિક = ક્ષણિક પરિણતિ સ્વરૂપ સૂક્ષ્મ અર્થપર્યાય રહે છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં સ્વનિમિત્તે અને પરનિમિત્તે અર્થપર્યાયને તમે જાણો. તે આ રીતે - ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં જે અગુરુલઘુ પરિણામ વગેરે પર્યાયો પોતાની જાતે જ પ્રતિક્ષણ પલટાયે રાખે છે તે સ્વનિમિત્તક અર્થપર્યાયો જાણવા. પ્રતિક્ષણ પરિવર્તનશીલ તે અગુરુલઘુપર્યાયો શુદ્ધ અર્થપર્યાય સ્વરૂપે જાણવા. કારણ કે તે પર્યાયો

✿ આ.(૧)માં 'શુદ્ધગુણ વ્યંજનપર્યાય દ્રવ્ય જ....' પાઠ. ❈ મો.(૨)માં 'પરમશ્રયથી' પાઠ. ♦ કો.(૯)+સિ.માં 'પ્રત્યય થકી રે' પાઠ.

शब्दाऽवाच्यत्वे सति निरुपाधिकत्वात्, क्षणमात्रस्थितिकत्वाद्वा।

[1]"अगुरुग-लघुगेहिं सया तेहिं अणंतेहिं परिणदं णिच्चं" (प.का.स.८४) इत्यादिना **पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामिना** धर्मास्तिकाये प्रतिसमयसम्भवत्षट्स्थानपतितवृद्धि-हानिसमेतानन्ताऽगुरुलघुपर्यायात्मकार्थपर्यायाऽऽनन्त्यमुपदर्शितम्।

गति-स्थित्यादिपरिणामपरिणतपरमाण्वादिपुद्गल-जीवास्तिकायेभ्यः प्रतिक्षणं गति-स्थित्यादिनिमित्तत्वलक्षणा ये परिणामा विपरिवर्तन्ते, ते परप्रत्ययाद् अर्थपर्याया ज्ञेयाः। ते शुद्धाऽर्थपर्यायत्वेन

---

શૃંગગ્રાહિકા ન્યાયથી શબ્દથી દર્શાવી શકાતા નથી. તેમજ તે પર્યાયો નિરુપાધિક છે. અથવા તે પર્યાયોની સ્થિતિ માત્ર એક ક્ષણની હોવાથી તે શુદ્ધ અર્થપર્યાય તરીકે જાણવા.

## ❀ શૃંગગ્રાહિકા ન્યાયની સમજણ ❀

**સ્પષ્ટતા** :- અનેક ગોવાળની અનેક ગાય, ભેંસ એક જ મેદાનમાં એકીસાથે ચરતી હોય ત્યારે દરેક ગોવાળ પોતપોતાની ગાય-ભેંસોને સારી રીતે ઓળખતો હોય છે. ટોળાની વચ્ચે રહેલી પોતાની ગાયને શીંગડું પકડીને તે ગોવાળ એમ બોલતો હોય છે કે 'આ મારી ગાય છે.' આમ 'शृङ्गं गृह्यते यस्यां क्रियायां सा शृङ्गग्राहिका' - આવી વ્યુત્પત્તિ મુજબ ચોક્કસ પ્રકારની અસાધારણ વિશેષતાનો નિર્દેશ જે પ્રવૃત્તિ દ્વારા થાય ત્યાં પ્રસ્તુત શૃંગગ્રાહિકા ન્યાયનો ઉપયોગ થાય છે. ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં રહેલા સતત પરિવર્તનશીલ અગુરુલઘુપર્યાયોને વ્યક્તિગત ચોક્કસ પ્રકારની અસાધારણ વિશેષતાનો ઉલ્લેખ કરવાપૂર્વક, શબ્દ દ્વારા દર્શાવી શકાતા નથી. તેથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના અગુરુલઘુ વગેરે પર્યાયો વ્યંજનપર્યાય નથી પણ અર્થપર્યાય જ છે. તે સોપાધિક નથી પણ નિરુપાધિક છે. તે પરનિમિત્તક નથી પણ સ્વનિમિત્તક જ છે. તેથી તે અર્થપર્યાયોને શુદ્ધ અર્થપર્યાય તરીકે જાણવા. અથવા પૂર્વે (૧૪/૭) જણાવ્યા મુજબ તે પર્યાયો ક્ષણિક હોવાથી શુદ્ધ અર્થપર્યાય જાણવા. કારણ કે **સંમતિતર્કવૃત્તિ** (૧/૩૨) મુજબ અર્થપર્યાયમાં શુદ્ધતા-અશુદ્ધતાનો નિશ્ચય, નિરુપાધિકતા-સોપાધિકતાના આધારે નથી થતો પણ ક્ષણમાત્રસ્થિતિ-અનેકક્ષણસ્થિતિના આધારે થાય છે.

("अगु.) 'અનન્તા અગુરુલઘુપર્યાયોથી સદા પરિણત થયેલ ધર્માસ્તિકાય નિત્ય છે' - ઈત્યાદિ કથન દ્વારા **પંચાસ્તિકાયસંગ્રહ**માં **કુંદકુંદસ્વામી**એ પ્રત્યેક સમયે થનાર ષટ્સ્થાનપતિતવૃદ્ધિ-હાનિવાળા અનન્તા અગુરુલઘુપર્યાયસ્વરૂપ અર્થપર્યાયોનું અનંતપણું ધર્માસ્તિકાયદ્રવ્યમાં જણાવેલ છે. મતલબ કે અનંતા સહજ શુદ્ધ અર્થપર્યાયો ધર્માસ્તિકાયમાં દિગંબરોને માન્ય જ છે.

## ❀ ધર્મદ્રવ્ય વગેરેમાં સોપાધિક અર્થપર્યાય ❀

**(गति.)** ગતિપરિણામથી અને સ્થિતિ વગેરે પરિણામથી પરમાણુ વગેરે પુદ્ગલો અને જીવદ્રવ્યો પરિણમતા હોય છે. આવા પુદ્ગલદ્રવ્યોના નિમિત્તે અને જીવદ્રવ્યોના નિમિત્તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં પણ પ્રતિક્ષણ તત્ તદ્ ગતિનિમિત્તત્વ, સ્થિતિનિમિત્તત્વ વગેરે સ્વરૂપે જુદા જુદા પરિણામો પરિવર્તન પામે છે. ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં આ પ્રમાણે જે ગતિનિમિત્તત્વ વગેરે ક્ષણભંગુર પરિણામો

---

1. अगुरुक-लघुकैः सदा तैः अनन्तैः परिणतः नित्यः।

बोध्याः, क्षणमात्रस्थितिकत्वात्। सूक्ष्मा एते अर्थपर्याया एवेति **व्यञ्जनपर्ययहठं** = 'धर्मादिचतुष्टये व्यञ्जनपर्याया एव सन्ति, न तु अर्थपर्याया' इति अभिनिवेशं **निरस्य** = दूरीकृत्य धर्मादिषु कथं नाऽङ्गीक्रियन्ते प्रमाणसिद्धा अर्थपर्यायाः भवद्भिः ? प्रमाणसिद्धपदार्थस्याऽनपलपनीयत्वात्।

यथोक्तं **ब्रह्मदेवेन** अपि **परमात्मप्रकाशवृत्तौ बृहद्द्रव्यसङ्ग्रहवृत्तौ** च "धर्माऽधर्माऽऽकाश-कालद्रव्याणि यद्यपि अर्थपर्यायत्वेन अनित्यानि" (प.प्र.१५४ वृ.पृ.१६२, बृ.द्र.स.चूलिका-गा.२७ पश्चात् वृ.पृ.८६) इति। ततश्च धर्मास्तिकायादौ अर्थपर्यायाऽनभ्युपगमे दिगम्बरदेशीयस्य अपसिद्धान्तोऽपि दुर्निवारः। **नियमसारवृत्तौ पद्मप्रभेणापि** "सूक्ष्मऋजुसूत्रनयाभिप्रायेण षड्द्रव्यसाधारणाः सूक्ष्माः ते हि अर्थपर्यायाः शुद्धाः इति बोद्धव्याः" (नि.सा.१५/वृ.पृ.३७) इत्येवं धर्मास्तिकायादौ स्पष्टमेव अर्थपर्याया दर्शिताः।

प्रकृते "सर्वं हि वस्तु व्यञ्जनपर्यायात्मकतया वाच्यम्, अर्थपर्यायात्मकत्वेन अवाच्यम् इति स्याद्वादिभिः व्यवस्थाप्यते, अन्यथा प्रमाणाऽभावाद्" (आ.मी.७०/अ.स.वृ.भाग-२/पृ.५५०) इति **अष्टसहस्र्यां विद्यानन्दस्वामिना**ऽपि सार्धं तस्य विरोध उन्मत्ततादिदोषश्च दुर्वार एव।

---

ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તે પરનિમિત્તક અર્થપર્યાય જાણવા. ધર્માસ્તિકાય વગેરેના તે પર્યાયો શુદ્ધ અર્થપર્યાય તરીકે જાણવા. કારણ કે તે ક્ષણિક છે. ધર્માસ્તિકાયના આ પરિણામો ક્ષણિક હોવાથી અત્યંત સૂક્ષ્મ છે. આથી તે અર્થપર્યાય જ છે. માટે 'ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યમાં વ્યંજનપર્યાય જ છે. પરંતુ અર્થપર્યાય નથી' - આ પ્રમાણે વ્યંજનપર્યાયસંબંધી કદાગ્રહને દૂર કરીને ધર્માસ્તિકાયાદિમાં પ્રમાણસિદ્ધ એવા અર્થપર્યાયને આપ શા માટે સ્વીકારતા નથી ? કારણ કે પ્રમાણસિદ્ધ પદાર્થનો અપલાપ કરવો એ સજ્જનો માટે વ્યાજબી ન કહેવાય.

### ❖ બ્રહ્મદેવ-પદ્મપ્રભ સાથે દિગંબરદેશીયને વિરોધ ❖

**(યથો.)** દિગંબર **યોગીન્દ્રદેવ**રચિત **પરમાત્મપ્રકાશગ્રંથ**ની વ્યાખ્યામાં તથા **બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા**માં (ચૂલિકામાં વૃ.પૃ.૮૬) દિગંબર **બ્રહ્મદેવજી**એ પણ 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ - આ ચાર દ્રવ્યો યદ્યપિ અર્થપર્યાયરૂપે અનિત્ય છે' - આવું કહેવા દ્વારા ધર્માસ્તિકાયાદિમાં અર્થપર્યાયનો સ્વીકાર કર્યો છે. ધર્માસ્તિકાયાદિમાં અર્થપર્યાયનો અપલાપ કરવાથી દિગંબરએકદેશીયને અપસિદ્ધાન્ત દોષ પણ લાગુ પડશે. **નિયમસારવૃત્તિ**માં દિગંબર **પદ્મપ્રભે** પણ 'સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી છ દ્રવ્યમાં સાધારણ સૂક્ષ્મ અર્થપર્યાયો હોય છે. તે જ શુદ્ધ સમજવા' - આ મુજબ ધર્માસ્તિકાયાદિમાં સ્પષ્ટપણે જ અર્થપર્યાયો જણાવેલ છે.

### ❖ દિગંબરદેશીયને વિદ્યાનંદસ્વામીની સાથે વિરોધ ❖

**(પ્રકૃ.)** વળી, પ્રસ્તુતમાં દિગંબર **વિદ્યાનંદસ્વામી** સાથે પણ દિગંબરદેશીયને વિરોધ દુર્વાર બનશે. કારણ કે તેમણે સર્વ દ્રવ્યમાં અર્થપર્યાય માન્ય કર્યા છે. તેમણે **અષ્ટસહસ્રીવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સર્વ વસ્તુ ખરેખર વ્યંજનપર્યાયાત્મક હોવાના લીધે વાચ્ય છે તથા અર્થપર્યાયાત્મક હોવાના લીધે અવાચ્ય છે. આવા પ્રકારે વ્યવસ્થા સ્યાદ્વાદીઓએ પ્રમાણથી સિદ્ધ કરેલ છે. એક પણ દ્રવ્યમાં અર્થપર્યાય કે વ્યંજનપર્યાય ન માનવામાં આવે તો તે બાબતનું સાધક કોઈ પ્રમાણ જ નથી.' આ રીતે વિરોધ દોષ ઉપરાંત પ્રમાણવિરુદ્ધ

**जयसेनः** तु **प्रवचनसारवृत्तौ** "धर्माऽधर्माऽऽकाश-कालानां मुख्यवृत्त्या एकसमयवर्त्तिनोऽर्थपर्याया एव, जीव-पुद्गलानाम् अर्थपर्याया व्यञ्जनपर्यायाश्च" (प्र.सा.१२९) इत्येवं स्पष्टमेव धर्मादावर्थपर्यायमेव दर्शितवानिति अश्वारूढोऽश्वमेव विस्मृतवान् दिगम्बरदेशीयः। प्रतिक्षणं विपरिवर्त्तमानाः षड्विधवृद्धि-हानिसमेताऽगुरुलघुविकारलक्षणाः अर्थपर्यायाः धर्मास्तिकायादौ आगमोक्ताः अपि विस्मृता इत्यहो आश्चर्यम्।

परमार्थतस्तु धर्मास्तिकायादौ शुद्धाऽशुद्धार्थपर्यायाः शुद्धाऽशुद्धव्यञ्जनपर्यायाश्च सन्त्येवेति ध्येयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – धर्मादिद्रव्यचतुष्टयनिष्ठशुद्धाऽशुद्धार्थपर्याया जीवद्रव्यभिन्ना इति कृत्वा यथा तदुत्पाद-व्ययनिमित्तौ राग-द्वेषौ आत्मनि नोपजायेते तथा पुद्गलपर्याया अपि जीवभिन्ना एवेति कृत्वा तन्निमित्तावपि राग-द्वेषौ नात्मनः भवेताम्। एवं गति-स्थित्यादिनिमित्तत्वलक्षणाऽर्थपर्यायाणाम् उत्पादे व्यये वा यथा धर्मादिद्रव्याणि असङ्गतया अलिप्ततया च वर्तन्ते तथा स्वकीयस्य परकीयस्य वा कस्यचिदपि पर्यायस्य उत्पत्तौ विपत्तौ वा सापेक्षभावेन असङ्गतया अलिप्ततया च आत्मना भवितव्यम्। तत्र च यथा आत्मनो राग-द्वेषौ न भवेतां तथा तन्मध्येन

---

પ્રતિપાદન કરવાથી ઉન્મત્તપ્રલાપાદિ દોષ પણ દિગંબર એકદેશીય માટે દુર્વાર થશે.

### ❀ ધર્માસ્તિકાયાદિમાં માત્ર અર્થપર્યાય : જયસેનાચાર્ય ❀

(जय.) **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **જયસેનજી**એ તો 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ દ્રવ્યમાં મુખ્યવૃત્તિથી એકસમયવર્તી અર્થપર્યાયો જ હોય છે. જ્યારે જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં અર્થપર્યાય તથા વ્યંજનપર્યાયો હોય છે' - આવું કહેવા દ્વારા સ્પષ્ટપણે ધર્માસ્તિકાયાદિમાં અર્થપર્યાયને જ દેખાડેલા છે. તેથી દિગંબરમત રૂપી ઘોડા ઉપર ચઢેલ દિગંબરદેશીય દિગંબરમતરૂપી ઘોડાને જ ભૂલી ગયા !!! પ્રતિક્ષણ પલટાતા ષડ્વિધવૃદ્ધિ-હાનિયુક્ત અગુરુલઘુવિકારસ્વરૂપ અર્થપર્યાયો આગમમાં જણાવેલ છે. છતાં દિગંબરદેશીય તે પણ ભૂલી ગયા. ઘોડેસવાર ઘોડાને જ ભૂલી જાય તે મોટું આશ્ચર્ય છે.

### ❀ ધર્માસ્તિકાય વગેરેમાં ચારેય પર્યાયો રહે ❀

(पर.) વાસ્તવમાં તો ધર્માસ્તિકાય વગેરેમાં શુદ્ધ અર્થપર્યાય, અશુદ્ધ અર્થપર્યાય, શુદ્ધ વ્યંજનપર્યાય અને અશુદ્ધ વ્યંજનપર્યાય - આમ ચારેય પર્યાયો રહે જ છે. આ વાતને ધ્યાનમાં રાખવી.

### ❀ ધર્માસ્તિકાયાદિથી બોધપાઠ લઈએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોના શુદ્ધ અને અશુદ્ધ અર્થપર્યાયો આત્માથી જુદા જ છે. તેથી તેના ઉત્પાદ-વ્યય નિમિત્તે જેમ આત્માને કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ થતા નથી, તેમ પુદ્ગલના પર્યાયો પણ આત્માથી ભિન્ન હોવાથી તેના નિમિત્તે પણ આપણા આત્માને કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ થવા ન જોઈએ. તથા ગતિનિમિત્તત્વ, સ્થિતિનિમિત્તત્વ વગેરે અર્થપર્યાયો ઉત્પન્ન થાય કે નાશ પામે - બન્ને અવસ્થામાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ અસંગ અને અલિપ્ત રહે છે તેમ આપણા કે બીજાના પણ કોઈ પણ પ્રકારના પર્યાયો ઉત્પન્ન થાય કે નાશ પામે તેમાં અપેક્ષિત અસંગભાવે

प्रयातव्यमात्मार्थिना। पर्यायपरावृत्तौ अपि धर्मादिद्रव्याणामिव आत्मनः असङ्गता, अलिप्तता, उदासीनता च स्थिरीभूता स्युः तथा यतनीयम्।

तदर्थञ्च स्वस्य कर्मकार्यक्षेत्रबहिर्भावः द्रुतं कार्यः। परज्ञेयप्रतिभासानन्तरम् 'इदं मम इष्टम्। तच्चाऽनिष्टम्' इत्यादिविकल्पव्यग्रतया परिणमनं हि नाऽऽत्मनः कार्यक्षेत्रं किन्तु कर्मण एव। न हीष्टाऽनिष्टविकल्पनिमज्जनतः परज्ञेयविश्रान्तिः आत्मनः कार्यक्षेत्रम्। अनवरतं परज्ञेयपदार्थसन्मुख-चित्तवृत्तिं परित्यज्य निजनिर्विकार-सहजाऽनन्तानन्दानुभवलीनतया परमौदासीन्यतः प्रयोजनभूत-सन्निहित-परज्ञेयप्रतिभासकालेऽपि निजशुद्धचैतन्यस्वरूपगोचरम् अवलोकनम् अनुभवनञ्च आत्मनः कार्यक्षेत्रम्।

स्वभूमिकौचित्येन च जीवननिर्वाहाद्यौपयिकभोजनादिप्रवृत्तिकालेऽपि कुकर्मबन्धपरिहारकृते

---

અને અલિપ્તભાવે આપણે રહેવું જોઈએ. તેમાં આપણને હરખ કે શોક ન થાય તે રીતે આપણે તેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ જવું જોઈએ. પર્યાયોની ઉથલ-પાથલ વચ્ચે પણ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની જેમ આપણી અસંગતા, અલિપ્તતા અને ઉદાસીનતા ટકી રહેવી જોઈએ. તે મુજબ આંતરિક સંકલ્પ અને દૃઢ પ્રયત્ન આપણે કરવો જોઈએ.

### ❖ કર્મના કાર્યક્ષેત્રમાંથી બહાર નીકળી જઇએ ❖

(तद.) તેવો પ્રયત્ન અને સંકલ્પ કરવા માટે આપણે આપણી જાતને કર્મના કાર્યક્ષેત્રમાંથી વહેલી તકે બહાર કાઢવી જરૂરી છે. કર્મનો ભોગવટો જ્યાં હોય, કર્મનો અધિકાર જ્યાં પ્રવર્તતો હોય, ત્યાં શા માટે આપણે ખોટી થવું ? માણસો, મકાન, મશીન, મીઠાઈ, મોર, મહિલા, મિલકત, મીલ, માખી વગેરે પરજ્ઞેય પદાર્થોનો પ્રતિભાસ જ્ઞાનમાં થયા પછી 'આ મને ઈષ્ટ છે, તે મને અનિષ્ટ છે' - ઈત્યાદિ વિકલ્પના વમળમાં વ્યગ્ર બનીને પરિણમવું એ આત્માનું કાર્યક્ષેત્ર-અધિકારક્ષેત્ર નથી, પરંતુ કર્મનું જ કાર્યક્ષેત્ર-અધિકારક્ષેત્ર છે. પરજ્ઞેય પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટના વિકલ્પમાં ગળાડૂબ થઈને (૧) પરજ્ઞેય પદાર્થમાં વિશ્રાન્તિ કરવી, (૨) પરસન્મુખ ચિત્તવૃત્તિ કરવી, (૩) પરપદાર્થો જ નજરાયા કરે, (૪) પરપદાર્થમાં અટકવું - આ બાબતો આત્માનો મૂળભૂત અધિકાર ભોગવવાનું કાર્યક્ષેત્ર નથી જ. સાધક આત્માએ તો નિરંતર પરજ્ઞેય પદાર્થની સન્મુખ રહેલી પોતાની ચિત્તવૃત્તિને પૂરેપૂરી છોડવાની છે. તેમાં રુચિને બિલકુલ સ્થાપિત કરવાની નથી. ત્યાર બાદ પોતાના નિર્વિકાર સહજ અનંત આનંદના અનુભવમાં લીન બનીને પરપદાર્થો પ્રત્યે પૂર્ણ ઉદાસીનભાવ ધારણ કરવો. તેવી આત્મસ્થિતિ કર્યા બાદ વ્યવહારમાં કે સાધનામાં ઉપયોગી બને તેવા પ્રયોજનભૂત અને વર્તમાનકાળમાં પોતાની પાસે ઉપસ્થિત એવા પરજ્ઞેય પદાર્થોનો પોતાના જ્ઞાનમાં પ્રતિભાસ થાય તે સમયે પણ પોતાના જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું અવલોકન કરવું, તેનો જ અનુભવ કરવો એ જ આત્માનું અધિકારક્ષેત્ર-કાર્યક્ષેત્ર છે. જ્ઞાતા-દૃષ્ટાભાવના અંગત અધિકારને ભોગવવાનું કાર્યક્ષેત્ર છોડીને બીજે ક્યાંય માથું મારવા જેવું નથી. બિનઅધિકૃત ચેષ્ટાની મજાની સજા પણ મોટી હોય છે.

### ❀ સાધકને ભોગસુખો મૃગજળતુલ્ય લાગવા જોઈએ ❀

(स्व.) તેમજ પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે જીવનનિર્વાહ વગેરેમાં સાધનભૂત એવી ભોજનાદિ

मृगजलाद्युदाहरणं विभावनीयम्। इत्थमेव निजाऽसङ्गाऽबन्धदशाप्रादुर्भावः शक्यः। तदुक्तं **योगदृष्टिसमुच्चये श्रीहरिभद्रसूरिभिः** "मायाम्भः तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम्। तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः।। भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान्। भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम्।।" (यो.दृ.स.१६५-१६६) इति पूर्वोक्त(१०/२०)रीत्या विभावनीयम्।

आन्तरज्ञानज्योतिर्विहायाऽन्यत् सर्वमुपद्रवात्मकमेव भासते सम्यग्दृशः परमार्थतः। तदुक्तं **योगदृष्टिसमुच्चये** "अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम्। यदत्र तत्परं तत्त्वं शेषः पुनरुपप्लवः।।" (यो.दृ.स.१५७) इति भावनीयम्।

इत्थञ्च निजनिरुपाधिक-निराकुल-निस्तरङ्ग-निःसङ्ग-शुद्धचैतन्यस्वभावविश्रान्तिकृते एव सर्वत्र सर्वदा सर्वथा प्रणिधानपूर्वं द्रुतं यतितव्यमित्याध्यात्मिकोपदेशोऽत्र सम्प्राप्यः आत्मार्थिभिः। ततश्च

---

પ્રવૃત્તિ જ્યારે ચાલી રહી હોય, તે સમયે પણ ખરાબ કર્મ ન બંધાઈ જાય તે માટે 'ભોજનાદિપ્રવૃત્તિ મૃગજળસમાન છે' - તેવી વિભાવના કરવી. તો જ અસંગદશા જન્મે, અબંધદશા પ્રગટે. એ અંગે **શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ યોગદષ્ટિસમુચ્ચય**માં જણાવેલ છે કે - (રણપ્રદેશાદિ ક્ષેત્રમાં ઉનાળાના દિવસોમાં બપોરના સમયે દૂર-સુદૂર પાણી દેખાવાથી ત્યાં આગળ વધવામાં મૂંઝાતો અને ઉદ્વિગ્ન બનેલો મુસાફર જાણકાર વ્યક્તિ દ્વારા જાણી લે કે 'સામે દેખાય છે તે પાણી નથી પણ ઝાંઝવાના નીર છે' - ત્યારે) "પરમાર્થથી મૃગજળને ઝાંઝવાના નીર તરીકે જોતો મુસાફર તેનાથી ઉદ્વેગ પામ્યા વિના, ખચકાટ વગર જેમ તેની અંદરથી ઝડપથી પસાર થાય જ છે, તેમ 'સ્વરૂપથી ભોગસુખો મૃગજળ જેવા છે' - આવું જોતો સાધક (કર્મોદયથી આવી પડેલા) ભોગોને અસંગભાવે ભોગવવા છતાં પણ (તેમાંથી પસાર થઈને) પરમ પદને = મોક્ષને પામે જ છે." જેમ યથાર્થપણે મૃગજળ ઓળખાય પછી તે ક્યારેય મુસાફરને આગળ વધવામાં બાધક ન બને, તેમ યથાર્થપણે ભોગસુખો મૃગજળતુલ્ય અંદરમાં ભાસે પછી તે કદાપિ સાધકને મોક્ષમાર્ગે આગેકૂચ કરવામાં નડતરરૂપ થઈ શકતા નથી. તેથી સમ્યગ્દષ્ટિ સાધક યોગની છઠ્ઠી કાંતાદષ્ટિ પામીને ભોગુસખોમાં અટવાતો નથી, રોકાતો નથી પરંતુ તેમાંથી અપેક્ષિત અસંગભાવે તે પસાર થઈ જાય છે. પૂર્વે (૧૦/૨૦) દર્શાવેલ પદ્ધતિ મુજબ અહીં વિસ્તારથી વિચારણા કરવી.

### ❊ જ્ઞાનજ્યોત સિવાય બધું ઉપદ્રવસ્વરૂપ ❊

(आन्त.) ખરેખર આંતરિક જ્ઞાનજ્યોતને છોડીને બીજું બધુ સમ્યગ્દષ્ટિ સાધકને પરમાર્થથી ઉપદ્રવસ્વરૂપ જ લાગે છે. તેથી તો **શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ યોગદષ્ટિસમુચ્ચય**માં જણાવેલ છે કે 'પીડારહિત, રોગરહિત આંતરિક કેવળ ચૈતન્યજ્યોતિ જ જગતમાં પરમ તત્ત્વ છે. તે સિવાયની તમામ ચીજ ઉપદ્રવ છે, મોકાણ છે.' આ બાબત ઊંડાણથી મનન કરવા યોગ્ય છે.

### ❀ નિજશુદ્ધચૈતન્યસ્વભાવમાં વિશ્રાન્તિ કરીએ ❀

(इत्थ.) આ રીતે આત્માર્થી = મોક્ષાર્થી સાધકોએ સર્વત્ર, સર્વદા, સર્વ પ્રકારે પોતાના સ્વાભાવિક, આકુળતાશૂન્ય, નિસ્તરંગ, નિ:સંગ એવા શુદ્ધચૈતન્યસ્વભાવમાં જ વિશ્રાન્તિ કરવા માટે, લીન-લયલીન થવા માટે ઝડપથી દઢપણે પ્રયત્ન કરવો જરૂરી છે. 'મારા શુદ્ધચૈતન્યસ્વભાવમાં જ મારે વિશ્રાન્તિ

[1]"जम्माभावजं निव्वाणं, निव्वाणपत्तस्स य इमस्स जीवस्स न जम्मो, न जरा, न वाही, न मरणं, न इट्ठविओगो, न अणिट्ठसंपओगो, न बुभुक्खा, न पिवासा, न रागो, न दोसो, न कोहो, न माणो, न माया, न लोहो, न भयं, न य अन्नो वि कोई उवद्दवो त्ति। किंतु सव्वन्नू, सव्वदरिसी, निरुवमसुहसंपन्नो, तिलोयचूडामणीभूओ मोक्खपए चिट्ठइ" (स.र.का.३०९, भव-३, पृ.२१०) इति **समरादित्यकथायां हरिभद्रसूरि**वर्णितं सिद्धस्वरूपं झटिति उपलभते आत्मार्थी।।१४/९।।

લેવી છે. પ્રાણના ભોગે પણ આ કાર્ય મારે કરીને જ રહેવું છે' - આવા પ્રણિધાનપૂર્વક-સંકલ્પપૂર્વક આ પ્રયત્ન થવો જોઈએ. આવા પ્રકારનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવો છે. તેના પ્રભાવે **સમરાદિત્યકથા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપને આત્માર્થી સાધક ઝડપથી મેળવે છે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'નવા જન્મને ધારણ નહિ કરવાથી મોક્ષ ઉત્પન્ન થાય છે. મોક્ષમાં પહોંચેલા આ જીવને (૧) જન્મ નથી, (૨) ઘડપણ નથી, (૩) વ્યાધિ નથી, (૪) મરણ નથી, (૫) ઈષ્ટવિયોગ નથી, (૬) અનિષ્ટનો સંયોગ નથી, (૭) ભૂખ નથી, (૮) તરસ નથી, (૯) રાગ નથી, (૧૦) દ્વેષ નથી, (૧૧) ક્રોધ નથી, (૧૨) માન નથી, (૧૩) માયા નથી, (૧૪) લોભ નથી, (૧૫) ભય નથી, (૧૬) અન્ય પણ કોઈ ઉપદ્રવ નથી. પરંતુ તે (૧૭) સર્વજ્ઞ છે, (૧૮) સર્વદર્શી છે, (૧૯) નિરુપમ સુખથી સંપન્ન છે, (૨૦) ત્રણ લોકમાં મુગટ સમાન છે. આ પ્રકારે જીવ મોક્ષપદમાં રહે છે.' (૧૪/૯)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાનો મિજાજ તરંગી, તોફાની, વ્યસની છે.**
  **ઉપાસનાની પ્રકૃતિ નિસ્તરંગ, શાંત અને સહજ છે.**
- **વાસના નિસ્તેજ અને નિર્વીર્ય બનાવે છે.**
  **ઉપાસનામાં કરોડો સૂર્યનું પ્રતાપી તેજ અને શક્તિ ધરબાયેલ છે.**
- **સાધના બીજાને પ્રભાવિત કરે છે.**
  **દા.ત. સંભૂત મુનિ.**
  **ઉપાસના પોતાને ભાવિત કરે છે, તૃપ્ત કરે છે.**
  **દા.ત. રેવતી.**

1. जन्माभावजं निर्वाणम्, निर्वाणप्राप्तस्य च अस्य जीवस्य न जन्म, न जरा, न व्याधिः, न मरणम्, न इष्टवियोगः, न अनिष्टसम्प्रयोगः, न बुभुक्षा, न पिपासा, न रागः, न द्वेषः, न क्रोधः, न मानः, न माया, न लोभः, न भयम्, न च अन्योऽपि कोऽपि उपद्रव इति। किन्तु सर्वज्ञः, सर्वदर्शी, निरुपमसुखसम्पन्नः, त्रिलोकचूडामणीभूतः मोक्षपदे तिष्ठति।

"તે ધર્માસ્તિકાયાદિકમાંહિં અપેક્ષાઇં અશુદ્ધ પર્યાય પણિ હોઈ. નહીં તો, પરમાણુપર્યંતવિશ્રામઈં પુદ્ગલદ્રવ્યઈં પણિ ન હોઈ" - એહવઇ અભિપ્રાયઈં કહઈ છઈ -

***ननु*** धर्मास्तिकायादिद्रव्येषु अशुद्धद्रव्यव्यञ्जनपर्याया नैव सन्ति इति ***चेत्*** ? ***मैवम्,*** अतिदीर्घकालीनगति-स्थित्यादिशालिजीवादिपरद्रव्यसव्यपेक्षतया तत्र तादृशगति-स्थितिसहायकत्वादीनाम् अशुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपता अनपलपनीयैव दिगम्बरैकदेशीयैः।

यदि धर्मास्तिकायादिद्रव्येषु जीवादिपरद्रव्याऽपेक्षया जायमाना पर्याया अशुद्धद्रव्यव्यञ्जनपर्यायतया नाऽभ्युपगम्यन्ते तर्हि पुद्गलद्रव्येऽपि अशुद्धद्रव्यव्यञ्जनपर्याया न स्युः, युक्तेः उभयत्र तुल्यत्वात्।

***न च*** परापेक्षया जायमाना अशुद्धद्रव्यव्यञ्जनपर्याया धर्मास्तिकायादिदेश-प्रदेशेषु विश्रान्ता इति धर्मास्तिकायादिषु न परापेक्षाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायसम्भव इति ***वाच्यम्,***

तुल्ययुक्त्या परापेक्षया जायमाना घट-पटादयः अशुद्धद्रव्यव्यञ्जनपर्याया अपि कपाल-तन्त्वादिषु विश्रान्ताः ते च स्वावयवेषु इति क्रमेण परमाणुपर्यन्तविश्रामात्र स्कन्धात्मकपुद्गलद्रव्येऽशुद्धद्रव्य-

**વ્યાખ્યાર્થ** :- (ननु.) નવમા શ્લોકમાં જણાવ્યા મુજબ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં શુદ્ધ-અશુદ્ધ અર્થપર્યાય જેમ રહે છે, તેમ શુદ્ધ-અશુદ્ધ વ્યંજનપર્યાય પણ તેમાં રહે છે. તેમ છતાં અમુક દિગંબરો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને માનતા જ નથી. પરંતુ તે વાત વ્યાજબી નથી. કારણ કે અતિદીર્ઘકાલીન ગતિ, સ્થિતિ વગેરેને ધરાવનારા જીવાદિ પરદ્રવ્યને સાપેક્ષ હોવાથી અતિદીર્ઘકાલીનગતિસહાયકત્વ, તાદશસ્થિતિસહાયકત્વ વગેરે જે પર્યાયો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં ઉત્પન્ન થાય છે, તેમાં અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયરૂપતાનો અપલાપ દિગંબરદેશીય કરી શકે તેમ નથી જ.

(यदि.) જો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં જીવાદિ પરદ્રવ્યોની અપેક્ષાએ ઉત્પન્ન થતા એવા પર્યાયોને પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપે સ્વીકારવામાં ન આવે તો પુદ્ગલ દ્રવ્યમાં પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો દિગંબરદેશીય વિદ્વાનોને માન્ય થઈ નહિ શકે. કારણ કે યુક્તિ તો ઉભયપક્ષે તુલ્ય જ છે.

**શંકા** :- (न च.) જીવાદિ પરદ્રવ્યની અપેક્ષાએ ઉત્પન્ન થતા અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો ધર્માસ્તિકાય વગેરેના દેશમાં અને પ્રદેશમાં વિશ્રાંત થયેલા છે. ધર્માસ્તિકાય વગેરેના દેશમાં અને પ્રદેશમાં જ રહેલા હોવાના કારણે તે અશુદ્ધ પર્યાયો ધર્માસ્તિકાય વગેરે અખંડ દ્રવ્યમાં ઉત્પન્ન થઈ શકતા નથી. ધર્માસ્તિકાય આદિ વ્યાપક દ્રવ્ય સુધી તે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો પહોંચી શકતા નથી. તેથી ધર્માસ્તિકાય વગેરે અખંડ સ્કંધદ્રવ્યમાં પરસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયની ઉત્પત્તિ અસંભવિત છે.

### ❀ ધર્માસ્તિકાયાદિમાં પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય ❀

**સમાધાન** :- (तुल्य.) જો તમે પરસાપેક્ષ એવા ઉત્પદ્યમાન અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોને ધર્માસ્તિકાય વગેરેના દેશમાં અને પ્રદેશમાં વિશ્રાંત થયેલા માનશો તો સમાન યુક્તિથી પ્રતિપક્ષી વિદ્વાનો પણ એમ કહી શકે છે કે 'પુદ્ગલ દ્રવ્યના જે ઘટ-પટ વગેરે પર્યાયો, પરદ્રવ્યની અપેક્ષાએ કે પરસંયોગની અપેક્ષાએ ઉત્પન્ન થતા હોવાથી, અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે માન્ય છે, તે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયો પણ કપાલ, તંતુ વગેરે દેશમાં = ઉપાદાનકારણમાં વિશ્રાંત થયેલા છે. તથા કપાલ, તંતુ વગેરે પણ પરદ્રવ્યસાપેક્ષ

**જિમ આકૃતિ ધર્માદિકની♦, વ્યંજન છઈ શુદ્ધ;**
**લોક દ્રવ્ય સંયોગથી[§], તિમ જાણિ અશુદ્ધ ॥૧૪/૧૦॥ (૨૩૬) શ્રી જિન.**

व्यञ्जनपर्यायसम्भव इति वदतो मुखं पिधातुमशक्यमेवेत्याशयेनाऽऽह – '**यथे**'ति।

यद्वा 'धर्मास्तिकायादिषु जीवादिपरद्रव्यापेक्षया उत्पद्यमानानामपि पर्यायाणाम् अशुद्धतया अनभ्युपगमे तुल्ययुक्त्या परमाणु-द्व्यणुकादिसंयोगसापेक्षत्वेऽपि द्व्यणुक-त्र्यणुकादीनां नाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायता सम्भवति। इत्थञ्च द्व्यणुक-त्र्यणुकादीनाम् अशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वाऽयोगेन परमाणोश्च पूर्वोक्तरीत्या (१४/८) शुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वेन पुद्गलद्रव्येऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायाणाम् अभाव एव प्रसज्येत' इति वदतो मुखं पिधातुमशक्यमेवेत्याशयेनाऽऽह – '**यथे**'ति।

**यथाऽऽकृतिर्धर्मादेः शुद्धो व्यञ्जनपर्ययः कथ्यते।**
**लोकद्रव्ययोगतः तथा ज्ञेयोऽशुद्धपर्ययः॥१४/१०॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा धर्मादेः आकृतिः शुद्धः व्यञ्जनपर्ययः कथ्यते तथा लोक-

હોવાથી પોતાના અવયવોમાં વિશ્રાંતિ લેશે. તથા કપાલ, તંતુ વગેરેના તે તે અવયવો પણ પુદ્ગલ દ્રવ્યના અશુદ્ધ પર્યાય હોવાથી પોતપોતાના અવયવોમાં પહોંચી જશે. આ ક્રમથી પુદ્ગલ દ્રવ્યના અશુદ્ધ વ્યંજનપર્યાયો પણ છેક પરમાણુ પર્યંત પહોંચી જશે. તેથી સ્કંધાત્મક પુદ્ગલ દ્રવ્યમાં અશુદ્ધ વ્યંજનપર્યાયની ઉત્પત્તિ થઈ શકશે નહિ.' આ પ્રમાણે તમારા પ્રતિપક્ષી વિદ્વાન બોલે તો તેનું મોઢુ બંધ કરવું તમારા માટે અશક્ય જ બનશે.

**દ્વિતીય અવતરણિકા** :- (यद्वा.) અથવા તો એમ પણ કહી શકાય કે 'ધર્માસ્તિકાયાદિમાં જીવાદિ પરદ્રવ્યોની અપેક્ષાએ ઉત્પન્ન થતા એવા પણ પર્યાયોને જો દિગંબરદેશીય અશુદ્ધરૂપે ન માને તો તેમના મતે દ્વ્યણુકાદિ પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સંભવી નહિ શકે. કારણ કે પરમાણુસંયોગસાપેક્ષતા દ્વ્યણુકમાં હોવા છતાં અને દ્વ્યણુકાદિસંયોગસાપેક્ષતા ત્ર્યણુકાદિમાં હોવા છતાં તેને અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય-તરીકે ન માનવાની યુક્તિ તો બન્ને સ્થળે તુલ્ય જ છે. આ રીતે દ્વ્યણુક, ત્ર્યણુક વગેરે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય બની શકતા નથી. તથા પૂર્વે (૧૪/૮) જણાવેલ પદ્ધતિ મુજબ પરમાણુ શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય સ્વરૂપ છે. તેથી પુદ્ગલદ્રવ્યમાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયોનો અભાવ જ આવી પડશે' - આ મુજબ તમારા પ્રતિપક્ષી વિદ્વાન બોલે તો તેનું મોઢું બંધ કરવું તમારા માટે અશક્ય જ બનશે. આ પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો સ્વીકાર ન કરનારા દિગંબરદેશીય વિદ્વાનોની સામે ગ્રંથકારશ્રી જણાવવા માગે છે. આવા આશયથી જ ગ્રંથકારશ્રી કહે છે કે :-

**શ્લોકાર્થ** :- જેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની આકૃતિ શુદ્ધ (દ્રવ્ય)વ્યંજનપર્યાય કહેવાય છે, તેમ લોકમાં રહેલ (જીવાદિ) દ્રવ્યના સંયોગની અપેક્ષાએ ધર્માસ્તિકાય વગેરેમાં અશુદ્ધ (દ્રવ્યવ્યંજન)પર્યાય જાણવા. (૧૪/૧૦)

♦ પુસ્તકોમાં 'ધર્માદિની' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે. §. શાં.માં 'સંયોયથી' પાઠ.

✿**જિમ (ધર્માદિકની=)** ધર્માસ્તિકાયાદિકની **આકૃતિ** લોકાકાશમાનસંસ્થાન✦રૂપ **શુદ્ધદ્રવ્ય વ્યંજન**પર્યાય (છઈ+) કહિઈં, પરનિરપેક્ષપણા માટઈં. **તિમ લોકવૃત્તિ દ્રવ્ય સંયોગ**રૂપ **અશુદ્ધ** દ્રવ્યવ્યંજન પર્યાય પણિ કહતાં તેહનો પરાપેક્ષપણઈં અનેકાંતવિરોધ નથી. ॥૧૪/૧૦॥

द्रव्ययोगतः अशुद्धपर्ययः (धर्मादेः) ज्ञेयः ।।१४/१०।।

**यथा** = येन प्रकारेण **धर्मादेः** = धर्मास्तिकायाऽधर्मास्तिकायादिद्रव्यस्य **आकृतिः** लोकाकाशप्रमाणसंस्थानरूपा **शुद्धो व्यञ्जनपर्यायः** = शुद्धद्रव्यशब्दपर्यायः **कथ्यते**, शब्दवाच्यत्वे सति परानपेक्षत्वात्। **तथा** = तेन प्रकारेण **लोकद्रव्ययोगतः** = चतुर्दशरज्जुप्रमितलोकाकाशावगाढजीव-पुद्गलद्रव्यसंयोगमाश्रित्य **अशुद्धपर्ययः** = अशुद्धद्रव्यव्यञ्जनपर्यायः अपि **धर्मादेः ज्ञेयः**, तादृशसंयोगस्य परापेक्षत्वात्। प्रकृते अशुद्धपर्यायः विभावपर्यायतयाऽपि सम्मतः। धर्मास्तिकाये इव आकाशेऽपि स विज्ञेयः घटाकाशादिलक्षणः।

***यत्तु*** **परमात्मप्रकाशवृत्तौ ब्रह्मदेवेन** "विभावपर्यायास्तूपचारेण, यथा 'घटाकाशमि'त्यादि" (प.प्र.५७ वृ.पृ.६२) इत्युक्तं ***तन्न***, आकाशे घटादिसंयोगस्य निरुपचरितत्वेन घटाकाशादिलक्षणस्य विभावपर्यायस्याऽपि अनुपचरितत्वात्। अधिकं पूर्वोक्त(११/९)दिशा बोध्यम्।

**कुन्दकुन्दस्वामिना पञ्चास्तिकायसङ्ग्रहे** धर्मास्तिकायस्वरूपनिवेदनाऽवसरे [1]"धम्मत्थिकायमरसं अवण्णगंधं

## ❖ ધર્માસ્તિકાયાદિના શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય ❖

**આધ્યાત્મિક** :- જે પ્રકારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની લોકાકાશપ્રમાણ સંસ્થાન સ્વરૂપ જે આકૃતિ છે તે શબ્દવાચ્ય હોવાની સાથે પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાના લીધે શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય છે. તે પ્રકારે ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ ક્ષેત્રમાં રહેલ જીવ અને પુદ્ગલ દ્રવ્યના સંયોગની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય પણ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં જાણવો. કારણ કે તે સંયોગ પરદ્રવ્યસાપેક્ષ છે. પ્રસ્તુતમાં અશુદ્ધપર્યાય વિભાવપર્યાય તરીકે પણ સંમત છે. તથા ધર્માસ્તિકાયની જેમ આકાશમાં પણ વિભાવપર્યાય સમજી લેવા. ઘટાકાશ, પટાકાશ વગેરે સ્વરૂપ વિભાવપર્યાયો આકાશદ્રવ્યમાં પ્રસિદ્ધ છે.

## ❖ ઘટાકાશાદિ વિભાવપર્યાયો પણ વાસ્તવિક ❖

(यत्तु.) **પરમાત્મપ્રકાશ**ની **વ્યાખ્યા**માં **બ્રહ્મદેવ** નામના દિગંબર વિદ્વાને જે જણાવ્યું છે કે 'આકાશમાં ઘટાકાશ, પટાકાશ વગેરે વિભાવપર્યાયો તો ઉપચારથી સમજવા' - તે બાબત અયોગ્ય છે. કારણ કે આકાશ દ્રવ્યમાં ઘટ-પટ વગેરેનો સંયોગ વાસ્તવિક હોવાથી આકાશમાં ઘટાકાશ-પટાકાશ વગેરે સ્વરૂપ વિભાવપર્યાયને પણ વાસ્તવિક જ માનવા જોઈએ. ઘટાકાશ વગેરે વિભાવપર્યાયોને ઔપચારિક માનવામાં કોઈ પ્રમાણ નથી. આ અંગે અધિક વિગત પૂર્વે (૧૧/૯) દર્શાવ્યા મુજબ જાણવી.

## ❖ પંચાસ્તિકાયસંગ્રહની સ્પષ્ટતા ❖

(कुन्द.) દિગંબર **કુંદકુંદસ્વામીએ પંચાસ્તિકાયસંગ્રહ**માં ધર્માસ્તિકાયનું સ્વરૂપ જણાવવાના અવસરે

✿ શુદ્ધ દ્રવ્ય જિમ૦ ભા૦ ✦ પુસ્તકોમાં '...નસ્તય...' અશુદ્ધ પાઠ છે. ધ૦માં 'સંસ્થાનમય' પાઠ. કો.(૯)+સિ.+કો.(૧૨)+આ.(૧)નો પાઠ લીધો છે. 1. धर्मास्तिकायोऽरसोऽवर्ण-गन्धोऽशब्दोऽस्पर्शः। लोकावगाढः स्पृष्टः पृथुलोऽसङ्ख्यातप्रदेशः।।

असद्दमप्फासं। लोगागाढं पुट्ठं पिहुलमसंखादियपदेसं।।" (प.स.८३) इति यदुक्तं तत्र 'पुट्ठं' इति अनेन जीवादिद्रव्यसंस्पृष्टत्वं धर्मास्तिकाये दर्शितम् इति तावद् वयं जानीमहे। ततश्च अशुद्धद्रव्यव्यञ्जन-पर्यायः तत्र अनाविलः एव।

***अनेन*** [1]"धम्मादिचउण्हं णं सहावगुणपज्जवा होंति" (नि.सा.३३) इति **नियमसारे कुन्दकुन्दस्वामिप्र**दर्शित एकान्तः "चतुर्णां धर्मादीनां शुद्धपर्याया" (नि.सा.१६८/वृ.पृ.३३३) इति च **नियमसारवृत्तौ पद्मप्रभ**प्रदर्शित एकान्तः ***प्रत्याख्यातः***, तत्र घटादिसंयोगलक्षणस्य विभावगुणपर्यायस्य अशुद्धद्रव्यव्यञ्जनपर्यायस्य वा प्रत्याख्यातुम् अशक्यत्वात्। ***एतेन*** "धर्माऽधर्माऽऽकाश-कालानां स्वजातीय-विजातीयबन्धसम्बन्धा-ऽभावाद् विभावगुणपर्याया न भवन्ति" (नि.सा.३३/वृ.पृ.६८) इति **नियमसारवृत्तौ पद्मप्रभवचनं** ***निराकृतम्***, विजातीयघटादिसंयोगसम्बन्धस्य तत्र अनपलपनीयत्वात्।

***एतेन*** [2]"सब्भावं खु विब्भावं दव्वाणं पज्जयं जिणुद्दिट्ठं। सव्वेसिं च सहावं विब्भावं जीव-पोग्गलाणं च।।" (द्र.स्व.प्र.१८) इति **द्रव्यस्वभावप्रकाशकृ**दुक्तिः ***निरस्ता,*** धर्मादिद्रव्येऽपि विभावपर्यायस्य अशुद्ध-

"ધર્માસ્તિકાય રસ-વર્ણ-ગંધ-શબ્દ-સ્પર્શશૂન્ય, લોકાવગાઢ, સ્પૃષ્ટ, વિસ્તૃત અને અસંખ્યાતપ્રદેશયુક્ત છે" - આમ જે જણાવેલ છે, તેમાં 'સ્પૃષ્ટ' શબ્દ દ્વારા 'ધર્માસ્તિકાયમાં જીવાદિદ્રવ્યસંસ્પૃષ્ટત્વ જણાવેલ છે' - એવું અમને જણાય છે. તેથી ધર્માસ્તિકાયમાં અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય નિરાબાધ જ છે.

## ❁ નિયમસારમીમાંસા ❁

(अनेन.) **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં "ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાં સ્વભાવગુણપર્યાયો જ હોય છે" - આ મુજબ જે એકાન્ત જણાવેલ છે તથા **નિયમસારવૃત્તિ**માં 'ધર્માદિ ચાર દ્રવ્યોમાં શુદ્ધપર્યાયો જ હોય છે' - આમ **પદ્મપ્રભે** જે એકાંત જણાવેલ છે, તેનું પણ નિરાકરણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કેમ કે ધર્માસ્તિકાયાદિમાં ઘટાદિસંયોગ નામના વિભાવગુણપર્યાયનો કે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો અપલાપ દિગંબરો કરી શકે તેમ નથી. "ધર્મ-અધર્મ-આકાશ-કાળ દ્રવ્યમાં સ્વજાતીય-વિજાતીયબંધસંબંધ ન હોવાથી વિભાવગુણપર્યાયો નથી હોતા" - આ પ્રમાણે **નિયમસારવ્યાખ્યામાં પદ્મપ્રભજી**એ જે જણાવેલ છે, તેનું પણ નિરાકરણ ઉપરોક્ત પ્રતિપાદનથી થઈ જાય છે. કારણ કે વિજાતીય ઘટાદિ દ્રવ્યના સંયોગસંબંધનો ધર્માસ્તિકાયાદિમાં અપલાપ થઈ શકે તેમ નથી.

## ❁ દ્રવ્યસ્વભાવપ્રકાશની સમીક્ષા ❁

(एतेन.) "સ્વભાવ અને વિભાવ - આ પ્રમાણે દ્રવ્યોના બે પ્રકારના પર્યાય જિનેશ્વર ભગવંતોએ કહેલા છે. સ્વભાવપર્યાય દરેક દ્રવ્યમાં હોય છે. તથા વિભાવ પર્યાય ફક્ત જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં જ સંભવે." - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં કહેવા દ્વારા **માઈલ્લધવલજી**એ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં વિભાવપર્યાયનો જે નિષેધ કરેલ છે, તેનું નિરાકરણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે.

1. धर्मादिचतुष्कस्य णं स्वभावगुणपर्यवाः भवन्ति।

2. स्वभावः खलु विभावो द्रव्याणां पर्यायो जिनोद्दिष्टः। सर्वेषां च स्वभावो विभावो जीव-पुद्गलानां च।।

द्रव्यव्यञ्जनपर्यायलक्षणस्य सत्त्वात्। न हि आत्मनि मनुष्यादेरिव धर्मादिद्रव्यसंयोगस्येव वा धर्मादिद्रव्ये जीवादिसंयोगस्य परापेक्षत्वेन शब्दवाच्यत्वेन च अशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वोक्तौ अनेकान्तवादे कश्चिद् विरोधः शास्त्रबाधो वा प्रसज्यते।

यच्च **पञ्चास्तिकायसङ्ग्रहवृत्तौ अमृतचन्द्रेण** "सुर-नारक-तिर्यङ्-मनुष्यलक्षणाः परद्रव्यसम्बन्धनिर्वृत्तत्वाद् अशुद्धाः" (प.स.१६ वृ.पृ.३५) इत्युक्तं तत्र 'परद्रव्यसम्बन्धनिर्वृत्तत्वाद्' इति हेतुस्थाने 'परापेक्षत्त्वाद्' इत्येव लाघवेन युक्तम्। ततश्च तदनुसारेणाऽपि धर्मादिपर्यायाणाम् अशुद्धत्वम् अनाविलमेव। धर्मादिद्रव्येषु क्रियानिमित्तकोत्पादाद्यभावेऽपि परप्रत्यय उत्पादादिः **अकलङ्कस्वामिना** अपि **तत्त्वार्थ-राजवार्त्तिके** (त.रा.वा.५/७/४) दर्शित इति पूर्वम् (९/२३) उक्तमत्राऽनुसन्धेयम्।

***यदपि* नियमसारे कुन्दकुन्दस्वामिना** [1]"णर-णारय-तिरिय-सुरा पज्जाया ते विहावमिदि भणिदा। कम्मो-पाधिविवज्जिय पज्जाया ते सहावमिदि भणिदा।।" (नि.सा.१५) इत्युक्तम्, ***तदपि*** चिन्त्यम्, कर्मोपाधि-

કેમ કે પરનિમિત્તક હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય એ વિભાવપર્યાય જ છે. તથા તે તો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં, ઉપર જણાવ્યા મુજબ, વિદ્યમાન જ છે. આત્મામાં જેમ મનુષ્ય વગેરે પર્યાય અથવા ધર્માસ્તિકાયાદિસંયોગાત્મક પર્યાય પરસાપેક્ષ અને શબ્દવાચ્ય હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય છે તેમ 'ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં રહેલ જીવાદિ દ્રવ્યનો સંયોગ પણ પરસાપેક્ષ અને શબ્દવાચ્ય હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય સ્વરૂપ છે' - આવું કહેવામાં અનેકાંતવાદની અંદર કોઈ પણ વિરોધ કે શાસ્ત્રબાધ સ્વરૂપ દોષ આવતો નથી.

## ❀ પંચાસ્તિકાયસંગ્રહવૃત્તિ અંગે મીમાંસા ❀

**(यच्च.)** **પંચાસ્તિકાયસંગ્રહવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **અમૃતચંદ્રજી**એ જણાવેલ છે કે 'સુર, નારક, તિર્યંચ, મનુષ્યસ્વરૂપ પર્યાયો અશુદ્ધ છે. કારણ કે તે પરદ્રવ્યના સંબંધથી ઉત્પન્ન થયેલ છે' - અહીં હેતુ તરીકે 'પરદ્રવ્યસંબંધજન્યત્વ' બતાવવાના બદલે 'પરાપેક્ષત્વ' બતાવવું વધુ યોગ્ય છે. કારણ કે તેવું કરવામાં લાઘવ છે. તથા તે મુજબ વિચારીએ તો પણ ધર્માસ્તિકાય વગેરેમાં જે જીવાદિસંયોગસ્વરૂપ પર્યાય છે, તે અશુદ્ધ સિદ્ધ થશે જ. તેમાં કોઈ બાધ નહિ આવે. ધર્માસ્તિકાયાદિમાં ક્રિયાનિમિત્તક ઉત્પાદ વગેરે ન હોવા છતાં પણ પરપ્રત્યય = પરનિમિત્તક ઉત્પાદાદિ સંભવે જ છે. આ વાત **તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંકસ્વામી**એ પણ જણાવેલ છે. આ બાબત પૂર્વે (૯/૨૩) દર્શાવી છે. તેને અહીં યાદ કરવી.

## ❀ નિયમસાર સમીક્ષા ❀

**(यदपि.)** "નર, નારક, તિર્યંચ અને દેવ - આ વિભાવપર્યાય કહેવાયેલા છે. તથા કર્મોપાધિશૂન્ય પર્યાય તે સ્વભાવપર્યાય કહેવાયેલા છે" - આ પ્રમાણે **નિયમસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જે જણાવ્યું છે, તે પણ ખૂબ વિચારણીય છે. કેમ કે તેમના ઉપરોક્ત કથન દ્વારા તો 'કર્મોપાધિજન્ય હોય તે વિભાવપર્યાય અને કર્મોપાધિશૂન્ય હોય તે સ્વભાવપર્યાય' - આ પ્રમાણે ફલિત થાય છે. તથા જો તેવું

1. नर-नारक-तिर्यक्-सुराः पर्यायाः ते विभाव इति भणिताः। कर्म्मोपाधिविवर्जिताः पर्यायाः ते स्वभाव इति भणिताः।।

जन्यस्यैव विभावपर्यायत्वाऽभ्युपगमे पुद्गले तदसम्भवेन [1]"विब्भावं जीव-पोग्गलाणं च" (द्र.स्व.प्र.१८) इति **द्रव्यस्वभावप्रकाशो**क्तिबाधात्, परापेक्षस्यैव विभावपर्यायतयाऽभ्युपगन्तव्यत्वाच्च।

इत्थञ्च जीवादिपरद्रव्यसंयोगाऽऽविष्ट-लोकाकाशप्रमाण-स्वाभाविकसंस्थानशालिधर्मास्तिकायादौ परापेक्षानपेक्षाभ्यां शुद्धाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायौ युगपत् समाविशत इति सर्वत्राऽव्याहतप्रसरः अनेकान्तवादो विजयतेतराम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्मन्निमित्तकाऽशुद्धव्यञ्जनपर्यायोत्पादादावपि यथा धर्मादि-द्रव्याणि असङ्गानि तथा कर्मद्रव्यनिमित्तकशरीररूप-लावण्यादिहानि-वृद्धि-रोगाऽपयशो-दुर्भाग्य-दारिद्र्याऽनादेयताद्यशुद्धपर्यायोत्पादादावपि अस्माभिः असङ्गतया भाव्यम्, "शरीररूप-लावण्य-ग्रामाऽऽराम

---

સ્વીકારવામાં આવે તો 'જીવમાં અને પુદ્ગલમાં વિભાવપર્યાય પણ હોય છે' - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં **માઈલ્લધવલજી**એ જે વાત જણાવેલ છે, તે બાધિત થશે. કેમ કે કર્મોપાધિજન્યભાવો તો ફક્ત જીવમાં જ હોય છે. ઘટ-પટ વગેરે પુદ્ગલદ્રવ્યમાં તો કર્મોપાધિજન્ય ભાવો હોતા જ નથી. તેથી આ અપસિદ્ધાન્ત દોષના નિવારણ માટે **કુંદકુંદસ્વામી**એ પણ 'કર્મોપાધિજન્ય હોય તે વિભાવપર્યાય' - આવું માનવાના બદલે 'પરસાપેક્ષ હોય તે વિભાવ પર્યાય' - આ મુજબ માનવું પડશે.

### ❖ ધર્માદિ દ્રવ્યમાં શુદ્ધ-અશુદ્ધ વ્યંજનપર્યાય ❖

(इत्थ.) આ રીતે માનવામાં આવે તો જીવાદિ પર દ્રવ્યોના સંયોગથી વ્યાપ્ત, લોકાકાશપ્રમાણ, નૈસર્ગિક સંસ્થાનને ધરાવનારા એવા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં સ્વભાવ-વિભાવ બન્ને પર્યાયો નિરાબાધપણે સિદ્ધ થશે. ધર્માસ્તિકાયાદિમાં જીવાદિદ્રવ્યોનો સંયોગ પરસાપેક્ષ હોવાથી વિભાવપર્યાય છે. લોકાકાશપ્રમાણ સ્વાભાવિક સંસ્થાન તે પરનિરપેક્ષ હોવાથી સ્વભાવપર્યાય છે. વિભાવ પર્યાય અહીં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ છે. તથા સ્વભાવપર્યાય પ્રસ્તુતમાં શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયાત્મક છે. આ રીતે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં ફક્ત શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો એકાન્ત કલ્યાણકારી નથી. પરંતુ 'શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય એકીસાથે ધર્માસ્તિકાય વગેરેમાં રહે છે' - આવું માનવું વધુ વ્યાજબી છે. તેથી સર્વત્ર અપ્રતિહત રીતે પ્રસરતો સ્યાદ્વાદ અત્યંત વિજય પામે છે.

**સ્પષ્ટતા** :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની આકૃતિ એ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યનો શુદ્ધ વ્યંજનપર્યાય છે. તથા ધર્માસ્તિકાય દ્રવ્યમાં રહેલ જીવાદિદ્રવ્યસંયોગ એ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યનો અશુદ્ધ વ્યંજનપર્યાય છે.

### 卐 ધર્મદ્રવ્યનો ઉપદેશ 卐

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા નિમિત્તે ધર્માસ્તિકાય દ્રવ્યમાં અશુદ્ધ વ્યંજનપર્યાય ઉત્પન્ન થવા છતાં ધર્માસ્તિકાય દ્રવ્ય જેમ અસંગ અને અલિપ્ત રહે છે, તેમ કર્મદ્રવ્યના નિમિત્તે શરીરનું રૂપ કે લાવણ્ય વગેરે ઘટે કે વધે તથા માંદગી, બદનામી, દુર્ભાગ્ય, દરિદ્રતા, અનાદેયતા વગેરે અશુદ્ધ પર્યાયો ઉત્પન્ન થાય તો પણ આપણે ધર્માસ્તિકાય દ્રવ્યની જેમ અસંગ અને અલિપ્ત રહેવું જોઈએ. આવી અસંગતા અને અલિપ્તતા લાવવા માટે **જ્ઞાનસાર**ના એક શ્લોકની વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ

---

1. विभावो जीव-पुद्गलानाञ्च।

-धनादिभिः। उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ?।।" (ज्ञा.सा.१८/५) इति **ज्ञानसार**कारिकाविभावनया। तद्बलेन प्रथमम् अस्माकम् उपयोगस्य ततश्च अन्तरङ्गपरिणतेः राग-द्वेषादिभ्योऽसङ्गता स्यात्।

"यस्य ज्ञानसुधासिन्धौ परब्रह्मणि मग्नता। विषयान्तरसञ्चारस्तस्य हालाहलोपमः।।" (ज्ञा.सा.२/२) इति **ज्ञानसार**कारिकातात्पर्यार्थं विभाव्य यदा निजोपयोगः अन्तर्मुखीभूय स्वस्मिंश्च तन्मयीभूय सन्निहितपरज्ञेयाकारमवगाहेत तदा इष्टानिष्टविकल्पाऽनुत्थानेन निजान्तरङ्गपरिणतेः विभावपरिणामेभ्यः असङ्गता सुकरा स्यात्। उपादेयभावेन स्वात्मकज्ञेयाकारपरिणतं हि सम्यग् ज्ञानं वीतरागताम् आस्कन्दमानं दर्पणतुल्यं निजनिर्मलस्वभाववशतो यथावस्थितपरज्ञेयाकारप्रतिभासशालित्वेऽपि परज्ञेयनिमित्तकेष्टाऽनिष्टविकल्प-तज्जन्यराग-द्वेषादिविभावपरिणामप्रसवाऽसमर्थतया आत्मनोऽबन्ध-

છે કે 'શરીરનું રૂપ, લાવણ્ય, ગામ, બગીચો, ધન (પુત્ર-પૌત્ર...) આદિ પરપર્યાયોથી ચિદાનંદઘન એવા આત્માને અભિમાન શું હોય ?' આની ઊંડી વિચારણા દ્વારા શરીરાદિથી અસંગતા અને અલિપ્તતા કેળવવી. તેના બળથી સૌપ્રથમ આપણો ઉપયોગ રાગ-દ્વેષાદિથી અસંગ બને છે. તથા ત્યાર બાદ આપણી પરિણતિ રાગ-દ્વેષ આદિથી અસંગ બને છે.

### ❖ આપણા ઉપયોગને અને પરિણતિને અસંગ બનાવીએ ❖

(**"यस्य.**) તથા 'જ્ઞાનામૃતસાગરસ્વરૂપ પ્રપંચશૂન્ય શુદ્ધ આત્મજ્યોતિમાં જેને મગ્નતા પ્રગટી છે, તેવા સાધકને શુદ્ધ આત્મજ્યોતિ છોડી અન્ય વિષયોમાં મનને દોડાવવું ઝેરતુલ્ય લાગે છે' - આ મુજબ **જ્ઞાનસાર**ના શ્લોકના તાત્પર્યાર્થને ઊંડાણથી આર્દ્ર હૃદયે વિચારીને જ્યારે સાધકની રુચિ-રસ-લાગણી બહારના વિષયોમાં મરી પરવારે છે ત્યારે તેનો ઉપયોગ અંતર્મુખ બને છે, અંદરમાં ઊંડો ઉતરે છે. તથા તે અંતર્મુખ ઉપયોગ પોતાના જ સ્વરૂપમાં તન્મય બને છે, તદ્રૂપ બને છે. તેની પરસન્મુખતા દૂર થાય છે, પરલક્ષિતા છૂટી પડે છે. અનાદિ કાળથી ભિન્ન ભિન્ન પરજ્ઞેયમાં ભટકવાથી વિકેન્દ્રિત થયેલો ઉપયોગ હવે સ્વકેન્દ્રિત બને છે. તેવી દશામાં જ્યારે ઉપયોગ સન્નિહિત પરજ્ઞેય પદાર્થના આકારનું અવગાહન કરે છે, ત્યારે સાધકને પરજ્ઞેય પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પો ઉભા થતા નથી. તેથી અન્તરાત્માની = સાધક ભગવાનની અંતરંગ પરિણતિ સરળતાથી વિભાવપરિણામોથી અસંગ બને છે, છૂટી પડે છે. આમ પ્રથમ ઉપયોગ અને પછી અંતરંગપરિણતિ રાગાદિથી અસંગ બને છે. પરજ્ઞેય પદાર્થોથી પરાઙ્મુખ બનેલું જે જ્ઞાન ઉપાદેયપણે સ્વાત્મક જ્ઞેયના આકારથી પરિણત થાય તેને જ સમ્યગ્ જ્ઞાન કહેવાય. તે જ્ઞાન રાગાદિદશાથી છૂટું પડીને વીતરાગભાવે પરિણમે છે. સમ્યગ્ જ્ઞાન દર્પણતુલ્ય હોવાના કારણે પોતાના સ્વરૂપમાં અત્યંત નિર્મળ જ રહે છે, સ્વચ્છ જ રહે છે. દર્પણમાં કોલસાનું પ્રતિબિંબ પડે તો પણ દર્પણ સ્વચ્છ જ રહે ને ! કોલસાના કાળા પ્રતિબિંબવાળું દર્પણ કાંઈ કોલસાની જેમ સ્વયં કાળું થઈ જતું નથી. આ હકીકતને સાધકે કદાપિ ભૂલવી નહિ. પોતાના સ્વચ્છસ્વભાવના લીધે તે જ્ઞાનમાં યથાવસ્થિતપણે પરજ્ઞેય પદાર્થના આકારોનો પ્રતિભાસ થાય છે. પણ પરજ્ઞેય જ્ઞાનરૂપે પરિણમતું નથી અને જ્ઞાન કદાપિ પરજ્ઞેયરૂપે પરિણમતું નથી. પરંતુ પોતાના નિર્મળ-સ્વચ્છ સ્વભાવના સામર્થ્યથી ત્યારે સમ્યગ્ જ્ઞાન સ્વયં જ પરજ્ઞેયાકારના માત્ર પ્રતિભાસરૂપે પરિણમે છે. તેમ છતાં પણ

दशामुपदधाति आश्रवदशां चोन्मूलयति।

इत्थञ्चाऽसङ्गाऽबन्धाऽनाश्रवदशाऽऽरोहणतः केवलज्ञानादिलाभक्रमेण [1]"सिद्ध त्ति य बुद्ध त्ति य पारगय त्ति य परंपरगय त्ति। उम्मुक्ककम्मकवया अजरा अमरा असंगा य।।" (औ.सू.४४/गाथा-२०/पृ.११६, प्र.सू.२/२११/गाथा-१७८, दे.३०५, आ.प्र.१७८) इति **औपपातिकसूत्रे**, **प्रज्ञापनासूत्रे**, **देवेन्द्रस्तवे**, **जिनलाभसूरिकृते** च **आत्मप्रबोधे** दर्शितं सिद्धस्वरूपम् अञ्जसा प्रादुर्भवेत्।।१४/१०।।

---

તે સમ્યગ્ જ્ઞાન પરજ્ઞેય પદાર્થોના નિમિત્તે ઈષ્ટ કે અનિષ્ટ વિકલ્પને ઉત્પન્ન કરવા માટે સમર્થ થતું નથી કે તથાવિધ વિકલ્પથી થનારા રાગ-દ્વેષ વગેરે વિભાવપરિણામોને પણ ઉત્પન્ન કરવા માટે સમર્થ બનતું નથી. તેના લીધે તે જ્ઞાન આત્માની અબંધદશાને પ્રગટાવે છે અને આશ્રવદશાને મૂળમાંથી ઉખેડે છે.

### ❁ અસંગદશાથી કેવળજ્ઞાન ❁

(इत्थ.) આ રીતે સાધક ભગવાન પોતાની (૧) અસંગદશા, (૨) અબંધ દશા અને (૩) અનાશ્રવદશા ઉપર આરૂઢ થાય છે. તેથી કેવલજ્ઞાનાદિ પ્રાપ્ત થવાના ક્રમથી મોક્ષમાર્ગે આગળ વધતાં ક્રમશઃ સાધકનું સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. સિદ્ધસ્વરૂપને જણાવતાં **ઔપપાતિકસૂત્રમાં**, **પ્રજ્ઞાપનાસૂત્રમાં**, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણકમાં** તથા **જિનલાભસૂરિકૃત આત્મપ્રબોધમાં** જણાવેલ છે કે 'કર્મના કવચથી = કોચલાથી = બંધનથી મુક્ત થયેલા જીવો (૧) સિદ્ધ, (૨) બુદ્ધ, (૩) ભવપારગામી, તથા (૪) સમ્યક્ત્વાદિની પરંપરાથી ભવપારને પામેલા હોવાથી પરંપરગત કહેવાય છે. તે જીવો અજર, અમર અને અસંગ હોય છે.' (૧૪/૧૦)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના સદા અતૃપ્ત-તૃષિત છે.**
  **ઉપાસના પરમ તૃપ્તિનો આસ્વાદ અર્પે છે.**
- **બીજા ઉપર બિનઅધિકૃત અનુશાસન જમાવે તો સાધના શસ્ત્ર બની જાય.**
- **વાસનામાં દલીલના ઘોંચપરોણા સતત પીડે છે, કનડે છે.**
  **દલીલશૂન્ય ઉપાસના શરણાગતિની મસ્તી આપે છે.**
- **સાધના બહુમુખી, બહુરૂપી, બહુવેશી, બહુબોલી છે.**
  **આત્મસમર્પણ સ્વરૂપ ઉપાસના મૌન-એકરૂપી છે.**

---

1. सिद्धा इति च बुद्धा इति च पारगता इति च परम्परगता इति। उन्मुक्तकर्मकवचा अजरा अमरा असङ्गाश्च।।

"આકૃતિ તે પર્યાય ✿હુસ્યઈ, સંયોગ પર્યાય નહીં હોઈ" એહવી આશંકા ટાલવાનેં કહે છઈ❖-

**સંયોગઈ આકૃતિ પરિ, પજ્જાય♦ કહવાય;**
**ઉત્તરાધ્યયનઈ ભાખિઆં, લક્ષણ પજ્જાય ॥૧૪/૧૧॥ (૨૩૭) શ્રી જિન.**

अथ आकृतिः पर्यायरूपा इति धर्मास्तिकायाकृतेः शुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपता सम्भवति किन्तु संयोगस्तु गुणरूपो न तु पर्यायरूप इति धर्मास्तिकायादौ लोकवर्तिजीवादिद्रव्यसंयोगस्य नाऽशुद्ध-द्रव्यव्यञ्जनपर्यायरूपता सम्भवतीत्याशङ्कामपाकर्तुमाह – '**संयोग**' इति।

**संयोगोऽपि पर्याय आकृतिरिव प्रकथ्यते स्फुटं ननु।**
**उत्तराध्ययनकथिताः पर्ययभेदा रीत्याऽनया।।१४/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ननु संयोगोऽपि आकृतिः इव स्फुटं पर्यायः प्रकथ्यते, (यतः) अनया रीत्या पर्ययभेदाः उत्तराध्ययनकथिताः।।१४/११।।

**ननु** अवधारणे द्रष्टव्यः, "ननु प्रश्नेऽवधारणे" (वि.लो.अव्यय-३९) इति **विश्वलोचनकोश**वचनात्; **संयोगोऽपि** = संयोगत्वावच्छिन्नः, अपिना पृथक्त्वादिसमुच्चयः कृतः। अत्र "अपि सम्भावना-शङ्का-प्रश्न-गर्हा-समुच्चये। अपि युक्तपदार्थेषु कामचारक्रियास्वपि।।" (वि.लो.अव्ययवर्ग-४४) इति **विश्वलोचन-**

**અવતરણિકા** :- અહીં કોઈને શંકા થઈ શકે છે કે 'આકૃતિ તો પર્યાયસ્વરૂપ જ છે. તેથી ધર્માસ્તિકાય દ્રવ્યની આકૃતિ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ સંભવી શકે છે. પરંતુ સંયોગ તો ગુણસ્વરૂપ છે, પર્યાયસ્વરૂપ નથી. તેથી ચૌદ રાજલોકમાં રહેલ જીવાદિ દ્રવ્યોનો સંયોગ એ ધર્માસ્તિકાયમાં ભલે ઉત્પન્ન થાય. પરંતુ તેને ધર્માસ્તિકાય વગેરેનો અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહી ન શકાય. સંયોગાત્મક ગુણમાં અશુદ્ધ દ્રવ્ય-વ્યંજનપર્યાયરૂપતા સંભવી શકતી નથી. ગુણને દ્રવ્યનો અશુદ્ધ વ્યંજનપર્યાય કઈ રીતે કહી શકાય?' - આવા પ્રકારની શંકા અહીં થવી સ્વાભાવિક છે. આવી શંકાને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે :-

**❀ સંયોગ પણ પર્યાય છે ❀**

**શ્લોકાર્થ** :- ચોક્કસ સંયોગ પણ આકૃતિની જેમ સ્પષ્ટ રીતે પર્યાય જ કહેવાય છે. કેમ કે આ રીતે જ પર્યાયના ભેદો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં કહેલા છે. (૧૪/૧૧)

**વ્યાખ્યાર્થ** :- મૂળ શ્લોકમાં રહેલ 'ननु' શબ્દ અવધારણ = ચોક્કસ અર્થમાં જાણવો. કેમ કે **વિશ્વલોચનકોશ**માં પ્રશ્ન, અવધારણ વગેરે અર્થમાં 'ननु' શબ્દ દર્શાવેલ છે. તેમજ મૂળ શ્લોકમાં રહેલ 'अपि' શબ્દ દ્વારા પૃથક્ત્વ વગેરે પરિણામોનો પણ સંગ્રહ કરવામાં આવે છે. કારણ કે અહીં 'अपि'શબ્દ સંગ્રહ = સમુચ્ચય અર્થમાં અભિપ્રેત છે. **વિશ્વલોચનકોશ**માં તથા **મંખકોશ**માં 'अपि'શબ્દનો અર્થ સમુચ્ચય બતાવેલ જ છે. તે બન્ને કોશની એક-એક કારિકા અહીં યાદ કરવા યોગ્ય છે. **વિશ્વલોચન**માં જણાવેલ છે કે "(૧) સંભાવના, (૨) શંકા, (૩) પ્રશ્ન, (૪) ગર્હા, (૫) સમુચ્ચય, (૬) યુક્તપદાર્થ, (૭) કામચાર ક્રિયા

✿ 'હુસ્યઈ = થશે' જુઓ **નેમિરંગરત્નાકરછંદ** કવિ લાવણ્યસમયરચિત. ❖ પુસ્તકોમાં 'ટાઈલ છઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'પજ્જય' પાઠ. લા.(૧)નો પાઠ લીધો છે.

**સંયોગ** પણિ **આકૃતિની પરિં પર્યાય કહઈવાઈ** છી. જે માટઈં **પર્યાયનાં લક્ષણભેદરૂપ ઉત્તરાધ્યયનઈં** એહવી રીતિં (**ભાખિઆં=**) કહિયાં છઈ. ॥૧૪/૧૧॥

**कोश**कारिका, “आक्षेपेच्छा-निश्चयेषु वाक्यादि-प्रतिवाक्ययोः। गर्हा-समुच्चय-प्रश्न-शङ्का-सम्भावनास्वपि।।” (म.को.९९१) इति च **मङ्खकोश**कारिका पूर्वोक्ता (४/७) स्मर्तव्या। तदनुसारेण प्रकृतमुच्यते – संयोग-पृथक्त्वादिः नियमेन **आकृतिः** = संस्थानम् **इव स्फुटं** = स्पष्टं **पर्यायः** = पर्यायपदवाच्य एव **प्रकथ्यते** = प्रकर्षेण उच्यते, यतः **अनया** अनुपदमेव वक्ष्यमाणया **रीत्या पर्यायभेदाः** = पर्यायलक्षणरूपेण पर्यायप्रकाराः **उत्तराध्ययनकथिताः** = **उत्तराध्ययनसूत्रे** मोक्षमार्गरतिनाम्नि अष्टाविंशतितमे अध्ययने दर्शिताः। ततश्च धर्मादिद्रव्यवृत्तिजीवादिसंयोगस्य परद्रव्यापेक्षाभिलाप्यपर्यायत्वेन अशुद्धद्रव्य-व्यञ्जनपर्यायरूपत्वे न कोऽपि शास्त्रबाध इत्यभिप्रायः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – संयोग-संस्थानादीनां पर्यायरूपताकथनेन विनश्वरता सूचिता, पर्यायत्वावच्छिन्नस्य ध्वंसप्रतियोगित्वात्। तथापि तत्र नित्यत्वबुद्ध्या ममत्वबुद्ध्या च जीवा विह्वल-तामनुभवन्ति। जीवानामेतादृशाऽज्ञानदशामवलोक्य [1]“संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा” (म.प्र.प्र.१७, आ.प्र.प्र.२७) इत्येवमुच्यते **महाप्रत्याख्यानप्रकीर्णके आतुरप्रत्याख्यानप्रकीर्णके** च। एवं विज्ञाय (१) इष्टसंयोगनिमित्तकः रागः, (२) अनिष्टसंयोगनिमित्तो द्वेषः (३) स्वकीयशरीर-संस्थानादिनिमित्त-

- આ અર્થમાં ‘अपि’ જાણવો.” તથા પૂર્વોક્ત (૪/૭) **મંખકોશ**શ્લોકમાં જણાવેલ છે કે “(૧) આક્ષેપ, (૨) ઈચ્છા, (૩) નિશ્ચય, (૪) વાક્યપ્રારંભ, (૫) પ્રતિવાક્ય, (૬) ગર્હા, (૭) સમુચ્ચય, (૮) પ્રશ્ન, (૯) શંકા, (૧૦) સંભાવના - આટલા અર્થમાં ‘अपि’ શબ્દ જાણવો.” તે મુજબ, અહીં અર્થઘટન એવું થશે કે આકૃતિની (= સંસ્થાનની) જેમ ભાગ્યશાળી ! સર્વ સંયોગ, પૃથક્ત્વ વગેરે પરિણામો ચોક્કસ સ્પષ્ટરૂપે ‘પર્યાય’ શબ્દના અર્થ તરીકે જ પ્રકૃષ્ટ રીતે કહેવાય છે. કારણ કે હવે પછીના જ શ્લોકમાં કહેવામાં આવશે તે રીતે પર્યાયના લક્ષણરૂપે પર્યાયના પ્રકારો **ઉત્તરાધ્યયનસૂત્રમાં મોક્ષમાર્ગરતિ** નામના અઠ્ઠાવીસમા અધ્યયનમાં દર્શાવેલ છે. આકૃતિ, સંયોગ, પૃથક્ત્વ વગેરે પર્યાય સ્વરૂપ હોવાથી ધર્માસ્તિકાય દ્રવ્યમાં જે જીવાદિ દ્રવ્યનો સંયોગ ઉત્પન્ન થાય છે તે ગુણસ્વરૂપ નથી પણ પર્યાયસ્વરૂપ જ છે. તથા તે પરદ્રવ્યસાપેક્ષ છે. તેમ જ શબ્દવાચ્ય છે. તેથી તેને અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય રૂપે સ્વીકારવામાં કોઈ શાસ્ત્રબાધ આવતો નથી.

## ❋ સંયોગ દુઃખનિમિત્ત ❋

**આધ્યાત્મિક ઉપનય** :- ‘સંયોગ, સંસ્થાન વગેરે પર્યાયસ્વરૂપ છે’ - આવા કથન દ્વારા તેની વિનશ્વરતા પણ આડકતરી રીતે સૂચવાઈ જાય છે. કારણ કે પર્યાયમાત્ર વિનશ્વર છે. પરંતુ તેમાં નિત્યપણાની બુદ્ધિથી અને મમત્વબુદ્ધિથી જીવ દુઃખી થાય છે. જીવની આ અજ્ઞાનદશાના લીધે ‘संजोगमूला जीवेण पत्ता दुक्खपरम्परा’ આ પ્રમાણે **મહાપ્રત્યાખ્યાન પયન્નામાં** તથા **આઉરપચ્ચક્ખાણ પયન્નામાં** જણાવેલ છે. આવું જાણીને (૧) ઈષ્ટસંયોગનિમિત્તક રાગ અને (૨) અનિષ્ટસંયોગનિમિત્તક દ્વેષ તથા (૩) સ્વકીય

1. संयोगमूला जीवेन प्राप्ता दुःखपरम्परा।

करत्यरतिद्वन्द्वपाशश्च व्यामोहकारित्वात् सदैव दूरतः सन्त्याज्याः। राग-द्वेषाद्युच्छेदकृते च परद्रव्य-गुण-पर्यायान् उपेक्ष्य अन्तर्मुखतया एकाग्रतया च शुद्धात्मद्रव्यध्यानयोगतो निजपरमानन्द आस्वादनीयः। एवञ्च पूर्णस्वानुभवधाराऽऽविर्भावेनाऽऽशु निराकुलसर्वज्ञपदलाभसम्भवः। ततश्च [1]"पहीणजर-मरणा अवेयकम्मकलंका पणट्ठवाबाहा केवलनाण-दंसणा सिद्धिपुरनिवासी णिरुवमसुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा" (प.सू.१/५) इति **पञ्चसूत्रव्यावर्णितं सिद्धस्वरूपं सुलभं स्यात्**।।१४/११।।

શરીર, સંસ્થાન નિમિત્તક ગમા-અણગમાનો વળગાડ - આ ત્રણ વ્યામોહકારી તત્ત્વોથી સદા દૂર રહેવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. રાગ-દ્વેષ વગેરેનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે આત્માર્થી સાધકે પરદ્રવ્યોની તથા તેના ગુણ-પર્યાયોની ઉપેક્ષા કરવી. જણાઈ જતા પરદ્રવ્યાદિની રુચિ તોડવી. પરદ્રવ્યાદિને જાણવાનું લક્ષ ન રાખવું. તેમ કર્યા બાદ નિર્મળ આત્મસ્વરૂપની સમજણ દ્વારા અંતર્મુખ -સ્વસન્મુખ થઈને અને એકાગ્ર બનીને પોતાના શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન કરવું. તેવા ધ્યાનયોગથી પોતાના પરમાનંદનો આસ્વાદ માણવો. આ રીતે પરિપૂર્ણ અખંડ સ્વાનુભવધારા પ્રગટે છે. તેનાથી કોઈ પણ જાતની આકુળતા વ્યાકુળતા વિના ત્રણ કાળના તમામ દ્રવ્યાદિને જાણવામાં સમર્થ એવું સર્વજ્ઞપદ ઝડપથી મળે તેવી સંભાવના છે. તેના પ્રભાવે **પંચસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) જરા-મરણથી રહિત હોય છે, (૨) વેદ-કર્મકલંકથી શૂન્ય હોય છે, (૩) પીડા વગરના હોય છે, (૪) કેવલજ્ઞાન-દર્શનને ધારણ કરનારા હોય છે, (૫) સિદ્ધિનગરમાં વસનારા હોય છે, (૬) નિરુપમ સુખથી યુક્ત હોય છે તથા (૭) સર્વથા કૃતકૃત્ય હોય છે.' (૧૪/૧૧)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસનામાં બેચેની, અજંપો, અકળામણ, ધમાલ છે.**
  **ઉપાસનામાં નરી નિરાંત, શાંતિ, પ્રસન્નતા, સ્થિરતા છે.**
- **સાધના અધિકરણને છોડી ઉપકરણને પકડે છે.**
  **ઉપાસના તો અધિકરણને પણ ઉપકરણમાં ફેરવીને અંતઃકરણ દ્વારા પ્રભુ સાથે એકીકરણ સાધે છે.**
- **વાસના મોહ-વ્યામોહ-સંમોહને પેદા કરે છે.**
  **ઉપાસના નિર્મોહી દશાને પ્રગટાવે છે.**

1. प्रहीणजरा-मरणाः अवेदकर्मकलङ्काः प्रणष्टव्याबाधाः केवलज्ञान-दर्शनाः सिद्धिपुरनिवासिनः निरुपमसुखसङ्गताः सर्वथा कृतकृत्याः सिद्धाः।

**¤એકત્વ ♦પૃથક્ત્વ તિમ વલી, સંખ્યા સંઠાણ;✡**
**વલિ સંયોગ વિભાગ એ, મનમાં તૂ આણ ॥૧૪/૧૨॥ (૨૩૮) શ્રી જિન.**

▶તેહ જ વર્ણવીને કહે છે. *उत्तराध्ययन*गाथा -◀

---

उत्तराध्ययनसूत्रोक्तमेव दर्शयति - '**एकत्वमि**'ति।

**एकत्वं तु पृथक्त्वं सङ्ख्या संस्थानमेव संयोगः।**
**विभागश्चेति पर्यय-लक्षणं चेतसि त्वमानय।।१४/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - एकत्वम्, पृथक्त्वम्, सङ्ख्या, संस्थानम्, संयोगः विभागश्च इति एव तु पर्ययलक्षणं त्वं चेतसि आनय।।१४/१२।।

**एकत्वम्, पृथक्त्वम्, सङ्ख्या, संस्थानम्, संयोगः विभागश्च इति एव तु पर्ययलक्षणं त्वं** स्वकीये **चेतसि आनय**। अत्र चकारः समुच्चयार्थे द्रष्टव्यः, "चाऽन्वाचय-समाहारेतरेतर-समुच्चये" (अ.को.३/३/२४१) इति **अमरकोश**वचनात्, "चशब्दः... समुच्चयाऽपचययोः पक्षान्तरनिरूपणे।। समासके समाहारे मिथोयोगेऽप्युदाहृतः।" (ए.श.मा.व्यञ्जनकाण्ड-४४/४५) इति **एकाक्षरशब्दमालायां माधव**वचनाच्च। **तुः** पादपूर्त्तौ बोध्यः, "तु, हि, च, स्म, ह, वै पादपूरणे" (अ.को.३/४/५) इति **अमरकोश**वचनात्।

---

**અવતરણિકા** :- ઉત્તરાધ્યયનસૂત્રમાં પર્યાય અંગે જે જણાવેલ છે તે જ બાબતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❀ પર્યાયના લક્ષણનો વિચાર ❀

**શ્લોકાર્થ** :- એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ - આ પ્રમાણે પર્યાયનું લક્ષણ તું મનમાં લાવ. (૧૪/૧૨)

**વ્યાખ્યાર્થ** :- એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ - આ પ્રમાણે જ પર્યાયનું લક્ષણ છે. તેને તું તારા ચિત્તમાં લાવ. "અન્વાચય (= જ્યાં બે કાર્યમાંથી એક કાર્ય ગૌણ હોય તે), સમાહાર (સમૂહ), ઈતરેતર યોગ (= અનેકનું પરસ્પર મિલન) અને સમુચ્ચય અર્થમાં 'च' શબ્દ વપરાય" - આ મુજબ **અમરકોશ**માં જણાવેલ છે. તથા **હરિતાલરાજા**ના **માધવ** નામના મંત્રીએ **એકાક્ષરશબ્દમાલા**માં "સમુચ્ચય, અપચય, પક્ષાન્તરનિરૂપણ, સમાસક, સમાહાર, પરસ્પરયોગ - આ અર્થોને જણાવવા 'च' વપરાય" - આમ જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં રહેલ 'च' શબ્દને સમુચ્ચય અર્થમાં જાણવો. મૂળ શ્લોકમાં રહેલ 'तु' પાદપૂર્ત્તિ કરવા માટે પ્રયુક્ત છે. **અમરકોશ**માં જણાવેલ છે કે '(૧) तु, (૨) हि, (૩) च, (૪) स्म, (૫) ह, (૬) वै - આ અવયવો શ્લોકના ચરણની પૂર્ત્તિ કરવા માટે પ્રયુક્ત થાય છે.'

---

¤ પુસ્તકોમાં 'એકત' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં+લા.(૨)+મ.માં 'પૃથકત' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'સંઠાણિ... આણિ' પાઠ. કો.(૫+૬+૮+૯) + સિ. + આ.(૧) + લા.(૧)(૨)નો પાઠ લીધો છે. ▶...◀ વચ્ચેનો પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત પાલિ.માં છે.

[1]**एगत्तं च पुहुत्तं च संखा संठाणमेव य।**
**संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ।।** (उत्त.२८/१३) ***इत्यादिगाथा।**
**अस्या अर्थः सुगमः। तस्माद् विस्तरभयाद् न लिखितः।*** ▸એ ગાથાર્થનું **મનમાંહે આણિ** - અર્થરૂપેં

***ननु*** एकत्वस्य सङ्ख्यारूपत्वात् सङ्ख्यापदेनैव तदुपादानसम्भवाद् भेदेन तदुपन्यासस्याऽनर्हता, पौनरुक्त्यापत्तेः इति ***चेत्*** ?

***न,*** एकत्वपदेन सामान्यपरिणतिरूपस्य तिर्यक्सामान्यत्वेन संमतस्य एकत्वस्य बोधनात्, सङ्ख्यापदेन चैकत्वप्रभृतिसङ्ख्याया एव बोधनादिति न पौनरुक्त्यमाशङ्कनीयम्।

तदुक्तम् **उत्तराध्ययने** [1]"एगत्तं च पुहुत्तं च, संखा संठाणमेव य। संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं।।" (उत्त.२८/१३) इति।

अत्र **शान्तिसूरिकृततद्व्याख्यालेशस्त्वेवम्** "(१) एकस्य भावः एकत्वं भिन्नेष्वपि परमाण्वादिषु यद् 'एकोऽयं घटादि'रिति प्रतीतिहेतुः सामान्यपरिणतिरूपम्, चशब्द उत्तरापेक्षया समुच्चये।

**શંકા** :- (ननु.) એકત્વ તો સંખ્યા સ્વરૂપ છે. તેથી 'સંખ્યા' શબ્દ દ્વારા જ એકત્વનું ગ્રહણ સંભવી શકે છે. સંખ્યાનો નિર્દેશ તો પર્યાયલક્ષણમાં કરેલ જ છે. તેથી સ્વતંત્રરૂપે એકત્વનો પર્યાયના લક્ષણમાં ઉલ્લેખ કરવો યોગ્ય નથી. કારણ કે તેવું કહેવામાં પુનરુક્તિ દોષ લાગુ પડે છે.

### ❀ એકત્વ અને સંખ્યાના અર્થમાં ભેદ ❀

**સમાધાન** :- (न.) તમારી દલીલ વ્યાજબી નથી. એનું કારણ એ છે કે 'તિર્યક્ સામાન્ય' તરીકે સંમત એવી વસ્તુગત સામાન્યપરિણતિ સ્વરૂપ એકત્વપદાર્થનો બોધ 'એકત્વ' શબ્દ દ્વારા કરાવવામાં આવે છે. જ્યારે 'સંખ્યા' શબ્દ દ્વારા એકત્વ વગેરે સંખ્યાનો બોધ કરાવવામાં આવે છે. તેથી પુનરુક્તિ દોષની શંકાને અહીં કોઈ અવકાશ રહેતો નથી. 'સંખ્યા' શબ્દ દ્વારા 'તિર્યક્ સામાન્ય' તરીકે સંમત એવી વસ્તુગત સામાન્યપરિણતિ સ્વરૂપ એકત્વપદાર્થનો બોધ થઈ શકતો ન હોવાથી તેનો બોધ કરાવવા માટે 'એકત્વ' શબ્દનો સ્વતંત્રરૂપે જે ઉલ્લેખ કરેલ છે, તે વ્યાજબી જ છે.

### ⁂ ઉત્તરાધ્યયનસૂત્રવિમર્શ ⁂

(**तदुक्त.**) હવે આપણે મૂળ વાત પર આવીએ. પ્રસ્તુત બારમા શ્લોકમાં જે વાત જણાવેલ છે તે વાત **ઉત્તરાધ્યયન** સૂત્રના અનુવાદરૂપે જ સમજવી. ત્યાં એવું જણાવેલ છે કે 'એકત્વ અને પૃથક્ત્વ અને સંસ્થાન અને સંખ્યા અને સંયોગ અને વિભાગ - આ પ્રમાણે પર્યાયોનું લક્ષણ જાણવું.'

(**अत्र.**) વાદિવેતાલ શ્રી**શાંતિસૂરિજી**એ **ઉત્તરાધ્યયનસૂત્ર**ની પ્રસ્તુત ગાથાનું વિસ્તારથી વિવેચન કરેલ છે. તેમાંથી અહીં ઉપયોગી અર્થ સંક્ષેપમાં આ પ્રમાણે છે - "(૧) એકનો ભાવ = એકત્વ. સમૂહવિશેષસ્વરૂપે ગોઠવાયેલા જુદા-જુદા પરમાણુ વગેરેમાં પણ 'આ એક ઘડો છે' - ઈત્યાદિ પ્રતીતિ લોકોને થાય છે, તેનું કારણ આ એકત્વ પરિણામ છે. તે વસ્તુની સામાન્યપરિણતિ સ્વરૂપ છે. ઉત્તરાધ્યયન-

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. ▸...◂ વચ્ચેનો પાઠ મ.માં નથી. B(૨) + પાલિ.માં છે.

1. एकत्वं च पृथक्त्वं च, सङ्ख्या संस्थानम् एव च। संयोगाः च विभागाः च, पर्यवाणां तु लक्षणम्।।

કરીને ધારો, જિમ મનસંદેહ દૂરિ ટલૈ.◀ ॥૧૪/૧૨॥

(२) पृथग्भावः = पृथक्त्वम् – 'अयम् अस्मात् पृथग्' इति प्रत्ययोपनिबन्धनम्, 'चः' सर्वत्र प्राग्वत्।

(३) सङ्ख्यानं = सङ्ख्या – यत 'एको द्वौ त्रय' इत्यादिका प्रतीतिरुपजायते।

(४) संतिष्ठते अनेनाऽऽकारविशेषेण वस्त्विति संस्थानं – 'परिमण्डलोऽयम्' इत्यादिबुद्धिनिबन्धनम्, एवेति पूरणे।

(५) 'संयोगाः' – 'अयम् अङ्गुल्योः संयोग' इत्यादिव्यपदेशहेतवः।

(६) 'विभागाश्च' – 'अयम् इतो विभक्त' इति बुद्धिहेतवः, उभयत्र सम्बन्धिभेदेन भेदमाश्रित्य बहुवचननिर्देशः, 'च' शब्दोऽनुक्तनव-पुराणत्वादिपर्यायोपलक्षकः, पर्यवाणाम् उक्तनिरुक्तानाम्, तुः पूरणे, लक्षणम् असाधारणरूपम्।

अयम् अभिप्रायः – यः कश्चिदस्खलितप्रत्ययः स सर्वः सनिबन्धनः, यथा घटादिप्रत्ययः, अस्खलित-

સૂત્રની ગાથામાં રહેલ દરેક 'ય' (= 'च') શબ્દ આગળના અર્થનો સંગ્રહ કરવા માટે છે.

(૨) પૃથગ્ભાવ = પૃથક્પણું એ 'પૃથક્ત્વ' શબ્દનો અર્થ છે. 'આ ઘટ પેલા ઘડા કરતાં પૃથક્ છે' - આવા પ્રકારની પ્રતીતિનું કારણ પૃથક્ત્વ પરિણામ બને છે.

(૩) 'સંખ્યા' શબ્દનો અર્થ છે 'સંખ્યાન'. એટલે કે આંકડામાં ગણતરી કરવી. સંખ્યા નામના પરિણામને લીધે વસ્તુમાં એક-બે-ત્રણ વગેરે સ્વરૂપે પ્રતીતિ ઉત્પન્ન થાય છે.

(૪) જે ચોક્કસ પ્રકારના આકારથી વસ્તુ રહે તેને સંસ્થાન કહેવાય. 'આ ગોળ છે' (,'તે ત્રિકોણ છે') - ઈત્યાદિ બુદ્ધિનું કારણ આ સંસ્થાન છે. મૂળ ગાથામાં રહેલ 'संस्थान' શબ્દ પછી રહેલ 'एव' શબ્દ પાદપૂર્તિ માટે છે.

(૫) 'બે આંગળીનો આ સંયોગ છે' - ઈત્યાદિ વ્યવહારમાં જે હેતુ બને છે તે સંયોગ કહેવાય છે.

(૬) 'આના કરતાં આ વિભક્ત છે' - આવા પ્રકારની બુદ્ધિમાં જે મુખ્ય કારણ બને છે તેને વિભાગ જાણવો. સંયોગ અને વિભાગ ઉભયત્ર રહે છે. બે જુદા જુદા સંબંધીના લીધે સંયોગમાં અને વિભાગમાં પણ વૈવિધ્ય = ભિન્નતા આવે છે. સંયોગમાં અને વિભાગમાં રહેલી આ ભિન્નતાને = અનેકતાને લક્ષમાં રાખીને મૂળ ગાથામાં 'સંયોગ' અને 'વિભાગ' શબ્દનો ઉત્તરાધ્યયન ગાથામાં બહુવચનગર્ભિત નિર્દેશ કરવામાં આવેલ છે. 'વિભાગ' શબ્દ પછી રહેલો 'च' શબ્દ મૂળ ગાથામાં ન બતાવેલા નવીનત્વ, પ્રાચીનત્વ વગેરે પર્યાયોનો ઉપલક્ષક છે. અર્થાત્ **ઉત્તરાધ્યયન સૂત્ર**ની ગાથામાં રહેલા અંતિમ 'च' શબ્દ દ્વારા 'નવીનત્વ, પુરાણત્વ વગેરે પણ પર્યાયસ્વરૂપ જ છે' - આવું સૂચિત થાય છે. જેની પૂર્વે વ્યાખ્યા થઈ ચૂકેલ છે એવા પર્યાયોનું અસાધારણ લક્ષણ પ્રસ્તુત એકત્વ, પૃથક્ત્વ વગેરે પરિણામો છે. ઉત્તરાધ્યયન શબ્દની મૂળ ગાથામાં રહેલ 'तु' શબ્દ પાદપૂર્તિ માટે છે.

## અનુગત પ્રતીતિનું અસાધારણ કારણ પર્યાયવિશેષ

**(अयम्.)** અહીં આશય એ છે કે 'જે કોઈ પણ અસ્ખલિત પ્રતીતિ ઉત્પન્ન થાય છે તે તમામ પ્રતીતિનું કોઈક ચોક્કસ કારણ હોય છે. જેમ કે 'આ ઘટ છે' - આવી પ્રતીતિનું કારણ ઘટત્વપર્યાય છે. તે

▶...◀ વચ્ચેનો પાઠ મ.માં નથી. B(૨) + પાલિ.માં છે.

प्रत्ययाश्चामी 'एकोऽयमि'त्यादिप्रत्ययाः। ततोऽवश्यम् अमीषां निबन्धनेन भवितव्यम्। तच्च न द्रव्यमेव, तस्य सदा अवस्थितत्वेन प्रतिनियतकालैकत्वादिप्रत्ययाऽनुत्पत्तिप्रसङ्गात्। ततश्च यदमीषां कालनियमेनोत्पत्ति-निबन्धनं न तत्पर्यवेभ्यस्तत्तत्परिणतिविशेषरूपेभ्योऽन्यद्" (उत्त.२८/१३ शा.वृ.) इति।

अत्र हि स्पष्टमेव संयोगोऽपि संस्थानमिव पर्यायतया दर्शित इति धर्मास्तिकायादिद्रव्येषु जीवादि-द्रव्यसंयोगस्य अशुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपता पूर्वं (१४/१०) दर्शिता अव्याहतैव।

अस्तु वा धर्माऽधर्माऽऽकाशादिसम्बन्धिनो नित्यसंयोगस्य गुणरूपता, द्रव्यसहभावित्वात् किन्तु गुणत्वाऽवच्छिन्नस्य पर्यायेऽन्तर्भावात्, परापेक्षत्वात्, अभिलाप्यत्वाच्चाशुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपताऽ-नाविलैव। तदुक्तं **लब्धिसूरिभिः तत्त्वन्यायविभाकरे** नयनिरूपणप्रस्तावे "गुणानां पर्यायेऽन्तर्भावः" (त.न्या.

---

જ રીતે 'આ એ જ છે', 'આ આનાથી પૃથક્ છે' - ઈત્યાદિ પ્રતીતિ પણ લોકોને અસ્ખલિતરૂપે થાય છે. તેથી આવી પ્રતીતિઓનું કોઈક ચોક્કસ પ્રકારનું કારણ હોવું જોઈએ. 'દ્રવ્ય જ ઉપરોક્ત તમામ પ્રતીતિનું અસાધારણ કારણ છે' - એવું કહી શકાતું નથી. કારણ કે દ્રવ્ય તો સદા માટે અવસ્થિત = હાજર હોય છે. તેથી અમુક જ અવસ્થામાં 'આ એક છે', 'આ આનાથી પૃથક્ છે' - ઈત્યાદિ પ્રતીતિની ઉત્પત્તિ થઈ ન શકે. દ્રવ્યને ઉપરોક્ત પ્રતીતિઓનું કારણ માનવામાં આવે તો સર્વદા સર્વત્ર સર્વ લોકોને ઉપરોક્ત તમામ પ્રતીતિઓ ઉત્પન્ન થવાની આપત્તિ દુર્વાર બનશે. કારણ કે દ્રવ્ય તો નિત્ય હોવાથી સર્વદા હાજર જ હોય છે. પરંતુ સર્વદા ઉપરોક્ત પ્રતીતિ થતી નથી. પરંતુ અમુક પ્રકારના ચોક્કસ સમયે જ લોકોને ઉપરોક્ત પ્રતીતિ ઉત્પન્ન થાય છે. તેથી કાલવિશેષનિયંત્રિત ઉપરોક્ત પ્રતીતિઓની ઉત્પત્તિનું કારણ જે છે, તે પર્યાયને છોડી બીજું કોઈ નથી. આ પર્યાય વસ્તુની તે તે વિશેષ પ્રકારની પરિણતિ સ્વરૂપ છે. તેથી દ્રવ્યથી અતિરિક્ત પર્યાયનો સ્વીકાર કરવો અનિવાર્ય છે. તો જ પ્રતિનિયતકાલીન ઉપરોક્ત પ્રતીતિઓની ઉત્પત્તિ સંગત થઈ શકે." આમ **શ્રીશાંતિસૂરિજી**એ જણાવેલ છે.

### ⊛ સંયોગ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય ⊛

(अत्र.) **ઉત્તરાધ્યયન સૂત્ર**ની ઉપરોક્ત ગાથામાં સ્પષ્ટ રીતે સંસ્થાનની જેમ સંયોગ પણ પર્યાય તરીકે બતાવેલ છે. તેથી જ 'ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં ઉત્પન્ન થનારો જીવાદિદ્રવ્યનો સંયોગ એ જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે' આ પ્રમાણે પ્રસ્તુત ચૌદમી શાખાના દસમા શ્લોકમાં જે વાત જણાવેલ હતી, તે વાત બિલકુલ શાસ્ત્રબાધિત નથી.

### ❈ ગુણનો પર્યાયમાં અંતર્ભાવ ❈

(अस्तु.) અથવા તો એમ પણ કહી શકાય છે કે ધર્માસ્તિકાયનો અને અધર્માસ્તિકાયનો પરસ્પર સંયોગ કે ધર્માસ્તિકાય અને આકાશ વગેરેનો પરસ્પર સંયોગ નિત્ય છે. તે દ્રવ્યસહભાવી છે, યાવદ્ દ્રવ્યભાવી છે. તેથી તે નિત્યસંયોગને ગુણસ્વરૂપ કહી શકાય છે. પરંતુ તમામ ગુણનો પર્યાયમાં અંતર્ભાવ થવાના લીધે નિત્યસંયોગ પણ પર્યાયરૂપ જ છે. તેમજ ધર્માસ્તિકાયથી ભિન્ન અધર્માસ્તિકાયાદિ પરદ્રવ્યને સાપેક્ષ હોવાથી તે અશુદ્ધ પર્યાય છે. તે નિત્યસંયોગ અભિલાપ્ય હોવાના લીધે વ્યંજનપર્યાયસ્વરૂપ છે. આમ ધર્માધર્માકાશાદિસંબંધી નિત્યસંયોગને અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયરૂપે નિરાબાધપણે કહી શકાય જ છે.

वि.पृ.९०) इति।

वस्तुतः धर्मास्तिकायादौ तत्तद्देशावच्छेदेन जीवादिसंयोगस्य कादाचित्कतया गुणरूपता परेण वक्तुमनुचितैवेति अशुद्धद्रव्यव्यञ्जनपर्याये तत्समावेशः प्रागुक्तरीत्या (१४/१०) युक्त एवेत्यवधेयम्।

तत्त्वतस्तु गत्यादिलक्षणः दशविधः जीवपरिणामः बन्धनादिलक्षणश्च दशविधः अजीवपरिणामः पर्यायविधया देवसेनेन वक्तुं युज्यते, इत्थमेव आगमप्रसिद्धेः। यथोक्तं विषयविभागपूर्वं **स्थानाङ्गसूत्रे** [1]"दसविधे जीवपरिणामे पन्नत्ते, तं जहा – (१) गतिपरिणामे, (२) इंदियपरिणामे, (३) कसायपरिणामे, (४) लेसापरिणामे, (५) जोगपरिणामे, (६) उवओगपरिणामे, (७) णाणपरिणामे, (८) दंसणपरिणामे, (९) चरित्तपरिणामे, (१०) वेदपरिणामे। [2]दसविधे अजीवपरिणामे पन्नत्ते, तं जहा – (१) बंधणपरिणामे, (२) गतिपरिणामे, (३) संठाणपरिणामे, (४) भेदपरिणामे, (५) वण्णपरिणामे, (६) रसपरिणामे, (७) गंधपरिणामे, (८) फासपरिणामे, (९) अगुरुलहुपरिणामे, (१०) सद्दपरिणामे" (स्था.सू.१०/७१३/पृ.८१६) इति विभावनीयं पूर्वापरानुसन्धानेन (२/१२ + १४/१२)।

---

**તત્ત્વન્યાયવિભાકર**માં **શ્રીલબ્ધિસૂરિજી**એ નયનું નિરૂપણ કરવાના અવસરે જણાવેલ જ છે કે 'ગુણોનો પર્યાયમાં અંતર્ભાવ થાય છે.'

(**વસ્તુ.**) વાસ્તવમાં તો ધર્માસ્તિકાયાદિમાં તત્ તત્ દેશાવચ્છેદેન જે જીવાદિસંયોગ છે, તે કાદાચિત્ક હોવાના લીધે તેમાં દિગંબર ગુણરૂપતાને ન જ કહી શકે. તેથી પૂર્વે પ્રસ્તુત ચૌદમી શાખાના દશમા શ્લોકમાં જણાવ્યા મુજબ તેનો અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયમાં સમાવેશ કરવો યોગ્ય જ છે.

### ✡ જીવાજીવપરિણામસ્વરૂપ પર્યાયની વિચારણા ✡

(**તત્ત્વ.**) હકીકતમાં તો ગતિ વગેરે સ્વરૂપ દશ પ્રકારે જીવપરિણામને તથા બંધન વગેરે સ્વરૂપ દશ પ્રકારે અજીવપરિણામને પર્યાય તરીકે **દેવસેન**જીએ કહેવા જોઈએ. કારણ કે તે પ્રમાણે જ પર્યાયનું નિરૂપણ આગમમાં પ્રસિદ્ધ છે. આ અંગે વિષયવિભાગપૂર્વક **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે "જીવપરિણામ દશ પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે - (૧) ગતિપરિણામ, (૨) ઈન્દ્રિયપરિણામ, (૩) કષાયપરિણામ, (૪) લેશ્યાપરિણામ, (૫) યોગપરિણામ, (૬) ઉપયોગપરિણામ, (૭) જ્ઞાનપરિણામ, (૮) દર્શનપરિણામ, (૯) ચારિત્ર પરિણામ, (૧૦) વેદ પરિણામ. અજીવ પરિણામ દશ પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે - (૧) બંધનપરિણામ, (૨) ગતિપરિણામ, (૩) સંસ્થાનપરિણામ, (૪) ભેદપરિણામ, (૫) વર્ણપરિણામ, (૬) રસપરિણામ, (૭) ગંધપરિણામ, (૮) સ્પર્શપરિણામ, (૯) અગુરુલઘુપરિણામ, (૧૦) શબ્દપરિણામ." આ અંગે બીજી શાખાના બારમા શ્લોકમાં દર્શાવેલ **પ્રજ્ઞાપનાસૂત્ર**સંદર્ભ અને અહીં આપેલ **સ્થાનાંગસૂત્ર**સંદર્ભ - આ બન્નેનું આગળ-પાછળ અનુસંધાન કરીને વિજ્ઞ વાચકવર્ગે ઊંડાણથી વિભાવના કરવી.

---

**1**. दशविधः अजीवपरिणामः प्रज्ञप्तः, तद् यथा - (१) बन्धनपरिणामः, (२) गतिपरिणामः, (३) संस्थानपरिणामः, (४) भेदपरिणामः, (५) वर्णपरिणामः, (६) रसपरिणामः, (७) गन्धपरिणामः, (८) स्पर्शपरिणामः, (९) अगुरुलघुपरिणामः, (१०) शब्दपरिणामः। **2**. दशविधः जीवपरिणाम, प्रज्ञप्तः, तद् यथा - (१) गतिपरिणामः, (२) इन्द्रियपरिणामः, (३) कषायपरिणामः, (४) लेश्यापरिणामः, (५) योगपरिणामः, (६) उपयोगपरिणामः, (७) ज्ञानपरिणामः, (८) दर्शनपरिणामः, (९) चारित्रपरिणामः, (१०) वेदपरिणामः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – "एकत्वं तु" (१४/१२) इत्यत्र मूलग्रन्थे, [1]"पज्जवाणं तु..." (उत्त.२८/१३) इत्यत्र **उत्तराध्ययनसूत्रे** च तुकारः यथा पादपूर्त्तिकृते दर्शितः तथा अस्मदीयं जीवनं व्यवहारराशेः, त्रसराशेः, मनुष्यराशेर्वा सङ्ख्यापूर्त्तिकृते न स्यादित्यवधेयम्। प्रकृते "कृतं मयाऽमुत्र हितं न चेह, लोकेऽपि लोकेश ! सुखं न मेऽभूत्। अस्मादृशां केवलमेव जन्म जिनेश ! जज्ञे भवपूरणाय।।" (र.प.६) इति **रत्नाकरपञ्चविंशिका**कारिकाविभावनयाऽस्मज्जन्म नरभवसङ्ख्यापूर्त्तिकृते न स्यात् तथा साधकदशाऽऽविर्भावनीया, वर्धनीया, निर्मलीकर्तव्या च। अनादिकालेऽकृतम् अपूर्वगुणसर्जनमिह कर्तव्यमित्युपदिश्यतेऽत्र। तदनुसरणतश्च [2]"जे अ अणंता अपुणब्भवा य असरीरया अणाबाहा। दंसण-नाणुवउत्ता ते सिद्धा" (श्री.क.१२३२) इति **श्रीश्रीपालकथायां रत्नशेखरसूरि**दर्शितं सिद्धस्वरूपं सुलभं स्यात्।।१४/१२।।

## ✻ સંખ્યાપૂરક બનવાનું નથી ✻

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યાનુયોગપરામર્શ ગ્રંથના મૂળ શ્લોકમાં તેમજ **ઉત્તરાધ્યયન સૂત્ર**માં રહેલ 'तु' શબ્દ પાદપૂર્તિ માટે છે. તેનો અર્થ એ છે કે 'तु' શબ્દ શ્લોકમાં ખાલી રહેતી જગ્યાને પૂરવા માટે છે. આપણું જીવન પણ વ્યવહારરાશિની કે ત્રસજીવોની કે મનુષ્યની સંખ્યા ભરવા માટે ન હોવી જોઈએ. પ્રસ્તુતમાં **રત્નાકરપચ્ચીશી**ની છઠ્ઠી ગાથાની વિભાવના કરવી. તેમાં જણાવેલ છે કે -

**"મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,**
**તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;**
**જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,**
**આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા."** (રત્ના.૬)

આ ગાથાની ઊંડાણથી વિચારણા કરીને આપણો જન્મ માનવસંખ્યાની પૂર્ત્તિ માટે ન બને તે રીતે આપણી સાધકદશાને પ્રગટાવવી, વધારવી, નિર્મળ કરવી અને બળવાન કરવી. અનંત કાળમાં ન કરેલું કોઈક અપૂર્વ ગુણસર્જન કરવા માટે આપણો આ ભવ હોવો જોઈએ, આપણે તેવો બનાવવો જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ અહીં ગ્રહણ કરવાથી **શ્રીશ્રીપાલચરિત્ર**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં શ્રી**રત્નશેખરસૂરિ**જીએ જણાવેલ છે કે 'જે (૧) અનન્ત છે, (૨) અપુનર્જન્મા છે, (૩) અશરીરી છે, (૪) પીડારહિત છે, (૫) દર્શન-જ્ઞાનમાં ઉપયુક્ત હોય છે, તે સિદ્ધ ભગવંતો છે.' (૧૪/૧૨)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિનું ચાલકબળ બાહ્ય લાભ છે.**
  **શ્રદ્ધાનું ચાલકબળ આંતર ગુણલાભ છે.**

1. पर्यवाणां तु...। 2. ये चानन्ता अपुनर्भवाश्चाऽशरीरकाः अनाबाधाः। दर्शन-ज्ञानोपयुक्ताः ते सिद्धाः।।

**♦ઉપચરિત, ન અશુદ્ધ તે, ✡જે પરસંયોગ;**

**અસદ્ભૂત મનુજાદિક, તો♦ ન અશુદ્ધહ જોગ ॥૧૪/૧૩॥ (૨૩૯) શ્રી જિન.**

હિવઈં જો ઈમ કહસ્યો "જે ધર્માસ્તિકાયાદિકનઈં **પરદ્રવ્યસંયોગ** છઈં,તે **ઉપચરિત**□ પર્યાય કહિઈં; પણિ **અશુદ્ધ**પર્યાય ન કહિઈં, દ્રવ્યાન્યથાત્વ હેતુનઈં વિષઈં જ અશુદ્ધત્વ ❖વ્યવહાર છઈ." તે વતી.

---

कुश-काशावलम्बनन्यायेन दिगम्बरः प्रत्यवतिष्ठते – '**धर्मे**'ति।

**धर्मादावुपचरितः परयोगो न सोऽशुद्धः पर्ययः।**

**चेत् ? तर्हि न नरादिका अशुद्धाः स्युरसद्भूतास्तु ।।१४/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मादौ परयोगः उपचरितः (पर्ययः कथ्यते) सः (तु) न अशुद्धः पर्ययः (इति) चेत् ? तर्हि नरादिकाः अशुद्धाः न स्युः, (ते) असद्भूतास्तु (स्युः)।।१४/१३।।

***अथ* धर्मादौ** = धर्मास्तिकायादिद्रव्ये **परयोगः** = स्वेतरजीवादिद्रव्यसंयोग **उपचरितः पर्ययः** कथ्यते, **न** तु **सः** = जीवादिसंयोगः **अशुद्धः पर्ययः** उच्यते, द्रव्यान्यथात्वहेतावेव अशुद्धपर्यायत्व-व्यवहाराद् इति ***चेत्*** ? अत्र पक्षान्तरदर्शनार्थं चेद् अवगन्तव्यः, तदुक्तं **साधुसुन्दरगणिना शब्दरत्नाकरे** "पक्षान्तरे चेद्" (श.र. ६/१०९) इति पूर्वोक्तं (११/८) स्मर्तव्यमत्र।

---

**અવતરણિકા** :- દરિયામાં ડૂબતો અભાગિયો કોઈક માણસ જેમ તણખલા-ફોતરા વગેરેનું આલંબન લે, તેમ દિગંબર દલીલ કરે છે કે :-

**શ્લોકાર્થ** :- 'ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં પરદ્રવ્યનો સંયોગ ઉપચરિત = અસદ્ભૂત પર્યાય કહેવાય છે. પરંતુ તે અશુદ્ધ પર્યાય નથી' - આવું જો તમે કહેતા હો તો (આત્માને અનાત્મા ન કરવાથી) મનુષ્ય વગેરે પર્યાય પણ અશુદ્ધ પર્યાય નહિ બને પરંતુ અસદ્ભૂત પર્યાય બનશે. (૧૪/૧૩)

**વ્યાખ્યાર્થ** :- શ્લોકના પૂર્વાર્ધમાં દિગંબર પોતાની વાહિયાત દલીલ કરે છે. તે નીચે મુજબ છે.

### ❖ ધર્માસ્તિકાયના અશુદ્ધ પર્યાય નથી : દિગંબર ❖

**દિગંબર** :- (अथ.) ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં તેનાથી ભિન્ન એવા જે જીવાદિ દ્રવ્યનો સંયોગ થાય છે તે ઉપચરિત પર્યાય કહેવાય છે. પરંતુ ધર્માસ્તિકાયાદિગત જીવાદિસંયોગ અશુદ્ધ પર્યાય કહેવાતો નથી. કારણ કે જે પર્યાય દ્રવ્યની અન્યથા (= પૂર્વ કરતાં વિભિન્ન) પરિણતિમાં હેતુ બને તે જ પર્યાયમાં અશુદ્ધ પર્યાય તરીકેનો વ્યવહાર થાય છે. આથી ધર્માસ્તિકાયમાં અશુદ્ધ પર્યાયને અમે માનતા નથી.

મૂળ શ્લોકમાં રહેલ 'चेत्'શબ્દ પૂર્વે જણાવેલ શ્વેતાંબરમાન્ય પક્ષની અપેક્ષાએ ભિન્ન પક્ષને જણાવવાની દૃષ્ટિએ પ્રયોજેલ છે. **સાધુસુંદરગણીએ શબ્દરત્નાકર**માં 'चेत्' અવ્યયને પક્ષાન્તરદર્શક બતાવેલ છે. પૂર્વે (૧૧/૮) આ સંદર્ભ દર્શાવેલ છે. તેને અહીં યાદ કરવો.

---

♦ લા.(૧) + મ.માં 'ઉપચારી' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✡ મ.+ધ.માં 'જો' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ♦ કો.(૧)માં 'તે ન યશુદ્ધ યોગ' પાઠ. □ ધ.માં '...ઉપચરિતપર્યાય ન કહીએ. દ્રવ્યાન્યથા...' આ મુજબ ત્રુટિત પાઠ છે. ❖ મ.માં 'વ્યવહર' પાઠ. ધ.માં 'વ્યવહારે' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

તો **મનુજાદિ** પર્યાય પણિ **અશુદ્ધ** (**જોગ** = યોગ્ય) ન કહો. **અસદ્ભૂત**વ્યવહારનયગ્રાહ્ય માટઈ અસદ્ભૂત કહો. પણિ અશુદ્ધ ન કહો. એ પરમાર્થ. ॥૧૪/૧૩॥

**तर्हि** आत्मनि **नरादिकाः** = मनुष्यादिकाः पर्याया अपि **अशुद्धाः न** = नैव **स्युः**, आत्मद्रव्यान्यथात्वानापादकत्वात्, अन्यथा आत्मनो जडत्वापत्तेः। एवमेव घटादौ अपि सुवर्णद्रव्यस्य अशुद्धव्यञ्जनपर्यायता न स्यात्, तत्राऽपि द्रव्यान्यथात्वपरिणामाभावात्। न जातु घटाकारधारणमात्रेण सुवर्णमसुवर्णं भवतीति न्यायोऽत्र योज्यः।

सम्मतञ्चेदं परेषामपि। तदुक्तं **योगसूत्रभाष्ये व्यासेन** "धर्मस्य धर्मिणि वर्तमानस्यैवाध्वसु अतीताऽनागतवर्तमानेषु भावाऽन्यथात्वं भवति, न द्रव्याऽन्यथात्वम्। यथा सुवर्णभाजनस्य भित्त्वाऽन्यथा क्रियमाणस्य भावाऽन्यथात्वं भवति, न सुवर्णाऽन्यथात्वम्" (यो.सू.भा.३/१३) इति। पूर्वोपदर्शितम् (२/४) "आकृतिरन्या चान्या च भवति, द्रव्यं पुनः तदेव" (पा.व्या.भा.पस्प., वा.२) इति **पाणिनीयव्याकरणमहाभाष्य**वचनमप्यत्रानुस्मर्तव्यम्। ततश्च ते नृ-नारकादय आत्मपर्याया अपि नानाद्रव्याश्रिताऽसद्भूतव्यवहारनयग्राह्यतया **असद्भूतास्तु** = असद्भूता एव वाच्याः स्युः। न चैवं **देवसेन**स्य अभिमतम्, नर

## ❀ ધર્માસ્તિકાયમાં અશુદ્ધ પર્યાય છે : શ્વેતાંબર ❀

**શ્વેતાંબર** :- (तर्हि.) જો ધર્માસ્તિકાયાદિમાં રહેલ જીવાદિસંયોગ સ્વરૂપ પર્યાયોને તમે અશુદ્ધ પર્યાયરૂપ માનવાના બદલે ઉપચરિત = અસદ્ભૂત પર્યાય સ્વરૂપ માનતા હો તો આત્મામાં રહેલા મનુષ્ય વગેરે પર્યાયો પણ અશુદ્ધ પર્યાય તરીકે માન્ય નહિ જ બની શકે. કારણ કે મનુષ્ય વગેરે પર્યાયો પણ આત્મદ્રવ્યમાં અન્યથા પરિણતિને ઉત્પન્ન કરતા નથી. જો મનુષ્યાદિ પર્યાય આત્મામાં અન્યથા પરિણતિને ઉત્પન્ન કરે તો આત્મા જડ થવાની આપત્તિ આવે. આ જ રીતે અન્યત્ર ઘટ વગેરે પણ સુવર્ણદ્રવ્યના અશુદ્ધ વ્યંજનપર્યાય નહિ બની શકે. કારણ કે તેમાં પણ દ્રવ્યનો અન્યથા પરિણામ થતો નથી. 'ઘટાકારને ધારણ કરવા માત્રથી સુવર્ણ દ્રવ્ય કદાપિ અસુવર્ણ બનતું નથી' - આ ન્યાયને અહીં લાગુ પાડવો.

## ❀ દ્રવ્ય અન્યથા બનતું નથી : વ્યાસ ❀

(सम्मत.) આ વાત અન્યદર્શનકારોને પણ સંમત છે. **યોગસૂત્રભાષ્ય**માં **વ્યાસ** મહર્ષિએ જણાવેલ છે કે 'ધર્મી દ્રવ્યમાં ગુણધર્મ વિદ્યમાન હોય છે. તે ગુણધર્મ જ અતીત, અનાગત અને વર્તમાન કાળે ધર્મી દ્રવ્યમાં બદલાય છે. તેથી વસ્તુમાં ભાવઅન્યથાપણું આવે છે પરંતુ દ્રવ્યઅન્યથાપણું આવતું નથી. અર્થાત્ દ્રવ્યનો ભાવ અતીતાદિ કાળમાં બદલાય છે. પરંતુ દ્રવ્ય બદલાતું નથી. જેમ કે સોનાના વાસણને ભાંગીને તેને મુગટ આદિ રૂપે બનાવવામાં આવે ત્યારે વાસણ સ્વરૂપ ભાવ અન્યથા (= મુગટ) રૂપે બને છે. પરંતુ ત્યારે સુવર્ણ દ્રવ્ય બદલાતું નથી.' પૂર્વે બીજી શાખાના ચોથા શ્લોકની વ્યાખ્યામાં **પાણિનીયવ્યાકરણ મહાભાષ્ય**નો એક સંદર્ભ ઉદ્ધૃત કરીને ત્યાં જણાવેલ હતું કે "આકૃતિ (= મુગટાદિ સંસ્થાન) અલગ - અલગ બને છે પણ (સુવર્ણાદિ) દ્રવ્ય તો તેનું તે જ હોય છે." આ વાત પણ અહીં ફરીથી યાદ કરવા યોગ્ય છે. તેથી મનુષ્ય વગેરે આત્મપર્યાયો કે મુગટ, ઘટ, વાસણ વગેરે સુવર્ણપર્યાયો પણ ધર્માસ્તિકાયાદિનિષ્ઠ જીવાદિસંયોગની જેમ અસદ્ભૂત = ઉપચરિત પર્યાય સ્વરૂપ જ બની જશે.

-नारकादीनाम् अशुद्धद्रव्यव्यञ्जनपर्यायतया पूर्वं (१४/४) दर्शितत्वात्। "तु स्याद् भेदेऽवधारणे" (अ.र.मा.५/९५) इति पूर्वोक्तायाम् (३/१५ + १३/१४) **अभिधानरत्नमालायां हलायुध**वचनादत्रावधारणार्थे '**तु**' योजितः।

वस्तुतस्तु अशुद्धपर्यायव्यवहारनियामकत्वम् अन्यद्रव्यजन्यत्वापेक्षायामेव, न तु द्रव्याऽन्यथात्व-हेतुतायाम्। ततश्च धर्मास्तिकायादौ अशुद्धपर्यायाऽभ्युपगमे न कश्चिद् विरोधः। एतावता धर्मादिद्रव्ये जीवादिपरद्रव्यसंयोगलक्षणपर्यायाणामशुद्धत्वमेव । पूर्वोक्तरीत्या (८/७) विपरीतभावनानिवर्त्यत्वाऽभावान्न तेषामुपचरितत्वमिति सिद्धमिति **दिक्**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – मनुष्यादिपर्यायोत्पाद-व्यययोः सतोरपि आत्मनः द्रव्यान्यथात्वं न सम्पद्यते। एवमेव मानापमान-सौभाग्यदुर्भाग्य-साताऽसात-यशोऽपयशःप्रभृतिद्वन्द्वोत्पाद-व्यययोः सतोरपि

---

કારણ કે **દેવસેનજી**ના મતે જેમ ધર્માસ્તિકાયાદિનિષ્ઠ જીવાદિસંયોગ અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, તેમ અનેકદ્રવ્યાશ્રિત મનુષ્યાદિ આત્મપર્યાયો પણ અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે જ. પરંતુ આવી આપત્તિને દેવસેનજી ઈષ્ટાપત્તિ તરીકે જણાવી શકે તેમ નથી. કારણ કે આત્માના મનુષ્ય, નારક આદિ પર્યાય દેવસેનજીને અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે માન્ય છે. આ વાત પૂર્વે (૧૪/૪) દર્શાવેલ છે. તેથી ધર્માસ્તિકાયમાં રહેનારા જીવાદિ દ્રવ્યના સંયોગને જો અશુદ્ધ પર્યાય તરીકે **દેવસેનજી** ન માને તો મનુષ્ય વગેરે અશુદ્ધ પર્યાયોને પણ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે દેવસેનજી માની નહિ શકે. પૂર્વે (૩/૧૫+૧૩/૧૪) દર્શાવ્યા મુજબ 'तु' શબ્દને **અભિધાનરત્નમાલા**માં **હલાયુધે** ભેદ અને અવધારણ અર્થમાં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલા 'तु' શબ્દને અવધારણ = જકાર અર્થમાં યોજેલ છે.

### ❋ ધર્માદિદ્રવ્યમાં ઉપચરિતપર્યાય નથી ❋

(**वस्तु.**) વાસ્તવમાં તો અશુદ્ધપર્યાયના (= પર્યાયગત અશુદ્ધત્વના) વ્યવહારનું નિયામક દ્રવ્યની અન્યથા પરિણતિની કારણતા (કે જે વિવક્ષિત પર્યાયમાં રહેલી હોય, તે) નથી, પરંતુ પરદ્રવ્યજન્યત્વની અપેક્ષા જ તેનું નિયામક છે. તેથી ધર્માસ્તિકાય વગેરેમાં અશુદ્ધપર્યાયનો સ્વીકાર કરવામાં કોઈ વિરોધ આવતો નથી. ઉપરોક્ત વિચારવિમર્શથી એટલું સિદ્ધ થાય છે કે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં જીવાદિ અન્ય દ્રવ્યોના સંયોગ સ્વરૂપ જે પર્યાય રહેલ છે, તે અશુદ્ધ પર્યાય જ છે. પૂર્વે (૮/૭) જણાવેલ પદ્ધતિ મુજબ વિપરીતભાવનાનાશ્યત્વ એ ઉપચરિતત્વનું નિયામક છે. ધર્માસ્તિકાયાદિમાં રહેલા જીવાદિસંયોગોમાં વિપરીતભાવનાવિનાશ્યત્વ ન હોવાથી તે ઉપચરિત પર્યાય નથી. આવું અહીં સિદ્ધ થાય છે. અહીં જે કહેવાયેલ છે, તે દિશાસૂચનમાત્ર છે.

### ❋ આત્મા અનાત્મા બનતો નથી ❋

**આધ્યાત્મિક ઉપનય** :- મનુષ્યાદિ પર્યાયો આવે અને જાય તેમ છતાં પણ આત્મા અન્યદ્રવ્યસ્વરૂપે (= અનાત્મા) બનતો નથી. તેમ માન-અપમાન, સૌભાગ્ય-દુર્ભાગ્ય, શાતા-અશાતા, યશ-અપયશ વગેરે દ્વન્દ્વ આવે કે જાય, આત્મા બદલાતો નથી. આત્મા અનાત્મા થતો નથી. અર્થાત્ આવા દ્વન્દ્વોના આવા-ગમનથી આત્માને કોઈ જ લાભ કે નુકસાન પરમાર્થથી નથી થતું. તે તમામ અવસ્થાઓમાં આત્મા તો

आत्मा अनात्मा न भवति, सर्वदा सर्वत्र आत्मनः आत्मत्वेनाऽवस्थानात्। इदमवसायाऽऽत्मार्थिना मानाऽपमानादिद्वन्द्वाऽऽपाते हर्ष-विषादादिकमकृत्वा माध्यस्थ्यमास्थेयम्।

तदर्थं सकलपरद्रव्य-गुण-पर्यायेभ्य इन्द्रियाऽन्तःकरणवृत्ति-निजोपयोगान् व्यावृत्त्य शुद्धेषु स्वद्रव्य-गुणार्थ-व्यञ्जनपर्यायेषु स्वोपयोगः चिरकालं, सादरं, लीनतया स्थाप्यः, "स्वद्रव्य-गुण-पर्यायचर्या वर्या, पराऽन्यथा" (ज्ञा.सा.५/५) इति **ज्ञानसारोक्तिं** संस्मृत्य। न हि अन्तर्मुखीभूय निजशुद्धात्मानं स्वोपयोगाऽगोचरं कृत्वा अपरोक्षस्वानुभूतिः सम्भवति। पौनःपुन्येन शुद्धात्मानं स्वोपयोगगोचरीकृत्य अल्पज्ञोऽपि अल्पकाले नियमेन सर्वज्ञो भवति। ततश्च शास्त्रज्ञानादपि आत्मज्ञानेऽधिको यत्न आत्मार्थिभिः कर्त्तव्यः।

तद्बलेन 'स्वेतरद्रव्यगोचरेभ्यो ज्ञान-यत्न-भोगोपभोग-स्पृहादिभ्यः सुखमुपजायते, अन्यथा तु

---

આત્મા તરીકે જ રહે છે. આવું જાણીને આત્માર્થી સાધકે માન, અપમાન આદિ દ્વન્દ્વ વખતે હરખ કે શોક કર્યા વિના મધ્યસ્થદશા કેળવવી જોઈએ.

### ❖ શુદ્ધાત્મદ્રવ્યાદિરમણતા જ ઉપાદેય છે ❖

(**तदर्थं.**) તેવી મધ્યસ્થદશા મેળવવા માટે તમામ પરદ્રવ્ય, પરગુણો અને પરપર્યાયો - આ ત્રણેયથી પોતાની સર્વ ઈન્દ્રિયોને, ચિત્તવૃત્તિને અને પોતાના ઉપયોગને પાછા વાળવા જરૂરી છે. આ રીતે અંતર્મુખ બનવું જોઈએ. ત્યાર બાદ શુદ્ધ એવા નિજ આત્મદ્રવ્યમાં, શુદ્ધ આત્મગુણમાં, પોતાના શુદ્ધ અર્થપર્યાયમાં અને પોતાના જ શુદ્ધ વ્યંજનપર્યાયમાં પોતાના ઉપયોગને લાંબા સમય સુધી આદરપૂર્વક લીન-લયલીન બનાવીને રાખવો. આ કાર્યમાં ઉત્સાહ પ્રગટે તે માટે **જ્ઞાનસાર**ની એક પંક્તિને યાદ કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં, પોતાના જ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિગુણમાં, પોતાના જ શુદ્ધ અર્થપર્યાયમાં અને પોતાના જ શુદ્ધ વ્યંજનપર્યાયમાં પોતાની પરિણતિ (= ચર્યા) રમતી રાખવી એ જ શ્રેષ્ઠ છે. પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાં ગ્રહણ-ઉત્પત્તિરૂપ પરિણતિ (= ચર્યા) તે સારી નથી.' (મહોપાધ્યાયજીરચિત **જ્ઞાનસારટબા**ના આધારે આ અર્થ લખેલ છે.) ખરેખર અંતર્મુખ થઈને પોતાના શુદ્ધ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવ્યા વિના અપરોક્ષ સ્વાનુભવ નથી જ થઈ શકતો. શુદ્ધાત્માને પોતાના ઉપયોગનો વારંવાર વિષય બનાવવાથી અલ્પજ્ઞ પણ નિયમા અલ્પકાળમાં સર્વજ્ઞ બની જાય છે. તેથી શાસ્ત્રજ્ઞાનને મેળવવા માટે જેટલો પ્રયત્ન કરવામાં આવે છે, તેના કરતાં આત્મજ્ઞાનને મેળવવા માટે ઘણો વધુ પ્રયત્ન આત્માર્થી જીવે કરવો જોઈએ.

### ✡ પરને જાણવા-જોવા-ભોગવવાની મિથ્યામતિ છોડીએ ✡

(**तद्बले.**) આત્મજ્ઞાનગોચર પ્રયત્ન બળવાન થવાથી અનાદિકાલીન મિથ્યામતિને સાધક ભગવાનને છોડે છે. અનાદિ કાળથી જીવને એવી મિથ્યામતિ-મિથ્યારુચિ-મિથ્યાશ્રદ્ધા દૃઢ થયેલ છે કે 'પોતાના આત્માથી ભિન્ન પરદ્રવ્યોને જાણવાથી, પરદ્રવ્યોને ઉત્પન્ન કરવાનો કે પરદ્રવ્યોને મેળવવાનો પ્રયત્ન કરવાથી સુખ મળે છે. પરદ્રવ્યોને એક વાર કે વારંવાર ભોગવવાથી સુખ ઉત્પન્ન થાય છે. અરે ! પરદ્રવ્યોને મેળવવાની કલ્પના-ઈચ્છા-આકાંક્ષા વગેરેથી પણ સુખ મળે છે. તથા પરદ્રવ્યોને ન જાણવાથી, પરદ્રવ્યોને પ્રાપ્ત

दुःखमि'त्यनादिमिथ्यामति-रुचि-श्रद्धादिकं परित्यज्य परद्रव्यविषयकविज्ञानादिशून्यः सन् निजशुद्धात्म-गोचरज्ञानादिप्रभावेण यदा विदेह-वचनातीत-वरेण्य-वीतराग-विकाराऽपेत-विकल्पाऽगोचर-वल्लभ-विकस्वर -विपत्तिशून्य-विषादरहित-व्याधिविकल-विज्ञानघन-विमलाऽऽनन्दस्वभावं लभते, तदा नाऽन्यत् किञ्चिद् लब्धव्यमवशिष्यते। तदुक्तं **ज्ञानसारे** "स्वभावलाभात् किमपि प्राप्तव्यं नाऽवशिष्यते" (ज्ञा.सा.१२/१) इति। शुद्धात्मस्वभावलाभाच्च [1]"मोक्खो सारीरेयरदुक्खक्खयओ सयासोक्खो।" (सं.र.शा.५०९२) इति **संवेगरङ्गशालायां जिनचन्द्रसूरि**प्रदर्शितः मोक्षः सुलभः स्यात्।।१४/१३।।

---

કરવાનો પ્રયાસ ન કરવાથી દુઃખી થવાય છે. પત્ની-ભોજન-વસ્ત્રાદિ પરદ્રવ્યોનો ભોગ-ઉપભોગ ન કરવાથી સુખહાનિ થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે. પત્ની વગેરે પરદ્રવ્યોની સ્પૃહા-કામના વગેરે ન કરવાથી દુઃખી થવાય છે.' અનાદિકાલીન આ મિથ્યામતિ વગેરેને છોડીને પરદ્રવ્યોને જાણવાનો, જોવાનો કે મેળવવાનો પ્રયત્ન, ભોગવવાનો સંકલ્પ વગેરે પણ સાધકે છોડવા જોઈએ. અન્ય સમસ્ત જ્ઞેય વસ્તુના જ્ઞાન વગેરેથી રહિત બનીને સાધકે પોતાના જ શુદ્ધ આત્માને જાણવો જોઈએ. તેને જ પ્રગટાવવાનો = અનુભવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોતાના જ શુદ્ધ આત્મામાં એકવાર-અનેકવાર રમણતા-ક્રીડા કરવી. તથા તેની જ વારંવાર સ્પૃહા કરવી.

### ❀ આત્માના આનંદસ્વભાવને ઓળખીએ ❀

તેના પ્રભાવથી જ્યારે નિર્મળ આત્માનો આનંદસ્વભાવ પ્રગટે છે. ત્યારે સાધક ભગવાનને અંદરમાં અભ્રાન્તપણે પ્રતીતિ થાય છે કે 'હું શરીરરહિત છું. પરમાર્થથી મારું અસ્તિત્વ દેહથી નિરપેક્ષ છે. શબ્દો દ્વારા મારી ઓળખ થઈ શકે તેમ નથી. હું શ્રેષ્ઠ તત્ત્વ છું, વીતરાગ છું, વિકારશૂન્ય છું. હું સંકલ્પ-વિકલ્પનો વિષય નથી. મને મારો આત્મા અત્યંત પ્રિય છે. હું ગુણોથી વિકસ્વર છું, આપત્તિશૂન્ય છું. હું વિષાદશૂન્ય છું. વ્યાધિરહિત છું. હું વિજ્ઞાનઘન છું. હું કર્મમળશૂન્ય છું. અનંત આનંદ મારો સ્વભાવ છે. તથા મારો આનંદસ્વભાવ પણ મારાથી અભિન્ન હોવાથી વિદેહ = દેહનિરપેક્ષ છે, શબ્દાતીત છે, શ્રેષ્ઠ છે, રાગરહિત-તૃષ્ણાશૂન્ય છે, વિકારવિકલ છે. મારા આનંદસ્વભાવમાં વિકારનો છાંટો નથી. મારો નિરુપાધિક આનંદસ્વભાવ નિર્વિકલ્પ છે. મને તે અત્યંત પ્રિય છે. તે વિકસ્વર છે. તે વિપત્તિશૂન્ય, વિષાદવિકલ, રોગરહિત છે. મારો આનંદસ્વભાવ ચૈતન્યમય-ચૈતન્યઘન-વિજ્ઞાનઘન છે. તે વિમલ છે, નિર્મલ છે.' આવા નિર્મળ આનંદસ્વભાવને સાધક જ્યારે મેળવે છે, પ્રગટાવે છે, ત્યારે બીજું કશું પણ મેળવવા લાયક બાકી રહેતું નથી. **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાયજી**એ જ જણાવેલ છે કે 'આત્માના સ્વભાવની પ્રાપ્તિ થતાં બીજું કાંઈ પણ પામવા જેવું બાકી રહેતું નથી.' આ શુદ્ધ આત્મસ્વભાવનો લાભ થવાથી **સંવેગરંગશાળા**માં વર્ણવેલ મોક્ષ સુલભ બને. ત્યાં શ્રી**જિનચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'શારીરિક-માનસિક દુઃખનો ઉચ્છેદ થવાથી મોક્ષ સદા સુખમય છે.' (૧૪/૧૩)

---

1. मोक्षः शारीरेतरदुःखक्षयतः सदासौख्यः।

દ્વિતંતુકાદિપર્યાયની પરિં એકદ્રવ્યજનકાવયવસંઘાતનઈં જ અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયપણું જ કહતાં રૂડું

यदि च द्रव्यान्यथात्वहेतोरेव अशुद्धपर्यायत्वमभिमतं तदा द्वितन्तुकादिपटादिपर्यायवद् एकद्रव्यजनकसजातीयद्रव्यलक्षणावयवसङ्घातकार्ये यद्वा तादृशावयवसङ्घाते एव अशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वाभिधानं न्याय्यम्, धर्मादिद्रव्यगतजीवादिसंयोगलक्षणाशुद्धद्रव्यव्यञ्जनपर्यायानभ्युपगमस्य तत्रैव विश्रामात्, जीवादीनां धर्मादितो विजातीयद्रव्यत्वात्, धर्माद्यनुयोगिक-जीवादिप्रतियोगिकसंयोगस्य द्रव्यान्तराऽजनकत्वाच्च। तथा च 'मनुष्यात्मा, देवात्मा' इत्यादयो विजातीयकर्मादिपुद्गलसङ्घातजन्यतया नाऽऽत्मनोऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायाः स्युरिति महत्कष्टमायुष्मतः। तस्मात् प्रागुक्तरीत्या (૧૪/૧૦) परद्रव्यापेक्षत्वमशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वव्याप्तम्, परद्रव्यानपेक्षत्वञ्च शुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वव्याप्तमित्यभ्युपगन्तव्यमकामेनाऽपि आशाम्बरेण। तथा च मनुष्यात्मादयोऽशुद्धात्मद्रव्यव्यञ्जनपर्यायाः स्युः। परद्रव्यापेक्षतया जीवादौ कर्मपुद्गल-धर्मादिद्रव्यसंयोगस्येव धर्मास्तिकायादौ पुद्गल-जीवादिसंयोगस्य अशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वमनाविलमेव, युक्तेरुभयत्राऽविशेषात्। तथा चैकस्मिन्नेव धर्मादौ

---

## ❀ અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાયની વિચારણા ❀

[redacted] :- જો દ્રવ્યમાં અન્યથાપણું (= દ્રવ્યાંતરપણું) લાવનાર પર્યાય જ અશુદ્ધ પર્યાય તરીકે દિગંબરોને માન્ય હોય તો દિગંબરોએ દ્વિતંતુક (= બે તંતુથી નિષ્પન્ન થયેલ) પટાદિ પર્યાયની જેમ એકદ્રવ્યજનક (= દ્રવ્યાન્તરજનક) સજાતીય દ્રવ્યસ્વરૂપ અવયવના સમુદાયના કાર્યમાં અથવા તાદૃશ અવયવોના સમુદાયમાં જ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયપણું કહેવું યુક્તિસંગત બનશે. કારણ કે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં રહેનાર જીવાદિસંયોગ સ્વરૂપ દ્રવ્યવ્યંજનપર્યાયને અશુદ્ધ પર્યાય તરીકે ન માનવાનું પરિણામ તો તેમાં જ ફલિત થાય છે. કહેવાનો આશય એ છે કે સજાતીયદ્રવ્યસ્વરૂપ અવયવોના સંઘાતથી ઉત્પન્ન થયેલ દ્વિતંતુક પટ વગેરે અતિરિક્ત કાર્યને દિગંબરો જો અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ માને તો ધર્માસ્તિકાય વગેરેમાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયને માનવાની આપત્તિ દિગંબરમતમાં ન આવે. કારણ કે જીવાદિ દ્રવ્યો ધર્માસ્તિકાય વગેરેથી વિજાતીય છે, સજાતીય નથી. તેમજ ધર્માસ્તિકાય વગેરેમાં જીવાદિનો જે સંયોગ છે તે દ્રવ્યાન્તરનો જનક નથી. પરંતુ આ રીતે દ્રવ્યાન્તરજનક સજાતીયદ્રવ્યસ્વરૂપ અવયવોના સંઘાતથી ઉત્પન્ન થયેલ કાર્યને અથવા તથાવિધ અવયવસંઘાતને જ જો અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ માનવામાં આવે તો દિગંબરમતમાં આપત્તિ એ આવશે કે કર્માદિપુદ્ગલ અને આત્મા વિજાતીયદ્રવ્ય હોવાથી તેના સંયોગથી ઉત્પન્ન થનાર મનુષ્યાત્મા, દેવાત્મા વગેરે પર્યાયો આત્માના અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય બની નહિ શકે. આવી નવી સમસ્યા દિગંબરને આવશે. તેથી તેના નિરાકરણ માટે અનિચ્છાએ પણ દિગંબરે પૂર્વે (૧૪/૧૦) જણાવેલ પદ્ધતિ મુજબ, જે જે વ્યંજનપર્યાયમાં પરદ્રવ્યસાપેક્ષપણું હોય તેને અશુદ્ધ વ્યંજનપર્યાય તરીકે માનવા અને જે જે વ્યંજનપર્યાયમાં પરદ્રવ્યનિરપેક્ષપણું હોય તેને શુદ્ધ વ્યંજનપર્યાય તરીકે માનવા જરૂરી છે. આથી મનુષ્યાત્મા, દેવાત્મા વગેરે પર્યાયો આત્મદ્રવ્યના અશુદ્ધ વ્યંજનપર્યાયસ્વરૂપ બની શકશે. તથા જીવ વગેરેમાં કર્માદિપુદ્ગલદ્રવ્ય, ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો જે સંયોગ છે, તે પરસાપેક્ષ

લાગઈ. "तस्मात् ♦परापेक्षानपेक्षाभ्यां ▫शुद्धाशुद्धत्वानेकान्तव्यापकत्वमेव श्रेयः" તેહ જ દેખાડઈ છઈ :-

**ધર્માદિક પરપજ્જાયઈ, વિષમાઈ એમ;**
**અશુદ્ધતા અવિશેષથી✡, જિઅ પુદ્ગલિ જેમ ॥૧૪/૧૪॥ (૨૪૦) શ્રી જિન.**

---

द्रव्ये लोकाकाशमानसंस्थानस्य परद्रव्यानपेक्षतया शुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वम्, जीवादिसंयोगस्य च परद्रव्यापेक्षतयाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वं निराबाधम्।

तस्मात् परमार्थतः परद्रव्यापेक्षत्व-निरपेक्षत्वनिरूपितं द्रव्यव्यञ्जनपर्यायनिष्ठयोः अशुद्धत्व-शुद्धत्वयोः व्यापकत्वमेव एकाधिकरणकानेकविरुद्धधर्मसमावेशकारिस्याद्वादसम्मतं श्रेयः। इत्थं प्रत्येकं धर्मास्तिकायादौ स्याद्वादसम्मतव्याप्य-व्यापकभावानुसारेण शुद्धाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायाः सम्भवन्त्येव। एतदेवाऽऽह – '**धर्मे**'ति।

**धर्मादिपरपर्यये स्वपर्यायाद् वैलक्षण्यमेवम्।**
**अशुद्धता समा यथा, जडापेक्षणतो जीवे।।१४/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मादिपरपर्यये स्वपर्यायाद् वैलक्षण्यम् एवम्, यथा जीवे जडाऽपेक्षणतः अशुद्धता समा।।१४/१४।।

---

હોવાથી જેમ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ છે, તેમ ધર્માસ્તિકાય વગેરેમાં પુદ્ગલ, જીવાદિનો જે સંયોગ છે, તે પણ પરસાપેક્ષ હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ બનશે. તેમાં કોઈ તકલીફ નહિ આવે. કારણ કે બન્નેમાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયતાનો સ્વીકાર કરવામાં યુક્તિ તો સમાન જ છે. તેથી ધર્માસ્તિકાય વગેરે પ્રત્યેક દ્રવ્યમાં લોકાકાશપ્રમાણ જે આકૃતિ છે, તે પરદ્રવ્યનિરપેક્ષ હોવાથી શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ છે. તથા ધર્માસ્તિકાય વગેરેમાં જીવાદિદ્રવ્યનો જે સંયોગ છે, તે પરદ્રવ્યસાપેક્ષ હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજન-પર્યાયાત્મક છે - આવું માનવામાં કોઈ જ સમસ્યાને અવકાશ નથી.

### ⁂ ધર્માસ્તિકાયાદિમાં શુદ્ધ-અશુદ્ધવ્યંજનપર્યાય નિરાબાધ ⁂

(**तस्मा.**) તેથી પરસાપેક્ષતા હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને પરનિરપેક્ષતા હોવાથી શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય પણ ધર્માસ્તિકાય વગેરે સર્વ દ્રવ્યોમાં સિદ્ધ થાય છે. આ કારણે 'પરમાર્થથી દ્રવ્યવ્યંજનપર્યાયમાં રહેનાર અશુદ્ધત્વ પરાપેક્ષત્વનું વ્યાપક છે. તથા દ્રવ્યવ્યંજનપર્યાયમાં રહેનાર શુદ્ધત્વ પરનિરપેક્ષત્વનું વ્યાપક છે' - આમ માનવું એ જ શ્રેયસ્કર છે. કારણ કે આવી વ્યાપકતા એક જ અધિકરણમાં અનેક વિરુદ્ધ ગુણધર્મોનો સમાવેશ કરનાર સ્યાદ્વાદને સંમત છે. ઉપર જણાવ્યા મુજબ, પ્રત્યેક ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો સમાવેશ સ્યાદ્વાદસંમત વ્યાપ્ય-વ્યાપકભાવ મુજબ થાય જ છે. આ જ વાતને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે :-

[illegible] :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના પરપર્યાયમાં સ્વપર્યાય કરતાં આ રીતે વિલક્ષણતા આવશે.

---

♦ પુસ્તકોમાં '**अपेक्षा...**' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ▫ ફક્ત લી.(૧)માં '**शुद्धाशुद्धत्वाने...**' પાઠ. પુસ્તકોમાં '**शुद्धाशुद्धाने...**' પાઠ. ✡ કો.(૨)માં 'અવિપથિ' પાઠ.

**ધર્માદિકનઈં પરપર્યાયઈં** સ્વપર્યાયથી **વિષમાઈ** = વિલક્ષણતા **ઇમ** જાણવી. જે માટઇં પરાપેક્ષાઇં **અશુદ્ધતાનો (અવિશેષથી=)** વિશેષ નથી. **જેમ જીવદ્રવ્ય (પુદ્ગલિ=)** પુદ્ગલ દ્રવ્યનઈં વિષઈં. ॥૧૪/૧૪॥

---

**धर्मादिपरपर्यये** = धर्मास्तिकायादिद्रव्यस्य जीवादिसंयोगलक्षणे परनिमित्तकपर्याये **स्वपर्यायाद्** = लोकाकाशप्रमाणसंस्थानलक्षणाद् निजापेक्षपर्यायाद् **वैलक्षण्यं** = वैषम्यम् **एवं** = परापेक्षानपेक्षाभ्याम् अशुद्ध-शुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वविवक्षणप्रकारेण एव स्यात्, न तु एकद्रव्यजनकसजातीयावयवसङ्घातत्वेन रूपेण अशुद्धद्रव्यव्यञ्जनपर्यायत्वनियन्त्रणेन; जीवादीनामिव धर्मास्तिकायादीनां स्व-परसापेक्षपर्याययोः अविशेषात्। "एवं प्रकारोपमयोरङ्गीकारेऽवधारणे" (अ.स.परिशिष्ट-४४) इति पूर्वोक्ताद् (७/१२) **अनेकार्थसङ्ग्रहकोश**वचनादत्र प्रकारार्थे एवं व्याख्यातः।

दृष्टान्तमाह – **यथा जीवे** = चेतनद्रव्ये मनुष्यादिपर्यायोत्पत्तिकृते **जडापेक्षणतः** = कार्मणवर्गणादिपुद्गलद्रव्यापेक्षातः मनुष्यादिपर्याये तथा धर्मादिद्रव्यनिष्ठजीवादिसंयोगे **अशुद्धता** = अशुद्धद्रव्यव्यञ्जनपर्यायरूपता **समा** = तुल्या, अन्यापेक्षत्वस्य उभयत्र समानत्वात्। ***एतेन*** "धर्मद्रव्यस्य शुद्धगुणाः

---

જેમ કે ચેતનમાં જડ દ્રવ્યની અપેક્ષા હોવાથી અશુદ્ધતા (છે. તેવી રીતે ધર્માસ્તિકાયાદિમાં પણ અશુદ્ધતા) સમાન જ રહેશે. [બાકી મનફાવતું માનવામાં તો સગવડવાદ કહેવાશે, સ્યાદ્વાદ નહિ.] **(૧૪/૧૪)**

### ધર્મદ્રવ્યના સ્વ-પરપર્યાયમાં એકતાની આપત્તિ

**વ્યાખ્યાર્થ** :- (**ધર્મા.**) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યનો પરપર્યાય = પરનિમિત્તક પર્યાય જીવાદિસંયોગ છે. લોકાકાશપ્રમાણ અનાદિકાલીન સંસ્થાન એ ધર્માસ્તિકાયનો સ્વપર્યાય = સ્વાપેક્ષપર્યાય છે. 'પરસાપેક્ષ હોય તો જ દ્રવ્યવ્યંજનપર્યાયને અશુદ્ધ કહી શકાય તથા પરનિરપેક્ષ હોય તો જ દ્રવ્યવ્યંજનપર્યાયને શુદ્ધ કહી શકાય' - આવા પ્રકારનો નિયમ કરવાથી જ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના પરપર્યાયમાં સ્વપર્યાય કરતાં વિલક્ષણતા સિદ્ધ કરી શકાશે. એકદ્રવ્યજનક સજાતીયદ્રવ્યાંશના સંઘાતરૂપે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનું નિયંત્રણ કરવામાં આવે તો ધર્માસ્તિકાય વગેરેના સ્વપર્યાય કરતાં પરપર્યાયમાં વિલક્ષણતા સિદ્ધ નહિ થઈ શકે. કેમ કે જીવાદિ દ્રવ્યની જેમ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યમાં સ્વ-પરસાપેક્ષ પર્યાય તો સમાન રીતે રહે જ છે. આ બાબતમાં કોઈ મતભેદ નથી. શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ **અનેકાર્થસઙ્ગ્રહકોશ**માં "પ્રકાર, ઉપમા, અંગીકાર, અવધારણ - આ અર્થમાં 'एवं' વપરાય છે" - આમ જણાવેલ છે. આ સંદર્ભ પૂર્વે (૭/૧૨) જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'एवं' શબ્દની પ્રકાર અર્થમાં વ્યાખ્યા કરેલ છે.

(**दृष्टा.**) આ જ વાતને જણાવતા શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રન્થકારશ્રી દૃષ્ટાન્તને કહે છે કે ચેતનદ્રવ્યમાં મનુષ્ય વગેરે પર્યાયની ઉત્પત્તિ માટે કાર્મણવર્ગણા વગેરે જડ પુદ્ગલદ્રવ્યની અપેક્ષા હોવાથી મનુષ્યાદિપર્યાયમાં જેમ અશુદ્ધવ્યંજનપર્યાયતા રહે છે, તેમ ધર્માસ્તિકાયાદિગત જીવાદિસંયોગમાં અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયાત્મકતા સમાન જ છે. કારણ કે બન્ને સ્થળે પરસાપેક્ષતા સમાન જ છે. **નિયમસારવ્યાખ્યા**માં દિગંબર **પદ્મપ્રભે** "ધર્માસ્તિકાયદ્રવ્યમાં શુદ્ધગુણો અને શુદ્ધપર્યાયો હોય છે" - આ મુજબ જે એકાન્ત બતાવેલ છે, તેનું પણ

शुद्धपर्याया भवन्ति" (नि.सा.३०/वृ.पृ.६२) इति **नियमसारवृत्तौ पद्मप्रभ**दर्शित एकान्तः ***प्रतिक्षिप्तः***, यतः यथा आत्मनो मनुष्यादिपर्यायः परद्रव्यसापेक्षतया अशुद्धद्रव्यव्यञ्जनपर्यायः तथा धर्मास्तिकायादेः जीवादिसंयोगलक्षणः पर्यायः परद्रव्यादिसापेक्षतया अशुद्धद्रव्यव्यञ्जनपर्याय एवेति पूर्वोक्त(१४/१०)रीत्या योज्यम्।

इत्थञ्च द्रव्यव्यञ्जनपर्यायनिष्ठं परापेक्षत्वम् अशुद्धत्वव्याप्यम्, अन्यानपेक्षत्वञ्च शुद्धत्वव्याप्यमेवेत्यभ्युपगम्यते। एवञ्च सर्वत्रैवाऽन्याऽनपेक्षाऽपेक्षातः शुद्धाऽशुद्धद्रव्यव्यञ्जनपर्यायोभयसमावेशलक्षणस्य अनेकान्तस्य अव्याहतप्रसरः सिध्यति। अत्र अनेकान्तोऽपि दर्शितसम्यगेकान्तरूप एवाऽवगन्तव्यः, न तु अव्यवस्थालक्षणः सङ्कर-व्यतिकरादिलक्षणो वा।

यथाशास्त्रमेवाऽर्पणायाः सुनयापेक्षतत्त्वसाधकत्वादिति दिक्।

---

નિરાકરણ ઉપરના નિરૂપણ દ્વારા થઈ જાય છે. અહીં કહેવાનો આશય એ છે કે જેમ આત્માનો મનુષ્યાદિ પર્યાય પરદ્રવ્યસાપેક્ષ હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે, તેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના જીવાદિસંયોગ સ્વરૂપ પરપર્યાય પણ પરદ્રવ્યાદિને સાપેક્ષ હોવાથી અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયસ્વરૂપ જ બનશે. પૂર્વે (૧૪/૧૦) દર્શાવેલ પદ્ધતિ મુજબ આ બાબત વિચારવી.

### ❀ અનેકાન્તવાદની સમજણ ❀

(**इत्थञ्च.**) આ રીતે ફલિત થાય છે કે 'જે દ્રવ્યવ્યંજનપર્યાયમાં પરસાપેક્ષત્વ હોય તેમાં અશુદ્ધત્વ જ હોય તથા જે દ્રવ્યવ્યંજનપર્યાયમાં પરનિરપેક્ષત્વ હોય તેમાં શુદ્ધત્વ જ હોય' - આ પ્રમાણેનો નિયમ શ્વેતાંબર મનીષીઓ સ્વીકારે છે. આ રીતે બધા જ દ્રવ્યોમાં પરદ્રવ્યનિરપેક્ષતાના લીધે શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય અને પરસાપેક્ષતાના લીધે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય - આમ ઉભયનો સમાવેશ થવા સ્વરૂપ અનેકાન્તનો પ્રચાર-પ્રસાર અવ્યાહત જ રહે છે. અહીં જણાવેલ અનેકાંત પણ ઉપર જણાવેલ સમ્યગ્ એકાંત સ્વરૂપે જ જાણવો. અવ્યવસ્થા સ્વરૂપ અનેકાંત કે સંકર, વ્યતિકરાદિ દોષરૂપ અનેકાંત અહીં ન સમજવો.

### ❀ સંકર-વ્યતિકરની સ્પષ્ટતા ❀

[redacted] :- ઘરે આવેલા પચીસ મહેમાનોને પૂછવામાં આવે કે 'તમે જમશો કે નહિ ?' - અને તેઓ જવાબ આપે કે 'અમે જમીશું જ - આવો એકાંત નથી. અમે જમીએ પણ ખરા અને ન પણ જમીએ' - મહેમાનો દ્વારા અપાતો આવો અનેકાંત સ્વરૂપ જવાબ યજમાનને ત્યાં રસોડામાં અવ્યવસ્થા સર્જી દે છે. તેથી આ અનેકાંત અવ્યવસ્થા સ્વરૂપ સમજાય છે. આવો અનેકાંત શિષ્ટ પુરુષોને ઈષ્ટ નથી. પ્રસ્તુતમાં 'શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનો એકત્ર સમાવેશ થવા સ્વરૂપ અનેકાન્ત અમને સંમત છે' - આ પ્રમાણે જે અનેકાંત શ્વેતાંબર વિદ્વાનોએ જણાવેલ છે, તે ઉપર દર્શાવેલ અવ્યવસ્થા સ્વરૂપ નથી. આ હકીકત હમણાં જ આપણે સમજી શક્યા છીએ. તે જ રીતે શુદ્ધત્વ અને અશુદ્ધત્વ - બન્નેના મિશ્રણ સ્વરૂપ = સંકર સ્વરૂપ અનેકાંત પણ અહીં અભિપ્રેત નથી. તથા એકબીજાના વિષયનું એકબીજામાં ગમન થવા સ્વરૂપ વ્યતિકરલક્ષણ અનેકાંત પણ અહીં અભિપ્રેત નથી.

### ❀ શાસ્ત્રાનુસારી વિવક્ષા ઉપયોગી ❀

(**यथाशास्त्र.**) વસ્તુમાં રહેલા અનંતા ગુણધર્મોમાંથી મન ફાવે તે ગુણધર્મને મુખ્ય બનાવવાથી તત્ત્વની

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कुत्राऽपि वस्तुनि कस्यचिदपि धर्मस्य प्राधान्यं यथा शास्त्रकृतां सम्मतं तथा तदर्पणा कार्या, न तु यथेच्छम्। अत एव तीर्थकृत्सिद्धान्तः अनेकान्तवाद उच्यते न तु अनुकूलतावादः। यथा (१) अस्मदीयसुखशीलता पुष्येत, (२) राग-द्वेषाभिनिवेशः विजृम्भेत, (३) पौद्गलिकस्वार्थवृत्तिः परिवर्धेत, (४) जगज्जीवमैत्री च समुच्छिद्येत तथा शास्त्रवचनपुरस्करणं न तीर्थकृत्सम्मतम्।

तथाहि – (१) 'शास्त्रेषूत्सर्गापवादा बहुधा दर्शिताः' इत्युक्त्वा निष्कारणं सदोषपिण्डसेवनतः सुखशीलतापोषणं नानेकान्तवादसम्मतम्। (२) निष्कारणं गुरुसम्मतिं विना रसलम्पटतया मिष्टान्न-भोजिनः 'निर्दोषत्वाद् मिष्टान्नं मया भुक्तं सदोषत्वाच्च रूक्षाहारः त्यक्तः' इत्युक्त्या राग-द्वेषविजृम्भणं न स्याद्वादसम्मतम्। (३) 'वैयावृत्त्यमप्रतिपाति' इत्युक्त्या परैः स्वसेवाकारापणतः पौद्गलिकस्वार्थवृत्ति-परिवर्धनं नैव विभज्यवादाभिमतम्। (४) स्वप्रतिकूलव्यवहारकारिणः साधोः स्वल्पां त्रुटिं पुरस्कृत्य

---

સિદ્ધિ થતી નથી. પરંતુ શાસ્ત્રાનુસારે જ વસ્તુગત અમુક ધર્મને મુખ્ય બનાવવાથી તત્ત્વની સિદ્ધિ થાય છે. આ રીતે જે તત્ત્વની સિદ્ધિ થાય તે જ તત્ત્વ સુનયને સાપેક્ષ હોય છે. અન્યથા સુનયના બદલે દુર્નયને સાપેક્ષ બની જવાથી યથેચ્છ વિવક્ષા દ્વારા તત્ત્વના બદલે અતત્ત્વની સિદ્ધિ થવાની આપત્તિ આવે. તેથી જ અહીં જે અનેકાન્તને સમ્યગ્એકાન્તરૂપે જણાવેલ છે તેને શાસ્ત્રાનુસારે સમજવો. અહીં જે કાંઈ પણ કહેવાયેલ છે તે તો એક દિશાસૂચનમાત્ર છે. હજુ તે મુજબ આગળ ઘણું વિચારી શકાય તેમ છે. આ બાબતને જણાવવા માટે વ્યાખ્યામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.

### ❋ સગવડવાદ છોડો, સ્યાદ્વાદ પકડો ❋

**આધ્યાત્મિક ઉપનય** :- વસ્તુગત કોઈ પણ ગુણધર્મની મુખ્યતા શાસ્ત્રકારોને માન્ય હોય તે રીતે કરાય. આપણને ફાવે તે રીતે ન કરાય. તેથી જ તારક તીર્થંકર ભગવંતે બતાવેલ સિદ્ધાંતનું નામ સ્યાદ્વાદ છે, સગવડવાદ નથી. (૧) આપણી અનુકૂળતા પોષાય, (૨) આપણા રાગ-દ્વેષના તોફાન વધે, (૩) આપણી પૌદ્ગલિક સ્વાર્થવૃત્તિ પુષ્ટ બને અથવા તો (૪) જગતના જીવો પ્રત્યેનો મૈત્રીભાવ ખતમ થાય તે રીતે શાસ્ત્રવચનોને આગળ ધરવાનું કાર્ય તારક તીર્થંકર ભગવંતોને માન્ય નથી.

### ✡ કુટિલ નહિ, કમળ જેવા કોમળ બનો ✡

**(तथा.)** તે આ રીતે સમજવું - (૧) વગર કારણે દોષિત ગોચરીને વાપરનાર સાધુ 'શાસ્ત્રમાં તો ઉત્સર્ગ-અપવાદ બધું બતાવેલ છે' - આવું બોલીને પોતાની અનુકૂળતા પોષે, (૨) વગર કારણે ગુરુની રજા વિના રસલંપટતાથી મીઠાઈને વાપરનારો સાધુ 'મને તો નિર્દોષ મીઠાઈ મળી એટલે મેં લઈ લીધી. આયંબિલખાતાનો લૂખો રોટલો દોષિત હોવાથી મેં છોડી દીધો' - આવું બોલીને પોતાના રાગ-દ્વેષને તગડા કરે, (૩) 'વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે' - આવા શાસ્ત્રવચનને આગળ કરીને બીજા પાસે પોતાની સેવા કરાવી લેવાની સ્વાર્થવૃત્તિનું વલણ સાધક કેળવે, (૪) પોતાના પ્રત્યે વ્યક્તિગત પ્રતિકૂળ વ્યવહાર કરનાર એવા સાધકના જીવનમાં રહેલ કોઈ નાનકડી ત્રુટિને મુખ્ય બનાવી 'આવા શિથિલાચારીને

'शिथिलाचारिणः समुदायाऽबहिर्भावे समुदायः भ्रष्टः स्यादि'त्युक्त्या जीवमैत्रीविनाशनं नाऽर्हदभिप्रेतम्। एतादृशोक्त्या अर्हद्भक्तिः न सूच्यते अपितु मोहाधीनतता सूच्यते। दुःख-दुर्गति-दोषप्रचुरभवभ्रमण-कारित्वादेतादृशकुवृत्तिः दूरतः सन्त्याज्येत्युपदिश्यतेऽत्र। तदनुसरणतश्च [1]"अणंतमणुत्तरमणोवमं सासयं सयाणंदं सिद्धिसुहं" (श्री.क.१२३५) इति **श्रीश्रीपालकथायां रत्नशेखरसूरि**दर्शितं सिद्धिसुखं न दूरवर्त्ति स्यात्।।१४/१४।।

સમુદાયમાં રાખવાથી આખો સમુદાય શિથિલ થઈ જશે, ભ્રષ્ટ થઈ જશે' - આવી સૂફીયાણી વાતો કરી તેને સમુદાય બહાર કરવા માટે ધમપછાડા કરવા દ્વારા જીવમૈત્રીને ખતમ કરવી... આ બધા લક્ષણો તીર્થંકરસંમત સ્યાદ્વાદના નથી પરંતુ સ્વસંમત સગવડવાદના છે, સ્વચ્છંદવાદના છે. તેનાથી તીર્થંકર પરમાત્મા પ્રત્યેની વફાદારી નહિ પરંતુ મોહરાજા પ્રત્યેની પોતાની વફાદારી સૂચિત થાય છે. તેનું પરિણામ દુઃખ-દુર્ગતિ-દોષપ્રચુર એવો દીર્ઘ સંસાર છે. આત્માર્થી સાધક આવી મલિન વૃત્તિને દૂરથી તિલાંજલી આપે - એવા પ્રકારનો આધ્યાત્મિક સંદેશ અહીં પ્રાપ્ત થાય છે. તે સંદેશને અનુસરવાથી **શ્રીશ્રીપાલકથા (સિરિસિરિવાલકહા)** ગ્રંથમાં વર્ણવેલ મુક્તિસુખ દૂર ન રહે. ત્યાં શ્રી**રત્નશેખરસૂરિ**જીએ જણાવેલ છે કે 'સિદ્ધિનું સુખ (૧) અનંત છે, (૨) અનુત્તર = સર્વશ્રેષ્ઠ છે, (૩) અનુપમ છે, (૪) શાશ્વત છે તથા (૫) સદા આનંદમય (દુઃખલેશશૂન્ય) છે.' (૧૪/૧૪)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના કૃતઘ્નતાને, નમકહરામપણાને પેદા કરે છે. ઉપાસના કૃતજ્ઞતાને, નમકહલાલપણાને પ્રગટાવે છે.**
- **સાધનામાં થાકનો અનુભવ શક્ય છે.**
  **દા.ત. કચ્છ-મહાકચ્છ તાપસ.**
  **ઉપાસના થાકરહિત છે, સ્ફૂર્તિદાયક છે.**
  **દા.ત. કામદેવ શ્રાવક.**
- **કેવળ સાધનાથી પુણ્ય બંધાય છે, શક્તિ-લબ્ધિ પ્રગટે છે. દા.ત. તેજોલેશ્યાધારી વૈશ્યાયન તાપસ.**
  **સઘન ઉપાસના નિર્જરા અને શુદ્ધિ પણ પ્રગટાવે છે. દા.ત. મહાસતી મદનરેખા.**

1. अनन्तमनुत्तरमनुपमं शाश्वतं सदानन्दं सिद्धिसुखम्।

▸હિવઈં પ્રકારાન્તરઈં ચતુર્વિધ પર્યાય *નયચક્રઈં* કહિયા, તે દેખાડઈ છઈ :-◂

**ઈમ જ ♦સજાતિ-વિજાતિથી, ✡દ્રવ્યપર્યાય;**

**♦ગુણઈં ●સ્વભાવ-વિભાવથી, એ ચ્યાર કહાય❖ ॥૧૪/૧૫॥ (૨૪૧) શ્રી જિન.**

ઈમ (જ) **સજાતીય દ્રવ્યપર્યાય, વિજાતીય દ્રવ્યપર્યાય, સ્વભાવ ગુણપર્યાય, વિભાવ ગુણપર્યાય** - (એ=) ઈમ ૪ ભેદ પર્યાયના કહઈવા. ॥૧૪/૧૫॥

---

साम्प्रतं प्रकारान्तरेण ये चतुर्विधाः पर्यायाः **नयचक्रादौ**[§] प्रोक्ताः तान् दर्शयति – '**तुल्ये**'ति।

**तुल्यद्रव्यपर्ययो विजातीयद्रव्यपर्यय उक्तः।**

**स्वभावगुणपर्यायः विभावगुणपर्यायस्तथा।।१४/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तुल्यद्रव्यपर्ययः, विजातीयद्रव्यपर्ययः, स्वभावगुणपर्यायः तथा विभावगुणपर्याय (इति चतुर्धा पर्यायः) उक्तः।।१४/१५।।

**तुल्यद्रव्यपर्ययः** = सजातीयद्रव्यपर्यायः, **विजातीयद्रव्यपर्ययः, स्वभावगुणपर्यायः तथा विभावगुणपर्याय** इति चतुर्धा पर्यायो **नयचक्रादौ उक्तः**।

"स्वभाव-विभावरूपतया याति = पर्येति = परिणमति इति पर्यायः इति पर्यायस्य व्युत्पत्तिः" (आ.प.

---

**અવતરણિકા** :- **નયચક્ર**[§] વગેરે ગ્રંથમાં બીજા પ્રકારે ચાર પ્રકારના પર્યાય જણાવેલા છે. હવે ગ્રંથકારશ્રી તે ચાર પ્રકારના પર્યાયને જણાવે છે :-

**❈ બીજી રીતે ચાર પર્યાય ❈**

**શ્લોકાર્થ** :- (૧) સજાતીયદ્રવ્યપર્યાય, (૨) વિજાતીયદ્રવ્યપર્યાય, (૩) સ્વભાવગુણપર્યાય તથા (૪) વિભાવગુણપર્યાય - આ પ્રમાણે ચાર પર્યાય કહેવાય છે. (૧૪/૧૫)

**વ્યાખ્યાર્થ** :- (૧) સજાતીયદ્રવ્યપર્યાય, (૨) વિજાતીયદ્રવ્યપર્યાય, (૩) સ્વભાવગુણપર્યાય, તથા (૪) વિભાવગુણપર્યાય - આ પ્રમાણે **નયચક્ર** વગેરે ગ્રંથમાં ચાર પ્રકારના પર્યાય દર્શાવેલા છે.

**સ્પષ્ટતા** :- આગળના શ્લોકમાં ક્રમશઃ આ ચારેય પર્યાયનું નિરૂપણ કરવામાં આવશે. આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

**❈ પર્યાયની વ્યુત્પત્તિને સમજીએ ❈**

("**स्व.**) **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ તથા **કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં **શુભચન્દ્રજી**એ જણાવેલ છે કે 'સ્વભાવરૂપે અને વિભાવરૂપે ચોતરફ જાય અર્થાત્ પરિણમે તે પર્યાય - આ મુજબ પર્યાયની વ્યુત્પત્તિ

---

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.+શાં.માં નથી. મો.(૨)+મ.માં છે. ♦ આ.(૧)માં 'સ્વજાતિ' પાઠ. ✡ લા.(૧)+લા.(૨)+મ.માં 'દ્રવ્યઈં પજ્જાય' પાઠ કો.(૧+૪)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'ગુણે ગુણ સ્વભાવથી' પાઠ. ● શાં.માં 'સ્વભાવથી' અશુદ્ધ પાઠ. સિ.+લી.(૧+૨+૩+૪)+કો.(૯)+મ.નો પાઠ લીધો છે. ❖ પુસ્તકોમાં 'કહાઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. § एतत्तु द्रव्य-गुण-पर्यायरासस्तबकानुवादरूपेणैवाऽत्रोक्तम्। अधुनोपलभ्यमाने नयचक्रादौ तु एतादृशचतुर्विधपर्यायनिरूपणं नोपलभ्यते। इदञ्चाऽग्रे (१४/१६) स्फुटीभविष्यतीत्यवधेयम्।

पृ.१२) इति **आलापपद्धतौ देवसेन**वचनानुसारेण "स्वभाव-विभावपर्यायरूपतया याति = परिणमति इति पर्यायः = पर्यायस्य व्युत्पत्तिः" (का.अ.गा.२४२/वृ.पृ.१७३) इति च **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्र**वचनानुसारेण इह अन्त्यपर्यायद्वयनिरूपणं विज्ञेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पर्यायमात्रस्य परमार्थतो ध्वंसप्रतियोगित्वात् तदेकरुच्यन्धतया शुद्धात्मद्रव्यं न विस्मर्तव्यम्। प्रतिक्षणं परिवर्त्तमानस्य संवर-निर्जरा-केवलज्ञान-मोक्षादेरपि पर्यायरूपतया तत्तीव्ररुच्या अखण्डाऽमलाऽविनश्वराऽऽत्मद्रव्यगोचरा स्वकीयदृष्टिः न त्याज्या द्रव्यानुयोगाभ्यासिना। उत्पादादिपर्यायेषु सत्स्वपि तानुपेक्ष्य [1]"णासंतो वि ण णट्ठो, उप्पण्णो णेव संभवं जंतो। संतो तियालविसये तं णियतच्चं हवे परमं।।" (द्र.स्व.प्र.३६०) इति **द्रव्यस्वभावप्रकाशो**क्तरीत्या सन्मात्ररूपेण परमभावस्वभावं निजात्मतत्त्वमेव अहर्निशं ध्यातव्यम्।

स्वसंवेदनकृते बहिर्मुखता अत्यन्तं त्याज्या। परज्ञेयसन्मुखतायाः परज्ञेयगोचररागगर्भिततया कर्मबन्धकारणत्वाद् भवभ्रमणदारुणकारणत्वम्। अतो निष्कलङ्क-निजपरमात्मपदविश्रान्तिकामिभिः परलक्ष्यविश्रान्ति-जनसम्पर्क-वाद-विवादादेः ध्यानबाधकतया त्याज्यत्वमेव परमार्थतः। निजशुद्धात्म-

---

છે.' તે કથન મુજબ અહીં ઉપરોક્ત અંત્ય બે પ્રકારના પર્યાયનું નિરૂપણ સમજવું.

### ❥ જો જો, શુદ્ધ આત્મદ્રવ્ય નજરમાંથી છૂટી ન જાય ❥

**આધ્યાત્મિક ઉપનય** :- ગમે તે વિવક્ષાથી પર્યાયના ભેદ પાડો. પરંતુ પર્યાય અંતે તો પર્યાયમાત્ર જ છે, વિનશ્વર જ છે. તેથી તેના ઉપર કેવળ આંધળી રુચિ કેળવીને શુદ્ધ આત્મદ્રવ્ય આપણી નજરમાંથી છટકી જાય - તેવું બનવું ન જોઈએ. સંવર, નિર્જરા, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે પણ પર્યાયસ્વરૂપ જ છે. તે પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. તેથી તેના પ્રત્યેની તીવ્ર રુચિના લીધે અમલ, અખંડ, અવિનશ્વર આત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક સ્વદૃષ્ટિને સ્થાપિત કરવાનું ચૂકી ન જવાય તેની પણ આંતરિક કાળજી દ્રવ્યાનુયોગના અભ્યાસી એવા આત્માર્થી સાધકે અવશ્ય રાખવી. ઉત્પાદ, વ્યય વગેરે પર્યાયો આત્મામાં હોવા છતાં પણ તેની ઉપેક્ષા કરીને "નાશ પામવા છતાં પણ જે નષ્ટ નથી થયેલ, ઉત્પાદને પામવા છતાં પણ જે ઉત્પન્ન નથી થયેલ તથા ત્રણેય કાળને વિશે અવશ્ય જે વિદ્યમાન છે તે જ પરમ નિજતત્ત્વ છે" - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં દર્શાવેલ પદ્ધતિ મુજબ રાત-દિવસ સન્માત્રસ્વરૂપે પરમભાવસ્વભાવાત્મક નિજ આત્મતત્ત્વનું જ આત્માર્થી સાધકે ધ્યાન ધરવું જોઈએ.

### ❁ સ્વસન્મુખ રહી સ્વાનુભૂતિ પ્રગટાવીએ ❁

**(સ્વ.)** પોતાના આત્મતત્ત્વનું સંવેદન કરવા માટે બહિર્મુખતા તો સર્વથા છોડી જ દેવી. કેમ કે બહિર્મુખતા એટલે પરલક્ષિતા = પરજ્ઞેયસન્મુખતા. પરજ્ઞેયની રુચિપૂર્વક સન્મુખતા પરજ્ઞેયગોચર રાગાદિથી ગર્ભિત છે. તેથી તે કર્મબંધનું કારણ છે. આથી તે ભવભ્રમણનું ભયંકર કારણ છે. આ કારણે નિષ્કલંક એવા પોતાના પરમાત્મપદનું ધ્યાન કરવા દ્વારા તેમાં જ વિશ્રાન્તિ કરવાની કામનાને જે સાધકો ધરાવતા

---

1. नश्यन्नपि न नष्टम्, उत्पन्नं नैव सम्भवं यन्तम्। सत् त्रिकालविषये तद् निजतत्त्वं भवेत् परमम्।।

तत्त्वावलोकनमेवाऽनवरतं प्रवर्त्तमानं निजपरमेष्टसाधकम्, स्वसन्मुखतायाः निजपरमात्मसुखाऽऽस्वाद-द्वारा प्रकृष्टात्मशुद्धिजनकत्वात्। इन्द्रियाऽन्तःकरणनिरपेक्षतया निजात्मतत्त्वाभिमुखज्ञानाभ्यासबलात् साक्षादतीन्द्रिय-निर्विकल्प-निरुपाधिक-शाश्वतशान्तसुधारसमयपरमानन्दाऽऽस्वादनमेव परमतृप्तस्वसंवेदन-मुच्यते। तद्बलतश्च निर्ग्रन्थः सुखी भवति।

"सुखिनो विषयाऽतृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो। भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः।।" (ज्ञा.सा. १०/८) इति **ज्ञानसार**कारिकातात्पर्यार्थोऽत्र विभावनीयः। तादृशस्वसंवेदनप्रवाहाऽविच्छेदतश्च "जन्म -जराऽऽमय-मरणैः शोकैः दुःखैः भयैश्च परिमुक्तम्। निर्वाणं शुद्धसुखं निःश्रेयसमिष्यते नित्यम्।।" (र.श्रा.१३१) इति **रत्नकरण्डकश्रावकाचारे समन्तभद्राचार्य**दर्शितं निःश्रेयसमह्नायोपलभते आत्मार्थी।।१४/१५।।

---

હોય તેમણે કાયમ (૧) પરના લક્ષે જ અટકી રહેવું, (૨) જનસંપર્કમાં ગળાડૂબ રહેવું, (૩) સ્વમતવાદી સાથે કે પરમતવાદી સાથે વાદ-વિવાદાદિ કરવા - ઈત્યાદિ બાબતને છોડવી જ જોઈએ. કેમ કે તે પરમાર્થથી આત્મધ્યાનમાં બાધક છે. બાહ્ય દુનિયાના લક્ષમાં ખોવાયેલા રહેવામાં ભય લાગે, એમાં આખો જન્મ લૂંટાતો હોય તેવું લાગે તો બહિર્મુખતા વગેરે છૂટે. પોતાના શુદ્ધ પરમાત્મતત્ત્વને સતત જોતા જ રહેવું એ પોતાના પરમ ઈષ્ટનું સાધન છે. બહિર્મુખતા ટાળીને સતત પોતાના સિદ્ધસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ ખરેખર પોતાના સિદ્ધસ્વરૂપને પ્રગટાવવાનું મુખ્ય અંતરંગ સાધન છે. કારણ કે આ રીતે સ્વસન્મુખ થવાથી પોતાના જ પરમાત્મસુખનો આસ્વાદ મળે છે. તેનાથી આત્માની પ્રકૃષ્ટ શુદ્ધિ જન્મે છે. બાહ્ય વિષયોથી અને વિભાવપરિણામોથી ઉદાસીન બનીને, ઈન્દ્રિયથી અને મનથી નિરપેક્ષ બનીને **(A)** પોતાના જ આત્મતત્ત્વની સન્મુખ રહેવાનો, **(B)** નિજ નિર્મળસ્વરૂપનો પરિચય કરવાનો, **(C)** પોતાને સ્વયંપ્રકાશસ્વરૂપે જોવાનો નિરંતર અભ્યાસ કરવો. તેનાથી આત્મામાં એક એવું અમોઘ સામર્થ્ય પ્રગટે છે કે જે સાક્ષાત્ અતીન્દ્રિય, નિર્વિકલ્પ, નિરુપાધિક અને શાશ્વત શાંતસુધારસથી વ્યાપ્ત એવા પરમાનંદનો આસ્વાદ કરાવે છે. આવો પરમાનંદનો આસ્વાદ એ જ સ્વસંવેદન છે, આત્માનુભવ છે. તે સ્વાનુભવ પરમતૃપ્ત હોય છે. ભૌતિક સુખના આસ્વાદની જેમ તે તૃષ્ણાવર્ધક-ભોગતૃષ્ણાજનક બિલકુલ નથી. તેથી આત્મજ્ઞાનીને એવી ભાવના રહે છે કે 'હું હંમેશા સ્વસન્મુખ જ રહું. પરસન્મુખ કદાપિ ન થાઉં.' આથી તે વારંવાર નિજચૈતન્યસ્વભાવમાં ડૂબકી લગાવે છે અને સ્વાનુભવધારાને જીવંત-જ્વલંત -જયવંત-બલવંત બનાવે છે. તે સ્વસંવેદનના બળથી નિર્ગ્રન્થ સાધુ સુખી બને છે.

("સુ.) અહીં **જ્ઞાનસાર**ના એક શ્લોકનો તાત્પર્યાર્થ ઊંડાણથી વિચારવો. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'આશ્ચર્ય છે કે બાહ્ય વિષયોથી અતૃપ્ત એવા ઈન્દ્ર અને ઉપેન્દ્ર (ગોવિંદ) વગેરે પણ સુખી નથી. જગતની અંદર આત્મજ્ઞાનમાં લીન બનીને તૃપ્ત થવાથી કર્મમલિનતારહિત બનેલ ભિક્ષુ = સાધુ એક જ સુખી છે.' તેવા આત્મજ્ઞાનના = સ્વસંવેદનના પ્રવાહનો વિચ્છેદ ન થવાથી **રત્નકરંડકશ્રાવકાચાર**માં દર્શાવેલ મોક્ષને આત્માર્થી ઝડપથી મેળવે છે. ત્યાં **સમન્તભદ્રાચાર્યે** જણાવેલ છે કે "(૧) જન્મ, ઘડપણ, રોગ, મરણ, શોક, દુઃખ અને ભય - આનાથી જે રહિત છે, (૨) રાગાદિસ્વરૂપ આગ જ્યાં બૂઝાઈ ગયેલ છે, (૩) જ્યાં શુદ્ધ સુખ વિદ્યમાન છે, તે મોક્ષરૂપે માન્ય છે.' (૧૪/૧૫)

ઉદાહરણ દેખાડઈ છઈ -

**દ્વયણુક મનુજ ♦કેવલ વળી✿ મતિમુખ દિટ્ઠંત;**

**એ પ્રાયિક જેણિ દ્રવ્યથી, અણુપજ્જવ સંત ॥૧૪/૧૬॥ (૨૪૨) શ્રી જિન.**

**દ્વયણુક** કહતાં દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધ, તે સજાતીય દ્રવ્યપર્યાય કહિઈં, ૨ મિલી એક દ્રવ્ય ઉપનું તે માટઈ. **મનુજાદિ**પર્યાય તે વિજાતીય દ્રવ્યપર્યાય ♦કહીએ. એ ૨ મિલી પરસ્પર ભિન્નજાતીય દ્રવ્યપર્યાય ઊપનો, તે વતી.

---

उदाहरणद्वारा तानुपदर्शयति – '**द्व्यणुकमि**'ति।

**द्व्यणुकं नरादि केवल-मतिज्ञानादिकं यथाक्रममत्र।**

**उदाहरणं प्रायशः, परमाणुपर्ययाऽनिवेशात्।।१४/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्व्यणुकम्, नरादि, केवल-मतिज्ञानादिकम् अत्र यथाक्रमम् उदाहरणम्। (एते पर्यायभेदाः) प्रायशः (विज्ञेयाः), परमाणुपर्यायाऽनिवेशात्।।१४/१६।।

**अत्र** = चतुर्विधपर्यायेषु मध्ये **यथाक्रमम् उदाहरणं** दर्श्यते। तथाहि – (१) **द्व्यणुकं** = द्विप्रदेशिकादिपौद्गलिकस्कन्धद्रव्यं पुद्गलस्य सजातीयद्रव्यपर्याय उच्यते, द्वाभ्यां पुद्गलाणुभ्यां सम्भूय एकपौद्गलिकद्रव्यजननात्।

(२) **नरादि** आत्मनो विजातीयद्रव्यपर्याय उच्यते, आत्म-कर्मादिपुद्गलाभ्यां सम्भूय भिन्नजातीय-

---

[illegible] :- ઉદાહરણ દ્વારા પ્રસ્તુત ચારેય સ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે :-

[illegible] :- (૧) દ્વયણુક, (૨) મનુષ્યાદિ પર્યાય, (૩) કેવળજ્ઞાનાદિ તથા (૪) મતિજ્ઞાનાદિ અહીં ક્રમશઃ ઉદાહરણ જાણવા. પ્રાયઃ આ પ્રમાણે પર્યાયના પ્રકાર છે. કારણ કે પ્રસ્તુત પર્યાયવિભાગમાં પરમાણુપર્યાયનો પ્રવેશ કરવામાં આવેલ નથી. (૧૪/૧૬)

**● પુદ્ગલના સજાતીય દ્રવ્યપર્યાયની વિચારણા ●**

[illegible] :- પ્રસ્તુત ચારેય પ્રકારના પર્યાયોને વિશે ક્રમશઃ ઉદાહરણ દેખાડવામાં આવે છે. તે આ પ્રમાણે (૧) બે પ્રદેશવાળો સ્કંધ દ્વયણુક કહેવાય છે. ત્રણ પ્રદેશવાળો પુદ્ગલ સ્કંધ ત્ર્યણુક કહેવાય છે. આવા પૌદ્ગલિક સ્કંધદ્રવ્યો પુદ્ગલ દ્રવ્યના સજાતીય દ્રવ્યપર્યાય કહેવાય છે. બે પુદ્ગલ પરમાણુ ભેગા થઈને એક દ્વયણુક નામના દ્રવ્યને ઉત્પન્ન કરે છે. આ દ્વયણુક પુદ્ગલ દ્રવ્યની એક અવસ્થા છે. તેથી તે પુદ્ગલ દ્રવ્યનો પર્યાય કહેવાય છે. પરમાણુ પૌદ્ગલિક છે અને દ્વયણુક પણ પૌદ્ગલિક છે. તેથી દ્વયણુક એ પુદ્ગલ દ્રવ્યનો સજાતીય દ્રવ્યપર્યાય કહેવાય છે.

**❋ આત્માના વિજાતીય દ્રવ્યપર્યાય ❋**

(૨) મનુષ્ય વગેરે આત્માના વિજાતીયદ્રવ્યપર્યાય કહેવાય છે. આત્મા અને કર્મ વગેરે પુદ્ગલો ભેગા થઈને ભિન્નજાતીય એવા મનુષ્યાદિ સ્વરૂપ દ્રવ્યપર્યાયને ઉત્પન્ન કરે છે. મનુષ્ય વગેરે પર્યાયો

---

♦ કો.(૯)માં 'કેવલી' પાઠ. ✿ કો.(૧)માં 'કેવલ લહી' પાઠ. ♦ પુસ્તકોમાં 'પર્યાયમાંહિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

द्रव्यपर्यायजननात्।

इदमेवाऽभिप्रेत्य **पञ्चास्तिकायजयसेनीयवृत्तौ प्रवचनसाराऽमृतचन्द्रीयवृत्तौ** च "द्रव्यपर्यायो द्विविधः - (१) समानजातीयः (२) असमानजातीयश्च" (पञ्चा.१६ वृ. + प्र.सा.९३ वृ.पृ.१६३) इत्युक्तम्। क्वचिद् नरादि विभावपर्यायत्वेनाऽपि कथ्यते। तदुक्तं **नियमसारे कुन्दकुन्दस्वामिना** [1]"णर-णारय-तिरिय-सुरा पज्जाया ते विहावमिदि भणिदा" (नि.सा.१५) इति पूर्वोक्तम् (१४/१०) अत्राऽनुसन्धेयम्।

उपलक्षणात् चरमशरीरात् त्रिभागोनं सिद्धसंस्थानम् आत्मनः स्वभावव्यञ्जनपर्याय इत्यपि द्रष्टव्यम्। तदुक्तम् **आलापपद्धतौ** "स्वभावद्रव्यव्यञ्जनपर्यायाः चरमशरीरात् किञ्चिन्न्यूनसिद्धपर्यायाः' (आ.प. पृ.४) इति। यथोक्तम् **आवश्यकनिर्युक्तौ** अपि [2]"दीहं वा हस्सं वा जं चरमभवे हविज्ज संठाणं। तत्तो तिभागहीणा सिद्धाणोगाहणा भणिआ।।" (आ.नि.९७०) इति। एतदनुसारेण **त्रिलोकप्रज्ञप्तौ** अपि [3]"दीहत्तं बाहल्लं चरिमभवे जस्स जारिसं ठाणं। तत्तो तिभागहीणं ओगाहणं सव्वसिद्धाणं।।" (त्रि.प्र.९/१०) इत्युक्तम्। **त्रैलोक्यदीपके** अपि "तनोरायाम-विस्तारौ प्राणिनां पूर्वजन्मनि। तत्त्रिभागोनसंस्थानं जाते सिद्धत्वपर्यये।"

---

રૂપી (= મૂર્ત) હોવાથી આત્માના વિજાતીય પર્યાય છે. તથા મનુષ્ય જીવંત હોવાથી પુદ્ગલનો વિજાતીય પર્યાય છે. તેથી મનુષ્યાદિને વિજાતીય દ્રવ્યપર્યાય તરીકે અહીં જણાવેલા છે.

### ❖ સમાન-અસમાનજાતીય પર્યાયની વિચારણા ❖

(इद.) આ જ અભિપ્રાયથી **પંચાસ્તિકાયવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **જયસેન**જીએ તથા **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબર **અમૃતચન્દ્રાચાર્ય**એ જણાવેલ છે કે 'દ્રવ્યપર્યાયના બે પ્રકાર છે. (૧) સમાનજાતીય દ્રવ્યપર્યાય અને (૨) અસમાનજાતીય દ્રવ્યપર્યાય.' ક્યાંક મનુષ્ય વગેરે દશા વિભાવપર્યાય તરીકે પણ કહેવાય છે. જેમ કે **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં જણાવેલ છે કે 'મનુષ્ય, નારક, તિર્યંચ, દેવ - આ વિભાવપર્યાય કહેવાયેલ છે.' પૂર્વે (૧૪/૧૦) આ સંદર્ભ દર્શાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

### ❋ સિદ્ધસંસ્થાન - સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય ❋

(उप.) મનુષ્ય વગેરે અવસ્થાને આત્માના વિજાતીયદ્રવ્યપર્યાય તરીકે જણાવેલ છે. તેના ઉપલક્ષણથી આત્માના સ્વભાવવ્યંજનપર્યાયરૂપે સિદ્ધસંસ્થાનને જાણવું. છેલ્લા ભવના શરીર કરતાં ત્રીજો ભાગ ન્યૂન અવગાહનાવાળું સિદ્ધસંસ્થાન હોય છે. તેથી જ **આલાપપદ્ધતિ**માં **દેવસેન**જીએ જણાવેલ છે કે 'ચરમશરીર કરતાં કાંઈક ન્યૂન પ્રમાણવાળા સિદ્ધપર્યાયો એ સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય.' **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ જણાવેલ છે કે "છેલ્લા ભવમાં દીર્ઘ-હ્રસ્વ જે સંસ્થાન હોય તેના કરતાં સિદ્ધ ભગવંતની અવગાહના ત્રીજા ભાગે ઓછી હોય છે." કેમ કે યોગનિરોધ સમયે તેમણે શરીરના પોલાણવાળા ભાગને આત્મપ્રદેશોથી પૂર્ણ કરેલ હોય છે. આ મુજબ જ દિગંબરોના **ત્રિલોકપ્રજ્ઞપ્તિ (તિલોયપન્નત્તિ)** ગ્રંથમાં તથા **ત્રૈલોક્યદીપક** ગ્રંથમાં સિદ્ધ ભગવંતની અવગાહનાનું નિરૂપણ ઉપલબ્ધ

---

1. नर-नारक-तिर्यक्-सुराः पर्यायाः ते विभावा इति भणिताः।
2. दीर्घं वा ह्रस्वं वा यत् चरमभवे भवेत् संस्थानम्। ततः त्रिभागहीना सिद्धानामवगाहना भणिता।।
3. दीर्घत्वं बाहल्यं चरमभवे यस्य यादृशं स्थानम्। ततः त्रिभागहीनमवगाहनं सर्वसिद्धानाम्।।

કેવલજ્ઞાન તે સ્વભાવ ગુણપર્યાય, કર્મરહિતપણે માટઈં.

**(વલી, મતિમુખ=)** મતિજ્ઞાનાદિક **(દિક્ષ્ંત)** તે વિભાવ ગુણપર્યાય, ●કર્મતંત્રપણા માટઈં.

(त्रै.दी.४) इति यदुक्तं तदप्यत्र योज्यम्।

**केवल-मतिज्ञानादिकं** = केवलज्ञान-दर्शनादिकं मतिज्ञान-श्रुतज्ञानादिकञ्चेत्यर्थः।

ततः (३) केवलज्ञान-दर्शनादिकं स्वभावगुणपर्याय उच्यते, तत्तत्कर्मक्षयेण उत्पत्तेः। कार्मण-वर्गणा-शरीरेन्द्रियादिनिरपेक्षोत्पत्ति-स्थिति-प्रवृत्तिकतया केवलज्ञानादेः स्वभावगुणपर्यायरूपतेति यावत् तात्पर्यम्।

(४) मतिज्ञान-श्रुतज्ञानादिकं विभावगुणपर्याय उच्यते, तत्तत्कर्मतन्त्रत्वात्। यो गुणः परद्रव्यापेक्षया उत्पद्यते स विभावगुणपर्याय इत्याशयः।

**प्रवचनसारवृत्तौ अमृतचन्द्रेण** तु "अनेकद्रव्यात्मकैक्यप्रतिपत्तिनिबन्धनः द्रव्यपर्यायः। स द्विविधः - (१) समानजातीयः (२) असमानजातीयश्च। तत्र (१) समानजातीयः नाम यथा अनेकपुद्गलात्मकः द्व्यणुकः त्र्यणुकः इत्यादि, (२) असमानजातीयः नाम यथा जीव-पुद्गलात्मकः देवः मनुष्यः इत्यादि। गुणद्वारेण

થાય છે. તેને પણ અહીં આત્માના સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાયમાં સંલગ્ન કરવું.

**(केवल.)** શ્લોકના પૂર્વાર્ધમાં 'केवल-मतिज्ञानादिकम्' આ પ્રમાણે જે જણાવેલ છે તેને થોડા વિસ્તારથી 'केवलज्ञानादि-मतिज्ञानादिकम्' - આ પ્રમાણે સમજવું. તેથી તેના બે વિભાગ થઈ જશે. તથા તેનો અલગ અલગ અર્થ આ પ્રમાણે થશે કે કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે તથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે.

### ❖ સ્વભાવગુણપર્યાયની સમજણ ❖

**(ततः)** (૩) કેવલજ્ઞાન-કેવલદર્શન વગેરે પર્યાયો સ્વભાવગુણપર્યાય કહેવાય છે. કારણ કે કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ વગેરે કર્મના ક્ષયથી તે ઉત્પન્ન થાય છે. અહીં તાત્પર્ય એ છે કે કેવલજ્ઞાનાદિ આત્મગુણોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રવૃત્તિ કાર્મણવર્ગણા, શરીર, ઈન્દ્રિય વગેરેથી નિરપેક્ષ હોવાના લીધે તે સ્વભાવગુણપર્યાય તરીકે માન્ય છે.

### ✡ વિભાવગુણપર્યાયની ઓળખાણ ✡

(૪) મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન વગેરેને વિભાવગુણપર્યાય કહેવામાં આવે છે કારણ કે તે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ વગેરે જુદા જુદા કર્મોને આધીન છે. જે ગુણ પરદ્રવ્યની અપેક્ષાએ ઉત્પન્ન થાય, તે વિભાવગુણપર્યાય કહેવાય. આ પ્રમાણે અહીં ગ્રંથકારશ્રીનો આશય છે.

### ☙ પ્રવચનસારવ્યાખ્યામાં ચાર પર્યાયની પ્રરૂપણા ☙

**(प्रव.)** **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજી** તો પ્રસ્તુત બાબતમાં એવું જણાવે છે કે "અનેક દ્રવ્યાત્મક એકતાના જ્ઞાનનું કારણ બનનાર દ્રવ્યપર્યાય છે. તેના બે ભેદ છે. સમાનજાતીય દ્રવ્યપર્યાય અને અસમાનજાતીય દ્રવ્યપર્યાય. તેમાં (૧) અનેકપુદ્ગલાત્મક દ્વ્યણુક, ત્ર્યણુક વગેરે સમાનજાતીય નામના દ્રવ્યપર્યાય છે. (૨) જીવ-પુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે અસમાનજાતીય નામના

●. પુસ્તકોમાં 'કર્મ પરતંત્ર...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**એ** ચાર ભેદ પણિ **પ્રાયિક** જાણવા; (**જેણિ**=) જે માટઈં (**અણુપજ્જવ**=) ❖પરમાણુરૂપ દ્રવ્યપર્યાય તે એ ચારમાંહિ ન અંતર્ભવઈં. પર્યાયપણું તેહનઈં વિભાગજાત શાસ્ત્રિં કહિઉં છઈ. (તેથી તે **સંત** = સત્ય.)

आयतानैक्यप्रतिपत्तिनिबन्धनः गुणपर्यायः। सोऽपि द्विविधः - **(A)** स्वभावपर्यायः **(B)** विभावपर्यायश्च। तत्र **(A)** स्वभावपर्यायः नाम समस्तद्रव्याणाम् आत्मीयाऽऽत्मीयाऽगुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीयमान-षट्स्थानपतितवृद्धि-हानिनानात्वाऽनुभूतिः, **(B)** विभावपर्यायः नाम रूपादीनां ज्ञानादीनां वा स्व-परप्रत्यय-प्रवर्त्तमानपूर्वोत्तराऽवस्थाऽवतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषाऽनेकत्वापत्तिः" (प्र.सा.९३ वृ.पृ.१६३) इत्येवं द्रव्यपर्याय-गुणपर्याया दर्शिताः। अधिकं तु ततो बोध्यम्।

एते चत्वारः पर्यायभेदा अपि **प्रायशो** विज्ञेयाः, न तु 'चत्वार एवे'ति अवधारणबुद्ध्या, **परमाणुपर्ययाऽनिवेशात्** = परमाणुलक्षणस्य पुद्गलद्रव्यपर्यायस्य चतुर्षु पर्यायेषु अनन्तर्भावात्। तथाहि – द्वाभ्यां पुद्गलाभ्यां बहुभिः वा पुद्गलद्रव्यैः सम्भूय परमाणोः अनुत्पादेन सजातीयद्रव्यपर्यायता न सम्भवति। भिन्नजातीयानेकद्रव्यैः सम्भूय अनुत्पादात् तस्य विजातीयद्रव्यपर्यायरूपताऽपि न सम्भवति। तृतीय-चतुर्थौ तु अप्रसक्तौ एव, परमाणोः द्रव्यपर्यायरूपत्वात्।

દ્રવ્યપર્યાય છે. તથા ગુણ દ્વારા આયતમાં = કાળસાપેક્ષ ક્રમભાવી દીર્ઘ પ્રવાહમાં અનેકતાના બોધનું કારણ બનનાર ગુણપર્યાય છે. તે ગુણપર્યાયના પણ બે પ્રકાર છે. સ્વભાવગુણપર્યાય અને વિભાવગુણપર્યાય. તેમાં (૧) સ્વભાવગુણપર્યાય એટલે સમસ્ત દ્રવ્યોમાં પોત-પોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિસ્વરૂપ અનેકતાની અનુભૂતિ. તથા (૨) વિભાવગુણપર્યાય એટલે રૂપાદિમાં કે જ્ઞાનાદિમાં સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તરકાલીન અવસ્થામાં ઉતરી આવેલ તારતમ્ય દ્વારા દેખાડાયેલ સ્વભાવવિશેષાત્મક અનેકતાનું આગમન." આ પ્રમાણે ત્યાં દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય દેખાડેલ છે. આ અંગે અધિક જાણકારી તો ત્યાંથી મેળવવી.

### ❀ પરમાણુપર્યાયનો અસમાવેશ ❀

(एते.) પર્યાયના આ ચાર ભેદો પણ પ્રાયઃ જાણવા. પરંતુ 'પર્યાયના આ ચાર જ ભેદ છે' તેમ ન સમજવું. કારણ કે પરમાણુ પણ પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે. તથા તેનો ઉપરોક્ત ચાર પ્રકારમાં સમાવેશ થતો નથી. તે આ રીતે - બે પુદ્ગલ દ્રવ્યો કે અનેક પુદ્ગલ દ્રવ્યો ભેગા થઈને પરમાણુને ઉત્પન્ન કરતા નથી. તેથી પરમાણુ સજાતીય દ્રવ્યપર્યાયસ્વરૂપ સંભવતો નથી. સજાતીય અનેક દ્રવ્યો ભેગા થઈને જે પર્યાયને ઉત્પન્ન ન કરે તેને સજાતીય દ્રવ્યપર્યાય કઈ રીતે કહેવાય ? વળી, ભિન્નજાતિવાળા અનેક દ્રવ્યો પણ ભેગા થઈને પરમાણુને ઉત્પન્ન કરતા નથી. તેથી પરમાણુ બીજા નંબરના વિજાતીય દ્રવ્યપર્યાયસ્વરૂપ પણ બની શકતો નથી. ત્રીજા અને ચોથા પર્યાયભેદોનો તો પ્રસ્તુતમાં વિચાર કરવાનો પણ કોઈ અવકાશ રહેતો નથી. કારણ કે પરમાણુ એ દ્રવ્યનો પર્યાય છે, ગુણનો પર્યાય નથી. આમ ઉપરોક્ત ચારેય પર્યાયમાં પરમાણુ પર્યાયનો અંતર્ભાવ ન થવાથી 'પર્યાયના ચાર જ ભેદ છે' - એમ કહી શકાતું નથી.

❖ લા.(૨)માં 'પરમાણુદ્દવ્યરૂપ' પાઠ.

तदुक्तं *सम्मतौ* –

[1]'अणु' दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति [*]ववएसो।

**तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।। (स.त.३.३९) इत्यादि ॥१४/१६॥**

---

***एतेन*** "शुद्धपुद्गलद्रव्यम् = अविभागी परमाणुः" (का.अ.२३७/वृ.पृ.१६८) इति **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्रवचनं** ***निरस्तम्,*** पुद्गलपरमाणोः उत्कृष्टतः असङ्ख्येयकालस्थितिकतया निश्चयतः पुद्गलपर्यायत्वात्।

***अत एव*** परमाणोः पर्यायत्वमेवाऽसिद्धमिति न तदसमावेशलक्षणन्यूनत्वदोषाऽवकाशः इति ***प्रत्यस्तम्,***

परमाणोः विभागजातपर्यायतायाः शास्त्रसिद्धत्वात्। तदुक्तं **सम्मतितर्के** [1]"अणु दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति ववएसो। तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।।" (स.त.३/३९) इति। पूर्वं (९/२१) व्याख्यातार्था इयं गाथा इति न पुनः विव्रियते। अस्यां हि स्पष्टमेव 'विभत्तो'पदेन विभागात्मकतया उत्पन्नत्वात् परमाणोः विभागजातपर्यायरूपता दर्शिता।

---

## શુભચંદ્રમતની સમીક્ષા

(एतेन.) **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં **શુભચન્દ્ર** કહે છે કે 'અવિભાગી પરમાણુ એ શુદ્ધ પુદ્ગલદ્રવ્ય છે.' પરંતુ અમે ઉપર જે જણાવેલ છે, તેનાથી જ તેનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે પુદ્ગલ પરમાણુની ઉત્કૃષ્ટસ્થિતિ અસંખ્યકાળની જ છે. તે માટે પરમાણુને દ્રવ્ય નહિ, પર્યાય જ કહેવો વ્યાજબી છે. દ્રવ્યની સ્થિતિ તો અનંતકાળની હોય છે. તેથી નિશ્ચયથી પરમાણુ એ પુદ્ગલપર્યાય જ છે.

[redacted] :- (अत.) પરમાણુને પર્યાય સ્વરૂપ માનો તો પરમાણુનો દર્શિત પર્યાયવિભાગમાં સમાવેશ ન થવાના કારણે પર્યાયવિભાગમાં ન્યૂનતા દોષની સંભાવના રહે. પરંતુ પરમાણુમાં પર્યાયપણું જ અસિદ્ધ છે. 'પરમાણુ પર્યાયાત્મક છે' – આ વાત પ્રમાણસિદ્ધ નથી. તેથી ઉપરોક્ત ચતુર્વિધ પર્યાયવિભાગમાં તેનો સમાવેશ ન થવા સ્વરૂપ ન્યૂનતાદોષને કોઈ અવકાશ રહેતો નથી.

## પરમાણુ વિભાગજાત પર્યાય છે

[redacted] :- (परमा.) તમારી વાત વ્યાજબી નથી. કેમ કે ઉપર જણાવેલ બાબતથી તમારી શંકાનું નિરાકરણ થઈ જાય જ છે. વળી, 'પરમાણુ વિભાગજાતપર્યાય સ્વરૂપ છે' – આ વાત શાસ્ત્રસિદ્ધ પણ છે. **સંમતિતર્ક**માં કહેલ છે કે "બે અણુ ભેગા થઈને જે દ્રવ્યને ઉત્પન્ન કરે, તે દ્વ્યણુકમાં અણુપરિમાણ હોવાથી 'અણુ' એવો વ્યવહાર થાય છે. તેમજ ત્રણ દ્વ્યણુક ભેગા થઈને જે દ્રવ્યને ઉત્પન્ન કરે છે, તેમાં 'ત્ર્યણુક' એવો વ્યવહાર થાય છે. તથા તે દ્વ્યણુકનો વિભાગ થાય તો અણુ ઉત્પન્ન થાય છે. તેથી તેને વિભાગજન્ય અણુપર્યાય તરીકે ઓળખવામાં આવે છે." પૂર્વે (૯/૨૧) પ્રસ્તુત સમ્મતિતર્કગાથાની વ્યાખ્યાનો અર્થ વિસ્તારથી સમજાવેલ છે. તેથી અહીં છણાવટ કરતા નથી. સમ્મતિતર્કની આ ગાથામાં 'विभत्तो' શબ્દ દ્વારા

---

[*]. પુસ્તકોમાં '**तस्स ववएसो**' પદ છે.

1. 'अणुः' द्व्यणुकैः द्रव्ये आरब्धे 'त्र्यणुकम्' इति व्यपदेशः। ततः च पुनः विभक्तः अणुः इति जातः अणुः भवति।।

पूर्वोक्ते (९/२१) **भगवतीसूत्र**सन्दर्भेऽपि द्वादशे शतके [1]"दुप्पदेसिए खंधे भवइ से भिज्जमाणे दुहा कज्जइ, एगयओ परमाणुपोग्गले एगयओ परमाणुपोग्गले भवइ" (भ.सू.१२/४/४४५/पृ.५६१) इत्युक्त्या परमाणोः विभागजातपर्यायरूपता कण्ठत उक्ता।

किञ्च, परमाणोः पर्यायत्वप्रतिक्षेपे अपसिद्धान्तोऽपि प्रसज्येत, यतः **देवसेन**स्यापि परमाणौ पुद्गलद्रव्यस्वभावपर्यायात्मकता सम्मतैव। इदमेवाभिप्रेत्य **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [2]"जो खलु अणाइ-णिहणो कारणरूवो हु कज्जरूवो वा। परमाणु पोग्गलाणं सो दव्वसहावपज्जाओ।।" (न.च. ३०/द्र.स्व.प्र.२९) इत्युक्तम्। ततश्च परमाणुलक्षणस्य पर्यायस्याऽसमावेशेन पूर्वोक्त(१४/१५)चतुर्विधपर्यायविभागप्रदर्शनमनुचितमेव प्रतिवादिनः।

**बृहद्द्रव्यसङ्ग्रहवृत्तौ ब्रह्मदेवेन** अपि "पुद्गलस्यापि निश्चयनयेन शुद्धपरमाण्ववस्थानलक्षणे स्वभाव-व्यञ्जनपर्याये सति..." (बृ.द्र.स.गा.१६/वृ.पृ.६१) इत्येवं पुद्गलाणोः स्वभावद्रव्यव्यञ्जनपर्यायरूपता स्वीकृता एव।

---

વિભાગાત્મક રૂપે ઉત્પન્ન થવાથી પરમાણુને સ્પષ્ટપણે જ વિભાગજાતપર્યાય રૂપે બતાવેલ છે.

**(पूर्वो.)** પૂર્વોક્ત (૯/૨૧) **ભગવતીસૂત્ર** સંદર્ભમાં પણ બારમા શતકમાં સ્પષ્ટપણે પરમાણુ વિભાગજાતપર્યાયરૂપે જણાવેલ છે. ત્યાં કહેલ છે કે 'દ્વિપ્રદેશિક સ્કંધ બને છે, તે ભેદાય તો તેના બે ટુકડા થાય છે. એક બાજુ એક પરમાણુ અને બીજી બાજુ એક પરમાણુ થાય છે.' મતલબ કે દ્વયણુકનો વિભાગ થવાથી પરમાણુ એ પુદ્ગલદ્રવ્યનો વિભાગજન્ય પર્યાય બને છે.

### ❋ પરમાણુપર્યાયના અસમાવેશથી અપસિદ્ધાન્ત દોષ ❋

**(किञ्च.)** વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે પરમાણુને જો પ્રતિવાદી પર્યાયસ્વરૂપે નહિ માને તો પ્રતિવાદીને અપસિદ્ધાન્ત દોષ લાગુ પડશે. કારણ કે દેવસેનને પણ પુદ્ગલ દ્રવ્યના સ્વભાવપર્યાયસ્વરૂપે પરમાણુ માન્ય જ છે. આ જ અભિપ્રાયથી **દેવસેનજીએ નયચક્ર** ગ્રંથમાં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "જે ખરેખર અનાદિ-અનંત છે, કારણસ્વરૂપ કે કાર્યસ્વરૂપ છે તે પૌદ્ગલિક પરમાણુ દ્રવ્યસ્વભાવપર્યાય છે." તેથી પ્રતિવાદીએ પૂર્વે (૧૪/૧૫) અન્ય પ્રકારે સજાતીયદ્રવ્યપર્યાય -વિજાતીયદ્રવ્યપર્યાય-સ્વભાવગુણપર્યાય-વિભાવગુણપર્યાયસ્વરૂપે ચતુર્વિધ પર્યાયનું જે નિરૂપણ કરેલ છે, તે અનુચિત જ છે. કારણ કે તેમાં પૌદ્ગલિક પરમાણુસ્વરૂપ પર્યાયનો સમાવેશ પ્રતિવાદીએ કરેલ નથી.

### ❋ પરમાણુ = સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય : બ્રહ્મદેવ ❋

**(बृहद्.)** **બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા**માં દિગંબર **બ્રહ્મદેવજી**એ પણ 'પુદ્ગલમાં પણ નિશ્ચયનયથી શુદ્ધપરમાણુઅવસ્થાસ્વરૂપ સ્વભાવવ્યંજનપર્યાય હોતે છતે...' ઇત્યાદિ કથન દ્વારા પુદ્ગલાણુમાં સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાયાત્મકતાનો સ્વીકાર કર્યો જ છે.

---

1. द्विप्रदेशिकः स्कन्धो भवति। स भिद्यमानः द्विधा क्रियते, एकत्वतः (= एकतया) परमाणुपुद्गलः एकत्वतः परमाणुपुद्गलः भवति। 2. यः खलु अनादि-निधनः कारणरूपो हि कार्यरूपो वा। परमाणुः पुद्गलानां स द्रव्यस्वभावपर्यायः।।

**नियमसारवृत्तौ पद्मप्रभेणा**ऽपि "परमाणुपर्यायः पुद्गलस्य शुद्धपर्यायः परमपारिणामिकभावलक्षणः वस्तुगतषट्प्रकारहानि-वृद्धिरूपः अतिसूक्ष्मः अर्थपर्यायात्मकः सादि-सनिधनोऽपि परद्रव्यनिरपेक्षत्वात् शुद्ध-सद्भूतव्यवहारनयात्मकः" (नि.सा.२८/वृ.पृ.५९) इत्येवं पुद्गलपरमाणोः स्पष्टमेव पर्यायात्मकता स्वीकृता एव। ततश्चाऽपसिद्धान्तोऽपि प्रतिवादिनः दुर्वार एव।

वस्तुतो दिगम्बरसम्प्रदाये द्व्यणुकादीनां पुद्गलविभावपर्यायत्वेन, मनुष्यादीनां जीवविभावपर्यायत्वेन, केवलज्ञानादीनां जीवस्वभावगुणत्वेन मतिज्ञानादीनाञ्च जीवविभावगुणत्वेन प्रसिद्धिः अवसेया। तदुक्तं **परमात्मप्रकाशवृत्तौ ब्रह्मदेवेन** "जीवस्य तावत् (गुण-पर्यायाः) कथ्यन्ते। सिद्धत्वादयः स्वभावपर्यायाः, केवलज्ञानादयः स्वभावगुणा असाधारणा इति। अगुरुलघुकाः स्वभावगुणाः। तेषाम् एव गुणानां षड्हानि-वृद्धिरूपस्वभावपर्यायाश्च सर्वद्रव्यसाधारणाः। तस्य एव जीवस्य मतिज्ञानादिविभावगुणा नर-नारकादिविभावपर्यायाश्च इति। इदानीं पुद्गलस्य कथ्यन्ते। केवलपरमाणुरूपेण अवस्थानं स्वभावपर्यायः, वर्णान्तरादिरूपेण परिणमनं वा। तस्मिन् एव परमाणौ वर्णादयः स्वभावगुणा इति। द्व्यणुकादिरूप-स्कन्धरूपविभावपर्यायाः तेषु एव द्व्यणुकादिस्कन्धेषु वर्णादयो विभावगुणाः" (प.प्र.५७ वृ.पृ.९९) इति। ततश्च देवसेनस्य अपसिद्धान्तो दुर्वार एव।

### परमाणु = शुद्ध पुद्गलपर्याय : पद्मप्रभ

**(नियम.) નિયમસારવ્યાખ્યા**માં દિગંબર **પદ્મપ્રભજી**એ પણ 'પરમાણુસ્વરૂપ પર્યાય એ પુદ્ગલનો શુદ્ધપર્યાય છે. તે પરમપારિણામિકભાવ સ્વરૂપ છે. તે વસ્તુમાં રહેલી (અનંતગુણ, અસંખ્યગુણ વગેરે) છ પ્રકારની હાનિ-વૃદ્ધિસ્વરૂપ છે, અતિસૂક્ષ્મ છે, અર્થપર્યાયસ્વરૂપ છે તથા સાદિ-સાંત હોવા છતાં પણ પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાના લીધે શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયાત્મક છે' - આ પ્રમાણે કહીને પુદ્ગલપરમાણુમાં પર્યાયાત્મકતાને સ્પષ્ટપણે જ સ્વીકારેલ છે. તેથી પ્રતિવાદીને અપસિદ્ધાંત દોષ પણ દુર્વાર જ થશે.

### દેવસેનને અપસિદ્ધાંત દોષ

**(वस्तु.)** વાસ્તવમાં દિગંબર સંપ્રદાયમાં (૧) દ્વ્યણુક વગેરે તો પુદ્ગલના વિભાવપર્યાય તરીકે પ્રસિદ્ધ છે. (૨) મનુષ્ય વગેરે જીવના વિભાવપર્યાય તરીકે પ્રસિદ્ધ છે. (૩) કેવલજ્ઞાન વગેરે જીવના સ્વભાવગુણ તરીકે પ્રસિદ્ધ છે. (૪) તથા મતિજ્ઞાન વગેરે જીવના વિભાવગુણ તરીકે પ્રસિદ્ધ છે. તેથી જ **યોગીન્દ્ર- દેવે** બનાવેલ **પરમાત્મપ્રકાશ** ગ્રંથની **વ્યાખ્યામાં બ્રહ્મદેવ** નામના દિગંબર વિદ્વાને જણાવેલ છે કે 'પ્રથમ જીવના ગુણ-પર્યાયો કહેવામાં આવે છે. સિદ્ધત્વાદિ જીવના અસાધારણ સ્વભાવપર્યાયો છે અને કેવળજ્ઞાનાદિ જીવના અસાધારણ સ્વભાવગુણો છે. અગુરુલઘુ તે સર્વદ્રવ્યના સાધારણ સ્વભાવગુણો છે. તે જ અગુરુલઘુ ગુણોની ષટ્ગુણ હાનિ-વૃદ્ધિરૂપ સ્વભાવપર્યાયો છે. તે સ્વભાવપર્યાયો પણ સર્વદ્રવ્યસાધારણ છે. જીવમાં મતિજ્ઞાનાદિ વિભાવગુણો અને નર-નારકાદિ વિભાવપર્યાયો છે. હવે પુદ્ગલના ગુણ અને પર્યાયો કહેવામાં આવે છે. કેવળ પરમાણુરૂપે રહેવું તે અથવા એક વર્ણથી બીજા વર્ણરૂપે પરિણમવું તે સ્વભાવપર્યાય છે. તે પરમાણુમાં વર્ણાદિ સ્વભાવગુણો છે. દ્વ્યણુકાદિ સ્કંધરૂપ વિભાવપર્યાયો છે. તે દ્વ્યણુકાદિ સ્કંધોમાં રહેલા વર્ણાદિ વિભાવગુણો છે.' તેથી કેવલજ્ઞાનાદિને સ્વભાવગુણપર્યાય તરીકે અને મતિજ્ઞાનાદિને વિભાવગુણપર્યાય તરીકે માનનાર **દેવસેન**ની માન્યતા

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** देवसेनानुयायी **शुभचन्द्रः** तु "जीवानां सूक्ष्मपर्यायाः केवलज्ञान-दर्शनादिरूपाः, बादरपर्यायाः मति-श्रुताऽवधि-मनःपर्याय-क्रोध-मान-माया-लोभाऽज्ञानादिरूपाः नर-नारकादिपर्याया वा। पुद्गलानां सूक्ष्माः पर्यायाः अणु-द्व्यणुक-त्र्यणुकादयः सूक्ष्मनिगोदादिशरीररूपाश्च। बादरपर्यायाः पृथ्व्यप्-तेजो-वायु -वनस्पतिशरीरादयः घट-पट-मुकुट-शकट-गृहावास-पर्वत-मेरु-विमानादिमहास्कन्धवर्गणापर्यन्ताः" (का.अ.२२० वृ.पृ.१५३) इति आह। तत्राऽपि पुद्गलपरमाणोः पर्यायरूपता तु स्पष्टमेवोपदर्शिता।

***यद्यपि*** साम्प्रतम् उपलभ्यमाने **नयचक्राऽऽलापपद्धत्यादौ** सजातीयद्रव्यव्यञ्जनपर्यायादिनिरूपणप्रवणा परिभाषा नैव दृश्यते, तत्र स्वभावद्रव्यव्यञ्जनपर्यायादिनिरूपणमेव दरीदृश्यते। तादृशपरिभाषानुसारेण परमाणोः स्वभावपर्यायत्वं द्व्यणुकादीनाञ्च विभावपर्यायत्वं **महोपाध्याययशोविजयवाचकैः सप्तभङ्गी-नयप्रदीपप्रकरणे देवसेनेन** च **आलापपद्धतौ** "पुद्गलस्य अपि (तु) द्व्यणुकादयः विभावद्रव्यव्यञ्जनपर्यायाः... अविभागिपुद्गलपरमाणवः स्वभावद्रव्यव्यञ्जनपर्यायाः" (स.भ.न.प्र.पृ.४८, आ.प.पृ.४) इत्युक्त्या सूपपादि-तत्त्वान्न परमाणोः तत्र असमावेशप्रसक्तिः।

---

ઉપરોક્ત મત કરતાં જુદી પડી જાય છે. આ કારણે દેવસેનને અપસિદ્ધાંત દોષ દુર્નિવાર બનશે.

### ✤ સૂક્ષ્મ-બાદર પર્યાય : શુભચંદ્ર ✤

(कार्त्ति.) **કાર્ત્તિકેયાનુપ્રેક્ષા** ગ્રંથની **વૃત્તિ**માં **શુભચંદ્ર** નામના દિગંબર વિદ્વાને તો એ પ્રમાણે જણાવેલ છે કે 'જીવોના (૧) સૂક્ષ્મ પર્યાયો કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે સ્વરૂપ છે. તથા (૨) બાદર પર્યાયો વિવિધ પ્રકારે હોય છે. (A) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભ, અજ્ઞાન વગેરે સ્વરૂપે જીવના બાદર પર્યાયો હોય છે. અથવા (B) મનુષ્ય-નારક વગેરે સ્વરૂપે પણ જીવોના બાદર પર્યાય હોય છે. પુદ્ગલોના (૧) સૂક્ષ્મ પર્યાયો બે પ્રકારે હોય છે. (A) અણુ -દ્વયણુક-ત્ર્યણુક વગેરે સ્વરૂપ હોય છે. તથા (B) સૂક્ષ્મનિગોદ વગેરેના શરીર સ્વરૂપે હોય છે. (૨) બાદર પર્યાયો પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય વગેરેથી માંડીને ઘટ-પટ-મુગટ -શકટ-ઘર-પર્વત-મેરુપર્વત-વિમાન વગેરે મહાસ્કંધવર્ગણા સુધી સમજવા.' મતલબ કે નવ નયનું પ્રતિપાદન કરવાના લીધે **દેવસેન**ના અનુયાયી થનાર **શુભચંદ્રજી**એ **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં પુદ્ગલપરમાણુને પર્યાયસ્વરૂપે તો સ્પષ્ટપણે દેખાડેલ જ છે.

### ✡ પરમાણુનો પર્યાયમાં સમાવેશ ✡

[redacted] :- (यद्यपि.) જો કે વર્તમાનમાં ઉપલબ્ધ **નયચક્ર, આલાપપદ્ધતિ** વગેરે દિગંબરગ્રંથોમાં સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય, વિજાતીયદ્રવ્યવ્યંજનપર્યાય - આ પ્રમાણે પર્યાયની પરિભાષા જોવા નથી મળતી. ત્યાં તો ઠેકઠેકાણે સ્વભાવ દ્રવ્યવ્યંજનપર્યાય, વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય વગેરેનું જ નિરૂપણ દેખાય છે. તથા આ પરિભાષા મુજબ પરમાણુ = સ્વભાવપર્યાય, દ્વયણુકાદિ = વિભાવપર્યાય - આવી સંગતિ સરળતાથી શક્ય છે. **મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજે **સપ્તભંગીનયપ્રદીપ પ્રકરણ**માં તથા **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'દ્વયણુકાદિ પુદ્ગલના વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય છે. નિરંશ પુદ્ગલપરમાણુઓ પુદ્ગલના સ્વભાવ દ્રવ્યવ્યંજનપર્યાય છે.' આ મુજબ પરમાણુસ્વરૂપ પર્યાયનો તેમાં અસમાવેશ થવાની

न हि द्रव्यव्यञ्जनपर्यायगतं स्वभावत्वमेव सजातीयत्वं विभावत्वमेव च विजातीयत्वमिति परमाणोः सजातीयद्रव्यव्यञ्जनपर्यायत्वसिद्धिरिति वक्तुं युज्यते,

द्व्यणुकादीनां विभावद्रव्यव्यञ्जनपर्यायत्वेन विजातीयद्रव्यव्यञ्जनपर्यायत्वप्राप्त्या **द्रव्य-गुण-पर्यायरासस्तबक**विरोधापत्तेः, तत्र हि प्रकृते द्व्यणुकादीनां सजातीयद्रव्यव्यञ्जनपर्यायत्वमेवोपदर्शितम्,

***तथापि*** महोपाध्याय**यशोविजय**सन्निहिते **नयचक्राऽऽलापपद्धत्यादेः** तदानीन्तने हस्तादर्शे तादृश्या परिभाषया भवितव्यम्, यया सजातीयकार्यद्रव्यत्वे सति अनेकावयवसंयोगजन्यत्वेन द्व्यणुकादौ सजातीयद्रव्यव्यञ्जनपर्यायत्वं सूपपादं स्यात्। यद्वा दर्शित**प्रवचनसारवृत्त्य**नुसारेण (प्र.सा.गा.९३/वृ. पृ.१६३) तत् सूपपादं स्यात्। किन्तु तथा सति देवसेनमते परमाणूनामसमावेशप्रसङ्गस्य दुर्वारत्वमेव,

---

આપત્તિને અવકાશ નથી.

**શંકા** :- (न हि.) દ્રવ્યવ્યંજનપર્યાયમાં જે સ્વભાવત્વ છે, તે જ સજાતીયત્વ છે. તથા તેમાં જે વિભાવત્વ છે તે જ વિજાતીયત્વ છે. તેથી આ રીતે પણ પરમાણુને સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સિદ્ધ કરી શકાય જ છે ને ? કેમ કે પરમાણુને સ્વભાવ દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે **આલાપપદ્ધતિ** વગેરેમાં જણાવેલ જ છે.

[illegible] :- (**द्व्य.**) ના. પરમાણુને સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સિદ્ધ કરવા માટેની તમારી પદ્ધતિ વ્યાજબી નથી. કારણ કે તેવું કરવા જતાં દ્વ્યણુક વગેરે વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય હોવાથી વિજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય (= પુદ્ગલદ્રવ્યના વિજાતીયવ્યંજનપર્યાય) બનવાની આપત્તિ આવશે. તથા આવું માન્ય કરીએ તો મહોપાધ્યાયજીકૃત 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' ગ્રન્થનો વિરોધ આવશે. કેમ કે ત્યાં તો પ્રસ્તુત પર્યાયવિભાગમાં દ્વ્યણુક વગેરેને સજાતીયદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે જ જણાવેલ છે. તેથી 'દ્રવ્યવ્યંજનપર્યાયગત સ્વભાવત્વ = સજાતીયત્વ અને વિભાવત્વ = વિજાતીયત્વ' - આવું માનવું સંગત નથી. પરંતુ અમે જણાવી ગયા તે મુજબ, **સપ્તભંગીનયપ્રદીપ** અને **આલાપપદ્ધતિ** ગ્રંથના સંવાદ અનુસાર, દ્વ્યણુકાદિ = વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય અને પરમાણુ = સ્વભાવ દ્રવ્યવ્યંજનપર્યાય - આમ માનવું એ જ યુક્ત છે. તથા એ રીતે તો પુદ્ગલના પરમાણુસ્વરૂપ પર્યાયનો પર્યાયવિભાગમાં અસમાવેશ થવાની આપત્તિને દિગંબરમતમાં અવકાશ નથી જ.

### ❀ અન્ય પરિભાષાથી મૂળગ્રંથની સંગતિ ❀

[illegible] :- (**तथापि.**) જો કે એક દૃષ્ટિએ તમારી વાત સાચી છે. તો પણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજ જ્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની રચના કરતા હશે તે સમયે તેમની પાસે **નયચક્ર, આલાપપદ્ધતિ** ગ્રંથની જે હસ્તપ્રત હશે, તેમાં તેવા પ્રકારની પરિભાષા હોવી જોઈએ કે જેમાં 'જે સજાતીય કાર્યદ્રવ્ય અનેકઅવયવસંયોગથી જન્ય હોય તે સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય' - આવી વ્યવસ્થા જણાવેલી હોય. તથા તેવી પરિભાષા મુજબ, દ્વ્યણુકાદિ કાર્યદ્રવ્ય પુદ્ગલનું સજાતીય હોવાથી તથા અનેક અવયવસંયોગથી જન્ય હોવાથી સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય તરીકે વ્યવહર્તવ્ય બની શકે. અથવા તો આ જ શ્લોકની વ્યાખ્યામાં આગળ જણાવેલ **પ્રવચનસારવૃત્તિ** (ગા.૯૩) મુજબ દ્વ્યણુકાદિમાં સજાતીય દ્રવ્યપર્યાયત્વની સંગતિ થઈ શકે છે. પરંતુ 'જે કાર્યદ્રવ્ય કારણસજાતીય હોય અને અનેક અવયવસંયોગથી

तेषां विभागैकजन्यतया नानावयवसंयोगजत्वाऽभावेन अनेकपुद्गलात्मकत्वाऽयोगादिति प्रौढपुरुष-प्रोक्तपथपरिष्कारप्रकारः, अन्यथाऽपि वा यथागमम् अनुचिन्त्य पण्डितैः प्रकृतग्रन्थसङ्गतिः कार्या, तत्राऽपि न नो विद्वेष इत्यलं विस्तरेण।

**देवचन्द्रवाचक**मते (१) द्रव्यपर्यायाः, (२) द्रव्यव्यञ्जनपर्यायाः, (३) गुणपर्यायाः, (४) गुण-व्यञ्जनपर्यायाः, (५) स्वभावपर्यायाः, (६) विभावपर्यायाश्चेत्येवं षड्विधाः पर्यायाः। तदुक्तं **नयचक्रसारे** "पर्यायाः षोढा। (१) द्रव्यपर्यायाः असङ्ख्येयप्रदेश-सिद्धत्वादयः। (२) द्रव्यव्यञ्जनपर्यायाः द्रव्याणां विशेषगुणाः चेतनादयः चलनसहायादयश्च। (३) गुणपर्यायाः गुणाऽविभागादयः। (४) गुणव्यञ्जनपर्यायाः ज्ञायकादयः कार्यरूपाः, मतिज्ञानादयः ज्ञानस्य, चक्षुर्दर्शनादयः दर्शनस्य, क्षमा-मार्दवादयः चारित्रस्य, वर्ण-गन्ध-रस

---

જન્ય હોય, અનેક પુદ્ગલાત્મક હોય તે સજાતીય દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય' - આ પરિભાષા મુજબ તો પુદ્ગલના પર્યાયસ્વરૂપ પરમાણુઓનો ઉપરોક્ત પર્યાયવિભાગમાં સમાવેશ થઈ શકશે નહિ. કેમ કે પરમાણુઓ તો અવયવવિભાગજન્ય હોય છે. તેથી તેમાં અવયવસંયોગજન્યત્વ જ નહિ રહે. તો પછી અનેકપુદ્ગલાત્મકતા તો ક્યાંથી સંભવે ? તથા જો અનેકપુદ્ગલાત્મકતા તેમાં ન સંભવે તો પરમાણુ કઈ રીતે સજાતીયદ્રવ્યવ્યંજનપર્યાયરૂપે સિદ્ધ થાય ? આ આશયથી દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં પરમાણુના અસમાવેશની આપત્તિ **દેવસેનજી** સામે મહોપાધ્યાયજીએ જણાવેલ હોય તેમ સંભવે છે. તથા તે મુજબ દ્રવ્યાનુયોગપરામર્શમાં અને તેની કર્ણિકા વ્યાખ્યામાં નૂતનપરિભાષા મુજબ પરમાણુના અસમાવેશની આપત્તિને જણાવેલ છે. મહોપાધ્યાયજી મહારાજ જેવા પ્રૌઢ પુરુષે જણાવેલ માર્ગના પરિષ્કારની આ એક પદ્ધતિ છે. વિદ્વાન પુરુષો આગમ મુજબ વિચારીને બીજી રીતે પણ ઉપરોક્ત આપત્તિપ્રદર્શનની સંગતિ કરી શકે છે. આગમાનુસારી તેવી બીજી શૈલી સામે અમારા મનમાં કોઈ વિદ્રોહ નથી. આ અંગે વધુ વિસ્તાર કરવાથી સર્યું.

### ❖ છ પ્રકારના પર્યાય : શ્રીદેવચન્દ્રજી ❖

(દેવ.) ખરતરગચ્છીય ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી** મહારાજના મતે પર્યાયના અન્ય રીતે છ પ્રકાર છે. (૧) દ્રવ્યપર્યાય, (૨) દ્રવ્યવ્યંજનપર્યાય, (૩) ગુણપર્યાય, (૪) ગુણવ્યંજનપર્યાય, (૫) સ્વભાવપર્યાય અને (૬) વિભાવપર્યાય. **નયચક્રસાર** ગ્રંથમાં તેઓશ્રીએ આ અંગે જણાવેલ છે કે "પર્યાયના છ પ્રકાર છે. (૧) અસંખ્યપ્રદેશત્વ, સિદ્ધત્વ, અખંડત્વ વગેરે જીવદ્રવ્યના પર્યાય છે. અનંતપ્રદેશત્વાદિ આકાશદ્રવ્યના પર્યાય છે. આમ દ્રવ્યપર્યાય જાણવા. (૨) ચેતના વગેરે જીવદ્રવ્યના વિશેષગુણ છે. ચલનસહકાર વગેરે ધર્માસ્તિકાયાદિના વિશેષગુણ છે. એ સ્વાશ્રયમાં અન્યદ્રવ્યની ભિન્નતાને પ્રગટ કરે છે, ભિન્નતાનો વ્યવહાર કરે છે. તેથી તે દ્રવ્યવ્યંજનપર્યાય છે. (૩) મતિજ્ઞાનાદિ પ્રત્યેક ગુણના અવિભાગ પલિચ્છેદ (**ભગવતીસૂત્ર**-૨/૧૦/૧૪૪) અનંતા છે. તેની પિંડરૂપતા તે ગુણપર્યાય કહેવાય. (૪) જ્ઞાનનું જ્ઞાયકપણું, ચારિત્રનું સ્વરૂપસ્થિરતા વગેરે કાર્યો ગુણવ્યંજનપર્યાય કહેવાય. અથવા જ્ઞાનગુણના મતિજ્ઞાનાદિ પાંચ ભેદો, દર્શનગુણના ચક્ષુદર્શનાદિ ચાર પ્રકારો, ચારિત્રગુણના ક્ષમા-માર્દવાદિ પ્રકારો, મૂર્ત્તત્વ નામના પુદ્ગલગુણના વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શ વગેરે વ્યવહાર્ય પ્રકારો, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં રહેલ અમૂર્ત્તત્વ ગુણના પણ અવર્ણ

-स्पर्शादयो मूर्त्तस्य इत्यादिः। (५) स्वभावपर्यायाः अगुरुलघुविकाराः। ते च द्वादशप्रकाराः षड्गुणहानि-वृद्धिरूपाः अवाग्गोचराः। एते पञ्च पर्यायाः सर्वद्रव्येषु। (६) विभावपर्यायाः जीवे नर-नारकादयः, पुद्गले द्व्यणुकतोऽनन्ताणुकपर्यन्ताः स्कन्धाः" (न.च.सा.पृ.१७९-१८०) इति। अर्थलेशभेदेन **आगमसारे** (पृ.१६) अपि इमे पर्यायभेदा **देवचन्द्रवाचकैः** दर्शिताः। अत्र विभावनीयम् आगमानुसारेण पूर्वोक्तरीत्या (२/२), क्वचिद् अभ्युपगमवादेन च।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रदर्शितपर्यायचतुष्टयमध्याद् विभावगुणपर्यायतः स्वभावगुण-पर्यायः प्रादुर्भावनीयः। अनादिकालात् केवलं बाह्यरुचितयाऽयमात्मा परज्ञेयविश्रान्त्या शास्त्राभ्यास-सत्सङ्गादितोऽपि अन्तः स्वसन्मुखीभूय नैव विज्ञानघन-परमशीतल-पूर्णानन्दमयं स्वं ज्ञातवान्।

---

-અગંધ-અરસ-અસ્પર્શ સ્વરૂપ ચાર ભેદ - આ ગુણવ્યંજનપર્યાય છે. **(૫)** વાણીનો વિષય ન બને તેવી ષટ્સ્થાનપતિત હાનિ અને વૃદ્ધિ અગુરુલઘુપરિણામમાં પ્રતિસમય થયા જ રાખે છે. આ પ્રમાણે અગુરુલઘુભાવોમાં જે ફેરફાર = વિકાર થાય છે, તે સ્વભાવપર્યાય છે. કેમ કે એના પ્રત્યે કોઈ બાહ્ય પ્રેરક તત્ત્વ કારણ બનતું નથી. વિસ્રસાપરિણામથી તે પરિવર્તન થાય છે. તેથી તેવા સૂક્ષ્મ વિકારોને સ્વભાવપર્યાય સમજવા. આ પાંચેય પ્રકારના પર્યાયો સર્વ દ્રવ્યમાં = પંચાસ્તિકાયમાં મળે છે. **(૬)** વિભાવપર્યાય તો જીવ અને પુદ્ગલ - બેમાં જ છે. જીવમાં મનુષ્ય, નરક વગેરે સ્વરૂપ વિભાવપર્યાયો જાણવા. પુદ્ગલમાં દ્વ્યણુકથી માંડીને અનંતાણુક = અનન્તપ્રદેશિક સુધીના સ્કંધોને વિભાવપર્યાય જાણવા." શ્રી**દેવચન્દ્ર** ઉપાધ્યાયજીએ **આગમસાર** ગ્રંથમાં પણ પર્યાયના આ જ છ ભેદ જણાવેલ છે, પરંતુ ત્યાં અર્થમાં કાંઈક તફાવત છે. આગમાનુસારે આ અંગે ઊંડાણથી વિભાવના કરવી કે - 'દેવસેનજી ગુણના ક્રમભાવી વિકારસ્વરૂપ પર્યાયોને બતાવે છે. જ્યારે ઉપાધ્યાય શ્રીદેવચન્દ્રજી તો, પૂર્વે (૨/૨ પૃષ્ઠ-૧૧૪) જણાવ્યા મુજબ, ગુણના બુદ્ધિકૃત નિરંશ અંશસ્વરૂપ પર્યાયોને દર્શાવે છે. આમ બન્ને વચ્ચે તફાવત છે. તેથી દેવચન્દ્રજી મહારાજના વચનથી દેવસેનસંમત ગુણપર્યાયની સિદ્ધિ થતી નથી. તથા ગુણવ્યંજન-પર્યાયની જે વાત **નયચક્રસાર**માં અને **આગમસાર**માં કરેલ છે, તે અભ્યુપગમવાદથી છે.' ગુણવિકારરૂપ પર્યાયને પરમાર્થથી સ્વીકારીને તેના અનુસંધાનમાં ગુણવ્યંજનપર્યાયની વાત ત્યાં કરી નથી.

## ❉ સ્વભાવગુણપર્યાયને પ્રગટાવીએ ❉

[illegible] :- ઉપરોક્ત ચારેય પ્રકારના પર્યાયમાંથી વિભાવગુણપર્યાયના માધ્યમથી સ્વભાવગુણપર્યાયને આપણે પ્રગટાવવાના છે. પરંતુ અનાદિકાળથી માત્ર બહારની જ રુચિ હોવાથી આ આત્મા પરને જ જાણવામાં રોકાઈ ગયો, અટવાઈ ગયો. શાસ્ત્રોનો અભ્યાસ પણ ઘણો કર્યો. શાસ્ત્રીય પદાર્થોની માહિતી ઘણી ભેગી કરી. સત્સંગ વગેરે પણ ઘણી વાર કર્યા. છતાં બહિર્લક્ષી જ જ્ઞાન કર્યું. પરંતુ અંદરમાં સ્વસન્મુખ થઈને પોતાને જ ન જાણ્યો. વિજ્ઞાનઘન, પરમશીતળ, પૂર્ણાનંદમય એવી પોતાની જાતને જ ઓળખી નહિ. પરજ્ઞેય તત્ત્વોના માહિતીજ્ઞાનમાં ડૂબીને, ખોવાઈને કાયમ પોતાની પાસે વિદ્યમાન-નિત્યસન્નિહિત એવો જાણનાર આત્મા જ અત્યંત વિસરાયો. જગત આખામાં ભટક્યો પણ જ્ઞાનનિધાનભૂત નિજ આત્માને જ ન ઓળખ્યો. કેવી મૂર્ખામી કરી ? **આનંદઘનજી** મહારાજ પણ

ज्ञेयज्ञाननिमज्जनतो नित्यसन्निहितो ज्ञाता अत्यन्तं विस्मृतः। शास्त्रवर्णविज्ञान-वचनविन्यास-मानसिककल्पनादिव्यग्रतया निर्द्वन्द्वं परं ब्रह्म नैव अतीन्द्रियानुभवबलेन साक्षात्कृतम्।

प्रकृते "पश्यतु ब्रह्म निर्द्वन्द्वम्, निर्द्वन्द्वानुभवं विना। कथं लिपिमयी दृष्टिः वाङ्मयी वा मनोमयी ?।।" (ज्ञा.सा.२६/६) इति **ज्ञानसार**कारिका विभावनीया। ततश्च परवस्तूनि येन ज्ञेयताम् आपाद्यन्ते तदेव ज्ञानं स्वान्तर्मुखं कृत्वा तेनैव स्ववस्तु ज्ञेयतामापाद्य परमपवित्र-परिपूर्णानन्दमय-शुद्धचैतन्याऽखण्ड-पिण्डरूपतया ज्ञातव्यम्। अपूर्णाश्रयणेन पूर्णज्ञानाऽनाविर्भावात् पूर्णज्ञानस्वभावाश्रयणकृतेऽत्र मत्यादि-ज्ञानानां विभावगुणपर्यायत्वमावेदितम्।

परन्तु विरुद्धभावत्वं तेषु नास्ति, सम्यग्ज्ञानत्वापेक्षया पञ्चानामपि ज्ञानानां सजातीयत्वात्। इत्थं निजपरिशुद्ध-स्थिराऽक्षय-परिपूर्णज्ञानमयाऽऽत्मद्रव्ये आदरतः स्वदृष्टिस्थापनेन अन्याऽखिलद्रव्य-

---

ધર્મનાથ ભગવાનના સ્તવનમાં આ જ વાત કરે છે કે ***'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય, જિનેસર !'*** ખરેખર જાણનારને જ જાણ્યો નહિ. શાસ્ત્રોની લિપિનું વિજ્ઞાન મેળવવામાં કે શબ્દોની ગોઠવણી કરવામાં કે માનસિક કલ્પનાઓની હારમાળા રચવામાં વ્યગ્ર બનીને દ્વન્દ્વાતીત વિશુદ્ધ આત્માને અતીન્દ્રિય અનુભવના બળથી ન જ જાણ્યો. સ્વનો સાક્ષાત્કાર ન જ કર્યો. તેવી વ્યગ્રતાથી - વ્યસ્તતાથી કઈ રીતે શુદ્ધ આત્માનો અપરોક્ષ અનુભવ થાય ?

### ✡ લિપિમય-વાઙ્મય-મનોમય દૃષ્ટિથી આત્માનુભવ ન થાય ✡

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ની એક કારિકાની વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે "ક્લેશશૂન્ય શુદ્ધ અપરોક્ષ એવા અનુભવ વિના, રાગ-દ્વેષાદિશૂન્ય શુદ્ધ આત્મસ્વરૂપને (૧) લિપિમયી દૃષ્ટિ (લિપિજ્ઞાન કે પુસ્તકીયું જ્ઞાન કે સંજ્ઞાક્ષરમય દૃષ્ટિ), (૨) વાઙ્મયી દૃષ્ટિ (વ્યંજનાક્ષરમયી દૃષ્ટિ કે ધર્મવાદાદિથી ઊભી થતી માન્યતા) કે (૩) મનોમયી દૃષ્ટિ (આત્મસંબંધી કલ્પના કે લબ્ધિઅક્ષરમય બોધ કે શાસ્ત્રદૃષ્ટિ) કઈ રીતે જાણી શકે ?" તેથી આત્માનુભવ માટે શાસ્ત્રદૃષ્ટિ કે ચર્મદૃષ્ટિ ઉપર મદાર બિલકુલ ન બાંધવો. તેનાથી સ્વાનુભૂતિ શક્ય નથી. તેથી જે જ્ઞાન વડે પરવસ્તુઓ જ્ઞેય બનાવાય છે, જે જ્ઞાન પરવસ્તુઓને જ્ઞેય = સ્વવિષય બનાવીને જાણે છે, તે જ જ્ઞાનને પોતાના અંતરમાં વાળીને, તે જ જ્ઞાનથી સ્વવસ્તુને = સ્વાત્મતત્ત્વને જ્ઞેય બનાવીને જાણવાનો પ્રયત્ન કરવો. પરમપવિત્રસ્વરૂપે, પૂર્ણાનંદમયરૂપે, શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડસ્વરૂપે સ્વાત્મતત્ત્વને તે જ જ્ઞાન વડે ઓળખવું. અધૂરા જ્ઞાનના આશ્રયે પૂર્ણજ્ઞાન પ્રગટતું નથી. તેથી પૂર્ણ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરાવવા માટે અહીં મતિ-શ્રુત વગેરે ચાર અપૂર્ણ જ્ઞાનોને વિભાવગુણપર્યાય તરીકે કહ્યા છે.

### ❈ મતિજ્ઞાન વિભાવ છે, વિરુદ્ધભાવ નથી ❈

**(पर.)** પરંતુ આત્માના ચૈતન્યસ્વભાવથી રાગાદિ વિભાવપરિણામો જેમ વિરુદ્ધ ભાવ છે, વિરુદ્ધ જાતના ભાવ છે તેમ મતિજ્ઞાન વગેરે કાંઈ વિરુદ્ધ ભાવ નથી. મતિ વગેરે પાંચેય જ્ઞાનો સમ્યગ્જ્ઞાનત્વ જાતિની અપેક્ષાએ તો આત્માના ચૈતન્યસ્વભાવને સજાતીય જ છે. આ રીતે પોતાના પરિશુદ્ધ-સ્થિર

पर्यायौदासीन्यपरायणतया सानुबन्ध-सकामनिर्जराप्रभावात् स्वकीयशुद्धस्वभावगुणपर्यायाः प्रादुर्भवन्ति। तत्प्रादुर्भावे एव [A]अनालम्बनाऽ[B]मलाऽ[C]चलाऽ[D]नुपाधिकाऽ[E]गम्याऽ[F]निन्द्रियाऽ[G]नुपमाऽ[H]व्याबाधाऽ[I]नाहारा-ऽ[J]शरीराऽ[K]क्रियाऽ[L]जन्माऽ[M]जराऽ[N]मराऽ[O]विकल्पाऽ[P]रक्ताऽ[Q]द्विष्टाऽ[R]कम्पाऽ[S]विकाराऽ[T]शोकाऽ[U]कलङ्का-ऽ[V]नाकुलाऽ[W]सङ्गाऽ[X]तर्क्याऽ[Y]वाच्याऽ[Z]नावृतनिजाऽऽत्मद्रव्यगोचराऽपरोक्षाऽनुभवाऽविच्छेदेन आत्मश्रेय इति गम्भीरतयाऽवसेयम्।

ततश्च [1]"णट्ठट्ठकम्मसुद्धा असरीराणंतसोक्खणाणड्ढा। परमपहुत्तं पत्ता जे ते सिद्धा हु खलु मुक्का।।" (बृ.न.च.गाथा १०६) इति **बृहन्नयचक्रे द्रव्यस्वभावप्रकाशा**ऽपराभिधाने **माइल्लधवलो**पदर्शितं सिद्धस्वरूपमासन्नतरं स्यात्।।१४/१६।।

---

-શાશ્વત-પરિપૂર્ણજ્ઞાનમય આત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક સ્વદૃષ્ટિને સ્થિર કરતાં કરતાં, તે સિવાયના અન્ય તમામ દ્રવ્ય અને પર્યાય પ્રત્યે ઉદાસીન ભાવ કેળવતા કેળવતા સાનુબંધ સકામ નિર્જરાના પ્રભાવે નિજ શુદ્ધ સ્વભાવગુણપર્યાય પ્રગટ થાય છે. તે પ્રગટ થાય તો જ **(A)** અનાલંબન, **(B)** અમલ, **(C)** અચલ, **(D)** અનુપાધિક, **(E)** અગમ્ય (ઈન્દ્રિય વગેરેનો અવિષય), **(F)** અનિન્દ્રિય (ઈન્દ્રિયભિન્ન), **(G)** અનુપમ, **(H)** અવ્યાબાધ (પીડાશૂન્ય), **(I)** અનાહાર, **(J)** અશરીર, **(K)** અક્રિય, **(L)** અજન્મ, **(M)** અજર, **(N)** અમર, **(O)** નિર્વિકલ્પ, **(P)** વીતરાગ, **(Q)** વીતદ્વેષ, **(R)** નિષ્પ્રકમ્પ, **(S)** અવિકાર, **(T)** અશોક, **(U)** નિષ્કલંક, **(V)** અનાકુળ, **(W)** અસંગ, **(X)** તર્કઅગોચર, **(Y)** શબ્દઅવિષય, **(Z)** અનાવૃત (પ્રગટ) એવા પોતાના આત્મદ્રવ્યનો અપરોક્ષ અનુભવ અવિચ્છિન્ન થવાથી તાત્ત્વિક આત્મકલ્યાણ થાય છે. આ ગંભીર વાત પ્રસ્તુત શ્લોક દ્વારા હિતોપદેશ રૂપે ગ્રહણ કરવા યોગ્ય છે.

## ❃ સિદ્ધસ્વરૂપને પ્રગટાવીએ ❃

(तत.) આ હિતોપદેશને ગ્રહણ કરવાથી **બૃહન્નયચક્ર**માં = **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે છે. ત્યાં દિગંબર **માઈલ્લધવલે** જણાવેલ છે કે (૧) આઠ કર્મોનો નાશ થવાથી શુદ્ધ બનેલા, (૨) અશરીરી, (૩) અનંત સુખ અને જ્ઞાન દ્વારા સમૃદ્ધ બનેલા, (૪) પરમ પ્રભુત્વને પામેલા જે તે સિદ્ધ ભગવંતો છે, તે જ ખરેખર મુક્તાત્મા છે.' (૧૪/૧૬)

લખી રાખો ડાયરીમાં.....✍

- **સાધનામાં અહંકારનું રી-એક્શન આવવાની શક્યતા છે. દા.ત. સ્થૂલભદ્ર સ્વામીજી.**
**ઉપાસના રીએક્શનલેસ છે. દા.ત. વસ્તુપાળ.**

---

1. नष्टाष्टकर्मशुद्धा अशरीरानन्तसौख्य-ज्ञानाऽऽढ्याः। परमप्रभुत्वं प्राप्ताः ये ते सिद्धा हि खलु मुक्ताः।।

**ગુણવિકાર પજ્જવ કહી, દ્રવ્યાદિક કહંત;**
**♦સ્યૂં જાણઈ મનમાંહિં તે દેવસેન મહંત ॥૧૪/૧૭॥ (૨૪૩) શ્રી જિન.**

"**गुणविकाराः पर्यायाः**" - ઈમ **કહીનઈ**, તેહના ભેદનઈં અધિકારઈં "તે પર્યાય દ્વિભેદ - (૧) દ્રવ્યપર્યાય, (૨) ગુણપર્યાય" ઇત્યાદિક (=**દ્રવ્યાદિક કહંત**=) કહતો (તે) ***नयचक्रकर्ता दिगम्बर દેવસેન*** (**મહંત**) **મનમાંહિં સ્યૂં જાણઈ** છઈ ? અર્થાત્ કાંઈ જાણતો નથી, પૂર્વાપરવિરુદ્ધ ભાષણથી.

---

पुनः **देवसेन**मतसमीक्षणार्थमाह – '**गुणे**'ति ।

**गुणविकाराः पर्यया इत्युक्त्वा द्रव्यपर्यायं वदन् ।**
**किं जानाति मनसि ननु देवसेनो दिगम्बरः खलु ।।१४/१७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ननु 'गुणविकाराः पर्ययाः' इत्युक्त्वा द्रव्यपर्यायं वदन् दिगम्बरो देवसेनः खलु मनसि किं जानाति ?।।१४/१७।।

**ननु** इति विरोधोक्तौ, "विरोधोक्तौ ननु स्मृतम्" (क.को.३/३/१६ पृ.४५९) इति पूर्वोक्तात् (४/७) **कल्पद्रुकोश**वचनात्, **आलापपद्धतौ** "गुणविकाराः पर्ययाः" (आ.प.पृ.३) **इत्युक्त्वा** पश्चात् पर्यायभेद-निरूपणाधिकारे "पर्याया द्विभेदाः द्रव्यपर्यायो गुणपर्यायश्च" (आ.प.पृ.१७) इत्युक्त्वा **द्रव्यपर्यायं वदन् दिगम्बरो नयचक्रादिग्रन्थकारः देवसेनः खलु** इति निश्चये **मनसि किं जानाति** ? प्रकृते 'किं'शब्दः जुगुप्साऽर्थो द्रष्टव्यः, "किं पृच्छायां जुगुप्सायामाक्षेपेऽल्पाऽवसानयोः" (म.को.९९३) इति **मङ्खकोश**वचनात्, "किमव्ययं च कुत्सायां विकल्प-कुत्सयोरपि" (ना.र.मा.ए.का.१९) इति **नानार्थरत्नमालायाम्** एकाक्षरकाण्डे

---

**અવતરણિકા** :- ફરીથી ગ્રંથકારશ્રી **દેવસેનજી**ના મતની સમીક્ષા કરવા માટે કહે છે કે :-

**⊛ ગુણવિકારસ્વરૂપ પર્યાયની મીમાંસા ⊛**

**શ્લોકાર્થ** :- 'ગુણના વિકાર પર્યાય કહેવાય' - આ પ્રમાણે કહીને ફરીથી દ્રવ્યના પર્યાયને જણાવતા દિગંબર દેવસેનજી પોતાના મનમાં શું જાણે છે ? [મતલબ કે દ્રવ્યવિકાર જ પર્યાય છે.] **(૧૪/૧૭)**

**વ્યાખ્યાર્થ** :- મૂળ શ્લોકમાં રહેલ 'ननु' શબ્દ દેવસેનની વાતમાં વિરોધને જણાવવા માટે સમજવો. કેમ કે વિરોધ દર્શાવવામાં 'ननु' શબ્દ પૂર્વોક્ત (૪/૭) **કલ્પદ્રુકોશ**શ્લોકમાં જણાવેલ છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ 'ગુણના વિકારો પર્યાય કહેવાય' - આવું જણાવેલ છે. આ પ્રમાણે પહેલા જણાવીને પાછળથી પર્યાયના ભેદોનું નિરૂપણ કરવાના અધિકારમાં 'પર્યાયો બે પ્રકારના છે - દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય'- આ પ્રમાણે કહેવા દ્વારા દ્રવ્યપર્યાયને જણાવતા દિગંબર દેવસેનજી પોતાના મનમાં શું જાણે છે ? **મંખકોશ**માં **મંખકવિ**એ '(૧) પ્રશ્ન, (૨) જુગુપ્સા, (૩) આક્ષેપ, (૪) અલ્પ, (૫) અવસાન = અંત - આ પાંચ અર્થમાં 'किं' શબ્દ સમજવો' - આમ જણાવેલ છે. તથા **નાનાઅર્થરત્નમાલા** અંતર્ગત **એકાક્ષરકાંડ**માં **ઈરુગપ દંડાધિનાથે** અવ્યયસ્વરૂપ 'किं' શબ્દને વિકલ્પ અને કુત્સા અર્થમાં જણાવેલ છે. આ બંને વચનના આધારે અહીં મૂળ શ્લોકમાં રહેલા 'किं' શબ્દને જુગુપ્સા (=કુત્સા)

---

♦ 'સ્યું = શું, કેવું'. જુઓ - **ઐતિહાસિક જૈનકાવ્ય સંગ્રહ** (સંપા.અગરચંદ નાહટા)

તે માટઈં દ્રવ્યપર્યાય જ કહવા પણિ ગુણપર્યાય જુદો ન કહવો. એ પરમાર્થ✡ જાણવો.♦ ॥૧૪/૧૭॥

**इरुगपदण्डाधिनाथ**वचनाच्च। यद्वा "किं पुनः स्यात् क्षेप-निन्दयोः प्रश्ने वितर्के च" (ए.ना.मा.५) इति **एकाक्षरनाममालिकायाम् अमरचन्द्र**वचनाद् आक्षेपे किं बोध्यः। ततश्च ग्रन्थकारो देवसेनं जुगुप्सते आक्षिपति वा यदुत स **आलापपद्धति**प्रमुखग्रन्थान् कुर्वाणो देवसेनः न पूर्वापरविरोधादिकं स्वदोषम्, न वा जिनोक्ततत्त्वव्यवस्थां जानातीत्यर्थः, यतः "आचारः कुलमाख्याति, वपुराख्याति भोजनम्। वचनं श्रुतमाख्याति, स्नेहमाख्याति लोचनम्।।" ( ) इति सहृदयानामनुभवः।

किञ्च, "निज-निजप्रदेशसमूहैः अखण्डवृत्त्या स्वभाव-विभावपर्यायान् द्रवति, द्रोष्यति, अदुद्रवदिति द्रव्यम्" (आ.प.पृ.१०) इति **आलापपद्धतौ देवसेन**दर्शितया द्रव्यव्युत्पत्त्या द्रव्यस्यैव स्वभाव-विभाव -व्यञ्जनार्थपर्यायाः सम्भवन्ति, न गुणस्येति उदराऽऽस्फालनेन शूलोत्पादनन्यायमनुसरति देवसेनः।

***यदपि*** [1]"सामण्ण विसेसा वि य जे थक्का दविय एयमासेज्ज। परिणाम अह वियारं ताण तं पज्जयं

---

અર્થમાં જાણવો. અથવા તો "(૧) ક્ષેપ = આક્ષેપ, (૨) નિંદા, (૩) પ્રશ્ન તથા (૪) વિતર્ક - આ અર્થમાં 'किं' વપરાય"- આ પ્રમાણે **એકાક્ષરનામમાલિકામાં અમરચંદ્ર પંડિતે** જે જણાવેલ છે, તે મુજબ અહીં આક્ષેપ અર્થમાં પણ 'किं' શબ્દ સમજી શકાય. તેથી અહીં અર્થઘટન એવું થશે કે - ગ્રંથકાર પ્રસ્તુતમાં **દેવસેન**ની જુગુપ્સા કરે છે. અથવા તો ગ્રંથકાર દેવસેન પ્રત્યે આક્ષેપ કરે છે. વાદસભામાં દેવસેનને ખેંચી લાવતાં ગ્રંથકારશ્રી તેવું કહે છે કે **આલાપપદ્ધતિ, નયચક્ર** વગેરે ગ્રંથની રચના કરનારા દેવસેનજી પોતાના જ વચનમાં આવતા પૂર્વાપરવિરોધ વગેરે દોષને જાણતા નથી. તથા જિનોક્ત તત્ત્વની વ્યવસ્થાને પણ દેવસેનજી જાણતા નથી. કારણ કે નિખાલસ વ્યક્તિઓનો અનુભવ એવો છે કે '(૧) સામેના માણસનો આચાર તેના કુળને જણાવે છે. (૨) સામેના માણસનું શરીર તેના ભોજનને બતાવે છે. (૩) વક્તાનું વચન તેના બોધને દર્શાવે છે. (૪) સામેની વ્યક્તિની આંખ તેમાં રહેલ સ્નેહને ઓળખાવે છે.' મતલબ કે વિરોધગ્રસ્ત દેવસેનવચન તેના અપરિપક્વ શાસ્ત્રબોધને બતાવે છે. આ બાબત નિશ્ચિતરૂપે સમજવી. મૂળ શ્લોકમાં રહેલો 'खलु' શબ્દ આવા પ્રકારના નિશ્ચયને જણાવનાર છે.

### ✹ દ્રવ્યના જ વિવિધ પર્યાયો હોય ✹

**(किञ्च.)** વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે દ્રવ્યની વ્યુત્પત્તિ = વ્યાખ્યા **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ જ આ મુજબ દર્શાવેલ છે કે "પોત-પોતાના પ્રદેશસમૂહો દ્વારા અખંડવૃત્તિથી સ્વભાવ -વિભાવ પર્યાયોને જે પ્રાપ્ત કરે છે, ભવિષ્યમાં જે પ્રાપ્ત કરશે તથા પૂર્વે પ્રાપ્ત કરેલ છે તે દ્રવ્ય કહેવાય." આવી દ્રવ્યવ્યાખ્યા મુજબ દ્રવ્યનાં જ સ્વભાવ-વિભાવાત્મક વ્યંજનપર્યાય-અર્થપર્યાયો સંભવે છે, ગુણના નહિ. તેથી દેવસેને ગુણના પર્યાયની જે વાત કરી છે, તે પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવું છે.

### ❖ માઈલ્લધવલમતની સમીક્ષા ❖

**(यदपि.)** **દેવસેનજી**ના અનુયાયી **માઈલ્લ ધવલે બૃહન્નયચક્ર** ગ્રંથ બનાવેલ છે. તે ગ્રંથનું બીજું નામ

---

✡ આ.(૧)માં 'એ ૨ કહિતાં ભેલો નથી દિસતો. દેવસેનજી નયચક્રકર્તા. માટે દ્રવ્ય ગુણ એક જ કહેવાં. ગુણપર્યાય જુદો નથી માટે દ્રવ્યપર્યાય કહેવા.' પાઠ. ♦ ફક્ત લા.(૨)માં 'જાણવો' પાઠ.

1. सामान्यं विशेषा अपि च ये स्थिता द्रव्यमेकमासाद्य। परिणामोऽथ विकारस्तेषां स पर्यायः द्विविधः।।

दुविहं।।" (द्र.स्व.प्र.१७) इत्युक्त्या **द्रव्यस्वभावप्रकाशा**पराभिधाने **बृहन्नयचक्रे माइल्लधवलेन** देवसेनानुयायिना गड्डरिकाप्रवाहन्यायेन एकद्रव्यस्थितसामान्य-विशेषगुणविकारपरिणामात्मकपर्यायाणां द्रव्यपर्याय -गुणपर्यायरूपेण विभजनमकारि ***तदपि*** स्ववचन-जिनवचनबाह्यं मन्तव्यम्। तदुक्तं **तत्त्वार्थसर्वार्थसिद्धिवृत्तौ** अभियुक्तसाक्षिरूपेण [1]"गुण इदि दव्वविहाणं दव्वविकारो हि पज्जवो भणिदो" (त.सू.स.सि. ५/३८ उद्धृतः) इति। तदनुसारेण **तत्त्वार्थसारे अमृतचन्द्रेण** अपि "गुणो द्रव्यविधानं स्यात्, पर्यायो द्रव्यविक्रिया" (त. सा.९) इत्युक्तम् इति पूर्वोक्तम् (२/२) अत्रानुसन्धेयम्। वज्रं वज्रेण भिद्यते इति न्यायेनेदं बोध्यम्। तस्माद् द्रव्यपर्याया एव वाच्या, न तु तेभ्यः पृथग् गुणपर्याया इति।

अत एव **भगवतीसूत्रे** पञ्चविंशतितमे शतके **प्रज्ञापनायां** च पञ्चमे पदे [2]"कतिविहा णं भंते ! पज्जवा पन्नत्ता ? गोयमा ! दुविहा पज्जवा पन्नत्ता; तं जहा – जीवपज्जवा य अजीवपज्जवा य" (भ.सू.२५/५/सू.७४६/पृ.८८७, सू.१०३/पृ.१७९) इति निरूपितम्, अन्यथा तत्र 'दव्वपज्जवा य गुणपज्जवा य' इत्युक्तं स्यात्।

**દ્રવ્યસ્વભાવપ્રકાશ** છે. તેમાં 'એક દ્રવ્યને આશ્રયીને સામાન્ય અને વિશેષ ગુણો રહેલા છે. તે ગુણોનો વિકારાત્મક પરિણામ પર્યાય કહેવાય છે. તે પર્યાયના બે પ્રકાર છે' - આ પ્રમાણે **માઈલ્લ ધવલે** ગાડરિયા પ્રવાહની પદ્ધતિથી જણાવેલ છે. માઈલ્લ ધવલે ઉપરોક્ત કથન દ્વારા એક દ્રવ્યમાં રહેલા સામાન્ય ગુણના અને વિશેષ ગુણના વિકાર પરિણામાત્મક પર્યાયોનું દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય રૂપે જે વિભાજન કરેલ છે, તે પણ સ્વવચનબાહ્ય છે અને જિનવચનબાહ્ય છે - આ પ્રમાણે તમારે માનવું. સ્વવચનબાહ્ય એટલા માટે છે કે ગુણના વિકારને પર્યાય તરીકે જણાવ્યા બાદ દ્રવ્યના પર્યાય બતાવવા કઈ રીતે ઉચિત કહેવાય ? તથા તે કથન જિનવચનબાહ્ય હોવાનું કારણ એ છે કે જિનવચન ગુણના વિકારને પર્યાય તરીકે નથી જણાવતું પરંતુ દ્રવ્યના વિકારને પર્યાય તરીકે જણાવે છે. **તત્ત્વાર્થસૂત્ર**ની **સર્વાર્થસિદ્ધિ** નામની દિગંબર વ્યાખ્યામાં સાક્ષીરૂપે પૂર્વાચાર્યોના પવિત્ર વચનને ઉદ્ધૃત કરેલ છે. તેમાં જણાવેલ છે કે 'ગુણ એ દ્રવ્યનું વિભાજક છે. દ્રવ્યનો વિકાર એ જ પર્યાય તરીકે કહેવાયેલ છે.' તેને અનુસરીને **તત્ત્વાર્થસાર**માં દિગંબર **અમૃતચંદ્ર**જીએ પણ તે મુજબ જ જણાવેલ છે. પૂર્વે (૨/૨) આ સંદર્ભ જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. જેમ વજ્ર વજ્રથી ભેદાય, બીજાથી નહિ, તેમ દિગંબર દિગંબરથી સમજે, બીજાથી નહિ. ઉપરોક્ત ન્યાયને અનુસરીને દેવસેન સામે દિગંબરશાસ્ત્રપાઠો જણાવ્યા. તેથી દેવસેને દ્રવ્યના જ પર્યાયો કહેવા જોઈએ. દ્રવ્યપર્યાય કરતાં જુદા ગુણપર્યાય કહી ન શકાય.

### ❁ પર્યાય દ્વિવિધ - ભગવતીસૂત્ર ❁

(अत.) તેથી જ **ભગવતીસૂત્ર**ના પચીશમા શતકમાં અને **પન્નવણાસૂત્ર**ના પાંચમા પદમાં 'હે ભગવંત ! પર્યાયો કેટલા પ્રકારે બતાવેલા છે ? હે ગૌતમ ! પર્યાયો બે પ્રકારે બતાવેલ છે. તે આ રીતે - (૧) જીવપર્યાય અને (૨) અજીવ પર્યાય' - આમ જણાવેલ છે. જો ગુણના પણ પર્યાયો હોત તો 'દ્રવ્યપર્યાય

1. गुण इति द्रव्यविधानं द्रव्यविकारः हि पर्यवः भणितः।।
2. कतिविधाः भदन्त ! पर्यवाः प्रज्ञप्ताः ? गौतम ! द्विविधाः पर्यवाः प्रज्ञप्ताः। तद् यथा - जीवपर्यवाश्च अजीवपर्यवाश्च।

***एतेन*** "गुणविकाराः पर्यायाः" (का.अ.२४२ वृ.पृ.१७३) इति **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ शुभचन्द्रोक्तिरपि** ***निरस्ता***।

यदि च गुणविकार एव पर्यायलक्षणं स्यात् तर्हि द्रव्यपर्याया उच्छिद्येरन्, गुणविकारस्य गुण एव सत्त्वात्। किञ्च, **तत्त्वार्थसर्वार्थसिद्धिवृत्तौ** उद्धरणरूपेण [1]"दव्वविकारो हि पज्जवो भणिदो" (त.स. सि.५/३८ उद्धृतः) इत्युक्त्या दिगम्बरीयप्राचीनपरम्परायामपि द्रव्यविकारस्यैव पर्यायतया निर्दिष्टत्वात् तया सममपि देवसेनोक्तिः विरुध्यते। ततो द्रव्यस्यैव पर्याया अभ्युपेया इति परमार्थः।

अन्यच्च **कुन्दकुन्दस्वामिना नियमसारे** [2]"अण्णणिरावेक्खो जो परिणामो सो सहावपज्जाओ। खंधसरूवेण पुणो परिणामो सो विहावपज्जाओ।।" (नि.सा.२८) इत्येवं या स्वभाव-विभावपर्यायव्याख्या दर्शिता साऽपि केवलद्रव्यपर्यायद्वैविध्याऽभ्युपगमे एव सङ्गच्छते, न तु गुणविकारात्मकपर्यायाणां द्वैविध्योपगमे

---

અને ગુણપર્યાય' - આમ દર્શાવેલ હોત. માટે ગુણના સ્વતંત્ર પર્યાય નથી.

### ꕥ કાર્તિકેયઅનુપ્રેક્ષાવૃત્તિની સમાલોચના ꕥ

(एते.) 'ગુણના વિકારો એ પર્યાય છે' - આ પ્રમાણે દિગંબર **શુભચંદ્રજી**એ **કાર્તિકેયઅનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જે જણાવેલ છે, તેનું પણ નિરાકરણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. મતલબ કે દ્રવ્યપર્યાયથી જુદા ગુણપર્યાય કહી ન શકાય. આ હકીકતને જણાવવાનો અહીં આશય રહેલો છે.

### ➤ પર્યાય ગુણવિકારાત્મક નથી ➤

(यदि.) ગુણનો વિકાર એ જ જો પર્યાયનું લક્ષણ હોય તો ગુણના પર્યાય કહી શકાય, દ્રવ્યના પર્યાય કહી ન શકાય. કારણ કે ગુણના વિકાર ગુણમાં રહે, દ્રવ્યમાં ન રહે. તેથી દેવસેનમત મુજબ દ્રવ્યના પર્યાય સંભવી શકશે નહિ. તથા દિગંબર પરંપરામાં પણ દ્રવ્યના વિકારને જ પર્યાય તરીકે જણાવવામાં આવેલ છે. કેમ કે **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિવ્યાખ્યા**માં (૫/૩૮) સાક્ષીરૂપે ઉદ્ધૃત કરેલ ગાથામાં દ્રવ્યના વિકારને જ પર્યાય જણાવેલ છે. તેથી ગુણના વિકારને પર્યાય તરીકે માનવાની વાત પ્રાચીન દિગંબર પરંપરા સાથે પણ વિરોધ ધરાવે છે. તેથી દ્રવ્યના જ પર્યાય માનવા વ્યાજબી છે. ગુણના પર્યાય માનવાની વાત શાસ્ત્રબાહ્ય છે તથા પ્રાચીનપરંપરાથી પણ બાહ્ય છે.

### ꕥ સ્વભાવ-વિભાવપર્યાયની વ્યાખ્યા સમજીએ ꕥ

(अन्य.) વળી, અન્ય એક મહત્ત્વની વાત એ છે કે **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર** ગ્રંથમાં "અન્યનિરપેક્ષ જે પરિણામ હોય તે સ્વભાવપર્યાય- છે. તથા સ્કંધસ્વરૂપે જે પરિણામ હોય છે તે વિભાવપર્યાય છે" - આ પ્રમાણે સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય વિશે જે વ્યાખ્યા કરેલી છે તે પણ માત્ર દ્રવ્યપર્યાયના સ્વભાવ-વિભાવસ્વરૂપ બે ભેદ પાડવામાં આવે તો જ સંગત થઈ શકે. ગુણવિકારસ્વરૂપ ગુણપર્યાયના પણ સ્વભાવ-વિભાવાત્મક બે ભેદ માનવામાં આવે તો દિગંબરસંપ્રદાયભૂષણ **કુંદકુંદસ્વામી**ના ઉપરોક્ત વચનની સંગતિ કોઈ પણ રીતે થઈ ના શકે. કેમ કે ગુણમાં સ્કંધપરિણામાત્મક વિભાવપર્યાયની સંભાવના

---

1. द्रव्यविकारो हि पर्यवो भणितः।

2. अन्यनिरपेक्षो यः परिणामः स स्वभावपर्यायः। स्कन्धस्वरूपेण पुनः परिणामः स विभावपर्यायः।।

इत्यपि **देवसेनेन** विस्मृतम्।

किञ्च, जीव-पुद्गलयोः ये गुणाः पर्यायाश्च स्वभाव-विभावभेदेन **परमात्मप्रकाशवृत्तौ ब्रह्मदेवेन** "जीवस्य तावत्कथ्यन्ते – (१) सिद्धत्वादयः स्वभावपर्यायाः (२) केवलज्ञानादयः स्वभावगुणाः असाधारणा इति। अगुरुलघुकाः स्वभावगुणाः। तेषामेव गुणानां षड्हानि-वृद्धिरूपस्वभावपर्यायाश्च सर्वद्रव्यसाधारणाः। तस्यैव जीवस्य (३) मतिज्ञानादिः विभावगुणः (४) नर-नारकादिः विभावपर्यायश्च इति। इदानीं पुद्गलस्य कथ्यन्ते। (१) केवलपरमाणुरूपेण अवस्थानं स्वभावपर्यायः वर्णान्तरादिरूपेण परिणमनं वा। (२) तस्मिन्नेव परमाणौ वर्णादयः स्वभावगुणा इति। (३) द्व्यणुकादिरूपस्कन्धरूपविभावपर्यायाः (४) तेषु एव द्व्यणुकादि-स्कन्धेषु वर्णादयो विभावगुणाः" (प.प्र.५७/वृ.) इत्येवं दर्शिताः, इहापि पूर्वं (१४/१६) प्रकाशिताः तैः सममपि "गुणविकाराः पर्यायाः" (आ.प.पृ.३) इति **आलापपद्धति**वचनं विरुध्यते; सिद्धत्वादिलक्षणेषु जीवस्वभावपर्यायेषु, नर-नारकादिषु जीवविभावपर्यायेषु, परमाणुलक्षणे पुद्गलस्वभावपर्याये द्व्यणुकादिलक्षणे च पुद्गलविभावपर्याये गुणविकारत्वविरहेण पर्यायलक्षणाऽव्याप्तेः।

---

જ નથી. આ બાબતને પણ દેવસેનજી ભૂલી ગયા.

### ❀ જીવ-પુદ્ગલના સ્વભાવ-વિભાવપર્યાયમાં દેવસેનલક્ષણની અવ્યાપ્તિ ❀

(**किञ्च.**) વળી, દેવસેનને દિગંબર **બ્રહ્મદેવ**ની સાથે પણ વિરોધ આવશે. આનું કારણ એ છે કે **બ્રહ્મદેવજીએ પરમાત્મપ્રકાશવૃત્તિ**માં જીવ અને પુદ્ગલ - બન્નેના ગુણો અને પર્યાયો સ્વભાવ-વિભાવભેદથી ચાર-ચાર દેખાડેલા છે.તે આ રીતે - "સૌપ્રથમ જીવના ગુણ-પર્યાયો કહેવાય છે. (૧) સિદ્ધત્વ વગેરે જીવના સ્વભાવપર્યાયો છે. (૨) કેવલજ્ઞાન વગેરે જીવના સ્વભાવગુણો છે. કેમ કે તે અસાધારણ છે. તથા સર્વદ્રવ્યમાં સાધારણ સ્વભાવગુણ અગુરુલઘુત્વ છે. તથા તે જ અગુરુલઘુગુણની ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિ એ સર્વદ્રવ્યમાં સાધારણ સ્વભાવપર્યાય છે. તે જ જીવના (૩) મતિજ્ઞાન વગેરે વિભાવગુણ છે. તથા (૪) નર, નારક વગેરે જીવના વિભાવપર્યાય છે. હવે પુદ્ગલના ગુણ-પર્યાયો કહેવાય છે. (૧) કેવલ પરમાણુસ્વરૂપે રહેવું તે પુદ્ગલનો સ્વભાવપર્યાય છે. અથવા અન્ય વર્ણ-ગંધ-રસાદિસ્વરૂપે પરિણમવું તે પુદ્ગલનો સ્વભાવપર્યાય છે. (૨) તે જ પરમાણુમાં વર્ણ-ગંધ વગેરે હોય તે સ્વભાવગુણ કહેવાય છે. (૩) દ્વ્યણુક વગેરે સ્વરૂપ સ્કંધાત્મક વિભાવપર્યાયો જાણવા. તથા (૪) તે જ દ્વ્યણુક વગેરે સ્કંધોમાં જે વર્ણ-ગંધ વગેરે હોય તે પુદ્ગલના વિભાવગુણ સમજવા." **બ્રહ્મદેવ**દર્શિત ઉપરોક્ત સંદર્ભ અહીં પણ પૂર્વે (૧૪/૧૬) જણાવેલ જ છે. તે ગુણ-પર્યાયો સાથે 'ગુણવિકારો એ પર્યાય છે' - આ **આલાપપદ્ધતિ**વચનને વિરોધ આવશે. કેમ કે સિદ્ધત્વ વગેરે સ્વરૂપ જીવસ્વભાવપર્યાયોમાં, નર -નારક વગેરે જીવવિભાવપર્યાયોમાં, પરમાણુ સ્વરૂપ પુદ્ગલસ્વભાવપર્યાયમાં તથા દ્વ્યણુકાદિસ્વરૂપ પુદ્ગલવિભાવપર્યાયમાં ગુણવિકારત્વ ન રહેવાને લીધે દેવસેનદર્શિત પર્યાયલક્ષણની અવ્યાપ્તિ આવે છે. તેનું નિવારણ દેવસેન કરી નહિ શકે. તથા તે પર્યાયોનો અસ્વીકાર પણ તે કરી નહિ શકે. બાકી તો અપસિદ્ધાન્ત લાગુ પડશે. કેમ કે બ્રહ્મદેવજી પણ દિગંબર જ છે.

***यद्यपि*** पूर्वं (१४/१६) परमाणुलक्षणस्य द्रव्यपर्यायस्य चतुर्विधपर्यायविभागेऽसमावेशाऽऽपादनप्रसङ्गे प्रकृत**परमात्मप्रकाशवृत्ति**सन्दर्भो दर्शितः ***तथापि*** इह (१४/१७) तु गुणविकारात्मकपर्यायमतनिराकरणाय स उट्टङ्कित इति प्रयोजनभेदान्न पौनरुक्त्यं दोषतया उद्भावनीयम्। अन्यत्राऽपि अनया रीत्या पूर्वोक्तानुसारेण (१०/१९) च विभावनीयम्।

**नियमसारवृत्तौ पद्मप्रभेणा**ऽपि (गा.९, वृ.पृ.२१) केवलज्ञानादयः शुद्धगुणत्वेन मतिज्ञानादयश्च विभावगुणत्वेन दर्शिताः, न तु गुणपर्यायत्वेनेति तेनाऽपि समं देवसेनस्य विरोधः दुर्वारः। 'अस्त्रम् अस्त्रेण शाम्यती'ति न्यायेनेदमवसेयम्।

**योगदीपिका**ऽभिधानायां **षोडशकवृत्तौ यशोविजयवाचकैः** "गुणाः जीवस्वभावाऽविनाभूताः (१) सामान्येन ज्ञानादयः, (२) विशेषेण केवलज्ञानादयः" (षो.९/६ यो.दी.वृ.पृ.२१४) इति यदुक्तं ***तेन*** "स्वभावगुण-व्यञ्जनपर्याया अनन्तचतुष्टयरूपा जीवस्य" (आ.प. पृ.४) इति **आलापपद्धतौ देवसेनोक्तिः** ***प्रत्याख्याता***।

---

### ❀ પુનરુક્તિદોષ અવિદ્યમાન ❀

(**यद्य.**) જો કે ઉપર જણાવેલ **પરમાત્મપ્રકાશવૃત્તિ**નો સંદર્ભ પૂર્વે (૧૪/૧૬) દર્શાવેલ જ છે. તો પણ અહીં પુનરુક્તિનું દોષ તરીકે ઉદ્ભાવન ન કરવું. કારણ કે બન્ને સ્થળે એક જ પાઠ ઉદ્ધૃત કરવા છતાં પ્રયોજનભેદ રહેલો છે. તે આ રીતે - પૂર્વે (૧૪/૧૬) જે ચાર પ્રકારના પર્યાયોનો વિભાગ જણાવેલ છે, તેમાં પરમાણુસ્વરૂપ દ્રવ્યપર્યાયનો સમાવેશ નથી થઈ શકતો. આ અનિષ્ટ આપાદન કરવા માટે **પરમાત્મપ્રકાશવૃત્તિ**નો સંદર્ભ જણાવેલ હતો. જ્યારે અહીં તો ગુણવિકારસ્વરૂપ પર્યાયને જણાવનાર દેવસેનમતના નિરાકરણ માટે તે સંદર્ભ ટાંકેલ છે. આમ પ્રયોજનભેદ સ્પષ્ટ છે. તેથી પુનરુક્તિ અહીં દોષરૂપ નથી. આ ગ્રંથમાં બીજે ક્યાંય પુનરુક્તિ જણાય તો તેમાં નિર્દોષતાની વિભાવના ઉપર જણાવેલી રીત મુજબ તથા પૂર્વે (૧૦/૧૯ પૃષ્ઠ ૧૬૩૩-૧૬૩૪) દર્શાવેલ પદ્ધતિ અનુસાર કરવી.

### ❀ પદ્મપ્રભ સાથે દેવસેનને વિરોધ ❀

(**नियम.**) **નિયમસાર**ની **વ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **પદ્મપ્રભજી**એ પણ કેવલજ્ઞાનાદિ શુદ્ધગુણ તરીકે તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણ તરીકે દેખાડેલ છે. પરંતુ ગુણપર્યાય તરીકે પાંચમાંથી એક પણ જ્ઞાનને જણાવેલ નથી. તેથી પદ્મપ્રભના વચનની સાથે પણ દેવસેનને વિરોધ આવશે. તેનું નિવારણ દેવસેન કરી શકે તેમ નથી. અસ્ત્ર અસ્ત્રથી શાંત થાય, તેમ દિગંબર દેવસેન દિગંબરથી સમજે. આ ન્યાયથી અહીં પદ્મપ્રભજીની વાત દેવસેનની સામે જણાવેલ છે - તેમ સમજવું.

### ❀ કેવલજ્ઞાનાદિ સ્વભાવગુણવ્યંજનપર્યાય નથી ❀

(**योग.**) શ્રીહરિભદ્રસૂરિએ રચેલ **ષોડશક** ઉપર મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** મહારાજે **યોગદીપિકા** વ્યાખ્યા રચેલી છે. તેમાં જણાવેલ છે કે 'જીવના સ્વભાવને છોડીને બીજે ક્યાંય ચૈતન્યથી ઝળહળતા ગુણો રહેતા નથી. આવા ગુણો (૧) સામાન્યથી જ્ઞાન વગેરે છે. (૨) તથા વિશેષરૂપે કેવલજ્ઞાન વગેરે છે.' મતલબ કે તેમણે કેવલજ્ઞાનાદિને વિશેષગુણ તરીકે જણાવેલ છે. પરંતુ ગુણપર્યાય તરીકે જણાવેલ નથી. આ કારણે 'જીવના અનંતચતુષ્ટયસ્વરૂપ કેવલજ્ઞાનાદિને સ્વભાવગુણવ્યંજનપર્યાય તરીકે જાણવા'

ततः पूर्वोक्ता (११/४) शुद्धाऽशुद्धगुणव्यञ्जनपर्यायकल्पना यद् वा स्वभाव-विभावगुणव्यञ्जनपर्यायकल्पना देवसेनसम्मता अनुचिता एव।

किञ्च, पूर्वोपदर्शितेन (२/२) **तत्त्वार्थसर्वार्थसिद्धि-राजवार्त्तिकादि**संवादेन गुणस्य सामान्यरूपता पर्यायस्य च विशेषरूपता प्रसिद्धा। ततश्च ज्ञानादेः सामान्यरूपतया मतिज्ञानादि-चक्षुर्दर्शनादीनाञ्च विशेषव्यक्तिरूपतया तेषां ज्ञानादिपर्यायरूपता भवितुं नार्हति। न हि विशेषः सामान्यस्य पर्यायो भवति, अन्यथा नीलघटोऽपि घटस्य पर्यायतामास्कन्देत। ततश्च "विभावगुणव्यञ्जनपर्याया मत्यादयः..... स्वभावगुणव्यञ्जनपर्याया अनन्तचतुष्टयरूपा जीवस्य" (आला.प.पृ.४) इति **आलापपद्धतौ देवसेनेन** यदुक्तं तदुपचारमात्रमेव बोध्यम्। 'परमार्थतः तेषाम् आत्मद्रव्यमात्रवृत्तित्वेन आत्मद्रव्यपर्यायत्वेऽपि ज्ञानात्मनोः तादात्म्येन मतिज्ञानादीनां ज्ञानादिगुणसापेक्षत्वेन च प्रकृते आत्मपर्याया अपि मतिज्ञानादयः ज्ञानादि-गुणव्यञ्जनपर्यायतया उपचारमात्रत उच्यन्ते **आलापपद्धतौ देवसेनेन**' इत्यङ्गीकर्तव्यं देवसेनानुयायिभिः। पूर्वं द्वितीयशाखायां (२/१३) गुणविकारात्मकपर्यायप्रतिषेधपरा या शास्त्रोक्ति-युक्तयः प्रदर्शिताः ता

---

- આમ **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ જે જણાવેલ છે, તેનું નિરાકરણ થઈ જાય છે. મતલબ કે કેવલજ્ઞાનાદિને વિશેષગુણ કે શુદ્ધગુણ કહેવા વ્યાજબી છે. પરંતુ તેને ગુણના પર્યાય તરીકે માનવા વ્યાજબી નથી. તેથી (૧) આ જ શાખાના ચોથા શ્લોકમાં પૂર્વે જણાવેલ શુદ્ધ-અશુદ્ધ ગુણવ્યંજનપર્યાયની કલ્પના કે (૨) સ્વભાવ-વિભાવ ગુણવ્યંજનપર્યાયની દેવસેનસંમત કલ્પના અનુચિત જ છે.

### ❖ સામાન્યનો પર્યાય વિશેષ ન બને ❖

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે પૂર્વે બીજી શાખાના બીજા શ્લોકમાં **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ, તત્ત્વાર્થરાજવાર્ત્તિક** વગેરેનો સંવાદ દર્શાવેલ હતો. તે મુજબ ગુણ સામાન્યસ્વરૂપ છે તથા પર્યાય વિશેષાત્મક છે. પ્રસ્તુતમાં જ્ઞાનાદિ ગુણ સામાન્યાત્મક છે. તથા દેવસેનને પર્યાય તરીકે સંમત એવા મતિજ્ઞાનાદિ-ચક્ષુદર્શનાદિ પર્યાય વિશેષસ્વરૂપ છે. તેથી વિશેષવ્યક્તિ સ્વરૂપ મતિજ્ઞાનાદિ -ચક્ષુદર્શનાદિ કદાપિ જ્ઞાનાદિના પર્યાય તરીકે બની શકે નહિ. ક્યારેય પણ વિશેષ વ્યક્તિ સામાન્યનો પર્યાય બને નહિ. બાકી તો નીલઘટ પણ ઘટનો પર્યાય બનવાની આપત્તિ આવશે. (ઘટનો પર્યાય નીલરૂપ બને, નીલઘટ નહિ. માણસનો પર્યાય ભારતીયત્વ વગેરે બને. પરંતુ ભારતીય મનુષ્ય, અનાર્ય મનુષ્ય વગેરે નહિ. ભારતીય મનુષ્ય, અનાર્ય મનુષ્ય વગેરે મનુષ્યના ભેદ = પ્રકાર કહેવાય, પર્યાય નહિ.) તેથી 'મતિજ્ઞાન વગેરે વિભાવગુણવ્યંજનપર્યાય છે... જીવના અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય સ્વભાવ-ગુણવ્યંજનપર્યાય છે' - આ પ્રમાણે **આલાપપદ્ધતિ**માં દેવસેનજીએ જે જણાવેલ છે, તે તો ઉપચારમાત્ર સમજવું. મતિજ્ઞાનાદિ અને ચક્ષુદર્શનાદિ ફક્ત આત્મદ્રવ્યમાં જ રહે છે. તેથી પરમાર્થથી તો તેઓ આત્મદ્રવ્યના જ પર્યાય છે. તો પણ જ્ઞાન અને આત્મા વચ્ચે અભેદ = તાદાત્મ્ય છે. તથા મતિજ્ઞાનાદિ જ્ઞાનાદિગુણસાપેક્ષ છે. માટે મતિજ્ઞાનાદિ જેમ આત્માના પર્યાય કહેવાય છે, તેમ પ્રસ્તુતમાં **આલાપપદ્ધતિ**માં **દેવસેન** દ્વારા તે જ્ઞાન વગેરે ગુણના પણ પર્યાય = ગુણવ્યંજનપર્યાય કહેવાયેલ છે - તેમ સમજવું. પરંતુ તે ઉપચારથી જ કહેવાય છે. આ મુજબ દેવસેનના અનુયાયીઓએ સ્વીકારવું જોઈએ. તથા પૂર્વે

अप्यत्राऽनुसन्धेयाः।

सूक्ष्मेक्षिकया उपयोगरूपेण क्रमिकत्वेऽपि लब्धिरूपेण आविर्भूतरूपेण चात्मद्रव्यसहभावितया ज्ञान-दर्शनादय आत्मद्रव्यगुणा उच्यन्ते मतिज्ञानादि-चक्षुर्दर्शनादयश्च क्रमभावितया आत्मद्रव्यपर्यायाः कथ्यन्ते। केवलज्ञानादेः प्रकृतगुणपदार्थत्वनिराकरणाय 'आविर्भूतरूपेण' इत्युक्तम्।

वस्तुतस्तु गुणानां पर्यायेषु एव अन्तर्भावात् केवलज्ञान-दर्शनादयः ज्ञान-दर्शनादयो वा आत्मद्रव्यशुद्धपर्यायाः यद् वा आत्मद्रव्यस्वभावपर्याया एव विज्ञेयाः, इत्थमेव आगमपरिभाषोपलब्धेः।

***यद्यपि*** मतिज्ञानादिलक्षणानां पर्यायाणां गुणसापेक्षत्वमस्त्येव ***तथापि*** तेषां द्रव्ये एव वृत्तित्वाद् द्रव्यपर्यायत्वमेव। गुणाः पर्यायाश्च केवलं द्रव्ये सन्ति। गुणेषु स्वातन्त्र्येण कोऽपि पर्यायो नैव विद्यते। अतो गुणपर्यायकल्पना नैव समीचीना। द्रव्याणामेव पर्याया अभ्युपेयाः। गुणास्तु पर्याया-ऽन्तर्भूता एव।

---

બીજી શાખાના તેરમા શ્લોકના વિવરણમાં ગુણવિકારાત્મક પર્યાયનો નિષેધ કરનાર જે શાસ્ત્રસંદર્ભો તથા યુક્તિઓ જણાવેલ, તેનું પણ અહીં વિજ્ઞ વાચકવર્ગે અનુસંધાન કરવું.

**❀ ગુણ-પર્યાયવ્યવહારની સ્પષ્ટતા ❀**

**(सूक्ष्मे.)** સૂક્ષ્મદૃષ્ટિથી ઉપયોગસ્વરૂપે જ્ઞાન-દર્શન ભલે ક્રમિક હોય. પરંતુ (૧) લબ્ધિસ્વરૂપે તો તે આત્મદ્રવ્યસહભાવી જ છે. તેમજ (૨) તેઓ પ્રગટરૂપે આત્મામાં સર્વદા વિદ્યમાન હોય છે. તેથી તેઓ આત્મદ્રવ્યના ગુણ કહેવાય. જ્યારે મતિજ્ઞાનાદિ તથા ચક્ષુદર્શનાદિ તો ક્રમભાવી છે. તેથી તેઓ આત્મદ્રવ્યના જ પર્યાય કહેવાય છે. કેવલજ્ઞાન-દર્શનની પ્રસ્તુત ગુણપદાર્થમાંથી બાદબાકી કરવા માટે 'પ્રગટરૂપે આત્મસહભાવી' આવો બીજો હેતુ જણાવેલ છે. કેવલજ્ઞાન-દર્શન શક્તિસ્વરૂપે આત્મામાં સર્વદા હોવા છતાં પ્રગટરૂપે સર્વદા હોતા નથી. તેથી કેવલજ્ઞાન-દર્શનની ગણના પ્રસ્તુત ગુણપદાર્થ તરીકે નહિ થાય. પણ પર્યાય તરીકે થશે. તેથી મતિજ્ઞાનાદિ પાંચ આત્મદ્રવ્યપર્યાય થશે.

**❋ કેવલજ્ઞાનાદિ આત્મદ્રવ્યના સ્વભાવપર્યાય ❋**

**(वस्तु.)** વાસ્તવમાં તો ગુણોનો પર્યાયોમાં જ અંતર્ભાવ થાય છે. તેથી કેવલજ્ઞાન-દર્શન વગેરેને આત્મદ્રવ્યના શુદ્ધપર્યાય તરીકે અથવા જ્ઞાન-દર્શનાદિને આત્મદ્રવ્યના સ્વભાવપર્યાય તરીકે જ જાણવા. કારણ કે આગમની પરિભાષા તે પ્રમાણે જ ઉપલબ્ધ થાય છે.

**❈ ગુણસાપેક્ષ પર્યાય પણ દ્રવ્યવૃત્તિ હોવાથી દ્રવ્યપર્યાય ❈**

**(यद्य.)** જો કે મતિજ્ઞાનાદિસ્વરૂપ જે પર્યાયો છે, તે ગુણસાપેક્ષ જરૂર છે. તો પણ તેઓ રહે છે તો માત્ર દ્રવ્યમાં જ. આમ દ્રવ્યવૃત્તિ પર્યાય હોવાથી મતિજ્ઞાનાદિને દ્રવ્યપર્યાય જ કહેવાય, ગુણપર્યાય નહિ. ગુણો અને પર્યાયો કેવળ દ્રવ્યમાં જ રહે છે. ગુણોમાં સ્વતંત્રરૂપે તો કોઈ પર્યાય રહેતો જ નથી. તેથી ગુણના પર્યાયની કલ્પના દેવસેનજી કરે છે, તે વ્યાજબી નથી. પર્યાયો માત્ર દ્રવ્યોના જ માનવા જોઈએ. તથા ગુણો તો પર્યાયમાં અંતર્ભૂત જ છે.

प्रकृते "गुणास्तु पर्यायाः" (वि.आ.भा.७३५ वृ.) इत्येवं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरि**वचनम्, **भगवतीवृत्तौ** "पर्यवा गुणा धर्मा विशेषा इति पर्याया" (भ.सू.२५/५/७४६/वृ.पृ.८८९) इति **श्रीअभयदेवसूरि**वचनम्, **प्रज्ञापनावृत्तौ** पर्यायपदे "पर्यायाः, गुणाः, विशेषाः, धर्माः इत्यनर्थान्तरम्" (प्र.प.५/१०३/पृ.१७९) इति **श्रीमलयगिरिसूरि**वचनञ्च स्मर्तव्यम्।

"अन्वयो व्यतिरेकश्च द्रव्य-पर्यायसंज्ञितौ। अन्योऽन्यव्याप्तितो भेदाऽभेदवृत्त्यैव वस्तु तौ।।" (शा.वा.स.७/३१) इति **शास्त्रवार्त्तासमुच्चये श्रीहरिभद्राचार्योक्ति**रपि पर्यायाऽतिरिक्तगुणप्रतिषेधपरा द्रष्टव्या।

"द्रव्य-पर्यायसङ्कल्पश्चेतस्तद्व्यञ्जकं वचः। तद् यथा यत्र यावच्च निरवद्येति योजना।।" (सिद्ध.द्वा.१०/१५) इति **सिद्धसेनीयद्वात्रिंशिका**कारिकाऽपि प्रकारान्तरेण अतिरिक्तगुणप्रतिषेधनपरायणा ज्ञेया। **श्रीलावण्यसूरि**भिरपि सिद्धसेनीय**दृष्टिप्रबोधद्वात्रिंशिकायाः किरणावलीवृत्तौ** "गुणोऽपि पर्याय एव" (सि.द्वा.२०/

---

## ❀ ગુણ પર્યાય સ્વરૂપ છે ❀

(**प्रकृते.**) ગુણનો પર્યાયમાં અંતર્ભાવ કરવાની હમણાં જે વાત કરી, તે બાબતમાં આગમિક ટીકાકારોનું વચન અવશ્ય સ્મરણ કરવા યોગ્ય છે. (૧) 'ગુણો તો પર્યાય છે' - આ મુજબ શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં કહેલ છે. (૨) **ભગવતીસૂત્રવૃત્તિ**માં શ્રી**અભયદેવસૂરિ**જીએ જણાવેલ છે કે '**(A)** પર્યવ, **(B)** ગુણ, **(C)** ધર્મ, **(D)** વિશેષ - આ ચારેય શબ્દો પર્યાયવાચી છે.' (૩) **પ્રજ્ઞાપનાવૃત્તિ**માં શ્રી**મલયગિરિસૂરિ**જીએ " **(A)** પર્યાય, **(B)** ગુણ, **(C)** વિશેષ, **(D)** ધર્મ - આ ચારેય શબ્દોના અર્થમાં કોઈ ફરક નથી. ચારેય શબ્દો પર્યાયવાચી છે" - આ મુજબ કહેલ છે. તે વ્યાજબી જ છે.

## ❀ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ : શ્રીહરિભદ્રસૂરિજી ❀

("**अन्व.**) "વસ્તુના બે અંશ છે. અન્વય અને વ્યતિરેક. અન્વયની સંજ્ઞા (= નામ) દ્રવ્ય છે તથા વ્યતિરેકની સંજ્ઞા પર્યાય છે. 'દ્રવ્ય'શબ્દથી વાચ્ય અન્વય અને પર્યાયશબ્દથી વાચ્ય વ્યતિરેક વચ્ચે પરસ્પર વ્યાપ્તિ રહેલી છે. આ કારણસર (એકાન્તભેદથી અને એકાન્તઅભેદથી ભિન્ન જાત્યન્તરસ્વરૂપ એવી) ભેદાભેદવૃત્તિથી રહેતા તે બન્ને જ વસ્તુ છે, 'વસ્તુ' તરીકેના નિશ્ચય વગેરેનું કારણ છે" - આ પ્રમાણે **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**ના સાતમા સ્તબકમાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જે જણાવેલ છે, તેનાથી પર્યાયભિન્ન સ્વતંત્ર ગુણપદાર્થનો નિષેધ થાય છે.

## ❀ દ્રવ્ય-પર્યાયવ્યવસ્થા નિર્દોષ : શ્રીસિદ્ધસેનદિવાકરજી ❀

("**द्रव्य.**) "આ દ્રવ્ય અને તે પર્યાય - આ મુજબનો સંકલ્પ એ ચિત્ત છે. તે સંકલ્પનું વ્યંજક = અભિવ્યંજક વચન બને છે. તે વચન જે પ્રકારે, જ્યાં જેટલા પ્રમાણમાં યોજી શકાય તે યોજના = વ્યવસ્થા નિર્દોષ છે" - આ મુજબ **સિદ્ધસેનીયદ્વાત્રિંશિકા**ની (૧૦/૧૫) કારિકા પણ બીજી રીતે સ્વતંત્ર ગુણનો પ્રતિષેધ કરવામાં તત્પર છે - તેમ જાણવું. તેમજ સિદ્ધસેનીય **દષ્ટિપ્રબોધદ્વાત્રિંશિકા**ની **કિરણાવલીવ્યાખ્યા**માં શ્રી**લાવણ્યસૂરિ**જીએ પણ 'ગુણ પણ પર્યાય જ છે' - આવું કહીને પર્યાયથી સર્વથા સ્વતંત્ર એવા ગુણનો નિષેધ કર્યો છે. આ રીતે જ્યારે ગુણ પોતે જ પર્યાયથી ભિન્ન નથી તો 'ગુણવિકાર

१-पृ.४९७) इत्येवं सर्वथा स्वतन्त्रगुणो विप्रतिषिद्धः। **हितोपदेशमालायां श्रीप्रभानन्दसूरिभिः** [1]"केवलनाणं पुण सव्वदव्व-पज्जायकालअक्खलियं" (हितो.९७) इत्युक्त्या स्वतन्त्रगुणः प्रत्यषेधि।

ततश्च क्वचिद् गुणत्वेन निर्दिष्टानाम् अपि वर्णादीनां ज्ञानादीनाञ्च पर्यायरूपतैव विज्ञेया। अत्रार्थे [2]"भावओ णं लोए अनंता वन्नपज्जवा, गंधपज्जवा, रसपज्जवा, फासपज्जवा" (भ.सू.२/१/११२) इति **भगवतीसूत्र**वचनम्, [3]"भावओ णं जीवे अनंता नाणपज्जवा, अनंता दंसणपज्जवा, अनंता चरित्तपज्जवा" (भ.सू.२/१/११२) इति च **भगवतीसूत्र**वचनं साक्षितया द्रष्टव्यम्, वर्णाद्यात्मकपर्यायाणां ज्ञानाद्यात्मकपर्यायाणां तत्र निर्देशात्। ततश्च द्रव्य-पर्यायातिरिक्ततृतीयराशिविधया गुणा नैव जिनागमसम्मताः, कुतः गुणपर्यायाः ? इति दृढतरमवधेयम्।

**चारित्रप्राभृते** [4]"जाणदि णाणेण दव्व-पज्जाया" (चा.प्रा.१८) इति **कुन्दकुन्दस्वामि**वचनमपि गुणानां पर्यायेऽन्तर्भावं दर्शयति। तदुक्तं **समन्तभद्राचार्ये**णाऽपि **युक्त्यनुशासने** "न द्रव्य-पर्यायपृथग्व्यवस्था" (यु.अनु.४७) इति।

---

= પર્યાય' - આવું કહેવાની જરૂરત જ નથી રહેતી. તેથી શ્વેતાંબરમત જ યુક્તિસંગત સમજવો. **હિતોપદેશમાલા**માં **શ્રીપ્રભાનંદસૂરિજી**એ પણ 'કેવલજ્ઞાન તો સર્વ દ્રવ્ય-પર્યાયમાં સર્વ કાળે અસ્ખલિત છે' - આવું કહીને સ્વતંત્ર ગુણનો નિષેધ કર્યો છે.

## ❁ ગુણો પર્યાયાત્મક છે ❁

(**तत.**) તેથી ક્યાંક શાસ્ત્રોમાં ગુણસ્વરૂપે વર્ણાદિનો અને જ્ઞાનાદિનો ઉલ્લેખ કરેલો હોય તો પણ તેને પર્યાય તરીકે જ સમજવા. આ બાબતમાં **ભગવતીસૂત્ર**ના વચનો સાક્ષી છે. ત્યાં બીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં જણાવેલ છે કે 'ભાવની અપેક્ષાએ લોકમાં અનંતા વર્ણપર્યાયો, ગંધપર્યાયો, રસપર્યાયો અને સ્પર્શપર્યાયો છે.' અહીં વર્ણાદિનો જ પર્યાય તરીકે નિર્દેશ કરેલો છે. 'વર્ણના પર્યાયો' આવો અર્થ ત્યાં અભિપ્રેત નથી. તે જ રીતે ત્યાં આગળ જણાવેલ છે કે 'ભાવની દૃષ્ટિએ જીવમાં અનંતા જ્ઞાનપર્યાયો, અનંતા દર્શનપર્યાયો, અનંતા ચારિત્રપર્યાયો છે.' અહીં જ્ઞાનાદિસ્વરૂપ પર્યાયોનો ઉલ્લેખ કરેલ છે. 'ગુણાદિના પર્યાયો' - આવું અર્થઘટન ત્યાં અભિપ્રેત નથી. તેથી દ્રવ્ય અને પર્યાય કરતાં સ્વતંત્ર તૃતીય રાશિ તરીકે ગુણો જ જિનાગમમાં બિલકુલ સંમત નથી. તો ગુણના પર્યાય તો ક્યાંથી સંમત હોય? - આ વાત ખૂબ દૃઢ રીતે નિશ્ચિત સમજવી. તે માટે જ વારંવાર આ વાતની સિદ્ધિ જુદા-જુદા શાસ્ત્રપાઠોના આધારે આ ગ્રંથમાં વિવિધ પ્રકારે કરવામાં આવેલ છે.

## ❖ દેવસેનમતમાં અપસિદ્ધાંત દોષ ❖

(**चारि.**) **ચારિત્રપ્રાભૃત**માં 'જ્ઞાન વડે જીવ દ્રવ્ય-પર્યાયોને જાણે છે' - આ પ્રમાણે **કુંદકુંદસ્વામી**એ જે જણાવેલ છે, તે પણ ગુણોનો પર્યાયમાં અંતર્ભાવ સૂચિત કરે છે. જો 'ગુણ' નામનો ત્રીજો સ્વતંત્ર પદાર્થ તેમને માન્ય હોત તો તેમણે જ્ઞાનવિષય તરીકે તેનો ત્યાં ઉલ્લેખ જરૂર કર્યો હોત. આમ ઊંડાણથી વિચારવું. **સમન્તભદ્રાચાર્ય**એ પણ **યુક્તિઅનુશાસન**માં જણાવેલ છે કે 'દ્રવ્ય-પર્યાયથી અલગ વ્યવસ્થા

---

1. केवलज्ञानं पुनः सर्वद्रव्य-पर्यायकालाऽस्खलितम्। 2. भावतो लोकेऽनन्ता वर्णपर्यवाः, गन्धपर्यवाः, रसपर्यवाः, स्पर्शपर्यवाः।
3. भावतो जीवे अनन्ता ज्ञानपर्यवाः, अनन्ता दर्शनपर्यवाः, अनन्ताः चारित्रपर्यवाः। 4. जानाति ज्ञानेन द्रव्य-पर्यायान्।

यथोक्तम् **अकलङ्कस्वामिना**ऽपि **लघीयस्त्रये** "तद्द्रव्य-पर्यायात्मार्थो बहिरन्तश्च तत्त्वतः" (ल.त्र.७) इति। एतच्चेतसिकृत्य **विद्यानन्दस्वामिना**ऽपि **तत्त्वार्थश्लोकवार्त्तिके** "द्रव्य-पर्यायात्माऽर्थः इत्यकलङ्कदेवैरभिधानाद्" (त.श्लो.वा.पृ.४२४) इत्युक्तम्। **अष्टसहस्राम्** अपि **विद्यानन्दस्वामिना** "द्रव्य-पर्यायात्मकं जीवादि वस्तु" (अ.स.१/११/पृ.१६४) इत्युक्तम् इति पूर्वोक्तं (९/१२) स्मर्तव्यम्। ततश्च देवसेनस्य अपसिद्धान्तोऽपि दुर्वार एव।

**कार्त्तिकेयानुप्रेक्षायां** [1]"जं सव्वं पि पयासदि दव्व-पज्जायसंजुदं लोयं। तह य अलोयं सव्वं तं णाणं सव्वपच्चक्खं।।" (का.अ.२५४) इति **स्वामिकुमारोक्ति**रपि गुणानां पर्यायेऽन्तर्भावं द्योतयति।

गुण-पर्याययोः सर्वथा व्यतिरेके "व्यवहारनयात् तु 'यत् सत् तद् द्रव्यं पर्यायो वा' इति भेदः" (स्या.र.५/८/पृ.८४१) इति **स्याद्वादरत्नाकरे श्रीवादिदेवसूरिवचनम्**, "ज्ञानं हि द्रव्य-पर्यायविषयो बोध" (स्था.३/३/१९३/पृ.२६०) इति च **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिवचनम्** अनुपपन्नं स्यात्।

---

નથી.' મતલબ કે સ્વતંત્ર ગુણનું અસ્તિત્વ તેમને પણ માન્ય નથી.

**(यथो.) અકલંકસ્વામી** પણ **લઘીયસ્ત્રય**માં જણાવે છે કે 'બાહ્ય અને આંતરિક પદાર્થ પરમાર્થથી દ્રવ્ય-પર્યાયાત્મક છે.' આ બાબતને મનમાં રાખીને તેના અનુગામી **વિદ્યાનન્દસ્વામી** પણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં જણાવે છે કે "અર્થ દ્રવ્ય-પર્યાયાત્મક છે - આ મુજબ **અકલંકદેવે** કહેલ છે." **વિદ્યાનંદસ્વામી અષ્ટસહસ્રી-વ્યાખ્યા**માં પણ જણાવે છે કે 'જીવાદિ વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક છે.' પૂર્વે (૯/૧૨) આ સંદર્ભ દર્શાવેલ હતો. તેને યાદ કરવો. મતલબ કે દેવસેનપૂર્વવર્તી ઉપરોક્ત ચારેય દિગંબરાચાર્ય પદાર્થને દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક કહેવાના બદલે દ્રવ્ય-પર્યાયાત્મક જ જણાવે છે. છતાં તેમના વચનને અવગણીને દેવસેન ગુણ નામનો ત્રીજો પદાર્થ તથા ગુણના પર્યાયો દર્શાવે છે. તેથી તેને અપસિદ્ધાન્ત દોષ પણ દુર્વાર જ છે.

## ⊛ દિગંબરમતે ગુણનો પર્યાયમાં અંતર્ભાવ ⊛

**(कार्त्ति.) કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા** ગ્રંથમાં દિગંબર **સ્વામિકુમારે** "જે જ્ઞાન દ્રવ્ય-પર્યાયયુક્ત સમસ્ત લોકને તથા સમસ્ત અલોકને પ્રકાશિત કરે છે, તે સર્વપ્રત્યક્ષ = કેવલજ્ઞાન છે" - આ પ્રમાણે જણાવેલ છે. તે પણ પર્યાયમાં ગુણોના અંતર્ભાવને દ્યોતિત કરે છે. તેમની દૃષ્ટિએ ગુણો જો પર્યાયભિન્ન સ્વતંત્ર પદાર્થ હોત તો તેમણે દ્રવ્ય-ગુણ-પર્યાયયુક્ત લોક જણાવેલ હોત. આમ ઊહાપોહ કરતાં ગુણ સ્વતંત્ર પદાર્થ નથી - તેમ જ દૃઢ થતું જાય છે. તો પછી ગુણના પર્યાયની વાત તો તદ્દન વાહિયાત જ સાબિત થાય ને!

## ❀ ગુણ-પર્યાય વચ્ચે અભેદ ❀

**(गुण.)** ગુણ અને પર્યાય જો પરસ્પર સર્વથા ભિન્ન હોય તો "વ્યવહારનયથી જે સત્ હોય તે કાં તો દ્રવ્ય હોય કાં તો પર્યાય હોય - આવો વિભાગ (ભેદ) પડે" - આ મુજબ **સ્યાદ્વાદરત્નાકર**માં શ્રી**વાદિદેવસૂરિજી**એ જે જણાવેલ છે, તે અસંગત થવાની આપત્તિ આવે. તેમજ 'દ્રવ્ય-પર્યાયવિષયક બોધને જ જ્ઞાન કહેવાય' - આ પ્રમાણે **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં શ્રી**અભયદેવસૂરિજી**એ જે જણાવેલ છે, તે

---

1. यत् सर्वमपि प्रकाशयति द्रव्य-पर्यायसंयुतं लोकम्। तथा चाऽलोकं तज्ज्ञानं सर्वप्रत्यक्षम्।।

***न चैवं*** गुणोच्छेदः प्रसज्येतेति ***शङ्कनीयम्***,

द्रव्यस्य गुणादिपरिणतीनामेव ओघतः पर्यायशब्दवाच्यत्वात्, वर्णादिपरिणतीनाञ्च विशिष्य पर्यायविधया विवक्षितत्वात्। इदमेवाभिप्रेत्य **दशाश्रुतस्कन्धचूर्णौ** [1]"पज्जातो गुणादी परिणती। तत्थ अणादिट्ठं गुणोत्ति, आदिट्ठं वण्णादि" (द.श्रु.स्क.अध्य.१/नि.गा.१/चू.पृ.३) इत्युक्तम्। ततश्च गुणस्य न पर्यायातिरिक्तत्वमिति भावः।

यच्च **धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः** [2]"वत्थु च्चिय दव्व-पज्जवसहावं" (ध.स.७१९) इत्युक्तं ततोऽपि गुणस्य पर्यायेऽन्तर्भावः सिध्यति। गुणस्य पर्यायव्यतिरिक्तत्वे तु [3]'वत्थु दव्व-गुण-पज्जवसहावं' इत्युक्तं स्यात्। न चैवमुक्तम्। यथोक्तं **धर्मसङ्ग्रहणिवृत्तौ मलयगिरिसूरिभिः** पूर्वमेव "द्रव्य-पर्यायात्मकं वस्तु" (ध.स.गा.३४१/वृ.पृ.१४७) इति पूर्वोक्तम् (३/६) इहानुसन्धेयम्। यच्च **पञ्चसूत्रवार्त्तिके सागरानन्दसूरिभिः** "वस्तुभूतौ द्रव्य-पर्यायौ" (प.सू.वा.पृ.१३) इत्युक्तं तदप्यत्र स्मर्तव्यम्। ततोऽपि गुणस्य पर्यायात्मकता अनाविलैव।

---

પણ અસંગત થાય. પર્યાયભિન્ન ગુણ નામનો ત્રીજો પદાર્થ હોય તો 'દ્રવ્ય-ગુણ-પર્યાયવિષયક બોધને જ જ્ઞાન કહેવાય' - આવું ત્યાં જણાવેલ હોત. પરંતુ તેવું જણાવેલ નથી. તેથી ગુણ પર્યાયસ્વરૂપ જાણવો.

**શંકા** :- (**न चै.**) જો આ રીતે દ્રવ્ય-પર્યાય બે જ તત્ત્વ હોય તો ગુણનો ઉચ્છેદ થવાની સમસ્યા સર્જાશે.

### ગુણ પર્યાયભિન્ન નથી

**સમાધાન** :- (**द्रव्य.**) ના. તમારી શંકા ઉચિત નથી. કેમ કે દ્રવ્યની ગુણાદિસ્વરૂપ પરિણતિઓ જ ઓઘથી = સામાન્યથી 'પર્યાય' શબ્દથી ઓળખાય છે. તથા વર્ણ વગેરે દ્રવ્યના પરિણામો વિશેષરૂપે પર્યાય તરીકે વિવક્ષિત છે. તેથી ગુણનો ઉચ્છેદ થવાનો પ્રશ્ન જ અસ્થાને છે. આ જ અભિપ્રાયથી **દશાશ્રુતસ્કંધચૂર્ણિ**માં જણાવેલ છે કે 'પર્યાય એટલે દ્રવ્યની ગુણાદિ પરિણતિ. તેમાં અનાદિષ્ટ પર્યાય એટલે ગુણ. તથા આદિષ્ટપર્યાય = વર્ણાદિ.' તેથી ગુણ પર્યાયથી ભિન્ન નથી - આવું ફલિત થાય છે.

### ગુણનો પર્યાયમાં અંતર્ભાવ

(**यच्च.**) **શ્રીહરિભદ્રસૂરિજી**એ **ધર્મસંગ્રહણિ**માં 'વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વભાવયુક્ત જ છે' - આ મુજબ જે જણાવેલ છે, તેનાથી પણ ગુણનો પર્યાયમાં અંતર્ભાવ સિદ્ધ થાય છે. જો પર્યાય કરતાં ગુણ ભિન્ન હોત તો તેઓશ્રીએ ત્યાં 'વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવવાળી જ છે' - આમ જણાવેલ હોત. પરંતુ તેમ જણાવેલ નથી. આથી ગુણ પર્યાયાત્મક સિદ્ધ થાય છે. **ધર્મસંગ્રહણિવ્યાખ્યા**માં પૂર્વે જ (ગાથા - ૩૪૧) **શ્રીમલયગિરિસૂરિજી**એ 'દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ હોય છે' - આમ જણાવેલ છે. પહેલાં ત્રીજી શાખામાં તે સંદર્ભ દેખાડેલ છે. તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું. **પંચસૂત્રવાર્ત્તિક**માં **સાગરાનંદસૂરિજી**એ 'દ્રવ્ય અને પર્યાય વસ્તુભૂત = વાસ્તવિક છે' - આમ જે જણાવેલ છે, તેને પણ અહીં યાદ કરવું. તેનાથી પણ નિરાબાધપણે ગુણ પર્યાયાત્મક જ સિદ્ધ થાય છે.

---

1. पर्यायो गुणादिः परिणतिः। तत्राऽनादिष्टः (पर्यायः) गुण इति, आदिष्टः (पर्यायः) वर्णादिः।

2. वस्तु चैव द्रव्य-पर्यायस्वभावम्। 3. वस्तु द्रव्य-गुण-पर्यायस्वभावम्।

"वस्तु = पर्यायवद् द्रव्यम्' (प्र.न.त.७/१) इति **प्रमाणनयतत्त्वालोकालङ्कारसूत्रम्**, "प्रमाणस्य विषयो द्रव्य-पर्यायात्मकं वस्तु" (प्र.मी.१/१/३०) इति **प्रमाणमीमांसासूत्रञ्च** न विस्मर्तव्यमिति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पर्यायस्य द्रव्यविकारात्मकपरिणामरूपत्वाद् अस्मदीया वर्त्तमाना अखिलाः पर्यायाः द्रव्यविकृतितया बोध्याः। विकृतिः न जातुचिद् द्रव्यप्रकृतिः भवति, न वाऽविनश्वरा भवति। द्रव्यविकृतिलक्षणान् पर्यायान् रुच्या अवलोकनादेवेयं रागादिविभावदशा प्रादुर्भूता। एवमेवात्मा मलिनीकृतोऽस्माभिः। साम्प्रतं विभावदशाकारणीभूतपर्यायदृष्टिं परित्यज्य शुद्धात्मस्वभावप्रकटनप्रवणा निजात्मस्वभावदृष्टिः आत्मसात्कर्तव्या, इत्थमेवाऽऽत्मशुद्धिसम्भवात्।

प्रकृते [1]"जह इह विहावहेदू असुद्धयं कुणइ आदमेवादा। तह सब्भावं लद्धा सुद्धो सो कुणइ अप्पाणं।।" (द्र.स्व.प्र.३६५) इति **द्रव्यस्वभावप्रकाश**गाथा अनुसन्धेया। 'सब्भावं = निजात्मस्वभावदृष्टिम्'। ततश्चाऽस्मदीयप्रशस्ताऽप्रशस्तपर्यायोपसर्जनतः तदुद्गमस्थानभूते शुद्धात्मद्रव्ये दृष्टिः स्थापनीया।

## ❈ ગુણવિકાર પર્યાય નથી ❈

("**वस्तु.**) 'પર્યાયયુક્ત દ્રવ્ય એ જ વસ્તુ છે' - આ મુજબ **વાદિદેવસૂરિ**રચિત **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર-સૂત્ર**ને તેમજ 'પ્રમાણનો વિષય દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ છે' - આ મુજબ કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિ**રચિત **પ્રમાણમીમાંસાસૂત્ર**ને અહીં ભૂલવું નહિ. તેથી 'ગુણવિકાર એટલે પર્યાય' - આવું બોલવું એ તદ્દન અનુચિત જ કહેવાય. અહીં જે કાંઈ કહેવાયેલ છે, તે એક દિશાસૂચનમાત્ર છે. તે મુજબ આગળ વિચારવાની ભલામણ '**दिक्**' શબ્દ દ્વારા કરવામાં આવેલ છે.

## ❈ વિકૃતિ કદાપિ પ્રકૃતિ ન બને ❈

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યનો વિકારાત્મક પરિણામ એ જ પર્યાય હોવાથી આપણા વર્તમાન તમામ પર્યાયો આત્મદ્રવ્યની વિકૃતિ રૂપ જાણવા. વિકૃતિ એ દ્રવ્યની પ્રકૃતિ બની શકતી નથી. તથા વિકૃતિ કાયમ ટકી પણ શકતી નથી. દ્રવ્યવિકૃતિસ્વરૂપ પર્યાયોને રુચિપૂર્વક નિહાળવાથી જ આપણી રાગાદિ વિભાવદશા પ્રગટ થઈ છે. તથા આપણે જ આ રીતે આપણા આત્માને અશુદ્ધ કરેલ છે. તેથી હવે વિભાવદશાહેતુભૂત પર્યાયદૃષ્ટિને છોડી, શુદ્ધાત્મસ્વભાવને પ્રગટ કરવામાં સજ્જ એવી નિજાત્મસ્વભાવદૃષ્ટિને આત્મસાત્ કરવી જોઈએ. આ રીતે જ આત્મા શુદ્ધ-વિશુદ્ધ બની શકે.

## ❈ પર્યાય ઉપર નહિ, દ્રવ્ય ઉપર ભાર આપો ❈

આ અંગે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**ગ્રંથની એક ગાથા ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "જેમ વિભાવહેતુને પામીને આત્મા પોતાને જ અહીં અશુદ્ધ કરે છે, તેમ સ્વભાવને પામીને આત્મા પોતાને શુદ્ધ કરે છે." અહીં 'સ્વભાવ' શબ્દનો અર્થ 'નિજાત્મસ્વભાવદૃષ્ટિ' - આમ સમજવો. તેથી આપણા પ્રશસ્ત કે અપ્રશસ્ત પર્યાય ઉપર બહુ ભાર આપવાના બદલે તે પર્યાય જેમાંથી પ્રગટ થાય છે એવા મૂળભૂત શુદ્ધ દ્રવ્ય તરફ આપણી દૃષ્ટિને સ્થિર કરવા જેવી છે.

1. यथेह विभावहेतून् अशुद्धं करोति आत्मानमेवात्मा। तथा स्वभावं लब्ध्वा शुद्धं स करोत्यात्मानम्।।

वस्तुतस्तु आत्मद्रव्ये विभावो नास्त्येव। यथा शिखरिण्यां प्रतीयमाना अम्लता न शर्कराविभावः किन्तु दधिस्वभाव एव तथा संसारिणि प्रतीयमाना रागादयो नाऽऽत्मविभावः परन्तु कर्मपुद्गलस्वभाव एव। न ह्येकद्रव्यस्य स्वभावः अन्यद्रव्यविभावतया प्रतिपादयितुमर्हति। 'रागादीनाम् आत्मविभावत्वमि'ति तु अज्ञलोकव्यवहारः, न तु आत्मज्ञलोकव्यवहारः। शास्त्रज्ञैः क्वचित् तथोच्यमानं तु "म्लेच्छो हि म्लेच्छभाषया बोद्धव्य" इति न्यायादज्ञलोकप्रतिबोधनतात्पर्येणाऽवसेयम्।

न हि आत्मनि प्रतीयमानत्वेन रागादीनामात्मस्वभावत्वं प्रतिसन्दधानेभ्योऽज्ञलोकेभ्यः पुद्गलस्वभावत्वं प्रतिपादयितुं युज्यते, शास्त्रज्ञेषु तेषाम् अनाश्वासापत्तेः। अतो रागाद्यात्मस्वभावपक्षत्याजनाऽऽशयेन मध्यममार्गावलम्बनतो रागादीनामात्मविभावत्वमुच्यते शास्त्रकारैः उपचारतः। ततश्च 'मम आत्मा साम्प्रतं रागादिविभावपरिणामैः लिप्तः। अतः सम्यक्क्रिया-भगवद्भक्ति-तपःप्रभृतिभिः मया स रागादि-शून्यः कार्य' इति व्यवहारदृष्ट्या क्रियायोगी मोक्षमार्गम् अभिसर्पति।

### ❖ રાગાદિ આત્માનો વિભાવ પણ નથી જ ❖

(वस्तु.) વાસ્તવમાં તો આત્મદ્રવ્યમાં વિભાવપરિણામ છે જ નહિ. જેમ શિખંડમાં જે ખટાશ જણાય છે, તે સાકરનો વિભાવ નથી પણ દહીંનો જ સ્વભાવ છે, તેમ સંસારી જીવમાં જે રાગાદિ પરિણામ જણાય છે, તે આત્મદ્રવ્યનો વિભાવ નથી પણ કર્મપુદ્ગલદ્રવ્યનો જ સ્વભાવ છે. એક દ્રવ્યના સ્વભાવને બીજા દ્રવ્યનો વિભાવ કઈ રીતે કહી શકાય ? તેવું પ્રતિપાદન કરવું જરાય વ્યાજબી નથી. 'રાગાદિ આત્માની વિભાવદશા છે, વિભાવપરિણામ છે' - આવો પક્ષ કે વ્યવહાર તો અજ્ઞાની-મિથ્યાત્વી લોકોનો સમજવો. આત્મજ્ઞાની ક્યારેય રાગાદિને આત્માના વિભાવ તરીકે સ્વરસથી જણાવે જ નહિ. ક્યારેક શાસ્ત્રજ્ઞ લોકો રાગાદિને આત્માના વિભાવ તરીકે જણાવે તો તે અજ્ઞાની લોકોને પ્રતિબોધ કરવાના તાત્પર્યથી બોલાયેલ છે - તેમ સમજવું. અનાર્યભાષા આર્યપુરુષ સ્વરસતઃ ન બોલે. પણ ક્યારેક અનાર્યને સમજાવવા માટે જેમ અનાર્યભાષાનો ઉપયોગ આર્યપુરુષ કરે છે, તેમ 'આત્મામાં અવાર-નવાર જણાતા હોવાથી રાગાદિ આત્માનો જ સ્વભાવ છે' - તેવું માનતા એવા અજ્ઞાની લોકોને સમજાવવા માટે, રાગાદિ-આત્મસ્વભાવપક્ષ છોડાવવા માટે શાસ્ત્રકારો ક્યારેક રાગાદિને આત્માના વિભાવ તરીકે ઓળખાવે છે.

### ❀ ક્રિયાયોગીનો મોક્ષમાર્ગે વિકાસ ❀

(न हि.) 'રાગાદિની આત્મામાં જ પ્રતીતિ થતી હોવાથી તે આત્માનો જ સ્વભાવ છે' - આવું અનુસંધાન કરતાં અજ્ઞાની લોકોને સીધેસીધું 'રાગાદિ પુદ્ગલનો સ્વભાવ છે' - તેવું કહેવામાં આવે તો તેઓને શાસ્ત્રવેત્તા મનીષીઓ ઉપર જ અવિશ્વાસ થઈ જાય. પોતાનો અનુભવ ભ્રાન્ત છે - તેવું તેઓ સમજતા નથી. તેથી તેઓને 'રાગાદિ પુદ્ગલસ્વભાવ છે' - તેવું કહેવું યોગ્ય નથી. માટે 'રાગાદિ આત્મ-સ્વભાવ છે' - તેવી તેઓની માન્યતા છોડાવવાના આશયથી શાસ્ત્રકારો ઉપચારભાષાસ્વરૂપ વચલા માર્ગને શોધીને રાગાદિને આત્માના વિભાવપરિણામ તરીકે જણાવે છે. તેવું સાંભળીને ક્રિયાયોગી જીવને એવી દૃષ્ટિ પ્રગટે છે કે 'મારો આત્મા રાગાદિ વિભાવ પરિણામથી વર્તમાનકાળમાં લેપાયેલ છે. તેથી સમ્યક્ ક્રિયા, ભગવદ્ ભક્તિ, તપ વગેરે દ્વારા મારે આત્માને રાગાદિશૂન્ય કરવો જોઈએ.' આવી વ્યવહારદૃષ્ટિથી ક્રિયાયોગી મોક્ષમાર્ગમાં આગળ વધે છે. વાસ્તવમાં રાગ નથી આત્માનો સ્વભાવ કે નથી વિભાવ.

'न च रागादीनामात्मविभावपरिणामत्वकथनमात्रेण ते आत्मपरिणामा भवन्ति, परमार्थतः तेषां कर्मपुद्गलस्वभावत्वात्। ततश्चात्मा कालत्रयेऽप्यलिप्तः एव रागादिभिः' इति निश्चयदृष्ट्या आत्मज्ञोऽपवर्गमार्गमभिधावति। प्रकृते "अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः। शुद्ध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा।।" (ज्ञा.सा.११/६) इति **ज्ञानसार**कारिका विभावनीया।

इत्थं मोक्षमार्गस्य निश्चय-व्यवहारानेकान्तरूपतां ज्ञानगोचरीकृत्य स्वज्ञानं च प्रमाणीकृत्य स्वसाधकदशावृद्धिकृते रागादिनां कर्मपुद्गलैकस्वभावत्वं प्रणिधाय निजदृष्टौ सम्यगेकान्तरूपतामापाद्य जायमाना तात्त्विकी शुद्धद्रव्यदृष्टिः रागाद्यजनकतया रागादिरहिततया च द्रुतं मोक्षमार्गे आत्मार्थिनम् अभिसर्पयति। सकलक्रियाकलापकालेऽसङ्गाऽमलाऽखण्डाऽविनाश्यात्मद्रव्यगोचरा निजा दृष्टिः न जातुचित् प्रच्युता स्यादित्यवधेयम्। एवञ्च "अत्यन्तशुद्धात्मोपलम्भः जीवस्य, जीवेन सह अत्यन्तविश्लेषः कर्मपुद्गलानां च मोक्षः" (प.का.१०८, वृ.पृ.१५९) इति **पञ्चास्तिकायवृत्तौ अमृतचन्द्राचार्य**दर्शितो मोक्षः सुलभः स्यात्।।१४/१७।।

### ❖ જ્ઞાનયોગની અભિરુચિને ઓળખીએ ❖

(**'न च.**) પરંતુ આત્મજ્ઞાની એવું સમજે છે કે 'રાગ વગેરેને આત્માના વિભાવપરિણામ કહેવા માત્રથી તે રાગાદિ આત્માના પરિણામ બનતા નથી. કારણ કે પરમાર્થથી તો રાગાદિ નથી આત્માનો સ્વભાવ કે નથી આત્માનો વિભાવ. રાગાદિ કર્મપુદ્ગલોનો જ સ્વભાવ છે. તેથી ત્રણેય કાળમાં આત્મા રાગ વગેરેથી લેપાયેલો નથી જ. આત્મા તો સર્વદા શુદ્ધ જ છે, અસંગ જ છે.' આવી નિશ્ચયદષ્ટિથી આત્મજ્ઞાની સાધક મોક્ષમાર્ગમાં પૂરપાટ દોટ મૂકે છે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ની એક કારિકાની વાચકવર્ગે વિભાવના કરવી. ત્યાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે "નિશ્ચયથી આત્મા અલિપ્ત છે. તથા વ્યવહારથી આત્મા રાગાદિ વડે લેપાયેલ છે. જ્ઞાની અલિપ્તદષ્ટિથી શુદ્ધ થાય છે. ક્રિયાવાન્ 'આત્મા રાગાદિથી લેપાયેલ છે. તો હવે હું તેને શુદ્ધ કરું' - તેવી દૃષ્ટિથી શુદ્ધ થાય છે."

### ☫ જ્ઞાનમાં અનેકાંત, દૃષ્ટિમાં સમ્યગ્ એકાંત ☫

(**इत्थं.**) આ રીતે 'મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહારમય અનેકાંતસ્વરૂપ છે' - આ પ્રમાણે જ્ઞાન દ્વારા જાણી સાધક પોતાના જ્ઞાનને પ્રમાણભૂત બનાવે. પછી પોતાની સાધકદશાને વધારવા 'રાગાદિ કર્મપુદ્ગલનો જ સ્વભાવ છે, મારો નહિ' - તેવું પ્રણિધાન કરીને પોતાની દૃષ્ટિને સમ્યગ્ એકાંતસ્વરૂપ બનાવવી. આમ જ્ઞાનને અનેકાંતસ્વરૂપ તથા પોતાની દૃષ્ટિને = શ્રદ્ધાને સમ્યક્ એકાંતસ્વરૂપ બનાવવાથી તાત્ત્વિક શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. તે તાત્ત્વિક શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ રાગ-દ્વેષજનક ન હોવાથી અને રાગ-દ્વેષરહિત હોવાથી ઝડપથી મોક્ષમાર્ગે આપણને આગળ ધપાવે છે. માટે તમામ પ્રવૃત્તિ કરતી વખતે આપણી દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ-પ્રીતિ-લાગણી એ અસંગ-અમલ-અખંડ-અવિનાશી આત્મદ્રવ્ય ઉપરથી ક્યારેય પણ ખસી ન જાય તેનું દૃઢ પ્રણિધાન કરવાની પ્રેરણા અહીં પ્રાપ્ત કરવા જેવી છે. એ સાવધાની રાખવાથી **પંચાસ્તિકાયવૃત્તિ**માં દર્શાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં **અમૃતચંદ્રાચાર્યે** જણાવેલ છે કે 'જીવને અત્યંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ સ્વરૂપ તથા જીવની સાથે ચોંટેલા કર્મપુદ્ગલોનો સર્વથા વિયોગ થવા સ્વરૂપ મોક્ષ છે.' (૧૪/૧૭)

**ઈમ જે♦ દ્રવ્યાદિક પરખિઆ, રાખી ગુરુઆણ✿;**

**ઊવેખી બહુ ✠તનુમતિ, અવગણિઅ અજાણ ॥૧૪/૧૮॥ (૨૪૪) શ્રી જિન.**

**ઈમ** (**જે દ્રવ્યાદિક**=) દ્રવ્ય-ગુણ-પર્યાય **પરખ્યા**, સ્વરૂપ-લક્ષણ-ભેદાદિકઈ કરી. **ગુરુઆણ** કહતાં ગુરુપરંપરાની આજ્ઞા **રાખીનઈં**, (**બહુ**=) ઘણા **તનુમતિ** જે તુચ્છ બુદ્ધિના ધણી, તેહનઈં ઊવેખીનઈં, **અજાણ** નઈં♦ કદાગ્રહી, તેહનઈં **અવગણીનઈં** નિરાકરીનઈં. ॥૧૪/૧૮॥

उपसंहरति – '**द्रव्ये**'ति।

**द्रव्य-गुण-पर्यया इति, परीक्षिता रक्षिता च गुर्वाज्ञा।**

**उपेक्ष्य बहुतुच्छमतीन् कदाग्रहिणो निरस्य चैव।।१४/१८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इति बहुतुच्छमतीन् उपेक्ष्य, कदाग्रहिणः निरस्य चैव द्रव्य-गुण-पर्ययाः परीक्षिताः, गुर्वाज्ञा च रक्षिता।।१४/१८।।

**बहुतुच्छमतीन्** = स्ववचनगतपूर्वापरविरोधाद्यवधारणाऽक्षमाऽतितुच्छमतिकान् **उपेक्ष्य**, **कदाग्रहिणः** = असदभिनिवेशलक्षणदृढाऽज्ञानवतः **निरस्य चैव इति** = दर्शितप्रकारेण **द्रव्य-गुण-पर्यया** स्वरूप-लक्षण-भेदादिद्वारा निरीक्षिताः **परीक्षिताः** च लेशतः, **रक्षिता च गुर्वाज्ञा** = सुधर्मस्वाम्यादि-गुरुपरम्पराऽऽज्ञा। "इतिशब्दः स्मृतो हेतौ प्रकारादिसमाप्तिषु" (ह.को.५/१०१) इति **हलायुधकोश**वचनानुसारतः प्रकारार्थे अत्र इतिशब्दो योजितः। "चः पक्षान्तरसूचने" (अ.ए.ना.१२) इति **अभिधानाद्येकाक्षरीनाममाला**वचनानुसारेणाऽत्र द्वितीयः चकारो बोध्यः।

**અવતરણિકા** :- પ્રસ્તુત વિષયનો ઉપસંહાર ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં કરી રહ્યા છે :-

**શ્લોકાર્થ** :- આ રીતે અત્યંત તુચ્છ મતિવાળા લોકોની ઉપેક્ષા કરીને તથા કદાગ્રહી જીવોનું નિરાકરણ કરીને ઉપરોક્ત રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયની પરીક્ષા કરવામાં આવી છે. તથા ગુર્વાજ્ઞાનું રક્ષણ કરવામાં આવેલ છે. (૧૪/૧૮)

## ❀ તુચ્છ બુદ્ધિવાળાની ઉપેક્ષા કરો ❀

**વ્યાખ્યાર્થ** :- પોતાના જ વચનમાં આવતા પૂર્વાપર વિરોધ વગેરેનું અવધારણ કરવામાં પણ જે બુદ્ધિ અસમર્થ હોય તે બુદ્ધિ અત્યંત તુચ્છ કહેવાય. આવી તુચ્છમતિવાળા લોકોની ઉપેક્ષા કરીને તથા ખોટી પક્કડ સ્વરૂપ દૃઢ અજ્ઞાનવાળા જીવોનું નિરાકરણ કરીને ઉપર બતાવેલ પ્રકાર મુજબ સ્વરૂપ, લક્ષણ, ભેદ વગેરે દ્વારા દ્રવ્ય, ગુણ અને પર્યાયનું અહીં નિરીક્ષણ અને આંશિક પરીક્ષણ થયેલ છે. તેમજ સુધર્માસ્વામી વગેરે સદ્ગુરુઓની પરંપરાથી પ્રાપ્ત થતા આદેશની-અભિપ્રાયની અહીં રક્ષા કરવામાં આવેલ છે. 'इति' શબ્દ હેતુ, પ્રકાર, આદિ અને સમાપ્તિ અર્થમાં **હલાયુધકોશ**માં જણાવેલ છે. તેને અનુસરીને અહીં પ્રકાર અર્થમાં મૂળ શ્લોકમાં 'इति' શબ્દ પ્રયોજેલ છે. **અભિધાનાદિએકાક્ષરી નામમાલા**

♦ પુસ્તકોમાં 'જે' નથી. ફક્ત કો.(૧૧)માં છે. ✿ કો.(૯)+સિ.માં 'ગુરુની આણ' પાઠ. ✠ મો.(૨)માં 'મતીતનુ' પાઠ. ♦ પુસ્તકોમાં 'જે ક...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

गुण-पर्यायाः मिथो भिन्नतया लक्ष्यमाणा अपि स्वद्रव्याद् अभिन्ना इति प्रमाणमतं चेतसि कर्तव्यम्। इदमभिप्रेत्य **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "द्रव्यात् स्वस्मादभिन्नाश्च व्यावृत्ताश्च परस्परम्। लक्ष्यन्ते गुण-पर्याया धीविकल्पाऽविकल्पवद्।।" (सि.वि.३/२०) इत्युक्तम्। तदुक्तम् उद्धरणरूपेण **न्यायकुमुदचन्द्रे सप्तभङ्गीनयप्रदीपे** च "द्रव्यात् स्वस्मादभिन्नाश्च व्यावृत्ताश्च परस्परम्। उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।" (न्या.कु.च.पृ.३७०, स.न.प्र.पृ.४५) इति पूर्वोक्तं (४/३) स्मर्तव्यमत्र।

"अनाद्यनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम्। उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।" (आ.प.पृ.४) इति **आलापपद्धति**कारिका अपि 'सर्वं वाक्यं सावधारणमि'तिन्यायेन अर्थतः द्रव्यस्यैव पर्यायाः, न गुणस्येति सूचयति।

---

મુજબ મૂળ શ્લોકમાં રહેલ બીજો 'च' શબ્દ (ગુર્વાજ્ઞારક્ષણસ્વરૂપ) પક્ષાન્તરને જણાવવા માટે જાણવો.

### ❀ જિનવચનરક્ષા : પરમ કર્તવ્ય ❀

**સ્પષ્ટતા** :- પ્રસ્તુત ગ્રંથની બેથી ચૌદ શાખામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું શ્વેતાંબર જૈન પરંપરા દ્વારા અને દિગંબર જૈન પરંપરા દ્વારા નિરૂપણ કરવામાં આવેલ છે. જ્યાં આગમિક પરંપરાનો અપલાપ થતો હોય કે વિરોધ થતો હોય તેવા સ્થળે દિગંબર મતની સમીક્ષા પણ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. આ સમીક્ષા કરવાનું પ્રયોજન દિગંબરો પ્રત્યે કાદવ ઉછાળવાનું નથી. પરંતુ સુધર્માસ્વામી વગેરે ગુરુભગવંતોની પવિત્ર પરંપરાથી આવેલ જિનવચનની રક્ષા કરવાનું છે.

### ✡ ભિન્ન જણાતા ગુણ-પર્યાય સ્વદ્રવ્યથી અભિન્ન ✡

(**गुण.**) ગુણ અને પર્યાયો પરસ્પર ભિન્ન જણાવા છતાં પણ સ્વદ્રવ્યથી અભિન્ન છે - આ મુજબ દ્રવ્ય-ગુણ-પર્યાયને વિશે પ્રમાણનું મંતવ્ય મનમાં ધારણ કરવું. આ અભિપ્રાયથી **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં જણાવેલ છે કે "જેમ 'આ જ્ઞાનમાં નીલ આકાર (= નીલત્વાવચ્છિન્નવિષયિતા) છે. પેલા જ્ઞાનમાં પીત આકાર (= પીતત્વાવચ્છિન્નવિષયિત્વ) છે' - આવા વિકલ્પ વડે જ્ઞાનના આકારો પરસ્પર ભિન્ન જણાય છે અને તે જ આકારો, વિના વિકલ્પે (નિર્વિકલ્પપણે - નિશ્ચિતપણે), જ્ઞાનથી અભિન્ન હોય છે, તેમ ગુણ-પર્યાયો પરસ્પર પૃથક્ જણાય છે તથા સ્વદ્રવ્યથી ગુણ-પર્યાયો અભિન્ન હોય છે." **ન્યાયકુમુદચન્દ્ર** ગ્રંથમાં તથા **સપ્તભંગીનયપ્રદીપ**માં પણ એક પદ્ય ઉદ્ધૃત કરેલ છે. તેમાં જણાવેલ છે કે "પાણીના પરપોટા જેમ પાણીમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ પરસ્પર જુદા જણાય છે અને જ્યારે તેઓ પાણીમાં જ સમાય છે ત્યારે પાણીથી અભિન્ન બની જાય છે. તેમ પ્રગટ થયેલા ગુણ-પર્યાયો પરસ્પર ભિન્ન જણાય છે અને સ્વદ્રવ્યથી તે અભિન્ન હોય છે. પર્યાયો સ્વદ્રવ્યમાં સમાય ત્યારે સ્વદ્રવ્યસ્વરૂપ બની જાય છે." આ સંદર્ભ પૂર્વે (૪/૩) પણ દર્શાવેલ છે. તેને અહીં યાદ કરવો.

(**"अना.**) **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ જણાવેલ છે કે 'અનાદિ-અનંત દ્રવ્યમાં પ્રતિક્ષણ સ્વપર્યાયો ઉત્પન્ન થાય છે અને સમાઈ જાય છે (નાશ પામે છે). જેમ પાણીમાં જળલહેર (તરંગ) ઉત્પન્ન થાય અને પાણીમાં સમાઈ જાય, તેમ આ વાત સમજવી.' 'દરેક વાક્ય અવધારણપૂર્વકનું હોય' - આ ન્યાય = નિયમ મુજબ, દેવસેનની ઉપરોક્ત વાત પણ અર્થતઃ એવું જણાવે છે કે 'પર્યાયો દ્રવ્યના

पूर्वोक्तरीत्या (२/११-१२+१४/१७) गुणाः पर्यायेभ्यो न व्यतिरिच्यन्त इति चेतसि कर्तव्यम्। स्वमते मुख्यवृत्त्या पर्यायाः त्रिंशदेव। तदुक्तं **नन्दीसूत्रचूर्णौ जिनदासगणि**महत्तरैः [1]"सव्वदव्वपज्जाया समासतो तीसं इमेण विधिणा – गुरू, लहू, गुरुलहू, अगुरुलहू – एते चतुरो, पंच वण्णा, दो गंधा, पंच रसा, अट्ठ फासा, अणित्थंत्थसंठाणसहिता छ संठाणा। एते मुत्तदव्वे सव्वे संभवंति। अमुत्तदव्वेसु अगुरुलहू चेव एक्को पज्जायो संभवइ। एत्थ य एक्केक्के भेदे अणंता भेदा संभवंति" (न.सू.३४/अक्खरपडल-पृ.५३ चू.) इति। इदञ्च व्यवहारनयमतेन अवसेयम्। निश्चयतः सर्वगुरु-सर्वलघुपर्यायशून्या अष्टाविंशतिः पर्यायाः बोध्याः। एवं नयद्वयमतमत्रावधेयम्।

गतिसहायकत्व-स्थानसहायकत्वाऽवगाहनादातृत्व-वर्त्तना-दृष्टि-दर्शन-ज्ञानाऽज्ञान-संज्ञा-भावलेश्या

---

જ હોય, ગુણના નહિ.'

## ❋ પર્યાયો વ્યવહારથી ૩૦, નિશ્ચયથી ૨૮ ❋

**(પૂર્વો.)** પૂર્વે બીજી શાખાના ૧૧ + ૧૨ શ્લોકની વ્યાખ્યામાં તથા પ્રસ્તુત શાખાના સત્તરમા શ્લોકની વ્યાખ્યામાં જણાવેલી પદ્ધતિ મુજબ, ગુણો પર્યાયથી સ્વતંત્ર નથી - આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી. તેમજ શ્વેતાંબરજૈનમત મુજબ તો મુખ્યવૃત્તિથી ત્રીસ જ પર્યાયો છે. **નંદીસૂત્રચૂર્ણિ**માં આ અંગે શ્રી**જિનદાસગણિ**મહત્તરે જણાવેલ છે કે "સર્વ દ્રવ્યોના પર્યાયો સંક્ષેપથી ત્રીસ છે. તે આ વિધિથી સમજવા. ગુરુ, લઘુ, ગુરુલઘુ, અગુરુલઘુ - આ ચાર + પાંચ વર્ણ + બે ગંધ + પાંચ રસ + આઠ સ્પર્શ + અનિત્થંસ્થસંસ્થાન સહિત અન્ય છ સંસ્થાન = ૩૦. આ ૩૦ પર્યાયો સર્વ મૂર્ત્ત દ્રવ્યોમાં સંભવે છે. અમૂર્ત્ત દ્રવ્યોમાં તો ફક્ત એક અગુરુલઘુ પર્યાય જ સંભવે છે. પ્રસ્તુત પર્યાયના એક-એક પ્રકારમાં અવાન્તર અનંતા ભેદો સંભવે છે." આ ૩૦ પર્યાયની વાત વ્યવહારનયના મતથી જાણવી. બાકી નિશ્ચયથી તો સર્વગુરુપર્યાય અને સર્વલઘુપર્યાય ક્યાંય હોતો જ નથી. તેથી તે બે સિવાય કુલ ૨૮ પર્યાયો નિશ્ચયમતે જાણવા. આ રીતે બન્ને નયના મતને અહીં ખ્યાલમાં રાખવો.

[redacted] :- જો અમૂર્ત્તદ્રવ્યમાં માત્ર એક અગુરુલઘુપર્યાય હોય તો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના ગતિસહાયકત્વ વગેરે સ્વભાવપર્યાયોનો સમાવેશ શેમાં કરશો ? તથા જીવના સંજ્ઞા, કષાય વગેરે વિભાવપર્યાયોનો સમાવેશ તમે શ્વેતાંબરો શેમાં કરશો ?

## ✡ અમૂર્ત્ત દ્રવ્યના તમામ પર્યાયો અગુરુલઘુ : શ્વેતાંબર ✡

[redacted] :- **(गति.)** (૧) ધર્માસ્તિકાયમાં ગતિસહાયકત્વ, (૨) અધર્માસ્તિકાયમાં સ્થિતિસહાયકત્વ, (૩) આકાશમાં અવગાહનાદાતૃત્વ, (૪) કાળમાં વર્ત્તના સ્વરૂપ પર્યાયો, તથા (૫) જીવમાં દૃષ્ટિ (= શ્રદ્ધા = સમ્યગ્દર્શન), દર્શન, જ્ઞાન, અજ્ઞાન વગેરે પર્યાયો એ અમૂર્ત્તજીવદ્રવ્યના સ્વભાવપર્યાય કહેવાય. તેમજ જીવમાં આહારાદિ સંજ્ઞા, ભાવલેશ્યા, ક્રોધાદિ કષાય, વિષયાસક્તિ, રતિ, અરતિ, હર્ષ, શોક

---

1. सर्वद्रव्यपर्यायाः समासतः त्रिंशद् अनेन विधिना - गुरुः, लघुः, गुरुलघुः, अगुरुलघुः - एते चत्वारः; पञ्च वर्णाः, द्वौ गन्धौ, पञ्च रसाः, अष्टौ स्पर्शाः, अनित्थंस्थसंस्थानसहितानि षट् संस्थानानि। एते मूर्त्तद्रव्ये सर्वे सम्भवन्ति। अमूर्त्तद्रव्येषु अगुरुलघुश्चैवैकः पर्यायः सम्भवति। अत्र चैकैकस्मिन् भेदे अनन्ताः भेदाः सम्भवन्ति।

-कषाय-विषयाऽऽसक्ति-रत्यरति-हर्ष-शोकादयः सर्वे अमूर्त्तद्रव्यस्वभाव-विभावपर्यायाः तु **भगवतीसूत्र-प्रथमशतक-तद्वृत्त्योः** (भ.सू.१/९/७३) अनुसारेण अगुरुलघुपर्यायेषु अन्तर्भावनीयाः इति श्वेताम्बराम्नायो विभावनीयः। तदुक्तं **भगवतीसूत्रे** [1]"भावलेसं पडुच्च चउत्थपदेणं। एवं जाव सुक्कलेसा । दिट्ठी-दंसण-नाण-अन्नाण-सण्णा चउत्थपदेणं णेयव्वाओ....." (भ.सू.१/९/७३ पृ.९६) इति पूर्वोक्तम् (१०/१९) अत्रानुसन्धेयम्। 'चउत्थपदेणं = अगुरुलघु-पर्यायलक्षणेन चतुर्थपदेन'।

वस्तुतः पर्याया अपि द्रव्येभ्यो नाऽतिरिच्यन्ते। तदुक्तम् **आचाराङ्गचूर्णौ** तृतीयाऽध्ययने [2]"पज्जवा दव्वाणि चेव" (आचा.१/३/१/सू.१०९ चू.) इति। यथोक्तं **नयरहस्ये**ऽपि "द्रव्य-पर्याययोः वास्तवोऽभेद एव। सङ्ख्या-संज्ञा-लक्षण-कार्यभेदात् तु अस्वाभाविको भेदः" (न.र.पृ.२९) इति। ततश्च द्रव्य-गुणयोरपि वास्तवोऽभेद एव। तदुक्तम् **अध्यात्मसारे** "घटस्य रूपमित्यत्र यथा भेदो विकल्पजः। आत्मनश्च गुणानाञ्च तथा भेदो न तात्त्विकः।।" (अ.सा.१८/९) इति द्रव्याऽभिन्नपर्यायाऽभिन्नो गुणो द्रव्यादपि अभिन्न इति अभेदनयार्पणया सिद्धम्।

---

વગેરે પર્યાયો એ અમૂર્તજીવદ્રવ્યના વિભાવપર્યાય કહેવાય. **ભગવતીસૂત્ર**ના પ્રથમ શતકના નવમા ઉદ્દેશામાં તથા તેની **વ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સર્વ અમૂર્ત દ્રવ્ય અગુરુલઘુ હોવાથી અમૂર્ત દ્રવ્યના તમામ પર્યાયો અગુરુલઘુપર્યાયસ્વરૂપે જાણવા.' તે મુજબ અમૂર્ત દ્રવ્યના ઉપરોક્ત સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો અગુરુલઘુપર્યાયમાં અંતર્ભાવ પામે છે. આથી તેનો અસમાવેશ થવાની આપત્તિને કોઈ અવકાશ નથી. આ મુજબ શ્વેતાંબર આમ્નાય છે. **ભગવતીસૂત્ર**ના પૂર્વોક્ત (૧૦/૧૯) સંદર્ભમાં જણાવેલ છે કે 'ભાવલેશ્યાને આશ્રયીને અગુરુલઘુપર્યાયસ્વરૂપ ચોથા પદથી જાણવું. આ રીતે શુક્લલેશ્યા સુધી સમજવું. દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા પદાર્થને ચોથા પદથી જાણવા.' તે અંગે વિભાવના કરવી.

### ❀ દ્રવ્યાભિન્ન પર્યાયથી અભિન્ન ગુણ પણ દ્રવ્યાત્મક ❀

**(વસ્તુ.)** વાસ્તવમાં તો પર્યાયો પણ દ્રવ્યથી સ્વતંત્ર = ભિન્ન = અતિરિક્ત નથી. તેથી જ તો **આચારાંગસૂત્રચૂર્ણિ**માં જણાવેલ છે કે 'પર્યાયો દ્રવ્ય જ છે.' **નયરહસ્ય**માં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજય**જી મહારાજે જ કહેલ છે કે 'દ્રવ્ય અને પર્યાય વચ્ચે વાસ્તવિક તો અભેદ જ છે. (૧) સંખ્યાભેદ, (૨) સંજ્ઞાભેદ, (૩) લક્ષણભેદ અને (૪) કાર્યભેદ દ્વારા દ્રવ્ય-પર્યાય વચ્ચે જે ભેદ જણાય છે તે સ્વાભાવિક નથી.' મતલબ કે દ્રવ્ય-પર્યાય વચ્ચેનો ભેદ કૃત્રિમ = કાલ્પનિક = ઔપચારિક જ છે. દ્રવ્ય-પર્યાય વચ્ચે અભેદ હોવાથી દ્રવ્ય-ગુણ વચ્ચે પણ વાસ્તવમાં અભેદ જ છે. કારણ કે ગુણ-પર્યાય પરસ્પર ભિન્ન નથી. તેથી જ **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજય**જી મહારાજે જણાવેલ છે કે "જેમ 'ઘટનું રૂપ' - આ સ્થળે ઘટ અને રૂપ વચ્ચે જે ભેદ જણાય છે, તે વિકલ્પજન્ય = વૈકલ્પિક = કાલ્પનિક છે. તેમ આત્મા અને તેના ગુણો વચ્ચે જણાતો ભેદ તાત્ત્વિક નથી." આમ દ્રવ્યઅભિન્ન પર્યાયથી અભિન્ન હોવાથી ગુણ દ્રવ્યથી પણ અભિન્ન જ છે - તેમ અભેદનયની અર્પણા કરવાથી સિદ્ધ થાય છે.

---

1. भावलेश्यां प्रतीत्य चतुर्थपदेन । एवं यावत् शुक्ललेश्या । दृष्टि-दर्शन-ज्ञानाऽज्ञान-संज्ञाः चतुर्थपदेन ज्ञातव्याः ।
2. पर्यवा द्रव्याणि चैव।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अतितुच्छबुद्धिग्रस्तैः समं वादादिकरणे समय-शक्त्यादिदुर्व्ययं विना न किमपि सत्फलमवाप्यते। अतः तेषां सदा उपेक्षा कार्या। एवं पावनाऽऽगमिकपरम्पराऽपलापोच्छेदादिपरायणा अभिनिविष्टास्तु मध्यस्थधिया यथावसरं निराकार्या अपि। इत्थमेव जिनवचनरक्षा-विनियोगादिः सम्पद्यते। तत्प्रभावाच्चेह परत्र च पारमेश्वरप्रवचनप्रभावनाकरणसौभाग्यं जिनशासनाऽऽगम-सद्गुरु-संयमादिकं चोपलभ्यते इति ध्वन्यतेऽत्र। ततश्च [1]"पुणरभिलासाऽभावा, सिद्धाणं सव्वकालिगी पुण सा। एगंतिया य अच्चंतिगा य त्ता तेसि परमसुहं।।" (सं.र.शा.९७२२) इति **संवेगरङ्गशालायां जिनचन्द्रसूरि**प्रदर्शितं सिद्धसुखं सुलभं स्यात्। 'सा = औत्सुक्यनिवृत्तिः', शिष्टं स्पष्टम्।।१४/१८।।

## ❈ શક્તિના દુર્વ્યયથી બચીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- અત્યંત તુચ્છ બુદ્ધિવાળા લોકો સાથે વાદવિવાદ કરવામાં આવે તો સમય, શક્તિ વગેરેની નુકસાની સિવાય બીજું કોઈ સારું તાત્ત્વિક ફળ આવવાની આશા રાખી શકાતી નથી. તેથી અતિ તુચ્છ મતિવાળા જીવોની કાયમ માટે ઉપેક્ષા કરવી જોઈએ. તથા પવિત્ર આગમિક પરંપરાનો અપલાપ કે ઉચ્છેદ કરવા માટે તૈયાર થયેલા કદાગ્રહી જીવોના કદાગ્રહનું તો મધ્યસ્થ ભાવે અવસરે નિરાકરણ પણ કરવું જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ જિનવચનની રક્ષા અને જિનવચનનો વિનિયોગ થઈ શકે છે. આના પ્રભાવે આપણને આ-લોકમાં અને પર-લોકમાં ખરા અર્થમાં શાસનપ્રભાવના કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થાય છે તથા જિનશાસન, જિનવચન, સદ્ગુરુ, સંયમ વગેરેની પ્રાપ્તિ થાય છે. આ હકીકત પણ આડકતરી રીતે અહીં સૂચવાયેલ છે. તથા તે સંયમાદિના બળથી **સંવેગરંગશાળા**માં વર્ણવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં શ્રી**જિનચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતોને ફરીથી ક્યારેય ઈચ્છા ઊભી થતી નથી. તેથી તેમની પાસે જે ઔત્સુક્યની નિવૃત્તિ છે, તે સર્વકાલીન છે, ઐકાન્તિક = અવશ્યંભાવી છે તથા આત્યન્તિક = સંપૂર્ણ છે. તેથી સિદ્ધ ભગવંતો પાસે પરમસુખ હોય છે.' (૧૪/૧૮)

લખી રાખો ડાયરીમાં.....

- સાધનામાં ઘણી પૂર્વશરત હોય છે.
  દા.ત. વિદ્યા, મંત્ર, યોગ.

  ઉપાસનામાં કોઈ પૂર્વશરત હોતી નથી.
  દા.ત. ભક્તિયોગ.

1. पुनरभिलाषाऽभावात् सिद्धानां सर्वकालिकी पुनः सा। ऐकान्तिकी च आत्यन्तिकी च ततः तेषां परमसुखम्।।

**જે દિન દિન ઈમ §ભાવસ્યઈ, દ્રવ્યાદિ વિચાર;**

**તે લહસ્યઈ જસસંપદા, સુખ સઘલાં સાર ॥૧૪/૧૯॥ (૨૪૫) શ્રી જિન.**

જેહ એ અર્થવિચાર♦ (ઈમ) **દિન દિન** પ્રતિ *નિત્ય નિત્ય* (**દ્રવ્યાદિ**=) દ્રવ્ય-ગુણ-પર્યાય **વિચાર**રૂપ **ભાવસ્યઈ**, તેહ જીવ✿ પ્રાણીઆ **યશની સંપદા** પામસ્યઈ. તથા **સઘલાં (સાર) સુખ (લહસ્યઈ**=) પામસ્યઈ

प्रकृताभ्यासफलं प्रकटीकरोति – '**य**' इति।

**यो ह्येवं प्रतिदिवसम्, विभावयिष्यति द्रव्यादितत्त्वम्।**

**स लप्स्यते ननु सुयशःसम्पदं सुखञ्च सर्वं खलु।।१४/१९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यः हि एवं प्रतिदिवसं द्रव्यादितत्त्वं विभावयिष्यति स ननु सुयशःसम्पदं सुखञ्च सर्वं खलु लप्स्यते।।१४/१९।।

[1]"सेयंबरो य आसंबरो य बुद्धो य अहव अन्नो वा। समभावभाविअप्पा, लहेइ मुक्खं न संदेहो।।" (स.स.२) इति **सम्बोधसप्ततिवचनाद् यः** अनिर्दिष्टनामा अनिर्दिष्टसम्प्रदायः अनिर्दिष्टलिङ्गः आत्मार्थी **हि एवं** = प्रदर्शितपद्धत्या नय-प्रमाणाभ्याम् उपलक्षणाद् निक्षेपतश्च **प्रतिदिवसं** = नित्यं **द्रव्यादितत्त्वं** = द्रव्य-गुण-पर्यायपरमार्थं सुदीर्घाभ्यासेन **विभावयिष्यति** मध्यस्थधिया **सः ननु** इति निश्चये, द्रव्यानुयोगगोचरसूक्ष्मतटस्थपरिज्ञानप्रसूतां स्व-परयोः आध्यात्मिकलाभकारिणीं **सुयशःसम्पदं** प्रवचनरक्षा

**અવતરણિકા** :- પ્રસ્તુત અભ્યાસના ફળને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં પ્રગટ કરે છે :-

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે જે જીવ રોજ દ્રવ્યાદિ તત્ત્વની વિચારણા કરશે તે ખરેખર સુયશની સંપત્તિને અને તમામ સુખને ચોક્કસ પ્રાપ્ત કરશે. (૧૪/૧૯)

### ❊ માત્ર નામ-વેશથી કામ ન થાય ❊

**વ્યાખ્યાર્થ** :- "શ્વેતાંબર હોય કે દિગંબર, બૌદ્ધ હોય કે અન્ય કોઈ હોય - જે પણ પોતાના આત્માને સમભાવથી ભાવિત કરે છે, તે મોક્ષને મેળવે છે. આ બાબતમાં સંદેહ નથી" - આ પ્રમાણે **સંબોધસપ્તતિ**માં કહેલ છે. તેને અનુસરીને અહીં મૂળ ગાથામાં 'यः' શબ્દ દ્વારા જે આત્માર્થી જીવનો ઉલ્લેખ કરેલ છે, તેના નામનો કે સંપ્રદાયનો કે લિંગનો નિર્દેશ કરવામાં આવેલ નથી. તેનાથી એ સૂચિત થાય છે કે ગમે તે નામને ધરાવનાર, ગમે તે સંપ્રદાયમાં રહેનાર કે ગમે તે લિંગને (= સાધુવેષાદિને કે પુંલિંગ, સ્ત્રીલિંગ વગેરે લિંગને) ધારણ કરનાર આત્માર્થી જીવ આ ગ્રંથમાં જણાવેલી પદ્ધતિ મુજબ નય-પ્રમાણ અનુસારે તથા ઉપલક્ષણથી નિક્ષેપ અનુસારે રોજ સુદીર્ઘ અભ્યાસપૂર્વક દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરમાર્થની મધ્યસ્થ બુદ્ધિથી વિશેષ રીતે ભાવના કરશે તે ખરેખર દ્રવ્યાનુયોગવિષયક સૂક્ષ્મ અને તટસ્થ બુદ્ધિથી ઉત્પન્ન થનાર સુયશની સંપત્તિને અવશ્ય પ્રાપ્ત કરશે. આ સુયશસંપત્તિ સ્વને અને પરને આધ્યાત્મિક લાભને કરાવનાર જાણવી. દ્રવ્યાનુયોગનો અભ્યાસી જિનશાસનની રક્ષા અને પ્રભાવના વગેરે પણ કરે છે. તેથી તેના નિમિત્તે

§ B(૨)માં 'અભ્યસઈ' પાઠ. ♦ પુસ્તકોમાં 'વિચાર' પાઠ નથી. કો.(૯)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ✿ ફક્ત લા.(૨)માં જીવ પ્રાણીઆ પાઠ. 1. श्वेताम्बरश्च आशाम्बरश्च बुद्धश्चाऽथवा अन्यो वा। समभावभावितात्मा लभते मोक्षं न सन्देहः।।

નિશ્ચયે. ▸એહવો શ્રીજિનવાણીનો મહિમા જાણવો.◂ ॥૧૪/૧૯॥

-प्रभावनादिजन्यं **सुखञ्च सर्वम्** = इहलौकिक-पारलौकिकभेदभिन्नं कुशलानुबन्धिपुण्योदयजन्य-कर्मक्षयजन्यभेदभिन्नं वा **खलु लप्स्यते**, जिनमतस्य यथोचितसर्वनय-निक्षेपादिसमन्वयात्मकत्वात्, परिपूर्णत्वात्, अत्यन्तं निरवद्यत्वाच्च। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सव्वनयमयं जिणवयणमणवज्जमच्चंतं" (वि.आ.भा.७२) इति। एतादृशजिनमतानुसरणेनैव पारमार्थिकतत्त्वोपलब्धिः सम्भवति, नान्यथा। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [2]"णिक्खेव णय पमाणं णादूण भावयंति जे तच्चं। ते तत्थतच्चमग्गे लहंति लग्गा हु तत्थयं तच्चं।।" (द्र.स्व.प्र.२८२) इति। एवंलक्षणो जिनवचनप्रभावो ज्ञेयः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – द्रव्यानुयोगाभ्यासाद् आत्मार्थिनः प्रज्ञा सूक्ष्मशुद्धात्मद्रव्य-गुण-पर्यायग्रहणे पटूवी मध्यस्था च भवति। तत्प्रभावाच्च द्रव्यानुयोगमीमांसा सुयशः प्रापयति। ततश्चान्ये सौकर्येण धर्ममार्गे स्थाप्यन्ते। 'मदीयं नाम सुप्रसिद्धम्, अहञ्चैतादृशाऽकृत्यकारी स्यां तर्हि अन्ये धर्मश्रद्धाभ्रष्टाः स्युः' इति विमृश्य प्रथितकीर्त्तिः द्रव्यानुयोगाभ्यासी कुकर्मोदयेन जायमानं कुप्रवृत्तिविचारं प्रतिरुणद्धि। इत्थं यशः स्व-पराध्यात्मिकोन्नतिकारणतया सुयशोरूपेणेहोपदर्शितम्।

આ-લોક અને પર-લોક વગેરે સંબંધી તમામ સુખને તે પ્રાપ્ત કરશે. અથવા પુણ્યાનુબંધી પુણ્યોદયજન્ય સુખ અને કર્મક્ષયજન્ય સુખ આવા પ્રકારના સર્વ સુખોને તે પ્રાપ્ત કરશે. કારણ કે જિનમત હંમેશા યથોચિત રીતે સર્વ નય, સર્વ નિક્ષેપ વગેરેના સમન્વયાત્મક છે, પરિપૂર્ણ છે તથા અત્યન્ત નિર્દોષ છે. આ વાતને જણાવતા **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સર્વનયમય જિનવચન અત્યન્ત નિર્દોષ છે.' આવા જિનમતને સાચી રીતે અનુસરવાથી જ પારમાર્થિક તત્ત્વની ઉપલબ્ધિ સંભવે છે, બીજી કોઈ રીતે નહિ. તેથી તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "નિક્ષેપ, નય અને પ્રમાણને જાણીને જે તત્ત્વની ભાવના કરે છે તે વાસ્તવિક તત્ત્વના માર્ગમાં લીન બની પારમાર્થિક તત્ત્વને પ્રાપ્ત કરે છે." સુયશપ્રાપ્તિ અને તત્ત્વઉપલબ્ધિ એ ખરેખર જિનવચનનો પ્રભાવ જાણવો.

### 卐 તત્ત્વવિચારણાથી યશ નહિ, સુયશ મેળવો 卐

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યાનુયોગના અભ્યાસથી બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને શુદ્ધ એવા આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયને ગ્રહણ કરવામાં પટુ = કુશળ બને છે. તથા આત્માર્થી જીવ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો તેની પ્રજ્ઞા તટસ્થ = મધ્યસ્થ પણ બને છે. આવી સૂક્ષ્મ અને મધ્યસ્થ બુદ્ધિના પ્રભાવે દ્રવ્યાનુયોગની વિચારણા સુયશને = સુંદર યશને અપાવે છે. આ યશના કારણે બીજા જીવોને ધર્મમાર્ગે સરળતાથી જોડી શકાય છે. તેમજ કોઈક નબળા કર્મના ઉદયથી આપણને ખરાબ પ્રવૃત્તિ કરવાનો વિચાર જાગે તો તેનાથી અટકવાનું બળ પણ સુંદર યશના પ્રભાવે પ્રાપ્ત થાય છે. મતલબ કે 'મારું નામ આટલું પ્રસિદ્ધ છે અને હું આવું કામ કરીશ તો લોકોને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઉઠી જશે' - આવું વિચારી દ્રવ્યાનુયોગઅભ્યાસી અકાર્ય કરવાથી પાછો ફરે છે. આ રીતે યશ-કીર્તિ સ્વ-પરને આધ્યાત્મિક લાભ

▸...◂. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે. 1. सर्वनयमयं जिनवचनमनवद्यमत्यन्तम्। 2. निक्षेपं नयं प्रमाणं ज्ञात्वा भावयन्ति ये तत्त्वम्। ते तथ्यतत्त्वमार्गे लभन्ते लग्ना खलु तथ्यं तत्त्वम्।।

सातवेदनीयकर्मजन्यं सुखं तु लभ्यत एव, मोहनीयकर्मक्षयजन्यमपि सुखमवश्यं द्रव्यानुयोगपरामर्शशीलेन लभ्यते। एतावता नित्यं द्रव्यानुयोगः परामृश्य इति सूच्यते। किन्तु द्रव्यानुयोगप्रदर्शितयुक्ति-सन्दोहमात्रपरतया न भाव्यम् अपितु निजविशुद्धात्मतत्त्वानुभवाऽविच्छेदकृतेऽनारतं यतनीयम्। तदुक्तं **ज्ञानसारे अध्यात्मोपनिषदि** च "अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना। शास्त्रयुक्तिशतेनाऽपि न गम्यम्" (ज्ञा.सा.२६/३ + अ.उप.२/२१) इति। तद्बलात् स्वात्मशुद्धिपराकाष्ठायां [1]"लोएगदेसे ते सव्वे नाण-दंसणसन्निया। संसारपारनित्थिन्ना सिद्धिं वरगइं गया।।" (उत्त.३६/६७) इति **उत्तराध्ययनसूत्रो**क्ता सिद्धिगतिः तूर्णं प्राप्यते।।१४/१९।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ चतुर्दशशाखायां **पर्यायप्रतिपादन**नामकः चतुर्दश अधिकारः।।१४।।

---

અપાવનાર હોવાથી યશનું 'સુ' એવું વિશેષણ અહીં લગાડવામાં આવેલ છે. શાતાવેદનીય વગેરેના ઉદયથી ઉત્પન્ન થનારું સુખ તો તેને મળે જ છે પરંતુ મોહનીય કર્મના ક્ષય વગેરેથી ઉત્પન્ન થનારું સુખ પણ તે અવશ્ય પ્રાપ્ત કરે છે. આવું જણાવવા દ્વારા દ્રવ્યાનુયોગની નિત્ય વિચારણા કરવા માટે અહીં આધ્યાત્મિક પ્રેરણા ગ્રંથકારશ્રીએ કરેલ છે. પરંતુ દ્રવ્યાનુયોગસંબંધી જે જે યુક્તિઓ અહીં દર્શાવેલ છે, તેમાં જ માત્ર ગળાડૂબ ન બનવું. પરંતુ પોતાના વિશુદ્ધ આત્મતત્ત્વના અનુભવનો પ્રવાહ સ્ખલિત ન થાય, તે માટે સતત પ્રયત્ન કરવો. કારણ કે **જ્ઞાનસાર**માં તથા **અધ્યાત્મઉપનિષદ્**માં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'ઈન્દ્રિયોથી જાણી ન શકાય એવો શુદ્ધ આત્મા, વિશુદ્ધ અનુભવ સિવાય, શાસ્ત્રોની સેંકડો યુક્તિઓથી પણ જાણી ન શકાય.' તે વિશુદ્ધ સ્વાનુભવના બળથી પોતાની આત્મશુદ્ધિ પરાકાષ્ઠાને પામે તો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં દર્શાવેલ સિદ્ધગતિ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં સિદ્ધગતિ અંગે જણાવેલ છે કે 'જ્ઞાન-દર્શનઉપયોગવાળા, સંસારના પારને પૂર્ણતયા પામેલા તે તમામ સિદ્ધ ભગવંતો લોકના એક ભાગમાં શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામેલા છે.' (૧૪/૧૯)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય ગણી** દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (***દ્રવ્ય-ગુણ-પર્યયરાસ*** અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'પર્યાય પ્રતિપાદન'*** નામનો ચૌદમો અધિકાર પૂર્ણ થયો.

**❋ ચૌદમી શાખા સમાપ્ત ❋**

---

1. लोकैकदेशे ते सर्वे ज्ञान-दर्शनसंज्ञिताः। संसारपारनिस्तीर्णाः सिद्धिं वरगतिं गताः।।

## ❁ શાખા - ૧૪ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. વ્યંજનપુદ્ગલપર્યાયના અવાંતર પ્રકાર સદૃષ્ટાંત અને સહેતુ જણાવો.
૨. દેવસેનજીપ્રરૂપિત સજાતીય વગેરે ચાર પર્યાય સદૃષ્ટાંત સમજાવો.
૩. વ્યંજનપર્યાય તિર્યક્સામાન્ય સ્વરૂપ છે. કેવી રીતે ? વિવિધ ગ્રંથના આધારે સમજાવો.
૪. એકત્વાદિ છ પ્રકારના પર્યાયોના નામ અને વ્યાખ્યા જણાવો.
૫. ધર્માસ્તિકાયને આશ્રયીને 'પર્યાય'ની છણાવટ કરો.
૬. વ્યંજનપર્યાયની સમજણ તેના પ્રકાર અને દૃષ્ટાંત દ્વારા આપો.
૭. 'એકત્વને અને સંખ્યાને એક જ માની ન શકાય' - તેનું કારણ જણાવો.
૮. અર્થપર્યાયના સંદર્ભમાં કેવલજ્ઞાન અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની સમીક્ષા રજૂ કરો.
૯. અર્થપર્યાયને વિશે સભેદ, સદૃષ્ટાંત માહિતી આપો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. 'શૃંગગ્રાહિકા' ન્યાય સમજાવો.
૨. પરસાપેક્ષત્વને જ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાયનું નિયામક માની શકાય. શા માટે ?
૩. પર્યાયને ગુણનો વિકાર કહી ન શકાય - સમજાવો.
૪. વ્યંજનપર્યાયની અને અર્થપર્યાયની વ્યાખ્યા જણાવો.
૫. અર્થપર્યાય ચિરકાલસ્થાયી નથી - સમજાવો.
૬. આલાપપદ્ધતિ ગ્રંથને આધારે પર્યાયના પ્રકારો અને અવાંતર પ્રકારો જણાવો.
૭. અગુરુલઘુપર્યાયના બાર ભેદ જણાવો.
૮. પરમાણુને વિભાગજાત પર્યાય શા માટે કહેલ છે ?
૯. આત્માના આઠ પ્રકારને જણાવો.
૧૦. ધર્માસ્તિકાયમાં અશુદ્ધ અર્થપર્યાય સંભવી શકે કે નહિ ? શા માટે ?

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. જે પર્યાયમાં એકદ્રવ્યજનકઅવયવસંઘાતત્વ હોય તેને શુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાય તરીકે સમજવા.
૨. સંયોગ ગુણ છે, પર્યાય નથી.
૩. પર્યાયશબ્દો દ્વારા જેનું પ્રતિપાદન થઈ શકે તે બધા વ્યંજનપર્યાય કહેવાય.
૪. આકૃતિ એ ગુણ છે.
૫. સૂત્રપર્યાય, અર્થપર્યાય અને વ્યંજનપર્યાય - આ રીતે પર્યાય ત્રિવિધ છે.
૬. ઘટ વગેરેનો સુવર્ણાદિધાતુમય પર્યાય તે ગુણપર્યાય છે.
૭. કષાયાત્મા એ અશુદ્ધગુણવ્યંજનપર્યાય છે.

૮. અગુરુલઘુ પર્યાયમાં સંખ્યાતભાગવૃદ્ધિ સંભવી શકે છે.
૯. થોડો સમય રહેનાર ક્ષણસંતતિ ઋજુસૂત્રનયને માન્ય નથી.
૧૦. સંયોગ અને વિભાગ ઉભયત્ર રહે છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. અનભિલાપ્ય ભાવ | (૧) વિષય-વિષયીનો અભેદ |
| ૨. અભયદેવસૂરિ મહારાજ | (૨) એકાર્થવાચક |
| ૩. સ્વભાવગુણપર્યાય | (૩) એકનો ભાવ = એકત્વ |
| ૪. શાંતિસૂરિ મહારાજા | (૪) અર્થપર્યાય |
| ૫. ઉત્તરાધ્યયન સૂત્ર | (૫) 'પુરુષ' શબ્દ એ વ્યંજન પર્યાય |
| ૬. ભાસર્વજ્ઞ | (૬) મતિજ્ઞાન |
| ૭. સારોપા લક્ષણા | (૭) કેવળજ્ઞાન |
| ૮. પર્યાયશબ્દ | (૮) એક અને અભિન્ન પર્યાયવાચી |
| ૯. વિભાવગુણપર્યાય | (૯) ધર્માસ્તિકાયના અશુદ્ધ પર્યાય નથી |
| ૧૦. દિગંબર | (૧૦) મોક્ષમાર્ગરતિ |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ----- વિજાતીય દ્રવ્યપર્યાય કહેવાય. (દ્વ્યણુક, મનુષ્ય, મતિજ્ઞાન)
૨. વ્યંજનપર્યાયો વસ્તુના ---- પર્યાય છે. (સ્થૂલ, સૂક્ષ્મ, ઉપચરિત)
૩. ----- સૂત્રમાં સયોગી ભવસ્થ કેવળીના બે પ્રકાર બતાવેલ છે. (ભગવતીજી, આચારાંગ, સ્થાનાંગ)
૪. ધર્માસ્તિકાયમાં ગતિનિમિત્તત્વ પરિણામ તે ---- નિમિત્તક અર્થપર્યાય જાણવો. (સ્વ, પર, સ્વ-પરઉભય)
૫. ધર્મીમાં ગુણધર્મ હોય તો તેમાં ---- અન્યથાપણું આવે. (ભાવાત્મક, દ્રવ્યાત્મક, ઉભયાત્મક)
૬. 'વ્યંજનપર્યાય અને અર્થપર્યાય શક્તિ અને વ્યક્તિ ઉભયરૂપ છે' - આ ----- નું વચન છે. (અભયદેવસૂરિજી, શાંતિસૂરિજી, ભાસર્વજ્ઞ)
૭. ----- વિભાવઅર્થપર્યાયમાં આવી શકે. (સમ્યક્ત્વ, મિથ્યાત્વ, મિશ્રદૃષ્ટિ)
૮. ગતિકારણત્વ ----- નો સ્વપર્યાય છે અને ----- નો પરપર્યાય છે. (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ઉભય)
૯. ધર્માસ્તિકાયની આકૃતિ તે તેનો ----- વ્યંજનપર્યાય છે. (શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર)

---

**નોંધ** :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.


જ્ઞાનમાહાત્મ્ય
જ્ઞાનમાહાત્મ્ય
જ્ઞાનમાહાત્મ્ય
જ્ઞાનમાહાત્મ્ય
જ્ઞાનમાહાત્મ્ય

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૫

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१५

ज्ञानमाहात्म्यम्

# शाखा - १५ : ज्ञानमाहात्म्यम्


द्रव्यानुयोगमाहात्म्यम् (१५/१-१)
श्रोतृलक्षणनिर्देशः (१५/१-२)
ज्ञानस्य महत्ता खद्योत-दर्दुरद्रष्टान्तौ च (१५/१-३,१-४,१-५)
ज्ञानस्य एकादश प्रकाराः (१५/१-५)
ऐकान्तिकाऽऽत्यन्तिककल्याणनिर्देशः (१५/१-५)
अकरणनियमः (१५/१-६)
त्रिविधवैयावृत्त्यनिरूपणम् (१५/१-६)
ज्ञानस्य क्रियाऽपेक्षया महत्त्वम् (१५/१-७)
केवलिसमो गीतार्थः (१५/१-७)
ज्ञानमाहात्म्यम् (१५/१-८)
उपमया ज्ञानमाहात्म्यम् (१५/२-१)
ज्ञानिनिश्रिताऽज्ञानी अपि मार्गस्थः (१५/२-२)
उन्मार्गगामिजीवपरिचयः (१५/२-३,२-४)
बहिर्मुखि-पापश्रमणयोः परिचयः (१५/२-५)
बाह्यक्रियामात्रकारिणां संयमाऽसफलता (१५/२-६)
स्वोत्कर्षरसिकाः गुण-दोषविवेकशून्याः (१५/२-७)
मायिनां गुणाः दोषरूपाः (१५/२-८)
जिनशासनमहत्ता (१५/२-९)
पार्श्वस्थादिपरिचयः (१५/२-९)
गीतार्थ-ज्ञानिवचनमाहात्म्यम् (१५/२-१०)
इच्छायोगनिरूपणम् (१५/२-११)
संविग्नपाक्षिकस्य ज्ञानयोगमुख्यता (१५/२-१२)
श्रमणोपासक-साध्वोः ज्ञानादेः मुख्यामुख्यत्वम् (१५/२-१२)
ज्ञानमुख्यताख्यापनपराणि आवश्यकादिवचनानि (१५/२-१३)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૫ :

અહીં ગ્રંથકારશ્રી દ્રવ્યાનુયોગના માહાત્મ્યને જણાવે છે.

દ્રવ્યાનુયોગ એ જિનવચનમાં સારભૂત હોવાથી તેના ઊંડા અભ્યાસની ઝંખના રાખવી.(૧૫/૧-૧)

શ્રોતા ત્રણ પ્રકારના હોય છે. બાલ જીવ બાહ્ય વેશને જુવે છે. મધ્યમબુદ્ધિવાળા ક્રિયામાં તત્પર છે. ઉત્તમ પુરુષ જ્ઞાનના રસિયા છે. આપણો નંબર ઉત્તમ પુરુષમાં જોડવો જોઈએ. (૧૫/૧-૨)

ક્રિયા આગિયા જેવી અને જ્ઞાન સૂર્ય જેવું છે. આમ ક્રિયા કરતાં જ્ઞાન ચઢિયાતું છે. (૧૫/૧-૩)

ક્રિયાથી થતો કર્મનાશ દેડકાના ચૂર્ણ જેવો છે, જેમાંથી ફરી દેડકા પેદા થાય. જ્ઞાનથી થતો કર્મનાશ દેડકાની રાખ જેવો છે. તેમાંથી દેડકા (=કર્મો) પેદા થતા નથી. માટે જ્ઞાનમાં યત્ન કરવો.(૧૫/૧-૫)

સમ્યગ્ જ્ઞાન આવે પછી જીવ ક્યારેય મિથ્યાત્વ વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો નથી. (૧૫/૧-૬)

'સંવિગ્ન ઉત્કૃષ્ટ ગીતાર્થ અને કેવળજ્ઞાની - બન્ને તત્ત્વોપદેશક જ્ઞાનની અપેક્ષાએ સમાન જ છે' - આવું **બૃહત્કલ્પભાષ્ય**નું વચન જાણી જ્ઞાનની શ્રેષ્ઠતાને સમજવી.(૧૫/૧-૭)

જ્ઞાન આત્માનો શ્રેષ્ઠ ગુણ છે. તે ભવસાગર તરવા માટે વહાણ છે તથા મિથ્યાબુદ્ધિરૂપી અંધકારનો નાશક મહાપ્રકાશ છે. (૧૫/૧-૮)

જે જ્ઞાન અને ક્રિયા બન્નેમાં ઉદ્યમી છે તેમના ગુણાનુરાગ દ્વારા સદ્ગુણો મેળવવા.(૧૫/૨-૧)

જ્ઞાનમાં વિકાસ ન જ થાય તો તેવા સાધુ જો જ્ઞાની ગુરુને શરણે રહી તેમની ભક્તિ કરે તો તેઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે. માટે જ્ઞાનની અવેજીમાં ગુરુભક્તિમાં તત્પર રહેવું.(૧૫/૨-૨)

માત્ર બાહ્યવેશધારી હઠવાદમાં આસક્ત સાધુ પરમાર્થથી જિનશાસનને પામી શકતા નથી. (૧૫/૨-૩)

કપટી જીવો પોતાના દોષના બદલે ગુરુના દોષોને જુવે, તેમની નિંદા કરે તો પાપશ્રમણ તરીકે તેના જીવનમાં માત્ર આત્મવિડંબના જ રહે છે. માટે આ બાબતમાં સાવધ રહેવું. (૧૫/૨-૪)

માયાવી સાધુઓ શાસનપ્રભાવનાના નામે સ્વપ્રભાવના કરે છે. તે પ્રવૃત્તિ દૂરથી જ ત્યાજ્ય છે. (૧૫/૨-૫)

બહિર્મુખી સાધુઓ અજ્ઞાનીના ટોળામાં જીવીને અંધ વ્યક્તિની જેમ ભવાટવીમાં પડે છે.(૧૫/૨-૬)

પોતાના ઉત્કર્ષને ઈચ્છતા જીવો બીજા ગુણવાનની ઉપેક્ષા અને તેમના નાના દોષોની નિંદામાં પડે છે. પરમાર્થથી તેઓ પોતાના જ પગ પર કુહાડો મારે છે. (૧૫/૨-૭)

તેવા જીવો લોકપ્રિય અને ગુણપ્રિય વ્યક્તિના ગુણાનુવાદ દ્વારા તેમની વચ્ચે સ્થાન મેળવવાનો પ્રયત્ન કરે છે અને તે માટે માયાના શરણે જાય છે. (૧૫/૨-૮)

તેવા સાધુ જિનશાસનને નુકસાન કરે છે. માટે તેમનો ત્યાગ કરવો. (૧૫/૨-૯)

જ્ઞાનીવચનથી ઝેર પણ અમૃત બને. અજ્ઞાનીની વાણીનું અમૃત પણ વિષતુલ્ય છે. (૧૫/૨-૧૦)

જે ક્રિયામાં પાછળ હોય તે જ્ઞાનને મુખ્ય કરીને સંસાર તરે છે. માટે ક્રિયામાં ઉણપ હોય તો ઉત્સૂત્રપ્રરૂપણાથી બચી, નમ્રતા દ્વારા સંવિગ્નપાક્ષિકપણું ટકાવી મોક્ષમાર્ગે આગળ વધવું. (૧૫/૨-૧૧)

શ્રાવક પાસે ચારિત્ર નથી. તેથી તે જ્ઞાનને મુખ્ય બનાવે છે. ભાવસાધુ તો જ્ઞાન અને ક્રિયા બન્ને દ્વારા આગળ વધે છે. (૧૫/૨-૧૨)

**આવશ્યકનિર્યુક્તિ**માં 'જ્ઞાન મુખ્ય છે' - તેમ જણાવેલ છે. તેથી યથાશક્તિ આચારપાલનની સાથે સમ્યગ્ જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગે આગળ વધવું. (૧૫/૨-૧૩)

ઢાળ - ૧૫ - દુહા

**ગુરુ-શ્રુત-અનુભવબલ થકી, કહિઓ દ્રવ્યઅનુયોગ;**
**એહ સાર જિન વચનનો♦, એહ પરમપદભોગ ॥૧૫/૧-૧॥ (૨૪૬)**

ગુરુ કહતાં ગુરુઉપદેશ, **શ્રુત** = શાસ્ત્રાભ્યાસ, **અનુભવબલ** = ✡સામર્થ્યયોગ. (**થકી**=) તેહથી એહ દ્રવ્યાનુયોગ કહિઓ.

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - १५ भूमिका (आर्याच्छन्दः)

द्रव्यानुयोगमाहात्म्यमभिष्टौति – '**गुरु-श्रुते**'ति।

**गुरु-श्रुतानुभवबलात् कथितो द्रव्यानुयोगः सुयोगः।**
**स च सारो जिनवचसः परपदभोग ईतिवियोगः।।१५/१-१।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुरु-श्रुतानुभवबलात् सुयोगः द्रव्यानुयोगः कथितः। स च जिनवचसः सारः, परपदभोगः, ईतिवियोगः।।१५/१-१।।

**गुरु-श्रुतानुभवबलात्** = सद्गुरुदेवोपदेश-स्वपरसमयाभ्यास-स्वानुभवसामर्थ्यसमवायात् **सुयोगः** = दुर्लभग्रन्थिभेदाद्यन्तरङ्गसाधनतया चरण-करणानुयोगादिषु मध्ये श्रेष्ठः योगः **द्रव्यानुयोगः** **श्रीयशोविजयवाचकवर्यैः** मारुगुर्जरगिरा '**द्रव्य-गुण-पर्यायरास**'प्रबन्धरूपेण **कथितः**। तदनुसारेण चा-

❈ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❈

卐 **પંદરમી શાખાની પૂર્વભૂમિકા** 卐

**અવતરણિકા** :- ગ્રંથકારશ્રી દ્રવ્યાનુયોગના માહાત્મ્યની પ્રશંસા કરે છે :-

**શ્લોકાર્થ** :- ગુરુદેવ, શ્રુત અને અનુભવ - આ ત્રણના બળથી દ્રવ્યાનુયોગ નામનો સુંદર યોગ આ રીતે કહેવાયો. તે દ્રવ્યાનુયોગ એ જ જિનવચનનો સાર છે. દ્રવ્યાનુયોગ એ જ પરમપદનો ભોગવટો છે. તથા દ્રવ્યાનુયોગ એ જ ઉપદ્રવનો વિયોગ છે. (૧૫/૧-૧)

❈ **ગ્રંથરચનાના ત્રણ મુખ્ય પરિબળ** ❈

**વ્યાખ્યાર્થ** :- ગ્રંથિભેદ કરવાનું કાર્ય વરસોની સાધના પછી પણ અત્યંત દુષ્કર છે. તેથી ગ્રંથિભેદ અત્યંત દુર્લભ પણ છે. દુર્લભ એવા ગ્રંથિભેદ વગેરેનું અંતરંગ સાધન દ્રવ્યાનુયોગ છે. તેથી ચરણ-કરણાનુયોગ વગેરે ચારેય અનુયોગોમાં દ્રવ્યાનુયોગ એ શ્રેષ્ઠ યોગ છે. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે 'મારુ ગુર્જર' ભાષા દ્વારા / 'અપભ્રંશ' ભાષા દ્વારા 'દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ' નામના પ્રબંધ રૂપે દ્રવ્યાનુયોગનું નિરૂપણ કરેલ છે. આ નિરૂપણ ત્રણ પરિબળના આધારે તેઓશ્રીએ કરેલ છે - (૧) સદ્ગુરુદેવનો ઉપદેશ, (૨) સ્વદર્શનના અને પરદર્શનના શાસ્ત્રોનો અભ્યાસ, (૩) સ્વાનુભવનું સામર્થ્ય. આ ત્રણેય ઉમદા પરિબળોનો

♦ પુસ્તકોમાં 'વચનનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ લા.(૨)માં 'સામગ્રીયોગ' પાઠ.

**એહ** સર્વ [ꭍ]**જિનવચનનો**[♦] **સાર** છઇં. **એહ** જ **પરમપદ** કહિઇં મોક્ષ, તેહનો **ભોગ** છઇ. જે માટઇં એ દ્રવ્યાદિ વિચારઇં શુક્લધ્યાનસંપદાઇં મોક્ષ પામિઇ. *તે સત્યાર્થ.* ॥૧૫/૧-૧॥

ऽस्माभिः **द्रव्यानुयोगपरामर्श**नामकप्रबन्धरूपेण स एव संस्कृतगिराऽनूदितः। **श्रीयशोविजयवाचककृतं द्रव्य-गुण-पर्यायरासस्तबकम्** अनुसृत्याऽस्माभिः **द्रव्यानुयोगपरामर्शकर्णिका**भिधाना अभिनवा संस्कृतव्याख्या रचिता, अभिनवशास्त्रसन्दर्भाऽभिनवतर्कादिना समर्थिता, आध्यात्मिकोपनयादिद्वारा संवर्धिता च।

**स च** द्रव्यानुयोगः **जिनवचसः** = जिनागमस्य **सारः** = नवनीततुल्यो वर्तते। अत एव **दानादिप्रकरणे सूराचार्येण** "द्रव्यानुयोगः सकलानुयोगमध्ये प्रधानः" (दा.प्र.५/८६) इत्युक्तम्।

द्रव्यानुयोग एव **परपदभोगः** = मोक्षानुभवः, कारणे कार्योपचारात्, आध्यात्मिकोपनयादिगर्भित-रीत्या द्रव्यानुयोगविचारविमर्शतः शुक्लध्यानसम्प्राप्त्या मोक्षोपलब्धेः।

नय-प्रमाणबोधविरहे द्रव्यादिवस्तुतत्त्वानुपलम्भेन सम्यग्दर्शनमपि दुर्लभम्, कुतः पुनः शुक्ल-

સમન્વય કરીને તેઓશ્રીએ '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**' નામના પ્રબંધ રૂપે દ્રવ્યાનુયોગનું નિરૂપણ કરેલ છે. તથા તેને અનુસરીને અમે પ્રસ્તુત '**દ્રવ્યાનુયોગપરામર્શ**' નામના પ્રબંધ રૂપે તે જ દ્રવ્યાનુયોગ સંસ્કૃત ભાષા દ્વારા અનુવાદ રૂપે જણાવેલ છે. તથા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**રચિત **દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ-સ્તબક**ને અનુસરીને અમે (મુનિ યશોવિજય ગણીએ) '**દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા**' નામની નૂતન સંસ્કૃતવ્યાખ્યા રચેલ છે. તેમજ નવીન શાસ્ત્રસંદર્ભ, અભિનવ તર્ક વગેરે દ્વારા તેનું અમે સમર્થન કરેલ છે. તથા આધ્યાત્મિક ઉપનય વગેરે દ્વારા દ્રવ્યાનુયોગનું અહીં સંવર્ધન પણ કરવામાં આવેલ છે.

### ❋ દ્રવ્યાનુયોગ એ જ મોક્ષસુખનો આસ્વાદ ❋

(**स च.**) તે દ્રવ્યાનુયોગ જિનાગમનો સાર છે. જેમ દહીંનો-છાશનો સાર માખણ કહેવાય, તેમ જિનાગમનો સાર દ્રવ્યાનુયોગ કહેવાય છે. તેથી જ **દાનાદિપ્રકરણ**માં **સૂરાચાર્યજી**એ જણાવેલ છે કે 'તમામ અનુયોગમાં મુખ્ય દ્રવ્યાનુયોગ છે.'

(**द्रव्या.**) 'તે દ્રવ્યાનુયોગ જ પરમપદ સ્વરૂપ મોક્ષનો ભોગવટો છે'- આવું વચન પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહી શકાય છે. દ્રવ્યાનુયોગ કારણ છે અને મોક્ષની અનુભૂતિ = ઉપલબ્ધિ તેનું કાર્ય છે. આધ્યાત્મિક ઉપનય આદિથી ગર્ભિત રીતે દ્રવ્યાનુયોગનો વિચાર-વિમર્શ કરવાથી શુક્લધ્યાનની પ્રાપ્તિ થાય છે. તેનાથી ક્ષપકશ્રેણી માંડી, કેવલજ્ઞાન પામી આત્મા મોક્ષને પ્રાપ્ત કરે છે. આમ દ્રવ્યાનુયોગ કારણ બને છે અને મોક્ષ તેનું કાર્ય બને છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને મૂળ શ્લોકમાં દ્રવ્યાનુયોગને જ મોક્ષના ભોગવટા સ્વરૂપે જણાવેલ છે.

### ❁ નયબોધ વિના સમ્યગ્દર્શન દુર્લભ ❁

(**नय.**) નયનો અને પ્રમાણનો બોધ જેની પાસે ન હોય તેને દ્રવ્ય-ગુણ વગેરે સ્વરૂપ વસ્તુતત્ત્વની યથાવસ્થિત જાણકારી મળી શકતી નથી. તેથી તે વ્યક્તિને સમ્યગ્દર્શન પણ દુર્લભ છે. તો તે વ્યક્તિને

ꭍ B(૨)માં 'જિનવચન તે વીતરાગપ્રણીત સાર્ગનું સાર' પાઠ. ♦ પુસ્તકોમાં 'વચનનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

ध्यानादिकम् ? तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [1]"जे णयदिट्ठिविहीणा ताण ण वत्थूसहावउवलद्धि। वत्थुसहावविहूणा सम्मादिट्ठी कहं हुंति ?।।" (द्र.स्व.प्र.१८१) इति। प्रकृते कार्य-कारणभावस्त्वेवं बोध्यः – द्रव्यादितत्त्वगोचराद् भाषा-लिप्यादिरूपाद् द्रव्यश्रुताद् अपुनर्बन्धकादीनां व्यवहारतो भावश्रुतं जायते, ततो देहात्मभेदविज्ञानोपधायकं नैश्चयिकसम्यक्त्वम्, तत आत्मतत्त्वसंवेदनम्, तत्परिपाकात् शुक्लध्यानादिद्वारा केवलज्ञानम्, ततश्चाऽखिलकर्मक्षयेण परमानन्दमया मुक्तिरिति। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशवृत्तौ** उद्धरणरूपेण [2]"दव्वसुयादो भावं, तत्तो भेयं हवेइ संवेदं। तत्तो संवित्ती खलु, केवलणाणं हवे तत्तो।।" (द्र.स्व.प्र.गा.२९७ वृ.) इति। ततो मोक्षार्थिभिः द्रव्यानुयोगोऽवश्यं परिशीलनीय इति सिद्धम्।

तथा द्रव्यानुयोग एव **ईतिवियोगः** = सम्यग्दर्शनादिलक्षणसस्योपद्रवकारिसंशय-विपर्ययाऽज्ञानादिलक्षणमूषक-शलभाद्युत्पत्तिविरहः, तथाभ्यासस्य तथासंशय-विपर्ययाऽनध्यवसायादिनिवारकत्वात्।

શુક્લધ્યાન વગેરે તો ક્યાંથી મળે ? તેથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં કહેલ છે કે ‘જે જીવો નયબોધશૂન્ય છે, તેઓને વસ્તુના સ્વભાવની જાણકારી પણ મળતી નથી. તેથી વસ્તુસ્વભાવબોધરહિત એવા તે જીવો સમ્યગ્દૃષ્ટિ તો કઈ રીતે થાય ?’ પ્રસ્તુતમાં કાર્ય-કારણભાવ આ રીતે જાણવો કે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક તત્ત્વ સંબંધી ભાષા, લિપિ વગેરે સ્વરૂપ દ્રવ્યશ્રુતથી અપુનર્બંધક વગેરે જીવોને વ્યવહારથી ભાવશ્રુત ઉત્પન્ન થાય છે. તે ભાવશ્રુતથી નૈશ્ચયિક સમ્યગ્દર્શન થાય છે. તે સમકિતથી શરીર અને આત્મા - આ બન્ને વચ્ચે ભેદવિજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેમાથી આત્મતત્ત્વનું તે જીવને સંવેદન થાય છે. તથા આત્મતત્ત્વસંવેદન પરિપક્વ બને ત્યારે તેના પ્રભાવે જીવને શુક્લધ્યાન-ક્ષપકશ્રેણિ-પ્રાતિભજ્ઞાન વગેરે પ્રાપ્ત થાય છે. તથા તે શુક્લધ્યાન વગેરે દ્વારા કેવલજ્ઞાન મળે છે. ત્યાર બાદ સર્વ કર્મનો ક્ષય થવાથી પરમાનંદમય મુક્તિ મળે છે. તેથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશવૃત્તિ**માં એક ઉદ્ધૃત પ્રાચીન ગાથા મળે છે. તેમાં જણાવેલ છે કે ‘દ્રવ્યશ્રુતથી ભાવશ્રુત ઉત્પન્ન થાય. તેનાથી ગ્રંથિભેદ થાય. તેનાથી દેહાત્મભેદવિજ્ઞાન પ્રગટે. તેનાથી આત્મતત્ત્વનું સંવેદન થાય. તેનાથી કેવલજ્ઞાન થાય.’ તેથી ‘મોક્ષાર્થીએ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો અત્યન્ત આવશ્યક છે’ - તેવું સિદ્ધ થાય છે.

### ❀ દ્રવ્યાનુયોગ એ જ ઉપદ્રવવિયોગ ❀

(**तथा.**) દ્રવ્યાનુયોગ એ જ ઉપદ્રવનો વિયોગ છે. જેમ ખેતરમાં ઉગેલ ઘઉં વગેરે ધાન્યમાં ઉંદર, તીડ કે પતંગિયા વગેરે જીવાતોનો ઉપદ્રવ થાય તો ધાન્યનો નાશ થાય છે. તે જ રીતે સમ્યગ્ દર્શન -જ્ઞાન-ચારિત્રમાં સંશય, વિપર્યય, અજ્ઞાન વગેરેનો ઉપદ્રવ થાય તો સમ્યગ્ દર્શન આદિનો નાશ થાય છે. આમ સમ્યગ્દર્શનાદિ ધાન્યના સ્થાનમાં છે. સંશય, વિપર્યાસ વગેરે ઉંદર વગેરેના સ્થાનમાં છે. દ્રવ્યાનુયોગ એ જ સમ્યગ્ દર્શનાદિ સ્વરૂપ ધાન્યમાં ઉપદ્રવ કરનાર સંશય, વિપર્યય, અજ્ઞાનાદિ સ્વરૂપ ઉંદર, તીડ, પતંગિયા વગેરેની ઉત્પત્તિના વિરહ સ્વરૂપ છે. દ્રવ્યાનુયોગનો તથાવિધ અભ્યાસ તેવા પ્રકારના સંશય, વિપર્યય, અનધ્યવસાય વગેરેનું નિવારણ કરે છે. તેથી દ્રવ્યાનુયોગને જ સંશયાદિના

1. ये नयदृष्टिविहीनास्तेषां न वस्तुस्वभावोपलब्धिः। वस्तुस्वभावविहीनाः सम्यग्दृष्टयः कथं भवन्ति ?।।

2. द्रव्यश्रुताद् भावम्, ततो भेदं भवति संवेदः। ततः संवित्तिः खलु केवलज्ञानं भवेत् ततः।।

अयं च द्रव्यानुयोगः **स्थानाङ्गसूत्रे** [1]"दसविधे दवियाणुओगे पन्नत्ते, तं जहा - (१) दवियाणुयोगे, (२) माउयाणुओगे, (३) एगट्ठियाणुओगे, (४) करणाणुओगे, (५) अप्पिताणप्पिते, (६) भाविताभाविते, (७) बाहिराबाहिरे, (८) सासतासासते, (९) तधणाणे, (१०) अतधणाणे" (स्था.सू.१०/७२६) इति एवं दशधा दर्शितः।

द्रव्यानुयोगव्याख्या च **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः**- "यद् जीवादेः द्रव्यत्वं विचार्यते सः द्रव्यानुयोगः। यथा द्रवति = गच्छति तान् तान् पर्यायान्, द्रूयते वा तैः तैः पर्यायैः इति द्रव्यं गुण -पर्यायवान् अर्थः। तत्र सन्ति जीवे ज्ञानादयः सहभावित्वलक्षणाः गुणाः। न हि तद्वियुक्तः जीवः कदाचन अपि सम्भवति, जीवत्वहानेः। तथा पर्यायाः अपि मानुषत्व-बाल्यादयः कालकृतावस्थालक्षणाः तत्र सन्ति एव इति। अतः भवति असौ गुण-पर्यायवत्त्वात् द्रव्यम् इत्यादिः द्रव्यानुयोगः" (स्था.सू.१०/७२६, वृ.पृ.८२८) इति एवं प्रदर्शिता इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - (१) गुरूपदेश-श्रुतोपदेशानुभवबलेन क्रियमाणं वस्तुनिरूपणं

---

વિયોગ રૂપે જણાવવામાં કોઈ દોષ નથી.

## ✡ દશ પ્રકારના દ્રવ્યાનુયોગ ✡

(अयं.) આ દ્રવ્યાનુયોગ **સ્થાનાંગસૂત્ર**માં દશ પ્રકારે દેખાડેલ છે. તે આ પ્રમાણે "દશ પ્રકારે દ્રવ્યાનુયોગની પ્રરૂપણા કરવામાં આવેલ છે. તે આ પ્રમાણે સમજવી. (૧) દ્રવ્યાનુયોગ, (૨) માતૃકાનુયોગ, (૩) એકાર્થિકાનુયોગ, (૪) કરણાનુયોગ, (૫) અર્પિતાનર્પિતાનુયોગ, (૬) ભાવિતાભાવિતાનુયોગ, (૭) બાહ્ય-અબાહ્યાનુયોગ, (૮) શાશ્વત-અશાશ્વતાનુયોગ, (૯) તથાજ્ઞાનાનુયોગ, (૧૦) અતથાજ્ઞાનાનુયોગ."

## ❀ દ્રવ્યાનુયોગની વ્યાખ્યા ❀

(द्रव्या.) **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિ**જીએ દ્રવ્યાનુયોગની વ્યાખ્યા આ પ્રમાણે જણાવેલ છે કે "જીવાદિમાં દ્રવ્યત્વની જે વિચારણા કરવામાં આવે તે દ્રવ્યાનુયોગ કહેવાય છે. જેમ કે તે-તે પર્યાયોને દ્રવે = પામે તે દ્રવ્ય. અથવા તે-તે પર્યાયો દ્વારા જે પ્રાપ્ત કરાય તે દ્રવ્ય કહેવાય. મતલબ કે ગુણ -પર્યાયવાળો પદાર્થ દ્રવ્ય કહેવાય. જીવદ્રવ્યમાં જ્ઞાન વગેરે ગુણો સદા માટે સાથે જ રહેતા હોય છે. કારણ કે જ્ઞાનાદિશૂન્ય જીવ ક્યારેય પણ સંભવતો નથી. બાકી તો તેમાંથી જીવત્વનો જ ઉચ્છેદ થઈ જાય. તથા મનુષ્યત્વ-બાલત્વ વગેરે કાલકૃત અવસ્થાસ્વરૂપ પર્યાયો પણ તે જીવમાં રહે જ છે. આથી ગુણ-પર્યાયવાળો હોવાના લીધે જીવ દ્રવ્યાત્મક બને છે. આ પ્રમાણે જીવમાં દ્રવ્યત્વની જે વિચારણા કરાય તે દ્રવ્યાનુયોગ બને છે." **અભયદેવસૂરિ**જીએ દર્શાવેલ દ્રવ્યાનુયોગની વ્યાખ્યા પ્રસ્તુતમાં ખ્યાલમાં રાખવી.

## ❊ આગમનો સાર દ્રવ્યાનુયોગ ❊

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) કોઈ પણ પદાર્થનું નિરૂપણ ગુરુ-ઉપદેશ, શ્રુત-ઉપદેશ અને અનુભવના બળથી કરવામાં આવે તો તે નિરૂપણ સમ્યગ્ બને છે, અપ્રતિક્ષેપ્ય બને છે. તેથી ઉપરોક્ત ત્રણેય

---

1. दशविधः द्रव्यानुयोगः प्रज्ञप्तः, तद् यथा - (१) द्रव्यानुयोगः, (२) मातृकानुयोगः, (३) एकार्थिकाऽनुयोगः, (४) करणाऽनुयोगः, (५) अर्पिताऽनर्पितः, (६) भाविताऽभावितः, (७) बाह्याऽबाह्यः, (८) शाश्वताऽशाश्वतः, (९) तथाज्ञानम्, (१०) अतथाज्ञानम्।

सम्यग् भवति। ततश्चैतत्त्रितयसमन्वयेन आगमिकपदार्थप्रतिपादनं कर्तव्यमित्युपदिश्यतेऽत्र। (२) तक्रं पीत्वा नवनीतक्षेपकः बलिष्ठः यथा मूर्खतया गण्यते तथा सुगमम् आगममोघतोऽभ्यस्य द्रव्यानुयोगाभ्यासकातरः प्राज्ञोऽपि मूर्खतया गण्यते। (३) शीघ्रमपवर्गोपलब्धये सम्यक्त्वादिबाधकतत्त्वापोहाय च द्रव्यानुयोगाभ्यासः न केवलमेष्टव्यः, अपि तु आवश्यकोऽपि। एतत्त्रितयं चेतसिकृत्य द्रव्यानुयोगपरिशीलनकामना कर्तव्या आत्मार्थिनेत्येवमुपदिश्यतेऽत्र।

योगदृष्टिलक्षणनिजाऽऽन्तरचक्षुषा सद्गुरुगताऽसङ्गाऽलिप्त-स्वस्थ-सरल-प्रशान्त-पवित्र-तारक-तृप्त-विमल-विरक्त-चित्तवृत्तिसन्दर्शनलक्षणतः अवञ्चकयोगतः सम्यग्ज्ञान-सदाचारसमलङ्कृतस्वानुभूतिसम्पन्न-सद्गुरुमुपलभ्य तत्सान्निध्ये, नैसर्गिक-नीरवस्थले, जघन्यतः षण्मासं यावद् धार्मिकसमारम्भ-लोकसम्पर्क

---

પરિબળોનો સમન્વય કરીને જ કોઈ પણ શાસ્ત્રીય પદાર્થનું નિરૂપણ કરવાનું વલણ કેળવવાની પાવન પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૨) છાશ પીએ અને દહીં-છાશ વલોવીને કાઢેલું માખણ ફેંકી દે તેવો સશક્ત હોજરીવાળો કોઈ પણ માણસ મૂરખ ગણાય છે. તેમ સરળ આગમનો ઓઘથી = સામાન્યતઃ અભ્યાસ કરે પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ શક્તિ હોવા છતાં ન કરે તો તેવા સાધકની ગણના પણ મૂરખમાં થવા લાગે છે. (૩) મોક્ષને ઝડપથી મેળવવા અને સમ્યગ્દર્શનાદિના બાધક તત્ત્વોનું નિવારણ કરવા માટે પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ માત્ર ઈચ્છનીય નહિ પરંતુ આવશ્યક પણ છે. આવી ત્રણેય બાબતને લક્ષમાં રાખીને દ્રવ્યાનુયોગનો ઊંડો અભ્યાસ કરવાની પ્રત્યેક આત્માર્થી જીવે પ્રબળ ઝંખના રાખવી જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક આપે છે.

### ✻ સદ્ગુરુસાન્નિધ્યમાં ગ્રંથિભેદ કરીએ ✻

(योग.) ઉપર મૂળ ગ્રંથમાં ગુરુદેવના ઉપદેશથી દ્રવ્યાનુયોગના નિરૂપણની વાત જણાવી છે, તે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. સાધકજીવનમાં સદ્ગુરુનું ખૂબ મહત્ત્વ છે. પરંતુ ગુરુદેવને ચામડાની આંખે બહારથી જોવાના બદલે યોગદૃષ્ટિસ્વરૂપ પોતાની આંતર ચક્ષુથી તેમના અંતરંગ સ્વરૂપનું દર્શન કરવું. તેમની અસંગ અને અલિપ્ત, સ્વસ્થ અને સરળ, પ્રશાંત અને પવિત્ર, તારક અને તૃપ્ત, વિમલ અને વિરક્ત એવી ચિત્તવૃત્તિના જ્ઞાનચક્ષુથી દર્શન કરવા એ અવંચકયોગ છે. શાસ્ત્રજ્ઞાનના આધારે નહિ પણ આંતરિક યોગદૃષ્ટિના આધારે અવંચકયોગ પ્રગટે છે. પોતાની પાત્રતાના-શુદ્ધિના આધારે સાધક સદ્ગુરુની પાત્રતાને -તારકતાને ઓળખી શકે છે. સમ્યક્ જ્ઞાન અને સદાચાર - બન્નેથી સુશોભિત અને સ્વાનુભૂતિથી સંપન્ન એવા સદ્ગુરુને ઉપરોક્ત અવંચકયોગથી ઓળખીને-મેળવીને તેમના જ પાવન સાન્નિધ્યમાં ગ્રંથિભેદ વગેરેનો તીવ્ર પુરુષાર્થ કરવો. શક્ય હોય તો આ પુરુષાર્થ નૈસર્ગિક અને નીરવ સ્થળમાં થાય તો વધુ સારું. જઘન્યથી છ માસ સુધી અહીં બતાવ્યા મુજબ નિરંતર પ્રયાસ કરવો. આ સાધના સમય દરમ્યાન (૧) ધાર્મિક સમારંભો-આયોજનો-કાર્યક્રમો ન યોજવા. (૨) લોકસંપર્ક - લોકપરિચય ટાળવો. (૩) હળવું-મળવું-ફરવું-બિનજરૂરી વાતચીત વગેરે નિરર્થક પ્રવૃત્તિઓ છોડવી. (૪) વ્યર્થ વિચારવાયુ, કલ્પનાના તરંગો, વિકલ્પોની હારમાળા વગેરેમાં અટવાઈ ન જવું. આટલી સાવધાની આ સાધના દરમ્યાન રાખવી. તે સમયગાળા દરમ્યાન પઠન-પાઠનાદિમાં સતત વ્યસ્ત રહેવાના બદલે અંતરમાં શાસ્ત્રસંન્યાસને

-निरर्थकप्रवृत्ति-व्यर्थविचारादिपरिहारेण, अन्तः शास्त्रसन्न्यासमङ्गीकृत्य,

निजपरिपूर्णपरमात्मपदप्रकटीकरणप्रणिधानपूर्वं [१]स्वप्रकृतिप्रेक्षण-[२]निजान्तरङ्गभावपरीक्षण-[३]भेदविज्ञान-[४]निजशुद्धात्मध्यान-[५]कायोत्सर्ग-[६]निजशुद्धस्वरूपानुसन्धाना[७]ऽसङ्गसाक्षिभाव-[८]ज्ञातृ-[९]दृष्टृभावाद्यभ्यासबलेन [१]देहे[२]न्द्रिया[३]ऽन्तःकरण-[४]वचन-[५]विचार-[६]विकल्प-[७]विभावपरिणाम-[८]श्वासोच्छ्वासादिक्रिया-[९]कर्म-[१०]देहधर्मादिभ्यः

---

ધારણ કરવો. ત્યારે નવા-નવા શાસ્ત્રો વાંચવામાં અટકવાના બદલે જરૂર પડે સદ્ગુરુના વચનામૃતોનું પાન કરવું. શાસ્ત્રવ્યસની ન બનવું. કારણ કે આ અંતરંગ સાધનામાં મનને વિચારોથી, વિકલ્પોથી કે શાસ્ત્રીય માહિતીથી ભરવાનું નથી પરંતુ એ તમામથી ખાલી કરવાનું છે.

## ✡ નવ પ્રકારે અંતરંગ પુરુષાર્થ કરીએ ✡

(निज.) (૧) શાસ્ત્રસંન્યાસને સ્વીકારીને પ્રમાદને પરવશ થવાનું નથી કે ગપ્પા મારવાના નથી પણ પોતાના પરમાત્મપદને પરિપૂર્ણપણે પ્રગટ કરવાનું અંતરમાં દૃઢ પ્રણિધાન, પ્રબળ સંકલ્પ કરીને પોતાની મૂળભૂત પ્રકૃતિને સતત જોવી.

(૨) પોતાના અંતરંગ ભાવોનું વારંવાર પરીક્ષણ કરવું.

(૩) ‘શરીરાદિથી આત્મા જુદો છે’ - તેવા ભેદવિજ્ઞાનનો નિરંતર અભ્યાસ કરવો.

(૪) નિજ શુદ્ધ આત્માનું દીર્ઘ કાળ સુધી ધ્યાન કરવું.

(૫) રોજ ત્રિકાળ ઓછામાં ઓછો એક-એક કલાક કાયોત્સર્ગ સાધના કરવી. બપોરે ભોજન પછી નિદ્રાધીન થવાના બદલે ઊભા-ઊભા કાઉસગ્ગ કરવો. કાયોત્સર્ગમાં લોગસ્સ વગેરે બોલવાના બદલે પોતાના પ્રશાંત-વીતરાગ-પરમનિર્વિકાર-નિષ્કષાય ચૈતન્યસ્વભાવમાં સ્થિર થવાનો ગુરુગમથી પ્રયત્ન કરવો એ આ સાધનામાં વધુ હિતકારી છે.

(૬) ધ્યાન, કાયોત્સર્ગ સિવાયના સમયે કે જીવનનિર્વાહ માટે જરૂરી ભોજનાદિ પ્રવૃત્તિ કરવાના સમયે પોતાના અણાહારી-અસંગ-અલિપ્ત-અમૂર્ત્ત-અક્રિય-અનંતાનંદમય શુદ્ધ = કર્મમુક્ત ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન વારંવાર કરતા રહેવું. ધ્યાન-કાયોત્સર્ગાદિ સાધના કરતાં પણ બાકીના સમયમાં જે નિજ શુદ્ધસ્વરૂપનું અનુસંધાન થાય તેનું મહત્ત્વ અનેકગણું વધારે છે. તે અનુસંધાનથી ઔદયિકભાવસ્વરૂપ ઝેરમાં તે જ સમયે ક્ષાયોપશમિક ભાવનું અમૃત ભળે છે. તે ઝેરની તાકાતને તોડે છે.

(૭) ભોજન, શયન, હલન-ચલન, વસ્ત્રપરિધાન, વાત-ચીત, શ્રવણ, શૌચક્રિયા, તત્ત્વચિંતન વગેરે પ્રવૃત્તિમાં પણ કર્તૃત્વ-ભોક્તૃત્વભાવને છોડી અસંગ સાક્ષીભાવનો અભ્યાસ કરવો.

(૮) અંતરમાં શુદ્ધ ચૈતન્યના રંગે રંગાયેલ આનંદ, શાંતિ, શીતળતા, પ્રસન્નતા, સ્વસ્થતા, હળવાશ વગેરેની જે અનુભૂતિ થાય, તેનો ભોગવટો કરવામાં રોકાવાના બદલે ‘હું આત્મીય આનંદ, શાંતિ વગેરેનો કેવળ જ્ઞાતા છું’ - આવા જ્ઞાતાભાવનો દીર્ઘ અભ્યાસ કરવો.

(૯) ‘આત્મીય આનંદ આદિનો હું માત્ર દૃષ્ટા છું’ - આવા દૃષ્ટાભાવનો અભ્યાસ કરીને તે આનંદાદિમાંથી પણ નિર્લેપપણે પસાર થઈ જવું.

## ❊ દેહાદિભિન્ન સ્વરૂપે આત્માને અનુભવીએ ❊

(देहे.) ઉપરોક્ત નવ પ્રકારની સાધનાનો અભ્યાસ જેમ જેમ વધતો જાય તેમ તેમ તે પરિપક્વ

पृथक्तया स्वात्मानम् अनुभूय ग्रन्थिभेदोत्तरकालीनाऽपरोक्षस्वानुभूतिमय-नैश्चयिक-भावसम्यग्दर्शनस्य योग-क्षेम-शुद्धि-वृद्धिकृते अग्रेतनगुणस्थानयोग-क्षेमादिकृते चाऽनवरतमात्मार्थिना यतितव्यम्। तद्बलेन च "मोक्षस्त्वात्मव्यवस्थानं व्याधिक्षयसमं सुखम्" (वै.क.ल.८/३७६) इति **वैराग्यकल्पलता**दर्शितं सिद्धसुखं प्रत्यासन्नतरं स्यात्।।१५/१-१।।

---

બને છે, બળવાન બને છે. તેના બળથી સાધક પ્રભુ એવો અનુભવ કરે છે કે '(૧) શરીર, (૨) ઈન્દ્રિય, (૩) અંતઃકરણ, (૪) વચન, (૫) વિચાર, (૬) ઈષ્ટાનિષ્ટ વિકલ્પ, (૭) રાગાદિ વિભાવ પરિણામો, (૮) શ્વાસ-ઉચ્છ્વાસ આદિ ક્રિયા, (૯) જ્ઞાનાવરણાદિ કર્મ તથા (૧૦) રોગ, ઘડપણ, કાળાશ-ઉજળાશ-લાંબા-ટૂંકાપણું વગેરે દેહધર્મો આદિથી હું તો તદ્દન નિરાળો છું, જુદો છું, છૂટો છું' - આવો અનુભવ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્થિરતા, શુદ્ધિ, વૃદ્ધિ માટે આત્માર્થીએ અત્યંત પ્રયત્ન કરવો. અહીં જે સમકિતની વાત ચાલી રહી છે, તે ગ્રંથિભેદ પછી પ્રગટ થનાર નૈશ્ચયિક (= તાત્ત્વિક) સમ્યગ્દર્શનની વાત સમજવી. તે અપરોક્ષ સ્વાનુભૂતિમય ભાવ સમ્યગ્દર્શન છે. તથા સમકિતપ્રાપ્તિ પછી પણ આ જ દિશામાં આગળ વધીને ઉપર-ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ, સ્થિરતા, શુદ્ધિ અને વૃદ્ધિ માટે આત્માર્થી જીવે સતત અત્યંત પ્રયત્ન કરવો. ક્ષણવાર પણ પ્રમાદ ન કરવો. વર્તમાન કળિયુગમાં ઓછામાં ઓછો છ માસ સુધી આવો પુરુષાર્થ આત્મજ્ઞાનીની નિશ્રામાં દૃઢપણે કરવામાં આવે તો પ્રાયઃ ગ્રંથિભેદ થઈ જ જાય. પરંતુ રાત-દિવસ ઉપરોક્ત સાધનામાં લાગ્યા રહેવું પડે. દિવસમાં બે-ચાર કલાક સાધના અને બાકીના સમયમાં પ્રમાદ, આળસ, બહિર્મુખતા વગેરે ચાલુ રહે તો પ્રયોજનનિષ્પત્તિ ન થાય. ભવસાગરના કિનારે આવેલા સાધકને મોહના મોજા તાણીને ડૂબાડી દે છે. આવા અંતરંગ દૃઢ ઉદ્યમના બળથી **વૈરાગ્યકલ્પલતા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં સિદ્ધસુખને જણાવતા કહેલ છે કે 'આત્મામાં પૂર્ણતયા રહેવું તે મોક્ષ છે. (દીર્ઘકાલીન સર્વ) રોગનો ઉચ્છેદ થવાથી જેમ રોગીને સુખ મળે છે, તેમ કર્મરોગનો ઉચ્છેદ થવાથી આત્મસ્વાસ્થ્યસ્વરૂપ પૂર્ણ સુખ તમામ મુક્તાત્મા પાસે હોય છે.' (૧૫/૧-૧)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના હઠીલી છે, પોતાનું ધાર્યું કરવા તત્પર છે. ધારણામુક્ત ઉપાસના આજ્ઞાંકિત છે.**

- **સાધનાનું ચાલકબળ શક્તિ છે.**
  **દા.ત. બાહુબલી મુનિ**
  **ઉપાસનાનું ચાલકબળ ભક્તિ છે.**
  **દા.ત. સુલસા**

"એહ દ્રવ્યાનુયોગમાંહિ જે રંગ ધરઈ, તેહ જ પંડિત કહિઈ" - એહવો✡ અર્થ અભિયુક્ત સાખિ સમર્થઈ છઈ -

**મધ્યમ કિરિયારત હુઈ, બાલક માનઈ લિંગ;**
**ષોડશકઈ ભાખિઉં ધુરઈ♦, ઉત્તમ જ્ઞાન સુરંગ ॥૧૫/૧-૨॥ (૨૪૭)**

*षोडशक*वचनं चेदम् – "बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम्।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन।।" (षो.१/२) ॥१५/१-२॥

---

अभियुक्तसंवादेन द्रव्यानुयोगप्राधान्यं दर्शयन् प्रसङ्गतः श्रोतृत्रैविध्यमावेदयति – '**मध्यम**' इति।

**मध्यमः क्रियानिरतो भवति बालस्तु पश्यति लिङ्गमेव।**
**षोडशकादावुक्तम्, ज्ञानरसश्चोत्तमो ज्ञेयः।।१५/१-२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – क्रियानिरतः मध्यमः भवति। बालस्तु लिङ्गमेव पश्यति। ज्ञानरसः च उत्तमः ज्ञेयः (इति) षोडशकादौ उक्तम्।।१५/१-२।।

**क्रियानिरतः** = बाह्यसदाचारमात्रपरायणः **मध्यमः** = मध्यमबुद्धिः **भवति**। **बालस्तु** शास्त्राभ्यासोपहितसदसद्विवेकविकलतया धर्मरूपेण **लिङ्गमेव** रजोहरण-पिच्छिकादिकं मुख्यतया **पश्यति**। यच्च **दशाश्रुतस्कन्धचूर्णौ** "द्वाभ्यां कलितः = बालः। कार्याऽकार्यानभिज्ञो वा बालः" (द.श्रु.स्क.अ.१/ निर्युक्तिगाथा-३/चू.पृ.४) इत्येवमुक्तं तदपि अत्रानुसन्धेयम्। 'द्वाभ्यां = उत्कटराग-द्वेषाभ्याम्, विपर्यासाऽज्ञानाभ्यां वा' इत्यर्थः। **ज्ञानरसश्च** = द्रव्यानुयोगपरिज्ञानसुरक्तः पुनः **उत्तमः** = पण्डितो

---

**અવતરણિકા** :- પૂર્વાચાર્યના સંવાદ દ્વારા દ્રવ્યાનુયોગનું પ્રાધાન્ય દેખાડતા ગ્રંથકારશ્રી પ્રાસંગિક રીતે ત્રણ પ્રકારના શ્રોતાઓને જણાવે છે :-

### ❈ ત્રણ પ્રકારના શ્રોતાનો પરિચય ❈

**શ્લોકાર્થ** :- ક્રિયામાં મગ્ન મધ્યમબુદ્ધિવાળા હોય છે. બાલ જીવ તો બાહ્ય લિંગને જ જુવે છે. જ્ઞાનના રસિયા ઉત્તમ પુરુષ જાણવા. આ પ્રમાણે ષોડશક ગ્રંથના પ્રારંભમાં જણાવેલ છે.(૧૫/૧-૨)

**વ્યાખ્યાર્થ** :- માત્ર બાહ્ય સદાચારમાં જ પરાયણ હોય તે મધ્યમબુદ્ધિવાળા હોય છે. બાલ શ્રોતા તો ધર્મરૂપે રજોહરણ, મોરપીંછ કે ભગવા કપડા વગેરે બાહ્ય સાધુવેશને જ મુખ્યતયા જુવે છે. કારણ કે બાલ શ્રોતા પાસે શાસ્ત્રાભ્યાસ દ્વારા પ્રાપ્ત થનાર સાચા-ખોટાનો વિવેક હોતો નથી. **દશાશ્રુતસ્કંધચૂર્ણિ**માં બાલનું જે લક્ષણ બતાવેલ છે, તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે 'બે ચીજથી યુક્ત હોય તે બાલ કહેવાય. અથવા કાર્ય-અકાર્યની જેને સમજણ ન હોય તે બાલ કહેવાય.' અહીં બે ચીજ તરીકે ઉત્કટ રાગ-દ્વેષ લેવા. અથવા બે ચીજ = વિપર્યાસ અને અજ્ઞાન. તેનાથી યુક્ત હોય તે બાલ. આથી ધર્મને જાણવા ઈચ્છતા એવા પણ બાલ જીવની દૃષ્ટિએ બાહ્ય સાધુવેશ વગેરેમાં જ ધર્મ સમાઈ જાય છે. પરંતુ જે શ્રોતા દ્રવ્યાનુયોગના પરિજ્ઞાનમાં અત્યંત આસક્ત છે, તે શ્રોતા ઉત્તમ =

---

✡ પુસ્તકોમાં 'એહવું અભિ...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ લી.(૧+૩) + કો.(૫+૬)માં 'ધરઈ' પાઠ.

**ज्ञेयः** इति **उक्तं** श्री**हरिभद्रसूरि**भिः **षोडशकादौ** = षोडशकप्रकरणस्य प्रारम्भ एव।

तदुक्तं **षोडशके** "बालः पश्यति लिङ्गम्, मध्यमबुद्धिर्विचारयति वृत्तम्। आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन।।" (षो.१/२) इति। तत्र **यशोविजयवाचकेन्द्र**कृता **योगदीपिका**व्याख्या तु एवम् "बालः = विवेकविकलो धर्मेच्छुरपि लिङ्गं = बाह्यवेशं पश्यति प्राधान्येन। मध्यमबुद्धिः = मध्यमविवेकसम्पन्नो वृत्तम् = आचारं विचारयति = 'यदि अयमाचारवान् स्यात् तदा वन्द्यः स्यादि'ति वितर्कारूढं करोति। बुधः = विशिष्टविवेकसम्पन्नः तु सर्वयत्नेन = सर्वादरेण, आगमतत्त्वं = सिद्धान्तपरमार्थं परीक्षते = पुरस्कृत्याऽऽद्रियते। बालादीनां बाह्यदृष्ट्यादौ च स्वरूपभेद एव हेतुः" (षो.१/२, यो.दी.वृत्ति) इति। अधिकं तु तद्वृत्तौ **कल्याणकन्दल्याम्** अवोचाम इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – बाल-मध्यम-पण्डितमध्ये बालः बाह्यवेशमात्रं धर्मतया पश्यति,

પંડિત તરીકે જાણવા. આ પ્રમાણે શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે **ષોડશક** પ્રકરણના પ્રારંભમાં જ જણાવેલ છે.

## ❁ બાલ જીવની ઓળખ ❁

(तदुक्तं.) **ષોડશક** પ્રકરણમાં શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે જણાવેલ છે કે 'બાલ જીવ લિંગને જુવે છે. મધ્યમબુદ્ધિવાળો જીવ આચારને વિચારે છે. બુધ = પંડિત જીવ તો સર્વત્ર પ્રયત્ન વડે આગમ તત્ત્વને વિચારે છે.' **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે ષોડશક પ્રકરણ ઉપર **યોગદીપિકા** નામની વ્યાખ્યા રચેલી છે. તેમાં તેઓશ્રીએ પ્રસ્તુત શ્લોકનું વિવરણ કરતા જણાવેલ છે કે 'જેની પાસે સાર-અસાર, ગૌણ -પ્રધાન, ઉત્સર્ગ-અપવાદ આદિને સમજવાની વિવેકદૃષ્ટિ નથી તે બાલ જીવ કહેવાય છે. તેને ધર્મની ઈચ્છા હોવા છતાં પણ પ્રધાનતયા બાહ્ય વેશ (રજોહરણ, મોરપીંછ, ત્રિશૂલ, જટા, ભગવા વસ્ત્ર, ચીપિયો, કમંડલ વગેરે)ને જ ધર્મસ્વરૂપે જુવે છે. (તેથી જ ધર્મરૂપે જણાયેલ બાહ્ય વેશ જેની પાસે હોય તે બધામાં સમાન રીતે વંદનીયતાનું ભાન બાલ જીવ કરે છે અને તે બધાની સમાન રૂપે ભક્તિ વગેરે ધર્માર્થી બાલ જીવ કરે છે.) જેની પાસે સાર-અસાર, હેય-ઉપાદેયને સમજવાની મધ્યમકક્ષાવાળી વિવેકદૃષ્ટિ છે પરંતુ ઉત્સર્ગ-અપવાદને વિશે નિર્ણય કરવાની શક્તિ વિકાસ પામી હોતી નથી તે મધ્યમબુદ્ધિ કહેવાય છે. તે (માત્ર બાહ્ય લિંગને = વેશને જ પ્રધાનતયા ધર્મ રૂપે જોતો નથી. પરંતુ) સામેની વ્યક્તિના આચારને વિચારે છે. મતલબ કે લિંગ હોવા ઉપરાંત જો તે આચારસંપન્ન હોય તો તે વંદનીય બને. આવી રીતે તે સદાચારને વિતર્ક = વિચાર રૂપી કસોટીપથ્થર ઉપર ચઢાવે છે. તથા પંડિત જીવ તેને કહેવાય કે જે વિશિષ્ટ વિવેકદૃષ્ટિથી યુક્ત હોય. તે તો સંપૂર્ણ આદરથી (સામેની વ્યક્તિ પાસે બાહ્ય વેશ હોય અને સદાચાર હોય તો પણ તેના) સિદ્ધાંતના પરમાર્થને = તાત્પર્યાર્થને આગળ કરીને = પ્રધાન કરીને ધર્મતત્ત્વને આદરે છે. બાલ વગેરે જીવોની બાહ્ય દૃષ્ટિ વગેરેમાં તેઓના સ્વરૂપની ભિન્નતા જ કારણભૂત છે. અર્થાત્ બાલાદિ જીવોનું સ્વરૂપ જ એવું છે કે તેઓની રુચિ તથાપ્રકારની છે. આ રીતે સ્વરૂપભેદ જ તેમાં કારણ છે.' આ વિશે વિસ્તારથી જાણવાની રુચિવાળા જીવોએ અમારી **કલ્યાણકંદલી** નામની ટીકા જોવી. તેમાં અમે વિસ્તારથી પ્રસ્તુત વિગત જણાવેલ છે. આ બાબતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## ❁ વિશુદ્ધ પરિણતિ એ તાત્ત્વિક ધર્મ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- ત્રણ પ્રકારના જીવોમાંથી બાલ જીવ માત્ર વેશથી જ સામેનામાં ધર્મને

आचारगोचरोहापोहसामर्थ्यविरहात्। तद्दृष्टिः मुग्धा विवेकशून्या च। अत एव तदीयधर्मक्रियाऽपि प्रायोऽतिचारादिबहुला वर्तते। मध्यमबुद्धिस्तु वेशानुरूपाऽऽचरणदर्शने वन्दनीयतयाऽभ्युपैति। परं वेशाननुरूपाऽऽचरणावन्तं वन्दनीयतया नाऽङ्गीकरोति। आचारनैयत्यसौक्ष्म्ये च धर्मलिङ्गतया स मन्यते। पण्डितस्तु प्रविवेकदृष्टिसम्पन्नतया सिद्धान्तैदम्पर्यार्थप्रेक्षितया च वेशमात्रेण आचारमात्रेण वा परं वन्दनीयतया नोररीकुरुते। परकीयधर्मशास्त्ररहस्यार्थावबोधाय प्रयत्य तादृशरहस्यार्थोपलब्धौ एव परं धर्मितयाऽसौ मन्यते। विशुद्धात्मपरिणतिरेव धर्मः तद्वानेव च धर्मी, धर्मस्य आत्मपरिणतिनिष्ठत्वात्। न हि तात्त्विकः धर्मः बाह्यक्रियानिष्ठः। आत्मपरिणतिगतभावधर्मान्वेषणमेव तत्परीक्षा।

इत्थं नानाविधरुच्या जीवानां धर्मसृष्टौ धर्मदृष्टौ च वैविध्यमापद्यते। झटिति पण्डितभूमिकोपलब्धिकृतेऽत्र आध्यात्मिकी प्रेरणा लभ्या। ततश्च [1]"जम्माऽभावे न जरा, न य मरणं न य भयं न संसारो। एएसिमऽभावाओ, कहं[2] न मोक्खे परं सोक्खं ?।।" (श्रा.प्र.३९७, सं.र.शा.९७१९) इति **श्रावकप्रज्ञप्तौ संवेगरङ्गशालायां** चोक्तं सिद्धसुखं प्रत्यासन्नतरं भवेत्।।१५/१-२।।

---

જુવે છે. કેમ કે આચારસંબંધી ઊહાપોહ કરવાનું તેનું ગજું નથી. તેની દૃષ્ટિ મુગ્ધ, અવિકસિત અને વિવેક વગરની છે. માટે તેની ધર્મક્રિયા પણ લોચા-લાપસીવાળી જ પ્રાયઃ હોય. મધ્યમબુદ્ધિવાળો જીવ સામેની વ્યક્તિમાં વેશને અનુરૂપ આચરણ હોય તો તેને વંદનીયરૂપે સ્વીકારી લે છે. 'मुख में राम, बगल में छुरी' આવી નીતિવાળા જીવોને તે વંદનીય રૂપે માનતો નથી. આચારમાં ચોકસાઈ અને સૂક્ષ્મતા એ તેનું ધર્મને માપવાનું થર્મોમીટર બને છે. જ્યારે પંડિત જીવની પાસે અત્યંત વિકસિત વિવેકદૃષ્ટિ હોવાથી, તથા તે સિદ્ધાંતના ઐદંપર્યાર્થ સુધી વિચારી શકતો હોવાથી માત્ર વેશ દ્વારા કે આચાર દ્વારા સામેનાને ધર્મી માનવાની ભૂલ કરતો નથી. પરંતુ સામેની વ્યક્તિમાં રહેલા ધર્મશાસ્ત્રોના રહસ્યોને સમજવા તે કમર કસે છે અને તે રહસ્યો સામેનામાં જણાય તો જ તેને ધર્મી રૂપે સ્વીકારશે. જીવની વિશુદ્ધ ધર્મપરિણતિ તે જ ધર્મ છે અને તેના સ્વામી બનેલા જીવો જ ધર્મી છે. કેમ કે ખરો ધર્મ બાહ્યક્રિયામાં સમાયેલો નથી પણ આત્મપરિણતિમાં રહેલો છે. તેને શોધી કાઢે તે જ પંડિતની ધર્મપરીક્ષા છે.

### ❋ મોક્ષસુખ શ્રેષ્ઠ ❋

(इत्थं.) આમ વિવિધ જીવોની રુચિ અલગ અલગ હોવાથી તેઓની ધર્મસૃષ્ટિમાં અને ધર્મદૃષ્ટિમાં ભેદભાવ સર્જાય છે. આપણે પંડિત કક્ષાએ ઝડપથી પહોંચીએ તેવી આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. તે પંડિતકક્ષાએ પહોંચવાથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં તથા **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષમાં દેહધારણપ્રારંભસ્વરૂપ જન્મ હોતો નથી. તેથી ઘડપણ અને મોત પણ નથી હોતું. ત્યાં ભય પણ નથી તથા સંસાર નથી. આ બધાનો અભાવ હોવાથી મોક્ષમાં શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ?' અર્થાત્ જન્માદિના અભાવથી મોક્ષમાં સર્વોત્તમ સુખ છે. (૧૫/૧-૨)

---

1. जन्माभावे न जरा, न च मरणम्, न च भयम्, न संसारः। एतेषामभावात् कथं न मोक्षे परं सौख्यम् ?।।

2. "कहं न सोक्खं परं तेसिं" - इति पाठान्तरः **श्रावकप्रज्ञप्तौ** क्वचित्।।

**નાણરહિત જે શુભ ક્રિયા, ક્રિયારહિત શુભ નાણ;**
**યોગદૃષ્ટિસમુચ્ચય કહિઉં, અંતર ખજુઆ ભાણ ॥૧૫/૧-૩॥ (૨૪૮)**

▸**જ્ઞાનરહિત જે શુભ ક્રિયા** કરઈ અનઈં **ક્રિયારહિત** *= ક્રિયાઈં હીણા છે* **શુભ** *જે ઉત્તમ પ્રધાન* **જ્ઞાન યોગદૃષ્ટિસમુચ્ચય** માંહિ ગ્રન્થઈ વિષઈં **કહિઉં** છઇ, જે **આંતરઉં** ⁸કેતલઉં ? જેતલઉ **ખજુઆ** અનઈં **ભાણ** કહિઈં સૂર્ય.◂ ★ખજુઆ સમાન ક્રિયા જાણવી.★ ॥**૧૫/૧-૩**॥

---

क्रियातो ज्ञानस्याऽभ्यर्हितत्वमावेदयति – '**ज्ञाने**'ति।

**ज्ञानशून्या सत्क्रिया क्रियारहितं च यत् शुभविज्ञानम्।**
**योगदृष्टिसमुच्चये तद्भेदः खद्योतार्कवत्।।१५/१-३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ज्ञानशून्या हि क्रिया, क्रियारहितं च यत् शुभविज्ञानम्, तद्भेदः खद्योतार्कवत् (उक्तः) ।।१५/१-३।।

एकतो **ज्ञानशून्या** = **अष्टक**प्रकरणोक्ताऽऽत्मपरिणतिमज्ज्ञान-तत्त्वसंवेदनज्ञान-**षोडशक**प्रकरणोक्त-स्पर्शज्ञान-**योगदृष्टिसमुच्चयो**क्ताऽसम्मोहज्ञान-प्रातिभज्ञान-प्रस्तुतप्रकरणोक्तद्रव्यानुयोगपरिज्ञान-**योगशतक**प्रकरणोक्तभावनाज्ञानाद्यन्यतमरहिता **सत्क्रिया** = शास्त्रोक्ताऽऽचरणा स्थाप्या। अन्यतः **च क्रियारहितं** = विहितनिरतिचाराऽविकलसदनुष्ठानविकलं **यत् शुभविज्ञानम्** = आत्मपरिणतिमदाद्यन्यतमज्ञानं स्थाप्यम्। **तद्भेदः** = तयोः अन्तरम् **खद्योतार्कवद्** = कीटमणि-दिनमणिवद्

---

**અવતરણિકા** :- ક્રિયા કરતાં જ્ઞાન વધુ મહત્ત્વપૂર્ણ છે. આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ✥ જ્ઞાન સૂર્ય છે ✥

**શ્લોકાર્થ** :- જ્ઞાનશૂન્ય એવી જે શુભ ક્રિયા અને ક્રિયાશૂન્ય જે શુભજ્ઞાન આ બન્ને વચ્ચેનું અંતર આગિયા અને સૂર્ય જેટલું છે. આ પ્રમાણે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં જણાવેલ છે. **(૧૫/૧-૩)**

**ટીકાર્થ** :- સમ્યગ્ જ્ઞાન અનેક પ્રકારના છે. જેમ કે **અષ્ટક પ્રકરણ**માં 'આત્મપરિણતિવાળું જ્ઞાન અને તત્ત્વસંવેદન જ્ઞાન - આમ બે પ્રકારના જ્ઞાન આદરણીય છે' - (૯/૧) આ વાત જણાવેલ છે. તે જ રીતે **ષોડશક** (૧૨/૧૫) પ્રકરણમાં સ્પર્શજ્ઞાનની પણ વાત કરવામાં આવી છે. **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રન્થમાં (શ્લોક ૧૨૧) અસંમોહ જ્ઞાનની અને પ્રાતિભજ્ઞાનની (શ્લોક-૯) વાત કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં દ્રવ્યાનુયોગના પરિજ્ઞાનની વાત કરવામાં આવી છે. **યોગશતક** પ્રકરણમાં (ગાથા-૫૨) ભાવનાજ્ઞાનની વાત કરવામાં આવી છે. આવા અનેક પ્રકારના જ્ઞાનમાંથી એક પણ જ્ઞાન જેનામાં ન હોય તેવા માણસની શાસ્ત્રોક્ત આચરણા એક બાજુ મૂકવામાં આવે અને બીજી બાજુ શાસ્ત્રવિહિત નિરતિચાર સંપૂર્ણ = અખંડ એવા સદનુષ્ઠાન વગરનું ઉપરોક્ત આત્મપરિણતિવાળું જ્ઞાન વગેરેમાંથી કોઈ એક શુભ જ્ઞાન મૂકવામાં આવે તો આ બન્ને વચ્ચેનો તફાવત આગિયા અને સૂર્ય વચ્ચેના તફાવત જેટલો

---

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ કો.(૯)+સિ.માં નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લા.(૨)માં છે.
⁸ ફક્ત (૨)માં 'કેતલઉં ?' પાઠ. ★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લી.(૩)માં છે.

**योगदृष्टिसमुच्चये श्रीहरिभद्रसूरिभिः** उक्तः इति शेषः। अतोऽपि ज्ञानस्य क्रियातो बलाधिकत्वमविगानेन सिध्यति। यथोक्तं **श्रीजिनहर्षगणिभिः सम्यक्त्वकौमुद्यां** "क्रियाशून्यश्च यो भावो भावशून्याश्च याः क्रियाः। अनयोरन्तरं दृष्टं भानु-खद्योतयोरिव।।" (स.कौ.५/९९ - पृ.१५६) इति। तदुक्तं **यशोविजयवाचकेन्द्रैः** अपि **ज्ञानसारे** "क्रियाशून्यं च यज्ज्ञानम्, ज्ञानशून्या च या क्रिया। अनयोरन्तरं ज्ञेयम्, भानु-खद्योतयोरिव।।" (ज्ञा.सा.उपसंहार-११) इति।

**आवश्यकनिर्युक्तिव्याख्यायां श्रीहरिभद्रसूरिभिः** "समाधानं समाधिः" (आ.नि. चतुर्विंशति - ६/पृ.४०९) इत्युक्तः, **अनेकार्थनिघण्टौ** च **धनञ्जयेन** "चेतसश्च समाधानं समाधिरिति गीयते" (अ.नि.१२४) इति व्यावर्णितः समाधिः अपि ज्ञानेनैव सुलभः। ततोऽपि ज्ञानप्राधान्यमत्र सिध्यति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सम्यग्ज्ञान-प्रशस्तक्रियोभयसमन्वयस्तूत्तम एव। किन्तु तदेकतरलाभसम्भवे आत्मार्थिना सूर्यसमं सज्ज्ञानं लब्धुम् उद्यमः कार्यः। सम्यग्ज्ञानशून्यखद्योतोपमप्रशस्तक्रियाकरणमात्रेण मानवभवसाफल्याऽऽस्वादगोचरः मिथ्यासन्तोषः नैव कार्य आत्मार्थिना। सम्यग्ज्ञानोपलब्धये चाऽहर्निशम् उपयोगो रागादिभ्यः पृथक् कार्यः। अनादिकालाद् अस्मदुपयोगपरिणतिः रागादिविभावपरिणामतादात्म्यमापन्ना इवानुभूयते मिथ्यात्ववशेन। स्वाध्याय-सत्सङ्गादिप्रसूतनिज-

---

છે. આ પ્રમાણે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે. તેનાથી પણ નિર્વિવાદરૂપે સિદ્ધ થાય છે કે ક્રિયા કરતાં જ્ઞાનનું બળ અધિક છે. **શ્રીજિનહર્ષગણિવરે સમ્યક્ત્વકૌમુદી**માં તથા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ **જ્ઞાનસાર** પ્રકરણના ઉપસંહારમાં જણાવેલ છે કે 'ક્રિયારહિત જે જ્ઞાન (=ભાવ) અને જ્ઞાનરહિત જે ક્રિયા - એ બન્નેનું અંતર સૂર્ય અને આગિયા જેટલું જાણવું.'

**❋ સમાધિ જ્ઞાનસાધ્ય ❋**

(આવ.) **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ સમાધાનને સમાધિ તરીકે ઓળખાવેલ છે. **અનેકાર્થનિઘંટુ**માં મહાકવિ **ધનંજયે** ચિત્તના સમાધાનને સમાધિ તરીકે વર્ણવેલ છે. તે સમાધિ પણ જ્ઞાનથી જ સુલભ બને છે. તેથી પણ જ્ઞાન મોક્ષમાર્ગમાં મુખ્ય સિદ્ધ થાય છે.

**❋ મિથ્યા સંતોષ છોડીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- સમ્યગ્ જ્ઞાન અને પ્રશસ્ત ક્રિયા - આ બન્ને સાથે હોય તો અત્યંત ઉત્તમ વાત છે. સોનામાં સુગંધ ભળે તે રીતે વધાવવા જેવી તે બાબત છે. પરંતુ બેમાંથી એક જ જો મળી શકે તેમ હોય તો સૂર્ય જેવું ઝળહળતું જ્ઞાન મેળવવા માટે આત્માર્થી જીવે પ્રયત્ન કરવો એ વધુ ઉચિત છે. સમ્યગ્જ્ઞાનશૂન્ય એવી આગિયા જેવી પ્રશસ્ત ક્રિયા કરવા માત્રથી 'માનવજીવનની સફળતાનો આસ્વાદ માણી લીધો' - આ પ્રમાણે મિથ્યા સંતોષમાં આત્માર્થી જીવે અટવાઈ જવું ન જોઈએ. સમ્યગ્જ્ઞાનને મેળવવા માટે રાત-દિવસ આપણા ઉપયોગને રાગ વગેરેથી છૂટો કરવો. અનાદિ કાળથી આપણી ઉપયોગપરિણતિ જાણે કે રાગાદિ વિભાવપરિણામોની સાથે એકરૂપ બની ગઈ હોય, તાદાત્મ્યને પામી હોય તેવું અનુભવાય છે. મિથ્યાત્વવશ આપણી આવી ઘોર વિડંબના થઈ રહી છે. તેમાંથી છૂટવા

वीतरागचैतन्यस्वभावमाहात्म्यबलेन निजोपयोगं स्वसन्मुखं कृत्वा उपयोगे कामरागादिमयतानुभवः समूलं समुच्छेदनीयः। तदर्थम् "इत्थिओ जे ण सेवन्ति, आदिमोक्खा हु ते जणा" (सू.कृ.१/१५/९) इति **सूत्रकृताङ्गो**क्तिः, "चर्माऽऽच्छादितमांसास्थि-विण्मूत्रपिठरीष्वपि। वनितासु प्रियत्वं यत् तन्ममत्वविजृम्भितम्।।" (अ.सा.८/१७) इति **अध्यात्मसार**कारिका च विभावनीया।

तथापि अनादिकालीनबहिर्मुखतासंस्कार-प्रमाद-स्वसन्मुखताप्रणिधानमन्दतादिवशतः निजोपयोगस्य बहिर्मुखत्वे सखेदं सावधानं निजोपयोगोऽन्तर्मुखः कार्यः। पौनःपुन्येन एतादृशान्तरङ्गोद्यमाभ्यासवशेन निजोपयोगपरिणतौ रागाद्यध्यासो मन्दो भवति, पृथग् भवति, अपुनर्भावेन चोच्छिद्यते। इत्थञ्च "आत्मनोऽनन्तसद्बोध-दर्शनाऽऽनन्द-वीर्यिणः। अमूर्त्तस्याऽत्रिरूपस्य स्वरूपस्थितिलक्षणः।।" (उ.भ.प्र.प्रस्ताव-८/भाग-३/श्लो.८९०/पृ.२९५) इत्येवम् **उपमितिभवप्रपञ्चायां कथायां** व्यावर्णितो मोक्षः प्रत्यासन्नतरः स्यात्।।१५/१-३।।

---

માટે સૌપ્રથમ આપણા વીતરાગ સ્વભાવનો, ચૈતન્ય સ્વભાવનો મહિમા અંદરમાં ઉભો કરવો જોઈએ. તે માટે આત્મલક્ષે શાસ્ત્રાભ્યાસ = સ્વાધ્યાય કરવો જોઈએ. આત્માનુભવીના પડખાં સેવવા જોઈએ. આવા સ્વાધ્યાય, સત્સંગ વગેરેના માધ્યમે પોતાના વીતરાગ ચૈતન્યસ્વભાવનું અપૂર્વ માહાત્મ્ય પ્રગટે છે. તેના બળથી પોતાના ઉપયોગને સ્વસન્મુખ વાળવો. આ રીતે આપણા ઉપયોગમાં કામરાગ, સ્નેહરાગાદિની સાથે અનાદિ કાળથી મિથ્યાત્વવશ એકરૂપતાની જે પ્રતીતિ થાય છે, તેને મૂળમાંથી જ સમ્યક્ રીતે ઉખેડવી. તે માટે શાસ્ત્રવચનોની પણ વિભાવના કરવી. જેમ કે **સૂત્રકૃતાંગ** આગમમાં જણાવેલ છે કે 'જે માણસો સ્ત્રીઓનો ભોગવટો નથી કરતા, તે માણસો સૌપ્રથમ મોક્ષમાં જનારા છે.' **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'સ્ત્રી એટલે ચામડાથી ઢાંકેલી અને માંસ-હાડકા-મળ-મૂત્રથી ભરેલી એવી કોઠી. આવી (સ્ત્રીઓમાં મોહાવા જેવું કશું નથી. તેમ છતાં) સ્ત્રીઓમાં જે સારાપણાની બુદ્ધિ થાય છે, તે મમતાનો-વાસનાનો વિલાસ છે.'

## ❀ બહિર્મુખતાની સખેદ નોંધ લઈએ ❀

**(તથા.)** આવા શાસ્ત્રવચનોની ઊંડાણથી વિભાવના કરવા છતાં પણ (૧) અનાદિકાલીન બહિર્મુખતાના સંસ્કારના લીધે, (૨) પ્રમાદવશ કે (૩) સ્વસન્મુખ રહેવાના પોતાના પ્રણિધાનની મંદતા વગેરેના કારણે આપણો ઉપયોગ બહારમાં સ્ત્રી વગેરે નબળા નિમિત્તોમાં ખેંચાય તો તેનો અંતરમાં ખેદ ઊભો કરવો, તેવી બહિર્મુખતાની અંદરમાં નોંધ (= અવધાન) લેવી. તથા આપણા ઉપયોગને પાછો આપણા તરફ ખેંચીને અંતર્મુખ કરવો. વારંવાર આવો અંતરંગ પુરુષાર્થનો અભ્યાસ કરવાના પ્રભાવે પોતાની ઉપયોગપરિણતિમાં રાગાદિની સાથે તાદાત્મ્યનો અધ્યાસ મંદ થાય છે, છૂટો થાય છે. તથા ફરી ક્યારેય પણ ન આવે તે રીતે રાગાધ્યાસનો ઉચ્છેદ થાય છે. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **ઉપમિતિભવપ્રપંચા કથા**માં વર્ણવેલ મોક્ષ ખૂબ જ નજીક આવે. ત્યાં મોક્ષને વર્ણવતા **સિદ્ધર્ષિગણી**એ જણાવેલ છે કે 'અનન્ત સમ્યગ્ જ્ઞાન-દર્શન-સુખ-શક્તિથી યુક્ત, અમૂર્ત તથા સત્ત્વ-રજસ્-તમોગુણથી રહિત એવો આત્મા પોતાના સ્વરૂપમાં રહે તે જ મોક્ષનું લક્ષણ છે.' (૧૫/૧-૩)

**ખજુઆ સમી ક્રિયા કહી, નાણ ભાણ સમ હોઈ♦;**
**☆કલિયુગ એહ પટંતરો♦, વિરલા ☒જાણઈ કોઈ ॥૧૫/૧-૪॥ (૨૪૯)**

*ખજુઆ (**સમી**=) સરિખી ભાવશૂન્યા દ્રવ્યક્રિયા કહી છઈ. જ્ઞાન તે (**ભાણસમ**=) સૂર્યસમાન (હોઈ એમ) જાણવું.*

**तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया। अनयोरन्तरं ज्ञेयं भानु-खद्योतयोरिव।। (यो.दृ.स.२२३) इत्यादि *योगदृष्टिसमुच्चये* ▸*श्रीहरिभद्रसूरि*वाक्यम्।** ખજુઆસમાન ક્રિયા છેં. સૂર્યસમાન જ્ઞાન છે. પણિ◂

तदेवाह – '**खद्योते**'ति।

**खद्योततुल्या क्रिया विज्ञानं भानुतुल्यमवसेयम्।**
**कलियुगे त्विमं भेदं विरलः कश्चिदेव जानाति।।१५/१-४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – क्रिया खद्योततुल्या, विज्ञानं (च) भानुतुल्यम् अवसेयम्। कलियुगे तु इमं भेदं कश्चिद् विरलः एव जानाति।।१५/१-४।।

**खद्योततुल्या** = निमेषद्युत्समा **क्रिया** = शास्त्रविहिता द्रव्यक्रिया, **विज्ञानं** = द्रव्यानुयोगादिविज्ञानं तु **भानुतुल्यं** = दिनकरसदृशम् **अवसेयम्**। तदुक्तं श्री**हरिभद्रसूरि**भिः **योगदृष्टिसमुच्चये** "तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया। अनयोरन्तरं ज्ञेयम्, भानु-खद्योतयोरिव।। खद्योतकस्य यत्तेजः, तदल्पं च विनाशि च। विपरीतमिदं भानोरिति भाव्यमिदं बुधैः।।" (यो.दृ.स.२२३, २२४) इति। **तद्वृत्तिस्त्वेवम्**

**અવતરણિકા** :- ત્રીજા શ્લોકમાં **યોગદષ્ટિસમુચ્ચય** નામના ગ્રંથનો જે હવાલો ગ્રંથકારશ્રીએ દર્શાવેલ છે તેને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં સ્પષ્ટ રૂપે દર્શાવે છે :-

**શ્લોકાર્થ** :- ક્રિયા આગિયા જેવી છે અને સમ્યગ્જ્ઞાન સૂર્ય સમાન છે - આ પ્રમાણે જાણવું. કલિયુગમાં તો જ્ઞાન અને ક્રિયા વચ્ચેના આ ભેદને કોઈક વિરલા જ જાણે છે. **(૧૫/૧-૪)**

### ❀ ક્રિયાને તાત્ત્વિક પક્ષપાતથી વણી લઈએ ❀

**વ્યાખ્યાર્થ** :- શાસ્ત્રવિહિત ક્રિયા ક્ષણમાત્ર પ્રકાશ દેનાર આગિયા સમાન છે. તે દ્રવ્યક્રિયા છે. જ્યારે દ્રવ્યાનુયોગ વગેરેનું વિશિષ્ટ જ્ઞાન તો દિવસને કરનારા સૂર્યસમાન છે - આવું જાણવું. શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે **યોગદષ્ટિસમુચ્ચય**માં જણાવેલ છે કે 'તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય એવી જે ક્રિયા - આ બન્ને વચ્ચેનું અંતર સૂર્ય અને આગિયા વચ્ચેના અંતર જેટલું છે. આગિયાનું જે તેજ છે તે અત્યંત અલ્પ છે અને વિનશ્વર છે. જ્યારે સૂર્યનું તેજ તેનાથી વિપરીત છે' - આ પ્રમાણે પંડિતોએ વિચારણા કરવી. શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે જ ઉપરોક્ત બન્ને શ્લોકની **વ્યાખ્યામાં** જણાવેલ છે કે 'એક બાજુ તાત્ત્વિક = પારમાર્થિક એવો મોક્ષમાર્ગનો પક્ષપાત હોય અને બીજી બાજુ ભાવશૂન્ય = તાત્ત્વિકપક્ષપાતશૂન્ય

♦ મ.માં 'જોઈ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ☆ કો.(૧)માં 'કાહલિયુગ' પાઠ. ♦ કો.(૬+૧૦)+લા.(૨)માં 'પટંતરુ' પાઠ. ☒ પુસ્તકોમાં 'બૂઝઈ' પાઠ. B(૨)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લા.(૨)માં છે. ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

▸**કલિયુગ** દુસ્સમાયૈ **એહવો** *️**પટંતર** હોઈ, તેહનિ **વિરલા કોઈક** મનુષ્ય **જાણે**, બુદ્ધિવંત પ્રાણી જ જાણઈ. એ કલિનો આરાનો કારણ છઈ. **निर्बुद्धिर्नैव जानाति इति परमार्थः**◂ ॥૧૫/૧-૪॥

"तात्त्विकः पक्षपातश्च पारमार्थिक इत्यर्थः भावशून्या च या क्रिया इति, 'अनयोरन्तरं ज्ञेयम्'। कयोरिवेत्याह – भानु-खद्योतयोरिव महदन्तरमित्यर्थः" (यो.दृ.स.२२३ वृ.)। "तथा चाह – खद्योतकस्य = सत्त्वविशेषस्य यत्तेजः प्रकाशात्मकम्, तत्किमित्याह – अल्पं च विनाशि च स्वरूपेण विपरीतमिदं भानोर्बह्वविनाशि चाऽऽदित्यस्येति इत्येवंभावम्, भाव्यमिदमधिकृतपक्षपातादेतत्क्रियादिकं बुधैः तत्त्वनीत्या" (यो.दृ.स.२२४ वृ.) इति।

**कलियुगे तु** ज्ञान-क्रिययोः **इमं भेदं** = विशेषं **कश्चिद् विरलः** प्राज्ञः **एव** जानाति, कलियुगस्यैव भूम्ना अत्राऽपराध्यमानत्वात्। निर्बुद्धिस्तु नैव जानाति इति परमार्थः।

सानुबन्ध-प्रबल-सकामनिर्जराकारणत्वादेव ज्ञानयोगः तपोरूपतामापद्यमानः मोक्षप्रसाधकतया समाम्नातः। इदमेवाऽभिप्रेत्य **शास्त्रवार्त्तासमुच्चये श्रीहरिभद्रसूरिभिः** "ज्ञानयोगस्तपः शुद्धमाशंसादोषवर्जितम्। अभ्यासातिशयादुक्तं तद्धि मुक्तेः प्रसाधकम्।।" (शा.वा.म.१/२१) इत्युक्तम्।

**यशोविजयवाचकैरपि अध्यात्मसारे** योगाधिकारे "श्रेष्ठो हि ज्ञानयोगः" (अ.सा.१५/५६) इत्यावेदितम्।

એવી જે ક્રિયા હોય, તે બન્ને વચ્ચેનું અંતર સૂર્ય અને આગિયા વચ્ચેના અંતર જેવું અત્યંત મોટું છે. તે જ વાત આગળ દર્શાવવામાં આવે છે. આગિયો એ એક પ્રકારનું જંતુ છે. તે રાત્રે ચમકતું હોય છે. તેનું જે પ્રકાશાત્મક તેજ હોય છે તે અત્યંત અલ્પ હોય છે અને સ્વરૂપથી વિનશ્વર હોય છે. જ્યારે સૂર્યનો પ્રકાશ તેનાથી વિપરીત હોય છે. સૂર્યનો બાહ્ય પ્રકાશ અત્યંત પ્રચુર પ્રમાણમાં હોય છે અને અવિનાશી હોય છે. આ રીતે શાસ્ત્રવિહિત ક્રિયા વગેરેને પંડિતોએ પારમાર્થિક પક્ષપાતથી (= સમ્યગ્ જ્ઞાનથી) તાત્ત્વિક રીતે ભાવિત કરી લેવી જોઈએ' - આ પ્રમાણે શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રન્થની **સ્વોપજ્ઞ વૃત્તિ**માં જણાવેલ છે.

**(कलि.)** કલિયુગમાં તો જ્ઞાન અને ક્રિયા વચ્ચેના પ્રસ્તુત તફાવતને કોઈક વિરલા પંડિત જ જાણે છે. કલિયુગ જ આ બાબતમાં મોટા ભાગે અપરાધપાત્ર છે. બુદ્ધિહીન માણસ તો આ તફાવતને જરાય જાણી શકતો નથી. આ પ્રમાણે આ ગાથાનો પરમાર્થ સમજવો.

### ❁ જ્ઞાનયોગ મોક્ષપ્રસાધક ❁

**(सानु.)** સાનુબંધ પ્રબળ સકામ કર્મનિર્જરાનું કારણ જ્ઞાનયોગ છે. તેથી જ તે જ્ઞાનયોગ તપસ્વરૂપ બને છે. આવો જ્ઞાનયોગ મોક્ષના પ્રકૃષ્ટ સાધનસ્વરૂપે શાસ્ત્રકારોને સંમત છે. આ જ અભિપ્રાયથી (૧) શ્રી**હરિભદ્રસૂરિજી**એ **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**માં જણાવેલ છે કે 'જ્ઞાનયોગ જ આશંસાદોષશૂન્ય શુદ્ધ તપ છે. દીર્ઘ અને દૃઢ અભ્યાસથી તે મોક્ષનું પ્રકૃષ્ટપણે સાધક કહેવાયેલ છે.'

(૨) **(यशो.) અધ્યાત્મસાર**માં યોગઅધિકારમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પણ જણાવેલ છે કે 'જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે.'

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. પાલિ+લા.(૨)માં છે. * પટંતર = ભેદ. જુઓ **મધ્યમકાલીન ગુજરાતીશબ્દકોશ** (જયંત કોઠારી સંપાદિત પૃ.૨૯૫), **નરસિંહ મેહતાની કાવ્યકૃતિઓ, વિક્રમચરિત્ર રાસ, સિંહાસનબત્રીસી** (શામળભટ્ટકૃત)

तत्रैवाऽग्रे आत्मनिश्चयाधिकारे "ज्ञानयोगस्तपः शुद्धमित्याहुर्मुनिपुङ्गवाः। तस्मान्निकाचितस्याऽपि कर्मणो युज्यते क्षयः।।" (अ.सा.१८/१६३) इत्युक्तम्।

तदुक्तं **ज्ञानसारे**ऽपि "ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः" (ज्ञा.सा.३१/१) इति स्मर्तव्यम्।

[1]"नाणेणं चिय नज्जइ करणिज्जं तह य वज्जणिज्जं च। नाणी जाणइ काउं कज्जमकज्जं च वज्जेउं।।,

[2]जस-कित्तिकरं नाणं गुणसयसंपायगं जए नाणं। आणा वि जिणाणेसा पढमं नाणं तओ चरणं।।" (पु.मा.५०३, ५०४) इति **पुष्पमाला**गाथे इह न विस्मर्तव्ये।

[3]"भवसंसारसमुद्दं णाणी णाणेण उत्तरइ" (दानोप.१०२) इति **दानोपदेशमालायां देवेन्द्रसूरि**वचनं प्रणिधातव्यम्।

अत्र ज्ञानञ्च मुख्यतया शुद्धात्मद्रव्य-गुण-पर्यायगोचरं ग्राह्यम्। इदमेवाभिप्रेत्य **अध्यात्मबिन्दौ हर्षवर्धनोपाध्यायेन** "अन्वय-व्यतिरेकाभ्यां मोक्षहेतुः स्वधीर्भवेत्। तदभावे तपस्तप्तं योगक्षेमकरं न हि।।" (अ.बि.३/२२) इत्युक्तम्।

तदुक्तं **योगशास्त्रे श्रीहेमचन्द्रसूरि**भिरपि "आत्माऽज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते। तपसाऽप्यात्म-

---

(૩) (तत्रै.) **અધ્યાત્મસાર**માં જ આત્મનિશ્ચયઅધિકારમાં કહેલ છે કે 'જ્ઞાનયોગ જ શુદ્ધ તપ છે - આ મુજબ પરમર્ષિઓ કહે છે. (ઉપવાસ આદિ કેવલ બાહ્ય તપથી નહિ પણ) તે જ્ઞાનયોગથી જ નિકાચિત એવા પણ કર્મનો ક્ષય થવો એ યુક્તિસંગત વાત છે.'

(૪) (तदु.) **જ્ઞાનસાર**માં પણ **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'જ્ઞાનયોગ એ જ શ્રેષ્ઠ તપ છે - આ પ્રમાણે મહાયોગીઓ કહે છે' - આ વાત અહીં યાદ કરવા યોગ્ય છે.

(૫) "કરવા યોગ્ય અને વર્જન કરવા યોગ્ય ક્રિયા જ્ઞાન વડે જ જણાય છે. જ્ઞાની કાર્યને કરવાનું અને અકાર્યને ત્યજવાનું જાણે છે. આ જગતમાં જ્ઞાન યશને અને કીર્ત્તિને કરે છે તથા સેંકડો ગુણોનું સંપાદન કરે છે. તેથી જ 'પહેલા જ્ઞાન, પછી ચારિત્ર' - આ પ્રમાણે તીર્થંકર ભગવંતની આજ્ઞા છે" - આ પ્રમાણે **પુષ્પમાલા**પ્રકરણની બે ગાથાઓ પ્રસ્તુતમાં ભૂલવા જેવી નથી.

(૬) 'ચારગતિમય સંસારસાગરને જ્ઞાની જ્ઞાન વડે ઝડપથી તરે છે' - આ મુજબ **દાનોપદેશમાલા**માં શ્રી**દેવેન્દ્રસૂરિ**જીના વચનનું દૃઢ પ્રણિધાન કરવું.

## આત્મજ્ઞાન એ જ મુખ્ય મોક્ષહેતુ

(अत्र.) પ્રસ્તુતમાં જ્ઞાન મુખ્યરૂપે શુદ્ધ આત્મદ્રવ્ય, તેના શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો અંગે જ સમજવું. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મબિંદુ**માં **હર્ષવર્ધન** ઉપાધ્યાયે જણાવેલ છે કે 'અન્વય-વ્યતિરેક દ્વારા આત્મજ્ઞાન મોક્ષનો હેતુ બને. આત્મજ્ઞાન વિના કરવામાં આવેલા તપ યોગ-ક્ષેમને ન કરે.'

(तदु.) શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ પણ **યોગશાસ્ત્ર**માં કહેલ છે કે 'આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ દુઃખ

---

1. ज्ञानेन चैव ज्ञायते करणीयं तथा च वर्जनीयं च। ज्ञानी जानाति कर्तुं कार्यम् अकार्यं च वर्जयितुम्।।

2. यशः-कीर्त्तिकरं ज्ञानं गुणशतसम्पादकं जगति ज्ञानम्। आज्ञाऽपि जिनानाम् एषा प्रथमं ज्ञानं ततः चरणम्।।

3. भवसंसारसमुद्रं ज्ञानी ज्ञानेन उत्तरति।

विज्ञानहीनैश्छेत्तुं न शक्यते।।" (यो.शा.४/२) इति। ततश्चाऽऽत्मज्ञानयोग एव कर्मनाशकं प्रबलं तप इति फलितम्।

'न हि अन्धानां सहस्रेणाऽपि पाटच्चरेभ्यो गृहं रक्ष्यते' इति न्यायोऽपि प्रकारान्तरेण क्रियातो ज्ञानस्य बलाधिकत्वं दर्शयति इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'ज्ञान-क्रियान्तरं कश्चिद् विरलः पण्डित एव जानाति' इत्युक्त्येदं सूच्यते यदुत कलिकाले आराधकाः उपयोगतीक्ष्णता-सूक्ष्मता-स्थिरतागोचर-बौद्धिकपरिश्रमप्रयुक्तद्रव्यानुयोगपरामर्शपरायणतां परित्यज्य प्रायशः प्राचुर्येण बाह्यक्रियामात्रसन्तुष्टाः स्युः। अधःकृतचिन्तामणिं शुद्धद्रव्यदृष्टिसमुपधायकं द्रव्यानुयोगपरिज्ञानं हित्वा काकिणीतुल्यां ज्ञानशून्यक्रियां बद्धकक्षतया उपार्जयन्ति आराधकाः प्राचुर्येण इति विषमकलिकालप्रभावोऽवसेयः। कलिकालवैषम्य-वैचित्र्याभ्यां परित्राणाय निष्कपटम् आन्तर उद्यमः कर्तव्य आत्मार्थिनेत्युपदिश्यतेऽत्र।

भानुसमं ज्ञानं मुख्यवृत्त्या ग्रन्थिभेदोत्तरमेव ज्ञेयम्, न तु अभिन्नग्रन्थिकस्य द्रव्यानुयोगज्ञानम्

---

આત્મજ્ઞાનથી હણાય છે. આત્મજ્ઞાનશૂન્ય વ્યક્તિઓ તપ વડે પણ તે દુઃખનો ઉચ્છેદ કરી શકતા નથી.' આમ આત્મજ્ઞાનયોગ એ જ કર્મનાશક પ્રબળ તપ છે - તેમ સિદ્ધ થાય છે.

('न हि.) 'હજારો પણ અંધ લોકો લૂંટારુઓથી લૂંટાતા ઘરને બચાવી શકતા નથી' - આ ન્યાય પણ બીજી રીતે 'ક્રિયા કરતાં જ્ઞાનનું બળ અધિક છે' - તેમ જણાવે છે. આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❋ કલિકાલની બલિહારી ! ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'જ્ઞાન અને ક્રિયા વચ્ચેના તફાવતને કલિકાલમાં તો કોઈક વિરલા પંડિત જ જાણે છે' - આવું કહેવા દ્વારા ગ્રંથકારશ્રી એવું સૂચિત કરવા માંગે છે કે કલિકાલના આરાધક જીવો જેમાં ઉપયોગને તીક્ષ્ણ-સૂક્ષ્મ-સ્થિર બનાવવો પડે, બુદ્ધિની કસરત કરવી પડે, મગજને કસવું પડે તેવા દ્રવ્યાનુયોગવિષયક જ્ઞાન માટે તત્પરતા રાખવાના બદલે મોટા ભાગે બાહ્ય ક્રિયામાત્રમાં જ સંતોષ માનનારા વધુ પ્રમાણમાં હશે. કોહિનૂર હીરા અને ચિંતામણિ રત્ન કરતાં પણ કિંમતી તથા શુદ્ધ દ્રવ્યદૃષ્ટિને તાત્કાલિક ઉત્પન્ન કરનારા એવા દ્રવ્યાનુયોગગોચર સમ્યગ્જ્ઞાનનું ઉપાર્જન કરવાના બદલે કોડીની કિંમત ધરાવનાર જ્ઞાનશૂન્ય ક્રિયાનું ઉપાર્જન કરવામાં વધારે રુચિ ધરાવનાર આરાધક જીવોની પ્રચુરતા એ પણ આ વિષમ કલિકાલની બલિહારી જ સમજવી. કળિયુગની આ વિષમતાથી અને વિચિત્રતાથી બચવા માટે આપણે સહુએ પ્રામાણિકપણે આંતરિક ઉદ્યમ કરવો જોઈએ. આવી પાવન પ્રેરણા આ શ્લોક દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે.

### ❀ નિજસ્વભાવનો મહિમા પ્રગટાવીએ ❀

**(भानु.)** મૂળ ગ્રંથમાં જ્ઞાનને સૂર્યસમાન જણાવેલ છે, તે મુખ્યવૃત્તિથી તો ગ્રંથિભેદ થયા પછીનું જ જ્ઞાન સમજવું. ગ્રંથિભેદ થયા પૂર્વે જે દ્રવ્યાનુયોગનું જ્ઞાન થયું હોય તે અહીં સૂર્યસમાન બતાવવું અભિપ્રેત નથી. કારણ કે તેવું જ્ઞાન તો ઘણી વાર અભવ્ય-દૂરભવ્ય વગેરે પાસે પણ હોય છે. તેથી

अर्कतुल्यतया अभिप्रेतम्, बाहुल्येन अभव्य-दूरभव्यादिसाधारणत्वात्। ग्रन्थिभेदोत्तरकालीनसम्यग्ज्ञानोपलब्धये परद्रव्य-गुण-पर्यायेषु लीनो निजोपयोगः तेभ्यो व्यावर्त्य शुद्धस्वद्रव्य-गुण-पर्यायेषु संलीनः कार्यः। उपयोगं निजशुद्धद्रव्यादिषु स्थिरीकृत्य 'शुद्धचैतन्याऽखण्डपिण्डोऽहमि'ति दृढतरं श्रद्धेयम्।

श्रद्धेये शुद्धचैतन्यस्वभावे एव निजोपयोगलीनता सम्पादनीया। तदर्थं निरुपाधिक-स्वाधीनाऽक्षयाऽनन्तानन्दमयनिजशुद्धचैतन्यस्वरूपमाहात्म्यं स्वज्ञाने स्थाप्यम्। एवं पारमार्थिक-सहज-शाश्वत-शान्तिप्रादुर्भावक्रमेण सहजमलप्रक्षयेण तमोग्रन्थिभेदात् पठितं द्रव्यानुयोगादिशास्त्रं सम्यग्ज्ञानतया परिणमति। तदनुसरणतश्च [1]"अपुणरागमणं जाइ-जरा-मरण-रोग-सोगरहियं निरुवमसुहसमेयं मोक्खं" (स.क.भव.७ / भाग-२ / पृ.६५७) इति **समरादित्यकथायां श्रीहरिभद्रसूरि**वर्णितं मोक्षं तरसा उपलभते आत्मार्थी।।१५/१-४।।

ગ્રંથિભેદ પછીના કાળમાં થનાર સમ્યગ્જ્ઞાનને મેળવવા માટે પ્રયત્ન કરવો. તે માટે સૌપ્રથમ પરદ્રવ્ય-પરગુણ-પરપર્યાયમાં લીન બનેલા પોતાના ઉપયોગને તેમાંથી પાછો વાળીને પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, શુદ્ધ આત્મગુણમાં અને શુદ્ધ આત્મપર્યાયમાં જ સમ્યક્ પ્રકારે લીન કરવાનો છે. નિજ ઉપયોગને પોતાના જ નિર્મળ દ્રવ્યાદિમાં સ્થિર કરીને 'શુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ એ જ હું છું' - આવી શ્રદ્ધાને અત્યંત દૃઢ કરવાની છે.

### ❀ શાશ્વત શાંતિને પ્રગટાવીએ ❀

**(શ્ર.)** પોતાના જે શુદ્ધ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરી છે, તે જ શુદ્ધસ્વભાવમાં પોતાના ઉપયોગને લીન કરવાનો છે. ઉપયોગને તેમાં લીન કરવા માટે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો મહિમા પોતાના જ્ઞાનમાં આ મુજબ સ્થાપવો જોઈએ કે 'મારો શુદ્ધ ચૈતન્યસ્વભાવ અનંત આનંદમય છે. એ આનંદ ઉપાધિશૂન્ય છે, સ્વાધીન અને શાશ્વત છે. આવા શાશ્વત અનંત આનંદના શાશ્વત સાગરને છોડીને નશ્વર, પરાધીન, ઉપાધિવર્ધક, ઉપાધિજન્ય, જડ, પૌદ્ગલિક, ભૌતિક સુખની પાછળ મારે શા માટે ભટકવું ? મારી અંદર રહેલા અનંત આનંદના મહાસાગરને જ ઝડપથી પ્રગટ કરું.' એક નિયમ એવો છે કે જ્ઞાનમાં જેનું માહાત્મ્ય દૃઢ બને તેમાં જ જ્ઞાન એકાગ્ર થાય, લીન બને. પરતત્ત્વનો મહિમા અનંત કાળથી જ્ઞાનમાં હોવાથી ત્યાં જેમ જ્ઞાન એકાગ્ર થાય છે, તેમ આત્માના અનંત સુખમય સ્વભાવનું માહાત્મ્ય જો જ્ઞાનમાં વસી જાય તો બધાય બાહ્ય પ્રયોજનોની દરકાર કર્યા વિના જ્ઞાન આત્મસ્વભાવમાં ઠરે, લીન બને. તો જ સાચી સહજ શાશ્વત શાંતિ પ્રગટ થાય. આ ક્રમથી મોક્ષમાર્ગે આગળ વધતાં સહજમલનો ધરખમ ઘટાડો થાય. તેના લીધે અજ્ઞાનગ્રંથિનો ભેદ થાય અને નૈશ્ચયિક ભાવ સમકિત પ્રગટે. તેના પ્રભાવે પૂર્વે ભણેલા દ્રવ્યાનુયોગાદિવિષયક શાસ્ત્રો સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે. તે સમ્યગ્ જ્ઞાનને આદરપૂર્વક અનુસરવાથી **સમરાદિત્યકથા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ વર્ણવેલ મોક્ષને આત્માર્થી જીવ ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષ એવું સ્થાન છે જ્યાંથી સંસારમાં પાછા આવવું પડતું નથી. જન્મ-જરા-મરણ-રોગ-શોકથી રહિત મોક્ષ તો નિરુપમ સુખથી યુક્ત છે.' (૧૫/૧-૪)

1. अपुनरागमनं जाति-जरा-मरण-रोग-शोकरहितं निरुपमसुखसमेतं मोक्षम् (अनुगच्छन्ति)।

**ક્રિયામાત્રકૃત કર્મક્ષય◆, દદુરચુન્નસમાન;**
**ગ્યાન✡કિઓ ઉપદેશપદિ, તાસ છાર♦ સમ જાન⧖ ॥૧૫/૧-૫॥ (૨૫૦)**

(**ક્રિયામાત્રકૃત**=) *ક્રિયાઈ કરી કીધા **કર્મક્ષય** ☐જાઈ **દર્દુરચૂર્ણસમાન** - એહવઉ (ગ્યાનનઈ) **ઉપદેશપદે** કહિઓ છઈ.*

परिणामद्वारा क्रियातो ज्ञानाधिक्यमुपदर्शयति – '**क्रिये**'ति।

**क्रियामात्रकृतः कर्मनाशो दर्दुरचूर्णसमः प्रोक्तः।**
**ज्ञानकृतः कर्मनाश उपदेशपदे तु भस्मसमः।।१५/१-५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – क्रियामात्रकृतः कर्मनाशः दर्दुरचूर्णसमः, ज्ञानकृतस्तु कर्मनाशः भस्मसमः उपदेशपदे प्रोक्तः।।१५/१-५।।

**क्रियामात्रकृतः** = सुप्रणिधानादिभावशून्य-यथेच्छ-वितथ-क्रियाऽभ्यासमात्रजनितः **कर्मनाशः** = ज्ञानावरणीयादिद्रव्यकर्म-रागादिभावकर्म-क्लेश-कुगत्यादिव्ययः पुनरुत्पत्तिशक्त्यन्विततया तथाविध-सामग्रीलाभभाव्युत्पत्तिकत्वाद् जीवद्बीजतया **दर्दुरचूर्णसमः** = पुनर्भविष्यत्तथापरिणाममण्डूकाऽति-

**અવતરણિકા** :- પરિણામ = ફળ દ્વારા ક્રિયા કરતાં જ્ઞાન ચઢિયાતું છે - આ બાબતને હવે ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે :-

### ✡ કર્મનાશના બે ભેદ ✡

**શ્લોકાર્થ** :- 'માત્ર ક્રિયા દ્વારા થયેલો કર્મનો નાશ દેડકાના ચૂર્ણ સમાન છે. તથા જ્ઞાન દ્વારા થયેલો કર્મનો નાશ તો દેડકાની રાખ સમાન છે' - આ પ્રમાણે **ઉપદેશપદ**માં કહેલ છે.(૧૫/૧-૫)

**ભાવાર્થ** :- સમ્યક્ પ્રણિધાન વગેરે ભાવથી શૂન્ય એવો શાસ્ત્રોક્ત ક્રિયાનો વ્યર્થ અભ્યાસ ઘણી વાર જીવો યથેચ્છપણે કરતા હોય છે. પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે ક્રિયાનો આ પ્રમાણે ફક્ત બાહ્ય અભ્યાસ કરવા માત્રથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મનો તથા રાગાદિ ભાવકર્મનો તેમજ ક્લેશ અને કુગતિ વગેરેનો જે નાશ થાય છે તે નાશ દેડકાના ચૂર્ણ સમાન છે. જેમ ચોમાસામાં ઉત્પન્ન થયેલા દેડકાઓ વાહન વગેરેમાં કચડાઈને મરી જાય અને તેના શરીરનો અત્યંત સૂક્ષ્મ ભૂક્કો થઈ જાય તો આવી અવસ્થામાં 'દેડકાનો નાશ થયો' - એવું જરૂર કહેવાય. પરંતુ જ્યારે ફરીથી વરસાદ પડે ત્યારે દેડકાના શરીરના તે જ ભૂકામાંથી ફરીથી અનેક દેડકાઓ ઉત્પન્ન થાય છે. કારણ કે દેડકાના શરીરના સૂક્ષ્મ ચૂર્ણમાં ફરીથી દેડકાને ઉત્પન્ન કરવાની તથાવિધ શક્તિ રહેલી છે. મતલબ કે દેડકો મરી જવા છતાં પણ ફરીથી દેડકાની ઉત્પત્તિનું કારણ તો જીવતું જ છે. તે જ રીતે ભાવશૂન્ય કેવલ દ્રવ્યક્રિયાના પ્રયાસથી થતો કર્મનાશ ફરીથી દ્રવ્યકર્મ વગેરેને ઉત્પન્ન કરવાની શક્તિથી યુક્ત હોય છે. દ્રવ્યકર્મ વગેરેનું ઉપાર્જન કરવાની તેવા પ્રકારની સામગ્રી મળે તો દ્રવ્યકર્મ વગેરેનું ઉપાર્જન અવશ્ય થાય છે. દ્રવ્યકર્મ વગેરેનો

◆ પુસ્તકોમાં 'કર્મખય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ 'કિઉ' પુસ્તકોમાં પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે. ♦ મો.(૨) + લા.(૨)માં 'ખાર' પાઠ. ⧖ લી.(૧)માં 'જ્ઞાન પાઠ'. ☐ જાઈ = जायते = ઉત્પન્ન થાય છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત લી.(૧)માં છે.

सूक्ष्मक्षोदतुल्यः **उपदेशपदे श्रीहरिभद्रसूरिभिः प्रोक्तः**।

यथा मण्डूकचूर्णे चूर्णावस्थायां मण्डूकक्रियाक्षयः सन्नपि अक्षयकल्पः, प्रावृडादिनिमित्तयोगतः तदधिकभावात् तथा कायिकक्रियया एकान्तेनैव प्रणिधानाद्याशय-मुक्त्यद्वेषादिभावशून्यया तथाविधानुष्ठानसमभिव्यङ्ग्यो रागादिक्षयोऽक्षयसम एव, जन्मान्तरादिनिमित्तयोगतः तदधिकभावादिति। उक्तञ्च "क्रियामात्रतः कर्मक्षयः मण्डूकचूर्णवत्, भावनातस्तु तद्भस्मवद्" (**योगशतकवृत्तौ** समुद्धृतः – गा.८६) इति।

अपथ्यद्रव्यप्रयोगजनितक्षुदादिवेदनाक्षयोपलक्षणमेतत्।

નાશ થવા છતાં પણ દ્રવ્યકર્મ વગેરેના ઉપાર્જનનું કારણ તો જીવતું જ છે. તેથી તેવો કર્મનાશ દેડકાના ચૂર્ણ સમાન છે. આ પ્રમાણે **ઉપદેશપદ**માં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે.

### ❖ કર્મનાશ પણ કર્મવર્ધક બને ! ❖

**(यथा.)** દેડકો મરી જાય અને દેડકાનું શરીર ચૂર્ણ સ્વરૂપ બની જાય તો દેડકાના શરીરની તેવી ચૂર્ણ અવસ્થામાં કૂદકો મારવો, ડ્રાઉં ડ્રાઉં.... આવો અવાજ કરવો વગેરે ક્રિયાનો ઉચ્છેદ થઈ જાય છે. દેડકાની આવી ઉપરોક્ત ક્રિયાનો ઉચ્છેદ થવા છતાં પણ તે ઉચ્છેદ અનુચ્છેદ સમાન જ છે. કારણ કે ફરીથી વરસાદ વગેરે નિમિત્તના યોગથી અનેક દેડકાઓ ઉત્પન્ન થવાના જ છે. પૂર્વે એક દેડકો હતો. ભવિષ્યમાં અનેક દેડકાઓ ઉત્પન્ન થશે. જેમ ચૂર્ણ અવસ્થામાં દેડકાની ક્રિયાનો ઉચ્છેદ અનુચ્છેદ સમાન છે. તેમ ફક્ત કાયિક ક્રિયા દ્વારા થતો રાગાદિનો ઉચ્છેદ એ અનુચ્છેદ સમાન જ છે. જે શાસ્ત્રોક્ત ક્રિયા પ્રણિધાન વગેરે આશયથી સર્વથા શૂન્ય હોય તેમજ મુક્તિઅદ્વેષ વગેરે ભાવથી પણ તદ્દન રહિત હોય તેવી ક્રિયા અહીં ફક્ત કાયિક ક્રિયા તરીકે અભિપ્રેત છે. તપ, ત્યાગ, ઉભા ઉભા પ્રતિક્રમણ કરવું વગેરે શાસ્ત્રોક્ત ક્રિયાઓ આવા પ્રકારની કેવલ કાયિક ક્રિયા સ્વરૂપ હોય તો તેવા પ્રકારના અનુષ્ઠાનથી વ્યક્ત થતો રાગાદિનો ઉચ્છેદ એ અનુચ્છેદ સમાન જ છે. આ પ્રમાણે કહેવાનું કારણ એ છે કે તેવી ક્રિયા કર્યા બાદ ફરીથી અનેક જન્મ સુધી ભવભ્રમણ કરાવે તેવા કોઈક નિમિત્ત મળતાની સાથે જ પહેલા કરતાં પણ રાગાદિ ભાવો વધુ પ્રમાણમાં ઉછળે છે. તેથી જ અન્ય શાસ્ત્રમાં જણાવેલ છે કે 'માત્ર ક્રિયાથી થતો કર્મક્ષય દેડકાના ચૂર્ણ સમાન છે. જ્યારે ભાવનાથી થતો કર્મક્ષય તો દેડકાના શરીરની ભસ્મ સમાન છે.' (**યોગશતક** ગ્રંથની વ્યાખ્યામાં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે પ્રસ્તુત શાસ્ત્રોક્તિને સંવાદરૂપે ઉદ્ધૃત કરેલ છે.)

**સ્પષ્ટતા** :- શાસ્ત્રોક્ત ક્રિયાને તદ્દન ભાવ વિના કરવામાં આવે, તો તેનાથી માત્ર દ્રવ્યકર્મનો જ નાશ થાય છે તેવું નથી. તેનાથી રાગાદિ ભાવકર્મનો પણ નાશ તો થાય જ છે. નિરતિચાર ચારિત્ર પાળનાર અભવ્ય મુનિ તપ-ત્યાગ-કાઉસ્સગ્ગ-વિહાર-લોચ વગેરે દ્વારા પોતાના શરીર પ્રત્યેનો રાગ તથા મીઠાઈ વગેરે દ્રવ્ય પ્રત્યેનો રાગ પણ વ્યવહારથી જરૂર છોડે જ છે. પરંતુ તેટલા સમય પૂરતો થતો આ રાગાદિનો વિલય એ ભવાંતરમાં દેવલોક વગેરેની પ્રાપ્તિ થતાં અનેક નવા નવા રાગાદિનું અવશ્ય નિમિત્ત બનનાર છે. તેથી તેવો રાગાદિનો ઉચ્છેદ અનુચ્છેદ જ કહેવાય.

### ❋ અપથ્યભોજનજન્ય ક્ષુધાશમન ઈચ્છનીય નથી ❋

**(अपथ्य.)** દેડકાના ચૂર્ણનું દૃષ્ટાંત અપથ્યભોજનજન્ય ભૂખશાંતિનું ઉપલક્ષણ છે. મધુપ્રમેહ (=

**ज्ञानकृतः** = गुर्वाज्ञापारतन्त्र्यव्यङ्ग्यसम्यग्ज्ञानजनितः **कर्मनाशः** निरुक्तः **तु भस्मसमः** = पावकप्लुष्टभेकभस्मसमानः, पुनरुत्पत्तिशक्तिविरहेण निर्बीजत्वात्।

***न च*** सम्यग्ज्ञानिनोऽपि कृत्स्नकर्मक्षयविरहे देवलोकाद्युत्पादश्रवणात्, ध्रुवबन्धिकर्मप्रकृत्यादिबन्धस्याऽपि अवश्यम्भावाच्च ज्ञानकृतकर्मक्षयस्यापि मण्डूकचूर्णकल्पत्वापत्तेरिति ***वाच्यम्,***

ज्ञानस्य निरनुबन्धाशुभध्रुवबन्धिप्रकृत्युपहितपुण्यानुबन्धिपुण्यहेतुक्रियाकारकस्य आनुषङ्गिक-

---

diabetes) વગેરે રોગથી ઘેરાયેલ કોઈ વ્યક્તિને અત્યંત તીવ્ર ભૂખ લાગી હોય અને ભૂખને ભાંગવા માટે તે પેંડા વગેરે મીઠાઈનું ભોજન કરે તો તેની ભૂખની વેદના તાત્કાલિક જરૂર શાંત થાય છે. પરંતુ તે શાંતિ સ્મશાનની શાંતિ છે, બગીચાની શાંતિ નથી. તે શાંતિ વાસ્તવમાં શાંતિ નથી. કારણ કે તેનાથી તેની માંદગીની વેદના વધવાની જ છે. તેથી ફક્ત કાયિકક્રિયાજન્ય કર્મક્ષય દેડકાના ચૂર્ણ સમાન તથા અપથ્યભોજનથી થતી ભૂખની શાંતિ સમાન જ છે - આવું જાણવું.

### ● સમ્યક્ જ્ઞાનની નિશાની ●

(**ज्ञान.**) ગુરુઆજ્ઞાની પરતંત્રતા દ્વારા સાધકમાં રહેલ સમ્યક્ જ્ઞાનને ઓળખી શકાય છે. આવા સમ્યક્ જ્ઞાનથી ઉત્પન્ન થનાર દ્રવ્યકર્મ, ભાવકર્મ વગેરેનો નાશ તે દેડકાની ભસ્મ સમાન છે. મરેલા દેડકાનું શરીર અગ્નિથી બળીને રાખ થાય તો તે રાખમાંથી ફરીથી દેડકા ઉત્પન્ન થતા નથી. કારણ કે દેડકાની રાખમાં ફરીથી દેડકાને ઉત્પન્ન કરવાની શક્તિ રહેતી નથી. તે જ રીતે સમ્યગ્જ્ઞાન દ્વારા દ્રવ્યકર્મ, ભાવકર્મ, દુર્ગતિગમન વગેરેનો જે ક્ષય થાય છે, તેના નિમિત્તે નવા નવા દ્રવ્યકર્મ, ભાવકર્મ, દુર્ગતિ વગેરેની ભવિષ્યમાં ઉત્પત્તિ થવાની નથી. કારણ કે દ્રવ્યકર્મ વગેરેનો જે ક્ષય જ્ઞાનજન્ય હોય છે તેમાં ફરીથી દ્રવ્યકર્મ વગેરેને ઉત્પન્ન કરવાની શક્તિ રહેતી નથી. તેથી દ્રવ્યકર્મ વગેરેનો તે ક્ષય સબીજ નહિ પરંતુ નિર્બીજ છે.

[redacted] :- (**न च.**) જ્ઞાની પુરુષો પણ સંપૂર્ણ કર્મક્ષય ન કરે તો દેવલોક વગેરેમાં જાય છે - આવું શાસ્ત્રમાં સંભળાય જ છે. તથા તેઓ દેવલોક વગેરેમાં પૌદ્ગલિક સુખ વગેરેનો ભોગવટો પણ કરે જ છે. તેમજ જ્ઞાનાવરણ વગેરે '૪૭' ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓને પણ તે જીવ દેવલોકમાં અવશ્ય બાંધે જ છે. તેથી જ્ઞાનજન્ય કર્મક્ષય દ્રવ્યકર્મની અને ભાવકર્મની ફરીથી ઉત્પત્તિ થવામાં નિમિત્ત તો બને જ છે ને ? તેથી જ્ઞાનજન્ય કર્મક્ષય પણ દેડકાની ભસ્મ સમાન બનવાને બદલે દેડકાના ચૂર્ણ સમાન જ બની જશે.

### ❯ જ્ઞાન પૂર્ણતયા કર્મનાશક ❯

[redacted] :- (**ज्ञानस्य.**) તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે જે જ્ઞાનાવરણીયાદિ અશુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે ગાઢ મિથ્યાત્વદશામાં સાનુબંધરૂપે પ્રતિક્ષણ અવશ્ય બંધાતી હતી, તે ધ્રુવબંધી પ્રકૃતિઓ સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ પછી નિરનુબંધ રૂપે બંધાય છે. તથા નિરનુબંધ અશુભ ધ્રુવબંધી પ્રકૃતિની સાથે સમ્યક્ જ્ઞાનના પ્રભાવે પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બને તેવા પ્રકારની ક્રિયાઓ પ્રવર્તે છે. તે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી દેવલોક વગેરેમાં જે સુખનો ભોગવટો થાય છે તે અનાસક્ત ભાવે થાય છે. તથા તે દેવલોક આદિના સુખની પ્રાપ્તિ પણ સમ્યક્ જ્ઞાનનું મુખ્ય ફળ નથી. પરંતુ ગૌણ ફળ છે, આનુષંગિક ફળ છે, પ્રાસંગિક ફળ છે. તેવા પ્રાસંગિક સુખનો ભોગવટો કરાવવા દ્વારા વેદમોહનીય

सुखभोगद्वारा वेदमोहनीयाद्यपगमतो निरवशेषदुःख-दोषादिक्षयहेतुत्वात्।

स्पर्शज्ञाना‍ऽऽत्मपरिणतिमज्ज्ञान-तत्त्वसंवेदनज्ञान-भावनाज्ञानाऽऽक्षेपकज्ञानाऽसम्मोहबोध-ऋतम्भरा-प्रज्ञा-समाधिप्रज्ञा-प्रातिभज्ञान-तारकज्ञान-द्रव्यानुयोगपरिज्ञानादिना तथाकर्मबन्धयोग्यताऽत्यन्तोच्छेदाद् ऐकान्तिकाऽऽत्यन्तिकाऽऽत्मकल्याणसम्भव इति तात्पर्यम्।

***एतेन*** "मण्डूकभस्मन्यायेन वृत्तिबीजं महामुनिः। योग्यताऽपगमाद् दग्ध्वा ततः कल्याणमश्नुते।।" (यो.बि.४२३) इति **योगबिन्दु**वचनमपि ***व्याख्यातम्।***

बौद्धानामपि सम्मतमिदम्। तदभिप्रायेणोक्तं श्री**हरिभद्रसूरि**भिः **उपदेशपदे** [1]"एत्तो च्चिय अवणीया किरियामेत्तेण जे किलेसा उ। मंडुक्कचुन्नकप्पा अन्नेहि वि वन्निया नवरं।। [2]सम्मकिरियाए जे पुण ते

આદિ કર્મના ભારથી આત્માને હળવો બનાવવાનું કામ સમ્યગ્ જ્ઞાન કરે છે. આ રીતે સમ્યગ્ જ્ઞાન તમામ દુઃખ અને દોષ વગેરેનો ઉચ્છેદ કરવાનો હેતુ બને છે. તેથી સમ્યક્ જ્ઞાન દ્વારા થતો કર્મનો ક્ષય દેડકાની રાખ સમાન જ છે.

### ❋ ૧૧ પ્રકારના જ્ઞાનનો નિર્દેશ ❋

(स्पर्श.) (૧) સ્પર્શજ્ઞાન, (૨) આત્મપરિણતિવાળું જ્ઞાન, (૩) તત્ત્વસંવેદન જ્ઞાન, (૪) ભાવનાજ્ઞાન, (૫) આક્ષેપકજ્ઞાન, (૬) અસંમોહ નામનો બોધ, (૭) ઋતંભરા પ્રજ્ઞા, (૮) સમાધિ પ્રજ્ઞા, (૯) તાત્ત્વિક પ્રાતિભ જ્ઞાન, (૧૦) તારક જ્ઞાન, (૧૧) દ્રવ્યાનુયોગપરિજ્ઞાન વગેરે દ્વારા તથાવિધ કર્મબંધની યોગ્યતાનો અત્યંત ઉચ્છેદ થાય છે. તેના લીધે ઐકાંતિક અને આત્યંતિક આત્મકલ્યાણ સંભવે છે. આ પ્રમાણે જણાવવાનું અહીં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે.

### ❋ ઐકાંતિક - આત્યંતિક કલ્યાણની સમજણ ❋

**સ્પષ્ટતા** :- જેનાથી અવશ્ય આત્મકલ્યાણ થાય, આત્માનું એકાંતે કલ્યાણ જ થાય, તે આત્મકલ્યાણ ઐકાંતિક જાણવું. 'આત્યંતિક' શબ્દનો અર્થ છે - 'સંપૂર્ણ'. સંપૂર્ણ આત્મકલ્યાણને આત્યંતિક આત્મકલ્યાણ કહેવાય.

(एतेन.) **યોગબિંદુ** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે જણાવેલ છે કે 'દેડકાની રાખ થઈ જાય તે ઉદાહરણથી મહામુનિ પોતાની ચિત્તવૃત્તિ વગેરેના નિમિત્તભૂત કર્મબીજને બાળીને, કર્મબંધની યોગ્યતા ટાળીને ત્યાર બાદ કલ્યાણની પ્રાપ્તિ કરે છે.' પ્રસ્તુત યોગબિંદુ ગ્રંથની વાત પણ અમારા ઉપરોક્ત કથન દ્વારા સ્પષ્ટ થઈ જાય છે. અર્થાત્ 'ચિત્તવૃત્તિબીજને બાળીને મહામુનિ ઐકાંતિક અને આત્યંતિક આત્મકલ્યાણને પ્રાપ્ત કરે છે' - આ પ્રમાણે જણાવવાનું યોગબિંદુકાર શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજનું તાત્પર્ય છે.

### ❖ દેડકાની રાખ અને ચૂર્ણનું ઉદાહરણ ❖

(बौद्धा.) બૌદ્ધોને પણ આ વાત માન્ય છે. આ જ અભિપ્રાયથી **ઉપદેશપદ**માં પણ શ્રી**હરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "ક્રિયાજન્ય કર્મનાશ નવા કર્મબંધનું નિમિત્ત હોવાના કારણે જ 'કેવલ ક્રિયા દ્વારા જે કર્મકલેશનો નાશ થાય છે તે દેડકાના ચૂર્ણ સમાન છે' - તેવું અન્યદર્શનકારોએ = બૌદ્ધોએ

1. एतस्माद् एव अपनीताः क्रियामात्रेण ये क्लेशाः तु। मण्डूकचूर्णकल्पाः अन्यैः अपि वर्णिताः नवरम्।।

2. सम्यक्क्रियया ये पुनः ते अपुनर्भावयोगतः चैव। ज्ञेयाः अग्निदग्धतच्चूर्णतुल्यं सुवचननियोगात्।।

[2]**मंडुक्कचुन्नकप्पो किरियाजणिओ** •**वओ किलेसाणं।**

**तद्दड्ढचुन्नकप्पो नाणकओ तं च** आणाए ।। (उप.रह.७) इति *उपदेशरहस्ये* एतदर्थसंग्रहः ।।

‣*ઉપદેશપદાદિ* ગ્રન્થ જોતાં, **ज्ञानमेव प्रधानमित्यर्थः**◂ ॥१५/१-५॥

अपुणब्भावजोगओ चेव। णेयग्गिदड्ढतच्चुन्नतुल्लमो सुवयणणिओगा।।" (उ.प.१९१/१९२) इति। ततो ज्ञानमेव प्रधानमित्यर्थः।

प्रकृते [1]"कायकिरियाए दोसा खविया मंडुक्कचुण्णतुल्ला त्ति। ते चेव भावणाए नेया तच्छारसरिस त्ति।।" (यो.श.८६) इति **योगशतक**वचनम्, "क्लेशक्षयो हि मण्डूकचूर्णतुल्यः क्रियाकृतः। दग्धतच्चूर्णसदृशो ज्ञानसारकृतः पुनः।।" (ज्ञा.सा.उपसंहार.९) इति **ज्ञानसार**वचनम्, [2]"मंडुक्कचुण्णकप्पो किरियाजणिओ वओ किलेसाणं। तद्दड्ढचुण्णकप्पो णाणकओ तं च आणाए।।" (उप.रह.७) इति **उपदेशरहस्य**वचनम्, [3]"कम्ममसंखेज्जभवं खवेइ अणुसमयमेव आउत्तो। बहुभवसंचियं पि हु सज्झाएणं खणे खवइ।।" (च.वे.९१) इति **चन्द्रकवेध्यक-प्रकीर्णक**वचनं च स्मर्तव्यम्। अधिकन्त्वस्मत्कृत**नयलतातः** (**द्वात्रिंशिकावृत्ति**-१०/२६/भाग-३ पृष्ठ-७२१) विज्ञेयम्।

પણ વર્ણવેલ છે. પરંતુ સમ્યક્ ક્રિયા દ્વારા જે કર્મક્લેશનો નાશ થાય છે તે કર્મક્લેશો ફરીથી ઉત્પન્ન ન થવાના કારણે અગ્નિથી બળેલા દેડકાની રાખ સમાન છે - એમ જાણવું. સમ્યક્ તર્કના વિનિયોગથી આ વાત સમ્યગ્ જાણવી." તેથી જ્ઞાન જ પ્રધાન છે - એવું અહીં તાત્પર્ય સમજવું.

### ❀ જ્ઞાનજન્ય કર્મનાશ સ્થાયી હોય ❀

(**प्रकृते.**) 'કાયિક ક્રિયાથી જે દોષોનો નાશ થાય તે દેડકાના ચૂર્ણ સમાન છે. તે જ દોષોનો ભાવના-જ્ઞાનથી ઉચ્છેદ થાય તો તે દોષક્ષય દેડકાની રાખ સમાન જાણવો' - આ પ્રમાણે **યોગશતક** ગ્રંથનું વચન પ્રસ્તુતમાં યાદ કરવું. એ જ રીતે **જ્ઞાનસાર** ગ્રંથનું પણ એક વચન અહીં યાદ કરવા જેવું છે. તે આ પ્રમાણે છે - 'ક્રિયાથી થયેલો કર્મક્લેશનો ક્ષય દેડકાના ચૂર્ણસમાન છે. તથા જ્ઞાનસારથી (= સમ્યક્જ્ઞાનથી) થયેલો કર્મક્લેશક્ષય બળેલા દેડકાની રાખ સમાન છે.' **ઉપદેશરહસ્ય** ગ્રંથનું વચન પણ અહીં યાદ કરવા યોગ્ય છે. તેમાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'ક્રિયાથી થયેલો કર્મક્લેશનો વ્યય દેડકાના સાદા ચૂર્ણ સમાન છે. તથા જ્ઞાન દ્વારા કરેલો કર્મક્લેશનો ક્ષય બળેલા દેડકાની રાખ સમાન છે. તે સમ્યક્ જ્ઞાન ગુરુપારતંત્ર્યસ્વરૂપ જિનાજ્ઞાથી પ્રાપ્ત થાય છે.' **ચન્દ્રકવેધ્યકપ્રકીર્ણક (ચંદાવેજ્ઝયપયન્ના)** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'ઉપયુક્ત = જ્ઞાનોપયોગવાળા સાધક અસંખ્યભવના કર્મને પ્રતિસમય ખપાવે છે. સ્વાધ્યાયથી ખરેખર અનેક ભવમાં ભેગા કરેલ કર્મને પણ ક્ષણમાત્રમાં આત્માર્થી જીવ ખપાવે છે.' **દ્વાત્રિંશિકા પ્રકરણની નયલતા** નામની વ્યાખ્યાના ત્રીજા ભાગમાં પૃષ્ઠ-૭૨૧ ઉપર આ બાબતની અમે વિસ્તારથી છણાવટ કરેલ છે. આ બાબતમાં અધિક જાણકારી ત્યાંથી મેળવી લેવી.

---

• કો.(૯)માં '**वओ**' પાઠ. પુસ્તકોમાં '**खओ**' પાઠ. મો.(૨)માં '**च न किलेमाणं**' इत्यशुद्धः पाठः। ‣...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. **1**. कायक्रियया दोषाः क्षपिताः मण्डूकचूर्णतुल्या इति। ते चैव भावनया ज्ञेयाः तच्छारसदृशा इति।। **2**. मण्डूकचूर्णकल्पः क्रियाजनितो व्ययः क्लेशानाम्। तद्दग्धचूर्णकल्पो ज्ञानकृतः तच्चाज्ञया।। **3**. कर्माऽसङ्ख्येयभवं क्षपयति अनुसमयमेव आयुक्तः। बहुभवसञ्चितम् अपि खलु स्वाध्यायेन क्षणे क्षपयति।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) यदि तपःपूर्णाहुतौ आहारसंज्ञा दृढीभवेत्, (२) त्यागाभिग्रहसमाप्त्युत्तरं भोगतृष्णा वर्धेत, (३) लोच-विहार-भिक्षाटनादिकायक्लेशानन्तरं देहाध्यासपुष्टिः स्यात्, (४) शास्त्राभ्यासलब्धविद्वत्तातः प्रसिद्धिकामना परिवर्धेत, (५) दीर्घकालीनसंयमसाधनोत्तरकालम् अवमरात्निकसंयमिषु निजाऽऽधिपत्यस्थापनवृत्तिवृद्धिः भवेत् तर्हि स्वयमवगन्तव्यं यदुत तपस्त्याग-कायकष्ट-स्वाध्यायादिकृता अस्मदीयकर्मनिर्जरा मण्डूकचूर्णतुल्या वर्तते, न तु तद्भस्मसमा। अभिनवाहारसंज्ञा-भोगतृष्णाद्यानयने यदि तपस्त्यागादिकं निमित्तं स्यात्, स्यादेव तर्हि भवभ्रमणाभिवृद्धिः। एवम् अनन्तशः पूर्वं सञ्जातम्। इत्थमेव अनन्तद्रव्यलिङ्गग्रहणनैष्फल्यं सम्भवेत्। एतद्व्यतिकर-पुनरावर्त्तनमस्मदीयजीवने न स्यात् तथा सावधानीभूय द्रव्यानुयोगाभ्यासतो भावनाज्ञान-स्पर्शज्ञानाऽऽत्मपरिणतिमज्ज्ञान-तत्त्वसंवेदनज्ञानाद्युपलब्धये बद्धकक्षतया सदा भाव्यमित्युपदिश्यतेऽत्र। तदनुसरणेन च [1]"स एवमभिसिद्धे, परमबंभे, मंगलालए, जम्म-जरा-मरणरहिए, पहीणासुहे, अणुबंधसत्तिवज्जिए, संपत्त-नियसरूवे, अकिरिए, सहावसंठिए, अणंतनाणे, अणंतदंसणे" (प.सू.५/४५) इति **पञ्चसूत्र**व्यावर्णितं सिद्धस्वरूपं द्रुतम् उपलभते आत्मार्थी।।१५/१-५।।

## ❀ કર્મવર્ધક કર્મનિર્જરાની નિશાનીઓ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) જો તપની પૂર્ણાહૂતિમાં ખાવાની લાલસા વધુ દઢ બનતી જાય, (૨) વિવિધ પ્રકારના ત્યાગના નિયમની સમાપ્તિ પછી ભોગતૃષ્ણા વધતી હોય, (૩) લોચ, વિહાર આદિ કાયકલેશ પછી પણ દેહાધ્યાસ વધુ ને વધુ દઢ થતો હોય, (૪) શાસ્ત્રાભ્યાસ આદિના માધ્યમથી વિદ્વત્તા મેળવ્યા બાદ પ્રસિદ્ધિની ભૂખ વધતી હોય, (૫) અનેક વરસોની સંયમસાધના પછી નાના સાધુ ઉપર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવાનું વલણ વધુને વધુ મજબૂત બનતું હોય તો આપણે આપણી જાત માટે સમજી લેવું કે તપ, ત્યાગ, કાયકષ્ટ, સ્વાધ્યાય વગેરે દ્વારા આપણે કરેલી કર્મનિર્જરા દેડકાની રાખ સમાન નથી પણ દેડકાના ચૂર્ણ સમાન છે. નવી નવી લાલસા, ભોગતૃષ્ણા વગેરેને લાવવામાં આપણા તપ-ત્યાગ વગેરે નિમિત્ત બની જાય તો સંસાર ઘટવાના બદલે ઘણો લાંબો સર્જાઈ જાય. આવું આપણા જીવનમાં પૂર્વે અનેક વખત થઈ ચૂકેલ છે. તેથી જ પૂર્વભવના અનંતા ઓઘા કદાચ નિષ્ફળ ગયા હશે. હવે આ ઘટનાનું પુનરાવર્તન આપણા જીવનમાં ન થાય તેની સાવધાની આ શ્લોક દ્વારા મેળવી, ભાવનાજ્ઞાન-સ્પર્શજ્ઞાન-આત્મપરિણતિવાળું જ્ઞાન-તત્ત્વસંવેદનજ્ઞાન વગેરે મેળવવા માટે આપણે સદા તત્પર રહેવું. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તે સંદેશને અનુસરવાથી આત્માર્થી સાધક **પંચસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપને ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'આત્માર્થી સાધક શાસ્ત્રોક્ત રીતે (૧) સામે ચાલીને કર્મ બાળી નાંખે છે, (૨) પરમ બ્રહ્મસ્વરૂપ બને છે, (૩) મંગલધામ બને છે, (૪) જન્મ-જરા-મરણરહિત થાય છે, (૫) પાપકર્મના સર્વથા ઉચ્છેદક હોય છે, (૬) અશુભ અનુબંધશક્તિથી શૂન્ય હોય છે, (૭) પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પામેલા હોય છે, (૮) નિષ્ક્રિય હોય છે, (૯) પોતાના સ્વભાવમાં રહેલા હોય છે, (૧૦) અનન્તજ્ઞાનવાળા તથા (૧૧) અનન્તદર્શનવાળા હોય છે.' (૧૫/૧-૫)

1. स एवम् अभिषिद्धः, परमब्रह्म, मङ्गलालयः, जन्म-जरा-मरणरहितः, प्रक्षीणाऽशुभः, अनुबन्धशक्तिवर्जितः, सम्प्राप्तनिजस्वरूपः, अक्रियः, स्वभावसंस्थितः, अनन्तज्ञानः, अनन्तदर्शनः।

**મિથ્યાત્વાદિકકર્મથિતિ, અકરણ નિયમઈ ભાખિ[૪];**
**અપ્રતિપાતી ગ્યાનગુણ, મહાનિશીથહ સાખિ ॥૧૫/૧-૬॥ (૨૫૧)**

જ્ઞાન, તે સમ્યગ્દર્શનસહિત જ આવઈ. તે પામ્યા પછી મિથ્યાત્વમાંહઈ આવઈ, તો પણિ કોડાકોડિ ૧ ઉપરાંત કર્મબંધ જીવ ન કરઈ.

---

प्रकृतज्ञानोत्तरकालीनामात्मदशामाह – '**मिथ्यात्वे**'ति।

**मिथ्यात्वाद्युत्कृष्टस्थित्यकरणनियम एव विज्ञाने।**
**अप्रतिपाति ज्ञानं महानिशीथे नन्दिषेणे।।१५/१-६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – विज्ञाने एव मिथ्यात्वाद्युत्कृष्टस्थित्यकरणनियमः (प्रादुर्भवति)। महानिशीथे नन्दिषेणे ज्ञानम् अप्रतिपाति (प्रोक्तम्)।।१५/१-६।।

ग्रन्थिभेदादिद्वारा सम्यग्ज्ञानं सम्यग्दर्शनान्वितमेव प्रादुर्भवति। **विज्ञाने** = सम्यग्ज्ञाने सम्यग्दर्शनोपहिते सति एव **मिथ्यात्वाद्युत्कृष्टस्थित्यकरणनियमः** = 'मिथ्यात्वाभिधानदर्शनमोहनीयकर्मणः सप्ततिकोटिकोटिसागरोपमप्रमितस्थितेः पुनः जातु अनिष्पादनम्' इत्येवंलक्षणः अकरणनियमः परमार्थतः सम्भवति, ग्रन्थिभेदोत्तरकालीनात्मावस्थाविशेषस्य तादृशस्थितिनिष्पत्तौ प्रतिबन्धकत्वात्। अत एव क्लिष्टतमरागादिपरिणामलक्षणग्रन्थेः पौनःपुन्येन दृढीकरणात्मकम् अनादिकालप्रवृत्तं पापं ग्रन्थिभेदानन्तरं सम्यक्त्वभ्रष्टोऽपि जीवो न जातुचित् करोति। अयमेव पारमार्थिकोऽकरणनियमः। शीलभङ्गादिमहा-

---

**અવતરણિકા** :- પ્રસ્તુત જ્ઞાન પ્રાપ્ત થયા પછીની જીવની દશાને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય તો જ મિથ્યાત્વ વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિને ન બાંધવાનો નિયમ આવે છે. મહાનિશીથમાં નંદિષેણ મુનિના અધિકારમાં સમ્યગ્જ્ઞાનને અપ્રતિપાતી જણાવેલ છે.(૧૫/૧-૬)

### ❀ અકરણનિયમની ઓળખાણ ❀

**ટીકાર્થ** :- ગ્રંથિભેદ વગેરે દ્વારા પ્રગટ થનાર સમ્યગ્ દર્શનની સાથે જ સમ્યગ્ જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. સમ્યગ્દર્શનસહિત સમ્યગ્ જ્ઞાન એક વાર મળી જાય ત્યાર બાદ મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મની એક કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિને પણ ફરીથી ક્યારેય જીવ બાંધતો નથી. મોહનીય કર્મની તેવી સ્થિતિને ન બાંધવાનો નિયમ અહીં અકરણનિયમ તરીકે પરમાર્થથી સંભવે છે. કારણ કે ગ્રન્થિભેદ પછીની પ્રગટતી આત્મદશાવિશેષ એ કર્મની તથાવિધ ઉત્કૃષ્ટસ્થિતિની નિષ્પત્તિ પ્રત્યે પ્રતિબંધક છે. ગ્રન્થિભેદપૂર્વે અત્યંત સંક્લિષ્ટ રાગાદિપરિણતિસ્વરૂપ ગ્રન્થિને જીવ વારંવાર દૃઢ કરતો હોય છે. અનાદિકાળથી આ પાપ જીવ કરતો આવ્યો છે. પરંતુ એક વખત ગ્રન્થિભેદ કરીને સમકિતની પ્રાપ્તિ થઈ જાય પછી જીવ કદાચ સમકિતથી ભ્રષ્ટ થઈ જાય તો પણ ફરીથી ગ્રન્થિને નિબિડ કરવાનું પાપ તે ક્યારેય પણ કરતો નથી. કારણ કે ગ્રન્થિભેદ પછી પ્રગટ થતી આત્મદશાવિશેષ તેના પ્રત્યે પ્રતિબંધક છે. આ જ પારમાર્થિક અકરણનિયમ છે. વ્યાવહારિક પાપઅકરણનિયમ તો શીલભંગ વગેરે મહાપાપને

---

૪ મ.+શાં.માં 'ભાવિ' પાઠ. લી.(૧+૩) + ધ. + P(૨+૩+૪)નો પાઠ લીધો છે.

पापप्रत्याख्यानतो व्यावहारिकः पापाऽकरणनियमो बाहुल्येन ज्ञायते। इदमेवाभिप्रेत्य श्री**हरिभद्रसूरि**भिः **उपदेशपदे** [1]"पावे अकरणनियमो पायं परतन्निवित्तिकरणाओ। नेओ य गंठिभेए भुज्जो तदकरणरूवो उ।।" (उ.प.६९५) इत्युक्तम्।

सम्यग्दर्शन-ज्ञानोपलब्ध्युत्तरं कदाचित् क्वचित् कस्यचित् क्लिष्टकर्मोदय-काल-नियति-प्रमाद-पारवश्यादिना मिथ्यात्वगुणस्थानकप्राप्तौ अपि एकामपि कोटिकोटिसागरोपमप्रमितां मोहनीयादिकर्मणः स्थितिं न जातु जीवो बध्नाति।

***न च*** व्याहतमेतद् द्रव्य-गुण-पर्यायरासस्तबकवचनेन सममिति ***शङ्कनीयम्***,

श्रावकप्रज्ञप्त्याद्यनुसारित्वेन स्तबकवचनस्याऽपि अत्रैव पर्यवसानात्, व्यवहारतः तदुपपत्तेश्च। आसन्नतमग्रन्थिभेदकालीनाऽन्तःकोटिकोटिसागरोपमस्थितिं सम्यक्त्वभ्रष्टोऽपि पुनर्बन्धेन नाऽतिक्रामति

---

ન કરવાની પ્રતિજ્ઞા દ્વારા મોટા ભાગે જણાય છે. આ જ અભિપ્રાયથી શ્રી**હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે **ઉપદેશપદ** ગ્રંથરત્નમાં જણાવેલ છે કે "પાપ કરવામાં તત્પર થયેલા અન્ય જીવો શીલભંગાદિ મહાપાપની નિવૃત્તિ કરે તેનાથી પ્રાયઃ પાપને વિશે તેઓનો (વ્યાવહારિક) અકરણનિયમ જાણી શકાય છે. તથા ગ્રંથિભેદ થતાં ફરીથી તેને ન કરવા સ્વરૂપ (પારમાર્થિક) અકરણનિયમ જાણી શકાય છે."

**(સમ્ય.)** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ કદાચ ક્યાંક કોઈક જીવને મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી (અથવા કાતિલ કુસંસ્કારના ઉદયથી) અથવા ખરાબ કાળના પ્રભાવથી અથવા પ્રતિકૂળ નિયતિની પરવશતાથી કે પ્રમાદ વગેરેની પરવશતાથી મિથ્યાત્વ નામના પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ શકે છે. મિથ્યાત્વ ગુણસ્થાનક આવે એટલે સમ્યગ્દર્શન અવશ્ય રવાના થાય છે. પરંતુ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ પછી મિથ્યાત્વ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવા છતાં પણ તે જીવ મોહનીય વગેરે કર્મની એક કોટાકોટી સાગરોપમપ્રમાણ પણ સ્થિતિને ક્યારેય બાંધતો નથી.

**શંકા** :- **(ન ચ.)** પૂ.ઉપાધ્યાયજી મહારાજે સ્વોપજ્ઞ ટબામાં એમ જણાવેલ છે કે, "સમકિતથી ભ્રષ્ટ થયા પછી જીવ ૧ કોડાકોડી ***ઉપરાંત*** કર્મબંધ કરતો નથી." એનો અર્થ એ થઈ શકે કે 'સમકિતભ્રષ્ટ જીવ ૧ કોડાકોડી સાગરોપમ જેટલો બંધ કરી શકે. પરંતુ ૧ કોડાકોડી સાગરોપમથી અધિક કર્મબંધ તે ન કરે.' જ્યારે 'દ્રવ્યાનુયોગ-પરામર્શ-કર્ણિકા' માં (સંસ્કૃત ટીકામાં) એવું પ્રતિપાદન કર્યું છે કે "સમકિતથી પતિત થયેલો જીવ ૧ કોડાકોડી-સાગરોપમ પ્રમાણ સ્થિતિ પણ બાંધી ન શકે." આ રીતે ટબામાં અને કર્ણિકામાં વિસંવાદની શંકા ઉભી થાય છે.

**સમાધાન** :- **(શ્રાવ.)** આ વિસંવાદ આભાસિક છે, ભ્રામક છે. કારણ કે **શ્રાવકપ્રજ્ઞપ્તિ** વગેરે અન્ય ગ્રંથોના સંદર્ભોને અનુસારે દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના ટબામાં **મહોપાધ્યાયજી**એ અને દ્રવ્યાનુયોગપરામર્શ-કર્ણિકામાં અમે આ પ્રતિપાદન કર્યું છે. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના ટબાની ઉક્તિનું પર્યવસાન 'એક કોડાકોડીસ્થિતિને પણ સમકિતભ્રષ્ટ જીવ બાંધી ન શકે' - આ જ અર્થમાં થાય છે. તથા ટબાનું વચન વ્યવહારથી સંગત થઈ શકે છે. ગ્રંથિભેદની અત્યંત નજીકમાં જીવ જ્યારે હોય તે વખતે જેટલી કર્મસ્થિતિ

---

1. पापे अकरणनियमः प्रायः परतन्निवृत्तिकरणतः। ज्ञेयश्च ग्रन्थिभेदे भूयः तदकरणरूपस्तु।।

"[1]बंधेण न वोलइ कयावि"त्ति (श्रावकप्रज्ञप्ति-३३) वचनात्।

जातुचिदिति तु प्रसिद्धमेव, [1]"बंधेण न वोलइ कयाइ" (श्रा.प्र.३३) इति **श्रावकप्रज्ञप्ति**वचनात्।

तदुक्तं **योगबिन्दौ श्रीहरिभद्रसूरिभिः** अपि "भिन्नग्रन्थेः तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न। पतितस्याप्यतो बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः।।" (यो.बि.२६६) इति। 'तृतीयम् = अनिवृत्तिकरणम्', शिष्टं स्पष्टम्।

હોય તેનું ઉલ્લંઘન ફરીથી ઉત્કૃષ્ટ કર્મબંધ કરવા દ્વારા સમકિતભ્રષ્ટ એવો પણ જીવ ક્યારેય કરતો નથી. કેમ કે **શ્રાવકપ્રજ્ઞપ્તિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સમકિતભ્રષ્ટ જીવ ક્યારેય પણ કર્મબંધની દૃષ્ટિએ સત્તામાં રહેલ મોહનીય વગેરે કર્મની સ્થિતિનું અતિક્રમણ કરતો નથી.'

[redacted] :- અહીં 'અતિક્રમણ' એટલે એમ સમજવું કે એક કોટાકોટી સાગરોપમ વગેરે પ્રમાણ સ્થિતિવાળા કર્મને બાંધવા. આવું અતિક્રમણ સમકિતભ્રષ્ટ જીવ ક્યારેય કરતો નથી. મતલબ કે અમે જણાવેલી બાબત **શ્રાવકપ્રજ્ઞપ્તિ**ના ઉપરોક્ત વચનના આધારે પ્રસિદ્ધ જ છે. ત્યાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગ્રંથિદેશકાલીન કર્મસ્થિતિને ઉલ્લંઘીને = અતિક્રમણ કરીને સમકિતભ્રષ્ટ જીવ અધિક કર્મબંધ કરતો નથી. આયુષ્ય સિવાયના સાતેય કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય ત્યારે ગ્રંથિદેશની પ્રાપ્તિ થાય છે. અંતઃકોડાકોડી સાગરોપમ = ૧ કોડાકોડી સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન. તેથી સમકિતભ્રષ્ટ જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે અંતઃકોડાકોડી સાગરોપમ જેટલો બંધ કરે પરંતુ અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિબંધ ન કરે. જ્યારે પૂ. ઉપાધ્યાયજી મ.સા.નું કથન વ્યવહાર નયને આભારી જણાય છે. જેમ કે વ્યવહારમાં અમુક વ્યક્તિ વર્ષના ૯૫,૦૦૦ રૂ. કમાય અને તે વ્યક્તિને તેની કમાણી અંગે પૂછવામાં આવે તો તે વ્યક્તિ 'લાખ રૂ. કમાઉં છું' - એમ ઉત્તર આપે છે. તેવી જ રીતે અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિ બંધ સમકિતભ્રષ્ટ જીવ ન કરે' એટલે વ્યવહારથી '૧ કોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ સમકિતથી પતિત જીવ ન કરે' - આવું કહેવાય. આ વ્યવહારને અનુસારે જ પૂ. ઉપાધ્યાયજીએ પ્રતિપાદન કર્યું હોય કે 'સમકિતચ્યુત જીવ ૧ કોડાકોડી *ઉપરાંત* કર્મબંધ ન કરે' - એવું અમને સમજાઈ રહ્યું છે. આ મુજબ જ, આદિનાથ પ્રભુ મોક્ષે પધાર્યા બાદ કેટલોક કાળ વ્યતીત થયા બાદ નયસારના ભવમાં પ્રાપ્ત કરેલ સમકિતથી ભ્રષ્ટ થયેલ મરીચિના જીવે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ નીચ ગોત્ર કર્મ બાંધ્યુ હોવા છતાં પણ 'મરીચિએ ૧ કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધાર્યો' - એવો વ્યવહાર થાય છે. આ રીતે પૂ.ઉપાધ્યાયજી મ.નું કથન વ્યવહારને અનુસારે છે - એવું માનવું જ વ્યાજબી છે. અન્યથા શ્રાવકપ્રજ્ઞપ્તિ વગેરેના કથન સાથે વિરોધ આવવાની શક્યતા ઉભી થાય. તેમજ ઉપરોક્ત પદાર્થ પૂ. ઉપાધ્યાયજી મ.સા.ને પણ માન્ય ન હોત તો તેમણે પણ 'बंधेण...' એવો સાક્ષીપાઠ રજૂ કર્યો ન હોત.

## ग्रंथिભેદ પછી કાયમી કર્મબંધસ્થિતિનો વિચાર

(तदुक्तं.) **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજે પણ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ગ્રંથિનો ભેદ કરનાર જીવને ત્રીજું અનિવૃત્તિકરણ પ્રાપ્ત થાય છે. પછી તે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થવા છતાં પણ ગ્રંથિનું = ગ્રંથિદેશકાલીન કર્મસ્થિતિનું ઉલ્લંઘન કરીને તે સમકિતભ્રષ્ટ જીવ કર્મબંધ

1. बन्धेन न व्यवलीयते कदाचित्।

सैद्धान्तिकमतञ्चैतत्। तदुक्तं **शतकवृत्तौ देवेन्द्रसूरिभिः** "भिन्नग्रन्थिकस्य मिथ्यादृष्टेः अपि उत्कृष्टः स्थितिबन्धः प्रतिषिध्यते तत् सैद्धान्तिकमतमेव" (श.४८ वृ.) इति। तदुक्तं **धर्मसङ्ग्रहण्याम्** अपि **श्रीहरिभद्रसूरिभिः** [1]"तं बंधेण न वोलइ कयाइ" (ध.स.७५४) इति।

यथोक्तं **धर्मसङ्ग्रहवृत्तौ मानविजयवाचकेन** अपि "यावती ग्रन्थिभेदकाले सर्वकर्मणाम् आयुर्वर्जानां स्थितिः अन्तःसागरोपमकोटिकोटिलक्षणा अवशिष्यते, तावत्प्रमाणाम् एव असौ सम्यगुपलब्धसम्यग्दर्शनो जीवः कथञ्चित् सम्यक्त्वाऽपगमात् तीव्रायाम् अपि तथाविधसङ्क्लेशप्राप्तौ बध्नाति। न पुनः तां बन्धेन अतिक्रामति" (ध.स.भाग.१/श्लो.१९/वृ.पृ.४८) इति।

इदमत्राकूतम् - सम्यग्ज्ञानं सहजमलह्रासविशेष-ग्रन्थिभेदाऽकरणनियम-सत्संस्काराद्यानयनद्वारा

---

નથી કરતો - આ પ્રમાણે આગમમાં જણાવેલ છે.' આ સૈદ્ધાંતિક મત (= આગમિક સિદ્ધાંત) સમજવો. **શતક** નામના પાંચમા કર્મગ્રન્થની **વ્યાખ્યામાં શ્રીદેવેન્દ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'ગ્રન્થિભેદ કરીને સમકિતને પ્રાપ્ત કરનાર જીવ સમકિતભ્રષ્ટ બની મિથ્યાદૃષ્ટિ થાય તો પણ તે કર્મની ૭૦ કોટાકોટી સાગરોપમપ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરતો નથી. આ પ્રમાણે જે ઉત્કૃષ્ટકર્મબંધનિષેધ કરવામાં આવે છે તે સૈદ્ધાન્તિકમત = આગમિકમત જ છે.' **શ્રીહરિભદ્રસૂરિજીએ ધર્મસંગ્રહણિ** ગ્રન્થમાં પણ જણાવેલ છે કે 'ગ્રન્થિભેદ કર્યા પછી જીવ ક્યારેય કર્મબંધ દ્વારા ગ્રન્થિનું = ગ્રન્થિદેશનું = ગ્રન્થિભેદકાલીન કર્મસ્થિતિનું ઉલ્લંઘન કરતો નથી.'

**સ્પષ્ટતા** :- 'ગ્રંથિનું ઉલ્લંઘન કરીને કર્મબંધ કરવો' - આવું કહેવાનો અર્થ એ છે કે 'ગ્રંથિભેદ કરતી વખતે મોહનીયાદિ કર્મની જે સ્થિતિ હોય તેની સ્થિતિ કરતાં વધુ સ્થિતિવાળા કર્મને બાંધવા.' ગ્રંથિભેદ કરતી વખતે અંતઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળા કર્મને જીવ બાંધે છે. સમકિતથી ભ્રષ્ટ થયા પછી ક્યારેય પણ તેનાથી વધુ સ્થિતિવાળા કર્મને તે જીવ બાંધે નહિ. અર્થાત્ એક કોટાકોટી સાગરોપમ પ્રમાણ પણ સ્થિતિવાળા મોહનીયાદિ કર્મને તે જીવ બાંધતો નથી.

### ✡ સમકિતપતિત અંતઃકોટાકોટીસાગરોપમથી વધુ કર્મ ન બાંધે ✡

**(यथो.)** આ અંગે ઉપાધ્યાય **શ્રીમાનવિજયજીએ** પણ **ધર્મસંગ્રહવૃત્તિ**માં જણાવેલ છે કે 'આયુષ્ય સિવાયના તમામ કર્મોની સ્થિતિ ગ્રંથિભેદસમયે અંતઃકોટાકોટીસાગરોપમ જેટલી બાકી રહે છે. એક વાર સમ્યગ્દર્શન સાચી રીતે મળી જાય પછી કોઈ પણ કારણસર સમકિત રવાના થવાથી તેવો તીવ્ર સંકલેશ એ જીવને આવી જાય તો પણ તે સમકિતભ્રષ્ટ જીવ ગ્રંથિભેદકાલીન અંતઃકોટાકોટીસાગરોપમ પ્રમાણવાળી જ કર્મસ્થિતિને બાંધે છે. પરંતુ તથાવિધ કર્મસ્થિતિને કર્મબંધ દ્વારા સમકિતભ્રષ્ટ જીવ ઓળંગતો નથી. તેવી કર્મસ્થિતિને ઉલ્લંઘીને અધિક કર્મસ્થિતિને તે જીવ બાંધતો નથી.'

### ☫ સ્વરૂપતઃ નષ્ટ જ્ઞાન સંસ્કાર દ્વારા હાજર ☫

**(इदमत्रा.)** અહીં તાત્પર્ય એ છે કે વિશેષ પ્રકારનો સહજમલહ્રાસ, ગ્રંથિભેદ, અકરણનિયમ, સારા સંસ્કાર વગેરેને સમ્યગ્જ્ઞાન ખેંચી લાવે છે. તેના દ્વારા તથાવિધ કર્મબંધની યોગ્યતા નાશ પામે છે.

---

1. तं बन्धेन न व्यवलीयते कदाचित्।

એ અભિપ્રાયઈં ***નંદિષેણ***નઈં અધિકારઈં **મહાનિશીથઈં જ્ઞાનગુણઈં અપ્રતિપાતી** (સાખી=) કહિઓ

तथाविधकर्मबन्धप्रतिबन्धकतया समाम्नातम्। तथा च सकृद् उत्पद्य सम्यग्ज्ञानं स्वरूपतो विनष्टमपि सत् सत्संस्कारादिद्वारा तथाविधस्वकार्यकारि भवत्येव, अन्यथा सम्यग्ज्ञानादिभ्रष्टस्य सप्ततिकोटिकोटिसागरोपमप्रमितकर्मबन्धापत्तेः। अतः कर्मोदय-प्रमादादिबलेन स्वरूपतः क्वचित् कदाचित् प्रणष्टमपि तत् संस्कारादिस्वकार्यद्वारा दानमिव पुण्यद्वारा अवस्थितमेव मन्तव्यम्।

सम्यग्दर्शन-ज्ञानभ्रष्टस्यापि अन्तःकोटिकोटिसागरोपमाधिककर्मस्थितिबन्धकत्वाऽभावेन सप्ततिकोटिकोटिसागरोपमप्रमितकर्मस्थितिबन्धलक्षणप्रतिपाताभावात् सज्ज्ञानस्याऽप्रतिपातित्वम्। एतदभिप्रायेणैव **महानिशीथे** गीतार्थविहारनाम्नि षष्ठाध्ययने **नन्दिषेणे** = नन्दिषेणाधिकारे **ज्ञानं** = सम्यग्ज्ञानम् **अप्रतिपाति** प्रोक्तम्। नन्दिषेणस्य तु स्वरूपतोऽपि सम्यग्ज्ञानं वेश्यागृहे सदेव। अत एवाऽमोघ-

તેથી સમ્યગ્જ્ઞાન જ્યાં સુધી હાજર હોય ત્યાં સુધી તો તથાવિધ દીર્ઘસ્થિતિવાળા કર્મ બંધાતા નથી જ. (આથી લાંબીસ્થિતિવાળા કર્મબંધ પ્રત્યે સમ્યગ્જ્ઞાન પ્રતિબંધકસ્વરૂપે શાસ્ત્રકારોને માન્ય છે.) પરંતુ એક વખત સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયા પછી સ્વરૂપથી નાશ પામે તો પણ સંસ્કારરૂપે તે આત્મામાં હાજર જ રહે છે. તેથી તથાવિધ સંસ્કાર વગેરે દ્વારા દીર્ઘસ્થિતિવાળા કર્મબંધને અટકાવવા સ્વરૂપ પોતાનું કાર્ય તે સમ્યગ્જ્ઞાન કરે જ છે. જો નાશ પામેલ સમ્યગ્જ્ઞાન સંસ્કાર વગેરે દ્વારા અતિદીર્ઘ કર્મબંધ પ્રત્યે પ્રતિબંધક ન બનતું હોય તો સમ્યગ્જ્ઞાનથી ભ્રષ્ટ થયેલ જીવ ૭૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળા કર્મને ક્યારેક બાંધી દેશે - તેવું માનવાની આપત્તિ આવશે. પરંતુ સમ્યગ્જ્ઞાન-દર્શનથી ભ્રષ્ટ થયેલ જીવ ભવિષ્યમાં ક્યારેય પણ ઉત્કૃષ્ટસ્થિતિવાળા કર્મને બાંધતો નથી. આ વાત આગમમાં પ્રસિદ્ધ જ છે. તેથી માનવું જોઈએ કે કર્મોદય કે પ્રમાદ વગેરે કારણના પ્રભાવે ક્યાંક, કોઈ જીવમાં, ક્યારેક સમ્યગ્જ્ઞાન સ્વરૂપથી નાશ પામેલું હોય તો પણ પોતાના સંસ્કાર વગેરે કાર્ય દ્વારા તે હાજર જ છે. જેમ કે દાન ક્રિયા ક્ષણિક હોવાથી સ્વરૂપતઃ તરત નાશ પામી જાય છે પરંતુ પુણ્ય દ્વારા તે દીર્ઘકાળ પછી પણ હાજર જ હોય છે. તો જ દાતાને દાન કર્યા બાદ ૫૦/૬૦ વર્ષ પછી સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે. જેમ સ્વરૂપથી નષ્ટ થયેલ દાન કાલાન્તરમાં પુણ્ય દ્વારા હાજર રહીને સ્વર્ગપ્રાપ્તિસ્વરૂપ સ્વકાર્યને કરે છે, તેમ સમ્યગ્જ્ઞાન સ્વરૂપતઃ કદાચ નષ્ટ થયેલ હોય તો પણ સંસ્કાર આદિ સ્વકાર્ય દ્વારા હાજર રહીને તથાવિધકર્મબંધપ્રતિરોધાત્મક સ્વકાર્યને કરે જ છે. આવું માનવું વ્યાજબી છે.

### ❀ સમ્યગ્જ્ઞાન અપ્રતિપાતી ❀

(**सम्य.**) સમ્યગ્દર્શન-જ્ઞાનથી ભ્રષ્ટ થયેલો જીવ ક્યારેય પણ મિથ્યત્વાદિ કર્મની અંતઃ કોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિને બાંધતો નથી. તેથી તેનો ૭૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ મોટી સ્થિતિને બાંધવા સ્વરૂપ પ્રતિપાત તો કદાપિ નથી જ થતો. માટે સમ્યગ્જ્ઞાન અપ્રતિપાતી છે. આ જ અભિપ્રાયથી **મહાનિશીથ** ગ્રંથના 'ગીતાર્થવિહાર' નામના છઠ્ઠા અધ્યયનમાં 'નંદિષેણ મુનિ'ના અધિકારમાં સમ્યગ્જ્ઞાનને અપ્રતિપાતી જણાવેલ છે. વેશ્યાના ઘરે રહેલા નંદિષેણને તો સ્વરૂપથી પણ સમ્યગ્ જ્ઞાન હાજર જ હતું. દસપૂર્વધર મહાત્માઓને અમોઘ દેશનાલબ્ધિ પ્રાપ્ત થાય છે. શ્રેણિક મહારાજાના પુત્રમુનિ નંદિષેણ

છઈ. *૪૩૨૦૦ બૂઝવ્યા ૧૨ વર્ષ મધ્યે, નિત્ય ૧૦ ને લેખૈ*

देशनालब्धिः वेश्यागृहस्थितस्याऽपि तस्य न विनष्टा। अमोघदेशनालब्धिबलेनैव द्वादशवर्षमध्ये प्रतिदिनं पुरुषदशकप्रतिबोधनेन सर्वसङ्ख्यया द्विशताधिकत्रिचत्वारिंशत्सहस्राणि पुरुषाणां प्रतिबोधितानि। प्रान्ते च तद्भवे एव पुनः चारित्रलाभः समजनि कैवल्यञ्च। ततश्च वैयावृत्त्यमिव ज्ञानमपि विशिष्टम् अप्रतिपाति मन्तव्यम्।

नय-प्रमाणयोजनया शुद्धात्मद्रव्य-गुणादिसंवेदनस्य आसन्नभव्यजीवगतस्य प्रबलमोहोच्छेदकत्वादिह ज्ञानस्य अप्रतिपातित्वम् उपदर्शितम्। इदमेवाभिप्रेत्य **द्रव्यस्वभावप्रकाशे** [1]"आसण्णभव्वजीवो अणंतगुणसेढिसुद्धिसंपण्णो। बुज्झंतो खलु अट्ठे खवदि मोहं पमाण-णयजोए।।" (द्र.स्व.प्र.३१७) इत्युक्तम्। प्रकृते प्रथमशाखाव्याख्योपदर्शिता (१/६) [2]"जो जाणदि अरहंतं, दव्वत्त-गुणत्त-पज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं, मोहो खलु जादि तस्स लयं।।" (प्र.सा.१/८०) इति **प्रवचनसारगाथा** अनुसन्धेया मनीषिभिः।

દસપૂર્વધર હતા. તેઓ અમોઘ દેશનાલબ્ધિ ધરાવતા હતા. નિકાચિત ભોગકર્મના ઉદયથી સંયમવેશનો ત્યાગ કરીને વેશ્યાના ઘરમાં તેઓ રહેલા હતા. તેમ છતાં પણ તેમની અમોઘ દેશનાલબ્ધિ નાશ પામી ન હતી. તેથી જ ત્યારે તેમનું સમ્યગ્જ્ઞાન સ્વરૂપથી અને ફલથી હાજર જ હતું. દસ પૂર્વના જ્ઞાનના પ્રભાવે તેમની દેશનાલબ્ધિ ટકેલી હોવાના લીધે જ વેશ્યાના ઘરમાં રહીને પણ તેઓ રોજ દસ પુરુષને પ્રતિબોધ કરીને શ્રમણ ભગવાન મહાવીર પાસે સંયમનો સ્વીકાર કરવા માટે મોકલતા હતા. તેમણે બાર વર્ષની અંદર રોજ ૧૦ પુરુષ લેખે કુલ ૪૩,૨૦૦ પુરુષોને પ્રતિબોધિત કર્યા. તથા તે અપ્રતિપાતી સમ્યગ્ જ્ઞાનના પ્રભાવે નંદિષેણને તે જ ભવમાં ફરીથી ચારિત્રની પ્રાપ્તિ થઈ હતી. તથા તે જ ભવમાં અંતે કેવળજ્ઞાન પણ તેમણે પ્રાપ્ત કરેલ હતું. તેથી 'વૈયાવચ્ચની જેમ વિશિષ્ટ સમ્યગ્જ્ઞાન પણ અપ્રતિપાતી છે' - તેમ જાણવું.

### ❀ મોહનાશક હોવાથી જ્ઞાન અપ્રતિપાતી ❀

**(નય.)** આસન્નમુક્તિગામી જીવ નયની અને પ્રમાણની યોજના કરીને શુદ્ધ આત્મદ્રવ્ય, તેના શુદ્ધ ગુણો વગેરેનું સંવેદન કરવા દ્વારા પ્રબળ મોહનો ઉચ્છેદ કરે છે. આમ પ્રબળમોહનાશક હોવાથી અહીં જ્ઞાનને અપ્રતિપાતી ગુણ તરીકે જણાવેલ છે. આ જ અભિપ્રાયથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "જે નિકટમુક્તિગામી જીવ અનંતગુણ શ્રેણિની શુદ્ધિથી સંપન્ન થાય છે તથા પ્રમાણ-નયની યોજના દ્વારા તાત્ત્વિક અર્થોને જાણે છે તે જ મોહનો ક્ષય કરે છે." પ્રથમ શાખાના છઠ્ઠા શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે **પ્રવચનસાર** ગ્રંથની એક ગાથા ઉદ્ધૃત કરેલી હતી તેનું પણ અહીં અનુસન્ધાન કરવા યોગ્ય છે. તેમાં જણાવેલ છે કે "દ્રવ્યત્વ-ગુણત્વ-પર્યાયત્વરૂપે જે અરિહંત પરમાત્માને જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ વિલીન થાય છે." આ રીતે ઊંડાણથી વિચારવા દ્વારા સિદ્ધ થાય છે કે જ્ઞાન

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત આ.(૧)માં છે.

1. आसन्नभव्यजीवोऽनन्तगुणश्रेणिशुद्धिसम्पन्नः। बोधन् खल्वर्थान् क्षपयति मोहं प्रमाण-नययोगैः।।

2. यो जानाति अर्हन्तम्, द्रव्यत्व-गुणत्व-पर्ययत्वैः। स जानाति आत्मानम्, मोहः खलु याति तस्य लयम्।।

*उत्तराध्ययनेषु* अप्युक्तम् -

[1]**सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआ वि।**
**इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे।।** (उत्त.२९/आलापक ६१) ॥**१५/१-६**॥

यच्च **उत्तराध्ययनसूत्रे, चन्द्रकवेध्यकप्रकीर्णके, भक्तपरिज्ञाप्रकीर्णके, आराधनापताकाप्रकीर्णके, पुष्पमालायां** च [1]"सूई जहा ससुत्ता, न नासइ कयवरम्मि पडिया वि। जीवो तहा ससुत्तो, न णस्सइ गओ वि संसारे" (उत्त.२९/ आलापक ६१, च.वे.८३, भ.प.८६, आ.प.४८२, पु.मा.३१) इत्युक्तम्, यच्च **सूत्रप्राभृते** [2]"पुरिसो वि जो ससुत्तो ण विणासइ सो गओ वि संसारे" (सू.प्रा.४) इत्युक्तं ततोऽपि वेश्यागृहस्थितनन्दिषेणस्य जिनागमसूत्रानुस्मरणलक्षणसम्यग्ज्ञाने दुरन्तभवभ्रमणप्रतिबन्धकतया अप्रतिपातिगुणत्वं समाम्नातम्।

अत्र [3]"वेयावच्चे तिविहे - अप्पाणम्मि य परे तदुभए य। अनुसिट्ठि उवालंभे उग्गहे चेव तिविहम्मि।।" (व्य.सू.भा.१/३७४) इति **व्यवहारसूत्रभाष्यानुसारेण** नन्दिषेणस्य अनुशास्त्यादिरूपं त्रिविधमपि वैयावृत्त्यं

---

પ્રબળમોહનાશક હોવાથી અપ્રતિપાતી ગુણ છે.

## ❋ જ્ઞાની જીવ સંસારમાં ભટકે નહિ ❋

**(यच्च.) ઉત્તરાધ્યયનસૂત્ર, ચંદ્રકવેધ્યક પ્રકીર્ણક, ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક, આરાધનાપતાકા પ્રકીર્ણક** અને **પુષ્પમાલા** - આ પાંચેય ગ્રંથમાં જણાવેલ છે કે 'દોરા સાથેની સોય કચરામાં પડેલી હોય તો પણ જેમ ખોવાઈ જતી નથી તેમ સૂત્ર સહિત (સમ્યક્ જ્ઞાન સહિત) જીવ સંસારમાં ગયેલ હોય તો પણ ખોવાઈ જતો નથી, ભૂલો પડી જતો નથી.' ઉપરોક્ત પાંચેય ગ્રંથમાં જે જણાવેલ છે તથા 'આગમસૂત્રસહિત જે પણ જીવ સંસારમાં કદાચ જાય તો પણ વિનાશ પામતો નથી' - એ પ્રમાણે **કુંદકુંદસ્વામીએ સૂત્રપ્રાભૃત** ગ્રંથમાં જે જણાવેલ છે, તેનાથી પણ સિદ્ધ થાય છે કે - વેશ્યાના ઘરમાં રહેલ નંદિષેણનું જ્ઞાન અપ્રતિપાતી હતું. જિનાગમના સૂત્રોનું સંસારમાં ગયા પછી પણ સ્મરણ કરવામાં આવે તો તે દુરન્ત ભવભ્રમણનો પ્રતિબંધ કરે છે. આથી જ જિનાગમસૂત્રનું અનુસ્મરણ કરવા સ્વરૂપ સમ્યગ્જ્ઞાન અપ્રતિપાતી ગુણ તરીકે શાસ્ત્રકારોને માન્ય છે.

## ❋ ત્રિવિધ વૈયાવચ્ચની સમજણ ❋

**(अत्र.)** પ્રસ્તુતમાં **વ્યવહારસૂત્રભાષ્ય**ની એક ગાથા અવશ્ય યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'વૈયાવચ્ચ ત્રણ વ્યક્તિને વિશે થાય - (૧) સ્વને વિશે, (૨) પરને વિશે અને (૩) સ્વ -પર ઉભયને વિશે. તે વૈયાવચ્ચના ત્રણ પ્રકાર છે. (૧) અનુશાસ્તિ, (૨) ઉપાલંભ અને (૩) ઉપગ્રહ = અનુગ્રહ.' વ્યક્તિ અને પ્રકાર બન્નેનો સંવેધ કરવાથી વૈયાવચ્ચના નવ ભેદ થાય. નંદીષેણ મુનિ સંયમભ્રષ્ટ થઈને વેશ્યાના ઘરે રહેવા છતાં પણ અનુશાસ્તિ વગેરે ત્રણેય પ્રકારની વૈયાવચ્ચ સ્વરૂપ ગુણ તેમનામાં

---

1. सूचिः यथा ससूत्रा, न नश्यति कचवरे पतिता अपि। इति जीवः अपि ससूत्रः, न नश्यति गतः अपि संसारे।।
2. पुरुषोऽपि यः ससूत्रः न विनश्यति स गतः अपि संसारे।
3. वैयावृत्त्यं त्रिविधम् – आत्मनि च परस्मिन् तदुभयस्मिन् च। अनुशास्तिः उपालम्भः उपग्रहः एव त्रिविधे।।

सम्भवति। तथाहि – [1]"गहिऊणाऽभिग्गहं ताहे, पविट्ठो तीए मंदिरं। एयं जहा न ताव अहयं भोयण-पाणविहिं करे।। (म.नि.६/२५), [2]दस दस ण बोहिए जाव, दियहे दियहे अणूणगे। पइन्ना जा न पुन्नेसा, काइयमोक्खं न ता करे।।" (म.नि.६/२६) इत्युक्त्या **महानिशीथे**, "दशाधिकान् वाऽनुदिनं बोधयिष्यामि नो यदि। तदाऽऽदास्ये पुनर्दीक्षां प्रतिज्ञामिति चाकृत।।" (त्रि.श.पु.च.१०/६/४३०) इत्युक्त्या च **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** प्रतिपादितं नन्दिषेणस्य स्वानुशासनलक्षणं वैयावृत्त्यम् अनपलपनीयम्।

तथा [3]"हा हा हा हा अकज्जं मे भट्ठसीलेण किं कयं ?। जेणं तु सुत्तो घसरे गुडिओऽसुइकिमी जहा।।" (म.नि.६/३४) इति **महानिशीथ**वचनसूचितं दर्शित**व्यवहारसूत्रभाष्यो**क्तं स्वोपालम्भलक्षणं वैयावृत्त्यमव्याहतम्।

प्रतिदिनं वेश्यागामिनानाजीवप्रतिबोधकरणलक्षणं स्वाभाविकं परानुग्रहवैयावृत्त्यं तु प्रसिद्धमेव।

तच्चाऽप्रतिपाति, [4]"सव्वं किर पडिवाइ, वेयावच्चं अपडिवाइ" (ओ.नि. ५३२, पु.मा.४१९) इति **ओघनिर्युक्ति-पुष्पमालयोः** वचनात्। तादृशविशिष्टवैयावृत्त्यसम्पादकत्वात् तदीयं ज्ञानमपि अप्रतिपाति

---

હતો. તે આ પ્રકારે સમજવું :- (૧) **મહાનિશીથસૂત્ર**માં નંદિષેણકથાનકમાં જણાવેલ છે કે 'ત્યારે આ અભિગ્રહ લઈને નંદિષેણે વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો કે - ત્યાં સુધી હું ભોજન-પાણી નહિ કરું, જ્યાં સુધી દિવસે દિવસે પૂરેપૂરા દશ-દશને પ્રતિબોધિત ન કરું. જ્યાં સુધી આ પ્રતિજ્ઞા પૂર્ણ ન થાય, ત્યાં સુધી હું લઘુશંકાનિવારણ નહિ કરું.' તેમજ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ નંદિષેણચરિત્રમાં જણાવેલ છે કે "નંદિષેણે 'જો રોજ દશ કે દશથી વધુ જીવોને હું પ્રતિબોધ ન કરું તો ફરીથી હું દીક્ષાને ગ્રહણ કરીશ' - આ પ્રમાણે પ્રતિજ્ઞાને કરી." આ કથનથી નંદિષેણના જીવનમાં, **વ્યવહારસૂત્રભાષ્ય**માં જણાવેલ, સ્વઅનુશાસનસ્વરૂપ વૈયાવચ્ચ પણ સિદ્ધ થાય છે. તેનો અપલાપ કરી શકાય તેમ નથી.

**(तथा.)** (૨) **મહાનિશીથ** ગ્રંથમાં નંદિષેણ મુનિના અધિકારમાં નંદિષેણનો પશ્ચાત્તાપ કેવા પ્રકારનો હતો ? તે બતાવતાં જણાવેલ છે કે 'હાય ! હાય ! શીલથી ભ્રષ્ટ થઈને મેં આ કેવું અકાર્ય કર્યું ?! કારણ કે અશુચિના કીડાની જેમ દિવસે પણ ભોગરૂપી કાદવમાં સૂતેલો હું કાદવથી ખરડાઈ ગયો.' મતલબ કે ભોગકર્મના ઉદયમાં પણ નંદિષેણ પોતાની જાતને અત્યંત ઉપાલંભ = ઠપકો આપતા હતા - તેવું મહાનિશીથ ગ્રંથ દ્વારા સૂચિત થાય છે. તેથી ઉપરોક્ત **વ્યવહારસૂત્રભાષ્ય**માં જણાવ્યા મુજબ સ્વઉપાલંભ નામનો વૈયાવચ્ચ ગુણ પણ નંદિષેણમાં અવ્યાહત હતો - તેમ સિદ્ધ થાય છે.

**(प्रति.)** (૩) તેમજ રોજ વેશ્યાગામી અનેક જીવોને પ્રતિબોધ તેઓ કરતા હતા. તેથી બીજી વ્યક્તિ ઉપર અનુગ્રહ કરવા સ્વરૂપ સ્વાભાવિક વૈયાવચ્ચગુણ **વ્યવહારભાષ્ય** મુજબ તેમનામાં પ્રસિદ્ધ જ છે.

**(तच्चा.)** તથા વૈયાવચ્ચ ગુણ તો અપ્રતિપાતી જ છે. કારણ કે **ઓઘનિર્યુક્તિ** અને **પુષ્પમાલા** આ બન્ને ગ્રંથમાં જણાવેલ છે કે 'બધા ગુણો પ્રતિપાતી છે. પરંતુ વૈયાવચ્ચ અપ્રતિપાતી છે.' નંદિષેણ મુનિનું

---

1. गृहीत्वाऽभिग्रहं तदा, प्रविष्टः तस्या मन्दिरम् । एनं यथा न तावद् अहकं भोजन-पानविधिं कुर्याम् ।।

2. दश दश न बोधिता यावत्, दिवसे दिवसे अन्यूनकाः। प्रतिज्ञा यावद् न पूर्णा एषा, कायिकामोक्षं न तावत् कुर्याम्।।

3. हा हा हा हा अकार्यं मया भ्रष्टशीलेन किं कृतम् ?। येन तु सुप्तः दिवा गुण्डितः अशुचिकृमिः यथा।।

4. सर्वं किल प्रतिपाति, वैयावृत्त्यम् अप्रतिपाति।

भवितुमर्हतीत्यपि विज्ञेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'निश्चयतः स्वात्मा स्वभाव-शुद्धोपयोगादिपरिपूर्णः विभावोपाधि -रागाद्यशुद्धोपयोगशून्य' इत्यभ्रान्तात्मभानकरणं हि सूच्यां सूत्रप्रोतनं प्रोच्यते। संसारगतस्यापि तस्य आत्मभानं न भ्रश्यति, न वा स दीर्घभवभ्रमणं करोति। ततश्च यथार्थतया निजात्मसूच्यां सम्यगवबोधसूत्रप्रोतनम् अप्रतिपाति वैयावृत्त्यवत्। वैयावृत्त्य-तथाविधज्ञानादिकम् अप्रतिपातितया मोक्षप्रापणकृते जीवेभ्यः अखण्डसामर्थ्यं प्रयच्छति। ततश्च मोक्षफलाऽविसंवादितथाविधसद्गुणोपलब्धये निरन्तरमस्माभिः यतितव्यमित्युपदिश्यते।

ततश्च [1]"गयराग-दोस-मोहो विगयभओ तह निरुस्सुगो मइमं। बहुजणपरिगीयगुणो नमंसणिज्जो तिलोयस्स।।" (आ.प.९५५) इति **आराधनापताकायां वीरभद्रसूरि**वर्णितं त्रैलोक्यनमस्कार्यं सिद्धस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।१५/१-६।।

---

દસપૂર્વસંબંધી સમ્યગ્જ્ઞાન ઉપરોક્ત ત્રણ પ્રકારની અપ્રતિપાતી વૈયાવચ્ચને લાવનાર હોવાથી તેનું જ્ઞાન પણ અપ્રતિપાતી બનવાની યોગ્યતાને ધરાવે છે. આ પ્રમાણે પણ જાણવું.

**[illegible]** :- વૈયાવચ્ચ ગુણ તો અપ્રતિપાતી છે જ. તથા ઉપર જણાવ્યા મુજબ અપ્રતિપાતી વૈયાવચ્ચ ગુણને અવશ્ય લાવે તેવું સમ્યગ્ જ્ઞાન નંદિષેણ મુનિની પાસે હતું. તે કારણસર પણ નંદિષેણ મુનિનું સમ્યગ્જ્ઞાન અપ્રતિપાતી હતું - આવું સિદ્ધ થાય છે.

### ❖ અપ્રતિપાતી ગુણને મેળવીએ ❖

**આધ્યાત્મિક ઉપનય** :- 'નિશ્ચયથી મારો આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે તથા વિભાવ-ઉપાધિથી ખાલી છે. મારો આત્મા શુદ્ધોપયોગથી ભરેલો છે તથા અશુદ્ધોપયોગથી/રાગાદિથી ખાલી છે' - આ પ્રમાણે આત્માનું અભ્રાન્ત ભાન = સમ્યગ્ જ્ઞાન કરવું, તે સોયમાં દોરો પરોવવા જેવું છે. ટબામાં દર્શાવેલ **ઉત્તરાધ્યયનસૂત્ર**ના સંદર્ભ મુજબ, જેમ દોરો પરોવેલી સોય કચરામાં પડી જાય તો પણ ખોવાતી નથી, તેમ જેણે નિજ આત્મસ્વરૂપ સોયમાં સમ્યગ્જ્ઞાનસ્વરૂપી મજબૂત દોરો પરોવેલ હોય તે સંસારમાં એક/બે ભવ કરે તો પણ તેનું આત્મજ્ઞાન ટળતું નથી, તે દીર્ઘ ભવભ્રમણ કરતો નથી. સાચી સમજણરૂપી દોરો યથાર્થપણે આત્મામાં પરોવી લેવામાં આવે તો તે વૈયાવચ્ચની જેમ અપ્રતિપાતી છે. વૈયાવચ્ચ અને તથાવિધ સમ્યગ્ જ્ઞાન વગેરે અપ્રતિપાતી હોવાથી જીવને મોક્ષે પહોચાડવા માટે અખંડ બળ પૂરું પાડે છે. તેથી મોક્ષે અવશ્ય પહોંચાડવાની બાંહેધારી આપનાર આવા સદ્ગુણોને પ્રાપ્ત કરવા માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવા પ્રકારની આધ્યાત્મિક પ્રેરણા પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

**(તત.)** તેવા પ્રયત્નથી **આરાધનાપતાકા**માં દર્શાવેલ ત્રિલોકવંદનીય સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં **વીરભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે '(૧) રાગ-દ્વેષ-મોહશૂન્ય, (૨) નિર્ભય, (૩) નિરુત્સુક, (૪) કેવલજ્ઞાનાત્મક મતિને ધારણ કરનારા એવા સિદ્ધ ભગવંતના ગુણ અનેક લોકો દ્વારા પ્રશંસાયેલા છે. (૫) તે સિદ્ધાત્મા ત્રણ જગતને વંદનીય છે.' **(૧૫/૧-૬)**

---

1. गतराग-द्वेष-मोहः विगतभयः तथा निरुत्सुकः मतिमान्। बहुजनपरिगीतगुणः नमनीयः त्रिलोकस्य।।

◆જ્ઞાનવંતનઈં કેવલી, દ્રવ્યાદિકઅહિનાણિ□;

✡બૃહત્કલ્પના ભાષ્યમાં, સરખા ભાખ્યા જાણિ✠ ॥૧૫/૧-૭॥ (૨૫૨)

*જ્ઞાનવંતને (દ્રવ્યાદિક અહિનાણ = દ્રવ્યાદિકઅધિજ્ઞાનઈં) કેવળી સરિખો કહ્યોછઈ, "શ્રુતકેવળી" ઈતિ.*

*बृहत्कल्प(भाष्य)*गाथा चेयम् - [1]किं गीयत्थो केवली ? चउव्विहे जाणणे य गहणे य ।

तुल्लेऽराग-दोसे, अणंतकायस्स वज्जणया✦ ।।(बृ.क.भा.१/९६२) इति।

क्रियातो ज्ञानस्याऽभ्यर्हितत्वमुपचिनोति - '**सुगीतार्थ**' इति।

**सुगीतार्थ-केवलिनौ द्रव्यादीनामभिज्ञानात् समौ।**

**बृहत्कल्पभाष्योक्तौ, ततो ज्ञानाधिक्यं निश्चिनु।।१५/१-७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - सुगीतार्थ-केवलिनौ द्रव्यादीनाम् अभिज्ञानात् समौ बृहत्कल्पभाष्योक्तौ। ततो ज्ञानाधिक्यं निश्चिनु।।१५/१-७।।

**द्रव्यादीनां** = द्रव्य-क्षेत्र-काल-भावानाम् **अभिज्ञानात्** प्ररूपणातश्च **सुगीतार्थ-केवलिनौ** = संविग्नभवभीरुनिर्दम्भछद्मस्थगीतार्थ-सर्वज्ञौ **समौ** = तुल्यौ एव **बृहत्कल्पभाष्योक्तौ**।

तदुक्तं **बृहत्कल्पभाष्ये निशीथभाष्ये** च [1]"किं गीयत्थो केवली ?, चउव्विहे जाणणे य गहणे य।

**અવતરણિકા** :- ક્રિયા કરતાં જ્ઞાનનું વધુ મહત્ત્વ છે. આ વાતનું સમર્થન ગ્રંથકારશ્રી કરે છે :-

**卐 શુષ્ક ક્રિયા કરતાં જ્ઞાન ચઢે 卐**

**શ્લોકાર્થ** :- 'સંવિગ્ન ગીતાર્થ અને કેવલજ્ઞાની દ્રવ્ય, ક્ષેત્ર વગેરેના જ્ઞાનની અપેક્ષાએ સમાન જ છે' - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્ય**માં જણાવેલ છે. તેથી ક્રિયા કરતાં સમ્યક્ જ્ઞાન ચઢિયાતું છે - એવો તમે નિશ્ચય કરો. (૧૫/૧-૭)

**વ્યાખ્યાર્થ** :- મોક્ષે ઝડપથી પહોંચવાની ઈચ્છાવાળા જીવને 'સંવિગ્ન' કહેવાય. તથા જેને પાપનો અત્યંત ભય હોય એવા જીવને 'ભવભીરુ' કહેવાય. પોતાના સ્વાર્થ માટે શાસ્ત્રવચનનો ઉપયોગ કરવાની માયા ન કરનાર સાધુ 'નિર્દંભ' કહેવાય. સંવિગ્ન, ભવભીરુ, નિર્દંભ, છદ્મસ્થ એવા ગીતાર્થ અને સર્વજ્ઞ ભગવાન - આ બન્ને જીવો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની જાણકારીની અપેક્ષાએ તથા દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની પ્રરૂપણા કરવાની અપેક્ષાએ સમાન જ છે. આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્ય**માં જણાવેલ છે.

**❋ ગીતાર્થ પણ કેવલજ્ઞાની ❋**

(तदुक्तं.) **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **નિશીથભાષ્ય**માં આ અંગે જણાવેલ છે કે 'શું ગીતાર્થ એ કેવલજ્ઞાની

◆ કો.(૧)માં 'ગ્યાનર્વત જે' પાઠ. પુસ્તકોમાં 'ગ્યાનવંતનઈં' પાઠ. કો.(૯)+સં.(૧)+મો.(૨)+પા.(૧)માં 'જ્ઞાનવંત...' પાઠ. □ પુસ્તકોમાં + પાલ.માં 'અહિનાણિ' પાઠ. કો.(૯+૧૦+૧૧+૧૪+૧૫+૧૭)+લી.(૧+૩+૪)+B(૧)+મો.(૨) +સં.(૧)માં 'અહિનાણ' પાઠ. ✡ પુસ્તકોમાં 'બૃહત્કલ્પગાથાના ભાષ્યમાં' પાઠ. કો.(૧+૭+૯+૧૦+૧૧)+સિ.+પાલ. +આ.(૧)+લા.(૨)+લી.(૧+૨+૩+૪)માં 'ગાથા' પદ નથી. ✠ પુસ્તકોમાં + પાલ.માં 'જાણિ' પાઠ. કો.(૯+૧૦+૧૧) +મો.(૨)માં 'જાણ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. ✦ લા.(૨)માં 'वज्जणा' પાઠ.

1. किं गीतार्थः केवली ? चतुर्विधं ज्ञानं च ग्रहणं च। तुल्येऽराग-द्वेषः, अनन्तकायस्य वर्ज्जना।।

*કેવલી ને શ્રુતકેવલી એ બે **સરિખા** (ભાખ્યા=) કહિયા છઈ.* ॥**૧૫/૧-૭**॥

तुल्लेऽराग-द्दोसे, अणंतकायस्स वज्जणया।।" (बृ.क.भा.१/९६१, नि.भा.४८२०) श्री**क्षेमकीर्त्तिसूरि**कृता **तद्वृत्तिस्तु** एवं "किं गीतार्थः केवली येन तीर्थकृत इव तस्य वचनं करणं चाऽकोपनीयम् ? सूरिराह – 'ओमि'ति ब्रूमः। तथाहि – द्रव्यादिभेदाद् यत् चतुर्विधं ज्ञानं तद् यथा केवलिनस्तथा गीतार्थस्यापि। तथा यत् प्रलम्बानामेकानेकग्रहणविषयं विषम-प्रायश्चित्तप्रदानम्, यश्च तत्र तुल्येऽपि जीवत्वे राग-द्वेषाभावः, या चाऽनन्तकायस्य वर्जना एतानि यथा केवली प्ररूपयति, तथा गीतार्थोऽपि।" (बृ.क.भा.१/९६१, वृ.) इति।

यथोक्तं **निशीथचूर्णौ** अपि [1]"किं गीयत्थो केवली ?.... ओमित्युच्यते। अकेवली वि केवलीव भवति"

છે ? હા, ચાર પ્રકારનું જ્ઞાન તથા (૧) ફળગ્રહણ વગેરેમાં વિભિન્ન પ્રાયશ્ચિત્તદાન, (૨) જીવત્વ તુલ્ય હોવા છતાં વિષમ પ્રાયશ્ચિત્તદાનમાં રાગ-દ્વેષાભાવ અને (૩) અનંતકાયનો ત્યાગ - આ ત્રણ વસ્તુની પ્રરૂપણા ગીતાર્થમાં અને કેવલજ્ઞાનીમાં સમાન છે.' શ્રી**ક્ષેમકીર્તિસૂરિ બૃહત્કલ્પભાષ્યની વ્યાખ્યા**માં જણાવે છે કે "શિષ્ય આચાર્ય ભગવંતને પ્રશ્ન કરે છે કે 'શું ગીતાર્થ કેવલજ્ઞાની છે કે જેના લીધે તીર્થંકરની જેમ ગીતાર્થના વચનનો અને આચરણનો અપલાપ ન જ કરી શકાય ?' આનું સમાધાન કરતા આચાર્ય કહે છે કે 'હા, ગીતાર્થ પણ કેવલજ્ઞાની છે' - આ પ્રમાણે અમે કહીએ છીએ. તે આ પ્રમાણે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી જ્ઞાનના ચાર પ્રકાર પડે છે. અર્થાત્ (૧) સચિત્ત-અચિત્તાદિ દ્રવ્યવિષયક જ્ઞાન. (૨) સંયમપ્રાયોગ્ય-અપ્રાયોગ્ય ક્ષેત્રગોચર જ્ઞાન. (૩) સંયમયોગ્ય-અયોગ્યાદિ કાલગોચર જ્ઞાન. (૪) સંયમસાધક-બાધકાદિ ભાવવિષયક જ્ઞાન. આ પ્રમાણે ચાર પ્રકારના જ્ઞાન જેમ કેવલજ્ઞાનીની પાસે હોય છે, તેમ છદ્મસ્થ ગીતાર્થ પાસે પણ હોય છે. તથા (क) એક અને અનેક ફળને ગ્રહણ કરવા વગેરે સ્વરૂપ અપરાધની બાબતમાં જુદા જુદા પ્રકારનું પ્રાયશ્ચિત્ત જે પ્રમાણે કેવળજ્ઞાની આપે છે, તે જ રીતે છદ્મસ્થ ગીતાર્થ પણ આપે છે. (ख) વળી, તે સચિત્ત ફળમાં જીવપણું સમાન હોવા છતાં તેના જુદા-જુદા કોળીયા વાપરનાર જીવોને જુદું જુદું પ્રાયશ્ચિત્ત આપવાનું અને તેમ છતાં પ્રાયશ્ચિત્તને લેનારા જીવ પ્રત્યે રાગ-દ્વેષનો અભાવ કેવલજ્ઞાનીમાં અને ગીતાર્થમાં સમાન છે. તેમજ (ग) અનંતકાયનો ત્યાગ. આ ત્રણ બાબતની પ્રરૂપણા જે રીતે કેવલજ્ઞાની કરે છે, તે રીતે ગીતાર્થ પણ કરે છે. તેથી ગીતાર્થ અને કેવલજ્ઞાની બન્ને સમાન કહેવાય છે."

**સ્પષ્ટતા** :- ગીતાર્થના વચનને અવશ્ય પાળવું જ જોઈએ. આ બાબતનું અનેક વાર **બૃહત્કલ્પભાષ્ય** વગેરેમાં પુનરાવર્તન થવાથી શિષ્ય ગુરુને પૂછે છે કે 'શું ગીતાર્થ કેવલી છે ?' ત્યારે ગુરુ ભગવંતે **(A)** ઉપરોક્ત ચાર પ્રકારના જ્ઞાન તથા **(B)** ત્રણ બાબતની પ્રરૂપણા કેવલજ્ઞાનીમાં અને ગીતાર્થમાં સમાન હોવાથી તે અપેક્ષાએ છદ્મસ્થ ગીતાર્થને અને કેવલજ્ઞાનીને સમાન ગણાવેલા છે. નિગોદની પ્રરૂપણા જે રીતે શ્રી**સીમંધરસ્વામી**એ કરી, તે જ રીતે સાધિકનવપૂર્વધર અનુયોગવિભાજક શ્રી**આર્યરક્ષિતસૂરિજી**એ કરી હતી. આ વાત **આવશ્યકનિર્યુક્તિ**માં (ગા.૭૭૭) પ્રસિદ્ધ છે. તેથી અનંતકાયત્યાગની પ્રરૂપણા સર્વજ્ઞ અને ગીતાર્થ સમાન રીતે કરે - આ વાત સરળતાથી સમજાશે. **નિશીથભાષ્ય**માં આ વિષયનો અતિવિસ્તાર છે.

(**यथोक्तं**.) **નિશીથચૂર્ણિ**માં પણ પ્રશ્નોત્તરરૂપે નીચે મુજબ જણાવેલ છે -

**પ્રશ્ન** :- 'શું ગીતાર્થ કેવળજ્ઞાની છે ?'

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. 1. किं गीतार्थः केवली ? 'ओम्' इति उच्यते अकेवली अपि केवली इव भवति।

(नि.चू.४८२०) इत्यादि। केवलि-श्रुतकेवलिनोः समप्रज्ञापकतयाऽप्यत्र समत्वं भावनीयम्। संविग्न-गीतार्थमुद्दिश्य [1]"ते छउमत्थे वि केवली" (म.नि.६/१३५ पृ.१६५) इति **महानिशीथे** उक्तं स्मर्तव्यमत्र। **ततो ज्ञानाधिक्यं** = भावनाज्ञानशून्यकेवलक्रियाऽवधिकज्ञानोत्कर्षं प्रमाणतो **निश्चिनु**। अतो भावनाज्ञानौपयिके द्रव्यानुयोगादिगोचरे ज्ञाने अधिक आदरः कर्तव्य इति सूचितम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्यादिगोचरज्ञानाद्यपेक्षया गीतार्थ-केवलिनौ तुल्यौ' इत्युक्त्या क्रियातः सम्यग्ज्ञानम् उत्कृष्यते। ततश्च केवलज्ञानकामिभिः गुर्वाज्ञया शीघ्रं गीतार्थतया भाव्यम्। एवं संवेग-निर्वेद-विवेकदृष्टि-भवभीरुता-गुरुसमर्पणाऽनभिनिविष्टवृत्ति-निर्दम्भता-परिणतत्वादिसद्गुण-कदम्बकात्मसात्करणेन प्रकल्पाध्ययनाद्यभ्यासयोग्यता स्वस्मिन् आविर्भावनीया। एतादृशगुणोपलब्ध्युत्तरमपि गुर्वाज्ञानुसारेण यावत् छेदग्रन्थादिज्ञानप्राप्तिः न स्यात् तावद् द्रव्यानुयोगपरिज्ञान-भावनाज्ञान-स्पर्शज्ञानाऽऽत्मपरिणतिमज्ज्ञान-तत्त्वसंवेदनज्ञानाऽसम्मूढप्रज्ञादिविविधसम्यग्ज्ञानोपलब्धये सततं कटिबद्धतया भाव्यम्। इत्थमेव [2]"रूवाईअसहावो, केवलसन्नाणदंसणाणंदो। जो चेव य परमप्पा, सो सिद्धप्पा" (श्री.क.१३२८) इति **श्रीश्रीपालकथायां रत्नशेखरसूरिप्रोक्तं** सिद्धस्वरूपं सुलभं स्यात्।।१५/१-७।।

---

**પ્રત્યુત્તર** :- 'હા, ગીતાર્થ કેવલી છે. છદ્મસ્થ ગીતાર્થ કેવલી ન હોવા છતાં કેવલજ્ઞાની જેવા છે.' કેવલજ્ઞાની અને શ્રુતકેવલી તુલ્યદેશનાદાતા હોય છે. તેથી પણ તે બન્નેમાં તુલ્યતા ભાવવી. સંવિગ્ન ગીતાર્થને ઉદ્દેશીને 'તે છદ્મસ્થ હોવા છતાં કેવલી છે' - આ પ્રમાણે કહેવામાં આવેલી **મહાનિશીથ**ની વાતને પણ અહીં યાદ કરવી. તેથી અહીં દર્શાવેલ ત્રણ છેદગ્રંથના સંદર્ભના આધારે તમે પ્રમાણથી નિશ્ચય કરો કે ભાવનાજ્ઞાનશૂન્ય એવી ફક્ત ક્રિયા કરતાં જ્ઞાનમાં અધિકતા રહેલી છે. જ્ઞાનશૂન્ય ક્રિયા કરતાં દ્રવ્યાનુયોગાદિવિષયક જ્ઞાન વધુ મહત્ત્વ ધરાવતું હોવાથી તેના ઉપાર્જનમાં આત્માર્થીએ વધારે આદર કરવો જોઈએ. આમ સૂચિત થાય છે.

### ❊ જ્ઞાની બનવાની પાત્રતા કેળવીએ ❊

**આધ્યાત્મિક ઉપનય** :- 'અમુક અપેક્ષાએ ગીતાર્થ અને કેવલજ્ઞાની બન્ને સમાન છે' - આ હકીકત જ્ઞાનનું ક્રિયા કરતાં વધુ મહત્ત્વ આંકે છે. તેથી કેવલજ્ઞાન મેળવવાની ઝંખના ધરાવનાર આત્માર્થી જીવોએ ગુરુ-આજ્ઞા મેળવી વહેલી તકે ગીતાર્થ બનવું જોઈએ. તથા સંવેગ, વૈરાગ્ય, વિવેકદષ્ટિ, ભવભીરુપણું, ગુરુસમર્પણભાવ, અનાગ્રહી વલણ, નિર્દંભતા, પરિણતપણું વગેરે સદ્ગુણોના વૃંદને આત્મસાત્ કરવા દ્વારા પ્રકલ્પગ્રન્થને = છેદગ્રંથને ભણવાની યોગ્યતા પોતાનામાં પ્રગટાવવી જોઈએ. આવા સદ્ગુણવૈભવની પ્રાપ્તિ બાદ પણ જ્યાં સુધી છેદગ્રંથાદિનું જ્ઞાન ગુર્વાજ્ઞા મુજબ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દ્રવ્યાનુયોગવિષયક જ્ઞાન, ભાવનાજ્ઞાન, સ્પર્શજ્ઞાન, આત્મપરિણતિવાળું જ્ઞાન, તત્ત્વસંવેદન જ્ઞાન, અસંમૂઢ પ્રજ્ઞા વગેરે વિવિધ પ્રકારના સમ્યગ્ જ્ઞાનને મેળવવા સતત પ્રતિબદ્ધ બનવું જોઈએ. આવું બને તો જ **શ્રીશ્રીપાલકથા**માં (= **સિરિસિરિવાલકહા**માં) વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. **શ્રીરત્નશેખરસૂરિ** ત્યાં જણાવે છે કે 'જે રૂપાતીતસ્વભાવવાળા અને કેવલજ્ઞાન-દર્શન-આનંદમય પરમાત્મા છે તે જ સિદ્ધાત્મા છે.'(૧૫/૧-૭)

1. ते छद्मस्था अपि केवलिनः । 2. रूपातीतस्वभावः, केवलसज्ज्ञानदर्शनानन्दः। यश्चैव च परमात्मा, सः सिद्धात्मा।।

**નાણ પરમગુણ જીવનો, નાણ ભવન્નવપોત;**
**મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત ॥૧૫/૧-૮॥ (૨૫૩)**

**જ્ઞાન** તે **જીવનો પરમગુણ** છઇં, અપ્રતિપાતીપણા માટે.

---

पुनरपि प्रकारान्तरेण ज्ञानमेवाऽभिष्टौति – '**ज्ञानमि**'ति।

**ज्ञानमात्मगुणः परः ज्ञानं भवार्णववरयानपात्रम्।**
**महाप्रकाशो ज्ञानम्, मिथ्यात्वमतितमोभेदाय।।१५/१-८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ज्ञानं परः आत्मगुणः। ज्ञानं भवार्णववरयानपात्रम्। मिथ्यात्वमतितमोभेदाय ज्ञानं महाप्रकाशः।।१५/१-८।।

पूर्वं (१०/२०) चैतन्यापराभिधानं ज्ञानं जीवस्वरूपत्वात्, प्रधानगुणत्वाच्चाऽऽत्मलक्षणतयोक्तम्। तदुक्तं **कुन्दकुन्दस्वामिना नियमसारे** "णाणं जीवसरूवं" (नि.सा.१७०) इति। तदुक्तम् **अमृतचन्द्रेणा**ऽपि **आत्मख्यातौ समयसारवृत्तौ** परिशिष्टे "आत्मनो हि ज्ञानं लक्षणम्, तदसाधारणगुणत्वाद्" (स.सा.परिशिष्ट-पृ.६०९) इति। ***न च*** ज्ञानस्य प्रधानात्मगुणत्वमसिद्धमिति ***शङ्कनीयम्,*** '**ज्ञानम्** एव **परः** = प्रधान **आत्मगुणः**, अप्रतिपातित्वाद्' – इत्यनुमानतः तत्सिद्धेः। क्रिया तु प्रतिपातित्वान्न मोक्षमार्गे प्राधान्यमञ्चति।

किञ्च, ज्ञान-दर्शनोपयोगयोः अपि मध्ये ज्ञानमेव प्रधानम्, तद्वशादेव सकलशास्त्रादिविषयविचारसन्ततिप्रवृत्तेः, सर्वलब्धीनां साकारोपयोगोपयुक्तस्य उत्पादात्, सिध्यत्समये साकारोपयोगस्य प्रतिपादनाच्च।

---

:- ફરીથી ગ્રંથકારશ્રી બીજી રીતે જ્ઞાનની જ સામે ચાલીને પ્રશંસા કરે છે :-

:- (૧) જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે. (૨) ભવસાગર તરવા માટે જ્ઞાન એ જ શ્રેષ્ઠ વહાણ છે. (૩) તથા જ્ઞાન એ જ મિથ્યાબુદ્ધિરૂપી અંધકારનો નાશ કરવા માટે મહાપ્રકાશ છે. (૧૫/૧-૮)

### ❊ જ્ઞાન ભવસાગરમાં નૌકા ❊

:- પૂર્વે (૧૦/૨૦) જણાવેલ કે જ્ઞાનનું બીજું નામ ચૈતન્ય છે. તે જીવસ્વરૂપ હોવાથી તથા પ્રધાન આત્મગુણ હોવાથી આત્માનું લક્ષણ છે. તેથી **નિયમસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જ્ઞાન જીવનું સ્વરૂપ છે.' તેમજ **સમયસાર**ની **આત્મખ્યાતિ** વ્યાખ્યામાં પરિશિષ્ટ વિભાગમાં **અમૃતચન્દ્રજી** પણ જણાવે છે કે 'જ્ઞાન એ જ આત્માનું લક્ષણ છે. કેમ કે તે અસાધારણ ગુણ છે.' 'જ્ઞાન આત્માના મુખ્ય ગુણ તરીકે કઈ રીતે સિદ્ધ થાય ?' - આવી શંકા ન કરવી. કારણ કે અનુમાન પ્રમાણથી તેની સિદ્ધિ થાય છે. તે અનુમાનપ્રયોગ આ રીતે સમજવો. (ક) જ્ઞાન એ જ આત્માનો મુખ્ય ગુણ છે. કારણ કે જ્ઞાન અપ્રતિપાતી = અવિનાશી છે. ક્રિયા તો પ્રતિપાતી = વિનશ્વર હોવાથી મોક્ષમાર્ગમાં મુખ્યતાને પામતી નથી.

### ✻ સાકાર ઉપયોગમાં લબ્ધિની ઉત્પત્તિ ✻

**(किञ्च.)** વળી, જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ - આ બેમાં પણ જ્ઞાનઉપયોગ મુખ્ય છે. કેમ કે જ્ઞાનના આધારે જ સર્વ શાસ્ત્રોના વિષયના વિચારની પરંપરા પ્રવર્તે છે. વળી, સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગમાં ઉપયુક્ત જીવને ઉત્પન્ન થાય છે. તથા સિદ્ધ થવાના પ્રથમ સમયે જીવને સાકારોપયોગ શાસ્ત્રમાં જણાવેલ

**જ્ઞાન** તે **ભવાર્ણવ**માં = ભવસમુદ્રમાં **પોત** = વહાણ સમાન છઈ, તરણ-તારણ સમર્થ. **મિથ્યાત્વમતિરૂપ** જે (**તમ**=) તિમિર = અંધકાર, તેહનેં **ભેદવાનેં** અર્થે **જ્ઞાન** તે **મહાઉદ્યોત** છઈ, મોટા અજુઆલા સરખો કહ્યો છે.॥**૧૫/૧-૮**॥

तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सव्वाओ लद्धीओ जं सागारोवओगलाभाओ। तेणेह सिद्धलद्धी उप्पज्जइ तदुवउत्तस्स।।" (वि.आ.भा.३०८९) इति। **प्रज्ञापनासूत्रव्याख्या**(प्र.सू.प.२३/सू.२८८) – **प्रथमकर्मग्रन्थव्याख्यादौ** (प्र.क.ग्र.३/पृ.५) एतद्विस्तरः बोध्यः।

अतः सम्यग् **ज्ञानम्** एव **भवार्णववरयानपात्रं** = संसारसागरतारणपेशलबोहित्थः, तरण-तारण-समर्थत्वात्। क्रिया तु तृण-पर्णादितुल्या न परेषां सन्तारणे समर्था। इदमेवाभिप्रेत्य भावनाज्ञानाधिकारे **उपदेशपदे** [2]"णाणी बाहुल्लओ हिअं चेव कुणइ" (उप.प.९०७) इत्युक्तं श्री**हरिभद्रसूरि**भिः।

**मिथ्यात्वमतितमोभेदाय** = सांशयिकादिपञ्चविधमिथ्यात्वग्रस्तबुद्धिलक्षणतिमिरविभेदनाय **ज्ञानम्** एव **महाप्रकाशः**, यथार्थतत्त्वस्वरूपप्रकाशकत्वात्। क्रिया तु जात्यन्धगन्तृतुल्या, प्रवृत्तिशीलत्वेऽपि यथावस्थितात्मादितत्त्वस्वरूपाऽप्रकाशकत्वात्। अत एव [3]"बारसविहम्मि वि तवे सब्भिंतर-बाहिरे जिण-

છે. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જણાવેલ છે કે 'સર્વ લબ્ધિઓનો લાભ જે કારણે સાકાર ઉપયોગમાં થાય છે, તે કારણે સાકાર ઉપયોગમાં = જ્ઞાનમાં ઉપયુક્ત જીવને જ સિદ્ધલબ્ધિ ઉત્પન્ન થાય છે.' **પન્નવણાસૂત્ર**ની **વ્યાખ્યા**, **પ્રથમ કર્મગ્રંથટીકા** વગેરેમાં આ વાત વિસ્તારથી દર્શાવેલ છે.

(**अतः**) (**ખ**) તેથી સમ્યગ્ જ્ઞાન જ સંસારસાગરને તરાવવા માટે શ્રેષ્ઠ વહાણ છે. સમ્યગ્જ્ઞાની મહાત્મા તો ભવસાગરને અવશ્ય તરે જ છે. પરંતુ બીજાને પણ ભવસાગર તરાવવાનું લોકોત્તર સૌભાગ્ય તે પ્રાપ્ત કરે છે. કારણ કે સમ્યગ્જ્ઞાન પોતાના આશ્રયને અને સ્વાશ્રયસમર્પિતને ભવસાગર તરાવવા માટેનું અમોઘ સામર્થ્ય ધરાવે છે. જ્યારે ક્રિયા તો ઘાસ અને પાંદડા વગેરે સમાન છે. બીજાને તરાવવા માટે તે સમર્થ નથી. આ જ અભિપ્રાયથી 'ભાવનાજ્ઞાન'ના અધિકારમાં **ઉપદેશપદ**માં **શ્રીહરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'જ્ઞાની પુરુષ મોટા ભાગે બીજાનું હિત જ કરે છે.'

### ❋ જ્ઞાન મહાપ્રકાશ ❋

(**मिथ्यात्व.**) (ગ) મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. (**૧**) સાંશયિક, (**૨**) અનાભોગિક, (**૩**) આભિગ્રહિક, (**૪**) અનાભિગ્રહિક અને (**૫**) આભિનિવેશિક. આ પાંચ પ્રકારના મિથ્યાત્વથી ઘેરાયેલી બુદ્ધિ જીવને ભવસાગરમાં ઊંધા રવાડે ચડાવી દે છે. તેથી મિથ્યાત્વગ્રસ્ત બુદ્ધિને શાસ્ત્રકાર ભગવંતોએ અંધકાર તરીકે જણાવેલ છે. આવા અંધકારનો નાશ કરવા માટે સમ્યગ્ જ્ઞાન એ જ મહાપ્રકાશ સ્વરૂપ છે. કારણ કે સમ્યગ્ જ્ઞાન યથાર્થપણે તત્ત્વના સ્વરૂપનો પ્રકાશ કરે છે. આત્માદિ તત્ત્વના સ્વરૂપની સાચી જાણકારી ફક્ત જ્ઞાન દ્વારા જ મળે છે. જ્યારે ક્રિયા તો જન્માંધ મુસાફર જેવી જ છે. કારણ કે ક્રિયા પ્રવૃત્તિશીલ હોવા છતાં પણ યથાવસ્થિતપણે જીવાદિ તત્ત્વના સ્વરૂપને જણાવવાના સામર્થ્યવાળી નથી. આ જ કારણે

1. सर्वा लब्धयो यत् साकारोपयोगलाभात्। तेनेह सिद्धलब्धिः उत्पद्यते तदुपयुक्तस्य।। 2. ज्ञानी बाहुल्यतः हितम् एव करोति।
3. द्वादशविधे अपि तपसि साभ्यन्तर-बाह्ये जिनाऽऽख्याते। नाऽपि अस्ति नाऽपि च भविष्यति स्वाध्यायसमं तपः कर्म।।

क्खाए। न वि अत्थि न वि य होही सज्झायसमं तवोकम्मं।।" (बृ.क.भा.११६९, च.वे.प्र.८९, म.वि.प्र.१२८, म.स.प्र.१२९, पञ्चा.१५/२०, आ.प.८५, आ.प.५८९, दश.नि.१८७, प.व.५६२, सं.र.शा.१३४४, भ.आ.१०६) इति **बृहत्कल्पभाष्ये**, **चन्द्रकवेध्यकप्रकीर्णके**, **मरणविभक्तिप्रकीर्णके**, **मरणसमाधिप्रकीर्णके**, **पञ्चाशके**, **वीरभद्राचार्य**कृतायाम् अज्ञातकर्तृकायाञ्च **आराधनापताकायाम्**, **दशवैकालिकनिर्युक्तौ**, श्रीहरि**भद्रसूरि**कृते **पञ्चवस्तुके**, **संवेगरङ्गशालायाम्**, **शिवार्य**कृतायां च **भगवत्याम् आराधनायाम्** उक्तम्। अतोऽपि सम्यग्ज्ञाने क्रियातो बलाधिकत्वाऽऽदरणीयतरत्वादिकं सिध्यतीत्याशयः।

किञ्च, ज्ञानशून्या क्रिया मृण्मयकलशोपमा, निरनुबन्धसामान्यफलजनकत्वात्। भावनाज्ञानपरिपूता हि सत्क्रिया सुवर्णकलशोपमा, तथा-तथाफलान्तरसाधनेन प्रकृष्टफलजनकस्वभावत्वात्। इत्थमुपजीव्यत्वादपि सम्यग्ज्ञानस्य क्रियातो बलाधिकत्वं सिध्यति। बौद्धानामिदं मतमस्माकमपि सम्मतम्। तदुक्तं **ज्ञानसारे** "ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम्। युक्तं तदपि तद्भावं न यद् भग्नाऽपि सोज्झति।।" (ज्ञा.सा. उपसंहार-१०) इति। 'परे = बौद्धाः', शिष्टं स्पष्टम्। बौद्धमतानुसारेण मिथ्यादृष्टिजं पुण्यम् अपरिशुद्धं मृद्घटसंस्थानीयम्, सम्यग्दृष्टिजं च पुण्यं परिशुद्धं सुवर्णघटसंस्थानीयमिति **योगशतके**

---

**બૃહત્કલ્પભાષ્યમાં**, **ચન્દ્રકવેધ્યકપ્રકીર્ણકમાં**, **મરણવિભક્તિપ્રકીર્ણકમાં**, **મરણસમાધિપ્રકીર્ણકમાં**, **પંચાશકમાં**, **વીરભદ્રાચાર્ય**કૃત **આરાધનાપતાકામાં**, અજ્ઞાતકર્તૃક **આરાધનાપતાકામાં**, **દશવૈકાલિકનિર્યુક્તિ**માં, શ્રીહરિ**ભદ્રસૂરિ**કૃત **પંચવસ્તુકમાં**, **જિનચંદ્રસૂરિ**કૃત **સંવેગરંગશાળા**માં તથા દિગંબર **શિવાર્ય**કૃત **ભગવતી આરાધના**માં જણાવેલ છે કે 'શ્રીજિનેશ્વરે અભ્યન્તરતપસહિત બાહ્યતપ બાર પ્રકારનો કહેલો છે. તે બારેય તપમાં સ્વાધ્યાયસમાન અન્ય કોઈ તપ નથી અને થશે નહિ.' આ કારણસર પણ ક્રિયા કરતાં સમ્યગ્જ્ઞાનમાં વધારે સામર્થ્ય અને વધારે આદરણીયતા વગેરે સિદ્ધ થાય છે. આ પ્રમાણે ગ્રંથકારશ્રીનો આશય છે.

### ⊛ જ્ઞાનપૂત ક્રિયા સુવર્ણઘટસમાન ⊛

(**किञ्च.**) વળી, જ્ઞાનશૂન્ય ક્રિયા માટીના ઘડા જેવી છે. કારણ કે તે નિરનુબંધ સામાન્ય ફળને જ ઉત્પન્ન કરે છે. જ્યારે ભાવનાજ્ઞાનથી પવિત્ર બનેલી સુંદર ક્રિયા સોનાના ઘડા જેવી છે. કારણ કે તેવા-તેવા પ્રકારના નવા-નવા ફળને સાધવા દ્વારા તે પ્રકૃષ્ટ ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. આશય એ છે કે જેમ માટીનો ઘડો ભાંગે તો નકામો બની જાય. પરંતુ સોનાનો ઘડો ભાંગે તો પણ સોનાની કિંમત તો ઉપજે છે, તેમ પ્રસ્તુતમાં યોજના કરવી. આમ ક્રિયાને પોતાનું પૂરેપૂરું ફળ આપવા માટે જ્ઞાનનો આશ્રય કરવો પડે છે. તેથી જ્ઞાન ઉપજીવ્ય છે. ક્રિયા ઉપજીવક છે. ઉપજીવક કરતાં ઉપજીવ્ય હંમેશા બળવાન હોય - આ વાત દાર્શનિક જગતમાં પ્રસિદ્ધ છે. માટે પણ ક્રિયા કરતાં સમ્યગ્ જ્ઞાનનું બળ અધિક છે - તેવું સિદ્ધ થાય છે. આ બૌદ્ધોનો મત છે. તથા અમને જૈનોને પણ આ માન્ય છે. તેથી જ **જ્ઞાનસાર**માં જણાવેલ છે કે 'બીજાઓ (બૌદ્ધો) પણ જ્ઞાનથી પવિત્ર બનેલી ક્રિયાને સુવર્ણઘટતુલ્ય કહે છે. એમનું આ વચન પણ યોગ્ય છે. કારણ કે જ્ઞાનપવિત્ર ક્રિયા (કર્મોદયાદિથી) ભગ્ન થાય (છૂટી જાય), તો પણ તેના (ક્રિયાના/દૃષ્ટાંતમાં સુવર્ણના) ભાવને છોડતી નથી.' બૌદ્ધમત મુજબ મિથ્યાદૃષ્ટિજન્ય પુણ્ય અપરિશુદ્ધ છે. તે માટીના ઘડા જેવું છે. તથા સમ્યગ્દૃષ્ટિજન્ય પુણ્ય પરિશુદ્ધ

(गा.८७) **उपदेशपदे** (गा.२४०-४१-४२) च व्यक्तम्, अस्माकमपि सम्मतमिति **तद्वृत्ति**तो विज्ञेयम्।

किञ्च, "अन्तरङ्गं बहिरङ्गाद् (बलवद्)" (न्या.स.४२) इति **न्यायसङ्ग्रहे हेमहंसगणि**वचनानुसारतः अन्तरङ्गत्वाद् ज्ञानस्यैव बलीयस्त्वम्, न तु क्रियायाः। सम्मतञ्चेदं परेषामपि। तदुक्तं **सुरेश्वराचार्येण सम्बन्धवार्त्तिके** "अन्तरङ्गं हि विज्ञानं प्रत्यङ्मात्रैकसंश्रयात्। बहिरङ्गं तु कर्म स्याद् द्रव्याश्रयत्वतो नृणाम्।।" (स.वा.२६७) इति। अधिकं तु प्रथमशाखादर्शितरीत्या (१/५) अवगन्तव्यम्।

***यद्यपि*** मिथ्यादृष्टिज्ञानमपि घटं घटत्वेनैव अवगाहते, न तु पटत्वेन ***तथापि*** "मिथ्यादृष्टिज्ञाने सम्यक्प्रवृत्त्यादिद्वारा मोक्षहेतुतावच्छेदकज्ञानत्वाऽभाव एव अज्ञानत्वम्" (ज्ञाना.तरङ्ग.१/श्लो.१५) इति व्यक्त-मुक्तं **महोपाध्याययशोविजय**गणिवरैः **ज्ञानार्णवे**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रधानात्मगुणत्वादित्रितयं ज्ञाने विज्ञाय क आत्मार्थी द्रव्या-नुयोगगोचरसम्यग्ज्ञानोपार्जनकृते तत्परः न स्यात् ? सर्व एव स्यादित्यर्थः। एवं 'भावनाज्ञानी परकीयं हितमेवाऽऽचरति, न त्वहितमि'ति अवगम्य अस्मदीयबोध-प्रवृत्ती पराऽहितनिमित्ततां न

---

છે. તે સોનાના ઘડા જેવું છે. આ વાત **યોગશતક**માં તથા **ઉપદેશપદ**માં જણાવેલ છે. તથા અમને જૈનોને પણ એ વાત માન્ય છે. તે બન્ને ગ્રંથની વ્યાખ્યા દ્વારા આ વાતને જાણવી.

### ❖ અંતરંગ હોવાથી જ્ઞાન બળવાન ❖

(**किञ्च.**) વળી, શ્રી**હેમહંસ ગણી**એ **ન્યાયસંગ્રહ**માં જણાવેલ છે કે 'બહિરંગ કરતાં અંતરંગ બળવાન હોય છે.' આ નિયમ મુજબ વિચારીએ તો જ્ઞાન-ક્રિયામાંથી જ્ઞાન જ બળવાન છે. કેમ કે તે અંતરંગ છે. ક્રિયા જ્ઞાનની દૃષ્ટિએ નિર્બળ છે. કેમ કે તે બહિરંગ = બાહ્યદેહાશ્રિત છે. આ વાત પરદર્શનીઓને પણ માન્ય છે. તેથી જ **સુરેશ્વરાચાર્યે સંબંધવાર્ત્તિક** ગ્રંથમાં વેદાન્તસિદ્ધાન્ત મુજબ જણાવેલ છે કે 'વિજ્ઞાન જ અંતરંગ છે. કારણ કે તે કેવલ પ્રત્યક્ચૈતન્યમાં જ રહે છે. જ્યારે ક્રિયા તો બહિરંગ બને. કેમ કે તે મનુષ્યોના દ્રવ્યને = દેહને આશ્રયીને રહેલી છે.' ક્રિયા કરતાં જ્ઞાન મુખ્ય છે - આ બાબત માટે અધિક નિરૂપણ પ્રથમ શાખામાં (૧/૫) દર્શાવેલ પદ્ધતિ મુજબ સમજવું.

### ❋ અજ્ઞાનત્વની ઓળખ ❋

(**यद्यपि.**) જો કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ ઘટને ઘટ તરીકે જ જાણે છે, પટ તરીકે નહિ. તો પણ 'સમ્યક્ પ્રવૃત્તિ વગેરે દ્વારા મોક્ષનો હેતુ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન નથી બનતું. તેથી મોક્ષહેતુતાના અવચ્છેદકીભૂત જ્ઞાનત્વ નામના ગુણધર્મનો મિથ્યાજ્ઞાનમાં અભાવ છે. તથા તે જ મિથ્યાદૃષ્ટિજ્ઞાનગત અજ્ઞાનત્વ છે' - આ મુજબ **જ્ઞાનાર્ણવ**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજય** ગણિવરે સ્પષ્ટ કહેલ છે.

### ❁ ભાવનાજ્ઞાની પરહિત જ કરે ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્તુત શ્લોકમાં જણાવેલ 'જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે, વહાણ છે, મહાપ્રકાશ છે' - આ ત્રણેય બાબત દ્વારા જ્ઞાનનું માહાત્મ્ય, પ્રભાવ, સામર્થ્ય, આદરણીયત્વ વગેરે જાણીને કયો આત્માર્થી જીવ દ્રવ્યાનુયોગાદિવિષયક સમ્યગ્જ્ઞાનનું ઉપાર્જન કરવા માટે તત્પર ન થાય? તે જ પ્રશ્ન છે. અર્થાત્ બધા જ થાય. તથા 'ભાવનાજ્ઞાનવાળો સાધક શક્ય હોય તો બીજાનું હિત

भजेतामित्यवधातव्यम्। अस्मदीयज्ञानादेः पराऽहितसमाचरणनिमित्तत्वे तत्त्वतः अस्माकम् अज्ञानग्रस्तत्वेन 'दीपकतले तमः' इति न्यायविषयताऽस्माकं सम्पद्येत। एवं न स्यात् तथा यतितव्यमित्युपदेशः।

प्रकृते द्रव्यानुयोगगोचरज्ञानप्रभावेण द्रव्यदृष्टिः प्राप्तव्या, न तु केवलं द्रव्यदृष्टिज्ञानम्। न हि प्रशस्त-प्रकृष्ट-प्रौढवाणीविलास-विचारवैभवाभ्यां कर्मसत्ता वञ्चयितुं शक्या। भोजनादिप्रवृत्तिकाले द्रव्यदृष्टिबले सति तपस्त्यागादिसहकृतदेहात्मविवेकविज्ञानविमलीकृतनिजान्तरङ्गाऽऽर्द्राऽऽशयवशेन कर्मसत्ता उन्मूलयितुमपि शक्यते इत्यधिकम् अस्मत्कृत**संवेदनप्रबन्धाद्** अवसेयम्।

---

કરે પરંતુ બીજાનું અહિત તો ન જ કરે' - આવું જાણીને આપણી જાણકારી અને પ્રવૃત્તિ ભૂલે ચૂકે પણ બીજા જીવોના અહિતમાં નિમિત્ત બની ન જાય તેની જાગૃતિ રાખવાની મંગળ પ્રેરણા અહીં પ્રાપ્ત થાય છે. જો આપણી જાણકારી બીજા જીવનું અહિત કરવામાં નિમિત્ત બની જાય તો વાસ્તવમાં આપણામાં અજ્ઞાન જ છવાયેલ હોય. તેથી 'દીવા નીચે અંધારું' - આવી લૌકિક કહેવતનો આપણે ભોગ બનવું પડે. બીજાનું અહિત કરીએ ત્યારે આપણે આપણા પગમાં પણ કુહાડો મારવાનું કામ કરીએ છીએ. આવું આપણી બાબતમાં ન બને એવો પ્રયત્ન કરવાનો આધ્યાત્મિક સંદેશ ગ્રંથકારશ્રી અહીં ફરમાવે છે.

### ❁ માત્ર દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન નહિ, દ્રવ્યદૃષ્ટિને મેળવીએ ❁

(**પ્રકૃ.**) પ્રસ્તુતમાં દ્રવ્યાનુયોગના જ્ઞાનના પ્રભાવથી-સામર્થ્યથી-સહાયથી દ્રવ્યદૃષ્ટિ મેળવવાની છે. ફક્ત દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન મેળવીને અટકી જવાનું નથી. કારણ કે દ્રવ્યદૃષ્ટિના જ્ઞાનથી કે દ્રવ્યાનુયોગના જ્ઞાનથી પ્રશસ્ત, પ્રકૃષ્ટ અને પ્રૌઢ વાણીનો વિલાસ કે તેવો વિચારવૈભવ આવી જાય એટલા માત્રથી કર્મસત્તાને છેતરવી શક્ય નથી. તેથી અહીં દ્રવ્યાનુયોગજ્ઞાનની સહાયથી માત્ર દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન નહિ પણ દ્રવ્યદૃષ્ટિ મેળવવાની છે. સાધક ભગવાનમાં દ્રવ્યદૃષ્ટિનું પરિણમન થાય, દ્રવ્યદૃષ્ટિનું બળ પ્રગટે તો દેહાત્મભેદજ્ઞાન દ્વારા પોતાનો અંતરંગ આશય નિર્મળ બને છે. તેના લીધે કર્મસત્તાને માત્ર છેતરવાનું જ નહિ પણ કર્મસત્તાને મૂળમાંથી ઉખેડવાનું પણ શક્ય બને છે. આમાં તપ-ત્યાગ આદિ સાધનાનો સહકાર પણ જરૂરી છે.

દા.ત. (૧) આપણે એવી કલ્પના કરીએ કે જીવને જમવાનો અવસર આવે એટલે કર્મસત્તા હરખાય છે કે 'હવે આ જીવને રસલોલુપ બનાવીને હું તેને મારા અદૃશ્ય બંધનમાં બાંધીશ, ભવભ્રમણ કરાવીશ.'

(૨) પણ ભોજન સમયે સાધક એમ વિચારે કે 'હમણાં શરીરને ટેકો આપી દઉં. કાલથી તો અઠ્ઠમ કરીને શરીરનો પૂરેપૂરો કસ કાઢીશ. વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિહાર વગેરે યોગોના માધ્યમથી મોક્ષમાર્ગે આગળ વધીશ. ચાર મીઠાઈની જરૂર નથી. એક મીઠાઈથી ચાલશે. ફરસાણની તો બિલકુલ આવશ્યકતા નથી.' આવું થાય તો કાંઈક અંશે કર્મસત્તા છેતરાઈ કહેવાય.

(૩) તથા ભોજનના અવસરે શાંત-વિરક્ત ચિત્તથી સાધક ભગવાન એવું અંદરમાં પ્રતીત કરે કે 'ભોજનના પુદ્ગલોથી દેહપુદ્ગલો પુષ્ટ થાય છે. એમાં મારે શું હરખ-શોક કરવાનો ? હું તો અનાદિથી અણાહારી છું. દગાબાજ દેહને પુષ્ટ કરવામાં મને શો લાભ ? શરીર ખાય કે ન ખાય તેમાં મને શું લાગે વળગે ? મને તો રત્નત્રયના નિર્મળ પર્યાયોથી જ પુષ્ટિ મળે. શુદ્ધ ચેતનાનો ખોરાક મને ક્યારે મળશે ? કેવી રીતે મળશે ?' આ અંગે વધુ જાણકારી મેળવવા જુઓ - અમે બનાવેલ '**સંવેદનની**

मित्रादृष्टिकाले भद्रपरिणामिनि जीवे परिणमन्ती द्रव्यदृष्टिः घोरशत्रुतया आत्मगतं मिथ्यात्वं व्यनक्ति। 'देहेन्द्रिय-मनःप्रभृतिषु आत्मबुद्धिलक्षणा दुःखात्मकभोगेषु च सुखबुद्धिस्वरूपा मिथ्यादृष्टिरेव आत्मनो घोरविडम्बनाकारिणी' इति तदा अन्तःकरणे प्रतीयते। निजदोषस्य दोषत्वेन ज्ञानम्, अभ्युपगमः, श्रद्धा च प्रथमो मुख्यो गुणः। तदुत्तरं गुणयोग-क्षेम-शुद्धि-वृद्धियोग्यता प्रादुर्भवति। अत एव मिथ्यात्वसहचरितत्वेऽपि तादृशगुणस्य गुणस्थानकत्वम् अभिप्रेतम्। प्रकृते मिथ्यात्वं न गुणस्थानकतया सम्मतम्। किन्तु तदा महादोषत्वेन रूपेण मिथ्यात्वस्य निर्भ्रान्तं ज्ञानमेव गुणस्थानं = सानुबन्धगुणोत्पत्तिस्थानं समाम्नातम्।

अत एव तदा जीवे तात्त्विकं प्रथमगुणस्थानमुच्यते। इदमेवाभिप्रेत्योक्तं **गुणस्थानकक्रमारोहे**

---

**સરગમ'** પુસ્તક-ત્રીજી આવૃત્તિ-પૃષ્ઠ ૮૫ થી ૯૯. આ રીતે શાંત-વિરક્ત ચિત્તે આશયશુદ્ધિથી સાધક પ્રભુ પરિણમી જાય તો મિથ્યાત્વમોહનીય મૂળમાંથી ઉખડવા માંડે, કર્મસત્તા પલાયન થઈ જાય.

પરંતુ આ બધું હોઠથી નહિ પણ હૃદયથી થવું જોઈએ. આર્દ્ર અંતઃકરણથી આવો પુરુષાર્થ ઉપડવો જોઈએ. તો જ દ્રવ્યદૃષ્ટિનું બળ મળે. સાધક આત્માની દ્રવ્યદૃષ્ટિમય સ્થિતિ-પરિણતિ હકીકતરૂપે જોઈએ. તો આત્માનું કામ થઈ જાય.

### ❋ વ્યક્ત મિથ્યાત્વને ઓળખીએ ❋

(**मित्रा.**) શ્રી**હરિભદ્રસૂરિ**વરે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથરાજમાં બતાવેલી મિત્રાદૃષ્ટિ જ્યારે ભદ્રપરિણામી જીવમાં પ્રગટે ત્યારથી દ્રવ્યદૃષ્ટિનું પરિણમન તે જીવમાં શરૂ થાય છે. સાધક પ્રભુમાં પરિણમતી એવી દ્રવ્યદૃષ્ટિ 'આત્મામાં રહેલ મિથ્યાત્વ એ જ આત્માનો ઘોર શત્રુ છે' - તેવું વ્યક્ત કરે છે, જણાવે છે. 'દેહ, ઈન્દ્રિય, મન વગેરેમાં આત્મબુદ્ધિ તથા દુઃખાત્મક ભોગાદિમાં સુખબુદ્ધિ...' વગેરે સ્વરૂપ મિથ્યામતિ-મિથ્યાદૃષ્ટિ-મિથ્યાશ્રદ્ધા જ આત્માનું ઘોર નિકંદન કાઢનાર છે - આ પ્રમાણે મિત્રાદૃષ્ટિની હાજરીમાં સૌપ્રથમ વખત સાધક જીવને અંદરમાં સમજાય છે. મિત્રાદૃષ્ટિ પૂર્વે જે મિથ્યાત્વ હોય છે, તે દોષસ્થાનક બને છે. મિત્રાદૃષ્ટિકાળે દોષરૂપે ઓળખાતું જે મિથ્યાત્વ હોય છે, તે ગુણસ્થાનક બને છે. તેની પૂર્વે જીવ ગુણઠાણામાં નહિ પણ દોષના ખાડામાં જ હતો. તેથી ત્યારે જીવ મિથ્યાત્વને દોષરૂપે જાણી જ શકતો ન હતો. જીવની નજરમાં તે મિથ્યાત્વ પકડાતું ન હતું. મિત્રાદૃષ્ટિ આવે એટલે મિથ્યાત્વ શત્રુસ્વરૂપે વ્યક્ત થાય છે, દોષસ્વરૂપે ઓળખાય છે. પોતાના દોષને દોષસ્વરૂપે ઓળખવો, સ્વીકારવો એ જ સૌ પ્રથમ મહત્ત્વનો ગુણ છે. આવો ગુણ આવે એટલે ગુણની પ્રાપ્તિ, રક્ષા, શુદ્ધિ, વૃદ્ધિ થવાની યોગ્યતા જીવમાં આવે. તેથી જ મિથ્યાત્વ તે સમયે હાજર હોવા છતાં દોષનો દોષ તરીકે બોધ-સ્વીકાર-શ્રદ્ધા કરવા સ્વરૂપ ગુણ એ 'ગુણસ્થાનક' તરીકે શાસ્ત્રકારોને માન્ય છે. પ્રસ્તુતમાં મિથ્યાત્વ એ 'ગુણસ્થાનક' તરીકે માન્ય નથી. પરંતુ મિત્રા વગેરે દૃષ્ટિને ધરાવનાર સાધકને મહાદોષ સ્વરૂપે મિથ્યાત્વનું જે નિર્ભ્રાન્ત જ્ઞાન થાય છે, તે જ ગુણસ્થાનક સ્વરૂપે શાસ્ત્રકારોને સંમત છે. ગુણસ્થાન = સાનુબંધ એવા ગુણોની ઉત્પત્તિનું સ્થાન.

(**अत.**) તેથી જ ત્યારે જીવમાં તાત્ત્વિક પ્રથમ ગુણસ્થાન કહેવાય છે. આ જ અભિપ્રાયથી

श्रीरत्नशेखरसूरिभिः "व्यक्तमिथ्यात्वधीप्राप्तिर्गुणस्थानतयोच्यते" (गु.क्र.७) इति। प्रकृते "व्यक्तमिथ्यात्वधीप्राप्तिरप्यन्यत्रेयमुच्यते" (द्वा.द्वा.२१/२५) इति **द्वात्रिंशिकाप्रकरण**वचनमप्यनुसन्धेयम्। 'इयं = मित्रादृष्टिः'।

मित्रादृष्टिलाभपूर्वं तु सदपि मिथ्यात्वशल्यं आत्मनिमग्नतया स्फुटं नैव बुध्यते। घोरशत्रुतया तदवगमस्तु दूरतरः तदा। अतः एव मित्रायोगदृष्टिलाभात् पूर्वं मिथ्यात्वं शल्यतया ज्ञेयम्। तदुत्तरञ्च घोररिपुतया ज्ञायमानं तत् तादृशज्ञानपरिणमनं वा गुणस्थानकतया विज्ञेयम्। प्रथमयोगदृष्टिसमुन्मेषकालात् प्राक् तदुच्छेदयत्नो नैव शक्यः। न हि शत्रुः घोरशत्रुतया अज्ञातो मित्रतया वा ज्ञातः समुच्छेत्तुं शक्यः।

आद्ययोगदृष्टिचतुष्ककाले तु एकान्त-मौन-लोकसंज्ञात्याग-निरर्थकप्रवृत्तिपरिहाराऽऽत्मस्वभाव-निरीक्षण-निजभावपरीक्षण-स्वाध्याय-तीव्रमुमुक्षुता-शान्तप्रकृति-धृति-प्रज्ञा-चरमयथाप्रवृत्तकरण

---

**ગુણસ્થાનકક્રમારોહ** ગ્રંથમાં શ્રી**રત્નશેખરસૂરીશ્વરે** જણાવેલ છે કે "(શત્રુ સ્વરૂપે) વ્યક્ત થયેલા મિથ્યાત્વની બુદ્ધિ મળવી એ 'ગુણસ્થાનક' તરીકે કહેવાય છે." **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે આ અંગે **દ્વાત્રિંશિકા** પ્રકરણમાં એક મહત્ત્વપૂર્ણ વાત જણાવી છે. તેનું પણ અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં જણાવેલ છે કે "અન્ય ગ્રંથમાં (ગુણસ્થાનક ક્રમારોહ ગ્રંથમાં) 'મિથ્યાત્વગુણસ્થાનક' શબ્દના પ્રવૃત્તિનિમિત્તસ્વરૂપે જે વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની પ્રાપ્તિ કહેવાય છે, તે આ મિત્રાદૃષ્ટિ જ છે." અમે ઉપર જે નિરૂપણ કરેલ છે, તેને લક્ષમાં રાખવાથી ઉપરોક્ત બન્ને શાસ્ત્રપાઠને સમજવા સહેલા થશે.

### ✡ મિથ્યાત્વને મૂળમાંથી કાઢવાના સાધનોને પકડીએ ✡

**(मित्रा.)** મિત્રાદૃષ્ટિ મળે તે પૂર્વે, પગમાં ઊંડે ખૂંચી ગયેલા કાંટાની જેમ આત્મામાં ઊંડે ખૂંચી ગયેલ મિથ્યાત્વ સ્પષ્ટપણે પકડાતું નથી. તેથી જ તો તે મિથ્યાત્વને શાસ્ત્રકારો શલ્ય તરીકે ઓળખાવે છે. પૂર્વે આત્મામાં મિથ્યાત્વ હોવા છતાં તે જણાતું જ ન હતું. તો પછી પોતાના ઘોર શત્રુસ્વરૂપે મિથ્યાત્વને ઓળખવાની વાત ત્યારે અત્યંત દૂર રહી જાય છે. તેથી જ મિત્રા યોગદૃષ્ટિ મળે તે પૂર્વે મિથ્યાત્વ શલ્યરૂપે જાણવું. તથા મિત્રાયોગદૃષ્ટિ મળ્યા બાદ ગ્રંથિભેદ ન થાય ત્યાં સુધી ઘોરશત્રુરૂપે જણાતું મિથ્યાત્વ એ ગુણસ્થાનક સ્વરૂપે જાણવું. અથવા તો પોતાના અંદરમાં રહેલા મિથ્યાત્વનું ઘોરશત્રુરૂપે જે પરિણતિસ્વરૂપ જ્ઞાન થાય, તે જ મિથ્યાત્વગુણસ્થાનક સમજવું. તેથી મિત્રા નામની પ્રથમ યોગદૃષ્ટિનો ઉદય થાય તેના પૂર્વ કાળમાં તો મિથ્યાત્વ મૂળમાંથી ઉખડે તેવો પ્રયત્ન શક્ય જ નથી. શત્રુ જ્યાં સુધી ઘોર શત્રુસ્વરૂપે ન ઓળખાય કે મિત્ર તરીકે ઓળખાય ત્યાં સુધી તેનો મૂળમાંથી ઉચ્છેદ કરવો શક્ય નથી જ. મિત્રા, તારા, બલા, દીપ્રા નામની પ્રથમ ચાર યોગદૃષ્ટિઓ મળે ત્યારે જ દ્રવ્યદૃષ્ટિપરિણમનના પ્રભાવે તેવો પ્રયાસ શક્ય બને.

**(आद्य.)** તે આ પ્રમાણે સમજવું. મિત્રા વગેરે પ્રાથમિક ચાર યોગદૃષ્ટિઓ જ્યારે વિદ્યમાન હોય, ત્યારે નિજ શુદ્ધસ્વભાવમાં અત્યંત ઝડપથી ઠરી જવાની ઝંખના કરતા સાધક ભગવાન એકાન્ત અને મૌન સેવે છે. લોકસંજ્ઞાત્યાગ કરી નિરર્થક પ્રવૃત્તિનો પણ પરિહાર કરે છે. મૂળભૂત આત્મસ્વભાવનું નિરંતર તે નિરીક્ષણ કરે છે. તથા પોતાના અંતરંગ વર્તમાન ભાવોનું પરીક્ષણ પણ કરે છે. આત્મલક્ષે સ્વાધ્યાય કરે છે. અનાદિ કાળથી બંધાયેલી પોતાની જાતને આ જ ભવમાં અત્યંત ઝડપથી છોડાવવા

-स्वानुभवसम्पन्नयोगिसमागमादिबलेन यथा यथा शुद्धात्मद्रव्यदृष्टिः परिणमति तथा तथा सा 'बहिः-सुखदृष्टिलक्षणं मिथ्यात्वं हि मम निराकुल-नीरव-निःसङ्ग-निरालम्बन-निरुपाधिक-प्रशान्ताऽनन्ताऽऽनन्दमयशुद्धचैतन्यस्वभावमुपमर्दयति अन्तर्मुखता-ज्ञानगर्भविरक्तपरिणती च निहन्ति। अतो मिथ्यात्वमेव मे घोरशत्रुः। समुन्मीलनीयमेवेदमाशु मया' इति प्रणिधानं योगिनि समुत्पाद्य मिथ्यात्वं समूलम् उन्मूलयति।

ग्रन्थिभेदोत्तरकालमपि सादरं सोत्साहञ्च तदनुसरणेनैव "रोग-मृत्यु-जराद्यर्त्तिहीना अपुनरुद्भवाः। अभावात् कर्महेतूनां दग्धे बीजे हि नाऽङ्कुरः।।" (द्र.लो.प्र.२/८२) इति **द्रव्यलोकप्रकाशे विनयविजय**वाचकोक्तं सिद्धस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।१५/१-८।।

---

માટે તે તત્પર બને છે. કર્મસત્તાને ત્યાં ગીરવે મૂકેલ કેવલજ્ઞાનને અત્યંત જલ્દીથી છોડાવવા માટે તે તલસે છે. પોતાની પ્રકૃતિને તે શાંત કરે છે. પ્રત્યેક કાર્યને તે આકુળ-વ્યાકુળ ચિત્તથી કરવાના બદલે ધીરજથી શાંત ચિત્તે કરે છે. તે આત્મસ્વભાવગ્રાહક પ્રજ્ઞાને પ્રગટાવે છે. ચરમ યથાપ્રવૃત્તકરણ તે સમયે પ્રવર્તતું હોય છે. તેવા અવસરે સ્વાનુભવસંપન્ન યોગીનો પ્રાયઃ તેને ભેટો થાય છે. આવા તમામ પરિબળોના સામર્થ્યથી ત્યારે જેમ જેમ સાધક ભગવાનમાં દ્રવ્યદષ્ટિ = શુદ્ધાત્મદ્રવ્યગ્રાહક દૃષ્ટિ પરિણમતી જાય, તેમ તેમ તે દ્રવ્યદષ્ટિ સાધક પ્રભુમાં મિથ્યાત્વને મૂળમાંથી ઉખેડી નાંખવાનું પ્રણિધાન કરાવે છે અને તેને મૂળમાંથી ઉખેડે છે. દ્રવ્યદષ્ટિપરિણમનના પ્રતાપે આત્માર્થીને ખ્યાલ આવે છે કે "બહારમાં = બાહ્ય વિષયોમાં સુખની દૃષ્ટિ-રુચિ-શ્રદ્ધા-આસ્થા એ મિથ્યાત્વનું જ એક સ્વરૂપ છે. તે મિથ્યાત્વ મારા મૌલિક શુદ્ધચૈતન્યસ્વભાવને દબાવે છે. શાસ્ત્રાધારે, સત્સંગપ્રભાવે અને આંશિક સ્વપ્રતીતિના આધારે જણાય છે કે મારો મૂળ સ્વભાવ આકુળતા-વ્યાકુળતા વગરનો છે. નીરવ, નિઃસંગ, નિરાલંબન અને નિરુપાધિક છે. મારો મૂળસ્વભાવ શાંત-પ્રશાંત-ઉપશાંત છે. અનન્ત આનંદનો મહોદધિ મારામાં જ રહેલો છે. આનંદ મેળવવા માટે મારે બહારમાં ભટકવાની જરૂર નથી. બાહ્ય વસ્તુ-વ્યક્તિ પાસે સુખની ભીખ માગવાની મારે બિલકુલ આવશ્યકતા નથી. પરંતુ અનન્ત આનંદમય મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવને ઘોર મિથ્યાત્વ દબાવી રહ્યું છે. 'બહારમાં સુખ મળશે' - તેવી મિથ્યા શ્રદ્ધા મારી અંતર્મુખપરિણતિને હણે છે. બાહ્ય સાધનો દ્વારા સુખને મેળવવાની અને ભોગવવાની અતૃપ્ત મનોદશાથી વણાયેલું મિથ્યાત્વ મારી જ્ઞાનગર્ભિત વૈરાગ્યપરિણતિને ખતમ કરે છે. તેથી મિથ્યાત્વ એ જ મારો ઘોર શત્રુ છે. અનાદિ કાળથી ભવચક્રમાં મને પીલી-પીલીને, પીસી-પીસીને તેણે દુઃખી કર્યો છે. ભયંકર નુકસાન કરનારા આ મિથ્યાત્વને મારે મૂળમાંથી ઉખેડી જ નાંખવું છે. આ કાર્યમાં વિલંબ મને પાલવે તેમ નથી. મિથ્યાત્વના ઉચ્છેદ માટે મરણિયો થઈને મચી પડવું છે" - આવું પ્રણિધાન આત્માર્થી યોગીમાં ઉત્પન્ન કરીને તે દ્રવ્યદષ્ટિ તે યોગીમાંથી = મિત્રાદિદષ્ટિવાળા સાધકમાંથી મિથ્યાત્વને મૂળથી ઉખેડીને ફેંકી દે છે.

(ग्र.) ગ્રંથિભેદ થયા પછી પણ તે દ્રવ્યદષ્ટિને આદરભાવે ઉત્સાહપૂર્વક અનુસરવામાં આવે તો જ **દ્રવ્યલોકપ્રકાશ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં ઉપાધ્યાય શ્રી**વિનયવિજયજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો રોગ, મૃત્યુ, ઘડપણ વગેરેની પીડા વગરના છે. કર્મબંધનના કારણો (મિથ્યાત્વાદિ) ન હોવાથી તેઓનો પુનર્જન્મ થતો નથી. બીજ બળી જાય તો અંકુરો ન ઉગે તેમ કર્મબીજ બળી જવાથી તેમને ફરીથી જન્માદિની પરંપરા ઊભી થતી નથી.' (૧૫/૧-૮)

## ઢાળ - ૧૫

(♦ઋષભનો વંશ રયણાયરો - એ દેશી.)

હિવઇ આગલી ઢાલેં જ્ઞાનાધિકાર દૃઢ કરઈ છઇ, દૃષ્ટાન્તે કરીનેં –

**નાણ સહિત જે♦ મુનિવરા, કિરિયાવંત મહંતો રે;**

**તે મૃગપતિ જિમ પાખરિઆ✡, તેહના ગુણનો ન અંતો રે ॥૧૫/૨-૧॥ (૨૫૪)**

**શ્રી જિનશાસન સેવિઈ. આંકણી.**

**જ્ઞાન સહિત જે મુનિવર** = સાધુ, ચારિત્રીયા **કિરિયાવંત** = ક્રિયાપાત્ર છે. **મહંત** તે મોટા ચિત્તના

---

**• द्रव्यानुयोगपरामर्शः •**

**शाखा - १५ (आर्याच्छन्दः)**

साम्प्रतं ज्ञानाधिकाराद् ज्ञानाऽऽधिक्यमेव दृष्टान्ततो दृढयति – '**ज्ञाने**'ति ।

**ज्ञानोपेता मुनयो ये हि क्रियावन्तो महान्तो रे।**

**मृगपति-हयपराक्रमाः ते तद्गुणानां नान्तो रे।।१५/२-१।।**

**जिनशासनमुपास्यतां रे भव्याः ! जिनशासनमुपास्यताम्।। ध्रुवपदम्।।**

**• द्रव्यानुयोगपरामर्शकर्णिका •**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ज्ञानोपेताः क्रियावन्तः ये मुनयः ते महान्तः। ते मृगपति-हयपराक्रमाः। तद्गुणानाम् अन्तः न।।१५/२-१।।

रे भव्याः ! जिनशासनम् उपास्यताम्, जिनशासनम् उपास्यताम्।। ध्रुवपदम्।।

**ये मुनयः** = निर्ग्रन्थाः **ज्ञानोपेताः** = स्वभ्यस्तद्रव्यानुयोगसंस्कारानुविद्धतत्त्वसंवेदनज्ञानसमन्विताः

---

[redacted]:- આ રીતે પ્રાસંગિક રીતે ગ્રંથકારશ્રીએ આઠ શ્લોક દ્વારા જ્ઞાનનો મહિમા જણાવેલ છે તથા પંદરમી શાખાની ભૂમિકાને તૈયાર કરેલ છે.

[redacted]:- હવે જ્ઞાનનો અધિકાર હોવાથી ગ્રંથકારશ્રી દૃષ્ટાંત દ્વારા જ્ઞાનના મહત્ત્વને જ પંદરમી શાખામાં વધુ દૃઢ કરે છે :-

### ❀ જિનશાસનની ઉપાસના કરો ❀

[redacted]:- જે જ્ઞાનયુક્ત ક્રિયાવાળા મુનિવરો છે તે મહાન છે. તે મુનિવરો સિંહ અને ઘોડા જેવા પરાક્રમી છે. તેમના ગુણોનો કોઈ અંત નથી. (૧૫/૨-૧)

રે ! ભવ્ય જીવો ! તમે જિનશાસનની ઉપાસના કરો, જિનશાસનની ઉપાસના કરો.(**ધ્રુવપદ**)

### ❈ સિંહ અને અશ્વ જેવા સાધકો ❈

[redacted]:- દ્રવ્યાનુયોગનો ઊંડો માર્મિક અભ્યાસ કરવાથી આત્મામાં તેના દૃઢ સંસ્કારથી વણાયેલા

---

♦ કો.(૧૧)માં 'શ્રીજિનશાસન સેવિઈ' પાઠ. ♦ પુસ્તકોમાં 'જે અ મુનિ...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ કો.(૧)માં 'પાખર્યા' પાઠ. લા.(૨)માં 'પારખરિયા' પાઠ.

ઘણી છઈ; **તે મૃગપતિ જીમ** સિંહ અને **•પાખરિયા** તે **જિમ** મહાપરાક્રમી હોય,

**क्रियावन्तः** = वचनाद्यनुष्ठानशालिनः **ते महान्तः** = गम्भीरोदाराशयस्वामिनः, **ते मृगपति-हयपराक्रमाः** = पञ्चानन-तुरङ्गमतुल्यमहाविक्रमिणो भवन्ति। पञ्चाननो यथा पराक्रमेण शत्रून् विदार्य नाशयति तथा सम्यग्ज्ञानं कर्माणि उन्मूल्य नाशयति। तुरङ्गमो यथा विक्रमेण शीघ्रगतितो द्रुतमिष्टस्थानं प्रापयति तथा सत्क्रिया शीघ्रं शिवपुरं प्रापयतीति सज्ज्ञान-क्रियान्वितानां सुसाधूनां पञ्चानन-तुरङ्गमोपममहाविक्रमित्वमत्रोक्तम्।

एतावता सम्यग्ज्ञान-क्रियानुवेधः कृत्स्न औत्सर्गिको मोक्षमार्गः सूचितः। इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"नाण-किरियाहिं मोक्खो" (वि.आ.भा.३) इति, [2]"नाण-किरियाहिं निव्वाणं" (वि.आ.भा.११२८) इति चोक्तम्। **मरणविभक्तिप्रकीर्णके**ऽपि [3]"नाणेण य करणेण य दोहि वि दुक्खक्खयं होइ" (म.वि.प्र.१४७) इत्येवं ज्ञान-क्रियासमुच्चयः अन्वयरूपेण उक्तः। **शास्त्रवार्त्तासमुच्चये उपमितिभवप्रपञ्चायां च कथायाम्** "अत एवाऽऽगमज्ञस्य या क्रिया सा क्रियोच्यते। आगमज्ञोऽपि यः तस्यां यथाशक्त्या प्रवर्त्तते।।" (शा.वा.स.११/४३, उ.भ.प्र.प्रस्ताव-८, पृ.१०३१) इत्येवं तदुभयानुवेधः दर्शितः।

તત્ત્વસંવેદન જ્ઞાનથી યુક્ત એવા જે નિર્ગ્રંથ મુનિવરો વચનાનુષ્ઠાન વગેરેથી સંપન્ન છે તે મહાન છે, ગંભીર અને ઉદાર આશયના માલિક છે. તેવા મહાત્માઓ સિંહ અને ઘોડા સમાન મહાન પરાક્રમને ધારણ કરનારા છે. જેમ સિંહ પરાક્રમથી શત્રુઓને ફાડીને ખતમ કરે છે તેમ સમ્યગ્ જ્ઞાન કર્મોનું ઉન્મૂલન કરીને કર્મનો નાશ કરે છે. તથા ઘોડો જેમ પરાક્રમથી વેગપૂર્વક ગતિ કરીને ઝડપથી ઈષ્ટસ્થળે પહોંચાડે છે તેમ સમ્યક્ ક્રિયા શીઘ્રતાથી શિવપુર પહોંચાડે છે. તેથી સમ્યગ્ જ્ઞાન સિંહતુલ્ય છે. તથા સમ્યક્ ક્રિયા ઘોડા જેવી છે. આ કારણસર સમ્યગ્જ્ઞાન-ક્રિયાવાળા સુસાધુ ભગવંતોને અહીં સિંહ અને ઘોડા સમાન મહાપરાક્રમી જણાવેલ છે.

## ❀ જ્ઞાન-ક્રિયાસમુચ્ચય સંપૂર્ણ મોક્ષમાર્ગ ❀

(एता.) આટલા કથન દ્વારા એવું સૂચિત થાય છે કે સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા - બન્નેનો અનુવેધ એ સંપૂર્ણ ઔત્સર્ગિક મોક્ષમાર્ગ છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં બે વખત જણાવેલ છે કે 'જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ = નિર્વાણ મળે છે.' **મરણવિભક્તિપ્રકીર્ણક**માં પણ દર્શાવેલ છે કે 'દુઃખનો ઉચ્છેદ જ્ઞાન અને ક્રિયા બન્ને દ્વારા થાય છે.' અહીં અન્વયરૂપે જ્ઞાન-ક્રિયાસમુચ્ચય દર્શાવેલ છે. **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં બતાવેલ છે કે 'સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા પરસ્પર અનુવિદ્ધ હોવાથી જ આગમવેત્તાની ક્રિયા એ જ પરમાર્થથી ક્રિયા છે. આગમવેત્તા પણ તે જ છે કે જે શક્તિને છૂપાવ્યા વિના ક્રિયામાં પ્રવર્તે છે.' આ રીતે જ્ઞાન-ક્રિયાનો અનુવેધ ત્યાં જણાવેલ છે.

•. 'પાખર = ઘોડા પર કસવાનો સામાન. પાખરીયો = પાખરવાળું, એક જાતનો ઘોડો' - **ભગવદ્ગોમંડલ** ભાગ-૬, પૃષ્ઠ ૫૫૦૫. **पाखरिया = घोड़ा** - જુઓ - **મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ** પૃ.૩૧૬ તથા **વિશ્વનાથજાનીરચિત પ્રેમપચીસી.**

1. ज्ञान-क्रियाभ्यां मोक्षः। 2. ज्ञान-क्रियाभ्यां निर्वाणम्। 3. ज्ञानेन च करणेन च द्वाभ्याम् अपि दुःखक्षयो भवति।

**તેહના ગુણનો અંત નથી,**

**चन्द्रकवेध्यकप्रकीर्णके** [1]"नाणेण विणा करणं, करणेण विणा न तारयं नाणं" (च.वे.प्र.७३) इति, **आवश्यकनिर्युक्तौ** [2]"हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया" (आ.नि.१०१) इति, **सम्मतितर्के** [3]"णाणं किरियारहियं किरियामेत्तं च दो वि एगंता" (स.त.३/६८) इति, **अर्हद्गीता**यां च "न केवला क्रिया मुक्त्यै न पुनर्ब्रह्म केवलम्" (अ.गी.१८/३) इति व्यतिरेकमुखेन ज्ञान-क्रियासमुच्चयो दर्शितः।

परेषामपि ज्ञान-क्रियासमुच्चयः सम्मतः। तदुक्तं **योगवाशिष्ठे** व्यतिरेकान्वयमुखेन "केवलात् कर्मणो ज्ञानाद् न हि मोक्षोऽभिजायते। किन्तूभाभ्यां भवेन्मोक्षः साधनं तूभयं विदुः।।" (यो.वा.वैराग्यप्रकरण १/८) इति। यथोक्तम् अन्वयमुखेन **हारितस्मृतौ** "उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणां गतिः। तथैव ज्ञान-कर्मभ्यां प्राप्यते ब्रह्म शाश्वतम्।।" (हा.स्मृ.) इति। **कूर्मपुराणे**ऽपि "कर्मणा सहितात् ज्ञानात् सम्यग्योगोऽभिजायते" (कू.पु.३/२३) इत्येवं ज्ञान-क्रियासमुच्चयो द्योतितः। अधिकं तु **द्वात्रिंशिकावृत्तौ नयलतायाम्** (द्वा.द्वा.२५/२/भाग-६/पृ.१७०१) अवोचाम।

**तद्गुणानां** = तदीयसद्गुणानां क्षायोपशमिकादिभाववर्तिनाम् **अन्तः** = पर्यवसानं **न** =

(चन्द्र.) **ચન્દ્રકવેધ્યક પ્રકીર્ણક**માં વ્યતિરેકમુખે જ્ઞાન-ક્રિયાસમુચ્ચયને જણાવતાં કહેલ છે કે 'જ્ઞાન વિના ક્રિયા ભવસાગરને તરાવી ન શકે તથા ક્રિયા વિના જ્ઞાન તારક ન બને.' **આવશ્યકનિર્યુક્તિ**માં પણ આ જ આશયથી જણાવેલ છે કે 'ક્રિયાશૂન્ય જ્ઞાન હણાયેલ છે તથા અજ્ઞાનથી ક્રિયા હણાયેલ છે.' **સમ્મતિતર્ક**માં પણ કહેલ છે કે 'ક્રિયારહિત જ્ઞાન અને માત્ર ક્રિયા (= જ્ઞાનરહિત ક્રિયા) - આ બન્નેય મત એકાંત છે.' **અર્હદ્ગીતા**માં ઉપાધ્યાય શ્રી**મેઘવિજય**જીએ પણ વ્યતિરેકમુખે જ્ઞાન-ક્રિયાસમુચ્ચયને બતાવતાં કહેલ છે કે 'કેવલ ક્રિયા કે ફક્ત જ્ઞાન (= બ્રહ્મ) મુક્તિ માટે સમર્થ નથી.'

### ❁ જ્ઞાન-ક્રિયાસમુચ્ચય અન્યદર્શનમાં પણ સંમત ❁

(परेषा.) અન્યદર્શનકારોને પણ જ્ઞાન-ક્રિયાનો સમુચ્ચય માન્ય છે. **યોગવાશિષ્ઠ**માં ક્રમશઃ વ્યતિરેકમુખે અને અન્વયમુખે જણાવેલ છે કે 'કેવલ ક્રિયાથી મોક્ષ થતો નથી કે ફક્ત જ્ઞાનથી મોક્ષ થતો નથી. પરંતુ બન્ને ભેગા થાય તો મોક્ષ થાય છે. તેથી બન્નેના સમૂહને મોક્ષસાધનરૂપે શાસ્ત્રકારો જાણે છે.' **હારિતસ્મૃતિ**માં અન્વયમુખે જણાવેલ છે કે 'જે રીતે બે પાંખ દ્વારા જ પંખીની આકાશમાં ગતિ થાય છે તે જ રીતે જ્ઞાન-ક્રિયા દ્વારા શાશ્વત બ્રહ્મ પ્રાપ્ત થાય છે.' **કૂર્મપુરાણ**માં પણ જ્ઞાન-ક્રિયાસમુચ્ચયને સૂચવતાં જણાવેલ છે કે 'ક્રિયાસહિતના જ્ઞાનથી સમ્યગ્ યોગ સંપન્ન થાય છે.' આ બાબતમાં અધિક નિરૂપણ અમે **દ્વાત્રિંશિકાપ્રકરણ**ની **નયલતા** વ્યાખ્યામાં (ભાગ-૬/પૃ.૧૭૦૧) કરેલ છે.

### ✡ પૂર્ણપણે મુનિગુણપ્રશંસા અશક્ય ✡

(तद्गु.) તેવા મુનિવરના ક્ષાયોપશમિક વગેરે ભાવથી વર્તતા સદ્ગુણોનો કોઈ છેડો જ નથી. તેથી અમે તેઓની સ્તુતિ કઈ રીતે કરીએ ? પારમાર્થિક પ્રચુર ગુણસમુદાયનું ભાજન બનનાર જીવની પ્રશંસા

1. ज्ञानेन विना करणं, करणेन विना न तारकं ज्ञानम्। 2. हतं ज्ञानं क्रियाहीनम्, हता अज्ञानतः क्रिया। 3. ज्ञानं क्रियारहितं, क्रियामात्रञ्च द्वे अपि एकान्तः।

પરમાર્થે બહુ ગુણના ભાજન છઈ. તેહની પ્રશંસા કહી ન જાય, એ પરમાર્થ. એહવા જ્ઞાનારાધક સુસાધુ જેહમાં છી એહવું **શ્રી જિનશાસન સેવીઈં**, ભક્તિભાવપૂર્વક આરાધિયે. ॥**૧૫/૨-૧**॥

---

नैवास्ति। अतः तान् कथं स्तुमः ? न हि पारमार्थिकप्रचुरगुणगणभाजनस्य प्रशंसाऽनुमोदनादि कात्स्न्र्येन परमार्थतः अस्मादृशैः शक्यते।

**रे भव्याः** ! तादृशज्ञानाराधकसुसाधुसमन्वितं **जिनशासनं** = श्रीपारमेश्वरप्रवचनम् **उपास्यताम्** = अनुपचरितभक्तिभावपूर्वमाराध्यताम्।। ***ध्रुवपदव्याख्यानम्***।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) ज्ञानिनः क्रियावत्त्वं सुवर्णे सौरभसमावेशसमम्। एतादृशसौरभलाभः सर्वेषां स्यादिति भावनाऽभिव्यज्यतेऽत्र। (२) एवं ज्ञान-क्रियोपेतसाधुगुणगाने न कदापि खेदः कार्यः, गुणानुराग-गुणानुवादादिद्वारा सद्गुणसम्प्राप्तेः। अतः तथाविधान्तरङ्गयत्न एष्टव्यः। इत्थञ्च "सम्यग्ज्ञान-क्रियायां कृत्स्नकर्मक्षयरूपा सिद्धिः" (प्र.न.त.७/५७) **प्रमाणनयतत्त्वालोक**-प्रतिपादिता सुलभा स्यात्।।१५/२-१।।

---

કે અનુમોદના વગેરે અમારા જેવા અલ્પજ્ઞ જીવો વડે પરમાર્થથી સંપૂર્ણપણે સંભવી શકતી નથી. તેઓની ગમે તેટલી સ્તુતિ, સ્તવના, પ્રશંસા, અનુમોદના કરવામાં આવે તો પણ તે ઓછી જ છે.

(રે.) તેવા જ્ઞાનારાધક સુસાધુઓથી જિનશાસન શોભી રહેલ છે. હે ભવ્ય જીવો ! તારક તીર્થંકરના શાસનની ઉપાસના કરો. તાત્ત્વિક ભક્તિભાવપૂર્વક જિનશાસનની આરાધના કરો. (**ધ્રુવપદવ્યાખ્યા**)

### ❈ ગંભીરતા-ઉદારતા કેળવીએ ❈

[illegible] :- **અષ્ટકપ્રકરણ**માં બતાવેલ તત્ત્વસંવેદન જ્ઞાન તો સર્વવિરતિધર પાસે જ હોય છે. આ જ્ઞાન મહાત્માને પંચાચારપાલનમાં, ચરણસિત્તરિમાં અને કરણસિત્તરિમાં યથાશક્તિ મગ્ન રહેવાની પ્રેરણા કરે છે. તેથી તેવા મહાત્માઓ વચનાનુષ્ઠાનથી કે અસંગાનુષ્ઠાનથી શોભે છે. તેથી તેવા મહાત્માઓનું ચિત્ત ગંભીર અને ઉદાર બને છે. બીજાના દોષને પચાવવા અને પોતાના ગુણને પચાવવા એ 'ગંભીરતા' કહેવાય. અર્થાત્ પરનિંદાના અને સ્વપ્રશંસાના ચેપી રોગથી રહિત એવું ચિત્ત 'ગંભીર' કહેવાય. તથા બીજા જીવ ઉપર અનુગ્રહ કરવામાં તત્પરતા એ ઉદારતા કહેવાય. ગંભીર અને ઉદાર ચિત્તના લીધે તે મહાત્માઓ સમ્યગ્જ્ઞાન-ક્રિયાસંપન્ન બનીને સિંહ અને ઘોડા જેવા મહાવિક્રમી બને છે.

### ※ જ્ઞાન-ક્રિયાસંપન્નની પ્રશંસા કરીએ ※

[illegible] :- (૧) જ્ઞાનવંત મુનિ ક્રિયાવંત હોય તે સોનામાં સુગંધ ભળે તેવી વાત છે. આવી સુગંધ આપણને સહુને પ્રાપ્ત થાય તેવી ભાવનાને ગર્ભિત રીતે અહીં ગ્રંથકારશ્રી સૂચવી રહ્યા છે. (૨) તથા જ્ઞાન-ક્રિયાસંપન્ન મહાત્માઓના ગુણગાન કરવામાં આપણે ક્યારેય પણ થાકવું ન જોઈએ. ગુણાનુરાગ અને ગુણાનુવાદ દ્વારા તે તે સદ્ગુણોની સરળતાથી પ્રાપ્તિ થાય છે. તેથી તેવો અંગત પ્રયાસ આપણા જીવનમાં ઈચ્છનીય છે. આ પ્રમાણેની પ્રેરણા અહીં ગ્રંથકારશ્રી કરી રહ્યા છે. આ રીતે, **પ્રમાણનયતત્ત્વાલોક**માં જણાવ્યા મુજબ, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા દ્વારા સકલકર્મક્ષયસ્વરૂપ મુક્તિ સુલભ થાય. (**૧૫/૨-૧**)

**વશ નિરુપક્રમ કર્મનઈં, જે પણિ જ્ઞાનવિહીના રે;**
**તે પણિ મારગમાં કહ્યા♦, જ્ઞાની ગુરુપદલીના રે ॥૧૫/૨-૨॥ (૨૫૫) શ્રી જિન.**

▸**નિરુપક્રમ** કહતાં કોઇક નિબિડ જ્ઞાનાવરણ **કર્મનઈં વશેં** કરી જે કોઈ તાદૃશ **જ્ઞાન** ગુણેં કરી **હીન** છેં.◂ તાદૃશ સત્ ક્રિયા વસત્યાદિક દોષરહિત⌘ છઈ, **તે પણિ** અજ્ઞાનક્રિયાસહિત છઈ. તાદૃશ જૈન પ્રક્રિયાનો

---

औत्सर्गिकमोक्षमार्गस्थान् मुनीन् प्रदर्श्य साम्प्रतं पक्षान्तरमावेदयति – '**निरुपक्रमे**'ति।

**निरुपक्रमकर्मवशाद् ये मुनयोऽपि ज्ञानविहीना रे।**
**तेऽपि मोक्षमार्गस्था ज्ञानिगुरुजनपदलीना रे।।१५/२-२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ये मुनयः अपि निरुपक्रमकर्मवशाद् ज्ञानविहीनाः तेऽपि मोक्षमार्गस्थाः ज्ञानिगुरुजनपदलीनाः।।१५/२-२।।

**ये** केचन जीवा **मुनयः** = व्यवहारतः साधुवेशवन्तः **अपि** सम्भवन्ति **निरुपक्रमकर्मवशात्** = भोगैकनाश्य-ज्ञानावरणादिकर्मपारतन्त्र्याद् **ज्ञानविहीनाः** = तादृशजैनप्रवचनप्रक्रियाप्रणालिकाप्रज्ञाविकलाः। "अपिशब्दस्य पदार्थ-सम्भावनाऽन्ववसर्गादयः" (त.स.का.११५९/पञ्जि.) इति **तत्त्वसङ्ग्रहपञ्जिका**वचनानुसारेण अत्र प्रथमः 'अपि'शब्दः सम्भावनार्थको बोध्यः। "गर्हा-समुच्चय-प्रश्न-शङ्का-सम्भावनास्वपि" (शा.को.७८२) इति पूर्वोक्त(३/९)**शाश्वतकोश**वचनानुसारेणाऽत्र द्वितीयः अपिशब्दः समुच्चयार्थः

---

:- ઔત્સર્ગિક મોક્ષમાર્ગમાં રહેલા જ્ઞાન-ક્રિયાસંપન્ન મુનિવરોને દેખાડીને હવે ગ્રંથકારશ્રી અન્ય પ્રકારના પક્ષને = મહાત્માને જણાવે છે :-

### ❀ જ્ઞાન-ક્રિયારહિત ગુરુભક્ત પણ મોક્ષમાર્ગસ્થ ❀

:- જે જીવો મુનિ હોવા છતાં પણ નિરુપક્રમ કર્મને વશ થવાથી જ્ઞાનશૂન્ય છે, તેઓ પણ જો જ્ઞાની ગુરુવર્યના ચરણમાં લીન હોય તો મોક્ષમાર્ગમાં રહેલા છે. (૧૫/૨-૨)

:- કર્મ બે પ્રકારના છે. નિરુપક્રમ અને સોપક્રમ. જે કર્મનો નાશ માત્ર ભોગવટાથી જ થાય તે નિરુપક્રમ કર્મ કહેવાય. તથા તેનાથી વિપરીત હોય તે સોપક્રમ કહેવાય. જીવો વ્યવહારથી સાધુવેશને ધારણ કરવા છતાં પણ વિપાકોદયથી ભોગવવા દ્વારા જ નાશ પામે તેવા નિબિડ = નિરુપક્રમ જ્ઞાનાવરણીયાદિ કર્મને પરવશ થવાથી તથાવિધ જૈનશાસનની પ્રક્રિયા અને પ્રણાલિકા દ્વારા પ્રાપ્ત થનાર પ્રજ્ઞાથી રહિત હોય તેવું પણ સંભવે છે. આ રીતે અહીં મૂળ શ્લોકમાં રહેલ પ્રથમ 'अपि' શબ્દ સંભાવના અર્થમાં જાણવો. કારણ કે 'પદાર્થ, સંભાવના, અનુ-અવસર્ગ વગેરે 'अपि' શબ્દના અર્થો છે' – આ મુજબ **તત્ત્વસંગ્રહપંજિકા**માં બૌદ્ધાચાર્ય **કમલશીલજી**એ જણાવેલ છે. તથા "ગર્હા, સમુચ્ચય, પ્રશ્ન, શંકા, સંભાવના અર્થમાં 'अपि' શબ્દ સમજવો" – આ પ્રમાણે પૂર્વોક્ત (૩/૯) **શાશ્વતકોશવચન** મુજબ, મૂળ શ્લોકમાં રહેલ બીજો 'अपि' શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. તેથી અહીં અર્થઘટન એવું સમજવું કે :-

---

♦ પુસ્તકોમાં 'કહિયા' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)+લી.(૧)માં છે. ⌘ પુસ્તકોમાં 'દોષસહિત' અશુદ્ધ પાઠ.

અવબોધ નથી પામ્યા, **તે પણિ માર્ગમાંહે કહ્યા** છઈ.

સ્યા પરમાર્થે ? **જ્ઞાની** તે જ્ઞાનવંત, જે **ગુરુ**, તેહના (**પદ**=) ચરણ કમલને વિષે એકાન્તે (**લીના**=) રક્ત પરિણામ છઈ. તે માટઈ શ્રી જિનમાર્ગનેહિ જ સેવીયે.॥૧૫/૨-૨॥

---

दृश्यः। ये च सदालयादिचरणगुण-पिण्डविशुद्ध्यादिकरणगुणविरहिताः **तेऽपि** अज्ञानक्रियायुक्ता सन्तः **मोक्षमार्गस्थाः** आख्याताः।

कुतः ?

यतः ते स्वात्मकल्याणोद्देशतो **ज्ञानिगुरुजनपदलीनाः** = द्रव्यानुयोग-चरणकरणानुयोगसम्बन्धिगीतार्थतान्वितसद्गुरुवर्गचरणकमलोपासनैकरक्ताः। अतः श्रीजिनोक्तमोक्षमार्गमेव ते स्वभूमिकौचित्यतः सेवन्ते। न हि गीतार्थगुरूपासकानां चरण-करणगुणवैकल्येऽपि मोक्षमार्गप्रतिबन्धकाभिनिवेशादिकं जातुचित् सम्भवति, प्रत्युत गीतार्थगुरूपासनाबलेन सम्यग्ज्ञान-क्रियाप्रतिबन्धककर्मापनयनतः ते कालान्तरे द्रुतं मोक्षमार्गमभिसर्पन्त्येव।

---

નિકાચિત જ્ઞાનાવરણના ઉદયથી સાધુ વિશિષ્ટવિજ્ઞાનવિકલ હોય - તેવું સંભવે છે. તથા તેવા મુનિઓ પણ મોક્ષમાર્ગમાં રહેલા છે. તથા સ્ત્રી-પશુ-નપુંસક વગેરેથી શૂન્ય શુદ્ધ મકાનમાં (નિર્દોષ વસતિમાં) રહેનારા સાધુ સદ્આલયવાળા કહેવાય છે. ચારિત્રના મૂલગુણમાં = ચરણસિત્તરિમાં સદ્આલય વગેરે આચારનો સમાવેશ થાય છે. પિંડવિશુદ્ધિ વગેરેનો ચારિત્રના ઉત્તરગુણમાં = કરણગુણમાં = કરણસિત્તરિમાં સમાવેશ થાય છે. જે મુનિઓ ઉપરોક્ત વિશુદ્ધ મૂલગુણ અને વિશુદ્ધ ઉત્તરગુણ વિનાના હોય છે તેઓ દોષયુક્ત વસતિ આદિનું સેવન કરતા હોવાથી અજ્ઞાનગર્ભિત ક્રિયાવાળા હોય છે. તેવા પણ મુનિઓ મોક્ષમાર્ગમાં રહેલા છે - આ પ્રમાણે શાસ્ત્રમાં જણાવેલ છે.

**શંકા** :- (कुतः.) (૧) 'જેમનામાં સમ્યક્ પ્રજ્ઞા ન હોય કે (૨) જેમનામાં ચારિત્રના મૂલ-ઉત્તરગુણ ન હોય કે (૩) જેમની ક્રિયા અજ્ઞાનગર્ભિત હોય તેવા મહાત્મા મોક્ષમાર્ગમાં રહેલા છે' - એવું શેના આધારે કહી શકાય ? જ્ઞાન વિના ચારિત્ર કઈ રીતે સંભવી શકે ?

### ❀ મોક્ષમાર્ગ ભૂમિકા મુજબ હોય ❀

**સમાધાન** :- (यतः.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે ઉપર જણાવેલા ત્રણેય પ્રકારના મહાત્માઓ પોતાના આત્મકલ્યાણના ઉદ્દેશથી જ્ઞાની ગુરુવર્ગના ચરણકમળમાં લીન હોય તો તેઓ મોક્ષમાર્ગમાં જ રહેલા છે. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ વગેરે સંબંધી ગીતાર્થતાને ધારણ કરનારા જ્ઞાની સદ્ગુરુવર્ગના ચરણકમલની ઉપાસના કરવામાં જ લીન હોવાથી તે આત્મકલ્યાણકામી મહાત્માઓ પોતાની ભૂમિકા અનુસાર જિનોક્ત મોક્ષમાર્ગનું જ સેવન કરે છે. આથી તેઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે - તેવું જાણવું. ગીતાર્થ ગુરુની ઉપાસના કરનાર સાધુ ભગવંતના જીવનમાં ચારિત્રના મૂલગુણમાં અને ઉત્તરગુણમાં ખામી હોવા છતાં પણ મોક્ષમાર્ગમાં અટકાયત કરનાર કદાગ્રહ વગેરે દુર્ગુણો તેમના જીવનમાં ક્યારેય સંભવતા નથી. ઊલટું, ગીતાર્થ ગુરુના ચરણકમલની ઉપાસનાના બળથી સમ્યગ્જ્ઞાનના અને ક્રિયાના પ્રતિબંધક કર્મ દૂર થવાથી તેઓ કાલાંતરમાં મોક્ષમાર્ગે ઝડપથી આગળ જ વધે છે. તેથી 'તેવા મહાત્માઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે' - તેવું કહેવું વ્યાજબી છે.

एतदुभयाऽतिरिक्तानां लिङ्गधारिणां विहरणं न जिनसम्मतम्। इदमभिप्रेत्योक्तं **महानिशीथे** [1]"गीयत्थो य विहारो, बीओ गीयत्थमीसओ। समणुन्नाओ साहूणं, नत्थि तइयं वियप्पणं।।" (म.नि.६/१३३/पृ.१६५) इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) 'ज्ञान-क्रियाशैथिल्येऽपि येषां गुरुभक्तिरुचिर्भवति, गुरुत्याग-दूरवर्तित्वादिविचारलेशोऽपि न स्फुरति, गुरुभक्त्या पौद्गलिकस्वार्थपरिपूर्त्याशयलवोऽपि नैवान्तःकरणे सम्पद्यते, केवलं निजात्मकल्याणधियैव गीतार्थगुरुचरणकमलोपासनालीनता वर्त्तते तेऽपि मोक्षमार्गे एव वर्त्तन्ते' इत्यवसाय अनाभोगेनाऽपि तथाविधसाधुनिन्दा न स्यादित्यवधेयम्। (२) 'मयि ज्ञानं नास्ति, अभिनवज्ञानं नोदेति, निर्दोषभिक्षाचर्या-तपश्चर्यादिषु देहसामर्थ्यं नास्ति, निरतिचारसंयमपालनोत्साहो न सम्भाव्यते इति किं दीक्षाग्रहणेन ?' इति विमृह्य दीक्षोपादानविचारपरित्यागेन गृहवासो नाऽङ्गीकार्यः किन्तु 'दीक्षामुपादाय सद्गुरुचरणकमलोपासनया दुर्दान्तकर्मोन्मूलनतः मोक्षमार्गमभिगमिष्यामी'त्येव-

---

**સ્પષ્ટતા** :- 'ગુરુની ઉપાસના' કહેવાના બદલે 'ગુરુવર્ગની ઉપાસના' આવું જે કહેલ છે, તેની પાછળ આશય એ છે કે પોતાના ગુરુની જેમ (૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) વિદ્યાગુરુ, (૪) દીક્ષાદાતા (રજોહરણદાતા) ગુરુ, (૫) દાદાગુરુ વગેરેની પણ ઉપાસના સાધકે કરવાની હોય છે. આચાર્ય વગેરેનો ગુરુવર્ગમાં સમાવેશ થાય છે. વર્તમાનકાલીન સંયોગમાં આ બાબત ખાસ ધ્યાનમાં લેવી.

### ❀ બે પ્રકારે જ વિહાર માન્ય ❀

(एत.) ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત - આ બે સિવાયના સાધુવેશધારીઓ વિહાર કરે એ બાબત જિનેશ્વરોને માન્ય નથી. આ અભિપ્રાયથી **મહાનિશીથસૂત્ર**માં જણાવેલ છે કે 'એક ગીતાર્થવિહાર અને બીજો ગીતાર્થમિશ્રિત વિહાર - આ પ્રમાણે સાધુઓનો વિહાર જિનેશ્વરોને સંમત છે. આ સિવાય ત્રીજો વિકલ્પ મોક્ષમાર્ગમાં માન્ય નથી.'

### ✡ .... તો જ્ઞાન-ક્રિયામાં ખામીવાળાનું પણ જીવન સફળ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) "જે મહાત્માઓમાં જ્ઞાનની કે આચારની બાબતમાં થોડી સ્ખલના હોય, પરંતુ ગુરુની ભક્તિ કરવામાં તેઓને અનેરો આનંદ આવતો હોય તેમજ ગુરુને છોડવાનો કે ગુરુથી દૂર રહેવાનો જેમને બિલકુલ વિચાર પણ ન આવતો હોય, તથા ગુરુભક્તિના માધ્યમથી પોતાના કોઈ પણ પ્રકારના ભૌતિક સ્વાર્થની પરિપૂર્તિ માટેનો લેશ પણ આશય જેમના જીવનમાં જોવા મળતો ન હોય, ફક્ત આત્મકલ્યાણની બુદ્ધિથી જ ગીતાર્થ ગુરુના ચરણકમલની ઉપાસના કરવામાં જ જે મહાત્માઓ તત્પર હોય તેઓ પણ મોક્ષમાર્ગમાં જ રહેલા છે" - આવું જાણીને અજાણતા પણ તેવા મહાત્માઓની નિંદા ન થઈ જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવી. (૨) તથા "જ્ઞાન ન હોય, જ્ઞાન ચડતું ન હોય, નિર્દોષ ભિક્ષાચર્યામાં કે તપશ્ચર્યામાં માયકાંગલું શરીર સાથ આપે તેમ ન હોય અને નિરતિચાર સંયમપાલનનો ઉત્સાહ જાગવાની સંભાવના વર્ત્તમાનમાં જણાતી ન હોય તો દીક્ષા લઈને શું કરવાનું ?"

---

1. गीतार्थश्च विहारः द्वितीयो गीतार्थमिश्रकः। समनुज्ञातः साधूनाम्, नास्ति तृतीयं विकल्पनम्।।

मपूर्वाऽऽत्मविश्वासमात्मसात्कृत्य दीक्षोपादानोत्तरं सद्गुरूपासनारक्ततया भाव्यमित्युपदिश्यतेऽत्र। ततश्च [1]"इय ♦सव्वकालतित्ता अतुलं निव्वाणमुवगया सिद्धा। सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता।।" (औ.सू.४४/गाथा-१९, प्र.२/सू.२११/गाथा-१७७, दे.३०४, ती.प.१२५३, आ.नि.९८०, आ.प्र.१७७) इति **औपपातिकसूत्रे**, **प्रज्ञापनासूत्रे**, **देवेन्द्रस्तवप्रकीर्णके**, **तीर्थोद्गालिप्रकीर्णके**, **आवश्यकनिर्युक्तौ**, **आत्मप्रबोधे** चोक्तं सिद्धस्वरूपं द्रुतं प्रादुर्भवेत्।।१५/२-२।।

---

- આવી મૂંઝવણ રાખીને દીક્ષા લેવાનો વિચાર પડતો મૂકીને સંસાર માંડવાની ભૂલ ન કરવી. પરંતુ 'દીક્ષા પછી ગીતાર્થ ગુરુના ચરણકમલની ઉપાસના દ્વારા મારા હઠીલા કર્મોને હટાવી હું જરૂર મોક્ષમાર્ગે આગળ વધીશ' - આવો અપૂર્વ આત્મવિશ્વાસ કેળવીને દીક્ષા બાદ ગુરુની ઉપાસનામાં રક્ત બનવું. આ બે પ્રકારનો આધ્યાત્મિક સંદેશ અહીં મેળવવા જેવો છે. તેના લીધે સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય. **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **તીર્થોદ્ગાલિપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં તથા **આત્મપ્રબોધ**માં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરતાં જણાવેલ છે કે "આ પ્રમાણે સર્વકાલ તૃપ્ત થયેલા, અતુલ નિર્વાણને = આનંદને પામેલા, સુખને પામેલા સિદ્ધાત્માઓ શાશ્વત કાળ સુધી અવ્યાબાધપણે સુખી રહે છે." (૧૫/૨-૨)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના પ્રવૃત્તિપ્રધાન છે.**
  **ઉપાસના નિવૃત્તિપ્રધાન છે.**
- **સાધના આચારના દોષની ફરિયાદ કરે છે.**
  **દા.ત. ચંડકૌશિકના પૂર્વભવના સંઘાટક સાધુ**
  **ઉપાસના આત્માના દોષની ફરિયાદ કરે છે.**
  **દા.ત. નાચતા ઈલાયચીકુમાર**
- **સાધના કાયાના સ્તરે હોય છે.**
  **દા.ત. પૂરણ તાપસ આદિ.**
  **ઉપાસના મનના, આત્માના સ્તરે હોય છે.**
  **દા.ત. અંજના સતી.**

---

1. इति सर्वकालतृप्ता अतुलं निर्वाणमुपगताः सिद्धाः। शाश्वतमव्याबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः।।

♦ 'निच्चकाल...' પાઠ તીર્થોદ્ગાલી પયન્નામાં છે.

**નાણરહિત હિત પરિહરી, અજ્ઞાન જ [§]હઠરાતા રે;**
**કપટ ક્રિયા કરતા યતિ ન હુઈ ♦જિનમતમાતા રે ॥૧૫/૨-૩॥ (૨૫૬) શ્રી જિન.**

જે પ્રાણી જ્ઞાનરહિત છઈ સ્વહિતદસાચિંતન **પરિહર્યો** છે જેણે. **અજ્ઞાનરૂપ** જે હઠવાદ, તેહમાં જ

उत्सर्गाऽपवादौ प्रदर्श्य साम्प्रतम् उन्मार्गमाचष्टे – '**जडा**' इति ।

**जडा ये हिताऽपेताः स्वीयाऽज्ञानहठाऽऽग्रहरक्ता रे ।**
**कपटक्रियान्विताः ते यतयो न जिनमतमग्ना रे ।।१५/२-३ ।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ये जडाः हितापेताः स्वीयाऽज्ञानहठाग्रहरक्ताः कपटक्रियान्विताः, ते यतयः न जिनमतमग्नाः ।।१५/२-३ ।।

**ये** हि **जडाः** = आत्मतत्त्वाद्यौपयिकबोधेनाऽपि शून्याः । तेऽपि कदाचिद् व्यवहारतः शास्त्र-पठनादिरक्ताः स्युरित्याह – **हिताऽपेताः** = स्वात्महितदशाचिन्तनपरिहारवन्तः । प्रकृते "पठनान्नोच्यते ज्ञानी यावत् तत्त्वं न विन्दति" (अ.गी.२/१९) इति **अर्हद्गीतायां मेघविजयो**पाध्यायवचनमपि स्मर्तव्यम् ।

'यथावस्थिततत्त्वसंवेदनशून्याः ते' इति कुतोऽवगतम् ? इत्याशङ्कायामाह **स्वीयाऽज्ञानहठाऽऽ-**

[redacted] :- પ્રસ્તુત પંદરમી શાખાના પ્રથમ શ્લોકમાં 'ઉત્સર્ગમાર્ગે કોણ મોક્ષમાર્ગમાં રહેલ છે ?' તેનું નિરૂપણ કર્યું. તથા બીજા શ્લોકમાં 'અપવાદમાર્ગે મોક્ષમાર્ગમાં કોણ રહેલ છે ?' તેનું નિરૂપણ કર્યું. હવે ગ્રંથકારશ્રી ઉન્માર્ગને ત્રીજા શ્લોકમાં જણાવે છે :-

### ❖ ઉન્માર્ગગામી જીવોની ઓળખ ❖

[redacted]:- જે જડ જીવો આત્મહિતનો પરિહાર કરીને પોતાના અજ્ઞાન સ્વરૂપ હઠાગ્રહમાં આસક્ત છે તથા (જનમનરંજનાદિના આશયથી) કપટપૂર્વક બાહ્યાચારને પાળે છે, તે સાધુવેશને ધારણ કરનારા હોવા છતાં જિનેશ્વર ભગવંતના શાસનમાં લીન થયા નથી. (૧૫/૨-૩)

[redacted] :- કમ સે કમ દરેક સાધુને આત્મતત્ત્વમાં સાધન બને તેવું જ્ઞાન હોવું જ જોઈએ. પરંતુ જડ સાધુઓ તો તેવા જ્ઞાનથી પણ રહિત છે. કદાચ તેવા સાધુઓ વ્યવહારથી શાસ્ત્રપઠન વગેરેમાં મગ્ન હોઈ શકે. તેથી તેવા સાધુઓનું બીજું વિશેષણ જણાવે છે કે પોતાના આત્મકલ્યાણની દશાનું કે દિશાનું ચિંતન પણ જે કરતા નથી. પ્રસ્તુતમાં **અર્હદ્ગીતામાં મેઘવિજય** ઉપાધ્યાયજીનું વચન પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જ્યાં સુધી (આત્માદિ) તત્ત્વનું વેદન-સંવેદન થતું નથી, ત્યાં સુધી ભણવા માત્રથી જ્ઞાની કહેવાય નહિ.' જડ સાધુઓને આત્મતત્ત્વપ્રકાશ થયો ન હોવાથી પઠન-પાઠનાદિ પ્રવૃત્તિ કરવા છતાં તેને જ્ઞાની ન કહેવાય.

('**યથા.**') તમને ક્યાંથી ખબર પડી કે 'તેઓને આત્મતત્ત્વપ્રકાશ થયો નથી ?' - આવી શંકાનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે કે - તેઓ એકાંતે સામે ચાલીને પકડેલા પોતાના મિથ્યાજ્ઞાન =

§ લી.(૧)માં 'ડહરાતા' પાઠ. ♦ કો.(૪+૯)+આ.(૧)માં 'જિનમતમાતા' પાઠ. પુસ્તકોમાં 'નિજમતિમાતા' પાઠ. શાં.(પૃ.૨૩૫)માં 'જિનમતિમાતા' પાઠ.

તે **રાતા** છઈ, એકાંતે સ્વાભિગ્રહીત હઠવાદમાં રક્ત પરિણામી છઈ. બાહ્ય **કપટ ક્રિયા કરીનેં** અનેક લોકને રીઝવઈ, એહવા જે વેશધારીયા, (તે) **યતિ** = સાધુ **ન હોઈ.** ❐**જિનમત**ને વિષે = તે જૈન મતનઈ વિષઈ, **માતા ન હોઈ** = પુષ્ટ ન હોઈ. ॥**१५/२-३**॥

---

**ग्रहरक्ताः** = एकान्तस्वकीयाऽभिगृहीतमिथ्याज्ञानलक्षणहठवादैकरक्तपरिणामाः **कपटक्रियान्विताः** = जनमनोरञ्जनोद्देश्यकबाह्यशठाचारवन्तः **ते** बाह्यसाधुवेशधारिणः **यतयः** = भावनिर्ग्रन्थाः **न** = नैव। परमार्थतः **ते जिनमतमग्नाः** = नय-निक्षेप-प्रमाण-सकलादेश-विकलादेश-नयसप्तभङ्गी-प्रमाणसप्तभङ्गी-प्रभृतिगर्भितसमुत्पादादित्रैलक्षण्यान्वितद्रव्य-गुण-पर्यायगोचरानेकान्तवादराद्धान्तोपदर्शकजैनदर्शनप्रमातारः **न** = नैव किन्तु कषायशासनलीनाः। अत एव ते सम्यग्दर्शनशून्या इति तात्पर्यम्।

स्वबुद्धिकल्पितभावविशुद्ध्या उग्रविहारित्वेऽप्यज्ञानिनां नात्मशुद्धिः सम्पद्यते। यथोक्तं श्री**शीलाङ्काचार्येण सूत्रकृताङ्गवृत्तौ** "नाऽज्ञानाऽऽवृतमूढजने भावशुद्ध्या शुद्धिः भवति। यदि च स्यात्, संसारमोचकादीनामपि तर्हि कर्मविमोक्षः स्यात्। तथा भावशुद्धिमेव केवलाम् अभ्युपगच्छतां भवतां शिरस्तुण्ड-मुण्डन-पिण्डपातादिकं चैत्यकर्मादिकं चानुष्ठानम् अनर्थकम् आपद्यते। तस्मान्नैवम्विधया भावशुद्ध्या शुद्धिरुपजायते" (सू.कृ.श्रु.स्क.२/अ.६/सू.३०/पृ.३९७) इति।

---

વિપર્યાસ સ્વરૂપ હઠવાદમાં જ કેવલ આસક્ત છે. આત્મજ્ઞાની - આત્મદર્શી કદાપિ કદાગ્રહી-હઠાગ્રહી ન જ હોય. લોકોના મનને ખુશ કરવાના ઉદ્દેશથી બાહ્ય આચારને દંભથી પાળી રહેલા તેઓ ફક્ત બાહ્યસાધુવેશધારી છે. તેઓ ભાવસાધુ નથી. તેમજ તેઓ પરમાર્થથી જિનમતમાં મગ્ન થયા નથી. આશય એ છે કે નય, નિક્ષેપ, પ્રમાણ, સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગી, પ્રમાણસપ્તભંગી વગેરેથી ગર્ભિત એવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત દ્રવ્ય, ગુણ અને પર્યાય અંગે અનેકાન્તવાદના સિદ્ધાન્તને દેખાડનાર એવા જૈનદર્શનની સાચી સમજ તેવા વેશધારી સાધુઓ પાસે નથી. તેઓ જિનશાસનમાં નહિ પણ કષાયશાસનમાં લીન છે. તેથી જ તેઓ સમ્યગ્દર્શનશૂન્ય છે - એવું જણાવવાનું અહીં તાત્પર્ય છે.

### ✡ આજ્ઞાનિરપેક્ષ ભાવશુદ્ધિથી આત્મશુદ્ધિ ન થાય ✡

(स्व.) તે અજ્ઞાની શ્રમણવેશધારી ફક્ત સમ્યગ્દર્શનશૂન્ય છે - એટલું જ નથી. પરંતુ તેઓએ પોતાની જાતે કલ્પેલી ભાવવિશુદ્ધિથી ઉગ્ર સંયમાચારને પાળવા છતાં તેમને આત્મવિશુદ્ધિ મળતી નથી. તેથી જ **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ છે કે "અજ્ઞાનથી આવરાયેલ મૂઢ માણસ ભાવશુદ્ધિ રાખે તેટલા માત્રથી તેમને આત્મશુદ્ધિ પ્રાપ્ત થતી નથી. જો અજ્ઞાનીને આત્મવિશુદ્ધિ પ્રાપ્ત થાય તો 'રીબાઈને મરતા જીવને લાંબો સમય રીબામણ ભોગવવી ન પડે માટે શસ્ત્રથી તેનો વધ કરીને આ ભવમાંથી છોડાવી દેવો' - આવી માન્યતા ધરાવનાર અજ્ઞાની સંસારમોચક વગેરેને પણ કર્મથી છૂટકારો મળવો જોઈએ. પણ એવું તો બનતું નથી. તથા ફક્ત ભાવશુદ્ધિને જ મોક્ષનું કારણ માનનારા તમે માથું મૂંડાવવું, ભિક્ષાટન કરવું તથા ચૈત્યકર્મ વગેરે અનુષ્ઠાન કરો છો તે નિરર્થક થવાની આપત્તિ આવશે. તેથી આવા પ્રકારની જિનાજ્ઞાનિરપેક્ષ ભાવશુદ્ધિથી આત્મવિશુદ્ધિ પ્રાપ્ત થઈ ન શકે."

---

❐ પુસ્તકોમાં 'નિજમતને' પાઠ છે. લી.(૩)નો પાઠ લીધો છે.

वस्तुतस्तु मायाऽऽच्छादिताः ते उग्रविहारिणोऽपि अनन्तकालं गर्भाद् गर्भम् आगन्तारः। इदमेवाभिप्रेत्य **सूत्रकृताङ्गसूत्रे** [1]"जइ वि य णिगिणे किसे चरे, जइ वि य भुंजिय मासमंतसो। जे इह मायाइ मिज्जई आगन्ता गब्भाय णंतसो।।" (सू.कृ.१/२/१/९) इत्युक्तम्। तपःकष्टादिकं सुकरम्, कपटत्यजनं दुष्करमिति भावः। अत एव **अध्यात्मसारे** "सुत्यजं रसलाम्पट्यम्, सुत्यजं देहभूषणम्। सुत्यजाः काम-भोगाद्याः, दुस्त्यजं दम्भसेवनम्।।" (अ.सा.३/७) इत्युक्तमिति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – धर्मजगत्प्रवेशोत्तरकालमात्मार्थिना विमृश्यं यदुत (१) कियद् आत्महितं मया साधितम् ? (२) कियच्चात्महितमसिद्धम् ? (३) सत्यामपि शक्तौ कीदृशात्महितसाधने प्रमादग्रस्तोऽहम् ? (४) कस्मात् कारणात् प्रमाद्यते मयका ? (५) कीदृशीमात्मकल्याणदशामारूढोऽहम् ? इति।

केवलं जनमनोरञ्जनाऽऽशयेन बाह्याचाराभिनिवेशे स्वमतानुसारिहठवादरक्तत्वे वा परमार्थतो जिनमतप्रवेशो नैव सुलभः। एवं हि साधुवेशधारणेऽपि नैव भावसाधुत्वमुपलभ्यते। एवं हि दीर्घभवभ्रमणमार्गप्रविष्टोऽपि जीवः 'अहमपवर्गमार्गेऽस्मी'ति विभ्रमेण उन्मार्गगामी भवति। इत्थम-

### ❋ માયાવી સાધક અનન્તકાળ ભટકશે ❋

**(वस्तु.)** વાસ્તવમાં તો માયાથી આચ્છાદિત હોવાના લીધે તે અજ્ઞાની જીવો ઉગ્રસંયમચર્યાવાળા હોવા છતાં પણ અનન્ત કાળ સુધી એક ગર્ભવાસમાંથી બીજા ગર્ભવાસમાં આવનારા છે - તેમ જાણવું. આ જ અભિપ્રાયથી **સૂયગડાંગજી** સૂત્રમાં જણાવેલ છે કે "જો કે કોઈ સાધક નગ્ન હોય, કૃશકાય એવો તે પોતાની ઉગ્ર સાધના કરતો હોય, કદાચ તે મહિનાના અંતે મહિને-મહિને અન્ત-પ્રાન્ત ભોજન કરતો હોય (અર્થાત્ ઉગ્ર તપસ્વી હોય) તો પણ જે આ ભવમાં માયાથી ગ્રસ્ત હોય તે અનંત કાળ સુધી ગર્ભવાસ માટે આવનાર હોય છે. મતલબ કે અનન્ત કાળ તે સંસારમાં ભટકે છે." આશય એ છે કે તપ-કષ્ટ વગેરે સરળ છે પણ માયાત્યાગ દુષ્કર છે. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મસાર** ગ્રન્થમાં જણાવેલ છે કે "રસલંપટતા છોડવી સહેલી છે. દેહવિભૂષા છોડવી સરળ છે. કામ-ભોગ છોડવા સહેલા છે. પણ દંભસેવન છોડવું ખૂબ ખૂબ મુશ્કેલ છે." આ અંગે સાધકે ઊંડાણથી વિભાવના કરવી.

### ● આત્મહિતનો વિચાર કરીએ ●

**આધ્યાત્મિક ઉપનય** :- ધર્મજગતમાં પ્રવેશ કર્યા બાદ પ્રત્યેક આત્માર્થી જીવનું કર્તવ્ય છે કે 'મેં કેટલું આત્મહિત સાધ્યું ? કેટલું આત્મહિત સાધવાનું બાકી છે ? શક્તિ હોવા છતાં પણ કયા આત્મહિતને સાધવામાં પ્રમાદ થઈ રહેલ છે ? શા માટે પ્રમાદ થઈ રહેલ છે ? આત્મહિતની કઈ દશાએ હું પહોંચેલ છું ?' ઇત્યાદિ વિચારવિમર્શ કરવો જોઈએ.

**(केव.)** માત્ર જનમનરંજનના આશયથી બાહ્યાચારને પકડવામાં આવે કે પોતાની માન્યતા મુજબના હઠવાદની અંદર રક્ત થવામાં આવે તો તેનાથી જિનમતમાં તાત્ત્વિક પ્રવેશ થઈ શકતો નથી. તથા સાધુવેશ ધારણ કરવા છતાં ભાવસાધુ થવાતું નથી. દીર્ઘ ભવભ્રમણના માર્ગે હોવા છતાં 'હું મોક્ષમાર્ગમાં છું' - એવો ભ્રમ રાખીને જીવ ઉન્માર્ગે ચડી જાય છે. આવું આપણા માટે ન બને તેવી કાળજી રાખવાની

1. यद्यपि च नग्नः कृशः चरेत्, यद्यपि च भुङ्क्ते मासम् अन्तशः। य इह मायया मीयते आगन्ता गर्भायानन्तशः।।

स्माकं नैव स्यात् तथा यतितव्यमित्युपदिश्यते।

एवमेव परमार्थतो निश्चयबोधं विनैव ये सत्क्रियायोगं मुञ्चन्ति तेऽपि शुष्कज्ञानिनो मोक्षमार्ग-बाह्या ज्ञेयाः। प्रकृते [1]"निच्छयमवलंबंता निच्छयओ निच्छयं अयाणंता। नासंति चरणकरणं बाहिरकरणालसा केइ।।" (ओ.नि.५६१) इति **ओघनिर्युक्ति**गाथा संस्मर्तव्या। "निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते। नाशयति करणचरणं स बहिः करणालसो बालः" (पु.सि.५०) इति **अमृतचन्द्रीया पुरुषार्थसिद्ध्युपायकारिका**ऽपि न विस्मर्तव्या।

वस्तुतस्तु तात्त्विकज्ञानपरिपाके स्वभूमिकौचित्येन सत्क्रिया आत्मसाद् भवति। तदुक्तम् **अध्यात्मोपनिषदि** "ज्ञानस्य परिपाकाद्धि क्रियाऽसङ्गत्वमङ्गति। न तु प्रयाति पार्थक्यं चन्दनादिव सौरभम्।।" (अ.उ.३/४०) इति। अधिकं तु तद्वृत्तौ **अध्यात्मवैशारद्याम्** (अ.उ.भाग-२/३-४०/पृ.३१५) अवोचाम। इत्थञ्च "सादिकमनन्तमनुपममव्याबाधं स्वभावजं सौख्यम्। प्राप्तः सकेवलज्ञान-दर्शनो मोदते मुक्तः।।" (यो.शा.११/६०, ष.द.स.१७७) इति **योगशास्त्रे श्रीहेमचन्द्रसूरिणा षड्दर्शनसमुच्चये** च मलधारिराजशेखरसूरिणा दर्शितं सिद्धस्वरूपं प्रत्यासन्नं स्यात्।।१५/२-३।।

---

હિતશિક્ષા ગ્રંથકારશ્રી આ શ્લોક દ્વારા ફરમાવી રહ્યા છે.

### ❀ ક્રિયાયોગત્યાગી મોક્ષમાર્ગબાહ્ય ❀

(**एव.**) એ જ રીતે, બીજી બાજુ વિચારીએ તો, પરમાર્થથી નિશ્ચયની જાણકારી વિના જ જે સુંદર ક્રિયાયોગને છોડે છે, તે શુષ્કજ્ઞાની છે. તેવા શુષ્કજ્ઞાની પણ મોક્ષમાર્ગની બહાર છે. પ્રસ્તુતમાં **ઓઘનિર્યુક્તિ**ની ગાથા યાદ કરવા જેવી છે. ત્યાં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ જણાવેલ છે કે 'નિશ્ચયનયનું આલંબન કરવા છતાં પરમાર્થથી નિશ્ચયનયને નહિ જાણતાં એવા કેટલાક બાહ્યક્રિયામાં આળસુ જીવો ચારિત્રના મૂલગુણનો અને ઉત્તરગુણનો નાશ કરે છે.' દિગંબરાચાર્ય **અમૃતચંદ્ર**જીએ પણ **પુરુષાર્થસિદ્ધિઉપાય**માં આવા પ્રકારના ભાવવાળી જ કારિકા બનાવી છે. તે પણ અહીં ભૂલવા યોગ્ય નથી.

### ❀ સાચા જ્ઞાની સત્ક્રિયાને ન છોડે ❀

(**वस्तु.**) વાસ્તવમાં તો તાત્ત્વિક જ્ઞાનનો પરિપાક થતાં પોતાની ભૂમિકા મુજબ શાસ્ત્રવિહિત ક્રિયા છૂટી જતી નથી પણ આત્મસાત્ થાય છે. તેથી **અધ્યાત્મઉપનિષદ્**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે જણાવેલ છે કે 'જ્ઞાનનો પરિપાક થવાથી ખરેખર શાસ્ત્રોક્ત ક્રિયા આત્મસાત્ થાય છે. જેમ ચંદનમાંથી સુવાસ છૂટી પડતી નથી તેમ જ્ઞાનીમાંથી શાસ્ત્રોક્ત ક્રિયા છૂટી પડતી નથી.' આ અંગે અધિક નિરૂપણ **અધ્યાત્મઉપનિષદ્**ની **અધ્યાત્મવૈશારદી વ્યાખ્યા**માં અમે (યશોવિજય ગણીએ મુનિ અવસ્થામાં) કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગે તેનું અવલોકન કરવું. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **યોગશાસ્ત્ર**માં કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ તથા **ષડ્દર્શનસમુચ્ચય**માં મલધારી શ્રી**રાજશેખરસૂરિ**જીએ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સાદિ-અનંત-અનુપમ-પીડાશૂન્ય-સ્વાભાવિક સુખને મુક્તાત્મા પ્રાપ્ત કરે છે. કેવલજ્ઞાન-કેવલદર્શનને ધરાવનાર મુક્તાત્મા સદા પ્રસન્ન રહે છે.' (૧૫/૨-૩)

---

1. निश्चयमवलम्बमाना निश्चयतो निश्चयम् अजानानः। नाशयन्ति चरण-करणं बाह्यकरणाऽलसाः केचित्।।

**કપટ ન જાણઈ રે♦ આપણું, પરનાં ગુહ્ય તે ખોલઈ રે;**
**ગુણનિધિ ✡ગુરુથી બાહિરા, વિરૂઉં નિજમુખિં બોલઈ રે ॥૧૫/૨-૪॥(૨૫૭) શ્રી જિન.**

જે પ્રાણી (**આપણું**=) પોતાની **કપટ** દશાને **જાણતા નથી**, સ્યા પરમાર્થે ? અજ્ઞાનરૂપ પડલઈ કરીનેં. અને વલી (**તે**) **પરનાં ગુહ્ય** = પારકા અવર્ણવાદ (**ખોલઈ** =) મુખથી બોલઈ છઈ.

मार्गबाह्यानेव साध्वाभासान् विशेषतो दर्शयन्ति – '**स्वे**'ति।

**स्वकपटं तु न जानन्ति, ते परगुह्यानुद्घाटयन्ति रे।**
**गुणनिधिगुरुतो बाह्या विरूपं स्वमुखाद् वदन्ति रे।।१५/२-४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ते (यत्याभासाः) स्वकपटं तु न जानन्ति, परगृह्यान् उद्घाटयन्ति, गुणनिधिगुरुतः (च) बाह्याः स्वमुखाद् विरूपं वदन्ति।।१५/२-४।।

**ते** हि यत्याभासाः **स्वकपटं** = निजशठदशां **न तु** = नैव **जानन्ति**, अज्ञानतिमिरपटलावृतत्वात्। किञ्च ते **परगुह्यान्** = परकीयदोषान् **उद्घाटयन्ति** = स्वमुखतो यथेच्छं प्रलपन्ति, स्वदुर्गतिञ्च नैव पश्यन्ति। तदुक्तं **योगसारे** "परं पतन्तं पश्यन्ति, न तु स्वं मोहमोहिताः। कुर्वन्तः परदोषाणाम्, ग्रहणं भवकारणम्।।" (यो.सा.२/१२) इति। तदुक्तं **महाभारतेऽपि व्यासेन** "खलः सर्षपमात्राणि परच्छिद्राणि

[redacted] :- મોક્ષમાર્ગની બહાર રહેલા તથા સાધુ ન હોવા છતાં પણ લોકોને સાધુ તરીકેનો આભાસ કરાવનારા એવા જીવોને ગ્રંથકારશ્રી વિશેષ રીતે આગળના શ્લોકમાં જણાવે છે :-

**❯ સાધ્વાભાસની ઓળખાણ ❯**

[redacted] :- તે સાધ્વાભાસ જીવો પોતાના કપટને નથી જ જાણતા અને પારકાના દોષોને ઉઘાડા પાડે છે. ગુણના નિધાન સમાન એવા ગીતાર્થ ગુરુથી છૂટા પડીને પોતાના મોઢેથી ગુરુના દોષોને જણાવે છે.(૧૫/૨-૪)

**❃ પરદોષને મોટા કરે તે કપટી ❃**

[redacted] :- પરમાર્થથી સાધુ ન હોવા છતાં પણ લોકોમાં પોતાની જાતનો સાધુ તરીકે આભાસ કરાવનાર એવા સાધુવેશધારી જીવો સાધ્વાભાસ કહેવાય છે. તે સાધ્વાભાસ જીવો પોતાની કપટદશાને નથી જ જાણતા. કારણ કે અજ્ઞાન સ્વરૂપ અંધારાના પડલોથી તેની જ્ઞાનદષ્ટિ આવરાઈ ગયેલ છે. વળી, તે સાધ્વાભાસ જીવો પારકાના દોષને પોતાના મુખથી યથેચ્છપણે ઉઘાડા પાડે છે. પારકાના દોષોનો બકવાશ કરવામાં તેવા જીવો કદી થાકતા નથી અને નિંદા દ્વારા થનારી પોતાની દુર્ગતિને જોતા નથી. આ અંગે **યોગસાર** ગ્રંથમાં **ચિરન્તનાચાર્યે** જણાવેલ છે કે 'મોહથી મૂઢ થયેલા જીવો બીજાને પડતા જુએ છે પણ પોતાને પડતા જોતા નથી. બીજાના દોષનું ગ્રહણ સંસારકારણ છે. પરદોષગ્રહણ કરનારા જીવો સંસારવર્ધક છે.' **મહાભારત**માં પણ **વ્યાસ** મહર્ષિએ જણાવેલ છે કે 'કપટી જીવ માત્ર સરસવ જેવા નાનકડા પારકાના દોષોને જુવે છે. પરંતુ બીલુના વિશાળ ફળ જેટલા મોટા પોતાના

♦ કો.(૯)+સિ.માં 'રે'ના બદલે 'તે' પાઠ. ✡ કો.(૧)માં 'ગુરુથકા' પાઠ. પુસ્તકોમાં 'ગુરુ થકી' પાઠ. લા.(૨)માં 'ગુરુથી' પાઠ.

**ગુણનિધિ** = ગુણનિધાન એહવા જે **ગુરુ**, તેહ**થી બાહિર** રહીને, **વિરૂઓ** તે કહેવા યોગ્ય નહિ, એહવું **નિજમુખથી બોલઈ** છઈ, અસમંજસપણું ભાખે છે, તે પ્રાણીનઈં. **॥૧૫/૨-૪॥**

---

पश्यति। आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति।।" (म.भा.१/३०६९)

**गुणनिधिगुरुतः** = गीतार्थत्व-संविग्नत्व-भवभीरुत्व-निर्दम्भत्व-प्रवचनानुरागादिमहार्घसद्गुणगण-निधानसमानसद्गुरुदेवतः **बाह्याः** = निश्राऽऽज्ञोभयपरित्यागेन स्वतन्त्राः भवन्ति, गुरुनोदना-प्रतिनोदनादिभग्नान्तःकरणत्वात्। [1]"न हि सच्छंदता सेया लोए, किमुत उत्तरे ?" (द.श्रु.स्क.४/चू.पृ.३८) इति **दशाश्रुतस्कन्धचूर्णि**वचनम्, "गीर्भिर्गुरूणां परुषाक्षराभिस्तिरस्कृता यान्ति नरा महत्त्वम्। अलब्धशाणोत्कषणा नृपाणां न जातु मौलौ मणयो वसन्ति।।" (**सिद्धसेनीयद्वात्रिंशिकावृत्तौ** १८/१८ उद्धरणम्) इत्याद्युक्तिं च विस्मरन्तः ते गुरुदेवतः स्वतन्त्राः सन्तः **स्वमुखात्** = स्वकीयवदनाद् **विरूपं** = गुरोः असमञ्जसं **वदन्ति**, गुरुकर्मत्वात्। तदुक्तं **दशाश्रुतस्कन्धनिर्युक्तौ** [2]"भारियकम्मो न गणेइ गुरुं गुरुट्ठाणे" (द.श्रु.स्क.अध्य.३/नि.२१) इति। न च ते स्वल्पकालेन मोक्षं गमिष्यन्ति। तदुक्तं **दशवैकालिके** [3]"न यावि मोक्खो गुरुहीलणाए" (द.वै.९/१/७) इति। न च ते गुरुनिन्दका दर्शनीयाः। अत एव ते पापश्रमणत्वेन व्यवहार्याः। तदुक्तम् **उत्तराध्ययनसूत्रे** [4]"आयरिय-उवज्झायाणं, सम्मं नो पडितप्पई। अप्पडिपूअए थद्धे

---

દોષોને જોવા છતાં તે કપટી માણસ જાણે કે જોતો નથી.'

### ❋ ગુરુનિંદક સાધુ પાપશ્રમણ ❋

(**ગુણ.**) ગીતાર્થતા, સંવિગ્નતા, ભવભીરુતા, નિર્દંભતા, જિનશાસનનો અનુરાગ વગેરે અત્યંત કિંમતી સદ્ગુણના સમૂહના ભંડાર સમાન એવા પોતાના સદ્ગુરુની નિશ્રા અને આજ્ઞા - બન્નેનો ત્યાગ કરીને સદ્ગુરુથી છૂટા પડીને સ્વતંત્રપણે વિચરે છે. કારણ કે તેઓના મન ગુરુ દ્વારા થતી ચોયણા-પડિચોયણા (કડક ઠપકો, આક્રોશ) વગેરેથી ભાંગી ગયેલા હોય છે. 'લોકમાં પણ સ્વચ્છંદતા કલ્યાણકારી નથી. તો લોકોત્તર જિનશાસનમાં તો સ્વચ્છંદતા કઈ રીતે કલ્યાણકારી બની શકે ?' - આ પ્રમાણે **દશાશ્રુતસ્કંધચૂર્ણિ**ના વચનને તેઓ ભૂલી જાય છે. તથા "કઠોર અક્ષરવાળી ગુરુવાણીથી તિરસ્કૃત થયેલા મનુષ્યો મહત્ત્વને પ્રાપ્ત કરે છે. જે મણિઓ શાણમાં ઘસાતા નથી, તે મણિઓ ક્યારેય પણ રાજાઓના મુગટમાં વસવાટ કરતા નથી" - આવા પ્રકારના શાસ્ત્રવચનોને તેઓ ભૂલી જાય છે. તેથી ગુરુદેવથી સ્વતંત્રપણે વિચરતા એવા તે સાધ્વાભાસ જીવો પોતાના જ મોઢેથી પોતાના ગુરુના અવર્ણવાદને જણાવે છે. કારણ કે તે ભારેકર્મી છે. શ્રી**દશાશ્રુતસ્કંધનિર્યુક્તિ**માં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ આ અંગે જણાવેલ છે કે 'ભારેકર્મી જીવ ગુરુને ગુરુના સ્થાનમાં ગણતો નથી.' ગુરુની નિંદા કરનારા તે સાધ્વાભાસ જીવો અલ્પકાળમાં તો મોક્ષે નથી જ જવાના. તેથી જ **દશવૈકાલિક** સૂત્રમાં જણાવેલ છે કે 'ગુરુની હીલના કરવાથી અનંત કાળે પણ મોક્ષ થતો નથી.' ગુરુનિંદક એવા તે જીવો તો જોવા યોગ્ય પણ નથી. આ જ કારણથી તે સાધ્વાભાસ જીવો જૈનશ્રમણ તરીકે કે ધર્મશ્રમણ તરીકે વ્યવહાર કરવા યોગ્ય નથી. પરંતુ પાપશ્રમણ

---

**1**. न हि स्वच्छन्दता श्रेयसी लोके, किमुत उत्तरे (= लोकोत्तरे) ? **2**. भृतकर्मा न गणयति गुरुं गुरुस्थाने। **3**. न चाऽपि मोक्षः गुरुहीलनया। **4**. आचार्य-उपाध्यायानाम्, सम्यग् न प्रतितृप्यति। अप्रतिपूजकः स्तब्धः पापश्रमणः इति उच्यते।।

पावसमणेत्ति वुच्चई।। (उत्त.१७/५), [1]आयरियपरिच्चाई परपासंडसेवए। [+]गाणंगणिए दुब्भूए पावसमणेत्ति वुच्चइ।।" (उत्त. १७/१७) इति। यथोक्तम् **अर्हद्गीतायां मेघविजयो**पाध्यायेनापि "यश्चाचार्योपाध्यायं श्रुताचारविनायकम्। निन्देत् स पापश्रमणो जमालि-कुलवालवद्।।" (अ.गी.२४/१३) इति।

एवञ्च कुर्वन् स किल्बिषिकभावनां करोति। तदुक्तं **बृहत्कल्पभाष्ये पञ्चवस्तुके** च [2]"नाणस्स केवलीणं धम्मायरियस्स संघ-साहूणं। माई अवन्नवाई किब्बिसियं भावणं कुणइ।।" (बृ.क.भा.१३०२, प.व.१६३६)।

अयं च गुरुं प्रति, भावं प्रति, श्रुतं प्रति च प्रत्यनीकतया बोध्यः। तदुक्तं **स्थानाङ्गसूत्रे** [3]"गुरुं पडुच्च ततो पडिणीता पन्नत्ता। तं जहा – (१) आयरियपडिणीते, (२) उवज्झायपडिणीते, (३) थेरपडिणीते।" [4]"......भावं पडुच्च ततो पडिणीता पन्नत्ता। तं जहा – (१) णाणपडिणीए, (२) दंसणपडिणीए, (३) चरित्तपडिणीए।" [5]"सुतं पडुच्च ततो पडिणीता पन्नत्ता। तं जहा – (१) सुत्तपडिणीते, (२) अत्थ-

---

રૂપે જ તેઓ વ્યવહાર કરવા યોગ્ય છે. તેથી જ **ઉત્તરાધ્યયન** સૂત્રમાં જણાવેલ છે કે 'આચાર્યને અને ઉપાધ્યાયને જે સાધુ સારી રીતે પ્રસન્ન નથી કરતો, તેમની પૂજા નથી કરતો અને અહંકારથી સ્તબ્ધ રહે છે તે પાપશ્રમણ કહેવાય છે. જે સાધુ આચાર્યનો (= ગુરુનો) પૂરેપૂરો ત્યાગ કરે છે, પરપાખંડનું સેવન કરે છે, છ મહિનાની અંદર જ એક સમુદાયમાંથી બીજા સમુદાયમાં જાય છે તથા અસદ્ભૂત = ખોટા વ્યવહારને કરે છે તે પાપશ્રમણ કહેવાય છે.' **અર્હદ્ગીતા**માં **મેઘવિજયજી** ઉપાધ્યાયે પણ જણાવેલ છે કે 'શ્રુતના આચારને શીખવાડનારા આચાર્યની અને ઉપાધ્યાયની જે નિંદા કરે તે **જમાલિ** અને **કુલવાલક**ની જેમ પાપશ્રમણ થાય.'

## ❖ કિલ્બિષિકભાવનાનો ચિતાર ❖

(एव.) આવું કરતો તે કિલ્બિષિકભાવનાને કરે છે. આ અંગે **બૃહત્કલ્પભાષ્ય**માં અને **પંચવસ્તુક**માં જણાવેલ છે કે "(૧) જ્ઞાન, (૨) કેવલજ્ઞાની, (૩) ધર્માચાર્ય, (૪) સંઘ અને (૫) સાધુ ભગવંતોના અવર્ણવાદને કરનારો માયાવી જીવ કિલ્બિષિકભાવનાને કરે છે."

## ❖ વિવિધ પ્રત્યનીકોને પિછાણીએ ❖

(अयं.) પ્રસ્તુત વ્યક્તિ જ્ઞાન-જ્ઞાનીનો અવર્ણવાદ કરવાના લીધે (૧) ગુરુ પ્રત્યે, (૨) ભાવ પ્રત્યે તથા (૩) શ્રુત પ્રત્યે પ્રત્યનીકરૂપે = શત્રુરૂપે જાણવો. આ અંગે **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે "ગુરુને આશ્રયીને ત્રણ પ્રકારે પ્રત્યનીક કહેલ છે. તે આ પ્રમાણે - (૧) આચાર્યપ્રત્યનીક, (૨) ઉપાધ્યાય પ્રત્યનીક, (૩) સ્થવિરપ્રત્યનીક." "...ભાવને આશ્રયીને ત્રણ પ્રકારે પ્રત્યનીક કહેલ છે. તે આ પ્રમાણે - (૧) જ્ઞાનપ્રત્યનીક, (૨) દર્શનપ્રત્યનીક, (૩) ચારિત્રપ્રત્યનીક." "શ્રુતને આશ્રયીને ત્રણ પ્રકારે પ્રત્યનીક કહેલ છે. તે આ પ્રમાણે - (૧) સૂત્રપ્રત્યનીક, (૨) અર્થપ્રત્યનીક, (૩) તદુભયપ્રત્યનીક."

---

1. आचार्यपरित्यागी परपाषण्डसेवकः। गाणङ्गणिकः दुर्भूतः पापश्रमणः इति उच्यते।। +गाणङ्गणिकः गणाद् गणं षण्मासाभ्यन्तरे एव सङ्क्रामति। 2. ज्ञानस्य केवलिनां धर्माऽऽचार्यस्य संघ-साधूनाम्। मायी अवर्णवादी किल्बिषिकां भावनां करोति।। 3. गुरुं प्रतीत्य त्रयः प्रत्यनीकाः प्रज्ञप्ताः। तद् यथा – (१) आचार्यप्रत्यनीकाः, (२) उपाध्यायप्रत्यनीकाः, (३) स्थविरप्रत्यनीकाः। 4. .....भावं प्रतीत्य त्रयः प्रत्यनीकाः प्रज्ञप्ताः। तद् यथा – (१) ज्ञानप्रत्यनीकाः, (२) दर्शनप्रत्यनीकाः, (३) चारित्रप्रत्यनीकाः। 5. श्रुतं प्रतीत्य त्रयः प्रत्यनीकाः प्रज्ञप्ताः। तद् यथा – (१) सूत्रप्रत्यनीकाः, (२) अर्थप्रत्यनीकाः, (३) तदुभयप्रत्यनीकाः।

पडिणीते, (३) तदुभयपडिणीते।" (स्था.सू.२०८) इति। [1]"गुरुआणाए मुक्खो" (गु.त.वि.१/२) इति च **गुरुतत्त्वविनिश्चयोक्तिं** नाऽयं स्मरति। न वाऽयं "न हि गुरोः परमात्मनो वा कृपामन्तरेण कोऽपि परमार्थप्रवणो भवति" (सा.सं.भा.१/१/१/१/१/२/पृ.५) इति **सायणसंहिताभाष्ये भगवदाचार्योक्तिं** श्रद्धत्ते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – शठः सदा परदोषदर्शी, रजःसमपरदोषविस्तरकारी, गजसमनिज-दोषप्रच्छादकः, स्वरसतो गुरुनिन्दकः अनन्तभवभ्रमणकारी भवति। धर्मश्रमणतया प्रतिभासमानोऽपि परमार्थतः पापश्रामण्यजीवी स आत्मविडम्बक एव।

साध्वाभासः स ज्ञानिदृष्ट्या जिनशासनबहिर्भूतो भवति। एतादृशीमात्मदशां वयं नैव प्राप्नुयाम इतीष्यते। तत्परिहारप्रयत्नत एव [2]"अक्खयसुक्खो मुक्खो" (श्री.क.२०९) इति **श्रीश्रीपालकथायां रत्नशेखरसूरिदर्शितो** मोक्षः सुलभः स्यात्।।१५/२-४।।

---

'ગુરુઆજ્ઞાથી મોક્ષ થાય છે' - આ પ્રમાણે **ગુરુતત્ત્વવિનિશ્ચય**ના વચનને પણ તે યાદ કરતો નથી. તથા 'ગુરુકૃપા વિના કે પરમાત્મકૃપા વગર કોઈ પણ જીવ પરમાર્થમાં/શાસ્ત્રરહસ્યાર્થમાં નિપુણ બનતો નથી'- આ પ્રમાણે **સાયણસંહિતાભાષ્યમાં ભગવદાચાર્ય**નું જે વચન છે, તેની પણ શ્રદ્ધા તે કરતો નથી.

### આત્મવિડંબક ન બનીએ

**આધ્યાત્મિક ઉપનય** :- કપટી જીવ પોતાના દોષ જોવાના બદલે હંમેશા બીજાના છિદ્રોને જુવે છે. બીજાના દોષને રજનું ગજ કરીને દેખાડે છે અને ગજ જેવા પોતાના દોષ એને રજ જેવા લાગે છે. તે રીતે પોતાના દોષને તે ઢાંકે છે. તથા ગુરુનિંદાના પાપમાં તે હોંશે-હોંશે જોડાય છે અને અનંતકાળ સુધી મોક્ષથી દૂર ફેંકાઈ જાય છે. ધર્મશ્રમણ તરીકેનો દેખાવ કરવા છતાં પાપશ્રમણ તરીકેનું તેનું જીવન આત્મવિડંબના સિવાય બીજું કશું જ નથી.

### જ્ઞાનીની નજરમાં નીચા ન ઉતરીએ

(**સાધ્વા.**) બાહ્ય દૃષ્ટિએ સંસારનો ત્યાગ કરવા છતાં પણ તે સાધ્વાભાસ જીવ જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં અત્યંત નીચો ઉતરી જાય છે અને જિનશાસનની અત્યંત બહાર નીકળી જાય છે. આવું આપણી બાબતમાં ન બને તેવું ગ્રંથકારશ્રી ઈચ્છી રહ્યા છે. પાપશ્રામણ્યનો પરિહાર કરવાના પ્રયત્નથી જ **શ્રીશ્રીપાલકથા**માં (= સિરિસિરિવાલ કહામાં) શ્રી**રત્નશેખરસૂરિ**જીએ દર્શાવેલ શાશ્વતસુખવાળો મોક્ષ સુલભ બને. (૧૫/૨-૪)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના ક્યારેક ઉપકરણની આકર્ષકતામાં અટવાય છે. અંતઃકરણની નિર્મળતામાં ઉપાસના મહાલે છે.**

---

1. गुर्वाज्ञया मोक्षः। 2. अक्षयसौख्यो मोक्षः।

**બાહિર બક પરિ ચાલતાં, અંતર આકરી ♦કાતી રે;**
**તેહનઈ ✡જે ભલા કહઈ, મતિ નવિ જાણઈ તે ⁑જાતી રે ॥૧૫/૨-૫॥ (૨૫૮) શ્રી જિન.**

જે બાહ્યવૃત્તિ બકની પરે ચાલતાં રહે છે.

**शनैर्मुञ्चति स पादान् जीवानामनुकम्पया।**
**पश्य लक्ष्मण ! पम्पायां बकः परमधार्मिकः ।। ( ) इति वचनात्।**
□**सहवास्येव जानाति सहजं सहवासिनाम्। मन्त्रं प्रच्छ्यसे राजन् ! येनाहं निष्कुलीकृतः।। ( )**

---

बाह्यवृत्तीनेव स्पष्टतया व्याचष्टे – '**बाह्ये**'ति।

**बाह्यवृत्तयो बकवत् चलन्ति दधत्यन्तो दृढां मायाम्।**
**तान् यः शोभनान् वदति स नैव वेत्ति तेषां छायाम्।।१५/२-५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – बाह्यवृत्तयः बकवत् चलन्ति। (ते) अन्तः दृढां मायां दधति। तान् शोभनान् यो वदति सः तेषां छायां नैव वेत्ति।।१५/२-५।।

**बाह्यवृत्तयः** = जनमनोरञ्जनैकबद्धवृत्तयः **बकवत्** = शठबलाका इव **चलन्ति**, "शनैरुद्धरते पादं जीवानामनुकम्पया। पश्य लक्ष्मण ! पम्पायां बकः परमधार्मिकः।।" (सू.मु.११५/७) इति **सूक्तमुक्तावली**वचनात्, "सहवास्येव जानाति सहजं सहवासिनाम्। मन्त्रं प्रच्छ्यसे राजन् ! येनाऽहं निष्कुलीकृतः।।"

---

[redacted] :- બહિર્મુખવૃત્તિવાળા સાધુઓને ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ❀ બહિર્મુખી સાધુનો પરિચય ❀

[redacted]:- બહિર્મુખવૃત્તિવાળા બગલાની જેમ ચાલે છે. તેઓ અંદરમાં દઢ કપટને ધારણ કરે છે. તેવા સાધુઓને જે સારા કહે છે, તે તેઓના પડછાયાને પણ નથી જ જાણતા. **(૧૫/૨-૫)**

### ❀ સહવાસી જ સહવાસીને ઓળખે ❀

[redacted]:- જેમના ચિત્તની વૃત્તિ માત્ર જનમનરંજનમાં જ બંધાયેલી છે તેવા બહિર્મુખ સાધુઓ માયાવી બગલાની જેમ ચાલે છે. આ બાબતમાં જૈનેતર ગ્રંથમાં એક પ્રસંગ આવે છે કે - **કબંધ** રાક્ષસની વિદાય બાદ **રામ, લક્ષ્મણ** ફરતા ફરતા **ઋષ્યમૂક** પર્વત પાસે રહેલા **'પંપા'** નામના સરોવરના કિનારે આવે છે. ત્યારે સરોવરના પાણીમાં એક પગે ઊભા રહીને ધ્યાન ધરતા તથા ધીમે ધીમે ચાલતા બગલાને જોઈને રામચન્દ્રજી જે બોલે છે, તે **સૂક્તમુક્તાવલી** (પૂર્વાચાર્યકૃત ૧૨૭ અધિકારયુક્ત) ગ્રંથમાં આ મુજબ દર્શાવેલ છે કે 'જીવોની અનુકંપાથી જે ધીમે ધીમે પગને ઉપાડે છે, તેવો બગલો પંપા નામના સરોવરમાં પરમધાર્મિક તરીકે પ્રસિદ્ધ છે. હે લક્ષ્મણ ! તેવા બગલાને તું જો.' ત્યારે રામચન્દ્રજીનું

---

♦ કાતી = કર્તકી = છરી. તત્સમાન હોવાથી માયાને 'કાતી' કહેલ છે. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ** ખંડ-૨ (પ્રકાશન : સાહિત્ય સંશોધન પ્રકાશન, અમદાવાદ) તથા **કામાવતી** (લોકવાર્તાકાર **શિવદાસ**કૃત) અને **પ્રેમાનંદની કાવ્યકૃતિઓ** ✡ મ.માં 'જેહ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ⁑ M(૧)માં 'જોતી' અશુદ્ધ પાઠ. □ શાં.માં '**सहवासीव जानाति सहसं सहवाजिनाम्। मन्त्रं प्रच्छ्यसे...**' ઇત્યાદિ અશુદ્ધ પાઠ છે.

અને **અંતરંગમાં આકરી કાતી** માયારૂપ રાખેં. **તેહને જે ભલા કહઈ** છઈ,

( ) इति वचनाच्च। अयं भावः – यथा स्वकीयं मत्स्यभक्षणाशयमाच्छाद्य परेषामग्रतः स्वस्य दयापरिणामप्रकाशनाय नीचैः विलोक्य अतिमन्दं पादौ विक्षिपन् ***ऋष्यमूक***पर्वतसन्निधौ ***पम्पा***ऽभिधाने सरसि विचरन् बको मुग्धानां परमधार्मिकतया ज्ञायमानोऽपि विश्वस्तानां मत्स्यानां वंशम् उत्पाटितवान् तथा ये सम्मुग्धजनप्रतारणकृते समिति-गुप्तिप्रभृतिबाह्याचारपरायणाः तेऽपि बाह्ययतयः सम्प्रमुग्धान् नाशयन्ति, मोक्षमार्गात् परिभ्रंशयन्ति।

परमार्थतः ते पापश्रमणत्वेनैव व्यवहार्याः। तदुक्तम् **उत्तराध्ययनसूत्रे** [1]"बहुमाई पमुहरी, थद्धे लुद्धे अनिग्गहे। असंविभागी अचियत्ते, पावसमणेत्ति वुच्चइ।।" (उत्त.१७/११) इति। अतो ये **अन्तः** = अन्तःकरणे **दृढाम्** = अविचलितां **मायां** = निकृतिं **दधति**, **तान्** बकवत् शठवृत्तीन् **शोभनान्** =

આ વાક્ય સાંભળીને પાણીમાં રહેલું માછલું બોલે છે કે 'હે રાજન્ ! મારા દ્વારા તમને ખાનગીમાં પૂછાય (?કહેવાય) છે. રાજન્ ! તમે લોકો તે બગલાના ચરિત્રને જાણતા નથી. પણ સહવાસીનું સહજ જીવનચરિત્ર સહવાસી જ જાણે છે. કારણ કે આ બગલાએ મને કુલવિહીન કરી નાખેલ છે.' એક માછલું રાજા રામચન્દ્રજીને આ વાત કરી રહેલ છે. કહેવાનો આશય એ છે કે - બગલો માછલાને ખાય છે. માછલાને ખાવાનો પરિણામ તેના અંતરમાં નિરંતર છવાયેલ હોય છે. પરંતુ માછલાને ખાવાના પોતાના આશયને ઢાંકીને બીજા જીવોની આગળ પોતાનો જીવદયાપરિણામ દેખાડવા માટે બગલો નીચે જોઈને અત્યંત ધીમે ધીમે પોતાના પગલાને માંડતો અને ઉપાડતો ઋષ્યમૂક પર્વતની નજીકમાં આવેલ પંપા નામના સરોવરમાં ઉતરે છે. આ રીતે પંપા સરોવરમાં ઉતરતો બગલો મુગ્ધ જીવોને અત્યંત ધાર્મિક તરીકે જણાય છે. પરમધાર્મિક તરીકેની બગલાની પ્રસિદ્ધિને સાંભળીને તળાવના માછલાઓએ તેના ઉપર અત્યંત વિશ્વાસ રાખ્યો. વિશ્વસ્ત માછલાઓ બગલાની પાસે આવવા લાગ્યા અને બગલો એક પછી એક વિશ્વાસુ માછલાઓને ખાવા લાગ્યો. અંતે તળાવમાં રહેલ માછલાઓના આખા વંશને તેણે ઉખેડી નાખ્યો, છેલ્લે ફક્ત એક જ માછલું તળાવમાં બાકી રહ્યું. એક જ તળાવમાં બગલો અને માછલું રહેતા હોવાના કારણે તે માછલું બગલાની ખાનગી હિંસક પ્રવૃત્તિઓને સારી રીતે જાણે છે. તેથી તે તળાવે આવેલા રાજા રામચન્દ્રજીને ઉપરની વાત જણાવે છે. જેમ બગલાએ વિશ્વાસુ માછલાના વંશને ઉખેડી નાખ્યો, તેમ અત્યંત મુગ્ધ લોકોને ઠગવા માટે સમિતિ-ગુપ્તિ વગેરે બાહ્યાચારમાં પરાયણ તે બહિર્મુખી કપટી સાધુઓ અત્યંત મુગ્ધ લોકોને ઠગે છે અને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે છે.

## પાપશ્રમણની નિશાની

**(परमा.)** વાસ્તવમાં તો તેઓ પાપશ્રમણ તરીકે જ વ્યવહાર કરવા યોગ્ય છે. તેથી જ **ઉત્તરાધ્યયન સૂત્ર**માં જણાવેલ છે કે 'બહુ માયા કરનાર, અત્યંત બોલ-બોલ કરનાર, અહંકારથી સ્તબ્ધ થયેલ, વસ્ત્ર -પાત્ર વગેરેમાં અત્યંત આસક્ત, પાંચ ઈન્દ્રિયો ઉપર અંકુશ ન રાખનાર, પોતાને મળેલ ગોચરી-પાણી વગેરે દ્વારા ગુરુભાઈ વગેરેની ભક્તિ ન કરનાર, સાધુ વગેરેને અપ્રિય હોય એવો સાધુ પાપશ્રમણ કહેવાય

1. बहुमायी प्रमुखरः, स्तब्धः लुब्धः अनिग्रहः। असंविभागी अप्रियः, पापश्रमणः इति उच्यते।।

તે પણ દુર્બુદ્ધિ જાણવા. પણિ તેહની **मति**, તેણે **जाती न जाणी**, अत एव **"निर्बुद्धिको पुरुषो ज्ञेयः"** **इति भावः** ॥१५/२-५॥

---

भद्रान् **यो वदति**, सोऽपि दुर्बुद्धितया ज्ञेयः। **स** हि **तेषां** बाह्यवृत्तीनां **छायां** = जातिं **नैव वेत्ति**। अत एव स वक्ता निर्बुद्धिकः पुरुषो ज्ञेयः इति भावः। अत्र [1]"ण मुयदि पयडिमभव्वो सट्ठु वि अज्झाइदूण सत्थाणि। गुड-दुद्धं पि पिबंता ण पण्णया णिव्विस्सा होंति।।" (स.सा.३१७) इति **समयसार**गाथाऽपि स्मर्तव्या।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'आत्मशुद्ध्याशयं परित्यज्य जनमनोरञ्जनैकबद्धकक्षानां बाह्योग्रतपस्त्यागाद्याचारः मायाचारतया परिणमती'त्यवसाय दीर्घतपश्चर्या-बृहत्त्याग-व्याख्यान-शिबिर -तीर्थयात्रोपधानाऽञ्जनशलाका-प्रतिष्ठा-ग्रन्थमुद्रण-प्रकाशन-महापूजाऽष्टाह्निकमहोत्सवाद्याराधनाकरण -कारापणाद्यवसरे स्वचेतसि जनमनोरञ्जनाशयो न प्रविशेदित्यवधातव्यम्। शासनप्रभावनानाम्ना

---

છે.' તેથી અંતઃકરણમાં અત્યંત દૃઢ રીતે માયાને સ્થિરપણે ધારણ કરનાર બગલા જેવા કપટવૃત્તિવાળા સાધુઓને જે જીવ સારા કહે છે, તે વક્તા પણ દુર્બુદ્ધિ જાણવો. તે ખરેખર બહિર્મુખવૃત્તિવાળા સાધુઓના પડછાયાને પણ જાણતો નથી. કપટી સાધુની જાતને તે ઓળખતો નથી. તેમ છતાં તેને સારા કહેવાના લીધે તે પુરુષ બુદ્ધિહીન જાણવો - એવું જણાવવાનું અહીં તાત્પર્ય છે. અહીં **સમયસાર**ની એક ગાથા યાદ કરવા યોગ્ય છે કે "સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય જીવ પોતાની ખરાબ પ્રકૃતિને છોડતો નથી, જેમ સાકરવાળું દૂધ પીવા છતાં સર્પો નિર્વિષ થતા નથી."

પંન્યાસપ્રવર **શ્રીચરણવિજયજી** મહારાજે **'ગુજરાતી સુભાષિત સૂક્તરત્નાવલી'** ગ્રંથમાં મિથ્યાજ્ઞાનની નીચે મુજબ ઓળખ આપી છે. તે અહીં સ્મર્તવ્ય છે.

**"(જે) જ્ઞાન મલ્યાથી જીવને, રાગ-દ્વેષ બહુ થાય;**
**તેવા સઘળા જ્ઞાનને, મિથ્યા જ્ઞાન વદાય." (૧૧૧/૧- પૃષ્ઠ-૧૯૬)**
**"દેવ-ગુરુને ધર્મમાં, શ્રદ્ધા નો'ય જરાય;**
**તેવા સઘળા જ્ઞાનને, મિથ્યા જ્ઞાન વદાય." (૧૧૧/૪- પૃષ્ઠ-૧૯૬)**

### ❀ લોકરંજનનો આશય ઘાતક ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'આત્મશુદ્ધિના બદલે જનમનરંજનને પોતાનું લક્ષ્ય બનાવીને બહિર્મુખપણે જે કોઈ તપ-ત્યાગાદિ ઉગ્ર આચાર પાળવામાં આવે છે, તે માયાચારરૂપે પરિણમે છે' - આવું જાણીને દીર્ઘ તપશ્ચર્યા, મોટા ત્યાગ; વ્યાખ્યાન, શિબિર, સંઘ, ઉપધાન, અંજનશલાકા, પ્રતિષ્ઠા, શાસ્ત્રપ્રકાશન, મહાપૂજા, અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ આરાધના કરતી વખતે અને કરાવતી વખતે જનમનરંજનનો તુચ્છ આશય ઘૂસી ન જાય તેની સાવધાની રાખવાની આંતરિક ભલામણ ગ્રંથકારશ્રી આ શ્લોક દ્વારા કરે છે. શાસનપ્રભાવનાના નામે જાતપ્રભાવના કરવી કે સંઘરક્ષાના નામથી ફક્ત પોતાના સમુદાયની અને

---

1. न मुञ्चति प्रकृतिम् अभव्यः सुष्ठु अपि अधीत्य शास्त्राणि। गुड-दुग्धम् अपि पिबन्तः न पन्नगाः निर्विषा भवन्ति।।

स्वप्रभावनाकरणवृत्तितः, सङ्घरक्षाभिधानेन स्वसमुदाय-सम्प्रदायरक्षाकरणवृत्तितः साम्प्रतं विशिष्य दूरेण भाव्यमित्युपदिश्यते।

शान्ति-सुखादिप्राप्तये जनमनोरञ्जन-माया-ममता-वासनाद्यावर्त्ते नैव जातुचिद् निमज्जनीयम्, न वा परद्रव्याद्यनुभवपरायणतया भाव्यम्। शान्त्यादिकं परद्रव्यादितः, तत्प्रेक्षणादितः, विभावपरिणामादिकर्तृत्व-भोक्तृत्वदशातो वा नैव प्रादुर्भवति। तत्सर्वपरभावौदासीन्येन ध्रुव-शुद्ध-पूर्ण-निजचैतन्याऽखण्डपिण्डे निजवर्त्तमानोपयोगपरिणतिलीनतासम्पादनेनैव ततः साम्प्रतं शान्त्यादिकम् आविर्भवेत्, नान्यथा। इत्थं परिपूर्ण-परिशुद्ध-शाश्वत-निजपरमशान्तस्वभावप्रादुर्भावतः "सिद्धक्षेत्रे विमले, जन्म-जरा-मरण-रोगनिर्मुक्तः। लोकाग्रगतः सिध्यति, साकारेणोपयोगेन।।" (प्र.र.२८८) इति **प्रशमरतौ** प्रदर्शिता सिद्धिः प्रत्यासन्ना स्यात्।।१५/२-५।।

---

પોતાના સંપ્રદાયની જ રક્ષા કરવી - આ પણ કપટવૃત્તિ છે. આવી માયાવૃત્તિથી પણ આ કાળમાં વિશેષ પ્રકારે દૂર રહેવા જેવું છે.

### ❋ સાચી શાંતિને મેળવવાનો ઉપાય ❋

**(शान्ति.)** હકીકતમાં દરેક જીવ શાન્તિ, સુખ વગેરેના જ કામી છે. તે માટે જ સર્વ જીવો પ્રયત્ન કરે છે. પણ તેનું સાચું સાધન ન પકડવાથી તેની પ્રાપ્તિ થતી જ નથી. જેણે તાત્ત્વિક શાન્તિ, સુખ વગેરે મેળવવા છે, તેણે ક્યારેય પણ જનમનરંજન, માયા, મમતા, વાસના વગેરેના વમળમાં ડૂબવું ન જ જોઈએ કે પર દ્રવ્ય-ગુણાદિનો અનુભવ કરવામાં ગળાડૂબ થવું ન જ જોઈએ. હે ભવ્યાત્મા ! તારે આત્માની શાંતિ વગેરે ગુણવિભૂતિને પ્રગટ કરવી જ છે, તો તે ક્યારેય પારકા દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી નહીં આવે, પારકી વસ્તુ સામે જોવાથી નહિ જ આવે. રાગાદિ વિભાવપરિણામ કે ક્ષણિક વિકલ્પ વગેરે પર્યાયના કર્તા-ભોક્તા બનવાની અવસ્થામાંથી પણ શાંતિ વગેરે ક્યારેય પણ, ક્યાંય પણ, કોઈને પણ પ્રગટી શકે જ નહિ. તેથી તે તમામ પરભાવના લક્ષને છોડી દે. તે તમામ પારકા દ્રવ્યાદિથી પરમ ઉદાસીન બનીને ધ્રુવ, શુદ્ધ, પરિપૂર્ણ એવા પોતાના ચૈતન્યના અખંડ પિંડમાં જ તારી પોતાની વર્તમાન ઉપયોગપરિણતિને એકાકાર કર, તન્મય બનાવ. તારા ધ્રુવ, શુદ્ધ, પૂર્ણ ચૈતન્યસ્વભાવના આધારે જ સાંપ્રત અવસ્થામાં સાચી શાંતિ વગેરે પ્રગટ થાય. બીજી કોઈ રીતે તાત્ત્વિક શાંતિ મળશે નહિ. આ રીતે અહીં બતાવેલ માર્ગે ચાલીને પરિપૂર્ણ, પરિશુદ્ધ, શાશ્વત એવા પોતાના જ પરમ શાંતસ્વભાવને પ્રગટ કરવાથી **પ્રશમરતિ**માં દર્શાવેલ સિદ્ધિ નજીક આવે છે. ત્યાં **ઉમાસ્વાતિવાચકે** જણાવેલ છે કે "જન્મ-જરા-મરણ-રોગથી સંપૂર્ણતયા છૂટી ગયેલ તથા વિમલ સિદ્ધિક્ષેત્રમાં લોકાગ્ર ભાગને પામેલ આત્મા સાકાર ઉપયોગથી સિદ્ધિને પામે છે."**(૧૫/૨-૫)**

વળી એહ જ દૃઢઈ છઈ-

**બહુવિધ બાહ્ય ક્રિયા કરઈ, જ્ઞાનરહિત જેહ ટોલઈ રે;**
**શત જિમ અંધ અદેખતા, તે તો પડિયા♦ છઈ ભોલઈ રે ॥૧૫/૨-૬॥(૨૫૯) શ્રી જિન.**

✡**બહુવિધ** ઘણા પ્રકારની, **બાહ્ય ક્રિયા કરઈ** છઈ, **જ્ઞાનરહિત** જે અગીતાર્થ, તેહનેં **ટોલે**† = સંઘાડે, મીલીનઈં તે, **જિમ શત અંધ અણદેખતા** જિમ મિલ્યા હોઈ, તે જિમ શોભા ન પામઈ, તિમ **તે તો ભોલઈ**

---

पुनरपि तदेव दृढयति – '**बहुविधामि**'ति।

**बहुविधां बाह्यक्रियां कुर्वन्तो जडवृन्दं विशन्ति रे।**
**अपश्यन्तोऽन्धशतवद् ह्यर्थं मुग्धाः प्रपतन्ति रे।।१५/२-६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – बहुविधां बाह्यक्रियां कुर्वन्तः (ते) जडवृन्दं विशन्ति। अर्थम् अपश्यन्तः (ते) मुग्धाः अन्धशतवत् प्रपतन्ति हि।।१५/२-६।।

ते जनमनोरञ्जनबद्धवृत्तयः **बहुविधां** कष्टतरादिस्वरूपां **बाह्यक्रियां** निर्दोषोञ्छ-लोच-मासोपवासादिलक्षणां **कुर्वन्तः** अपि **जडवृन्दम्** = अगीतार्थसमुदायं **विशन्ति अन्धशतवद्** = जात्यन्धानां शतम् इव **अर्थम्** = आत्मकल्याणम् **अपश्यन्तो** धार्मिकशोभामलभमानाः **मुग्धाः** = अगीतार्थप्रतारिताः भवान्धकारगहनवने **प्रपतन्ति हि** = एव। यथोक्तं **सूत्रकृताङ्गसूत्रे** [1]"अंधो अंधं पहं णिंतो दूरमद्धाणु गच्छइ। आवज्जे उप्पहं जंतू अदुवा पंथाणुगामिए।।" (सू.कृ.१/१/२/१९) इति।

---

[illegible] :- ગ્રંથકારશ્રી ફરીથી પ્રસ્તુત વાતને જ દૃઢ કરતાં કહે છે કે :-

### ❋ ... તો ઉગ્ર સંયમચર્યા પણ નિષ્ફળ બને ❋

[illegible] :- અનેક પ્રકારની બાહ્યક્રિયાને કરતા બહિર્મુખ જીવો અજ્ઞાનીના ટોળામાં પ્રવેશ કરે છે. આત્મકલ્યાણને નહિ જોતા તે મુગ્ધજીવો સેંકડો અંધ વ્યક્તિની જેમ ભવાટવીમાં પડે છે. **(૧૫/૨-૬)**

[illegible] :- નિર્દોષ ગોચરી-પાણી, લોચ, માસક્ષમણ વગેરે સ્વરૂપ અત્યંત કષ્ટકારી બાહ્ય અનેકવિધ ક્રિયાને કરવા છતાં પણ જનમનરંજનમાં પોતાની ચિત્તવૃત્તિને ચોંટાડી દેનારા તે બહિર્મુખ જીવો અગીતાર્થના ટોળામાં પ્રવેશ કરે છે. જેમ સેંકડો જન્માંધ માણસો બાહ્ય રૂપી પદાર્થને જોતા નથી તેમ અગીતાર્થથી ઠગાયેલા તે જીવો પોતાના આત્મકલ્યાણને જોતા નથી. આત્મકલ્યાણને ન જોતા એવા તેઓ ધાર્મિક તરીકેની તાત્ત્વિક શોભાને પ્રાપ્ત કરી શક્તા નથી. આ રીતે અગીતાર્થથી ઠગાયેલા તે મુગ્ધ જીવો અજ્ઞાનના અંધકારથી ગહન એવી ભવાટવીમાં ભટકે જ છે. આ અંગે **સૂયગડાંગસૂત્ર**માં જણાવેલ છે કે "આંધળો માણસ બીજા આંધળા માણસને માર્ગ તરફ લઈ જતો હોય તો મૂળભૂત માર્ગથી બીજા જ દૂરના માર્ગે જ જાય છે. આંધળો માણસ ઉન્માર્ગને પામે છે. અથવા બીજા માર્ગે ભટકે છે."

---

♦ પુસ્તકોમાં 'પડિઆ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ✡ કો.(૧૦)માં '૧૦૦ જણા આંધળા જિમ અહંકારે ચતુર અગ્રેસરી વિના કૂપકાદિકે પડે તિમ અજ્ઞાની સ્વમતેં દુર્ગતે પડે' પાઠ. † ટોલ = સમુદાય. જુઓ- **ચિત્તવિચારસંવાદ** (અખાજી કૃત) **1**. अन्धोऽन्धं पन्थानं नयन् दूरमध्वनो गच्छति। आपद्यते उत्पथं जन्तुः अथवा (परं) पन्थानमनुगच्छेत्।।

पड्या छई, ▸अज्ञानी स्वमतें दुर्गतें पडे.◂

तदुक्तं **धर्मदासगणिभिरपि उपदेशमालायाम्** –

[1]"जह नाम कोइ पुरिसो, नयणविहूणो अदेसकुसलो य। कंताराडविभीमे, मग्गपणट्ठस्स सत्थस्स।।"

[2]"इच्छइ य देसियत्तं, किं सो उ समत्थ देसियत्तस्स ?। दुग्गाइं अयाणंतो, नयणविहूणो कहं देसे ?।।"

[3]"एवमगीयत्थोऽवि हु, जिणवयणपईवचक्खुपरिहीणो। दव्वाई अयाणंतो, उस्सग्गववाइयं चेव।।"

[4]"कह सो जयउ अगीओ ? कह वा कुणउ अगीयनिस्साए ?। कह वा करेउ गच्छं, सबाल-वुड्ढाउलं सो उ ?।।" (उ.मा.४०५, ४०६, ४०७, ४०८) इत्यादिकम्।

शठाऽगीतार्थसंसर्गेण भद्रकगुणकदम्बकः लोहसम्पर्केण अग्निः इव पिट्यते। तदुक्तं **योगीन्द्रदेवेन परमात्मप्रकाशे** [5]"भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं। वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ घणेहिं।" (प.प्र.२/११०) इति।

प्रकृते "एकं हि चक्षुरमलं सहजो विवेकः, तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम्। एतद् द्वयं भुवि न

## ❋ અગીતાર્થ નાયક બનવા માટે અયોગ્ય ❋

**(तदु.)** શ્રી**ધર્મદાસ**ગણિવરે પણ **ઉપદેશમાલા** ગ્રંથમાં આ અંગે જણાવેલ છે કે "જેમ કોઈ અંધ અને માર્ગનો અજાણ એવો માણસ ભયંકર જંગલમાં માર્ગથી ભૂલા પડેલા સાર્થને માર્ગ પર લાવવા ઈચ્છે તો શું તેઓને માર્ગે ચઢાવવા તે સમર્થ બને ? ના. કારણ કે ખાડા-ટેકરા કે વિષમ-અવિષમ માર્ગને નહિ દેખતો અંધ બીજાને માર્ગે શી રીતે ચઢાવે ? એ રીતે શ્રીજિનવચનરૂપી દીપક મનુષ્યને ચક્ષુ સમાન છે. તેનાથી રહિત તથા દ્રવ્યાદિને અને ઉત્સર્ગ-અપવાદને નહિ જાણતો અગીતાર્થ સાધુ સ્વયં કેવી રીતે ચારિત્રની રક્ષા કરે ? અથવા એવા અગીતાર્થની નિશ્રામાં બીજા પણ કેવી રીતે ચારિત્રની રક્ષા કરે ? અને તે અગીતાર્થ બાળ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી વિગેરે સાધુઓના સમૂહરૂપ ગચ્છની સંભાળ પણ શી રીતે કરી શકે ? ન જ કરી શકે."

**(शठा.)** માયાવી અગીતાર્થના સંસર્ગથી = નિશ્રાથી મુગ્ધ-ભોળા અગીતાર્થ જીવના ગુણોનો સમૂહ નાશ પામે છે. જેમ લોખંડના સંસર્ગથી અગ્નિ પીટાય છે, તેમ ઉપરની વાત સમજવી. આ અંગે **યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જેઓનો સંસર્ગ લુચ્ચા સાથે છે, તે ભોળા જીવોના ગુણો નાશ પામે છે. જેમ અગ્નિ લોખંડની સાથે ભળી જાય તો તે જ કારણથી લોખંડના હથોડાઓથી પીટાય છે તેમ ઉપરની વાત સમજવી.'

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **સૂક્તમુક્તાવલી** (પૂર્વાચાર્યકૃત ૧૨૭ અધિકારયુક્ત) ગ્રન્થનું એક સુભાષિત પણ યાદ કરવા લાયક છે. તેનો અર્થ આ મુજબ છે કે - "સહજ વિવેકજ્ઞાન એ એક નિર્મળ આંખ છે.

▸....◂. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૫)માં છે. 1. यथा नाम कश्चित्पुरुषः, नयनविहीनः अदेशकुशलश्च। कान्ताराऽटवीभीमे, मार्गप्रणष्टस्य सार्थस्य।। 2. इच्छति च देशिकत्वम्, किं स तु समर्थः देशिकत्वस्य ?। दुर्गाऽऽदीनि अजानानः, नयनविहीनः कथं देशयेत् ?।। 3. एवम् अगीतार्थोऽपि हि, जिनवचनप्रदीपचक्षुःपरिहीणः। द्रव्यादीनि अजानानः उत्सर्गाऽऽपवादिकं चैव।। 4. कथं स यतताम् अगीतः ?, कथं वा करोतु अगीतनिश्रायाम् ?। कथं वा करोतु गच्छम्, सबाल-वृद्धाऽऽकुलं स तु ?।। 5. भद्राणामपि नश्यन्ति गुणाः येषां संसर्गः खलैः। वैश्वानरो लोहेन मिलितः तेन पिट्यते घनैः।।

**"आत्मार्थसाधने अकुशलाः" इति परमार्थः ॥१५/२-६॥**

यस्य स तत्त्वतोऽन्धः, तस्याऽपमार्गचलने खलु कोऽपराधः ?।।" (सू.मु.३७/१४) इति **सूक्तमुक्तावली**कारिकाऽपि गीतार्थ-तन्निश्रितदिग्दर्शिका स्मर्तव्या। 'नो खलु सहस्रमपि जात्यन्धाः पान्थाः पन्थानं विदन्ती'ति न्यायोऽपि प्रकृतार्थानुकूल एव। इह [1]"जे अविइयपरमत्थे किच्चाऽकिच्चमजाणगे। अंधो अंधीए तेसिं समं जल-थलं गड्ड-टिक्कुरं।।" (म.नि.६/१३२) **महानिशीथ**गाथा स्मर्तव्या। इत्थं कष्टतरसंयमचर्यां कुर्वन्तोऽपि ते आत्मार्थप्रसाधने अकुशला इति परमार्थः। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रे** [2]"तमाओ ते तमं जंति मंदा मोहेण पाउडा" (सू.कृ.१/३/१/११) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गीतार्थगुरुनिश्रां विहाय जनमनोरञ्जनाशयेन उग्रतपश्चर्या-संयमचर्याद्युद्यता अगीतार्थनिश्रिता अगीतार्था बहिर्मुखतया दीर्घभवभ्रमणभाजनं भवन्ति, न त्वपवर्गमार्गे पदमप्यभिसर्पन्ति' इत्यवगम्य अस्मज्जीवने तथाविधाऽज्ञानकष्ट-क्रियाजाड्यादिकं न प्रविशेत् तथाऽवधातव्यमिति सूच्यतेऽत्र।

---

તથા સહજવિવેકી સાધકોની સાથે જ વસવાટ કરવો તે બીજી નિર્મળ આંખ છે. આ બે આંખ જેની પાસે નથી તે (ચર્મચક્ષુ હોવા છતાં) પરમાર્થથી આંધળો છે. તેવો અંધ માણસ ઉન્માર્ગે ચાલે તેમાં તેનો શું વાંક છે ?" મતલબ કે તેવા અવિવેકી સ્વચ્છંદી જીવો ઉન્માર્ગે જ ચાલે છે. અહીં 'સહજ વિવેકજ્ઞાન' કહેવા દ્વારા સ્વયં ગીતાર્થ બનવા તરફ અંગુલીનિર્દેશ કરેલ છે. તથા વિવેકી સાથે રહેવાની વાત ગીતાર્થનિશ્રા તરફ સૂચન કરે છે. 'હજાર પણ જન્માંધ મુસાફરો માર્ગને ખરેખર નથી જ જાણતા' - આ ન્યાય પણ પ્રસ્તુત વિષયને અનુકૂળ જ છે. અહીં **મહાનિશીથસૂત્ર**ની એક ગાથા યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જેઓએ પરમાર્થને જાણેલ નથી તથા કૃત્ય-અકૃત્યને પણ જેઓ જાણતા નથી, તેઓ (અધ્યાત્મજગતમાં) આંધળા છે. અંધપણાના લીધે તેઓને જલ અને સ્થળ સમાન લાગે છે, ખાડો અને ટેકરો સમાન લાગે છે.' મતલબ કે 'જે સ્વયં ગીતાર્થ ન હોય કે ગીતાર્થનિશ્રિત ન હોય એવા જીવો અત્યંત કષ્ટદાયક એવી સંયમચર્યાને પાળવા છતાં પણ આત્મકલ્યાણને પ્રકૃષ્ટ રીતે સાધવામાં કુશળ બનતા નથી' - આવું જણાવવાનું અહીં તાત્પર્ય છે. તેથી જ **સૂયગડાંગસૂત્ર**માં જણાવેલ છે કે "અજ્ઞાનરૂપ અંધકાર કરતાં પણ ગાઢ અંધારામાં મિથ્યાત્વમૂઢ મંદ જીવો ભટકે છે. તેવા જીવો હલકામાં હલકી ગતિ પ્રાપ્ત કરે છે."

## અગીતાર્થનિશ્રિત ભવમાં ભટકે

**[illegible]** :- 'ગીતાર્થ ગુરુની નિશ્રાને છોડીને લોકોને ખુશ કરવાના આશયથી ઉગ્ર તપશ્ચર્યાને કરનારા અને સંયમચર્યાને પાળનારા અગીતાર્થનિશ્રિત એવા અગીતાર્થ બહિર્મુખી સાધુઓ દીર્ઘ ભવભ્રમણ કરે છે. મોક્ષમાર્ગે લેશ પણ આગળ વધતા નથી' - આવું જાણીને આપણા જીવનમાં તેવું અજ્ઞાનકષ્ટ કે ક્રિયાજડતા ઘૂસી ન જાય તેની તકેદારી રાખવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે.

---

1. येऽविदितपरमार्थाः कृत्याऽकृत्याऽज्ञायकाः। अन्धाः आन्ध्यात् तेषां समं जल-स्थलं गर्ता-टङ्कम्।।

2. तमसः ते तमो यान्ति मन्दा मोहेन प्रावृताः।

किञ्च, सम्यग्दर्शन-ज्ञानलाभं विना ब्रह्मचर्याद्युग्रसंयमचर्याऽपि नैव प्रशंसनीया, न वा सानुबन्धा, प्रदीर्घपुनर्भवपरम्पराजननसमर्थमिथ्यात्वानुच्छेदात्। इदमेवाऽभिप्रेत्य **महानिशीथे** द्वितीयाध्यायने [1]"जे उण मिच्छद्दिट्ठी भविऊणं उग्गबंभयारी भवेज्जा हिंसारंभ-परिग्गहाईणं विरए से णं मिच्छदिट्ठी चेव णेए, णो णं सम्मद्दिट्ठी। तेसिं च णं अविइयजीवाइपयत्थसब्भावाणं गोयमा ! नो णं उत्तमत्ते अभिनंदणिज्जे पसंसणिज्जे वा भवइ, जओ णं अणंतरभविए दिव्वोरालिए विसए पत्थेज्जा! अन्नं च कयादी ते दिव्वित्थियादओ संविक्खिया, तओ णं बंभव्वयाओ परिभंसिज्जा, णियाणकडे वा हवेज्जा" (म.नि. अ.२/पृ.४४) इत्याद्युक्तम्। ततश्चादौ भीमभवाटवीबीजभूतमिथ्यात्वोच्छेदकृतेऽनवरतं यतनीयम्।

तत्कृते च निजशुद्धसच्चिदानन्दमयस्वरूपं सततं स्मर्तव्यं संवेदनीयञ्च। इत्थमेव "निःश्रेयसमधिपन्नास्त्रैलोक्यशिखामणिश्रियं दधते। निःकिट्टि-कालिमाच्छवि-चामीकरभासुरात्मानः।।" (र.श्रा.१३४) इति **रत्नकरण्डकश्रावकाचारे समन्तभद्राचार्य**वर्णितं निःश्रेयसस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।१५/२-६।।

## ❀ મિથ્યાત્વીના બ્રહ્મચર્યાદિ પ્રશંસનીય નથી - મહાનિશીથ ❀

(कि.) વળી, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મેળવ્યા વિનાની બ્રહ્મચર્યપાલનાદિ ઉગ્રસંયમચર્યા પણ નથી તો પ્રશંસાપાત્ર બનતી કે નથી તો સાનુબંધ થતી. કેમ કે અતિદીર્ઘ એવી પુનર્ભવની પરંપરાને ઉત્પન્ન કરવા માટે સમર્થ એવા મિથ્યાત્વનો હજુ સુધી તેમણે ઉચ્છેદ કર્યો નથી. આ જ અભિપ્રાયથી **મહાનિશીથ** સૂત્રમાં બીજા અધ્યયનમાં જણાવેલ છે કે 'જે વળી મિથ્યાદૃષ્ટિ થઈને ઉગ્ર બ્રહ્મચારી થાય, હિંસાના આરંભથી અને પરિગ્રહાદિથી અટકી જાય તો પણ તેઓને મિથ્યાદૃષ્ટિ જ જાણવા, સમ્યગ્દૃષ્ટિ ન જ જાણવા. હે ગૌતમ ! તે બ્રહ્મચારીઓએ જીવાદિ નવ તત્ત્વનું સ્વરૂપ જાણેલ નથી. તેથી તેઓની બ્રહ્મચારિતાસ્વરૂપ ઉત્તમતા નથી તો અભિનંદનપાત્ર કે નથી પ્રશંસાપાત્ર. કારણ કે (ભવબીજસ્વરૂપ મિથ્યાત્વનો ઉચ્છેદ થયો ન હોવાથી) પછીના ભવમાં તેઓ દિવ્ય-ઔદારિક વિષયોની પ્રાર્થના કરશે. વળી, તેઓ કદાચ દિવ્ય અપ્સરાઓને જુએ તો તેઓ બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થાય અથવા તો ભવાંતરમાં તે અપ્સરાઓને ભોગવવાનું નિયાણું પણ તેઓ કરી બેસે.' તેથી સૌપ્રથમ ભયાનક સંસાર અટવીનું નિર્માણ કરવામાં સમર્થ એવા બીજતુલ્ય મિથ્યાત્વનો ઉચ્છેદ કરવા માટે સતત પ્રયત્ન કરવો જરૂરી છે.

(तत्कृ.) તે માટે પોતાના શુદ્ધ સચ્ચિદાનંદમય સ્વરૂપનું સતત સ્મરણ અને સંવેદન કરવું જોઈએ. સતત આવી તકેદારી રાખવામાં આવે તો જ **રત્નકરંડકશ્રાવકાચાર**માં **સમન્તભદ્રાચાર્યે** વર્ણવેલ શિવસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'મોક્ષને પામેલા જીવો ત્રૈલોક્યમુગટની શોભાને ધારણ કરે છે. તથા તેઓનો આત્મા કચરાથી રહિત અને કાળાશશૂન્ય દેદીપ્યમાન સુવર્ણ જેવો ઝળહળતો, કેવળજ્ઞાનથી ચળકતો હોય છે. (૧૫/૨-૬)

1. ये पुनः मिथ्यादृष्टयः भूत्वा उग्रब्रह्मचारिणो भवेयुः हिंसाऽऽरम्भ-परिग्रहेभ्यो विरताः ते णं मिथ्यादृष्टयः चैव ज्ञेयाः, नो णं सम्यग्दृष्टयः। तेषाञ्च णम् अविदितजीवादिपदार्थसद्भावानां गौतम ! नो णम् उत्तमत्वम् अभिनन्दनीयं प्रशंसनीयं वा भवति, यतो णम् अनन्तरभविकान् दिव्यौदारिकान् विषयान् प्रार्थयेयुः। अन्यच्च कदाचित् ते दिव्यस्त्र्यादीन् संवीक्ष्य (यद्वा संवीक्षेरन्) ततो णं ब्रह्मव्रतात् परिभ्रंश्येयुः, निदानकृता वा भवेयुः।

**નિજ ♦ઉત્કર્ષથી હરખિયા, નિજઅવગુણ નવિ§ દાખઈ રે;**
**જ્ઞા□નજલધિગુણ અવગણી, અવગુણલવ બહુ ભાષઈ રે ॥૧૫/૨-૭॥ (૨૯૦) શ્રી જિન.**

જે **નિજ** કહતાં પોતાનો, ઉત્કર્ષ હઠવાદ, તેહથી **(હરખિયા=)** હર્ષવંત છઈ, કેમ તે "જે અમ્હે કહું છું, તે ખરું; બીજું સર્વ ખોટું." **નિજ** કહતાં પોતાના, **અવગુણ** = ક્રિયારહિતપણું, તે તો **દાખતા** પિણ **નથી.**

पुनरपि तदेव स्पष्टयति – '**निजे**'ति।

**निजोत्कर्षात् प्रहृष्टाः ते नैव निजदोषं पश्यन्ति रे।**
**ध्यर्णवगुणोपेक्षया तद्दोषलवमतिवदन्ति रे।।१५/२-७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ते निजोत्कर्षात् प्रहृष्टाः निजदोषं नैव पश्यन्ति। ध्यर्णवगुणोपेक्षया तद्दोषलवं अतिवदन्ति।।१५/२-७।।

**ते** = लोकरञ्जनादिप्रतिबद्धचित्तवृत्तयो **निजोत्कर्षाद्** = गीतार्थगुरुसमुदायपरित्यागेन तात्त्विकधर्मविधया स्वोत्प्रेक्षितनिर्दोषोञ्छ-लोच-मलधारणाद्याचारमार्गगोचरहठवादसमुत्कर्षात् **प्रहृष्टाः** = 'एवं कुर्वन्तो वयमेव श्रेष्ठाः, नाऽन्ये। यदेव वयं कुर्मः कथयामश्च तदेव तत्त्वम्, अन्यत् सर्वं मिथ्या' इति गर्ववन्तः **निजदोषं** निर्दम्भसदाचारशून्यत्वलक्षणं **नैव पश्यन्ति**, मिथ्यात्वदर्शनविपाकोदयमूढत्वात्।

[redacted] :- ઉપરોક્ત વાતને જ ફરીથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે :-

[redacted] :- પોતાના ઉત્કર્ષથી અત્યંત ખુશ થયેલા તે જીવો પોતાના દોષને નથી જ જોતા. જ્ઞાનસમુદ્રરૂપી ગુણની ઉપેક્ષા કરીને જ્ઞાનીના આંશિક દોષને તેઓ અત્યંત પહોળા કરીને બોલે છે. (૧૫/૨-૭)

### ❀ લોકરંજનના આશયવાળા જીવો મૂઢ છે ❀

[redacted] :- લોકરંજન વગેરેમાં જ જેની ચિત્તવૃત્તિ ઠરીઠામ થયેલી છે તેવા બહિર્મુખી જીવો ગીતાર્થ ગુરુ ભગવંતના સમુદાયનો ત્યાગ કરીને પોતે તાત્ત્વિક ધર્મના માપદંડ તરીકે કલ્પેલી નિર્દોષ ગોચરીચર્યા, લોચ, મલધારણ વગેરે આચારમાર્ગ સંબંધી હઠવાદને પોતાના જીવનમાં મુખ્ય બનાવે છે. પોતાના હઠવાદના ઉત્કર્ષથી તેઓ અત્યંત ખુશ થાય છે. તેવા ગર્વિષ્ઠ જીવોને બાહ્ય ઉગ્રાચારપાલનથી એવો બૌદ્ધિક નશો ચડે છે કે 'આવી ઉગ્રચર્યાને આચરતા અમે જ શ્રેષ્ઠ છીએ. અમારા સિવાયના બીજા જીવો શ્રેષ્ઠ નથી. અમે જે કરીએ છીએ અને જે બોલીએ છીએ તે જ તત્ત્વ છે. તે સિવાયનું બીજું બધું મિથ્યા છે.' આ રીતે પોતાના ઉગ્રાચાર ઉપર મુસ્તાક થયેલા તે ગર્વિષ્ઠ બહિર્મુખી સાધુઓ ક્યારેય પણ પોતાના દોષને જોતા નથી કે 'અમે નિર્દંભ એવા સદાચારથી રહિત છીએ. અમે જનમનરંજન સ્વરૂપ કપટથી પ્રયુક્ત ઉગ્રાચાર પાળીએ છીએ. અમારામાં જનમનરંજનપરિણામરહિત નિષ્કપટ સદાચાર નથી' - આ પ્રમાણે પોતાના દોષને તેઓ જોઈ શકતા ન હોવાનું કારણ એ છે કે મિથ્યાત્વમોહનીય સ્વરૂપ દર્શનમોહનીય કર્મના વિપાકોદયથી તેવા બહિર્મુખી જીવોની મતિ અત્યંત મૂઢ બની ગયેલી હોય છે.

♦ મ.માં 'ઉતકરષથી' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. § મો.(૨)માં 'અવિહાખે' અશુદ્ધ પાઠ.
□ મો.(૨)માં 'અવધિ' પાઠ.

**જ્ઞાન** રૂપ જે **જલધિ** કહતાં સમુદ્ર (તેના ગુણ), તે પ્રત્યે **અવગણીને** પ્રકર્ષે, જ્ઞાનવંતના **અવગુણ**, તદ્રૂપ જે **લવ**, તે પ્રતે **બહુ ભાખે** છઈ. ॥૧૫/૨-૭॥

गर्वलक्षणन्तु "ऐश्वर्य-रूप-तारुण्य-कुल-विद्या-बलैरपि। इष्टलाभादिनाऽन्येषामवज्ञा गर्व ईरितः।।" (र.सा. सु.२/२३) इति **रसार्णवसुधाकरोक्त**मत्राऽनुसन्धेयम्। गर्वितत्वादेव ते **ध्यर्णवगुणोपेक्षया** = सागरसमाऽसीमतत्त्वज्ञानगुणस्याऽवज्ञया **तद्दोषलवं** = तत्त्वज्ञानिगीतार्थसत्क-दोषलेशम् **अतिवदन्ति** = अतिशयेन पृथूकृत्य प्रलपन्ति।

[1]"जच्चाईहि अवन्नं विभासइ वट्टइ न यावि उववाए। अहिओ छिद्दप्पेही पगासवादी अणणुलोमो।।" (बृ.क.भा.१३०५) इति **बृहत्कल्पभाष्य**वचनानुसारतः सोऽननुलोमतया ज्ञेयः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्वदोषाऽदर्शन-परदोषकथनयोः रोगत्वं विज्ञाय तटस्थभावेन निजान्तरङ्गभावनिरीक्षण-परीक्षणतः स्वदोषाः मृग्याः गर्हणीयाश्च। दोषग्रहण-संवर्धनप्रवृत्तः स्वात्मा निन्दनीयः। प्रमोदभावेन च गुणानुरागतः परगुणाः सदसि प्रकाशनीयाः। अनया रीत्या सानुबन्ध

### ❋ ગર્વને ઓળખીને છોડીએ ❋

(गर्व.) અહીં સ્વોત્કર્ષ-પરઅવજ્ઞા કરનારા જીવોને ગર્વિષ્ઠ કહેવાનું કારણ એ છે કે **રસાર્ણવ સુધાકર** ગ્રંથમાં જણાવેલ ગર્વનું લક્ષણ તેવા જીવોમાં વિદ્યમાન છે. ત્યાં જણાવેલ છે કે '(૧) ઐશ્વર્ય, (૨) રૂપ, (૩) યુવાની, (૪) કુલ, (૫) વિદ્યા, (૬) બળ દ્વારા તથા (૭) મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ દ્વારા બીજા જીવોની અવજ્ઞા કરવી તે ગર્વ કહેવાયેલ છે.' આવા ગર્વથી છકી ગયેલ હોવાથી જ તેઓ સાગરસમાન અસીમ તત્ત્વજ્ઞાનવાળા ગીતાર્થ ગુરુ ભગવંતના ગુણોની ઉપેક્ષા કરીને તત્ત્વજ્ઞાની ગીતાર્થ મહાપુરુષમાં રહેલા આંશિક દોષને અત્યંત પહોળા કરીને તેને જગતમાં જાહેર કરે છે.

### ❋ ગુરુપ્રતિકૂળ શિષ્યને ઓળખીએ ❋

("जच्चा.) "(૧) જાતિ, કુલ વગેરે દ્વારા જ્ઞાની-ગુરુવર્ગના અવર્ણવાદને જે શિષ્ય વિશેષ પ્રકારે બોલે, (૨) સેવા માટે ગુરુની પાસે ન રહે, (૩) ગુરુનું અહિત કરનારો હોય, (૪) ઈર્ષ્યાના કારણે ગુરુના દોષને જોવાનો જેનો સ્વભાવ હોય તથા (૫) સર્વ લોકોની સમક્ષ જાહેરમાં ગુરુના દોષને બોલનાર હોય તે શિષ્યને ગુરુ પ્રત્યે અનનુકૂળ = પ્રતિકૂળ જાણવો" - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્ય**ના વચન મુજબ તે અવર્ણવાદીને ગુરુ પ્રત્યે પ્રતિકૂળ જાણવો.

### ❋ માયાશલ્ય પરિહરીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- પોતાના દોષ ન જોવા અને બીજાના દોષોને બોલવા - આ બે ચેપી રોગ છે. આ હકીકતને જાણીને તટસ્થભાવે પોતાના અંતરંગ ભાવોનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને પોતાના દોષોને જોવા-શોધવા. તથા તેની ગર્હા-નિંદા કરવી. દોષોને ભેગા કરવામાં અને વધારવામાં પ્રવૃત્ત થયેલ પોતાના આત્માની નિંદા કરવી. તેમજ પ્રમોદભાવથી ગુણાનુરાગદષ્ટિએ બીજાના ગુણો સભામાં-જાહેરમાં પ્રકાશવા. આ રીતે સાનુબંધ સકામ કર્મનિર્જરા વગેરે ભાવોનું પ્રણિધાન કરવું. સાનુબંધ સકામ કર્મનિર્જરા,

1. जात्यादिभिः अवर्णं विभाषते वर्तते न चाऽपि उपपाते। अहितः छिद्रप्रेक्षी प्रकाशवादी अननुलोमः।।

-सकामनिर्जरादिकं प्रणिधातव्यम्। सानुबन्धसकामकर्मनिर्जराऽऽत्मशुद्धि-सद्गुणावाप्ति-संवर-निर्जरा -जिनाज्ञाऽऽराधनादिप्रणिधानं विस्मृत्य केवलजनमनोरञ्जनेहलौकिकानुकूल्य-यशःकीर्त्यादिप्राप्तिलक्ष्यतः धर्मक्रियाकरणं महामाया एव। जिनोक्तोत्तमाशयपरित्यागेन धर्मक्रियायां तुच्छाशयप्राधान्यार्पणं कपटमेव। आत्मश्रेयो-निःश्रेयसवैमुख्यवृत्तिरपि प्रकारान्तरेण शाठ्यमेवोग्रधर्मचर्यावताम्। एतादृशबकवृत्ति-सेवनेनोग्रसंयमचर्यापरिशीलनमज्ञानकष्टमेव मिथ्यात्त्वमोहनीयकर्मोदयकार्यञ्च। मतिविपर्यासान्न ते स्वशाठ्यं जानन्ति। एवंविधावस्था अस्माकं न स्यादित्यवधेयमेतावता।

वस्तुतः परद्रव्यादिरुचिरेव मतिविपर्यासं जनयति। परद्रव्यादिरुचिपरतया धर्मोपदेशादिपर-लक्ष्यतोऽपि जायमानयोः मति-श्रुतयोः मिथ्यात्वमेव। निजशुद्धचैतन्यस्वभावमाहात्म्य-लक्ष्य-रुचि-समादरादिना

---

આત્મશુદ્ધિ, સદ્ગુણપ્રાપ્તિ, સંવર-નિર્જરાની આરાધના, જિનાજ્ઞાની ઉપાસના કરવાનું લક્ષ્ય ભૂલીને 'માત્ર લોકોને ખુશ કરવા, આ-લોકની અનુકૂળતા પ્રાપ્ત કરવી, યશ-કીર્તિને મેળવવી' - આ જ મુખ્ય લક્ષ્ય ધર્મક્રિયાની પાછળ ગોઠવાઈ જાય તો તે એક જાતની મહામાયા છે. ભગવાને બતાવેલા ઉત્તમ આશયને છોડી ધર્મક્રિયાની પાછળ તુચ્છ આશયને કેન્દ્રસ્થાને સ્થાપિત કરવો - તે એક જાતની લુચ્ચાઈ જ છે. ઉગ્ર ધર્મચર્યા કરવા છતાં પણ આત્મકલ્યાણને કે મોક્ષને પરિધિના સ્થાનેથી પણ ખસેડી દેવાનું વલણ કેળવવું તે એક જાતનું કપટ જ છે. આવું કપટ રાખીને બાહ્ય ઉગ્ર સંયમચર્યાને આચરવી તે અજ્ઞાનકષ્ટ છે. મિથ્યાત્વમોહનીય કર્મનું તે કાર્ય છે. મતિવિપર્યાસના લીધે પોતાના કપટને તે જીવો કપટ તરીકે ઓળખી શકતા નથી. આવું આપણા જીવનમાં બની ન જાય તેની સાવધાની આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે.

પંન્યાસપ્રવર શ્રી**ચરણવિજયજી** મહારાજે '**ગુજરાતી સુભાષિત સૂક્તરત્નાવલી**' માં જે નિમ્નોક્ત વાત જણાવી છે, તેની પણ અહીં વિભાવના કરવી.

**"ગુણીજનની નિંદા કરે, આપ બડાઈ અપાર;**
**છતાં કહે હું સંત છું, એ પણ એક ગમાર."** (૯૪/૨૧ ભાગ-૧, પૃષ્ઠ-૧૭૭)
**"આપ બડાઈ બહુ કરે,સુણે બીજાની પાસ;**
**વગર ગુણે ગુરુજી બને, ત્રણ જગ માને દાસ."** (૧૦૯/૪ ભાગ-૨, પૃષ્ઠ-૩૩૫)
**"તેવા પામર માનવી, પશુ સમા હેવાન;**
**આપ બડાઈ સાંભળી, બને સાવ બેભાન."** (૧૦૯/૫ ભાગ-૨, પૃષ્ઠ-૩૩૫)

### ✻ સ્વલક્ષ-વિના જ્ઞાન સમ્યગ્ બને નહિ ✻

(**वस्तु.**) વાસ્તવમાં તો પર દ્રવ્યાદિની રુચિ = બહિર્મુખતા જ મતિમાં વિપર્યાસને જન્માવે છે. બહિર્મુખપણે પારકા દ્રવ્ય-ગુણાદિની રુચિમાં જ તત્પર બનીને બીજાને ધર્મોપદેશ આપવાના અભરખા રાખવા એ પણ પરલક્ષ જ છે. તેવા પરલક્ષથી પણ જે મતિ-શ્રુત પ્રગટે છે, તે કેવળ મિથ્યા છે. સ્વલક્ષ્ય પ્રગટાવ્યા વિના, પર લક્ષે જે પણ બોધ થાય તે મિથ્યા જ બને, મિથ્યાત્વપોષક બને. ધર્મોપદેશકોએ આ વાતને ગંભીરતાથી સાંપ્રત કાળે ધ્યાનમાં લેવા જેવી છે. પોતાના જ ચૈતન્યસ્વભાવનો મહિમા અંદરમાં પ્રગટે, તેની જ લગની જાગે, તેનું જ સર્વત્ર લક્ષ્ય રહે, સર્વદા તેનો જ સાચો આદરભાવ

ग्रन्थिभेदादितः सम्यग्ज्ञानम् आविर्भवति। तद् विना तु कषायमन्दतादिबाह्यप्रयत्नतोऽपि जायमानं पुण्यं प्रायशः पापानुबन्धि भवति, अभव्यपुण्यवत्।

ततो निजशुद्धात्मस्वभावसमादरादिपरायणतया सर्वत्र, सर्वदा, सर्वथा भाव्यम्। प्रतिभासमान-परद्रव्यादिरुचिः सततं त्याज्या। इत्थञ्च क्रमेण "निरवशेषनिराकृतकर्ममलकलङ्कस्य अशरीरस्य आत्मनः अचिन्त्यस्वाभाविकज्ञानादिकगुणम् अव्याबाधसुखम् आत्यन्तिकम् अवस्थान्तरं मोक्षः" (त.स.सि.१/१ उत्थानिका १/८) इत्येवं **तत्त्वार्थसर्वार्थसिद्धौ पूज्यपादस्वामिप्रदर्शितो** हि मोक्षः प्रत्यासन्नो भवेत्।।१५/२-७।।

---

વગેરે જાગે તો તેનાથી ગ્રંથિભેદ થાય, સમ્યગ્દર્શન પ્રગટે. તેનાથી જ જ્ઞાન સમ્યગ્ બને છે. સમ્યગ્ જ્ઞાનને મેળવવાનો, મતિવિપર્યાસને ટાળવાનો આ જ સાચો ઉપાય છે. વધુ શાસ્ત્રો ભણવાથી વધુ માહિતી ભેગી થાય, કોમ્પ્યુટરમાં જેમ માહિતીસંગ્રહ થાય તેમ. પરંતુ સમ્યગ્જ્ઞાન તેટલા માત્રથી ન પ્રગટે. બાકી તો સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવનાર અભવ્યનું જ્ઞાન પણ સમ્યગ્ બની જાય. સાચા આત્માર્થી સાધકનો સૌપ્રથમ પ્રયત્ન વધુ માહિતીજ્ઞાનને મેળવવાનો નહિ પરંતુ મળેલા જ્ઞાનને સમ્યગ્ કરવાનો હોય. તે માટે સ્વલક્ષ્ય = નિજ શુદ્ધચૈતન્યસ્વભાવનું લક્ષ્ય બળવાન બનાવવું. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાનને પ્રગટ કર્યા વિના કે તે દિશાના પ્રયાસ વિના કોઈ જીવ કષાયને મંદ કરવાના બાહ્ય પ્રયત્ન વગેરેમાં લાગી જાય તો તેવા પ્રયત્નથી પણ જે પુણ્ય બંધાય તે પુણ્ય પ્રાયઃ પાપાનુબંધી હોય છે. સાધુવેશધારી નવગ્રૈવેયકગામી અભવ્યનું પુણ્ય પાપાનુબંધી જ હોય છે ને ! તેની જેમ આ વાત સમજવી.

### ❈ જો જો, પરદ્રવ્યની રુચિ જાગે નહિ ❈

(**ततो.**) તેથી સાધક ભગવાને સર્વત્ર, સર્વદા, સર્વથા પોતાના શુદ્ધ આત્મસ્વભાવના જ સમ્યક્ પ્રકારે આદર, અહોભાવ, બહુમાન ભાવ વગેરેમાં પરાયણ બનવું. નિજજ્ઞાનમાં પ્રતિભાસતા-જણાતા પરદ્રવ્યાદિમાં જરા પણ રુચિ જાગી ન જાય તેની સતત સાવધાની રાખવી. તે રુચિને સતત સદંતર છોડવી. આ રીતે સાવધાની રાખીને ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં જણાવેલ મોક્ષ નજીક આવે. ત્યાં દિગંબર **પૂજ્યપાદસ્વામીએ** દર્શાવેલ છે કે 'સર્વ કર્મમલ કલંકનું નિરાકરણ કરીને અશરીરી આત્માની વિશેષ પ્રકારની અવસ્થા મોક્ષ છે. તે અવસ્થામાં અચિંત્ય સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો રહેલા હોય છે તથા પીડારહિત અત્યંત આનંદ વિદ્યમાન હોય છે. (૧૫/૨-૭)

**લખી રાખો ડાયરીમાં.....**

- **કાયાની નિર્બળતા સાધનામાં રુકાવટ લાવે.**
  **દા.ત. કૂરગડુ મુનિ**
  **મનની નિર્બળતા ઉપાસનામાં રુકાવટ લાવે.**
  **દા.ત. કૂરગડુ મુનિના સહવર્તી**

**ગુણપ્રિય આગઈ [ઙ]અણછૂટતા, જે ગુણ અલ્પસ્યો ભાખઈ રે;**
**તે પણિ અવગુણ પરિણમઈ, માયા શલ્ય[♦] મનિ [□]રાખઈ રે ॥૧૫/૨-૮॥(૨૬૧) શ્રી જિન.**

વલી જે **ગુણપ્રિય** પ્રાણી છે, તે **આગેં અણછૂટતા** થકાં = અવકાશ અણપામતાં, જે **અલ્પસ્યો** = થોડોઈક **ગુણ** (**ભાખઈ**=) ભાષણ કરેઈ છઈ, **તે પણિ** = તે હવે **અવગુણ** રૂપ થઈને **પરિણમઈ** છઈ,

---

बाह्यवृत्तीनां मायावितामाह – '**गुणे**'ति ।

**गुणप्रियसन्निधाने स्थानाप्तये गुणलवं वदन्ति रे।**
**दूषणतया परिणमति तदपि मायां धारयन्ति रे।।१५/२-८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुणप्रियसन्निधाने स्थानाऽऽप्तये गुणलवं वदन्ति तदपि दूषणतया परिणमति (यतः ते) मायां धारयन्ति।।१५/२-८।।

स्वान्तःकरणे तत्त्वज्ञानिगोचरमत्सरप्राचुर्ये सत्यपि शठाचारवन्तो जडा गुणानुरागिसज्जनश्रावक-साध्व्यादिसमक्षं तत्त्वज्ञानिसाधूनां दोषलेशं पृथूकृत्योक्तौ गुणज्ञसत्पुरुषादिसन्निधौ स्थानं जातुचिद् नोपलभेरन्। "यः संसदि परदोषं शंसति, स स्वदोषं प्रख्यापयति" (चा.सू.१४७) इति **चाणक्यसूत्रं** स्मरन्तो गुणज्ञा गुणिनिन्दकं स्वसन्निधौ नैव स्थापयन्ति। अतः ते **गुणप्रियसन्निधाने** = सद्गुणगणग्रहणरसिकान्तःकरणवतां सत्पुरुष-श्रावक-साध्वादीनां सन्निधौ **स्थानाऽऽप्तये** =

---

[redacted] :- 'બહિર્મુખચિત્તવૃત્તિવાળા જીવો માયાવી છે' - આ બાબતને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે :-

### ✻ ગુણાનુવાદ પણ દોષરૂપે પરિણમે ✻

[redacted] :- ગુણપ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં સ્થાન મેળવવા માટે જ્ઞાની પુરુષોના આંશિક ગુણોને તે બોલે છે. તે પણ દોષરૂપે પરિણમે છે. કારણ કે તેઓ માયાને ધારણ કરે છે. **(૧૫/૨-૮)**

[redacted] :- કપટી સાધુઓ પોતાના અંતઃકરણમાં તત્ત્વજ્ઞાની જીવો પ્રત્યે પુષ્કળ ઈર્ષ્યાભાવને ધારણ કરે છે. તેમ છતાં પણ માયાચારવાળા તે અજ્ઞાની સાધુઓ જો ગુણાનુરાગી એવા સજ્જનો, શ્રાવકો અને સાધુઓની સમક્ષ તત્ત્વજ્ઞાની-આત્મજ્ઞાની સાધુઓના નાનકડા દોષને પહોળા કરીને બોલે તો ગુણજ્ઞ એવા સજ્જન વગેરેના સાન્નિધ્યમાં તેઓ ક્યારેય પણ સ્થાનને પ્રાપ્ત કરી ન શકે. કારણ કે 'જે સભામાં પરદોષને બોલે છે, તે પોતાના જ દોષને જણાવે છે' - આવા **ચાણક્યસૂત્ર**ને યાદ કરતા ગુણજ્ઞ પુરુષો ગુણીજનના નિંદકને પોતાની પાસે રાખતા નથી. આથી સદ્ગુણના સમૂહને ગ્રહણ કરવામાં જેમનું અંતઃકરણ રસિક છે તેવા સજ્જનો, શ્રાવકો અને સાધુઓના સાન્નિધ્યમાં પોતાને રહેવાનો અવકાશ મળે તે માટે તે કપટી સાધુઓ જેના ઉપર પોતાને દ્વેષ છે તેવા તત્ત્વજ્ઞાની મહાત્માઓના આંશિક ગુણને બોલે છે. આ રીતે જે આંશિક ગુણાનુવાદ કપટી સાધુઓ કરે છે તે પણ મહાદોષરૂપે પરિણમે

---

♦ મ.માં 'શલ' પાઠ. આ.(૧)+કો.(૨+૪)નો પાઠ લીધો છે. ઙ લી.(૧)માં 'અછૂટતા' પાઠ. લી.(૨)માં 'આછૂટતા' પાઠ. □ મો.(૨)માં 'મ રાખે' પાઠ.

જેણે (**મનિ** = મનમાં) **માયા** શલ્યરૂપ આત્મપરિણામ **રાખ્યો** છઇં, તે પ્રાણીનઇં. ॥**૧૫/૨-૮**॥

---

स्वावस्थानावकाशोपलब्धये **गुणलवं** = द्वेषविषयीभूततत्त्वज्ञानिगुणलेशं **वदन्ति**। **तदपि** = गुणलववदनमपि साम्प्रतं **दूषणतया** = महादोषतया **परिणमति**, यतः ते स्वान्तःकरणे दृढां **मायां** = मायाशल्यलक्षण-क्लिष्टाऽऽत्मपरिणतिं **धारयन्ति**। न हि ते गुणानुरागतः तत्त्वज्ञानिगुणानुवादं कुर्वन्ति, किन्तु अन्यगुणज्ञसज्जन-श्रावकादिसन्निधौ स्थानावाप्तिव्याजत एव। इत्थम् आंशिकगुणानुवादकरणमपि अन्यादृशस्वाशयनिगूहनतो मायालक्षणमहादोषविधयैव परिणमतीति सिद्धम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – गुणज्ञश्रावकाणां पुरतः आत्मज्ञसाधुनिन्दायां तेभ्यः भोजन -जलोपकरणोपाश्रयादिप्राप्तिः दुष्करा स्यात्। ततश्च तत्त्वज्ञसाधुगोचरद्वेषव्याप्तान्तःकरणत्वेऽपि तथा-विधपौद्गलिकलाभकृते गुणज्ञश्रावकेभ्यः तत्त्वज्ञसाधुगुणलेशकथनमपि प्रच्छन्नशाठ्यमेव। एतादृश-शठतातत्त्वज्ञसाधुद्वेषादिकमस्मदन्तःकरणप्रविष्टं न स्यात् तथा जागरितव्यमित्युपदिश्यते।

तद्बलेन [1]"तत्थ सिद्धा महाभागा लोयग्गंमि पइट्ठिया। भवप्पवंचउम्मुक्का सिद्धिं वरगइं गया।।" (उत्त.सू.३६/६३) इति **उत्तराध्ययनसूत्रोक्ता** सिद्धिगतिः सुलभा स्यात्।।१५/२-८।।

---

છે. કારણ કે તેઓ પોતાના અંતઃકરણમાં માયાશલ્ય નામની ક્લિષ્ટ આત્મપરિણતિને અત્યંત દઢપણે ધારણ કરે છે. તે કપટી સાધુઓ ગુણાનુરાગથી તત્ત્વજ્ઞાનીના ગુણાનુવાદ કરતા નથી. પરંતુ બીજા ગુણજ્ઞ સજ્જન, શ્રાવક વગેરેના સાન્નિધ્યમાં સ્થાન મેળવવાના બહાનાથી જ તત્ત્વજ્ઞાનીના આંશિક ગુણોની તેઓ પ્રશંસા કરે છે. આમ તત્ત્વજ્ઞાનીના આંશિક ગુણોની પ્રશંસા કરવાની ક્રિયા પણ પોતાનો અન્ય પ્રકારનો આશય છૂપાવવાના કારણે માયારૂપ મહાદોષરૂપે જ પરિણમે છે. આ પ્રમાણે સિદ્ધ થાય છે.

### ❋ પ્રચ્છન્ન માયાને છોડીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- જો ગુણજ્ઞ શ્રાવકો વગેરેની આગળ આત્મજ્ઞાની મહાત્માની નિંદા કરવામાં આવે તો તે ગુણજ્ઞ શ્રાવકો પાસેથી ગોચરી, પાણી, ઉપકરણ, ઉપાશ્રય વગેરે મળવાની શક્યતા રહેતી નથી. તેથી તત્ત્વજ્ઞાની મહાત્મા પ્રત્યે પોતાના અંતઃકરણમાં દ્વેષ હોવા છતાં તથાવિધ પૌદ્ગલિક લાભ લેવા માટે ગુણજ્ઞ શ્રાવકો, ગૃહસ્થો વગેરે પાસે તત્ત્વજ્ઞાની મહાત્માની નિંદા કરવાના બદલે તેમના થોડા-ઘણા ગુણોની પ્રશંસા કરવી તે પણ એક જાતની પ્રચ્છન્ન માયા જ છે. આવી માયા કે તત્ત્વજ્ઞાની મહાત્મા પ્રત્યેનો દ્વેષ આપણા અંતઃકરણમાં પ્રવેશી ન જાય તેવી સાવધાની રાખવાની ભલામણ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### ❋ સિદ્ધસ્વરૂપનું સૌંદર્ય ❋

(**તદ્બ.**) તે સાવધાનીના બળથી સિદ્ધિગતિ સુલભ થાય. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં સિદ્ધિગતિ અંગે જણાવેલ છે કે 'તે લોકાગ્રભાગમાં પ્રતિષ્ઠિત થયેલા, અચિંત્યશક્તિ-શુદ્ધિસંપન્ન, ભવપ્રપંચથી પૂર્ણતયા મુક્ત થયેલા સિદ્ધાત્માઓ શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામેલા છે.' (૧૫/૨-૮)

---

1. तत्र सिद्धा महाभागा लोकाग्रे प्रतिष्ठिताः। भवप्रपञ्चोन्मुक्ताः सिद्धिं वरगतिं गताः।।

**જ્ઞાનરહિત જેહ એહવા, જિનશાસન ધન ચોરઈ રે;**
**તેહ શિથિલ પરિ♦ પરિહરું✡, ગચ્છાચારનઈ જોરઈ રે ॥૧૫/૨-૯॥ (૨૬૨) શ્રી જિન.**

**એહવા જે જ્ઞાનરહિત** પ્રાણીઓ અજ્ઞાનવંત પ્રાણી જે છઈ, તે **જિનશાસનનું ધન** તે સત્યભાષણ -ક્રિયા-વ્યવહારરૂપ **ચોરે છે.**

अधुना तेषां त्याज्यतामावेदयति – '**जडा**' इति।

**जडास्ते जिनशासने सत्यभाषणधनं चोरयन्ति रे।**
**त्याज्या हि गच्छाचारवचनान्यत्र च बलवन्ति रे।।१५/२-९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ते जडाः जिनशासने सत्यभाषणधनं चोरयन्ति। (अतः) ते त्याज्याः हि। अत्र च गच्छाचारवचनानि बलवन्ति।।१५/२-९।।

**ते** मायाशल्यपरिणतिवन्तो **जडाः** = आध्यात्मिकाऽऽय-व्ययतुलनोपधायकमार्गानुसारिप्रज्ञाशून्या **जिनशासने** = श्रीपारमेश्वरप्रवचने **सत्यभाषणधनं** = सत्योक्ति-क्रिया-व्यवहारलक्षणमहाद्रविणं **चोरयन्ति**। नित्यानित्यत्वादिसमनुविद्धजीवादिनवतत्त्वगोचरेण सत्यभाषणेण अविसंवादिन्या पञ्चाचारपालनलक्षण-क्रियया यथार्थेन चाऽऽलोचन-प्रतिक्रमणादिदशविधप्रायश्चित्तप्रदानलक्षणेन व्यवहारेण जिनशासनं परदर्शनेभ्य उत्कृष्यते। अतः सत्यभाषणादित्रितयं जैनप्रवचनमहाधनमुच्यते। बहिर्मुखवृत्तयः तु कपट-

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી 'તેવા કપટી સાધુઓનો સંગ છોડવા જેવો છે' – આ બાબતને જણાવે છે :-

**શ્લોકાર્થ** :- તે જડ સાધુઓ જિનશાસનમાં સત્યભાષણરૂપી મહાધનને ચોરે છે. તેથી તેઓનો ત્યાગ જ કરવો જોઈએ. પ્રસ્તુત બાબતમાં '**ગચ્છાચારપયન્ના**' આગમના વચનો બળવાન પ્રમાણ છે.**(૧૫/૨-૯)**

### ❁ જિનશાસનની ત્રણ મૂડી ❁

**વ્યાખ્યાર્થ** :- માયાશલ્યપરિણતિવાળા તેવા જીવો જડ છે. કારણ કે આધ્યાત્મિક લાભ-નુકસાનની તુલના અવશ્ય કરાવી આપે તેવા પ્રકારની માર્ગાનુસારિણી પ્રજ્ઞા તેમની પાસે નથી. તેવા માયાવી જડ જીવો જૈનશાસનમાં (૧) સત્યવચન (૨) સત્યક્રિયા અને (૩) સત્યવ્યવહાર સ્વરૂપ મહાધનને ચોરે છે. જૈનેતર દર્શનો કરતાં જિનશાસન ત્રણ બાબતમાં ચઢિયાતું છે. (૧) નિત્યત્વ, અનિત્યત્વ વગેરે ગુણધર્મોથી યુક્ત એવા જીવાદિ નવતત્ત્વ સંબંધી સત્યવચનો જિનશાસનમાં જ મળે છે. (૨) જેના ફળમાં વિસંવાદ ન મળે તેવા પ્રકારની પંચાચારપાલન સ્વરૂપ ક્રિયા પણ જિનશાસનમાં જ જોવા મળે છે. તથા (૩) આલોચના, પ્રતિક્રમણ વગેરે દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત આપવા સ્વરૂપ યથાર્થ વ્યવહાર પણ જિનશાસનમાં જ જોવા મળે છે. આ ત્રણ બાબતો દ્વારા જિનશાસન અન્યદર્શન કરતાં ચઢિયાતું છે. તેથી સત્યવચન વગેરે ત્રણેય વસ્તુ જૈનશાસનનું મહાધન કહેવાય છે. બહિર્મુખવૃત્તિવાળા સાધુઓ તો કપટ કરવામાં જ તત્પર હોવાથી જૈનશાસનના ઉપરોક્ત ત્રણેય પ્રકારના ગુણોનો નાશ જ કરે

♦ કો.(૯)+સિ.માં 'શિથિલપણિ' પાઠ. ✡ આ.(૧)માં 'પરિહરો' પાઠ.

परायणतया तन्नाशयन्ति। अतः **ते** त्रिविध-त्रिविधरूपेण **त्याज्याः हि** = एव।

**अत्र च** अर्थे प्रमाणविधया **गच्छाचारवचनानि बलवन्ति** विद्यन्ते। तदुक्तं **गच्छाचारप्रकीर्णके**

છે. તેથી તેવા કપટી જડ જીવોનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ જ કરવો જોઈએ.

### ❀ જૈનેતર દર્શનની ત્રણ ખામી ❀

**વિશેષાર્થ** :- (૧) સાંખ્ય દર્શન પ્રકૃતિ-પુરુષ વગેરે પચ્ચીસ તત્ત્વની વાત કરે છે. વૈશેષિકો દ્રવ્યાદિ સાત તત્ત્વોની વાત કરે છે. નૈયાયિક દર્શન પ્રમાણ, પ્રમેય વગેરે સોળ પ્રકારના તત્ત્વને દર્શાવે છે. વળી જૈનેતર દર્શનો આત્માદિ તત્ત્વને એકાંત નિત્યરૂપે કે એકાંત અનિત્યરૂપે બતાવે છે. જ્યારે જૈન દર્શન જીવાદિ નવ તત્ત્વને નિત્યાનિત્ય, વાચ્યાવાચ્ય, ભિન્નાભિન્ન, સત્-અસત્ આદિ સ્વરૂપે જણાવે છે. આ અનેકાંતવાદ સ્વરૂપ સત્યવચન એ જૈન દર્શનની જૈનેતર દર્શનો કરતાં આગવી વિશેષતા છે.

(૨) 'યજ્ઞમાં પશુ વગેરેની હિંસાથી પશુ અને યજ્ઞકર્તા બન્નેને સ્વર્ગ વગેરે મળે છે. મશ્કરીમાં જૂઠું બોલવામાં આવે, લગ્ન નિમિત્તે જૂઠું બોલવામાં આવે તો જૂઠું બોલનારને પાપ લાગતું નથી. મદ્ય -માંસ-મૈથુનમાં કોઈ દોષ નથી' - આવી વાહિયાત વાતો અન્ય દર્શનોમાં જોવા-સાંભળવા મળે છે. મતલબ કે જે પ્રકારની ક્રિયાથી જે પ્રકારનું ફળ અન્યદર્શનકારો બતાવે છે તેવા પ્રકારનું ફળ હકીકતમાં મળતું નથી. આ બાબતનું વિસ્તારથી નિરૂપણ અમે **બત્રીસી** પ્રકરણની **નયલતા** વ્યાખ્યામાં તથા **અધ્યાત્મોપનિષત્**ની **અધ્યાત્મવૈશારદી** વ્યાખ્યામાં કરેલ છે. ત્યાંથી આ બાબતને વાચકવર્ગે સમજી લેવી. જ્યારે જૈન દર્શન 'નાની-મોટી, સારી-ખોટી, શારીરિક-માનસિક આદિ તમામ ક્રિયાનું તથાવિધ નાનું -મોટું, શુભ-અશુભ, બાહ્ય-આંતરિક ફળ અવશ્ય મળે છે' - આ પ્રમાણે જણાવે છે. આવી અવિસંવાદી ક્રિયા બતાવવાના કારણે પણ જૈન દર્શન અન્ય દર્શન કરતાં ચઢિયાતું છે.

(૩) આલોચના, પ્રતિક્રમણ, તદુભય વગેરે દસ પ્રકારના પ્રાયશ્ચિત્તનું સૂક્ષ્મ નિરૂપણ જે રીતે જૈનશાસનમાં જોવા મળે છે, તે રીતે જૈનેતર દર્શનમાં જોવા મળતું નથી. જૈનશાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તને વહન કરવાથી આલોચક જીવને પાપથી પાછા ફરવાની બુદ્ધિ જાગે છે. જ્યારે માંસભક્ષણ વગેરે મોટા અપરાધોના સાવ નગણ્ય પ્રાયશ્ચિત્ત **વિનયપિટક** વગેરે બૌદ્ધગ્રંથોમાં જણાવેલ છે. તેના લીધે માંસાહારી માણસ માંસાહારને છોડે તેવી શક્યતા ખૂબ ઓછી છે. પાપ પણ ચાલુ અને પ્રાયશ્ચિત્ત પણ ચાલુ રહે તેવી વૃત્તિ તેનાથી જન્મે તેવી સંભાવના પ્રબળ રહે છે. જૈનશાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તની પ્રણાલિકા તેવી નથી.

આમ આ ત્રણેય બાબતમાં જૈનશાસન જૈનેતર દર્શન કરતાં ચઢિયાતું છે. પરંતુ માયાવી, બહિર્મુખી સાધુ પોતાના સ્વાર્થને સાધવા અજ્ઞાનવશ જીવાદિ તત્ત્વને વિશે અસત્ય ભાષણ પણ કરી બેસે છે. તેના પંચાચાર માયાચારસ્વરૂપ હોવાના કારણે જિનોક્ત ફળની દૃષ્ટિએ વિસંવાદ છે. તથા તે અજ્ઞાની હોવાથી યથાર્થ પ્રાયશ્ચિત્ત પણ આપી શકતા નથી. આમ જિનશાસનની ત્રણેય વિશેષતાનો ઉચ્છેદ અજ્ઞાની, દંભી, બહિર્મુખી સાધુ કરે છે. તેથી મન-વચન-કાયાથી તેનો સંગ કરવાની, કરાવવાની અને અનુમોદન કરવાની અહીં ના પાડેલ છે.

### ❈ કુશીલસંગને છોડીએ ❈

(अत्र.) પ્રસ્તુત બાબતમાં 'ગચ્છાચાર પયન્ના' નામના આગમના વચનો પ્રમાણ રૂપે વિદ્યમાન છે. પ્રસ્તુત ગચ્છાચાર પયન્ના ગ્રંથ આગમ સ્વરૂપ હોવાના લીધે તેના વચનો અત્યંત બળવાન છે. **ગચ્છાચાર**

*गच्छाचार*वचनं चेदम् -

[1]**अगीयत्थ-कुसीलेहिं, संगं तिविहेण वोसिरे। मुक्खमग्गस्सिमे विग्घं, ♦पहम्मि तेणगा जहा।। (ग.प्र.४८)**
**इति वचनात् ते शिथिल● परि परिहरुं छुं, गच्छाचारने ❖जोरई** करीने. ॥१५/२-९॥

[1]"अगीयत्थ-कुसीलेहिं, संगं तिविहेण वोसिरे। मुक्खमग्गस्सिमे विग्घं, पहम्मि तेणगा जहा।।" (ग.प्र.४८) इति। **वानर्षिगणिकृता तद्व्याख्या** चैवम् "अगीतार्थाश्च कुशीलाश्च तैरगीतार्थकुशीलैः, उपलक्षणत्वात् सभेदपार्श्वस्थावसन्न-संसक्त-यथाच्छन्दैः सह, सङ्गं = संसर्गं त्रिविधेन = मनोवाक्कायेन, तत्र मनसा चिन्तनम् - - 'अहं मिलनं करोमी'ति, वाचा आलाप-संलापादिकरणमिति, कायेन सन्मुखगमन-प्रणामादिकरणमिति, व्युत्सृजेद् = विविधं विशेषेण वा इति भृशं सृजेत् = त्यजेदित्यर्थः। तथा चोक्तं श्री**महानिशीथ**षष्ठाध्ययने - [2]"वासलक्खंपि सूलिए, संभिन्नो अच्छिया सुहं। अगीयत्थेण समं एक्कं, खणद्धंपि न संवसे।।" (म.नि.अ.६/१४८) तथा मोक्षमार्गस्य = निर्वाणपथः 'इमे' = पूर्वोक्ताः 'विग्घे'त्ति विघ्नकरा इत्यर्थः, पथि = लोकमार्गे स्तेनकाः = चौराः यथेत्युदाहरणोपदर्शने" (ग.प.४८, वृत्ति) इति। **सम्बोधप्रकरणे** (४३४) अपि इयं गाथा वर्तते।

**प्रकीर्णक**मां જણાવેલ છે કે 'અગીતાર્થ અને કુશીલ એવા સાધુનો સંગ મન-વચન-કાયાથી વોસિરાવવો. જેમ માર્ગમાં ચોર વિઘ્નરૂપ છે તેમ અગીતાર્થ અને કુશીલ સાધુઓ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે.' **વાનર્ષિ ગણી**એ ગચ્છાચાર પ્રકીર્ણક નામના આગમ ઉપર સંસ્કૃત ભાષામાં વ્યાખ્યા રચેલી છે. પ્રસ્તુત ગાથાની સ્પષ્ટતા કરતાં તેમણે ત્યાં જણાવેલ છે કે "(૧) અગીતાર્થ, (૨) કુશીલ અને ઉપલક્ષણથી અવાંતરભેદવાળા (૩) પાસત્થા, (૪) ઓસન્ના, (૫) સંસક્ત અને (૬) યથાછંદ એવા સાધુઓની સાથેનો સંબંધ મન -વચન-કાયાથી વિવિધ પ્રકારે અત્યંત છોડવો અથવા વિશેષ પ્રકારે અત્યંત છોડવો. 'હું અગીતાર્થ, કુશીલ, પાસત્થા વગેરે સાધુઓને મળું' - આ રીતે મનથી વિચારવાનો પણ ત્યાગ કરવો. એક વાર બોલવું તેને 'આલાપ' કહેવાય, વારંવાર બોલવું તેને 'સંલાપ' કહેવાય. અગીતાર્થ, કુશીલ, પાસત્થા વગેરે સાધુઓ સાથે વાણીથી આલાપ, સંલાપ વગેરે કરવા સ્વરૂપ સંગને વિશેષ રીતે છોડવો. તે જ રીતે અગીતાર્થ, કુશીલ વગેરે સાધુઓની પાસે જવું, તેમને નમસ્કાર વગેરે કરવા આ કાયાથી સંગ કહેવાય. અગીતાર્થ કુશીલ વગેરે સાધુઓ સાથે આવા પ્રકારનો કાયિક સંગ પણ સર્વથા છોડવો. તેથી તો **મહાનિશીથ** સૂત્રના 'ગીતાર્થ વિહાર' નામના છઠ્ઠા અધ્યયનમાં જણાવેલ છે કે 'લાખ વરસ સુધી પણ શૂળીમાં અત્યંત ભેદાયેલા રહેવું સારું. તે રીતે સુખેથી રહેવું. પરંતુ અગીતાર્થની સાથે એક અડધી ક્ષણ પણ વસવાટ ન કરવો.' જેમ લૌકિક માર્ગમાં ચોર લોકો વિઘ્ન કરે છે તેમ મોક્ષમાર્ગમાં અગીતાર્થ, કુશીલ, પાસત્થા વગેરે સાધુઓ વિઘ્ન કરે છે. **ગચ્છાચાર પ્રકીર્ણક**ની ગાથામાં રહેલ 'जहा' = **'यथा'** શબ્દ ચોરના ઉદાહરણની રજૂઆત માટે છે." આ ગાથા **સંબોધપ્રકરણ**માં પણ મળે છે.

♦ પુસ્તકોમાં **'मग्गम्मि'** પાઠ. કો.(૧૦) + આ.(૧)નો પાઠ લીધો છે. ● પુસ્તકોમાં 'શિથિલતાને' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. ❖ પુસ્તકોમાં 'જોરે' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. 1. अगीतार्थकुशीलैः सङ्गं त्रिविधेन व्युत्सृजेत्। मोक्षमार्गस्य इमे विघ्नाः पथि स्तेनकाः यथा।। 2. वर्षलक्षम् अपि शूल्या संभिन्नः तिष्ठेत् सुखम्। अगीतार्थेन समम् एकम्, क्षणार्द्धम् अपि न संवसेत्।।

यथोक्तं **महानिशीथे**ऽपि [1]"ता जेऽविदियपरमत्थे, गोयमा ! णो य जे मुणे। तम्हा ते विवज्जेज्जा, दोग्गइपंथदायगा।।" (म.नि.६/१४१/पृ.१६५), [2]"अगीयत्थ-कुसीलेहिं, संगं तिविहेण वज्जए। मोक्खमग्गस्सिमे विग्घे, पहंमी तेणगे जहा।।" (म.नि.६/१४६/पृ.१६६) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – जीवद्रव्यं भावुकम्। यथा सङ्गः तथा रङ्गः जीवं

## ❋ ત્યાજ્ય સાધુના સ્વરૂપનું વર્ણન ❋

[illegible] :- (૧) છેદગ્રંથનો અભ્યાસ ન કરેલ હોય તે સામાન્યતયા 'અગીતાર્થ' કહેવાય છે.

(૨) ખરાબ આચારવાળા સાધુ 'કુશીલ' કહેવાય છે. તેના ત્રણ ભેદ છે - **(a)** જ્ઞાનકુશીલ, **(b)** દર્શનકુશીલ અને **(c)** ચારિત્રકુશીલ. **(a)** 'काले विणए बहुमाणे..' ગાથામાં જણાવેલ આઠ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે જ્ઞાનકુશીલ જાણવો. **(b)** 'निस्संकिय निक्कंखिय...' વગેરે આઠ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે દર્શનકુશીલ કહેવાય. **(c)** મંત્ર-તંત્ર-યંત્રના પ્રયોગ કરે, ચમત્કાર દેખાડે, સ્વપ્નફલકથન કરે, નિમિત્ત ભાખે, કામણ-વશીકરણ વગેરે કરે, સ્નાનાદિથી શરીરવિભૂષા કરે ઈત્યાદિ રૂપે ચારિત્રની વિરાધના કરે તે ચારિત્રકુશીલ કહેવાય.

(૩) જ્ઞાનાદિ રત્નત્રયીની પાસે રહે પરંતુ તેનું પાલન ન કરે તે 'પાર્શ્વસ્થ' = 'પાસત્થા' કહેવાય. અથવા કર્મબંધનના હેતુભૂત મિથ્યાત્વરૂપ પાશમાં = જાળમાં રહે તે 'પાશસ્થ' = 'પાસત્થા' કહેવાય. તેના બે ભેદ છે. (ક) સર્વપાર્શ્વસ્થ અને (ખ) દેશપાર્શ્વસ્થ. (ક) સર્વથા રત્નત્રયીશૂન્ય, કેવળ સાધુવેશધારી હોય તે સર્વપાર્શ્વસ્થ. તથા (ખ) શય્યાતર પિંડ, રાજપિંડ, નિત્યપિંડ વગેરેને વિના કારણે વાપરે, સ્થાપના કુલની નિશ્રાએ વિચરે, સ્થાપનાકુલમાં પ્રવેશ કરે, ગૃહસ્થની પ્રશંસા કરે તે દેશપાર્શ્વસ્થ કહેવાય.

(૪) સાધ્વાચારમાં જે શિથિલ હોય તે અવસન્ન કહેવાય. તેના પણ બે ભેદ છે. (ક) સર્વતઃ અને (ખ) દેશતઃ. (ક) શેષકાળમાં પાટ, પાટલા, પીઠ, ફલક વગેરેનો વપરાશ કરે, સ્થાપનાપિંડ, પ્રાભૃતિકાપિંડ વગેરેને વાપરે તે સર્વતઃ અવસન્ન. તથા (ખ) પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાય વગેરે સાધ્વાચાર કરે નહિ અથવા તો હીનાધિક કરે અથવા કોઈના બળાત્કારથી કરે તે દેશ અવસન્ન કહેવાય.

(૫) ગુણ-દોષથી મિશ્ર હોય તે સંસક્ત કહેવાય. તેના બે ભેદ છે - **(A)** સંક્લિષ્ટ અને **(B)** અસંક્લિષ્ટ. **(A)** હિંસાદિ પાંચ આશ્રવ, ત્રણ ગારવ વગેરેથી યુક્ત હોય તે સંક્લિષ્ટ સંસક્ત. તથા **(B)** સારા ભેગો સારો થાય અને ખરાબ ભેગો ખરાબ થાય તે અસંક્લિષ્ટ સંસક્ત કહેવાય.

(૬) તથા ઉત્સૂત્રપ્રરૂપણા વગેરે કરે તે યથાછંદ કહેવાય.

**(यथो.) મહાનિશીથસૂત્ર**માં પણ જણાવેલ છે કે 'હે ગૌતમ ! જેમણે પરમાર્થતત્ત્વનું વેદન કરેલ નથી અર્થાત્ શુદ્ધાત્માને અનુભવેલ નથી તથા તેથી જ જે મુનિ નથી, તેઓ દુર્ગતિમાર્ગને દેનારા છે. તેથી તેનો વિશેષ પ્રકારે ત્યાગ કરવો. અગીતાર્થ અને કુશીલ સાધુઓનો સંગ મન-વચન-કાયાથી છોડવો. જેમ માર્ગમાં ચોર વિઘ્નરૂપ છે, તેમ મોક્ષમાર્ગમાં અગીતાર્થ-કુશીલ સાધુ વિઘ્નસ્વરૂપ છે.'

## આપણા પરમાત્મસ્વરૂપનું ધ્યાન ધરીએ

[illegible] :- જીવ ભાવુક દ્રવ્ય છે. સામાન્યથી જેવા પ્રકારનો સંગ થાય તેવા પ્રકારનો

1. ततो येऽविदितपरमार्थाः, गौतम ! न च ये मुनयः। तस्मात् तान् विवर्जयेत् दुर्गतिपथदायकान्।।
2. अगीतार्थ-कुशीलैः सङ्गं त्रिविधेन वर्जयेत्। मोक्षमार्गस्य इमे विघ्नाः, पथि स्तेनकाः यथा।।

लगति। सदैव निजचित्तवृत्तिं परमात्मनि एकाग्रतया संस्थाप्य परमात्मरूपता सम्प्राप्या। तदर्थमेवाऽयं महार्घः मानवभवोऽस्माभिरुपलब्धो महापुण्योदयतः। चित्तवृत्तिः निरन्तरं परमात्मसङ्गरक्ता स्यात्, स्यादेव तर्हि इलिका-भ्रमरीन्यायतः जीवः शिवस्वरूपः। परतप्तिपरिहारेण अर्हदनुग्रहयाञ्चापूर्वं परमात्मप्रतिमाद्यालम्बनतः जिनतुल्यं निजशुद्धपरमात्मस्वरूपम् अर्हत्प्रदर्शितम् अनन्तज्ञान-दर्शन-चारित्र -शक्ति-परमानन्द-शाश्वतशान्ति-सहजसमाधिमयं परमादरेण प्रतिदिनं दीर्घकालं यावत् तन्मयभावतो ध्यातव्यम्। ततश्च कोऽप्यपूर्वो निजसच्चिदानन्दरसाऽऽस्वादो लभ्यते, येन निजान्तःकरणवृत्तिः पुनः पुनः तत्रैव लगति, तेनैव चोपरज्यते। सहजमल-भवानुबन्धिता-बहिर्मुखता-बन्धदशादिकञ्च ततो द्रुतं नश्यति रत्नत्रयञ्च तात्त्विकं लभ्यते। अयमेव विद्यते पारमार्थिकः पन्थाः परमपदप्राप्तेः।

किन्तु अगीतार्थ-कुशील-पार्श्वस्थादिकुसङ्गे जाते सति छद्मस्थजीवस्य भावुकतया स्वकायिकवृत्तिः

રંગ જીવને લાગુ પડે છે. પોતાની ચિત્તવૃત્તિને પરમાત્મામાં સદૈવ લીન કરવા દ્વારા પરમાત્મસ્વરૂપ બનવા માટે મહામૂલો માનવભવ આપણને મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થયો છે. વીતરાગના સંગમાં ચિત્તવૃત્તિ સતત રોકાયેલી રહે તો 'ઈલિકા-ભ્રમરી' ન્યાયથી જીવ શિવસ્વરૂપ બને છે. અત્યંત સૌમ્ય મુખમુદ્રાવાળી પરમાત્માની પ્રતિમા વગેરેનું આલંબન લઈને, પરમાત્માનું નહિ પરંતુ તીર્થંકર પરમાત્મા જેવા જ પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું. "અરિહંત-સિદ્ધ પરમાત્મા જેવું જ મારું સ્વરૂપ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય, અનંત શક્તિમય, અનંત પરમાનંદમય, શાશ્વત શાન્તિમય અને સહજ સમાધિમય છે. મૂળભૂત સ્વભાવે મારામાં અને પરમાત્મામાં કશો જ તફાવત નથી. હવે મારે મારું મૂળભૂત પરમાત્મસ્વરૂપ જ પ્રગટાવવું છે. પારકી પંચાતમાં કે બીજી આળ-પંપાળમાં ક્યાંય અટવાવું નથી. હે પ્રભુ ! આપના અચિંત્ય પ્રભાવથી, આપના જેવું, આપે બતાવેલું મારું પરમાત્મસ્વરૂપ અત્યંત ઝડપથી પ્રગટો, ઝડપથી પ્રગટો. આપની અનુગ્રહદૃષ્ટિથી હવે તે જ પ્રગટ કરવા યોગ્ય લાગે છે. હવે મારે મારું શુદ્ધસ્વરૂપ તાત્કાલિક પ્રગટ કરવું છે, પ્રગટ કરવું જ છે. હે ભગવંત ! આપની વીતરાગતાનું આલંબન લઈને હું મારા વીતરાગ-વિકારશૂન્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં સ્થિર થાઉં. મારા જ સ્વરૂપમાં હવે હું ઓતપ્રોત થાઉં છું. ૐ શાન્તિ... ૐ શાન્તિ.. ૐ શાન્તિ.." - આ રીતે પરમાત્મા પ્રત્યેના પરમ આદરભાવથી, નિજ શુદ્ધસ્વરૂપમાં એકાકાર-તન્મય બનીને, પોતાના જ શુદ્ધ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું.

**જે સરૂપ અરિહંતકો, સિદ્ધસરૂપ વલી જેહ;**

**તેહવો આતમરૂપ છે, તિણમેં નહિ સંદેહ. (સમાધિસુધા - ૧૬)** આ લક્ષ્યથી રોજ તે મુજબ ધ્યાન કરવું. દીર્ઘ કાળ સુધી તેવું ધ્યાન કરવું. તેનાથી પોતાના જ સત્-ચિત્-આનન્દરસનો એવો કોઈક અપૂર્વ આસ્વાદ મળે છે કે જેના કારણે પોતાના અંતઃકરણની વૃત્તિ વારંવાર નિજપરમાત્મસ્વરૂપમાં જ જોડાય છે, રસપૂર્વક જોડાય છે અને શુદ્ધ પરમાત્મસ્વરૂપથી જ ચિત્તવૃત્તિ રંગાઈ જાય છે. તેના લીધે અનાદિકાલીન સહજમળ, સંસારનો વળગાડ, બહિર્મુખતા, કર્મબંધદશા વગેરે ઝડપથી ખતમ થાય છે તથા તાત્ત્વિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મળે છે. આ જ પરમપદની પ્રાપ્તિનો પારમાર્થિક પંથ છે.

### ❀ કુશીલાદિ સાધુ લૂંટારા જેવા છે ❀

(किन्तु.) પરંતુ અગીતાર્થ, કુશીલ, પાસત્થા વગેરેનો સંગ કરવામાં આવે તો આપણું છદ્મસ્થ

आचारहीनतायाम्, स्वकीयवाग्वृत्तिः शाब्दिकाऽसभ्यतायाम्, स्वीयमनोवृत्तिश्च कुविचारणायाम् अटाट्यन्ते। ततश्च माया-मृषावाद-मालिन्यवशेन स्वात्मद्रव्यं दीर्घभवभ्रमणकारिसंसारिजीवतया परिणमति। कुसङ्गोत्तरकालं शास्त्राभ्यास-सदाचारपालन-सत्सङ्गाद्युत्साहोऽपि नश्यति, परमात्म-तद्गुणेषु चित्तवृत्ति-विनियोगस्तु अतिदुर्लभः भवति। इत्थञ्चाऽगीतार्थ-कुशीलसङ्गः मानवभव-सदाचारवैभव-गुणवैभवानां पुण्योदय-सत्पुरुषार्थ-परिणतिनैर्मल्यलभ्यानां लुण्टनेन लुण्टाकसमः। अतः तत्त्याग एव उचितः।

किन्तु तन्निन्दा-द्वेषादिकं न कार्यम्, तेषामपि आत्मरूपत्वात्। कालान्तरे तेऽपि प्रायः परमात्मतया परिणंस्यन्ति। ततश्चाऽगीतार्थ-कुशीलादयः त्याज्याः, न तु तिरस्कार्याः। इत्थमस्खलद्गत्या दुर्घटनां विना साधनायानसञ्चालनेन द्रुतं लोकाग्रस्थं मोक्षपुरं प्राप्यमित्युपदिश्यतेऽत्र। तदनुसरणतश्च [1]"अट्ठविहकम्मवियडा सीदीभूदा णिरंजणा णिच्चा। अट्ठगुणा कयकिच्चा लोयग्गनिवासिणो सिद्धा।।" (प.स.३१) इति दिगम्बरीये प्राचीने **पञ्चसङ्ग्रहे** दर्शितं सिद्धस्वरूपं तरसा लभ्यते।।१५/२-९।।

---

જીવદ્રવ્ય ભાવુક હોવાથી શક્તિ હોવા છતાં આપણી પોતાની કાયિકવૃત્તિ હીન આચારમાં, પોતાની વાક્વૃત્તિ અસભ્ય અને અસત્ય શબ્દોમાં તથા પોતાની ચિત્તવૃત્તિ હલકા વિચારોમાં અત્યંત ભટકે છે. આરાધનામાં શક્તિ છૂપાવવી તે માયા છે. અસભ્ય-અસત્યભાષણ એ મૃષાવાદ છે. કુવિચારમગ્નતા એ મનની મલિનતા છે. તેથી તેને આધીન થઈ જવાના લીધે આપણું આત્મદ્રવ્ય દીર્ઘ ભવભ્રમણકારી સંસારી જીવ તરીકે પરિણમે છે. કુસંગ પછી શાસ્ત્રાભ્યાસ, સદાચારપાલન, સત્સંગ વગેરેમાં જોડાવાનો ઉત્સાહ પણ ખલાસ થાય છે. પરમાત્મામાં અને પરમાત્મગુણોમાં ચિત્તવૃત્તિને પરોવવાની વાત તો દૂર જ રહી જાય છે. આમ અગીતાર્થ, કુશીલ વગેરેનો સંગ આપણા પુણ્યોદયલભ્ય માનવભવને, સત્પુરુષાર્થલભ્ય આચારવૈભવને અને પરિણતિની નિર્મળતાથી મળનારા ગુણવૈભવને લૂંટી લેનાર હોવાથી લૂંટારા સમાન છે. તેથી તેનો ત્યાગ કરવો જ જોઈએ.

### ❋ કુશીલ સાધુની નિંદા ન કરીએ ❋

(कि.) પરંતુ તેની પણ નિંદા, કુથલી વગેરે ન કરવી. કારણ કે તેઓ પણ આત્મા જ છે. કાલાંતરે પ્રાયઃ પરમાત્મરૂપે તેઓ પરિણમવાના છે. તેથી અગીતાર્થ, કુશીલ વગેરેને છોડવાના ખરા પણ તરછોડવાના નહિ. તેઓનો અંતરથી ધિક્કાર કે તિરસ્કાર ન કરવો. તેમના પ્રત્યે કરુણા-મૈત્રી-માધ્યસ્થ્ય વગેરે યથોચિત ભાવનાને ધારણ કરવી. આ રીતે accident કર્યા વિના આપણી સાધનાગાડીનું driving કરીને ઝડપથી લોકાગ્ર ભાગમાં આવેલ મોક્ષનગરે પહોંચી જવાની આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તે પ્રેરણાને ઝીલવાથી **દિગંબરીય પ્રાચીન પંચસંગ્રહ**માં દેખાડેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરતાં જણાવેલ છે કે 'લોકના ઊર્ધ્વ ભાગમાં વસનારા સિદ્ધ ભગવંતો આઠેય પ્રકારના કર્મોને દૂર કરીને અત્યંત શીતળ અને નિરંજન બનેલા છે. તેઓ નિત્ય છે. આઠ ગુણને ધારણ કરનાર છે. તેમજ તેઓ કૃતકૃત્ય છે.' (૧૫/૨-૯)

---

1. अष्टविधकर्मविकलाः शीतीभूता निरञ्जनाः नित्याः। अष्टगुणाः कृतकृत्याः लोकाग्रनिवासिनः सिद्धाः।।

**જ્ઞાનિવચન વિષ અમૃત છઈ, ઉલટી મૂરખવાણી રે;**
**આગમવચન એ આદરી, જ્ઞાન ગ્રહો ભવિ પ્રાણી રે ॥૧૫/૨-૧૦॥ (૨૬૩) શ્રી જિન.**

ज्ञान्यज्ञानिनोः महदन्तरं परिणामत आख्याति – '**विषमि**'ति।

**विषमपि सुधा ज्ञानिनो वचनादन्यथाऽज्ञानिवाणी रे।**
**इति सूत्रोक्तिमादृत्य गृह्णातु ज्ञानं प्राणी रे।।१५/२-१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – 'ज्ञानिनः वचनाद् विषमपि सुधा (सम्पद्यते), अज्ञानिवाणी (तु) अन्यथा' – इति सूत्रोक्तिम् आदृत्य प्राणी ज्ञानं गृह्णातु।।१५/२-१०।।

**ज्ञानिनः** = स्वानुभवशालिगीतार्थस्य **वचनाद्** 'विषं भुङ्क्ष्व' इत्यादिलक्षणात् कालकूटविषभक्षणे **विषमपि** कुपितकुष्ठाद्यसाध्यरोगोच्छेदादिकरणतः **सुधा** = अमृतकार्यकारि सम्पद्यते।

प्रकृते [1]"मिण गोणसंगुलीए, गणेहि वा दंतचक्कलाइं से। तं तहमेव करेज्जा, कज्जं तु तमेव जाणंति।।" (म.नि.५/१०/पृ.११५) इति **महानिशीथ**गाथा, [2]"मिण गोणसंगुलीहिं गणेहि वा दंतचक्कलाइं से। 'इच्छं'ति भाणिऊणं कज्जं तु त एव जाणंति"।। (उ.मा.९४) इति च **उपदेशमाला**गाथा स्मर्तव्या।

[redacted] :- જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનું મોટું અંતર પરિણામ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે :-

[redacted] :- 'જ્ઞાનીના વચનથી ઝેર પણ અમૃત બને છે. જ્યારે અજ્ઞાનીની વાણી આનાથી ઊલટી હોય છે'- આ પ્રમાણેના શાસ્ત્રવચનનો આદર કરીને જીવે જ્ઞાનને ગ્રહણ કરવું જોઈએ. (૧૫/૨-૧૦)

### ❋ ઝેર પણ અમૃત બને ❋

[redacted] :- સ્વાનુભવથી શોભતા એવા ગીતાર્થ મહાત્મા 'તું ઝેર ખા' - આ પ્રમાણે કહે તો તેવા જ્ઞાની પુરુષના વચનથી કાલકૂટ ઝેરને ખાવામાં આવે તો ઝેર પણ વકરેલા કોઢ વગેરે અસાધ્ય રોગોનો ઉચ્છેદ વગેરે કરવાના લીધે અમૃતનું કામ કરનાર બને છે.

(**प्रकृते.**) પ્રસ્તુતમાં **મહાનિશીથ**ની ગાથા સ્મર્તવ્ય છે. ત્યાં જણાવેલ છે કે "ગુરુ કહે કે 'આંગળીથી તું સાપને માપ.' અથવા 'સાપના દાંત ગણ.' તો તે કાર્યને તે રીતે જ શિષ્યએ કરવું જોઈએ. કારણ કે તેનું પ્રયોજન તો આજ્ઞાદાતા ગુરુ મહારાજ પોતે જ જાણતા હોય છે." તથા અહીં **ઉપદેશમાલા** ગ્રંથની એક ગાથા પણ અવશ્ય યાદ કરવા જેવી છે. ત્યાં **ધર્મદાસગણી**એ જણાવેલ છે કે "વિનીત શિષ્યનું એ કર્તવ્ય છે કે ગુરુ કદાચ એમ કહે કે 'આંગળીઓથી તું સાપને માપ' અથવા 'સાપના દાંત ગણ' તો પણ 'ઈચ્છં' કહી સ્વીકારી લઈને તે કાર્યને તરત કરે. કેમ કે એનું પ્રયોજન આજ્ઞા કરનારા ગુરુ જ સારી રીતે સમજે છે."

[redacted] :- લાંબા સમયથી વૈદ્યની ચિકિત્સા કરવા છતાં પણ શિષ્યનો હઠીલો કોઢ રવાના થતો ન હતો. તેવા શિષ્યને જંગલમાંથી પસાર થતી વખતે ગુરુ કહે છે કે 'સામેથી આવતા કોબ્રા સાપના

1. मिमिष्व गोनसम् अङ्गुल्या, गणय वा दन्तचक्कलानि तस्य। तत् तथैव कुर्यात्, कार्यं तु त(म्?) एव जानन्ति।।
2. मिमिष्व गोनसम् अङ्गुलीभिः, गणय वा दन्तचक्कलानि तस्य। 'इच्छामी'ति भणित्वा कार्यं तु त एव जानन्ति।।

**गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिबे।** (ग.प्र.४४)

**अगीयत्थस्स वयणेणं, ♦अमयं पि न घुण्टए ।** (ग.प्र.४६)

ઇત્યાદિ **વચન** (આગમઈ=) શાસ્ત્રઈ છઈ, **જ્ઞાની વચન**(થી વિષ) તે **અમૃત** સમાન **છઈ**, **મૂર્ખ**ની **વાણી** તે વિપરીત પ્રરૂપણારૂપ **ઉલટી** છઈ.

---

**अज्ञानिवाणी** तु **अन्यथा** = विपरीता, अज्ञानिवचनात् सुधाभक्षणे सुधाऽपि विषकार्यं करोति। इदमेवाऽभिप्रेत्य **गच्छाचारप्रकीर्णके** "[1]गीयत्थस्स वयणेणं विसं हालाहलं पिबे। निव्विकप्पो य भक्खिज्जा, तक्खणे जं समुद्दवे।। [2]परमत्थओ विसं नो तं, अमयरसायणं खु तं। निव्विग्घं जं न तं मारे, मओऽवि अमयस्समो।। [3]अगीयत्थस्स वयणेणं अमियं पि न घुण्टए। जेण नो तं भवे अमयं, जं अगीयत्थदेसियं।। [4]परमत्थओ न तं अमयं, विसं हालाहलं खु तं। न तेण अजरामरो हुज्जा, तक्खणा निहणं वए।।" (ग.प्र.

---

દાંતને તું ગણ.' ગુરુ-આજ્ઞાને તહત્તિ કરીને સાપના દાંત ગણવા તૈયાર થયેલ શિષ્યને સાપ ડંખ મારે છે. સાપનું ઝેર શિષ્યના શરીરમાં ફેલાઈ જાય છે. શિષ્ય બેભાન થઈ જાય છે. પરંતુ બેભાન થવાની આગલી ક્ષણ સુધી શિષ્યના મનમાં ગુરુ પ્રત્યે કોઈ પણ શંકા-કુશંકાનો કીડો ઉત્પન્ન થતો નથી. શરીરમાં ફેલાતા સાપના ઝેર દ્વારા શરીરમાં વ્યાપ્ત થયેલા કોઢના ઝેરનું મારણ થઈ ગયું. કોઢનો રોગ રવાના થયો. શિષ્ય ભાનમાં આવી ગયો. સાપ તો ત્યાંથી રવાના થઈ ચૂકેલ હતો. ભાનમાં આવેલ શિષ્ય ગુરુને કહે છે કે 'સાપના દાંતને ગણવાની આપની આજ્ઞા સંપૂર્ણપણે હું પાળી શક્યો નથી. હું દાંત ગણવા ગયો પણ સાપ ડંખ મારીને ક્યાંક ભાગી ગયો. આપની આજ્ઞાને પૂર્ણપણે પાળી ન શકવાનો મને અફસોસ છે.' અહીં કહેવાની કોઈ જરૂર રહેતી નથી કે 'ગુરુના મનમાં સમર્પિત શિષ્યને સાપ દ્વારા મારી નંખાવવાનો આંશિક પણ વિકલ્પ નહોતો.' હકીકતમાં તો સાપના ઝેર દ્વારા શિષ્યને કોઢના રોગથી મુક્ત કરવાનો પવિત્ર આશય ગુરુના અંતઃકરણમાં રમતો હતો. **મહાનિશીથ** તથા **ઉપદેશમાલા** ગ્રંથની ગાથાનું તાત્પર્ય એ જ છે કે ગીતાર્થ ગુરુના વચનથી ઝેર પણ અમૃત થઈ જાય છે, અમૃતનું કામ કરે છે.

### ✡ અમૃત પણ ઝેર બને ✡

**(अज्ञानि.)** અજ્ઞાનીની વાણી તો આનાથી વિપરીત છે. અજ્ઞાનીના વચનથી અમૃતને વાપરવામાં આવે તો અમૃત પણ ઝેરનું કામ કરે છે. આ જ અભિપ્રાયથી **ગચ્છાચાર પ્રકીર્ણક**માં જણાવેલ છે કે - 'ગીતાર્થના વચનથી હળાહળ ઝેરને પણ પીવું. તથા તત્ક્ષણ ઉપદ્રવ કરનાર ઝેર પણ વગર વિચારે ખાવું. કેમ કે પરમાર્થથી તે ઝેર એ ઝેર નથી પરંતુ અમૃતરસાયણ છે. તેને ખાવાથી કોઈ પણ વિઘ્ન આવતું નથી. ખાનારને તે ઝેર મારતું નથી. કદાચ ગીતાર્થના વચનથી ઝેર ખાનાર મરી જાય તો પણ તે અમરસમાન જ બને છે. જ્યારે અગીતાર્થના વચનથી અમૃત પણ પીવું નહિ. કારણ કે તે અમૃત અમૃત હોતું નથી. જેને અગીતાર્થે અમૃત તરીકે દેખાડેલ છે તે પરમાર્થથી અમૃત નથી પણ વાસ્તવમાં હળાહળ ઝેર છે. તેને ખાવાથી અજરામર થઈ શકાતું નથી. પણ તત્ક્ષણ માણસ મૃત્યુને

---

♦ લા.(૨) + પુસ્તકોમાં **'अमियं'** પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. **1**. गीतार्थस्य वचनेन, विषं हलाहलं पिबेत्। निर्विकल्पः च भक्षयेत्, तत्क्षणे यत् समुद्द्रावयेत्।। **2**. परमार्थतः विषं न तत्, अमृतरसायनं खु तत्। निर्विघ्नं यद् न तद् मारयेत्, मृतः अपि अमृतसमः।। **3**. अगीतार्थस्य वचनेन अमृतम् अपि न घोटयेत्। येन न तद् भवेत् अमृतम्, यद् अगीतार्थदेशितम्।। **4**. परमार्थतः न तद् अमृतम्, विषं हलाहलं खलु तत्। न तेन अजरामरः भवेत्, तत्क्षणाद् निधनं व्रजेत्।।

તે માટઈં **ભવ્ય પ્રાણી** = ધર્માર્થી **જ્ઞાન**પક્ષ દૃઢ **આદરો.** જે માટઈં જ્ઞાનપક્ષનો ❒હવણાં દૃઢાધિકાર છઈં. [1]**"पढमं नाणं तओ दया"** (द.वै.४/१०) **इति वचनात्** ભવિ **પ્રાણી** (ગ્રહો=) આદરવું **જ્ઞાન.**॥१५/२-१०॥

४४-४७) इत्युक्तम्। **महानिशीथे**ऽपि (६/१४२-१४५/पृ.१६६) षष्ठाऽध्ययने शब्दलेशभेदत इमा गाथा वर्त्तन्ते।

इदमेवाभिप्रेत्य **अर्हद्गीतायां मेघविजयो**पाध्यायेन "विषमप्यमृतं ज्ञानादज्ञानादमृतं विषम्" (अ.गी.४/२१) इत्युक्तम्।

"इति हेतौ प्रकारे च प्रकाशाद्यनुकर्षयोः। इति प्रकरणेऽपि स्यात् समाप्तौ च निदर्शने।।" (वि.लो. अव्ययवर्ग-२१) इति पूर्वोक्त(९/४)**विश्वलोचनकोशा**नुसारतः **इति** = एतत्प्रकारां **सूत्रोक्तिं** = नानाविध-शास्त्रवचनानि **आदृत्य** = आदरेण अङ्गीकृत्य **प्राणी** = भव्यात्मा **ज्ञानम्** = आत्मादितत्त्वज्ञानपक्षं **गृह्णातु** = दृढम् उपाददातु, साम्प्रतं ज्ञानपक्षस्य दृढाधिकारात्, [1]"पढमं नाणं तओ दया" (म.नि. अ.३/पृ.६०, द.वै.४/१०) इति **महानिशीथसूत्र-दशवैकालिकसूत्र**वचनप्रामाण्यात्।

कर्मपारवश्यात् संयोगवैचित्र्याद्वा विपरीतप्रवृत्तौ अपि यथावस्थिततत्त्वज्ञानवतां संवेग-निर्वेदादिकं

પામે છે.' શ્રી**મહાનિશીથસૂત્ર**ના છઠ્ઠા અધ્યયનમાં પણ આ જ ચાર ગાથાઓ આંશિક શાબ્દિક ફેરફાર સાથે ઉપલબ્ધ છે.

(**इद.**) આ જ અભિપ્રાયથી ઉપાધ્યાય **મેઘવિજયજી**એ **અર્હદ્ગીતા**માં જણાવેલ છે કે 'જ્ઞાનથી ઝેર પણ અમૃત થાય છે. અજ્ઞાનથી અમૃત પણ ઝેર થાય છે.'

### ❖ પ્રથમ જ્ઞાન પછી અહિંસા ❖

("**इति.**) "इति શબ્દ (૧) હેતુ, (૨) પ્રકાર, (૩) પ્રકાશ વગેરે, (૪) અનુકર્ષ, (૫) પ્રકરણ, (૬) સમાપ્તિ અને (૭) નિદર્શન = ઉદાહરણ - આ અર્થમાં પ્રયોજાય છે" - આ મુજબ **વિશ્વલોચનકોશ**માં **ધરસેનજી**એ જણાવેલ છે. પૂર્વે (૯/૪) આ સંદર્ભ દર્શાવેલ છે. તેને અનુસરીને અહીં મૂળ શ્લોકમાં આવેલો 'इति' શબ્દ પ્રકાર અર્થમાં સમજવો. તેથી અર્થ એવો થશે કે :- આ પ્રકારે = આ પ્રમાણે અનેકવિધ શાસ્ત્રવચનને આદરથી સ્વીકારીને ભવ્ય જીવે જ્ઞાનને = જ્ઞાનપક્ષને = આત્માદિતત્ત્વવિષયક જ્ઞાનના પક્ષને દૃઢ રીતે ગ્રહણ કરવામાં તત્પર બનવું જોઈએ. કારણ કે અહીં વર્તમાનમાં જ્ઞાનપક્ષનો અધિકાર મજબૂત રીતે ચાલી રહ્યો છે. ક્રિયાપક્ષ કરતાં જ્ઞાનપક્ષનો અધિકાર દૃઢ છે. આ બાબતમાં **મહાનિશીથ** સૂત્રનું તથા **દશવૈકાલિક** સૂત્રનું વચન સાક્ષીભૂત છે. ત્યાં જણાવેલ છે કે 'પ્રથમ જ્ઞાન, પછી અહિંસા.' તેમનું વચન પ્રમાણભૂત હોવાના કારણે જ્ઞાનપક્ષના અધિકારને પ્રામાણિક જ માનવો જોઈએ.

### ● જ્ઞાનીની પાપપ્રવૃત્તિ નીરસ હોય ●

(**कर्मपार.**) યથાવસ્થિત તત્ત્વજ્ઞાનવાળા જીવો કર્મને પરાધીન બનવાથી અથવા તો સંયોગની વિચિત્રતાથી કદાચ વિપરીત પ્રવૃત્તિ કરે તો પણ તેમના સંવેગ, નિર્વેદ વગેરે ભાવો બિલકુલ ખતમ થતા નથી.

❒ હવણાં = હમણાં. જુઓ - **મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ.** 1. प्रथमं ज्ञानं ततो दया।

नैव व्याहन्यते। अज्ञानिनान्तु सम्यक्प्रवृत्तौ अपि नैव संवेगमाधुर्यम्। इदमेवाऽभिप्रेत्य श्री**हरिभद्रसूरि**-पुरन्दरैरपि **धर्मसङ्ग्रहण्यां**

[1]"जाणंतो विस-खाणू पवत्तमाणोवि बिहई जह तु। ण उ इतरो तह नाणी पवत्तमाणो वि संविग्गो।।

[2]जो संवेगपहाणो अच्चंतसुहो उ होइ परिणामो। पावनिवित्ती य परा नेयं अन्नाणिणो उभयं।।

[3]संसारासारत्ते सारत्ते चेव मुत्तभावस्स। विन्नाते संवेगो पावनिवित्ती य तत्तो उ।।

[4]तम्हा परलोगसमुज्जतस्स भिक्खुस्स असढभावस्स। चरणोवग्गारगं इय णाणं सुत्ते विमं भणितं।।

[5]पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए। अन्नाणी किं काही ? किं वा णाही छेयपावगं।।"

(ध.स.५३९-५४३, द.वै.४/१०) इत्युक्तम्।

प्रकृते [6]"णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो। णो लिप्पइ रजएण दु कद्दममज्झे जहा

જ્યારે અજ્ઞાની જીવો તો સમ્યક્ પ્રવૃત્તિ કરે તો પણ તેમને મોક્ષકામનાસ્વરૂપ સંવેગની મધુરતા પ્રાપ્ત થતી નથી. આ જ અભિપ્રાયથી સૂરિપુરંદર શ્રી**હરિભદ્રાચાર્ય**એ પણ **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં જણાવેલ છે કે "કોઈ માણસ 'આ ઝેર છે, અમૃત નથી. આ ઠૂંઠુ છે, રસ્તો નથી' - આ પ્રમાણે જાણતો હોય તો ઝેર ખાવા વગેરેની પ્રવૃત્તિ કરતો જ નથી. કદાચ અનિવાર્ય કારણસર પરવશ બનીને કોઈક કટોકટીના સંયોગમાં તે માણસ ઝેરને ખાવાની કે ઠૂંઠા તરફ ચાલવાની (કે ગાડી ચલાવવાની) પ્રવૃત્તિ કરે તો પણ તે ડરે છે. જ્યારે અજ્ઞાની માણસ તો જાણકારી ન હોવાના કારણે ઝેરને ખાવાની પ્રવૃત્તિ કે ઠૂંઠા તરફ જવાની પ્રવૃત્તિ કરવા છતાં પણ ડરતો નથી. તેમ જ્ઞાની પુરુષ પણ કર્મની પરવશતા વગેરેથી વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તો પણ પાપનો ડર હોવાના કારણે સંવેગવાળા હોય છે. જે પરિણામમાં સંવેગની મુખ્યતા હોય તે પરિણામ અત્યંત શુભ હોય છે. તથા તેનાથી પાપની નિવૃત્તિ પણ શ્રેષ્ઠ કક્ષાની થાય છે. જ્યારે અજ્ઞાનીને તો આ બેમાંથી એક પણ વસ્તુ પ્રાપ્ત થતી નથી. સંસારને અસાર તરીકે જેણે જાણેલો હોય તથા 'મોક્ષનો પરિણામ એ જ શ્રેષ્ઠ છે' - એવું જેણે જાણેલ હોય તેવા જ્ઞાનથી સંવેગ અને પાપથી નિવૃત્તિ થાય છે. તેથી પરલોકને સાધવામાં ઉદ્યમ કરનારા નિર્દંભ એવા સાધુની પાસે રહેલું જ્ઞાન, ચારિત્ર ઉપર ઉપકાર કરનાર હોય છે. આ જ વાત સૂત્રમાં = **દશવૈકાલિક સૂત્ર**માં પણ આ મુજબ જણાવેલ છે કે - 'પહેલા જ્ઞાન પછી દયા' - આ રીતે સર્વ સાધુઓ વિચરે છે. અજ્ઞાની વ્યક્તિ શું કરશે ? શું આત્મા માટે લાભકારી છે ? અને શું આત્મા માટે નુકસાનકારી છે ? શું પુણ્ય કે શું પાપ ? આ વાતને અજ્ઞાની કઈ રીતે જાણે ? - અર્થાત્ ન જ જાણે."

## ❯ કર્મગ્રસ્ત પણ જ્ઞાની રાગને છોડે ❯

**(प्रकृते.)** પ્રસ્તુત બાબતમાં **સમયસાર** ગ્રંથનું પણ વચન અવશ્ય યાદ કરવા લાયક છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જ્ઞાની પુરુષ કર્મની અંદર રહેવા છતાં પણ સર્વ દ્રવ્યોમાં રાગનો પ્રકૃષ્ટ રીતે ત્યાગ કરનાર

1. जानन् विष-स्थाणू प्रवर्त्तमानोऽपि बिभेति यथा तु। न तु इतरस्तथा ज्ञानी प्रवर्त्तमानोऽपि संविग्नः।। 2. यः संवेगप्रधानोऽत्यन्तशुभस्तु भवति परिणामः। पापनिवृत्तिश्च परा नेदमज्ञानिन उभयम्।। 3. संसारासारत्वे सारत्वे चैव मुक्तभावस्य। विज्ञाते संवेगः पापनिवृत्तिश्च ततस्तु।। 4. तस्मात् परलोकसमुद्यतस्य भिक्षोरशठभावस्य। चरणोपकारकमिति ज्ञानं सूत्रेऽपीदं भणितम्।। 5. पढमं ज्ञानं ततो दया, एवं तिष्ठति सर्वसंयतः। अज्ञानी किं करिष्यति ? किं वा ज्ञास्यति छेक-पापकम्।। 6. ज्ञानी रागप्रजहः सर्वद्रव्येषु कर्ममध्यगतः। न लिप्यते रजकेन तु कर्दममध्ये यथा कनकम्।।

कणयं।।" (स.सा.२१८) इति **समयसार**वचनमप्यनुस्मर्तव्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ज्ञानिपुरुषजीवने कृष्णलीलान्याययोजनं ग्रन्थकृतां न सम्मतम्। किन्तु निकाचितकर्मोदयतः संयोगवैपरीत्यतः अशक्त्यादितो वा जिनाज्ञाविपरीतप्रवृत्तिकरणेऽपि ज्ञानिपुरुषान्तःकरणं संवेदनासमभिव्याप्तं भवति। न ह्यसत्प्रवृत्तिपक्षपातलवोऽपि तेषां चित्ते विपरिवर्त्तते। अनिवार्याऽसत्प्रवृत्तिकरणेऽपि तन्मध्याद् अपेक्षिताऽसङ्गतयैव ज्ञानी प्रयाति। कान्तादृष्टिसम्पन्ना इव ज्ञानिन आक्षेपकज्ञानप्रभावात् क्वचिद् आवश्यकभोगप्रवृत्तौ सत्याम् अपि कुकर्मणा नैव लिप्यन्ते। न हि भोगप्रवृत्तिपक्षपातांऽशोऽपि तेषां विद्यते। अत एव ततो न भवपरम्परावृद्धिः। न हि कर्मोदयजन्यपदार्थ-प्रवृत्ति-परिणामाः केवला भवपरम्पराबीजरूपतामाबिभ्रति किन्तु तत्र स्वत्व -ममत्व-कर्तृत्व-भोक्तृत्व-पक्षपातबुद्धिरेव प्रदीर्घभवपरम्पराबीजम्।

प्रत्युत निजशुद्धचैतन्यस्वरूपानुसन्धानवतः असङ्गभावेन केवलकर्मोदयतो भोगप्रवृत्तिमध्येन

---

હોય છે. જેમ કાદવની અંદર રહેલ સોનું કાદવથી લેપાતું નથી તેમ કર્મમધ્યવર્તી જ્ઞાની પુરુષ કર્મથી લેપાતા નથી.' દિગંબર આચાર્યનું પ્રસ્તુત વચન પણ જ્ઞાનના અમોઘ સામર્થ્યને દર્શાવે છે.

**❋ જ્ઞાની અસત્ પક્ષપાત ન કરે ❋**

[redacted]:- 'કૃષ્ણ કરે તે લીલા'- આવી ઉક્તિને જ્ઞાની પુરુષની બાબતમાં લાગુ પાડવાનું પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં અભિપ્રેત નથી. પરંતુ નિકાચિત કર્મના ઉદયથી કે વિપરીત સંયોગથી કે અશક્તિ આદિના કારણે જ્ઞાની પુરુષને જિનાજ્ઞાથી વિપરીત રીતે પ્રવૃત્તિ કરતી વખતે અંતરમાં અત્યંત વેદના અને આત્મસંવેદના જ ઘૂંટાતી હોય છે. ખોટી પ્રવૃત્તિનો લેશ પણ પક્ષપાત તેમના અંતરમાં હોતો નથી. અનિવાર્યપણે કરવી પડતી ખોટી પ્રવૃત્તિમાંથી પણ અપેક્ષિત અસંગપણે જ્ઞાની પુરુષ પસાર થઈ જાય છે. યોગની છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં રહેલા યોગી પુરુષના ભોગસુખની જેમ આક્ષેપકજ્ઞાનના લીધે જ્ઞાની પુરુષો ક્વચિત્ કર્મવશ ભોગપ્રવૃત્તિમાં પરોવાયેલા હોય છતાં પણ કર્મબંધથી લેપાતા નથી. કેમ કે ભોગપ્રવૃત્તિનો આંશિક પણ પક્ષપાત તેમના અંતઃકરણમાં હોતો નથી. તેથી જ તેવી પ્રવૃત્તિથી તેમના સંસારની પરંપરા વધતી નથી. કારણ કે માત્ર કર્મોદયજન્ય દેહ-ઈન્દ્રિય-ધનાદિ પદાર્થ, ભોગસુખ પ્રવૃત્તિ કે રાગાદિ પરિણામો ભવપરંપરાના કારણ બનતા નથી. પરંતુ તેમાં (૧) હુંપણાની બુદ્ધિ કે (૨) મારાપણાની બુદ્ધિ કે (૩) કર્તૃત્વબુદ્ધિ કે (૪) ભોક્તૃત્વબુદ્ધિ કે (૫) પક્ષપાતબુદ્ધિ એ જ અતિદીર્ઘ ભવપરંપરાનું કારણ છે. કર્મવશ થતી ભોગસુખપ્રવૃત્તિ વગેરેમાં આત્મજ્ઞાની નિર્મળ સમ્યગ્દૃષ્ટિને આ પાંચમાંથી એક પણ પ્રકારની કુમતિ હોતી નથી. તો પછી તેની ભવપરંપરા તેના નિમિત્તે કઈ રીતે વધી શકે ?

**❋ સમકિતીની પ્રવૃત્તિ નિર્જરાજનક ❋**

(प्रत्यु.) ઊલટું નિર્મળ સમકિતીને તેવા સ્થળે કર્મબંધ નહિ પણ કેવળ નિકાચિત કર્મની નિર્જરા જ થાય છે. કારણ કે તેને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું સતત અનુસંધાન હોય છે. તે રાગભાવથી નહિ પણ અસંગભાવે જ ભોગપ્રવૃત્તિ વચ્ચેથી ઝડપથી પસાર થઈ જાય છે. તે ભોગપ્રવૃત્તિમાં પોતાની ઈચ્છાથી નહિ પણ કેવલ કર્મોદયથી જ પ્રવર્તે છે. પ્રારબ્ધ કર્મના બળ કરતાં આત્માનું બળ ઓછું

प्रव्रजनात् केवलं निकाचितकर्मनिर्जरैव। [1]"जे आसवा ते परिसवा" (आ.सू.१/४/२/१३०) इति **आचाराङ्गसूत्रोक्तिः**, [2]"वज्जेमि त्ति परिणओ संपत्तीए वि मुच्चइ वेरा" (ओ.नि.६०) इति **ओघनिर्युक्तिगाथा**, "बहुदोषनिरोधार्थमनिवृत्तिरपि क्वचित्। निवृत्तिरिव नो दुष्टा योगानुभवशालिनाम्।।" (अ.सा.५/२२) इति **अध्यात्मसारकारिका**, "राग-द्वेषपरित्यागाद् विषयेष्वेषु वर्त्तनम्। औदासीन्यमिति प्राहुरमृताय रसाऽञ्जनम्।।" (सा.श.९) इति **साम्यशतककारिका** चात्र तात्पर्यार्थमुन्नीय विभावनीया गम्भीरधिया आत्मार्थिभिः। अत एव भोगकर्मनिवृत्तौ ज्ञानिनः नैव स्वरसतः भोगे प्रवर्तन्ते। को ह्याभोगतः दरायां पतति? एतादृशविशदज्ञानदशाप्रादुर्भावप्रेरणा ज्ञानिपुरुषसमर्पणसूचना चात्रोपलभ्येते। तद्बलेन च [3]"णिहयविविहट्ठकम्मा तिहुवणसिरसेहरा विहूयदुक्खा। सुहसागरमज्झगया णिरंजणा णिच्च अट्ठगुणा।।" (ध.१/१/१/१-गाथा-२६) इति **धवलायां वीरसेनाचार्योक्तं** सिद्धस्वरूपं सुलभं स्यात्।।१५/२-१०।।

---

પડવાના લીધે નિર્મળ સમકિતીએ કર્મોદયના ધક્કાથી પરાણે ભોગસુખમાં પ્રવર્તવું પડે છે. પરંતુ તેવી પ્રવૃત્તિનો લેશ પણ પક્ષપાત તેના અંતઃકરણમાં હોતો નથી. મગરૂરીથી નહિ પણ મજબૂરીથી ભોગપ્રવૃત્તિમાં જોડાવાના લીધે તેને નિકાચિત કર્મની નિર્જરા જ થાય છે.

આ અંગે આત્માર્થી સાધકોએ નીચેના ચાર શાસ્ત્રવચનોના તાત્પર્યાર્થને શોધીને ઊંડાણથી, ગંભીર બુદ્ધિથી વિભાવના કરવી.(૧) **આચારાંગ**માં જણાવેલ છે કે 'જે આશ્રવ છે, તે જ કર્મનિર્જરાનું સ્થાન છે.' (૨) **ઓઘનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'આ પ્રવૃત્તિને હું છોડું - આવા અભિપ્રાયથી પરિણત થયેલ જીવ તેવી પ્રવૃત્તિ થવા છતાં કર્મથી છૂટે છે.' (૩) **અધ્યાત્મસાર**માં કહેલ છે કે 'ઘણા દોષોને અટકાવવા માટે ક્યારેક નિવૃત્તિની જેમ પ્રવૃત્તિ પણ ધ્યાનાદિ યોગના અનુભવથી શોભતા જીવો માટે દુષ્ટ નથી.' (૪) **સામ્યશતક**માં બતાવેલ છે કે 'પાંચ ઈન્દ્રિયના પ્રસ્તુત વિષયોમાં રાગ-દ્વેષ છોડીને પ્રવૃત્તિ કરવી તે ઉદાસીનતા છે. પરમર્ષિઓ તેને અમૃત પ્રાપ્તિ માટેનું રસાંજન-રસાયણ કહે છે.' તાત્પર્યગ્રાહી ગંભીર બુદ્ધિથી આ શાસ્ત્રવચનોને વિચારવાના છે. બાકી સ્વચ્છંદતાને પોષાતા વાર ન લાગે. નિર્મળ સમકિતી માત્ર કર્મના ધક્કાથી ભોગમાં પ્રવર્ત્તે છે. તેથી જ ભોગકર્મ રવાના થયા બાદ જ્ઞાની પુરુષ સામે ચાલીને ભોગપ્રવૃત્તિમાં જોડાવાની ભૂલ કરતા નથી. ઈરાદાપૂર્વક ખાડામાં પડવાની ભૂલ કોણ કરે ? આવી પ્રામાણિક પારદર્શક જ્ઞાનદશાને પ્રગટ કરવાની આધ્યાત્મિક પ્રેરણા તથા ગીતાર્થ જ્ઞાની પુરુષને સમર્પિત થવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે. તેના બળથી **ષટ્ખંડાગમની ધવલા** વ્યાખ્યામાં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં **વીરસેનાચાર્ય**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતોએ (૧) વિવિધ = અનેક અવાન્તરભેદવાળા આઠ કર્મોને ખતમ કર્યા છે. (૨) તેઓ ત્રણ લોકના મસ્તકમાં મુગટસ્વરૂપ છે. (૩) તેઓએ દુઃખોનો ઉચ્છેદ કર્યો છે. (૪) તેઓ સુખના મહાસાગરની મધ્યમાં રહેલા છે. (૫) તેઓ નિરંજન, (૬) નિત્ય અને (૭) આઠ ગુણથી યુક્ત છે.' (૧૫/૨-૧૦)

---

1. ये आश्रवाः ते परिश्रवाः।

2. 'वर्जयामी'ति परिणतः सम्प्राप्तौ अपि मुच्यते वैरात् (= कर्मणः)।

3. निहतविविधाष्टकर्माणः त्रिभुवनशिरःशेखराः विधूतदुःखाः। सुखसागरमध्यगताः निरञ्जना नित्या अष्टगुणाः।।

**♦ચરણગુણે જે હીણડા, જ્ઞાનપ્રધાન આદરિઈં રે;**
**ઈમ કિરિયાગુણ અભ્યાસી, ઈચ્છાયોગથી તરિયઈ રે ॥૧૫/૨-૧૧॥ (૨૬૪) શ્રી જિન.**

જ્ઞાન ને **ચરણ** તે ચારિત્ર, તેહના **ગુણથી જે હીણા** પ્રાણી છે, તેહને સંસારસમુદ્ર તરવો દુર્લભ છઈ, માટઈં જ **જ્ઞાનનું પ્રધાનતાપણું આદરીઈં. यतः**

---

अपेक्षाविशेषेण ज्ञानपक्षप्राधान्यमुपोद्बलयति – '**ज्ञाने**'ति।

**ज्ञान-चरणगुणहीनो ज्ञानं प्रधानं समाद्रियते रे।**
**क्रियागुणाभ्यासिनैवमिच्छायोगात् तीर्यते रे।।१५/२-११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ज्ञान-चरणगुणहीनो ज्ञानं प्रधानं समाद्रियते। एवं क्रियागुणाभ्यासिना इच्छायोगात् तीर्यते।।१५/२-११।।

[1]"नाण-किरियाहिं मोक्खो" (वि.आ.भा.३) इति पूर्वोक्ताद् (१५/२-१) **विशेषावश्यकभाष्य**वचनाद् ज्ञान-चरणोभयगुणहीनस्य सर्वथा भवार्णवतरणोपायशून्यतया दुरन्तभवार्णवतरणं दुष्करम्। अत एव यः **ज्ञान-चरणगुणहीनः** = वाचनादिपञ्चविधस्वाध्याय-चारित्रमूलोत्तरगुणविकलः स **ज्ञानं** = स्व-परशास्त्रसमवतारादिविज्ञानं **प्रधानं** = मुख्यम् इति **समाद्रियते**। चारित्राचारहीनैः द्रव्यानुयोगज्ञानं प्राधान्येन समादरणीयमित्याशयः।

---

[illegible] :- અમુક ચોક્કસ પ્રકારની અપેક્ષાથી ગ્રંથકારશ્રી જ્ઞાનપક્ષની મુખ્યતાનું સમર્થન કરે છે :-

**❊ જ્ઞાનપક્ષમુખ્યતા સાપેક્ષભાવે માન્ય ❊**

[illegible] :- જ્ઞાન-ચરણગુણથી હીન એવો સાધક જ્ઞાનને મુખ્યરૂપે આદરે છે. આ રીતે ક્રિયાગુણના અભ્યાસી ઈચ્છાયોગથી (ભવસાગર) તરી જાય છે. (૧૫/૨-૧૧)

[illegible] :- **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** જણાવેલ છે કે 'જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ થાય.' પૂર્વે (૧૫/૨-૧) આ સંદર્ભ દર્શાવેલ છે. તેથી સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર ઉભયગુણથી જે હીન છે તેવા સાધકને માટે દુરંત ભવસાગર તરવો એ અત્યંત દુષ્કર કાર્ય છે. કેમ કે તેની પાસે સંસારસાગરને તરવાની સામગ્રી લેશ પણ નથી. આથી જ જે સાધક વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી તથા ચારિત્રના મૂળગુણથી અને ઉત્તરગુણથી હીન છે તે સાધક 'સ્વ-દર્શનના શાસ્ત્રોનો અને પરદર્શનના શાસ્ત્રોનો સમવતાર કરવા સ્વરૂપ વિશેષ પ્રકારનું જ્ઞાન મુખ્ય છે' – આ પ્રમાણે વિચારીને જ્ઞાનની મુખ્યતાને સારી રીતે આદરે. અહીં આશય એ છે કે ચારિત્રાચારથી હીન વ્યક્તિએ દ્રવ્યાનુયોગનું જ્ઞાન મુખ્યપણે સારી રીતે આદરવું જોઈએ.

[illegible] :- અખંડ ક્રિયાયોગનું નિયમિત પરિશીલન કરવા માટે અસમર્થ એવા સાધક માટે જ્ઞાનયોગ સિવાય ભવસાગર તરવાનું બીજું કોઈ સાધન બચતું નથી. તેથી ચારિત્રના મૂલ-ઉત્તર ગુણની ખામી-

---

♦ પુસ્તકોમાં 'ચરણ-કરણગુણ હીણડા' પાઠ. કો.(૪+૧૧)નો પાઠ લીધો છે. 1. ज्ञान-क्रियाभ्यां मोक्षः।

**कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः।**

§**कालादिविकलो योगः, इच्छायोग** ❒**उदाहृतः।।** (ल.वि.पृ.४९, यो.दृ.स.३) **इतीच्छायोगलक्षणं *ललितविस्तरादौ।***

**ईम क्रियानो** જે યોગ, તદ્રૂપ જે **ગુણ**, તેહનો **અભ્યાસ** કરીને **ઈચ્છાયોગે તરઈ** ભવાર્ણવ પતંઈ. ॥१५/२-११॥

**एवं** = द्रव्यानुयोगादिज्ञानस्य प्राधान्यार्पणया **क्रियागुणाभ्यासिना** = प्रमादप्रयुक्तवैकल्योपेतसत्क्रिया-योगात्मकगुणसत्काऽभ्यासशालिना **इच्छायोगाद्** भवसागरः **तीर्यते**।

इच्छायोगलक्षणन्तु **ललितविस्तरा-योगदृष्टिसमुच्चयादिषु** "कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादिनः। विकलो धर्मयोगो य इच्छायोग उदाहृतः।।" (ल.वि. अरिहंताणं पद-७ पृ.४९ + यो.दृ.स.३) इत्येवं वर्तते। प्रकृते श्री**हरिभद्रसूरि**कृता **योगदृष्टिसमुच्चयवृत्तिस्तु** "कर्तुमिच्छोः कस्यचिन्निर्व्याजमेव तथाविधक्षयोपशमभावेन। अयमेव विशिष्यते 'किंविशिष्टस्यास्य चिकिर्षोः' ? श्रुतार्थस्य = श्रुतागमस्य, अर्थशब्दस्य आगमवचनत्वात्, अर्थ्यते अनेन तत्त्वम् इति कृत्वा। 'अयमपि कदाचिदज्ञान्येव भवति, क्षयोपशमवैचित्र्याद्'। अत आह

વાળો આત્માર્થી સાધક જ્ઞાનયોગને મુખ્ય બનાવે છે. આ વાત તેના માટે ઉચિત પણ છે.

## ઈચ્છાયોગથી ભવસાગરનિસ્તાર

(एवं.) આ રીતે દ્રવ્યાનુયોગ વગેરેના જ્ઞાનને મુખ્યતા આપીને ક્રિયાગુણનો અભ્યાસી સાધક ભવસાગર તરે છે. પ્રમાદના લીધે શાસ્ત્રવિહિત ક્રિયા કોઈને કોઈ ખોડખાંપણવાળી બને છે. પ્રસ્તુત ખામીયુક્ત ઉપરોક્ત શાસ્ત્રવિહિત ક્રિયાયોગાત્મક જે ગુણ છે તેનો અભ્યાસ કરનાર જીવ 'ક્રિયાગુણઅભ્યાસી' કહેવાય છે. તેવો જીવ ક્રિયાયોગાત્મક ગુણનો અભ્યાસ કરીને ઈચ્છાયોગથી ભવસાગર તરી જાય છે.

## ઈચ્છાયોગનું નિરૂપણ

(इच्छा.) **લલિતવિસ્તરા, યોગદૃષ્ટિસમુચ્ચય** વગેરે ગ્રંથમાં ઈચ્છાયોગનું લક્ષણ નીચે મુજબ જણાવેલ છે. 'જે જીવે શાસ્ત્ર સાંભળેલ હોય, જ્ઞાની હોય, શાસ્ત્રોક્ત ક્રિયાને કરવાની ઈચ્છા હોય તેમ છતાં પણ પ્રમાદના લીધે તેની જે ધર્મક્રિયા ખોડખાંપણવાળી હોય તે ઈચ્છાયોગ કહેવાય છે.' પ્રસ્તુતમાં ઈચ્છાયોગના લક્ષણની સ્પષ્ટતા કરતાં **યોગદૃષ્ટિસમુચ્ચયવ્યાખ્યા**માં શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે નીચે મુજબ જણાવેલ છે - "તથાવિધ કર્મનો ક્ષયોપશમ હાજર હોવાના કારણે કોઈક જીવ કોઈ પણ બહાના વિના જ શાસ્ત્રવિહિત ક્રિયાને કરવાની ઈચ્છાવાળો હોય તે ઈચ્છાયોગનો અધિકારી છે. આ ઈચ્છાયોગના પ્રસ્તુત અધિકારી જીવની અન્ય વિશેષતાઓ અહીં જણાવવામાં આવે છે. 'શાસ્ત્રોક્ત ક્રિયા કરવાની ઈચ્છાવાળો જીવ કેવા પ્રકારની વિશેષતાવાળો હોવો જોઈએ ?' - આ પ્રશ્નનો જવાબ એ છે કે તેણે અર્થને = આગમને સાંભળેલ હોવા જોઈએ. 'અર્થ' શબ્દ અહીં આગમવાચક છે. 'જેના દ્વારા તત્ત્વ (બતાવવાનું) ઈચ્છાય તેને અર્થ કહેવાય'- આવી વ્યુત્પત્તિ કરીને 'અર્થ' શબ્દનો વાચ્યાર્થ પ્રસ્તુતમાં 'આગમ' બને છે. આગમ દ્વારા તત્ત્વ બતાવવાને

§ લલિતવિસ્તરા તથા યોગદૃષ્ટિસમુચ્ચયમાં 'विकलो धर्मयोगो यः' પાઠ છે. રાસની હસ્તપ્રતોનો પાઠ અહીં છાપેલ છે.

❒ રાસના પુસ્તકોમાં 'स उच्यते' પાઠ છે. કો.(૩+૪+૧૫) + B.(૧) + લલિતવિસ્તરાદિનો પાઠ અહીં લીધો છે. પૂર્વે (૧/૮) આ શ્લોક રાસના ટબામાં આવી ગયો છે.

ज्ञानिनोऽपि = अवगताऽनुष्ठेयतत्त्वार्थस्यापीति। एवम्भूतस्यापि सतः किमित्याह प्रमादतः = प्रमादेन विकथादिना, विकलः = असम्पूर्णः कालादिवैकल्यमाश्रित्य, धर्मयोगो = धर्मव्यापारः, यः इति योऽर्थः वन्दनादिविषयः, स इच्छायोग उच्यते, इच्छाप्रधानत्वं चाऽस्य तथाऽकालादावपि करणाद्" (यो.दृ.स.३, वृ.) इति।

***एतावता*** संविग्नपाक्षिकस्य ज्ञानयोगप्राधान्यमु***पपादितम्***, शुद्धप्ररूपणालक्षणज्ञानयोगप्रधानेच्छायोगेनैव भवार्णवतरणात्। यथार्थाचरणाऽसम्भवे उत्सूत्रभाषण-सुसाधुद्वेषादिकारिणस्तूभयभ्रष्टतैव।

ઈચ્છાય છે. તેથી અર્થ એટલે આગમ. આગમશાસ્ત્રોને સાંભળનાર જીવ પણ કદાચ અજ્ઞાની હોઈ શકે. કારણ કે દરેક જીવનો ક્ષયોપશમ અલગ અલગ પ્રકારનો હોય છે. આથી ઈચ્છાયોગના અધિકારી જીવનું ત્રીજું વિશેષણ લગાવવું જરૂરી છે. તે વિશેષણ એ છે કે 'તે જ્ઞાની હોવો જોઈએ.' આચરવા યોગ્ય તાત્ત્વિક પદાર્થને તેણે જાણેલો પણ હોવો જોઈએ. આવા પ્રકારનો જીવ જ્ઞાની હોય તો પણ તેનાથી તમે શું કહેવા માંગો છો ? - એ બાબત આગળ જણાવાય છે કે 'નિર્દંભપણે ક્રિયા કરવાની ઈચ્છાવાળા, આગમને સાંભળનાર તથા આચરવા યોગ્ય પદાર્થના જાણકાર એવા પણ સાધકની ગુરુવંદનાદિ વિષયક જે ધર્મપ્રવૃત્તિ વિકથા, નિદ્રા વગેરે પ્રમાદના કારણે, કાળ વગેરે સંબંધી ત્રુટિને આશ્રયીને અધૂરી હોય તે અપૂર્ણ ધર્મપ્રવૃત્તિ ઈચ્છાયોગ કહેવાય છે. આ યોગ શાસ્ત્રાજ્ઞાપ્રધાન નહિ પણ ઈચ્છાપ્રધાન હોવાનું કારણ એ છે કે તથાવિધ અકાળમાં પણ સ્વાધ્યાયાદિ ધર્મપ્રવૃત્તિને તે જીવ કરે છે."

[redacted] :- 'કાલે વિણએ બહુમાણે...' આ ગાથામાં જ્ઞાનના જે આઠ આચાર બતાવેલા છે, તેને જેણે સાંભળેલા હોય, સારી રીતે જાણેલા હોય તથા તેને આચરવાની ઈચ્છા પણ હોય તેમ છતાં તેઓ જે પ્રમાદના કારણે ક્યારેક અકાળે ભણવા બેસી જાય, ક્યારેક વંદન કર્યા વિના ભણે, ક્યારેક વંદન કરવા છતાં સંડાસા પૂંજવા વગેરેની વિધિ ન સાચવે, વાતચીત દરમિયાન પ્રમાદથી ક્યારેક વિદ્યાગુરુ પ્રત્યે બહુમાન ન રાખે, ક્યારેક તપ-ઉપધાન-જોગ વગેરે કર્યા વિના ભણે. આવું પ્રમાદવશ ઘણી વાર થતું હોય છે. તેથી તે સ્વાધ્યાયાદિ ધર્મપ્રવૃત્તિ ખામીવાળી બની જાય છે. આવી ધર્મપ્રવૃત્તિમાં શાસ્ત્રની સંપૂર્ણતયા મુખ્યતા નથી હોતી પરંતુ પોતાની ઈચ્છાની મુખ્યતા હોય છે. તેથી આ સ્વાધ્યાયાદિ યોગ શાસ્ત્રપ્રધાન નહિ પરંતુ ઈચ્છાપ્રધાન બને છે. તેથી તેવા સ્વાધ્યાયાદિ યોગને ઈચ્છાપ્રધાન યોગ = ઈચ્છાયોગ કહેવાય છે. ક્રિયાયોગાત્મક ગુણનો અભ્યાસ કરનાર સાધક પ્રસ્તુત ઈચ્છાયોગથી ભવસાગરને તરી જાય છે. કારણ કે તેના જીવનમાં પ્રમાદ, અવિધિ, સ્ખલના વગેરે હોવા છતાં તે સાધક પ્રમાદની ઈચ્છા, અવિધિની ઈચ્છા કે સ્ખલનાની ઈચ્છા નથી કરતો. પરંતુ સ્વાધ્યાયાદિ યોગની જ તે ઈચ્છા કરે છે. પ્રમાદ વગેરે હોવા છતાં સાધકની ઈચ્છા પ્રમાદાદિને પોષવાની નથી પરંતુ ધર્મયોગને સાધવાની છે. આમ 'ઈચ્છાયોગથી = યોગની ઈચ્છાથી તે પ્રમાદી સાધક ભવસાગરને તરી જાય છે' - આ અહીં આશય છે.

### સંવિગ્નપાક્ષિક જ્ઞાનયોગને મુખ્ય બનાવે

(एतावता.) આવું કહેવાથી "સંવિગ્નપાક્ષિક સાધકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતા હોય છે" - આ બાબતનું સમર્થન કરવામાં આવેલ છે. કારણ કે મોક્ષમાર્ગની શુદ્ધપ્રરૂપણા નામના જ્ઞાનયોગની મુખ્યતા સ્વરૂપ ઈચ્છાયોગથી જ સંવિગ્નપાક્ષિક ભવસાગર તરી જાય છે. સંપૂર્ણપણે શાસ્ત્રોક્ત ધર્મનું આચરણ સંભવિત ન હોય તેવા સંયોગમાં મૂળભૂત માર્ગનું સમર્થન કે સુસાધુ પ્રત્યે સહાયકભાવાદિ ગુણોને કેળવવાના બદલે ઉત્સૂત્રભાષણ કરનાર અને સુસાધુ પ્રત્યે દ્વેષ-ગુસ્સો કરનાર સાધુવેશધારી તો સાધુધર્મ

इदमेवाभिप्रेत्य **गच्छाचारप्रकीर्णके** "[1]सुद्धं सुसाहुमग्गं कहमाणो ठवइ तइअपक्खंमि। अप्पाणं, इयरो पुण गिहत्थधम्माओ चुक्क त्ति।।

[2]जइ वि न सक्कं काउं सम्मं जिनभासिअं अणुट्ठाणं। तो सम्मं भासिज्जा जह भणियं खीणरागेहिं।।

[3]उस्सन्नोऽवि विहारे कम्मं सोहेइ सुलभबोही य। चरण-करणं विसुद्धं उववूहिंतो परूविंतो।।" (गच्छा.प्र.३२,३३,३४) इत्युक्तमित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अपूर्वोत्साहतः चारित्राङ्गीकारोत्तरकालं कर्मवशतः, संयोगवशतः प्रमादवशतो वा पञ्चाचारपरिपालनोत्साहह्रासेऽपि स्वशिथिलाचारापलापोत्सूत्रप्ररूपणा-सुविहितसंयमि-निन्दाद्यपराधः नैव कार्यः। स्वदोषमुररीकृत्य यथार्थमोक्षमार्गप्ररूपणा कार्या। सुविहितसंयमिप्रशंसोपबृंहणादिकमपि कार्यम्। इत्थमेवाऽऽचारप्रतिबन्धककर्मनिवृत्तौ परत्र शासन-सद्गुरु-संयमादिकं सुलभं स्यात्। दीक्षानन्तरं चारित्रमोह-वीर्यान्तरायकर्मोदयेन संविग्नसाधुत्वाऽप्राप्तौ दर्शनमोहक्षयोपशम-साधुसेवा

---

અને શ્રાવકધર્મ એમ ઉભયથી ભ્રષ્ટ જ થાય છે.

## ✥ સમ્યક્ પ્રરૂપણાથી સુલભબોધિ બનાય ✥

(इदमे.) આ જ અભિપ્રાયથી **ગચ્છાચાર પ્રકીર્ણક** નામના આગમમાં જણાવેલ છે કે 'શુદ્ધ, અખંડ, નિરતિચાર સાધ્વાચારનું પાલન પોતાના જીવનમાં શક્ય ન હોય ત્યારે સુસાધુઓના શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરતો સાધુવેશધારી સાધક પોતાની જાતને ત્રીજા પક્ષમાં = સંવિગ્નપાક્ષિક વર્ગમાં ગોઠવે છે. જ્યારે તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરનાર સાધુવેશધારી જીવ તો ગૃહસ્થધર્મથી પણ ભ્રષ્ટ થયેલ છે. જિનેશ્વર ભગવંતે બતાવેલ અનુષ્ઠાન સારી રીતે આચરવાનું કદાચ શક્ય ન પણ હોય તો પણ માર્ગની પ્રરૂપણા તો શુદ્ધ જ કરવી કે જે રીતે વીતરાગ ભગવંતે મોક્ષમાર્ગ બતાવેલ છે. સાધ્વાચારમાં શિથિલ એવો પણ જીવ ચારિત્રના વિશુદ્ધ મૂલગુણની અને ઉત્તરગુણની ઉપબૃંહણા કરતો અને તેની જ પ્રરૂપણા કરતો હોય તો પોતાના કર્મને તે શુદ્ધ કરે છે અને સુલભબોધિ થાય છે.' **ગચ્છાચાર પયન્ના**ની પ્રસ્તુત વાતને પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## ❀ કમ સે કમ સંવિગ્નપાક્ષિક તો બનીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- અપૂર્વ ઉલ્લાસથી અને ઉમંગથી ચારિત્ર જીવનનો સ્વીકાર કર્યા પછી કર્મવશ, સંયોગવશ કે પ્રમાદવશ પંચાચારપાલનનો ઉત્સાહ ઓસરી જાય તેવા સંયોગમાં પણ પોતાના શિથિલાચારનો બચાવ કરવાની કે ઉત્સૂત્રપ્રરૂપણા કરવાની કે આચારચુસ્ત સાધુની નિંદા કરવાની ગોઝારી ભૂલ તો કદાપિ ન જ થવી જોઈએ. પોતાના દોષનો બચાવ કરવાના બદલે તેનો સ્વીકાર કરીને યથાર્થ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી જોઈએ. તથા જેમના જીવનમાં શુદ્ધ મોક્ષમાર્ગ જોવા મળે તેની ઉપબૃંહણા, પ્રશંસા વગેરે પણ કરવી જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ ઈચ્છાયોગ જળવાય, પોતાના આચારપ્રતિબંધક કર્મ રવાના થાય અને ભવાંતરમાં શાસન, સદ્ગુરુ અને સંયમ વગેરેની પ્રાપ્તિ સુલભ બને. દીક્ષા પછી ચારિત્રમોહનીય

---

1. शुद्धं सुसाधुमार्गं कथयन् स्थापयति तृतीयपक्षे। आत्मानम्, इतरः पुनः गृहस्थधर्माद् भ्रष्ट इति।।

2. यद्यपि न शक्यं कर्तुं सम्यग् जिनभाषितम् अनुष्ठानम्। ततः सम्यग् भाषेत यथा भणितं क्षीणरागैः।।

3. अवसन्नः अपि विहारे कर्म शोधयति सुलभबोधिः च। चरण-करणं विशुद्धम् उपबृंहयन् प्ररूपयन्।।

-शुद्धप्ररूपणा-स्वाध्याय-श्रद्धादिबलेन संविग्नपाक्षिकतया त्ववश्यं भाव्यम्। यथाच्छन्द-कुशीलत्वादिकं स्वस्य न स्यात् तथाऽवधातव्यमित्युपदेशः।

संविग्नपाक्षिकस्य ज्ञानयोगप्राधान्यं न केवलं शास्त्राभ्यासानुपसर्जनभावेन, पठन-पाठन-शास्त्र-संशोधन-प्रकाशनादिप्रवृत्तिप्राधान्येन वा ज्ञेयम्।

(१) "द्रव्यकर्मविनिर्मुक्तं भावकर्मविवर्जितम्। नोकर्मरहितं विद्धि निश्चयेन चिदात्मकम्।।" (प.प.८) इति पूर्वोक्त(७/६)**परमानन्दपञ्चविंशतिका**कारिकाऽवलम्बनतो निरन्तरं द्रव्यकर्म-भावकर्म-नोकर्मप्रभृति-पार्थक्येन निजात्मद्रव्याऽवलोकनम्,

(२) अपक्षपातितया कुकर्माधीनस्वचित्तवृत्ति-कुसंस्कार-प्रमादपारवश्यादीनां गर्हणादितः स्वचित्त-वृत्तिसंशोधनम्,

(३) अनवरतं निजज्ञानपरिणतेः देहाध्यासेन्द्रियाध्यास-रागाद्यध्यासादीनां पृथक्करणाभ्यासलीनता,

---

કે વીર્યાન્તરાય કર્મના ઉદયથી સંવિગ્નસાધુ ન બની શકાય એવી અનિવાર્ય સ્થિતિમાં દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ, સુસાધુસેવા, મોક્ષમાર્ગની શુદ્ધ પ્રરૂપણા, સ્વાધ્યાય, શ્રદ્ધા વગેરેના બળથી કમ સે કમ સંવિગ્નપાક્ષિક તો અવશ્ય બનવું. યથાછંદ કે કુશીલ વગેરે કક્ષામાં પહોંચવાની ભૂલ તો કદાપિ ન જ કરવી. આવો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### ❀ જ્ઞાનયોગપ્રાધાન્યને પાંચ પ્રકારે સમજીએ ❀

**(संवि.)** **(A)** માત્ર શાસ્ત્રાભ્યાસને મુખ્ય બનાવવાથી સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતા ન જાણવી. અથવા **(B)** સ્વયં શાસ્ત્રો ભણવા, બીજાને શાસ્ત્રો ભણાવવા, શાસ્ત્રોનું સંશોધન કરવું, શાસ્ત્રનું પ્રકાશન વગેરે કરવું - આવી પ્રવૃત્તિની મુખ્યતા સંવિગ્નપાક્ષિકના જીવનમાં જોવા મળે તેટલા માત્રથી 'આ સંવિગ્નપાક્ષિક જ્ઞાનયોગપ્રધાન છે' - તેમ ન જાણવું.

જ્ઞાનયોગની મુખ્યતા નીચેના પાંચ પરિબળોના માધ્યમથી જાણી શકાય.

(૧) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મ વગેરેથી ભિન્નરૂપે પોતાના આત્માનું નિરંતર અવલોકન કરવું. **પરમાનંદપંચવિંશતિકા** પ્રકરણમાં જણાવેલ છે કે 'નિશ્ચયથી પોતાના આત્માને તું દ્રવ્યકર્મમુક્ત, ભાવકર્મશૂન્ય, નોકર્મરહિત અને ચૈતન્યસ્વરૂપ જાણ.' આ સંદર્ભ પૂર્વે (૭/૬) દર્શાવેલ હતો. તેનું આલંબન લઈને ઉપર મુજબ અવલોકન સંવિગ્નપાક્ષિક કરે. અજ્ઞાનીને તો પોતાનો આત્મા કર્મથી અને કર્મજન્ય તત્ત્વોથી સંયુક્તરૂપે-એકમેકસ્વરૂપે-તન્મયપણે ભાસે છે. પણ સંવિગ્નપાક્ષિક તેવું ન કરે.

(૨) કુકર્મને આધીન બનેલી પોતાની ચિત્તવૃત્તિ, પોતાની ચિત્તવૃત્તિના કુસંસ્કારો, પોતાની પ્રમાદપરવશતા વગેરેની નિષ્પક્ષપાતપણે, બચાવ કર્યા વગર, ગર્હા-નિંદા-ધિક્કાર આદિ કરવા દ્વારા પોતાની ચિત્તવૃત્તિનું સંશોધન-સંમાર્જન-પરિમાર્જન કરવું.

(૩) પોતાની જ્ઞાનપરિણતિમાંથી દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, રાગાદિનો અધ્યાસ વગેરેને છૂટા પાડવાનો અભ્યાસ કરવામાં નિરન્તર લીન રહેવું.

(४) निजज्ञानप्रतिभासमानपरज्ञेयाकारनिमित्तकरागाद्याविर्भावप्रतिरोधप्रणिधानप्राबल्यप्रणयनम्,

(५) परमनिष्कषाय-निर्विकार-निर्विकल्प-निराकुल-निष्प्रपञ्च-निजाऽक्षयाऽनन्ताऽऽनन्दमयचैतन्य-स्वभावमाहात्म्यभावनञ्चेति एतानि पञ्च एतदन्यतरद् वा निजस्वभावभासकं ज्ञानयोगप्राधान्यं सूचयति भिन्नग्रन्थिकस्य संविग्नपाक्षिकस्य।

इत्थमेव [1]"दीहकालरयं जं तु कम्मं से सिअमट्ठहा। सिअं धंतं ति सिद्धस्स सिद्धत्तमुवजायइ।।" (आ.नि.९५३) इति **आवश्यकनिर्युक्ति**दर्शितं सिद्धत्वं तस्य प्रत्यासन्नतरं स्यात्।।१५/२-११।।

(૪) પોતાના જ્ઞાનોપયોગમાં જે પારકા જ્ઞેયપદાર્થોના આકારો પ્રતિભાસે છે, તે જ્ઞેયાકારોના નિમિત્તે જે રાગાદિ વિકૃતપરિણામો પ્રગટ થાય, તેને અટકાવવાના પ્રણિધાનને - સંકલ્પને વધુ ને વધુ પ્રબળ કરતા રહેવું. **(A)** તે પ્રણિધાનમાં બાધક બને તેવી પ્રવૃત્તિને અને પરિણતિને તિલાંજલિ આપતા રહેવી. તથા **(B)** વારંવાર તે પ્રણિધાનને યાદ કરવું. આ બન્ને પ્રકારની સાવધાની વડે તે પ્રણિધાન પ્રબળ બને.

(૫) પોતાના ચૈતન્યસ્વભાવના માહાત્મ્યની નિરંતર ભાવના કરવી. 'મારો ચૈતન્યસ્વભાવ **(A)** પરમ નિષ્કષાય, **(B)** પરમ નિર્વિકાર, **(C)** પરમ નિર્વિકલ્પ, **(D)** અત્યંત નિરાકુલ, **(E)** નિષ્પ્રપંચ છે. **(F)** મારા પોતાના જ **અક્ષય** = કદી ન ખૂટે એવા અને **અનન્ત** = શાશ્વત આનંદથી વ્યાપ્ત એવો મારો ચૈતન્યસ્વભાવ છે. આનંદની પ્રાપ્તિ મને અંદરમાંથી જ થશે. મારો ચૈતન્યસ્વભાવ અલૌકિક છે. મારે તેમાં જ વિશ્રાન્તિ કરવી છે. ત્રણ લોકમાં ચૈતન્યસ્વભાવથી ચઢિયાતી કોઈ ચીજ નથી. એ જ પરમાર્થ તત્ત્વ છે. તેને પામીને, તેનો આશ્રય કરીને, તેમાં તદ્રૂપ થઈને મારે પરિપૂર્ણ વીતરાગ ચૈતન્યસ્વરૂપે જ કાયમી ધોરણે પરિણમી જવું છે.' આ પ્રમાણે ચૈતન્યસ્વભાવના મહિમાથી ભાવિત થવું.

### ભાવભાસનની આવશ્યકતા

આ પાંચેય પરિબળો અથવા પાંચમાંથી કોઈ પણ એક પરિબળ દ્વારા અંતરમાં ભાવભાસન = નિજસ્વભાવનું ભાસન થાય છે. તેવું પરિબળ 'સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતા છે' - તેવું સૂચવે છે. જેણે ગ્રંથિભેદ કરેલો છે, ભાવ સમ્યગ્દર્શન જેની પાસે વિદ્યમાન છે એવા સંવિગ્નપાક્ષિકને વિશે આ વાત સમજવી. દ્રવ્યસમકિત જેની પાસે છે તેવા સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાનયોગની મુખ્યતાને સૂચવનારા આ ચિહ્નો નથી. અહીં તો ભાવસમકિતવાળા સંવિગ્નપાક્ષિક કઈ રીતે પોતાના જીવનમાં જ્ઞાનયોગ પ્રધાન બનાવે ? તેની વાત દર્શાવેલ છે.

### ❖ જ્ઞાનયોગની મુખ્યતાથી સિદ્ધસુખ સમીપ ❖

**(इत्थ.)** આવી જ્ઞાનયોગમુખ્યતા વડે જ **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ સિદ્ધપણું સંવિગ્નપાક્ષિકના જીવનમાં ખૂબ નજીક આવે. ત્યાં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ જણાવેલ છે કે "જીવે દીર્ઘ કાળથી બાંધેલ જે રજકણ છે તે કર્મ કહેવાય છે. આઠ પ્રકારે બાંધેલ તે કર્મ જેણે બાળી નાંખેલ હોય તે સિદ્ધ કહેવાય. 'सितं (= બાંધેલ) ध्मातं (= બાળેલ) येन स सिद्धः' - આવી વ્યુત્પત્તિ છે. તેથી બાંધેલા કર્મને બાળવાપણું એ જ સિદ્ધમાં રહેલ સિદ્ધત્વ છે. તેને તેઓ મેળવે છે." (૧૫/૨-૧૧)

1. दीर्घकालरजो यत् तु कर्म तस्य सितमष्टधा। सितं ध्मातमिति सिद्धस्य सिद्धत्वमुपजायते।।

**ચરણપતિત વલી શ્રાવકો, તનુધર્મા વલી જેહો રે;**

**તેહનઈં જ્ઞાન પ્રધાન છઈ, મુનિનઈં બે ગુણ ગેહો રે ॥૧૫/૨-૧૨॥ (૨૬૫) શ્રી જિન.**

**ચરણપતિત** = ચારિત્રરહિત, એહવો **શ્રાવક**, **વલી** તે **તનુધર્મા** હોઈં = લઘુધર્માભ્યાસી હોઈં, **તેહને** પણિ **જ્ઞાન**, તેહિ જ **પ્રધાન છઈ**.

---

अन्यस्य कस्य ज्ञानं प्रधानम् ? इत्याशङ्कायामाह – '**चरणे**'ति।

**चरणशून्यः श्रावकः यश्च तनुधर्माभ्यासालयो रे।**

**तस्य ज्ञानं मुख्यम्, मुनिस्तूभयगुणनिलयो रे।।१५/२-१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यश्च चरणशून्यः श्रावकः तनुधर्माभ्यासाऽऽलयः, तस्य (अपि) ज्ञानं मुख्यम्। मुनिस्तु उभयगुणनिलयः।।१५/२-१२।।

**यश्च चरणशून्यः** = चारित्ररहितः **श्रावकः तनुधर्माभ्यासाऽऽलयः** = लघुधर्माचाराऽभ्यासभाजनं **तस्य** अपि संविग्नपाक्षिकवद् **ज्ञानम्** = आत्मादितत्त्वज्ञानम् एव **मुख्यं** = प्रधानम्, निरतिचारा-ऽखण्डदीर्घकालीनबृहद्धर्माचारपालनाऽसमर्थत्वात्।

इदञ्चात्रावधेयम् – श्रावक-संविग्नपाक्षिकयोः ज्ञानप्राधान्येऽपि सर्वथैव सत्क्रियाविरहो नैवा-ऽभिप्रेतः, यथारुचि तत्तद्धर्माचारपालनस्य तयोः सत्त्वात्। अत एव तयोः ज्ञानप्राधान्यं दर्शितम्, न तु ज्ञानैकान्तः।

---

[redacted] :- 'સંવિગ્નપાક્ષિકને પોતાના જીવનમાં જ્ઞાનની પ્રધાનતા હોય છે' - તે વાત જણાવી. 'બીજા કયા જીવને જ્ઞાન મુખ્ય હોય છે ?' - આવી શંકા થતાં તેનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે :-

**❀ જ્ઞાનમુખ્યતાની ભૂમિકા ❀**

[redacted] :- જે ચારિત્રરહિત શ્રાવક નાના નાના ધર્મનો અભ્યાસ કરવાનું પાત્ર બને છે, તેને પણ જ્ઞાન મુખ્ય છે. ભાવસાધુ તો જ્ઞાન અને ક્રિયા બન્ને ગુણનો આધાર છે. (૧૫/૨-૧૨)

**❀ શ્રાવકને જ્ઞાનયોગની મુખ્યતા ❀**

[redacted] :- વળી, જે ચારિત્રશૂન્ય શ્રાવક હોય છે તે નાના નાના ધર્મના આચારનો અભ્યાસ કરે છે. અલ્પધર્માભ્યાસી એવા શ્રાવકને પણ સંવિગ્નપાક્ષિકની જેમ આત્માદિતત્ત્વવિષયક જ્ઞાન જ મુખ્ય છે. કારણ કે તે નિરતિચાર, અખંડ, દીર્ઘકાલીન, મોટા ધર્માચારનું પાલન કરવા માટે અસમર્થ છે. તેથી તેના જીવનમાં ક્રિયા મુખ્ય બની શકતી નથી પણ જ્ઞાન જ પારિશેષ ન્યાયથી મુખ્ય બને છે.

**❀ જ્ઞાની ક્રિયાને આદરે ❀**

(इद.) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે શ્રાવકના અને સંવિગ્નપાક્ષિકના જીવનમાં જ્ઞાન મુખ્ય હોવા છતાં પણ સર્વથા સમ્યક્ ક્રિયાનો અભાવ હોય - તેવું શાસ્ત્રકારોને અભિપ્રેત નથી. રુચિ મુજબ તે તે ધર્માચારોનું પાલન પણ તેમના જીવનમાં વણાયેલ હોય છે. તેથી મૂળ ગ્રંથમાં તેમના જીવનમાં જ્ઞાનની મુખ્યતા કહેલ છે, જ્ઞાનનો એકાંત જણાવેલ નથી.

**મુનિને** તો બેઈ ચારિત્ર ક્રિયાસહિત અને જ્ઞાન - એ બેઉ (ગુણ=) પદાર્થ (ગેહો=) મુખ્ય છઈ.

अत्र *आवश्यक*गाथा – [2]"**दंसणपक्खो सावय, चरित्तभट्टे य मंदधम्मे य।**
**दंसणचरित्तपक्खो, समणे परलोगकंखम्मि** ।।" (आ.नि.११६५)

**मुनिस्तु** = भावनिर्ग्रन्थस्तु [1]"नाण-किरियाहिं निव्वाणं" (वि.आ.भा.११२८) इति पूर्वोक्त(१५/२-१) **विशेषावश्यकभाष्य**वचनाद् **उभयगुणनिलयः** = स्वकालीनचारित्राचार-सम्यक्तत्त्वज्ञानोभयगुणभाजनम्। ***अत एव*** (१) स्थविरकल्पिभावसाधौ जिनकल्पिकसाध्वाचारविरहेऽपि यद्वा (२) अल्पवयस्कभावमुनौ उग्रतपश्चर्यादेः युवाद्यवस्थावर्तिबलिष्ठसाध्वाचारस्य विरहेऽपि यद्वा (३) षष्ठसंहननोपेतभावनिर्ग्रन्थे प्रथमसंहननिसाध्वाचारवैकल्येऽपि यद्वा (४) रुग्णाद्यवस्थागते भावमुनौ हृष्ट-पुष्टाद्यवस्थावर्तिसाध्वाचारा-ऽयोगेऽपि ***न क्षतिः***, तदानीम् अपि तदीयचारित्राचारे स्वकालीनत्वाऽनुच्छेदेन भावसाधुत्वाऽबाधात्। ततश्च भावनिर्ग्रन्थस्य सम्यग्दर्शनाऽविनाभाविसम्यग्ज्ञान-सत्क्रियोभयप्राधान्यमेव सम्मतम्।

इदमेवाऽभिप्रेत्य **श्रीभद्रबाहुस्वामिभिः आवश्यकनिर्युक्तौ** [2]"दंसणपक्खो सावय, चरित्तभट्टे य मंदधम्मे

## ❀ ભાવમુનિ જ્ઞાન-ક્રિયાઉભયને મુખ્ય કરે ❀

(**मुनिस्तु.**) જ્યારે ભાવનિર્ગ્રંથ સાધુ તો સ્વકાલીન ચારિત્રાચાર અને તત્ત્વજ્ઞાન બન્ને ગુણનું ભાજન બને છે. કારણ કે 'જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ થાય છે' - આ પૂર્વોક્ત (૧૫/૨-૧) **વિશેષાવશ્યકભાષ્ય**ના વચનને લક્ષમાં રાખીને મુખ્ય મોક્ષમાર્ગને સાધે છે. ચારિત્રાચારનું 'સ્વકાલીન' એવું વિશેષણ લગાડવાનું તાત્પર્ય એ છે કે તે તે કાળમાં, તે તે સંઘયણ મુજબ, જે જે ચારિત્રાચારનું પાલન પોતપોતાની મર્યાદામાં રહીને ભાવસાધુ માટે શક્ય હોય તે તે ચારિત્રાચારનું પાલન ભાવમુનિના જીવનમાં અવશ્ય વણાયેલ હોય છે. (૧) સ્થવિરકલ્પી ભાવસાધુના જીવનમાં જિનકલ્પી સાધુના તમામ ચારિત્રાચારનું પાલન ન હોય, (૨) નાની ઉંમરવાળા ભાવમુનિના જીવનમાં યુવાન વગેરે અવસ્થામાં રહેલ બળવાન ભાવમુનિના જીવનમાં દેખાતા ઉત્કૃષ્ટ તપ-ત્યાગાદિ ચારિત્રાચાર ન પણ હોય, (૩) છેલ્લા સંઘયણમાં રહેલા ભાવમુનિના જીવનમાં પ્રથમ સંઘયણવાળા ભાવમુનિના ચારિત્રાચારો ન પણ હોય કે (૪) રોગ, દીર્ઘવિહાર વગેરે અવસ્થામાં રહેલા ભાવમુનિના જીવનમાં હૃષ્ટ-પુષ્ટાદિ અવસ્થામાં રહેલ સ્વસ્થ સાધુના આચાર ન પણ જોવા મળે, પરંતુ તેટલા માત્રથી તેમના ભાવચારિત્રનો ઉચ્છેદ થઈ જતો નથી. આવું જણાવવા માટે 'સ્વકાલીન' એવું વિશેષણ ચારિત્રાચારને લગાડેલ છે. તેવી અવસ્થામાં પણ તે તે ભાવસાધુના ચારિત્રાચારમાં 'સ્વકાલીનત્વ' વિશેષણ બાધિત થતું નથી. કેમ કે તે તે કાળે જે જે શાસ્ત્રવિહિત આચારને પાળવાનું શક્તિ મુજબ તેમના માટે શક્ય હોય તે તે આચારને તો તેઓ અવશ્ય પાળતા જ હોય છે. તેથી ત્યારે સ્વકાલીન ચારિત્રાચાર તે આત્મજ્ઞાની મહાત્મા પાસે હાજર જ છે. તેથી ભાવનિર્ગ્રંથને સમ્યગ્દર્શનની સાથે જ રહેનાર એવું સમ્યગ્ જ્ઞાન અને સત્ક્રિયા ઉભય મુખ્ય હોય છે. આ પ્રમાણે જ શાસ્ત્રકારોને સંમત છે.

## ❀ દર્શન-ચારિત્રપક્ષની મુખ્યતા અંગે વિચારણા ❀

(**इदमेवा.**) આ જ અભિપ્રાયથી **શ્રીભદ્રબાહુસ્વામીજીએ આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'શ્રાવકના

1. ज्ञान-क्रियाभिः निर्वाणम्। 2. दर्शनपक्षः श्रावके, चारित्रभ्रष्टे च मन्दधर्मे च। दर्शन-चारित्रपक्षः, श्रमणे परलोकाऽऽकाङ्क्षिणि।।

**इति वचनात् ज्ञानप्रधानत्वमादरणीयम् इति भावः ॥१५/२-१२॥**

---

य। दंसणचरित्तपक्खो समणे परलोगकंखम्मि।।" (आ.नि.११६५) इत्युक्तम्।

**तद्वृत्तौ** श्री**हरिभद्रसूरि**भिः "दर्शनपक्षः श्रावके अप्रत्याख्यानकषायोदयवति भवति चारित्रभ्रष्टे च कस्मिंश्चिदव्यवस्थितपुराणे मन्दधर्मे च = पार्श्वस्थादौ, दर्शन-चारित्रपक्षः श्रमणे भवति, किम्भूते ? परलोकाऽऽकाङ्क्षिणि, सुसाधावित्यर्थः, प्राकृतशैल्या चेह सप्तमी षष्ठ्यर्थ एव द्रष्टव्या, दर्शनग्रहणाच्च ज्ञानमपि गृहीतमेव द्रष्टव्यम्, अतो दर्शनादिपक्षस्त्रिरूपो वेदितव्य" (आ.नि.११६५, हारि.वृत्ति.) इत्युक्तम्।

अतः स्वस्य चारित्राचारवैकल्ये श्रावकत्वे वा प्रायशः उत्कृष्ट-शुद्धक्रियायोगसाधकत्वाऽयोगेन ज्ञानप्राधान्यमेव आदरणीयमिति यावत् तात्पर्यम्।

---

જીવનમાં, ચારિત્રભ્રષ્ટના જીવનમાં અને મંદધર્મવાળા સાધુના જીવનમાં દર્શનપક્ષ હોય છે. પરલોક-આકાંક્ષી એવા શ્રમણમાં દર્શન અને ચારિત્ર ઉભયનો પક્ષ હોય છે.'

**(तद्वृ.) શ્રીહરિભદ્રસૂરિ** મહારાજે **આવશ્યકનિર્યુક્તિ** ઉપર **વ્યાખ્યા** બનાવેલ છે. આ ગાથાનું વિવેચન કરતા તેઓશ્રીએ જણાવેલ છે કે

"(૧) શ્રાવકને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોય છે.

(૨) ચારિત્રભ્રષ્ટ થયેલ કોઈક જીવ સંસારમાં જવા છતાં પણ સંસારમાં જ કાયમ રહેવાની ગોઠવણ નથી કરતો, સંસારનો પક્ષપાત નથી કરતો. તે સંસારત્યાગની થોડી ઘણી તૈયારી રાખે છે. તેવો જીવ 'अव्यवस्थितपुराण' તરીકે પણ ઓળખાય છે. (જે સંસારમાં ઠરીઠામ થયેલ છે અને શ્રાવકના આચાર પાળે છે, તેનો સમાવેશ શ્રાવકમાં થઈ જાય.)

તથા (૩) પાસત્થા, ઓસન્ના, કુશીલ, સંવિગ્નપાક્ષિક વગેરે સાધુઓ મંદધર્મવાળા = મંદચારિત્રધર્મવાળા કહેવાય છે. પ્રસ્તુત ત્રણેય પ્રકારના જીવમાં દર્શનપક્ષ હોય છે. દર્શનપક્ષ એટલે સમ્યગ્દર્શનની મુખ્યતા. 'દર્શન' શબ્દનું ગ્રહણ કરવાથી સમ્યગ્જ્ઞાનનું પણ ગ્રહણ થઈ જ ગયું તેમ સમજવું. તેથી સમ્યગ્જ્ઞાનનો પક્ષ = સમ્યગ્જ્ઞાનની મુખ્યતા પણ તે ત્રણેયના જીવનમાં સંભવે છે - તેમ જાણવું. તથા જેમનું મન સદા પરમલોકને = મોક્ષને ઝડપથી મેળવવા માટે તત્પર હોવાથી પરલોકને સુધારવાની ઝંખના રાખતું હોય છે તેવા ભાવસાધુને સમ્યગ્દર્શનનો અને ચારિત્રનો પક્ષ હોય છે. 'સમ્યગ્દર્શન' જણાવ્યું એટલે સમ્યગ્જ્ઞાન પણ જણાવાઈ જ ગયું - તેમ સમજવું. અર્થાત્ ભાવસાધુને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની મુખ્યતા જાણવી. આવશ્યક નિર્યુક્તિની ગાથા પ્રાકૃત ભાષામાં છે. તેથી પ્રાકૃત શૈલીના લીધે 'मंदधम्मे' વગેરે શબ્દમાં જે સાતમી વિભક્તિનું ગ્રહણ કરેલ છે તે છઠ્ઠી વિભક્તિના અર્થમાં જાણવી. આ બાબતને ખ્યાલમાં રાખીને જ અહીં ઉપરોક્ત અર્થઘટન કરવામાં આવેલ છે." આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજીએ આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે.

(अतः) પોતાના જીવનમાં ચારિત્રાચારની ન્યૂનતા હોય અથવા પોતે શ્રાવકપણામાં રહેલ હોય તો ઉત્કૃષ્ટ શુદ્ધ ક્રિયાયોગની સાધના પ્રાયઃ શક્ય ન હોવાથી તેવા જીવોએ જ્ઞાનની જ મુખ્યતાને આદરવી જોઈએ. આવું કહેવાનું અહીં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય જાણવું.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सम्यग्ज्ञान-क्रियोभयप्राधान्यवन्तः साधवः कृत्स्नौत्सर्गिक-मोक्षमार्गस्थिताः। श्रावका अपूर्णौत्सर्गिकमोक्षमार्गस्थाः। संविग्नपाक्षिकाः तु आपवादिकमोक्षमार्गस्थाः। अपवर्गमार्गस्य अपूर्णता आपवादिकता वा येषां जीवनपद्धतौ मुख्यतया व्याप्ता तैः आत्मपरिणतिमज्ज्ञान-सम्यग्दर्शनप्राधान्यार्पणेन कृत्स्नौत्सर्गिकमोक्षमार्गप्रतिबन्धककर्माणि हन्तव्यानि। इत्थं प्रतिबन्धकीभूतकर्महतौ सत्यां कृत्स्नौत्सर्गिकापवर्गमार्गाभिसर्पणसामर्थ्यं प्राप्यते। एतादृशसामर्थ्यप्रादुर्भावप्रेरणाऽत्र लभ्यते। तदनुसरणतश्च [1]"जं मुत्तसुहं तं तच्चं दुक्खसंखएऽवस्सं।" (वि.आ.भा.२००७) इति **विशेषावश्यकभाष्य**दर्शितं मुक्तसुखं प्रत्यासन्नं स्यात्।।१५/२-१२।।

## ❋ ઔત્સર્ગિક-આપવાદિક મોક્ષમાર્ગનો વિચાર ❋

**[illegible]** :- સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા - આ બન્નેની મુખ્યતાવાળા ભાવસાધુ તો સંપૂર્ણ ઔત્સર્ગિક મોક્ષમાર્ગે રહેલા છે. શ્રાવકો અપૂર્ણ = આંશિક ઔત્સર્ગિક મોક્ષમાર્ગે રહેલા છે. જ્યારે સંવિગ્નપાક્ષિક સાધુ આપવાદિક મોક્ષમાર્ગે રહેલા છે. મોક્ષમાર્ગની અપૂર્ણતા કે આપવાદિકતા મુખ્યતયા જેના જીવનમાં છવાયેલ હોય તેમણે આત્મપરિણતિયુક્ત જ્ઞાનને અને સમ્યગ્દર્શનને મુખ્ય બનાવી સંપૂર્ણ ઔત્સર્ગિક માર્ગમાં પ્રતિબંધક બનનારા કર્મોને હટાવવા જોઈએ. આ રીતે પ્રતિબંધક કર્મ દૂર થતાં સાધક જીવ સંપૂર્ણ ઔત્સર્ગિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવા માટે સમર્થ બને છે. આવું સામર્થ્ય આપણામાં પ્રગટાવવાની પાવન પ્રેરણા પ્રસ્તુત શ્લોક આપણને કરે છે. તે પ્રેરણાને અનુસરવાથી **વિશેષાવશ્યકભાષ્ય**માં વર્ણવેલ મુક્તદશાનું સુખ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'જે મુક્તાત્માનું સુખ છે, તે જ નિરુપચરિત છે. કારણ કે તમામ દુઃખોનો ઉચ્છેદ થતાં તે અવશ્ય પ્રગટે છે.' (૧૫/૨-૧૨)

**લખી રાખો ડાયરીમાં.....**

- **ઉત્કૃષ્ટ સાધના કલિકાલમાં શક્ય નથી.**
  **ઉત્કૃષ્ટ ઉપાસના કલિકાલમાં પણ શક્ય છે.**
- **વાસના અન્યના અને પોતાના જીવનની કુરબાની લે છે.**
  **ઉપાસના તો સર્વસ્વસમર્પણસ્વરૂપ છે.**
- **સાધનાની અવેજીમાં ઉપાસના ચાલે.**
  **ઉપાસનાની અવેજીમાં કશું ન ચાલે.**
- **વાસનાને શરીર ચૂંથવામાં જ રસ છે.**
  **ઉપાસનાને શરીરમુક્ત થવામાં રસ છે.**

1. यद् मुक्तसुखं तत् तथ्यं दुःखसङ्क्षयेऽवश्यम्।

**આવશ્યકમાંહિ ભાખિઉં, ♦તિણઈ ✿ગહી જ્ઞાન પ્રધાનો રે;**
**આચરણાપથિ♦ ચાલતાં, લહિઈ જસ બહુમાનો રે ॥૧૫/૨-૧૩॥ (૨૬૬) શ્રી જિન.**

આવશ્યકસૂત્રમાંહે (ભાખિઉં=) કહીઉં છઇ, પ્રવચનદ્વારે પ્રરૂપ્યું છે. તેણે ગ્રહ્યું જ્ઞાને પ્રધાનત્વપણું, "ज्ञानमेव परं मोक्षः (? मोक्षकारणम्)" ( ) इति वचनात्।

---

अधुना प्रकृतमुपसंहरति – '**आवश्यक**' इति।

**आवश्यके भाषितं ततो ज्ञातं ज्ञानं प्रधानं रे।**
**आचरणापथि विचरन् लभतां यशो बहुमानं रे।।१५/२-१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – आवश्यके (यद्) भाषितं ततः 'ज्ञानं प्रधानम्' (इति) ज्ञातम्। (ततः) आचरणापथि विचरन् यशो बहुमानं (च) लभताम्।।१५/२-१३।।

**आवश्यके** = **आवश्यकनिर्युक्तिहारिभद्रीवृत्तौ** वन्दनाध्ययने ज्ञानद्वारे "ज्ञानमेव प्रधानम् अपवर्गप्राप्तिकारणम्" (आ.नि.११४० हा.) इति **भाषितम्**। **ततः** = तस्मात् कारणाद् **ज्ञातं** = विज्ञातम् अस्माभिः यदुत मोक्षमार्गे **ज्ञानं प्रधानमि**ति। यथोक्तम् **अर्हद्गीतायां मेघविजयोपाध्याये**नाऽपि "प्रधानं कारणं ज्ञानं मोक्षस्य, न तथा क्रिया" (अ.गी.१४/१७) इति। तदुक्तं **बृहत्कल्पभाष्ये, पञ्चकल्पभाष्ये, महाप्रत्याख्यानप्रकीर्णके, संस्तारकप्रकीर्णके, मरणविभक्तिप्रकीर्णके, चन्द्रकवेध्यकप्रकीर्णके, तीर्थोद्गालिप्रकीर्णके, मरणसमाधिप्रकीर्णके, पञ्चवस्तुके, संवेगरङ्गशालायाम्, प्रद्युम्नसूरिकृते विचारसारे, श्रीधरकृते गुरुस्थापनाशतके, जयशेखरसूरिकृतायां**

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત બાબતનો ઉપસંહાર કરે છે :-

**શ્લોકાર્થ** :- આવશ્યકસૂત્રમાં જે જણાવેલ છે, તેનાથી 'જ્ઞાન મુખ્ય છે' - એવું અમે જાણેલ છે. આચરણાના માર્ગમાં ચાલતા સાધુ યશને અને બહુમાનને પ્રાપ્ત કરે છે. (૧૫/૨-૧૩)

### ✠ મોક્ષમાર્ગે જ્ઞાન મુખ્ય : શ્રીહરિભદ્રસૂરિજી ✠

**વ્યાખ્યાર્થ** :- **આવશ્યકસૂત્ર** ઉપર **શ્રીભદ્રબાહુસ્વામી** મહારાજે **આવશ્યકનિર્યુક્તિ**ની રચના કરી છે. તથા તેના ઉપર **શ્રીહરિભદ્રસૂરિ**એ વ્યાખ્યા રચી છે. **આવશ્યકનિર્યુક્તિ હારિભદ્રી વૃત્તિ**માં વંદન અધ્યયનમાં જ્ઞાનદ્વારમાં જણાવેલ છે કે 'મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે જ્ઞાન જ મુખ્ય કારણ છે.' તે કારણથી અમે જાણેલું છે કે મોક્ષમાર્ગમાં જ્ઞાન જ મુખ્ય છે. **અર્હદ્ગીતામાં મેઘવિજય** ઉપાધ્યાયે પણ જણાવેલ છે કે 'જે રીતે મોક્ષનું પ્રધાન કારણ જ્ઞાન છે, તે રીતે ક્રિયા મોક્ષનું મુખ્ય કારણ નથી.' **બૃહત્કલ્પભાષ્ય, પંચકલ્પભાષ્ય, મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક, સંસ્તારક પ્રકીર્ણક, મરણવિભક્તિ પ્રકીર્ણક ચન્દ્રકવેધ્યકપ્રકીર્ણક, તીર્થોદ્ગાલિપ્રકીર્ણક, મરણસમાધિપ્રકીર્ણક, પંચવસ્તુક, સંવેગરંગશાળા, પ્રદ્યુમ્નસૂરિ**કૃત **વિચારસાર** પ્રકરણ, **શ્રીધર**કૃત **ગુરુસ્થાપનાશતક, સંબોધસપ્તતિકા** = **જયશેખરસૂરિ**કૃત **સંબોધસિત્તરી** તથા દિગંબર **શિવાર્ય**કૃત **ભગવતી આરાધના** ગ્રંથમાં જણાવેલ છે કે 'અનેક કરોડો વરસોની સાધના દ્વારા અજ્ઞાની જે કર્મને

---

✿ મ.માં 'તિણિ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ♦ ગહી = ગૃહીત = ગ્રહણ કર્યું. આધારગ્રંથ - ગુર્જર રાસાવલી. પ્રકાશક :- ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ બરોડા. ♦ સિ.+આ.(૧)+કો.(૪+૭+૮+૯) લા.(૨)માં 'પથ' પાઠ.

**सम्बोधसप्ततिकायाम्**, **शिवार्यकृतायां** च **भगवत्याम् आराधनायां** [1]"जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं। तं णाणी तिहि गुत्तो खवेइ उसासमित्तेण।।" (बृ.क.भा.११७०, पं.क.भा.१२१३, म.प्र.१०१, सं.प्र.११४, म.वि.प्र.१३५, च.वे.२०६, ति.गा.१२२३, म.स.१३५, प.व.५६४, सं.र.शा.१९७१, वि.सा. ८७७, गु.श.३३, सं.स.१००, भ.आ.१०७) इति। यथोक्तं **सिद्धसेनीयद्वात्रिंशिकायां** "तत्त्वज्ञानं परं हितम्" (सि.द्वा.१०/२१)।

मोक्षं प्रति ज्ञानस्य मुख्यहेतुता तु दर्शनान्तरेऽपि सुप्रसिद्धैव।

(१) तदुक्तं **वैशेषिकसूत्रे कणादेन** "धर्मविशेषप्रसूताद् द्रव्य-गुण-कर्म-सामान्य-विशेष-समवायानां पदार्थानां साधर्म्य-वैधर्म्याभ्यां तत्त्वज्ञानाद् निःश्रेयसाधिगमः" (वै.सू.१/१/४) इति।

(२) **न्यायसूत्रे** "प्रमाण-प्रमेय-संशय-प्रयोजन-दृष्टान्त-सिद्धान्तावयव-तर्क-निर्णय-वाद-जल्प-वितण्डा-हेत्वाभास -छल-जाति-निग्रहस्थानानां तत्त्वज्ञानाद् निःश्रेयसाधिगमः" (न्या.सू.१/१/१) इति **अक्षपादः**।

(३) "आत्मनो वा अरे ! दर्शनेन श्रवणेन मत्या विज्ञानेन इदं सर्वं विदितम्" (बृ.आ.२/४/५) इति **बृहदारण्यकोपनिषद्**वचनम्,

(४) "तमेव विदित्वाऽतिमृत्युमेति" (श्वे.उ.३/८) इति **श्वेताश्वतरोपनिषद्**वचनम्,

(५) "अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते" (ईशा.११, मैत्रा.७/९) इति **ईशावास्योपनिषद् -मैत्रायण्युपनिषदोः** वचनम्,

---

ખપાવે છે, જેટલા કર્મને ખપાવે છે, તેટલા કર્મને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા જ્ઞાની પુરુષ માત્ર એક શ્વાસોચ્છ્વાસમાં ખપાવે છે.' આમ ઉપરોક્ત ચૌદ શાસ્ત્રોમાં ક્રિયામાર્ગ કરતાં જ્ઞાનમાર્ગની મુખ્યતાને જણાવેલ છે. **સિદ્ધસેનીય દ્વાત્રિંશિકા પ્રકરણ**માં પણ 'તત્ત્વજ્ઞાન પરમ હિતકારી છે' - આવું જણાવીને મોક્ષમાર્ગમાં જ્ઞાનની મુખ્યતાને દર્શાવી છે.

### ❋ જૈનેતર દર્શનમાં પણ જ્ઞાનની મુખ્યતા ❋

(**मोक्षं.**) માત્ર જૈનદર્શનમાં નહિ, અન્યદર્શનોમાં પણ મોક્ષ પ્રત્યે જ્ઞાનની મુખ્ય કારણતા માન્ય જ છે.

(૧) **વૈશેષિકસૂત્ર**માં **કણાદ** જણાવે છે કે 'દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય - આ છ પદાર્થોનું સાધર્મ્ય અને વૈધર્મ્ય દ્વારા જે ધર્મવિશેષજન્ય તત્ત્વજ્ઞાન થાય તેનાથી મોક્ષ મળે.

(૨) **ન્યાયસૂત્ર**માં **અક્ષપાદ** ઋષિએ જણાવેલ છે કે 'પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાન્ત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન - આ સોળ પદાર્થોના તત્ત્વજ્ઞાનથી = વાસ્તવિક જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

(૩) 'અરે ! આત્માના દર્શનથી, શ્રવણથી, મનનથી, વિજ્ઞાનથી આ બધું જ જણાઈ જાય છે' - આ પ્રમાણે **બૃહદારણ્યકઉપનિષદ્**નું વચન પણ જ્ઞાનની મુખ્યતા જણાવે છે.

(૪) **શ્વેતાશ્વતરોપનિષદ્**માં 'તે બ્રહ્મને જાણીને મૃત્યુને ઓળંગી જવાય છે' - આવું કહેલ છે.

(૫) 'અવિદ્યાથી મૃત્યુને તરીને વિદ્યાથી અમૃતને મેળવે છે' - આ મુજબ **ઈશાવાસ્યોપનિશદ્** તથા **મૈત્રાયણીઉપનિષદ્** - આ બન્નેના વચનો પણ જ્ઞાનની મુખ્યતાને જણાવે છે.

---

1. यद् अज्ञानी क्षपयति बहुभिः वर्षकोटीभिः। तद् ज्ञानी त्रिभिः गुप्तः क्षपयति उच्छ्वासमात्रेण।।

(६) "ज्ञानेनैव हि संसारविनाशः, नैव कर्मणा" (रु.हृ.३५) इति **रुद्रहृदयोपनिषद्वचनम्**,

(७) "ज्ञानामृततृप्तयोगिनो न किञ्चित्कार्यमस्ति। तदस्ति चेत् ? न स तत्त्वविद् भवति।।" (पै.४/९) इति **पैङ्गलोपनिषद्वचनम्**,

(८) "क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे" (मुण्ड.उप.२/२/८) इति **मुण्डकोपनिषद्वचनम्**,

(९) "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन !" (भ.गी.८/३७) इति **भगवद्गीता**वचनम्,

(१०) "उपपापानि बोधाग्निर्भस्मसात् कुरुते" (रा.गी.१०/२४) इति **रामगीता**वचनम्,

(११) "ज्ञानमभ्यस्यमानं तु तथा दहति संसृतिम्" (बृ.परा.१२/३३४) इति **बृहत्पराशरस्मृति**वचनम्,

(१२) "ज्ञानाग्निदग्धकर्माणस्त्वां विशन्ति विचिन्तकाः" (म.भा.शांति २१०/४५) **महाभारतवचनम्**,

(१३) "ज्ञानिनः सर्वपापानि जीर्यन्ते नाऽत्र संशयः" (लि.पु.१/८६/११८) इति **लिङ्गपुराण**वचनम्,

(१४) "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते" (शा.सं.५/४/२/७) इति **शाण्डिल्यसंहिता**वचनम्,

(१५) "शुभाऽशुभं कर्म ज्ञानाग्निर्दहते क्षणात्" (शि.धर्मो.) इति **शिवधर्मोत्तर**वचनम्,

(१६) "ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः। न चास्ति किञ्चित्कर्तव्यमस्ति चेत् ? न स तत्त्ववित्।।" (जा.यो.१/२३) इति **जाबालयोग**वचनञ्च ज्ञानप्राधान्यपरम् अवसेयम्।

---

(६) 'જ્ઞાનથી જ સંસારનો વિનાશ થાય છે, ક્રિયાથી નહિ' - આવું **રુદ્રહૃદયઉપનિષદ્**વચન પણ જ્ઞાનને મોક્ષપ્રાપક કહે છે.

(૭) 'જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલ યોગીને કશું પણ કરવાનું રહેતું નથી. જો તેને કશુંક કરવાનું બાકી હોય તો તે તત્ત્વવેત્તા નથી' - આવું **પૈંગલઉપનિષદ્**વચન પણ જ્ઞાનને મોક્ષનું મુખ્ય કારણ કહે છે.

(૮) 'તે પરાવર બ્રહ્મ તત્ત્વનો સાક્ષાત્કાર થતાં જ જીવના કર્મો ક્ષીણ થાય છે' - આવું **મુંડકઉપનિષદ્**નું વચન પણ જ્ઞાનની મુખ્યતાને બતાવે છે.

(૯) 'હે અર્જુન ! જ્ઞાનસ્વરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે' - આ મુજબ **ભગવદ્ગીતા**નું વચન પણ મોક્ષમાર્ગમાં જ્ઞાનની પ્રધાનતા દેખાડે છે.

(૧૦) **રામગીતા**માં જણાવેલ છે કે 'જ્ઞાનાગ્નિ ઉપ-પાપોને ભસ્મસાત્ કરે છે'

(૧૧) 'અભ્યસ્ત થઈ રહેલું જ્ઞાન તે પ્રકારે સંસારને બાળે છે' - આ પ્રમાણે **બૃહત્પરાશરસ્મૃતિ**નું વચન પણ જ્ઞાનની મુખ્યતાને જણાવે છે.

(૧૨) **મહાભારત**માં પણ જણાવેલ છે કે 'હે ભગવાન ! જ્ઞાનાગ્નિથી કર્મોને બાળી નાખનારા તત્ત્વચિંતકો તમારામાં પ્રવેશે છે.'

(૧૩) 'જ્ઞાનીના સર્વ પાપો હજમ થઈ જાય છે. એમાં કોઈ સંશય નથી' - આ પ્રમાણે **લિંગપુરાણ**નું વચન મોક્ષમાર્ગમાં જ્ઞાનની મુખ્યતાને જણાવે છે.

(૧૪) **શાંડિલ્યસંહિતા**માં જણાવેલ છે કે 'જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે.'

(૧૫) **શિવધર્મોત્તર**માં કહેલ છે કે 'શુભ અને અશુભ કર્મોને જ્ઞાન અગ્નિ ક્ષણ વારમાં બાળી નાખે છે.'

(૧૬) 'જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલા યોગીઓ કૃતકૃત્ય બની જાય છે. જો તેમને કર્તવ્ય કરવાનું બાકી

(१७) "अथातो ब्रह्मजिज्ञासा" (ब्र.सू.१/१/१) इति **ब्रह्मसूत्राद्** वेदान्तमते ज्ञानस्य मुख्या मोक्षकारणता प्रसिद्धा।

(१८) "अथातो धर्मजिज्ञासा" (जै.सू.१/१/१) इति **जैमिनिसूत्राद्** मीमांसादर्शनेऽपि तत्त्वतो ज्ञान-प्राधान्यम् अवसीयते सूक्ष्मेक्षिकया विद्वद्भिः।

(१९) **साङ्ख्यकारिकायाम् ईश्वरकृष्णेन** "ज्ञानेन चाऽपवर्गः" (सा.का.४४) इत्यावेदितम्।

(२०) "ज्ञानाद् मुक्तिः" (सा.सू.३/२३) इति **साङ्ख्यसूत्रं** प्रकृते स्मर्तव्यम्।

(२१) "व्यक्ताऽव्यक्त-ज्ञविज्ञानजन्मना तत्त्वज्ञानेन अपवर्गः" (सा.का.६७ सा.त.कौ.) इति **साङ्ख्य-तत्त्वकौमुद्यां वाचस्पतिमिश्रेणा**ऽपि तत्त्वज्ञानजन्यत्वम् अपवर्गे निष्टङ्कितम्।

(२२) "पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः। जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नाऽत्र संशयः।।" (शा.वा.स.३/३७, अ.सा.१३/६०, स.सि.स.९/१९) इत्येवं **शास्त्रवार्त्तासमुच्चये, अध्यात्मसारे, सर्वसिद्धान्तसङ्ग्रहे** च साङ्ख्यमतवार्त्तायां साङ्ख्यमते तत्त्वज्ञानान्मुक्तिः सूचिता।

(२३) "ये षण्णवतितत्त्वज्ञा यत्र कुत्राऽऽश्रमे रताः। जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नाऽत्र संशयः।।" (व.उप.१/१७) इति **वराहोपनिषद्वचनमपि** तत्त्वज्ञानाद् मुक्तिमाह।

---

હોય તો તે તત્ત્વવેત્તા નથી' - આમ **જાબાલયોગ** પણ જ્ઞાનની મુખ્યતાને જણાવવામાં તત્પર છે.

(૧૭) 'अथातो ब्रह्मजिज्ञासा' આ **બ્રહ્મસૂત્ર**ના આધારે વેદાંતદર્શનમાં મોક્ષ પ્રત્યે જ્ઞાનની મુખ્ય કારણતા પ્રસિદ્ધ છે.

(૧૮) 'अथातो धर्मजिज्ञासा' આ પ્રમાણે **જૈમિનિસૂત્ર**ના આધારે મીમાંસાદર્શનમાં પણ પરમાર્થથી જ્ઞાનની મુખ્યતા જણાય છે. આ અંગે વિદ્વાનોએ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવું.

(૧૯) **સાંખ્યકારિકા**માં **ઈશ્વરકૃષ્ણજી**એ જણાવેલ છે કે 'જ્ઞાનથી મોક્ષ મળે છે.'

(૨૦) 'જ્ઞાનથી મુક્તિ થાય છે' - આ પ્રમાણે **સાંખ્યસૂત્ર** પણ પ્રસ્તુતમાં યાદ કરવું.

(૨૧) 'પંચભૂત વગેરે વ્યક્ત તત્ત્વો, પ્રકૃતિ સ્વરૂપ અવ્યક્ત તત્ત્વ અને પુરુષ (=જ્ઞ) - આ ત્રણનો વિશેષ પ્રકારનો બોધ થવાથી ઉત્પન્ન થનાર તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય છે' - આ પ્રમાણે **વાચસ્પતિમિશ્રજી**એ પણ **સાંખ્યતત્ત્વકૌમુદી**માં નિશ્ચિતરૂપે જણાવેલ છે કે 'મોક્ષ તત્ત્વજ્ઞાનથી મળે છે.'

(૨૨) **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં **સાંખ્યમત**વાર્તામાં, **અધ્યાત્મસાર**માં તેમજ **સર્વસિદ્ધાન્તસંગ્ર**હમાં સાંખ્યમતે તત્ત્વજ્ઞાનથી મુક્તિ સૂચિત કરેલ છે. ત્યાં કહેલ છે કે - 'પચીસ તત્ત્વના જ્ઞાની પુરુષ ગૃહસ્થઆશ્રમ, વાનપ્રસ્થઆશ્રમ વગેરે કોઈ પણ આશ્રમમાં રહેલા હોય, ચાહે તે જટાધારી હોય કે માથું મુંડાવેલ હોય કે ચોટીને ધારણ કરેલ હોય, છતાં તે અવશ્ય મુક્ત થાય છે. એમાં શંકા નથી.'

(૨૩) **વરાહોપનિષદ્**માં 'તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય' - આવું જણાવવા કહેલું છે કે 'જે પુરુષો ૯૬ તત્ત્વના જ્ઞાતા છે તેઓ ગૃહસ્થાશ્રમાદિ જે કોઈ પણ આશ્રમમાં રહેલા હોય, ચાહે તે જટાધારી હોય કે મુંડનયુક્ત હોય કે ચોટીને ધારણ કરી હોય, છતાં તે અવશ્ય મુક્ત થાય છે. તેમાં સંશય નથી.'

**આચરણા પથ**, તે શુદ્ધ માર્ગો, તે આચરણા ક્રિયા વ્યવહારરૂપ માર્ગે **ચાલતાં**, **લહીયે** = પામીઈ, **યશ** અને **બહુમાન** ઈહલોકે પરલોકે સર્વથાનીકે અનેક જ્ઞાનનો અભ્યાસક પ્રાણી સઘલે પૂજાઈ. **यतः श्लोकः 'विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन। स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते।।' (चाणक्यनीति-शतक-३) 'वलीपलितकायेऽपि कर्त्तव्यः श्रुतसङ्ग्रहः। न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः।।'** ( ) ॥१५/२-१३॥

---

**(२४) विशुद्धिमार्गे** [1]"यदा च ञत्वा सो धम्मं सच्चानि अभिसमेस्सति। तदा अविज्जूपसमा उपसन्तो चरिस्सति" (वि.मा.पृ.५४४) इत्युक्त्या बौद्धमतेऽपि ज्ञानस्य मोक्षसम्पादकता द्योत्यते।

**(२५) अश्वघोषेन** अपि **सौदरनन्दकाव्ये** "ज्ञानाय कृत्यं परमं क्रियाभ्यः" (सौद.५/२५) इत्येवं ज्ञानप्राधान्यं द्योतितम्।

**(२६) न्यायबिन्दौ धर्मकीर्त्तिना** अपि "सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिः" (न्या.बि.१/१) इत्युक्त्या सम्यग्ज्ञानस्य निःश्रेयसकारणता दर्शिता।

**(२७)** यथोक्तं **चाणक्यनीतिशतके सूक्तमुक्तावल्यां वल्लभदेवकृतसुभाषितावल्याञ्च** "विद्वत्त्वञ्च नृपत्वञ्च नैव तुल्यं कदाचन। स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते।।" (चा.श.३, सू.मु.४६/१, सुभा.३४२६) इति।

**(२८)** तदुक्तम् अन्यत्राऽपि "वलीपलितकायेऽपि कर्त्तव्यः श्रुतसङ्ग्रहः। न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः।।" ( ) इति।

---

(૨૪) 'જ્યારે તે સાધક ધર્મને જાણીને સત્યોને પ્રાપ્ત કરશે ત્યારે અવિદ્યા શાંત થવાના લીધે ઉપશાંત બનીને તે વિચરશે' - આ પ્રમાણે **વિશુદ્ધિમાર્ગ**ગ્રંથમાં જે જણાવેલ છે, તેનાથી બૌદ્ધમતે પણ જ્ઞાન એ મોક્ષનું સંપાદક છે - તેવું સૂચિત થાય છે.

**(૨૫) અશ્વઘોષ** નામના બૌદ્ધાચાર્યે પણ **સૌદરનંદકાવ્ય**માં 'ક્રિયાઓ કરતાં જ્ઞાન માટેનું કર્તવ્ય પ્રધાન છે' - આવું કહીને જ્ઞાનની મુખ્યતાને દર્શાવી છે.

**(૨૬) ન્યાયબિંદુ** ગ્રંથમાં **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધાચાર્યએ પણ 'સમ્યગ્ જ્ઞાનથી સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે' - આવું કહેવા દ્વારા સમ્યગ્જ્ઞાનમાં મોક્ષકારણતા જણાવેલ છે.

(૨૭) **(यथो.) ચાણક્યનીતિશતક**માં, પૂર્વાચાર્યકૃત **સૂક્તમુક્તાવલી**માં (૧૨૭ અધિકારવાળા ગ્રંથમાં) અને **વલ્લભદેવકૃત સુભાષિતાવલી**માં પણ જણાવેલ છે કે 'વિદ્વત્ત્વ અને નૃપત્વ = રાજાપણું આ બન્ને ક્યારેય પણ એકસરખા બની ન શકે. અર્થાત્ નૃપત્વ ક્યારેય પણ વિદ્વત્તાનો મુકાબલો કરી ન શકે. કારણ કે રાજા તો ફક્ત પોતાના દેશમાં પૂજાય છે. જ્યારે વિદ્વાન તો સર્વત્ર પૂજાય છે.'

### ❁ બહુશ્રુતોના સ્થાનમાં ધનિક ન પહોંચે ❁

(૨૮) અન્ય ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'શરીરમાં કરચલી પડી જાય, માથાના વાળ સફેદ થઈ જાય તો પણ શ્રુતનું ગ્રહણ કરવું જ જોઈએ, શ્રુતનો સંગ્રહ કરવો જોઈએ. બહુશ્રુત પુરુષો જ્યાં

---

1. यदा च ज्ञात्वा स धर्मं सत्यानि अभिसमेष्यति। तदा अविद्योपशमाद् उपशान्तः चरिष्यति।।

किन्तु सत्यां शक्तौ विरतिगोचरं सदनुष्ठानमपि न मोक्तव्यम्। इत्थमेव तत्त्वसंवेदनज्ञानलाभ-सम्भवात्। तल्लक्षणं तु **अष्टकप्रकरणे** "स्वस्थवृत्तेः प्रशान्तस्य तद्धेयत्वादिनिश्चयम्। तत्त्वसंवेदनं सम्यग् यथाशक्ति फलप्रदम्।।" (अ.प्र.९/६) इत्येवं श्री**हरिभद्रसूरि**भिः उक्तम्। तच्च साधोरेव भवति। इत्थमेव ज्ञानस्य भवार्णवतारणयानत्वं पूर्वोक्तं (१५/१/८) सङ्गच्छते। ***एतेन*** [1]"नाणमकारणबंधू, नाणं मोहंधयारदिणबंधू। नाणं भवसमुद्दतारणे बंधुरं जाणं।।" (पु.मा.३७) इति **पुष्पमाला**गाथा ***व्याख्याता***।

एवञ्च लोकानामपि ज्ञाने प्रत्ययः स्यात्। ततश्च **आचरणापथि** = पञ्चाचारपालनस्वरूप-शुद्धव्यवहारमार्गे **विचरन्** नानाशास्त्राऽभ्यासी आनुषङ्गिकफलरूपेण **यशः** = इहलोके परलोके च सर्वत्र यशःकीर्त्तिं शिष्टजनेभ्यः सकाशाच्च **बहुमानं लभताम्**।

***एतावता*** हेतु-स्वरूपाऽनुबन्धशुद्धं तत्त्वज्ञानमेव निश्चयः, तत एव मोक्ष इति सूचितम्।

પહોંચે છે ત્યાં ધનવાન ગૃહસ્થો પહોંચી શકતા નથી.'

### ❀ ક્રિયાની ઉપેક્ષાથી તત્ત્વસંવેદન જ્ઞાન ન મળે ❀

(किन्तु.) આ રીતે સ્વ-પર દર્શનના અનેક શાસ્ત્રો દ્વારા સિદ્ધ થાય છે કે ક્રિયા કરતાં સમ્યગ્જ્ઞાનની જ મુખ્યતા છે. તેમ છતાં પણ શક્તિ હોય તો વિરતિસંબંધી સમ્યક્ ક્રિયાને પણ છોડવી ન જોઈએ. કારણ કે શક્તિ મુજબ, સ્વભૂમિકાયોગ્ય ચારિત્રાચારનું પાલન કરવામાં આવે તો જ તત્ત્વસંવેદન જ્ઞાનની પ્રાપ્તિ સંભવી શકે છે. શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે તત્ત્વસંવેદન જ્ઞાનની ઓળખાણ આપતા **અષ્ટકપ્રકરણ**માં જણાવેલ છે કે 'જેની કાયિકાદિ વૃત્તિ સ્વસ્થ છે, જે પ્રશાન્ત છે, તેને ત્યાજ્ય વગેરે વસ્તુમાં ત્યાજ્યત્વ વગેરેનો જે નિશ્ચય થાય છે, તે તત્ત્વસંવેદન જ્ઞાન કહેવાય છે. તે સમ્યક્ રીતે સામર્થ્ય મુજબ પોતાના પ્રયોજનને (= ત્યાજ્યના ત્યાગને તથા ગ્રાહ્યના ગ્રહણને) આપનાર છે.' અષ્ટકપ્રકરણ + તેની વૃત્તિ જોવાથી જણાય છે કે આ તત્ત્વસંવેદનજ્ઞાન સાધુને જ હોય છે. આમ સામર્થ્ય અનુસાર આધ્યાત્મિક પ્રયોજનનું સાધક હોવાથી જ 'જ્ઞાન ભવસાગરતારક વહાણ છે' - આ રીતે પૂર્વે (૧૫/૧/૮) જણાવેલ બાબત સંગત થાય છે. આના દ્વારા **પુષ્પમાળા**માં **શ્રીહેમચંદ્રસૂરિ**એ જણાવેલ ગાથાનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે. ત્યાં જણાવેલ છે કે 'જ્ઞાન એ (૧) નિષ્કારણ હિતકારી ભાઈ છે, (૨) મોહાંધકારનાશક સૂર્ય છે અને (૩) ભવસાગરને તરાવવાની બાબતમાં શ્રેષ્ઠ વહાણ છે.' મતલબ કે સદાચારપ્રેરક જ્ઞાનની આ વાત છે.

### ❀ ક્રિયાયુક્ત જ્ઞાની યશસ્વી બને ❀

(एव.) આ રીતે શક્તિ મુજબ સારા આચારને જ્ઞાની પુરુષ પાળે તો લોકોને પણ તેમના જ્ઞાનમાં વિશ્વાસ બેસે. તેથી અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરનારા જે આત્માર્થી સાધકો પંચાચારપાલનસ્વરૂપ શુદ્ધ વ્યવહારમાર્ગમાં = આચરણામય મોક્ષમાર્ગમાં વિચરતા હોય છે તેઓ આ લોકમાં અને પરલોકમાં આનુષંગિક = પ્રાસંગિક ફળ સ્વરૂપે સર્વત્ર યશ-કીર્તિને મેળવે છે તથા શિષ્ટ પુરુષો પાસેથી બહુમાનને પ્રાપ્ત કરે છે.

### ❀ હેતુ-સ્વરૂપ-અનુબંધશુદ્ધ તત્ત્વજ્ઞાન જ પારમાર્થિક નિશ્ચય ❀

(एता.) પ્રસ્તુત વિચારવિમર્શથી એવું સૂચિત થાય છે કે હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ

1. ज्ञानमकारणबन्धुः, ज्ञानं मोहान्धकारदिनबन्धुः। ज्ञानं भवसमुद्रतारणे बन्धुरं यानम्।।

साक्षात् तादृशनिश्चयकारणीभूतव्यवहारः एव उपचरितसद्भूतव्यवहारः परम्परया तद्धेतुश्चोपचरिताऽसद्भूतव्यवहार इति ***बोध्यम्***।

***एतेन*** [1]"णिच्छयदो खलु मोक्खो तस्स य हेऊ हवेइ सब्भूदो। उवचरियाऽसब्भूओ सो वि य हेऊ मुणेयव्वो।।" (द्र.स्व.प्र.३४२ उद्धृ.) इति **द्रव्यस्वभावप्रकाशवृत्तौ** उद्धृतेयं गाथा ***व्याख्याता,*** निश्चयपदस्य हेतु-स्वरूपानुबन्धशुद्धतत्त्वज्ञानपरत्वात्, तस्य साक्षात् कारणं सद्भूतोपचरितः परम्परया चाऽसद्भूतोपचरित इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – मोक्षमार्गे महदंशतो रागादिभ्यः पृथग्भूतं सम्यग् ज्ञानं प्रधानं किन्तु सत्यामपि शक्तौ स्वभूमिकोचिताचाराऽपालने शास्त्रबोधः शुकपाठसमः सम्पद्यते। स्वस्याऽपि स्वबोधः शुष्कतया प्रतिभासते। जनानामपि तदीयज्ञाने प्रत्ययो न स्यात्। शुष्कज्ञानिजीवनेऽहङ्कार-प्रमाद-दम्भादिदोषवृन्दप्रवेशनमपि सुलभं भवेत्। आभोगपूर्वम् आचाराऽपालनतः

---

તત્ત્વજ્ઞાન એ જ નિશ્ચય છે તથા એ જ મોક્ષનું મુખ્ય કારણ છે. તેમ જ આવા નિશ્ચયનો સાક્ષાત્ હેતુ બનતો હોય તેવા વ્યવહારને ઉપચરિત સદ્ભૂત વ્યવહાર જાણવો. તથા ઉપચરિતઅસદ્ભૂત વ્યવહાર પરંપરાએ તેનો હેતુ જાણવો.

### ❖ નયમાં મોક્ષહેતુતા ❖

(**एतेन.**) આનાથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથની વ્યાખ્યામાં ઉદ્ધૃત કરેલી એક ગાથાનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે. ત્યાં જણાવેલ છે કે "નિશ્ચયથી મોક્ષ થાય છે. તેના હેતુને ઉપચરિત સદ્ભૂત કહેવાય છે. ઉપચરિત અસદ્ભૂત છે તેને પણ હેતુ જાણવો જોઈએ." પ્રસ્તુતમાં 'નિશ્ચય' શબ્દ વાસ્તવમાં હેતુ-સ્વરૂપ-અનુબંધશુદ્ધ તત્ત્વજ્ઞાનનું જ પ્રતિપાદન કરવામાં તત્પર છે. તથા સદ્ભૂત ઉપચરિત છે તે તેનો સાક્ષાત્ હેતુ છે. તથા ઉપચરિત અસદ્ભૂત છે તે તેનો પરંપરાએ હેતુ છે. આ રીતે અહીં ઊંડાણથી વિભાવના કરવી.

### ❀ જ્ઞાનને આચારમાં વણીએ ❀

[redacted] :- સમ્યગ્દષ્ટિનું જ્ઞાન મહદ્ અંશે રાગાદિ વિભાવપરિણામોથી છૂટું પડી ચૂકેલ છે. તેથી જ તો રાગાદિમાં તન્મય થયા વિના તે રાગાદિને જાણે છે. અનંતાનુબંધી કષાય ગયા એટલે ૭૦ માંથી ૬૯ કોટાકોટી સાગરોપમ જેટલા મોહનીયના વળગાડમાંથી (દબાણમાંથી) જ્ઞાન મુક્ત થયું. તીવ્ર રાગાદિથી દબાયેલો જ્ઞાનોપયોગ ઘણો હળવો થયો એટલે જ જ્ઞાન સમ્યગ્ થયું. મોક્ષમાર્ગમાં આવા જ સમ્યગ્ જ્ઞાનની મુખ્યતા છે. પરંતુ શક્તિ હોવા છતાં સ્વભૂમિકાયોગ્ય આચારનું પાલન કરવામાં ન આવે તો તે શાસ્ત્રબોધ પણ પોપટપાઠ જેવો બની જાય છે. પોતાને પણ પોતાનું જ્ઞાન શુષ્ક લાગવા માંડે છે. લોકોને પણ તેના જ્ઞાન ઉપરનો ભરોસો ઉઠી જાય છે. પોતાના જીવનમાં અહંકાર, પ્રમાદ અને દંભ વગેરે દોષવૃંદનો પ્રવેશ થતાં વાર લાગતી નથી. જાણી જોઈને આચાર ન પાળવાથી પોતાનું

---

1. निश्चयतः खलु मोक्षः तस्य च हेतुः भवति सद्भूतः। उपचरिताऽसद्भूतः सोऽपि च हेतुः ज्ञातव्यः।।

स्वचित्तमपि कठोरं स्यात्। इत्थञ्च व्यवहारतः स्वकीयज्ञानस्य सम्यग्ज्ञानत्वेन प्रतिभासेऽपि मिथ्याज्ञानत्वेन परिणमनं न दुर्लभम्। मैवं भूयादिति स्वशक्तिमनिगुह्य पञ्चाचारपालनपरायणीभूय द्रव्यानुयोगपरिज्ञानाय सततं यतनीयम्।

इत्थञ्चोपलब्धसुयशः-कीर्त्तिः [1]"अक्खओ निरुजो निच्चो, कल्लाणी मंगलाऽऽलओ। अपुणब्भू सिवं ठाणं, उवेइ अपुणाऽऽगमं।।" (सं.र.शा.५२१९) इति **संवेगरङ्गशालायां जिनचन्द्रसूरि**प्रदर्शितरीत्या शिवालयं गच्छति।।१५/२-१३।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-
पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-
मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासानुसारिणो द्रव्यानुयोगपरामर्शस्य**
**परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ पञ्चदशशाखायां
**ज्ञानमाहात्म्य**नामकः पञ्चदशाधिकारः।।१५।।

---

હૈયું પણ કઠોર બનતું જાય છે. આમ વ્યવહારથી પોતાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપે જણાવા છતાં તે જ્ઞાનને મિથ્યાજ્ઞાનરૂપે પરિણમી જતાં વાર લાગતી નથી. આવું ન બને તે માટે પોતાની શક્તિને છૂપાવ્યા વિના આપણે પંચાચારના પાલનમાં કટિબદ્ધ બનીને દ્રવ્યાનુયોગની ઊંડી જાણકારી મેળવવા સતત પ્રયત્નશીલ બનવું.

### ❂ મોક્ષગામી મહાત્માની મુલાકાત ❂

(**इत्थ.**) આ પ્રકારે સુંદર યશ-કીર્તિ મેળવીને આત્માર્થી સાધક '(૧) અક્ષય, (૨) નિરોગી, (૩) નિત્ય, (૪) કલ્યાણી, (૫) મંગલધામ, (૬) અપુનર્જન્મા એવો જીવ જ્યાંથી સંસારમાં પુનરાગમન નથી તેવા શિવાલયને પ્રાપ્ત કરે છે' - આ પ્રમાણે **સંવેગરંગશાળા**માં **શ્રીજિનચન્દ્રસૂરિ**એ દર્શાવેલ રીતે સિદ્ધશિલામાં પહોંચે છે. (૧૫/૨-૧૩)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ.ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર
**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય ગણી** દ્વારા સ્વરચિત
*'દ્રવ્યાનુયોગપરામર્શ'* (*દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની *'પરામર્શકર્ણિકા'*
નામની સ્વરચિત વૃત્તિના *'કર્ણિકાસુવાસ'* નામના ગુજરાતી વિવરણમાં
*'જ્ઞાનમાહાત્મ્ય'* નામનો પંદરમો અધિકાર પૂર્ણ થયો.

**• પંદરમી શાખા સમાપ્ત •**

---

1. अक्षयो निरुजो नित्यः कल्याणी मङ्गलालयः। अपूनर्भूः शिवं स्थानम् उपैति अपुनरागमम्।।

## ❀ શાખા - ૧૫ અનુપ્રેક્ષા ❀

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. ઉન્માર્ગગામી તથા સાધ્વાભાસ જીવોની ઓળખ કરાવો. તેની સેવાનું ફળ શું ?
૨. દેડકાના દૃષ્ટાંતથી જ્ઞાનનું મહત્ત્વ શી રીતે શાસ્ત્રકારો બતાવે છે ?
૩. ત્રણ બાબતમાં જિનશાસનની વિશેષતા અને જૈનેતર દર્શનની ખામી જણાવો.
૪. ગીતાર્થ કેવળીતુલ્ય છે - શાસ્ત્રોના સંદર્ભ દ્વારા છણાવટ કરો.
૫. પાંચ પ્રકારના કુસાધુનું સ્વરૂપ સમજાવો.
૬. ત્રણ પ્રકારના શ્રોતાનો પરિચય તથા તે સંબંધી શાસ્ત્રના સંદર્ભ જણાવો.
૭. બગલાના દૃષ્ટાંતથી બહિર્મુખી સાધુનું સ્વરૂપ જણાવો.
૮. જ્ઞાની અને અજ્ઞાની બન્ને માર્ગસ્થ હોઈ શકે ખરા ? કઈ રીતે ?
૯. વૈયાવચ્ચના પ્રકાર તથા વિશેષતા જણાવો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. 'અકરણનિયમ' વિશે સમજાવો.
૨. ભવસાગરથી તારવામાં સહાયક એવા ઈચ્છાયોગનું સ્વરૂપ સમજાવો.
૩. 'દ્રવ્યાનુયોગ એ જ મોક્ષસુખનો આસ્વાદ' - આ વાક્યમાં કેવા પ્રકારનો ઉપચાર છે ?
૪. જ્ઞાનની ત્રણ વિશેષતા જણાવો.
૫. ગુણાનુવાદ દોષરૂપે શી રીતે પરિણમે ?
૬. દસ પ્રકારના જ્ઞાનના નામ જણાવો.
૭. ઝેરના દૃષ્ટાંતથી જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે તફાવત સમજાવો.
૮. જૈનેતર દર્શન પણ જ્ઞાનને શી રીતે પ્રધાન બતાવે છે ?
૯. કોના જીવનમાં જ્ઞાન મુખ્ય છે ?
૧૦. ઐકાંતિક અને આત્યંતિક કલ્યાણ વચ્ચે તફાવત જણાવો.

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. સમ્યક્ પ્રરૂપણા પણ સુલભબોધિ બનાવી શકે.
૨. સ્વરૂપતઃ નષ્ટ જ્ઞાન સંસ્કારસ્વરૂપે હાજર હોઈ શકે.
૩. આલાપ એ જ સંલાપ છે.
૪. ક્રિયા દ્વારા થતો કર્મનો ઉચ્છેદ એ અનુચ્છેદ સમાન જ છે.
૫. દશવૈકાલિક સૂત્ર કહે છે કે ગીતાર્થના વચનથી હળાહળ ઝેરને પણ પીવું.
૬. નિરુપક્રમ-કર્મનો નાશ ભોગવટા વિના થઈ શકે.

૭. શ્રાવક માટે ક્રિયા-ભક્તિયોગ મુખ્ય છે.
૮. નંદિષેણનું જ્ઞાન અપ્રતિપાતી હતું.
૯. 'પ્રથમ જ્ઞાન પછી અહિંસા (= ક્રિયા)' આ ગચ્છાચાર પ્રકીર્ણકનું વચન છે.
૧૦. ભાવસાધુને સમ્યગ્ દર્શન કે ચારિત્ર - બેમાંથી એકનો પક્ષ અવશ્ય હોય.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. શ્રાવક | (૧) પિંડવિશુદ્ધિ |
| ૨. ગીતાર્થ | (૨) સ્પર્શજ્ઞાન |
| ૩. મૂલગુણ | (૩) વિપર્યાસ |
| ૪. કોઢ | (૪) કલ્યાણકંદલી |
| ૫. અષ્ટક | (૫) અપ્રત્યાખ્યાનાવરણ |
| ૬. ઉત્તરગુણ | (૬) સમ્યગ્જ્ઞાન |
| ૭. મિથ્યાજ્ઞાન | (૭) સદ્આલય |
| ૮. ષોડશક | (૮) આત્મપરિણતિવાળું જ્ઞાન |
| ૯. અષ્ટપ્રવચનમાતા | (૯) કેવલી |
| ૧૦. બાલ શ્રોતા | (૧૦) કોબ્રા |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. વૈયાવચ્ચ અપ્રતિપાતી છે - આવું ----- માં બતાવેલ છે. (પુષ્પમાલા, પિંડનિર્યુક્તિ, પ્રવચનસાર)
૨. જાણવા છતાં વિધિ ન સાચવે તે ---- યોગમાં આવે. (ઈચ્છા, શાસ્ત્ર, સામર્થ્ય)
૩. યોગશતકમાં ---- જ્ઞાનની વાત કરાયેલ છે. (આત્મપરિણતિવાળું, તત્ત્વસંવેદન, ભાવના)
૪. પાપશ્રમણની વાત ---- માં આવે છે. (મહાભારત, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન)
૫. દોરા સાથેની સોય તુલ્ય સૂત્ર સહિતનો જીવ છે - આવું ----- માં આવે છે. (આવશ્યકસૂત્ર, બૃહત્કલ્પ, ચંદ્રવેધ્યક પ્રકીર્ણક)
૬. વિદ્વાન સર્વત્ર પૂજાય છે - આવું ---- માં આવે છે. (ચાણક્યશતક, વૈરાગ્યશતક, નીતિશાસ્ત્ર)
૭. દર્શનમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ---- કોડાકોડી સાગરોપમ છે. (૩૦, ૪૦, ૭૦)
૮. સમ્યગ્ ----- વાળાને ઐશ્વર્ય કર્મનું કારણ બને નહિ. (જ્ઞાન, ક્રિયા, ભક્તિ)
૯. સંવિગ્નપાક્ષિક ---- યોગને મુખ્ય બનાવે. (જ્ઞાન, ક્રિયા, ભક્તિ)

---

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

## લેખક દ્વારા રચિત-સંપાદિત-અનુવાદિત સાહિત્ય સૂચિ

| નં. | પુસ્તકનું નામ | ભાષા/વિષય | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | ન્યાયાલોક | (સંસ્કૃત + ગુજરાતી) | ૧૭૦-૦૦ |
| ૨. | ભાષા રહસ્ય | (સંસ્કૃત + હિન્દી) | ૧૬૦-૦૦ |
| ૩. | સ્યાદ્વાદ રહસ્ય (ભાગ ૧ થી ૩) | (સંસ્કૃત + હિન્દી) | ૪૩૫-૦૦ |
| ૪. | વાદમાલા | (સંસ્કૃત + હિન્દી) | ૧૨૦-૦૦ |
| ૫. | ષોડશક (ભાગ ૧-૨) | (સંસ્કૃત + હિન્દી) | ૨૦૦-૦૦ |
| ૬. | અધ્યાત્મોપનિષત્ (ભાગ ૧-૨) | (સંસ્કૃત + ગુજરાતી) | ૧૯૦-૦૦ |
| ૭. | દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા (ભાગ ૧ થી ૮) | (સંસ્કૃત + ગુજરાતી) | ૨૦૦૦-૦૦ |
| ૮. | FRAGRANCE OF SENTIMENTS | ENGLISH | 25-00 |
| ૯. | GLIMPSES OF SENTIMENTS | ENGLISH | 30-00 |
| ૧૦. | ABUNDANT JOY OF SENTIMENTS | ENGLISH | 25-00 |
| ૧૧. | WHAT IS SUPERIOR ? INTELLECT OR FAITH ? | ENGLISH | 10-00 |
| ૧૨. | LUST GETS DEFEATED, DEVOTION WINS... | ENGLISH | 10-00 |
| ૧૩. | WHAT IS SUPERIOR ? SADHANA OR UPASANA ? | ENGLISH | 10-00 |
| ૧૪. | દ્વિવર્ણ રત્નમાલિકા | (સંસ્કૃત + ગુજરાતી) | અમૂલ્ય |
| ૧૫. | વાસના હારે, ઉપાસના જીતે | (ગુજરાતી) | અમૂલ્ય |
| ૧૬. | બુદ્ધિ હારે, શ્રદ્ધા જીતે | (ગુજરાતી) | અમૂલ્ય |
| ૧૭. | સાધના ચઢે કે ઉપાસના ? | (ગુજરાતી) | અમૂલ્ય |
| ૧૮. | સંવેદનની સુવાસ | (પરમાત્મભક્તિ ગુજરાતી) | અમૂલ્ય |
| ૧૯. | સંવેદનની ઝલક | (પરમાત્મભક્તિ ગુજરાતી) | અમૂલ્ય |
| ૨૦. | સંવેદનની મસ્તી | (પરમાત્મભક્તિ ગુજરાતી) | અમૂલ્ય |
| ૨૧. | સંવેદનની સરગમ | (પરમાત્મભક્તિ ગુજરાતી) | અમૂલ્ય |
| ૨૨. | સંયમીના કાનમાં | (સાધુ-સાધ્વીજી ભગવંતો માટે) | અમૂલ્ય |
| ૨૩. | સંયમીના દિલમાં | (સાધુ-સાધ્વીજી ભગવંતો માટે) | અમૂલ્ય |
| ૨૪. | સંયમીના રોમેરોમમાં | (સાધુ-સાધ્વીજી ભગવંતો માટે) | અમૂલ્ય |
| ૨૫. | સંયમીના સપનામાં | (સાધુ-સાધ્વીજી ભગવંતો માટે) | અમૂલ્ય |
| ૨૬. | સંયમીના વ્યવહારમાં | (સાધુ-સાધ્વીજી ભગવંતો માટે) | અમૂલ્ય |
| ૨૭. | વિદ્યુતપ્રકાશની સજીવતા અંગે વિચારણા | (ગુજરાતી) | ૧૦-૦૦ |
| ૨૮. | विद्युतप्रकाश : सजीव या निर्जीव ? | (हिन्दी) | १०-०० |
| ૨૯. | યશોવિજય છત્રીશી | (અભિનવ પ્રભુસ્તુતિ) | અમૂલ્ય |
| ૩૦. | प्रभु वीर की अंतिम देशना | (उत्तराध्ययनसूत्र सूक्ति चयन) | निःशुल्क |
| ૩૧. | संवेदन की सुवास | (प्रभु भक्ति) | |
| ૩૨. | संवेदन की मस्ती | (प्रभु भक्ति) | |
| ૩૩. | संवेदन की झलक | (प्रभु भक्ति) | |
| ૩૪. | संवेदन की सरगम | (प्रभु भक्ति एवं अध्यात्मसाधना) | १००-०० |
| ૩૫. | ~~શ્રાવક~~ દિનચર્યા | (ગુજરાતી) | અમૂલ્ય |
| ૩૬. | દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + દ્રવ્યાનુયોગપરામર્શ (ભાગ - ૧ થી ૭) | (સંસ્કૃત + ગુજરાતી) | ૫૦૦૦-૦૦ |
| ૩૭. | દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મઅનુયોગ (ભાગ-૧-૨) | (સંસ્કૃત + ગુજરાતી) | ૧૦૦૦-૦૦ |

**નોંધ : અધ્યયનશીલ પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટ રૂપે મળે શકશે.**

પ્રાપ્તિ સ્થાન :- **દિવ્ય દર્શન ટ્રસ્ટ** ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ. પીન-૩૮૭૮૧૦.

## • 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - ભાગ ૧ થી ૭ ની પૃષ્ઠસૂચિ •


| ભાગ | ઢાળ/શાખા | પૃષ્ઠ |
| --- | --- | --- |
| (૧) | ૧ + ૨ | ૧-૨૪૨ |
| | ૧. દ્રવ્યાનુયોગ માહાત્મ્ય | ૧-૮૬ |
| | ૨. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ | ૮૭-૨૪૨ |
| (૨) | ૩ + ૪ + ૫ | ૨૪૩-૬૭૪ |
| | ૩. દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ | ૨૪૩-૩૫૮ |
| | ૪. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન | ૩૫૯-૫૬૨ |
| | ૫. નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનયનિરૂપણ | ૫૬૩-૬૭૪ |
| (૩) | ૬ + ૭ + ૮ | ૬૭૫-૧૧૦૪ |
| | ૬. દિગંબરસંમત નયનું નિરૂપણ | ૬૭૫-૮૧૪ |
| | ૭. ઉપનય પરામર્શ | ૮૧૫-૯૦૪ |
| | ૮. આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા | ૯૦૫-૧૧૦૪ |
| (૪) | ૯ + ૧૦ | ૧૧૦૫-૧૬૪૬ |
| | ૯. ઉત્પાદાદિ વિચાર | ૧૧૦૫-૧૩૮૪ |
| | ૧૦. દ્રવ્યભેદ નિરૂપણ | ૧૩૮૫-૧૬૪૬ |
| (૫) | ૧૧ + ૧૨ | ૧૬૪૭-૧૯૬૦ |
| | ૧૧. ગુણ + સામાન્યસ્વભાવ નિરૂપણ | ૧૬૪૭-૧૮૪૪ |
| | ૧૨. વિશેષસ્વભાવ નિરૂપણ | ૧૮૪૫-૧૯૬૦ |
| (૬) | ૧૩ + ૧૪ + ૧૫ | ૧૯૬૧-૨૩૫૨ |
| | ૧૩. સ્વભાવમાં નયયોજના | ૧૯૬૧-૨૧૧૦ |
| | ૧૪. વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ | ૨૧૧૧-૨૨૪૪ |
| | ૧૫. જ્ઞાન માહાત્મ્ય | ૨૨૪૫-૨૩૫૨ |
| (૭) | ૧૬ + ૧૭ | ૨૩૫૩-૨૮૩૪ |
| | ૧૬. દ્રવ્યાનુયોગપરિજ્ઞાન પ્રાધાન્ય | ૨૩૫૩-૨૫૮૪ |
| | ૧૭. ગુરુપરંપરા પ્રશસ્તિ | ૨૫૮૫-૨૬૨૯ |
| | • ૧ થી ૧૮ પરિશિષ્ટ | ૨૬૩૦-૨૮૩૪ |


★ સંપૂર્ણ ★

**નોંધ :-** 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - આ પુસ્તકના કુલ સાત ભાગના પ્રકાશન સાથે જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ'** ભાગ ૧-૨ પણ પ્રકાશિત થયેલ છે. તે બન્ને ભાગમાં રાસ+ટબો+પરામર્શ+શ્લોકાર્થ+આધ્યાત્મિક ઉપનય+પાઠાંતરાદિની ટિપ્પણી + દરેક શાખાનો ટૂંકસાર સમાવિષ્ટ છે.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।



ऐँ नमः

શ્રુતઅધિષ્ઠાયિકા મા સરસ્વતી

श्रीजिनागमप्रणालिकाविपरीतपदार्थप्रज्ञापनोपलब्धौ
तु मध्यस्थतया हितबुद्ध्या निर्भीकतया च तत्समालोचनमपि अर्हति।

(कर्णिका-पृ.२१०८)

શ્રીજિનાગમની પવિત્ર પ્રણાલિકાથી વિરુદ્ધ પદાર્થ પ્રરૂપણા
ભણવા-જોવા મળે તો મધ્યસ્થતાથી, હિતબુદ્ધિથી અને
નિર્ભયતાથી તેની સમાલોચના કરવી પણ જરૂરી છે.

(કર્ણિકા સુવાસ)


દ્રવ્ય
ગુણ
પર્યાય



❖ પ્રકાશક ❖

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા**

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

ISBN - 978-81-925532-5-2

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222